૧૯૫૯ - 1959

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાન્યુઆરી ૧, ૧૯૫૯, ગુરૂવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯


તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

સન્તબાલજીના સાન્નિધ્યમાં ત્રણ કલાક

મુનિ સન્તબાલજી મુંબઈ બાજુ લગભગ છેલ્લા છ મહીનાથી પધાર્યા છે. તેઓ મુંબઈ આવ્યા અને ચાતુર્માસ નિમિત્તે ઘાટકોપરમાં સ્થિર થયા એ દરમિયાન મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તેમનું સ્વાગત કરવાનો સંઘની કાર્યવાહક સમિતિએ ઠરાવ કરેલો અને તે મુજબ તેમને નિમંત્રણ આપવામાં આવેલું, પણ ઘાટકોપર મુંબઈ શહેરમાં અન્તર્ગત હોવા છતાં તેમણે તે મુજબ ન લેખ્યું અને એ રીતે એ દિવસોમાં તેમનું મુંબઈ આવવાનું અશક્ય બન્યું અને સંઘ તેમનું સન્માન કરી ન શક્યો. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેમનું એક વ્યાખ્યાન રાખવાની સંઘની મુરાદ પણ એ કારણે સફળ ન થઈ. આખરે ચાતુર્માસ પુરા થયા; કાર્તકી પૂર્ણિમા આવી અને ઘાટકોપરથી તેઓ મુંબઈ તરફ આવવા નીકળ્યા. વીશેક દિવસથી તેઓ મુંબઈમાં એક સ્થળેથી બીજા સ્થળે વિચરી રહ્યા છે. ડીસેમ્બર માસની ૧૯ મી તારીખથી ૨૫ મી તારીખ સુધી મુંબાદેવીના ચોગાનમાં તેમના નિવાસ, પ્રાર્થના, પ્રવચનો અને વ્યાખ્યાનોનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો અને તે માટે એક વિશાળ મંડપ ઉભો કરવામાં આવ્યો. આ તકનો લાભ લઈને ડીસેમ્બર માસની ૨૦ મી તારીખ અને શનિવારના રોજ બપોરના ત્રણ વાગ્યે મુંબઈ જૈન યુવક સંઘ તરફથી મુનિ સન્તબાલજીનું 'અનેકાન્ત' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું. સભાનો વખત થતાં જૈન જૈનેતર ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત થયાં. મુનિશ્રી તેમના માટે તૈયાર કરવામાં આવેલ વ્યાખ્યાનમંચ ઉપર બિરાજિત થયા. શરૂઆતમાં મુંબઈના જાણીતા સંગીતકાર શ્રી શાન્તિલાલ શાહે પોતાના બુલંદ અવાજથી ભગવાન મહાવીરની સ્વરચિત એક સ્તુતિ ગાઈ સંભળાવી.

આવકારનિવેદન

ત્યાર બાદ સંઘના પ્રમુખ **શ્રી ખીમજી માડણ ભુજપુરીઆએ** મુનિશ્રીનું સ્વાગત કરતાં જણાવ્યું કે "આ રીતે મુનિશ્રીનું શ્રીનું સ્વાગત કરવાનો મને બીજી વાર અવસર પ્રાપ્ત થાય છે. ચતુર્માસ પૂરું થતાં ઘાટકોપરથી તેઓ મુંબઈ બાજુ આવ્યા ત્યારે શિવ ખાતે તે બાજુ વસતા જૈન સમાજ તરફથી થોડા દિવસ પહેલાં મેં તેમનું સ્વાગત કર્યું હતું. આજે અમારા મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તેમને હું હાર્દિક આવકાર આપું છું.



મુનિશ્રી સંતબાલજી સંઘના કાર્યાલયમાં

આપણા જૈન સમાજમાં અનેક આચાર્યો, મુનિમહારાજો છે, પણ જમાનાને ઓળખીને માર્ગદર્શન આપનાર અને વિશાળ જનસમાજ સાથે તાદાત્મ્ય સાધીને વર્ષોથી અનેકવિધ સેવાઓ આપનાર એવા આ સાધુ બીજા જૈન સાધુઓથી જુદા પડે છે, અને તે કારણે આપણા સવિશેષ આદરને પાત્ર છે. અમારા સંઘની વિનંતિને માન આપીને તેમણે અનેકાન્ત જેવા વિષય ઉપર આ સ્થળે વ્યાખ્યાન આપવાનું સ્વીકાર્યું તે બદલ તેમનો હું અન્તઃકરણથી આભાર માનું છું."

પરિચયનિવેદન

ત્યાર બાદ સંઘના મંત્રી **શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ** મુનિશ્રીનો પરિચય આપતાં જણાવ્યું કે "મુનિશ્રી સન્તબાલજીને સૌથી પહેલાં મેં ઘણું ખરું ૧૯૩૫ ની સાલમાં હરિપુરા ખાતે ભરાયલા કોંગ્રેસ અધિવેશનમાં જોયા હતા અને કોઈ મિત્રે તેમની સાથે મારી ઓળખાણ કરાવી હતી. ત્યાર બાદ કેટલાક સમય સુધી તેમની સાથે મને કોઈ વિશેષ સંપર્ક રહ્યો નહોતો. પણ પછી તો તેમના કાર્યની ભાલનળકાંઠાના પ્રદેશમાં જમાવટ થવા માંડી અને વિશ્વવાત્સલ્યનું પ્રકાશન શરૂ થયું અને તે વાંચતાં રહેવાનું બનતાં અને તેમની વિવિધ પ્રવૃત્તિઓની જાણ થતી રહેતાં અમારી વચ્ચે અવારનવાર પત્રવ્યવહારનાં નિમિત્તો ઉભા થવા લાગ્યા. પછી તો તેમને બે, ત્રણ કે વધારે વાર પ્રત્યક્ષ મળવાનું પણ બન્યું અને અમે એકમેકને વધારે ને વધારે જાણતા થયા. અમારા સંબંધની વિશેષતા એ રહી છે કે અમે વિચારોમાં એકમેક સાથે મોટા ભાગે અથડાતા જ રહ્યા છીએ. જ્યારે પણ તેમનું કોઈ લખાણ કે રાજકીય કે સામાજિક બાબતો વિષે તેમણે ધારણ કરેલું વલણ મને તીવ્રપણે ખુંચે ત્યારે તેમને હું પત્ર લખું, તેમનો ચોખ્ખોસાચાર જવાબ આવે, તેનો ઉત્તર લખું, તેનો પ્રત્યુત્તર આવે-આમ પત્રોની પરંપરા ચાલ્યા કરે. આજે પણ અમારા પરસ્પર સંબંધનું કાંઇક આવું જ સ્વરૂપ રહ્યું છે. પત્રોથી સંતોષ ન માનતાં મેં પ્રબુદ્ધ જીવનમાં તેમના વિચારો કે વલણની જાહેર ટીકા પણ કરી હશે. એમ છતાં પણ તેમના તરફથી મારા પ્રત્યે અખંડ સદ્‌ભાવ વહેતો મેં અનુભવ્યો છે. સાક્ષાત્ મળવાનું બને ત્યારે

તેમની આંખોમાંથી પ્રેમનું અમી નીતરતું મેં નિહાળ્યું છે. એટલું જ નહિ પણ, જાણે કે અમે નિકટવર્તી મિત્રો હોઇએ એમ લાંબા વખતે મળીએ ત્યારે મને માત્ર આંખો અને શબ્દોથી તેઓ આવકારે નહિ પણ ભાવપૂર્વક ભેટી પડે. મારા દિલમાં પણ તેમના વિષે આવો જ સ્નેહભાવ સદા સ્ફુરતો અનુભવ્યો છે.

"આ તો મેં કેવળ અંગત વાત કરી, પણ તેમના વિષે મને જે આકર્ષણ રહ્યું છે તેના પાયામાં ત્રણ કારણો છે:

"(૧) જે સમાજમાં તેમનો જન્મ અને ઉછેર થયો છે તે જ જૈન સમાજમાં મારો જન્મ અને ઉછેર થયો છે. દૃષ્ટિમાં પરિવર્તન થયા બાદ ભાગ્યે જ એવા જૈન સાધુનો સમાગમ થાય છે કે જેને જોતાં તથા સાંભળતાં મન ઠરે, કારણ કે જૈન સાધુઓ મોટા ભાગે ચીલાચાલુ હોય છે; તેમનામાં વિચારની સ્વતંત્રતા તો હોતી જ નથી, પણ વિચારની ઉદારતા પણ ભાગ્યે જ અનુભવવા મળે છે. તેમનું નિત્ય જીવન ઉપાશ્રયની ચાર દિવાલોમાં પુરાયલું હોય છે અને તેમની દુનિયા જે સંપ્રદાયના તેઓ સાધુ હોય છે તે સંપ્રદાય પૂરતી મર્યાદિત હોય છે. આજની આર્થિક, સામાજિક, રાજકારણીય સમસ્યાઓમાં તેમને કોઇ રસ હોતો નથી. ક્રિયાકાંડી સમારંભો તરફ જ તેમનો મોટા ભાગે ઝોક હોય છે. આવી પરિસ્થિતિમાં જ્યારે એમ સાંભળવામાં આવ્યું કે એક એવા સાધુ નીકળ્યા છે કે જે બીજા સાધુથી જુદી રીતે વિચારે છે, એટલું જ નહિ પણ, તે વિચાર અનુસાર જુદી રીતે ચાલવા માગે છે અને તે ખાતર પોતાનો સંઘાડો અને પોતાના દીક્ષાગુરુ સાથેનો ઔપચારિક સંબંધ તુટ્યો છતાં તેમનાં સંયમ અને ચારિત્ર્ય કોઇ પણ સારા સાધુ જેટલા ઉજ્જવળ અને સુદૃઢ છે ત્યારે તેમના વિષે મારા દિલમાં કુતૂહલ જન્મ્યું અને તેમનો પરિચય થતાં તે કુતૂહલ આદરમાં પરિણમ્યું.

"મુનિ સન્તબાલજીને અન્ય સાધુઓ કરતાં અન્ય માર્ગે ચાલવાની પ્રેરણા આપતાં એવાં કયા બળો છે? હું તેમને સમજ્યો છું ત્યાં સુધી મને લાગે છે કે તે પાછળ એક બળ છે સત્યનિષ્ઠાનું અને બીજું બળ છે સમાજસેવાની ઊંડી ધગશનું. આ બે વૃત્તિઓ તેમને આગળ ને આગળ ધકેલી રહી છે અને તે આડે આવતાં બધનોને તેઓ છોડતાં રહ્યા છે. આ જ કારણે તેઓ હવે કેવળ એક જૈન સમાજના સાધુ રહ્યા નથી, પણ વિશાળ સમાજના સાધુ બન્યા છે; તેમનું સેવાક્ષેત્ર પણ જૈન સમાજ પૂરતું મર્યાદિત ન રહેતાં વિશાળ જનસમાજને આવરી લેવા મથી રહ્યું છે. આ તેમના વિકાસની પ્રક્રિયા આજે મને કાંઇક સ્થગિત બનેલી લાગે છે, પણ ઉપર આપેલ તેમના વિષેનું મારું નિદાન સાચું હોય તો, મને આશા અને શ્રદ્ધા છે કે, આ તેમના વિકાસની પ્રક્રિયા ચાલુ રહેવી જ જોઇએ અને તેમણે સ્વીકારેલાં જે વિચારનાં તેમ જ આચારનાં કેટલાંક બધનો અને મર્યાદાઓ, જે ધ્યેયને અનુલક્ષીને તેઓ આગળ વધી રહ્યા છે તે ધ્યેયની સાધનામાં, મારી જેવા કેટલાકને પ્રત્યવાયરૂપ લાગે છે તે જવાં જ જોઇએ, માનવસુલભ કોઇ કોઇ ક્ષતિઓનું-ત્રુટિઓનું તેમનામાં આપણને કદિ કદિ દર્શન થાય છે તે પણ કાં તો ખોટી ઠરવી જોઇએ અથવા તો દૂર થવી જ જોઇએ અને એક કાળે જૈન પરિભાષામાં કહીએ તો નિર્મળ નિરહંકાર પરમ આર્હંતની અને નરસિંહ મહેતાની પરિભાષામાં બોલીએ તો નિર્વિકાર પરમ વૈષ્ણવની તેમનામાં ઝાંખી થવી જોઇએ.

"(૨) અન્ય સાધુઓની અપેક્ષાએ તેમની બીજી વિશેષતા એ છે કે તેઓ રાષ્ટ્રના જ માત્ર નહિ પણ વિશાળ વિશ્વના પ્રશ્નોનો સ્વતંત્ર રીતે વિચાર કરે છે અને તે વિચારો તેઓ નિર્ભયપણે અને મુક્ત મને પોતાના મુખપત્ર 'વિશ્વવાત્સલ્ય'માં પ્રગટ કરે છે. તેમની વિચારણાનું, તેમનાં મન્તવ્યોનું, તેમનાં વલણોનું મૂલ્ય કેટલું છે તે વિષે મતભેદ હોઇ શકે છે, તેની ગુણવત્તાના તારતમ્ય વિષે પણ મતભેદ હોઇ શકે છે, પણ તેઓ સ્વતંત્ર રીતે ચિન્તન કરે છે તેનું જ મારે મન બહુ મોટું મૂલ્ય છે.

"(૩) તેમની આજ સુધીની જીવનકારકીર્દીની ત્રીજી વિશેષતા એ છે કે તેમનું કાર્ય કેવળ ઉપદેશ આપવા પૂરતું સીમિત નથી. ભાલનળકાંઠા એટલે કે વીરમગામ, સાણંદ, ધોળકા અને ધંધુકા તાલુકો, જેની કુલ વસ્તી પાંચ લાખની છે અને જેમાં ૫૦૦ ગામડાંનો સમાવેશ થાય છે તે પ્રદેશમાં, તેમણે અને તેમના સદ્‌ભાગ્યે મળેલા નવલભાઈ, અંબુભાઈ, છોટાભાઇ, મણિભાઇ, મીરાંબહેન જેવા નાના મોટા અનેક કાર્યસાથીઓએ પાયાનું રચનાત્મક કાર્ય કર્યું છે અને એ વિભાગમાં વસતા ખેડુતો, મજુરો અને પ્રજાજનોના સમયે સમયે ઉપસ્થિત થતા પ્રશ્નોનો ઉકેલ આણ્યો છે. અને આજે પણ તે ક્ષેત્રમાં તે કાર્ય એકસરખી રીતે ચાલી રહ્યું છે. હજુ હમણાં જ હું તેમનું મુખ્ય કાર્યકેન્દ્ર 'ગુંદી'માં છે ત્યાં જઇ આવ્યો અને ત્યાંની પ્રવૃત્તિઓ વિષે જાણકારી લઇ આવ્યો. આ બધું મારા માટે તો નવ-શિક્ષણસમાન હતું. આ જાણીને મારું ચિત્ત ઘણું પ્રસન્ન થયું.

"મેં આગળ જણાવ્યું તે મુજબ તેમના વિષે મારા દિલમાં રહેલા આકર્ષણની આ ભૂમિકા છે. આવા મુનિશ્રીનો આટલો પરિચય આપતાં હું આનંદ અનુભવું છું. તેમને હવે પોતાનું વ્યાખ્યાન શરૂ કરવા પ્રાર્થના કરું છું."

'અનેકાન્ત' ઉપર પ્રવચનનો ટુંક સાર

ત્યાર બાદ **મુનિશ્રી સન્તબાલજી**એ 'અનેકાન્ત' એ વિષય ઉપર લગભગ પોણા કલાક સુધી વ્યાખ્યાન આપ્યું. એ દિવસની સવારે જ ભગવાન મહાવીર અને અહિંસા એ વિષય ઉપર તેમનું આ જ સ્થળે પ્રવચન હતું. એ પ્રવચનના અનુસંધાનમાં જ તેમણે અહિંસાની બીજી બાજુ રૂપ અનેકાન્તના વિષયની ચર્ચા કરી અને એક જ વ્યકિત અને એક જ વિષય પરત્વે ભિન્ન ભિન્ન દૃષ્ટિબિન્દુઓ અને વલણ હોઈ શકે છે અને તે દરેક દૃષ્ટિબિન્દુ અને વલણ ધરાવનાર પોતાની રીતે સાચો હોઇ શકે છે અને તેથી આપણાથી જે કોઇ જુદો પડે તેના તરફ અસહિષ્ણુતા દાખવવી એ વિચારની હિંસા છે, જેને આપણે હિંસા કહીએ એ અમુક સંયોગોમાં અહિંસા હોઇ શકે છે, જેને અહિંસા કહીએ તે અમુક સંયોગોમાં હિંસા બની જાય છે, સત્ય અને અહિંસાની અથડામણ થાય ત્યાં સત્યના ભોગે નહિ પણ સત્યને જાળવીને અને તેમ કરતાં જે જોખમ આવી પડે-પ્રાણાન્તનું પણ-તે સ્વીકારીને અહિંસાધર્મનું પાલન કરવું ઘટે છે-આવા કેટલાક વિચારોનું નિરૂપણ કર્યું અને તેનું જૈન કથાઓ તેમ જ પૌરાણિક દૃષ્ટાન્તો આપીને સમર્થન કર્યું.

આભારદર્શનવેદન

ત્યાર બાદ સંઘના ઉપપ્રમુખ **શ્રી લીલાવતીબહેન દ્વેવીદાસે** મુનિશ્રીનો આભાર માનતાં જણાવ્યું કે "જેમના વિષે વર્ષોથી હું સાંભળતી આવી છું અને એમ છતાં જેમનાં દર્શનનો આજ સુધી મને લાભ મળ્યો નહોતો તેમનાં આજે દર્શન કરવાનો જ માત્ર નહિ, પણ તેમનું વ્યાખ્યાન સાંભળવાનો મને અવસર મળ્યો તેથી હું ખૂબ રાજી થઇ છું." એમ જણાવીને તેમના અનુભવનો એક સામાન્જિક કીસ્સો તેમણે રજુ કર્યો કે જેમાં, એક ૧૫ વર્ષની છોકરીને એના પિતા અને ભાઈ એવું દબાણ કરી રહ્યા હતા કે કાં તો તું દીક્ષા લે અને કાં તો અમે કહીએ ત્યાં લગ્ન કરી લે. છોકરી એમાંથી એકકે વિકલ્પ સ્વીકારવાની સ્થિતિમાં નહોતી તેથી મુંઝાણી, અને સન્તબાલજી પાસે તેણે માર્ગદર્શન માંગ્યું, અને જો અંતરમાં વૈરાગ્ય નથી તો દીક્ષા લેવાનો કોઈ અર્થ નથી એમ વિચારીને સંસારમાં રહીને પોતાની જાત ઉપર ઉભી રહી શકે એવો કોઇ વ્યવસાય શિખી લેવાની તેમણે સલાહ આપી અને છોકરી એ મુજબ જૈન મહિલા સમાજ દ્વારા મદદ મેળવીને નર્સ થઇ અને આજે સારું કમાતી થઇ ગઈ છે, એટલું જ નહિ પણ, એક આદર્શ સેવિકાનું પ્રેરણાયોગ્ય જીવન જીવી રહી છે.

છેલ્લે શ્રી શાન્તિલાલ શાહે એક પદ સંભળાવ્યું અને સભા વિસર્જન થઇ.

(અનુસંધાન પાનું ૧૬૫)

કૂર્માચળની પરિક્રમા

[તા. ૧-૧૧-૫૮ ના પ્રબુદ્ધ જીવનથી અનુસંધાન]

(પ્રબુદ્ધ જીવનમાં વચ્ચે મહાબળેશ્વરની યાત્રા દાખલ થઇ ગઇ અને આગળના વર્ણન અને નીચે પ્રગટ થતા વર્ણન વચ્ચે ત્રણ અંકનો એટલે કે બે મહીનાનો ગાળો પડી ગયો. આ કારણે આગળના વર્ણનનું હવે પછીના વર્ણન સાથે અનુસંધાન કરવા માટે એટલું જણાવવું જરૂરી છે કે આપણે નૈનિતાલમાં વિસ્તારથી ફરી લીધું હતું અને ત્યાર બાદ રાણીખેતનો પ્રણ ઉડતો પ્રવાસ કરી લીધો હતો, હવે આપણે કૌસાની તરફ જઇ રહ્યા છીએ. પરમાનંદ)

કૌસાની તરફ

હવે અમે કૌસાની તરફ ચાલ્યા. કેટલેક સુધી ચઢાણ જ હતું. પછી ઉતરાણ શરૂ થયું અને ઉતરતે ઉતરતે કોશી નદીના કિનારા સુધી પહોંચ્યા. અહિંથી જમણી બાજુએ જતો રસ્તો કોશી નદી ઓળંગીને આલ્મોરા તરફ જતો હતો. અમારી બસ ડાબી બાજુ તરફ વળીને કોશી નદીના કિનારે કિનારે આગળ વધવા માંડી. અમારો રસ્તો નદી કીનારાની લગભગ સમાન્તર, કદિ જરા ઉંચે કદિ જરા નીચે, કદિ આમ તો કદિ તેમ વળાંક લેતો આગળ ચાલ્યો જતો હતો અને એક પછી એક ગામ પસાર કરતો હતો. પર્વત-પ્રદેશોમાં સર્પાકાર રાજમાર્ગ ઉપર ચાલી જતી બસમાં આપણે પ્રવાસ કરતા હોઇએ છીએ અને બસ સડકના ઢાળ ઢોળાવમાંથી, બન્ને બાજુએ આવેલી વૃક્ષરાજિઓમાંથી, અને ડાબા જમણા વળાંકોમાંથી પસાર થતી હોય છે ત્યારે આપણી આસપાસ ચારે બાજુએ કોઈ અનુપમ નૃત્ય ચાલી રહ્યું હોય, અને સર્વ કાંઇ નાચતું, ડોલતું, ઝુલતું હોય-એવો માનસિક અનુભવ થાય છે. અને આ અનુભવ કાંઈ પાંચ પંદર મીનીટ પૂરતો સીમિત હોતો નથી. આવા પરિભ્રમણ દરમિયાન ચાલીશ ચાલીશ પચ્ચાસ પચ્ચાસ માઇલના અન્તરો ઘણી વાર કાપવાના હોય છે. એટલે કલાકો સુધી ચાલતો આ સઘન અનુભવ મન તથા કલ્પનાને ડોલાવ્યા કરતો હોય છે. સાધારણ રીતે પ્રવાસીઓનું લક્ષ્ય એક સ્થળેથી ઉપડયા એટલે નિયત કરેલા બીજા સ્થળે કેમ જલ્દિથી પહોંચવું એ બાબત ઉપર વધારે કેન્દ્રિત હોય છે, અને તેથી જે પ્રદેશોમાંથી તેને પસાર થવાનું હોય તેનું તેને મન કોઈ વિશેષ મહત્વ હોતું નથી. પણ જેને મન કોઇ અમુક સ્થળે પહોંચવું એ એક નિમિત્ત તો હોય જ છે, પણ સાથે સાથે આવા સંભવિષમ પ્રદેશોમાં પરિભ્રમણ કરવું એ પણ જેનો ઉદ્દેશ હોય છે તેના માટે આવા પ્રવાસ દરમિયાન આનંદ-રોમાંચથી અંકિત નહિ એવી ભાગ્યે જ કોઇ પળ પસાર થતી હોય છે અને આવો પ્રવાસી પળે પળે નવું નવું રૂપ ધારણ કરતા નિસર્ગસૌન્દર્યનું નિરન્તર અનુપાન કરતોં રહે છે. પ્રસ્તુત પ્રવાસ દરમિયાન મારા ચિત્તની લગભગ આવી કાંઇક દશા રહેતી હતી. આગળ ચલતાં સોમેશ્વર આવ્યું જે આ બાજુનું એક મુખ્ય ગિરિનગર લેખાય છે; ચનોદ્દા આવ્યું જ્યાં ગાંધી આશ્રમનું એક મોટું થાણું છે. અહિં અમે અમારો કેટલોક વધારાનો સામાન મૂક્યો. પછી લગભગ સપાટ પ્રદેશ ઉપર વહેતી કોશી નદી ઓળંગીને અમે આગળ વધ્યા અને થોડી વારમાં કૌસાની તરફ લઇ જતા પહાડ ઉપર ચડવા માંડયું. લગભગ અઢી ત્રણ હજાર ફીટના ચઢાણ બાદ આખરે કૌસાનીનું બસસ્ટોપ આવ્યું.

કૌસાની

અહિં અમે બસમાંથી નીચે ઉતર્યા; સામાન ઉતાર્યો; મજુરો કર્યા અને ડાબી બાજુએ માઇલ સવા માઇલ દૂર આવેલો કેપ્ટન દૌલતસિંહનો બંગલો 'ગંગાકુટિર' કે જ્યાં અમે ઉતરવા રહેવાનું આગળથી નકકી કર્યું હતું તે તરફ અમે ચાલવા માંડયું. રાણીખેતથી સાડા દશ વાગ્યે ઉપડેલા, કૌસાની પહોંચ્યા ત્યારે બપોરના અઢી વાગ્યા હતા. 'ગંગાકુટિર' ઉપર સાડા ત્રણ લગભગ પહોંચ્યા. આ 'ગંગાકુટિર' એ સ્થળ હતું કે જ્યાં સ્વામી આનંદ છેલ્લા પાંચ સાત વર્ષથી એપ્રીલ માસ આસપાસ આવતા હતા અને ઓકટોબર નવેંબર સુધી રહેતા હતા. (કૌસાનીમાં આગળના વર્ષ દરમિયાન તબિયતની પ્રતિકુળતા વધી જવાથી ગયા વર્ષથી તેમણે કૌસાનીનું ગમનાગમન બંધ કર્યું છે અને હાલ મુંબઇથી ત્રણ કલાકના રેલ્વે રસ્તે આવેલા ધોલવડ સ્ટેશનથી ત્રણ માઇલ દૂર કૌસણાડની ટેકરી ઉપર રહે છે.) કૌસાની વિષે તેમ જ 'ગંગાકુટિર' વિષે તેમની પાસેથી ઘણું ઘણું સાંભળેલું અને તેથી આ સ્થળ વિષે કેટલાય સમયથી મન ઊંડી ઝંખના સેવતું હતું. આજે એ કૌસાનીમાં અને એ 'ગંગાકુટિર'માં આવવાનું બનતાં મારૂં દિલ આનંદથી ઉભરાતું હતું.

કૌસાની સાથે બીજું પણ એક પવિત્ર પુરૂષનું સ્મરણ જોડાયલું હતું. ૧૯૨૯ ના જુન માસમાં ગાંધીજી આલ્મોરા બાજુ આવેલા ત્યારે રાણીખેત તથા તાડીખેત થઇને જુન માસના છેલ્લા અઠવાડીયામાં અહિં આવેલા અને બસસ્ટોપની નજીકમાં આવેલા ડાક બંગલામાં દશ દિવસ રહેલા અને ગીતાના અનાસકિત યોગ ઉપરનું પ્રકરણ તેમણે અહિં લખેલું. અહિંથી પછી તેઓ વૈદ્યનાથ તથા બાગેશ્વર સુધી ગયેલા. ગાંધીજીના સ્મરણ સાથે આવી વિશિષ્ટ રીતે જોડાયલા સ્થળ વિષે ગાંધીજીની સંનિધિમાં ઓછું વધતું રહેવાનું જેને સદ્‌ભાગ્યે સાપડયું હોય તેને મન એક વિશેષ આકર્ષણ રહે તે સ્વાભાવિક છે.


બસસ્ટોપથી ડાબી બાજુએ આવેલા પર્વતની ટોચે ટોચે ઉંચે લઇ જતી માઇલ સવા માઇલની સડક સ્ટેટ બંગલા પાસે ખતમ થાય છે. અમે જ્યાં ઉતર્યા હતા તે ગંગાકુટિર સ્ટેટ બંગલાની આ બાજુએ બહુ નજીકમાં છે. સડકની જમણી બાજુએ જરા નીચે ઉતરતાં બંગલાના પ્રવેશદ્વાર પાસે પહોંચાય છે. દશેક પગથિયા ચડીએ એટલે બંગલાની ત્રણે બાજુએ આવેલી પરશાળમાં દાખલ થવાય છે. રહેવા આરામ કરવા માટે વચ્ચેના ભાગમાં એકની પાછળ નાનો બીજો ઓરડો એમ કુલ ચાર ઓરડા છે. પરશાળમાંથી પૂર્વ, ઉત્તર તથા પશ્ચિમ એમ ત્રણે બાજુએ દૂર દૂર આવેલા પર્વતપ્રદેશો સુધી નજર જાય છે. ઉત્તર બાજુની પરશાળમાંથી રહેવાના ઓરડામાં દાખલ થવાય છે. આવી જ રહેવાની ગોઠવણ નીચે આવેલા ભોંયતળીઆના માળમાં પણ છે. અમે ઉપરના ભાગમાં રહ્યા હતા. નીચેનું ખાલી હતું.

ગંગાકુટિરમાં પહોંચ્યા ત્યારે તેના માલીક કેપ્ટન દૌલતસિંહ અમારૂં સ્વાગત કરવાની રાહ જોતા ઉભા હતા. ગયે વર્ષે બહેન મેના તથા અજિતભાઇ કૌસાની આવેલા ત્યારે તેમને કેપ્ટન દૌલતસિંહની ઓળખાણ થયેલી અને તેઓ ગંગાકુટિરમાં જ ત્રણ-ચાર દિવસ રહેલા. એ પરિચયના આધારે જ આમારૂં આ વખતે ગંગાકુટિરમાં રહેવાનું આગળથી નકકી થયું હતું. બાજુએ બીજો બંગલો છે ત્યાં કેપ્ટન સાહેબ પોતે સહકુટુંબ રહે છે. અમારૂં તેમણે ચા-નાસ્તાથી આતિથ્ય કર્યું. નવા સ્થળમાં અમે અમારો સામાન ગોઠાવ્યો અને રહેવા, સુવા, રસોઇ કરવા વગેરેની વ્યવસ્થા વિચારી લીધી નૈનીતાલ તથા રાણીખેતમાં અમે હોટેલમાં રહ્યા હતા. અહિં અમારે પોતા થકી રસોઇની વ્યવસ્થા કરવાની હતી. અહિં અઠવાડિયું રહેવાનો અમારો વિચાર હતો.

અમે મે માસની ૨૫મી તારીખે અહિં આવ્યા. તે દિવસે જેઠ માસના શુકલ પક્ષની સાતમ હતી. ઉત્તર દિશા તરફની પરસાળમાં પડતી બારીઓમાંથી ભારે વિશાળ પ્રદેશ દૃષ્ટિગોચર થતો હતો. વચ્ચે કોઈ આડશ કે અન્તરાય નહોતો. બારીની નીચે ઢોળાવ ઉપર નાનાં નાનાં ખેતરો દૂર દૂર સુધી પથરાયલાં પડયાં હતા અને એ ઢોળાવ પૂરો થતાં નીચે ખીણમાં ભારે વિશાળ મેદાન અને છુટાંછવાયાં ગામડાંઓ નજરે પડતાં હતાં. તેની આગળ દૃષ્ટિ દોડાવતાં



નૈનીતાલનું એક દૃશ્ય




નૈનીતાલનું અ


એકની બાજુએ બીજી એમ અનેક પર્વતમાળાઓ દેખાતી હતી અને તેની પાછળ ૨૧૦ માઇલના વિસ્તારને આવરી લેતાં હિમ-શિખરો આવ્યાં હતાં, જે વર્તમાન ઋતુ દરમિયાન ધુળ ધુમ્મસથી મોટા ભાગે ઢંકાયલાં રહેતાં હતાં. પરસાળમાં બેઠાં બેઠાં હિમાલયના આ વિસ્તારને–એના સમયે સમયે બદલાતા જતા રૂપરંગને–નિહાળ્યા કરવા એ અહિં આવ્યા બાદ અમારો એક મુખ્ય વ્યવસાય બન્યો હતો.

અહિં આવ્યા ત્યારે બપોરના ભાગની જરા ઉષ્મા વરતાતી હતી. સાંજ પડી અને ઠંડક વરતાવા લાગી; સૂર્યના આછા થતા તેજમાં એના એ જ પ્રદેશો વધારે રમણીય, વધારે નમણાં લાગવા માંડ્યાં. આગળ પાછળની પર્વતમાળાઓએ ઘેરા ભુરાથી આછા ભુખરા સુધીના જુદા જુદા રંગો ધારણ કર્યા. રાત પડી અને શુકલ સપ્તમીના ચંદ્રમાની આછી ધવલ રોશની સર્વત્ર ચમકવા લાગી. કૌસાની અને તેમાં પણ ગંગાકુટિરની એ વિશેષતા હતી કે અહિં જે અખંડ એકાન્ત, લગભગ નિર્જનતા, અને ગાઢ શાન્તિ અનુભવવા મળે છે અને ક્ષિતિજ પ્રદેશ ચોખ્ખો હોય ત્યારે અહિં જે વિસ્તારમાં હિમગિરિશિખરો જોવા મળે છે–તે એકાન્ત અને શાન્તિનો અનુભવ તથા ભવ્યતાનું દર્શન હિમાલયમાં બહુ ઓછા સ્થળોએ સુલભ હોય છે.

હિમશિખરોના પ્રથમ દર્શન

અમને એવી આશા હતી કે કૌસાની પહોંચીશું એટલે તો પછી અમારી સન્મુખ ચોવીશે કલાક હિમશિખરો દેખાયા જ કરતાં હશે. પણ એ આશા, અહિં આવ્યા પછી લાગ્યું કે, વધારે પડતી હતી. અહિં આવ્યા ત્યારે ઉત્તર દિશાનું ક્ષિતિજ નૈનીતાલ તથા રાણીખેત જેવું જ ધુંધળું હતું. એ જ સ્થિતિ બીજે દિવસે, ત્રીજે દિવસે ચાલ્યા કરી અને અમારું મન નિરાશા અનુભવવા લાગ્યું. મનમાં એમ થયું કે જેમ દાર્જીલીંગ અમે ગયેલા અને ત્યાં અઠ-વાડીયું રહેવા છતાં અમે કદિ હિમશિખરોનાં દર્શન નહોતાં કર્યાં તેમ અહિંનો નિવાસ પણ એ દર્શનથી વંચિત જ રહેવાનો. અહિં અમે રવિવારે આવ્યા. સોમ, મંગળ આ દૃષ્ટિએ ફોગટ ગયા. બુધવારે સવારે હું ઉઠ્યો અને બહાર સામે નજર કરું તો જેમ નાટકનો પડદો કોઇએ ઉઠાવી લીધો હોય અને પાછળનો કોઇ ભવ્ય 'સીન' નજર ઉપર આવે એમ સૂર્યોદયના કીરણો વડે પ્રકાશોજ્જ્વળ બનેલા એ ક્ષિતિજપ્રદેશ ઉપર હિમશિખરોની હારમાળા નજર ઉપર તરવા લાગી. બાજુના ઓરડામાં સુતેલા અજિતભાઇને મેં ઉઠાડ્યા અને કહેવા લાગ્યો કે "અજિતભાઇ, ઉઠો ઉઠો, આજે તો ઇશ્વરે આપણા ઉપર મોટી મહેર કરી છે અને સામે બરફના પહાડો આબેહુબ દેખાઈ રહ્યા છે." બાળકો પણ ઉઠી ગયા અને અમે બધાં ય ઓશરીમાં એકઠાં થઈ ગયાં અને ચકિત નયને ધવલ શિખરો જોવા લાગ્યા. જમણી બાજુના ખૂણે સૂર્યનો ઉદય થઇ રહ્યો હતો અને તેનો પ્રકાશ આ ગિરિશિખરોને સોનેરી રંગે રંગી રહ્યો હતો. કુદરતની આ ભવ્ય લીલા નિરખતાં અમારાં દિલ નાચી ઉઠ્યાં. ગાઇડ બૂકમાંથી નકશો કાઢીને આ ડાબી બાજુએ છેડાના ભાગમાં દૂર દૂર દેખાય છે તે કેદારનાથ અને બદ્રીનાથનાં શિખર, તેની બાજુએ દેખાય છે તે નીલકંઠ (૨૧૬૫૦ ફીટ), પછી કામેટ, (૨૫૪૪૭ ફીટ), પછી નંદાદેવી, (૨૦૭૦૦ ફીટ), પછી ત્રિશુલનાં ૨૨૦૦૦ થી ૨૩૦૦૦ ફીટની ઉંચાઇ ધરાવતાં ત્રણ શિખરો, પછી નંદાદેવી (૨૫૬૪૪ ફીટ), પછી નંદાકોટ (૨૨૫૧૦ ફીટ), અને થોડે આગળ પૂર્વ બાજુએ પંચચુલી (૨૨૬૫૦ ફીટ) અને દૂર દૂર





નૈનીતાલના સામાજિક કાર્યકર: શ્રી ગંગાબેન જોશી કૌસાની





નિવાસસ્થાન

અપ્પી અને નંકૂ—આમ એક પછી એક શિખરને તારવી તારવીને ઓળખવાનો—નિશ્ચિત કરવાનો—અમે પ્રયત્ન કરવા લાગ્યા. પછી અમને એમ થયું કે જરા વધારે ઉંચાણમાં આવેલા સ્ટેટ બંગલામાં જઇએ તો વધારે સારૂ દેખાશે. એટલે ગાઈડ બૂક લઇને હું અને અર્જિત-ભાઈ ત્યાં પહોંચ્યા. એથી સંતોષ ન થતાં ત્યાંથી પણ વધારે ઉંચે આવેલી કૌસાની પર્વતની ઉપરની ફેર ઉપર અમે પહોંચ્યા. આમ મન ભરીને હિમશિખરો જોયાં, માણ્યાં અને કૌસાની સુધી આવ્યાનો પરિશ્રમ ફલિતાર્થ થતો અનુભવ્યો, અને ભલે હવે હિમપર્વતો ન દેખાય તો કાંઈ નહિ એમ મનમાં સંતોષ ચિન્તવ્યો.

સરલાદેવી

અમે કૌસાની હતાં એ દરમિયાન શરૂઆતના દિવસોમાં આગળ જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે કસ્તુરબા મહિલા ઉત્થાન મંડળના સ્થાપક અને મુખ્ય સંચાલક સરલાદેવીને મળવાનું અને તેમના 'લક્ષ્મી આશ્રમ'ની પ્રવૃત્તિઓ જોવાનું સદ્‌ભાગ્ય અમને સાંપડ્યું. આ સરલાદેવીનો થોડો પૂર્વપરિચય અહિં આપવો અસ્થાને નહિ લેખાય. તેઓ મૂળ જર્મન છે, પણ ઇંગ્લાંડમાં ઉછરેલાં છે. આજે



ક ડૉક્ટર સ્વામી આનંદ ડૉ. માયાદાસ

નૈનીતાલનું બીજું દૃષ્ય

તેમની ઉમ્મર ૫૮-૬૦ વર્ષની છે. તેમના પિતા ઇંગ્લાંડમાં પંચા-ગરનું કામ કરતા હતા. તેમનું મૂળ નામ છે 'મીસ કેથેરાઇન મેરી હેલીમેન'. લંડન યુનિવર્સિટીનાં તેઓ ગ્રેજ્યુએટ છે. જીવનના પ્રારંભ-કાળમાં તેઓ લંડનના ગરીબ લતાઓમાં કામ કરતા. તેમના પરિ-ચયમાં આવેલા હિંદી વિદ્યાર્થીઓએ તેમને જણાવ્યું કે "અહિં શું ગરીબી છે? ખરી ગરીબી જોવી હોય તો હિંદુસ્તાન જાઓ." આ સાંભળીને તેઓ હિંદ આવવા આકર્ષાયાં, અને ૧૯૩૫ ની સાલમાં તેઓ ઉદયપુરના 'ભારતીય વિદ્યાભવન'માં કામ કરવા માટે જોડાયાં. એ દરમિયાન તેમને સ્વ. જમનાલાલ બજાજના પરિચયમાં આવવાનું બન્યું. તેમની પ્રેરણાથી તેઓ વર્ધા-સેવાગ્રામ. ગાંધીજી પાસે ગયાં. ગાંધીજી તેમની રીતભાત તથા તેમનું સેવાપરાયણ પ્રાકૃતિક વળણ જોઇને બહુ રાજી થયા. તેમણે તેમને 'સરલા' નામ આપ્યું અને ત્યારથી તેઓ 'સરલાબહેન' અથવા તો 'સરલાદેવી' ના નામથી ઓળ-ખાવા લાગ્યાં. સેવાગ્રામમાં સરલાદેવીએ અખિલ ભારત તાલિમી સંઘમાં શ્રી આર્યનાયકમજી સાથે કામ શરૂ કર્યું.

૧૯૪૦ ના અરસામાં તેમની તબિયત બગડી અને તેઓ બહુ નબળાં પડી ગયાં. એટલે તબિયત સુધારવા માટે બાપુજીએ તેમને આલ્મોરા મોકલવાનો પ્રબંધ કર્યો. ત્યારથી તેઓ આલ્મોરા બાજુના પહાડોમાં વસી રહ્યા છે. તેઓ ભારે પરિશ્રમશીલ છે અને સેવાભાવ તો જાણે તેમને ગળથુથીમાં જ મળ્યો હોય એવી તેમની જીવનનિષ્ઠા છે. ૧૯૪૨ ની લડતમાં જ્યારે અંગ્રેજ સરકારે આ બાજુ ભારે જુલમ કરેલો ત્યારે આ બહેને સરકારનો બહાદુરીપૂર્વક સામનો કરેલો અને સરકારી જુલમનો ભોગ બનીને જેમના પુરુષો જેલમાં ગયા હતા કે મૃત્યુ પામ્યા હતા તેવી પહાડી બહેનોને આશ્વાસન આપવા અને મદદ કરવા તેઓ ગામડે ગામડે ભટકેલાં. એમ કરતાં તેઓ જેલમાં ગયાં. ૧૯૪૫ માં તેઓ છુટ્યા ત્યાર બાદ પહાડી ગામડાંની બહેનોની સેવા કરવા માટે આગળ ઉપર જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ગંગાબહેનના પિતાશ્રી પૂર્ણાનંદજી સનવાલે સરલાદેવીને કૌસાનીમાં આવેલો પોતાનો વાડી-બંગલો આપ્યો. તેમાં સરલાદેવીએ પૂર્ણાનંદજીનાં સ્વ. પત્ની લક્ષ્મીબહેનનું નામ જોડીને ગાંધીજીના આશીર્વાદપૂર્વક 'લક્ષ્મી આશ્રમ'ની સ્થાપના કરી, અને તેના ચાલુ વહીવટ માટે 'કસ્તુરબા મહિલા ઉત્થાન મંડળ'ની રચના કરવામાં આવી.

શ્રી કસ્તુરબા મહિલા ઉત્થાન મંડળ સંચાલિત લક્ષ્મીઆશ્રમ

આ મંડળના ઉદ્દેશો તેને લગતી એક પરિચય પત્રિકામાં નીચે મુજબ આપવામાં આવ્યા છે :–

"બુનિયાદી તાલીમ મહાત્મા ગાંધીના રચનાત્મક કાર્યક્રમની અન્તિમ રચના છે. આપણે એમ પણ કહી શકીએ છીએ કે તેમાં તેમના જીવનનું સમસ્ત કાર્ય સંપૂર્ણ રૂપમાં સંમિલિત બન્યું છે. બાપૂ ઇચ્છતા હતા કે બુનિયાદી તાલીમ મારફત આપણા દેશનાં બાળકો અસલી રૂપમાં સ્વાવલંબી બને અને ઉત્પાદક બુનિયાદી ઉદ્યોગ દ્વારા પોતાનું શિક્ષણ પામતાં પામતાં અને દેશની સંપત્તિ વધારતાં વધારતાં સ્વાશ્રયી છાત્રો બને. આ શિક્ષાપદ્ધતિ વડે બાળકોનો શારીરિક, માનસિક તેમજ આધ્યાત્મિક વિકાસ સંપૂર્ણ રૂપમાં થઈ શકશે એવો તેમનો અભિપ્રાય હતો. બુનિયાદી તાલીમની કસોટી એ બાબતની સિદ્ધિ ઉપર થવાની કે શ્રીમન્ત દેશોમાં જે ઉચ્ચ કોટિની બૌદ્ધિક તથા આધ્યાત્મિક શિક્ષા તાર્કિક ઉપાયો વડે બાળકોને મળે છે તે શિક્ષા આપણા દેશના ગરીબ બાળકોને વ્યાવહારિક ઉત્પાદક કામ કરતાં કરતાં અને શિખતાં શિખતાં મળી જાય. આનું પરિણામ એ આવવાનું કે જીવનના દૃષ્ટિકોણમાં બાળકોને શરૂઆતથી જ શોષણ-રહિત, સ્વાવલંબી, સ્વાભિમાની સમાજની કલ્પના પ્રાપ્ત થવાની, આથી આપણા રાષ્ટ્રીય જીવનની સામાજિક, આર્થિક, રાજનૈતિક વગેરે દરેક બાજુ ઉપર ભારે પ્રભાવ પડવાનો અને સર્વોદય સમાજની કલ્પનાને કાર્યાન્વિત કરવામાં બુનિયાદી તાલીમ તરફથી પ્રબળ સહયોગ મળવાનો. બુનિયાદી તાલીમમાં અનેક સંભાવનાઓ તેમ જ પરિણામોની આશા રાખવામાં આવે છે. આ કાંઇ કારખાનામાં બનાવેલી ડબ્બામાં બંધ કરેલી ચીજ નથી. દેશ, વેશ તથા નરેશની પરિસ્થિતિ ધ્યાનમાં લઇને તેનો પ્રયોગ આપણે આખા હિન્દુસ્તાનમાં ફેલાવવાનો છે.

"કુમાઉંના પહાડોમાં દેહાતી સ્ત્રોકોની પરિસ્થિતિ બહુ જ પછાત છે એ તો દુનિયાભરમાં સ્વીકૃત વાત છે કે જ્યાં સુધી સમાજમાં માતાઓના જીવનમાં પ્રકાશનો સંચાર ન થાય તથા જ્યાં સુધી પોતાનાં બાલબચ્ચાના પાલનપોષણને લગતું વ્યવહારિક જ્ઞાન તેઓ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી કોઇ પણ દેશનું ફાલવું ફુલવું અસંભવિત છે. પહાડમાં વિષમ પરિસ્થિતિ તો એ છે કે આ બાજુની દેહાતી સ્ત્રીઓમાં માત્ર અજ્ઞાન વ્યાપેલું છે એમ નથી, પણ તેમને નવરાશ પણ હોતી નથી. તે આખો દિવસ પોતાના કૃષિકામને અંગે ખેતર તથા જંગલમાં જ રહેતી હોય છે. એવી વિષમ પરિસ્થિતિમાં નવા યુગનો સંદેશો તેમની પાસે શી રીતે લઇ જવો ?

"આ માટે એવો સંકલ્પ કરવામાં આવ્યો છે કે આ બાજુની છોકરીઓને એવી શિક્ષા દેવાની વ્યવસ્થા કરવી કે જેથી તે મોટી થાય ત્યારે પોતાનું ગૃહસ્થી તથા કૃષિ કામ કરતી કરતી, પોતાની ગ્રામીણ બેનપણીઓને આદર્શ ગ્રામીણ જીવનનું દર્શન કરાવતી કરાવતી, નવા યુગનો સંદેશો વ્યવહારિક રૂપમાં ફેલાવે. આ ઉદ્દેશથી સન ૧૯૪૬ માં કસ્તુરબા મહિલા ઉત્થાન મંડળની સ્થાપના કરવામાં આવી છે."

ત્યાર બાદ શરૂઆતમાં જ હરિજન છોકરીઓને આશ્રમમાં દાખલ કરતાં જે આફત ઉભી થઈ તેનો ખ્યાલ આપતાં ઉક્ત પરિપત્રમાં ડલના મંત્રી સરલાદેવી જણાવે છે કે "ખ્યાલ તો એવો હતો કે નજીકના ગામડાંઓમાંથી દિવસના કાર્યક્રમ માટે છોકરીઓ આવશે અને કદાચ દૂરથી બે ચાર છોકરીઓ આવી તો શ્રી પૂર્ણાનંદજીએ આપેલા લક્ષ્મી આશ્રમના મકાનમાં તેમને રાખવા માટે જગ્યા થઇ રહેશે. પણ કહેવાય છે કે પૈગંબરનો તેના પોતાના દેશમાં કોઇ હિસાબ હોતો નથી. આશ્રમમાં હરિજન છોકરીઓનો પ્રવેશ થયો કે તરત જ આસપાસની છોકરીઓએ આશ્રમમાં આવવું બંધ કરી દીધું. એમ છતાં કુમાઉંના ખુણે ખુણેથી ભિન્ન ભિન્ન આર્થિક તથા સામાજિક દરજ્જાની છોકરીઓ આવી અને એક કુટુંબની ભાવનાથી સૌ સાથે હળીમળીને રહેવા લાગી. ભોટયા માંડીને ભવાલી સુધી અને ભવાલીથી માંડીને પૌડી તથા ટેહરી સુધીની છોકરીઓ વસી રહી. બ્રાહ્મણ, ક્ષત્રિય, હરિજન–સર્વ વર્ગની છોકરીઓ હાલ આશ્રમમાં સામેલ થઇ રહી છે."

આ આશ્રમ જોવા એક દિવસ સવારે હું અને અજિતભાઇ નીકળ્યા. અમારે ગંગાકુટિરથી કૌસાનીના બસ સ્ટોપ સુધી જવાનું હતું અને પછી સડકની બીજી બાજુએ આવેલી ટેકરી ઉપર ઠીક ઠીક ચડવાનું હતું. આશ્રમના મકાન પાસે આવીને અમે ઉભા રહ્યા. તપાસ કરતાં માલુમ પડયું કે ત્યાં વસતી બહેનો સાથે સરલાબહેન–એ બાજુ બધા લોકો એમને સરલાબહેન તરીકે ઓળખે છે–ઉપરને માળ ભોજન કરતાં હતાં. અમે એમની રાહ જોતાં નીચેના મંદિરના મોટા હોલમાં બેઠા. થોડી વારે તેઓ નીચે આવ્યા. તેમણે ઉપરના ભાગમાં મેલખાઉ રંગની ખાદીનું પહેરણ પહેર્યું હતું અને નીચેના ભાગમાં લગભગ એવા જ રંગની ખાદીની સુરવાળ પહેરી હતી. પગમાં રબ્બરના તળીવાવાળા કંતાનના શુઝ (જોડા) હતાં. માથું ખુલ્લું હતું. ઉંચી કહેવાય જ નહિ અને તેમ તદ્દન ઠીંગણી પણ ન કહેવાય એવી તેમની આકૃતિ હતી. ગૌર સુંદર સૌમ્ય તેમનું વદન હતું અને ચશ્મા પાછળ તેમની તેજસ્વી આંખો ચમકતી હતી. શરીર ઘાટીલું તેમ જ કસાયલું લાગતું હતું અને મોઢા ઉપર આધેડ ઉમ્મરની છાપ નજરે પડતી હતી. તેમને જોતાં અમે ઉભાં થયાં; પરસ્પર નમન કર્યાં. અમે કોણ છીએ, ક્યાંથી આવ્યા છીએ વગેરે બાબતોનો તેમને પરિચય આપ્યો. તેમણે પણ અમને બહુ ભાવપૂર્વક આવકાર આપ્યો. પછી આશ્રમમાં જે જુદી જુદી પ્રવૃત્તિઓ ચાલતી હતી તે બધી અમારી સાથે ફરીને તેમણે દેખાડી. આ પ્રવૃત્તિઓ તેમના બીજા એક પરિપત્રમાં નીચે મુજબ દર્શાવવામાં આવી છે:–

"બુનિયાદી ઉદ્યોગમાં કૃષિ છે, જેમાં ગોપાલન તથા મધુ-મક્ષિકા પાલનનો સમાવેશ કરવામાં આવ્યા છે. સહાયક ઉદ્યોગ વસ્ત્ર ઉદ્યોગ છે જેમાં ઉનની કંતાઇ, વણાટ તથા કપડાની સિલાઇનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગૃહવિદ્યામાં રસોઇ બનાવવી પાણી ભરવું, ઠામવાસણ ઉટકવા, કપડા ધોવા, કોઠારમાંથી તેમ જ ખેતર-માંથી અનાજ લાવવું, બળતણ માટે જંગલમાંથી લાકડાં વાઢીને લાવવાં, તથા ચારા માટે ઘાસ કાપીને લાવવું તથા પિરૂલપત્તીનો એટલે કે ચીડના ઝાડની સળીઓ એકઠી કરી લાવવી–આ પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સાધારણ ઘરગથ્થુ તેમ જ દેશી દવાઓ બનાવવી તથા માંદાઓની સેવા કરવી–આ શિક્ષણ વ્યવહારિક ઢંગથી રોજના કાર્યક્રમ દ્વારા તેમને મળી રહે છે. દરેક છોકરી પોતાની ઉમર અનુસાર આ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. કોઇ નોકર કે નોકરાણી રાખવામાં આવતી નથી, આ બધા કામોમાં તેમને સ્વાવલંબી થવું પડે છે." આ આશ્રમમાં રહેતી તેમજ ભણતી તથા ઉદ્યોગ–વ્યવસાય કરતી બહેનો ચાલુ જીવન કેવા પ્રકારનું ગાળે છે તેનું નીચેના શબ્દોમાં કોઇ એક નિરીક્ષકે બહુ સુંદર ચિત્ર આલેખ્યું છે:–

"આ પરિવારમાં જેમ બધા વર્ગોના લોકો એકમેકમાં હળી મળી ગયા છે તેવી રીતે જીવન તથા શિક્ષણ પણ એકમેકમાં વણાઇ ગયેલ છે. દિવસભર કામ કરતાં કરતાં ઘરમાં, ખેતરમાં, જંગલમાં, રસોઇમાં, કદિ કદિ ગામડાંઓના મેળાઓમાં જીવનની આવશ્યક વ્યવહારિક શિક્ષા તેમને મળતી રહે છે. પ્રકૃતિના વિશાળ પુસ્તકનો અભ્યાસ કરવામાં–જેનું દૃષ્ય તેમને જંગલ, ખેતર તથા હિમાલયના દર્શન દ્વારા જોવા મળે છે–તેઓ એટલી જ દિલચસ્પી રાખે છે, જેટલી દિલચસ્પી તેઓ પોતાને ભણવાનાં પુસ્તકો તથા આશ્રમની હસ્તલિખિત માસિક પત્રિકામાં રાખે છે. રસોઇ પકવતાં પકવતાં તેઓ સ્વાસ્થ્યના નિયમો સમજી લે છે. ગામડાંઓમાં ફરતાં ફરતાં આપણા દેહાતી સામાજિક અજ્ઞાનના અનિષ્ટોનો અનુભવ કરે છે. અશિક્ષિત ગ્રામીણ સ્ત્રીઓના ઝગડા અને અમારા પરિવારનો પ્રેમ

તથા સહયોગ જોઇને–એ બન્નેની તુલના કરીને તેમને સહકારિતાનો વ્યવહારિક અનુભવ મળે છે. જંગલમાં લાકડાંઓ કાપીને તેનો મોટો ભારો માથા ઉપર રાખીને આશ્રમ તરફ તેઓ ચાલી આવતી હોય છે ત્યારે હિમાલયના સૂર્યાસ્તના સોનેરી કારણો જોતાં જોતાં તેમનો થાક એમ જ ઉતરી જાય છે અને ફરી પાછી હસતી હસતી અને ગાયન ગાતી ગાતી સંસ્થાના કામમાં પરોવાઈ જાય છે. તેઓ ખાવાનું પકાવે છે, રસોડા માટે પાણી ભરે છે, બગીચામાં પાણી સીંચે છે, ભોજન કરીને રસોઇના મોટાં મોટાં ઢામ વાસણ ઉટકે છે. આજે આશ્રમ પરિવારના ૩૦–૩૨ માણસોનાં બધા કામકાજની જવાબદારી આ છોકરીઓ ઉપર જ નાંખવામાં આવી છે અને રાજીખુશીથી એ જવાબદારી તેઓ અદા કરે છે. પોતાના પુસ્તકાલયમાંથી પુસ્તકો લઇને તેનું સ્વતંત્ર રીતથી તેઓ અધ્યયન કરે છે. કોઇ પણ વિષય ઉપર સ્વતંત્ર રીતે તેઓ લેખો લખે છે અને પોતાના શિક્ષણવર્ગના સમય દરમિયાન જે બાબતોની જાણકારીની ઇચ્છા પોતાના દૈનિક અનુભવના પરિણામે તેના દિલમાં સ્ફુરી હોય છે તે બધી જાણી લે છે. ચાંદની રાતમાં નાટક ભજવાતું હોય ત્યારે પોતાના નાચ ગાન તથા ખેલમાં એક આદર્શ ગ્રામીણ કલા નિર્માણ કરવાની તેઓ કોશિશ પણ કરે છે."

આવી સંસ્થાને આર્થિક ભીડ હંમેશા ચાલુ હોય એ સ્વાભાવિક છે. જે કોઇ સ્થિતિસંપન્ન વ્યક્તિ આ સંસ્થાના બુનિયાદી કાર્ય પ્રતિ આકર્ષાય તેણે જરૂર પોતાનો આર્થિક હાથ આ સંસ્થા તરફ લંબાવવો ઘટે છે.

આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓને લગતા વિભાગો અમે એક ખૂણેથી બીજા ખૂણે ફરીને જોયા. ઉની ઉદ્યોગને આ સંસ્થામાં સારૂં સ્થાન આપવામાં આવ્યું છે એમ લાગ્યું. તેની વિવિધ પ્રક્રિયાઓ જોતાં મને ઘણું નવું જાણવાનું મળ્યું. ઉત્તર પ્રદેશની સરકારે આ સંસ્થાને જંગલમાંથી સારા પ્રમાણમાં જગ્યા ફાળી આપી છે. અને તે ઉપર જુદી જુદી પ્રવૃત્તિઓને અનુલક્ષીને ઠીક ઠીક મકાનો બંધાયા છે. સરલાબહેનનો કર્મયોગ અને કાર્યનિષ્ઠા જોઇને મન ખુશ પ્રસન્ન થયું. તેઓ સંપૂર્ણ અંશમાં ભારતીય બની ગયા છે અને હિંદી તેમ જ પહાડી ભાષા સરળપણે બોલે છે. તેમની સાથે અમે લગભગ બે કલાક ગાળ્યા, અને આટલે દૂર દેશને એક ખૂણે, પહાડોની વચમાં, એક મીશનરી માફક, પ્રસિદ્ધિની કશી અપેક્ષા વગર પછાત પહાડી બહેનોના ઉધ્ધારનું તેઓ જે કાર્ય કરી રહ્યા છે તે જોઇને અમે વિસ્મય, આનંદ અને આદરની લાગણી અનુભવી. તેમની અમે રજા લીધી અને લાંબો રસ્તો કાપીને ગંગાકુટિર આવી પહોંચ્યા. તેમની મધુર, સેવાભાવ નીતરતી આકૃતિની. તેમની સૌમ્ય, સુરૂપ, તેજસ્વી મુખમુદ્રાની મારા સ્મરણપટ ઉપર પડેલી છાપ આજે પણ એટલી જ જીવન્ત છે.

અપૂર્ણ

પરમાનંદ

(અનુસંધાન પાનું ૧૬૦ ઉપરથી ચાલુ)

સન્તબાલજી સંઘના કાર્યાલયમાં

પ્રસ્તુત જાહેર સભાના અનુસંધાનમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો તથા અન્ય થોડાક નિમંત્રિત ભાઇ બહેનો અને સન્તબાલજીની વચ્ચે વાર્તાલાપનો પ્રસંગ યોજવામાં આવ્યો હતો. તે મુજબ મુનિ સન્તબાલજી સંઘના કાર્યાલયમાં પધાર્યા હતા. કાર્યાલય ભાઇ બહેનોની હાજરીથી ખીચોખીચ ભરાઇ ગયું હતું.

સંઘ તરફથી કરવામાં આવેલ સ્વાગત

સંઘના એક સ્થાપક સભ્ય અને કોષાધ્યક્ષ **શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી**એ મુનિ સન્તબાલજીને સંઘ તરફથી આવકારતાં જણાવ્યું કે "સંઘની ૩૦ વર્ષની કારકીર્દીમાં આ પહેલો જ પ્રસંગ છે કે જ્યારે સંઘના કાર્યાલયમાં કોઇ જૈન મુનિ પધાર્યા હોય અને સંઘે તેમને આવકાર આપ્યો હોય. માત્ર બાલદીક્ષા કે અયોગ્ય દીક્ષા અટકાવવાના હેતુથી જ માત્ર નહિ, પણ સત્તાધારી સાધુસમાજની સરમુખત્યારશાહીનો સામનો કરવાના અને જુનવાણી વિચારશાહીને નાબુદ કરવાના હેતુથી સંઘનો જન્મ કેટલાક સામાજિક બંડખોર મિત્રોના હાથે થયો હતો જેમાનો હું પણ એક હતો; અને એ રીતે સાધુસમાજ સાથે સંઘ હંમેશા અથડાતો જ રહ્યો છે. આવો સંઘ એક સાધુને કાર્યાલયમાં નિમંત્રણ આપે અને તેનું સન્માન કરે એ સહજ કલ્પનામાં આવે એવી વાત નથી, પણ આજના આપણા મહેમાનને આપણે સાધારણ સાધુઓની હરોળમાં મૂકી શકીએ તેમ નથી. જે બંડખોર વૃત્તિ અમારી હતી અને છે તે જ બંડખોર વૃત્તિ સન્તબાલજી ધરાવે છે અને તેથી અમે તેમને અહિં બોલાવવાને આકર્ષાયા છીએ. અમારો સંઘ જેમ અનેક સામાજિક અને સાંપ્રદાયિક સંઘર્ષોનો સામનો કરતો આવ્યો છે તેમ સન્તબાલજીને પણ જનસમાજ, જૈનસમાજ અને ખાસ કરીને સ્થાનવાસી સમાજની અથડામણમાં સારી પેઠે આવવાનું બન્યું છે. તેમણે કાળબળને પીછાણ્યું છે અને પોતાના સેવાક્ષેત્રને આમજનતાના વિશાળ વર્તુળ સુધી વિસ્તાર્યું છે. વળી તેઓ સ્વતંત્ર રીતે વિચારે છે અને પોતાના વિચારો નિડરપણે રજુ કરે છે. અને તેથી તેમના અહિં પધારવાથી અમને–સંઘના સભ્યોને–અત્યન્ત આનંદ થયો છે. આજે જ્યારે તેઓ પોતાના સંપ્રદાયનું બંધન છોડીને બહાર નીકળ્યા છે ત્યારે અમારા મનમાં સહેજે એવો વિચાર આવે છે કે હજુ પણ સન્તબાલજી આગળ ચાલતા કેમ નથી અને સમાજસેવાની જે ઉચ્ચ ભાવના તેમને ગતિમાન કરી રહી છે તેના વિસ્તારમાં અન્તરાયરૂપ બનતાં કેટલાંક બીનજરૂરી બંધનો છે તેને ફેંકી કેમ દેતા નથી? મારા મનમાં ઘોળાઇ રહેલો આ વિચાર તેમની સમક્ષ રજુ કરીને તેમનું હું અમારા સંઘ વતી હાર્દિક સ્વાગત કરૂં છું."

એ જ સ્વાગતના સૂરને વિસ્તારીને સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું કે "આ અમારો સંઘ ફરેલ માથાંના માનવીઓનો સંઘ છે. તે સંઘ ફરેલ માથાંના એક સાધુને આવકારે તે અત્યન્ત સમુચિત છે. અંગત રીતે કહું તો સંઘનું કાર્યાલય એક રીતે મારૂં સાધનાક્ષેત્ર બન્યું છે. એ ક્ષેત્રમાં સાધકની વૃત્તિથી વિચરતાં અને જનસેવાની ઊંડી તમન્ના ધરાવતા સન્તબાલજીને ઉપસ્થિત થયેલા જોઇને મારૂં ચિત્ત એક પ્રકારની આનંદવ્યાકુળતા અનુભવે છે. સામાન્યતઃ મત મળે અને મૈત્રી ઉભી થાય છે અને મતભેદ ઉભો થાય અને મૈત્રીનો અન્ત આવે છે. પણ અમારી બાબતમાં કાંઇક જુદું જ બન્યું છે. અમે તો વિચારના ક્ષેત્રમાં અથડાતા રહેવા છતાં મૈત્રીની સાધના કરી રહ્યા છીએ અને મૈત્રીનો આનંદ માણી રહ્યા છીએ. મારા અને તેમના સંબંધની આ વિશેષતા છે. મતભેદ હોવા છતાં મનભેદ હોવાની કશી જરૂર નથી એ મારા તેમ જ તેમના અનુભવનો ચાલુ વિષય છે. એ મુનિ છે; હું ગૃહસ્થ છું; એમ છતાં એક મિત્ર મિત્રને આવકારે, એક પ્રવાસી અન્ય સહપ્રવાસીનું સ્વાગત કરે એવા ભાવથી, એવા ઉમળકાથી હું તેમનું સ્વાગત કરૂં છું."

ત્યાર બાદ એક મિત્રે તૈયાર કરેલા પ્રશ્ન મુનિશ્રી સમક્ષ રજુ કરવામાં આવ્યા તે પ્રશ્નો અને મુનિ સન્તબાલજીએ આપેલા જવાબો નીચે મુજબ હતા :–

પ્રશ્ન ૧ : આપનાં પ્રવચનમાં આપ રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય બાબતો ચર્ચો છો તો તેમાં શ્રોતાઓને અને ખાસ કરીને બહેનોને સમજ કેટલી ?

ઉત્તર : વિશ્વ આજે એટલું સાંકડું બન્યું છે કે કોઇ એક પ્રદેશ કે વર્ગનો પ્રશ્ન સમગ્ર વિશ્વને સ્પર્શ્યા વગર રહેતો નથી. વિજ્ઞાનની આ ગતિની સાથે ધર્મે તાલ સાધવો જ રહ્યો. ધર્મ તો ધાર્મિકોથી જ ટકી શકે અને આગળ ધપી શકે. આથી આવા વ્યાપક ધર્મની વાત મારે આમજનતા આગળ મૂકવી અનિવાર્ય બની છે. રાજકીય દૃષ્ટિએ પણ દુનિયામાં લોકશાહીની માંગ વધી રહી છે. લોકશાહીમાં લોકોની સમજ અને ચારિત્ર્ય જેટલાં કેળવાય, તેટલી જ તેની પ્રગતિ સાચી દિશામાં

થઇ શકે. આપણા દેશનાં ગામડાં, પાછળ રહી ગયેલી જાતિઓ અને મહિલાઓમાં વિગતની દૃષ્ટિએ સમજ ભલે ઓછી હોય, પણ સૂઝની દૃષ્ટિએ 'જે કર ઝુલાવે પારણું, તે વિશ્વનું ભાવિ ઘડે' એ કહેવત યથાર્થ ઠરે એવો મારો જાતઅનુભવ છે. આપણાં ગામડાંના કિસાનોને જરાક વિગતો જાણવા મળે કે વિશ્વપ્રશ્નો કેટલી સુંદર રીતે છણે છે તેનો પણ મને જાત-અનુભવ છે. અલબત્ત તેમને ભાષા અને વિગતો મળવાં જોઇએ. 'જે પિંડે સો બ્રહ્માંડે' એ સૂત્ર આ દેશના આવા મહત્ત્વના વર્ગો પાસે આચરણમાં જોવા મળે તેવા આજે ખાસા સંયોગો છે, માત્ર તક મળવી જોઇએ. મારી વાતોને ગામડાં અને બહેનો પોતાની ઢબે સમજીને આચરણથી જવાબ વાળે છે. તેવા સુખદ અનુભવો હું ઘણીવાર 'વિશ્વવાત્સલ્ય'માં ટાંકું છું. મોટી સંખ્યામાં તેઓ સાંભળે છે; જિજ્ઞાસાથી સાંભળે છે; તે પણ એનું જીવંત પ્રમાણ છે.

પ્રશ્ન ૨: સામાન્ય રીતે આપની પાસેથી લોકો આત્માની–ધર્મની–વાતો સાંભળવા આવે છે. આવું ન સાંભળતાં તેઓ નિરાશ થાય છે. તો આ બાબતમાં આપનું મન્તવ્ય જણાવવા વિનંતિ છે.

ઉત્તર: જીવન અને ધર્મના ભાગલા પડી શકે નહીં. માનવ જીવન સાથે સંકળાયેલી કોઇ પણ વાત સાથે આત્મધર્મનો સંવાદ જ હોય, વિસંવાદ હોય નહીં. હું વિશેષ જોર સમાજ, રાષ્ટ્ર અને વિશ્વના માનવસમાજ પ્રત્યેની આપણી ફરજો ઉપર એટલા માટે આપું છું કે કેટલાંક વર્ષોથી ધર્મોપદેશકોએ વ્યક્તિના અંગત જીવન ઉપર વધુ પડતો એકાંગી ઝોક આપ્યો છે. આ કારણે વૈયક્તિક અને સામાજિક બન્ને જીવન વચ્ચે મોટી ખાઇ પડી ગઇ છે. પરિણામે વૈયક્તિક જીવનમાં પણ દંભ અને નાની મોટી ક્ષતિઓ પેસી ગઇ છે. તે દૂર થવા માટે માનવ-ધર્મ પ્રથમ સમજાવવાની જરૂરિયાત ઊભી થઇ છે. માનવધર્મ ઉપર જ આત્મધર્મની ઇમારત ખડી રહી શકે તે દેખીતું છે. એ ખરું કે આત્માની વાતોથી જે કાન ટેવાયા હોય, તેમને થોડી વાર માનવધર્મ, જીવનધર્મ, વિશ્વજીવન સાથે સંકળાયેલું આપણું જીવન એ વાતો નવી લાગે, પણ ધીરે ધીરે આવાં ભાઇબહેનો પણ વાસ્તવિકતા સમજવા લાગે છે, ત્યારે તેઓને પારાવાર સંતોષ થતો અનુભવી શકાય છે.

પ્રશ્ન ૩: સ્થાનકવાસી સમાજનો ઘણો મોટો ભાગ આપને જૈન સાધુ તરીકે કેમ સ્વીકારતો નથી અથવા તો આપ જૈન સાધુ નથી એમ જાહેર કરવાનો શા માટે આગ્રહ રાખે છે?

ઉત્તર: સ્થાનકવાસી સમાજનો કેટલો ભાગ મને જૈન સ્થા૦ સાધુ તરીકે સ્વીકારે છે ને કેટલો ભાગ નથી સ્વીકારતો એની ચર્ચામાં હું નહીં પડું. હું મારી જાતને સ્થાનકવાસી જૈન સાધુ માનીને ચાલું છું; કારણ કે મને સહેજે એ સંપ્રદાયની દીક્ષા મળી છે. જૈનધર્મને હું વિશ્વધર્મ માનું છું. જૈનદીક્ષામાં વિશ્વનાં નાનામોટાં પ્રાણીઓ પ્રત્યેનું માબાપ જેવું વાત્સલ્ય પીરસવાની વાત મારું મોટામાં મોટું આકર્ષણ હતું અને છે. સંન્યાસીઓને માથે સમાજધર્મ અને આત્મધર્મ જાળવવાની જવાબદારી અનાયાસે આવે છે, તેમાં ય જૈન સાધુવર્ગની જવાબદારી સૌથી મહાન માનીને નમ્રપણે હું ચાલી રહ્યો છું. ભાલનલકાંઠાનો પ્રયોગ અને ઘાટકોપરનું સ્થાનકવાસી જૈન સમાજના આગ્રહે થયેલું ચાતુર્માસ એનું જીવંત પ્રમાણ છે. તમો સહેજે સમજી શકો છો કે સમાજની ધર્મક્રાન્તિની પ્રક્રિયા હંમેશાં ધીમી હોય છે. સમાજની ચાલુ નેતાગીરી જેમના હાથોમાં હોય છે, તેઓ એ પ્રક્રિયાને ધીમી રાખવામાં કે રોકી રાખવામાં રસ લેતા હોય છે; પણ હું મારો જાતઅનુભવ, તમોએ પ્રશ્નમાં રજૂ કર્યો તેના કરતાં, જુદો જોઇ રહ્યો છું. એથી જ મને લાગે છે કે ધર્મક્રાન્તિની પ્રક્રિયા આજે તીવ્ર ગતિએ ચાલી રહી છે. આ આશ્ચર્યકારક ઘટના છે. એનું કારણ ગાંધીયુગની અસર હોવાનો પૂરો સંભવ છે. મારે નામે બીજો સંપ્રદાય ચાલે તેવી મારી ઇચ્છા નથી. વટાળવૃત્તિ સામે મારો પ્રથમથી વિરોધ છે. આથી મેં જે ચિહ્ન અને જે સંપ્રદાય મળ્યાં છે, તેમને ત્યાગ્યાં નથી, ત્યાગવા ઇચ્છા નથી. મને માત્ર આશા જ નહીં, શ્રદ્ધા છે કે જૈન સાધુવર્ગ આ વિચારધારાને પોતપોતાની કક્ષા અનુસાર અવશ્ય ઝીલશે. આથી તમો સહેજે સમજી શકશો કે જે ભાઇબહેનો આજે જૈનસાધુવર્ગ વિષે વિશાળ દૃષ્ટિકોણથી વિચારી ન શકવાને કારણે, કે તેવું બીજા સાધુઓમાં ન જોવાને કારણે, માન્યતાભેદ સેવી બીજું જાહેર કરવા કરાવવા ઇચ્છે છે, તેઓનો આગ્રહ પણ આપોઆપ વિલીન થઇ જશે એવી પ્રતીતિ સાથે હું આ પંથ ખેડી રહ્યો છું.

પ્રશ્ન ૪: અમારા સંઘનું નામ 'મુંબઇ જૈન યુવક સંઘ'માંથી 'પ્રબુદ્ધ માનવ સંઘ' એ મુજબ પરિવર્તન કરવાની સૂચના શ્રી પરમાનંદભાઇ તરફથી કરવામાં આવી છે જે આપ કદાચ જાણતા હશો અને તેને લગતી તેમની નોંધ તા. ૧૫–૧૧–૫૮ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થઇ છે જે આપે કદાચ જોઇ હશે. આ સંબંધમાં આપનો શું અભિપ્રાય છે?

ઉત્તર: 'પ્રબુદ્ધ માનવ સંઘ' નામ ખૂબ આકર્ષક છે. મુંબઇ જૈન યુવક સંઘ જાતે ભલે પોતાને રચનાત્મક કાર્યક્રમનો હજુ અમલ નથી કરી શક્યો તેમ માને. તેને માટે આ નમ્રતા ભૂષણરૂપ છે, પણ તેણે જે વિચારો વહેતા મૂક્યા છે, પ્રબુદ્ધ જીવનદ્વારા જે વિચારો શ્રી પરમાનંદભાઇ જેવા પરમસ્નેહી (સંઘ વતી) આપી રહ્યા છે, તેથી હું સારી પેઠે પરિચિત રહું છું. આથી મને સંઘ તરફ આત્મીયતા જાગે છે. આ દૃષ્ટિએ 'પ્રબુદ્ધ માનવ સંઘ' જ નહીં પણ 'પ્રબુદ્ધ પ્રાણી સંઘ' નામ અપાય તે પણ ઇચ્છનીય છે, પરંતુ જ્યારે 'જૈન યુવક સંઘ' નામ છે જ, તો જૈન એ વાડો નથી, પણ 'વિશ્વજીવનધર્મ' છે તે બતાવી આપવાની મળેલી સંધિ પણ ન ગુમાવી શકાય. હું 'જૈન' ને 'વિશ્વમાનવ' માનીને આ વાત કહી રહ્યો છું. નામાંતર કરવા કરતાં કાર્યાંતર કરી જૈન નામને વિશાળરૂપ આપવાનો મારો મત છે. બાકી તો સંઘના આત્માસમા પરમાનંદભાઇ અને તેમનાં આપ બધાં સાથી ભાઇબહેનો જે વિચારશો, તે વધુ અનુરૂપ હશે. 'પ્રબુદ્ધ જૈન' ને બદલે 'પ્રબુદ્ધ જીવન' પાક્ષિકનું નામ પડ્યું, ત્યારે પણ મેં આ જાતના મારા વિચારો દર્શાવેલા, તેવો મારો ખ્યાલ છે.

પ્રશ્ન ૫: સાધુસંસ્થાની આપ જરૂરિયાત માનો છો? જરૂરિયાત હોય તો આજના વખતમાં કેવા સાધુ હોવા જરૂરી છે એ સંબંધમાં આપના વિચારો જણાવવા વિનંતિ છે.

ઉત્તર: હું સાધુસંસ્થાની જરૂરિયાતમાં માનું છું. આજના યુગે તો એની સવિશેષ જરૂરિયાત છે. કારણ કે આજની દુનિયા અહિંસાને સવિશેષ ઝંખી રહી છે. આવું વ્યાપક અહિંસક માર્ગદર્શન સાધુસંસ્થાના સભ્યો આસાનીથી આપી શકે. ભ. મહાવીર અને ભ. બુદ્ધ એનાં ઐતિહાસિક અને જ્વલંત ઉદાહરણો છે. આ સ્થળે મારે એકરાર કરવો ઘટે કે આજની સાધુસંસ્થા આટલી કાર્યક્ષમ નથી રહી શકી. અલબત્ત તાજા કાળમાં પણ મહર્ષિ દયાનંદ, સ્વામી રામતીર્થ અને સ્વામી વિવેકાનંદ જેવા અપવાદો નીકળ્યા છે કે જેને લીધે ગાંધીજીને આ યુગે સારી એવી સફળતા મળી શકી.

આજના વખતમાં ગાંધીયુગને અનુરૂપ સાધુ હોવા જરૂરી છે. મહાવીરયુગ અને ગાંધીયુગ વચ્ચે એક મોટો ફેર છે. મહાવીરયુગે વિજ્ઞાન આ સ્વરૂપનું નહોતું, જેવું આજે છે. બીજી બાજુ માનવજાતનું ભલે રાજકીય ક્ષેત્રે, આજે જેટલું સંગઠન છે, તેટલું ભૂતકાળે નહોતું. પરિણામે રાજ-

કાયમ ક્ષેત્રે લોકશાહી સ્થાપવી, તેને વ્યવસ્થિત બનાવવી તથા અહિંસક હથિયારને સર્વ પ્રજાવ્યાપી બનાવી વિશ્વશાંતિને માર્ગે દરેક રાષ્ટ્રને દોરવું. આવી અહિંસાની મહાન જવાબદારી ભારત ઉઠાવશે તે માટે દુનિયા મીટ માંડી રહી છે. આવી જવાબદારી ભારત તો જ ઉઠાવી શકે, જો તેમાં નિઃસ્પૃહી સાધુપુરુષો મશાલચી બનીને દોરતા હોય. આવા સાધુપુરુષોએ પ્રાણમમતા, પ્રતિષ્ઠાનો લોભ અને હરેક પ્રકારનો પરિગ્રહ છોડવા તત્પર થવું પડશે. જૂનાં મૂલ્યોને સ્થાને નવાં મૂલ્યો સ્થાપવાનું કામ, જૂની નેતાગીરીને સ્થાને નવી નેતાગીરી ઉભી કરવાનું કામ, તથા ધર્મ–વિજ્ઞાન, ધર્મ–રાજકારણ, ધર્મ–વ્યવહાર–એ બધાની સંધિનું કામ તેવા સાધુપુરુષો સારી પેઠે કરી શકે તેમ હું માનું છું.

પ્રશ્ન ૬ : ભાલનળકાંઠામાં આપની પ્રેરણાથી થયેલા રચનાત્મક કાર્યની રૂપરેખા સમજાવવા વિનંતિ છે.

ઉત્તર : અત્યારે મારી પાસે બહુ ઓછી મિનિટો છે. તેથી ભાલનલકાંઠા પ્રયોગ વિષે વધુ નહીં કહું. એ વિષે આજના રાત્રી-પ્રવચનમાં હું વધુ કહેવાનો છું. અહીં વિગતોને બદલે તત્ત્વદર્શનની રીતે કહું તો આજના જગતમાં રાજ્યની બોલબાલા છે. આ દેશમાં રાજ્ય કરતાં સમાજશક્તિ ઉપર વધુ ઝોક હતો. ઋષિમુનિઓ અને બ્રાહ્મણો હૃદયપરિવર્તનની શક્તિ ઉપર સારી પેઠે ખેડાણ કરતા જ આવ્યા છે. ક્રમભાગ્યે સમાજ ઉપર રાજ્યે ભરડો લીધો છે. તે ભરડો દિને દિને વધતો જાય છે. સદ્‌ભાગ્યે ભારતનાં એટલા ભાગ્ય છે કે ભારતીય રાજ્યની ધૂરા એવી સરથાના તથા એવી વ્યક્તિઓના હાથોમાં છે કે તેઓ હૃદયપરિવર્તનની શક્તિ ઉપરની શ્રદ્ધા ગાંધીજીને પ્રતાપે ભૂલી શક્યા નથી. પણ સમાજની શક્તિ જો પોતાનું તેજ વિશ્વવ્યાપી અને વિશ્વપ્રભાવક ઉભું નહીં કરે તો રાજ્યની ધુરા એવે સ્થળે અને એવા હાથોમાં જઈને પડશે કે પછી હૃદય-પરિવર્તનની આધ્યાત્મિક શક્તિની શ્રદ્ધાનો છેદ ઉડે તો નવાઈ નહીં. આથી ભાલનલકાંઠાનો પ્રયોગ સમાજની નૈતિક શક્તિ ઉપર સવિશેષ ઝોક આપી, ભારતીય લોકશાહીને વિકેંદ્રિત, શુદ્ધ, સંગીન અને વિશ્વલક્ષી બનાવવા મથી રહ્યો છે. જો કે આજે તેનું ક્ષેત્ર ગુજરાત પૂરતું સીમિત છે. સવિશેષપણે સર્વાંગી ઘાટ તો તેણે ભાલનલકાંઠાના ચાર તાલુકાઓમાં પકડયો છે, એમ છતાં તે દેશવ્યાપી બને તેવા સંયોગો ઝડપથી ઉભા થતા જાય છે. આ પ્રયોગ કોંગ્રેસની રાજ્યક્ષેત્રની શક્તિને જાળવી રાખવામાં માને છે. તેથી જ તે તેની સાથે પ્રેરક તરીકે રચનાત્મક કાર્યકરોની આધ્યાત્મિકતાલક્ષી નૈતિક શક્તિને જોડે છે. તેમ જ મુખ્યપણે ગામડાની નૈતિક સમાજશક્તિને પૂરક તરીકે જોડે છે. આ તત્ત્વદર્શનને સામે રાખી તેણે જ્યારે જ્યારે આર્થિક, સામાજિક, રાજકીય કે ધાર્મિક ક્ષેત્રોના પ્રશ્નો આવ્યા, ત્યારે ત્યારે બરાબર લીધા છે, લઈને પાર પાડયા છે. ગામડાંઓના સમસ્વાવલંબન માટે તે ફરજિયાત બચત અને નૈતિક પ્રતિનિધિત્વવાળી સહકારી પ્રવૃત્તિ ખેડે છે. શુદ્ધ અને નવ્ય ન્યાય માટે લવાદી ક્ષેત્ર ખેડે છે. શુદ્ધિ પ્રયોગોમાંનાં ત્યાગ-તપ દ્વારા તે પોતાના અને સર્વ ક્ષેત્રોના દોષો સામે મૌખિક માત્ર નહીં, પણ આચારાત્મક અહિંસક પ્રતિકારો અસરકારક કરી તે પતાવે છે. આ વિષે આપ સૌ અહીં બેઠાં વિશાળ માહિતી મેળવી યથાશક્ય સહયોગ આપશો જ, એની મને ખાતરી છે. તમે સૌએ જે આત્મીયતા દાખવી છે, તેથી હું ખૂબ સંતોષ પામ્યો છું. આટલું પ્રશ્નો વિષે કહી ટૂંકમાં ફરી એક વાર મુંબઈ જૈન યુવક સંઘ સાથે આજે થયેલી આત્મીય વાતોથી મારો અંતઃસંતોષ પ્રગટ કરી લઉ છું. જૈન સંઘમાં ચાર અંગનો સમાવેશ છે. તેમાં સાધુ સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા-ચારેયની સમાનતા છે. કેટલીકવાર ગૃહસ્થો પણ સાધુઓ કરતાં આગળ નીકળી જાય છે. અલબત્ત સમુચ્ચયે જોતાં સાધુઓ ગૃહસ્થો કરતાં આગળ હોઈ શકે છે. કારણ કે સાધુવર્ગને સ્વપરસાધનાની અનુકૂળતા સવિશેષ હોય છે. પણ આ પરથી સાધુ ગૌરવગ્રંથી લઈને ફરે, તો તે અટકી જ પડે. મારા પૂરતું તો હું જાણી શકું છું કે હું એક સાધુ છું, તેથી તમો ભાઈઓથી હું ઊંચો છું કે જુદો છું એમ મને લાગતું જ નથી. હું તમારામાંનો જ એક છું અને આપણે બધાંએ સાથે ચાલીને, એકમેકને પ્રેરક તેમ જ પૂરક બળ આપીને આગળ વધવાનું છે એમ હું માનું છું. આ દૃષ્ટિએ તમારા સંઘ સાથે આત્મીયતા અનુભવતાં મને ખૂબ ખૂબ સંતોષ થાય છે."

આ મુજબ કેટલાએક પ્રશ્નોના મુનિશ્રી તરફથી ખુલાસા કરવામાં આવ્યા, પોતાના આજ સુધીના જીવનની તથા વિવિધ પ્રવૃત્તિઓની ટુંકી રૂપરેખા તેમણે રજુ કરી, અને તેના અનુસંધાનમાં પોતાના આજના જીવનની પ્રક્રિયા સંબંધે તેમ જ જુદી જુદી બાબતોને લગતાં તેમના માનસિક વલણો અંગે તેમણે મુક્ત મને ચર્ચા કરી અને આ નિખાલસ ચર્ચા સાંભળીને અને તે પાછળ વ્યક્ત થતા વાત્સલ્યભર્યા માનસનો પરિચય પામીને સૌનાં દિલ આનંદ અને સંતોષથી આર્દ્ર બન્યાં. એ જ ભાવ સંઘના મંત્રી **શ્રી ચીમનલાલ જે. શાહે** મુનિશ્રીના સંઘમાં થયેલા આગમન બદલ આભાર માનતાં પ્રગટ કર્યો અને જણાવ્યું કે "અમારામાંના કેટલાકના મનમાં મુનિશ્રીના વિચારો અને વલણો વિષે ગેરસમજુતી પ્રવર્તતી હતી અને કેટલાક ખોટા ખ્યાલો અમારું મન સેવતું હતું. આ ગેરસમજુતીઓ અને ખોટા ખ્યાલોનું મુનિશ્રીની પ્રેમ, નમ્રતા અને સરળતાભરી વાણી સાંભળીને નિવારણ થયું છે અને અમે તેમના વિષે આત્મીય ભાવ અનુભવી રહ્યા છીએ. અને તેમની અને અમારી વચ્ચે એક સ્નેહની–સદ્‌ભાવની ગાંઠ બંધાણી છે. આ માટે તેમના અમે ઋણી છીએ અને તેમને અમો ભાવપૂર્વક પ્રમાણ કરીએ છીએ."

ત્યાર બાદ અમારા સંઘના વતી સંઘના પ્રમુખશ્રીએ તેમને ખપતો આહાર વહોરાવ્યો અને સૂર્યાસ્ત સમીપ હોવાથી ત્યાં જ અમારી સાથે વાતો કરતાં વહોરાવેલ દૂધ તથા ફળનો, ઉપયોગ કર્યો તેમણે અને પછી અમારી તેમણે રજા લીધી. આ રીતે લગભગ ત્રણ કલાક અમે સન્તબાલજીના સાન્નિધ્યમાં પસાર કર્યા અને તેના પ્રેરક સ્મરણો મનમાં સંગ્રહીને અમે છૂટાં પડયાં.

વિનોબાજીની પદયાત્રા વિષે થોડુંક વધારે

ચાલુ દિનચર્યા કરતાં જુદા જ ઉપક્રમવાળી દિનચર્યામાં ભલેને થોડા દિવસ માટે પણ જોડાવાનું બને છે ત્યારે ક્ષણે ક્ષણે આપણે કોઈ અવનવા સંવેદનોમાંથી પસાર થતા હોઈએ એમ આપણને લાગે છે. દા. ત. આપણે સપાટ પ્રદેશમાં વસનારા અને વિચરનારા અને બહુ જ ઠંડા નહિ, બહુ જ ગરમ નહિ એવા હવામાનમાં રહેનારા એવા માટે પખવાડીયું કે મહિનો દિવસ હીમ-ગિરીના શીતળ, પહાડી અને અમાપ વિસ્તારવાળા પ્રદેશમાં પરિભ્રમણ કરવાનો કોઈ સુયોગ ઉભો થાય તો આપણે કોઈ જુદી જ સૃષ્ટિ ઉપર ઉતરી આવ્યા હોઈએ, અને ત્યાંના હવામાન જુદા, વનસ્પતિ જુદી, પ્રાદેશિક રચના જુદી અને લોકો પણ કાંઈક જુદા–એમ આપણને સતત લાગ્યા કરવાનું. આ પ્રમાણે મુંબઈનું એક પ્રકારનું જીવનઃ આકાશમાં સવારનું અજવાળું થાય ત્યાર પછી જ–મોટા ભાગે આંખો ઉઘડે અને બીછાનાનો ત્યાગ કરવામાં આવે, ચાપાણી અને છાપાના વાચનથી દિવસનો પ્રારંભ થાય; દિવસનો મોટો ભાગ ચાલુ વ્યવસાયમાં પસાર થાય, સાંજના ફરવા જવું, કોઈને મળવું, કોઈ વાર–સીનેમા જોવા જવું, સાંજનું છાપું પણ જોવું જ જોઈએ, રાત્રીના જમવું, થોડો સમય ગપ્પાં મારવાં,

કદિ કાંઈ વાંચવું કે લખવું અને છેવટે રાત્રીના દશ–સાડા દશ લગભગ સુઈ જવું, આવો સાધારણ રીતે મુંબઇની દિનચર્યાનો ક્રમ હોય છે. આ રીતે ટેવાયલા માણસને એકાએક એવી દિનચર્યામાં જોડાવાનું બને કે જેમાં સવારના ત્રણ વાગ્યે ઉઠવાનું હોય, સાડા ત્રણ વાગ્યે પ્રાર્થના હોય, પાંચ વાગ્યે પદયાત્રામાં જોડાવાનું હોય, દશ બાર માઈલ ચાલવાનું હોય, પદયાત્રાના મોખરે વિનોબાજીના શબ્દો સાંભળવા–ઝીલવા મન અધીરાઈ અનુભવતું હોય, ચાલતે ચાલતે રાત્રીનો ગાઢ અંધકાર હળવો થાય, પૂર્વાકાશ બાજુએ પ્રકાશ ફૂટવા માંડે, અને ધીમે ધીમે પૂર્વક્ષિતિજને ભેદીને સૂર્ય ઉપર આવે; આઠ વાગ્યા લગભગ બીજા પડાવના ગામે પહોંચાય, ત્યાં વળી નવા જ લોકોનો ભેટો થાય, નાસ્તાની ભાત ચાલુ પધ્ધતિથી નિરાળી, ચા મળવાનો સંભવ ઓછો, છાપા ભાગ્યે જ જોવા મળે, મોટા ભાગે ઠંડા પાણીએ ન્હાવાનું અને કપડાં હાથે ધોવાનાં, બપોરનું ભોજન, અઢીથી સાડા ત્રણ સુધી સામુદાયિક કાંતણનો કાર્યક્રમ, વિનોબાજીના નાનાં મોટાં પ્રવચનો ચાલું સાંભળવાનાં, નવા નવા માણસોને મળતા રહેવાનું, સાંજનું ભોજન, સમુહ પ્રાર્થના, રાત્રે નવ વાગ્યા લગભગ સુઈ જવાનું, આજે એક ગામ તો આવતી કાલે બીજું ગામ–આ રીતની થોડા દિવસની પણ દિનચર્યા તેની વિલક્ષણતાના કારણે મન ઉપર ઘણી ઊંડી અસર પેદા કરે છે અને એ તદ્દન સ્વાભાવિક છે. આવી પદયાત્રા દરમિયાન આપણે કોઇ જુદી જ દુનિયામાં વિચરી રહ્યા છીએ એવો ભ્રમ મનમાં અવારનવાર પેદા થયા કરે એવું તેનું સ્વરૂપ છે. વિનોબાજી સાથે જે થોડા દિવસ ફરવાનું બન્યું તેની આવી જ કોઈ બળવાન અસર વડે મારું મન પ્રભાવિત બન્યુ છે. તેનાં સંવેદનો અને આઘાત-પ્રત્યાઘાતો વડે હજુ પણ મન ખૂબ ઘેરાયલું રહે છે અને તેના કયા અંશનું વિવરણ કરવું અને કયા અંશને છોડી દેવો તેની તારવણી મન જલ્દીથી કરી શકતું નથી.

દાખલા તરીકે મુંબઇમાં રહેતા હોઇએ ત્યારે અથવા તો કોઈ પ્રવાસ દરમિયાન વહેલાં ઉઠવાનું કદિ નથી જ બનતું એમ તો છે જ નહિ, પણ રાત્રીના ત્રણ કે સાડા ત્રણ વાગે ઉઠવાનું અને પાંચ વાગ્યામાં ખુલ્લા પ્રદેશમાં ચાલી નીકળવાનું–આ તો ભાગ્યે જ બનતું હોય છે. વિનોબાજીની પદયાત્રામાં જોડાવાનું બન્યું એ દિવસો શુક્લપક્ષની શરૂઆતના હતા, એટલે પાછલી રાતે ચંદ્ર હોય જ નહિ અને આકાશમાં કેવળ તારા જ ચમકતા હોય. ગામડાનું આકાશ ખાસ કરીને શિયાળાના દિવસોમાં ખૂબ ચોખ્ખું હોય છે. વહેલી સવારમાં તારાથી જડેલું આ ઘનશ્યામ છતાં સ્ફટિકનિર્મળ આકાશ મારી આંખોને ખૂબ જ આકર્ષતું. એ શાન્ત નિરવ ઘડિઓ દરમિયાન જોયેલો, અનુભવેલો, આખા આકાશને ભરી દેતો તારા-ઓનો–પ્રકાશ નહિ પણ ઝળહળાટ–આજે પણ આંખમાંથી અને સ્મરણમાંથી ખસતો નથી. જાણે કે આવું આકાશ અને આમ ઝગારા મારતા તારાઓ પહેલાં કદિ જોયેલ જ ન હોય એવી નૂતનતાનો અનુભવ એ વખતે થતો હતો. વળી એ સમયે શરૂ થતી પ્રાર્થના અને શુધ્ધ સ્પષ્ટ ઉચ્ચારોપૂર્વક થતો ઇશાવાસ્ય ઉપનિષદનો પાઠ અને તે પછી સામુહિક રીતે ગવાતું 'ૐ તત્સત્ શ્રી નારાયણ તૂ, પુરૂષોત્તમ ગુરૂ તૂ'–આનો રણકાર આજે પણ કાનમાં ગુંજ્યા જ કરે છે. ઇશાવાસ્ય ઉપનિષદનું માહાત્મ્ય અને અર્થગાંભીર્ય મને એ જ દિવસોમાં ખરેખર સમજાયું.

બહુ લાંબું ચાલવાના અસામર્થ્યના કારણે વિનોબાજીની પદ-યાત્રામાં પ્રારંભથી ન જોડાતાં કદિ કદિ પાછળથી જનારા કોઇ વાહનમાં હું ગોઠવાઈ જતો અને બીજે પડાવ ત્રણ ચાર માઇલ દૂર રહે એટલે ઉતરી જતો અને વિનોબાજીના આવવાની રાહ જોતો કોઈ ગરનાળાની ઠીંગણી દીવાલ ઉપર કે માઈલોનું સીમાચિહ્ન દાખવતા પથ્થર ઉપર બેસતો. એ વખતે બધે અજવાળું થઇ ચુકયું હોય; લાલચોળ બનેલું પૂર્વાકાશ સૂર્યના આગમનની આગાહી આપતું હોય, મંદ મંદ વહેતી શીતળ પવનની લહરિઓ શરીરમાં સ્ફુર્તિ અને કદિ પ્રકંપ પણ પ્રેરતી હોય, ચરાચર જગત જાગૃતિનો સંચાર અનુભવી રહ્યું હોય, પક્ષીઓનો કલરવ શરૂ થઇ ચૂકયો હોય, ભરચક પાકના ભારથી તાજે-તરમાં હળવાં થયેલાં વિશાળ ખેતરો હસી રહ્યાં હોય, પૂર્વ ક્ષિતિજ ઉપરથી બહાર આવેલા સૂર્યના મધુર આતપ આખા પ્રદેશને સોનેરી રંગે રંગી રહ્યો હોય, આ બધું નિહાળતાં શરીર અને મન ઉભય આલ્હાદક પ્રફુલ્લતા અનુભવી રહ્યું હોય–એવામાં દૂર દૂર સડક ઉપર ચાલી આવતી શ્વેતવસ્ત્રધારી માનવીઓની મંડળી નજરે પડે, મોખરે એક ભક્તીધારી ભાઈ પાઈલટ માફક આગળ ચાલતા હોય, પાછળ વિનોબાજી અને તેમની નજીકના સાથીઓ અને તે પાછળ પદયાત્રિકોની મંડળી ચાલી રહેલ હોય, કોઈ ભાઈ અથવા બહેન સાથે વિનોબાજી ચર્ચા કરતા હોય અથવા તો તેણે પૂછેલા પ્રશ્નનો જવાબ આપતા હોય, નજીકના હોય તેઓ પોતાના કાને જે બે ચાર વાકયો સાંભળવા મળે તેથી અને પાછળના વિનોબાજીના સાન્નિધ્ય માત્રથી સંતોષ અનુભવતા હોય. ઉગતા પ્રભાતે આવું મધુર દર્શન–જાણે કે જનતાના ઉદ્ધારનો, દુઃખનિવારણનો, સ્વર્ગપ્રાપ્તિનો સંદેશો લઈ આવનાર કોઇ પયગંબર ન હોય, ઇશુ ખ્રીસ્ત, બુદ્ધ કે મહાવીરની જાણે કે નવી આવૃત્તિ ન હોય, ઇશુ ખ્રીસ્તે કહેલું કે "હું જાઉં છું, પણ તરતમાં તમારી વચ્ચે પાછો આવીશ" એ આગાહી સાચી પડી જાણી નથી, પણ ગાંધીજી તો એમ કહ્યા વિના ચાલી ગયેલા, એમ છતાં જાણે કે તેઓ ફરીથી આપણી વચ્ચે સદેહે પુનઃ પ્રત્યક્ષ થયા ન હોય–આવી કંઇ કંઈ કલ્પનાઓ તરંગશીલ મનમાં વિનોબાજીને સમીપ આવતાં નિહાળીને સ્ફુરી આવે છે. એ પ્રાણદાયી પ્રાતઃકાળ, દૂરથી દેખાઈ રહેલું પદયાત્રી મંડળ, પાતળી લાંબી દેહયષ્ટી, વિશિષ્ટ પ્રકારની વેશ-ભૂષા, આંખે ચશ્મા અને દાઢી અને હાથમાં લાંબી લાકડી વડે અન્ય સર્વથી જુદા તરી આવતા સમીપ આવી રહેલા વિનોબાજી–આ આખું દૃશ્ય મારા ચિત્ત ઉપર એવું સચોટ છપાઇ ગયું છે કે જ્યારે પણ આંખો બંધ કરીને તેનું સ્મરણ કરું છું કે તરત જ એ આખું દૃશ્ય મને જીવતું જાગતું દેખાય છે.

આવું જ મનોહર દૃશ્ય વિનોબાજીના કોઇ પણ ગામડાના પ્રવેશને લગતું હોય છે. ગામડાની ભાગોળે વિનોબાજીનું સ્વાગત કરવા ગામ-ડાના લોકો એકઠા થયા હોય, સૌરાષ્ટ્રમાં પ્રચલિત પ્રથા છે તે મુજબ વિનોબાજીને આવકાર આપતી રસ્તાની બન્ને બાજુએ ગોઠવાયલી બહેનોની હાર માથે ચકચકતાં તાંબા પીત્તળનાં બેડાં લઇને ઉભી હોય, ભાઇ, બહેનો અને બાળકોનાં મોઢાં ઉપર કુતુહળ અને જિજ્ઞાસા આરપાર તરવરતાં હોય, "આ તે કોણ ફિરસ્તો અને તેની મંડળી આવી રહેલ છે!" એવા કૌતુકથી ગ્રામજનતાની આંખો વિનોબાજીને અને ધુલિધૂસર પદયાત્રીગણને ટીકી ટીકીને જોઇ રહી હોય, વિનો-બાજી નજીક આવે ત્યારે કોઇ બહેન વિનોબાજીને કંકુનું તિલક કરે, ગામનો કોઇ મોવડી વિનોબાજીને સુતરનો હાર પહેરાવે, કેટલાય લોકો તેમના પગે પડવા મથે, અને એ રીતે વિનોબાજી, અને તેમનું યાત્રીદળ ગામમાં પ્રવેશ કરે—આ દૃશ્યની કાવ્યમયતા તો જે જુએ તે જ જાણે અને માણે.

અપૂર્ણ

પરમાનંદ

વિષય સૂચિ

		પૃષ્ઠ
સન્તબાલજીના સાન્નિધ્યમાં ત્રણ કલાક		૧૫૮
કૂર્માચલની પરિક્રમા	પરમાનંદ	૧૬૦
વિનોબાજીની પદયાત્રા વિષે થોડુંક વધારે	પરમાનંદ	૧૬૭

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : કચ્છી વીશા ઓશવાલ પ્રિન્ટીંગ પ્રેસ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૯. ટે. નં. ૩૪૬૨૯

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૧૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાન્યુઆરી ૧૬, ૧૯૫૯, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

卐 કૂર્માચળની પરિક્રમા 卐

(ગતાંકથી ચાલુ)

ચનોદા

કૌસાની આવતાં પાંચેક માઇલ પહેલાં ચનોદા આવ્યું હતું. અહિં ગાંધી આશ્રમ છે અને તેના કાર્યકર્તાઓ સાથે અજિતભાઇને સારો પરિચય હતો. તેથી તેમને મળવા તથા આશ્રમની પ્રવૃત્તિ જોવા માટે અમે એક દિવસ સાંજે ચનોદા જવા નીકળ્યા. કૌસાનીના બસ સ્ટોપ સુધી પહોંચ્યા બાદ ચનોદા જવાનો એક ટુંકો રસ્તો—બ્રાઇડલ પાથ—પ્રાકી સડકની ડાબી બાજુ તરફ છુટો પડે છે. આ રસ્તે ત્રણ માઇલ ચાલતાં ચનોદા પહોંચી જવાય છે. ચૌબટિયાથી રાણીખેત જવાના ટુંકા માર્ગ જેવો આ પણ ચાલુ ઉતરાણવાળો માર્ગ હતો. આખે રસ્તે અને ઉપર નીચે ચીડ અને એવાં જ બીજાં વૃક્ષો ઉગેલાં હતાં. તેમાંથી પસાર થતી પવન-લહરિઓનો મર્મરધ્વનિ કર્ણને અત્યન્ત મધુર લાગતો હતો. દૂર કૌસી નદી વહેતી હતી અને તેની પેલીપાર આવેલાં પર્વતોમાં નાના નાના ગોખલા જેવાં પહાડી ભેરુતોનાં નિવાસસ્થાનો નજરે પડતાં હતાં. સૂર્ય પશ્ચિમ બાજુ ઉતરતો ઉતરતો દૂરના કોઇ વિશાળ-કાય પર્વત પાછળ અગોચર બન્યો હતો. કેડી ઉપર ચાલતાં ચાલતાં અમે કૌસાનીની ટેકરીની તળેટીમાં આવ્યા અને પછી સીધી પાકી સડક ઉપર કૌસી નદીના કિનારે કિનારે એકાદ માઇલ ચાલતાં કૌસી ઉપરનો નાનો સરખો પુલ ઓળંગીને ચનોદા ગાંધીઆશ્ર-મમાં પહોંચ્યા. આમણે ત્યાં જેને ખાદી ભંડાર કહેવામાં આવે છે તેવીજ રીતે સુતરાઉ તથા ગરમ કાપડ વેચવાનો વ્યવસાય કરતી દુકાનોને આ જાતનું 'ગાંધીઆશ્રમ' નામ આપવામાં આવે છે. આવો ગાંધીઆશ્રમ નૈનીતાલમાં તેમજ રાણીખેતમાં પણ હતો. ચનોદાના ગાંધીઆશ્રમમાં વિશેષતઃ કાંતામણથી માંડીને વણાટ સુધીની બધી પ્રક્રિયા પૂર્વક કારીગરોને રોકીને ગરમ ઊની કાપડનું ઉત્પાદન કરવામાં આવે છે, તેમજ વિવિધ ભંડારોની માંગ મુજબ ચેક કરીને રવાના કરવામાં આવે છે. સાથે સાથે મધનું પણ અહિં ઠીક પ્રમાણમાં ઉત્પાદન કરવામાં આવે છે. કૌસાની ૬૦૦૦ ફીટ ઊંચું હતું; ચનોદા સમુદ્રસપાટીથી લગભગ ૪૦૦૦ ફીટ ઊંચું છે. આને લીધે અહિંની હવા કૌસાની જેટલી ઠંડી હોતી નથી. ચનોદા આશ્રમના મેનેજર શ્રી મહાત્મારાયજીને અને ઉત્તર પ્રદેશના ગાંધીઆશ્રમોના હિસાબતપાસનીશ—ઓડીટર—ગોરધનભાઇને અમે અહિં મળ્યા. અમે નૈનીતાલ તથા રાણીખેત હતા ત્યારે ત્યાં પણ ગોરધનભાઇ અનુક્રમે ઓડીટીંગ માટે આવેલા અને અમને મળેલા. આ બન્ને ભાઇઓ ખાદીના જુના કાર્યકર્તા છે. આશ્રમમાં ચાલતા ઔદ્યોગિક વ્યવસાયની તેમની પાસેથી કેટલીક માહીતી મેળવી, ચા પીધી, ત્યાં પેદા થતા મધનો પણ આસ્વાદ કીધો અને આશ્રમની બાજુએથી જ પસાર થતી બસમાં બેસીને અંધારું થાય તે પહેલાં અમે કૌસાની પહોંચી ગયા.

કૌસાનીમાં ગાજવીજ અને વરસાદ

બીજે દિવસે સાંજે સાડા ચાર વાગ્યા લગભગ, સરલાદેવીના આશ્રમની સાયંપ્રાર્થનામાં ભાગ લેવાના આશયથી, અમે ગંગા-કુટિરથી નીકળ્યા. બસ સ્ટોપ સુધી પહોંચ્યા બાદ મેના અને તેની બેબી આસપાસનું દૃશ્ય ચીતરવાના આશયથી ચનોદા જવાના કેડી-માર્ગ તરફ ગયાં. બાકીનાં અમે બધાં લક્ષ્મીઆશ્રમ તરફ જવા ઉપડ્યા. પણ જરા ઉંચે ગયા અને પાછળ નજર કરતાં માલુમ પડ્યું કે આકાશમાં એક બાજુએ વાદળો ઘેરાઇ રહ્યાં છે. આ સ્થિતિમાં ગંગાકુટિર વહેલાં પાછા ફરવું વધારે યોગ્ય લાગ્યું. તેથી અમે આશ્રમ સુધી ન જતાં એમ જ પાછાં વળ્યાં. બેબીને બોલાવી લીધી. અજિતભાઇ, મેના ચિત્ર પૂરું કરી લે ત્યાં સુધી રાહ જોતાં, તેની પાસે બેઠા. અમે ગંગાકુટિર પહોંચ્યા એટલામાં એક બાજુ સૂર્ય આથમવા લાગ્યો અને અંધારું થવા માંડ્યું. બીજી બાજુએ આકાશમાં ગાજવીજ શરૂ થઇ ગઇ અને વરસાદનાં ટીપાં ટપકવા લાગ્યાં. વીજળીનો ઝબકારો થતાં આખા પ્રદેશ ઉપર આંખોને આંજી નાંખે એવો પ્રકાશ ફરી વળવા લાગ્યો. તેની પાછળ તરત જ શરૂ થતા મેઘના કાન ભેદી નાંખે એવા કડાકા અને ભડાકા સંભળાવા લાગ્યા. પવન પણ સુસવાટાભેર વાવા લાગ્યો. આમ ગાજવીજ અને મેઘવર્ષાએ આખા ગિરિવિસ્તાર ઉપર જોતજોતામાં પૂરી જમાવટ કરી દીધી. શરૂઆતમાં બાજરી જેવા થોડા કરાઓ પણ પડેલા. પણ પછી તો અતૂટ ધારાએ વરસાદ જ વરસવા લાગ્યો. આમ પહાડી વર્ષાનો, તેના ડંકાનિશાન અને લશ્કરી દમામ સાથે, આ પ્રવાસમાં અમને પહેલો જ અનુભવ થયો. કુદરતે પોતાનું સૌમ્ય સ્વરૂપ છોડીને રૂદ્ર સ્વરૂપ ધારણ કર્યું. શહેરની પોતાની ધમાલમાં અને મ્યુનીસીપલ બત્તીઓના ઝળહળાટ આડે આવી ગાજવીજની—અહિં જે અનુભવાય છે તેવી—ભવ્યતા તેમજ ભીષણતા આપણે અનુભવતા નથી. પર્વતોમાં તો વાદળના ગડગડાટના પડઘા પડે છે અને આંખું બ્રહ્માંડ ગાજી ઉઠતું લાગે છે; વીજળીની સેર આકાશના એક ખુણે ફુટે કે પળ તે બીજા ખુણા સુધી ફેલાતી ઝાળમાં જાણે કે બધું કાંઇ ક્ષણવારમાં ભસ્મી-ભૂત નહિ થાયને એવી ભ્રાન્તિ પેદા કરે છે. કદિ કદિ વાદળોની પાછળના ભાગમાં વીજળી ઝબકે છે ત્યારે વાદળની આપણી બાજુની ચકળકતી કોર એરોપ્લેનમાં બેઠા બેઠા નીચે દેખાતી નદીઓની રૂપેરી પટ્ટી જેવી અથવા તો દેશના નકશામાં આપેલી નદીઓની રેખા જેવી સોહામણી લાગે છે. આમ અમારી ચોતરફ જ્યારે કુદરતનું તાંડવ ચાલી રહ્યું હતું ત્યારે અમારું મન અમારાથી સવા દોઢ માઇલ દૂર રહેલા મેના તથા અજિતભાઇ વિષે ચિન્તા કરવા લાગ્યું હતું. અત્યારે તેઓ ક્યાં હશે અને રસ્તા ઉપર હશે તો જરૂર સારી રીતે પલળી ગયા હશે એમ મનમાં વિચારો આવતા

હતા. વરસાદ થોડો ધીમો પડ્યો એટલે અમારે ત્યાં કામ કરતા નોકરને બે છત્રીઓ તથા ટોર્ચ લઈને તેઓ રસ્તા ઉપર મળે તો લઈ આવવા મોકલ્યો. તે પણ કેટલીક વારે એમને એમ પાછો આવ્યો. વરસાદ તો પછી રહી ગયો હતો. ગાજવીજ બંધ થઈ હતી. અમારી નજર સડક ઉપર દોડ્યા કરતી હતી. એવામાં અંધારામાં સળવળતી બે આકૃતિઓ દેખાઈ. તે મેના અને અજિતભાઈ જ છે એમ પ્રતીતી થતાં મનની ચિન્તા હળવી બની. વરસાદ શરૂ થયો ત્યારે બસ સ્ટોપ પાસેના કોઈ એક મકાનનો તેમણે આશ્રય લીધો હતો. વરસાદ ઓછો થયો એટલે પલળતા પલળતા તેઓ ત્યાંથી નીકળ્યા અને કેટલીક વારે અમારી સમીપ આવી પહોંચ્યા. થોડું પલળવા સિવાય તેમને બીજી કોઈ ઉપાધી નડી નહોતી એ જાણીને અમને નિરાંત થઈ.

કૌસાનીમાં મારી દિનચર્યા

કૌસાની આવ્યાને આજે પાંચ દિવસ થયા હતા. અહિં આવ્યા બાદ છુટું છવાયું આમ તેમ ફરવાનું ચાલતું હતું, એમ છતાં સમયનો સારો એવો ભાગ તો ગંગાકુટિરમાં જ અમે પસાર કરતા હતા. રસોઈ કરવાનું મારી પત્ની તથા બહેન મેના સંભાળતી હતી, પણ તેને લગતા બીજા કામકાજમાં અમે થોડી થોડી મદદ કરતા હતા. બાકી દિવસનો કેટલોક વખત તો પરશાળમાં ખુરશી ઉપર બેઠાં બેઠાં બારીમાંથી દેખાતા વિશાળ પ્રદેશને નિહાળ્યા કરવામાં તેમજ મિત્રો, સ્નેહીઓને યાદ કરીને પત્રો લખવામાં જ પસાર થતો હતો. એ પ્રદેશના ખુણેખુણે અને દૂર દૂર સુધી નજર ફેરવ્યા કરતાં આંખો થાકતી જ નહોતી. આવી તક મહા સદ્‌ભાગ્યે સાંપડી છે અને પછી પાછી ફરીથી મળે ત્યારે ખરી—એવા ભાવથી અહિં પસાર થતી ઘડિઓને ઘૂંટી ઘૂંટીને માણી રહ્યો હતો. મોટા ભાગે અગોચર એવા હિમશિખરોની સામે નજર તાકી તાકીને જોયા કરતા એવા મારા મનની દશા, જેનાં દ્વાર બંધ છે અને કયારે ખુલશે તેની ખબર નથી એવા મંદિરના ઉંબરામાં બેઠેલા કોઈ ભક્તજનને મળતી હતી. હિમશિખરો વિષે આટલું બધું મને કૌતુક શા માટે છે એમ મનમાં પ્રશ્ન થતો હતો. આખરે તો તે પણ સામે દેખાતા બીજા પર્વતો જેવા પર્વતો જ છે ને? આ પણ જડ પાર્થિવ છે અને તે પણ જડ પાર્થિવ છે. આમ છતાં તે વિષે આવું આકર્ષણ શાને? તે પર્વતોની સમીપમાં રહેનારને મન તો આનું કોઈ મહત્વ હોતું નથી. જે પ્રદેશોમાં બરફ અવારનવાર પડે છે અને જેના ટેકરા ટેકરીઓ ઉપર અવારનવાર બરફ છવાઈ જાય છે ત્યાં વસતા લોકોને મન પણ આ બાબતનું કશું જ કૌતુક હોતું નથી. તો પછી મારું મન આ હિમશિખરો જોવાને શા માટે આટલું બધું તલપાપડ થયા કરે છે? આ એક પ્રકારની મનથી કેળવેલી અને કલ્પનાથી પોષેલી ઘેલછા તો નથી ને? એમ પણ હોય. આમ છતાં પણ—આ કુતહલનો—આ વિસ્મયનો—આટલો ખુલાસો થઈ શકે તેમ છે. જેમ કે પૃથ્વીના પેટાળમાં રહેનારા—જ્યાં જુઓ ત્યાં બધે જ પર્વત પર્વત એવા પ્રદેશમાં વસનારા લોકોને સમુદ્રદર્શનનું અજબ કૌતુક હોય છે અને પહેલી વાર જ્યારે તેઓ દરિયો જુએ છે ત્યારે ગાંડા ગાંડા થઈ જાય છે, તેવું જ કાંઈક સમુદ્ર જ્યાં સુલભ છે અને ભૂમિતલ જ્યાં મોટા ભાગે સપાટ છે તેવા પ્રદેશમાં રહેતા આપણા જેવાને ગગન સાથે વાતો કરતા, શુભ્રતાની પરા કોટિનું દર્શન કરાવતા આ હિમપ્રદેશોનું ભારે કૌતુક હોય એ તદ્દન સ્વાભાવિક છે. અને આ કેવળ આંખોને તૃપ્ત કરવાનો જ વિષય નથી હોતો. એથી કાંઈક વિશેષ આધ્યાત્મિક ઝંખના પણ આ દ્વારા તૃપ્તિ શોધતી હોય એમ લાગે છે. આપણું ચિત્ત ઈશ્વરનું—પરમ તત્વનું—વિશ્વવ્યાપી ચૈતન્યનું—દર્શન કરવા હંમેશા ઝંખતું હોય છે. આવી ઝંખના સેવતો કોઈ હિમાલયવાસી અગાધ મહાસાગર જુએ છે ત્યારે જાણે કે ઈશ્વરનાં તે દર્શન કરતો હોય એવો અહોભાવ તેના મોઢા ઉપર તરી આવે છે અને "ઓ અલ્લા, ઓ ખુદા, ઓ ઈશ્વર! આ તે તારી શી કરામત છે? આ તે તારી શી લીલા છે?" એવા ઉદ્‌ગારો તેના મોઢામાંથી સહજભાવે નીકળી આવતા સંભળાય છે. (કેટલાંક વર્ષો પહેલાં કલકત્તાથી રંગુન સ્ટીમરમાં જવાનું બનેલું તે દરમિયાન થયેલા મારા પોતાના અનુભવની જ આ વાત છે.) આવું જ કાંઈક સંવેદન—આવી જ કોઈ લાગણી—કાંઈક અગાધ, અનુપમ, અગમ્ય, વિરાટ, ન કહી શકાય, ન વર્ણવી શકાય એવું કાંઈક જોયાની લાગણી, આપણા માટે સામાન્યતઃ દુર્ગમ અને વિરલ જેનું દર્શન છે એવાં આ હિમશિખરો જોતાં આપણું ચિત્ત અનુભવે છે. આમ સામે આવેલાં હિમશિખરો ન દેખાય ત્યારે તેને ઝંખવામાં અને દેખાય ત્યારે તેને માણવામાં અહિં મારા કલાકોના કલાકો પસાર થતા. સાથે રાખેલાં પુસ્તકોમાંથી કાંઈ પણ વાંચવાનું મન જ થતું નહોતું. લેખો લખવા તરફ પણ મન એટલી જ ઉપેક્ષા—પરાઙમુખતા—અનુભવતું હતું. પુસ્તકો તો પછી વાંચવાના છે જ ને? અને લેખો પણ પછી કયાં લખવાના નથી? અહિં તો મારી સામે જે જીવતો જાગતો વિરાટ ગ્રંથ પડ્યો છે તેનું હું શા માટે પુનરાવર્તન કર્યા ન કરું? અને તેના ગર્ભમાં રહેલા પરમ સત્યનું, પરમ સૌન્દર્યનું, પરમ ગહનતાનું શા માટે બને તેટલું અનુપાન કરી ન લઉં?—આવી વૃત્તિ મારા ચિત્ત ઉપર આરૂઢ થઈને બેઠી હતી. આમ છતાં પણ આ પ્રકારના અવનવા માનસિક અનુભવોમાંથી હું જ્યારે પસાર થઈ રહ્યો હતો ત્યારે, જેમને હું મારા સ્વજનો સમા ગણું છું તેમને મારા આ અનુભવના—આ આનંદ અતિરેકના—ભાગીદાર બનાવું એવી ઇચ્છા મનમાં સ્ફુર્યા કરતી હતી, અને તેમને પત્રો લખવાને પ્રેર્યા કરતી હતી. અહિં કૌસાની આવ્યો ત્યારે શરૂઆતનાં બે ત્રણ દિવસ તો મારા પુરાણા સ્નેહી સ્વામી આનંદનું જ મને તીવ્ર સ્મરણ થયા કર્યું હતું. અહિં સ્વામી બેસતા હશે, અહિં તે ખાતા પીતા હશે, અહિં તે ફરતા હશે, અહિં મિત્રો સાથે તે ચર્ચા કરતા હશે, અહિં ઉભા ઉભા સ્વામી નવા આગન્તુકોને સામે દેખાતાં શિખરોનો 'આ ત્રિશુલ છે,' 'આ નંદાદેવી છે' એમ વ્યકિતગત પરિચય કરાવતા હશે—એમ મનમાં કલ્પનાઓ ચાલતી હતી અને ગંગાકુટિરના ખુણે ખુણે અને અંદર બહાર મને સ્વામી જ દેખાયા કરતા હતા. આ મન ઉપરનું તીવ્ર સંવેદના રજુ કરતો સૌથી પહેલો પત્ર મેં સ્વામી આનંદને લખ્યો. બીજો પત્ર પંડિત સુખલાલજીને લખ્યો અને તેમાં જણાવ્યું કે "આ બાજુએ આવ્યા બાદ અગાધ વિશાળતાનું અને અમાપ ભવ્યતાનું વિવિધ આકાર અને વિવિધ રૂપમાં હું ચાલુ દર્શન કરી રહ્યો છું અને મન તે વડે નીતાંત ભરેલું રહે છે. પણ સાથે સાથે એમ લાગે છે કે આ અનુભવને યથાસ્વરૂપે વ્યકત કરવાની—હિમાલયને શબ્દોમાં મૂર્તિમન્ત કરવાની—મારી પાસે પરિભાષા નથી. આજ સુધીમાં નાના પ્રદેશો અને પર્વતોનાં છુટાં છવાયાં અનેક વર્ણનો લખ્યા છે. પણ એ બધે મનમાં રચાયલી images—શબ્દપ્રતિમાઓ—કલ્પનાપ્રતીકો, રૂપકો શબ્દોની નાની સરખી પૂંજી અને વાકયરચનાનું મર્યાદિત વૈવિધ્ય—આ બધું હિમાલયની વિશાળતા અને ભવ્યતાને રજુ કરવા માટે અપૂરતું—બહુ નાનું—વામણું લાગે છે. આ પ્રદેશોનું વર્ણન કરવા ઝંખતા અને 'એ મારાથી બની શકે કે કેમ?' એવા અવિશ્વાસની—diffidenceની લાગણી અનુભવતા મારા ચિત્તની દશા રઘુવંશને કાવ્યગાથામાં ઉતારવાને પ્રવૃત્ત થયેલા કવિ કાલીદાસ જેવી લાગે છે. ફરક એટલો કે એ મહાકવિ હતા અને એમના ઉપર સરસ્વતીદેવીની કૃપા હતી. આપણે તો કવિ યે નથી અને એવી કોઈ દિવ્ય કૃપાના અધિકારી પણ નથી." એ પત્રના જવાબમાં પંડિતજીએ લખેલું કે "તમારી પાસે એ પરિભાષા હોય કે ન હોય—તમારા ત્યાંના અનુભવો અને મર્મસ્પર્શી સંવેદનો તમારા ખભે ચઢીને તમને બોલાવશે અને લખાવશે." બીજા એક નિકટવર્તી મિત્રને લખ્યું કે "વિશાળતા

vastness–એટલે શું એ સમજવું હોય–પ્રત્યક્ષ કરવું હોય તો તમે અહિં આવો અને ફરો. જેને આ જગતમાં જાણે કે કોઇ છેડો જ નથી એવી વિશાળતા બે જ સ્થળોએ અનુભવી શકાય છેઃ એક તો હિમાલયની ગોદમાં અને બીજું જેના ચોતરફની ક્ષિતિજ ઉપર પાણી, પાણી અને પાણી સિવાય બીજું કશું જ દેખાતું નથી એવા ડુંગરા જેવા મોજાંઓ વડે ઉંચા નીચા થતા અનંતકાય મહાસાગરના ખોળામાં. ત્યાં તેમ જ અહિં માણસને સહજપણે પોતાની જાત એક ક્ષુદ્ર જંતુ જેવી નાની અલ્પ લાગે છે અને માનવી મનને ઘુમાવતા અભિમાન અને અહંકાર સ્વાભાવિક રીતે ગળી જાય છે, અને દિશા અને કાળથી અનવચ્છિન્ન એવા વિરાટ વિશ્વની તેને કાંઇક ઝાંખી થાય છે.'' આમ લખાતા પત્રોની હારમાળા ચાલતી રહી અને ''તને/તમને મેં અહિં યાદ કર્યા છે'' એમ મારા પ્રેમપાત્ર દરેક સ્વજનને પત્રદ્વારા જણાવતાં મેં ઊંડો સંતોષ અનુભવ્યો.

કૌસાનીમાં પસાર કરેલી સુભગ રાત્રીઓ

અહિં દિવસ કરતાં રાત્રી વધારે ગંભીર અને ગહન લાગતી. અહિં અમે શુક્લ પક્ષની સાતમ આઠમે આવ્યા હતા. તેથી દિન પ્રતિદિન ચંદ્રની કળા વધતી જતી હોવાના કારણે દરેક રાત્રી વધારે ને વધારે રોમાંચક બનતી જતી હતી. અમે ઘણું ખરૂં સાંજના જ જમી પરવારીને પરશાળમાં એકઠા થતાં અને એક યા બીજી વાતોમાં દોઢ બે કલાક પસાર થઇ જતા. સાડાનવ દશ વાગ્યા લગભગ સૌની આંખો ઉપર નિદ્રાનું આક્રમણ શરૂ થતું એટલે સૌ છુટા પડતા અને પોતપોતાના ઓરડામાં ઉંઘવાની શરૂઆત કરતાં. દિવસના ભાગમાં ખાસ ટાઢ જેવું નહોતું લાગતું, પણ રાત્રે રૂતુ એકદમ ઠંડી થઇ જતી અને ગરમ કપડાં તેમજ રજાઇ, ગરમ બ્લેંકેટ વગેરેનો ઉપયોગ કરવો પડતો. આમ બે ત્રણ કલાક ઉંઘ આવી ન આવી એટલામાં–બારેક વાગ્યા લગભગ–હું જાગી જતો અને મન બહાર દોડતું, પછી ઉંઘ આવે જ નહિં એટલે ગરમ શાલ કે એવું કાંઇક ઓઢીને હું બહાર આવતો અને બારી પાસે ખુરશી ઉપર બેસતો અને ચોતરફ વરસતી ચાંદનીને લીધે સુધાધવલ દેખાતી ધરતીને એકી ટશે નીહાળ્યા કરતો. આમ બેઠાં બેઠાં ઘણીય વાર કલાક, બે કલાક અને તેથી પણ વધારે સમય પસાર થઇ જતો.

અમારા બંગલાને દરવાજા જેવું કશું કશું હતું જ નહિ. અહિં કોઇ રાની પશુનો ભય રાખવાનું કારણ નથી એમ અમને જણાવવામાં આવેલું. એમ છતાં આ નિર્જન એકાન્ત જંગલ જેવા પ્રદેશમાં અણધાર્યા મહેમાન માફક આ રાત્રીના સમયે કોઇ રાની પશુ કદિ ચડી આવે તો હું જ્યાં બેઠો હતો ત્યાં કોઇની પણ રોકટોક સિવાય તે ખુશખુશાલ આવી શકે તેમ હતું, અને એમ બને તો આપણે પણ તેને આવકારવું જ રહ્યું. આવી શકયતા હોવા છતાં મારૂં મન તદ્દન નિર્ભય અને સ્વસ્થ હતું. પણ અંદર સૂતેલી મારી પત્નીના મનમાં આ બાબતનો ફડકો રહેતો અને તેથી જ્યાં સુધી હું ઓરડામાં પાછો આવીને સૂઇ ન જાઉં ત્યાં સુધી તે અડધી જાગતી અડધી ઉંઘતી પડી રહેતી.

આમ મધરાતના સમયે જ્યારે હું બહાર આવીને બેસતો ત્યારે ચોતરફ અગાધ શાન્તિ પથરાયલી માલુમ પડતી. માત્ર મંદ મંદ વહી રહેલી પવન લહરીઓ આ શાન્તિનો અવારનવાર આછો એવો ભંગ કરતી. દૂર દૂર દેખાતા કોઇ કોઇ દીવાઓ ત્યાં માનવીનો વસવાટ હોવાની પ્રતીતિ કરાવતા, બાકી બધું સુમસામ લાગતું. ઉત્તંગ શિખરો ધરાવતા પર્વતો પણ અત્યારે સોડ પાથરીને સૂતા હોય, નિદ્રાધીન બન્યા હોય એવો ભાસ થતો. ઉપર આકાશ નિરભ્ર હતું અને તેમાં છુટા છવાયા તારાઓ ચળકતા હતા. પશ્ચિમ આકાશ તરફ ચંદ્રમા ઢળતો જતો હતો અને પૃથ્વીતળ ઉપરથી ચાંદની ઓસરતી જતી હતી. સર્વત્ર સર્વ કાંઇ સ્થિર, ગંભીર, સ્તબ્ધસમું લાગતું હતું. મારા માટે આ કોઇ જુદો જ અનુભવ હતો. ખુરશી ઉપર બેઠાં બેઠાં મનમાં તરંગ આવતો તો ઉભો થઇને બહાર બગીચા જેવી ખુલ્લી જગ્યા હતી ત્યાં જતો અને કેટલોક સમય આમથી તેમ બહાર લટાર મારતો. ઘડિમાં પશ્ચિમ દિશામાં આથમી રહેલા સુધાકરને જોતો તો ઘડિમાં પૂર્વ–ઉત્તર–દક્ષિણ બાજુએ પથરાયલા વિસ્તીર્ણ પ્રદેશ ઉપર દૃષ્ટિ ફેરવતો. આમ ફરતાં ફરતાં થાક લાગતો એટલે પાછો અંદર પરશાળમાં આવીને બારી પાસે બેસતો. આમ એકલો બેઠો હોઉં ત્યારે મનમાં અનેક વિચારમાળાઓ એકની પાછળ બીજી એમ ઉદ્‌ભવ્યા કરતી. કદિ આજ સુધીના જીવનનો આખો ભૂતકાળ સ્મૃતિપટ ઉપર ઉપસી આવતો અને સીનેમાના ચિત્રપટ માફક આંખો સામેથી પસાર થતો. ઘડિભર વર્તમાન જીવન અને તેની આધિ, વ્યાધિ, ઉપાધિઓ આંખ સામે ખડી થતી અને ભાવીના વિચારમાં મન ડુબી જતું. કદિ દેશની વર્તમાન પરિસ્થિતિના જુદા જુદા પાસાઓ તરફ નજર દોડતી અને દેશના ભાવી વિષે ચિત્ત ઊંડી વ્યગ્રતા અનુભવતું. કદિ કદિ તાત્વિક વિચારણા તરફ મન ઢળતું અને જીવ, જગત્ અને ઇશ્વરના ત્રિમુખી કોયડાને ઉકેલવા મથતું. આધ્યાત્મિક અનુભૂતિ–spiritual realisation–વિષે અને તેવી અનુભૂતિ ધરાવનાર વિશિષ્ટ વ્યક્તિઓ વિષે આજ સુધીમાં કંઈ કંઇ સાંભળેલું યાદ આવતું, અને આવી અનુભૂતિ જો અન્યને થાય તો મને કેમ ન થાય એવો પ્રશ્ન અન્તરમનને પીડતો અને એની ખોજ પાછળ મન દોડતું. આ માટે મન શાન્ત બનવું જોઇએ, સ્વસ્થ બનવું જોઇએ, સ્પન્દનહીન બનવું જોઇએ–આમ અંદરથી જવાબ મળતો અને તે મુજબ મનની સ્થિતિ પ્રાપ્ત કરવા હું પ્રયત્ન કરતો. પણ એ પ્રક્રિયા પ્રયત્નની કક્ષાથી વધારે આગળ વધતી નહોતી. ઉપર જણાવ્યું તે પ્રકારનું મન હજુ મારા માટે કલ્પનાનો વિષય જ છે, અનુભવનો વિષય બન્યો નથી એમ મને લાગતું. ઉપર સૂચવી તેવી આધ્યાત્મિક અનુભૂતિ પણ–તેનું જે રીતનું વર્ણન કરવામાં આવે છે તે પ્રકારની–હજુ મારા માટે પ્રત્યક્ષ અનુભવનો વિષય બનેલ નથી. બનવા જોગ છે કે એવી અનુભૂતિ માગી બચ્ચી નહિ મળતી હોય. એ પણ કોઇ કાળે, એના અનુભવીઓ કહે છે તેમ ઇશ્વરકૃપાની કોઇ સુભગ ઘડિએ, સહજપણે અંદરથી સ્ફુરતી હશે. આ રીતે ચાલતા ચિન્તનનું આધ્યાત્મિક અનુભૂતિ જેવું કોઇ નક્કર પરિણામ તો નહોતું આવ્યું, પણ બીજી રીતે મન ઊંડી સમતા, તટસ્થતા, શાન્તિ, પ્રસન્નતા અનુભવતું હતું. વળી આ એકલતામાં સહજ અન્તર્મુખ બની જવાતું, પોતાની જાતનું નિરીક્ષણ શરૂ થતું, અને આત્મીય ગુણદોષના પૃથક્કરણની પ્રક્રિયા સહજપણે ચાલુ થતી. ઘણીવાર કશા જ વિચારો કર્યા વિના મૌનપૂર્વક બેસી રહેવામાં અને સામેના વિસ્તીર્ણ ગિરિપ્રદેશો નિહાળ્યા કરવામાં કોઈ જુદો જ આનંદ અનુભવાતો. આવી ઘટ્ટ શાન્તિથી ભરેલા મધરાત પછીના સમયે બધું જ કાંઇ અતિ ગૂઢ–ગહન–mysterious–લાગતું અને તે સંવેદનના પરિણામે ચિત્ત અવર્ણનીય મુગ્ધતા અને સ્તબ્ધતાની સંમીશ્ર લાગણી અનુભવતું. આમ બૌદ્ધિક તર્કવિતર્કના ચકડોળમાં, ભૂતકાળને વીંધતા અનેક સ્મરણોના આરોહ અવરોહમાં, કદિ ચિન્તા અને વ્યગ્રતા, કદિ આનંદની ઉત્કટતા અને સમભાવની સ્વસ્થતા–આવા વિવિધ પ્રકારના માનસિક વિહારમાં, આધ્યાત્મિક મન્થનમાં–મધ્યરાત્રીના બે ત્રણ કલાક પસાર થઇ જતા, અને પછી આંખો ઘેરાતી એટલે કોઇ ઊંડી સ્વસ્થતાના સુખદ અનુભવપૂર્વક અંદર બીછાના ઉપર શયનવશ બનતો અને અર્ધ નિદ્રામાં અને અર્ધ સ્વપ્નમાં અવશેષ રાત્રી વ્યતીત થતી.

અપૂર્ણ

પરમાનંદ

પ્રકીર્ણ નોંધ

સ્વ. વિદ્યાબહેન નીલકંઠ

ગુજરાતનાં પ્રથમ સ્ત્રીસ્નાતિકા તરીકે તેમ જ અગ્રગણ્ય સામાજિક કાર્યકર તરીકે જે બે બહેનોને સમસ્ત ગુજરાત વર્ષોથી ઓળખતું આવ્યું છે તે સુભગ ભગિનીયુગલ–વિદ્યાબહેન અને શારદાબહેન–માંના મોટાં બહેન વિદ્યાબહેન રમણભાઇ નીલકંઠનો ગયા ડીસેંબર માસની સાતમી તારીખે દેહવિલય થયો. મૃત્યુ સમયે તેમની ઉમ્મર ૮૨ વર્ષની હતી. તેમનો શ્રી ગોપાલાલ મણિલાલ ધ્રુવ અને ગુજરાતના અગ્રણી નાગરિક સરદાર ભોળાનાથ સારાભાઇનાં પુત્રી બાળાબહેનને ત્યાં ઇ.સ ૧૮૭૧ની પહેલી જુને અમદાવાદમાં જન્મ થયેલો. સ્ત્રી શિક્ષણના અભાવના એ જમાનામાં ગુજરાતી અને અંગ્રેજી શિક્ષણમાં પહેલ કરીને, ૧૮૯૧માં તેઓ મેટ્રીક થયા હતાં અને તે પહેલાં બે વર્ષે એટલે કે ૧૮૮૯ માં જાણીતા સમાજસુધારક મહીપતરામ રૂપરામ નીલકંઠના સૌથી નાના પુત્ર રમણભાઇ સાથે તેમનું લગ્ન થયું હતું. મેટ્રીકની પરીક્ષા પસાર કર્યા બાદ માતૃત્વની ઉપાધિ આવતી રહેતી હોવા છતાં તેમણે કોલેજમાં જવાનું ચાલુ રાખ્યું હતું અને અનેક અવરોધોની સામે થઇને તેમણે બી. એ. ની પરીક્ષા પસાર કરી હતી. બી. એ.માં તેમનો ઐચ્છિક વિષય તત્ત્વજ્ઞાન અને તર્કશાસ્ત્રનો હતો. તેમાં તેઓ આખી યુનિવર્સિટીમાં પહેલા નંબરે અને બી.એ.માં બીજા નંબર ઉત્તીર્ણ થયાં હતાં અને ગુજરાત કોલેજમાં 'ફેલો' નિમાયાં હતાં. સદ્‌ભાગ્યે પિતૃપક્ષે તથા શ્વશુર પક્ષે–ઉભયત્ર–સાહિત્ય અને સમાજ સુધારાના સઘન વાતાવરણમાં તેઓ ઉછર્યા અને મોટાં થયાં હતાં અને તેથી બન્ને કુટુંબ પૂરતી આત્મવિકાસ સાધવામાં તેમને ઘણી અનુકૂળતા હતી. તેમનાં નાનાં બહેન શારદા બહેને પણ બી.એ.ની પરીક્ષા સ્વ. વિદ્યાબહેન સાથે જ પસાર કરી હતી અને તેમનું લગ્ન ડો. સુમન્ત બટુકરામ મહેતા સાથે થયું હતું.

રમણભાઇ અમદાવાદના એક આગેવાન કાયદાશાસ્ત્રી હતા; ડો. સુમન્ત ગાયકવાડ સરકારની નોકરી કરતા હતા. સામાજિક ક્ષેત્રે બન્ને ઉચ્ચકોટિના શીલસંપન્ન નીડર સુધારક હતાં. વિદ્યાબહેને તથા શારદાબહેને પણ પોતપોતાના પતિ સાથે લગભગ લગ્નજીવનના પ્રારંભથી જ જાહેર જીવનમાં પ્રવેશ કર્યો હતો અને તે બન્ને બહેનો તેજસ્વી પતિની કેવળ પ્રતિચ્છાયા નહોતાં, પણ પ્રત્યેકમાં સ્વતંત્ર તેજસ્વીતા અને પ્રતિભા હતી. રમણભાઇ પોતાના દિવસોમાં અમદાવાદ શહેરના અગ્રતમ નાગરિક હતા અને સાહિત્યના ક્ષેત્રે પણ તેમનું સ્થાન અતિ ઉચ્ચ કક્ષાનું હતું. રમણભાઇનું વર્ષો પહેલાં અવસાન થયું, એમ છતાં વિદ્યાબહેનની સામાજિક અને સાહિત્યક પ્રવૃત્તિઓ ઉત્તરોત્તર વધતી રહી હતી, અને તેમના ભાગે વિવિધ પ્રકારની સામાજિક જવાબદારીઓ વર્ષો સુધી સંભાળવાનું આવ્યું હતું. તેઓ ત્રણ ત્રણ દાયકા સુધી ગુજરાત વિદ્યા સભા (પહેલાં જે ગુજરાત વર્નાકયુલર સોસાયટીના નામે ઓળખાતી હતી) ના મંત્રી હતાં, અને ગુજરાત સાહિત્ય સભાના પ્રારંભથી તે જીવનની આખર સુધી પ્રમુખ હતાં. ૧૯૩૨માં અખિલ હિંદ મહિલા પરિષદના લખનૌ ખાતે ભરાયલા અધિવેશનના તેઓ પ્રમુખ હતા. આજથી લગભગ ૧૪ વર્ષ પહેલાં વડોદરા ખાતે ભરાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખસ્થાન તેમણે શોભાવ્યું હતું. અંગ્રેજ સરકારે એમને પ્રથમ એમ. બી. ઈ. (મેંબર ઓફ ધી બ્રીટીશ એમ્પાયર) અને પાછળથી કૈસરે હિન્દના ચંદ્રકો અર્પણ કરીને તેમની ઉજ્વળ સમાજસેવાની કદર કરી હતી. એજ પ્રમાણે ગયે વર્ષે મુંબઇની એસ. એન. ડી. ટી. મહિલા વિદ્યાપીઠે પણ તેમને 'ડોકટર ઓફ લીટેરચર'ની ઉપાધિથી વિભૂષિત કરીને તેમની વિદ્વત્તા અને સાહિત્યસેવાની કદર કરી હતી. દોઢ વર્ષ પહેલાં પંડિત સુખલાલજીનું મુંબઇ ખાતે ડો. રાધાકૃષ્ણનના પ્રમુખપણા નીચે જાહેર સન્માન કરવામાં આવ્યું હતું તે સન્માન સમિતિની અમદાવાદ શાખાના તેઓ પ્રમુખ હતાં.

તેમના પતિ હયાત હતા એ દરમિયાન તેમની સાહિત્ય પ્રવૃત્તિમાં વિદ્યાબહેને પુષ્કળ સાથ આપ્યો હતો. રમેશચંદ્ર દત્તરચિત નવલકથા 'સુધાહાસિની'નો તેમણે અનુવાદ પ્રગટ કર્યો હતો. શારદાબહેન સાથે મળીને તેમણે મહારાણી ચીમનાબાઇ ગાયકવાડ લિખિત પુસ્તક 'હિંદના સામાજિક જીવનમાં સ્ત્રીનું સ્થાન'નો અનુવાદ કર્યો હતો. આ ઉપરાંત 'નારીકુંજ,' 'ગૃહદીપિકા,' 'જ્ઞાન સુધા' તથા આત્મકથાત્મક 'ફેરમ'–આ પ્રકારની એમની પોતાની સ્વતંત્ર કૃતિઓ દ્વારા ગુજરાતી સાહિત્યની સમૃદ્ધિમાં તેમણે વધારો કર્યો હતો.

માંદગીનાં છેલ્લાં બે વર્ષ બાદ કરતાં તેમણે જ્યારથી જાહેર જીવનમાં પ્રવેશ કર્યો ત્યારથી છેવટ સુધી તેમનું આખું જીવન અનેક સેવાપ્રવૃત્તિઓ વડે ગાઢપણે વ્યાકુળ રહ્યું હતું અને પોતાના કાર્યમાં તેઓ સદા જાગૃત, શ્રમપરાયણ, સ્વસ્થ અને પ્રસન્ન હતાં. ગુજરાતની સભ્યતા અને સંસ્કૃતિના તેઓ એક વિરલ પ્રતિનિધિ હતાં, તેઓ રાજકારણ સાથે સીધી રીતે કદિ સંકળાયલાં નહોતાં, એમ છતાં પણ, અમદાવાદ શહેરમાં કોંગ્રેસનું એસામાન્ય પ્રભુત્વ હતું ત્યારે, તેમ જ આજે એ પ્રભુત્વમાં ઓટ આવી દેખાય છે ત્યારે પણ, અમદાવાદના નાગરિક જીવનમાં તેમનું સ્થાન અજોડ હતું. શીલ અને પ્રજ્ઞાનો તેમનામાં સુભગ સમન્વય હતો. પુત્રપુત્રીઓ અને તેમનાં સંતાનોનો બહોળો પરિવાર પાછળ મૂકીને, વખત પાકયે જેમ સૌ કોઈ વિદાય થાય છે તેમ તેમણે આપણી વચ્ચેથી સદાને માટે વિદાય લીધી છે. તેમના પુનિત આત્માને આપણાં અનેકશઃ વન્દન હો!

રાષ્ટ્રની આર્થિક આયોજન નીતિ

નાગપુર ખાતે ભરાયલા રાષ્ટ્રીય મહાસભાના ૬૪ મા અધિવેશનમાં (તા. ૯, ૧૦, ૧૧, જાન્યુઆરી) પસાર થયેલા ઠરાવોમાં સૌથી મહત્વના બે ઠરાવો છે:

આજે અમલમાં આવી રહેલી બીજી પંચવર્ષીય યોજના અને બે વર્ષ બાદ ૧૯૬૧ થી શરૂ થનારી ત્રીજી પંચવર્ષીય યોજનાને લક્ષમાં રાખીને હવે પછીનું રાષ્ટ્રીય આયોજન કયા પ્રકારનું થવું જોઇએ તે સંબંધમાં નિબંધના આકારનો એક લાંબો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. તે આખો ઠરાવ જગ્યાના અભાવે અહિં આપી શકાય તેમ નથી, પણ તેમાં જે સાત મુદ્દાઓ લક્ષમાં રાખીને ભાવી આર્થિક આયોજન કરવું એમ સૂચવવામાં આવ્યું છે તે સાત મુદ્દાઓ નીચે મુજબ છે.

(૧) જાહેર સાહસો તથા રાજ્યદ્વારા થતા વ્યાપારનું સંચાલન એવી રીતે થવું ઘટે કે જે વડે જાહેર હેતુઓ માટે વધારે સાધનોની પ્રાપ્તિ થઈ શકે.

(૨) આયાતો ઉપર કડક નિયંત્રણો હોવા જોઇએ અને બીનજરૂરી માલની આયાત ન કરવી જોઇએ. જ્યાં જ્યાં શકય હોય ત્યાં ત્યાં આયાતજકાત વધારવી જોઇએ અને વિદેશી હુંડિયામણ ઉપર બીનજરૂરી દબાણ વધે એવી જવાબદારીઓ વધારે પ્રમાણમાં ભેગી ન થાય એ રીતે નિકાસોનું સંયોજન કરવું જોઇએ.

(૩) જીંદગીના વીમાને લગતી સંસ્થાઓ તથા બચત યોજનાને ઉતેજનારી અને બચતો એકઠી કરનારી સંસ્થાઓનો શકય તેટલો વિકાસ કરવો.

(૪) ઉત્પાદનની વ્યવસ્થા એવી હોવી ઘટે કે જેથી પ્રજાની આવશ્યક અને મહત્વની જરૂરિયાતો પૂરી પડી રહે.

(૫) રોજી અને પગારનો આધાર વિશેષત કામના પ્રમાણ અને ઉત્પાદન ઉપર હોવો ઘટે, અને ભારતમાં પ્રવર્તતી પરિસ્થિતિ સાથે તેનો મેળ હોવો ઘટે. ખાનગી સાહસક્ષેત્રે થતા નફાના પ્રમાણ ઉપર મર્યાદા હોવી ઘટે.

(૬) પંચવર્ષીય યોજના માટે અનિવાર્યપણે જરૂરી ન લેખાય તેવા જાહેર ખાનગી ઉદ્દેશો માટે જંગી યા ખરચાળ મકાનોના બાંધકામને ઉત્તેજન આપવું નહિ. આ રીતે હાથમાં ધરાયલા અથવા તો હવે પછી હાથમાં ધરાનાર મકાનોના શોભા-શણગાર પાછળ બીનજરૂરી દ્રવ્યનો વ્યય કરવો નહિ અને આવાં સરકારી મકાનોની વિગતો સાદાઈના ધોરણ ઉપર નક્કી કરવી.

(૭) આજના ભાવો જે સપાટી ઉપર ઉભા છે તેથી જરા પણ વિશેષ ઊંચા ન જાય તે માટે અલબત્ત જરૂરી પગલાં લેવાં એ જેટલું જરૂરી છે તેટલું જ ખેતીવાડીની આવકમાં ઉત્પાદનના વધારા સાથે ઘટાડો ન થાય એ વિષે ધ્યાન રાખવું એ પણ જરૂરી છે. ઉત્પાદન વધવા સાથે આવક પણ વધે તે હેતુપૂર્વક ઉત્પાદન વૃદ્ધિને ખેતીવાડી ક્ષેત્રે સતત ઉત્તેજના મળતી રહેવી જોઇએ.

ખેતીવાડી વ્યવસ્થા પદ્ધતિ અંગે કોંગ્રેસે ધારણ કરેલી નવી નીતિ

આવી જ રીતે ખેતીવાડી વ્યવસ્થા પદ્ધતિ અંગે કોંગ્રેસે ધારણા કરેલી નવી નીતિ આ પ્રશ્ન અંગેના બીજા મહત્વના ઠરાવમાં જાહેર કરવામાં આવી છે. આ સંબંધમાં અહેવાલ તૈયાર કરી રજુ કરવા માટે કોંગ્રેસની કારોબારીએ એક પેટા સમિતિ નીમી હતી તેના અહેવાલને હાર્દિક આવકાર અને અનુમતિ આપતાં કોંગ્રેસ એવો અભિપ્રાય વ્યકત કર્યો છે કે :–

(૧) ગામનું સંચાલન ગ્રામપંચાયત અને ગામ સહકારી મંડળીઓ ઉપર આધારિત હોવું જોઇએ અને આ બન્ને પાસે પોતાને સોંપવામાં આવેલાં કામો પૂરાં કરવા માટે પૂરતી સત્તા અને પૂરતાં સાધનો હોવાં જોઇએ. ગામ સહકારી મંડળીઓ પોતાનું યુનીયન રચી શકે છે અને ગામના બધાં કાયમી રહેનારાઓ– પછી તેમની જમીન હોય કે ન હોય–તેમને સૌને આવી સહકારી મંડળીઓમાં જોડાવાનો હક્ક હોવો જોઇએ. આવી સહકારી મંડળીઓએ ખેતીવાડીની પ્રગતિ થાય તેવી પદ્ધતિઓ અને સુધરેલી રીતો દાખલ કરીને અને ગૃહઉદ્યોગોને ઉત્તેજન આપીને અને પશુપાલન અને મત્સ્યોદ્યોગને વેગ આપીને સભ્યોનું કલ્યાણ સાધવાના પ્રયાસ કરવા જોઇએ. આમ ધીરધાર અને બીજી સેવાઓ પૂરી પાડવાના કાર્ય ઉપરાંત ખેડુતોનો માલ ભેગો કરવાની, તેને વેચવાની અને તેના માટે ગોડાઉનોની સગવડો આ મંડળીઓ પૂરી પાડી શકે. ગામની બધી પ્રવૃત્તિઓમાં પંચાયત અને સહકારી મંડળીઓ અગ્રભાગ ભજવતી સંસ્થાઓ રહેવી જોઇએ, અને તેમણે ખાસ કરીને એકર દીઠ ખેતીની આવક વધે એ લક્ષપૂર્વક સઘન ખેતીને ઉત્તેજન આપવું જોઇએ.

(૨) ભવિષ્યની ખેતીવાડી પદ્ધતિ સંયુકત સહકારી ધોરણે હોવી જોઇએ, જેમાં સંયુકત ખેતી માટે જમીનો એક ભંડોળમાં એકઠી કરવામાં આવશે અને એમ છતાં ખેડૂતોનો પોતાનો માલીકી હક્ક કાયમ રહેશે અને જેમાંથી તેની જમીનના પ્રમાણમાં તેને ચોખ્ખી આવકમાંથી ભાગ મળશે. આ ઉપરાંત જેઓ જમીનના ખેડાણમાં કામ કરશે તેમને–તેમની પોતાની તેમાં જમીન હોય કે ન હોય તો પણ તેમના કામના પ્રમાણમાં ભાગ મળશે.

આ પદ્ધતિના પહેલા પગલા તરીકે સંયુકત ખેતી–પદ્ધતિની શરૂઆત કરવામાં આવે તે પહેલાં આખા દેશમાં સર્વીસ કો–ઓપરેટીવ્ઝ (સેવા અર્થે ઉભી કરવામાં આવેલી સહકારી મંડળીઓ) ની રચના થયી જોઇએ. આ કાર્ય ત્રણ વર્ષની મુદતની અંદર પૂરું થવું જોઇએ. આ સમય દરમિયાન પણ સંયુકત ખેતીવાડી પદ્ધતિનો જ્યાં શકય હોય ત્યાં અને જ્યાં જ્યાં ખેડૂતો સામાન્ય રીતે કબુલ થાય ત્યાં પ્રારંભ કરી દેવો જોઇએ.

(૩) જમીન સુધારણા અંગેની અચોકકસતા દૂર કરવા અને ખેડૂતોને સ્થિર બનાવવા અત્યારની અને ભવિષ્યની જમીન માલીકીનું મથાળું–સીલીંગ–નક્કી કરવું જોઇએ અને આ બાબતમાં તેમજ વચગાળાના લોકોની દરમિયાનગીરી દૂર કરવાના હેતુથી ૧૯૫૯ ના અન્ત સુધીમાં જરૂરી કાયદાઓ ઘડવાનું કામ પૂરૂં થઇ જવું જોઇએ. આનો અર્થ આવકનું કોઇ મથાળું બાંધવું એવો કરવાનો નથી, કારણ કે સઘન ખેતી દ્વારા અને વધારાના ધંધા ઉદ્યોગને લીધે ગામડાના લોકોની આવકમાં જરૂર વધારો થશે એવી આશા રાખવામાં આવે છે. આ રીતે વધારાની જમીનની માલીકી પંચાયતને સોંપવી જોઇએ અને તેનો વહીવટ જમીનવિહોણા ખેતમજુરોની બનેલી સહકારી મંડળીઓ દ્વારા કરવો જોઇએ.

(૪) ખેડૂતોને યોગ્ય વળતરની ખાત્રી રહે એ હેતુથી દરેક પાકની વાવણી થાય તે પહેલાંથી તે અંગે તળીયાના વ્યાજબી ભાવો નક્કી થવા જોઇએ અને જ્યારે જરૂર પડે ત્યારે આ પાકની સીધી ખરીદી માટે ગોઠવણ થવી જોઇએ.

(૫) ધાન્યનો જથ્થાબંધ વેપાર રાજ્ય હસ્તક કરવાના નિર્ણયને આવકારવામાં આવે છે અને તેનો સંપૂર્ણ રીતે અમલ કરવાની ભલામણ કરવામાં આવે છે.

(૬) બીનખેડાયલી અને નકામી તમામ જમીનને ખેતીવાડી નીચે લાવવા માટે શકય તેટલા પ્રયાસો હાથ ધરાવા જોઇએ. આવી જમીનનો ઉપયોગ કરવા માટે યોગ્ય પગલાં વિચારી કાઢવા કેન્દ્રસ્થ સરકારે એક સમિતિ નીમવી જોઇએ.

કોંગ્રેસ એવી આશા રાખે છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારો વેળાસર ઉપર જણાવેલાં પગલાંઓ હાથ ધરશે અને કોંગ્રેસ સંસ્થા બીજાઓના સહકારપૂર્વક આ દિશાએ લોકોના ઉત્સાહને કેન્દ્રિત કરવા અને દેશના લાખો ખેડુતોના દિલમાં સ્વાશ્રયની ભાવના જાગૃત કરવા અને સ્વત: સક્રિય બનવા દરેક રીતે મદદરૂપ બનશે.

રાષ્ટ્ર સામે પડેલું ભગીરથ કાર્ય

રાષ્ટ્ર સામે કેટલું મોટું ભગીરથ કાર્ય પડયું છે તેનો આબેહુબ ખ્યાલ આપવા માટે કોંગ્રેસ અધિવેશનના પ્રમુખ સ્થાનેથી પ્રવચન કરતાં શ્રી. ઢેબરભાઇએ કેટલાએક મહત્વના આંકડાવાળું એક ચિત્ર રજુ કર્યું હતું જે નીચે મુજબ છે:–

(૧) ત્રીજી પંચવર્ષીય યોજનાનો આરંભ થશે ત્યારે આપણી વસ્તી ૪૨ કરોડની (૩૪ કરોડ ગ્રામ્ય વિસ્તારોમાં અને ૮ કરોડ શહેરી વિસ્તારોમાં) હશે.

(૨) આ વસ્તીમાં ગ્રામ્યવિસ્તારોમાં ૨ ટકા અને શહેરી વિસ્તારોમાં ૪.૬ ટકાનો વધારો હશે. બીજા શબ્દોમાં કહીએ તો ત્રીજી યોજનાના સમય દરમિયાન ગ્રામ્યવિસ્તારની વસ્તીમાં સાડા ત્રણ કરોડનો અને શહેરી વિસ્તારમાં દોઢ કરોડનો વધારો હશે.

(૩) બીજી પંચવર્ષીય યોજનાને અંતે ૫૦ લાખથી વધુ માણસો બેકાર હશે. આમાં ત્રીજી યોજનાના સમય દરમિયાન વધારો થશે એટલે આપણા દેશે પોણા બે કરોડ લોકો માટે કામની જોગવાઇ કરવી પડશે.

(૪) આપણા દેશમાં કામ કરી શકે તેવા લોકોમાંથી ૭૦ ટકા લોકો ખેતી અને એની સાથે સંબંધ ધરાવતા વ્યવસાયમાં કામ કરે છે. આ ૭૦ ટકામાંથી ૧૫.૨ ટકા ભૂમિહીન મજૂરો છે અને ૧૫.૨ ટકા નજીવી જમીનની માલીકી ધરાવતા ખેતમજૂરો છે. આ લોકોની માથા દીઠ વાર્ષિક આવક રૂ. ૧૦૬ છે, જ્યારે ઔદ્યોગિક મજૂરોની માથા દીઠ વાર્ષિક આવક રૂ. ૨૬૫ છે અને

દેશની સરેરાશ માથા દીઠ આવક રૂ. ૨૮૧ છે. આ મજૂરો અર્ધમાનવની સ્થિતિમાં સબડે છે. આ લોકો પાસે ખેતી-લાયક જમીન કુલ જમીનના એક ટકાથી વધારે નથી, જો કે કુલ માલીકીની જમીનના ૧૬.૮ ટકા જમીનની માલીકી આ લોકો ધરાવે છે. આ લોકોની આર્થિક સ્થિતિ ભારે શોચનીય હોય છે. આ ખેતમજુરોનાં કુટુંબોથી ૨૬.૪ ટકા દર વર્ષે રૂ. ૧૦૦ અને ૩૬ ટકા રૂા. ૧૦૧ થી ૧૦૫ ખર્ચે છે.

(૫) આપણે લોકોને કામ પૂરૂં પાડવાની જોગવાઈ કરવાની સાથે અનાજ, શિક્ષણ, આરોગ્ય, પીવાના પાણીની વ્યવસ્થા, વસવાટ વગેરે પાયાની અને પ્રાથમિક જરૂરિયાતો પ્રત્યે ધ્યાન આપવું પડશે. હાલ પાંચ કરોડ બાળકોમાંથી અઢી કરોડ બાળકો નિશાળે જાય છે અને આવતા સાત વરસમાં અઢી કરોડનો વધારો થશે. ૫૦ હજાર ગામડાઓમાં પીવાના પાણીની વ્યવસ્થા કરવાની છે. શહેરી વિસ્તારોમાં વધારાના ૩૦ લાખ કુટુંબો માટે અને ગ્રામ્ય વિસ્તારોમાં ૬૦ લાખ માટે વસવાટની વ્યવસ્થા કરવી પડશે. આ બધા આંકડા ઉપરથી એ જોઈ શકાશે કે દેશ સમક્ષ ભગીરથ કાર્ય પડયું છે.

કોંગ્રેસ એ સમજે છે કે માનવી પાસે શ્રેષ્ઠ કાર્ય કરાવવું હોય તો તેને પ્રેરણા મળે, અંદરથી પ્રોત્સાહન મળે એવું કાંઈક થવું જોઇએ. કોંગ્રેસ એ પણ સમજે છે કે વધારે પડતું દબાણ લાવવાથી કાંઈ પણ નવું કરવાનો ઉત્સાહ મરી જાય છે. અમુક સમયથી રૂઢ થઈ ગયેલી જીવન પદ્ધતિને, ખાસ કરીને લોકશાહી ઢબની રચનામાં, ધ્યાનમાં લેવી જોઇએ. આપણે હજુ ઘણો લાંબો પંથ કાપવાનો છે. અને સમયનો પ્રશ્ન પણ આપણી સમક્ષ છે જ. ઉદ્યોગોની બાબતમાં માથા દીઠ રોકાણ આપણા દેશમાં સૌથી ઓછું છે. (ભારત: રૂા. ૨૭, બ્રિટન: રૂા. ૨૫૦, અમેરિકા: રૂા. ૪૦૦). ઉદ્યોગોમાં કામ કરતા લોકોની સંખ્યા ટકા-વારીની દૃષ્ટિએ આપણા દેશમાં સૌથી ઓછી છે. (ભારત: ૧૦ ટકા, બ્રિટન: ૫૦ ટકા, અમેરિકા: ૪૦ ટકા, કેનેડા: ૩૦ ટકા, દક્ષિણ આફ્રિકાનો સંઘ: ૨૦ ટકા). ૧૯૪૮ થી અત્યાર સુધીમાં આપણે ત્યાં વીજળીના માથા દીઠ ઉત્પાદનમાં ૨૦૦ થી ૩૦૦ ટકાનો વધારો થયો છે, છતાં ભારતમાં ઉત્પાદન સૌથી ઓછું છે. (ભારત : ૨૨ કિલોવોટ, જાપાન: ૫૮૯, ફ્રાન્સ: ૭૫૨, રશિયા: ૮૫૦, પશ્ચિમ જર્મની: ૯૩૩, ઓસ્ટ્રેલિયા: ૧૪૨૯; બ્રિટન : ૧૫૯૨, અમેરિકા : ૩૩૧૦, કેનેડા : ૪૬૭૩, વિશ્વ : ૫૭૨). કોલસાનું માથા દીઠ ઉત્પાદન પણ સૌથી ઓછું છે. (ભારત : ૬.૭ મિલિયન (દશ લાખ) મેટ્રીક ટન, ઓસ્ટ્રેલિયા : ૨.૨, કેનેડા : ૪.૧, જાપાન : ૯.૪, ફ્રાન્સ : ૧૨.૬, બ્રિટન : ૨૦.૧, પશ્ચિમ જર્મની : ૨૧.૩, રશિયા : ૪૫.૩, અમેરિકા : ૧૦૬.૨). સીમેન્ટનું ઉત્પાદન પણ સૌથી ઓછું છે. (ભારત : ૪.૬ મિલિયન મેટ્રીક ટન, ફ્રાન્સ : ૧૦.૮, પશ્ચિમ જર્મની : ૨૨.૫, અમેરિકા : ૪૯ ૯). ચીન અને પાકીસ્તાન બાદ કરતાં દુનિયામાં એવો કોઇ મોટો દેશ નથી કે જ્યાં વસ્તીનો આટલો મોટો ભાગ ખેતી ઉપર નભતો હોય. વળી જમીનના એકમનું સરેરાશ કદ પણ આપણા દેશમાં સૌથી ઓછું છે. કોંગ્રેસ અને કોંગ્રેસ સરકારની ટીકા કરનારાઓને આપણા દેશ સમક્ષ પડેલા પ્રશ્નના વિરાટ સ્વરૂપનો પૂરેપૂરો ખ્યાલ છે કે કેમ એ વિષે મને શંકા છે. તેઓ એ બરાબર સમજ્યા હોય તો તેઓ અત્યારે જે રીતે ટીકા કરે છે તે રીતે ટીકા કરે એ માનવા હું તૈયાર નથી. બહુ ઝડપથી જવામાં જોખમ છે એ વાત સાચી, પણ ધીમે જવામાં ય જોખમ ઓછું ગંભીર નથી. આ રીતે જો બન્ને દિશાએ જોખમ હોય તો ધીમો માર્ગ અપનાવીને પ્રશ્નોના જોરથી કેમ કાંઈ જવું એ કરતાં બહાદૂરીપૂર્વક લડી લેવાનો માર્ગ વધારે સારો છે. પરમાનંદ

મિલન સમારંભ

જૈન સમાજના એક જુના કાર્યકર્તા શ્રી. ઉમેદચંદ દોલતચંદ બરોડિયા બી. એ. જેઓ મુંબઇના વ્યવસાયી તથા જાહેર જીવનથી આજથી સત્તર વર્ષ પહેલાં નિવૃત્ત બનીને અગાસ ખાતે આવેલા શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં આત્મસાધના પાછળ સમય વ્યતીત કરી રહ્યા છે તેમનું કોઇ એક વ્યાવહારિક નિમિત્તે મુંબઈ આવવાનું બનતાં એક જુના સહકાર્યકર્તાને સહજમાં મળી શકાય તે હેતુથી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય તથા ધી ઓલ્ડ બોયઝ યુનિયન (મહાવીર જૈન વિદ્યાલય) તરફથી જાન્યુઆરી માસની ૧૧મી તારીખ રવિવાર સાંજના ચાર વાગ્યે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સભા-ગૃહમાં મુંબઇની શેર બજારના પ્રમુખ શ્રી. કે. આર. પી. શ્રોફના પ્રમુખપણા નીચે એક મિલન સમારંભ યોજવામાં આવ્યો હતો. સભાનું પ્રમુખસ્થાન શોભાવતા શ્રી કે. આર. પી. શ્રોફ અને સન્માન્ય શ્રી ઉમેદચંદ દોલતચંદ બરોડિયા વચ્ચે સમાન વ્યવસાય અંગે એક જુના સ્નેહસંબંધની સાંકળ હતી. શ્રી. કે. આર. પી. શ્રોફે એક શિક્ષક તરીકે જીવનનો પ્રારંભ કર્યો હતો અને બહુ થોડા સમય બાદ તેઓ શેરબજારના ધંધામાં જોડાયા હતા અને થોડા સમય બાદ શેરબજારના પ્રમુખસ્થાને તેમની નિમણુક થઇ હતી. શ્રી બરોડિયાના જીવનનો પ્રારંભ પણ શિક્ષક પ્રવૃત્તિથી શરૂ થયો હતો અને થોડા સમય બાદ તેઓ સવેતન આસીસ્ટન્ટ સેક્રેટરી તરીકે શેરબજારમાં જોડાયા હતા અને ૫૬ વર્ષની ઉમ્મરે આંખની તકલીફ વધતાં તેમણે સ્વેચ્છાએ નોકરી છોડી અને આત્મલક્ષી નિવૃત્તિનિવાસ સ્વીકાર્યો ત્યાં સુધી શ્રી કે. આર. પી. શ્રોફની નીચે જ તેમણે કામ કર્યું હતું. શ્રી બરોડિયાની ઉમ્મર આજે ૭૩ વર્ષની છે, જ્યારે શ્રી શ્રોફની ઉમ્મર આજે ૮૦ વર્ષની છે. વૃધ્ધાવસ્થાના કારણે જર્જરિત બની રહેલ અને જોવાની શકિત લગભગ ગુમાવેલ—એવી આ બન્ને વ્યકિતઓ આ નિમિત્તે કેટલાંય વર્ષોના ગાળે એકમેકને મળવા પામી હતી, અને આનો આનંદ અને સ્વાભાવિક ઉમળકો બન્નેના મુખાકૃતિઓ ઉપર ખૂબ તરવરતો હતો. ભૂતકાળમાં વર્ષો સુધી જૈન સમાજની સામાજિક પ્રવૃત્તિઓમાં શ્રી બરોડિયા સાથે કામ કરવાનું જેમને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું તેમણે પ્રસંગોચિત શબ્દોમાં પોતાનો આનંદ આ અવસર ઉપર વ્યકત કર્યો હતો અને શ્રી બરોડિયાને આરોગ્યપૂર્વકનું દીર્ઘ આયુષ્ય ઇચ્છયું હતું. શ્રી બરોડિયાએ પણ પૂર્વકાળનાં સ્મરણોને તાજાં કરતા એક સવિસ્તર વિચારગંભીર કથન દ્વારા જુના સાથીઓનો અને નવા કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો અને દરેક સંસ્થાના વિકાસ માટે ઊંડા દિલની શુભેચ્છા પ્રગટ કરી હતી.

શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ–ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળ તરફથી યોજાયેલ
મનોરંજન કાર્યક્રમ

શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ–ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળના ઉપક્રમે શ્રી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ કે જેની બન્ને શાખામાં જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વિના ૧૦૮ વિદ્યાર્થીઓ રહી મુંબઇમાં ઉચ્ચ કેળવણીનો અભ્યાસ કરે છે તેમના લાભાર્થે આગામી ફેબ્રુઆરી માસની પહેલી તારીખ અને રવિવારના સવારના નવ વાગ્યે ભારતીય વિદ્યાભવનમાં એક મનોરંજન કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ સમારંભનું પ્રમુખસ્થાન શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહ, જે. પી. લેવાના છે અને અતિથિવિશેષ તરીકે સરદાર વલ્લભભાઇ વિદ્યાપીઠના ઉપ–કુલપતિ. શ્રી. ભાણુભાઇ જસભાઇ પટેલ પધારવાના છે. આ કાર્યક્રમમાં શકય તેટલો સહકાર આપવા સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળના કાર્યકરો વિનંતિ કરે છે.

સંઘ આયોજિત કાર્યક્રમ

નૃત્યલક્ષી સંસ્કારસંમેલન

આગામી ફેબ્રુઆરી અથવા માર્ચ માસ દરમિયાન શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો માટે એક સંસ્કારસંમેલન યોજવામાં આવનાર છે, જે પ્રસંગે મણિપુરી નૃત્યમાં જેમણે અપૂર્વ કુશળતા પ્રાપ્ત કરી છે તે ઝવેરી ભગિનીઓ—બહેન નયના, રંજના, સુવર્ણા અને દર્શના—ભિન્ન ભિન્ન પ્રયોગોદ્વારા મણિપુરી નૃત્ય અંગેની શાસ્ત્રીય સમજુતી રજુ કરનાર છે. આ સંમેલનને લગતા સ્થળ તથા સમય હવે પછી જાહેર કરવામાં આવશે.

આગામી વસન્ત વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આગામી માર્ચ માસની ૯ મી તારીખ અને સોમવારથી ૧૫ મી તારીખ અને રવિવાર સુધી—એ મુજબ સાત દિવસની વ્યાખ્યાનમાળા યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. પહેલા ૭ દિવસ સાંજના તથા છેલ્લા રવિવારના રોજ સવારના જુદી જુદી વિદ્વાન વ્યક્તિઓ તરફથી એક એક વ્યાખ્યાન આપવામાં આવશે. સ્થળ તથા સમય હવે પછી જાહેર કરવામાં આવશે.

'પબ્લીક ચેરીટી એન્ડ રીલીજિયસ ટ્રસ્ટ એક્ટ' ઉપર જાહેર વ્યાખ્યાન

જાન્યુઆરીની ૨૦ મી તારીખ અને મંગળવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩) શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે એક જાહેર સભા યોજવામાં આવી છે, જ્યારે **મુંબઈ રાજ્યના ચેરીટી કમીશનર શ્રી સુમન ભટ્ટ** 'પબ્લીક ચેરીટી એન્ડ રીલીજિયસ ટ્રસ્ટ એક્ટ'ની સમજુતી આપશે અને એ વિષય સાથે સંબંધ ધરાવતા મુદ્દાઓ ઉપર વિવેચન કરશે. આ વિષયમાં રસ ધરાવતા ભાઇ બહેનોને વખતસર ઉપસ્થિત થવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

આભાર નિવેદન

છેલ્લાં પોણા બે વર્ષથી પ્રબુદ્ધ જીવન મસ્જીદ બંદર સ્ટેશનની સામે આવેલા કચ્છી વીશા ઓશવાલ પ્રીન્ટીંગ પ્રેસમાં છપાતું હતું. તેમને ત્યાં કામદારોને લગતી કેટલીક અણધારી અગવડ ઉભી થવાથી પ્રબુદ્ધ જીવન નિયમિત રીતે છાપવાનું તેમના માટે મુશ્કેલ બની ગયું. પરિણામે પ્રેસ બદલવાની અમને ફરજ પડી. પોણા બે વર્ષના ગાળા દરમિયાન કચ્છી વીશા ઓશવાલ પ્રીન્ટીંગ પ્રેસના માલીક શ્રી દામજીભાઇએ તથા શ્રી ઝવેરચંદભાઇએ પુરી મમતાથી અને અનેક અગવડોનો સામનો કરીને પ્રબુદ્ધ જીવન છાપી આપ્યું છે તે માટે તે બન્ને ભાઇઓનો અમે હાર્દિક આભાર માનીએ છીએ.

* * *

હવેથી પ્રબુદ્ધ જીવન બે દિવસ મોડું મળશે

ઉપર જણાવેલા કારણસર જે નવા પ્રેસમાં પ્રબુદ્ધ જીવન આ અંકથી છપાવવાનું શરૂ કર્યું છે તેની અનુકુળતા ખાતર પ્રબુદ્ધ જીવનનો દરેક અંક હવેથી ચાલુ નિયમ કરતાં બે દિવસ મોડો રવાના કરવામાં આવશે. **તંત્રી, પ્રબુદ્ધ જીવન**

વિષય સૂચિ

		પૃષ્ઠ
કૂર્માંચળની પરિક્રમા	પરમાનંદ	૧૬૯
પ્રકીર્ણ નોંધ : સ્વ. વિદ્યાબહેન નિલકંઠ	પરમાનંદ	૧૭૨
રાષ્ટ્રની આર્થિક આયોજન નીતિ, ખેતીવાડી વ્યવસ્થા પદ્ધતિ અંગે કોંગ્રેસે ધારણ કરેલી નવી નીતિ, રાષ્ટ્ર સામે પડેલું ભગીરથ કાર્ય		
મિલન સમારંભ		૧૭૪
વિનોબાજીની પદયાત્રા વિષે થોડું ક વધારે	પરમાનંદ	૧૭૫

વિનોબાજીની પદયાત્રા વિષે થોડું ક વધારે

(ગતાંકથી ચાલુ)

પદયાત્રા દરમિયાન બનેલા કોઇ કોઇ પ્રસંગો પણ મારા મન ઉપર ચિરસ્મરણીય છાપ મૂકતા ગયા છે. અનન્તરામન્ નામનો એક યુવાન. અમેરિકા રહીને ધાતુશાસ્ત્રનો નિષ્ણાત થઇ આવેલો અને બેંગલોર સાયન્સ ઇન્સ્ટીટયુટમાં અધ્યાપક તરીકે જોડાયેલો. હેમા નામની એક જર્મન કન્યા. બીજા વિશ્વવિગ્રહ દરમિયાન જર્મનીએ દુનિયાની અને પછી સાથી રાજ્યોએ જર્મનીની સરજેલી તારાજી તેણે નાની ઉમ્મરે નજરે નિહાળેલી અને કંપી ઉઠેલી, પછી અમેરિકામાં તેણે શિક્ષણ પ્રાપ્ત કરેલું. અનન્તરામન્ અને હેમાનો અમેરિકામાં પહેલો પરિચય થયો હશે. સમયાન્તરે બન્નેનું ભારતમાં આવવું થયું. બન્ને વિનોબાજીના સંસર્ગમાં ઠીક ઠીક આવેલાં અને તેમના વિચારોથી ખૂબ પ્રભાવિત બનેલાં. નિકટ પરિચય અને પીછાણના પરિણામે બન્ને લગ્નસંબંધથી જોડાવાને ઉદ્યુકત થયા. બન્ને ભારે ભાવનાશાળી. બન્નેની એવી ઇચ્છા કે વિનોબાજીના સાન્નિધ્યમાં જ અને તેમના આશીર્વાદપૂર્વક લગ્ન થાય. પદયાત્રા કરતાં એક સ્થળેથી બીજા સ્થળે સંચરી રહેલા વિનોબાજી, આ લગ્ન કયાં કરવું, કયારે કરવું, કેવી રીતે કરવું—આ વિગતો નક્કી કરવી રહી. સણોસરા લોકભારતીમાં વિનોબાજી પધારે ત્યારે પ્રસ્તુત લગ્ન કરવાનું નક્કી થયું. આના માટે કોઇ તિથિ, કોઇ મુહૂર્ત ખરૂં કે? બેસતા વર્ષનો દિવસ પસંદ કરવામાં આવ્યો. સમય સવારના પાંચ વાગ્યાનો નક્કી કરવામાં આવ્યો. વિનોબાજીના એક સહકાર્યકર્તા શ્રી. દામોદરદાસજી મુદડા પરણનાર યુગલને લઇને સણોસરા તા. ૧૧-૧૧-૫૮ના રોજ આવી પહોંચ્યા. વિનોબાજી પણ એજ દિવસે સણોસરા લોકભારતીમાં નિયત કાર્યક્રમ મુજબ આવી પહોંચ્યા. ઢેબરભાઇ પણ વિનોબાજી સાથે પદયાત્રામાં જોડાવાના હેતુથી એજ દિવસે સણોસરા આવેલા (પણ તે જ દિવસે તેમને તાવ આવવાથી પછી તેઓ પદયાત્રામાં જોડાઇ શકયા નહોતા અને બીજા દિવસે મુંબઈ તરફ વિદાય થયા હતા.) લગ્નનો વિધિ શું કરવો? મુ. નાનાભાઇ ભટ્ટ સાથે ચર્ચા કરીને વૈદિક વિધિનું સંક્ષિપ્ત રૂપ નક્કી કરવામાં આવ્યું. બીજે દિવસે એટલે કે બેસતા વર્ષની સવારે (૧૨-૧૧-૫૮ બુધવાર) પાંચ વાગ્યા પહેલાં વિનોબાજીના જાહેર પ્રવચન અંગે તૈયાર કરવામાં આવેલા વિશાળ મંડપમાં પદયાત્રિકો, લોકભારતીમાં કાર્ય કરતા ભાઇઓ, બહેનો તથા વિદ્યાર્થીઓ, સૌરાષ્ટ્રના ત્યાં એકઠા થયેલા કાર્યકર્તાઓ, ભૂદાન કાર્યકરો વગેરે એકઠા થયા. અગ્નિ પ્રગટાવ્યો; મંત્રો બોલાવા શરૂ થયા; વિનોબાજીએ વરવધૂનો હસ્તમેળાપ કરીને તેમને લગ્નગ્રંથિથી સાંકળ્યા અને આશીર્વચનરૂપે બે શબ્દો કહ્યા. નાનાભાઇ ભટ્ટે પણ પ્રસંગાનુરૂપ બે વચનો સંભળાવ્યા. ઢેબરભાઇએ પણ બન્નેને આશીર્વાદથી નવાજ્યા. લોકભારતીના સંચાલકોએ લગ્નની ખુશાલીરૂપે ટોપરૂં અને સાકર વહેંચ્યા અને સૌનાં મોઢાં ગળ્યા કર્યાં. આ લગભગ કશા જ ખર્ચ વિનાનો અને એમ છતાં અનેરી ભવ્યતા અને ગાંભીર્યનો અનુભવ કરાવતો લગ્નસમારંભ—વિશેષતઃ વિનોબાજીએ આવાં આન્તરરાષ્ટ્રીય લગ્નને વાત્સલ્યભાવપૂર્વક આવકાર્યું તેથી—મારા માટે ચિરસ્મરણીય બની ગયો.

વિનોબાજીને અન્ય અન્ય મંડળો અને સમૂહો સમક્ષ વાતો કરતાં અનેક વાર સાંભળ્યા, પણ બે પ્રસંગો મન ઉપર ઊંડી છાપ મૂકી ગયા. એક પ્રસંગ હતો માલપરામાં ભૂદાનકાર્યકર્તાઓ સાથેના તેમના વાર્તાલાપનો, અને બીજો પ્રસંગ હતો ત્રંબા ખાતે સૌરાષ્ટ્રના રચનાત્મક કાર્યકરો સાથેની ચર્ચાનો. પહેલા પ્રસંગ દરમિયાન વિનોબાજીને તેમના સાથી ભૂદાન કાર્યકરો સમક્ષ મોકળા મને વાતો કરતા સાંભળવાની મને તક મળી. બપોરના ભૂદાનકાર્યકરોએ

મળીને એક પ્રશ્નાવલિ તૈયાર કરી હતી અને સાંજના એ પ્રશ્નાવલિ વિનોબાજીના હાથમાં મૂકવામાં આવી હતી. એક વત્સલ પિતા જેવી રીતે પોતાનાં સંતાનોને સમજાવે તેવી નિંખાલસતા અને નિકટતાથી તેમને એક પછી એક પ્રશ્નનું વિવેચન કરતા સાંભળીને, એટલું જ નહિ પણ, એકમાંથી અનેક વાતો કાઢતા અને સમજાવતા જોઇને મને અત્યન્ત આનંદ થયો, મારૂં દિલ તેમના વિષે આદરથી સભર બન્યું.

ત્રંબા ખાતે શ્રી. નારણદાસ ખુશાલદાસ ગાંધીની આગેવાની નીચે સૌરાષ્ટ્રના રચનાત્મક કાર્યકરો વિનોબાજીને મળ્યા અને એ પહેલાં વિનોબાજીની હાલની પ્રવૃત્તિ સંબંધમાં જુદો સુર રજુ કરતો એક પત્ર નારણદાસભાઇ તરફથી વિનોબાજીને પાઠવવામાં આવેલો. સૌરાષ્ટ્રના રચનાત્મક કાર્યકરો રાજકીય દૃષ્ટિએ મોટા ભાગે કોંગ્રેસ તરફ ઢળેલા છે અને આજના પ્રશ્નો વિષે તેમનાં અને વિનોબાજીના દૃષ્ટિકોણમાં થોડો ફરક છે. આ કાર્યકરો સાથે પણ તેમની સમક્ષ રજુ કરાયલા મુદ્દાઓના ઉત્તર રૂપે વિનોબાજીએ પ્રસન્નતાપૂર્વક ખુલ્લા દિલની ચર્ચા કરી, અને તેથી પરસ્પર રહેલો દૃષ્ટિબિન્દુનો ફરક સર્વથા દૂર થયો હતો એમ કદાચ કહી ન શકાય તો પણ, એકમેકને સમજવામાં એ ચર્ચા ખૂબ મદદરૂપ બની, અને વિચારથી કદાચ તેઓ જોઇએ તેટલા નજીક આવ્યા નહિ હોય, પણ મનથી, દિલથી પરસ્પર એકમેકના ખૂબ નજીક આવ્યા; એ રચનાત્મક કાર્યકરોના દિલમાં રહેલી કેટલીક ભ્રાન્તિઓનું નિવારણ થયું, અને મીઠા સમાધાનનું વાતાવરણ ઉભું થયું. આ ચર્ચા પણ મારા માટે રોચક તેમ જ બોધપ્રદ બની હતી.

આવી રીતે તેમનાં કોઇ કોઈ પ્રવચનો તેમાં રહેલી કાવ્યમયતાના કારણે ભારે હૃદયસ્પર્શી બની જતાં હતાં. દા. ત. તેઓ ખંભાતથી સમુદ્રમાર્ગે ભાવનગર વહેલી સવારે આવ્યા; દક્ષિણામૂર્તિ બાલમંદિરના મકાનમાં સ્થિર થયાં, સવારના સાડાદશ વાગ્યે સ્થાનિક તેમ બહારથી આવેલા કાર્યકરો સમક્ષ ઉપસ્થિત થયા અને પ્રવચન શરૂ કરતાં તેમણે જણાવ્યું કે "મારી સાત આઠ વરસની પદયાત્રા ચાલી અને એમાં મેં કદીય સમુદ્રની મુસાફરી કરી નહોતી. કાલે મને સમુદ્રનો અનુભવ થયો અને મારી કેટલીયે ભાવના જાગૃત થઇ, અને સૌરાષ્ટ્રમાં મેં જ્યારે પ્રવેશ કર્યો ત્યારે મેં નવા માણસ તરીકે પ્રવેશ કર્યો, જુના માણસ તરીકે નહિ. સાત આઠ વરસોથી જે માણસ યાત્રા કરી રહ્યો છે એ જ માણસ અત્યારે સૌરાષ્ટ્રમાં નથી આવેલો, એનાથી જરાક જુદો માણસ આવ્યો છે. સમુદ્રયાત્રાએ એનામાં આટલો ફરક કર્યો છે. પણ એટલું જ નહિ, વિજ્ઞાન કહે છે કે સાત વરસના સમયમાં માણસના શરીરમાં લોહીનું એકેય ટીપું પુરાણું રહેતું નથી. શરીરનાં બધાંય બિન્દુઓ તદ્દન પલટાઇ જાય છે. આપણા પૂર્વજો બાર વરસની તપસ્યા કરતા હતા તેની પાછળ કલ્પના એ હતી કે બાર વરસની તપસ્યા પછી શરીર પલટાઇ જાય છે અને અંદર રહેલા બધા દોષો નાશ પામે છે; પણ આ માટે વિજ્ઞાન સાત વરસની મુદત આપે છે. એ વિજ્ઞાનની વાત આપણે પ્રમાણ માનીએ તો સાત વરસમાં હું બદલાઇ ગયો એમ હું માનું છું. કાલે રાત્રે મને જરા ઓછી નિદ્રા આવી. સમુદ્રનો ધ્વનિ બહુ સુન્દર હતો, પરંતુ એની સાથે એન્જિનનો પણ ધ્વનિ હતો. તેથી જાગૃતિ જરા વધારે રહી. એટલા માટે ચિન્તન કરવાનો ઘણો અવકાશ રહ્યો. અત્યારે તમારી આગળ જે બોલે છે તે પેલો જુનો માણસ નથી બોલી રહ્યો. જેણે સાત આઠ વર્ષ પ્રવ્રજ્યા કરી છે એજ માણસ બોલે છે એમ માનવું નહિ. તે જુના માણસનો પણ કંઇક અંશ હશે. નવા અવતારમાં પુરાણા અવતારનો અમુક અંશ તો આવી જ જાય છે અને કંઇક અંશ નવો જ હોય છે." આમ કહીને તેમણે કેટલાક રાજકારણી, સામાજિક પ્રશ્નોની વિસ્તારથી ચર્ચા કરી અને છેવટે એમ જણાવ્યું કે "અત્યાર સુધી હું જે બોલી રહ્યો હતો તે માત્ર સ્વપ્નમાં જ બોલી રહ્યો હતો એમ તમે સમજશો. મારા જાગૃત મનમાં તો માત્ર ગ્રામદાન, શાન્તિસેના અને સર્વોદય પાત્રના જ વિચારો આવ્યા કરે છે, જે વિચારો મેં લોઢા આગળ વારંવાર મૂકયા છે અને તમારી પાસે પણ મૂકતો રહીશ." આમ પોણી કલાક સુધી ચાલેલું એકધારૂં અને જાણે કે આગળથી સુગ્રથિત ન હોય એવું પ્રવચન સાંભળીને મારી માફક એકત્ર થયેલા સર્વ ભાઇબહેનોએ ઊંડી પ્રસન્નતા અનુભવી હતી.

આવું જ એક અદ્‌ભુત પ્રવચન સાંભળવા મળ્યું. રાજકોટ ખાતે નવેંબર માસની ૨૨ મી તારીખે સવારે સાત વાગ્યે રાષ્ટ્રીય-શાળાની રંગભૂમિના ખુલ્લા ચોગાનમાં. પૂર્વાકાશમાં સૂર્ય ઉગી રહ્યો હતો અને આકાશ અને ધરતીને અજવાળી રહ્યો હતો. વાતાવરણમાં મધુર પ્રસન્નતા વ્યાપેલી હતી. રાજકોટના સંગીત વિદ્યાલયના સંચાલક અને કુશળ-ગાયક-મુ. નારણદાસભાઇના પુત્ર-પુરૂષોત્તમભાઇએ પ્રાર્થના સંભળાવી, મીઠા કંઠ અને મધુર આલાપપૂર્વક ગીતાના શ્લોકો, ઉપનિષદની કેટલીક પંક્તિઓ, અને ભજન સંભળાવ્યા અને રામનામની ધુન લેવરાવી અને વાતાવરણને સંગીતમય બનાવ્યું. રંગભૂમિના સ્ટેજ-તખ્તા-ઉપર મધ્યમાં વિનોબાજી બેઠા હતા. પ્રાર્થના પૂરી થયા બાદ તેમણે સૌરાષ્ટ્રના રચનાત્મક કાર્યકરો સમક્ષ પોતાનું પ્રવચન ભારે લાક્ષણિક રીતે શરૂ કર્યું. તેમણે જણાવ્યું કે "ગીતાજીમાં વર્ણન આવે છે કે 'ઊર્ધ્વમૂલમ્ અધઃતરૂશાખા' એટલે કે આ સંસારવૃક્ષ ઉલટું છે, એનાં મૂળિયાં ઉપર છે અને શાખાઓ નીચે છે. એ તો આપણા સમાજમાં આપણે ઘણી વાર જોઇએ છીએ કે જ્ઞાનની શોધ જ્યારે ચાલે છે ત્યારે હંમેશા ઉલટી દિશામાં ચાલે છે. પછી કર્મયોગની જ્યારે શરૂઆત થાય છે ત્યારે સીધી દિશામાં જાય છે. જ્ઞાનની શોધ ઉપરથી નીચે જાય છે અને કર્મની રચના નીચેથી ઉપર જાય છે. આપણા રચનાત્મક કાર્યક્રમમાં પણ આરંભમાં જ્ઞાનની શોધ થઇ હતી. હવે સ્વરાજ્ય આવ્યા પછી કર્મયોગનો આરંભ થાય છે." આમ જણાવીને મીલના સૂતર અને હાથશાળના વણાટથી રેંટીયા સુધી આપણે આકાશમાં વિહાર કર્યો અને ત્યાંથી કપાસ ઉપર આવતાં ધીરે ધીરે આપણે જમીન સુધી પહોંચી ગયા અને તેમાંથી ભૂદાન, ગ્રામદાન આવ્યું. આ આખી પ્રક્રિયા ગીતામાં દર્શાવેલ 'ઊર્ધ્વમૂલ અધઃતરૂશાખા' જેવી બની છે એ આજ સુધીના રચનાત્મક કાર્યક્રમના વિકાસનો જે કોઇ વિચાર કરશે તેને લાગ્યા વિના નહિ રહે" આમ જણાવીને કેટલાએક રચનાત્મક કાર્યકરોના દિલમાં એવો જે એક ખ્યાલ ઉભો થયો છે કે, રચનાત્મક કાર્યક્રમનું મધ્યબિંદુ રેંટીયો હતો તેના સ્થાને વિનોબાજી ગ્રામદાનને મૂકી રહ્યા છે તે ખ્યાલનું નિરસન કરતાં, વિનોબાજી એ જણાવ્યું કે "હું રેંટીયાને તેના સ્થાન ઉપરથી જરા પણ વિચલિત કરવા માંગતો નથી, પણ ગ્રામદાનના પાયા ઉપર રેંટીયાને વધારે સુસ્થિર કરવા માંગું છું, અને એટલા માટે જ તત્કાળ રેંટીયા કરતાં ગ્રામદાન ઉપર હું વધારે ભાર મૂકું છું. જો આ જમીનનો પાયો ભૂલી જઇશું તો રેંટીયો કયાં ઉભો રહેશે? શું હવામાં કંતાશે? રેંટીયો તો જમીન ઉપર કંતાય છે. એટલે જમીનનો સવાલ સર્વપ્રધાન સમજીને સ્વરાજ્ય પ્રાપ્તિ પછી જો આપણે એમાં ધ્યાન નહિ આપીએ તો સમજવું જોઇએ કે આપણા રેંટીયાને કોઇ પૂછશે જ નહિ. રેંટીયાનો એકાંગી વિચાર કરવાથી રેંટીયાનો એક સંપ્રદાય જ બની જશે." અહિં પણ ગીતાની ઉર્ધ્વમૂળ અધઃતરૂશાખા' એ સૂત્રનો વિનોબાજીએ કેટલો માર્મિક અને સૂચક ઉપયોગ કર્યો છે? તે સવારનું વિનોબાજીનું આખું પ્રવચન એટલું જ ઉદ્‌બોધક, અને હૃદયસ્પર્શી હતું.

એક નાનો સરખો બીજો પ્રસંગ. આગળના અંકમાં જણાવ્યું

હતું તે મુજબ ભાવનગરથી રાજકોટ સુધીની પદયાત્રામાં હું બે હફ્તે જોડાયો હતો. એક ભાવનગરથી માલપુરા સુધી જે દરમિયાન વિનોબાજી સાથે વાતો કરવાની તેમ જ તેમની નજીક આવવાની મને સારી તક મળી હતી અને તેથી તેઓ મને ઠીક ઠીક ઓળખતા થયા હતા. ત્યાર બાદ ત્રણ દિવસ ભાવનગર રહીને હું ચોથા દિવસે રાત્રીના વખતે વીરનગર પહોંચ્યો હતો. બીજે દિવસે સવારે વિનોબાજી જસદણથી આટકોટ બાજુ થઇને વીરનગર આવવાના હતા. આટકોટથી વીરનગર ત્રણ માઈલ દૂર. હું અને અન્ય ત્રણ મિત્રો વહેલાં સવારે ઉઠીને આટકોટ ગયા અને વિનોબાજીની રાહ જોતાં ઉભાં રહ્યાં. ઉગતા સુરજ સાથે વિનોબાજી આવી પહોંચ્યા. હું તેમની સમીપ જઇને પગે લાગ્યો, મને જોયો, ઓળખ્યો, અને એકદમ બોલી ઉઠ્યા 'જય પરમાનંદ'. આ સાંભળીને હું આનંદમુગ્ધ બની ગયો. હું સમજું છું કે આ આનંદસંવેદન પાછળ એક પ્રકારનું અહમ્ રહેલું છે. એમ છતાં પણ એ 'જય પરમાનંદ'ના ભણકારા મને આજે પણ સંભળાયા જ કરે છે અને મારામાં કોઇ જુદો જ ઉલ્લાસ પ્રેરે છે.

દુનિયામાં એક કાળે માનવીઓ પૃથ્વી ઉપર ચાલતા અને પગપાળા એક સ્થળેથી બીજા સ્થળે પરિભ્રમણ કરતા; પછી બળદનાં અને પછી ઘોડાનાં વાહન આવ્યા; પછી આવી મોટર રેલગાડી; અને પછી આવ્યું એરોપ્લેઇન. આજના વખતમાં આપણા ગમનાગમનની પ્રક્રિયા મોટા ભાગે રેલ્વે ટ્રેન, મોટર, તથા એરોપ્લેઇન ઉપર નિર્ભર બનતી જાય છે. બળદગાડું અને ઘોડા-ગાડીનો ઉપયોગ જો કે હજુ અનેક સ્થળે ચાલુ છે, તો પણ ધીમે ધીમે તેનો લોપ થતો જાય છે અને એરોપ્લેનનો પ્રવાસ વધારે ને વધારે વિસ્તરતો જાય છે. જૈન સાધુઓને બાદ કરો તો અન્ય સાધુસંન્યાસીઓ પણ હવે વાહનવ્યવહારનો ઉપયોગ કરતા થઇ ગયા છે. જૈન સાધુઓના પાદવિહારને આપણે રૂઢિપરિણામી લેખીએ છીએ અને અહિંસાવ્રતના પાલન માટે એ અનિવાર્ય છે એવી તે વિષે માન્યતા પ્રવર્તે છે. આથી આમજનતાની દૃષ્ટિએ તેનું કોઇ વિશેષ મહત્વ છે એમ આપણા ધ્યાન ઉપર આવતું નથી. પગપાળા પ્રવાસના વિશિષ્ટ મહત્વ તરફ આપણું ધ્યાન, ગાંધીજીએ સવિનય કાનૂનભંગની લડતના સંદર્ભમાં દાંડીકૂચની યોજના કરી ત્યારે, સૌથી પહેલું ખેંચાયું. શરૂઆતમાં બીનમહત્ત્વની અને કેટલાકની નજરે હાસ્યાસ્પદ લાગતી એ દાંડીકૂચે ભારતની સમગ્ર પ્રજાનાં દિલને સળગાવી મૂકયાં અને અંગ્રેજ સરકાર સામે દુર્દમ્ય વાવંટોળ ઉભો કર્યો, જેના પરિણામે એ વખતની માથા-ભારી અંગ્રેજ સરકારને ગાંધીજી સાથે તહકુબી કરવી પડી. ત્યાર પછી વર્ષો બાદ ગાંધીજીની નૌઆખલીની પદયાત્રાએ આપણું ધ્યાન ખેંચ્યું. એ પદયાત્રાનો જન્મ અત્યન્ત કરૂણ સંયોગોમાં થયો હતો. તેનું તત્કાળ પરિણામની દૃષ્ટિએ મૂલ્યાંકન કરવું મુશ્કેલ છે, એમ છતાં પણ દુઃખી, પીડિત, ભુલભ અને અત્યાચારનો ભોગ બનેલ વસ્તીના અમુક વિભાગને શાન્ત્વન, ધીરજ, આશ્વાસન આપવાનો એક જ ઇલાજ છે તેમની વચ્ચે પગપાળા ફરવું તે—એમ ગાંધી-જીને લાગ્યું અને એ રીતે એમણે ત્યાંના લોકોને ઉભા રહેવાનું બળ આપ્યું.

પણ આ બન્ને પગપાળા પ્રવાસ દેશના અસાધારણ સંયોગો વચ્ચે થયા હતા. વિનોબાજીની પદયાત્રા દેશમાં આઝાદીના પાકી સ્થાપના થયા બાદ અને તે મુજબ લોકશાસિત તંત્ર શરૂ થયા બાદ, લાંબા ગાળે શરૂ થઇ છે અને તેની પાછળ કોઇ એકાએક ઉભી થયેલી કટોકટીને પહોંચી વળવાનો આશય કે ધારણા નથી. આપણે ત્યાં રાજકીય ક્રાન્તિ થઇ ગઇ, પણ આર્થિક પરિસ્થિતિ અને તે કારણે ઉભું થયેલું અને વર્ષોથી ચાલી રહેલું સામાજિક વૈષમ્ય હતું એવું ને એવું ચાલુ જ રહ્યું. આ વૈષમ્યનું નિવારણ કેમ કરવું એના ચિન્તનમાંથી વિનોબાજીની પદયાત્રાનો જન્મ થયો છે, અને છેલ્લાં સાત વર્ષથી દેશમાં એક સ્થળેથી બીજા સ્થળે, દક્ષિણથી ઉત્તર, ઉત્તરથી પૂર્વ, પૂર્વથી દક્ષિણ અને દક્ષિણથી પશ્ચિમ અને ત્યાંથી પાછા ઉત્તર તરફ તેઓ પગપાળા ઘુમી રહ્યા છે, અને દેશની આમજનતાને નવી વિચારણા તરફ—નવા માર્ગ તરફ—દોરી રહ્યા છે, ઘસડી રહ્યા છે. આજના સમયમાં દરેક બાબતનો પ્રચાર મુખ્યતયા છાપાંઓ દ્વારા થાય છે. છાપાંઓ વાંચતો જનસમુદાય દિન પ્રતિદિન વધતો જ જાય છે. એમ છતાં આ પ્રચાર મોટા ભાગે શિષ્ટ અને શિક્ષિત સમુદાયને જ સ્પર્શે છે. આ પદયાત્રા વિચાર-પ્રચારનો કોઇ જુદો જ પ્રકાર છે. તે ગામડાંની સુતેલી જનતાને જગાડે છે અને વિચાર કરતા કરી મૂકે છે. આ કોણ છે? તે કેમ આવ્યો છે? તેને શું કહેવું છે? તે શું કરવા માંગે છે?—આ જિજ્ઞાસા અને કુતુહળ વિનોબાજીના પગલાં જ્યાં જ્યાં પડતા જાય છે ત્યાં ત્યાંની પ્રજાના દિલમાં ઉભાં થાય છે. માનસક્રાન્તિ અને તે પાછળ અપેક્ષિત સામાજિક ક્રાન્તિ અને તે પણ રાષ્ટ્ર-વ્યાપી કરવી હોય તો આમ જ થાય—એવી હવે સૌ કોઇના દિલમાં પ્રતીતી ઉભી થઇ રહી છે. પગપાળાથી એરોપ્લેન તરફ એવો આજ સુધીનો વિકાસક્રમ હતો. આજે એરોપ્લેન આવ્યું છે તે જવાનું નથી. એમ છતાં પગપાળા પ્રવાસનું પણ કોઇ જુદું જ મહત્વ છે એમ આપણને માલુમ પડ્યું છે. લોકસંપર્કની ચાવી એરોપ્લેન પાસે નથી, તે તો ફકીરી ધારણ કરનાર લોકકલ્યાણ-લક્ષી કોઇ સાધુ સન્ત કે લોકોત્તર પુરૂષના પગપાળા પ્રવાસમાં રહેલી છે. આ સત્યનો વિનોબાજીની યાત્રામાં જોડાનાર લગભગ સર્વ કોઇને એક સરખો સાક્ષાત્કાર થાય છે. થોડા દિવસો પહેલાં આવલા તરફ જતી પદયાત્રામાં છેવટના બે માઇલ સુધી જોડાયલા પંડિત જવાહરલાલજીએ પણ આ ભાવનું સંવેદન વ્યક્ત કર્યું હતું.

આમ પદયાત્રાની મહત્તા સ્વીકારવા છતાં એ પ્રશ્ન તો સામે આવીને ઉભો જ રહે છે કે શું એક ગામથી બીજે ગામ એમ સતત પરિભ્રમણ કરી રહેલા વિનોબાજી જ્યાં જાય છે ત્યાંના લોકોનાં વિચાર વલણોમાં તેમને જોવા માત્રથી તેમ જ સાંભળવા માત્રથી જ આમૂલ પરિવર્તન થઇ જાય છે ખરૂં? આમ કહેવું કે માનવું તે પોતાને તેમ જ અન્યને છેતરવા બરોબર છે. લોક-માનસમાં આટલા માત્રથી એવું કોઇ ક્રાન્તિકારી પરિવર્તન થઇ જાય તે શક્ય જ નથી. આ પદયાત્રા માત્ર એક નવી હવા જ પેદા કરે છે. તત્કાળ જોતાં તેમ જ ગામડાના લોકોને પૂછતાં કદિ કદિ એમ પણ લાગે કે વિનોબાજીનું કોઇ પણ ગામમાં આવવું, એક દિવસ રહેવું અને બીજે દિવસે ચાલી નીકળવું—તેનું પરિ-ણામ કોઇ મધુર પવનની લહરિ આવી, જનતાએ બે ઘડી માણી અને ચાલી ગઇ તેથી વિશેષ કશું હોતું નથી. પણ આ તો કેવળ ઉપલક દૃષ્ટિનું અવલોકન છે. જેમ કોઇ બીજ વાવવા સાથે નકકર વૃક્ષ ઉગી નીકળતું નથી તેમ, વિનોબાજી આજે ગામે ગામ વિચારબીજો વાવી રહ્યાં છે; લોકોના મનમાં તેથી સળ-વળાટ પેદા થાય છે; અને ચાલુ પરિસ્થિતિમાં પાયાનું પરિવર્તન કરવાની તમન્ના જાગે છે; આવા દેશવ્યાપી સળવળાટ અને તમન્નાનું તત્કાળ પરિણામ ન દેખાય તો પણ વિનોબાજીએ વાવેલાં વિચારબીજો ઉગી નીકળવા જ જોઇએ અને કોઇ ને કોઇ નકકર આકારમાં પરિણમવા જ જોઇએ એમાં કોઇ શક નથી, કારણ કે એ વિચારબીજોને પોષણ મળે, વેગ મળે એવું હવામાન ચોતરફ સર્જન બની રહ્યું છે. કોંગ્રેસ પક્ષ, સમાજવાદી પક્ષ કે સામ્યવાદી પક્ષ આખરે તો એક જ ધ્યેયને નિર્માણ કરવાની દિશાએ ગતિમાન થઇ રહ્યા છે, અને તે છે આર્થિક વૈષમ્યને તેમજ સામાજિક વૈષમ્યને પાયામાંથી નાબુદ કરે અને સમવિભાજન પેદા કરે એવી આખા સમાજની નવરચનાનું નિર્માણ. વિનોબાજીની સર્વોદય વિચારણા આ જ ધ્યેયને મૂર્ત કરવાની દિશાએ એનો પોતાનો આગવો આકાર ધરાવે છે. આટલો જ એ બે વચ્ચે ફરક છે. તો

લોકો જે મનમાં ઝંખે છે, ચિન્તવે છે, તે જ જો વિનોબાજી ગામેગામ ફરીને કહેતા હોય અને તેને સાકાર બનાવવાનો માર્ગ દેખાડતા હોય તો તેમની પદયાત્રા અને પ્રવચનધારા સમય પાકયે ફળવતી બનવા વિષે શંકાને કોઈ કારણ કે અવકાશ હોવો ન જોઇએ.

આ બધો આપણે એક ભાવુકની દૃષ્ટિએ વિનોબાજીની પદયાત્રાનો વિચાર કર્યો. પણ તેનો એક બીજી રીતે પણ થોડો વિચાર કરવામાં ન આવે તો આ આલોચના અધુરી ગણાય. પદયાત્રા દરમિયાન અને એમ માલુમ પડયું છે કે પદયાત્રાનો બોજો ગામડાના લોકોને અથવા તો તેની વ્યવસ્થા કરવાની જવાબદારી લેતી સ્થાનિક સંસ્થાઓને કદિ કદિ ભારે લાગતો હોય છે. આનાં કેટલાંક કારણો છે. એક તો કેટલીક વાર આ વ્યવસ્થા બહુ મોટા ખર્ચનું નિમિત્ત થઇ પડે છે. મારી જાણ પ્રમાણે એક નાના સરખા ગામને આ બાબત અંગે રૂા. ૧૫૦૦ નું ખર્ચ થયું હતું. યાત્રીદળની સંખ્યા ૭૫ આસપાસ રહેતી હોય છે. વળી વિનોબાજી જે ગામ જાય ત્યાં પણ આસપાસના લોકો સારા પ્રમાણમાં એકઠા થાય છે, એટલું જ નહિ પણ, દૂર નજીકના આગેવાન કાર્યકરો પણ ઠીક પ્રમાણમાં એકત્ર થાય છે. યાત્રીદળની તો રહેવા, ખાવા, વગેરેની બધી વ્યવસ્થા ગામના લોકોને કરવાની હોય જ છે, પણ સાથે સાથે આસપાસથી આવેલા આગેવાન કાર્યકરોની ખાવાપીવાની જવાબદારી પણ ગામના લોકોના માથે આવે છે. કોઇ પણ ગામમાં વિનોબાજી આવવાના હોય તેના બે ત્રણ મહીના પહેલાંથી ભૂદાન કાર્યકરો, કોંગ્રેસી કાર્યકરો અને સરકારી માણસોનું આવવું જવું શરૂ થાય છે. સડક સુધારણા, પાયખાનાની વ્યવસ્થા, ડી. ડી. ટી.નો છંટકાવ, ચોતરફ સાફસુફી, રસોડાનો પ્રબંધ, રહેવાનો પ્રબંધ-આ બધી ધમાલનો આરંભ થાય છે. વિનોબાજીને (એટલે કે તેમને તેમ જ તેમના પદયાત્રી દળને) આ જોઇશે અને તે જોઇશે એમ ગામના લોકો ઉપર ચોતરફથી હુકમ છુટે છે. વિનોબાની સહીસલામતી અને સગવડ એ સરકાર પણ પોતાની એક મોટી જવાબદારી ગણે છે અને સાફસુફી, સડક સમારકામ વગેરે માટે સારો ખર્ચ કરે છે અને તેની તકેદારી પણ કદિ કદિ ગામડાના લોકોને મુંઝવે છે. વિનોબાજીના આગમનની તૈયારી વિષે ચિન્તા સેવતા જુદા જુદા કાર્યકરો ઘણી વખત પરસ્પરવિરોધી સૂચનાઓ આપે છે અને અને ગામડાના લોકોને તો આ બાબતની કશી સુઝ જ ન હોય એમ માનીને સૂચનાઓની ઝડીઓ વરસાવતા રહે છે. આમ વિનોબાજીનું આગમન અને માત્ર એક જ દિવસનું રહેવું-ગામલોકો અથવા તો તે ગામના જવાબદાર આગેવાનો માટે તેને લગતા ઠીક ઠીક ખર્ચ ઉપરાંત કોઇ કોઇ ઠેકાણે મોટી ચિંતાનો અને ઉપાધીનો વિષય બની જતો હોય એમ મને લાગ્યું છે. ગામનું જેવું મહત્વ એ મુજબ કોઇ ઠેકાણે સો, કોઇ ઠેકાણે બસો માણસો અને કોઇ ઠેકાણે ૫૦૦થી ૭૦૦ સુધી પણ જમનારાની વ્યવસ્થા ગામના લોકોને અથવા તો ત્યાંની સંસ્થાને કરવાની રહે છે. એક મોટી ટ્રક, સામાનની બીજી એક બે ગાડીઓ, એક બે જીપ, એકાદ સ્ટેશનવેગન, વિનોબા સાહિત્ય અંગેની એક ઠબાગાડી-આમ વિનોબાજીની પદયાત્રાનો એક નાનો સરખો રસાલો બની જાય છે.

આ બધાનો ખ્યાલ કરતાં એક બાજુ એમ વિચાર આવે છે કે વિનોબાજી કાંઇ ફરી ફરીને આવવાના નથી. તેમના દર્શનનો અને શ્રવણનો તેમ જ તેમનાં સાક્ષાત્ સમાગમનો જેટલો વધારે લોકો લાભ લે તે ઇચ્છવાયોગ્ય છે અને જ્યારે ઘેર લેગ્ન આવે છે તો ઘરના લોકો ગજા ઉપરનો ભાર પણ ઉપાડવામાં આનંદ માને છે, તો પછી આ તો એક પયગંબરની કક્ષાનો પુરૂષ ગામના આંગણે આવે છે. તો ભલે ગામના લોકોને થોડો વધારે બોજો ઉપાડવો પડે. અને ભલે તેમને થોડો આર્થિક ઘસારો ખમવો પડે. સરકાર પણ આ નિમિત્તે ભલે થોડું ખર્ચ કરે. આવો અવસર ફરી ફરીને આવવાનો નથી. આ તો ગંગા વહી રહી છે અને ગામનું આંગણું પવિત્ર થાય છે. લોકમેળો નિર્માણ થાય છે અને હજારોના ચિત્તનું ઉર્ધ્વીકરણ થાય છે. આવા પરમ લાભની ઓડે તકલીફ કે દ્રવ્યવ્યયની સાંકડી ગણતરી કરવી ન ઘટે.

પણ આ સાથે એક બીજો વિચાર પણ આવે છે. આપણે ત્યાં સાધુસંતના આહારવિહાર વિષે એક એવી કલ્પના છે કે તેમનું ગમનાગમન ફુલ જેવું હોવું ઘટે. જેમ મધુકર જુદા જુદા ફૂલ ઉપરથી થોડો થોડો પરાગ એકઠો કરે કે જેથી કોઇ એક ફૂલને ન તો તેનો ભાર લાગે કે ન તો તેની શોભાસમૃદ્ધિને જરા પણ આંચ આવે. આવી રીતે સાધુ સંન્યાસી ઘેર ઘેર ભટકીને થોડી થોડી ભિક્ષા એકઠી કરીને પોતાનો નિર્વાહ કરે. આ કારણે તેની ભિક્ષા પ્રવૃત્તિને 'માધુકરી' શબ્દથી વર્ણવવામાં આવે છે. અને જ્યાંથી તે પસાર થાય ત્યાંનાં જરા ઝાડપાન હલે અને 'આ કોણ આવ્યું અને ગયું ?' એમ લોકોનાં દીલ કૌતુકપ્રેરણાવડે જરા સંચાલિત થાય.-આથી ન વધારે ધમાલ કે ન વધારે ઘટાટોપ-એવો તેમનો વિહાર હોય.

પણ વિનોબાજીની પ્રસ્તુત પદયાત્રાને આ કલ્પના લાગુ પાડવી ઉચિત નથી. કારણ કે કેવળ એક સાધુસંતની પદયાત્રા નથી, પણ ભારતમાં સર્વાંગી ક્રાંતિ નિર્માણ કરવાની એષણાથી પ્રેરિત બનેલા એક લોકોત્તર પુરૂષની પ્રચારયાત્રા અથવા તો રથયાત્રા છે. અને આવી પ્રચારયાત્રા સાથે તેમજ આગળ અને પાછળ સમારોહનું, જૂથબંધીનું, પ્રચારલક્ષી તત્વોનું આયોજન હોવું આવશ્યક છે.

આમ છતાં પણ વિનોબાજીની પ્રસ્તુત પદયાત્રા લાંબા સમયથી સતત ચાલતી પદયાત્રા છે. દરેક ગામડાંનું ગજું એક સરખું ન હોય. "વિનોબાજી આવ્યા અને ગયા એનો અમને ભાર પડયો" આટલી સરખી પણ લાગણી કોઇ એક ઠેકાણે પેદા થવી ન ઘટે. આમ વિચારતાં મનમાં સહજ પ્રશ્ન થાય છે કે વિનોબાજી પોતાનું યાત્રીદળ થોડું સંકોચે તો કેમ ? તેમની પદયાત્રામાં સ્થાયી અને જરૂરી પદયાત્રિકો ઉપરાંત અલ્પકાલીન યાત્રિકો અલ્પ સંખ્યામાં જ સાથે હોય. બાકી જેમને મળવું હોય તેઓ પોતપોતાની નજીક હોય એવા પડાવના મુકામે વિનોબાજીને મળે. પદયાત્રાને લગતા રસોડામાં યાત્રીદળ સિવાય ગણીગાંઠી વ્યકિતઓ માટે જ જમવાની સગવડ હોય. બીજા લોકો જમવા રહેવા માટે પોતપોતાની સગવડ કરી લે. વિનોબાજીને લગતી સગવડ કરવાની સૂચના આપવાનું કામ અમુક બે પાંચ વ્યકિતઓ હસ્તક જ હોય. જો તે કાર્યકર્તા કે અધિકારી ગૃહસ્થ ગામડાના લોકોને આ બાબતનો ધોંચપરોણો ન કરે.

સંભવ છે કે વિનોબાજીના નિમિત્તે ગામડે ગામડે થતા આરંભસમારંભનો તેમને કદાચ પૂરો ખ્યાલ જ ન હોય. પણ જે પદયાત્રાના પોતે સૂત્રધાર છે તે વિષે જો તેમનું આવું અજ્ઞાન હોય તો તે બરોબર નથી. આ બાબતમાં તેમણે પોતે ઊંડા ઉતરવું જોઇએ અને યોગ્ય લાગે તો અને તેવા આખા પ્રબંધમાં તેમણે કાપકૂપ અથવા તો ફેરફાર કરવા જોઇએ.

અહિં પદયાત્રાની મીમાંસા પૂરી થાય છે. હવે વિનોબાજીના વ્યકિતત્વ અંગે મારા મનમાં સ્ફુરતા કેટલાક વિચારો અથવા તો આઘાતપ્રત્યાઘાતો રજુ કરવા ઇચ્છા છે, જે કદાચ હવે પછીના અંકમાં.

સમાપ્ત **પરમાનંદ**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ફેબ્રુઆરી ૧, ૧૯૫૯, રવિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ૐ કૂર્માચળની પરિક્રમા ૐ

(તા. ૧-૧-૫૯ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ ઉપરના પ્રવાસ વર્ણનમાં પાના ૧૬૨-૧૬૩ ઉપર એક સાથે જે ત્રણ દૃશ્યોનાં ચિત્રો આપવામાં આવ્યા છે તેમનું વચ્ચેનું ચિત્ર, તેમાં જણાવ્યું છે તે મુજબ, નૈનીતાલના અમારા નિવાસસ્થાનનું નહિ પણ કૌસાનીના અમારા નિવાસસ્થાનનું છે. પરમાનંદ)

(ગતાંકથી ચાલુ)

વૈજનાથ

આ પ્રવાસ નૈનીતાલ રાણીખેત, કૌસાની તથા અલ્મોરા—એ ચાર સ્થળોને મુખ્યતા આપીને અમે ગોઠવ્યો હતો અને સાથે સાથે એ દરેક સ્થળથી નજીક દૂરનાં વિશિષ્ટ સ્થાનો પણ બને તેટલાં જોઈ લેવાં એ પણ અમારું લક્ષ્ય હતું. આ રીતે કૌસાની આવ્યા છીએ તો કૌસાનીથી ૧૨ માઇલ દૂર આવેલ વૈજનાથ અને ત્યાંથી બીજા ૧૨ માઇલ દૂર આવેલ બાગેશ્વર જોઇ લેવું એમ અમે નક્કી કર્યું હતું. આ પર્યટન માટે બાગેશ્વર એક રાત રહેવાનું આવશ્યક હતું.

આ કાર્યક્રમ મુજબ અમે મે માસની ૩૦ મી તારીખ અને શુક્રવારે બપોરે કૌસાનીથી બસમાં ઉપડ્યા. કૌસાનીથી વાંકાચૂંકા ઢોળાવ ઉપરથી પસાર થઈ રહેલી અમારી બસ આખો પર્વત ઉતરીને ગરૂડ નામના ગામ પાસે અટકી. એ બાજુ પહાડમાં વસતા લોકો માટે ગરૂડ ચાલુ જરૂરિયાતની ચીજો મેળવવા માટે એક મહત્વનું મથક છે. અહિંથી બદ્રીનાથ કેદારનાથ જવું હોય તો કેડીએ કેડીએ જઇ શકાય છે. પર્વતમાં ઘુમવાના શોખીનો અને સાહસિકો આ કેડી ઉપર થઇને બદ્રીનાથ કેદારનાથની યાત્રા કરી આવે છે. અમારી આ બસ આગળ જતી ન હોવાથી લગભગ એક માઇલ દૂર આવેલા વૈજનાથ સુધી અમારે ચાલતા જવાનું હતું. ગરૂડથી આગળ ચાલતાં હિમાલયના પેટાળમાં આશરે ૩૫૦૦ ફીટની ઊંચાઇએ આવેલા વીશ પચ્ચીશ માઇલના ક્ષેત્રફળને આવરી લેતા વિશાળ અને મોટા ભાગે સપાટ એવા મેદાન ઉપર અમે આવ્યા. ચોતરફ આવેલા પર્વતશિખરો જાણે કે વાદળ સાથે વાતો કરી રહ્યા હોય એમ લાગતું હતું. ગરૂડ અમે દોઢેક વાગ્યે પહોંચેલાં. આગલે દિવસે સાંજે કૌસાનીમાં ભારે ગાજવીજ સાથે વરસાદ આવેલો. આજે અહિં પણ આકાશ વાદળોથી ઘેરાયલું હતું. અને કદિ કદિ થોડા છાંટા પડી જતા હતા. આનો એક લાભ હતો; એક જોખમ હતું. ૬૦૦૦ ફીટથી ૩૫૦૦ ફીટ સુધી નીચે આવતાં જો આકાશ સ્વચ્છ અને સાફ હોત અને સૂર્ય તપતો હોત તો ગરમી સારા પ્રમાણમાં લાગવા સંભવ હતો. જોખમ વરસાદનું હતું. સદ્‌ભાગ્યે વરસાદ અમને નડ્યો નહિ અને વાદળોને લીધે ઠંડક સારી રહી. ઉત્તર વિભાગમાં વાદળોનું આવરણ જરા ખસી જતાં રાખોડાયા રંગનાં સૃષ્ટિકની આભાને ધારણ કરતાં હિમશિખરોનાં અવારનવાર સપષ્ટ અસ્પષ્ટ દર્શન થયા કરતાં હતાં અને આંખોને મોહાવતાં હતાં. આ વિસ્તીર્ણ સપાટ પ્રદેશની ભવ્યતા કોઇ જુદા જ પ્રકારની ભાસતી હતી. ગરૂડ બાજુએ થઇને વહી જતી ગોમતીનો માત્ર રાહદારીઓ માટેનો પુલ ઓળંગીને ટુંકા રસ્તે અમે આગળ ચાલ્યાં; વૈજનાથ ગામનાં બજારમાંથી પસાર થયા અને વળાંક લઇને પાછો સામે આવેલી ગોમતીનો મોટો પુલ ઓળંગ્યો અને જમણી બાજુએ ગોમતીના જ કિનારા ઉપર આવેલા પુરાણાં લગભગ ખંડિયેર દશામાં પડેલાં મંદિરોના સમૂહ જેવા એક સ્થાનમાં અમે પ્રવેશ કર્યો.

અહિં એક બાજુએ આ પ્રદેશમાંથી જ મળી આવેલી ૫૦૦ થી ૧૨૦૦ વર્ષ સુધીના કાળની કેટલીક જુની મૂર્તિઓનું એક નાનું સરખું મ્યુઝીયમ—સંગ્રહસ્થાન હતું. એ અમે જોયું. આ સંગ્રહસ્થાનમાં કુબેર, સૂર્ય, કાર્તિકેય, ગણેશ, મહિષાસુર-મર્દિની, દુર્ગા, નંદી-આરૂઢ મહાદેવ, શંકરપાર્વતી, વિશ્વરૂપ વિષ્ણુ, શેષશાયી વિષ્ણુ, બ્રહ્મા, હરિહર, ગરૂડ, કુમારી અને વૈષ્ણવી, શચી, ચામુંડા, બ્રહ્માણી વગેરે દેવ દેવીઓની કુલ ૨૭ મૂર્તિઓ હતી. કેટલીક ઉભી મૂર્તિઓ હતી; કેટલીક આસનસ્થ હતી. બધી મૂર્તિઓ સાધારણ કદની—પ્રમાણમાં નાના કદની—હતી. કેટલીક મૂર્તિઓ શિલ્પનિર્માણની દૃષ્ટિએ આકર્ષક હતી. આ મ્યુઝીયમ જોયા બાદ ત્યાંનો રખેવાળ અમને એક નાના સરખા મંદિરમાં લઇ ગયો. ત્યાં મધ્યભાગની દીવાલને અઢેલીને માનવી કદની એક અતિ લાવણ્યમયી મૂર્તિ હતી. આ મૂર્તિ પાર્વતીની હતી. આ મૂર્તિનું શિલ્પવિધાન અસાધારણ કુશળતાથી ભરેલું હતું. આ મૂર્તિનાં દર્શન કરીને અમારાં દિલ આનંદ અને વિસ્મયથી હલી ઉઠ્યાં. એવી પ્રભાવશાળી તેની મુદ્રા હતી! માથા ઉપર પ્રાચીન શૈલિનો અતિ ઝીણવટભર્યો કોતરકામવાળો મુગટ હતો. શરીર ઉપર સુન્દર ડીઝાઇનવાળાં આભૂષણો હતાં. એક હાથમાં કમળ હતું. એ હાથની લાંબી, પાતળી પ્રમાણબદ્ધ આંગળીઓ જાણે કે મીણની બનાવેલી ન હોય એવી આબેહુબ, કોમલ, મુલાયમ લાગતી હતી. બીજો હાથ વરદાન આપતો અથવા તો અભયદાનની મુદ્રા દાખવતો હતો. એવા જ સપ્રમાણ બન્ને પગ અને નીચેના પંજા હતા. નજીક જઇને જોઇએ તો કમનસીબે તેનું નાક કોઈ યવનના અત્યાચારના પરિણામે અથવા તો કોઈ અકસ્માતના કારણે તુટેલું અને પાછળથી સાંધેલું દેખાતું હતું, જે જોઇને મનમાં ઊંડી ગ્લાનિ અનુભવતું હતું. આટલી ક્ષતિ બાદ કરીએ તો તે મૂર્તિ સર્વાંગ સુન્દર, ભારે સપ્રમાણ, લાવણ્ય અને પ્રતિભાનો અનુપમ મેળ દાખવતી, જેને જોતાં, નીરખતાં આપણી આંખો થાકે જ નહિ એવી કમનીય લાગતી હતી. પાર્વતીની આવી ભવ્ય મૂર્તિ મેં પહેલાં કદી જોઇ નહોતી.

વૈજનાથ હિમાલયનું એક નાનું સરખું તીર્થસ્થાન છે અને ત્યાં તેમજ બાજુએ આવેલા તાલીહાટનાં અનેક પુરાણાં–મોટા ભાગે શંકર પાર્વતીનાં–કાળજર્જરિત મંદિરો છે. અને એ કારણે યાત્રિકો આ સ્થળે પર્વદિવસોએ મોટી સંખ્યામાં એકઠા થાય છે. પુરાતત્વસંશોધનકો, પણ આ સ્થળ પ્રતિ ઉપર જણાવેલા કારણે આકર્ષાયેલા રહે છે. અહિં જે કાંઇ જોવાનું છે તે બધામાં સૌથી વધારે આકર્ષક પાર્વતીની આ મૂર્તિ છે. સાંજના સાડાચાર પાંચ વાગ્યે અમારે બસ પકડવાની હતી; તે પહેલાં અહિં બધે ફરી લેવાનું હતું: એટલે આગળ ચાલ્યા સિવાય છૂટકો નહોતો. આમ છતાં પણ બબ્બે બબ્બે વખત પાછા ફરીને આ મૂર્તિને–તેની અકૃતિ, રૂપ સાથે તદ્રુપ બનીને–અમે દીર્ઘ નજરે નિહાળ્યા કરી. આખરે મનને મનાવીને અમે બહાર આવ્યા. બહાર મોટો ચોક હતો અને બાજુએ વહેતી ગોમતી નદીનો બાંધેલો કિનારો હતો. નદીમાં નિર્મળ જળ બળબળ કરતું વહ્યે જતું હતું. સામે ભેખડ હતી અને ત્યાં ઊંડા જળ વહેતાં હોય એમ લાગતું હતું. નદીનો પટ શ્વેત રંગના કાંકરા અને પથરાનો વડે આચ્છાદિત હતો. અને તેથી બધું સફેદ સફેદ લાગતું હતું. જમણી બાજુએથી વળાંક લેતી આવેલી ગોમતી નદી ડાબી બાજુએ વળીને આગળ વહી જતી હતી. આકાશ વાદળથી છવાયલું હતું અને ચોતરફ ખૂબ શાન્તિ અને ગંભીરતા વ્યાપી રહી હતી. જાણે કે કોઇ અલૌકિક સૃષ્ટિમાં આવીને ઉભા હોઇએ એવો રમણીય આ નદીકીનારો અને આસપાસનો પ્રદેશ લાગતો હતો.



પાર્વતીની મૂર્તિ

(વૈજનાથમાં ગોમતીતીરે આવેલ મંદિરમાં પાર્વતીની મૂર્તિનું જે વર્ણન આ લેખમાં કરવામાં આવ્યું છે તેની આ છબી છે, જે જોઇએ તેટલી ચોકકખી નથી અને તેમાં જે ધાબાં દેખાય છે તે મૂર્તિ ઉપર ચઢાવેલાં ફુલોનાં છે.)

તાલીહાટ

ત્યાંથી અમે આગળ ચાલ્યા અને પાછા પુલ ઉપર થઇને બાજુએ આવેલા તાલીહાટ નામના ગામ તરફ વળ્યા. ગોમતીને જે બાજુએ વૈજનાથનો આ વિભાગ હતો તે જ બાજુએ પાછળના ભાગમાં તાલીહાટ આવ્યું હતું. અમે પુલ ઉપર થઇને ગોમતીની આ બાજુએ આવેલા તેથી ત્યાં જવા માટે ગોમતી નદી પાછી ઓળંગવી પડે તેમ હતું. ગોમતીના કિનારે થોડું આગળ ચાલતાં પાણીના પ્રવાહના અમુક ભાગને કિનારાની બાજુએ એક નીકમાં વાળીને તેના જોર વડે ચાલતી લોટ ફળવાની ચક્કી અમે જોઇ. આવી ચક્કીઓ હિમાલયની નદીઓના કીનારે કીનારે જ્યાં ત્યાં ઉભી કરવામાં આવે છે. નિરર્થક વહી જતા પાણીના પ્રપાતબળનો આવો ઉપયોગ થતો પહેલીવાર જોઇને આનંદ તેમજ વિસ્મય થયું.

હવે અમે નદીનો જળપ્રવાહ ઓળંગવા લાગ્યા. એ જળપ્રવાહ ઘુંટણથી વધારે ઊંડો નહોતો. પ્રવાસીઓને સગવડ પડે એ માટે એ જળપ્રવાહ ઉપર નાના મોટા પત્થરો ગોઠવ્યા હતા. એ પત્થર ઉપર પગ ટેકવીને અમે આગળ વધતા હતા. એવામાં મારા લેંઘાની ઉંચે ચડાવેલી કોર નીચે સરી જતી અટકાવવાના પ્રયત્નમાં જરા બેધ્યાન બનતાં હું લપસી ગયો અને વહેતા પ્રવાહમાં ઝબોળાયો. નીચે પણ પત્થરો જ હતા. એમ છતાં ડાબા પગની આંગળીઓને કાંઇક ચોંટ લાગી એ સિવાય વિશેષ કાંઇ વાગ્યું નથી એમ લાગ્યું અને પલળેલા કપડે બધા સાથે હું પણ આગળ ચાલ્યો. સામે નદી કીનારાની એક બાજુએ આવેલા નાના સરખા મંદિર સમીપ અમે આવી પહોંચ્યાં. મંદિરમાં સત્યનારાયણની -એટલે કે વિષ્ણુની-વૈજનાથમાં જોયેલી પાર્વતીની મૂર્તિ જોઇ એ કહ્યની, એજ શિલ્પ પધ્ધતિની, એ જ કાળની અને કદાચ એક જ શિલ્પીની બનાવેલી–મૂર્તિનાં અમે દર્શન કર્યાં. આ મંદિરમાં એક પૂજારીએ પોતાનો અડ્ડો જમાવ્યો હતો અને તેથી એ મૂર્તિને બનાવટી મુગટ પહેરાવ્યો હતો–એ મૂર્તના શિર ઉપર કોરેલો સુન્દર મુગટ તો હતો જ–અને મૂર્તિના શરીરભાગને ભગવા રંગના કે એને મળતા રંગના વસ્ત્રવડે ઢાંકયો હતો અને તેની ચંદન પુષ્પ વડે પૂજા કરવામાં આવી હતી. આ આવરણ આડે મૂર્તિના મૂળ સ્વરૂપને તો જોઇ ન જ શકાય એ સ્પષ્ટ હતું. પૂજારી ત્યાં હાજર નહોતો. આમ તો એ મંદિર અને એ મૂર્તિ 'એન્શીયન્ટ મોન્યુમેન્ટ્સ પ્રોટેકશન એકટ' નીચે મૂકાયેલું હતું અને તે સર્વ કોઈ માટે ખૂલ્લું હતું. ત્યાં કોઇ પૂજારીને પોતાનો અડ્ડો જમાવવાનો હકક જ ન હતો. કુતુહલથી પ્રેરાયેલા મેં મૂર્તિ ઉપરનું વસ્ત્ર તેમજ મુગટ ખસેડી નાંખ્યાં અને મૂર્તિના મૂળ સ્વરૂપનાં ધારી ધારીને દર્શન કર્યાં. આ મૂર્તિનું શિલ્પવિધાન પણ એટલું જ સપ્રમાણ અને કલાપૂર્ણ હતું. મૂર્તિની આકૃતિ અને મુખમુદ્રા એટલી જ પ્રભાવશાળી અને ભકિત-ભાવને પ્રેરે તેવી હતી.

ધડિયાળનો કાંટો ત્રણ ઉપર ચાલવા લાગ્યો હતો. અમારો સામાન અમે ગરૂડ કે. એમ. એ. યુ. લીમીટેડની ઓફીસમાં મૂકયો હતો. એટલે અમારામાંના અજિતભાઇએ ગરૂડ પાછા જવાનું હતું અને સામાન લઇને અને બાગેશ્વર તરફ જતી બસમાં અમારી જગ્યા રીઝર્વ કરીને તેમણે અમને બાગેશ્વરના ગોમતી નદીના પુલ પાસેથી લેવાના હતા. એટલે અહિં વિશેષ રોકાવું અમને પરવડે તેમ નહોતું. તાલીહાટ ગામમાં આવેલાં બે ત્રણ જુનાં મંદિરો જોયાં. આ મંદિરોમાં શંકરનું લિંગ અને તેની પુરાણત–

એથી વિશેષ કાંઈ જોવા જેવું ન લાગ્યું. આમ અમે ફરી રહ્યા હતાં એવામાં પહેલાં મંદિરનો પૂજારી આવી ચડ્યો. એ મંદિરની મૂર્તિનો મુગટ તથા વસ્ત્ર મેં ઉતારી બાજુએ મુકેલા તે જોઈને અમારા ઉપર તે ખૂબ ધુંધવાયો હતો અને હવેથી મંદિર કદિ ખુલ્લું નહિ મૂકું એમ ધમકી આપતો હતો. અમે તેને શાન્તિથી સાંભળ્યા કર્યો અને તેની ઉપેક્ષા કરીને આગળ ચાલ્યા, અને ફરતા ફરતા ગોમતી નદીના પૂલ પાસે આવી પહોંચ્યા અને પૂલના નાકા પાસે એક પરચુરણ સીધું સામાન વેચનારની દુકાન હતી ત્યાં બેઠા. અહિં બધાંએ ચા પાણી પીધાં અને અજિતભાઇ ગરૂડ તરફ ચાલતા થયાં.

સત્યનારાયણનું મંદિર જોઈને આગળ વધતાં, જે પગની આંગળીઓને ચોંટ લાગી હતી તે કળવા માંડી હતી, અને જોડા પહેરીને ચાલવાનું મુશ્કેલ બનતું જતું હતું. પેલી દુકાને આવીને બેઠા અને માલુમ પડ્યું કે ડાબા પગના અંગુઠાની બાજુની બે આંગળીઓ સુઝી ગઇ હતી. બન્ને આંગળીએ ભીનો પાટો બાંધ્યો અને ઠંડુ પાણી સીંચવા માંડ્યું. રખેને આંગળીએ ફ્રેકચર તો નહિ થયું હોયને એમ મન ભય ચિન્તવવા લાગ્યું. જ્યાં અમે બેઠા હતા તે દુકાનદાર બહુ ભલો આદમી હતો. જતા આવતા માણસોને તેની દુકાને બે ઘડિ ઉભા રહેવાનું ઠેકાણું હતું. બાજુએ ચાની હોટેલ હતી. દુકાનદારને અમારા મુંબઇ બાજુના જીવન વિષે ભારે કુતુહલ હતું, કારણ કે તે હરદ્વારથી કદિ દૂર ગયો નહોતો. અમને એ લોકોના જીવન વિષે પણ એટલું જ કૌતુક હતું. આ કારણે, જો કે ગરૂડથી બસને આવતાં ધાર્યા કરતાં વધારે વિલંબ થયો એમ છતાં, અમારી વચ્ચે ચાલી રહેલી વાતોને લીધે વખત બહુ જણાયો નહિ. તે પ્રદેશમાં વસતા લોકોની ગરીબી, મોટા ભાગની નિરક્ષરતા, નાગરિક સગવડોનો લગભગ આભાવ, નિર્વાહનું મોટું સાધન ખેતી અને તે ખેતીની કંગાળ દશા–આ બધું જોઇ જાણીને ઊંડી ખીન્નતા અનુભવી.

આ પ્રસંગે કૌસાનીવાળા સરલાદેવી સાથે થયેલી એક વાતચિત યાદ આવી. મેં તેમને સહજભાવે પૂછેલું કે "સરલાબહેન, તમે અહિં ઘણા વખતથી વસો છો, એટલે તમે તો હિમાલયનો ખુણે ખુણો ખુંદી વળ્યા હશો!"–તેમણે જવાબ આપેલો કે "આ પ્રદેશમાં હું આવી એ અરસામાં ઠીક ઠીક ફરેલી, પણ પછી તો ૪૨ની લડત આવી અને પછી તો મનમાં નિરધાર કર્યો કે દેશ આઝાદ ન થાય ત્યાં સુધી જે કામ કરતી હોઉં તેને ચોંટી રહેવું અને બીજે કશે હરવું ફરવું નહિ." મેં કહ્યું કે "હવે તો આઝાદી મળી છે તો તમે અવકાશ લઇને આ પ્રદેશમાં યથેચ્છ વિચરી શકો છો." તેમણે જવાબ આપ્યો કે "ભાઇ, દેશને રાજકીય આઝાદી મળી છે; પણ આર્થિક આઝાદી મળી નથી. આજે પણ દેશની અને વિશેષે કરીને આ બાજુ વસતી પ્રજાની હાલત એટલી જ ગરીબ કંગાળ અને પછાત છે. એમાં ફેરફાર ન થાય અને પ્રજાજનો આર્થિક રીતે આઝાદ ન થાય ત્યાં સુધી મને કશે જવા કે ફરવામાં રસ નથી."

બાગેશ્વર તરફ

આમ પાંચ વાગવા આવ્યાં, સાડા પાંચ થયા, પણ ગરૂડ બાજુની બસ હજુ આવી નહિ. ગરૂડથી બાગેશ્વર સુધીની સડક કાચી અને ઓછી પહોળી હોવાના કારણે તે બાજુ 'વન વે રૂટ'ની પદ્ધતિ ચાલતી હતી એટલે કે અમુક સમય સુધી બાગેશ્વરથી ગરૂડ સુધી અને તે પછીના અમુક ગાળા સુધી ગરૂડથી બાગેશ્વર સુધી બસ જાય એ રીતે બસનો ગમનાગમન વ્યવહાર ગોઠવાયો હતો. આમાં જરા વિલંબ થયો હતો. હવે ગરૂડ તરફથી બસો આવવા માંડી. પહેલી બે ત્રણ બસો આવી તે ગુરૂઝ કેરીઅર–માલની હેરફેર કરતી–બસો હતી. છ વાગ્યા લગભગ આવી રહેલી બસમાં અજિતભાઇ દેખાયાં, અને અમે સૌ એ બસમાં આરૂઢ થયાં. પગની દુખતી–સુઝેલી–આંગળીઓના કારણે હું પગે જરા લંગડાતો થઇ ગયો હતો. ડાબા પગે જોડો પહેરાય એવું રહ્યું નહોતું. અમારી બસ ઉત્તરના બદલે હવે પૂર્વ દિશા તરફ આગળ વધવા લાગી. સાંજનો મનોહર સમય હતો. સૂર્ય આખો દિવસ લગભગ અગોચર રહ્યો હતો. અંજવાળું ઓસરવા લાગ્યું હતું. ગોમતી નદીના કિનારે કિનારે બસ આગળ વધ્યે જતી હતી. સામેનું દૃષ્ય બસના દરેક વળાંક સાથે બદલાતું જતું હતું. ઘડિ અમુક ગિરિશિખરો અને ગિરિકંદરાઓ દેખાય તો બીજી ઘડિએ બીજાં જ ગિરિશિખરો અને ગિરિકંદરાઓ નજરે પડે. અમે આજે હિમાલયના હૃદયભાગમાં વિચરી રહ્યા હોઇએ એવી ગહનતા અને ભવ્યતાનું સંવેદન અનુભવતા હતા. એક પછી એક ગામડાંઓ પસાર થતાં હતાં. નીચે નદીની બાજુએ આવેલા ખેતરોમાં પહાડી સ્ત્રીઓ કામ કરી રહી હતી. આ બાજુના ખેતરોમાં મોટે ભાગે સ્ત્રીઓ જ કામ કરતી દેખાય છે. પુરૂષો નોકરી કરે, પટલાઇ કરે, નાનો મોટો વેપાર કરે, પણ ઘર તેમજ ખેતીનું કામ મોટા ભાગે સ્ત્રીઓ જ સંભાળે–આવી કાંઇક આ બાજુની જીવન–પ્રથા અથવા તો સમાજવ્યવસ્થા લાગતી હતી. એક એકથી વધારે રળિયામણા લાગતા નિસર્ગ દૃષ્યોમાંથી પસાર થતાં થતાં જ્યારે સૂર્ય આથમી ચુકયો હતો અને આવતી રાત્રીનો અંધકાર ચોતરફ વ્યાપી રહ્યો હતો એવા સમયે અમે બાગેશ્વર પહોંચ્યાં.

અપૂર્ણ

પરમાનંદ

ચેરીટી કમીશનરે આપેલું વ્યાખ્યાન

ગત જાન્યુઆરી માસની ૨૦મી તારીખે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલયમાં મુંબઇ પ્રદેશના ચેરીટી કમીશનર શ્રી. સુમન ભટ્ટે, 'પબ્લીક ચેરીટી એન્ડ રીલીજીયસ ટ્રસ્ટ એકટ' એ વિષય ઉપર ઘણી માહીતી અને ઉપયોગી માર્ગદર્શન આપતું એક નાનીશી શ્રોતામંડળી સમક્ષ એક જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. શરૂઆતમાં સંઘના પ્રમુખ શ્રી. ખીમજીભાઇએ શ્રી સુમન ભટ્ટનો પરિચય આપતાં તેઓ માત્ર કાયદા કાનુનના ચોગઠાથી નહિ પણ સમાજની સંસ્થાઓ કેવી રીતે સક્રિય અને સફળ બને એ દૃષ્ટિએ પૂરી કુનેહ અને વ્યવહારદક્ષતાથી પોતાનું કાર્ય કરે છે એમ જણાવીને તે સંબંધમાં જાત અનુભવના કેટલાક દાખલાઓ રજુ કર્યા હતા અને સંઘ તરફથી શ્રી સુમન ભટ્ટને આવકાર્યા હતા. તેમના સમર્થનમાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ બોલતાં શ્રી સુમનભાઇ માત્ર ચેરીટી કમીશનરનો સરકારી મોટો અધિકાર ધરાવે છે એ રીતે નહિ પણ એક સંસ્કારી શીલસંપન્ન સહૃદય સજ્જન છે એ રીતે તેમનો વિશેષ પરિચય આપ્યો હતો.

ત્યાર બાદ શ્રી સુમનભાઇએ આજનો પબ્લીક ચેરીટી ટ્રસ્ટ એકટ આવ્યો તે પહેલાં પબ્લીક ચેરીટીઓ–જાહેર સંસ્થાઓ–ને લગતું કાયદાનું નિયમન કેટલું ઢીલું અને અવ્યવસ્થિત હતું તે વિષે, આજે અમલમાં આવેલ નવા કાયદાના હેતુઓ વિષે, અને આ કાયદો અમલમાં આવ્યા પછી જાહેર સંસ્થાઓ કેવી રીતે અને કેટલા પ્રમાણમાં વ્યવસ્થિત થઇ રહી છે અને તેમાં ચાલી રહેલા ગેરવહીવટ અને ગોટાળા ઉપર કેવો અંકુશ આવ્યો છે તેનો ખ્યાલ આપ્યો હતો. ત્યાર બાદ આ વિષય ઉપર પ્રશ્નોત્તરી થતાં તેમણે કેટલોક નવો પ્રકાશ પાડ્યો હતો. આખું વ્યાખ્યાન અને ચર્ચા ઉપસ્થિત શ્રોતાઓ માટે સારા પ્રમાણમાં ઉદ્બોધક બની હતી.

અન્તમાં સંઘના ઉપપ્રમુખ શ્રીમતી લીલાવતીબહેન દેવીદાસે શ્રી. સુમન ભટ્ટનો આભાર માન્યો હતો અને સંઘ તરફથી તેમનું પુષ્પહાર વડે બહુમાન કરવામાં આવ્યું હતું.

સંઘના નામપરિવર્તનનો પ્રશ્ન

(ગયા ડીસેંબર માસની પહેલી તારીખના 'પ્રબુદ્ધ જીવન'માં 'સંઘના નામપરિવર્તનનો પ્રશ્ન' એ મથાળા નીચે મારા અંગત વિચારો રજુ કરતી એક નોંધ પ્રગટ કરવામાં આવી હતી અને તેમાં મુંબઈ જૈન યુવક સંઘની આજથી લગભગ ૩૦ વર્ષ પહેલાં સ્થાપના થઈ તે વખતની સંઘની પ્રવૃત્તિ અને પરિસ્થિતિનો અને આજની પ્રવૃત્તિ અને પરિસ્થિતિનો મુકાબલો કરીને સંઘનું નામ બદલવાની જરૂર ઉભી થઈ છે એવો વિચાર રજુ કરવામાં આવ્યો હતો અને વિકલ્પે 'પ્રબુદ્ધ માનવ સંઘ' એ પ્રકારનું નામપરિવર્તન સૂચવવામાં આવ્યું હતું અને આ મહત્વના પ્રશ્ન ઉપર સંઘના સભ્યો અને શુભેચ્છક મિત્રોને પોતાના વિચારો જણાવવા આમ્હાહન કરવામાં આવ્યું હતું. તદનુસાર કેટલાંક લખાણો અથવા તો મને અંગત રીતે સંબોધીને લખાયલા પત્રો મળ્યા છે. તે નીચે પ્રગટ કરવામાં આવે છે. આ પત્રોમાં એક પત્ર માંડલ નિવાસી શ્રી રતિલાલ મફાભાઈ શાહનો છે. આ પત્રમાં રજુ કરવામાં આવેલા વિચારોની કોઈ વિશેષ ચર્ચા કરવાની જરૂર છે જ નહિ, પણ આ પ્રશ્ન સંબંધમાં કોઈ ગેરસમજુતી થવા ન પામે માટે આટલી સ્પષ્ટતા કરવાની ખાસ જરૂર લાગે છે કે 'મુંબઈ જૈન યુવક'ના સ્થાને 'પ્રબુદ્ધ માનવ' શબ્દ મૂકવાની સૂચના કરવા પાછળ 'જૈન' શબ્દ વિષે મારા કે અન્ય કોઈના મનમાં કોઈ સૂગ રહેલી છે એમ કોઇ ન માને કે વિચારે. સંઘની આજની પ્રવૃત્તિઓનું સમગ્ર રૂપ વિચારતાં 'જૈન યુવક' શબ્દ સંઘની આજની મનોદશાનો દ્યોતક નથી રહ્યો એટલું જ દર્શાવવાનો ઉપરનો ફેરફાર સૂચવવા પાછળ ઉદ્દેશ રહેલો છે. આ હકીકત આ પ્રશ્નની ચર્ચા કરનાર સૌ કોઇના ધ્યાનમાં રહેવી ઘટે છે. અન્ય અભિપ્રાય પણ નીચે ક્રમશ: પ્રગટ કરવામાં આવ્યા છે. **પરમાનંદ**)

શ્રી. રતિલાલ મફાભાઈ શાહનો પત્ર

જૈન યુવક સંઘના નામપરિવર્તન અંગે તમે સંઘના સભ્યોના વિચાર માગ્યા. હું સંઘનો સભ્ય નથી એટલે મને કહેવાનો અધિકાર નથી તેમ છતાં સંઘ પ્રત્યેના પ્રેમ અંગે મારા વિચારો મૂકું છું. આશા છે કે આપ આ અંગે ફરી વિચાર કરવા પ્રવૃત્ત થશો.

એ તો નિર્વિવાદ વાત છે કે મહાત્મા ગાંધીજીના આગમન પછીજ સાંપ્રદાયિક વૃત્તિને સ્થાને આજે આપણામાં સર્વધર્મભાવ સુદ્ધિ કેળવાવા લાગી છે. આવા એ પુરૂષ સર્વધર્મસમભાવી અને જગહિતૈષી હતા. છતાં નહોતો એમણે હિંદુત્વની નિશાનીરૂપ માથે શિખા રાખવાનો આગ્રહ છોડયો, નહોતો એમના પુત્ર દેવદાસની નાપસંદગી છતાં કસ્તુરબાના અસ્થિઓને ઇન્દ્રાયણી નદીમાં પધરાવવાનો આગ્રહ છોડયો કે નહોતો નોઆખલીમાં ૯૦ ટકા મુસ્લીમોની વસ્તી વચ્ચે તેમના અણુગમા છતાં પ્રાર્થનામાં રામધૂનનો આગ્રહ છોડયો, ઉપરાંત એ પોતાને હિંદુ અને ચુસ્ત વૈષ્ણવ ગણાવવા માટે ગર્વ લેતા.

વિનોબાજી જેવા વિશ્વસંત પણ જે હવે વ્યાપક રૂપે 'જય જગત' શબ્દ અપનાવી 'વસુધૈવકુટુંબક'ની ભાવનાને ચરિતાર્થ કરી રહ્યા છે, એમણે પણ એક વ્યાખ્યાનમાં જણાવેલું કે 'વેદોનો હું ભક્ત હિંદુઓનું અહિત ઇચ્છું ખરો?' તેમજ એ પોતે ગીતાનો તો આજે પણ વ્યાપક પ્રચાર કરી રહ્યા છે. તો જો એવા સમદર્શી પુરૂષોને પણ પોતાના હિંદુત્વ માટે કે સાંપ્રદાયિક ધર્મગ્રંથ વેદ–ગીતાના ભક્ત કહેવડાવવા માટે શરમ નથી ઉપજતી તો આપણને શા માટે 'જૈન' શબ્દ ખૂંચવો જોઇએ એ મને નથી સમજાતું.

વેદધર્મે વેદયુગથી પોતાના તત્ત્વજ્ઞાન–આચાર વિચારમાં સમયે સમય મૌલિક ક્રાંતિઓ સર્જીને વેદધર્મને વિકસિત અને પ્રવાહી બનાવ્યે રાખ્યો છે; જ્યારે ઉદાત્ત અને ઉદાર તત્ત્વવારસો મળવા છતાં જૈન સમાજ આજે રૂઢિચુસ્ત અને સંકીર્ણ વિચારનો બની રહી એ પોતાનું વ્યક્તિત્વ ગુમાવવા જેટલો નિસ્તેજ બની રહ્યો છે.

આવે સમયે તમારા જેવા ક્રાંતિકારે આગળ આવી જૈન યુવક સંઘની રચના દ્વારા જે અનુપમ કાર્ય કર્યું છે એથી હું માનું છું કે જૈન સંઘને જાગૃત કરી આગળ ખેંચવાનું એ કાર્ય સંઘની ઉત્તમ સેવા હતી અને આજ પણ છે. એથી જો જૈન યુવક સંઘ એંજિન અને ડબ્બાઓને સાંધનારી હૂકની માફક 'જૈન' શબ્દ ફગાવી દેશે તો એથી ભલે કદાચ તમને થોડા નવા સાથીઓ મળશે પણ જે સમાજના ભાઇઓની મોટી સહાય અને ટેકા સદા તેમને મળતાં રહ્યાં છે, એ સાથ ગૂમાવવાનો કદાચ અવસર આવે તો એ એક ખોટનો જ ધંધો ગણાશે. અને પછી તમારૂં એન્જિન દૂર જઇ ગમે તેટલી વરાળ કાઢશે કે સિસોટી વગાડયે રાખશે તો પણ પાછળ રહી ગયેલા એ ડબ્બાઓમાં નવી ગતિ નહી પ્રેરી શકે; ને એથી જે સમાજની સેવા કરવાનો તમારો મનોરથ હતો એ સમાજને છેહ આપ્યા જેવું થશે.

બાકી જો વ્યાપક ક્ષેત્રમાં કામ કરવાની તમારી ભાવના છે તો એમ કરતાં કોઈ પણ તમને રોકી શકે તેમ નથી. પણ તમારો જૈન સમાજ સાથેનો સંબંધ રહેશે તો એ સમાજને પણ તમે આગળ લઇ જઈ શકશો અને સાથે એની સેવા દ્વારા વિશાળ સમાજને પણ તમે નવો આદર્શ આપી શકશો.

વિશ્વકલ્યાણ દૃષ્ટિવાળા ગાંધીજી–વિનોબાજી જેવા સંતોને પણ જો જગતને નવો પ્રકાશ આપવા કોઇ પરિમિત ક્ષેત્ર–સમાજ કે સંપ્રદાયની સેવાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવવું પડ્યું છે, તો આપણે સ્વીકારેલા ચોકકસ ક્ષેત્રથી આપણે કંઈ સંકુચિત ઠરતા નથી. કારણ કે આપણી દૃષ્ટિ કોઇ એવી નથી. પણ સમાજના એક ભાગને ઉન્નત બનાવવાની અને એ દ્વારા વિશાળ સમાજ સાથે સંપર્ક સાધવાની છે. આમ છતાં તમારા જેવી નીડર વ્યક્તિ અન્યની ટીકાઓથી કેમ ગુંચવાઇ ગઈ હશે એ મારા ધ્યાનમાં નથી આવતું.

જેને દિલથી સેવા કરવી છે એ કોઇ સાંપ્રદાયિક અર્થવાળા શબ્દ સામે સૂગ નથી ધરાવતો. પણ જે પોતે એવી માનસિક વ્યાધિથી પીડાતો હોય છે એને જ એવા શબ્દની સૂગ ચડે છે. ઘણીવાર જાણીતી વ્યક્તિઓ કે પ્રધાનો એવાં સાંપ્રદાયિક શબ્દ સામે ટીકા કરે છે. છતાં છાશવારે એમના હાથે થતાં ઉદ્‌ઘાટન વિધિમાં તો કેવળ ચોકકસ ધર્મ સંપ્રદાયની પૂજનવિધિને જ સ્થાન અપાય છે. આજ સુધી એવા કોઈ પણ બીનસાંપ્રદાયિક ગણાતા નેતાએ વારાફરતી હરેક મુખ્ય મુખ્ય ધર્મોની પૂજનવિધિને અપનાવવાનું પગલું નથી ભર્યું? એથી જણાય છે કે જો એમને એમાં દોષ નથી દેખાતો તો જે સમાજ ઘોર નિદ્રામાં સૂતેલો છે એની સેવા કોઇ ઓછી સેવા નથી. અને રાષ્ટ્રનો જ એ એક ભાગ હોઈ એની સેવા એ રાષ્ટ્રસેવા જ છે–માનવસેવા જ છે. ને એ કારણે એ સમાજ સાથે સંબંધ જોડી રાખનારો 'શબ્દ' વપરાય તો એમાં કોઇ સંકુચિત ભાવ નથી પણ નિર્મળ સેવા કરવાનો ઉદાત્ત ભાવ છે. એથી મને કહેવાનું મન થાય છે કે કોઇની ટીકાને ખાતર એક વિશાળ વર્ગનો સંબંધ કાપી નાખવો એ એક કેવળ ઘેલછા જ છે. એથી જે લોકો સંઘના કાર્યને–એની ઉદાત્ત દૃષ્ટિને નહિ જોતાં કેવળ 'શબ્દ' સામે જ સૂગ ધરાવનારા છે એવા સંકુચિત માનસના લોકો મેળવવાથી લાભ પણ શો?

હા, એટલું ખરું કે તમે આપવા ધારેલા 'માનવ' નામ કરતાં 'જૈન' શબ્દની વ્યાખ્યાને વિસ્તૃત બનાવો. હરેક જૈનેતરને સંઘમાં પ્રવેશ મળે એ રીતે એના બંધારણમાં ફેરફાર કરો તેમ જ જૈન સમાજની સેવા સાથે વિશાળ માનવ સેવાને પણ સ્થાન આપો એ સમજી શકાય છે. બાકી જૈન નામનો ત્યાગ કરવો એમાં કોઇ પણ જાતની દીર્ઘદૃષ્ટિ નથી એમ નમ્રપણે વિચાર કરતાં લાગે છે. એક પ્રશ્ન કદાચ મુંઝવણ ઉભી કરે કે સંઘમાં પ્રવિષ્ટ થયેલા જૈનેતર ભાઇઓ જૈન સંઘ નીચે વિશાળ માનવસમાજની સેવા કરી શકે, પણ જૈન સમાજ સાથે તેની કેવી મર્યાદા રહે? આ પ્રશ્નનો ઉત્તર મહાત્મા ગાંધીજીએ હિન્દુ-મુસલમાન ખ્રિસ્તી-પારસી આદિ સર્વ કોમોની બનેલી કોંગ્રેસમાં હિન્દુ સમાજના અંગભૂત અસ્પૃશ્યોધ્ધારના કાર્યક્રમને મૂકી આપી દીધો છે. એથી એ પ્રશ્નનો ઉકેલ કોઇ કઠિન વાત નથી.

* * *

મુંબઇ જૈન યુવક સંઘની પ્રવૃત્તિ સાથે વર્ષોથી ગાઢપણે સંકળાયલા એક મિત્ર પોતાનું નામ પ્રગટ કર્યા સિવાય તા. ૨૯-૧૦-૫૮ના જૈન પત્રમાં જણાવે છે કે "જૈન સમાજને સચોટ માર્ગદર્શન આપી શકે તેવી કોઇ સક્રિય કાર્યવાહી કે આન્દોલન સંઘે ઘણાં વર્ષોથી કરેલ નથી, જે કાર્યવાહકોનું માનસ કઇ તરફ ઢળી રહ્યું છે તે સૂચવે છે. હાલની પ્રવૃત્તિ વ્યાખ્યાનો, પર્યટનો, નૌકાવિહાર, ભોજન સમારંભોમાં અટવાઈ પડેલ છે. આ સંયોગો અને પરિસ્થિતિમાં મુંબઇ જૈન યુવક સંઘ નામ પરિવર્તનનો વિચાર કરે છે તે સુયોગ્ય અને ઉચિત છે. 'જૈન' સાથેનો 'યુવક' શબ્દ પણ બીનજરૂરી છે. સંઘની પ્રવૃત્તિમાં પ્રવર્તી રહેલ યુવકને છાજતા જુસ્સાનો અભાવ આ નિર્ણય કરવા તુરત પ્રેરે તે હિતાવહ છે. સંઘને આર્થિક સહાય મળે છે તે પાછળ સ્વ. મણિલાલ મોકમચંદ શાહનો પુનિત આત્મા કેમ જાણે પ્રેરક ન હોય એમ લાગે છે.

* * *

બગસરાથી **શ્રી લાલચંદ વોરા** જણાવે છે કે "સંઘના નામપરિવર્તન વિષે મને લાગે છે કે 'પ્રબુધ્ધ યુવક સંઘ' એવું નામ રાખવું યોગ્ય છે, 'પ્રબુધ્ધ જીવન સમાજ' પણ યોગ્ય છે."

* * *

મુંબઇથી સંઘના સભ્ય **શ્રી શાન્તિલાલ ડાહ્યાભાઈ ઝવેરી** જણાવે છે કે "હું સંઘનું નામપરિવર્તન કરવાના મતનો છું, તેમ કરવામાં આપણે ગુમાવવા કરતાં મેળવવાનું વધારે છે. ગુમાવવાનું લગભગ કશું જ નથી. જૈન સંઘને બદલે માનવ સંઘ રાખીએ તે યોગ્ય છે. જૈન શબ્દ ફકત તે જ ધર્મનાં લોકને પ્રિય છે, જ્યારે 'માનવ' શબ્દ અને 'માનવ ધર્મ' રાષ્ટ્ર આખાને પ્રિય છે. લાભાલાભની દૃષ્ટિ જે રાષ્ટ્રને પ્રિય છે તે અપનાવી લેવું તે વધારે યોગ્ય છે.

સંઘનું નામ ખ્યાતિમાં આણવા માટે અલબત્ત આપણે ઘણીજ મુશ્કેલીઓ વેઠી હશે અને સહન પણ કર્યું હશે. તેથી જ તે નામ ઉપર આપણો મોહ છે. તે કુદરતી છે. જેમ જેમ સમય-પરિવર્તન થાય છે તેમ તેમ આપણે પણ કાળની ગતી સાથે જ ચાલવું પડે છે અને તેમ કરવામાં સફળતા છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું નામ 'પ્રબુદ્ધ માનવ સંઘ' રાખીએ તો હજી પણ વધારે સારા પરિણામની આશા રાખી શકાય અને વધુ સફળતા મેળવી શકાય. વધુમાં હેતુ અને કાર્યની દૃષ્ટિએ પણ નવું નામ ઘણું જ અનુકુળ છે."

મુંબઇથી **શ્રી લવણપ્રસાદ શાહ** જણાવે છે કે "મારી પોતાની આજની માન્યતા પ્રમાણે હજી પણ જૈન યુવક સંઘના નામની જરૂરત છે, પણ સંઘની આજની પ્રવૃત્તિ માત્ર નિષ્ક્રિય છે, વિચારોના ફેલાવા પૂરતી જ છે. તેના અમલની કોઇ પ્રવૃત્તિ કે વિચારણા જ નથી. પ્રવૃત્તિ માત્ર જ્ઞાનગોષ્ઠી જેવી છે અને કદાચ ખરાબ ન લાગે તો તમે સારા છો અને અમે સારા છીએ તેવી છે. ઉપરાંત કોઈ સ્પષ્ટ વિચારસરણી પણ નથી.-કોઈ પણ સંસ્થાનો હેતુ પ્રજાનું આર્થિક કે નૈતિક ઉત્થાન કરવાનો હોવો જોઇએ. હું ધારું છું કે પ્રજાના આર્થિક ઉત્થાન માટે તો આ સંસ્થા કંઇ કરતી નથી. માત્ર નૈતિક ઉત્થાન માટે કાંઇક કરે છે એવો ભાસ થાય છે. રાજકીય ઉત્થાનનો હેતુ છે કે નહિ તે સ્પષ્ટપણે દેખાતું નથી. પણ રાજકીય પ્રશ્નો સંઘ છોડે તો છે જ. આપણે નામ બદલીને મોટા ક્ષેત્રોમાં ગયા એવો ભાસ ઉત્પન્ન કરવાનો કોઈ અર્થ નથી. કોઇ પણ કામ માટે આપણી પાસે દૃષ્ટિ હોવી જોઇએ.....આ સ્થિતિમાં મુંબઇ જૈન યુવક સંઘનું નામ ગમે તે રહે તેમાં મને જરાયે રસ નથી. તેથી કોઇ ફાયદો થાય તેમ હું માનતો નથી. જૈન યુવક સંઘ માત્ર વાતો કરવાને બદલે કોઇ નિશ્ચિત સક્રિય કામ કરે તો બીજી કોમમાં બીજી જગ્યાએ પણ તેનો અમલ થઇ શકશે. માત્ર વાતોથી, ભાષણોથી, લેખોથી, નામપરિવર્તનથી કશું થવાનું નથી.

"મને લાગે છે કે સંઘની પ્રવૃત્તિ અંગે પરમાનંદભાઈ જુદી જુદી વ્યકિતઓના સંપર્કમાં આવે છે તેથી તેમના મનમાં આ તુકકો આવ્યો છે. બાકી કામની દૃષ્ટિએ, જરૂરિયાતની દૃષ્ટિએ સંઘમાં આ વિચારની સ્ફુરણા થઇ નથી લાગતી."

* * *

મુંબઇથી **શ્રી. સારાભાઈ. એન. શાહ** જણાવે છે કે "સમયના વહેવા સાથે અને પલટાએલી પરિસ્થિતિને અનુલક્ષીને સંઘના નામમાં પરિવર્તન કરવાનું આવશ્યક બન્યું હોવાનું આપનું સચન અને એના સમર્થનમાં આપે કરેલો ખુલાસો અવશ્ય વિચારણીય છે. પરંતુ બદલાએલી પરિસ્થિતિને કારણે જે નામ પસંદ કરવામાં આવે એની સાથે જ એને અનુરૂપ કાર્યક્ષેત્ર પણ વિચારવામાં આવે એ પણ એટલું જ જરૂરી છે. કાર્યક્ષેત્રમાં યોગ્ય સુધારો વધારો કરીને જો નામપરિવર્તન કરવામાં આવશે તો એ પ્રગતિશીલ લોકોની દૃષ્ટિએ જરૂર આવકારપાત્ર અને સંતોષજનક લેખાશે.

જ્યારે કાર્ય ક્ષેત્રનો વિચાર આવે છે ત્યારે આજની બદલાએલી હાલતમાં સંઘ શું કરી શકે એ સવાલ સામે આવીને ઉભો રહે છે.

આજથી ૩૦ વર્ષ પહેલાં જેમ જૈન સમાજમાં ઘર કરી ગયેલી કેટલીક રૂઢીઓ અને સાધુશાહીની આપખુદીનો સામનો કરવા મુંબઇ જૈન યુવક સંઘનો જન્મ થયો હતો. તે જ પ્રમાણે વર્તમાન કાળે જનસમાજમાં જ્યાં હાનિકારક રૂઢીઓ, બદીઓ અને આપખુદી જણાય, જનતાનું હિત કરવાને નામે જ્યારે જનતાનું અહિત કરનારા કાયદાઓ થતા દેખાય, કલ્યાણકારી-કાયદાયોનું સ્વરૂપ અકલ્યાણકારી બનતું દેખાય ત્યારે એ અંગે પક્ષાતીત ધોરણે વિચારવિનિમય કરીને જનતાનો અવાજ સુધરાઇ અને સરકાર સમક્ષ રજુ કરવાનું કાર્ય સંઘ એની મર્યાદામાં રહીને કરી શકે અને જનતાને માર્ગદર્શન આપી શકે.

પક્ષાંધ બનતા આજના રાજકારણમાં સંઘ જો આવું દીવાદાંડીરૂપ કાર્ય કરવા પ્રેરાય તો એ એક પ્રાણવાન અને લોકપ્રિય સંસ્થા બની જાય.

એ હકીકત છે કે આઝાદી પછી સામાજીક, આર્થિક, ધાર્મિક વિગેરે સર્વ ક્ષેત્રો રાજકારણની અસાધારણ અસર નીચે આવી ગયા છે. ખુરશી અને પદની પૂજા વધી રહી છે. વિચારકોના દિલમાં દર્દ પેદા કરે તેવી સ્થિતિ નિર્માણ થઇ રહી છે. કોમવાદ,

પ્રાંતવાદ, ભાષાવાદ વિગેરે નાબૂદ કરવાની વાતો કરનારાઓ ખુદ એ વાદોને ભૂલાવે તેવો ઝેરી પક્ષવાદ નિર્માણ કરી રહ્યા છે. ભલભલા વિચારકો પણ આ વાદની અસર નીચે આવી બહેરાં, મૂંગાનો પાઠ ભજવી રહ્યા છે. દેશનું પારાવાર નુકશાન થઇ રહ્યું છે.

આ સંજોગોમાં સંઘ જો નવા નામ નીચે એનું રાષ્ટ્રીય સ્વરૂપ સંપૂર્ણરીતે જાળવીને છતાં પક્ષાતિત ધોરણે, જનહિતની દૃષ્ટિએ વિચારવાનું, બોલવાનું અને એના મુખપત્રમાં લખવાનું શરૂ કરે તો "પ્રબુદ્ધ જીવન" પ્રજાનું મુખપત્ર બની જાય. સંઘનું અસ્તિત્વ પણ યથાર્થ ઠરે. પક્ષવાદને પરિણામે વર્તમાનપત્રોએ પણ એમની નીતિ બદલી હોવાથી સંઘ પાસે સમયની આ તાકીદની માગ છે. સંઘ ધારે તો આ દિશામાં ઘણું ઘણું કરી શકે તેમ છે.

બાકી સંઘની હાલની પ્રવૃતિઓમાં તો કોઇ પ્રાણ દેખાતો નથી. જનસમાજનું કોઇ શ્રેય એમાં થતું હોય એમ હું માનતો નથી. નામપરિવર્તનના સૂચનને હું આવકારું છું, પણ સાથે જ કાર્યપરિવર્તન અંગે સૂચન કરું છું. આશા રાખું છું કે સંઘ નામપરિવર્તન કરતી વખતે એના પર ઘટતો વિચાર કરશે."

* * *

મુંબઇથી સંઘના એક સભ્ય ડા. જયંતિલાલ એમ. પટણી જણાવે છે કે "મારે કબુલવું જોઇએ કે હું થોડો રૂઢીવાદી હોઉં અને લાગું. અને તથા જ જુના નામ પ્રત્યેના વિચારો આવે, છતાં વિચારો આવે તે લખવાં જ રહ્યા.

(૧) અંગ્રેજી સુવાક્ય પ્રમાણે–What is there in a name ? તો નામ બદલવા માટે મમતા શા માટે ? કાર્યથી કામ કે નામથી ? માનવી સ્થિતિ, સંપત્તિ, વિચારો કે ઉમર બદલાતા નામ નથી બદલતા તો આ માનવીનો સંઘ શા માટે બદલે ?

(૨) યુવક શબ્દ બદલવાની વાત જે રીતે કરી તે યોગ્ય નથી. યુવક ઉમર સાથે નહિ પણ વિચારો સાથે સંબંધ ધરાવે છે. સંસ્થાપકો સૌ પ્રૌઢ હતા છતાં યુવક હૃદયના હતા. સભ્યો ભલે યુવક ન હોય પણ યુવક હૃદયના હોય એમ ઇચ્છીએ–અને છે પણ તેમજ: તેથી યુવકનો વિરોધ અસ્થાને છે.

(૩) જૈન શબ્દ માટે ભાઇનું કહેવું કેટલેક અંશે વ્યાજબી હશે. સંઘમાં જોડાવા ઇચ્છનારા બહુ વિચારશીલ વ્યકિતઓ હોય છે. તેમને તો જૈનનો ટુંકો અર્થ ન લેતાં વિશાળ અથવા સત્ય અર્થ લેવો જોઇએ. (જૈન–જીતેલા). વળી આત્માના ઉંડાણથી અને સત્યપ્રિયતાની દૃષ્ટિએ વિચારીએ તો અત્યાર સુધી દાન, સભ્યપદ કે મમતા આ સંઘ પ્રત્યે છે તે જૈન તરીકે અને જૈનોની સંસ્થા છે તેથી છે.

નવજીવન પામેલા –રૂઢીવાદ–આડંબર અને નિરર્થક ખર્ચાઓનો વિરોધ કરનારા જૈનો જૈન યુવક સંઘમાં પ્રેરણાદાયી તત્વ જોતાં, અને જુએ છે. જૈન શબ્દ કાઢી નાંખીએ તો પૂર્વકાર્યકર્તાઓ, દાતાઓ અને પ્રેરણા આપનારાઓને ધોખો આપીએ છીએ એમ લાગે. પોતાના વર્ચસ્વવાળી સંસ્થામાં પોતાના વિચારોનું–વિચાર પ્રમાણે ધાર્યું કરી કરાવી શકીએ છીએ. રાજની વિનંતિનો અનાદર નથી થઇ શકતો. જે સિધ્ધાંત ઉપર ઇમારત ચણાઇ હોય એ સિધ્ધાંતોની જ્યાં સુધી જરૂર છે ત્યાં તેના મૂળ ઉપર ઘા મારવો ઠીક ન ગણાય.

મુંબઇ જૈન યુવક સંઘે જે ક્રાન્તિકારી પગલું ભરેલ છે તે હજી પૂરું થયું નથી. જૈન સમાજમાં–મંદિરો ઉપધાનો –ઓચ્છવો વગેરે પાછળ પહેલાં કરતાં વધુ ખર્ચા થાય છે. તે સમાજને સુપથે વાળવા સમજાવવા આ સંઘ નિષ્ક્રય બન્યો છે. તેને સજાગ બનાવી મૂળ કાર્યો ઉપર લક્ષ આપવાનું જરૂરી છે. જુનવાણી સાધુસંસ્થા સમયોચિત દોરવણી આપવાને બદલે પૂરાણી રીતે જ ચાલે છે. તેથી સંઘે–નૂતન જૈન સમાજ અને સાચા જૈન ધર્મના દર્શન કરાવવા પ્રયત્ન કરવાની જરૂર છે. પરમાનંદભાઇ જેવા ધર્મ અને વાડાની સંકુચિતતાથી પર થયા હોય તેવાઓએ ચાલતી સંસ્થાઓને પોતાનું કાર્ય કરવા દઇ વિશાળ વિચારદોહનવાળી સંસ્થા સ્વીકારવી જોઇએ અથવા સ્થાપવી જોઇએ અને આવી સંસ્થાને તેનું કાર્ય કરવા રાખવી જોઇએ. તેમાં જૈન સમાજનું શ્રેય છે. રૂઢી–વહેમ અને અંધશ્રધ્ધાથી ભરેલા જૈન સમાજને આ સંસ્થાની જરૂર છે અને ભાઇના માર્ગદર્શનની પણ તેટલી જ જરૂર છે.

(૪) "પ્રબુધ્ધ માનસ સંઘ"–નામ ઘણું જ સરસ છે; આકર્ષક છે અને જુના નામનો પડઘો સાચવે છે. પણ પ્રબુદ્ધનો અર્થ જાગેલો–જ્ઞાની–એવો જોડણીકોશમાં છે. સંઘને જ્ઞાનીઓનો સંઘ એમ કહેવું એ વધુપડતું લાગે છે. પ્રબુદ્ધ જીવન એ સામયિક હતું. પત્રને નામ એવું આપવામાં વધુપડતું કદાચ ન લાગે પણ સંઘને એ નામ આપવાથી આપણે આપણો અતિરેક કર્યો કહેવાય. એટલા પુરતું આ નામનું સૂચન અસ્થાને લાગે છે.

(૫) "પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ" વર્ષોથી ચાલી આવતી પ્રણાલિકા પ્રમાણે એક જ જાતના સૂત્રો ઉપાશ્રયોમાં વાંચતા હોવાથી જ્ઞાનપિપાસુઓને ધાર્મિક દિવસોમાં કંઇક સમજી શકાય તેવું સાંભળવાની જરૂર હતી અને સંઘે તે પુરી પાડી; તેથી આ વર્ગમાં તે લોકપ્રિય બની. એ જ વ્યાખ્યાનમાળા અન્ય દિવસે રાખો અને પરિણામ જુઓ ? તેથી સમજી શકાય છે કે જૈન સમાજને નવું પીરસનારને જ્ઞાનક્ષુધા તૃપ્ત કરતી સંસ્થાની જરૂર છે.

(૬) પરમાનંદભાઇ એટલે મુંબઇ જૈન યુવક સંઘ અને સંઘ એટલે પરમાનંદભાઇ એ સ્થિતિ છે. આ સંઘ પરમાનંદભાઇ વગર સૂનો અને એ નિઃશંક છે. એ પણ એટલું જ સત્ય છે કે જો આ સંઘને સમુળો બદલી નાખીએ અને ભાઇની ગેરહાજરી હોય ત્યારે એ સંસ્થા ધણીધોરી વગરની બને. ન જૈન સમાજની રહે કે ન સર્વની રહે. નાના વર્તુળોમાં કાર્ય કરી શકનારાઓ મળી શકે અને કાર્ય ધપ્યે જાય. વિશાળ વિચારો ધરાવનારાઓની સંખ્યા અલ્પ હોય છે. જ્યાં સુધી બંધારણમાં ધર્મનો નિર્દેશ ન કાઢી નાખવામાં આવે ત્યાં સુધી "આ સંઘ જૈનો પૂરતો કામ કર્યે જાય અને સર્વનો સાથ માગતો રહે અને મળતો રહે તો જૈન સમાજના નવજીવન પામેલાઓને જે રાહ મળવી જોઇએ તે મળતી રહેશે.

(૭) સંઘને સમૂળો બદલવા કરતાં એક નવી સંસ્થા સ્થાપીએ અને સર્વગમ્ય સિદ્ધાંતો તેમાં લાવીએ–'પ્રબુદ્ધ જીવન'ને તેનું મુખપત્ર બનાવીએ અને બન્ને જાતના કાર્યકરોને સગવડ આપીએ. સંસ્થાના સ્થાપક શ્રી. પરમાનંદભાઇ બને. સાથોસાથ સંઘને સૂચના, સલાહ, માર્ગદર્શન અને સાથ આપ્યા કરે. આમ કરશું તો આપણે કોઇને ધોખો નહિ આપીએ–અન્યાય નહિ થાય અને સંકુચિતતા અનુભવનારાઓને મોકળાશ મળશે.

હું સક્રિય કાર્યકર નથી કે બહુ રસ લેનાર સભ્ય નથી. છતાં આવેલા વિચારો નથી રોકાતા તેથી મનમાં ધૂંટવા કરતાં આપને જણાવ્યાં છે. છતાં સંઘનો મોટો સમુદાય જો નામ બદલવાનું ઇચ્છતો હોય તો સંમત છું.

વિનોબાજીની ગુજરાતની પદયાત્રા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં (૪૫/૮૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩) ફેબ્રુઆરી માસની છઠ્ઠી તારીખ શુક્રવાર સાંજના ૬–૧૫ વાગ્યે વિનોબાજીની ગુજરાતની પદયાત્રામાં ઘણો સમય સાથે ફરનાર અમદાવાદના જાણીતા ભૂદાન કાર્યકર શ્રી સૂર્યકાન્ત પરીખ 'વિનોબાજીની ગુજરાતની પદયાત્રા' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. આ પ્રસંગે અનુકુળતા હશે તો બહેન ગીતા પરીખ પોતાનાં કાવ્યો તથા ગીતો સંભળાવશે. આમાં રસ લેતાં ભાઇ બહેનોને વખતસર હાજર રહેવા નિમંત્રણ છે.

સંઘ આયોજિત કાર્યક્રમો

ચિંચવડ પર્યટન

મુંબઇથી પૂના જતાં બાર માઇલ પહેલાં ચિંચવડ નામનું ગામ આવે છે, આ સ્થળે શ્રી જૈન વિદ્યા પ્રસારક મંડળ નામની સંસ્થા તરફથી શ્રી ફત્તેચંદ જૈન વિદ્યાલય (હાઇસ્કૂલ) શિશુવિહાર (પૂર્વ પ્રાથમિક, શ્રી જનતા વસતિગૃહ, (છાત્રાલય), આરોગ્ય ભવન, શ્રીમાંડિયાં જૈન વિદ્યામંદિર (પ્રાથમિક), શ્રી જૈન વસતિગૃહ (છાત્રાલય), તથા ડાકલિયા ટ્રસ્ટ (ખેતી વિભાગ)—આટલી સંસ્થાઓનું સંચાલન કરે છે. આ વિદ્યા—પ્રસારક મંડળના સંચાલકોના નિમંત્રણને માન આપીને શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ચિંચવડ જવા આવવાનું એક પર્યટન ગોઠવવામાં આવ્યું છે. આ પર્યટનમાં સંઘના સભ્યો પોતાના કુટુંબીજનો સાથે જોડાઇ શકશે, અને તેમાં જોડાવા માટે વ્યક્તિ દીઠ મોટી ઉમ્મરનાએ રૂ. ૧૨ અને દશ વર્ષની નીચેની ઉમ્મરનાએ રૂ. ૯ ચૂકવવાના રહેશે. આ પર્યટન માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસની ગોઠવણ કરવામાં આવશે. આ માટે નિયત કરેલી બસ ફેબ્રુઆરી માસની ૨૧ મી તારીખ અને શનિવારે પાયધુની પોલીસ સ્ટેશનની સામેથી બરોબર બે વાગ્યે ઉપડશે, અને રોયલ ઓપેરા હાઉસ, દાદર ખોરદાદ સર્કલ આગળ વીન્સેન્ટ રોડના નાકા ઉપર, કીંગ સરકલ બાજુએ પહેલા જૈન મંદિર પાસે ઉભેલા પ્રવાસીઓને લઇને સાંજના વખતે ચિંચવડ પહોંચશે. ચિંચવડથી રવિવારે બપોરે બે વાગ્યે પર્યટણ મંડળી પાછી ફરશે, રસ્તામાં આવતી કાર્લાની ગુફાઓનું નિરીક્ષણ કરશે અને રાત્રીના મુંબઈ પહોંચશે. પર્યટણમાં જોડાનારા ભાઇ બહેનોએ પોતાનું બેડીંગ સાથે લેવાનું છે. વધારે પડતો સામાન નહિ લેવા ખાસ વિનંતિ છે.

સંઘના સભ્યો માટે ચિત્રપટ-દર્શન

'મહાત્મા ગાંધીઃ ૨૦મી સદીના પયગંબર'

ગાંધી સ્મારક સંગ્રહાલય અને મુંબઇ જૈન યુવક સંઘના સંયુક્ત આશ્રય નીચે અમેરિકન એકેડેમી ઓફ એશિયન આર્ટીસ્ટ તરફથી તૈયાર કરવામાં આવેલ "Mahatma Gandhi The 20th Century Prophet" 'મહાત્મા ગાંધીઃ ૨૦મી સદીના પયગંબર' એ નામનું ચિત્રપટ ન્યુકીન્સ રોડ ઉપર આવેલા રોકસી થીએટરમાં ફેબ્રુઆરી માસની ૨૮મી તારીખે સવારે ૮ વાગ્યે સંઘના સભ્યોને દેખાડવામાં આવશે. આ ચિત્રપટ ભારે કુશળતાપૂર્વક તૈયાર કરવામાં આવ્યું છે, જેની અંગ્રેજી કોમેન્ટરી પણ અતિ ઉચ્ચ કક્ષાની છે. થોડા દિવસ પહેલાં રાષ્ટ્રપતિ મુંબઇમાં પધાર્યા તે પ્રસંગે આ ચિત્રપટ સૌથી પહેલીવાર દેખાડવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રસ્તુત ચિત્રપટ દેખાડવાનું શરૂ કરવા પહેલાં ગાંધી સ્મારકનિધિના ખાસ નિમંત્રણને માન આપીને ભારતના એક મહીનાના પ્રવાસે આવનારા ડો. માર્ટીન લ્યુથર કીંગનું બન્ને સંસ્થાઓ તરફથી જાહેર સન્માન કરવામાં આવશે. આ રેવરન્ડ માર્ટીન લ્યુથર કીંગ એ વ્યક્તિ છે કે જેમની ૨૯ વર્ષની ઉમ્મર છે, જેઓ પોતાના હબસીભાઇઓને ઉતરતા ગણવાની અને અલગ રાખવાની અમેરિકન પ્રજાની નીતિરીતિ સામે વર્ષોથી હીલચાલ ચલાવી રહ્યા છે. તેમણે થોડા સમય પહેલાં અલાબામામાં વસતા હબસીઓને જાહેર બસોનો ઉપયોગ કરતા અટકાવવા માગતા ગોરાઓ સામે બસ-હડતાલનું પ્રચંડ આન્દોલન જગાડ્યું હતું.

પ્રસ્તુત ચિત્રપટો જોવા માટે પ્રવેશપત્રો રાખવામાં આવનાર છે, જે ફેબ્રુઆરીની ૧૦મી તારીખથી સંઘના કાર્યાલયમાંથી સભ્ય દીઠ બે પ્રવેશપત્રો એ મુજબ આપવામાં આવશે.

આગામી વસન્ત વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજનાર વસન્ત વ્યાખ્યાનમાળા માર્ચ માસની ૯ મી તારીખ સોમવારથી ૧૫ મી તારીખ રવિવાર સુધી એટલે કે સાત દિવસ માટે ગોઠવવામાં આવી છે. પહેલા છ દિવસની વ્યાખ્યાન સભાઓ ગ્લેવાટ્સ્કી લોજમાં સાંજના સાડા છ વાગે શરૂ કરવામાં આવશે. સાતમા દિવસની સભા મરીન લાઇન્સ સ્ટેશનની પાછળ આવેલા તારાબાઇ હૉલમાં સવારના સાડા આઠ વાગ્યે ભરાશે, અને એ દિવસે કાકાસાહેબ કાલેલકર 'દુનિયાની પુનર્રચના' એ વિષય ઉપર વ્યાખ્યાન આપશે. આગળના દિવસો માટે નક્કી થઇ રહેલા વ્યાખ્યાતાઓ અને તેમના વિષયોના પ્રબુદ્ધ જીવનના હવે પછીના અંકમાં જાહેરાત કરવામાં આવશે.

નૃત્યલક્ષી સંસ્કારસંમેલન

આગામી માર્ચ માસની ૧૬મી તારીખ સોમવારે સાંજના સાત વાગ્યે મરીન લાઇન્સ સ્ટેશન પાછળ આવેલ તારાબાઈ હોલમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો અને તેમનાં સ્વજનો માટે કાકાસાહેબ કાલેલકરના પ્રમુખસ્થાને એક સંસ્કાર સંમેલન યોજવામાં આવેલ છે, જે પ્રસંગે મણિપુરી નૃત્યમાં અપૂર્વ કુશળતા જેમણે પ્રાપ્ત કરી છે તે ઝવેરી ભગિનીઓ (દિગંબર સમાજના આગેવાન ગૃહસ્થ શ્રી નવનીત સી. ઝવેરીની પુત્રીઓ) બહેન નયના, રંજના, સુવર્ણા અને દર્શના ભિન્ન ભિન્ન પ્રયોગો દ્વારા મણિપુરી નૃત્યની શાસ્ત્રીય સમજુતી આપશે. આ સંમેલનમાં ભાગ લેવા ઇચ્છતા સંઘના સભ્યો અને તેમનાં સ્વજનો માટે રૂ. ૧ ની પ્રવેશ ફી રાખવામાં આવી છે. આ રીતે એકત્ર થયેલી રકમમાંથી સંમેલનનો ખર્ચ બાદ કરતાં વધારાની રકમનો ઉપયોગ સંઘ તરફથી ચાલતી વૈદ્યકીય રાહતમાં કરવામાં આવશે. આ પ્રવેશપત્રો ફેબ્રુઆરી માસની ૨૮મી તારીખ પછી આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

અગિયારમું સર્વોદય સંમેલન

અગિયારમું વાર્ષિક સર્વોદય સંમેલન ફેબ્રુઆરી માસની ૨૭, ૨૮ તથા માર્ચ માસની પહેલી તારીખે અજમેરમાં ભરાવાનું છે. આ સંમેલનમાં ભાગ લેનારા ભાઇ બહેનોને રેલ્વે પ્રવાસ માટે એક વખતનું ભાડું આપીને જવા આવવાની ટીકીટ મળી શકશે. પણ આ માટે તેણે મુંબઇ ખાતે શ્રી. ગણપતિશંકર દેસાઈ પાસેથી (ઠે. મણિભુવન, ૧૯ લેબરનમ રોડ, ગામદેવી, મુંબઈ ૭) કન્સેશન ફોર્મ મેળવવાનું રહેશે. આ કન્સેશન ફોર્મ ફેબ્રુઆરી માસની ૧૦ મી તારીખ સુધી મળી શકશે. વળી સંમેલનમાં નિવાસ માટે મોટાના રૂ. ૩ અને બાર વર્ષથી નીચેના બાળકના રૂ. ૧॥ આપીને નિવાસપત્રો પણ શ્રી. ગણપતિશંકર દેસાઇ પાસેથી મેળવવાના રહેશે. વળી ત્રણે દિવસનું ભોજન શુલ્ક મોટા માટે રૂ. ૬ અને બાર વર્ષ નીચેના બાળક માટે રૂ. ૩ આપવું પડશે. કન્સેશન સર્ટિફિકેટ મેળવનાર વ્યક્તિએ વેસ્ટર્ન રેલ્વેની ઓફિસમાં કન્સેશન સર્ટિફિકેટ દેખાડીને કન્સેશન ઓર્ડર મેળવવાનો રહેશે અને પછી તે વેસ્ટર્ન રેલ્વેની બુકીંગ ઓફિસમાં બતાવવાથી અજમેર સુધી જવા આવવાની રેલ્વે કન્સેશન ટિકિટ મળશે.

આ રીતે સર્વોદય સંમેલનમાં ભાગ લેવા જનાર ભાઇ બહેનોને જણાવવાનું કે અજમેરના માર્ગે રસ્તામાં આબુજી અને કુંભારિયા આવે છે અને ફાલના સ્ટેશન ઉતરીને રાણકપુરનું ઐતિહાસિક જૈન મંદિર પણ તેઓ જોઇ શકે છે. જતાં આવતાં રસ્તામાં કયાં કેટલું રોકાઈ શકાય તેના નિયમોની તપાસ કરતાં માલુમ પડે છે કે મુંબઇથી જતાં ૧૫૦ માઇલ બાદ અને એ જ રીતે અજમેરથી પાછા ફરતાં ૧૫૦ માઇલ બાદ કોઈ પણ સ્થળ યા સ્થળોએ મુંબઇથી અજમેર સુધીનું જે અન્તર હોય તે અન્તર મુજબ દર ૧૦૦ માઇલે એક દિવસ એમ જતાં કે આવતાં રસ્તામાં ૭ કે સાત દિવસ કોઈ પણ સ્થળે રોકાઈ શકાશે. આ નિયમોનો વિચાર કરતાં રાણકપુર જોવા ઇચ્છનારે અજમેર જતાં ફાલના ઉતરવું જોઇશે તથા આબુ અને કુંભારિયા જતાં કે આવતાં ગમે ત્યારે આબુ રોડ સ્ટેશને ઉતરીને જઈ શકાશે.

જે ભાઇ બહેનો માટે શક્ય તેમને આ સર્વોદય સંમેલનનો લાભ લેવા વિનંતિ છે.

પ્રકીર્ણ નોંધ

શ્રી ગગનવિહારી મહેતાને અભિનન્દન

પ્રજાસત્તાક દિને–જાન્યુઆરી માસની ૨૬મી તારીખે–ભારત–સરકાર તરફથી જે ઇલ્કાબોની જાહેરાત કરવામાં આવી છે તેમાં સૌથી વધારે આવકારદાયક જાહેરાત શ્રી ગગનવિહારી લલ્લુભાઇ મહેતાને અર્પણ કરવામાં આવેલ પદ્મવિભૂષણના ઇલ્કાબને લગતી છે. શ્રી ગગનભાઇનો પરિચય પ્રબુદ્ધ જીવનના આગળના અંકોમાં વિસ્તારથી આપવામાં આવ્યો છે. તેમણે ભારતના એલચી તરીકે અમેરિકામાં પાંચ વર્ષ રહીને જે કામગીરી બજાવી છે અને બન્ને પ્રજાસમુદાય વચ્ચે જે મૈત્રીની ભાવના વિકસાવી છે તેની અનેક દિશાઓથી મુક્ત કંઠે પ્રશંસા થઇ રહી છે. શ્રી. ગગનભાઈ ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના ગૌરવમાં વૃધ્ધિ કરનાર એક વિશિષ્ટ વ્યકિત છે અને તેમની વિદ્વત્તા અને પ્રજ્ઞા અનેક પ્રદેશોને સ્પર્શે છે. ભારત સરકારે પદ્મવિભૂષણનું પદ અર્પીને તેમની અનેકવિધ સેવાઓ અને કુશળતાની યોગ્ય કદર કરી છે. તેમની સેવાઓનો હજુ પણ દેશને વધારે લાભ મળે એ રીતે ભારત સરકાર તેમની શકિતઓનો લાભ ઉઠાવતી રહે અને વિપુલ જવાબદારીભર્યા કાર્યો ઉપર તેમને નિયુકત કરતી રહે એવી શુભેચ્છા વ્યકત કરવા સાથે શ્રી ગગનભાઇનું આ પ્રસંગે હાર્દિક અભિનન્દન કરવામાં આવે છે.

પંડિત સુખલાલજીને મળેલું રૂા. ૫૦૦૦નું પારિતોષિક

જાન્યુઆરી માસની ૧૮મી તારીખે સાહિત્ય એકાદમીના અધ્યક્ષ મહામાત્ય શ્રી નહેરૂના પ્રમુખસ્થાને મળેલી અકાદમીની કારોબારીની સભા મળી હતી અને તે પ્રસંગે ૧૯૫૫ થી ૫૭ સુધીના ગાળામાં ભારતની મુખ્ય મુખ્ય ભાષાઓની ઉત્કૃષ્ટ કૃતિઓ માટે સાહિત્ય અકાદમીની ૧૯૫૮ની સાલનું વ્યકિત દીઠ રૂ. ૫૦૦૦નું પારિતોષિક મેળવનારા લેખકોની અને જે પુસ્તકો માટે આ પારિતોષિક આપવાનું છે તે પુસ્તકોની પસંદગી કરવામાં આવી હતી અને તેની તે મુજબ જાહેરાત કરવામાં આવી હતી. ગુજરાતી સાહિત્યની એ વર્ષોની ઉત્તમ કૃતિ તરીકે પંડિત સુખલાલજી સન્માન સમિતિ તરફથી ત્રણ ભાગમાં પ્રગટ કરવામાં આવેલ (પહેલા બે ભાગ ગુજરાતી અને એક ભાગ હિંદી) 'દર્શન અને ચિન્તન' એ નામના લેખસંગ્રહમાંના બે ગુજરાતી વિભાગોને પસંદ કરવામાં આવેલ છે અને આ માટે પં. સુખલાલજીને રૂ. ૫૦૦ નું પારિતોષિક ફેબ્રુઆરી માસની ૨૧મી તારીખે દીલ્હી ખાતે યોજનારા એક ખાસ સમારંભમાં પંડિત નહેરૂના હાથે આપવામાં આવનાર છે.

આવીજ રીતે બંગાળી ભાષાની ઉત્તમ કૃતી તરીકે 'આનંદીબાઇ ગલ્પ' માટે શ્રી રાજશેખર બોઝને, કાનડી ભાષાની ઉત્તમ કૃતિ તરીકે 'આરલુ મારલુ' નામના કળાગ્રંથ માટે શ્રી. આર્. બેંદ્રેને, કાશ્મીરી ભાષાની ઉત્તમ કૃતિ તરીકે 'સત સગર' નામની લઘુકથાઓ માટે શ્રી અખ્તર મોહ્યુદ્દીનને, મરાઠી ભાષાની ઉત્તમ કૃતિ તરીકે 'બહુરૂપી' નામની 'આત્મકથા' માટે શ્રી ચિન્તામણ કોલ્હાટકરને, ઓરિયા ભાષાની ઉત્તમ કૃતિ તરીકે 'કા' નામની નવલકથા માટે શ્રી કુયુચરણ મહત્તેને, ઉર્દુ ભાષાની ઉત્તમ કૃતિ તરીકે 'આતીશે ગુલ' નામના કાવ્યગ્રંથ માટે શ્રી જીગર મુરાદાબાદીને, તામીલ ભાષાની ઉત્તર કૃતિ તરીકે 'ચક્રવર્તી તીરૂમગ' નામના પુસ્તક માટે શ્રી રાજગોપાલાચારીને, મલયાલમ ભાષાની ઉત્તમ કૃતિ તરીકે 'કાઝીન્જે કલામ' નામની આત્મકથા માટે મલયાલમ ભાષામાં પ્રગટ થતા દૈનિક 'માતૃભૂમિ'ના તંત્રી શ્રી કે. પી. મેનનને અને હિંદી ભાષાની ઉત્તમ કૃતિ તરીકે 'મધ્ય એશિયાકા ઇતિહાસ' એ નામના બે ભાગમાં પ્રગટ થયેલ પુસ્તક માટે શ્રી રાહુલ સાંકૃત્યાયનને પાંચ પાંચ હજારની રકમનાં પારિતોષિકો ઉપર મુજબ આપવાની જાહેરાત કરવામાં આવી છે.

'જન્મભૂમિ' પંડિત સુખલાલજીનું અભિનન્દન કરતાં યથાર્થપણે જણાવે છે કે પંડિત સુખલાલજી આ યુગના એક પ્રખર દર્શનશાસ્ત્રી છે. એમની વિદ્યોપાસનાનું ક્ષેત્ર અતિશય વિશાળ છે તેમજ તેમનું જ્ઞાન પણ અતિ વ્યાપક અને વિશ્વતોમુખી છે. તેઓ ભારતીય તેમજ સામાન્યતઃ યુરોપીય તત્વજ્ઞાનની ભિન્ન ભિન્ન શાખાઓને સ્વતંત્ર દૃષ્ટિથી મૂલવનાર એક સમન્વયકાર છે. તત્વજ્ઞાન એ તેમનો ઉપાસ્ય વિષય છે તે ખરૂં, પણ તત્વજ્ઞાનથી અતિરિકત ભાષા, સમાજશાસ્ત્ર અને નૃવંશશાસ્ત્ર સુદ્ધાં અનેક વિષયોમાં તેમણે યથાશકય વિહાર કર્યો છે. અને તે તે વિષયનું સારૂં એવું જ્ઞાન તેમણે સંપાદન કર્યું છે.

તેમના 'દર્શન અને ચિન્તન' એ ગ્રંથમાં તેમની ફકત સમન્વયસાધક ચિન્તનધારાનું જ દર્શન નથી સાંપડતું, પણ તે ઉપરાંત ભારતીય દર્શનોનો આધ્યાત્મિક વિકાસક્રમ, ભારતીય દર્શનોની કાળતત્વ સંબધી માન્યતા, પ્રામાણ્ય સ્વતઃ કે પરતઃ વગેરે વિષયોને લગતી તેમની શાસ્ત્રીય અને ઝીણવટભરી વિચારણા પણ સાંપડે છે. વિવેકબુધ્ધિપ્રણીત સમતુલા, સત્યદૃષ્ટિમૂલક વિવેચના, અને મંડનાત્મક વૃતિમૂલક ભાવુકતા—આ ત્રણ તત્વોથી વિભૂષિત એવી એમની ચિન્તનધારા આ ગ્રંથમાં સાંપડે છે અને તે કોઇ પણ દર્શનાભ્યાસીને માર્ગદર્શક અને કલ્યાયકારી નીવડે એમ છે.

જે સાહિત્યકૃતિ સાહિત્ય અકાદમીના પારિતોષિકને પાત્ર બની છે તેનું પ્રકાશન, આજથી બે વર્ષ પહેલા મુંબઇ ખાતે કરવામાં આવેલ પં. સુખલાલજીના જાહેર સન્માનને લગતું જે આયોજન હાથ ધરવામાં આવ્યું હતું તેનું જ એક અંગ હતું. આ આયોજન સાથે મારો તેમ જ કેટલાક અન્ય મિત્રોનો સીધો સંબંધ હોઇને પંડિત સુખલાલજીને થયેલી પારિતોષિકપ્રાપ્તિ અમારા માટે સવિશેષ આનંદનું નિમિત્ત બને છે.

પ્રસ્તુત સન્માન સમારંભ બાદ ગુજરાત યુનિવર્સિટીએ તેમને 'ડૉકટર ઓફ લીટરેચર'ની પદવીથી વિભૂષિત કરીને તેમની વિદ્વતા અને મૌલિક ચિન્તનની ઊંડી કદર કરી હતી. આજે સાહિત્ય અકાદમી એ જ રીતે તેમનું સન્માન કરી રહેલ છે. આ હકીકતથી પંડિતજી સાથે સંબંધ ધરાવનાર સૌ કોઇ આનંદ અને ગૌરવની લાગણી અનુભવે એ સ્વાભાવિક છે. પંડિતજીને આપણુ સર્વના હાર્દિક અભિનંદન હો અને તેઓ આરોગ્યપૂર્વકનું દીર્ઘાયુષ્ય ભોગવીને હજુ પણ ગુજરાતી સાહિત્યને અનેકવિધ સેવા આપતા રહે એવી શુભેચ્છા અને પ્રાર્થના હો!

ધન્ય છે એ ઐચ્છિક જીવનવિસર્જનને!

આજે જ્યારે માનવી ચોતરફ જીવવા માટે અને બને તેટલું વધારે જીવવા માટે વલખાં મારી રહ્યો છે ત્યારે વ્યાધિની અસાધ્યતા ધ્યાનમાં લઇને જો કોઇ માનવી સ્વેચ્છાએ મૃત્યુને નોતરીને જીવનનું ઐચ્છિક વિસર્જન કરે છે તો તે માનવી વિષે આપણા દિલમાં આદરભાવ પ્રગટયા વિના રહેતો નથી. મૃત્યુ સામે ઝઝવામાં જેમ બળવાન પુરૂષાર્થ અપેક્ષિત છે તેમ જ સમીપમાં નિશ્ચિત દેખાતા મૃત્યુને વહેલું બોલાવી લેવામાં પણ એવો જ કોઇ બળવાન પુરૂષાર્થ અપેક્ષિત છે. આવી એક ઘટના ગત વર્ષની વિજયાદશમીના રોજ નીપજેલા જૈન મુનિ શ્રી વિભાકરવિજયના અવસાન અંગે બનાસકાંઠાના વાવ ગામમાં બની ગઈ. તેની વિગતો નીચે મુજબ છે:

આ મુનિએ ૧૯૪૩ની સાલમાં જૈન આચાર્ય વિજયરામચંદ્રસૂરિના શિષ્ય ઉપાધ્યાય શ્રી ચારિત્યવિજયજી પાસે ૨૭ વર્ષની ઉમ્મરે દીક્ષા અંગીકાર કરી હતી. સોળ વર્ષ સુધી તપ, સ્વાધ્યાય અને શાસ્ત્રાભ્યાસમાં નિમગ્ન રહીને તેમણે સાધુપદને

સાર્થક કર્યું હતું. ગયા વર્ષનું તેમનું ચાતુર્માસ બનાસકાંઠામાં આવેલા વાવ મુકામે હતું. કેટલાએક સમયથી તેમની તબિયત નરમ તો રહ્યા જ કરતી હતી; પણ ચાતુર્માસ દરમિયાન તેમની તબિયત વધારે લથડવા લાગી અને મુનિશ્રીને એમ લાગ્યું કે પોતાને થયેલ વ્યાધિ અસાધ્ય જેવો છે અને હવે કોઇ પણ ઔષધ કારગત નીવડતું નથી, તો પછી આમ જીવન લંબાવવા માટે શું કામ વલખાં મારવાં? અને પ્રભુસ્મરણમાં ચિત્તને સંલગ્ન કરીને જીવન સ્વેચ્છાએ સહજભાવે શા માટે સંકેલી ન લેવું? આમ વિચાર કરી તેમણે પોતાની કાયા ઉપરનો મોહ છોડીને શુભ પરિણામ અને ચિત્તની સમાધિ ટકી રહે ત્યાં સુધી અનશન ઉપર જવાનો વિચાર કર્યો. આ માટે તેમણે ચડિલોની અનુમતિ મેળવી અને આમરણાંત અનશનના ખ્યાલપૂર્વક ગત વર્ષના ભાદરવા શુદ ૧૩થી હંમેશાં એક એક ઉપવાસનું પચ્ચકખાણ–નિયમ–લઇને તેમણે અનશનનો પ્રારંભ કર્યો. આમ દિનપ્રતિદિન ઉપવાસનો નિયમ લેતાં લેતાં ૨૮ મા ઉપવાસના દિવસે (એટલે આસો શુદ ૧૦ ના રોજ) સવારના ૮॥ વાગ્યે તેમણે ચિત્તની પ્રસન્નતા અને સમાધીપૂર્વક જીર્ણ વસ્ત્રની જેમ વ્યાધિજર્જરિત દેહનો ત્યાગ કર્યો.

તેમની સમીપ રહેનાર એક બંધુ જણાવે છે કે "મુનિશ્રી વિભાકરવિજયજી મહારાજે તો જગતમાં જૈન સાધુનું જીવન અને મરણ કેવું હોય તે બન્ને જીવીને અને મરીને બતાવ્યું છે. તેમની સમતા અને એકાગ્રતાનું માપ નીકળી શકે તેમ નથી. આ ચોમાસા દરમિયાન તેમણે લગભગ મૌનપણે ધર્મઆરાધના કરી હતી. તેમાં છેલ્લે છેલ્લે ઉપવાસના પ્રારંભથી અન્ત સમય સુધી એક ચિત્તે પોતાની સાધનામાં તેઓ લીન રહ્યા હતા. રાત્રીદિવસ તેમના મુખ ઉપર કે તેમના વચનમાં કોઇ દીનતાનું જરા પણ દર્શન થયું નહોતું. મુખ પર પૂર્ણ પ્રસન્નતા તરવરતી હતી. તેમાં પણ અન્ત વખતની તેમની પ્રસન્નતા તો કોઇ અજબ પ્રકારની હતી."

જીવન અને મરણ એ તો પ્રાણીમાત્રનો ચાલુ આયુષ્યક્રમ છે. પણ એ જીવનમાં કે મરણમાં જ્યારે પરમપુરૂષાર્થનું દર્શન થાય છે ત્યારે આપણા દિલમાં આશ્ચર્ય અને આદરની લાગણી પ્રગટે છે. જે ઉમ્મરે મુનિ વિભાકરવિજયજીએ મરણને નિમંત્રણ આપ્યું તે ઉમ્મર જ એવી છે કે ગમે તેવી અસાધ્ય સ્થિતિમાં પણ માનવી મનની અંદર રહેલા આશાતન્તુને છેદી શકાતું નથી, અને છેલ્લી ઘાડ સુધી જીવવાની આશાને અને ઉપચારની અપેક્ષાને છોડતું નથી. આવી પરિસ્થિતિમાં જીવન તરફની દૃષ્ટિ સંકેલી લેવી અને આગન્તુક મરણ સાથે મનનું સમાધાન સાધી લેવું–એ અસામાન્ય પુરૂષાર્થનો વિષય છે. આવો પુરૂષાર્થ દાખવનાર મુનિવરને આપણાં અભિનન્દન હો!

'ગાંધી પીસ ફાઉન્ડેશન'

ગાંધી સ્મારકનિધિ તરફથી મળેલા એક કરોડ રૂપિયા વડે 'ગાંધી પીસ ફાઉન્ડેશન'ની તાજેતરમાં સ્થાપના કરવામાં આવી છે. ગાંધી પીસ ફાઉન્ડેશન એટલે એવું એક ટ્રસ્ટ અથવા તો સંસ્થા જે ગાંધી વિચારણાનું અવલંબન લઇને વિશ્વમાં શાન્તિને સ્થાપવાનો અને અને સ્થિર કરવાનો પ્રયત્ન કરે. આ ફાઉન્ડેશન સંબંધમાં મહાઅમાત્ય નહેરૂ, ઉપરાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણન્ અને આચાર્ય કિરપલાણીજીએ મળીને તૈયાર કરેલું એક સંયુકત નિવેદન થોડા દિવસ પહેલાં બહાર પાડવામાં આવેલ છે. તેમાં આ ફાઉન્ડેશનના હેતુઓ નીચે જણાવવામાં આવ્યા છે:–

(૧) ભારત અને અને વિશ્વના ઇતિહાસ તથા તત્વજ્ઞાનના અભ્યાસ ઉપરથી ફલિત થાય તે મુજબ અહિંસાના સિધ્ધાન્તનો અભ્યાસ અને સંશોધન માટે એક આન્તરરાષ્ટ્રીય કેન્દ્રની સ્થાપના કરવી.

(૨) જરૂર જણાય ત્યાં બીજી વ્યકિતઓ તથા સંસ્થાઓના સહકારપૂર્વક, રાષ્ટ્રીય તેમજ આન્તર રાષ્ટ્રીય બાબતોમાં અહિંસાના પ્રયોગ માટેની જુદી જુદી પ્રક્રિયાઓનો અભ્યાસ કરવો અને તે સંબંધે અહેવાલો તૈયાર કરવા.

(૩) શૈક્ષણિક સંસ્થાઓને સંશોધન–શિષ્યવૃત્તિઓ, પ્રવાસ ખર્ચ અને લાઇબ્રેરીના સાધનોના આકારમાં માહીતી પૂરી પાડવી, સલાહ આપવી અને મદદ કરવી.

(૪) દુનિયાની સર્વ પ્રજાઓમાં અહિંસાના સિધ્ધાન્તો અને પ્રક્રિયાઓ અંગે જાહેર લોકમત કેળવવાની દિશાએ મદદ કરવી.

આ હેતુનિવેદનની વધારે સ્પષ્ટતા કરતી નોંધમાં જણાવવામાં આવ્યું છે કે "જીવનનાં પાયાનાં મૂલ્યોમાં ફેરફાર એ જ ખરી પાયાની ક્રાન્તિ છે. નવાં મૂલ્યોના પાયા ઉપર નવી સંસ્કૃતિની, નવા જીવન–માર્ગની અને માનવી–સભ્યતાના નવા અંગની રચના થઇ શકે છે. ગાંધી પીસ ફાઉન્ડેશનની કલ્પના ચિન્તવવા માટે જેઓ જવાબદાર છે તેઓ એમ માને છે કે ગાંધીજીએ માનવજાતના જીવનમાં સત્ય, આહંસા, અને ઉપયોગી હેતુઓ સિધ્ધ કરવા માટે યોજાતા સાધનોની શુધ્ધના આગ્રહ ઉપર આધારિત એવી ક્રાન્તિનું નિર્માણ કર્યું છે. રાષ્ટ્રીય તેમજ આન્તરરાષ્ટ્રીય રાજકારણી જીવનમાં અહિંસાની શકયતાના પૃથકકરણ અને મૂલ્યાંકન માત્રથી ગાંધીજીના વિચારોની પૂરેપૂરી રજુઆત થઇ શકે તેમ છે જ નહિ. જે ક્રાન્તિનું તેમણે નિર્માણ કર્યું છે તે જીવનના વધારે ઊંડા મર્મોને સ્પર્શે છે અને જીવનના દરેક મહત્વના અંગમાં તે પ્રગટ થાય છે અને નવા સમાજમાં નવા માનવીનું સર્જન કરે છે. જે ચાલુ અર્થમાં ફિલોસોફર–તત્વવેત્તા–શબ્દનો ઉપયોગ થાય છે તે અર્થમાં ગાંધીજી ફિલોસોફર નહોતા કે સિધ્ધાન્તશાસ્ત્રી નહોતા, અને તેથી પોતાના વિચારોને વ્યવસ્થિત રીતે ગોઠવવાની તેમણે કદિ પણ પરવા કરી નહોતી; તેમજ એક ચોગઠાબંધ સમાજ પદ્ધતિ રચવાનો તેમણે કદિ વિચાર કર્યો નહોતો. તે એક પૂરા કર્મયોગી હતા. પહેલાં તેમને અન્તર સ્ફુર્તિથી કોઇ એક કર્મ સુઝી આવતું અને પછી તેનો ખુલાસો આવતો અને તેની પછી તે કર્મની પાછળ રહેલા પાયાના વિચારો અને સિધ્ધાન્તો ચારી આવતા. આમ છતાં એમાં કોઇ શક નથી કે માનવી જીવના દરેક ક્ષેત્રને તેમના ક્રાન્તિકારી વ્યવહારૂ વિચારો સ્પર્શતા. દક્ષિણ આફ્રિકાની લડત સાથે જોડાયલાં તેમની જીવનના પ્રારંભના વર્ષોબાદ તેમનું પ્રવૃત્તિ–ક્ષેત્ર ભારત પૂરતું જો કે મર્યાદિત હતું, એમ છતાં તેમની વિચારણા અને કાર્યપધ્ધતિઓ વિશ્વને એટલી જ લાગુ પડે તેવી હતી.

"ગાંધીજીના જીવનનનો બારીકાઇથી અભ્યાસ કરીને આ વિચારો અને કાર્યપધ્ધતિઓને વ્યવસ્થિત આકારમાં મૂકવી અને તેમાં રહેલી સંવાદિતાને પ્રગટ કરવી એ ગાંધી પીસ ફાઉન્ડેશનનું કાર્ય હોવું જોઇએ. સમાજમાં સર્વવ્યાપી પ્રક્ષોભની ભૂમિકા ઉપર જ અનિવાર્યપણે ક્રાન્તિનો ઉગમ થયો છે. તેથી ભારતના જાહેર જીવનના તખ્તા ઉપર ગાંધીજી રજુ થયા તે પહેલાં, ૧૯મી સદી દરમિયાન ભારતના પ્રજાજીવનમાં ચાલી રહેલા પ્રક્ષોભનો પણ દરેક વિદ્યાર્થીએ અભ્યાસ કરવો જોઇએ. ગાંધીજીએ સુચવેલા માર્ગ ઉપર ચાલી રહેલી રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી સંસ્થાઓની કાર્યવાહીનો પણ ફાઉન્ડેશને અભ્યાસ કરવો જોઇએ. જ્યારે એમ કહેવામાં આવે છે કે ગાંધીજીના વિચારોનું સ્પષ્ટ નિરૂપણ અને વિવરણ થવું જોઇએ ત્યારે એમ કહેવાનો એ અર્થ નથી કે એક જડએસલાટ ચોગઠાબંધ વિચારશ્રેણીમાં તેમના વિચારોને ગોઠવવા જોઇએ. વસ્તુતઃ આવી ચોગઠાબંધીમાં ગોઠવી શકાય તેવા તેમના વિચારો છે જ નહિ. ઉપર દર્શાવી તેવી–સર્વદેશીય અભ્યાસ અને સંશોધનની–આ એક એવી યોજના છે કે જે ગાંધી પીસ ફાઉન્ડેશનમાં કામ કરવા ઇચ્છતા સર્વ કોઇ સમક્ષ રજુ થવી જોઇએ. આજ એનો મુખ્ય હેતુ છે." પરમાનંદ

* આજની દોડાદોડમાં *

રખેને આપણે પાયાનાં જીવનમૂલ્યો ગુમાવી ન બેસીએ!

(ન્યુ દીલ્હી ખાતે ગયા ડીસેંબર માસની ૭મી તારીખે યોજાયેલ દીલ્હી યુનિવર્સિટીનો વાર્ષિક કોન્વોકેશન પ્રસંગ કે જ્યારે વાઇસચેન્સેલર ડૉ. વી. કે. આર. પી. રાવના હાથે ૨૫૨૭ વિદ્યાર્થીઓને પદવીપ્રદાન કરવામાં આવ્યું હતું—આ અવસર ઉપર મહામાત્ય પંડિત નહેરૂએ પ્રમુખ વકતા તરીકે એક અત્યન્ત મનનીય અને પ્રેરક, વિશદ અને વ્યાપક વિચારક્ષેત્રને સ્પર્શતું પ્રવચન કર્યું હતું. શ્રી નહેરૂ આવા પ્રસંગોએ મોટા ભાગે લેખિત તૈયાર કરેલું નહિ પણ પ્રસંગાનુરૂપ મોઢેથી વ્યાખ્યાન આપે છે અને તેથી એ વ્યાખ્યાનો સામાન્યત: જોઇએ તેટલાં સુગ્રથિત હોતા નથી. પણ દીલ્હી યુનિવર્સિટીના ચેન્સેલર ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનના ખાસ આગ્રહથી શ્રી નહેરૂએ આ વ્યાખ્યાન આગળથી તૈયાર કરેલું હતું અને તેથી આ વ્યાખ્યાનમાં આપણને શ્રી નહેરૂની વિચારણાનું એક તર્કબદ્ધ સુસંગત નિરૂપણ પ્રાપ્ત થાય છે. ગયા ડીસેંબરની સાતમી તારીખે આ વ્યાખ્યાનનું જે મૂલ્ય હતું તેટલું જ તેનું આજે મૂલ્ય હોઇને આ વ્યાખ્યાનનો અનુવાદ આટલો મોડો પ્રગટ કરવામાં સામયિક ઔચિત્યનો ભંગ થાય છે એમ માનવાને કોઇ કારણ નથી. આ પ્રવચન નહેરૂનાં આજ સુધીમાં પ્રગટ થયેલાં અનેક પ્રવચનોમાં વિશિષ્ટ કક્ષાનું છે એવી છાપ આ પ્રવચન વાંચનારના મન ઉપર પડ્યા વિના નહિ રહે એવી આશા છે. **પરમાનંદ**)

અમારી અને તમારી પેઢી વચ્ચેનો તફાવત

નવી પેઢીના પ્રતિનિધિઓને પ્રત્યક્ષ મળવામાં અને તેમને ઉદ્દેશીને વ્યાખ્યાન આપવામાં કોઇ જુદો જ આનંદ આવે છે; કારણ કે તેમની આંખોમાં અને તે પાછળ રહેલા તેમના માનસમાં ભવિષ્યનું આછું દર્શન થાય છે; અને એમ છતાં તેમની વિચારણા સાથે ખરેખર એક સૂર વાળું બને એવું કાંઇક કહેતાં હું કેટલીક મુશ્કેલી અનુભવું છું. અમે ખરી રીતે ભારતમાં પ્રગટેલા ગાંધી-યુગના માનવીઓ છીએ. અમે પરદેશી હકુમત નીચે રૂંધાઇ રહેલા ભારતને જોયું હતું, એની સામે અમે માથું ઉચકયું હતું, તે સાથે મોટી અથડામણમાં આવ્યા હતા અને ગાંધીજીના ભવ્ય નેતૃત્વ નીચે અમે વિજયને પ્રાપ્ત કર્યો હતો, અને અનેરી ભવ્યતા અને આગવી વેદનાઓપૂર્વકના સ્વાતંત્ર્યના સૂર્યોદયને અમે નજરે નિહાળ્યો હતો.

પણ જે સંવેદનપ્રચૂર અનુભવોમાંથી અમારી પેઢી પસાર થઇ છે તે અનુભવના તમે ભાગીદાર નથી. તમે તો આઝાદ ભારતનાં સંતાનો છો અને એ આઝાદી તમારે મન સ્વયંગ્રહિત જેવી વસ્તુ બની ગઇ છે. આ હકીકત જ અમારી અને તમારી પેઢીને અલગ કરતું — જુદા પાડતું — તત્વ છે. અલબત, એકની પાછળ આવતી બીજી પેઢીની બાબતમાં આમ બનતું જ આવ્યું છે, અને તેમાં આપણા માટે નથી કશું આશ્ચર્ય પામવા જેવું કે નથી કશું ગમગીન થવા જેવું. કારણ કે જો આ રીતે પરિવર્તન થતું ન ચાલે તો કદિ કશી પ્રગતિ થાય નહિ અને સમાજનો પ્રવાહ સ્થગિત બની જાય.

જુના અને નવા ખ્યાલો

દુનિયામાં નીપજેલી બીજી અનેક બળવાન ઘટનાઓ ઉપરાંત, હાલનાં વર્ષો દરમિયાન વિજ્ઞાન અને ટેકનોલોજીએ સાધેલી અદ્‌ભુત પ્રગતિની—આજ સુધી નીપજેલી ક્રાન્તિઓમાં સૌથી મહાન ક્રાન્તિની—પણ અમારી પેઢી સાક્ષી છે. જ્યારે હું કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ફીઝીકસ (ભૌતિક તત્ત્વ-વિજ્ઞાન) અને કેમીસ્ટ્રી (રસાયણ વિદ્યા) નો અભ્યાસ કરતો હતો, ત્યારે કુદરત અને ભૌતિક દુનિયા વિષે અમે ચોકકસ ખ્યાલો ધરાવતા હતા. જડ દ્રવ્ય—પુદ્‌ગળ—તેના દળ સ્વરૂપમાં અવિકારી છે અને બળના ઉપયોગ સિવાય એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવી શકાય એવું નથી એવી માન્યતા એ દિવસોમાં પ્રચલિત હતી. અણુ એ જડ દ્રવ્યનો છેવટનો અવિભાજ્ય ટુકડો છે એમ માનવામાં આવતું હતું અને અમારી સામે કુદરતનું જે ચિત્ર હતું તે નકકર અને અવિનાશી તત્ત્વોની બનેલી દુનિયાનું ચિત્ર હતું. ત્યાર બાદ વિદ્યુતશકિતને લગતા સિધ્ધાન્તના વિકાસનો યુગ આવ્યો અને એક નવી જાતની કાર્યશકિત આપણા હાથમાં આવીને ઉભી રહી. ત્યાર બાદ જેને 'રેડીઓ-એકટીવીટી' ના નામથી ઓળખવામાં આવે છે તે પ્રગટ થઇ અને અણુઓ પુદ્‌ગલના અવિભાજ્ય એકમો તરીકે લેખાતા બંધ થયાં અને પ્રોટોન, ન્યુટ્રોન અને ઇલેકટ્રોનમાં વિભાજિત બન્યાં. આગળ ચાલતાં જુના રસાયણશાસ્ત્રીઓ જેનું સ્વપ્ન સેવી રહ્યા હતા તે —મૂળભૂત લેખાતા, દ્રવ્યોનું પરિવર્તન — શકય બન્યું અને તેમાંથી આખરે આજની ન્યુકલીઅર-ટેકનોલોજી અને અણુબોંબનો ઉદય થયો. આજના અણુવિષયક ફીઝીકસે કુદરતના કાયદાઓને લગતા જુના ખ્યાલો સદન્તર પલટાવી નાંખ્યા છે.

વિજ્ઞાન અને ટેકનોલોજીની આ પ્રગતિના કારણે વાહનવ્યવહારના સાધનોમાં ભયંકર રૂપાન્તર થયું છે. આજે આપણે 'જેટ' યુગમાં વસીએ છીએ અને તેમાં પણ અણુશકિતના ઉપયોગના કારણે બહુ થોડા વખતમાં મોટો ફેરફાર થવાનો સંભવ છે. આજે તો અવકાશના પ્રદેશોના પ્રવાસની—space travel—ની શકયતા ઉભી થઇ રહી છે અને તેનો વિચાર અને કલ્પના કરવાનો સમય પાકી ચૂકયો છે.

ટેકનોલોજીના વિકાસને લીધે જુના હુન્નરઉદ્યોગો વધારે ને વધારે જટિલ રૂપ ધારણ કરી રહ્યા છે. વળી ધીમે ધીમે માણસ નવા નવા પ્રદેશોમાં પ્રવેશ કરી રહ્યો છે. જુના વખતમાં પણ ફેરફારો તો થતા જ હતા; પણ ફેરફારોની એ વખતની ગતિ ધીમી હતા અને તેથી માણસ નવા સંયોગો સાથે સરળતાથી ગોઠવાઇ જતો હતો. પણ, તાજેતરનાં વર્ષો દરમિયાન, ફેરફારની ગતિ ભારે ચોંકાવનારી ઝડપ ધારણ કરી રહી છે અને આ સતત પરિવર્તન પામી રહેલી પરિસ્થિતિ સાથે પોતાની જાતને ગોઠવવાનું માણસ જાત માટે ભારે મુશ્કેલ બની ગયું છે. જેનાથી પોતે સદીઓથી પીડાતો હતો તેવાં અનેક અનિષ્ટો અને આફતો ઉપર માણસે વિજય પ્રાપ્ત કર્યો છે અને જો તે અદ્યતન વિજ્ઞાન અને ટેકનોલોજીનો પૂરો લાભ ઉઠાવી શકે તો ગરીબાઇ, ભૂખ કે વ્યાધિના ભોગ બનવાની તેના માટે કોઇ જરૂર રહેવાની નથી. પણ બહારની દુનિયા ઉપર પ્રભુત્વ સ્થાપવાની દોડાદોડમાં માનવી પોતાની જાત સાથે ઘર્ષણમાં આવ્યો છે. બાહ્ય પદાર્થો અને તત્ત્વો વિષેના પોતાના જ્ઞાનની વૃદ્ધિ કરવાની ધુનમાં તે પોતે જે મૂળ સ્વરૂપે છે તે ઉપરની પકડ તે ગુમાવી બેઠો છે. નવા પ્રશ્નો અને નવી સમસ્યાઓ ઉભી થયેલ છે અને **'તું તારી જાતને ઓળખ'**—'Know Thyself'—એ પુરાણું સૂત્ર આપણને આજના સંદર્ભમાં ફરીથી યાદ આવી રહ્યું છે.

દુનિયા અને 'માયા'

વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા સધાઇ રહેલી આ પરિવર્તનની પ્રક્રિયા આખી દુનિયાને હજુ આવરી શકી નથી, તો પણ તે ચોતરફ ફેલાઇ તો રહી જ છે, અને જેમ જેમ તે ફેલાતી જાય છે તેમ તેમ જુનાં દેવોમાં અને જુનાં પાયાનાં મૂલ્યોમાં રહેલી પહેલાની પ્રમાણભૂતતા નાબુદ થતી ચાલી છે. ફીઝીકસ અને ગણિત-શાસ્ત્ર, જેનું હાર્દ જલ્દિથી પકડાવું મુશ્કેલ છે એવા અવનવા

પ્યાલોને જન્માવી રહેલ છે અને પરિણામે જડ દ્રવ્યનું સ્વતંત્ર, સ્વાયત્ત અસ્તિત્વ અદૃશ્ય થતું જાય છે અને સર્વ કાંઇ શક્તિ રૂપે ચૈતન્ય રૂપે અભિવ્યક્ત થઇ રહ્યું છે. લગભગ આપણે એમ કહેવાની સ્થિતિએ પહોંચી ચૂક્યા છીએ કે જ્યારે પહેલાની નકકર દુનિયા કોઇ ગણિતિક કલ્પનામાં અથવા તો એક પ્રકારના અભ્યાસમાં–માયાના પ્યાલને લગભગ મળતા એવા કોઇક પ્યાલમાં પરિવર્તિત થઈ રહી છે.

આ નવી પરિસ્થિતિ સાથે આપણો અનુબંધ શી રીતે ઉભો કરવો? આ સંબંધમાં લોકોના પ્રત્યાઘાતો ભિન્ન ભિન્ન પ્રકારના માલુમ પડે છે. કેટલાક વધારે ઊંડી વિચારણા અને તપાસ તરફ વળે છે અને અન્તિમ મૂલ્યોની શોધ તરફ આકર્ષાય છે, પણ બીજા લોકો મોટા ભાગે, આ ગુંચવાડામાંથી–આ ગોટાળામાંથી–કાંઈ પણ ઉકેલ હાથ લાગવાનું ખૂબ મુશ્કેલ ભાસતાં, નાસ્તિકતા અને નકારાત્મક વલણો તરફ ઢળી પડે છે, જુનાં ચોગઠાં અને ધોરણોનો ઇનકાર કરે છે અને કોઈ નવાં ધોરણો નિર્માણ કરી શકતા નથી.

આ પ્રક્રિયાની ભારત કરતાં પશ્ચિમી દુનિયા ઉપર વધારે અસર પડેલી માલુમ પડે છે, કારણ કે ટેકનોલોજીમાં અને તેને વ્યવહાર ક્ષેત્રમાં લાગુ પાડવાના ક્ષેત્રમાં પશ્ચિમી દુનિયા ઘણી વધારે આગળ વધેલી છે. પણ ભારતમાં પણ આ પ્રક્રિયાના પ્રારંભિક ચિહ્નો ડોકિયાં કરી રહ્યાં છે.

આપણને ગમે કે ન ગમે, પણ આ ઔદ્યોગિક અને યાંત્રિક સભ્યતાનું ભારત ઉપર પણ અનિવાર્યપણે આક્રમણ થવાનું જ છે, ગરીબાઇ ટાળવાનો અને જીવનનું ઊંચું ધોરણ અંખત્યાર કરવાનો આ જ એક માર્ગ છે. આપણા માટે આ પરિસ્થિતિના સંદર્ભમાં વિચારણીય પ્રશ્ન એ જ છે કે ભૂતકાળમાં માનવજાતે જે પાયાનાં મૂલ્યોને અતિ મહત્ત્વ આપ્યું છે તેમાંનાં થોડાં મૂલ્યો પણ આ પ્રક્રિયા દરમિયાન આપણે ટકાવી શકીશું કે નહિ? અને જીવનમાં રહેલ આધ્યાત્મિક તત્ત્વ–તેના વિશાળ અર્થમાં–ટકી શકશે કે કેમ? વૃદ્ધિગત થશે કે કેમ? અથવા તો તે એમ જ લુપ્ત થઈ જશે? જો એ આધ્યાત્મિક તત્ત્વ નહિ હોય તો, ગમે તેટલી ભૌતિક પ્રગતિ સાધવામાં આવે તો પણ, સમાજની છિન્નભિન્ન થવાની પ્રક્રિયા સંભવત; ચાલ્યા જ કરવાની.

આપણે કોઇ એક ઇશ્વરમાં અથવા અનેક દેવદેવીઓમાં માનીએ છીએ કે નહિ એ આજનો સવાલ નથી, પણ આપણે કોઇ પાયાનાં મૂલ્યોમાં માનીએ છીએ કે નહિ તે જ આજનો મુખ્ય સવાલ છે. તેના અભાવમાં આપણે છીછરા અને પામર બની જવાના, અને પામરતા મારફત કદિ માણસ કે પ્રજાસમૂહો ઊંચે આવી શકતા નથી. સંભવિત છે કે પરિવર્તનના આ પ્રચંડ કાળમાંથી એક નવી સમતુલાની–સમધારણની–સ્થાપના થાય, અને યાંત્રિક ક્ષેત્રે ખૂબ આગળ વધેલો સમાજ નવાં મૂલ્યોનું અને નવા ધોરણનું, સભ્યતાની કોઇ નવી ભૂમિકાનું, અને અન્તિમ વાસ્તવિકતાની–Ultimate Reality ની-કોઇ નવી કલ્પનાનું નિર્માણ કરે.

આમ છતાં પણ આધુનિક જગતનો તથા અણુશક્તિ અને ઇલેકટ્રોનિક યંત્રોની નૂતન ટેકનીકલ સભ્યતાનો ધસારો અને પ્રચંડ પરિવર્તનની તથા પ્રગતિની શકયતાઓ તેમજ માનવજાતના સંપૂર્ણ વિનાશની સંભવિતતા–આ બધું આપણી સામે આવીને ઉભું રહેલ છે અને ભવિષ્ય વિષે ખાસ કરીને જુવાન વર્ગમાં શંકા અને અનિશ્ચતતાની લાગણી પેદા કરે છે. દુનિયાની મહાન પ્રજાઓ અને તેમની વિચારસરણીઓ વચ્ચે, તથા મુડીવાદ, સમાજવાદ અને સામ્યવાદ વચ્ચે ચાલી રહેલી અથડામણો આપણે નિહાળી રહ્યા છીએ. એ બધાં કેવળ યંત્રવાદના ઉપાસકો છે. મુડીવાદી ફીઝીકસ, અથવા તો સામ્યવાદી કેમીસ્ટ્રી (રસાયણ વિદ્યા) અથવા તો કેપીટેલીસ્ટ અણુબોંબ કે કોમ્યુનીસ્ટ હાઇડ્રોજન બોંબ–આવું કશું છે જ નહિ. યુનાઇટેડ સ્ટેટ્સ અને સોવિયેટ યુનિયન વચ્ચે જરૂર ઘણી બાબતમાં તફાવત છે, પણ આજની દુનિયામાં ઉદ્યોગના ક્ષેત્રે અસાધારણ પ્રગતિ સાધેલા આ પ્રજાસમુદાયો અને જેમું હજુ ઉદ્યોગીકરણ થયું નથી તેવા દેશો વચ્ચે જે તફાવત છે તે જ આજનો ખરો પાયાનો તફાવત છે.

શું ભૌતિક અને શું આધ્યાત્મિક?

આપણે વસ્તુઓ અને વિષયો પરત્વે ભૌતિક અને આધ્યાત્મિક એવા ભેદ પાડીએ છીએ, અને એમ છતાં એ બે વચ્ચે રેખા દોરવાનું કામ મુશ્કેલ છે, માનવીવિચારનું પ્રત્યેક આન્દોલન કે જેણે લાખો માનવીઓ ઉપર પ્રભાવ પાડયો છે તેમાં કાંઇકે આધ્યાત્મિક તત્ત્વ હોય જ છે. મહાન ક્રાન્તિઓ–પછી તે યુનાઇટેડ સ્ટેટ્સમાં કે ફ્રાન્સમાં કે રશિયામાં કે ચીનમાં ગમે ત્યાં નિર્માણ થઇ હોય–તે સર્વ ક્રાન્તિઓ, જે તેમાં માનવીઓના દિલમાં રહેલ ઊંડી લાગણીઓને સ્પર્શે, પ્રક્ષુબ્ધ કરે તેવું આધ્યાત્મિક તત્ત્વ ન હોત તો કદિ સફળ થઈ જ ન હોત. માર્કસવાદે લાખો લોકોને આકર્ષ્યા તેનું પાયાનું કારણ, મારા અભિપ્રાય પ્રમાણે, તેમાં રહેલી વૈજ્ઞાનિક વિચારસરણી નહોતી, પણ તેમાં રહેલી સામાજિક ન્યાય માટેની તીવ્ર એષણા હતી. કમનસીબે, મારા ધારવા મુજબ, તેની વ્યવહાર વિચારણામાં માર્કસવાદ હિંસક પદ્ધતિઓ અને વ્યક્તિના દમન સાથે વધારે પડતો સંકલિત બની ગયો, જો કે આ પણ સામુદાયિક ભલા માટે છે એમ માની લેવામાં આવ્યું હતું. ચોકકસ સંદર્ભમાં શું સાચું અને શું ખોટું એ કહેવું મુશ્કેલ બને છે, કારણ કે જીવન એ કોઈ તર્કાનુસારી સાદી સીધી પ્રક્રિયા નથી. પણ એક અત્યન્ત જટિલ અને ગહન પ્રવાહ છે. આમ છતાં જીવનનો સમગ્રપણે વિચાર કરતાં એટલું તો નિશ્ચયપૂર્વક કહી શકાય તેમ છે કે સાધ્યનો વિચાર કરતાં સાધનોનાં ઔચિત્યની ઘરાદારપૂર્વક ઉપેક્ષા કરવી એ કોઇ એક વ્યકિત અથવા તો વર્ગ માટે કદિ પણ શ્રેયસ્કર કે હિતાવહ બની શકતું જ નથી.

કોઇ પણ અધિકારપ્રાપ્ત સત્તાધિષ્ઠિત વર્ગ પોતાનો અમુક લાભ સ્વેચ્છાએ જતો કરે તેટલા માત્રથી સમાજનું પાયાનું પરિવર્તન પેદા થતું નથી. એ તો અધિકારવંચિત વર્ગના અનિવાર્ય દબાણ નીચે જ શકય બને છે. એ સાથે, હું ધારું છું કે, એ પણ સાચું છે કે, કોઇ પણ સામાજિક સમુદાયના સામાજિક, રાજકિય, તેમજ બૌધિક જીવનનું સામાન્ય સ્વરૂપ એ સમુદાયની ઉત્પાદક સાધન સંપત્તિ તથા શકિત વડે નિશ્ચિત બને છે.

આજે ભારતમાં સામાન્યતઃ વિચારીએ તો, આપણી ઉત્પાદન–પદ્ધતિઓ જુનવાણી અને પછાત કોટિની છે. આપણાં જુનાં ધોરણો અને મૂલ્યો ટકાવી રાખવા માટે જુની પદ્ધતિઓને વળગી રહેવું એ જરૂરી છે એમ કહેવાનો અર્થ એ થાય છે કે આપણે ગરીબ અને પછાત રહેવું જોઇએ અને એમ કરવાથી જ પેલાં મૂલ્યો ટકાવી શકાશે એમ આપણે માનીએ છીએ. એ ખરૂં છે કે આપણે ઉત્પાદક અને સર્જક પ્રવૃત્તિઓ માટે જેમ જેમ ઉંચી કક્ષાની 'ટેકનીક'નો ઉપયોગ કરતા જઇશું તેમ તેમ તેની અસર આપણી વિચારણા અને જીવન ઉપર વધારે ને વધારે પડતી રહેવાની. પણ એ ઉપરથી એમ ફલિત થતું નથી કે તેનું પરિણામ જીવનનાં આધ્યાત્મિક અને વધારે ઊંચાં સાંસ્કૃતિક મૂલ્યોના પરિત્યાગમાં જ આવવું જોઇએ. એક બાજુએ સ્થાપિત હિતો અને બીજી બાજુએ ગરીબાઇ–એ બન્નેના સહઅસ્તિત્વ સાથે આધ્યાત્મિકતાને આપણું સંલગ્ન કરવી ન જોઇએ. અલ્પકાલીન તથા સતત પરિવર્તનશીલ સામાજિક અથવા આર્થિક રચના કે જેનાં ચોગઠાંમાં ગોઠવાઇને આપણે જીવન વ્યતીત કરતા હોઇએ તેથી આપણે પાયાનાં મૂલ્યોને જુદાં પાડવાં જોઇએ.

ખરેખર, વિજ્ઞાન અને ટેક્નોલોજી વડે પ્રભાવિત બનેલી આજની દુનિયા સાથે ગોઠવાઇ જવું એ આપણા માટે અનિવાર્ય બન્યું છે, અને તેથી અલગ થઇને આપણે જીવી શકીએ તેમ છે એમ કલ્પવું એ આપણા માટે ખતરનાક છે. પેલાં પાયાનાં મૂલ્યો કે જે સભ્ય માનવીના હાર્દ સમાન છે તેની ઉપેક્ષા કરતી ટેક્નોલોજી આપણે અપનાવી લેવી જોઇએ એમ કહેવું એ પણ આપણા માટે એટલું જ જોખમકારક છે.

કેવળ આર્થિક માપદંડ નહિ ચાલે

ધર્મ અને તત્વજ્ઞાનનો સ્થાપિત હિતો અને વર્તમાન સમાજ રચના ટકાવી રાખવા માટે ઘણી વખત લાભ ઉઠાવવામાં આવ્યો છે. એવી જ રીતે જુના આર્થિક સિધ્ધાન્તોનો પ્રસ્થાપિત હિતોને વ્યાજબી ઠરાવવા માટે ઉપયોગ કરવામાં આવ્યો છે. આમ હોવાથી આપણે બધી બાબતોનો નવેસરથી વિચાર કરવાની જરૂર છે અને આપણી રાષ્ટ્રીય યોજનાના યોજકોએ રાષ્ટ્ર અને પ્રજાના લાંબા ગાળાના હિતોનો વિચાર કરવો ઘટે છે. તરતના લાભની ગણતરી ઉપર કે રૂપિયા, આના, પાઇની પરિભાષામાં તેનો વિચાર કરવો તે બરોબર નથી. શિક્ષણ અને આરોગ્યને લગતી પ્રવૃત્તિઓનો કોઇ તરત લાભ દેખાતો નથી; અને એમ છતાં રાષ્ટ્રીય દ્રષ્ટિએ તેનું સાથી વધારે મહત્વ છે.

ભારતમાં આપણા ધ્યેય તરીકે સમાજવાદી ઢબની સમાજ-રચનાને આપણે સ્વીકારેલ છે. આનો અર્થ આર્થિક પુનરરચના કરવી એટલો જ નથી, પણ તેથી વધારે ઊંડો છે કે જેમાં ચિન્તન અને રહેણીકરણીનો ચોકકસ માર્ગ સૂચિત છે. અર્થપરાયણ સમાજ કે જેનો મુખ્ય હેતુ નફો કરવાનો છે તે પોતાની પાછળ નાના સંઘર્ષો લઇ આવે છે, અને કદિ કદિ મોટાં સંઘર્ષો પણ પેદા કરે છે, એટલું જ નહિ પણ, સામાજિક ન્યાય માટેના આધુનિક માનવીના પાયાના આગ્રહનો પણ તે વિરોધી હોવાનું માલુમ પડે છે. જ્યાં આપણે એકમેકના ઉભરાને અડકીને બેઠા છીએ અને ખભા સાથે ખભા અથડાવતા ચાલી રહ્યા છીએ એવી આજની દુનિયામાં સહકાર સિવાય કદિ પણ સંવાદિતા સંભવે જ નહિ. સમાજવાદ જેટલો ભૌતિક સાધનસામગ્રીના વિકાસ ઉપર આધારિત છે તેટલો જ સામાજિક ન્યાય અને કામ કરવાની સહકારી પદ્ધતિ ઉપર આધારિત છે.

રાષ્ટ્રીય ક્ષેત્રે પણ આ વિધાન એટલું જ સાચું અને અનુકરણયોગ્ય છે. આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ, સિવાય કે અતિ પ્રચંડ સંઘર્ષો સહકારના માર્ગે જવાનું અશકય બનાવી દે, દુનિયાએ એ જ દિશાએ અનિવાર્યપણે જવાનું છે.

વળી એ પણ અવશ્ય ધ્યાનમાં રાખવું ઘટે છે કે રાષ્ટ્રની ભૂમિમાં અને તેના પરાપૂર્વના ઇતિહાસમાં રહેલાં ઊંડા મૂળો સાથે ગાઢપણે સંકળાયલી રાષ્ટ્રીય સંસ્કૃતિ—એ પણ જેની ઉપેક્ષા થઈ ન શકે એવી એક નકકર વસ્તુ છે. જે દ્વારા રાષ્ટ્ર એક જીવન્ત એકમ તરીકે સદીઓથી ટકી રહેલ છે એટલું જ નહ પણ પ્રાણમયતા દાખવી રહેલ છે તે રાષ્ટ્રના આત્માનો નાશ કરવો એ રાષ્ટ્રને ઉખેડી નાખવા બરોબર છે. ભારત જેવા પુરાતન દેશ સંબંધમાં આ વિધાન વિશેષત: સાચું છે.

સખ્ત કામ કરવું એ જ આપણો અનિવાર્ય ધર્મ છે.

પણ આપણે વર્તમાનમાં જીવવાનું છે અને ભવિષ્યને ઘડવાનું છે. આજનો યુવાન સ્ત્રીપુરુષોનો આ વિશિષ્ટ ધર્મ છે. તેમણે એવાં અનેક અનિષ્ટો સામે લડવાનું છે કે જે અનિષ્ટો આપણને ઘેરી રહ્યાં છે અને આપણને દુ:ખી રહ્યાં છે અને મહાન પુરુષાર્થ માટે આપણને નાલાયક બનાવી રહ્યાં છે. આ અનિષ્ટો ધાર્મિક સંઘર્ષો અને ધર્માંધતાને લગતા છે, તેમ જ પ્રાન્તવાદ, ભાષાવાદ અને જ્ઞાતિવાદને લગતા છે.

સૌથી અગત્યની બાબત એ છે કે, આપણે ઘણું સખત કર્યા સિવાય ચાલે તેમ નથી. કારણ કે માત્ર પરમ પુરુષાર્થ દ્વારા જ પ્રાપ્તવ્ય જે કાંઇ હોય તે પ્રાપ્ત કરી શકાય છે. વળી આપણે ભય અને મત્સરથી મુકત બનીને કામ કરવું પડશે અને જે સાંકડો રાષ્ટ્રવાદ આજની દુનિયા સાથે હવે બંધબેસતો નથી અને આપણા ઊંચા આદર્શો સાથે જેનો કોઈ મેળ રહ્યો નથી તે સાંકડા રાષ્ટ્રવાદને અધીન રહીને ચાલવું તે પણ આપણને હવે પરવડે તેમ નથી. તેથી પણ આપણે મુકત બનવું જ રહ્યું. ગાંધીજી આપણને આ બોધપાઠ શિખવી ગયા છે.

દિલ્હી શહેરની અનુપમ ભવ્યતા

અત્યારે આ દિલ્હી શહેર કે જે પુરાણા ભારતના તેમજ નૂતન ભારતના એક પ્રતીક સમાન છે, તેમાં આપણે એકઠાં થયાં છીએ. તે અનેક પહેલુઓવાળું એક રત્ન છે. તે પહેલુઓમાં કેટલાક પહેલુઓ ચળકતા છે અને કેટલાએક ઉપર કાળાની શ્યામલતા ફરી વળી છે અને આ સર્વ પહેલુઓ સહીઓ થયાં વહી રહેલ ભારતીય જીવન અને ચિન્તનની પ્રક્રિયા રજુ કરે છે. આ દિલ્હી શહેર કે જ્યાં અનેક મહારાજ્યોની કબરો રચાઇ છે અને જે પ્રજાસત્તાક રાજ્યની જન્મભૂમિ છે, ઉછેરભૂમિ છે ત્યાં ભારતનું સારું અને બુરું—બધું જ આપણી સામે આવીને ઉભું રહે છે. તેની જીવનગાથા કેટલી ભવ્ય અને પ્રેરક છે? દરેક પગલે હજારો વર્ષના ઇતિહાસની પરંપરા આપણા ચિત્તને ઘેરી વળે છે અને આપણી આંખ સામે અસંખ્ય પેઢીઓનો પ્રવાહ સરઘસના આકારમાં વહી રહેલો માલુમ પડે છે. મારી પોતાની પેઢી પણ એ સરઘસમાં સામેલ થશે અને જે કલ્યાણકાર્ય માટે અમે જીવન વ્યતીત કર્યું છે અને આજે પણ જે અમે શોધી અને સાધી રહ્યા છીએ. તે કલ્યાણકાર્યના તમો ભાઇ બહેનોએ પુરોગામી ધ્વજવાહક બનવાનું છે.

હું કોઇ વિદ્વાન પંડિત નથી, પણ આપણા પ્રાચીન ઋષિ-મુનિઓની વાણીમાંથી તેમજ અન્ય દેશોની મહાન વિભૂતિઓની ચરિત્રકથામાંથી સંકટ અને મુશ્કેલીના વખતમાં મેં ઘણું આશ્વાસન મેળવ્યું છે, ઘણાં વર્ષ પહેલાં, યુરીપીડીસના રચેલા કોઇ એક ગ્રીક નાટકમાં મેં થોડી પંકિતઓ વાંચી હતી અને તે આજ સુધી મારા સ્મરણમાં સ્થિર થઇ ગઇ છે. અત્યારે તેનું પુનરાવર્તન કરું છું:—

What else is wisdom? What of men's endeavour?
Or God's high grace, so lovely and so great?
To stand from fear set free, to breathe and wait,
To hold a hand uplifted over hate,
And shall not loveliness be loved for ever?

(છંદ : વસન્તતિલકા)

શું હોય શાણપણ કે પુરૂષાર્થ કે શું
મોટી કૃપા પ્રભુની પ્રેમથી પૂર્ણ તેય?
થાવું ખડા અડગ નિર્ભય ધૈર્યપૂર્ણ
ને પી જવી સહુ ઘૃણા, કટુતાવિહીન
થઈ, હસ્ત ધરવો—બસ એ સિવા શું?
ને એટલું બનતું તો સહુ ચાહશે ના
સૌંદર્યને નિત સ્વરૂપ મહિં જ સાચા?

મૂળ અંગ્રેજી : જવાહરલાલ નહેરૂ
અનુવાદક : પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૨૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ફેબ્રુઆરી ૧૬, ૧૯૫૯, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

આજના કપરા સમયમાં કલાકારનો ધર્મ

[શ્રી આલબેર કામુ (Albert Camus (ફ્રાન્સનો સુપ્રસિધ્ધ લેખક છે. એમનો જન્મ ૪. સ. ૧૯૧૩માં અલ્જીઅર્સમાં થયો હતો. તેઓ ફિલોસોફી મુખ્ય વિષય તરીકે લઈ સ્નાતક થયા હતા. તેમણે જુદા જુદા ક્ષેત્રમાં પડી જુદો જુદો વ્યવસાય અપનાવ્યો હતો. પરંતુ પ્રકૃતિએ લેખક હોવાથી છેવટે તેમને પત્રકારત્વનો વ્યવસાય ફાવ્યો અને એમાં જ તેઓ સ્થિર થયા. ૧૯૩૦માં તેમણે એક થિયેટર કંપની શરૂ કરી હતી, કારણ કે નાટક એમનો એક પ્રિય વિષય હતો, પરંતુ ત્યાર પછી બીજું વિશ્વયુધ્ધ શરૂ થતાં એમની નાટક કંપની બંધ પડી અને એમણે ભૂગર્ભ રાજદ્વારી પ્રવૃત્તિમાં ભાગ લેવો શરૂ કર્યો, એ વખતે એમણે Combat નામનું એક ભૂગર્ભપત્ર ચાલું કર્યું હતું.

વાર્તાઓ, નવલકથાઓ, નાટકો અને ચિંતનાત્મક નિબંધો, એ શ્રી આલબેર કામુનાં પ્રિય સાહિત્યપ્રકારો છે. એમની સૌથી પહેલી નવલકથા 'Stranger' ૧૯૪૨ માં પ્રગટ થઈ હતી. એ પછી 'Plague' નામની એમની બીજી નવલકથા પ્રગટ થઈ. 'The Outsider' નામની નવલકથા વડે એમણે સાહિત્યજગતમાં વધારે ખ્યાતિ મેળવી.

શ્રી કામુ સ્વતંત્ર, સ્પષ્ટ અને નિર્ભીક વિચારક છે. યુરોપના લેખકોમાં આજે એમની ગણના એક સમર્થ મૌલિક વિચારક તરીકે થાય છે. ૧૯૫૧ માં પ્રગટ થયેલા એમના પુસ્તક 'The Rebel' દ્વારા એમને વધુ ખ્યાતિ મળી અને એ જ પુસ્તક માટે ૧૯૫૭નું સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક એમને આપવામાં આવ્યું. એ પારિતોષિક સ્વીકારતી વખતે એમણે જે મનનીય પ્રેરક પ્રવચન આપ્યું હતું તેનો અનુવાદ અહીં રજૂ કરવામાં આવે છે.—તંત્રી]

જ્યારે તમારી એકેડેમીએ નોબેલ પારિતોષિક આપીને મારું બહુમાન કર્યું ત્યારે મારી અંગત મહત્વકાંક્ષાની સરખામણીમાં તમારું પારિતોષિક કેટલું બધું મોટું છે એ સમજતાં હું કૃતજ્ઞતાની વધારે ઊંડી લાગણી અનુભવું છું. દરેક માણસને અને ખાસ કરીને દરેક કલાકારને પોતાની શક્તિની જાહેરમાં કદર થાય એવી ઇચ્છા રહે છે. હું પણ એવી ઇચ્છા ધરાવું છું. પરંતુ જ્યારે તમારા નિર્ણયની મને જાણ થઈ ત્યારે વર્તમાનમાં હું જેવો છું તેને તમારું પારિતોષિક મને જે કીર્તી અપાવશે તેની સાથે સરખાવ્યા વિના હું રહી શકતો નથી. જે માણસ હજુ પોતે યુવાન છે, જેની મૂડી પોતાનું ચિંતનશીલ મન છે, જેનું કલાકાર્ય હજી અધૂરું જ છે, અને જે પોતાના થોડાક મિત્રોની સોબતમાં શાંત અને એકાંતમય કાર્ય કરવાથી ટેવાયેલો છે એવા કલાકારને એકાએક જગદ્વ્યાપી કીર્તિપ્રકાશ મળતાં તે એક પ્રકારની અસ્વસ્થતા અને મૂંઝવણ અનુભવે એ સ્વાભાવિક છે. વળી જ્યારે યુરોપના બીજા કેટલાક મોટા મોટા લેખકોને ચૂપ કરી દેવામાં આવ્યા છે અને જ્યારે મારો પોતાનો દેશ એક જાતનું દુઃખ અનુભવી રહ્યો છે તે વખતે નોબેલ પારિતોષિક સ્વીકારવાનું કેમ મન થાય ?

આવી માનસિક વ્યથા અનુભવું છું. છતાં માનસિક શાંતિ પાછી મેળવવા મને જે સદ્‌ભાગ્ય સાંપડ્યું છે તેની સાથે હું અનુરૂપ બનવા પ્રયત્ન કરું છું. આ સદ્‌ભાગ્ય માટે ફકત મારી વ્યક્તિગત લાયકાતના ધોરણે હું કદાચ યોગ્ય ન ગણાઉં, તો પણ જીવનના અત્યંત વિષમ સંજોગોમાં પણ લેખકની કલા અને લેખકના કર્તવ્ય વિષેના મારા ખ્યાલે મને ટેકો આપી ટકાવી રાખ્યો છે એને હું મારા સદ્‌ભાગ્યનું કારણ સમજું છું.

એક વ્યકિત તરીકે હું મારી કલા વગર જીવી ન શકું. પરંતુ તેમ છતાં કલાને બીજી બધી વસ્તુઓની ઉપર મેં કદી મૂકી નથી. ઊલટાનું, કલા મારે માટે અગત્યની છે, કારણ કે તે મને બીજા લોકોથી છૂટી પાડતી નથી. અને મને મારી જેમ જ, બીજા બધા લોકોની સાથે એક ભૂમિકાએ જીવવા દે છે. મારે મન કલા કોઇ એકલપેટાનો આનંદ નથી. આપણાં સર્વસાધારણ સુખદુઃખનું અનોખું દર્શન કરાવીને વધુમાં વધુ માણસોનાં મન પર અસર કરવાનું કલા તો એક સાધન છે. આ રીતે જ તે કલાકારને અતડો બનતાં અટકાવે છે; પ્રજાથી વિખૂટા ન પડવાની એને ફરજ પાડે છે; વિશ્વના વધુમાં વધુ નમ્ર અને સૌથી વધુ સનાતન સત્યનું શરણ લેવાની એને પ્રેરણા આપે છે. આથી જ, કેટલીકવાર બને છે તેમ, જે કોઇ કલાકાર બીજા કરતાં પોતે જુદો છે એવા ખ્યાલથી અન્ય તરફ ઉપેક્ષાવૃત્તિથી કલાને માર્ગે વળ્યો હોય છે તેને, પોતે બીજાના જેવો જ છે અને બીજાથી ભિન્ન રહીને તે પોતાની કલાને પોષી શકશે નહિ એવું ભાન થાય છે. આમ કલાકારનું વ્યકિતત્વ એક બાજુ પોતે અને બીજી બાજુ જનસમાજ—એ બે વચ્ચેના સતત વિનિમયથી ઘડાય છે, કારણ કે એક બાજુ સૌન્દર્ય કે જેના વિના એ પોતે રહી શકતો નથી અને બીજી બાજુ પ્રજા છે કે જેમાંથી તે પોતાની જાતને મૂળમાંથી ઉખેડી શકતો નથી. તે બેની વચ્ચેના અંતરાલમાં તેનું વ્યકિતત્વ ઘડાય છે. આથી જ સાચા કલાકારો કશાને સિધ્ધકારતા નથી. તેઓ કશાનો ન્યાય તોળવા કરતાં તેને સમજવા માટે પોતાની જાતને ફરજ પાડે છે.

વળી, કલાકારનું કર્તવ્ય કેટલીક કપરી જવાબદારીઓ સાથે જોડાયેલું છે. એ તો સ્પષ્ટ છે કે આજનો કલાકાર ઇતિહાસ સર્જનાર રાજદ્વારી નેતાઓની તહેનાતમાં નહિ, પણ સહન કરનાર પ્રજાની તહેનાતમાં રહેશે. જો તેમ ન કરે તો પોતાની કલા ગુમાવી એકલા ઊભા રહેવાનો તેને માટે વખત આવશે. જુલ્મગારો ગમે તેટલી મોટી સંખ્યામાં હશે તો પણ અને કલાકાર પોતે ઇચ્છતો હશે તો પણ, તેઓ પોતાની સેવા માટે કલાકારને એના એકાંતમાંથી બહાર લાવી શકશે નહિ. બીજી બાજુ, દુનિયાના બીજા છેડે આવેલાં કોઈ અજાણ્યા કેદીનું મૌન કલાકારને એના એકાંતમાંથી બહાર લાવશે અને એની કલાદ્વારા એ મૌનમાંથી વાચા પ્રગટાવશે.

આવા કાર્ય માટે આપણામાંથી ભાગ્યે જ કોઇ એટલો મહાન હોઇ શકે. પરંતુ પોતે અજાણ્યો હોય યા તો ક્ષણિક પ્રસિધ્ધિ પામ્યો હોય, દુષ્ટ શાસનથી જકડાયેલો હોય કે પોતાની જાતને વ્યકત કરવા સ્વતંત્ર હોય–એવા તમામ સંજોગોમાં લેખક પ્રજા સાથે તાદાત્મ્ય અનુભવીને અને સત્યની સેવા અને સ્વતંત્રતાની સેવા એ બે કર્તવ્ય કે જેમાં એના વ્યવસાયની મહત્તા રહેલી છે તે સ્વીકારીને, તે પોતાના અસ્તિત્વને સાર્થક કરી શકે છે. એનો જીવનધર્મ વધુમાં વધુ માનવસંખ્યાને એકત્ર કરવાનો છે. આથી માણસોમાં ભિન્નતા અને એકલતા લાવનાર ગુલામી અને જૂઠાણાંને તે કદી સહન નહિ કરી લે. આપણી વ્યકિતગત નબળાઈ ગમે તેટલી હોય, પરંતુ આપણા વ્યવસાયની ઉદાત્તતાનાં મૂળ આ બે સૂત્રોમાં રહેલાં હોવાં જોઇએ:–(૧) જે વસ્તુને આપણે સત્ય તરીકે ઓળખીએ છીએ એ વિશે અસત્ય કહેવાનો ઇનકાર કરવો અને (૨) દમનનો મક્કમપણે સામનો કરવો.

ઇતિહાસનાં છેલ્લાં ઉન્માદભર્યાં વીસ કરતાં યે વધારે વર્ષ દરમિયાન, મારી ઉંમરના બીજા કેટલાક લેખકોની જેમ મેં પણ એવી લાગણી અનુભવી છે કે વર્તમાન સમયમાં લેખકનું લખવા ઉપરાંત પણ ઘણું મોટું કર્તવ્ય હોય છે. જે માણસો પહેલા વિશ્વયુદ્ધની શરૂઆત વખતે જન્મ્યા હતા, જેઓ હિટલર સત્તા પર આવ્યો ત્યારે વીસ વર્ષના હતા, અને જેમણે બીજા વિશ્વયુધ્ધ વખતે પોતાનું ભણતર પૂરું કર્યું હતું તેઓના ભાગે હવે અણુશસ્ત્રોના ભયંકર વિનાશકારી વાતાવરણમાં પોતાનાં બાળકોને ઉછેરવાનું આવ્યું છે. આવા માણસો ખૂબ આશાવાદી હોય એવી કોઇ જ અપેક્ષા રાખી શકે નહિ. આવી વધુ પડતી નિરાશા અને વિનાશની બીકને લીધે જેઓ નાસ્તિકતા તરફ વળ્યા છે, તેમની નાસ્તિકતાનો વિરોધ કરીને પણ, આપણે તેમને સમજવાનો જ પ્રયત્ન કરવો જોઇએ. મારા પોતાના દેશમાં અને આખા યુરોપમાં ઘણા લેખકોએ આવા નાસ્તિકવાદનો અસ્વીકાર કરીને જીવન જીવવા માટે કંઇક નિયમો સ્વીકારવાનો પ્રયત્ન કર્યો છે. વર્તમાન સમયમાં સર્વનાશની બીકને લીધે જે નિર્જીવતા અને અશ્રધ્ધા વ્યાપવા લાગી છે તેનો પ્રગટપણે સામનો કરીને જીવનની કલાને જન્મ આપવો જ જોઇશે; જીવનમાં શ્રધ્ધા પ્રગટાવવી જ જોઇશે.

દરેક પેઢી જગતને નવેસરથી ઘડવાની ભાવના સાથે બહાર આવે છે. આપણે જાણીએ છીએ કે એ પ્રમાણે તે કરી શકતી નથી. પરંતુ જગતને વિનાશમાંથી બચાવી લેવામાં પણ એનું મોટું કાર્ય રહેલું છે. વર્તમાન સમય કે જ્યારે સમાજમાં સડો વ્યાપી ગયો હોય, જ્યારે ક્રાન્તિ નિષ્ફળ નીવડી હોય, જેમાં આદર્શો ધસાઇ ગયા હોય, જેમાં બીજી કક્ષાની સત્તાઓ પણ વિનાશકારી શકિત ધરાવતી હોય, જેમાં બુદ્ધિ ધિકકાર અને દમનની સેવા કરવા જેટલી હલકી બની ગઇ હોય તેમાં એ બધી બદીઓને નમતું ન આપીને જીવન અને મૃત્યુ બંનેને ગૌરવ અપાવે એવું વાતાવરણ આપણા પોતાનામાં અને આપણી આસપાસ જન્માવવું જોઇશે. મારી પેઢીના માણસો પોતાનું આ કર્તવ્ય પાર પાડવામાં સફળ થશે એમ તો નહિ જ કહી શકાય. પરંતુ એટલું તો સાચું છે કે આખી દુનિયામાં તેમણે સત્ય અને સ્વતંત્રતાને નામે આ પડકાર ઝીલી લીધો છે અને એને ખાતર, જરા પણ ધિકકાર પ્રગટ કર્યા વિના કેવી રીતે મરવું તે તેઓ જાણે છે. આ બધું સન્માન અને આ બધું પ્રોત્સાહન એવી રીતે આત્મભોગ આપનાર લોકોને મળવું જરૂરી છે.

લેખકના વ્યવસાયની ઉદાત્તતા વિશે કહ્યા પછી લેખકના યોગ્ય સ્થાન વિશે પણ હું કેટલુંક કહેવા માગું છું. આજનો લેખક પોતાના બીજા લેખક–મિત્રો સાથે એક બાજુ યાતનાઓ અને બીજી બાજુ સૌન્દર્ય વચ્ચે ભીંસાતો, શરમ કે ગર્વ રાખ્યા વિના પોતાનું કાર્ય કર્યે જાય છે. જ્યારે આસપાસ વિનાશકારી વૃત્તિઓ જ પ્રવર્તતી હોય ત્યારે આજના લેખક પાસેથી સદુપદેશનાં સારાં સારાં તૈયાર વચનોની કોણ અપેક્ષા રાખે? સત્ય ઘણી ગહન અને ગૂઢ વસ્તુ છે અને હંમેશાં આપણા હાથમાંથી છટકી જાય છે. સ્વતંત્રતા જોખમભરી છે અને જેટલી તે જાગૃતિ લાવનારી છે તેટલી ટકનારી નથી હોતી. તેમ છતાં, આ સત્ય અને સ્વતંત્રતાના ધ્યેય તરફ મક્કમપણે આપણે પ્રયાણ કરવાનું છે. આપણે જાણીએ છીએ કે આપણો માર્ગ ઘણો કપરો છે. આવા સંજોગોમાં કયો સાચા દિલનો લેખક પોતાની જાતને કેવળ ઉપદેશક તરીકે રજૂ કરશે? મારે માટે હું એમ કહી શકું કે હું એવા કોઇ પ્રકારનો ઉપદેશક નથી. જીવનના આનંદનો, દિવસના પ્રકાશનો, સ્વતંત્રતાના વાતાવરણનો હું ત્યાગ કરી શકતો નથી. મારા આ અનુરાગને લીધે મારી કેટલીક ભૂલો થઇ છે અને મને સમજાઈ પણ છે, પણ એકંદરે મને મારું કર્તવ્ય સમજવામાં મારી એ વૃત્તિ ઘણી ઉપયોગી થઇ છે, અને જેમને માટે જીવન સજારૂપ બન્યું છે એવા મૂંગા માણસોનો પક્ષ લેવામાં મદદરૂપ બની છે.

આમ, જવાબદારીઓ અને મર્યાદાઓના ભાન સાથે હું તમારી સમક્ષ આજે આવ્યો છું. તમે ઉદારતાથી જે માન મને આપ્યું છે તે મારી સાથે, મારી જેમ સંઘર્ષ અનુભવતા બધા જ લેખકોને આપેલી અંજલિ તરીકે હું સ્વીકારું છું. ફરીથી હું તમારો હાર્દિક આભાર માનું છું અને દરેક કલાકાર પોતાની કલા પ્રત્યેની વફાદારીની રોજે રોજ મનોમન જે પ્રતિજ્ઞા લેતો હોય છે તે જબાના-જૂની વફાદારીની પ્રતિજ્ઞા હું તમારી સમક્ષ જાહેરમાં, આભાર અને કૃતજ્ઞતાની એક લાગણી તરીકે લઉં છું.

મૂળ લેખક–**આલબેર કામુ**

અનુવાદક–**પ્રો. રમણલાલ શાહ**

સંઘના સભ્યો માટે ચિત્રપટ–દર્શન

'મહાત્મા ગાંધી: ૨૦મી સદીના પયગંબર'

ગાંધી સ્મારક સંગ્રહાલય અને મુંબઇ જૈન યુવક સંઘના સંયુકત આશ્રય નીચે અમેરિકન એકેડેમી ઓફ એશિયન આર્ટીસ્ટ તરફથી તૈયાર કરવામાં આવેલ "Mahatma Gandhi The 20th Century Prophet" 'મહાત્મા ગાંધી: ૨૦મી સદીના પયગંબર' એ નામનું ચિત્રપટ ન્યુ કવીન્સ રોડ ઉપર આવેલા રોકસી થીએટરમાં ફેબ્રુઆરી માસની ૨૮મી તારીખે સવારે ૮ વાગ્યે સંઘના સભ્યોને દેખાડવામાં આવશે. આ ચિત્રપટ ભારે કુશળતાપૂર્વક તૈયાર કરવામાં આવ્યું છે, જેની અંગ્રેજી કોમેન્ટરી પણ અતિ ઉચ્ચ કક્ષાની છે. થોડા દિવસ પહેલાં રાષ્ટ્રપતિ મુંબઇમાં પધાર્યા તે પ્રસંગે આ ચિત્રપટ સૌથી પહેલીવાર દેખાડવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રસ્તુત ચિત્રપટ દેખાડવાનું શરૂ કરવા પહેલાં ગાંધી સ્મારક નિધિના ખાસ નિમંત્રણને માન આપીને ભારતના એક મહીનાના પ્રવાસે આવનારા ડો. માર્ટીન લ્યુથર કીંગનું બન્ને સંસ્થાઓ તરફથી કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપણા નીચે જાહેર સન્માન કરવામાં આવશે. આ રેવરન્ડ માર્ટીન લ્યુથર કીંગ એ વ્યકિત છે કે જેમની ૨૯ વર્ષની ઉમ્મર છે, જેઓ પોતાના હબસીભાઇઓને ઉતરતા ગણવાની અને અલગ રાખવાની અમેરિકન પ્રજાની નીતિરીતિ સામે વર્ષોથી હીલચાલ ચલાવી રહ્યા છે. તેમણે થોડા સમય પહેલાં અલાબામામાં વસતા હબસીઓને જાહેર બસોનો ઉપયોગ કરતા અટકાવવા માગતા ગોરાઓ સામે બસ–હડતાલનું પ્રચંડ આન્દોલન જગાડયું હતું.

પ્રસ્તુત ચિત્રપટ જોવા માટે પ્રવેશપત્રો રાખવામાં આવ્યા છે, જે સંઘના કાર્યાલયમાંથી સભ્ય દીઠ બે પ્રવેશપત્રો એ મુજબ આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

★ પ્રકીર્ણ નોંધ ★

કુ. બહેન વિમળા ઝવેરીને અનેક ધન્યવાદ

શૈક્ષણિક ક્ષેત્રે જ્યારે કોઈ બહેન અતિ દુર્લભ એવો કોઇ વિક્રમ સાધે છે ત્યારે આપણું દિલ કોઈ જુદો જ આનંદ અને ગૌરવ અનુભવે છે. આવી જ એક ઘટના આપણા સામાજિક વર્તુલમાં બની છે. જાણીતા ઝવેરી અને જૈન સમાજના આગેવાન શ્રી ભોગીલાલ લહેરચંદ ઝવેરીનાં પુત્રી બહેન વિમળાએ જનરલ સર્જરીનો વિષય લઇને લંડન એફ્. આર્. સી. એસ્.ની પરીક્ષા તાજેતરમાં પસાર કરી છે. છેલ્લાં દશ પંદર વર્ષથી લંડન એફ્. આર્. સી એસ્.ની પરીક્ષા એટલી બધી કઠણ બનાવવામાં આવી છે કે હિંદનો કોઇક જ વિદ્યાર્થી આજ કાલ એ પરીક્ષા પસાર કરી શકે છે. અહિંની મેડીકલ ડીગ્રી મેળવીને ઘણા વિદ્યાર્થીઓ લંડન એફ્. આર્ સી. એસ્. અથવા તો એમ્. આર્. સી. પી.ની ડીગ્રી મેળવવા માટે ઇંગ્લાંડ જાય છે, પણ એ માટે બે ત્રણ વાર પરીક્ષાઓ આપવા છતાં નિષ્ફળ નીવડે છે અને પછી એડીનબરો કે એવી બીજી કોઇ યુનિવર્સિટીની ઉપર જણાવેલી ડીગ્રીઓ મેળવીને પાછા ફરે છે. આવી વિકટ પરીક્ષા બહેન વિમળાએ પસાર કરી છે એ એની એક વિરલ વિશેષતા છે. તેની બીજી વિશેષતા એ છે કે સાધારણ રીતે બહેનો સ્ત્રીઓના દર્દોને લગતી સર્જરીના વિષયમાં નિષ્ણાત બને છે. બહેન વિમળાનો વિષય સ્ત્રીવિષયક દર્દોની સર્જરી નથી, પણ જનરલ સર્જરી છે. વળી ગુજરાતી બહેનોમાં લંડન એફ્. આર્. સી. એસ્.ની પરીક્ષા પસાર કરેલી બીજી કોઈ ગુજરાતી બહેન હજુ સુધી જાણવામાં આવી નથી–કદાચ કોઇ પારસી બહેન હોય–એમ ડોકટરી વર્તુલોમાં પૂછતાં માલુમ પડે છે. આ માટે બહેન વિમળાને આખા ગુજરાતી સમાજના અનેક ધન્યવાદ ઘટે છે.

બહેન વિમળા મુંબઈ યુનિવર્સિટીનાં બી. એસ. સી. છે; ત્યાર બાદ દિલ્હીમાં રહીને તેમણે એમ્. બી. બી. એસ્.ની પરીક્ષા પસાર કરી. અને પછી મુંબઇમાં થોડો સમય બેબે હોસ્પીટલમાં ડો. બાલીગા નીચે તેમણે 'હાઉસમેનશીપ' કરી અને વિશિષ્ટ અભ્યાસ માટે તેઓ લંડન ગયાં અને બીજી કસોટીએ તેમણે એફ્. આર્. સી. એસ્.ની ડીગ્રી પ્રાપ્ત કરી. આ બહેનની ભાવી કારકીર્દી અત્યન્ત ઉજ્જવળ નીવડે અને તેમની ડાકટરી કુશળતા અનેક ભાઈ બહેનોનાં દુઃખનિવારણ અને આરોગ્યપ્રાપ્તિમાં પરિણમે એવી આપણા અન્તરની તેમના વિષે શુભેચ્છા અને પ્રાર્થના હો!

હુંડિયામણ મેળવવા માટે થનારૂં પશુકતલનું મોટા પાયાનું આયોજન

મુંબઈ જીવદયા મંડળીના મંત્રી શ્રી. ભાનકર પોતાના એક પરિપત્રમાં એ મતલબનું જણાવે છે છે કે "સ્વરાજ્ય પછીનાં ૧૬ વર્ષનાં અરસામાં કેમ જાણે ભારતની અહિંસક સંસ્કૃતિને જડમૂળથી ઉખેડવાની યોજના કરવામાં આવી હોય તેમ સરકાર અને જનતા તરફથી હિંસાની પરંપરા વધતી જાય છે. સ્વરાજ્ય મળ્યા પછી પણ પશુધનની કતલ અટકાવવાની જનતાની વાસ્તવિક અભિલાષા અને માંગ લોકશાહી સરકાર સ્વીકારી શકી નથી એ દુઃખની વાત છે, પણ વધારે દુઃખની વાત એ છે કે પંચવર્ષીય યોજના દ્વારા માંસાહારનું ઉત્પાદન વધારવા અને તેનો ખોરાક તરીકે ઉપયોગ વધારવા સરકાર અને તેના કર્મચારીઓ અવિરત પ્રયાસ કરે છે. તેથી આગળ વધીને સરકારે એક માંસ-ઉત્પાદન કમીટી સ્થાપવાનો નિર્ણય કર્યો હોવાનું ભારત સરકારના કૃષિ અને અન્નવિભાગના ઉપમંત્રી શ્રી. કૃષ્ણાપ્પાજીએ ગયા નવેમ્બર માસની ૧૮મી તારીખના રોજ લોકસભામાં જાહેર કર્યું છે. કસાઇખાનાં અને માંસ તપાસ માટેની સરકારે નીમેલી કમીટીનો રીપોર્ટ અને તે ઉપરથી તેમણે કરેલી ભલામણો લોકસભાના ટેબલ ઉપર રજુ કરવામાં આવી હતી અને તેમાં એક ભલામણ એવી હતી કે માંસ ઉદ્યોગના વિકાસ માટે એક સ્થાયી સમિતિ નીમવી જોઇએ અને હુંડિયામણ કમાવા માટે માંસ અને પશુના શરીરમાં રહેલી અન્ય વસ્તુઓનો નિકાસવેપાર શરૂ કરવા સરકારે તુરત પગલાં ભરવા જોઇએ." એ જ પરિપત્રમાં આગળ ચાલતાં તેઓ જણાવે છે કે "સને ૧૯૫૩માં જ્યારે અલ્હાબાદ ખાતેના કુંભમેળા વખતે માનનીય પંડિત નહેરૂજીને ગોહત્યાનિરોધ સમિતિ અને જીવદયા મંડળીના પ્રતિનિધિઓનું એક ડેપ્યુટેશન મળ્યું હતું અને ગોમાંસનો નિકાસ વેપાર બંધ કરવા તેમને વિનંતિ કરી હતી ત્યારે, તેમણે ખાત્રી આપી હતી કે ગોમાંસનો નિકાસવેપાર બંધ કરવામાં આવશે. એ પ્રમાણે ભારત સરકારે તુરત જ ગોમાંસની નિકાસ તો બંધ કરી હતી, પણ બીજા માંસની નિકાસ ઉપર કશો પ્રતિબંધ નહિં મૂકેલ હોવાથી ભેંસ તેમજ અન્ય પશુઓનાં માંસની નિકાસ ચાલુ રહી હતી. થોડા સમય પહેલાં સરકારના ઉદ્યોગખાતાના મંત્રીએ ગોમાંસની નિકાસની છૂટ આપી છે અને હવે એ નિકાસ વ્યાપાર મોટા પાયા ઉપર શરૂ થઇ રહ્યો છે. સ્વરાજ્ય મળ્યા પછી ગોમાંસની નિકાસ સરકારી આંકડાઓ મુજબની નીચે મુજબ છે:–

૧૯૪૨–૪૩ રૂ. ૧૫૦૦૦૦૦ ની માંસ નિકાસ
૧૯૫૨–૫૩ રૂ. ૫૬૩૮૪૫૨ ,, ,,
૧૯૫૬–૫૭ રૂ. ૬૦૩૬૪૫૩ ,, ,,

ઉપરના નિવેદન ઉપરથી એમ અનુમાન થાય છે કે પરદેશી હુંડિયામણ કમાવા ખાતર આજે ચાલે છે તેથી ઘણા મોટા પાયા ઉપર આપણા દેશમાં પશુઓની કતલ શરૂ થવાનો ઘણો સંભવ છે. આજે પરદેશી હુંડિયામણની ભારે ખેંચ છે અને દેશની જરૂરિયાતો ધ્યાનમાં લેતાં તે બને તેટલા મોટા પ્રમાણમાં મેળવવાની જરૂર છે એ વિષે બે મત હોવા સંભવ નથી.–આમ છતાં પણ એ ખેંચ હળવી કરવા માટે અવાક પશુઓની અમર્યાદ કતલ શરૂ થાય–પશુઓ પણ અન્ય જડ વસ્તુઓ માફક આયાતનિકાસની નીતિનું આ રીતે એક સાધન બને એ, પશુદયા જ્યાંની સભ્યતા અને સંસ્કૃતિનું એક મહત્વનું અંગ છે તેવા દેશ માટે અત્યન્ત શોચનીય દશા ગણાય. દેશમાં જ્યાં સુધી માંસાહારી લોકો છે ત્યાં સુધી તેમના ઉપયોગ માટે અમુક પશુઓની કતલ થતી રહે એ સમજી શકાય તેવું છે, કારણ કે પ્રજાના અમુક સમુદાયની અનિવાર્ય લેખાતી જરૂરિયાત પૂરી પાડવામાં સરકાર અવરોધ મૂકી ન શકે, પણ જ્યાં બહારના દેશોની અનિવાર્ય જરૂરિયાતને પહોંચી વળવાનો કોઇ સવાલ જ નથી, ત્યાં હરીફાઇમાં સોંઘું માંસ પૂરું પાડીને માંગ ઉભી કરવી અને તે માટે, જાણે કે જડ પદાર્થો હોય એમ, આપણાં પશુઓની વિવેકશૂન્ય ઢગલાબંધ કત્તલને ઉત્તેજન આપવું અને એ રીતે લોહિયાળ હુંડિયામણ કમાવાની વૃત્તિ સેવવી–આ આપણામાં પ્રાણીઓ, પશુઓ વિષેની વધતી જતી નિષ્ઠુરતાની પણ પરિસીમા છે. હુંડિયામણ કમાવાના બીજા કોઇ માર્ગ જ નથી કે દયા, કરૂણા, અનુકંપાને ગીરો મૂકીને દેશે આ માર્ગ અખત્યાર કરવો પડે? હુંડિયામણનો વિચાર કરવા સાથે સાધનશુદ્ધિ કે જેની ઉપર આજે આપણા મહાત્મભાત્મ નહેરૂ ખૂબ ભાર મૂકી રહ્યા છે તેના વિચાર–વિવેકને કોઇ સ્થાન ખરૂં કે નહિ? કરૂણાપરાયણ પ્રજાજનોનો ધર્મ છે કે આ સામે પોતાનો પ્રચંડ

વિરોધ રજુ કરીને હુંડિયામણલોભના કારણે વધતી જતી પશુઓની કત્તલને કોઇ રીતે અટકાવે.

શ્રી મુનશીએ દાખવેલી વિરલ નિડરતા માટે અભિનન્દન

ખેતીવાડી વ્યવસ્થાપદ્ધતિ અંગે નાગપુર ખાતે ભરાયલી કોંગ્રેસે એક મહત્વનો ઠરાવ પસાર કર્યો હતો, જે તા. ૧૬-૨-૫૯ ના પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવ્યો છે. આ ઠરાવે દેશના આગેવાન રાજકારણી વિચારકોમાં એક બહુ મોટો મતભેદ ઉભો કર્યો છે. કેટલાક વિચારકો એમ માને છે કે આ ઠરાવ સ્વીકારીને ખેતીવાડી સંબંધમાં કોંગ્રેસે અને તત્પ્રભાવિત ભારત સરકારે એક ભારે ક્રાન્તિકારી નીતિ ધારણ કરી છે. અન્ય પક્ષે શ્રી. રાજ્યગોપાલાચાર્ય તથા શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી આ ઠરાવના અમલમાં ભારે અનર્થ અને દેશનું મોટું અનિષ્ટ જુએ છે અને આનું પરિણામ સામ્યવાદી સરમુખત્યારશાહીમાં અને ખેડુતોના સ્વતંત્ર ઉદ્યોગ ઉપર ભયંકર આક્રમણ થવામાં આવશે એમ માને છે. તા. ૨૦ મી જાન્યુઆરીના રોજ દિલ્હીની હીસ્ટોરિકલ સોસાયટી સમક્ષ બોલતાં શ્રી મુનશીએ સહકારી ખેતી-cooperative farming-નો સખ્ત વિરોધ કર્યો હતો અને આનો જ્યાં જ્યાં અમલ કરવામાં આવ્યો છે ત્યાં ત્યાં તે નિષ્ફળ ગયેલ છે એમ જણાવ્યું હતું અને આ ઠરાવ ખેડુતોને સહકારી ખેતી પદ્ધતિ સ્વીકારવાની તેમની કોઇ પણ ઇચ્છા વિરૂદ્ધ ફરજ પાડશે અને તેમના ઉપર ભારે ત્રાસ ગુજરવામાં પરિણમશે એમ સૂચવીને આજે દેશમાં જુલ્મગાર તંત્રના બળો જોર કરી રહ્યા છે એમ જાહેર કર્યું હતું.

બે દિવસ બાદ મહાત્મા ગાંધીની શહિદીની ૧૧મી સંવત્સરીને લગતી જાહેર સભામાં બોલતાં શ્રી. નહેરૂએ શ્રી. રાજગોપાલાચાર્ય અને મુનશીના ઉપર જણાવેલા અભિપ્રાયોને અને વલણને ઘણા સખ્ત શબ્દોમાં વખોડી નાંખ્યું હતું અને કોંગ્રેસે સ્વીકારેલી સમાજવાદી નીતિને "તેમનું આવું વલણ ઉથલાવી નાંખનારૂં વાતાવરણ પેદા કરે છે એમ જણાવીને Prophets of Doom-સત્યાનાશની આગાહી કરનારા પયગંબરો તરીકે તેમને વર્ણવ્યા હતા.

આના જવાબમાં શ્રી મુનશીએ શ્રી નહેરૂના ઉગ્ર ઉદ્ગારોથી જરા પણ ન દબાતાં જાન્યુઆરી માસની ૨૦ મી તારીખે જણાવેલા પોતાના વિચારોનું ફરીથી મક્કમપણે સમર્થન કરતાં જણાવ્યું હતું કે "મહાઅમાત્ય જેવી એક વિશિષ્ટ વ્યકિત કે જે દેશના આદરયોગ્ય નેતા છે. અને જેમને હું મારા મિત્રસમાન લેખું છું તેમની સામે કોઇને પણ વિવાદમાં ઉતરવામાં આનંદ ન હોય અને તેમાં પણ મને તો ન જ હોય. આમ છતાં પણ તે દિવસના શહીદદિનના ભાષણમાં, દિલ્હીની હિસ્ટોરિકલ સોસાયટી સમક્ષ કરાયલા મારા ભાષણમાં સહકારી ખેતી સંબંધે મેં જે કહ્યું હતું તેનો તેમણે એવો સીધો અને સચોટ ઉલ્લેખ કર્યો છે કે, મને કહેવાની ફરજ પડે છે કે તેમણે કરેલી ટીકાઓમાં કાં તો મારા મુદ્દાઓ તેઓ સમજ્યા નથી અથવા તો તેનો જવાબ આપવાનો તેમણે પ્રયત્ન કર્યો નથી.

"તેમના ભાષણમાં શ્રી નહેરૂએ જણાવ્યું હતું કે સમાજવાદ તરફ લઇ જતા કોઈ પણ પગલાને જોખમી તરીકે વર્ણવવાનો કેટલાક લોકો ધંધો લઇ બેઠા છે અને જમીનસુધારણા કે આયોજનના કોઇ પણ પગલાને 'જુલ્મી' અને 'સ્વતંત્રતા ઉપર તરાપ મારનાર' તરીકે જાહેર કરવાની હદ સુધી આ લોકો જાય છે.

"હિંદમાંનો બેરાકીનો પ્રશ્ન બે વર્ષમાં ઉકેલાઇ જશે એવી મહાઅમાત્યે આપેલી બાંહેધરીને જો કોઇ શબ્દશઃ સ્વીકારવાની ના પાડે તો તે ઉપરથી તે નિરાશાવાદી છે એમ અનિવાર્યપણે માની લેવાની કોઇ જરૂર નથી. માનવીય તાકાતની દ્રષ્ટિએ વિચારતાં એ પ્રશ્નનો આટલી ટુંકી મુદ્દતમાં ઉકેલ લાવવાનું શકય જ નથી. જે પદ્ધતિઓ અન્યત્ર સફળ થઈ નથી તે પધ્ધતિઓ આપણે ત્યાં સ્વીકારવાથી ઇષ્ટ લક્ષ્યાંકનો મહત્વનો હિસ્સો પણ સિધ્ધ થવાનો કોઇ સંભવ નથી. તે માટે તો જે ખેતીવાડીના ઉત્પાદનને લગતી જે જવાબદારી કેન્દ્રસ્થ તેમજ પ્રાદેશિક વહીવટમાં ખેરવિખેર જેવી સ્થિતિમાં પડી છે તેને પુનઃ સંયોજિત કરવામાં આવે અને ખેડુત કુટુંબદ્વારા થતી ખેતીને નવી ચાલના આપવામાં આવે અને સગવડસામગ્રી પૂરી પાડવામાં આવે તો જ એ દિશાએ સંગીન પ્રવૃત્તિ સધાવાનો સંભવ રહે છે.

"વળી, સામૂહિક ખેતીને લગતા ઠરાવના અમલનું કાર્ય હાથ ધરવામાં આવે તે પહેલાં સરકારે અને કોંગ્રેસે આખા પ્રશ્નની બારીક તપાસ હાથ ધરવી જોઇએ અને ખેડુતો ઉપર કોઇ પણ પ્રકારનું ગેરવ્યાજબી દબાણ લાવવામાં નહિ આવે તેની બાંહેધરીઓ આપવી જોઇએ-આવો જેઓ અભિપ્રાય ધરાવતા હોય તેમને જમીનસુધારણાના દુશ્મનો કહેવા તે એક અત્યુકિત છે.

"મુખ્ય સવાલ એ છે કે જો ખેડુત પોતાની જમીન છોડી દેવાની ના કહે અને જમીનનો માલીક મટીને મજુર બનવાને તૈયાર ન થાય તો તેની સામે કોંગ્રેસ અને સરકાર એક યા બીજા પ્રકારની બળજોરી વાપરશે કે કેમ? જો બળજોરી વાપરવામાં આવે તો તેને ગમે તે નામ આપવામાં આવે અને ગમે તે તરફથી તેનો અમલ કરવામાં આવે તો પણ તે એક પ્રકારનો જુલ્મ જ હોવાનો. આમ હોવાથી સરફીરોશી માટે તત્પર-સ્વાતંત્ર્યની ચાહક-દરેક વ્યકિતએ-અને આપણા મહાઅમાત્ય આમાં સૌથી પહેલાં અને અગ્રગણ્ય છે તેમણે તો ખાસ કરીને-એમ જોવું એ ફરજ છે કે આ પ્રકારની જુલ્મગાર નીતિ પાછલા બારણેથી પણ આપણા જીવનમાં દાખલ થઇ ન બેસે."

આ ચર્ચામાં આખો મુદ્દો એ છે કે ખેતીવાડીને લગતી કોંગ્રેસની નીતિનો અમલ કરતાં ખેતીવાડીને લગતી સૂચિત સહકારી મંડળીઓમાં ખેડુતોને અનિચ્છાએ, તેમના ઉપર દબાણ લાવીને, જોડાવાની ફરજ પાડવામાં આવશે કે કેમ? આ સંબંધમાં પછીનાં નિવેદનોમાં શ્રી નહેરૂએ પૂરી સ્પષ્ટતા કરી છે કે કોંગ્રેસના ઠરાવમાં આવા કોઇ દબાણને અવકાશ જ નથી અને કોઇ પણ સહકારી મંડળીમાં ખેડુતે જોડાવું કે નહિ તે તેની પોતાની ઇચ્છા ઉપર જ નિર્ભર રહેશે. આ રીતે શ્રી મુનશીએ પોતાના નિવેદનમાં જે બળજોરી અને ગેરવ્યાજબી દબાણ અને જુલ્મગાર નીતિનો ભય દાખવ્યો છે તે નહેરૂનાં નિવેદનોથી નાબુદ થાય છે. શ્રી. મુનશીએ પણ નહેરૂના આ ખુલાસા વિષે પોતાનો સંતોષ વ્યકત કર્યો છે. આમ છતાં પણ આ આખો વિવાદ અહિં રજુ કરવા પાછળ એક જ બાબતનો નિર્દેશ કરવાનો આશય રહેલો છે, અને તે એ છે કે આજકાલ પોતાથી જુદો સુર કાઢતી કોઇ પણ વ્યકિત પ્રત્યે શ્રી નહેરૂ એકાએક ઉશ્કેરાઇ જાય છે અને સામી વ્યકિત યા વ્યકિતઓને અસંસ્કાર ભાષામાં વખોડી નાખે છે, ઝાટકી નાખે છે તે યોગ્ય નથી. તેઓ આપણને ઉદાર અને સહિષ્ણુ બનવાનો અવારનવાર ઉપદેશ આપે છે અને એ જ ઉદારતા, અન્ય પ્રત્યે-તેના વિચારો પ્રત્યે-આદરભાવ અને સહિષ્ણુતા તેમના જ વર્તનમાં લોપાતી દેખાય છે. નાગપુર કોંગ્રેસની બેઠક દરમિયાન વિષયવિચારિણી સમિતિની ચર્ચા વખતે શ્રી બાબુભાઇ ચિનોય; શ્રીમતી સુચેતા કિરપલાણી તેમજ અન્ય વ્યકિતઓ પ્રત્યે પણ, તેઓ તેમનાથી વિચારોમાં જુદા પડતા લાગ્યા તેટલા ઉપરથી જ, તેમણે આવું જ અનુદાર-અસહિષ્ણુ-

વલણ દાખવેલું, લોકશાહીનો આ માર્ગ નથી. આમ કરવાથી કોઈ પણ પ્રશ્ન ઉપર મુક્ત મને પોતાના વિચારો રજુ કરી શકાય એ પ્રકારનું વાતાવરણ, જે લોકશાહીના વિકાસ માટે અત્યન્ત આવશ્યક છે, તે લુપ્ત બની જાય છે. નહેરૂની આ ઉદ્દામ પ્રકૃતિના કારણે નજીકની વ્યક્તિઓનાં મોઢાં શીવાઇ જતાં માલુમ પડે છે અને માથું ઉંચકીને બોલનારને ભવિષ્યમાં એક યા બીજી રીતે સહન પણ કરવું પડે છે. આવી વિષમ પરિસ્થિતિ વચ્ચે પોતાની ભાવી કારકીર્દીને જોખમાવીને પણ, શ્રી. મુનશીએ, નહેરૂનો જાહેર વિરોધ કરીને, પોતાના વિચારો નિડરપણે રજુ કર્યા તે બદલ તેમને ધન્યવાદ ઘટે છે. આમ કરવાથી જ વિચાર-સ્વાતંત્ર્યનું વાતાવરણ દેશમાં જીવંતુ રહેશે અને સત્તાધીશ આગેવાનો વધારે સચેત બનશે.

રેવરન્ડ ડા. માર્ટીન લ્યુથર કીંગનો પરિચય

યુનાઇટેડ સ્ટેટ્સમાં વસતી હબસી કોમના એક આગેવાન જે તાજેતરમાં ભારતના પ્રવાસે આવ્યા છે તેનો તા. ૧–૨–૫૯ના હિન્દુસ્તાન ટાઇમ્સમાં તેમના વિષે પ્રગટ થયેલી કેટલીક વિગતો ઉપરથી નીચે પરિચય આપવામાં આવે છે.

જ્યારે પણ રંગભેદના પ્રશ્નનો ઉલ્લેખ કરવામાં આવે છે ત્યારે માર્ટીન લ્યુથર કીંગના નામનું સ્મરણ થયા વિના રહેતું નથી. અલાબામામાં આવેલા મોન્ટગોમેરી શહેરનો વતની ૩૦ વર્ષની ઉમ્મરનો આ પાદરી કે જે ભારતની એક મહીનાની મુસાફરી કરવાના આશયથી ચાલુ ફેબ્રુઆરી માસની આઠમી તારીખે દિલ્હી આવેલ છે તે હબસી કોમનો એક આગેવાન છે. તેમણે અમેરિકામાં ઉભી થયેલી અમુક એક પરિસ્થિતિ સામે મોટા પાયા ઉપરનો સૌથી પહેલો સત્યાગ્રહ ઉભો કર્યો હતો. શહેરના હબસી-ઓને જાહેર બસોમાં ગોરાઓથી અલગ બેસાડવાની ચાલુ રીત-રસમને નાબુદ કરવાના હેતુથી ૮૧ દિવસ સુધી જાહેર બસોના કરવામાં આવેલ બહિષ્કારને લગતી મોન્ટગોમેરીમાં બનેલી ઘટના જેટલી દેખાય છે એથી વધારે અર્થસૂચક હતી. હજારો હબસીઓના દિલમાં રહેલી સમાનતાની ભાવના અંગેની શાન્તિભરી લડતનું એ એક પ્રતીક હતું. તાજેતરમાં પ્રગટ થયેલ 'Stride Towards Freedom' એ નામના ભારે ચિત્તાકર્ષક ગ્રંથમાં રેવરેન્ડ કીંગે, મોન્ટગોમેરીની જાહેર બસોને લગતો રંગભેદ નાબુદ કરવામાં જે પરિણમેલ છે તે ઐતિહાસિક ઘટનાની, ક્રમશ: વિગતો આપી છે અને સાથે સાથે તે ગ્રંથમાં એ અમેરિકન સત્યાગ્રહ પાછળ રહેલા તત્વજ્ઞાનનું સુન્દર નિરૂપણ કરવામાં આવ્યું છે.

મહાત્મા ગાંધીનો ઋણસ્વીકાર કરતાં રેવરન્ડ કીંગ એ પુસ્તકમાં જણાવે છે કે "અમારા આ અહિંસક પ્રતિકારે એ આખી હીલચાલની એક વિશિષ્ટ પદ્ધતિ તરીકે લોકોનું ખૂબ ધ્યાન ખેંચ્યું હતું અને તેની પાછળ નિયામક તેમ જ પ્રેરક બળ પ્રેમનું હતું. બીજા શબ્દોમાં કહું તો અમારી આ લડતને ઇશુ ખ્રીસ્તે ભાવના અને પ્રેરણા પૂરી પાડી હતી અને ગાંધીજીએ કાર્યપદ્ધતિનું દર્શન કરાવ્યું હતું." યુનાઇટેડ સ્ટેટસના દક્ષિણ વિભાગમાં "એક વખત જે અસહાય બાળક જેવો હતો અને આજે જે રાજકીય સાંસ્કારિક તેમ જ આર્થિક રીતે ઉંચે આવી રહેલ છે, નવી પ્રતિભાનું દર્શન કરાવે છે અને પોતાના ઉજ્જવળ ભાવી વિષે જે પૂરો સભાન છે, વળી ભાઇ કરવા અને ભૂલવા જે તૈયાર છે અને નવી સામાજિક રચનામાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરવા જે આતુર છે–આ પ્રકારના નવઅભિ-જ્ઞાન હબસીઓનો રેવરંડ કીંગ એક પ્રતિનિધિ છે." નીચેના તેમના શબ્દોમાં જાણે કે ગાંધીજી પોતે જ બોલતા હોય એમ લાગે છે. "જે વ્યક્તિ મૌનપૂર્વક કોઇ પણ અનિષ્ટ કે અન્યાયને સ્વીકારી લે છે તે, જે વ્યક્તિ પ્રસ્તુત અનિષ્ટ કે અન્યાય આચરે છે તે વ્યક્તિ જેટલો જ તેમાં સંડોવાયલો છે. જે વ્યક્તિ અનિષ્ટની સામે વિરોધ ઉઠાવ્યા સિવાય તેને મુંગે મોઢે સ્વીકારી લે છે તે વ્યક્તિ તે અનિષ્ટને ખરી રીતે કહીએ તો, સાથ આપે છે. આમ હોવાથી જે સત્યનિષ્ઠ વ્યક્તિએ પોતાના અન્તઃકરણને વફાદાર અને ઇશ્વરને વફાદાર રહેવું હોય તો અનિષ્ટ પદ્ધતિને સાથ આપવાની ના કહ્યા સિવાય તેના માટે બીજો કોઇ માર્ગ રહેતો નથી. અમારા આન્દોલનનું મને લાગે છે કે, આ સ્વરૂપ હતું. અમારી આ હીલચાલને મેં સામુદાયિક અસહકારના એક નમુના તરીકે કલ્પી હતી. ગાંધીજીનો અભ્યાસ કરતાં મને પ્રતીતિ થઇ હતી કે અનિષ્ટનો અપ્રતિકાર એ સાચો શાન્તિવાદ નથી, પણ અનિષ્ટનો અહિંસક પ્રતિકાર એ જ સાચો શાન્તિવાદ છે."

બસસત્યાગ્રહ દરમિયાન તેણે જેલવાસ ભોગવ્યો હતો અને હિંસાનો (તેના ઘરમાં બોંબનો ધડાકો થયો હતો તેનો પણ આમાં સમાવેશ થાય છે.) તેણે અહિંસાથી જવાબ વાળ્યો હતો. મોન્ટગોમેરીના વ્યવસાયી હબસીઓ હંમેશાં માઇલોના માઇલ સુધી ચાલીને કામ ઉપર જતા હતા અને જાહેર બસો જેનો ઉપયોગ કરતા પેસેન્જરોમાં ઘણો મોટો ભાગ હબસીઓનો હતો તે ખાલી જવા લાગી હતી. આખરે આ બાબતમાં હબસીઓની જીત થઇ હતી.

આજે માર્ટીન લ્યુથર યુનાઇટેડ સ્ટેટ્સના એક પ્રખર વક્તા તરીકે ભારે મોટી ખ્યાતિ ધરાવે છે. તે અનેકનો સલાહકાર, સાથી અને મિત્ર છે. ગાંધી સ્મારક નિધિના તથા કમલેકર સેન્ટરના મહેમાન તરીકે તે અહિં આવેલ છે. દિલ્હીમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, મહા અમાત્ય નહેરૂ વગેરેને મળનાર છે અને દિલ્હી યુનિવર્સિટીમાં અને સપ્રુ હાઉસમાં વાર્તાલાપ આપનાર છે. ગાંધીજીના નિવાસસ્થાન વર્ધા અને રાજકોટની મુલાકાતે જનાર છે અને વિનોબાજીને અજમેર મળવાની અને તેની સાથે પદયાત્રામાં બે દિવસ ચાલવાની ધારણા રાખે છે. મુંબઈ તે ૨૬ મી તારીખે આવનાર છે; ૨૭મીની સાંજે ગગનવિહારી મહેતાના પ્રમુખસ્થાને તે જાહેર વ્યાખ્યાન આપનાર છે. અને ૨૮ મીએ સવારે કાકાસાહેબ કાલેલકરના પ્રમુખસ્થાને રોકસી થીએટરમાં તેનું ગાંધી સ્મારક નિધિ અને મુંબઇ જૈન યુવક સંઘ તરફથી જાહેર સન્માન થનાર છે. તેની સાથે તેની પત્ની કોરેટ્ટા પણ આવેલ છે જે એક પ્રસિધ્ધ સંગીતકાર છે.

મુંબઈના સુવિખ્યાત સર્જનનો દુઃખદ દેહવિલય

મુંબઇમાં એક કુશળ સર્જન તરીકે વિશિષ્ટ ખ્યાતિ ધરાવતા ડૉ. કે. જી. મુનસીનું ફેબ્રુઆરી માસની ૧૦મી તારીખે રાત્રે હૃદયનો એકાએક અને અણધાર્યો હુમલો આવતાં તત્કાળ અવસાન નીપજ્યું. આ બનાવથી તેમનું વિશાળ મિત્રમંડળ જ માત્ર નહિ પણ તેમની શસ્ત્રક્રિયા દ્વારા જેઓ વ્યાધિમુક્ત બનેલા છે એવો ઘણો બહોળો જનસમુદાય ઊંડા શોકની લાગણી અનુભવી રહ્યો છે. તેમની વિદ્યાર્થી તરીકેની કારકીર્દી–ખાસ કરીને ડાક્ટરી લાઇનમાં–અત્યન્ત ઉજ્જવળ અને પ્રથમ કક્ષાની હતી. તેમનામાં ઊંડી વ્યવસાયનિષ્ઠા હતી અને તે અંગે તેઓ ખૂબ જ રોકાયલા હતા. એમ છતાં પણ એ રોકાણોમાંથી રાત્રીના અવકાશ કાઢીને પણ તેઓ તત્વજ્ઞાન અને અધ્યાત્મને લગતા સાહિત્યનું સતત પરિશીલન કરતા રહેતા હતા. શરીરે પૂરા તન્દુરસ્ત, વાણીમાં સ્પષ્ટવકતા અને દિલમાં મિત્રો, સ્નેહીઓ, સ્વજનો માટે ઊંડી ઉષ્માથી ભરેલા–આવું તેમનું વ્યક્તિત્વ હતું. તેમનું ચારિત્ર્ય નિરપવાદ શીલથી સુઅંકિત હતું. પંચાવન વર્ષની અપરિપક્વ ઉમરે કાળે તેમને એકાએક ઝડપી લીધા છે. ડૉ. મુનસીને

અંગત રીતે જેઓ જાણતા હોય તેઓ તેમનાં પત્ની શ્રી ઇન્દુમતી બ્હેનને ન જાણતા હોય એવું ભાગ્યે જ બને. આવું સુખી અને પરસ્પર ગાઢ પ્રેમબંધને બંધાયલું જે દંપતીયુગલ હતું તે આજે ખંડિત થયું છે. મૃદુતા, હાર્દિકતા અને જિજ્ઞાસાની મૂર્તિ-સમા ઇન્દુબહેન ઉપર વિધિએ આ રીતે અસહ્ય કુઠારપ્રહાર કરેલ છે. તેમના વિષે તેમને જાણતાં સૌ કોઇ ઊંડી સહાનુભૂતિ અનુભવે છે અને આવેલી અણકલ્પી આફતનો સામનો કરવાનું તેમને ધૈર્ય પ્રાપ્ત થાય એવી સૌ કોઇના દિલની તેમના વિષે શુભેચ્છા અને પ્રાર્થના છે. ડૉ. મુનસીફ પોતાની પાછળ ચિરસ્મરણીય ઊંડી સુવાસ મૂકતા ગયા છે. અવિરત પરિશ્રમ અને સતત્ પુરૂષાર્થ વડે પોતાનું જીવન તેઓ ચરિતાર્થ કરી ગયા છે. તેમના આત્માને પરમ શાન્તિ પ્રાપ્ત થાઓ !

ડૉ. મુનસીફને તો અનેક ઓળખતા હતા, પણ આને કોણ ઓળખતું હતું ?

ડૉ. મુનસીફના અવસાન પહેલાં દશ દિવસે એટલે કે ફેબ્રુઆરી માસની પહેલી તારીખે એક એવી વ્યક્તિનું ચાર દિવસની અલ્પકાલીન માંદગીમાં અવસાન થયું કે જેનું નામ કદિ પણ છાપાઓમાં છપાયું નહોતું અને આજે જેને ઉજ્જવળ કારકીર્દી તરીકે ઓળખવામાં આવે છે એવી જેની કોઇ ઉજ્જવળ કારકીર્દી નહોતી. આમ છતાં પણ તેની અવસાનનોંધ લેવાની પ્રેરણા એટલા માટે થાય છે કે તે વ્યક્તિ પોતાના પરિમિત સંયોગોમાં જે સુવાસ મૂકી ગયેલ છે અને પોતાના ૫૩ વર્ષના આયુષ્ય દરમિયાન જે એક અનોખી જીવનનિષ્ઠાનું તેણે દર્શન કરાવ્યું છે તેવી સુવાસ અને તેવી જીવનનિષ્ઠા આપણી આસપાસ વસતી અને વિચરતી વ્યક્તિઓમાં આપણને ભાગ્યે જ અનુભવગોચર થાય છે. આ વ્યક્તિનું નામ છે શ્રી શાન્તિલાલ ચીમનલાલ શેઠ. તેમનો વ્યવસાય મીલ જીન સ્ટોર્સનો હતો. તેમનો ધંધો એસ. સી. શેઠ એન્ડ કંપનીના નામથી ચાલતો હતો. તેમના માથે અનેક ભાઇભાંડુઓને મોટાં કરવાની અને ઠેકાણે પાડવાની જવાબદારી હતી. તેમનો અભ્યાસ પૂરો થવા બાદ અને દ્રવ્યોપાર્જક વ્યવસાયમાં જોડાવા બાદ લગ્ન કરવાનો આસપાસના સ્વજન-સંબંધીઓએ તેમને ઘણો આગ્રહ કર્યો, પણ જો પોતે ઘર માંડે અને બાળબચ્ચાં થાય તો પોતાના ભાઇભાંડુઓની જે રીતે સંભાળ લેવી જોઇએ એ રીતે પોતે લઇ નહિ શકે એમ લાગવાથી તેમણે આજીવન એકલવાયું જીવન ગાળવાનો નિશ્ચય બહુ નાની ઉમ્મરે જાહેર કર્યો અને તે નિશ્ચયને ઉત્તમ કોટિના ચારિત્ર્ય વડે જીવનના અન્ત સુધી શોભાવ્યો.

આમ એકલવાયું જીવન સ્વીકારવાથી તેમના માથે અંગત જીવનખર્ચનો કોઇ બહુ ભાર ન રહ્યો. પોતાના વ્યવસાયમાં તેમને ઠીક ઠીક કમાણી હતી. પણ ધનવિષયમાં કશી પણ સંચયવૃત્તિ ન દાખવતાં તેઓ છૂટા હાથે તેમની પાસે જે કોઇ આવ્યું—મોટા ભાગે વિદ્યાર્થીઓ—તેને તેની જરૂરિયાતો લક્ષમાં રાખીને, ઘણી વખત તો સામો માણસ જે કાંઇ કહે તે બધું સાચું માનીને તેઓ આર્થિક મદદો આપતા રહ્યા. પોતાની ઓફીસમાં ચાલુ ત્રણ ચાર વિદ્યાર્થીઓને તેઓ રહેવા વગેરેની સગવડ આપતા અને તેના બીજા ખર્ચની જવાબદારી પણ તેઓ પોતે જ ઉપાડતા. તેમને નાનપણથી ક્રીકેટનો ભારે શોખ હતો. બોમ્બે ક્રિકેટ એસોશીએશનના તેઓ કોષાધ્યક્ષ હતા. પોતાની આસપાસ વસતા જુવાન વિદ્યાર્થીઓને ક્રિકેટમાં રસ લેતા કરવા પાછળ પણ તે સારો દ્રવ્યવ્યય તેમજ શક્તિ અને સમયનો ખર્ચ કરતા. તે કોને કેટલી મદદ કરતા તેની અન્ય કોઇને કદિ ખબર પડતી નહિ. વિલેપારલેના જાણીતા સામાજિક કાર્યકર્તા શ્રી મણિભેમ નાણાવટીના પ્રસ્તુત શાન્તિભાઇ ભાણેજ થાય. તેમને ત્યાં જ શાન્તિભાઇ રહેતા હતા અને મણિબહેન ડાંગ વિભાગમાં પછાત જનતાનું જે ઉધ્ધારકાર્ય કેટલાંક વર્ષોથી કરી રહ્યાં છે તેમાં તેમને અવારનવાર સારો આર્થિક ટેકો આપીને સતત્ પ્રોત્સાહિત કરતા. જમણો હાથ આપે એ ડાબો હાથ ન જાણે એવી તેમની દાનવૃત્તિ અને પ્રવૃત્તિ હતી. તેમના અવસાન સમાચાર જાણીને આજે જ્યારે અનેક અણઓળખીતા વિદ્યાર્થીઓ અને અન્ય ભાઇ બહેનો પોતાનો શોક વ્યકત કરવા અને મણિબહેનને આશ્વાસન આપવા આવે છે ત્યારે, મણિબહેનને અને અન્ય સ્વજનોને શાન્તિભાઇનો હાથ કયાં કયાં અને કેટલે સુધી પહોંચ્યો હતો તેનું ભાન થાય છે અને ભારે, આશ્ચર્ય અનુભવે છે. તેમનું જીવન સાદું, સરળ, નિષ્પાપ, કશા પણ ભોગવિલાસ વિનાનું, સીધી લીંટી ઉપર ચાલનારૂં અને અપ્રતિમ માનવતાથી ભરેલું હતું. "તેમના જવાથી અમે એક સજ્જન અને અત્યન્ત પરગજુ માણસ ગુમાવ્યો છે" એવા વીલેપારલેવાસીઓના સહજ અને નિરપવાદ ઉદ્ગારમાં તેમના જીવનની સાર્થકતા સચોટપણે સૂચિત થાય છે. તેમના પવિત્ર આત્માને અંતરના નમન હો !

પરમાનંદ

મુંબઇ યુનિવર્સિટીના આશ્રય નીચે
પં. સુખલાલજીએ આપેલાં પાંચ વ્યાખ્યાનો

મુંબઇ યુનિવર્સિટી હરતકની ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાના યોજકોના નિમંત્રણને માન આપીને "ભારતની દાર્શનિક અને યૌગિક પરંપરામાં ગુજરાતનાં અગ્રણી આચાર્ય શ્રી હરિભદ્ર સૂરિનો ફાળો" એ વિષય ઉપર વ્યાખ્યાનો આપવાનું લગભગ બાર મહીના પહેલાં સ્વીકારેલું, તે મુજબ ફેબ્રુઆરી માસની ૧૦ તારીખથી ૧૪ તારીખ સુધી મુંબઇ ખાતે પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજીએ યુનિવર્સિટીના પૂર્વ વિભાગમાં આવેલી વ્યાખ્યાનશાળામાં સાંજના સમયે તલસ્પર્શી અભ્યાસ અને ચિન્તનના નિષ્કર્ષરૂપ પાંચ વ્યાખ્યાનો આપ્યાં હતાં અને તેનો તે વિષયના જિજ્ઞાસુ ભાઇ-બહેનોએ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણ સંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક
તેમજ કોઈ પણ શુભ પ્રસંગે
વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

બોધિ સત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક
અનુવાદકો :
શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બરોડિયા
કિંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
સત્યં શિવં સુન્દરમ્ : કિંમત રૂા. ૨, બોધિસત્ત્વ : કિંમત રૂા. ૧

મળવાનું ઠેકાણું :
મુંબઇ જૈન યુવક સંઘ,
૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
ગાંધી રસ્તો, અમદાવાદ.

વિનોબાજી અને લોકશાહી

૧૯૪૭ના ઑગસ્ટ માસની ૧૫મી તારીખે આપણો દેશ આઝાદ બન્યો અને આપણે ત્યાં લોકશાહી તંત્રનો અમલ શરૂ થયો. પુખ્ત વયના સ્ત્રીપુરૂષોને મતાધિકાર મળ્યો અને એ ધોરણ ઉપર દેશમાં બબ્બે વાર ચૂંટણીઓ થઇ ગઇ અને જુદા જુદા પ્રદેશોમાં અને કેન્દ્રમાં લોકશાહીના ધોરણે ધારાસભાઓ શરૂ થઈ અને પ્રધાનમંડળો રચાયાં. આવું લોકશાહી તંત્ર સ્થપાયાને આજે ૧૧ વર્ષ થવા આવ્યાં. આપણા દેશમાં સ્થપાયલી લોકશાહીનું માળખું પશ્ચિમના દેશોમાં અને ખાસ કરીને બ્રીટનમાં પ્રવર્તતી લોકશાહીના ધોરણ ઉપર ઘડવામાં આવ્યું છે. કોઇ પણ દેશમાં લોકશાહીને સફળતાપૂર્વક પાંગરવા માટે લોકમાનસ નાત-જાત, ધર્મ સંપ્રદાય, તેમજ ભાષાકીય તથા પ્રાદેશિક સંકીર્ણતાથી ઊંચે ઉઠેલું હોવું જરૂરી છે, અને બધા હિતોની અપેક્ષાએ રાષ્ટ્રહિતને પ્રાધાન્ય આપે એવા માનસિક વલણની તેમાં જડ ઊંડે બેઠેલી હોવી એ પણ આવશ્યક છે. આપણે ત્યાં આઝાદી આવી તે અમુક અંશે આપણા પ્રયત્ન અને આપભોગના પરિણામે અને અમુક અંશે અનુકૂળ એવી ચોક્કસ પ્રકારની આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિના કારણે. આમ છતાં પણ લોકશાહી ફાલીફુલી શકે એવી લોકોની વિકસિત માનસિક પરિસ્થિતિ આપણે ત્યાં હજુ ઉભી થઇ નહોતી. બીજી બાજુએ અંગ્રેજી હકુમત લુપ્ત થયા બાદ લોકશાહીની સ્થાપના કરવા સિવાય આપણી પાસે બીજો કોઇ વિકલ્પ નહોતો. આ રીતે દેશમાં સ્થપાયેલી અને ૧૧ વર્ષથી અમલી બનેલી લોકશાહીના સારાં તેમ જ માઠાં બન્ને પ્રકારનાં સ્વરૂપો આપણી સામે પ્રગટ થયાં છે. પુખ્તવયમતાધિકાર, જવબદાર પ્રધાનમંડળો વિચાર તેમ જ વાણીનું સ્વાતંત્ર્ય, લોકોમાં વધતી જતી રાજકારણી સભાનતા, અધિકારી વર્ગ અને આમપ્રજા વચ્ચે ઘટેલું અન્તર, દર પાંચ પાંચ વર્ષે યોજાતી આર્થિક યોજનાઓ, અસ્પૃશ્યતા-નાબુદી,—આવાં કેટલાંક તેના સારાં પરિણામો છે તો બીજી બાજુએ ભિન્ન ભિન્ન પક્ષો વચ્ચે સત્તાલક્ષી હરીફાઇ, લઘુમતી પક્ષની મોટા ભાગે થતી અવગણના અને બહુમતીના જોરે રાજ્ય ચલાવવાનો આગ્રહ, ચૂંટણી વખતે પોતાના ઉમેદવારો બને તેટલી મોટી સંખ્યામાં ચૂંટાય તે ખાતર અનેક સિધ્ધાન્તોનો અપાતો ભોગ, અંગત લાયકાત ગૌણ પણ મત કોણ વધારે મેળવી શકે તેમ છે એ પ્રધાન ધોરણે થતી ઉમેદવારોની નિમણુક—આમ આપણી વચ્ચે અમલી બનેલી લોકશાહીનાં આવાં કેટલાંક અનિષ્ટ પરિણામો પણ આપણી નજર સામે આવ્યાં છે.

લોકશાહીને, તેના ઉપર જણાવેલા સદ્ અંશો તથા અસદ્ અંશો-પૂર્વક આપણે સ્વીકારી લીધી છે, કારણ કે તેના વિકલ્પમાં આપણી પાસે લોકશાહીના ચોગઠામાં ગોઠવાય એવી બીજી કોઇ યોજના નથી, એટલું જ નહિ પણ, એમાં રહેલાં અસદ્ અંશો, જેમ જેમ આમજનતાના વલણમાં વધારે ઉદારતા તથા રાજકારણી સભાનતા આવતી જશે, અને કોમ, સંપ્રદાય, પ્રાન્ત અને ભાષાને લગતી સંકીર્ણતા ઘટતી જશે, તેમ તેમ આપોઆપ નાબુદ થશે એવી આપણી શ્રદ્ધા છે.

પણ વિનોબાજી, હું જે રીતે તેમને સમજ્યો છું તે રીતે રજુ કરું તો, આજે આપણે ત્યાં અમલી બનેલી લોકશાહીના ઉપર જણાવ્યા તે અસદ્ અંશો તેમ જ તેની બીજી કેટલીએક બાજુઓ નિહાળીને ચોંકી ઉઠ્યા છે અને આવી લોકશાહી આપણને ન ખપે અથવા તો આપણને સ્વીકાર્ય બનવા માટે લોકશાહીના અદ્યતન સ્વરૂપમાં કેટલાક પાયાના ફેરફાર કરવા જ જોઇએ એવો અભિપ્રાય તેમનો મક્કમપણે બંધાતો જાય છે. આ કારણે તેઓ આજની આપણી લોકશાહીની અવાર નવાર ઘણી સખત ટીકા કરી રહ્યા છે. ચાલુ પ્રવચનો દરમિયાન વિનોબાજીના મોઢેથી કદિ કદિ એવા ઉદ્‌ગારો સાંભળવા મળે છે કે તે ઉદ્‌ગારોને લોકશાહીને લગતા ચાલુ ખ્યાલો સાથે બંધ બેસાડવા અશક્ય લાગે છે અને એ ઉપરથી વિનોબાજી લોકશાહીના વિરોધી છે એવો એક ખ્યાલ કેટલાક લોકોના મનમાં ઉભો થયેલો માલુમ પડે છે. પણ આમ વિચારવું બરોબર નથી.

આપણા મન ઉપર અંગ્રેજ પ્રજા સાથેના વર્ષો જુના સંબંધના પરિણામે અને આપણને પ્રાપ્ત થયેલા શિક્ષણ સંસ્કારના પરિણામે લોકશાહીનું ચોગઠું અમુક જ પ્રકારનું હોવું જોઇએ એવી આપણા મન ઉપર પાકી છાપ પડી છે. પરિણામે તે ચોગઠાના કોઇ પણ મહત્ત્વના અંગ ઉપાંગ ઉપર કોઇ પ્રહાર કરે તો તે લોકશાહીનો વિરોધી છે એવી માન્યતા ઉપર આપણે ઢળી પડીએ છીએ, એટલું જ નહિ પણ, લોકશાહીના ચાલુ માળખાને જે ન સ્વીકારે તે સીધી કે આડકતરી રીતે સરમુખત્યારશાહી તરફ આપણને લઇ જઈ રહેલ છે એમ માનવાને આપણે લલચાઇએ છીએ. વિનોબાજીનો કે લોકશાહી સંબંધે કોઇ પણ નવો મૂલગામી વિચાર રજુ કરતી વ્યક્તિનો વિચાર કરતી વખતે આપણે આ પૂર્વગ્રહોથી મુક્ત બનવું જોઇએ.

વિનોબાજી આજની લોકશાહી સંબંધમાં કેવળ પ્રતિકુળ ટીકા કરીને બેસી રહેતા નથી, પણ આજની લોકશાહીના વિકલ્પમાં તેમના મનમાં લોકશાહીનું જે ચિત્ર રમી રહ્યું છે-રચાઇ રહ્યું છે-તેના કેટલાક મુદ્દાઓ તેઓ અવારનવાર રજુ કરતા રહ્યા તેમના અભિપ્રાય મુજબ :

(૧) આજની પ્રત્યક્ષ ચૂંટણીપદ્ધતિના સ્થાને અપ્રત્યક્ષ ચૂંટણીપદ્ધતિ દાખલ કરવી જોઇએ.

(૨) સત્તા વિકેન્દ્રિત થવી જોઇએ અને વધુમાં વધુ સત્તા ગામડાંને સુપ્રત કરવી જોઇએ.

(૩) બધા નિર્ણયો સર્વાનુમતીથી થવા જોઇએ.

(૪) લોકશાહી નિષ્પક્ષ હોવી જોઇએ.

(૫) કેન્દ્રની કે પ્રદેશની ધારાસભાના સભ્યોને—તે ગમે તે પક્ષના હોય તો પણ-દરેક પ્રશ્ન ઉપર પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની છૂટ હોવી જોઇએ.

આમાં પહેલાં મુદ્દામાં રહેલું સૂચન તદ્દન વ્યવહારૂ છે અને પ્રત્યક્ષ તેમ જ અપ્રત્યક્ષ ચૂંટણીપદ્ધતિ—આ બેમાંથી લાભા-લાભની દૃષ્ટિએ કંઈ પસંદ કરવા લાયક છે એ વિષે આ વિષયના નિષ્ણાતોમાં મોટો મતભેદ છે, એમ છતાં આવો ફેરફાર કરવામાં બીજી કોઇ મુસ્કેલી દેખાતી નથી. આ જ રીતે સત્તાનું વિકેન્દ્રી-કરણ કરવું અને ગામડાંને બને તેટલાં સ્વાયત્ત બનાવવા એ વિચાર પણ આજે વધારે ને વધારે સ્વીકારાતો ચાલ્યો છે. પછીના બે મુદ્દાઓ લોકશાહીના આપણા ખ્યાલ સાથે બંધ બેસતા જણાતા નથી અને તેથી તદ્દન અવ્યવહારૂ જેવા લાગે છે. બહુમતી પક્ષના તંત્રની સ્થિરતાની દૃષ્ટિએ પાંચમો મુદ્દો વ્યવહારૂ છે કે નહિ એ વિષે પણ મન શંકા અનુભવે છે. આમ છતાં પણ આ પાંચે મુદ્દાઓ લોકશાહીના વિરોધી છે એમ તો કોઇ નહિ જ કહી શકે. વસ્તુતઃ જે વ્યક્તિ અહિંસાને અને સત્યને પાયામાં રાખીને વિચાર કરે છે અને શાસનમુક્ત સમાજ નિર્માણ કરવાનું સ્વપ્ન સેવે છે તે વ્યક્તિને લોકશાહીની વિરોધી સમજવી યા કલ્પવી એ સાદી સમજની બહારની વાત છે.

લોકશાહી સંબંધમાં વિનોબાજીએ પૂરી સ્પષ્ટતાપૂર્વક જણાવ્યું છે કે "એમાં શંકા જ નથી કે જગતમાં અત્યાર સુધીમાં ઉત્પન્ન થયેલી બધી પદ્ધતિઓમાં એ શ્રેષ્ટ છે." લોકશાહી વિષેની

પોતાની વિચારણાને વધારે સ્પષ્ટ કરતાં, પ્રજાસમાજવાદ પક્ષના જાણીતા આગેવાન શ્રી. પ્રેમશંકરભાઇ દેસાઇ સાથેના વાર્તાલાપ દરમિયાન તેમના એક પ્રશ્નના ઉત્તરમાં વિનોબાજીએ તાજેતરમાં જણાવ્યું છે કે "હું લોકશાહીના વિચારનો વિરોધ કરતો નથી. મારો મતભેદ એની પ્રચલિત પદ્ધતિ સામે છે. એશિયામાં લોકશાહીનું પતન થયું એથી એમ નથી ઠરતું કે એશિયાની પ્રજા લોકશાહી પ્રણાલિકા માટે લાયક નથી. ફ્રાન્સમાં પણ લોકશાહી બંધારણને સસ્પેન્ડ કરવામાં આવ્યું અને સરમુખત્યારને સત્તા સોંપાઇ. હું જે વિચારો દેશ સમક્ષ મૂકી રહ્યો છું એમાં લોકશાહીનું વિસર્જન કરવાની મારી માગણી નથી. હું તો લોકશાહીને અમલી બનાવનારૂં જે આજનું સંસદીય બહુમતીનું શાસન છે એની કૃત્રિમતા અને અપૂર્ણતા બતાવવા માંગું છું. કેવળ માથાં ગણીને લોકશાહીનો વિચાર કરવામાં આવે છે તે સામે મારો વિરોધ છે. અને કૃત્રિમતા કેટલી છે તે તો જુઓ! છેલ્લી ચૂંટણીમાં કોંગ્રેસને ૫૦ ટકાથી ઓછા મતો મળ્યો છે અને તેમાંય વિરોધ પક્ષો મળીને ૫૦ ટકા ઉપર મતો જાય છે. છતાં કોંગ્રેસ બહુમતી સરકાર કહેવાય છે. કેરળમાં સામ્યવાદી પક્ષની માત્ર ૩૬ ટકા મતોથી સરકાર બની છે. એ લઘુમતી સરકાર થઇ કે બહુમતી? એમાં પણ પક્ષનું શિરત એવું છે કે પક્ષની અંદર જે નીતિની બહુમતી હોય તે જ પાર્ટીની નીતિ બને. આમ ઘણી નાની લઘુમતી દશની બહુમતી ઉપર રાજ્ય કરે, અને એમ છતાં એ લોકશાહી રાજ્ય કહેવાય. તેથી હું સર્વ સંમતિ કે અતિ બહુમતીના નિર્ણય ઉપર ભાર મૂકું છું. એવો નિર્ણય જ લોકોનો નિર્ણય કહેવાય.

"વળી પાંચ પાંચ વર્ષે ચૂંટણી આવે ત્યારે સરકાર બદલાય એટલું બસ નથી. લોકશાહીમાં સરકારની નીતિ જાગૃત અને વિકાસ પામતા લોકમત સાથે તાલબદ્ધ હોવી જોઇએ. જુદી જુદી વિચારસરણીવાળા પક્ષો પોતપોતાના કાર્યક્રમ ઉપર ચૂંટણીમાં ભલે ઉભા રહે, પરંતુ ચૂંટાયા પછી ઉમેદવારોએ પક્ષના પ્રતિનિધિ તરીકે નહિ પણ લોકોના પ્રતિનિધિ તરીકે વર્તવું જોઇએ. પક્ષના શિરત માટે 'વ્હીપ' બેસાડવો ન જોઇએ. સભ્યોને ચોકકસ વિચારસરણી ધરાવતાં છતાં મતની સ્વતંત્રતા હોવી જોઇએ. પ્રધાનમંડળમાં બધા પક્ષોને સંખ્યાના પ્રમાણમાં પ્રતિનિધિત્વ મળવું જોઇએ. ધારાસભામાં પ્રતિબિંબ પાડતા સર્વ વિચારોનું પ્રતિનિધિત્વ ધરાવતી સરકાર જ ખરૂં જોતાં રાષ્ટ્રીય સરકાર કહી શકાય. નહિ તો ધારાસભાનો યાંત્રિક બહુમતીવાળો પક્ષ પોતાનું એકપક્ષી રાજ્ય ચલાવે છે એમ કહી શકાય. એને લોકશાહીનું કે લોકોની સંમતિવાળું રાજ્ય કહી શકાય નહિ. આપણે ભારતમાં લોકશાહી વિકસાવવી હશે તો ગામડાંને શકિતનાં કેન્દ્રો બનાવવાં જોઇશે. રાષ્ટ્રની ભૌતિક શકિત પણ ત્યાંથી જ નિર્માણ થાય છે. ગામડાં ગ્રામ સ્વરાજ્ય ભોગવતા થશે તો છેક ટોચની દિલ્હીની સરકાર કેવળ 'મોરલ ગવર્મેન્ટ' નૈતિક સરકાર બની જશે, જેને ખાસ દંડશકિત વાપરવાની રહેશે નહિ. હું અપ્રત્યક્ષ-ઇન્ડીરેકટ-ચૂંટણીને પસંદ કરૂં છું, કારણ કે એ રીતે ઉપર જેમ જશે તેમ ગુણો ઉપર ભાર દેવાશે. મારા વિચારો લોકશાહીને વધુ શુધ્ધ બનાવવા માટે છે, નહિ કે લોકશાહીનું ખંડન કરવા માટે.

"તમારી સૂચના પ્રમાણે પક્ષો પક્ષોને લોકનીતિના ધોરણે વિચારે અને માત્ર દશ ટકા રાજનીતિ રાખશે તો તે મને માન્ય છે. જે પ્રશ્નો ઉપર સંમતિ હોય તે રાષ્ટ્રનીતિ બની જવી જોઇએ. એમાં વિરોધ કે દખલ રહેવી ન જોઇએ. જે પ્રશ્નો ઉપર મતભેદ રહે તેમાં સારા વર્તાવની અમુક મર્યાદા સાથે લોકમતપરિવર્તન માટે પક્ષોને છૂટ હોવી જોઇએ."

આ ઉપરથી લોકશાહી વિષેના વિનોબાજીના સાપેક્ષ વલણ વિષે કોઇ પણ શંકાને સ્થાન રહે તેમ નથી. તેઓ લોકશાહીના સ્વરૂપ વિષે જે કલ્પનાઓ ધરાવે છે તેવી લોકશાહી વ્યવહારૂ બની શકે તેમ છે કે નહિ એ તદ્દન જુદો સવાલ છે.

મારા અંગત અભિપ્રાય પ્રમાણે આપણા દેશની સંસ્કૃતિ અને સભ્યતા અનુસાર તેમજ આપણા ખ્યાલ મુજબની લોકશાહી બને તેટલી વ્યાપક અને સાર્થક બને તે હેતુથી અને પ્રવર્તમાન લોકશાહીના ચાલુ અનુભવને ધ્યાનમાં લઇને આજની લોકશાહીના સ્વરૂપમાં જરૂરી લાગે તેવા ફેરફારો આપણે જરૂર કરતા રહીએ અને તેને નવા નવા સંસ્કાર આપતા રહીએ. પણ જ્યાં સુધી માનવી ઊંચે ઉઠયો નથી અને તેના દિલમાંથી રાગદ્વેષની, સત્તાલોલુપતાની, સ્વાર્થ અને મહત્વાકાંક્ષાની માત્રા સારા પ્રમાણમાં ઘટી નથી ત્યાં સુધી લોકશાહીની કોઇ પણ રચનાના અમલમાં તરેહ તરેહનાં દૂષણો પ્રગટયા વિના રહેવાનાં નથી, અને 'ઊંટે કાઢયા ઢેકા તો લોકોએ કર્યા કાકા' એ કહેવત મુજબ લોકશાહીની ગમે તે રચનામાં માનવી યુકિતપ્રયુકિતથી નવાં નવાં છિદ્રો પાડયા વિના રહેવાનો નથી. જેને અંગ્રેજીમાં Fool-proof એટલે કે જેમાં કોઇ ત્રુટિ કે દૂષણને અવકાશ જ ન હોય એવી છિદ્રસલામત લોકશાહીની રચના કદિ અસ્તિત્વમાં આવી નથી કે ભવિષ્યમાં કદિ ઉભી થઇ શકવાની નથી. ગુણદોષના તારતમ્ય ઉપર જ લોકશાહીનું અમુક માળખું અન્ય માળખા કરતાં વધારે કે ઓછું આદરણીય-સ્વીકારયોગ્ય બની શકવાનું છે.

પરમાનંદ

શ્રી. સૂર્યકાન્ત પરીખે આપેલુ વ્યાખ્યાન
'વિનોબાજીની ગુજરાતની પદયાત્રા'

ચાલુ માસની છઠ્ઠી તારીખે ગુજરાતના જાણીતા ભૂદાન કાર્યકર શ્રી સૂર્યકાન્ત પરીખે 'વિનોબાજીની ગુજરાતની પદયાત્રા' એ વિષય ઉપર વિપુલ માહીતીપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. પદયાત્રાને લગતા નકકી કરેલા કાર્યક્રમ મુજબ વિનોબાજીએ મહારાષ્ટ્રની સીમા છોડીને ગત સપ્ટેમ્બર માસની ૨૨ મી તારીખે સુરત જીલ્લામાં આવેલા સોનગઢ ગામમાં પ્રવેશ કર્યો. દક્ષિણ ગુજરાતના જીલ્લાઓમાં ફરતાં ફરતાં ખંભાતથી સમુદ્ર માર્ગે તેઓ સૌરાષ્ટ્રમાં દાખલ થયા, અને તેના કેટલાક વિભાગમાં ફરતાં ફરતાં તેઓ નવલખીથી કચ્છ ગયા, કચ્છમાં ત્રણ દિવસ ફર્યા, પાછા સૌરાષ્ટ્રમાં આવ્યા, ભાલનલકાંઠાના પ્રદેશમાં થઇને અમદાવાદ બાજુએ આવ્યા અને મેસાણા જીલ્લો, બનાસકાંઠા જીલ્લો અને સાબરકાંઠા જીલ્લો પસાર કરીને શામળાજી જાન્યુઆરી માસની ૧૨ મી તારીખે પહોંચ્યા અને આ મુજબ ૧૧૪ દિવસનો ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનો પ્રવાસ પૂરો કરીને જાન્યુઆરી માસની ૧૪ મી તારીખે તેમણે રાજસ્થાનમાં પ્રવેશ કર્યો. આ ચિરસ્મરણીય પ્રવાસનું તેમણે વિગતવાર વર્ણન કર્યું અને તે દરમિયાન બનેલી અગત્યની ઘટનાઓની આલોચના કરી. આ રીતે એક કલાક સુધી એકધારૂં પ્રવચન કરીને એકત્ર થયેલ શ્રોતાઓની જીજ્ઞાસાને તેમણે તૃપ્ત કરી.

ત્યાર બાદ બહેન ગીતા પરીખે પોતાનાં રચેલાં કેટલાંક કાવ્યોની સમવ્રુતી આપવા સાથે ગાઇ સંભળાવ્યા. તે બન્નેનો સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આભાર માન્યો અને સભા વિસર્જન કરવામાં આવી.

નૃત્યલક્ષી સંસ્કારસંમેલન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી માર્ચ માસની ૧૬મી તારીખે યોજવામાં આવેલ નૃત્યલક્ષી સંસ્કારસંમેલન માટેનાં પ્રવેશપત્રો ચાલુ માસની ૨૮મી તારીખથી સંઘના કાર્યાલયમાંથી મળી શકશે.

કૂર્માચળની પરિક્રમા

(ગતાંકથી ચાલુ)

બાગેશ્વર

મજુર પાસે સામાન ઉપડાવીને બાગેશ્વરની બજાર વચ્ચે આવેલા ગાંધીઆશ્રમે અમે પહોંચ્યા. આશ્રમવાળા ભાઇઓ, તેમને અમારા આવવાનો ખ્યાલ નહિ રહેવાથી, બહાર ફરવા ગયા હતા. તેથી નીચે ઓટલા ઉપર તેમની અડધો કલાક રાહ જોતાં બેસી રહેવું પડ્યું. આખરે તેઓ આવ્યાં. અને અમને ઉપર આવવા કહ્યું. નીચે ખાદીની દુકાન હતી. ઉપરના માળ ઉપર રહેવાનું હતું. ઉપર ચડવાની સીડી ભારે કઠંગી અને મોટા મોટા પગથિયાવાળી હતી. દુખતા પગે માંડ માંડ ચડ્યો. સામાન મૂક્યો, સ્વસ્થ થયા. એટલે ખાવા માટે અમારે ખાણાવળ શોધવાની હતી. તે શોધમાં નીકળતાં વચ્ચે એક ડાકટરનું દવાખાનું આવ્યું, તેમને પગ બતાવ્યો. તેમણે જોઇ તપાસીને કહ્યું કે 'આંગળી ઉપર માર લાગ્યો છે, પણ ફ્રેકચર જેવું કાંઈ નથી' એમ કહીને તેમણે આયોડેક્સ લગાડીને પાટો બાંધી આપ્યો. ફ્રેકચર જેવું નથી એ જાણીને મનમાં થોડી નચિન્તતા અનુભવી. નજીકના ભોજનાલયમાં જમ્યું તે ખાઇ લીધું. પાછા ગાંધીઆશ્રમમાં આવ્યા. અજવાળી રાત હતી. મનમાં હતું કે રાત્રે ફરવા નીકળીશું અને ચાંદની માણતાં માણતાં આસપાસના પ્રદેશો ખાસ કરીને ત્યાં થતો ગોમતી અને બીજી બાજુએથી આવતી સરયૂ નદીનો સંગમ-નિહાળીશું. પણ એ તો હવે શકય જ ન રહ્યું કારણ કે દુખતો પગ એમ ફરવાની રજા આપે એમ હતું જ નહિ. સવારે ઉઠ્યા; નિત્યકર્મથી પરવારીને સ્વસ્થ થયા અને ફરવા નીકળ્યા. બાગેશ્વર પહાડી વેપારનું એક મોટું મથક છે. અહિં જરૂરિયાતની બધી ચીજો મોટા પ્રમાણમાં મળી શકે છે. વળી હિમાલયનું તે એક કાશી ગણાય છે. અહિં સરયૂ અને ગોમતી નદીનો સંગમ થતો હોઇને એક તીર્થસ્થાન તરીકે બાગેશ્વરનો મોટો મહિમા છે. શંકરપાર્વતી તેમજ વિષ્ણુ-સત્યનારાયણનાં અહિં અનેક મંદિરો છે. તેમાં બાગનાથ અથવા બાગેશ્વર, ભૈરવનાથ, ગંગાજી એમ અમુક મંદિરો બહુ પુરાણાં છે. અને તે મંદિરોમાં પ્રાચીન શિલ્પકળાનો ખ્યાલ આપતી કેટલીક પુરાણી મૂર્તિઓ છે. લંગડાતે પગે અમારી મંડળી સાથે હું પણ બધે ફર્યો. બાગેશ્વર મહાદેવ તથા ભૈરવનાથનાં મંદિરો જોયાં. પછી ગોમતી નદીના પૂલ ઉપર ગયા.

આ બાજુએ આવેલી નદીઓ મોટા ભાગે સાંકડા પટવાળી હોય છે અને ચોમાસાના દિવસોમાં ધોડાવેગે આવતા પાણીના ધસમસતા પૂરથી બે કિનારે છલકાતી ઉભરાતી હોય છે. આ કારણે આ બાજુની નદી ઉપરના પૂલો બન્ને બાજુએ તારના દોરડાથી બાંધેલા અધ્ધર અને ઝુલતા હોય છે.

આપણી બાજુએ હોય છે તેવા નીચેથી ટેકો આપતા થાંભલાવાળા પુલો આ બાજુએ જોવામાં આવતા નથી, કારણ કે આવતા પુર સામે આવા થાંભલાઓ ટકી શકતા નથી. આ પ્રકારના પુલને લીધે નદીનું દૃશ્ય પણ કાંઇક વિલક્ષણ લાગે છે. પુલ ઉપર ચાલતા હોઇએ ત્યારે પુલ સાથે ઝુલવાનો અનુભવ-નવીન હોઇને-રોમાંચક લાગે છે. ગોમતીનો પુલ જોઇને પછી આખી બજાર વીંધીને સરયૂ બાજુએ ગયા. સરયૂ ઉપરનો પૂલ વધારે પહોળો અને વાહનો પસાર થઇ શકે તેવો હતો. એમ છતાં ઝુલવાનો રોચક અનુભવ તો અહિં પણ થતો હતો. પૂલ ઓળંગીને અમે સામે કિનારે કેટલુંક ચાલ્યા. ડાક બંગલો જોયો, એક બે મંદિરો જોયાં. અજિતભાઈ વગેરેએ નદીમાં સ્નાન કર્યું. નજીકમાં બે નદીનો સંગમ થતો હોવાના કારણે આ બન્ને બાજુના નદીપ્રદેશને સવિશેષ પવિત્ર માનવામાં આવે છે, અને તેથી આ બાજુ વસતા પહાડી લોકો દૂર દૂરથી પણ મૃતદેહને અહિં અગ્નિસંસ્કાર કરવા માટે લઈ આવે છે. અમે સરયૂના કિનારા ઉપર બેઠા હતા એ દરમિયાન આવી જ એક મંડળી મૃતદેહને લઇને આવી હતી અને સામેના ભાગમાં મૃતદેહને જલાવવાની તૈયારી કરતી હતી.

બાગેશ્વર વિષે પૌરાણિક માન્યતા

બાગેશ્વર સાથે શંકરપાર્વતીનો લગ્નપ્રસંગ સંકળાયલો છે. સરયૂ નદીના ઝૂલતા પુલની નજીકમાં વહેતા જળપ્રવાહમાંથી જાણે કે એકાએક નીકળી આવ્યો ન હોય એવો એક ખડક છે. આ ખડકની ટોચ ઉપર ભગવાન શિવનું હિમાચલની પુત્રી પાર્વતી સાથે લગ્ન થયું હતું એવી પ્રચલિત પૌરાણિક માન્યતા છે. આ માન્યતાને ઇતિહાસની નજરે ચકાસવાની જરૂર નથી. શિવ પાર્વતી એ બન્ને અપાર્થિવ દેવદેવી-જેનું સ્થાન ઇતિહાસમાં નહિ પણ માનવીની ધાર્મિક કલ્પનામાં રહેલું છે. માનવીની આ ધાર્મિક કલ્પનાએ આ સ્થળને શંકરપાર્વતીના લગ્ન માટે પસંદ કર્યું -એ હકીકત આ સ્થળની અલૌકિક ભવ્યતા સૂચવવા માટે પૂરતી છે. માનવી અહિંના વિલક્ષણ સૃષ્ટિસૌન્દર્યથી આનંદચકિત બન્યો અને પોતાનાં દિલમાં વાસ કરી રહેલ ઉમા-મહાદેવ અહિં જ પરણેલા હોવા જોઇએ એમ એણે મનથી નકકી કર્યું. આ સ્થળની અદ્‌ભુતતા દર્શાવવા માટે આથી વધારે ભવ્ય બીજી શી કલ્પના સંભવી શકે ? એમ કહેવાય છે કે આ ખડક ઉપર જ માર્કંડેય ઋષિએ તપ કરેલું અને 'દુર્ગાસપ્તશતી'ની રચના કરેલી.

બાગેશ્વરની આબોહવા અને ખનીજશકયતા

બાગેશ્વર સમુદ્રસપાટીથી ૩૦૦૦-૩૨૦૦ ફીટની ઉંચાઇએ આવેલ છે અને તેથી અહિં ઠંડી બીલકુલ લાગતી નથી. દિવસનો તો ઠીક ઠીક ગરમી લાગે છે. રાત્રીના માત્ર એક સુતરાઉ કપડું ઓઢવા માટે પૂરતું થઇ પડ્યું હતું. અહિં કેરી પુષ્કળ પ્રમાણમાં પાકે છે. આંબાઓ ઉપર કાચી કેરીઓ ઢગલાબંધ ઝુલતી દેખાતી હતી. એકાદ મહીના પછી આ કેરીઓ પાકશે અને ખાવા મળશે એમ ત્યાંના લોકો કહેતા હતા. બાગેશ્વરની અસપાસના પ્રદેશમાં તાંબુ, ગ્રેફાઇટ, લોહું અને સોપસ્ટોનની ખાણો છે અને અનેક પ્રકારના ખનિજ પદાર્થો મેળવવાની અહિં મોટી શકયતા કલ્પવામાં આવે છે. ત્યાં એક ગૃહસ્થ સાથે અમારી નવી ઓળખાણ થઇ. તેમનું નામ શ્રીનાથ શાહ. તેમના કહેવા પ્રમાણે તેઓ મૂળ ગુજરાતના, પણ કોઇ સામુદાયિક સ્થળાન્તરના કારણે સૈકાઓ પહેલાં તેમના પૂર્વજોએ ગુજરાત છોડેલું અને આ બાજુએ આવીને વસેલા. આ ભાઇ આ પ્રદેશની ખનિજ-વિષયક શકયતાઓ વિષે ભારે આશાવાદી હતા અને એનું સંશોધન કરીને તેનો લાભ ઉઠાવવા માટે ભારત સરકાર અહિં સુધી રેલગાડી લઇ આવવાની છે એવી આશા સેવતા હતા.

આ પ્રદેશના ગુણધર્મ ઘણા અંશે આપણી બાજુના ગરમ પ્રદેશને મળતા લાગ્યા. દા.ત. કેરી એ ગરમ પ્રદેશની નીપજ છે. હિમાલયના ઉત્તુંગ વિભાગોમાં આંબો જોવા મળતો નથી, જ્યારે અહિં ઢગલાબંધ આંબાઓ હતા. અહિં આપણા પ્રદેશ માફક રૂ પણ પેદા થતું જોયું, અને તેનું ઉત્પાદન વધારવા માટે ઘણો અવકાશ છે એમ લાગ્યું.

પીંડારી ગ્લેશિયર

બાગેશ્વર હિમાલયના હિમપ્રદેશો તરફ જવાનું એક બહુ જાણીતું પ્રવેશદ્વાર છે. અહિંથી પીંડારી ગ્લેશિયર તરફ અનેક પ્રવાસમંડળીઓ જાય છે. હિમશિખરો સાથે સીધો સંબંધ ધરાવતા ગ્લેશિયરોમાં આ પીંડારી ગ્લેશિયર સૌથી વધારે નજીક છે. અહિંથી કપકોટ ૧૪ માઇલ, લોહારખેત આગળ ૯ માઇલ, ધાકુરી આગળ ૬ માઇલ, ખાતી આગળ ૫ માઇલ, દ્વાલી આગળ ૭ માઇલ, કુકીઆ આગળ ૩ માઇલ, અને ત્યાંથી

૧૨૦૦૦ થી ૧૩૦૦૦ ફીટ ઉંચાઇએ આવેલ પીંડારી ગ્લેશિયર આગળ ૩ માઇલ–એમ બાગેશ્વરથી પીંડારી ગ્લેશિયર કુલ ૪૬ માઇલના અન્તરે આવલું છે. એ ગ્લેશિયરની લંબાઈ લગભગ બે માઇલ છે અને પહોળાઇ ૩૦૦ થી ૪૦૦ વાર છે. પશ્ચિમમાં ત્રિશુલ (૨૨૫૦૦ ફીટ), પૂર્વમાં નંદાકોટ (૨૨૫૦૦ ફીટ) અને એ બેની વચમાં ઉત્તરે નંદાદેવી (૨૫૬૪૫ ફીટ)–એકમેકને લગભગ અડીને ઉભેલા આ ત્રણ મહાન હિમપર્વતોના ખોળામાં બારે માસ બરફથી છવાઇ રહેલો આ ગ્લેશિયર પર્વતારોહણના રસીઆઓ માટે એક અનિવાર્ય આકર્ષણનો વિષય છે. મુંબઇ પ્રદેશના મજુર પ્રધાન શ્રી શાન્તિલાલ શાહ સહકુટુંબ આ ગ્લેશિયર સુધી પ્રવાસ કરીને પાછા ફરેલા અમને નૈનીતાલ મલ્યા હતા, અને તેમની પાસેથી પીંડારી ગ્લેશિયર વિષે કેટલીક વિગતો જાણવા મળી હતી. અમને આગળથી આ બાબતનો પૂરો ખ્યાલ હોત તો અમારા પ્રવાસક્રમમાં પીંડારી ગ્લેશિયરનો સમાવેશ કરવા જરૂર પ્રયત્ન કર્યો હોત અને કદાચ ત્યાં ગયા પણ હોત. એને માટે જે થોડાં વધારે સાધનો જોઇએ તે અમારી પાસે નહોતાં અને ઉતરવા ચઢવા વગેરેની આગળથી ગોઠવણ હોવી જોઇએ તે પ્રબંધ કરવાનું પણ બાગેશ્વરમાં હતા ત્યારે અમારા માટે શકય નહોતું. પીંડારી ગ્લેશિયર પહોંચતાં ત્રણ દિવસ, ત્યાં પસાર કરવાનો એક દિવસ અને પાછા ફરવાના ત્રણ દિવસ–એમ એ પ્રવાસ સાત દિવસમાં પુરો કરી શકાય છે. બાગેશ્વર સુધી ગયા અને પીંડારી ન જવાયું એમ મનમાં રહી ગયું. સમય સંયોગની અનુકુળતાએ બાગેશ્વર ફરીને જવું અને પીંડારી સુધી પહોંચીને સમીપસ્થ ત્રિશુલ, નંદાદેવી અને નંદાકોટનાં દર્શન કરવાં–આવી કામના મનમાં રહી ગઇ છે. એ પૂરી થશે કે કેમ એ તો વિધાતા જાણે!

પીંડારી ગ્લેશિયરની પૂર્વ બાજુએ અને વિશેષ ઉત્તરમાં બાગેશ્વરથી ૮૧ માઇલ દૂર બીજો એક જાણીતો ગ્લેશિયર છે, જે 'મીલામ ગ્લેશિયર'ના નામથી ઓળખાય છે. આ ગ્લેશિયર ભારત અને ટિબેટની સરહદ ઉપર આવેલો છે. પીંડારી જેટલો આ ગ્લેશિયર જાણીતો નથી; ત્યાં જવાનો માર્ગ પણ વધારે વિકટ છે; પણ બીજી રીતે પીંડારી કરતાં મીલામ ગ્લેશિયર વધારે વિશાળ છે અને ત્યાં પહોંચતાં માર્ગમાં આવતા પ્રદેશો વધારે મનોહર અને રોમાંચક છે. બન્નેની ઉંચાઇ લગભગ સરખી છે. અહિં પણ આજકાલ અનેક પર્વતારોહી મંડળીઓ જવા લાગી છે. આ ઉપરાંત માનસ સરોવર, કૈલાસ આદિ હિમાલયની બીજી બાજુએ આવેલાં સ્થળોએ પણ અહિંથી જવાય છે, જો કે સાધારણતઃ આલ્મોરાથી પૂર્વ બાજુએ આવેલા પાતાલ ભૂમેશ્વર અને બેરીનાગ અથવા તો પીઠોરાગઢની બાજુએ થઇને પ્રવાસીઓ અને યાત્રિકો કૈલાસની માનસસરોવરની યાત્રાએ જાય છે.

વળી પાછા કૌસાનીમાં

આમ અમારી પાસે જે સમય હતો તે સમય દરમિયાન બાગેશ્વરમાં જોવાય તેટલું જોઇને અને તે વિષે જાણી શકાય તેટલું જાણીને અમે ત્યાંથી કૌસાની જવા માટે સવારના સાડા દશ વાગ્યા લગભગ ઉપડ્યા અને સાડાબાર લગભગ કૌસાની પહોંચ્યાં. કૌસાનીના બસસ્ટોપ પાસે સર્વોદય હોટેલ નામની એક હોટેલ થોડા સમયથી શરૂ થઇ છે. આ હોટેલમાં રહેવાની તેમ જ ખાવાની સારી સગવડ છે. તેના દર પણ હળવા છે. કૌસાની પાછા આવીએ ત્યારે આ હોટેલમાં જમવાનું અમે આગળથી નકકી કર્યું હતું. તે મુજબ અમે બધાંએ ત્યાં ભોજન કર્યું. મુંબઇથી આ બાજુએ ફરવા નીકળેલી છ સાત વિદ્યાર્થીની મંડળી આ જ હોટેલમાં ઉતરી હતી. તેમનો બે દિવસ પહેલાં ગંગાકુટિર જવાના રસ્તા ઉપર અમને પહેલવહેલો ભેટો થયો હતો. ગઇ કાલે વૈજનાથથી તેઓ પાછા ફરતા અને અમે વૈજનાથ તરફ જતા એકમેકને મળ્યા હતા. અહિં પણ તેઓ ભળી ગયા. બધા ઘણું ખરૂં એલ્ફિન્સ્ટન કોલેજમાં ભણતા અથવા તો તે કોલેજમાંથી ગ્રેજ્યુએટ થઇને આગળ ભણવા માગતા વિદ્યાર્થીઓ હતા. તેમની રીતભાત અને વાતચીત ઉપરથી તેઓ વિનીત અને નમ્ર લાગ્યા. તેમની સાથે એક મહારાષ્ટ્રી બહેન પણ હતી. સાંજે તેમને અમે ગંગાકુટિર ચા પીવા બોલાવ્યા. હું પણ એલ્ફિન્સ્ટન કોલેજમાંથી ગ્રેજ્યુએટ થયેલો એટલે આ મિત્રમંડળી વિષે મારા દિલમાં મમતાભાવ જાગ્યો. તેમને જોઇને મારા કોલેજના દિવસો યાદ આવ્યા. તે દિવસોમાં અમને વિદ્યાર્થીઓને આવા પ્રવાસોની કોઇને કલ્પના પણ નહોતી આવતી. આજે તો ઢગલાબંધ વિદ્યાર્થીમંડળીઓ ઉનાળાની રજામાં એક યા બીજા હીલસ્ટેશન ઉપર એટલું જ નહિં પણ હિમાલયના વિકટ પ્રદેશોમાં પણ ભ્રમણ કરવા નીકળી પડે છે. અને બહુ ઓછા સામાનથી અને ઠીકઠીક અગવડો ભોગવીને તેમ જ તેમને મળતા રેલ્વે કન્સેશનનો લાભ ઉઠાવીને લાંબી લાંબી મુસાફરીઓ બહુ ઓછા ખર્ચે પૂરી કરીને ઘેર પાછી ફરે છે. ઉપર જણાવેલ મિત્રમંડળીને અમે સાંજે અમારે ત્યાં ચા પીવાનું નિમંત્રણ આપ્યું.

અહિં ભોજન પતાવીને ગંગાકુટિર તરફ જવા નીકળ્યા. પગની આંગળીઓ દુખતી જ હતી. અને ડાબા પગમાં જોડો પહેરાય તેમ હતું જ નહિં. આમ હોવાથી પગના પંજા સાથે જોડો દોરીથી બાંધીને ચાલવાનું શરૂ કર્યું. લંગડાતે પગે હું ગંગાકુટિર પહોંચ્યો, અને અમે એક નહિં ને પછીના દિવસે અહિંથી આલ્મોરા જવા માટે નીકળવાના હતા ત્યાં સુધી મારે બહાર ન ફરવું અને જરૂરી ઉપચાર સાથે પગને આરામ આપવો એમ મેં નિર્ણય કર્યો. સાંજે પેલી મિત્રમંડળી અમારે ત્યાં આવી પહોંચી. દરેકનો વ્યકિતગત પરિચય કર્યો, જો કે આજે ઘણાખરાનાં નામ હું ભૂલી ગયો છું. અમારો પણ તેમને પરિચય કરાવ્યો. તેઓ ગયા વર્ષે પણ નૈનીતાલ બાજુ પ્રવાસે આવેલા. તેમના પ્રવાસો વિષે, હવે પછી કોણ શું કરવા માંગે છે, આગળ શું ફરવા માંગે છે વગેરે બાબતો વિષે કેટલીક વાતો થઇ. તેમની સાથેના એક બહેને ભજન સંભળાવ્યું. તેનો કંઠ મધુર હતો; ભજન સુન્દર અર્થવાહી હતું; તેના અવાજમાં મીઠો રણકાર હતો. એકાદ કલાક હળવી વાતોમાં અમે પસાર કર્યો. અને અમે છૂટા પડ્યા. તેમને મળીને અમને આનંદ થયો.

અમારી સાથે ત્રણ બાળકો હતાં. મેનાની બેબી અને બાબો અને મારી બીજી પુત્રીનો મોટો બાબો કિરણ. અમે અમારી દુનિયામાં વસતા હતા; તેઓ તેમની દુનિયામાં વિચરતા હતા. કેપ્ટન દૌલતસિંહને ત્યાં ગાયો અને વાછરડાં હતાં. વળી તેઓ મરઘીઉછેર પણ કરતા હતા. બાળકોને તો ગાયો અને વાછરડાં તેમજ મરઘી અને તેનાં બચ્ચાં જોવામાં–તેમની હીલચાલો નિહાળવામાં–ભારે મજા પડતી. વારે ઘડિએ ત્યાં દોડી જાય અને બધું ભારે કૌતુકથી નિહાળે. મરઘીનાં બચ્ચાં ઉપાડીને અમારી પાસે લઇ આવે. ગાયને ગોવાળ દોવે તે તેમના માટે નવું જ દૃષ્ય હતું. ગાયને પંપાળે, ખડ ખવરાવે, મરઘા મરઘીની પાછળ દોડે, રમાડે, દિવસનો મોટો ભાગ તેમનો ત્યાં જ પસાર થતો. મુંબઇમાં વસતા બાળકોને આ બધું અવનવું લાગે તે સ્વાભાવિક છે.

(અપૂર્ણ) પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન : ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

સર્વોદય વિશેષાંક

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, માર્ચ ૧, ૧૯૫૯, રવિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વિનોબાજીની સર્વોદય વિચારધારા

सर्वोदयं तीर्थमिदं प्रवृत्तम् ।

(આજે જ્યારે અજમેર ખાતે ભરાઇ રહેલા સર્વોદય સંમેલનમાં થયેલાં પ્રવચનો, ચર્ચાઓ અને પ્રસ્તાવો છાપાઓ મારફત પ્રજાજનોના જાણવામાં આવશે ત્યારે વિનોબાજીના પ્રમુખ વિચારોની આ સર્વાંગીણ આલોચના આ વિષયના ચિન્તકોના ચિન્તનમાં કાંઇક મદદરૂપ બનશે એવી અપેક્ષાથી પ્રબુદ્ધ જીવનના આ અંકમાં એક સાથે સળંગ આપવાનું ઉચિત ધાર્યું છે. તંત્રી.)

પ્રાસ્તાવિક

વિનોબાજી વિષે ઘણું વાંચ્યું, સાંભળ્યું અને છેલ્લાં છેલ્લાં નવેંબર માસ દરમિયાન તેમની પદયાત્રામાં થોડા દિવસ સાથે રહેવાનું બન્યું અને તે દરમિયાન વિનોબાજીના વિચારો જાણવા, સમજવાની મને કેટલીક તક સાંપડી. આ સર્વ ઉપરથી મારા મન ઉપર તેમનાં વિચારોનું અને વ્યક્તિત્વનું જે ચિત્ર આલેખાયું છે તે અહિં હું રજુ કરવા પ્રવૃત્ત થયો છું. તે રજુઆત અંગે મારી પોતાની કેટલીક મર્યાદાઓ છે તેનો પ્રારંભમાં જ ઉલ્લેખ કરવો વધારે ઉચિત લાગે છે.

વિનોબાજીની વિચારણા એક સતત વિકસતી વિચારણા છે. તેમાં ચાલુ નવા રંગો પુરાતા જાય છે અને તેની નવી નવી કલાઓ પ્રગટતી જાય છે. આવી વ્યક્તિની વિચારણાનું આજે દોરેલું ચિત્ર આવતી કાલે કેટલું પ્રમાણભૂત લેખાય તે એક સવાલ છે. બીજું મારો તેમની સાથેનો પરિચય પ્રમાણમાં બહુ અલ્પ ગણાય, પ્રત્યક્ષ પરિચય માત્ર દશ બાર દિવસનો. તે દરમિયાન તેમને અન્ય મિત્રો કે મંડળો સાથે ચર્ચા કરતાં સાંભળવા ઉપરાંત તેમની સાથે પ્રત્યક્ષ વાર્તાલાપ કરવાના છુટા છવાયા થોડા પ્રસંગો મને પ્રાપ્ત થયેલા. પણ જેવી રીતે કોઇ વિશિષ્ટ વ્યક્તિ સાથે એકાન્તમાં ઠીક ઠીક સમય સુધી મુક્ત મને ચર્ચા કરવાનું બને તેવી આ ચર્ચા કે વાર્તાલાપ નહોતા. વિનોબાજી સાથીઓથી ઘેરાયલા હોય, આગળ પાછળ તેમની સાથે ચર્ચા કરવાને ઉત્સુક ભાઇ બહેનોનો માથા ઉપર ભાર હોય, પરિચય નવો નવો હોય, વળી છૂટથી સવાલ જવાબ થાય એવું હંમેશાં હળવું અથવા તો પ્રોત્સાહક વાતાવરણ ન હોય, જવાબો પૂરા પ્રતીતિકર ન લાગે છતાં ચર્ચા–પ્રતિચર્ચા કરવા કરતાં તેઓ જે કહે તે સાંભળી લેવું, મનમાં ભરી લેવું અને પછી તે નિરાંતે વાગોળવું–આવી જ્યાં મનની વૃત્તિ હોય–આવી મર્યાદિત પરિસ્થિતિમાં વિનોબાજીને હું સંપૂર્ણતયા સમજી શકયો છું એમ મારાથી ન કહી શકાય કે વિચારી શકાય. આવી મર્યાદા વચ્ચે હું તેમના વિચારો અને વ્યક્તિત્વ અંગે જે રજુઆત કરીશ તે અપૂર્ણ હોવાની તે સંબંધે હું પૂરો સભાન છું. આમ છતાં આ લેખનકાર્યમાં હું એટલા માટે પ્રવૃત્ત થાઉં છું કે તેમના વિષે મારા મન ઉપર પડેલા અસ્પષ્ટ સંસ્કારોને નિશ્ચિત રૂપ આપવાનો આ એક જ માર્ગ છે એમ મને લાગે છે. વળી આ વિષયમાં અનેક ભાઇ બહેનો આજે ખૂબ ચિન્તન મનન કરી રહ્યા છે અને તર્કવિતર્કો સેવી રહ્યા છે. તેમના ચિન્તનકાર્યમાં મારી આ અનેક વિષયોને સ્પર્શતી આલોચના ઓછી વધતી જરૂર મદદરૂપ બનશે એવો મને વિશ્વાસ છે. આવા ખ્યાલ અને હેતુપૂર્વક આ નિરૂપણની હવે શરૂઆત કરું છું.

વિનોબાજી એક મહાન ચોકીદાર

આપણા દેશમાં અસહકાર અને ખાદી તથા રેંટીઆનું ૧૯૧૮–૨૦ની સાલ દરમિયાન જ્યારે જોસભેર આન્દોલન ચાલતું હતું ત્યારે ગુરૂદેવ ટાગોરે અસહકાર તથા ખાદી અને રેંટીયાની સખત, ટીકા કરતો એક લેખ એ દિવસોમાં 'મોડર્ન રિવ્યુ'માં પ્રગટ કરેલો. તેનો જવાબ એ દિવસોના 'યંગ ઇન્ડિયા'માં આપતાં ગાંધીજીએ 'The Great Sentinel' 'તે મોટા ચોકીદાર' એ શબ્દો વડે ગુરૂદેવ ટાગોરનો પરિચય આપીને સૂચવેલું કે, જ્યારે પણ દેશમાં કાંઇ અઘટિત થતું લાગે ત્યારે સ્પષ્ટપણે કહેવાનો અને પ્રજાના આગેવાનોનું ધ્યાન ખેંચવાનો ગુરૂદેવને સંપૂર્ણ અબાધિત અધિકાર છે, અને તેઓ જે કહે તે ગંભીરપણે સાંભળવાનો, સમજવાનો અને તે પ્રક્રિયા દ્વારા જે સાચું લાગે તે સ્વીકારવાનો ભારતવાસીઓનો ધર્મ છે. સાંપ્રતકાળમાં વિનોબાજી આવા જ આપણા એક મોટા ચોકીદાર છે; ભારતની સમગ્ર પ્રજા સાથે તેમના દિલનું તાદાત્મ્ય છે; તેઓ એક ભારે સંવેદનશીલ આત્મા છે અને દેશમાં કાંઇ પણ અઘટિત બને, કોઇ મોટો અન્યાય કે અધર્મ થાય કે તરત જ તેમની અન્તરવીણા ઝણઝણી ઉઠે છે. તે કોઇ એક યા અન્ય પક્ષના નથી અને તેમના જીવનમાં સત્ય અને લોકશ્રેય સિવાય બીજી કોઇ નિષ્ઠા નથી. આપણા દેશના પ્રશ્નો વિષે, આપણી સરકારની નીતિ વિષે, રોજબરોજના સરકારી વહીવટ વિષે, એક યા બીજા રાજનૈતિક પક્ષોના આચારવિચાર–વર્તનવ્યવહાર વિષે જ્યારે પણ કાંઇ અનુચિત લાગે ત્યારે તે વિષે પોકાર ઉઠાવવાના તેઓ સૌથી વધારે અધિકારી છે અને એક સત્યનિષ્ટ આત્માની ભીતરમાંથી આ પોકાર ઉઠયો તો તેમાં જરૂર કાંઇક વિચારવા જેવું, ધ્યાનમાં લેવા જેવું હશે એવી શ્રદ્ધા અને આદરપૂર્વક તેમને આપણ સર્વેએ સાંભળવા અને સમજવા રહ્યા. આપણને આવો એક ચોકિયાત પ્રાપ્ત થયો છે એ નિઃસંશય આપણું પરમ ભાગ્ય છે.

વિનોબાજી અને લોકશાહી

૧૯૪૭માં આપણે આઝાદ થયા અને આજની લોકશાહી પ્રવર્તમાન થઇ. આ લોકશાહીની રચના મોટા ભાગે ગ્રેટબ્રીટનમાં વર્ષોથી અમલી બનેલ લોકશાહીની પ્રતિકૃતિ છે. આ લોકશાહીના

અમલ દરમિયાન તેમાં રહેલા અનેક સદ્‌ગુણો તેમ જ અસદ્‌ગુણો આપણી સામે પ્રગટ થયા છે. જે જેવું છે તે બરોબર છે અને તેમાં ફેરફાર કરવાને અવકાશ નથી એમ સ્વીકારીને ચાલવાને જેઓ ટેવાયલા નથી તેવા વિનોબાજી આજની લોકશાહીના અનિષ્ટ અંશોથી ચોંકી ઉઠયા છે અને તેમાં પાયાના કેટલાક ફેરફારો સૂચવી રહ્યા છે.

દા. ત.

(૧) સત્તા વિકેન્દ્રિત કરીએ ને વધુમાંવધુ સત્તા ગામડામાં રાખીએ.
(૨) બધા નિર્ણયો સર્વાનુમતિથી કરીએ.
(૩) ઉપલી બધી ચૂંટણીઓ અપ્રત્યક્ષ પદ્ધતિથી કરીએ.
(૪) આપણી લોકશાહીને નિષ્પક્ષ બનાવીએ.
(૫) ચુંટણી થયા બાદ ચુંટાયલાં બધા સભ્યોને પોતપોતાના પક્ષના 'વ્હીપ'થી મુકત કરીએ.

આ મુજબના પાયાના ફેરફારોથી આપણે આજની લોકશાહીના અનિષ્ટ અંશોને નાબુદ કરી શકીશું અને સાચા અર્થની લોકશાહીની સ્થાપના કરીશું એમ વિનોબાજી માને છે. લોકશાહી અંગે વિનોબાજીની આ વિચારણા કેટલી વ્યવહારૂ છે તે એક જુદો સવાલ છે, પણ આજની લોકશાહી ઉપર કડક પ્રહાર કરી રહેલા વિનોબાજી લોકશાહીના વિરોધી છે એમ કહેવું કે માનવું કેવળ ભૂલભરેલું છે. (આ વિષયની સ્વતંત્ર અને વધારે વિસ્તૃત ચર્ચા ફેબ્રુઆરી ૧૬મી તારીખના પ્રબુદ્ધ જીવનમાં કરવામાં આવી છે જે જિજ્ઞાસુ વાંચકોએ તેમાંથી જોઇ લેવી.)

વિનોબાજી અને કલ્યાણ રાજ્ય

આજની આપણી રાજ્યસંસ્થાને "કલ્યાણ રાજ્ય"–'Welfare State' એ નામથી ઓળખવામાં આવે છે. આ આપણી રાજ્યસંસ્થાનો હેતુ પ્રજાના આન્તરબાહ્ય શત્રુઓથી રક્ષણ કરવું અને જાનમાલની સલામતી બક્ષવી એ ઉપરાંત પ્રજાવિકાસની અનેકવિધ પ્રવૃત્તિઓના સંચાલનની જવાબદારી સ્વીકારવી, તે માટે કરવેરા દ્વારા પ્રજા પાસેથી લાખો રૂપિયા ઉઘરાવવા અને ઉપર જણાવેલી પ્રવૃત્તિઓ પાછળ ખરચવા અને બેકારીનું પ્રમાણ ઘટાડવું અને જીવનધોરણ ઉંચે લાવવું–આ બધું કલ્યાણરાજ્યની કલ્પનામાં સમાવિષ્ટ થાય છે. આનું પરિણામ સર્વ સ્થળે અને સર્વ સમયે રાજ્યે કેન્દ્રમાં રહેવામાં અને પ્રજાપક્ષે વધારે ને વધારે કરવેરા ભરવામાં અને બધી બાબતમાં પ્રજાએ રાજ્ય સામે જોતા રહેવામાં આવે છે. આને લીધે પ્રજાના સ્વાતંત્ર્ય ઉપર ઉત્તરોત્તર કાપ મૂકાતો જાય છે અને સ્વયંપ્રેરણાથી કશું કરવાની વૃત્તિ નાબુદ થતી જાય છે. વ્યકિતનું એક વ્યકિત તરીકે સ્વત્વ ઘટતું જાય છે અને મોટા યંત્રના એક નાના સરખા ચક્ર જેવી દશાને તે પ્રાપ્ત થાય છે. આ પ્રકારની પરિસ્થિતિ સામે વિનોબાજી મોટો પોકાર ઉઠાવી રહ્યા છે અને લોકો પોતાના કલ્યાણ અને ઉત્કર્ષની બધી પ્રવૃત્તિઓ પોતાની સ્વયંપ્રેરણાથી કરે, અને કર્તૃત્વશકિત વિકસાવે અને રાજ્ય તેમાં મદદ કરે, સાથ આપે–આવો દિશાપલટો વિનોબાજી ઇચ્છે છે. આ કારણે આજના કલ્યાણરાજ્યના વિચાર અને કલ્પના ઉપર અને તેને અનુસરીને અખત્યાર કરવામાં આવેલી ભારતસરકારની નીતિ ઉપર વિનોબાજી અવારનવાર સખ્ત પ્રહાર કરી રહ્યા છે.

આજની સ્થગિત લોકશકિતને સકિય કરવી જોઇએ

કલ્યાણરાજ્યની કલ્પનાના વિરોધમાં વિનોબાજીનો કાંઇક એવો પણ ખ્યાલ રહેલો લાગે છે કે કલ્યાણરાજ્યના માર્ગે આગળને આગળ વધતાં તેનું પરિણામ Totaliterian State–સર્વસત્તાધીશ રાજ્યપદ્ધતિ–માં આવે અને વ્યકિતનું વ્યકિતત્વ તદ્દન નાબુદ થાય. આ દ્રષ્ટિએ તેમના અભિપ્રાય મુજબ રાજ્યનું કાર્યક્ષેત્ર અત્યન્ત સીમિત બનવું જોઇએ અને પ્રજાકલ્યાણનાં જરૂરી મોટા ભાગનાં કાર્યો પ્રજાજનોની સ્વયં સંચાલિત શકિત અને પુરૂષાર્થથી થવા જોઇએ. વળી તેઓ એમ પણ માનતા લાગે છે કે આજની લોકશાહીનું તંત્ર અને શાસન બહુમતીના જોરે સત્તા ઉપર આવેલા પક્ષનું જ તંત્ર અને શાસન હોય છે અને તેથી તેમાં સમગ્ર લોકમતનું પ્રતિબિંબ પડવાનો કોઇ સંભવ નથી. અને આવી પરિસ્થિતિમાં સમગ્ર લોકશકિત સક્રિય બની શકતી નથી. સમગ્ર લોકશકિત ત્યારે જ સક્રિય બને કે જ્યારે તેને તંત્રથી બને તેટલી નિરપેક્ષ રહીને લોકકલ્યાણસાધક કાર્યો કરવાની પૂરી તક મળે. આથી તેમનો અભિપ્રાય એવો છે કે લોકકલ્યાણની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ રાજ્યસંચાલિત નહિ પણ લોકસંચાલિત હોવી જોઇએ. સરકારે જરૂરી આર્થિક મદદ અને સાથ આપવો જોઇએ, પણ પ્રવૃત્તિસંચાલનમાં લોકોને પૂરી છૂટ આપવી જોઇએ. તેમાં ન તો સરકારે માથું મારવું જોઇએ કે ન તો તેમાં દખલગીરી કરવી જોઇએ. આમ કરવાથી લોકશાહી તેના વ્યાપક સ્વરૂપમાં પ્રગટ થશે અને લોકોમાં કર્તૃત્વશકિતનો ઉદય તેમ જ વિકાસ થશે.

રાજ્યનીતિ વિરૂદ્ધ લોકનીતિ

આજનું સંસદીય લોકતંત્ર અને તત્સંચાલિત રાજ્યવહીવટ કોઇ પણ એક રાજકીય પક્ષથી પ્રભાવિત હોઇને તેમાં લોકશકિતને પ્રગટ થવાનો અવકાશ મળતો નથી અને તેથી સાચી લોકશાહી અભિવ્યકત થતી નથી એમ વિનોબાજી માને છે, અને એ પ્રકારના વલણને અધીન રહીને આજનું લોકતંત્ર અને વહીવટીતંત્ર જાણે કે પરાયું હોય, પ્રજાના સાચા હિતને નહિ સમજનારૂં અથવા તો તેથી વિમુખ હોય અને આજના ધારાસભ્યો ઘેટાંઓનું ટોળું હોય એવી પરિભાષામાં વિનોબાજી ઘણી વખત તેની સખ્ત ટીકા કરતા સંભળાય છે, અને પોતાના આવા વલણને સચોટપણે રજુ કરવાના હેતુથી રાજ્યનું પ્રશાસન અને લોકોનું અનુશાસન, રાજ્યસત્તા અને લોકસત્તા, રાજ્યનીતિ અને લોકનીતિ–આવા દ્વંદ્વો તેમણે આજની રાજકારણી પરિભાષામાં દાખલ કર્યા છે. તેઓ જ્યારે લોકનીતિ શબ્દ વાપરે છે ત્યારે તેમનો આશય એવો હોવાનું જણાય છે કે આજનું સંસદીય લોકતંત્ર સાચી અને સર્વવ્યાપી લોકશાહીમાં કેમ પરિવર્તન પામે અને આજે લગભગ સ્થગિત બનેલી લોકશકિત તેના સંપૂર્ણ રૂપે કેમ બહાર આવે એ માટે વિચાર કરવાનું જે ધોરણ હોય તેને લોકનીતિ સમજવી. લોકનીતિની આ વ્યાખ્યા ઘણી અસ્પષ્ટ છે એ હું સમજું છું, પણ આ સંબંધમાં કેટલાક જાણકારો સાથે ચર્ચા કરતાં અને તેને લગતું સાહિત્ય મને ઉપલબ્ધ થયું તે વાંચતાં આથી વધારે સ્પષ્ટતા હું મેળવી શકયો નથી.

જેવી રીતે રાજ્યનીતિ રાજ્ય સંસ્થાના સુગ્રથિત પ્રબંધ ઉપરથી નિશ્ચિત કરી શકાય છે તેવી રીતે લોકની પણ આવી કોઇ આગવી સુબદ્ધ રચના હોય અને તેના અનુસંધાનમાં લોકનીતિનો પ્રયોગ થતો હોય તો તે સમજી શકાય તેવી બાબત છે. આવી રચનાથી પંચાયતનો આકાર, મ્યુનિસિપાલીટીનો આકાર કે લોકલ બોર્ડનો આકાર સૂચિત હોય તો તેના અનુસંધાનમાં લોકનીતિનો વિચાર જરૂર થઇ શકે છે. પણ આવી પ્રતિનિધિત્વવાળી સંસ્થા વડે આકારબધ્ધ ન હોય એવી જનતાના અનુસંધાનમાં તેની આ નીતિ છે કે તે નીતિ છે એમ કહીએ ત્યારે આમજનતાનું આ વલણ છે કે સામાન્યતઃ તે આમ ઇચ્છે છે એમ જણાવવાથી વિશેષ કોઈ અર્થ હાથમાં આવતો નથી. આ રીતે આ બન્ને તત્ત્વો – લોક અને લોકનીતિ – મોગમ હોવાથી લોકનીતિના નામે ગમે તે વ્યકિત ગમે તે કહી શકે એવી એક પ્રકારની અરાજક અથવા તો સંદિગ્ધ સ્થિતિ પેદા થાય છે. સંભવ છે કે આમાં મારી ગેરસમજ હોય, પણ રાજ્યસત્તા અને લોકસત્તા, રાજ્યનીતિ અને લોકનીતિ – આવાં દ્વંદ્વોનો આમજનતા સમક્ષ

અવારનવાર ઉપયોગ કરવાથી આજની રાજકારણી રચના અને પરિસ્થિતિ વિષે લોકોના મનમાં ઘણો ગોટાળો પેદા થાય છે અને આજના શાસનવિરોધી દળોને પોતાનો પ્રચાર કરવામાં તે બહુ ઉપયોગી નીવડે છે.

વસ્તુતઃ આજે જે રાજ્યરચના કરેલી છે તે આપણી જ ઉભી કરેલી છે અને તેમાં જેઓ પોતાની સેવા આપી રહ્યા છે તેઓ પણ આપણા જ માણસો છે અને વિનોબાજીના વિચારો સર્વસ્વીકાર્ય બને અને તે મુજબ આજની રાજ્યરચનામાં ફેરફાર કરવામાં આવે તો તે પણ રાજ્યરચના આપણી જ ઉભી કરેલી હશે. કહેવાનો સાર એટલો કે આજના તંત્ર સામે લોકનીતિના નામે આ રીતે પરાયાપણાનો ભાવ પેદા કરવામાં આવે છે તે બરાબર નથી. તેના કારણે પ્રજામાનસમાં સ્થિર થયેલી શાસન-નિષ્ઠા હણાય છે, જે સમગ્ર રાષ્ટ્રની દૃષ્ટિએ કોઇ પણ સંયોગમાં ઇચ્છવા યોગ્ય નથી.

કેન્દ્રીકરણ વિરૂદ્ધ વિકેન્દ્રીકરણ

આજની આપણી સમગ્ર રચના આર્થિક તેમ જ રાજકીય-કેન્દ્રીકરણના પાયા ઉપર રચાયેલી છે, જ્યારે વિનોબાજીની આખી વિચારણા વિકેન્દ્રીકરણ ઉપર ખૂબ ભાર મૂકી રહી છે. આજે સત્તાના મુખ્ય સૂત્રો કેન્દ્રના હાથમાં છે અને તેમાંથી કેટલીક સત્તા પ્રાદેશિક રાજ્યોને સુપ્રત કરવામાં આવી છે. પ્રાદેશિક રાજ્યથી નાના ધટકોની પરિસ્થિતિમાં હજુ સુધી કશો મહત્વનો ફરક પડયો નથી. આ જ પરિસ્થિતિનું વિનોબાજી પોતાની લાક્ષણિક રીતે વર્ણન કરતાં એ મતલબનું જણાવે છે કે સ્વરાજ્યનું પાર્સલ લંડનથી દિલ્હી સુધી આવ્યું છે અને તેમાંનો અંશભાગ પ્રાદેશિક રાજધાનીઓ સુધી પહોંચેલ છે, પણ તેમાંનો કોઇ અંશ હજુ ગામડાં સુધી આવ્યો નથી. આ વૈષમ્ય તેઓ નાબુદ કરવા માગે છે અને ગામડાને સ્વાયત્ત-લગભગ સ્વતંત્ર-ધટક-autonomous republies-બનાવવા માગે છે.

કેન્દ્રીકરણ વિકેન્દ્રીકરણનો પ્રશ્ન ઘણો વિશાળ છે અને વિનોબાજીનું ગામડાંઓ વિષેનું અન્તિમ ધ્યેય આવકારયોગ્ય છે. ગ્રામપંચાયતોને જીવતી કરવાનો, તેને વધારે સત્તા સુપ્રત કરવાનો આજની સરકારનો પ્રયત્ન આ દિશાનો છે અને ગ્રામદાની ગામમાં તેમના આ સ્વપ્નને મૂર્તિમન્ત થવા માટે ઘણો અવકાશ છે; આમ છતાં પણ જ્યાં સુધી દુનિયાના રાષ્ટ્રો ઉપર વિશ્વયુધ્ધની શક્યતાની તલવાર લટકતી છે અને એના સંદર્ભમાં આપણી ઉપર પાકીસ્તાનની કરડી નજર ચાલુ છે ત્યાં સુધી આજના તંત્રને મોટા પાયા ઉપર વિકેન્દ્રિત બનાવવાનું શક્ય લાગતું નથી. આ પ્રશ્ન અંગે વિકેન્દ્રીકરણને પ્રતિકુળ બીજું પણ એક કારણ લક્ષ્યમાં લેવા જેવું છે. આપણો દેશ આર્થિક તેમ જ ઔદ્યોગિક દૃષ્ટિએ ખૂબ પછાત છે અને તેની અપાર સંપત્તિ ભૂતળ નીચે દટાયલી છે; અને આપણા ચાલુ જીવનની જરૂરિયાતો અને તેના ઉત્પાદન-બન્ને અંગે આપણને પરદેશ ઉપર ખૂબ આધાર રાખવો પડે છે. આવી પછાત, અણવિકસિત ઔદ્યોગિક અવદશામાંથી દેશને મુકત કરવા માટે દેશવ્યાપી આયોજનોની ખૂબ જરૂર છે. ઉત્તરોત્તર શરૂ થતાં, પૂરા થતાં અને નવા શરૂ થતાં પંચવર્ષીય આયોજનોનો માત્ર આ જ હેતુ છે. આવા દેશવ્યાપી આયોજનો દ્વારા દેશ અમુક કોટિની આર્થિક તેમ જ ઔદ્યોગિક કક્ષાએ પહોંચે નહિ ત્યાં સુધી આપણી રાજ્યનીતિને કેન્દ્રીકરણના પાયા ઉપર ચાલુ રાખ્યા સિવાય બીજો વિકલ્પ દેખાતો નથી. અલબત્ત આ બે કારણોને બાધક ન હોય એવું વિકેન્દ્રીકરણ જેમ બને તેમ જલ્દિથી થાય એ જરૂર ઇચ્છવા યોગ્ય છે: આમ છતાં પણ વિનોબાજી જે પ્રકારના વિકેન્દ્રીકરણની અપેક્ષા રાખે છે તેના પ્રમાણમાં તે બહુ અલ્પ અને નજીવું હશે. દા. ત.: ગામડાને સ્વાયત્ત બનાવવાનો ગમે તેટલો વિચાર કરવામાં આવે તો પણ રાજ્યની તંત્રરચના તેમ જ અર્થરચના કેન્દ્ર, પ્રદેશ અને ગામડાનું નાનું એકમ-આ ત્રણેના સમન્વિત વિચાર ઉપર જ નિર્માણ થવાની અને આ સમન્વયનો વિચાર જ ગામડાની સ્વાયત્તતા ઉપર અમુક કાપ મૂક્યા વિના રહેવાનો નહિં. આયોજનપરાયણ લોકશાહી હંમેશા કેન્દ્રીભૂત રાજ્યરચના ઉપર જ ફાલીફુલી શકે છે.

સર્વાનુમતી નિર્ણય

વિનોબાજીનાં કેટલાંક વિધાનો આપણને ચોંકાવનારાં હોય છે અને અવ્યવહારૂ કોટિના લાગે છે, કારણ કે આપણે બધી બાબતોનો વર્તમાનના સંદર્ભમાં વિચાર કરીએ છીએ, જ્યારે તેઓ જે કાંઇ કહે છે તે લક્ષ્યગામી હોય છે. દા. ત. તેઓ જણાવે છે કે લોકશાહીમાં બધા નિર્ણયો સર્વાનુમતીથી થવા જોઇએ. આ એક નિશ્ચયાત્મક વિધાન થયું. આપણા રોજબરોજનો અનુભવ એમ કહે છે કે આ નિયમ મુજબ ચાલવા જઇએ તો આપણું ગાડું હાલતાં ચાલતાં અટકી જાય, કારણ કે થોડા માણસો પણ અમુક નિર્ણય લેવામાં સામા પડે તો આપણાથી આગળ ન ચલાય. પણ વિનોબાજીએ અવાર નવાર સ્પષ્ટ કર્યું છે તે મુજબ ઉપરના વિધાનનો વ્યવહારૂ અર્થ આટલો જ છે કે આજે આપણું બધું કામ બહુમતીના જોર ઉપર ચાલે છે અને તેનું પરિણામ લઘુમતીની ચાલુ અવગણના કરવામાં આવે છે. આદર્શ લોકશાહીની દૃષ્ટિએ કોઇ પણ એક પક્ષની ઇચ્છા કોઇ પણ અન્ય પક્ષ ઉપર લદાતી જ રહે એ ઇચ્છવાયોગ્ય નથી. આજનો લઘુમતી પક્ષ સમયાન્તરે બહુમતીમાં આવવાનો સંભવ રહે છે અને એમ બને ત્યારે તે પણ એ જ નીતિ ધારણ કરવાનો છે. આનું પરિણામ સ્પર્ધા અને સંઘર્ષમાં આવે. આને બદલે જે પક્ષની બહુમતી હોય તેણે બધી વિવાદાસ્પદ બાબતોમાં લઘુમતીની અનુમતિ મેળવવા પ્રયત્ન કરવો જોઇએ અને એ અનુમતિ મેળવવા ખાતર તેણે બને તેટલી બાંધછોડ પણ કરતા રહેવું જોઇએ. આમ કરવા છતાં પણ એવી પરિસ્થિતિ અને એવા સંયોગો કલ્પી શકાય છે કે જ્યારે સર્વાનુમતી મેળવવી અશકય બને અને બહુમતીથી કામ લીધા વિના ન ચાલે. પણ જો સર્વાનુમતી નિર્ણયનો આગ્રહ અને પ્રયત્ન હોય તો આવા પ્રસંગો બહુ ઓછા બનવાના અને પ્રજા-જીવનમાં લોકશાહી સાચા અર્થમાં વિકસિત થવાની.

નિષ્પક્ષ લોકશાહી

આવો જ તેમનો વિચાર નિષ્પક્ષ લોકશાહીને લગતો છે. કોઇ પણ વિશાળ દેશમાં ભિન્ન ભિન્ન વિચારસરણી હોવાની જ અને તેના પરિણામે વિચારપક્ષો હોવાના જ. અને તેમાં જે પક્ષની બહુમતી હોય તેનું રાજ્ય સ્થપાવાનું. આ રીતે વિચારતાં નિષ્પક્ષ લોકશાહી એ વદતોવ્યાઘાત જેવું વિધાન લાગે છે. પણ આ વિચારનો વિસ્તારથી ખુલાસો કરતાં વિનોબાજીએ અનેકવાર જણાવ્યું છે તે મુજબ નિષ્પક્ષ લોકશાહીનો વ્યવહારૂ અર્થ એટલો જ છે કે આજે આપણા દેશમાં જે પ્રમુખ રાજકીય પક્ષો છે તેઓ રાષ્ટ્રના અનેક પ્રશ્નો સંબંધમાં ભિન્નભિન્ન વિચારસરણી ધરાવે છે. આ વિચારસરણીઓનું પૃથકકરણ કરતાં માલુમ પડે છે કે એ વિચારસરણીઓમાં પરસ્પરને સંમત એવા ૯૦ ટકા અંશો છે અને પરસ્પરને અસંમત એવા ૧૦ ટકા અંશો છે. તો આ રીતે રચાયલા રાજકીય પક્ષોએ જે ૯૦ ટકા પરસ્પરને સંમત ક્ષેત્ર છે તેમાં સાથે મળીને કામ કરવું જોઇએ અને પેલા જે ૧૦ ટકાનું અસંમતિનું ક્ષેત્ર છે તેને વધારે વિસ્તૃત બનાવવાને બદલે ટુંકાવવાને સદા પ્રયત્નશીલ રહેવું જોઇએ અને એ રીતે નિષ્પક્ષ લોકશાહીના આદર્શને અભિમુખ બનીને સદા પ્રગતિશીલ બનવું જોઇએ.

શાસનમુકત સમાજ

આવો ત્રીજો તેમનો વિચાર શાસનમુકત સમાજને લગતો છે, અને પોતાના સમર્થનમાં કાર્લ માર્કસે ચિન્તવેલી stateless

society જેમાં વ્યક્તિ ઉપર અન્ય કોઇનું શાસન નહિ હોય અને વ્યક્તિ સ્વયંશાસિત હશે એવા સમાજની કલ્પના છે તેને વિનોબાજી અવારનવાર આગળ ધરે છે. વ્યક્તિગત રીતે વિચારતાં મને એમ લાગે છે કે માનવી સમાજમાં ગમે તેટલું પરિવર્તન થાય એમ છતાં તે સમાજ અંગત રાગદ્વેષથી તેમ જ અન્યને દબાવીને અથવા અન્યના હિતને આઘાત પહોંચાડીને પોતાનો સ્વાર્થ સાધવાની વૃત્તિથી કદિ પણ સમગ્રપણે મુકત થવાનો નથી અને તેથી તેના ઉપર સામાજિક નિયંત્રણની જરૂર એટલે કે તેને એક યા બીજા પ્રકારના સામાજિક શાસનની અપેક્ષા રહેવાની જ. તેથી શાસનમુકત સમાજનું સ્વપ્ન કોઈ પણ કાળે સફળ થવાનું નથી. એટલું જ નહિ પણ આવો વિચાર લોકો સમક્ષ અવારનવાર મુકાયા કરવાથી લોકોમાં જે કદિ શકય નથી તે શકય હોવાની ભ્રમણા પેદા થાય છે, તેમનામાં શાસનવિરોધી વૃત્તિ ઉત્તેજિત થાય છે અને અરાજક વૃત્તિને નવું પોષણ મળે છે. આમ વિચારવા છતાં વિનોબાજી શાસનમુકત સમાજની વાત કરે છે ત્યારે આપણા અદ્યતન જીવનવ્યવહારને અને સમાજરચનાને લક્ષીને શું કહેવા માંગે છે તે મારા ધ્યાન બહાર નથી. તેમના કહેવાનો ભાવ મને એ મુજબ માલુમ પડ્યો છે કે આજે દેશનું આખું શાસન કેન્દ્રવર્તી છે. દિલ્હી લોકોના માટે વિચારે છે અને ત્યાંથી હુકમ છુટે છે તે મુજબ લોકોને વર્તવાનું હોય છે. દિલ્હીને ગામડાના લોકો સાથે કોઇ સીધો સંપર્ક નથી અને તેનું શેમાં ભલું છે અને શેમાં નથી તેની દિલ્હીને બીલકુલ ખબર નથી અને ખબર છે તો બહુ જ ઓછી ખબર છે. એને દિલ્હીનો હુકમ ગામડાના લોકોને અવશ બનીને માનવો પડે છે, કારણ કે તેનું રક્ષણ અને જીવાદોરીનાં સૂત્રો દિલ્હીના હાથમાં છે. આ કેન્દ્રવર્તી શાસનનું સત્વર વિકેન્દ્રીકરણ થવું જોઇએ અને નાનામાં નાનું એકમ ચાલુ જીવનવ્યવહારની અને જીવનવિકાસની બાબતમાં બને તેટલું સ્વતંત્ર અને સ્વાયત્ત બનવું જોઇએ. આમ થાય ત્યારે લોકજીવનમાં લોકશાહી પૂર્ણરૂપે પ્રગટી કહેવાય. આમ થાય ત્યારે લોકો કેન્દ્રવર્તી શાસનચક્રમાંથી મુકત થયા કહેવાય, અને સાપેક્ષભાવે લોકો સ્વશાસિત બન્યા કહેવાય. વિનોબાજી શાસનમુકત સમાજદ્વારા સત્તાના આવા વિકેન્દ્રીકરણને સૂચવી રહ્યા છે.

વર્ગવિહીન સમાજ

આવી જ રીતે વર્ગવિહીન સમાજ રચનાના વિચારને પણ ઘટાવવાનો છે. માનવસમાજ આજે અનેક વર્ગોમાં વહેંચાયલો છે, અને માનવીસ્વભાવનો વિચાર કરતાં કોઇ પણ કાળે વર્ગવિહીન સમાજ ઉભો થાય એ અશકય – અકલ્પનીય – લાગે છે. ભૌગોલિક, સામાજિક તેમજ આર્થિક કારણોને લીધે માનવી સમાજ હંમેશાને માટે નાના મોટા વર્ગોમાં વહેંચાયલો રહેવાનો જ છે. આમ છતાં પણ માનવી સમાજના અનેક વર્ગોમાં કેટલાક એવા વર્ગો છે કે જે ઉચ્ચનીચની ભાવના ઉપર આધારિત છે. કેટલાક એવા વર્ગો છે કે જેનો હેતુ અને પ્રવૃત્તિ અન્યની શોષણ–પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે. તો માનવી સમાજને વર્ગવિહીન બનાવવો છે તેનો એટલો જ અર્થ કરવાનો રહે છે કે આપણે એવી સમાજ રચના ઉભી કરવી છે કે જેમાં ઉચ્ચનીચ ભાવને જરા પણ સ્થાન ન રહે અને જેની પ્રવૃત્તિ અન્ય કોઇ માનવ સમાજની જરા પણ શોષક હોઇ ન શકે.

અહિંસક સમાજરચના

આવી જ રીતે હિંસાનો સર્વથા અભાવ હોય એવી કોઇ સમાજરચના કલ્પી શકાતી જ નથી, કારણ કે માનવી જીવન નાની મોટી હિંસા ઉપર અનિવાર્યપણે સદા આધારિત હતું, છે, અને રહેવાનું છે. તો પછી અહિંસક સમાજરચનાનો આપણે એટલો જ અર્થ સમજવો અને સ્વીકારવો રહ્યો કે જ્યાં યુદ્ધવિગ્રહ એ ભૂતકાળની ઘટના બની ગઇ હોય, જ્યાં માનવ સમાજના ઝગડાઓનો નિકાલ કોઇ તટસ્થ પંચ દ્વારા લાવવાની પ્રથા સર્વત્ર સ્વીકારવામાં આવી હોય, જ્યાં કોઇ દબાયલો કે છુંદાયલો વર્ગ ન હોય અને દરેકને પોતાનો વિકાસ સાધવાની પૂરી તક હોય, જ્યાં ઉચ્ચ નીચની, સ્પર્શાસ્પર્શની, કાળાગોરાની ભેદભાવના નાબુદ થઈ હોય, જ્યાં આજનો સાંકડો રાષ્ટ્રવાદ પણ લુપ્ત બન્યો હોય, જ્યાં શ્રમનિષ્ઠા સાર્વત્રિક બની હોય અને જ્યાં સૌની અન્ન, વસ્ત્ર અને વસવાટની પ્રાથમિક જરૂરિયાતો પુરી પાડવામાં આવતી હોય–આવી સમાજરચનાને આપણે સાપેક્ષ ભાવે અહિંસક સમાજરચના કહી શકીએ. આવી સમાજરચના ઉભી કરવી એવું વિનોબાજીનું સ્વપ્ન છે.

વિનોબાજી અને પ્રતિકારાત્મક સત્યાગ્રહ

ગાંધીજીએ આપણને પરદેશી હકુમત સામે લડવાની એક પદ્ધતિ તરીકે પ્રતિકારાત્મક સત્યાગ્રહનો માર્ગ દેખાડ્યો છે. એ માર્ગનું અવલંબન લઇને આપણે પરદેશી હકુમતને આપણા દેશમાંથી વિદાય કરી છે, આઝાદી હાંસલ કરી સ્વરાજ્યની સ્થાપના કરી છે. ત્યાર બાદ ગાંધીજી ગયા અને દેશમાં આપણી સરકાર અમલી બની છે, જેને આજે અગિયાર વર્ષ પૂરાં થયાં છે. આ લાંબા ગાળા દરમિયાન એક યા બીજા પ્રશ્ન ઉપર દેશમાં આવા પ્રતિકારાત્મક સત્યાગ્રહો અવારનવાર ઉભા થયા કરે છે અને તેના પરિણામે પ્રાદેશિક સુલેહ શાન્તિ અવારનવાર જોખમાતી જોવામાં આવે છે. આ સંબંધમાં વિનોબાજીએ તાજેતરમાં એક માર્ગદર્શક નિવેદન કર્યું છે. તેઓ આ જ બાબતને લગતા – જાણીતા સમાજવાદી કાર્યકર્તા શ્રી ઇશ્વરભાઇ છોટુભાઇ દેસાઇના – પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવે છે કે "આપણા જમાનામાં અને આજના જમાનામાં ત્રણ મુખ્ય તફાવત છે. (૧) ત્યારે પરતંત્રતા હતી, આજે સ્વતંત્રતા છે. (૨) ત્યારે લોકશાહી નહોતી, આજે લોકશાહી છે. (૩) ત્યારે વિજ્ઞાનયુગનો આરંભ તો થયો હતો, પણ તેમાં આજના જેટલી પ્રગતિ હોતી થઇ. આ ત્રણે કારણોને લીધે સત્યાગ્રહ અંગેના આપણા વિચારોમાં ધરમૂળથી ફેરફાર કરવા જોઇએ.

"વિજ્ઞાનયુગે આજે વિશ્વને એટલું નાનું બનાવી દીધું છે કે એક દેશના લોકો ઘેર બેઠાં બીજા દેશ ઉપર ધારેલા ઠેકાણે બોંબ નાખી શકે છે. એ હાલતમાં અહિંસા પાસે પણ એવી શકિત હોવી જોઇએ કે ઘર બેઠાં એ આખા જગતમાં શાન્તિ લાવી શકે. એને સારૂ આપણે આપણા નાના નાના પ્રશ્નો પાછળ આપણી પ્રતિકારની શકિત નહિં વાપરી નાખીએ, પણ જગતની શાન્તિના કે તેના જેવા જ કોઇ નૈતિક કે વિશ્વને સ્પર્શે તેવા પ્રશ્ન સારૂ એનો સંગ્રહ કરીશું. નાના પ્રશ્નોને સારૂ આપણી પાસે ચાર પ્રકારના રસ્તાઓ છે :-

"(૧) બંધારણીય રસ્તાઓ (૨) ચૂંટણી મારફત ફેરફાર (૩) સમજાવટ (૪) લોકશકિત મારફત લોકોનું પરિવર્તન

"આ ચાર માર્ગો વડે જેટલું થઇ શકે એટલાથી જ સંતોષ માનવો જોઇએ. એ સિવાયના બીજા કોઇ સંઘર્ષાત્મક રસ્તાઓ ન લેવા જોઇએ.

"વળી વિજ્ઞાનયુગમાં એક બીજો મુદ્દા ઉપર પણ ધ્યાન દેવું પડશે. આપણી ક્રિયા એવી હોવી જોઇએ કે જેથી આપણા કે સામેના પક્ષના મનમાં ક્ષોભ પેદા ન થાય. વિજ્ઞાને આજે એવાં શસ્ત્રો બનાવ્યાં છે કે વિક્ષુબ્ધ માણસના હાથમાં એ જાય તો તેનાથી માનવતાનો સંહાર જ થાય. માટે આપણા સત્યાગ્રહો મનની ભૂમિકામાંથી નીકળી બુધ્ધિની ભૂમિકા ઉપર આવવા જોઇએ.

"તેથી મેં સૌમ્ય, સૌમ્યતર, સૌમ્યતમ સત્યાગ્રહનો વિચાર મુકયો છે. જો દેશમાં નાના નાના પ્રશ્નોમાં અહિંસક પ્રતિકારની

શકિત ખચીં નાખીએ તો દુનિયાના હિંસક બળો સામે આપણા દેશની નૈતિક અહિંસક શકિત ખડી કરી શકાય નહિ. એવો સંભવ તો નથી, પણ હાલ તુરત ધારો કે પાકીસ્તાન હુમલો કરે, તો ભારત સરકાર જરૂર પડયે દેશમાં ફરજિયાત લશ્કરી ભરતી કરવા પ્રેરાય. મારા જેવા હજાર એવા નીકળે કે જે યુદ્ધમાંથી અલગ રહે કે વિરોધ કરે. પરંતુ જેઓ લશ્કરમાં જોડાશે એમનામાં પણ લડવાની શકિત ખીલેલી નહિ હોય અને અહિંસાથી દેશનું રક્ષણ કરવાની હિંમત પણ નહિ હોય. આવી સ્થિતિમાં આપણે લાચાર બનવું પડે. તેથી મારો પ્રયત્ન દેશમાં એવી અહિંસાની શકિત ખીલવવાનો છે કે જેની અસર પાકીસ્તાન ઉપર કે એને પ્રોત્સાહન આપનારા અમેરિકાના લોકો ઉપર પડે. જો પ્રલય તરફ ધસી રહેલી દુનિયાનું નૈતિક અન્તઃકરણ જગાડવું હોય, તો ભારત જેવા દેશે અહિંસાની શકિત કેળવવી પડશે. એટલે આપણે જો દેશમાં જ માંહોમાંહેની નાની નાની લડાઇઓમાં પ્રતિકારાત્મક સત્યાગ્રહોમાં ખૂંપી જઇશું તો આપણો દેશ અહિંસાની શ્રેષ્ટ શકિત પ્રગટ કરવામાં પાછો પડશે.

"હવે સમય એવો આવી લાગ્યો છે કે જ્યારે અહિંસાની પ્રક્રિયા વિક્ષોભ પેદા કરે એવી ન હોવી જોઇએ. આપણે આવેશની ભૂમિકા ઉપરથી વિજ્ઞાનની ભૂમિકામાં જવું પડશે. ઘર્ષણવાળા સત્યાગ્રહમાં સામસામાં બુદ્ધિનાં દ્વાર બંધ થઇ જાય છે, જ્યારે સૌમ્ય સત્યાગ્રહ એ દ્વાર ખુલ્લાં રાખે છે અને પ્રશ્નો પાછળનું સત્ય સ્વીકારવામાં હારજીતનો ક્ષોભ પેદા થવા દેતો નથી. ઘર્ષણવાળા સત્યાગ્રહોથી સામાનાં મન વધુ જડ થાય છે અને લોક વેરપૂર્વક – retaliate – વળતો હુમલો કરવા પ્રેરાય છે."

ઉપરના નિવેદનમાં સૌમ્ય, સૌમ્યતર, સૌમ્યતમ્ સત્યાગ્રહનું હાર્દ હું હજુ સમજી અથવા તો સ્વીકારી શકયો નથી, કારણ કે કોઇ પણ ઉગ્ર અનિષ્ટ પરિસ્થિતિનું નિવારણ કરવાના હેતુથી જ સત્યાગ્રહનું અવલંબન લેવામાં આવે છે અને એ પરિસ્થિતિનું જ્યાં સુધી નિવારણ ન થાય ત્યાં સુધી તે સત્યાગ્રહને વધારે ને વધારે ઉત્કટ બનાવવાનો ધર્મ સાચા સત્યાગ્રહીને પ્રાપ્ત થાય છે. આવો પરિણામલક્ષી સત્યાગ્રહ ઉગ્ર, ઉગ્રતર, ઉગ્રતમ હોવાનું કલ્પી શકાય છે, પણ સૌમ્ય, સૌમ્યતર, સૌમ્યતમ કેમ હોઇ શકે એ હજુ મારી કલ્પનામાં આવતું નથી.

વળી વિનોબાજીના ઉપરના કથન ઉપરથી એવો સાર નીકળતો લાગે છે કે આપણા સત્યાગ્રહની એવી કોઇ પ્રક્રિયા હોવી ન જોઇએ કે જે લોકોમાં સંક્ષોભ પેદા કરે. આ વિધાન પણ હું સમજી શકતો નથી, કારણ કે ગાંધીજીએ આપણને જે સત્યાગ્રહનું દેશમાં જુદા જુદા પ્રસંગોએ દર્શન કરાવ્યું છે તેમાં હંમેશા સંક્ષોભ અભિપ્રેત રહ્યો છે. કોઇ પણ પ્રતિકારાત્મક સત્યાગ્રહ કોઇ એક પ્રશ્નને લગતા સંક્ષોભમાંથી જન્મે છે અને નવા સંક્ષોભને જન્માવે છે. સત્યાગ્રહમાં જે અપેક્ષિત છે તે સત્યાગ્રહના માર્ગે જનાર વ્યકિત યા સમુદાયના ચિત્તનો સમભાવ અને સમધારણ.

વિનોબાજીના કથનમાં રહેલો એક ત્રીજો મુદ્દો પણ વિચારણા માંગે છે. તેમના કહેવા મુજબ આપણે આપણા નાના નાના પ્રશ્નો પાછળ આપણી પ્રતિકારની શકિત વાપરી નાખવી ન જોઇએ, પણ જગતની શાન્તિના કે તેના જેવા જ કોઇ નૈતિક કે વિશ્વને સ્પર્શે તેવા પ્રશ્ન સાર એનો સંગ્રહ કરવો જોઇએ. આ વિધાનનો એટલો જ જો સાર હોય કે પ્રતિકારાત્મક સત્યાગ્રહના અવલંબન માટે પ્રશ્ન મોટો હોવો જોઇએ, પરિસ્થિતિ તદનુસાર ગંભીર હોવી જોઇએ અને તેનો નિકાલ લાવવા માટે વિનોબાજીએ સૂચવેલા ચાર ઉપાયો નાકામયાબ નીવડયાની પ્રતીતિ થઇ હોવી હોય, તો તે યથોચિત છે. કારણ કે આવો પ્રતિકારાત્મક સત્યાગ્રહ પરિણામની દૃષ્ટિએ શારીરિક મલશુદ્ધિ અર્થે લેવામાં આવતા સારક ઔષધ જેવો છે. જેમ આવું ઔષધ મલશુદ્ધિ કરે છે પણ સાથે સાથે શરીરના બધા સ્નાયુઓને અમુક અંશમાં નબળાં પાડે છે, તેમ યોગ્ય પ્રશ્ન ઉપર યોગ્ય રીતે અમલમાં મૂકાયેલ પ્રતિકારાત્મક સત્યાગ્રહ પણ અનિષ્ટ સામાજિક ઘટનાનું નિવારણ કરે છે, પણ સાથે સાથે તેની સમગ્ર પ્રક્રિયાનું પરિણામ સમાજવ્યવસ્થાને એક સારો એવો આંચકો આપવામાં આવે છે. આમ હોવાથી સારક ઔષધ માટે જેમ અસાધારણ શારીરિક વિકૃતિ અપેક્ષિત છે તેમ પ્રતિકારાત્મક સત્યાગ્રહ માટે અસાધારણ સામાજિક પરિસ્થિતિ અપેક્ષિત છે. આજે હાલતાં ચાલતાં શરૂ કરવામાં આવતા કહેવાતા પ્રતિકારાત્મક સત્યાગ્રહો કેવળ અનર્થજનક હોઇને સામાજિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ સદન્તર બંધ થવા ઘટે છે. પણ ઉપરના વિધાનથી વિનોબાજી દેશના કોઇ પણ પ્રશ્ન ઉપર અને કોઇ પણ પરિસ્થિતિમાં પ્રતિકારાત્મક સત્યાગ્રહનો નિષેધ કરતા હોય તો તે માન્ય બની શકે તેમ નથી. કારણ કે દેશમાં એવી ઘટનાઓ અવારનવાર બન્યા કરે છે કે જ્યારે અન્તિમ ઉપાય તરીકે હિંસાત્મક પ્રતિકારના માર્ગે જવું એ જો નિષિદ્ધ હોય, અયોગ્ય હોય, તો અહિંસાત્મક પ્રતિકાર સિવાય પ્રજાના હાથમાં બીજો કોઈ વિકલ્પ રહેતો જ નથી અને તેવી પરિસ્થિતિમાં અહિંસાત્મક પ્રતિકારનું અવલંબન અનિવાર્ય બની જાય છે. અને તેથી સ્વાભાવિક રીતે ધર્મ્ય બને છે.

વિનોબાજીના ઉપરોકત કથનમાં ગર્ભિત એવું પણ સૂચન રહેલું છે કે જગતની શાન્તિના કે તેના જેવા જ નૈતિક કે વિશ્વને સ્પર્શે તેવા પ્રશ્ન સારૂ અહિંસાત્મક પ્રતિકારની શકિત સંગ્રહિત કરવા માટે દેશના ચાલુ નાના મોટા પ્રશ્નો ઉપર આ શકિત ખરચાવી ન જોઇએ. ગણિતની ગણતરીએ આ વિધાન આકર્ષક અને પ્રતીતિદાયક લાગે છે, પણ તાત્ત્વિક રીતે વિચારતાં આ વિધાન વિવાદાસ્પદ દિસે છે. પ્રશ્ન એ છે કે વિશ્વવ્યાપી નહિ એવા પ્રશ્નો ઉપર સત્યાગ્રહની શકિત કેન્દ્રિત કરવાથી તે શકિત વધે છે કે ઘટે છે? મને તો એમ લાગે છે કે યોગ્ય પ્રસંગોએ આ શકિતનો ઉપયોગ કરતા રહેવાથી આ શકિતમાં સમગ્રપણે વૃદ્ધિ થાય છે. ઉલટું તેનો ઉપયોગ બંધ કરવાથી શકિત કુંઠિત બની જવાનો સંભવ રહે છે.

સૈન્ય વિસર્જન

આજ કાલ કેટલાક સમયથી વિનોબાજી સૈન્ય વિસર્જનનો વિચાર પ્રજા સમુદાય સમક્ષ મૂકીને અનેક લોકોના મનમાં એક પ્રકારનો ક્ષોભ પેદા કરી રહ્યા છે. આ સંબંધમાં તેમની વિચારણા એવી છે કે આજે આપણે એક બાજુએ નિઃશસ્ત્રીકરણ કરવાનો દુનિયાના મહારાજ્યોને જોરશોરપૂર્વક અનુરોધ કરી રહ્યા છીએ, અને પાકિસ્તાન તરફના આક્રમણભયના કારણે આપણા સૈન્યમાં અને યુધ્ધસામગ્રીમાં ચાલુ વધારો કરી રહ્યા છીએ અને તે પાછળ આપણે દર વર્ષે લગભગ ત્રણ અબજ રૂપિયાનો ખર્ચ કરી રહ્યા છીએ અને એ જ પ્રકારના ખ્યાલથી પાકીસ્તાન પણ દર વર્ષે લગભગ એક અબજ રૂપિયાનો ખર્ચ કરી રહેલ છે અને એ રીતે ચાર અબજ રૂપિયાનું દર વર્ષે સૈન્ય પાછળ પાણી થઇ રહ્યું છે. આ જ રકમનો પ્રજાકલ્યાણ પાછળ ખર્ચ કરવામાં આવે તો ભારત તેમ જ પાકીસ્તાનની સીકલ બદલાઇ જાય એવાં મોટાં લોકકલ્યાણનાં કાર્યો હાથ ધરી શકાય." પાકીસ્તાન તરફથી આક્રમણના ભયને બહુ વજન નહિ આપવું જોઇએ એમ સૂચવતાં જણાવવામાં આવે છે કે "આજના દુન્યવી સંયોગોમાં અમેરિકાના ટેકા વિના પાકીસ્તાન એકલું ભારત ઉપર ચઢાઇ કરે એ શકય જ નથી અને અમેરિકાના ટેકા સાથે જો પાકીસ્તાન ચઢાઇ કરે તો આપણા સૈન્યનો અને એકઠી કરાયે જતી યુધ્ધ સામગ્રીનો કોઇ અર્થ જ નથી, કારણ કે અમેરિકા સામે આપણામાં ઉભા રહેવાની કોઈ લશ્કરી તાકાત છે જ નહિ. બીજું એ

પણ ખ્યાલમાં રાખવાનું છે કે પાકીસ્તાનને આગળ કરીને અમેરિકા જો આપણી સાથે યુદ્ધ આદરશે તો આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ તો પણ રશિયા ચૂપ બેસી રહી શકે જ નહિ અને તો પછી એ લડાઈ ભારત અને પાકીસ્તાન વચ્ચેની નહિ પણ રશિયા અને અમેરિકા વચ્ચેની જ બની જાય–એટલે કે ત્રીજા વિશ્વયુદ્ધની પાદવાસ્થળી સરજાઇ જાય.”

દેશની આન્તરિક સુલેહશાન્તિ જાળવવા માટે સુગ્રથિત સૈન્ય હોવું એટલું જ આવશ્યક છે તે આજની વસ્તુસ્થિતિના જવાબમાં વિનોબાજી એ મતલબનું જણાવે છે કે “અલબત્ત જ્યાં સુધી આપણા હાથમાં દેશની સુલેહશાન્તિ જાળવવા માટે બીજો કોઇ વિકલ્પ ન હોય ત્યાં સુધી સૈન્ય રાખવું જરૂરી છે, તો પણ તે આટલા મોટા પાયા ઉપરનું હોવું જરૂરી નથી.” અને સાથે સાથે દેશની સુલેહશાન્તિ માટે આવશ્યક સૈન્યની બહુ ઓછી જરૂર પડે એ ખ્યાલપૂર્વક તેઓ પ્રજાસમક્ષ શાન્તિસેનાનો એક વિચાર મૂકી રહેલ છે. આ શાન્તિસેના જ્યાં જ્યાં સુલેહશાન્તિનો ભંગ થવાનો હોય ત્યાં ત્યાં આગળથી આગમચેતી વાપરીને સંઘર્ષમાં આવેલા બન્ને પક્ષો વચ્ચે સમાધાની–સમજુતી પેદા કરવાનો પ્રયત્ન કરે અને તોફાને ચઢેલા ટોળાને વચ્ચે પડીને, પોતાના જાનને જોખમાવીને પણ તોફાન અટકાવવાનો અને જાનમાલની ખુવારી થતી રોકવાનો પ્રયત્ન કરે. આમ સૈન્યવિસર્જનના વિચાર સાથે શાન્તિસેનાનો વિચાર વિનોબાજી સંકલિત કરે છે અને શાન્તિસેનાનો વિચાર સર્વમાન્ય બને અને સાથે સાથે તેમાં જોડાયલા સૈનિકોના નિર્વાહનો પ્રશ્ન, પૂર્ણતયા નહિ તો અંશતઃ, ઉકલે એ હેતુથી તેઓ સર્વોદયપાત્રની યોજનાનો વિચાર પણ જનતા સમક્ષ મૂકી રહ્યાં છે.

આ ત્રણે બાબતોનો આપણે ક્રમશઃ વિચાર કરીએ. સૈન્યવિસર્જન એક ભવ્ય વિચાર છે, અને આજની પરિસ્થિતિના સંદર્ભમાં તેનો વિચાર કરવાનો ન હોય તો તે સંબંધમાં બે મત પડવાનો કોઈ સંભવ જ નથી. વસ્તુતઃ એ દિવસની આજે સૌ કોઇ રાહ જોઇ રહ્યું છે કે ક્યારે આ દુનિયામાંથી યુધ્ધની હંમેશાંને માટે નાબુદી થાય અને સૈન્યસજાવટ પાછળ થતા પારાવિનાના ખર્ચમાંથી દુનિયા ઊંચે આવે. એ પણ ખરૂં કે સાર્વત્રિક સૈન્યવિસર્જન થાય એ દિવસ કેવળ કલ્પનાનો નથી. કારણ કે પહેલાંની અને આજની દુનિયમાં મોટો ફરક એ પડયો છે કે જ્યાં સુધી માનવી પાસેની સંહારક શકિત પરિમિત હતી ત્યાં સુધી એવી માન્યતાને પૂરો અવકાશ હતો કે જે દેશ પાસે જેટલી સૈન્યશકિત વધારે તે દેશ તેટલો વધારે સુરક્ષિત, પણ આજે જ્યારે આખી દુનિયાનો સંપૂર્ણ સંહાર કરી શકાય એવી–મોટા ગણાતા પ્રત્યેક દેશ આગળ–સંહારક શકિત એકઠી થઇ ચુકી છે, અને સંહારશસ્ત્ર હાથમાંથી છુટયા પછી અન્ય સાથે પોતાનો પણ નાશ કરી બેસે એવું આજના કાળભૈરવ અણુબોંબોનું સ્વરૂપ છે, ત્યાં કોઇ એક દેશ અન્યથી વધારે શકિતશાળી અને તેથી વધારે સુરક્ષિત ગણાય એવી પરિસ્થિતિ હવે રહી નથી. એટલે જો દુનિયાનું અસ્તિત્વ કાયમ રહેવાનું હોય તો આજની દુનિયાએ પોતાની શસ્ત્રશકિતને સદાને માટે મ્યાન કર્યે જ છૂટકો છે. એટલે તાત્ત્વિક રીતે વિચારતાં શસ્ત્રવિસર્જનનો–સૈન્યવિસર્જનનો–સાર્વત્રિક સ્વીકાર બહુ નજીકના ભવિષ્યના ગર્ભમાં રહેલો જ છે એમ સ્વીકારવામાં જરા પણ અતિશયતા થતી નથી.

આ દ્રષ્ટિએ સૈન્યવિસર્જન તરફ આંગળી ચીંધનાર વિનોબાજી નજીકના ભાવીનું જ સૂચન કરી રહેલ છે એમાં કોઇ શક નથી. આમ છતાં પણ આજના ભારત પૂરતો વિચાર કરીએ તો સૈન્યવિસર્જનના વિચારનો તત્કાળ સ્વીકાર શકય નથી લાગતો, વ્યવહારૂ પણ નથી લાગતો. કારણ કે પાકીસ્તાન વિષેનો આપણો જે ભય છે તે કેવળ કાલ્પનિક નથી: તેમાં ઘણી મોટી વાસ્તવિકતા રહેલી છે, અને તેનો સંબંધ કાશ્મીરના પ્રશ્ન સાથે રહેલો છે. પાકીસ્તાનનો ઉદ્‌ભવ થયો ત્યારથી આજ સુધી ત્યાંના આગેવાનો ભારત વિષે યુદ્ધની પરિભાષામાં જ વિચાર અને ઉચ્ચાર કરી રહ્યા છે અને તેનું રાજકારણ યુધ્ધાભિમુખ નેતાઓના હાથમાં જ રહ્યું છે. વળી અમેરિકાના ટેકા વિના–સમર્થન વિના–પાકીસ્તાન ભારત ઉપર કદી ચઢાઇ ન જ કરે એ માન્યતા વધારે પડતી છે. અમેરિકા કદાચ ટેકો ન આપે, તેની પડખે ઉભું ન રહે, પણ તટસ્થતા સ્વીકારે અને પાકીસ્તાન ભારત ઉપર ચઢાઇ કરે એમ આજના આન્તરરાષ્ટ્રીય તખ્તા ઉપર ખેલાતા રાજકારણમાં ન જ બને એમ માની લેવાને કંઇ કારણ નથી. અને પાકીસ્તાનના રાજકારણી આગેવાનો સત્તા ઉપર ટકી રહેવા માટે કોઇ પણ સમયે આવો યુદ્ધજુગાર ખેલી નાખે એ પણ એટલું જ સંભવિત છે. વળી એવી કોઇ કટોકટીમાં અહિં વસતા મુસલમાનોના વલણ વિષે આપણે કદિ અન્યથા વિચારવાનું જ ન હોય–એવી શ્રદ્ધા હજુ આપણા દિલમાં પેદા થઈ નથી. બહારની પરિસ્થિતિ ઉપર જણાવી તેવી છે અને અંદરની પરિસ્થિતિ પણ સર્વથા વિશ્વસનીય છે એમ માની લેવાને કાંઇ કારણ નથી. દેશની અંદર પણ સૈન્યની જરૂર પડે એવા નાના મોટા સંઘર્ષોની શકયતા રહેલી જ છે. આમ આન્તર બાહ્ય સંભવિત આક્રમણો સામે સૈન્ય સિવાય આપણને ચાલે તેમ નથી. દેશમાં પણ અહિંસા વિષે એવી કોઇ જામેલી નિષ્ઠા નથી કે ગમે તે સંયોગમાં અમે કદિ શસ્ત્રનો ઉપયોગ નહિ કરીએ, અથવા તો અમે ખુવાર થઇશું, પણ અહિંસાને વળગી રહીશું એમ આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ. આવો આગ્રહ ધરાવતી કેટલીક વ્યકિતઓ આપણા દેશમાં છે અને મળી રહેશે, પણ આવું કોઇ સામુદાયિક વલણ હજુ આપણા દેશમાં જોવામાં આવતું નથી. વળી દુનિયામાં ઉભા થતા બધા સંઘર્ષો અન્તિમ કોટિના નથી હોતા. જ્યાં અણુશસ્ત્રોનો ઉપયોગ અનિવાર્ય હોય ત્યાં આપણું સૈન્ય અને શસ્ત્રશકિતનો ભલે કોઇ ઉપયોગ કે અર્થ ન હોય, પણ જેમ જંગલમાં એકલા ચાલ્યા જતા હોઇએ તો માત્ર લાકડીનું સાધન પણ કદિ ઉપયોગી થઇ પડે છે તેમ, નાના નાના સંઘર્ષોને પહોંચી વળવા માટે–દબાવવા માટે–આપણી પરિમિત સૈન્યશકિત પૂરી કામયાબ નીવડવા સંભવ છે. ચર્ચાનો સાર એ કે જ્યાં સુધી પાકીસ્તાન સાથે કાશ્મીર અને અન્ય પ્રશ્નો સંબંધમાં આપણી સમજુતી અને સમાધાન ન થાય અને આન્તરિક પ્રશ્નો સંબંધમાં પણ કહેવાતા સત્યાગ્રહોની પ્રણાલીમાંથી અથવા તો લોકવ્યાપી આન્દોલનોની શકયતામાંથી આપણે ઉંચા ન આવીએ ત્યાં સુધી સૈન્ય વિના આપણને ચાલી નાહ શકે એવું મારૂં મન્તવ્ય છે.

આમ છતાં પણ સૈન્યવિસર્જનને લગતા વિનોબાજીના વિચારને હું અન્તરથી આવકારૂં છું અને તે એટલા માટે કે તે વિચાર એક આબોહવા પેદા કરે છે અને વધતા જતા લશ્કરી ખર્ચ ઉપર અંકુશ મૂકે છે, જે બહુ જ જરૂરી છે. વળી આજે વિનોબાજી કે જવાહરલાલજી જેવી વ્યકિત જ્યારે અમુક એક વિચાર પ્રજા સમક્ષ રજુ કરે છે ત્યારે તે વિચાર તે તે દેશની સરહદમાં પુરાઇને રહેતો નથી, પણ વાયુની માફક અન્ય દેશોમાં પણ ફેલાતો ચાલે છે. તો આ જ વિચારને પ્રતિધ્વનિત કરે એવી કોઇ વિશિષ્ટ વ્યકિત પાકીસ્તાનમાં પણ ન જ પાકે એમ માની લેવાને કારણ નથી. વિનોબાજીના આ વિચારમાં રહેલું શાણપણ આપણા પ્રજાજનોના તેમજ શાસકોના અને એવી રીતે પાકીસ્તાનના પ્રજાજનોના અને શાસકોના દિલને આજે નહિ તો આવતી કાલે સ્પર્શે અને તેથી આ બે દેશો વચ્ચે એવી કોઇ સમજુતી પેદા થાય કે આપણા પ્રશ્નોનો નિકાલ આપણે પરસ્પર યુદ્ધ દ્વારા

હરગીજ નહિ કરીએ – આ તદ્દન અસંભવિત નથી અને એમ બને તો કદાચ સંપૂર્ણ સૈન્યવિસર્જન નહિ તો પણ મહત્ પ્રમાણનું સૈન્યવિસર્જન સહજ શક્ય બને તેમ છે. આ વિચારને અનુકૂળ એવું આન્તરરાષ્ટ્રીય આન્દોલન પણ ઉભું થાય, એટલું જ નહિ પણ વધારે વેગ પકડે, એ પણ એટલું જ સંભવિત છે. આ દૃષ્ટિએ સૈન્યવિસર્જનનો વિચાર તત્કાલ વ્યવહારૂ ન હોવા છતાં આવકારદાયક લાગે છે. આ વિચાર જ્યારે તેને અનુકૂળ ભૂમિકા ઉભી થશે ત્યારે જ અમલમાં આવી શકશે એમ સમજીને આથી ક્રાન્તિએ ચોંકી ઉઠવાની જરૂર છે જ નહિ.

શાન્તિસેના

શાન્તિસેનાનો વિચાર કલ્પનામાં જેટલો આકર્ષક છે તેટલો જ તેને અમલી રૂપ આપવામાં વિકટ છે. આજે અવાર નવાર એક યા બીજા પ્રશ્ન ઉપર લોકોમાં ઉશ્કેરાટ પેદા થાય છે અને તે જેતજોતામાં તોફાનનું-જનમાલની ખુવારીનું-રૂપ પકડે છે. આ સંબંધમાં શાન્તિ સૈનિકો અગમચેતી વાપરીને લોકોને સમજાવટના માર્ગે વાળે અને એમ છતાં પરિસ્થિતિ વણસે અને ગંભીર રૂપ પકડે તો પોતાના જાનના જોખમે પણ તોફાની તત્ત્વોને વારવાનો બનતો પ્રયત્ન કરે–અને એ ઉપરાંત શાન્તિના સમયમાં અને તેટલો લોકસંપર્ક સાધે અને લોકોની સેવા કરે–આવો શાન્તિસેનાનો અંગે વિનોબાજીનો ખ્યાલ છે. શાન્તિસેનામાં જોડાવા ઇચ્છતા ભાઇ યા બહેને નીચેના પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવાની રહે છે.

"શાન્તિને માટે પોતાનું જીવન સમર્પણ કરવાવાળા માટે નીચે જણાવેલી નિષ્ઠાઓ આવશ્યક છે. એવી નિષ્ઠાવાળા સેવકોની શાન્તિસેના બનશે:–

૧. સત્ય, અહિંસા, અપરિગ્રહ અને શરીરશ્રમમાં મારી દૃઢ નિષ્ઠા છે. તદનુસાર જીવન વ્યતીત કરવાની હું કોશિષ કરીશ.

૨. લોકનીતિની સ્થાપનાથી દુનિયામાં સાચી સ્વતંત્રતા ઉદ્ભવી શકશે એવો મારો વિશ્વાસ છે. એ માટે હું કોઈ પણ પ્રકારની દળબંધીવાળી રાજનીતિમાં (પાર્ટી પૉલીટીક્સમાં) અથવા તો સત્તાની રાજનીતિમાં (પાવર પૉલીટીક્સમાં) ભાગ લઇશ નહિ. ભિન્ન ભિન્ન રાજનૈતિક પક્ષોની વ્યક્તિઓનો સમાન આદરબુદ્ધિ વડે સહયોગ મેળવવાની મારી વૃત્તિ અને પ્રયત્ન રહેશે.

૩. કશી પણ કામના-ઇચ્છા-રાખ્યા સિવાય સંપૂર્ણ બુદ્ધિથી હું લોકસેવા કરતો રહીશ.

૪. જાતિ, વર્ગ, યા પંથના કોઇ પણ પ્રકારના સંકુચિત ભેદોને હું જીવનમાં સ્થાન આપીશ નહિ.

૫. હું મારા અધિકમાં અધિક સમયનો અને ચિન્તન–સર્વસ્વનો ઉપયોગ સર્વોદયના પ્રત્યક્ષ સાધનસ્વરૂપ ભૂદાનમૂલક, ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાન્તિના કામમાં કરીશ.

૬. શાન્તિસેનાના કામ માટે જ્યાં જવાનો આદેશ મળશે ત્યાં તે મુજબ જવા માટે અને જરૂર પડ્યે તેમાં પોતાના પ્રાણ સમર્પણ કરવા માટે તૈયાર રહીશ."

આ પ્રકારની શાન્તિસેના દેશના મહત્વના સ્થળો ઉપર ઉભી થાય તો તે આન્તરિક શાન્તિરક્ષાના કાર્યમાં જરૂર બહુ જ ઉપયોગી થાય એમાં કોઇ શક નથી; પણ ઉપર જણાવેલી પ્રતિજ્ઞાઓને પૂરી સમજણ અને નિષ્ઠાપૂર્વક પાળે, અમલમાં મૂકે એવા શાન્તિસૈનિકો મળવા બહુ મુશ્કેલ છે. જવાબદારીની પૂરી સમજણ અને નિષ્ઠાની પૂરી પ્રતીતિ વિના માત્ર આવેશને વશ થઇને સહી કરનારા યુવાનો કદાચ ઠીક સંખ્યામાં મળશે. પણ તેઓ કેટલું કામ આપશે અને ખરે વખતે ટકી શકશે કે કેમ એ શક પડતું છે અને બીજી બાજુએ યોગ્યતા ધરાવતી વ્યક્તિઓ ઉપર જણાવેલી પ્રતિજ્ઞાઓ અન્તિમ કોટિની હોઇને તેના પાલનસામર્થ્ય વિષે પોતામાં પુરો વિશ્વાસ નહિ અનુભવે અને તે કારણે ઉપરના પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરતા અચકાશે એ પણ એટલું જ સંભવિત છે. તદુપરાન્ત આવી શાન્તિસેના ધાર્યે વખતે ધાર્યું કામ આપે તે માટે તેનું ભારતવ્યાપી સંગઠન કરવું પડશે. તેના સ્વરૂપની વિગતો જો નક્કી થઈ હોય તો તેની હજુ લોકોને પૂરી જાણ નથી. પરિણામે કલ્પાયલી શાન્તિસેનાનું મૂર્ત અને સક્રિય સ્વરૂપ કેવું હશે તે આજે તો હજુ મોટા ભાગે કલ્પનાનો વિષય છે. વિચાર તરીકે શાંતિસેના સર્વથા આદરપાત્ર અને આદરણીય છે.

સર્વોદય પાત્ર

સર્વોદય પાત્ર એટલે અહિંસક સમાજ રચનાનો સ્વીકાર સૂચવતી અને શાન્તિસૈનિકોના નિર્વાહના આધારરૂપ બને એવી એક લોકવ્યાપી યોજના. આ યોજનાનું સ્વરૂપ એવું છે કે દરેક ગામ યા શહેરમાં રહેતા દરેક કુટુંબનો મુખ્ય માણસ એક પાત્ર રાખે અને તે સંબંધમાં એવો સંકલ્પ કરે કે:—

૧. હું મારા ઘરમાં સ્વેચ્છાપૂર્વક સર્વોદયપાત્ર સ્થાપું છું.

૨. સર્વોદયપાત્ર સ્થાપવામાં મારા કુટુંબની સંમતિ છે.

૩. સમાજને પ્રથમ અર્પણ કર્યા પછી અન્નગ્રહણ કરવાનો સંસ્કાર કુટુંબનાં નાનાં મોટાં સૌને નિત્ય અનાયાસે મળશે એ વાતનો મને પરમ સંતોષ છે.

૪. અહિંસક સમાજરચનામાં મારી સંમતિ છે.

૫. મારા કુટુંબ તરફથી અશાન્તિને અવસર નહિ આપું અને શાન્તિ સ્થાપવાનો સતત પ્રયાસ કરીશ.

અને આ રીતે રખાયલા સર્વોદય–પાત્રમાં ઘરનું બાળક હંમેશાં એક મુઠ્ઠી અનાજ નાખે અને આ રીતે ઘર ઘરમાંથી દર માસે એકઠા થતા અનાજમાંથી અથવા તો તેનું ચલણી નાણામાં પરિવર્તન કરીને તેમાંથી તે તે ગામ યા શહેરના શાન્તિ સૈનિકોનો નિર્વાહ થાય. સંભવ છે કે આ રીતે એકઠું થયેલ અનાજ કે નાણું શાન્તિસૈનિકના નિર્વાહ માટે પૂરતું ન થાય. તો તેવી પરિસ્થિતિમાં સંપત્તિદાનીઓ તેના નિર્વાહમાં પરિપૂર્તિ કરે એવી પણ કલ્પના કરવામાં આવી છે. આ યોજના પણ કલ્પનામાં જેટલી રોચક છે તેટલી તેના રોજબરોજના અમલમાં વ્યવહારૂ નીવડશે કેમ એ એક સવાલ છે. આ યોજના પણ સારા એવા આયોજનની અપેક્ષા રાખે છે.

શાન્તિસૈનિકના નિર્વાહનો પ્રશ્ન

શાન્તિસેના અને સર્વોદય પાત્રના સંદર્ભમાં એક બીજો વિચાર આવે છે. અને તે શાન્તિસૈનિકના નિર્વાહના પ્રશ્ન સાથે સંબંધ ધરાવે છે. એ જાણીતી વાત છે કે ભૂદાનપ્રવૃત્તિને કેટલાએક સમયથી તંત્રમુકત અને નિધિમુકત કરવામાં આવેલ છે, અને ભૂદાનકાર્યકરને સંપત્તિદાની સાથે તેના નિર્વાહ માટે સંલગ્ન કરવામાં આવેલ છે. આનું પરિણામ ઘણા કાર્યકરોને ગુમાવવામાં અને આખી પ્રવૃત્તિને જર્જરિત બનાવવામાં આવેલ છે એમ મારૂં માનવું છે. આજે જો જીવનનિર્વાહ માટે કાર્યકરોને નિશ્ચિન્ત કરવામાં આવે અને તે કોઈ એક નિશ્ચિત નિધિદ્વારા અને નહિ કે કેવળ સંપત્તિદાનીઓના મનસ્વી દાનો ઉપર, તો શક્તિશાળી કાર્યકરો સારા પ્રમાણમાં જરૂર મળી શકે તેમ છે; પણ ભૂદાનકાર્યકરને અથવા તો તેની વતી તાલુકા કે જીલ્લામાં કામ કરતા નિવેદકને સંપત્તિદાની સાથે સંલગ્ન કરવાથી તેના નિર્વાહનો પ્રશ્ન સંપત્તિદાનીની મનસ્વીતા ઉપર નિર્ભર બન્યો છે, અને આવી સ્થિતિ કાર્યકરોને મુંઝવનારી, અકળાવનારી અને તેના ચાલુ નિર્વાહ માટે અનિશ્ચિતતાની લાગણીનો અનુભવ કરાવનારી બની છે. ત્યાગ અને જનસેવાની વૃત્તિ આજે પણ આપણા સમાજમાં એટલી જ જીવન્ત છે, પણ તેની સાથે પૂર્વકાળમાં જે આકાશી-વૃત્તિ–પોતાના નિર્વાહ માટે દાતા પ્રત્યે સીધો કે આડકતરો હાથ

લંબાવવો પડે એવી સ્થિતિ–ભૂતકાળમાં જોડાયલી હતી તે આજે જોડી શકાય તેમ છે જ નહિ. આજે સ્વમાનને લગતા આપણા ખ્યાલો આ બાબતમાં પહેલાં કરતાં વધારે આળા અને નાજુક બન્યા છે.

આવી જ રીતે સર્વોદય પાત્ર ઉપર શાન્તિસૈનિકને પૂર્ણતયા કે અંશતઃ નિર્ભર બનાવવાનો વિચાર વ્યવહારૂ છે કે કેમ તે એક સવાલ છે. કારણ કે એક તો સર્વોદયપાત્રની આવક એકસરખી નિશ્ચિત રહેવાનો સંભવ છે જ નહિ. બીજું સ્વમાની શાન્તિસૈનિકો આ પ્રકારની નિર્વાહવૃત્તિ સ્વીકારવાને તૈયાર થશે કે કેમ એ પ્રશ્ન છે.

ગ્રામદાન

આ ચર્ચા આપણને સ્વાભાવિક રીતે ગ્રામદાનની વિચારણા તરફ લઇ જાય છે. કારણ કે આજે વિનોબાજી શાન્તિસેના, સર્વોદય-પાત્ર અને ગ્રામદાન–એ ત્રણ નામનો, તેઓ જ્યાં જાય છે ત્યાંની જનતા પાસે, મુખ્યપણે આગળ ધરી રહ્યા છે.

આજથી સાત કે આઠ વર્ષો પહેલાં ચોક્કસ સંયોગોમાં ભૂદાનના વિચારનો ઉદ્‌ભવ થયો; સમયાન્તરે ગ્રામદાનનો વિચારનો જન્મ થયો. બન્ને શબ્દના છેડે દાન શબ્દ આવવાથી આ બન્ને જાણે કે એક જ કોટિના વિચાર હોય એવી લોકોના મનમાં ભ્રાન્તિ પેદા થાય છે. દાન શબ્દનો જે પ્રચલિત અર્થ છે કે જે વસ્તુને મેં મારી ગણી તે અન્યને તેના ઉપયોગ માટે આપી દેવી – આ પ્રચલિત અર્થ ભૂદાનને બરોબર લાગુ પડતો હતો, પણ ગ્રામદાન શબ્દમાં આવું દાન સૂચિત નથી, કારણ કે ગ્રામદાનથી પોતાનું ગામડું અન્ય કોઇને આપી દેવું એવો કોઇ ભાવ સમજવાનો છે જ નહિ. અને તેથી ગ્રામદાનથી જે ભાવ અને અર્થ સૂચિત છે તે દર્શાવવા માટે ગ્રામસંવિભાજન કે એવો કોઇ શબ્દ યોજાયો હોત તો વધારે સારૂં થાત એમ મને લાગે છે.

ગ્રામદાનનો સાદો સીધો અર્થ એટલો જ છે કે કોઈ અમુક ગામના લોકો પોતપોતાની જમીન ઉપરથી પોતાની માલેકીનો હક્ક છોડી દે અને ગામની બધી જમીન એક ભંડોળમાં એકઠી કરે અને પછી તેની ગામના લોકો સાથે મળીને ખેતી કરે અથવા તો ગામના લોકોની વ્યક્તિગત જરૂરિયાત પ્રમાણે ગામની એકઠી થયેલી જમીન વહેંચી દેવામાં આવે. આના બે પરિણામ આવે. એક તો જમીનને લગતા આર્થિક વૈષમ્યનો તે ગામ પૂરતો અન્ત આવે. બીજું તે ગામની સર્વતોમુખી પુનરૂરચના કરવાની પ્રવૃત્તિનો આરંભ થાય. ભારતનો આજે સૌથી મોટો પ્રશ્ન એ છે કે આજે દેશમાં પ્રવર્તી રહેલી આર્થિક વિષમતા દૂર કરવી એટલે કે શકય તેટલી નાબુદ કરવી–'શકય તેટલી' એટલા માટે કે સંપૂર્ણ નાબુદી કોઇ કાળે શકય નથી. આ માટે સરકાર વિવિધ પ્રકારના કાયદા કાનુન કરી રહેલ છે. આવકવેરો, વેચાણવેરો, એસ્ટેટ-ડયુટી, વેલ્થ ટેકસ, બક્ષીસવેરો, જમીનદારીની નાબુદી, જમીનોની સીલીંગ–એટલે કે મથાળાનું પ્રમાણ નકકી કરવું–આ બધું આજની આર્થિક વિષમતા ઘટાડવાના હેતુથી પ્રેરાઇને થઈ રહ્યું છે. આમ છતાં પણ હજુ પણ ધાર્યું પરિણામ આવતું નથી. વળી જે કાંઈ થઇ રહ્યું છે તે પાછળ કાયદાની–રાજસત્તાની–બળજોરી રહેલી છે. આ પરિસ્થિતિમાં જો વિનોબાજીની પ્રેરણા અને પ્રચારના પરિણામે ગામડાંના લોકો પોતાની જમીન માલીકી છોડવાને તૈયાર થતા હોય અને એ રીતે ગામડાં આર્થિક સમાનતાના સ્વાયત્ત અને બહુધા સ્વતંત્ર ઘટક બની શકતા હોય તો આજની પરિસ્થિતિમાં આથી વધારે બીજું શું ઇષ્ટ હોઇ શકે? જે ક્રાન્તિ અન્યત્ર રાજ્યદંડનો આશ્રય લઇને નિર્માણ કરવામાં આવે છે તે અહિં સહજપણે અને શુદ્ધ અહિંસક રીતે નિર્માણ થવાની શકયતા, સંભવ છે કે, આ રીતે ઉભી થાય. આમ સમજીને ગ્રામદાનના વિચારનું દેશના સર્વ રાજકીય પક્ષો અને આગેવાનો હાર્દિક સમર્થન કરી રહ્યા છે.

પણ કોઇ પણ વિચારનું હાર્દિક સમર્થન થવું એ એક વાત છે અને તેને મૂર્ત અને વ્યાપક આકાર મળવો એ બીજી વાત છે. ગ્રામદાનનો વૈચારિક નકશો તો દોરાયો અને પ્રજા સમક્ષ મૂકાયો અને પ્રજાએ તેને વાહ વાહ કહીને વધાવ્યો તે બધું ઠીક છે, બરોબર છે; પણ તે વિચારને મૂર્ત રૂપ મળ્યું હોય અને તેને લીધે જેની આશા રાખવામાં આવે છે તેવી પુનરૂરચના થઇ હોય એવાં ગામડાંઓ આપણે આંગળી ચીંધીને દેખાડી શકીએ એમ છે ખરૂં? ઉત્તર પ્રદેશમાં આવેલા ગ્રામદાની ગામ મંગરોઠમાં કેટલું મહત્વનું કામ થઇ રહ્યું છે અને આશાદાયી પરિણામો નીપજી રહ્યા છે એમ કહેવામાં આવે છે. દા. ત. ત્યાંનું ઉત્પાદન છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન અઢીગણું થયું છે; કોઇ પણ આજે ત્યાં બેકાર રહ્યું નથી; એક મોટી પાંચ માઇલની નહેર લોકોએ મળીને પોતાના પ્રયત્નથી તૈયાર કરી છે ઇત્યાદિ. સાબરકાંઠામાં આવેલા રામગઢ અને એની આસપાસનાં ગ્રામદાની ગામડાંમાં પણ ઠીક ઠીક પાયા ઉપર નવરચનાનું કામ ચાલી રહ્યું છે એમ સાંભળવામાં આવે છે. બીજી બાજુએ કોરાપુટમાં ૧૭૦૦ ગામડાં-ઓએ ગ્રામદાન કરેલું, છતાં સ્થાનિક પ્રતિકુળતાઓના અંગે અને સ્થાનિક કાર્યકર્તાઓ અને બહારથી આવેલા માર્ગદર્શકો વચ્ચે મેળ નહિ જામવાથી હજુ નોંધ કરવા યોગ્ય કશી પ્રગતિ સાધી શકાઇ નથી. આમ છુટાછવાયાં થોડાંક પરિણામો દેખાઇ રહ્યાં છે, પણ આંખને ઉડીને વળગે એવી ગામડાંઓની કાયાપલટ હજુ આપણી નજર સામે આવી નથી, અને એમ ન બને ત્યાં સુધી લોકમાનસ મૂક સંમતિ અને અનુમોદનથી આગળ ગતિમાન થઇ શકતું નથી કે ક્રિયાશીલ બની શકતું નથી.

આ બાબતોમાં ધારી પ્રગતિ કેમ સધાતી નથી?

શરૂઆતમાં પાંચેક વર્ષ ભૂદાન આન્દોલન ચાલ્યું. પ્રારંભમાં ૧૯૫૭ની આખર સુધીમાં પાંચ કરોડ એકર જમીન ભૂદાનમાં મેળવવાનો લક્ષ્યાંક જાહેર કરવામાં આવ્યો. પાંચ વર્ષની આખરે ભૂદાનમાં મળેલ એકર–જમીનનો આંકડો પચાસ લાખથી આગળ ન ચાલ્યો અને એટલામાં ગ્રામદાનના વિચાર તરફ વિનોબાજી સવિશેષ આકર્ષાયા. આજે ભૂદાન ગૌણ બન્યું છે અને ગ્રામદાન ઉપર વધારે ને વધારે ભાર મૂકાઇ રહ્યો છે. આ પહેલાં ભૂદાન આન્દોલનને તંત્રમુકત તેમ જ નિધિમુકત કરવામાં આવ્યું હતું. પરિણામે એ આન્દોલને કોઇ વ્યવસ્થિત નક્કર આકાર લીધો જ નહોતો. બિહારમાં લગભગ પચ્ચીસ લાખ એકરનું દાન થયું હતું. તેમાંથી કહેવામાં આવે છે કે સાત લાખ એકરનું વિતરણ થયું છે. બાકીનાં ભૂદાનો કેવળ કાગળ ઉપર રહ્યાં છે. અન્યત્ર ઘણાં ભૂદાનો કાગળ ઉપર જ મૃતઃપ્રાય દશામાં જીવી રહ્યાં છે. આમ ભૂદાન આન્દોલનમાંથી કોઇ પણ એક પ્રદેશનું મૂલગામી પરિવર્તનરૂપ કોઇ પરિણામ હજુ સુધી જોવામાં આવ્યું નથી. ગ્રામદાન પણ હજુ આવી નિરાકાર દશામાંથી કોઇ ઊંચી સપાટી ઉપર આવ્યું હોય એમ માનવાને કોઇ કારણ નથી. શાન્તિસેના તેમજ સર્વોદય પાત્રની પણ એ જ સ્થિતિ છે, પણ તે વિષે ખેદ કે નિરાશા ચિન્તવવાનું હજુ કારણ નથી, કારણ કે તે બન્ને વિચારો હજુ આપણા માટે નવા જેવા છે.

આમ બનવાનું કારણ ગાંધીજી અને વિનોબાજીની કાર્યપદ્ધતિ વચ્ચે રહેલો મોટો ફરક છે એમ ઘણાનું માનવું છે. ગાંધીજી જ્યારે પણ કોઇ વિચાર અથવા તો યોજના પ્રજા સમક્ષ મૂકતા ત્યારે પહેલાં તે વૈચારિક યોજનાની સાથે સંબંધ ધરાવતી પ્રસ્તુત બધી બાબતોના સાથીઓ સાથે પૂરી સલાહપૂર્વક પૂરો વિચાર કરતા, એટલે પ્રજા સામે ગાંધીજીની વિચારયોજના નકકર રૂપમાં રજુ થતી. વળી આટલેથી જ નહિ અટકતાં ગાંધીજી તે યોજનાને અમલી રૂપ આપવા પાછળ પોતાની બધી શકિત કેન્દ્રિત કરતા.

પરિણામે લોકો પણ તેમને તરત જ અનુસરવા માંડતા અને સક્રિય બનવા પ્રેરાતા. આ પ્રમાણે ગાંધીજીનો આયદ્ધ પોતે કલ્પેલી યોજનાને અમલી રૂપ આપવા ઉપર ઘણો વધારે રહેતો. વિનોબાજીની કાર્યપદ્ધતિ સાવ નિરાળી છે. તેમના મગજમાં કોઇ એક વિચાર આવ્યો પછી તે વિચાર તેમના મગજમાં સતત ઘોળાયા જ કરે છે, અને જ્યાં જાય ત્યાં તે વિચાર તેઓ ભાવનાના આવેગપૂર્વક રજુ કરવા માંડે છે. જેમ જેમ આ પ્રક્રિયા આગળ ચાલે છે તેમ તેમ તે વિચારની નવી નવી વિગતો તેમના મન સામે આવીને ઉભી રહે છે અને તે વિગતોની તે પુરવણી કરતા ચાલે છે. His is always a growing thought. આનું પરિણામ એ આવે છે કે સૌથી પહેલાં અમુક વિચારનું માળખું રજુ થાય છે અને પછી તેમાં નવા નવા રંગો પુરાતા જાય છે, પરિણામે અમુક એક વિચાર સાથે પ્રજા સમક્ષ તેનું આખું ચિત્ર રજુ થતું નથી. અને તેને લીધે અનેક તર્કવિતર્કો વિચારક વર્ગમાં પેદા થતા રહે છે.

'હું તો સંદેશવાહક છું, સેનાપતિ નથી.'

બીજું આપણી કલ્પના એવી છે કે આપણો નેતા આપણી પાસે જે કાંઇ કરાવવા માગતા હોય તેના નિર્માણકાર્યમાં–તેને મૂર્તરૂપ આપવા ના કામમાં–તેણે પણ તત્કાળ લાગી જવું જોઇએ. આવી આપણી કલ્પનાનો વિનોબાજી પોતાના એક વ્યાખ્યાનમાં નીચે મુજબ ઉત્તર આપે છે. "કાલે કે પરમ દિવસે એક ભાઇ આવ્યો અને કહેવા લાગ્યો કે તમે આટલું રખડો છો, પણ પાંચ–પંદર ગામ લઇને કઇ રીતે સ્વરાજ્ય ચાલે, રામરાજ્ય થાય તેનો નમૂનો જરા કરી બતાવો તો ઠીક રહે. મેં એને સહેજ મજાકમાં પણ તદ્દન સાચો જ જવાબ આપ્યો કે બાબાને આ દુનિયામાં હવે કંઇ કરવાનું નથી. એણે તો હવે માત્ર વિચરણ કરવાનું છે. અને માટે તમારી સામે એ જે વિચાર મૂકી દે છે તે તમને સારા લાગે તો તે મુજબ તમારે કરવાનું છે. કરશો તો તમારું ભલું થશે. પછી મેં એક દાખલો આપ્યો કે રસ્તો બતાવનાર પાટિયું જેમ તમારી આંગળી પકડીને તમને તમારા મુકામ સુધી પહોંચાડતો નથી, પણ એટલું જ કહે છે કે આ તરફ ભુવનેશ્વર છે, આ તરફ પુરી છે વગેરે. પાટિયું તો તમને માત્ર રસ્તો ચીંધે. શાસ્ત્રકારોની વૃત્તિ પણ એવી જ હોય છે: शास्त्रं ज्ञापकं न कारकम्–શાસ્ત્ર માત્ર જણાવી દેનાર હોય છે, એ કરાવી દેનાર નથી હોતાં. આ જે વૃત્તિ શાસ્ત્રની હોય છે, તે જ મારી છે." આ જ વિચારની પુરવણી કરતાં તેમણે અન્ય સ્થળે એવું જણાવ્યાનું મારા ખ્યાલમાં છે કે "મારું કામ કાર્લ માર્કસ જેવું છે. કાર્લ માર્કસે નવી સમાજરચનાનું એક ચિત્ર રજુ કર્યું. તે તે પ્રકારની સમાજરચના કરવા બેઠો નહોતો." ગાંધીજીનું વલણ આ પ્રકારનું નહોતું. અને પોતાનું સ્થાન અને કામ કાર્લ માર્ક્સને મળતું છે એમ જો વિનોબાજી માનતા હોય તો કાર્લ માર્કસે જે નવી સમાજરચનાની રૂપરેખા યુરોપની દુનિયા સમક્ષ રજુ કરી હતી તેને મૂર્તરૂપ લેવા માટે તેને લેનીનની રાહ જોવી પડી અને તેને મળતી ક્રાન્તિ રશિયામાં નિર્માણ થતાં બીજાં ૪૦ વર્ષ લાગ્યાં. આવા લાંબા મુદત સુધી અને બીજો ગાંધી જન્મવા સુધી વિનોબાજીએ રાહ જોવાની રહે.

વળી કેવળ વિચારો જ રજુ કરવા અને તેનો અમલ જેને કરવો હોય તે કરે એવી કેવળ તટસ્થ; ઉદાસીન અને ક્ષીણપરિણામ-લક્ષી વિનોબાજીની વૃત્તિ હોય તો પહેલાં ભૂદાનો મેળવવા માટે અને હવે ગ્રામદાનો મેળવવા માટે આટલી લાંબી પદયાત્રા શાને? તો પછી પાંચ કરોડ એકર મેળવવાનો લક્ષ્યાંક શા માટે અને ગુજરાત છોડતાં પહેલાં ગુજરાત પાસેથી ૫૦૦૦ શાન્તિસૈનિકો મેળવવાની આટલી બધી તાલાવેલી શાને?

આવું પરસ્પરવિરોધી વલણ કેમ?

આમ વિનોબાજીના વર્તનમાં પરસ્પરવિરોધી વલણ જેવું કેમ દેખાય છે? કારણ કે તેમનો આત્મા છે સંન્યાસીનો અને કામ ઉપાડ્યું છે કર્મયોગીનું. પ્રજા પણ તેમની પાસે તીવ્ર કર્મયોગની, સતત માર્ગદર્શનની અને પ્રખર આયોજનની અપેક્ષા રાખે છે. મારા વિચાર પ્રમાણે વિનોબાજીનો જેટલો ભાર વિચાર ઉપર છે તેટલો કાર્ય ઉપર નથી, જેટલો કલ્પનાના કિલ્લા રજુ કરવા ઉપર છે તેટલો નક્કર ઇમારત ઉભી કરવા ઉપર નથી, જેટલો પરિભ્રમણ ઉપર છે તેટલો સ્થિર બનીને કાર્ય કરવા ઉપર નથી, જેટલો પ્રેરણા આપવા ઉપર છે તેટલો પરિણામ ઉપર નથી, જેટલો પ્રવચન ઉપર છે તેટલો લેખન ઉપર નથી – આના કારણે તેમનું કાર્ય મોટા ભાગે આકાશી, હવાઇ રહ્યું છે. તેઓ એક ગામથી બીજે ગામ જાય છે, જ્યાં જાય છે ત્યાં વિચારની આબોહવા પેદા કરે છે અને તેમના વિદાય થવા સાથે વિચારની આબોહવા પણ જાણે કે વિદાય લેતી હોય એમ લાગે છે. અને પદયાત્રાનો આટલો અવિરત પરિશ્રમ હોવા છતાં તેમની પ્રવૃત્તિનું નક્કર પરિણામ બહુ ઓછું દેખાય છે.

જો નક્કર સિદ્ધિની અપેક્ષા હોય તો–

(૧) વિનોબાજી આજના પ્રશ્નો ઉપર નિયમિત રીતે લખતા થાય.

જે વિચારપ્રચાર ઉપર વિનોબાજી આજે ખૂબ ભાર મૂકી રહ્યા છે તેને સફળ બનાવવા માટે ચાલુ પદયાત્રા, ગામેગામ જુદા જુદા કાર્યકર્તાઓને મળવાનું અને તેમની સાથે ચર્ચા કરવાનું અને ચાલુ પ્રવચનો–આ બધું તો ચાલી રહ્યું છે; પણ આ ઉપરાંત પોતાના સ્વીકૃત જીવનકાર્યને સવિશેષ સફળ બનાવવા માટે તેમણે દેશના ચાલુ પ્રશ્નો ઉપર નિયમિત લખતા થવું જોઇએ અને તેમની પ્રવૃત્તિના મુખપત્ર રૂપ બનેલા સામયિકોમાં તેમનાં લખાણો પ્રગટ થવાં જોઇએ. વિચારપ્રચાર માટે પ્રવચન એક પ્રક્રિયા છે; લેખન બીજી પ્રક્રિયા છે. સામાન્ય લોકો માટે પ્રવચનની ઉપયોગીતા વધારે છે; વૈચારિક દુનિયાનો સંપર્ક સાધવા માટે લેખન વધારે જરૂરી છે. પ્રવચનમાં મુક્ત ચિન્તન અને નિરૂપણ ચાલે છે; લેખનમાં પોતાના વિચારોને એક સુગ્રથિત માળખામાં ગોઠવવાના રહે છે. પ્રવચનમાં વક્તાની વાણી પહોળી થતી ચાલે છે; વ્યવસ્થિત કોટિના લેખનમાં શબ્દેશબ્દનો પૂરો વિચાર કરવાનો હોઇને અત્યુક્તિને ભાગ્યે જ અવકાશ રહે છે. પ્રવચનના પ્રગટ થતા અહેવાલો વિકૃત હોવાનો યા બનવાનો સંભવ રહે છે; લેખનમાં આવું કોઇ જોખમ રહેતું જ નથી. પ્રવચનો દ્વારા લોકોમાં ઘણીવાર જાતજાતની ગેરસમજુતીઓ ફેલાય છે. આ નિવારવાનું સાધન માત્ર લેખન છે. ગાંધીજીના કાર્યની સફળતા તેમના ભાષણો કરતાં ઊંડા ચિન્તનપૂર્વક લખાયલા લેખોને વધારે આભારી હતી એમ મારું માનવું છે. આ બધી દ્રષ્ટિએ પોતાના વિચારને વ્યાપક બનાવવા માટે અને પોતાની પ્રવૃત્તિને વેગ આપવા માટે વિનોબાજીએ લેખનપ્રવૃત્તિ તરફ વળવાની ખાસ જરૂર છે.

(૨) વિનોબાજી આજના પ્રશ્નો અંગે તેમને મળતા પત્રોના અંગત રીતે અને જરૂરી જણાય ત્યાં જાહેર રીતે જવાબ આપે.

બીજું સાધારણ રીતે વિનોબાજી તેમની ઉપર આવતા પત્રોનો મોટા ભાગે જવાબ આપતા નથી. ગાંધીજી પત્રોના જવાબ આપવામાં ભાગ્યે જ આળસ કરતા. જ્યારે ભારતવ્યાપી કામ લઇને વિનોબાજી બેઠા છે, એક પછી એક અવનવા વિચારોનો ચાલુ વરસાદ તેઓ વરસાવી રહ્યા છે, આને લીધે અનેકના મનમાં જાતજાતના તર્કવિતર્કો, વિચારવમળો પેદા થઇ રહ્યા છે ત્યારે તેનું શક્ય તેટલું સમાધાન કરવું એ તેમના વિચારોને બહુમાન્ય બનાવવા માટે અત્યન્ત જરૂરી છે. આ પરિસ્થિતિમાં પોતા ઉપર

આવતા અનેક પત્રો વિષે નિયમ રૂપે ધારણ કરવામાં આવેલું મૌન મને ઉચિત નથી લાગતું. વિનોબાજીએ પોતા ઉપર આવતા પત્રોનો બને ત્યાં સુધી જવાબ આપવો જોઇએ, એટલું જ નહિ પણ, જે પત્રોમાં અનેક દિલમાં ઉઠે એવી બહુજનસામાન્ય શંકાઓ રજુ કરવામાં આવી હોય અને એ પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવ્યા હોય તેવા પત્રોનો સારભાગ પોતાના મુખપત્રોમાં પ્રગટ કરીને વિનોબાજીએ તેના જરૂરી ખુલાસા પ્રગટ કરવા જોઇએ– આવો મારો અભિપ્રાય છે.

આ બન્ને બાબત તેમની સાથેની પદયાત્રા દરમિયાન મેં તેમની સમક્ષ આગ્રહપૂર્વક રજુ કરી હતી અને ઉપર પ્રમાણે કરવામાં ઘણો સમય જાય અને શક્તિ ખરચવી પડે જે પદયાત્રામાં શક્ય નથી એવો તેમનો જવાબ હતો. આ જવાબથી મને સંતોષ થયો નહોતો. મારો સુદૃઢ અભિપ્રાય છે કે વિચારલેખન તેમ જ પત્રોના જવાબ આપવા એ તેમના માટે એટલું બધું મહત્ત્વનું છે કે તે ખાતર અવારનવાર પદયાત્રા થોડી થોડી સ્થગિત કરતા રહેવું જોઇએ, અને તે જવાબદારીને પહોંચી વળવા માટે તેમની પાસે જરૂરી મદદનીશો હોવા જોઇએ. આ માટે જેટલો ખર્ચ જરૂરી હોય તેટલા ખર્ચની વ્યવસ્થા પદયાત્રાને લગતા તેમના અન્ય ખર્ચની સાથે થવી જ જોઇએ.

(૩) વિનોબાજી આજના સામયિકો નિયમિત વાંચતા થાય.

અહિં એક બીજી બાબત તરફ ધ્યાન ખેંચવામાં આવે તો તે અસ્થાને નહિ ગણાય. એ બહુ જાણીતી વાત છે કે વિનોબાજી આજના સામયિકો વાંચવા વિષે ભારે ઉદાસીન છે સાથે સાથે એમ પણ માલુમ પડયું છે કે તેમનો પ્રવચનવ્યાપાર ઘણી કાચી માહિતી ઉપર ચાલે છે. દેશમાં અને દુનિયામાં શું બને છે અને બની રહ્યું છે તે વિષે તેમ જ દેશમાં અને દુનિયામાં શું બનવું જોઇએ તે વિષે જે ઉદાસીન હોય તેની છાપાવિષયક ઉદાસીનતા સામે કશું કહેવાનું ન હોય; પણ આવી ઉદાસીનતાનો જેનામાં અભાવ હોય, દેશમાં અને દુનિયામાં બનતી નાની મોટી ઘટનાઓ જેની સંવેદનશીલ આત્મતંત્રીમાં અવનવા ઝણઝણાટ પેદા કરતી હોય અને લોકોને જુદી જુદી બાબતો વિષે અને વિષયો પરત્વે માર્ગદર્શન આપવું એ જેનો ચાલુ વ્યવસાય હોય તેણે આજના સામયિકોથી સુપરિચિત રહેવું એ અત્યન્ત જરૂરી છે. ચાલુ પદયાત્રામાં સામયિકો સાથેનો ચાલુ સંપર્ક સહજ શક્ય નથી એ સમજી શકાય તેવું છે. એમ છતાં પણ આ માટે તેમણે અમુક સમય કાઢવો જ જોઇએ અને તેમને છાપાને લગતી જરૂરી માહીતી અન્ય કોઇ નિયમિત રીતે પૂરી પાડે એવી પણ વ્યવસ્થા હોવી જોઇએ.

(૪) વિનોબાજી હવે પદયાત્રા સ્થગિત કરે.

વિનોબાજીની પદયાત્રા છેલ્લાં આઠ વર્ષથી ચાલી રહી છે. તેઓ બે માસમાં કાશ્મીર પહોંચવા ધારે છે. ત્યાર પછીના કાર્યક્રમની આપણને ખબર નથી. એ જે હોય તે ખરૂં, પણ આ રીતે જે કાંઇ કાર્યક્રમ નક્કી કરાયલો હોય તે જલ્દિથી પૂરો કરીને વિનોબાજીએ હવે કોઇ એક સ્થળે સ્થિર થઇને બેસવું જોઇએ, કોઇ એક ગ્રામદાની જૂથના નવનિર્માણ પાછળ તેમની સમગ્ર શક્તિઓને સંલગ્ન કરવી જોઇએ, અને આમ એક ખૂણે સ્થિર બનીને પ્રજાજનોને પ્રવચન, ચર્ચા, લેખન તથા પત્રવ્યવહાર દ્વારા માર્ગદર્શન આપતા થવું જોઇએ. પદયાત્રા અને પરિભ્રમણના લાભ છે તેમ જ ગેરલાભ પણ છે. જુદા જુદા લોકોને પોતાનો સંદેશો પ્રત્યક્ષ રીતે પહોંચાડવા માટે પદયાત્રા એક ઉત્તમ સાધન છે. પદયાત્રાનું સ્વરૂપ જ એવું છે. પણ બીજી બાજુએ, દિવસે દિવસે ગામ બદલાય, નવા લોકોને મળવાનું બને અને તેમને સંતોષવાના હોય, પ્રવચનપરંપરા ચાલ્યા જ કરતી હોય – આમાં સ્થિરવાસની શાન્તિનો લગભગ અભાવ હોય છે, અને સહકાર્યકર્તાઓ સાથેના ચાલુ વિચારપરામર્શ માટે બહુ જ ઓછો અવકાશ રહે છે. બધું અસ્થિર, ગતિશીલ સતત ફરતું અને બદલાતું રહે–આવા વાતાવરણમાં સ્વસ્થ અને ઘેરા ચિન્તનને પણ બહુ ઓછો અવકાશ રહે છે. નવનિર્માણનું કાર્ય સ્થિર આસન અને સ્થાયી વસવાટની અપેક્ષા રાખે છે.

(૫) વિનોબાજી સવિશેષ આયોજનલક્ષી બને.

અહિં બીજી પણ એક બાબત તરફ ધ્યાન ખેંચવું અસ્થાને નહિ ગણાય, જો ભૂદાનમાંથી રૂપાન્તર પામેલ ગ્રામદાનનો વિચાર, શાન્તિસેનાનો વિચાર અને સર્વોદયપાત્રનો વિચાર–આ ત્રણેને સમીપ કાળમાં મૂર્તસ્વરૂપ આપવું હોય, ભારતભરમાં તેને અમલી કાર્યમાં પરિણત કરવું હોય તો બીજી તો અનેક બાબતો કરવાની રહે છે, પણ વિનોબાજીએ પોતે અને તેમની સાથેના પ્રમુખ કાર્યકર્તાઓએ આયોજનલક્ષી એટલે કે સવિશેષ નિધિલક્ષી અને તંત્રલક્ષી બનવાની ખાસ જરૂર છે. ગણ્યાગાંઠ્યા સંપતિદાનીઓથી કે છુટાછવાયા સર્વોદયપાત્રથી આ બધું બહુ આગળ ચાલી શકવાનું નથી. નિધિસંચય અને તંત્રરચનાનાં ગમે તે ભયસ્થાનો હોય, પણ આખા આન્દોલનને ક્રિયાત્મક રૂપ આપવા માટે ભારતવ્યાપી તંત્રરચના વિના નહિ જ ચાલે. વળી આ માટે સંખ્યાબંધ કાર્યકર્તાઓ જોઇશે. તેમના નિર્વાહની જવાબદારી વિનોબાજીએ અને તેમના પ્રમુખ સહકાર્યકર્તાઓએ લેવી જ પડશે અને આ માટે દેશભરમાંથી જ્યાંથી જેટલો નિધિસંચય થઇ શકે તેટલો કરવા પાછળ પોતાની શક્તિ અને લાગવગ કામે લગાડવી પડશે. આજ સુધી મોટા ભાગે પ્રચારકાર્ય જ થયું છે. ભાષણો, ભાષણો અને ભાષણો અને તે માટે નાની મોટી શિબિરો અને પદયાત્રાઓ – આજે ચાલી રહેલા આન્દોલનનું આ જ મુખ્ય સ્વરૂપ રહ્યું છે. પણ તેથી કાર્યની જમાવટ થતી નથી અને શક્તિનો કોઇ નક્કર ઉપયોગ થતો નથી. એવી એક માન્યતા પ્રચલિત છે કે વિનોબાજીનો ઓક વૈચારિક પ્રચાર ઉપર ઘણો વધારે છે. તેઓ જ્યાં જાય છે ત્યાં લોકો ભક્તિભાવપૂર્વક તેમને સાંભળે છે, તેથી કામ ઘણું થઇ રહ્યું છે એવો આત્મસંતોષ તેઓ અનુભવતા હોય એમ લાગે છે. પણ આ હીલચાલનો ઝારીકથી વિચાર કરનારને એમ લાગ્યા વિના નહિ જ રહે કે વિનોબાજી જે કહે છે તેને લોકો મૂક સંમતિ આપે છે, પણ તેથી તેમનામાં કોઇ ક્રિયાશીલતા જન્મતી નથી. આ તો જ જન્મે કે જો વિનોબાજી જે કહે છે તેનું કોઇ નક્કર પરિણામ લોકોની આંખ સામે આવીને ઉભું રહે. અને આ તો જ બને કે જો તેમની સીધી દોરવણી નીચે સંખ્યાબંધ કાર્યકર્તાઓ નિર્માણકાર્યમાં લાગી જાય અને તે માટે સુગ્રથિત તંત્ર ઉભું કરવામાં આવે અને તેના સંચાલન માટે નિધિ બહુ મોટા પ્રમાણમાં એકઠો કરવામાં આવે. 'હું તો રસ્તો દેખાડું છું, લોકોને તે ઠીક લાગે તો તે માર્ગે જાય'–આવો તટસ્થ અને ઉદાસીન ભાવ વિનોબાજી ઘણી વખત પ્રગટ કરે છે, પણ સામાન્ય પ્રજા એમ ગતિમાન થતી નથી, થવાની નથી. લોકો હમેશાં એવી અપેક્ષા રાખવાના જ કે યોજના તમે બનાવો અને તેને અમલી પણ તમે જ બનાવી આપો. લોકોનો સ્વભાવ જ આવો છે. લોકો એમ જ કહેવાના કે તમે જે કહો છો તેવું જ કાંઇક રાજ્ય પણ કાયદાકાનુન દ્વારા કરી રહેલ છે. તમે તેથી કાંઇ નવું કહેતા હો તો કરી બતાવો. લોકોની માંગ, તેને બ્યાજબી ગણો કે ગેરબ્યાજબી ગણો, આવી જ રહેવાની. આ કારણે નવો વિચાર મૂકનારની મુશ્કેલી ઘણી વધી જાય છે, પણ જો તેની વૃત્તિ પરિણામલક્ષી હોય તો તેણે આ મુશ્કેલીને પાર કર્યે જ છૂટકો છે. વિનોબાજી કેવળ વિચારપ્રચારક નથી, પણ તેમની દૃષ્ટિ પરિણામલક્ષી પણ છે એ માન્યતા ઉપર આ અભિપ્રાય તેમની સમક્ષ હું રજુ કરી રહ્યો છું. જો આ માન્યતા ભૂલભરેલી હોય તો તેમનું સ્વપ્ન ભારતમાં મૂર્તિમન્ત થવા માટે બીજા ગાંધીજીની આપણે રાહ જોવાની રહેશે.

ગાંધીજી અને વિનોબાજી

આમ વિનોબાજીનાં વિચારવલણોની ચર્ચા આલોચના કરતાં ગાંધી અને વિનોબાજીની સરખામણીનો વિચાર આપણી સામે સહજપણે આવીને ઉભો રહે છે. વિનોબાજીનું આખું જીવન અને મનનચિન્તન ગાંધીજીના વિચારો તેમ જ ચરિત્ર વડે અત્યન્ત પ્રભાવિત બનેલું છે, આમ છતાં વિનોબાજી ગાંધીજીની કોઇ પ્રતિચ્છાયા કે બીજી આવૃત્તિ નથી. વિનોબાજીમાં સ્વતંત્ર વ્યક્તિત્વ છે. તેમનું ચિન્તન ગાંધીજીની ઘણું સમીપ છે અને એમ છતાં અનોખું છે. પાયાની વિચારસરણી લગભગ બન્નેની સમાન છે અને તે સત્ય અને અહિંસાના સિદ્ધાન્ત ઉપર આધારિત છે. એમ છતાં બન્નેમાં કેટલોક પ્રાકૃતિક તફાવત છે. એકની પ્રકૃતિ કર્મપ્રધાન છે; બીજાની જ્ઞાનપ્રધાન છે. ગાંધીજી બેરીસ્ટર થઇને આવ્યા અને અહિંથી દક્ષિણ આફ્રિકા ગયા કે તરત જ તેમના જાહેર જીવનનો પ્રારંભ થયો અને કર્મયોગની શરૂઆત થઇ અને જીવનના અન્ત-ભાગ સુધી તેમનો કર્મયોગ ચાલુ રહ્યો. વિનોબાજીના જીવનનો મોટો ભાગ જ્ઞાનસાધનામાં અને સ્વલક્ષી કર્મયોગમાં પસાર થયો છે. 'મધુકર' નામનો તેમનો લેખસંગ્રહ ઘણાં વર્ષ પહેલાં પ્રગટ થયેલો તે ઉપરથી અમુક લોકોને માલુમ પડેલું કે આ એક મૌલિક વિચારણા કરતી વ્યક્તિ છે, પણ સામાન્ય જનસમાજે તો, ૧૯૪૨માં વ્યક્તિગત સત્યાગ્રહની શરૂઆત થઇ અને પહેલા સત્યાગ્રહી તરીકે જ્યારે ગાંધીજીએ વિનોબાજીનું નામ જાહેર કર્યું ત્યારે જ, તેમનું નામ પહેલી વાર જાણ્યું કે સાંભળ્યું. ગાંધીજી જીવનના પ્રારંભથી પ્રવૃત્તિપરાયણ બન્યા હતા; વિનોબાજી ભૂદાન આંદોલનની શરૂઆત પહેલાં નિવૃત્તિપરાયણ અથવા તો આત્મલક્ષી જીવન જીવી રહ્યા હતા. ગાંધીજીના જવા બાદ તેમનું કાર્ય પોતે ઉપાડી લેવું જોઇએ એવી અન્તઃપ્રેરણાના આવેગને વશ થઇને વ્યાપક રાષ્ટ્રપ્રવૃત્તિમાં વિનોબાજી સંલગ્ન થયા છે. બન્ને મૌલિક વિચારક અને ચિન્તક, પણ એકનો માર્ગ પોતાના વિચારને તરત જ આચાર તરફ અને સામુદાયિક કર્મ તરફ વાળવાનો રહ્યો હતો. વિચાર મુજબ આચાર એ તો વિનોબાજીમાં સતત જોવામાં આવે છે, પણ સામુદાયિક કર્મ તરફ ભૂદાનના તબકકા પહેલાં ભાગ્યે જ તેઓ વળ્યા છે. જ્ઞાનસાધના, ધ્યાન, ચિન્તન તથા મનન પાછળ વિનોબાજીનો જીંદગીનો ઘણો મોટો ભાગ વ્યતીત થયેલો હોવાથી એ ક્ષેત્રમાં વિનોબાજી ગાંધીજીની અપેક્ષાએ ખૂબ આગળ ગયેલા છે. જેટલી વ્યાપક તેમની જ્ઞાનસમૃદ્ધિ છે તેટલી જ ઊંડી ઘેરી તેમની ચિન્તનસમૃદ્ધિ છે. તત્ત્વજ્ઞાન અને સાહિત્ય એ તેમના અત્યન્ત પ્રિય વિષયો છે. અનેક ધર્મોનું અને વિશેષે કરીને હિંદુ ધર્મનું તેમ જ ભારતીય સંસ્કૃતિનું; તેમનું અધ્યયન અને ચિન્તન તલસ્પર્શી છે. આ ઉપરાંત જુદી જુદી ભાષાઓ તેઓ બહુ સહેલાઇથી શિખી શકે છે અને આને લીધે તેઓ અનેક ભાષાઓના જાણકાર છે. ગાંધીજીમાં સામુદાયિક નેતૃત્વ સ્વાભાવિક હતું; વિનોબાજીને સંયોગોને લીધે સામુદાયિક નેતૃત્વ સ્વીકારવાની ફરજ પડી છે. રાજકારણ ગાંધીજીનું સ્વાભાવિક કાર્યક્ષેત્ર બની ગયું હતું. સર્વોદયવિચાર વિનોબાજીના રાજકારણની વિચારણા તરફ ધસડી રહેલ છે. આગળ ઉપર જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે મુજબ ગાંધીજી અને વિનોબાજીની કાર્યપદ્ધતિમાં મોટો ફરક એ દેખાય છે કે ગાંધીજીને કોઇ પણ વિચાર આવતો ત્યારે તેને અમલી રૂપ કેમ અપાય તેની બધી વિગતો વિચારી લેતા, નજીકના સાથીઓ સાથે ચર્ચતા, સાથીઓનાં અનુકૂળ પ્રતિકૂળ સૂચનો બરોબર ધ્યાનમાં લેના અને તેના પરિણામે ઘડાયલા વિચારને તેના પૂર્ણ અમલી આકાર સાથે પ્રજા સમક્ષ રજુ કરતા અને તેના અમલની પ્રક્રિયા પણ પોતે જ શરૂ કરતા. વિનોબાજીને તો કોઈ નવો વિચાર આવે છે ત્યારે તે ઇશ્વરપ્રેરિત છે અને તે વિચારના પ્રચાર દ્વારા ઇશ્વર તેમની પાસેથી કામ લેવા માંગે છે એમ તેમને લાગે છે અને આવેગપૂર્વક તે વિચારની જનતા સમક્ષ તેઓ માંડણી શરૂ કરી દે છે અને પછી તેમાં ધીમે ધીમે વિગતોની પૂરવણી થવા માંડે છે અને તેને સંપૂર્ણ અમલી આકાર મળે તે પહેલાં કદિ કદિ તેની નજીકનો બીજો વિચાર તેમના મનમાં ઉઠે છે અને તેની માંડણી તેઓ એવા જ આવેગ અને તન્મયતાથી શરૂ કરી દે છે અને આગળનો વિચાર ગૌણતાને પામતો જાય છે. કોઇ એક લક્ષ્યાંક નકકી કર્યો હોય તો તેને પહોંચી વળવા માટે ગાંધીજી શ્રમ લેવામાં બાકી રાખતા નહોતા અને એમ છતાં એ લક્ષ્યાંક જ્યારે ધારણા મુજબ સિદ્ધ થયો નથી એમ જ્યારે તેમને માલુમ પડતું ત્યારે એમ કેમ થયું—એ બાબતનું તેમનામાં ઊંડું મર્મસ્પર્શી આત્મપરીક્ષણ શરૂ થતું અને મળેલી નિષ્ફળતા પાછળનાં કારણોના ઊંડાણમાં તેઓ ઉતરતા અને તેમાંથી બોધપાઠ તારવીને આગળ ચાલતા. વિનોબાજી સફળતા-નિષ્ફળતાની જવાબદારી જાણે કે ઇશ્વર ઉપર નાંખીને ચાલતા હોય એમ સફળતા-નિષ્ફળતાનો બહુ વિચાર કરતા નથી, એક કદમ પાછળ બીજું કદમ ઉઠાવે છે અને લોકોને તે તરફ દોરે છે. વળી વિનોબાજી ભારે કલ્પનાશીલ હોઇને પોતાના કોઇ પણ વિચારને થોડી સરખી સફળતા મળતાં પૂરી સફળતા હવે હાથવેંતમાં છે આવો સંતોષ અનુભવતા ઘણીવાર જોવામાં આવે છે. જૈન શાસ્ત્રોમાં ક્રિયમાણં કૃતમ્—કરવા માંડયું એટલે થઇ ગયું આવો એક વિચારવાદ છે. વિનોબાજીની વૃત્તિ ક્રિયમાણં કૃતમ્ જેવી ઘણીવાર માલુમ પડે છે. ગાંધીજીનું ચિન્તનસંવેદન પ્રધાનતઃ બુદ્ધિમૂલક હતું; વિનોબાજી ભાવુકતાપ્રધાન છે. પંઢરપુરમાં વિઠોબાની મૂર્તિ સામે વિનોબાજી ગળગળા થઈ ગયા હતા અને આમ બીજા પણ અનેક પ્રસંગોએ બનતું રહ્યું છે. આવું ગળગળાપણું ગાંધીજીના જીવનમાં કોઇ પણ સમયે નોંધાયલું જોવામાં આવતું નથી. ગાંધીજીના સાન્નિધ્યમાં રહેતાં આપણા મન ઉપર મુખ્યપણે એવી છાપ પડતી કે "આ એક કેવળ કર્તૃત્વપ્રધાન કાર્યાનિષ્ઠ પુરૂષ છે. તેને ભકિતના વેવલાપણામાં કે જ્ઞાનની તર્કપ્રધાન ચર્ચામાં કે શાબ્દિક ઝીણવટમાં કોઇ રસ નથી. માથે કર્તવ્ય ઉભું છે. તમારો તેમાં કોઇ ઉપયોગ છે ? ઉપયોગ હોય તો બેસો અને ગાંધીજી સાથે ચર્ચા કરો અને માર્ગદર્શન મેળવો. ઉપયોગ ન હોય તો તેમનો વખત બગાડો માં." વિનોબાજીના સાન્નિધ્યમાં રહેતાં આપણા મન ઉપર મુખ્યપણે એવી છાપ પડે છે કે "આ એક ચિન્તનપ્રધાન વિચારનિષ્ઠ પુરૂષ છે. સતત અધ્યયન અને સાત્વિક ચિન્તન એ તેમના જીવનનાં પ્રેરક બળો છે. તેઓ એક Poet-Philosopher છે, તત્ત્વવિદ્ કવિ છે. કાંઇક mystic—ગૂઢરહસ્યવાદી—જેવા પણ લાગે. તેમની વાણી અને વર્તનમાં એક પ્રકારનું ડોલન રહેલું છે. તમને કોઈ પણ પ્રશ્ન પૂછો અને જ્ઞાનની ગંગા વહેતી અનુભવો. તીવ્ર સંવેદનશીલતા એ તેમની પ્રકૃતિની ખાસ ધ્યાન ખેંચે એવી ખાસિયત છે. સત્ય, પ્રેમ અને કરૂણાની વૃત્તિ તેમને વિશેષ અને વિશેષ વ્યાપક કર્મયોગ તરફ ધસડી રહેલ છે."

ઉપસંહાર

આમ ગાંધીજી અને વિનોબાજીની સરખામણી કરતાં કરતાં વિનોબાજીના વ્યકતત્વ વિષે મારા મન ઉપર જે સંસ્કારો પડેલા છે તેને મૂર્ત સ્વરૂપ આપવાનું સહેજે બની ગયું છે. જેમ કોઇ સામાન્ય ચિત્રકાર હિમાલયના સમગ્ર રૂપને પોતાના મર્યાદિત ચિત્રફલક ઉપર ઉતારવાનો પ્રયત્ન કરે એમ વિનોબાજીના અનેક પ્રશ્નોને સ્પર્શતા વિચારવલણોને તેમ જ તેમના લોકોત્તર વ્યકિતત્વને આલેખવાનો આ મારો પ્રયત્ન છે. આ પ્રયત્નને કોઇ ગાગરમાં સાગર ભરવા જેવો લેખે. અધુરી સમજણના કારણે મેં તેમને કોઇ કોઇ ઠેકાણે અન્યાય કર્યો હોય એમ પણ બને. આમ છતાં પણ આ મારો પ્રયત્ન પ્રમાણિક અને કેવળ શુભાશયપ્રેરિત છે. આ મારા પ્રયત્નનું સમાનલક્ષી મિત્રો અને વિચારકો ઉદારભાવે પરિશીલન કરે અને તેના પરિણામે વધારે ચિન્તન તરફ તેમ જ તે દિશાના અમલી કાર્ય તરફ પ્રેરાય એમ હું અન્તરથી ઇચ્છું છું અને તેમને નમ્રભાવે પ્રાર્થું છું.

પરમાનંદ

★ વસન્ત વ્યાખ્યાનમાળા ★

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી માર્ચ માસની ૯ મી તારીખ સોમવારથી માર્ચ માસની ૧૫ મી તારીખ રવિવાર સુધી–એમ સાત દિવસની વસન્ત વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી છે. આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી શોભાવશે. પ્રથમ ૭ દિવસની વ્યાખ્યાનસભાઓ સાંજના ૬॥ વાગ્યે ક્રૉસ્ય બ્રીજ પાસે આવેલા ઓલેવાટ્રસ્કી લૉજમાં ભરાશે અને છેલ્લા દિવસની વ્યાખ્યાનસભા સવારના ૮॥ વાગ્યે મરીન લાઇન્સ સ્ટેશન પાછળ આવેલા તારાબાઈ હૉલમાં ભરાશે. પ્રસ્તુત વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ છે:—

તારીખ	સમય	સ્થળ	વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
૯ સોમવાર	સાંજના–૬॥	ઓલેવાટ્રસ્કી લૉજ	ડૉ. ઉમાકાન્ત શાહ	પુરાતત્ત્વ અને જૈન આગમો આદિનો અભ્યાસ
૧૦ મંગળવાર	,,	,,	અધ્યાપિકા ઉષાબહેન મહેતા	સર્વોદયવિચારણા
૧૧ બુધવાર	,,	,,	શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી	સંસ્કાર અને સ્વતંત્રતા
૧૨ ગુરૂવાર	,,	,,	શ્રી. ગગનવિહારી મહેતા	લોકશાહી
૧૩ શુક્રવાર	,,	,,	અધ્યાપક ગૌરીપ્રસાદ ઝાલા	આપણી કેળવણી
૧૪ શનિવાર	,,	,,	શ્રી. નવલભાઈ શાહ	ગ્રામઆયોજનના પાયા
૧૫ રવિવાર	સવારના ૮॥	તારાબાઈ હૉલ	કાકાસાહેબ કાલેલકર	દુનિયાની પુનર્રચના

નૃત્યલક્ષી સંસ્કારસંમેલન

આ ઉપરાંત માર્ચ માસની ૧૬ મી તારીખ સોમવારે સાંજના સાત વાગ્યે મરીનલાઈન્સ સ્ટેશન પાછળ આવેલા તારાબાઈ હૉલમાં શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો અને તેમના સ્વજનો માટે કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપણા નીચે એક સંસ્કારસંમેલન યોજવામાં આવેલ છે, જે પ્રસંગે નૃત્યકળામાં અપૂર્વ કુશળતા ધરાવતી ઝવેરી ભગિનીઓ ભિન્ન ભિન્ન પ્રયોગો દ્વારા મણિપુરી નૃત્યની શાસ્ત્રીય સમજુતી આપશે. આ સંમેલનમાં ભાગ લેવા ઇચ્છતા સંઘના સભ્યો અને તેમના સ્વજનો માટે રૂા. ૧ પ્રવેશ ફી રાખવામાં આવી છે. આ રીતે એકત્ર થયેલ રકમમાંથી પ્રસ્તુત સંમેલનનો ખર્ચ બાદ કરતાં વધારાની રકમનો ઉપયોગ સંઘ તરફથી ચાલતા વૈદ્યકીય સહાયકાર્યમાં કરવામાં આવશે.

૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ, ૩.

પરમાનંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ જે. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

'રજીસ્ટ્રેશન ઑફ ન્યુસપેપર્સ' (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬'ના અન્વયે

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિ સ્થળ : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક મહિનાની પહેલી અને સોળમી તારીખ
૩. મુદ્રકનું નામ : શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા
કયા દેશના : ભારતીય
ઠેકાણું : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
૪. પ્રકાશકનું નામ: કયા દેશના ઠેકાણું } ઉપર મુજબ
૫. તંત્રીનું નામ : કયા દેશના ઠેકાણું } ઉપર મુજબ
૬. સામયિકના માલિકનું નામ : } શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૩

હું પરમાનંદ કુંવરજી કાપડિયા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા. ૧–૩–૫૯ પરમાનંદ કુંવરજી કાપડિયા, તંત્રી

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણ સંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક
તેમજ કોઈ પણ શુભ પ્રસંગે
વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્
શ્રી પરમાનંદ કુંવરજી કાપાડયાનો લેખસંગ્રહ
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦–૬–૦

બોધિસત્ત્વ
સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક
અનુવાદકો :
શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બરોડિયા
કિંમત રૂા. ૧–૮–૦, પોસ્ટેજ ૦–૨–૦
મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
સત્યં શિવં સુન્દરમ્: કિંમત રૂા. ૨, બોધિસત્ત્વ : કિંમત રૂા. ૧
મળવાનું ઠેકાણું :
મુંબઈ જૈન યુવક સંઘ,
૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
ગાંધી રસ્તો, અમદાવાદ.

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, માર્ચ ૧૬, ૧૯૫૯, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

★ દાનની આત્મકથા ★

મંદિરનો ઘુમ્મટ, મસ્જિદનો મિનારો અને ચર્ચનો ક્રોસ, એ બધાયનું હું સંબોધન છું. એ બધા મારા કીર્તિસ્તંભો છે. મેં દેવોના સાજ–શણગાર રચ્યા છે, મેં ધર્મને આશ્રય આપ્યો છે. મેં જ્ઞાનનું વ્યાસપીઠ ઉભું કર્યું છે. મેં તીર્થોનું નિર્માણ કર્યું છે. મેં સંસ્કૃતિનો મહેલ ઊભો કર્યો છે. મેં શાસ્ત્રોને સોનેરી પાનાંમાં લખાવ્યાં છે. મેં કળાને પ્રસિદ્ધિ અપાવી છે. મેં સાહિત્યની સેવા કરી છે. બધાય મારા ઋણી છે બધાયની શ્રદ્ધા મારા કદમોમાં ઝૂકી–ઝૂકીને પ્રણામ કરતી રહી છે! મારૂં નામ દાન છે!

ઇતિહાસમાં મારી ઉજ્જ્વળ કીર્તિનો મહિમા ચારેકોર પથરાયેલો છે. યુગોના યુગો એનાથી પ્રકાશિત છે. મંદિરમાં સ્તવન–કીર્તનમાં ભક્તગણ કોનું સંબોધન કરે છે?–દેવનું!–એ દેવનું કે જેમની સંગેમરમરની, રૂપાની અને સોનાની મૂર્તિમાં મેં પ્રાણપ્રતિષ્ઠા કરી છે! મસ્જિદના આશીર્વાદોમાં કોની વાણી ભરેલી છે?–કુરાને શરીફની, કે જેનું છાપખાનામાં એક્કરાણી આવ્યું છે! ચર્ચની પ્રાર્થનાઓમાં કોનું સંબોધન કરવામાં આવે છે?–ભગવાન ઇસુનું, કે જેમને માટે મેં ચર્ચોને ખડાં કરાવ્યાં છે! આ તીર્થસ્થાનોનું પવિત્ર જળ કયા ભાગ્યશાળી ઉપર પોતાનો પવિત્ર અભિષેક કરે છે?–મારા ઉપર, કારણ કે મેં તીર્થસ્થાનોનું સર્જન કર્યું છે. દેવોને ઊંચાં ઊંચાં ગિરિશિખરો ઉપર લઈ જવાને બેસાડનાર પણ હું જ છું! આ પુરોહિતો કોને માટે આ બધાં જપ–તપ–ધ્યાન આદરીને બેઠા છે?–મારે જ માટે, કેમ કે એ મારૂં જ અન્ન આરોગે છે, અને મારાં જ વસ્ત્રો પહેરે છે. શાસ્ત્રો કોનું સ્વસ્તિ–કલ્યાણ–ગાન કરે છે?–મારૂં જ; મારી મદદથી જ એમનું લેખન અને પ્રકાશન થયું છે. આ બધા જત્રાળુઓના સંઘો કોના દર્શન માટે ભેગા થયા છે?–મારા જ, હા, ખરેખર, મારા જ! એ જ્યાં જ્યાં ઊભા રહે છે, જ્યાં જ્યાં પગલાં માંડે છે, જ્યાં જ્યાં વિશ્રામ કરે છે, ત્યાં ત્યાં સર્વત્ર હું જ છું! જે કંઈ છે, એ કેવળ મારો આવિર્ભાવ જ છે. હું જ બ્રહ્મ છું – एकोऽहं ब्रह्मास्मि. મુનિઓ, ત્યાગીઓ, તપસ્વીઓ, પંડિતો, કલાકારો – એ બધાયના પગ નીચેની ધરતી હું જ છું. બધાયના પેટમાં હું બેઠો છું. બધાના જીવનનું અસ્તિત્વ હું છું. જ્યાં હું નથી, ત્યાં કશું નથી! હું દાન છું!

એક દિવસ ધર્મે મારો આશ્રય માગ્યો, અને નિમિષમાત્રમાં મેં લાખ–લાખ ધર્મપ્રચારકો હાજર કરી દીધા. જ્યારે જ્ઞાને આજીજીભરી નજરે મારી સામે જોયું, કે તરત જ મેં જ્ઞાન–સાધના માટે મોટા મોટા અભ્યાસ–ખંડો ઊભા કરાવી દીધા. જ્યારે સાહિત્યની વેદના, પોતાની જાતને પ્રગટ કરવાનાં સાધનો મેળવવા માટે, મારા દરવાજા ખખડાવવા લાગી, તો મેં પુસ્તકોના ગંજના ગંજ ખડકી દીધા. જ્યારે કળા મારા આશ્રય વગર આપઘાત કરવા તૈયાર થઈ, તો મેં એનાં સર્જનોને ખરીદી લેવાની દયા કરીને એને ઉગારી લીધી! હું દયાનું પ્રતીક છું અને શ્રદ્ધાનો પ્રસાદ છું. હું ત્યાગમાં ભોગનું પ્રદાન કરું છું–"त्यक्तेन भुंजीथाः"

આ રીતે મારા પોતાનાં સાધનોના બળે મારા સામ્રાજ્યને ચારે કોર ફેલાયેલું નિહાળીને મને હમેશાં અપરંપાર હર્ષ થયા કરે છે. સમાજમાં કે દેશમાં કોઇ સ્થાન એવું નથી, જ્યાં મારી પહોંચ ન હોય! એવું કોઇ કામ નથી, જે મારે માટે અસાધ્ય કે અસંભવ હોય. ચારે કોર આટલો મહિમા, આટલો સ્વાગત–સત્કાર, આટલું અભિનંદન બીજા કોને મળે છે? ભગવાનના મંદિરથી લઇને તે નાની નાની સેવાની સંસ્થાઓ સુધી મારૂં એકછત્રી રાજ્ય ફેલાયેલું છે. જ્યારે સભાઓમાં, સમારંભોમાં, પાર્ટીઓમાં, વિચાર–વિનિમયની સમિતિઓમાં મારાં પગલાં થાય છે, ત્યારે સૌથી આગળનું સ્થાન મારા માટે ખાલી થઈ જાય છે. ત્યાં જ્યારે મારી ઉદારતા, ગુણગ્રાહકતા અને નિઃસ્વાર્થ સેવા-પરાયણતાનાં ગુણગાન થવા લાગે છે ત્યારે હું ફૂલ્યો સમાતો નથી. જ્યારે મારી સવારી ઠાઠમાઠ સાથે જઇ પહોંચે છે, ત્યારે મોટામાં મોટા વિદ્વાનો, નીતિશાસ્ત્રના પારગામીઓ, ધર્માત્માઓ અને સેવકો પાછળ રહી જાય છે. એ બધા તો મારા કૃપાકટાક્ષના દાસ છે.

સંસ્થાઓનો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ–સર્જક, સંરક્ષક અને સંહારક–બધું ય હું જ છું: મારા વગર ન સંસ્થા છે, ન સેવક! બન્ને મારાં સર્જનો છે. એમની મહાનતાનો હિસાબ તપાસો; ત્યાં પણ મારો ફાળો જ બધાથી ચઢિયાતો હશે. મને મારી તાકાતમાં એટલો વિશ્વાસ છે કે હું દુનિયાના મોટામાં મોટા પડકારને ઝીલી શકું છું. ભારતીય સંસ્કૃતિમાં મારે માટે કઇ વાત અસંભવ છે? અને દુનિયાની બીજી સંસ્કૃતિઓમાં પણ મારો રુઆબ કંઇ ઓછો નથી. હું જે ધારું છું તે કરી શકું છું, કરાવી શકું છું. દુનિયા મારી મુઠ્ઠીમાં છે. દુનિયાનાં ધર્મો અને સંસ્કૃતિઓ મારી આંખના ઇશારા ઉપર નાચે છે. દુનિયા મહાત્માઓને પૂજતી આવી છે, અને મહાત્માઓ મને પૂજતા રહ્યા છે; કેમ કે એમનાં અન્ન–વસ્ત્રની, એમનાં મંદિર–મઠોની, એમનાં પુસ્તકોની, એમનાં સ્મારકોની વ્યવસ્થા મારા વગર થઇ શકતી નથી. જીવતા એ પોતે મારા આશ્રિત હતા, અને મરણ પછી એમનાં સ્મારકો મારાં આશ્રિત છે.

હજી ગઈ કાલની જ વાત છે, જ્યારે યુવાનો અને યુવતીઓ સ્વતંત્રતાનું ગાન ગાતાં ગાતાં, અને ખડિયામાં ખાંપણ લઇને ગુલામીની બેડીઓ તોડવાને માટે નીકળી પડ્યાં હતાં. એમની માનવસહજ ચિંતાઓના અંગારા ઉપર મારી સહાનુભૂતિની અમૃત–વર્ષા થઈ અને એ નશ્ચિંત બનીને બલિદાનનું આલિંગન આપવા ચાલતાં થયાં. જ્યારે એમના વિજય–દુંદુભિઓ ગાજી ઊઠ્યા, તો ઇષ્ટસિદ્ધિનાં એ આહ્લાદમાં મારી સહાનુભૂતિના નાદો જ ચારેકોર રેલાતા લાગ્યા! મારી સહાનુભૂતિએ એમની ચિંતાઓ દૂર કરી હતી; અને હવે, એના બદલામાં, એ સાવ સ્વાભાવિક છે કે, એ મારી ચિંતાઓને દૂર કરે મારી ચિંતા? હા, સાચી વાત. દાનની શી જરૂર? દાનનો જન્મ કેવી રીતે થયો? એવો) સવાલ કરતી બુદ્ધિથી હું જુગ જુગથી બચતો

આવ્યો છું, પણ હવે એ સવાલ મારી સામે તીખી નજરે મીટ માંડી રહ્યો છે. જીવન અને જગત મને જ સંબોધતાં રહ્યાં છે. ચારે કોર મારાં સંબોધનો થતાં જોઈ હું મસ્ત બની ગયો છું. ચિંતા કોને કહેવાય એ તો હું જાણતો જ નથી. પણ આજે ઉપર કહેલ સવાલનાં શોણિતવર્ણાં નેત્રો મારા સંબોધનની છાતીને ચીરી રહ્યાં છે. આજે દેવ જડ-નિશ્ચેતન બની રહ્યા છે, ધુમ્મટો ધરાશાયી થઈ રહ્યા છે, મિનારા ઝૂકી રહ્યા છે, ક્રોસ નીચે નમી રહ્યા છે. દેવની દુનિયા આજે માનવીના હાથમાં જઈ પડી છે. સવાલનાં તાતાં તીર આજે મને ચારે કોરથી વીંધી રહ્યાં છે. એ તીરોએ આજે શ્રદ્ધાને લોહીલુહાણ કરી દીધી છે. આવા ધાને માટે, આવા પૃથક્કરણને માટે, આવા નસ્તરને માટે હું તૈયાર નથી.

સવાલોની આ ઝડી હવે બંધ કરો. મારા રૂપ સામે જુઓ. મારા ઇતિહાસ તરફ નજર કરો. મારા સિક્કાઓને નિહાળો; એની શક્તિને જુઓ; એને ઝૂકી ઝૂકીને સલામ કરતાં ટોળાંઓને જુઓ. એ સિક્કા ઉપર તો આખી દુનિયા વારી જાય છે. મારી ટંકશાળના દરવાજા ન ઉઘાડશો! જેમાં મારો જન્મ થાય છે એ ઊકળતી કડાઇઓને ન જોશો! મારું સર્જન કેવી રીતે થયું છે-થઈ રહ્યું છે, એ ન પૂછશો, ન જોશો. મેં દેવતાઓને જમાડ્યા છે; મેં ગાદીઓ આપ્યા છે; મેં શાસ્ત્રોને શણગાર્યાં છે; મેં કળા અને સાહિત્યને જન્મ આપ્યો છે-એ બધુંય સાચું છે; પણ જ્યાંથી હું મારો જીવનરસ ખેંચી રહ્યો છું, જ્યાંથી હું મારો ખજાનો ભરી રહ્યો છું, એ સ્થાનની બાબતમાં કોઈ સવાલ ન પૂછશો. ન કોઇએ આજ સુધી પૂછ્યું છે, અને હવે તમે પણ ન પૂછશો કે મારો જન્મ અને મારું સર્જન કયાં, કેવી રીતે, કેવી પરિસ્થિતિમાં અને કેવી જાતનાં સાધનોથી થાય છે? જો હું એ ભેદ બતાવવા માગું તો સંસ્થાઓની, સેવકોની, મહાત્માઓની બધાંની આબરૂ ઉપર પાણી ફરી વળે! જેમાં મારા સર્જનનું કારખાનું ચાલે છે એ દુનિયા કાલિમાથી ભરેલી અને ભયંકર છે. તમે તો મારા વિલાસની દુનિયા છો. જે મારું કર્મ-ક્ષેત્ર છે, ત્યાં તો કેવળ લાભ જ મારો મુદ્રાલેખ છે. જ્યારે હું શોષણની ચકકી ચલાવું છું, ત્યારે જ મને ખાવા મળે છે અને તમને પણ હું ત્યારે જ બક્ષવા શકું છું. એ (શોષણ) ન હોય તો હું કયાંથી આવું અને તમે પણ શું પામો? - તો આ તમારાં મંદિરો, આ ચર્ચો, આ મસજિદો કેવી રીતે બડા થઈ શકે? - તો તમારી આ શિલ્પ-સ્થાપત્યની, કળાની, સાહિત્યની, સેવાની સંસ્થાઓ કેવી રીતે ચાલશે? મારે જે કરવું હોય તે તમે મને કરવા દો, અને મારા સિક્કાના જોરે તમારે જે કરવું હોય એ તમે કર્યા કરો!

તમે કહો છો કે મેં તમારાં ભાઈ-બહેનોનું લોહી ચૂસી લીધું છે. જે આંતરડાંમાંથી મેં રસ નિચોવી લીધો છે એ સૂકાં આંતરડાં તરફ તમે નજર કરી રહ્યા છો! જ્યાં, તમારા કહેવા પ્રમાણે, મેં લાખો માનવીઓનાં તન અને મનને ભાંગી નાખતા પરિશ્રમથી મારો સ્વાર્થ સાધ્યો છે, એ મારાં કારખાનાં તરફ તમે આંગળી ચીંધી રહ્યા છો? જેમના ઉપર મેં શોષણની કાળમુખી કળા અજમાવી છે, એ અસંખ્ય નર-નારીઓનાં હાડપિંજરો તમે બતાવી રહ્યાં છો? તમે એટલા ઘૃણાજનક ન બનશો કે આ વહેતા લોહીમાં મારી બધી સંપત્તિને ડુબાડી દો. આ લોહી મેં રેડ્યું છે? મારા દેવતાને, મંદિરને, મસ્જિદને, ચર્ચને શોષણના રૂધિરની દુનિયા ઉપર ઊભેલાં અને રૂધિરથી ખરડાયેલાં તમે કહો છો? રામ! રામ! રામ! આ તે તમે કેવી વાત કરો છો? હું તમારા રૂધિરનું સર્જન? જેને દેવતા બોલાવે છે, જેને મંદિરો અને તીર્થો સંબોધે છે, જે સેવા અને ભક્તિનું સંબોધન છે, જેને જ્ઞાન અને શ્રદ્ધા સદા સાદ દીધા કરે છે એ આજે આવા નમાલા-નજીવા-તુચ્છ સવાલોની અથડામણીમાં ભાંગી રહ્યું છે; જુગજુગજૂની સંપત્તિ આજે લૂંટાઇ રહી છે, વેરવિખેર થઇ રહી છે, કેમ કે માનવીએ મારા અસ્તિત્વની બાબતમાં જ સવાલ ઉઠાવ્યો છે. મારા અસ્તિત્વની પાછળ જે શક્તિઓ અને જે સાધનો કામ કરી રહ્યાં છે, તે આ પ્રશ્નની આગને બરદાસ્ત નથી કરી શકતાં, જેમને નિચોવીને મારો જન્મ થયો છે અને મારા સુવર્ણસમા ગૌરવનું સર્જન થયું છે, તેઓ આજે આ સવાલથી ઉશ્કેરાઇ જઇને મારા અસ્તિત્વને જ પડકાર આપી રહ્યા છે, મારી કીર્તિ ઉપર જુગજુગનાં પાપની કાલિમા લગાવી રહ્યા છે!

મેં તમારે માટે સ્વર્ગની રચના કરી છે. તમે એમાં વાસ કરો! આ કીર્તિસ્તંભો ઉપર નિવાસ કરીને તમે પુણ્ય અને પાપ, સ્વર્ગ અને નરકના તત્ત્વજ્ઞાનની રચના કરો! તમારે ધરતીની સામે નજર કરવાની જરૂર નથી. ધરતીમાં સર્જાયેલ નરકે જ તો આ સ્વર્ગની સૃષ્ટિ ઊભી કરી છે એ કાં ભૂલો છો? આ નરકને દૂર કરવા મથશો, તો આ સ્વર્ગ પોતે જ જમીનદોસ્ત બની જશે! આ નરક ખતમ થઇ જશે તો પછી તમે શું કરશો- હું શું કરીશ? માટે શોષણની આ ચકકીને ચાલવા દો, જેથી મારું અસ્તિત્વ ટકી રહે, અને મારા સહકારથી તમે માનવતાની સેવા કરતા રહો!

મારું નામ દાન છે-ભૂતકાળનું સંબોધન અને આજનો પ્રશ્ન (ભૂતકાળમાં સૌ મને શીખવતા આવતા, આજે સૌ મારી સામે આંગળી ચીંધે છે.) શોષણમાંથી મારો જન્મ થાય છે; શોષણની દુનિયાનો હું પહેરેગીર છું!

મૂળ હિંદી : **શ્રી. ભંવરમલજી સિંઘી**

અનુવાદક : **શ્રી. રતિલાલ દીપચંદ દેસાઈ**

'તરુણ'માંથી સાભાર ઉધ્ધૃત.

સંઘે કરેલું પંડિત સુખલાલજીનું બહુમાન

પ્રમુખસ્થાનેથી અધ્યાપક ઝાલાનું પ્રેરક પ્રવચન

મુંબઇ યુનિવર્સિટી હસ્તકની હંસકુંવર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાના અન્વયે યોજાયેલ "ભારતની દાર્શનિક અને યૌગિક પરંપરામાં ગુજરાતના અગ્રણી આચાર્ય શ્રી હરિભદ્રસૂરિનો ફાળો" એ વિષય ઉપર તા. ૧૦ મી ફેબ્રુઆરીથી તા. ૧૪ મી ફેબ્રુઆરી સુધી એમ કુલ પાંચ વ્યાખ્યાનો આપવા માટે પં. સુખલાલજી મુંબઇ પધાર્યા હતા. આ અવસરનો લાભ લઇને મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા. ૧૭ મી ફેબ્રુઆરી મંગળવારના રોજ સાંજના સમયે અધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ઝાલાના પ્રમુખપદે સંઘના કાર્યાલયમાં એક નાનું સરખું સંમેલન યોજવામાં આવ્યું હતું.

સ્વાગત વચન

પ્રારંભમાં સંઘના મંત્રી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ પંડિતજીને આવકાર આપતાં જણાવ્યું હતું કે "પંડિતજીનો સંઘના સભ્યોને કોઇ ખાસ પરિચય આપવાની જરૂર નથી; કારણ કે પંડિતજી સંઘની-ખાસ કરીને પર્યુષણ વ્યાખ્યાનમાળાની-પ્રવૃત્તિ સાથે વર્ષોથી જોડાયેલા છે અને તેથી સંઘ સાથે પંડિતજીનો સંબંધ એક સ્વજન જેવો રહ્યો છે. બે વર્ષ પહેલાં મુંબઇ ખાતે ઉપરાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણનના અધ્યક્ષસ્થાને પંડિતજીનું ઘણા મોટા પાયા ઉપર સન્માન કરવામાં આવ્યું હતું અને તે નિમિત્તે એકઠી કરવામાં આવેલ એક લાખ રૂપિયાની રકમ તેમને અર્પણ કરવામાં આવી હતી. આ આખું સન્માનઆયોજન મુંબઇ જૈન યુવક સંઘના કાર્યાલય દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ગુજરાત યુનિવર્સિટીએ તેમને ડૉકટર ઓફ લીટરેચરની માનદ પદવી અર્પણ કરીને તેમની વિદ્વતાની કદર કરી હતી. તાજેતરમાં

સાહિત્ય અકાદમીએ તેમને ૧૯૫૪થી ૧૯૫૭ સુધીમાં પ્રગટ થયેલા ગુજરાતી સાહિત્યની સર્વશ્રેષ્ઠ કૃતિ તરીકે 'દર્શન અને ચિન્તન' એ શિર્ષક નીચે પ. સુખલાલજી સન્માન સમિતિ તરફથી જે વિભાગમાં પ્રગટ કરવામાં આવેલ તેમના ગુજરાતી લેખોનો સંગ્રહને જાહેર કરીને રૂ. ૫૦૦૦ નું પારિતોષિક આપવાનું ઠરાવ્યું હતું. ૯મી ગયા અઠવાડિયામાં આપણે આચાર્ય હરિભદ્રસૂરિ ઉપર તેમના પાંચ વ્યાખ્યાનો સાંભળ્યા અને તેમની તત્વસ્પર્શી વિદ્વત્તાનો અને મૌલિક ચિન્તનનો પરિચય કર્યો. આવા આપણા સ્વજન સમા પંડિતજીને મળવાની આપણને બધાને તક મળે તે માટે અને તેમના ઉત્તરોત્તર થઇ રહેલા ઉત્કર્ષ અંગે આપણો આનંદ પ્રદર્શિત કરી શકાય તે માટે આ મીલન યોજવામાં આવ્યું છે.

"મારો અને તેમનો સંબંધ એ નિકટવર્તી મિત્રો જેવો સ્પર્શથી ચાલવા આવ્યો છે પણ આ સંબંધ એ સામાન્ય કોટિના મિત્રો જેવો નથી. મારા તેમની સાથેના સખ્યને હું અર્જુન કૃષ્ણની મૈત્રી સાથે સરખાવું છું. અર્જુન ભગવાન કૃષ્ણને પોતાની સમકક્ષતાના સખા તરીકે ઓળખતો હતો, પણ ભગવદ્ ગીતાના દર્શિયામાં સર્ગમાં વર્ણવવામાં આવેલું છે તે મુજબ જ્યારે અર્જુને શ્રીકૃષ્ણની યોગશક્તિના પ્રભાવથી વિરાટ દર્શન કર્યું ત્યારે પોતાની અને શ્રીકૃષ્ણની વચ્ચે રહેલા મહદ્ અન્તરનું તેને સાચું ભાન થયું. આવી રીતે અમે જ્યારે મળીએ છીએ ત્યારે અમારી વચ્ચે સામાન્ય સપાટી ઉપર સુખદુઃખની સારી વાતો ચાલે છે અને અકસ્માતના વિચારોનો — અનુભવોનો — વિનિમય થાય છે, પણ દા.ત. જ્યારે હું જાણું જ તેમનાં વ્યાખ્યાનો સાંભળવાનો સુયોગ પ્રાપ્ત થયો — આવો અવસર જ્યારે જ્યારે ઉભો થાય છે ત્યારે ત્યારે મારી જ્ઞાનઅલ્પતા અને તેમની જ્ઞાનઅગાધતા વચ્ચે રહેલા મહદ્ અન્તરનું મને સચોટ ભાન થાય છે અને માર દિલ તેમના ચરણોમાં પરિણત ભાવે નમી પડે છે.

"આવી એક વિશિષ્ટ વ્યક્તિનું સન્માન કરવા માટે આપણે ભેળા થયા છીએ તો તે પ્રસંગ ઉપર પ્રમુખસ્થાન શોભાવવા માટે પણ કોઇ સવિશેષ યોગ્ય વ્યક્તિને બોલાવીએ તો સારૂ એમ મને લાગ્યું હતું. પરંતુ વિચારી રહ્યો હતો. અંતમાં પંડિતજીના ઉપર જણાવેલા વ્યાખ્યાનો દ્વારા મારા શ્રુત જાણે સાહેબ ઉપર મારી નજર પડી. મેં તેમને આ માટે વિનંતિ કરી અને તેમણે સહજપણે મારી વિનંતિનો સ્વીકાર કર્યો. આ માટે મારો તેમજ સંઘનો કાર્યવાહક આનંદ વ્યક્ત કરતા આજના આ સંમેલનનું સંચાલન કરવા આપણી વચ્ચે ઉપસ્થિત થયેલા ડાહ્યા સોહિબને હું પ્રાર્થના કરું છું."

અધ્યાપક ડાહ્યાભાઇનું પ્રેરક પ્રવચન અને ઉદાત્ત અંજલિપ્રદાન

ત્યાર પછી પ્રમુખસ્થાનેથી બોલતાં અધ્યાપક ગોરીપ્રસાદ ડાહ્યાભાઇએ જણાવ્યું હતું કે "આજના પ્રસંગે કુટુંબ હાજર રહેવાની તક ન મળી પણ અધિવક્તા તરીકે ઉપસ્થિત રહી પૂજ્ય પંડિતજીના સાન્નિધ્યમાં રહેવાની જે તક મુંબઇ જૈન યુવક સંઘે આપી છે તે માટે હું તેનો આભાર માનું છું. પરમાનંદભાઇએ પંડિતજીની પ્રવૃત્તિઓ વિષે સવિસ્તર સંક્ષેપમાં વ્યક્ત કર્યો છે મુંબઇ યુનિવર્સિટી દ્વારા ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા ઘણા વર્ષોથી ચાલે છે અને વ્યાખ્યાનોનો આ પ્રવાહ ગૌરવ ધરાવતી વ્યક્તિઓને મળ્યું છે પરંતુ પંડિતજીના વ્યાખ્યાનો તો યુનિવર્સિટીને ભૂષણરૂપ બન્યા છે. યુનિવર્સિટીઓ પોતાને માત્ર પંડિત નહિ પણ મંડિત પણ બનાવી છે એમ કહી શકાય. મને અહીં આવતા પહેલા રસ્તામાં જ એક વિચાર આવતો હતો કે મૂળ પંડિતજીને સાહિત્ય અકાદમી તરફથી પારિતોષિક મળ્યું છે અને પંડિતજીએ મુંબઇને ઋણી

જ્ઞાનસત્ર ચલાવ્યું છે. એ પ્રસંગે તમારા સંઘે એમનું સન્માન કરવાનો વિચાર કર્યો, પણ આ જેની એક ફરજ છે એવા મુંબઇ લેખક મિલનને એની કલ્પના આવી હોય એમ લાગતું નથી. પંડિતજીના વ્યાખ્યાનોમાં પણ લેખકોની હાજરી ઘણી ઓછી હતી. પંડિતજી તો ગુજરાતી સાહિત્યકારોને જરૂર માર્ગદર્શન આપી શકે એવી વ્યક્તિ છે. તેઓ વિદ્વાન છે. તેમના લેખો, ગ્રંથો અભ્યાસનો મહાસાગર જેવા છે. પંડિતજી માટે આપણે પંડિત શબ્દ વાપરીએ છીએ તે પ્રાચીન દૃષ્ટિથી હોય. પરંતુ પંડિતજીએ તો ગ્રંથોને મૂલવવામાં પ્રાચીનની સાથે અર્વાચીન દૃષ્ટિ અને પદ્ધતિ પણ સ્વીકારી છે. જૂની પરંપરાના પંડિતો ઐતિહાસિક બાબતોના આલેખનમાં પ્રાચીનપ્રેમક હોય છે અને જ્યાં એનો જરા પણ વિરોધ આવ્યો ત્યાં તેઓ છેડાઇ જાય છે. આવી સ્થિતિ આજે પણ પ્રવર્તે છે. પંડિતજી કરતાં ઉંમરમાં નાના એવા પંડિતો પણ કેટલીક વાર આવું સંકુચિત માનસ ધરાવતા હોય છે.

"પંડિતજીએ પોતાના વ્યાખ્યાનમાં કેટકેટલા વિદ્વાનોનો ઉલ્લેખ કર્યો છે! આવી ઉદારતાથી અને ઉદાત્તતાથી, આવી વિશાળ દૃષ્ટિથી કોઇ પણ વસ્તુનું નિરૂપણ કરવું એ એમનો બીજો સ્વભાવ છે — it is his second nature — એમ કહી શકાય. પ્રાગ્મિક બાબતોના વિચારોમાં પંડિતજીની દૃષ્ટિ ઐતિહાસિક તારતમ્યવાળી છે. એમણે એ તારણો કાઢ્યા હોય તો તેમાં પણ એવો કોઇ તેજકણ રહ્યો હોય છે કે જે આપણને વિચાર કરતો કરી મૂકે.

"અત્યારે વિજ્ઞાન માનવની બુદ્ધિને મુગ્ધ નહિ પણ મૂઢ બનાવી દે એટલી બધી પ્રગતિ કરી રહ્યું છે. વૈજ્ઞાનિક સિદ્ધિ દ્વારા બીજા ગ્રહો, ઉપગ્રહો ઉપર આપણું વર્ચસ્વ જમાવવાની વાત અત્યારે થઇ રહી છે. બીજી બાજુ દયા, નીતિ, માનવતાની વાત તરફ જેટલું લક્ષ અપાવું જોઇએ તેટલું અપાતું નથી. કેવળ આર્થિક અને ઐહિક દૃષ્ટિએ eat, drink and be merry નું જીવન જીવાઇ રહ્યું છે. આવી આપણી ધર્મની ભાવનાની હ્રાસમયતાની નાજુક એવી પરિસ્થિતિ કેટલાક દેશોમાં પ્રવર્તી રહી છે. આનું એક કારણ બીજું વિશ્વયુદ્ધ છે. બીજા વિશ્વયુદ્ધને પરિણામે આપણને બહુ સહન કરવું પડ્યું નથી, પરંતુ પશ્ચિમના કેટલાક દેશો અને જાપાનને એમાં સહન કરવું પડ્યું છે અને એને લીધે એ દેશોને આર્થિક પ્રશ્નોની સામે આધ્યાત્મિક પ્રશ્નોનો પણ સામનો કરવો પડ્યો છે.

"વર્તમાન સમયમાં બીજો પણ એક પ્રશ્ન ઊભો થયો છે. પહેલા વિશ્વયુદ્ધ પછી એવી એક માન્યતા પ્રવર્તતી હતી કે માણસ નૈતિક હોવા છતાં અશ્રદ્ધાહીન, નાસ્તિક atheist હોઇ શકે. આ માન્યતાને કોમ્યુનીઝમનો ટેકો મળવાથી તે વધારે પ્રચારમાં આવી. આપણે જાણીએ છીએ કે કોમ્યુનીઝમ — સામ્યવાદમાં ધર્મને સ્થાન નથી. પશ્ચિમના દેશોમાં અને અમેરિકામાં પણ પહેલા વિશ્વયુદ્ધ પછી ધર્મવિહીન જીવન વધતું ગયું હતું. એવા લોકો નીતિમાં માને છે, સદાચારમાં માને છે, પણ ધર્મમાં માનતા નથી. Morality without Religion નો પ્રશ્ન ત્યારે ઘણો ચર્ચાયો હતો. પણ બીજી બાજુ કેવળ ઐહિક દૃષ્ટિએ જ સુખી એવા લોકોમાં આજે Nervous Diseases વધતા જાય છે. ઊંઘ ન આવે, વિચારો તંગ થઇ જાય, માનસિક સંઘર્ષ ચાલ્યા કરે એ બધા માટે ઊંઘ કે ચેતની દવાઓ આજે ત્યાં ટનબંધ વપરાય છે. આ પણ એક ગંભીર પ્રશ્ન છે. ત્યાં અઢળક સંપત્તિ છે છતાં સુખ નથી. કેમકે નીતિ આજે છે કે નીતિને પણ ધર્મની બાંધણીની જરૂર છે? એવો પ્રશ્ન ત્યાં ગંભીરપણે વિચારાયો છે. Morality without Religion ની વિચારશીલ માણસને

ભાગ્યે જ સંતોષ થાય. જગતમાં આજે જે આધ્યાત્મિક પ્રશ્નો ઊભા થયા છે તેનો સામનો કરવાની atheistની તૈયારી નથી. સમાજવાદીઓને એની પરવા નથી. આવા વખતમાં આપણે કેવળ જૈન કે શૈવની વાત કરીને ઊભા રહીએ તેથી ચાલવાનું નથી.

"આજનો ધર્મ તે માનવધર્મ બની રહેશે એમ આપણે કહેતા થયા છીએ. એ ધર્મનું અંતિમ સ્વરૂપ ગમે તે હોય. આજે હવે એવી સ્થિતિ આવી રહી છે કે જ્યારે મારો જ ધર્મ સાચો અને બીજાનો ખોટો એમ કહ્યે ચાલવાનું નથી.

"આજના જમાનામાં બે બળો વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. એક બાજુ ખ્રિસ્તી સંસ્કૃતિનું બળ છે અને બીજી બાજુ ભારતીય સંસ્કૃતિનું બળ છે. આપણે પશ્ચિમના જીવનદર્શનની અસર નીચે આવ્યા છીએ. આપણા રોજિંદા જીવનમાં પશ્ચિમની ઘણી વસ્તુઓ આવી ગઈ છે. આમ છતાં, ભારતીય સંસ્કૃતિએ પોતાનું સ્વરૂપ અને સત્ત્વ ટકાવી રાખ્યું છે. સમગ્ર ભારતની સંસ્કૃતિને રૂપ આપવું હોય તો એના પાયામાં રહેલા બે સિદ્ધાન્તો છે જે આપણે બધા જ સ્વીકારીએ છીએ. એ બે સિદ્ધાન્તો તે કર્મવાદ અને જન્માન્તરવાદ. આપણી સંસ્કૃતિના આ બે વિશિષ્ટ વ્યાવર્તક લક્ષણો છે. એ બે વડે જ બીજા નાના નાના ભેદો સંપ્રદાયો વચ્ચે હોવા છતાં એક ધરની જેમ આપણે રહીએ છીએ.

"પૂજ્ય પંડિતજીનો કોઇ પણ ગ્રંથ કેવળ વિદ્યાભ્યાસ માટે જ હોય છે. એમાં આવી મૂલગામી વિચારણા આપણને દેખાય છે. વસ્તુના હાર્દ સુધી જ પહોંચવાની એમની દૃષ્ટિ હોય છે. પંડિતજી તો એક ચરતીર્થ છે. તેઓ કેવળ વિદ્વાન નથી, પવિત્ર પણ છે. એમનું જીવન વિદ્યાવ્યાસંગના પવિત્ર કાર્યમાં પસાર થયું છે. સાચો વિદ્વાન પોતાના મંત્રોને આત્મસાત્ કરી આત્મવિદ્ બનવાનો પ્રયત્ન કરે છે. પંડિતજી એવી વભૂતિ છે જે માત્ર ગુજરાતમાં જ નહિ, સમગ્ર ભારતવર્ષમાં અને યુરોપીય વિદ્વાનોમાં પણ અપરિમિત માન ધરાવે છે."

અધ્યાપિકા હીરાબહેન પાઠક

ત્યાર પછી શ્રીમતી હીરાબહેન પાઠકે કહ્યું, "આજે આપણે પંડિતનું સ્વાગત કરવા ભેગા થયા છીએ. સરકારે જ્યારે એમને અકાદમી પારિતોષક આપ્યું ત્યારે એમને અભિનંદનનો પત્ર લખવાનું મને મન થયું. પણ પછી મને લાગ્યું કે અભિનંદન તો સમાન કક્ષાની વ્યકિતને આપી શકાય. પંડિતજી જેવી વ્યકિતને તો આપણે અભિનંદન નહિ, અભિવંદન આપી શકીએ. હું આપણા સૌના તરફથી વંદન કરું છું. પંડિતજીએ તો અનુભવથી જીવનદર્શન પ્રાપ્ત કર્યું છે. પંડિતજી માત્ર તત્ત્વચિંતક નથી. તેઓ પ્રાજ્ઞપુરૂષ છે, મનીષી છે. ઊંડી વેધક ક્રાન્તદૃષ્ટિ સાથે એમને વિદ્વત્તા પ્રાપ્ત થઇ છે. એમણે આપણને સંસારનું સંચારશીલ દર્શન કરાવ્યું છે.

"જૈન યુવક સંઘ એમનું સન્માન કરે એમાં ઘણું ઔચિત્ય રહેલું છે, કારણ કે પંડિતજી સંપ્રદાયોથી અને સંકુચિતતાથી પર છે. પંડિતજીના સ્વભાવમાં જ એવું છે. પંડિતજીની આત્માની ખોજ અને એમની ઋતંભરા બુદ્ધિને ગાંધીયુગે પોષી હશે, પરંતુ એમણે પોતાની કહી શકાય એવી વિશિષ્ટ શકિત કેળવી છે. એમનાં લખાણોમાં એમની પ્રજ્ઞાના વિવિધ પ્રકારના ઉન્મેષો જોવા મળે છે. નીડરપણું અને ધૈર્ય એ બન્ને આધ્યાત્મિક ગુણો પંડિતજીમાં છે, અને આવા ઉચ્ચ ગુણો હોવા છતાં તેમનો સ્વભાવ અત્યન્ત ઋજુ છે.

અધ્યાપિકા તારાબહેન શાહ


ત્યાર બાદ અધ્યાપિકા તારાબહેન શાહે પંડિતજીમાં રહેલ આધ્યાત્મિકતા તરફ ધ્યાન ખેંચ્યું હતું અને ભારતના વિરલ અધ્યાત્મક વિદ્યાના અભ્યાસીઓમાંના એક તરીકે પંડિતજીનો ઉલ્લેખ કરીને તેમને ભાવભરી અંજલી આપી હતી.

ત્યાર બાદ સંઘના પ્રમુખ ખીમજીભાઇ ભુજપુરીઆએ પંડિતજીનું પુષ્પહાર વડે સન્માન કર્યું હતું.

પંડિતજીનો જવાબ

ત્યાર પછી પૂજ્ય પંડિતજીએ ઘણી હળવી રીતે પોતાના આ સન્માનનો જવાબ આપ્યો હતો. એમણે કહ્યું, "વિદ્યાનિષ્ટ ઝાલાસાહેબે કેટલાક ગંભીર પ્રશ્નો આપણી આગળ મૂકયા છે, પરંતુ એ બધાનો અત્યારે જવાબ આપવાનો વખત નથી. ભવિષ્યમાં એ વિષે હું 'પ્રબુદ્ધ જીવન'માં લખીશ. આજના પ્રસંગે મારે માટે આટલાં બધાં વિશેષણો વાપરવામાં આવ્યાં છે અને એ બધાં મેં નિર્લજ્જ બનીને સાંભળ્યાં છે. પથ્થરની મૂર્તિઓને બીજાનાં વિશેષણોથી હર્ષશોક થતો નથી. પણ હું કંઇ એવી મૂર્તિ નથી. હું મૂર્તિવિરોધક છું. એટલે બધાએ મારે માટે વાપરેલ શબ્દો હું એમને પાછા આપું છું. હીરાબહેને પાઠકજી સાથેના મારા સંબંધની વાત કરી. પાઠકજી સાથે જે સમય મેં પસાર કર્યો હતો તેમાંથી મને એમની વિદ્યાવૃત્તિ અને વિનોદવૃત્તિના સંસ્કાર મળ્યા. તારાબહેને મારી આધ્યાત્મિકતાની વાત કરી. પણ હું તો માત્ર અધ્યાત્મવાદનો અભ્યાસી છું. સ્વામી રામકૃષ્ણ પરમહંસ કે એવા બીજા અધ્યાત્મવાદીઓ કે જેમના જીવનમાં અંદરથી અધ્યાત્મવાદ ઉદ્ભવ્યો હતો એવો હું નથી. માત્ર અધ્યયન કરવાથી જીવનમાં અધ્યાત્મવાદ ઊતરતો નથી. દા. ત. રાધાકૃષ્ણન અધ્યાત્મવિદ્યાના ઉપાસક છે. પણ તેઓ અધ્યાત્મવાદી નથી. અધ્યાત્મવાદ ઉપર જેમ હિંદુસ્તાન બહારનાં કેટલાંક આક્રમણો થયાં છે તેમ હિંદુસ્તાનની અંદરથી પણ થયાં છે. બીજી બાજુ યુરોપ અમેરિકામાં પણ કેટલાંક અધ્યાત્મવિદ્યાના પુરસ્કર્તા આપણને જોવા મળે છે. અધ્યાત્મવિદ્યા એ કેવળ હિંદુસ્તાનનો ઇજારો નથી. આમ છતાં અધ્યાત્મવિદ્યા એ હિંદુસ્તાનનો વારસો છે એમ જે આપણે કહેવું હોય અને જ્યાં અધ્યાત્મવિદ્યા ત્યાં હિંદુસ્તાન એવી વ્યાપ્તિ આપણે સ્વીકારવી હોય તો હિંદુસ્તાન બહાર પણ એક મોટું હિંદુસ્તાન છે એમ આપણે કહેવું પડશે.

"આજે મારા માટે જે શબ્દો કહેવાયા છે તે મારા પ્રત્યેના સદ્‌ભાવને લીધે કહેવામાં આવ્યા છે. પણ સદ્‌ભાવની ઉકિત પણ મારે માટે અત્યુકિત છે. જેમ અસદ્‌ભાવને લીધે માણસમાં ન હોય એવા દોષારોપણો થાય છે, તેમ સદ્‌ભાવને લીધે પણ માણસમાં ન હોય એવા ગુણોનાં આરોપણો થાય છે. મને અકાદમી તરફથી પારિતોષિક આપવામાં આવ્યું છે. પારિતોષિકનો કંઇક ઉપયોગ છે એ હું સમજું છું. પરંતુ એનાથી માણસ પોતે બહુ આગળ જાય છે એમ સમજવાનું નથી. અને તમે જાણો છો કે આજે તો ત્યાગ પણ ભોગથી પૂજાય છે. દા. ત. નાગા બાવા હાથી ઉપર સવાર થઇને નીકળે છે અને ગોસાંઇઓ અને શંકરાચાર્યના વરઘોડાઓ નીકળે છે. આ પારિતોષિક પણ આવું કાંઇક ન ગણાય? એ જે હો તે હો, પણ આ બાબતનું હું પોતે બહુ મહત્વ ચિન્તવતો નથી. આવા સન્માનના નિમિત્તે પણ તમને બધાંને મળવાનું બન્યું અને હળવા મને તમારી સાથે વાતો કરવાનો આવો મીઠો યોગ ઉભો થયો તેથી હું જરૂર આનંદ અનુભવું છું. આ રીતે તમને મળવાનું મને ગમે છે, તેથી જ પરમાનંદભાઇએ જ્યારે અહિં આવવાનું



રેવ. ડૉ. માર્ટીન

ઉપરની છબીમાં કાકા ગાંધી સ્મારક સંગ્રહાલયની સત્યેન્દ્ર ડે નજરે પડે છે. જે પુષ્પહારના કારણે લગ

કહ્યું ત્યારે તેની કુશળ ક્ષણ ચર્ચા કર્યા સિવાય મેં હા કહી, કારણ કે મારે મન આ એક પ્રકારનો કુટુંબમેળો છે. વળી ઝાલા-સાહેબને આ નિમિત્તે મળવાનું બન્યું અને તેમની ગંભીર વિચારણા સાંભળવાની મને તક મળી તે પણ મારા માટે ખરેખર અતિ આનંદનો વિષય છે. આવું મીલન યોજવા માટે સંઘના કાર્યકર્તાઓનો હું આભાર માનું છું."

ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રી. ખીમજીભાઈ ભુજપુરીઆએ ઝાલા સાહેબ પોતાના ચાલુ રોકાણમાંથી વખત કાઢીને અહિં આવ્યા અને આવું સુન્દર પ્રવચન આપ્યું તે માટે તેમનો આભાર માન્યો અને પુષ્પહારથી તેમનું પણ સન્માન કર્યું.

સંકલન કરનાર : **શ્રી. રમણલાલ ચી. શાહ**

ડો. માર્ટીન લ્યુથર ક્રીંગનું સ્વાગતઃ મહાત્મા ગાંધી–ચિત્રપટ દર્શન

તા. ૨૮–૨–૫૮ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને ગાંધી સ્મારક સંગ્રહાલય તરફથી કર્વીન્સ રોડ ઉપર આવેલા રોકસી થીએટરમાં રેવરન્ડ ડો. માર્ટીન લ્યુથર ક્રીંગનું કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપણા નીચે જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. રોકસી થીએટરમાં બહેનો તેમજ ભાઇઓ ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. શરૂઆતમાં મુંબઇની વિધાન પરિષદના સભ્ય સૌ. મદિના બહેને "વૈષ્ણવ જન તો તેને કહીએ" એ પદ સંભળાવ્યું હતું. મુંબઇ રાજ્યના મજુર પ્રધાન અને ગાંધી-સ્મારક સંગ્રહાલયની મુંબઇ શાખાના પ્રમુખ શ્રી શાન્તિલાલ શાહે અમેરિકાથી ભારતમાં એક માસના પ્રવાસે પધારેલા ત્યાંની હબસી કોમના આગેવાન ડો. ક્રીંગને અને તેમનાં પત્નીને આવકાર આપ્યો હતો. ત્યાર બાદ કાકાસાહેબ કાલેલકરે ડો. ક્રીંગનો વિશેષ પરિચય કરાવ્યો. થોડા સમય પહેલાં તેઓ અમેરિકાના પ્રવાસે ગયેલા ત્યારે તેઓ ડો. ક્રીંગના પ્રત્યક્ષ સમાગમમાં આવેલા, અને ડો. ક્રીંગે હબસી કોમના સ્વમાનની રક્ષા અર્થે, અલાબામા ડીસ્ટ્રીક્ટમાં ચાલતી જાહેર બસોમાં ગોરા કાળાનો જે ભેદ કરવામાં આવતો હતો તે સામે, ૩૮૧ દિવસ સુધી સત્યાગ્રહની લડત ચલાવી હતી તે વિષે સીધી માહીતી ધરાવતા હતા. આ સ્મરણો તેમણે રજુ કર્યા અને ગાંધીજીના સત્યાગ્રહનો વિચાર દુર દુર દેશોમાં કેવી રીતે ફેલાતો જાય છે તેનો ખ્યાલ આપ્યો. ડો. ક્રીંગ ગાંધીજીની વિચારસરણીનાં ઉંડા અભ્યાસી છે, એટલું જ નહિ પણ, તેઓ પોતાના સમાજના આવા પ્રશ્નો હલ કરવામાં તે વિચારોનો પ્રત્યક્ષ અમલ કરી રહ્યા છે. આમ જણાવીને તેમનું, તેમના પત્નીનું અને તેમની લડતના અન્ય એક હબસી સાથી ડો. રેડીકનું પુષ્પહાર વડે તેમણે સન્માન કર્યું.



ડો. ક્રીંગનું સન્માન

ડો. ક્રીંગે આ રીતે તેમનું જાહેર સન્માન કરવા બદલ બન્ને સંસ્થાઓનો અન્તઃકરણપૂર્વક આભાર માનતાં જે બસ સત્યાગ્રહનો પોતે સૂત્રધાર હતા તેનો ઉલ્લેખ કર્યો અને એ બાબતમાં જણાવ્યું કે "અમેરિકામાં ચાલી રહેલા રંગભેદને લગતા અન્યાય સામે લડવાની આ પદ્ધતિ અમારા માટે નવી હતી. આ લડત દરમિયાન અમે હબસીઓએ ૩૮૧ દિવસ સુધી ત્યા ચાલતી બસોનો બહિષ્કાર કર્યો હતો અને અમારા નિવાસસ્થાનથી ફેક્ટરીએ પહોંચવાનું ગમે તેટલું દુર હોય તો પણ અમે પગપાળા ચાલીને જવા આવવાનું શરૂ કર્યું હતું. પણ આ સામે અમારી સામે બળજબરી મારા પ્રમાણમાં વાપરવામાં આવી હતી અને ભારે અપમાનભરી વર્તણુંક ચલાવવામાં આવી હતી. ધાક ધમકીઓ પણ મારા પ્રમાણમાં આપવામાં આવી હતી. મારા ઘર ઉપર બોમ્બ ફેંકીને ઘરને ઉડાડી દેવામાં આવ્યું હતું પણ અમે બધા અણનમ અને અહિંસક રહ્યા હતા. આખરે ૧૯૫૬ના નવેમ્બર માસમાં અમેરિકાની સુપ્રીમ કોર્ટે–મુખ્ય અદાલતે–જાહેર વાહનવ્યવહારમાં કાળા ગોરાને અલગ બેસાડવાની નીતિને ગેર કાયદેસર જાહેર કરી. આમ કાયદાની દ્રષ્ટિએ વાહનવ્યવહારમાંથી તેમજ જાહેર નિશાળોમાંથી પણ ગોરા કાળાના વચ્ચે દાખવવામાં આવતો ભેદભાવ નાબુદ થયો છે. એમ છતાં પણ પરસ્પરના વર્તન વ્યવહારમાં હજુ ઘણું ઘણું કરવાનું બાકી રહે છે. આ ભેદભાવ ત્યાંના ચાલુ જીવનમાંથી નાબુદ થતાં હજુ દશ પંદર વર્ષ લાગવા સંભવ છે પણ કાળા માણસો વિરૂધ્ધના જે પૂર્વગ્રહો ત્યાંની ગોરી પ્રજામાં વર્ષોથી જડ ઘાલીને બેઠા છે અને જેની આસપાસ એક પ્રકારની જીવન પરંપરા ઘણા લાંબા સમયથી જામેલી છે તે નાબુદ થવા માટે આ દશ પંદર વર્ષની મુદત બહુ લાંબી ન ગણાય. પણ એ તો હવે નિશ્ચિત છે કે આ કાળા ગોરાનો–હબસી અમેરિકનનો–ભેદભાવ હમેશાને માટે રોજબરોજના વ્યવહારમાંથી નાબુદ થવો જ જોઇએ.

"અમારી લડત કોઈ એક યા બીજા માણસ સામે નથી, પણ એક પ્રકારની જીવનપધ્ધતિ સામે છે, અને આ નાબુદ કરવામાં અહિંસક સત્યાગ્રહ અનુપમ ઉપાય છે એ અમારા નાના સરખા આન્દોલનથી પણ સિધ્ધ થયું છે. આ અહિંસાનો માત્ર સામે ઉપસ્થિત થયેલી એક યા બીજી પરિસ્થિતિનો સામનો કરવા પૂરતો ઉપયોગ થવો ન જોઇએ, પણ આપણા સમગ્ર મન વાણી અને કર્મ તે ભાવનાથી પ્રેરિત અને પ્રભાવિત બનવા જોઇએ. ઈશુ ખ્રિસ્તે આ મોટે અમને પ્રેરણા આપી છે અને મહાત્મા ગાંધીએ આ વૃત્તિને અમલી બનાવવા માટેની અમને પધ્ધતિ શીખવી છે."

ત્યારબાદ મીસીસ ક્રીંગ જે બહુ સારા સંગીતકાર છે તેમણે અંગ્રેજી ભાષામાં રચાયલા બે પદો સંભળાવ્યા, જેમાનું એક પદ હતું : **"Lead, kindly Light, amid the encircling gloom, Lead thou me on !"** (પ્રેમળ જ્યોતિ તારો દાખવી મારો જીવનપંથ ઉજાળ) અને બીજું પદ હતું : **"By and by, Lay my burden down."** મધુરકંઠે ગવાયલા આ ભાવનાવાહી પદો સાંભળીને સૌએ ઊંડી પ્રસન્નતા અનુભવી.

ત્યાર બાદ આ અવસર ઉપર ખૂબ તકલીફ લઈને દિલ્હીથી ખાસ આવવા બદલ કાકાસાહેબ કાલેલકરનો શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ખીમજી માડણ ભુજપુરીઆએ આભાર માન્યો અને તેમને પુષ્પહારથી સન્માન કર્યું. પછી 'જન મનગણ અધિનાયક જય હે ભારત ભાગ્યવિધાતા' એ રાષ્ટ્રગીત સૌ. મદિના બહેને ગાઇ સંભળાવ્યું અને સન્માન સભા પુરી થઇ.

ત્યારબાદ 'અમેરિકન એકેડેમી ફોર એશિયન સ્ટડીઝ' તરફથી તૈયાર કરવામાં આવેલ **"Mahatma Gandhi: The 20th Century Prophet"**–" મહાત્મા ગાંધી: ૨૦ મી સદીના પયગંબર " એ શિર્ષકનું ચિત્રપટ ઉપસ્થિત સભાજનોને દેખાડવામાં આવ્યું હતું. ગાંધી સ્મારક નિધિ તરફથી તૈયાર કરવામાં આવેલ 'ગાંધીજીના ચરિત્રનું' જાણીતું ચિત્રપટ ઘણા લોકોએ જોયું છે. જ્યારે આ ચિત્રપટ અમેરિકન કળાકારોએ તૈયાર કરેલું છે અને આપણા માટે નવું છે. આ ચિત્રપટનું ભારે કુશળતાપૂર્વક નિર્માણ કરવામાં આવ્યું છે. ગાંધીજીનું ૧૯૪૮ જાન્યુઆરી માસની ૩૦ મી તારીખે સાંજે અવસાન

થયું અને તે સંબંધે શોક પ્રદર્શિત કરવા માટે સંયુક્ત રાજ્ય-સંસ્થાની ખાસ સભા બોલાવવામાં આવી. આ શોક સભાનો પ્રસંગ અને જુદા જુદા દેશની રાજ્યપ્રતિનિધિઓના ગાંધીના અવસાન સંબંધે શોક પ્રદર્શિત કરતા અને તેમને આદરભરી અંજલિ આપતા ઉદ્‌ગારો એ સાથે આ ચિત્રપટની શરૂઆત થાય છે અને પછી ગાંધીજીની બાલ્યકાળથી માંડીને તેમના અવસાન સુધીની અનેક ઐતિહાસિક ઘટનાઓને આ ચિત્રપટમાં અત્યન્ત નિપુણતાપૂર્વક ગુંથી લેવામાં આવેલ છે. આ ચિત્રપટની વિશેષતા તેની સાથે સાંકળવામાં આવેલ અંગ્રેજી કોમેન્ટરી—ગાંધીજીના જીવનની તેમના વિચારોની આલોચના—માં રહેલી છે. તે કોમેન્ટરી દ્વારા ગાંધી વિચારનું આપણને અદ્‌ભુત દર્શન થાય છે. ગાંધીજીનું અવસાન, તેમનાં મૃતદેહનો અગ્નિસંસ્કાર, અને તેમના ભસ્માવશેષનું પ્રયાગના વિશાળ જળરાશિમાં વિસર્જન—આ સાથે આ ચિત્રપટ પુરૂં થાય છે.

ગાંધીવાદી ડૉ. કોંગનું સ્વાગત અને ગાંધીજીની ભવ્ય જીવન-કથાનું દર્શન કરાવતા ચિત્રપટની રજુઆત—આ બન્નેનો આ સંમેલનમાં ભારે સંવાદી સુયોગ ઉભો થયો હતો. અને આ પ્રસંગ ઉપર ઉપસ્થિત થયેલા સંખ્યાબંધ ભાઇ બહેનો આજે આપણે કાંઈક નવું જાણ્યું, જોયું, સાંભળ્યું આવા મધુર સંવેદનાપુર્વક છુટા પડ્યા હતાં.

વિનોબાજીના વિચારોને પકડવામાં અનુભવાતી મુશ્કેલી

વિનોબાજીની વિચારોની આલોચના કરવાનું કામ ઘણી વખત મુશ્કેલ બને છે. તેમના અમુક વિધાનોનો અમુક અર્થ સમજીને તે ઉપર આપણે અમુક ટીકા ટીપ્પણી કરીએ અને પાછળથી તે જ વિધાનોનો તેઓ કદિ કદિ એવો બીજો અણધાર્યો અર્થ રજુ કરે છે કે જેથી આપણે આગળ ઉપર કરેલી ટીકા અર્થશૂન્ય બની જાય છે. દા. ત, ઇશ્વરભાઇ દેસાઇ સાથેના વાર્તાલાપ દરમિયાનુ (તા. ૨૬-૧-૫૯ નું ભૂમિપત્ર) વિનોબાજીએ એમ જણાવ્યું છે કે "આજની હાલતમાં અહિંસા પાસે એવી શક્તિ હોવી જોઇએ કે જેર બેઠાં એ આખા જગતમાં શાન્તિ લાવી શકે. એને સારૂ આપણે આપણા નાના નાના પ્રશ્નો પાછળ આપણી પ્રતિકારની શક્તિ વહિ વાપરી નાખીએ. પણ જગતની શાન્તિના કે તેના જેવા જ કોઇ નૈતિક અને વિશ્વને સ્પર્શે તેવા પ્રશ્ન સારૂ એનો સંગ્રહ કરીશું." એ જ વાર્તાલાપમાં આગળ ચાલતાં વિનોબાજીએ જણાવ્યું છે કે "આપણે જો દેશમાં જ માંહોમાંહેની નાની નાની લડાઇઓમાં પ્રતિકારાત્મક સત્યાગ્રહોમાં ખૂપી જઇશું તો આપણો દેશ અહિંસાની શ્રેષ્ઠ શક્તિ પ્રગટ કરવામાં પાછો પડશે." આ ઉપરથી વિનોબાજી દેશમાં આજે અવારનવાર ઉપસ્થિત થતા સ્થાનિક પ્રશ્નો ઉપર પ્રતિકારાત્મક સત્યાગ્રહોને બીલકુલ અનુમત કરતા નથી એમ જ આપણને લાગે. આ સમજણ ઉપર આધાર રાખીને પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં મેં તેમના વિચારોની આલોચના કરતાં એમ જણાવ્યું હતું કે દેશમાં પ્રતિકારાત્મક સત્યાગ્રહ અનિવાર્ય બને તેવી રાજકીય તેમ જ સામાજિક ઘટનાઓ અવારનવાર બને છે અને આવા પ્રસંગોએ સત્યાગ્રહ થવો જ જોઇએ અને એમ કરવાથી સત્યાગ્રહ કરવાની આપણી શક્તિ ઘટતી નથી પણ વધે છે.

ત્યારબાદ તા. ૬-૨-૫૯ નું ભૂમિપુત્ર મારા જોવામાં આવ્યું. તેમાં શ્રી. ભોગીલાલ ગાંધી સાથેના વાર્તાલાપ દરમિયાન વિનોબાજીએ જે વિચારો દર્શાવ્યા છે તે ઉપરથી એમ માલુમ પડે છે કે જગતની શાન્તિના કે તેના જેવા જ કોઇ નૈતિક અને વિશ્વને સ્પર્શે તેવા પ્રશ્નોનો વિનોબાજી કોઇ જુદો જ અર્થ કરે છે અને પરિણામે સ્થાનિક લેખાતા અમુક પ્રશ્નોને તેઓ વિશ્વ-પ્રશ્ન ગણીને તેને લગતા સત્યાગ્રહોને તેઓ સંમત કરે છે, આવકારે છે. તેઓ જણાવે છે કે "હમણાં જ પેલા ભાઇ મારી સાથે બંધમાં જમીન ડૂબવા અંગે (હાથમતી બંધમાં કેટલાક કુટુંબોની જમીનો તથા ઘરો ડૂબવા અંગે) ચર્ચા કરતા હતા. તેમાં મેં કહ્યું તે તમે સાંભળ્યું હશે. એમાં સિદ્ધાન્ત અને વ્યવહાર બન્નેની વાત એક સાથે જ આવી જતી હતી. જુદા જુદા સવાલો વચ્ચે પ્રધાન-ગૌણનો વિવેક કરવો જોઇએ. દા. ત. દ્વિભાષી સ્ટેટ માટે સત્યાગ્રહની જે વાત છે તેને હું જૂજ અને નાનો સવાલ માનું છું. પણ પોતાની જમીન ઉપરથી ખસવું પડે, પોતાનાં ઘરો છોડીને નીકળવું પડે એ પ્રશ્નને હું વિશ્વપ્રશ્ન ગણું છું. હું કહું છું કે નાના પ્રશ્નોમાં સંઘર્ષ શક્તિ વેડફાવી ન જોઇએ, તેનો આ રીતે ફરક થાય છે, બુનિયાદી વાતો, જેમાં નૈતિક પ્રશ્નો 'ઇન્વોલ્વ્ડ' (ભળેલા) હોય, સાધારણ સગવડોનો નહિ એવો જ્યારે સવાલ હોય ત્યારે તે સવાલ ગમે તેટલો નાનો હોય તો પણ તેની વિશ્વવ્યાપક કિંમત છે. એટલે એ પ્રશ્ન નાનો હોવા છતાં મોટો ગણાય. ભાષા અનુસાર પ્રાન્તરચનાનું દૃષ્ટાન્ત લો. એક ભાષાનો અમુક અંશ એક પ્રાન્ત પાસે જતો હોય અને એક બીજો અંશ બીજા પ્રાન્તોમાં વહેંચાઇ જતો હોય તો ભાષાને અન્યાય થાય. તો એ બુનિયાદી સવાલ ગણાય. એને માટે લડવા પણ તૈયાર થઇ શકાય. પણ બે પરિપુર્ણ ભાષાઓ એક સાથે હોય તો એ તો સાધારણ સગવડનો સવાલ થયો. એનું કંઇ નૈતિક મહત્ત્વ નથી. આ રીતે જ્યારે નાના પ્રશ્નો અને મોટા પ્રશ્નોની વાત આવે છે ત્યારે આ રીતે ફરક થાય છે. જેનું નૈતિક મહત્વ હોય છે તે પ્રશ્ન મોટો અને સાધારણ સગવડોનો સવાલ હોય તે પ્રશ્ન નાનો. અને નાના પ્રશ્નોમાં સંઘર્ષ-શક્તિ વેડફાવી ન જોઇએ એટલું હું કહું છું. હવે અહિંનો દાખલો લો. બંધને કારણે ડૂબી જતી જમીનનો સવાલ છે. તે બહુ મોટો સવાલ છે કારણ કે એમાં નાગરિક સ્વાતંત્ર્યનો સવાલ આવે છે. વ્યક્તિના સ્વાતંત્ર્યની મર્યાદા સામે સમાજ કેટલું આક્રમણ કરી શકે તેવા બધા સવાલ એમાં છે."

આ અવતરણમાં રજુ કરવામાં આવેલા વિચારો અત્યન્ત વિવાદાસ્પદ છે. કયો પ્રશ્ન નૈતિક મહત્ત્વનો ગણવો અને કયો પ્રશ્ન નૈતિક મહત્ત્વનો ન ગણવો એ વિષે ઉગ્ર મતભેદ હોવા સંભવ છે. જે નદીના બંધનો તેમાં ઉલ્લેખ છે તે બંધ આસ-પાસના પ્રદેશમાં વસતા લોકોની આબાદી સાથે સંબંધ ધરાવતો હોઇને અમુક વિભાગમાં રહેતા લોકોના રહેઠાણનો ફેરફાર સામુદાયિક કલ્યાણની દૃષ્ટિએ કોઇને આવશ્યક અને સમુચિત લાગે. વિનોબાજી આવી ફરજિયાત કરાવવામાં આવતી હેરફેરને અનૈતિક લેખતા લાગે છે. ભાષાકીય પ્રાન્તરચનાને અનુલક્ષીને તેમણે ઉપર જે મહત્ત્વની રેખા તારવી છે તે અંગે વિચારકોમાં પણ આવો જ મતભેદ હોવાનો સંભવ છે. પણ અહિં તો એટલું જ કહેવાનું પ્રસ્તુત છે કે વિનોબાજી એક ઠેકાણે દેશમાંની માંહોમાંહેની નાની નાની લડાઇઓ અંગે ચાલતા પ્રતિકારાત્મક સત્યાગ્રહનો વિરોધ કરે છે અને બીજે ઠેકાણે વિશ્વપ્રશ્નના નામ ઉપર બંધના કારણે પોતાનાં ઘરબાર છોડવાની ત્યાં વસતા લોકોને વિનોબાજી ના કહે છે અને તે કારણે આક્રમણકારી સત્યાગ્રહ કરવાનો તેઓ આદેશ આપે છે. પરિણામે પહેલા મન્તવ્ય ઉપર આધાર રાખીને કરવામાં આવેલી વિચારણા પછીના મન્તવ્યમાં પ્રકાશમાં ખોટી ઠરે છે, અર્થશૂન્ય બને છે. લોકશાહી અંગેના તેમના વિચારોનું તોલન પણ આ જ કારણે અત્યન્ત વિકટ બની જાય છે. વિનોબાજીને સમજવામાં તેમ જ સમજાવવામાં આ મુશ્કેલી અવારનવાર અનુભવાય છે.

પરમાનંદ

કૂર્માચળની પરિક્રમા

(૧૬ મી ફેબ્રુઆરીના પ્રબુદ્ધ જીવનથી અનુસંધાન)

બે રમુજી અનુભવો

બાગેશ્વરથી પાછા આવ્યા બાદ અમારી સાથેનાં ત્રણ બાળકો જેમનો આગળ ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમને મેં ખૂબ હસતાં ખેલતાં જોયા. તેમનામાંના એકને "ઓ બાપ રે મરી ગયો !" એમ બોલતાં સાંભળ્યો અને મારી સામે જોઇને હસતા દેખ્યો, એટલે બીજો પણ બોલવા લાગ્યો કે "ઓ બાપ રે મરી ગયો" અને મારી સામે જોઇને હસવા લાગ્યો. મેં પૂછ્યું "રાજુલ, કિરણ, આ શું બોલો છો અને કેમ હસો છો ?" તેમને વિશેષ પૂછતાં મને માલુમ પડ્યું કે આગલે દિવસે ગોમતી નદી ઓળંગતા હું પાણીમાં ઝબોળાયલો ત્યારે "ઓ બાપ રે મરી ગયો" એમ હું બૂમ પાડી ઉઠેલો. એ હકીકત હું તો ભૂલી ગયો હતો, પણ છોકરાંઓએ તે પકડી લીધેલું અને જ્યારે અને ત્યારે તેઓ બોલતા રહ્યા કે દાદા, "ઓ બાપ રે મરી ગયો". આ જાણીને મને ભારે રમુજ પડી અને હું પણ ખડખડાટ હસી પડ્યો. એક તો આપણે આપણી બહાદુરીની ગમે તેટલી શેખી કરતા હોઇએ તો પણ કોઇક આફતનો કે શારીરિક અકસ્માતનો સંયોગ ઉભો થાય છે ત્યારે સહજપણે આવા ભયસૂચક ઉદ્‌ગારો આપણા મોઢામાંથી નીકળી જાય છે. આપણા મનના ઊંડાણમાં મૃત્યુનો દેવો ભય રહેલો છે તેનો આ ઉપરથી આપણને ખ્યાલ આવે છે, અને કોઈ પણ આફત આવી તો જાણે કે મૃત્યુ જ સામે આવીને ઉભું રહ્યું હોય એમ આપણા અજ્ઞાત મનને લાગે છે.

અને બીજું બાળકોને મન નાના મોટાનો ભેદ હોતો જ નથી. મોટાનું પણ કોઇક હસવા જેવું તેમના હાથમાં આવે તો તે પકડીને મોટાનો ઉપહાસ કરતાં, ટીખળ કરતાં, નકલ કરતાં તેઓ અચકાતા નથી. પછી વડિલોમાંથી કોઇ તેમને આમ કરવા બાબત ધમકાવે તો પ્રગટ રીતે તેવું ટીખળ કરતાં બંધ થાય છે, પણ એકલા પડે ત્યારે તેમનાં આવાં ટીખળો, ઉપહાસો અને નકલો ચાલતી જ હોય છે.

આવો એક બીજો પ્રસંગ જણાવું. નૈનીતાલમાં અમે એવરેસ્ટ હોટેલમાં હતા તે દરમિયાન સવારના ભાગમાં નવ વાગ્યા લગભગ અમે બ્રેકફાસ્ટ (સવારનો નાસ્તો) માટે નીચેના ડાઇનીંગ રૂમમાં (જમવા બેસવાના ઓરડામાં) જતાં અને એક ટેબલ આસપાસ ગોઠવાતા. બાજુના ટેબલ ઉપર વડોદરા બાજુના એક ડાક્ટરનું કુટુંબ પણ ચા નાસ્તા માટે ગોઠવાતું. ડાક્ટરનાં પત્ની શરીરે જરા સ્થુળ હતાં; અવાજ જરા જાડો ઘોઘરો હતો અને ભાષા હતી ચરોતરી. હોટેલમાં સાથે રહેતાં એકમેકનો પરિચય થયેલો. સવારના નાસ્તા વખતે મળીએ ત્યારે સહજ રીતે એકમેકનાં ખબર પૂછીએ અને નૈનીતાલ કેવું લાગે છે, ગમે છે કે નહિ એવા પરસ્પર સવાલજવાબો ચાલે. આ રીતે વાતવાતમાં ડાક્ટરનાં પત્નીને મેં પૂછ્યું "કેમ તમને અહિં ગમે છે કે નહિ ?" તેમણે ઘોઘરા અવાજે જરા લહેકા સાથે ચરોતરી ભાષામાં જવાબ આપ્યો "હોવે !". છોકરાઓએ આ પકડી લીધું અને પછી જ્યારે ભેગા થાય ત્યારે એકબીજાને પૂછે "કેમ અહિં ગમે છે કે નહિ ?" અને બીજો મોઢું ભારે કરીને જાડા અવાજે જવાબ આપે "હોવે !" અને પછી બન્ને અને ત્રણે સાથે હોય તો ત્રણે બાળકો ખડખડાટ હસી પડે. આ તેમની મસ્કરીની અમને ખબર પડી ત્યારે આપણી સાથે રહેતા માણસોની આમ મસ્કરી ન થાય એમ તેમને ખૂબ સમજાવ્યા અને એટલેથી તેઓ નહિ અટક્યા એટલે ધમકાવ્યા પણ ખરા. આમ છતાં પણ "કેમ અહિં ગમે છે કે નહિ ?" "હોવે" એ તેમની પ્રશ્નોત્તરી ચાલ્યા જ કરી. પણ પછી ધીમે ધીમે વિચાર કરતાં અમને સમજાયું કે આવી બાબતમાં બાળકો દબડાવવાનો કંઇ અર્થ જ નથી. તેઓ ક્રોધનું જાણી જોઇને અપમાન કરવા માગતા નથી તેમ જ સભ્યતાના આપણા ચિત્તમાં રૂઢ થયેલા ખ્યાલો પણ તેમને સ્પર્શ્યા હોતા નથી. કોઇ ઠેકાણે હસવા જેવો ટુચકો હાથ લાગ્યો તો તે ટુચકાનું પુનરાવર્તન કંઇ સમય સુધી કર્યા જ કરવું આ તેમનો સ્વભાવ છે અને એમાં તેમનો નિર્દોષ આનંદ રહેલો છે. આમ વિચારીને તેમને આ બાબતનો ઠપકો આપવાનું તો છોડી દીધું, એટલું જ નહિ પણ, પછી તો અમને પણ તેમનો ચેપ લાગ્યો અને હું કે અજિતભાઇ એકી કે બાબાને પૂછવા લાગ્યા કે "કેમ અહિં ગમે છે કે નહિ ?" અને તેઓ "હોવે !" એમ જવાબ આપવા લાગ્યા અને એવી જ રીતે તેમના સદૃશ પ્રશ્નોનો અમે પણ મોઢું ભારે કરીને, અવાજને ઘોઘરો બનાવીને "હોવે !" એમ જવાબ વાળવા લાગ્યા. અને આમ પરસ્પર હસવા હસાવવાનું ઠીક સમય સુધી ચાલ્યા કર્યું.

કૌસાનીમાં છેલ્લો દિવસ


જુન માસની પહેલી તારીખ અને રવિવાર–આ અમારા કૌસાનીના નિવાસનો છેલ્લો દિવસ હતો. હંમેશા માફક આજે પણ ઉગતા સૂર્યના મંગળ સુભગ દર્શન સાથે અમારો દૈનિક કાર્યક્રમ શરૂ થયો. અહિં અમે રહ્યા એ દરમિયાન હિમ-શિખરોનાં ગણ્યાગાંઠ્યા દિવસોએ દર્શન થયાં હતાં. પણ પૂર્વાકાશમાં જુદી જુદી કળા ધારણ કરતો સૂર્યોદય નિહાળવાનો આનંદ તો અમને હંમેશા પ્રાપ્ત થતો જ હતો. આજના સુધરેલા લેખાતા જીવનમાં મોડા સુવું અને મોડા ઉઠવું એ લગ-ભગ એક ચાલુ પ્રથા જેવું બની ગયું છે. કુદરતે ગોઠવેલી–ખાસ કરીને આપણા દેશ પૂરતી–દિનરાતની રચનાથી આ પ્રથા વિપરીત છે અને પશ્ચિમના દેશોમાંથી આવી ઉતરેલી છે. આપણા દિવસ અને રાત સરેરાશ બાર કલાકના હોય છે. દિવસના ઉગવા સાથે દૈનિક પ્રવૃત્તિઓનો આરંભ થાય અને રાત્રીના આગમન સાથે બધી પ્રવૃત્તિઓ સંકેલાવા લાગે અને નિવૃત્તિનો–આરામનો–આદર કરવામાં આવે. દૈનિક જીવનનો આવો ક્રમ આપણા માટે સ્વાભા-વિક લેખાવો જોઇએ. સવારના વહેલા ઉઠવું, બે ત્રણ માઇલ ફરવા જવું, આકાશમાં ખીલતા અરૂણોદયને–સૂર્યોદયને-ફરતાં ફરતાં કે કોઈ ઉંચા સ્થાન ઉપર સ્થિર થઇને નિહાળવો–આનો જે આલ્હાદ છે, મન તથા શરીરને આથી જે તાજગી મળે છે તેનો સવારના સાત, આઠ અને કોઈ કોઇ કીસ્સામાં નવ વાગ્યા સુધી બીછાનાને નહિ છોડતા લોકોને શી રીતે ખ્યાલ આવે ? ચોવીશ કલાકના દિવસમાં હંમેશા બે અદ્‌ભુત અને ગહન ઘટનાઓ બને છે: એક સૂર્યના આગમનને લગતી; બીજી સૂર્યના વિસર્જનને લગતી. આ ઘટનાઓ હંમેશા બનતી હોઇને તેનું કોઇ મહત્ત્વ સાધારણ લોકોના દિલમાં હોતું નથી. પણ જેનામાં સમજણ ઉગી છે, દૃષ્ટિ ખુલી છે, રસવૃત્તિ વિકસી છે, સૌન્દર્યને જાણવા અને માણ-વાની તમન્ના જગી છે તેના માટે આ બન્ને ઘટનાઓ આધ્યાત્મિક અનુભૂતિની પ્રેરક અને ઇશ્વરાનુસંધાનની ઉત્પાદક બની શકે છે. પૂર્વક્ષિતિજની કોર ઉપરથી સૂર્યના લાલ બિંબને ધીમે ધીમે ઉંચે આવતું જોવા સાથે સ્થૂળ ભૌતિક દુનિયાના સ્તર ઉપરથી આપણું મન પણ ઉંચે ઉઠવા લાગે છે અને કોઇક અલૌકિક આપણી સામે બની રહ્યું છે, ભજવાઈ રહ્યું છે એવું સંવેદન ચિત્તતંત્રને કંપાયમાન કરવા માંડે છે. આ જ સૂર્યોદય અને સૂર્યાસ્ત પહાડી પ્રદેશોમાં કોઇ જુદી જ વિલક્ષણતા ધારણ કરે છે. પહાડનું ગંભીર વાતાવરણ, ધુમ્મસનાં ચાલુ આવરણ–અનાવરણ, કોઇ પર્વતની કોર પાછળથી થતો સૂર્યનો ઉગમ અને એવી જ રીતે અન્ય કોઈ પર્વતની પાછળ થતું તેનું વિલોપન, વાદળોના અવારનવાર થતા અવરોધોના કારણે સૂર્યકિરણોનું ચાલ્યા કરતું વક્રીકરણ અને તેના લીધે ભૂતળ ઉપર રચાતા પ્રકાશ–છાયાના નાના મોટા વેલણટૂકા–

આવાં કારણોને લીધે પહાડી પ્રદેશના સૂર્યોદયો અને સૂર્યાસ્તો વધારે મોહક અને રોમાંચક લાગે છે.

બપોરના ભાગમાં અજિતભાઇ, મારી પત્ની અને બાળકોને લઇને સરલાદેવીના આશ્રમ તરફ ગયા હતા. હું બેઠો બેઠો પત્રો લખતો હતો અથવા તો આલ્મોરામાં કયાં જવું અને શું જોવું તેનો આલ્મોરાની ગાઇડ ઉપરથી કાર્યક્રમ ઘડતો હતો. બહેન મેના ટેબલ ઉપર ચિત્રફલક પાથરીને સામે દેખતું દૃષ્ય આલેખી રહી હતી. હિમપર્વતો સવારના ભાગમાં તો અદૃષ્ટ રહ્યા હતા, પણ બપોરના ભાગમાં બે દિશાઓથી વાદળનાં આવરણો ધીમે ધીમે ઊંચકાઈ રહ્યાં હતાં અને તેનાં જુદાં જુદાં શિખરો અમારી સાથે સંતાકુકડી રમતાં હતાં. ઘડિ લખું, ઘડિ સામે બદલાતી જતી દૃષ્યલીલા નિરખ્યા કરું – એમ દ્વિલક્ષી પ્રક્રિયા વચ્ચે, વહેતા જતા ઝરણાની માફક સમયનું વહેણ ધીમે ધીમે વહી રહ્યું હતું. સૂર્ય મધ્ય આકાશથી પશ્ચિમ બાજુ સરી રહ્યો હતો અને તેના પ્રકાશની પ્રખરતા ધીમે ધીમે ઘટતી જતી હતી અને સામે બદલાતા જતા તખ્તાના કારણે કદાચ આજે સાંજે હિમપર્વતો સ્પષ્ટપણે જોવા મળે એવી આશા ઉભી થતી હતી.

અજિતભાઇ લક્ષ્મી આશ્રમ જોઇને અને સરલાદેવીની રજા લઇને પાછા આવી ગયા હતા. થોડા આશ્રમથી ગોરખભાઇ અને મહાત્મારાયજી પણ અમને મળવા માટે આવી ચડ્યા હતા. ઓશરીમાં સૌ છુટાછવાયા ગોઠવાઈ ગયા અને સામે પ્રત્યક્ષ બની રહેલાં હિમશિખરોને નિહાળવા લાગ્યા. આમ એકઠા થઇએ ત્યારે ચા પાણી તો હોય જ. દેશની અદ્યતન પરિસ્થિતિ, ખાદી પ્રવૃત્તિ, ભૂદાન, ગ્રામદાન, ગાંધીજી અને વિનોબાજી, ભારત અને પાકીસ્તાન, અમેરિકા અને રશીઆ, દેશમાં વધતી જતી વિભાજક મનોદશા, – આમ અનેક ગંભીર વિષયો ઉપર અમારી વચ્ચે હળવી ચર્ચા ચાલતી રહી. આવતે વર્ષે આપણે બધાં કૈલાસ માનસસરોવર જઇશું અને તે માટે આવા આવા પ્રકારનો પ્રબંધ ગોઠવીશું – આવું આયોજન પણ અમે વિચારી લીધું. મહાત્મારાયજી આ બાજુ વર્ષોથી કામ કરતા હતા. તેઓ તેમ જ ગોરખભાઇ આ પહાડી પ્રદેશોનો – આ બાજુ વસતી પ્રજાના જીવનનો – ઠીક ઠીક અનુભવ ધરાવતા હતા. આ અનુભવમાંથી તારવી તારવીને તે બન્ને મિત્રોએ અમને કેટલીક વાતો સંભળાવી. અહિં પહાડમાં વસતો આદમી નીચેના સપાટ પ્રદેશો ઉપર જાય તો બન્ને પ્રદેશના ભિન્ન સ્વરૂપ અંગે તેનું સંવેદન કેવું હોય છે તેનો નીચેના તેમના એક અનુભવ ઉપરથી મહાત્મારાયજીએ ખ્યાલ આપ્યો. તેમણે જણાવ્યું કે "હું કાનપુર કે દીલ્હીના ગાંધી આશ્રમમાં હતો એ દરમિયાન એક પહાડી આદમી કંઇ કામસર આવ્યો અને અમારી સાથે બે ત્રણ દિવસ રહ્યો, પણ શહેરી રસ્તાઓ અને ગલીગુંચીથી ખૂબ કંટાળી ગયો. તેણે જણાવ્યું કે "આ શહેરની ગલીગુંચીથી હું તો ત્રાસી ગયો છું. જે કોઇ ઠેકાણે જવું હોય તે એટલું બધું લાંબું લાગે અને કેમે કરીને દેખાય જ નહિ. પહાડમાં તો જ્યાં જવું હોય તે સામે દેખાય – ભલેને ત્રણ ચાર માઇલ દૂર હોય – અને જલ્દીથી પહોંચી જવાય." પહાડીની દૃષ્ટિએ આ સંવેદન તદ્દન સાચું અને સ્વાભાવિક હતું.

આમ અમારો વાર્તાલાપ ચાલી રહ્યો હતો એ દરમિયાન હિમપર્વતો આડેનાં સર્વ આવરણો ખસી ગયાં હતાં અને ૨૧૦ માઇલની આખી રેઇન્જ-શિખરમાળ-ભારે સ્પષ્ટ અને ચાર દિવસ પહેલાં જોવામાં આવી હતી તેથી પણ વધારે ચોખ્ખી દેખાવા લાગી. કારણ કે સવારના વખતમાં સૂર્ય એક ખૂણે પાછળના ભાગમાંથી આવતો હોઇને સૂર્યનો સીધો તડકો આ શિખરમાળ ઉપર પડતો નહોતો, જ્યારે અત્યારે પશ્ચિમ આકાશમાં નીચે ઉતરી રહેલા સૂર્યનો તડકો સીધો હિમપર્વતો ઉપર પડતો હતો અને તેને લીધે એ પ્રદેશો રૂના પોલ જેવા-સ્ફટિક જેવા-ચકચકિત લાગતા હતા. સૂર્ય જેમ નીચે ઉતરતો ગયો તેમ સૂર્ય પ્રકાશ પીળાશ ધારણ કરવા લાગ્યો અને પરિણામે હિમપર્વતોએ પણ સોનેરી રંગ ધારણ કર્યો. "આ ત્રિશૂલ છે, આ નંદાકોટ છે, વચ્ચે આંખો દૂર દેખાય છે તે નંદાદેવી છે, ડાબી બાજુએ કામઠ ઉંચું માથું રાખીને ઉભો છે. ઉત્તર દિશાના બીજે છેડે કેદારનાથ અને બદ્રીનાથ ડોકીયું કરી રહ્યા છે." આમ એકમેકને સામેનાં હિમશિખરોની ઓળખાણ કરવા કરાવવામાં અમે ભારે ઉત્સાહ અનુભવવા લાગ્યા. ગોરખભાઇનું કહેવું હતું કે આ ઋતુમાં સવારના ભાગમાં તો હિમપર્વતો અવાર નવાર ચોખ્ખા દેખાતાં હોય છે. પણ સાંજના ભાગમાં આવું સ્પષ્ટ દર્શન ભાગ્યે જ થાય છે. સૂર્યની અધોગતિ સાથે હિમપ્રર્વતો ઉપરની રંગછાયા બદલાયે જતી હતી. શુદ્ધ સફેદમાંથી આછો પીળો, તેમાંથી ઘેરો સોનેરી, તેમાં વળી લાલ ગુલાબી રંગની આછી છાંટ, અને તેમાંથી છેવટે શુદ્ધ ચકચકતા ત્રાંબા જેવો લાલ રંગ-આમ હિમપર્વતો ઉપર ચાલી રહેલી વર્ણપરિવર્તનની લીલા આંખોને મુગ્ધ બનાવી રહી હતી. સામેનાં બધાં શિખરોમાં પણ મહાદેવના ત્રિશૂળનું સ્મરણ કરાવતો ત્રણ શિખરોવાળો ત્રિશૂળ અમારું સૌથી વધારે ધ્યાન ખેંચતો હતો. બીજા હિમપર્વતો કરતાં પ્રમાણમાં તે કાંઇક વધારે નજીક હોઇને સૌથી વધારે ઊંચો અને પ્રભાવશાળી લાગતો હતો. આ હિમશિખરો સીધી લીટીએ ૩૦થી ૩૫ માઇલ અન્તરે હોવાનું પાસે બેઠેલા મિત્રો જણાવતા હતા. સૂર્ય હવે તો આથમી ચૂકયો હતો. હિમશિખરો ઉપર પ્રતિબિંબિત થઇ રહેલાં કિરણો લુપ્ત થવા માંડ્યા હતાં. આમ છતાં પણ ત્રિશૂળ ઉપર હજુ પણ ત્રાંબીયો લાલ રંગ ચોંટી રહ્યો હતો. એ પણ આખરે અલોપ થયો અને હિમપર્વતોએ જાણે કે વર્ણ-વિકારમાંથી મુકિત મેળવી ન હોય તેમ હવે આખી શિખરમાળે રાખોડી ભુખરી કાન્તિ ધારણ કરી હતી. સામેનું દૃષ્ય કોઇ જટાધારી જોગી સોડ પાથરીને સૂતો ન હોય - ઉમાપતિ, ચંદ્રમૌલીશ્વર, નીલકંઠ મહાદેવ જાણે કે અમારી સામે પ્રગટ થયા ન હોય–એવો ગહન, ગૂઢ, ભવ્યતાથી પણ ઉપરનો કોઇ ભાવ દાખવતું હતું. આજે અમે હિમપર્વત-



દિવસના ભાગમાં હિમશિખરોનું દર્શન


તેના સમગ્ર વિસ્તારનાં જે સ્પષ્ટતાપૂર્વક મન ભરીને દર્શન કર્યાં તે કારણે અમારો અહિંનો નિવાસ સર્વ પ્રકારે અર્થસભર બની ગયો હોય એવી ઊંડી તૃપ્તિ અમે અનુભવવા લાગ્યા.

દિવસ પૂરો થયો; અજવાળાં સંકેલાવા લાગ્યાં. રાત્રીનો પ્રારંભ થયો; સ્પષ્ટ હતું તે અગોચર બનવા લાગ્યું; ઢાળ ઢોળાવ, ખીણ, મેદાન અને પાછળ આવેલા પર્વતોની હારમાળા – આમ એકથી અન્યને વિભાજિત કરતી સ્પષ્ટ અને ઘેરી રેખાઓ આછી અને અસ્પષ્ટ બનવા લાગી અને બધું એકરૂપ બની રહ્યું હોય એવો ભાસ થવા માંડ્યો. આજે જેઠ મહીનાની પૂર્ણિમા હતી. પૂર્વઆકાશમાં સોળે કળાએ શોભતો ચંદ્ર ઉગી રહ્યો હતો અને ગિરિમાળાઓ ઉપર પોતાનાં ધવલ તેજ પાથરી રહ્યો હતો. એટલે જવાનો વખત થયો એમ સમજીને મહાત્મારાયજી અને ગોરખભાઇ ચનોદા જવા માટે ઉભા થયા. અમે કહ્યું "હવે અત્યારે ક્યાં જશો ? અહિં રોકાઇ જાઓને ?" તેમણે જવાબ આપ્યો કે "અમે એમ સમજીને જ આવ્યા હતા કે આવતી કાલે તમે જવાના છો તો સાંજે તમને મળી લઇએ, અને પછી ચાંદનીમાં ચનોદા સુધી ચાલી જવામાં મજા પડશે." 'જો બીજે દિવસે અહિંથી વિદાય થવાનું ન હોત તો હું પણ તેમની સાથે ચાંદનીમાં ભટકવા નીકળી પડ્યો હોત' એવો વિચાર તેમને જતા જોઇને મારા ચિત્તને સ્પર્શી ગયો. તેમની સાથેનો અમારો પરિચય તો બહુ ટુંકો હતો. એમ છતાં પણ તેમનું સૌજન્ય, સૌહાર્દ, સાદાઇ અને સંસ્કારિતાના કારણે તેમના વિષે અમારું દિલ ઊંડી પ્રીતિ અનુભવતું થયું હતું. આ કારણે સ્વજનો છુટા પડે અને ખિન્નતા અનુભવે એવી ખિન્નતાપૂર્વક અમે છુટા પડ્યા.

પછી અમે ભોજનાદિથી પરવારીને સુવાની તૈયારી કરવા લાગ્યા. પણ એમ જલ્દિથી ઉંઘ કેમ આવે ? આજે તો પૂર્ણિમા હતી. સમગ્ર ગિરિપ્રદેશ ઉપર ચંદ્રમા અમૃતસુધા વરસાવી રહ્યો હતો. પેલાં હિમપર્વતો પણ રૂના પોલ જેવા અસ્પષ્ટ અને એમ છતાં મુખ્ય શિખરોને આંખો તારવી શકે એટલાં સ્પષ્ટ અમારી આંખોને વારે વારે પોતા તરફ ખેંચી રહ્યાં હતાં. આ કારણે, અમે ઘરમાં હતાં, છતાં અમારી નજર બહાર જ દોડ્યા કરતી હતી. આ પ્રદેશ પહાડી હતો, રજનીના આગમનને લીધે શ્યામવર્ણ બનેલું આકાશ સ્વચ્છ નિર્મળ હતું. પરિણામે પૂર્ણકળાએ ખીલી રહેલા ચંદ્રની આભા, આપણે સપાટ પ્રદેશ ઉપર અનુભવીએ છીએ તે કરતાં ઘણી વધારે ઉજ્જવળ અને જાણે કે આંખોને આંજી દેતી હોય એવી જાજરમાન લાગતી હતી. ચંદ્રનું ફલક ચકચકિત રૂપાની થાળી જેવું નહિ પણ જાણે કે ઝગમગતા હીરાથી છલકાતા રૂપાના પાત્ર જેવું ઝળકી રહ્યું હતું. વ્યાપી રહેલી કૌમુદીને લીધે આસપાસની વૃક્ષશ્રી નવલ રૂપ ધારણ કરી રહી હતી. આવતી કાલે સવારે અહિંથી ઉપડવાનું હતું. તે માટે વહેલા ઉઠીને સામાન પેક કરવાનો હતો. તેથી બને તેટલાં વહેલાં સુવું જોઇએ એમ એક મન કહેતું હતું. બીજું મન એમ કહેતું હતું કે આજે જ્યારે બહાર ચોતરફ તેજનો – પ્રકાશનો – ઉત્સવસમારંભ ચાલી રહ્યો છે ત્યારે ઓરડામાં પુરાઇને સુઇ કેમ શકાય ? શરીર ઉંઘવા માંગતું હતું, પણ મન તો આજની રાત માણવા માંગતું હતું. સવારે વહેલાં ઉઠવાના ખ્યાલથી અને શરીરની માગણીને વશ થઇને હું સૂતો અને થાકને લીધે ઉંઘ પણ આવી ગઇ. પણ પાછો મધરાત બાદ ઉઠ્યો; બહાર આવ્યો; નીચે ખુલ્લી જગ્યામાં ફરવા લાગ્યો. અમારી પાછળ છવાયલો પર્વતનો ઉંચાણ ભાગ હતો અને તે ઉપર મધ્યાકાશને વટાવીને પશ્ચિમલક્ષી ચંદ્રબિંબ જાણે કે લટકતું હતું અને ચોતરફ શિતરશ્મિઓ વરસાવી રહ્યું હતું. સામે વિશાળ હિમાલય અમાપ ક્ષેત્રફળને આવરી રહ્યો હતો. અવર્ણનીય ગૂઢતાનું – ગહનતાનું – સંવેદન આન્તરમનને ઘેરી રહ્યું હતું. ગાંભીર્ય અને આનંદની મિશ્ર લાગણીઓ ચિત્તતંત્રીના તારોને હલાવી રહી હતી. આત્મા શબ્દાતીત પ્રસન્નતા અનુભવી રહ્યો હતો. આમ ફરતાં, બેસતાં, ઉભા રહેતાં કેટલો સમય ગયો તેની ખબર ન રહી. આખરે શરીરે સુવાની ફરજ પાડી થોડું સુતો, ન સુતો અને સવાર પડી.

હિમપર્વતો અમારી ઉપર જાણે કે તુષ્ટમાન ન હોય અને અમને અહિંથી પુરા ધરવીને વિદાય આપવા માગતા ન હોય એમ આજે પણ અમારી સામે તેઓ સ્પષ્ટ આકારમાં ઉપસ્થિત થયા હતા. પરમ વિશ્વવ્યાપી ચૈતન્યના જાણે કે તે પ્રતીક ન હોય એમ અમારું દિલ તેમના વિષે ભક્તિભાવથી પ્રણત બન્યું અને મનથી વન્દન કરીને તેમની અમે રજા લીધી.

અહિં અમે આઠ દિવસ રહ્યા તે દરમિયાન નારાયણ નામનો અહિંનો બાર તેર વર્ષનો છોકરો અમારું પરચૂરણ કામ કરતો હતો. ગરીબી એટલી બધી કે તેની પાસે પહેરવાનાં સરખાં કપડાં નહોતાં અને હતાં તે ફાટેલાં તુટેલાં. ભણતર તો તેના ભાગ્યમાં ક્યાંથી હોય ? ગંગાકુટિરના માલીક કેપ્ટન દોલતસિંહના ખેતરમાં તે કામ કરતો હતો. અમે આવ્યા એટલે અમારા કામકાજ માટે તેમણે અમને સુપ્રત કર્યો. તેનું મોઢું નમણું હતું અને તેની વાણી ભારે મીઠી હતી. મુંબઇ બાજુએ ધાંટીઓ અને રસોઇઆઓની જેણે તુમાખી જોઈ હોય તેને તો આની નરમાશ જોઇને નવાઈ જ લાગે. જે કાંઈ કામ બતાવો તે બધું કરે. જરા પણ થાકે નહિ, કંટાળે નહિ કે મોં બગાડે નહિ. જે કાંઇ કહીએ તે 'જી હજુર' કહીને સાંભળી લે અને જરૂર હોય એટલો જ જવાબ આપે. અમે અહિં હતા તે દરમિયાન એક દિવસે સાંજે ખૂબ વરસાદ આવેલો અને મેના તથા અજિતભાઇનું શું થયું હશે એની અમે ચિન્તા કરતા હતા ત્યારે છત્રીઓ અને ટોર્ચ લઇને તે જવા તૈયાર થયેલો. તેની ગરીબી તેના પાસે અવારનવાર બોલાવતી હતી કે "મને મુંબઇ લઇ જાઓને ! આપ કહેશો તે બધું કામ કરીશ." આવા છોકરાને મુંબઇ ઉપાડી લાવવાનું મન તો બહુ થાય, પણ તેના માબાપનો તે એકનો એક છોકરો. આવી જવાબદારી લેવાની અમારી હીંમત ન ચાલી.



પૂર્ણિમાની રાત્રીએ હિમશિખરોનું દર્શન

મુંબઈ જૈન યુવકસંઘનો ખુલાસો

શ્રી. સારાભાઇ એન શાહ તરફથી 'લોકતંત્ર' અને અનેક સામયિકોમાં કેટલાક સમયથી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહી સંબંધમાં ચર્ચાપત્રો પ્રગટ થઇ રહ્યા છે. આ ચર્ચાપત્રોએ સંઘની કાર્યવાહી સંબંધમાં કેટલીક ગેરસમજુતી પેદા કરી છે. તેથી તે વિષે ખુલાસો કરવાની જરૂર લાગવાથી સંઘની કાર્યવાહક સમિતિ તરફથી આ નિવેદન પ્રગટ કરવામાં આવે છે.

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી છેલ્લા પાંચ-સાત વર્ષથી વાર્ષિક સમૂહભોજન ગોઠવવામાં આવે છે. આ સમૂહભોજન સભ્યદીઠ ભોજન ખર્ચ પૂરતો ચોકકસ ફાળો લઇને યોજવામાં આવે છે. ગયા વર્ષે દેશમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિ હોવાના કારણે આવું સમૂહભોજન યોજવામાં આવ્યું નહોતું. આ વર્ષે તા. ૩૧-૧૦-૫૮ ના રોજ મળેલી કાર્યવાહક સમિતિએ સંઘ તરફથી અનુકુળ સમયે આવું સમૂહભોજન ગોઠવવું એમ નકકી કરવામાં આવ્યું હતું અને તેને લગતી જાહેરાત તા. ૧૫-૧૧-૫૮ ના પ્રબુધ્ધ જીવનમાં કરવામાં આવી હતી. આ જાહેરાત વાંચીને આવા સમૂહભોજનો નહિ ગોઠવવાનો અનુરોધ કરતો તા. ૧૨-૧૨-૫૮ ના રોજ એક પત્ર શ્રી. સારાભાઇ એન. શાહે સંઘના મંત્રી ઉપર લખ્યો હતો. એ જ પત્રમાં સંઘની કાર્યવાહીની ટીકા કરતા તેમના પત્રો સંઘના મુખપત્ર પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ નહિ કરવા બદલ તેમણે વાંધો ઉઠાવ્યો હતો અને તેવા ચર્ચાપત્રો પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવા જોઇએ એવો તેમણે આગ્રહ દાખવ્યો હતો.

આ પત્રના જવાબમાં શ્રી. સારાભાઇ એન. શાહને તા. ૨-૧-૫૯ ના રોજ મળનારી કાર્યવાહક સમિતિની સભામાં રજુ થનાર તેમના પંત્રને લગતી ચર્ચામાં ભાગ લેવા માટે હાજર રહેવાનું નિમંત્રણ આપવામાં આવ્યું હતું. અને એ મુજબ તા. ૨-૧-૫૯ ના રોજ મળેલી કાર્યવાહક સમિતિની સભામાં તેઓ હાજર રહ્યા હતા. અને તેમનો પત્ર રજુ કરવા સાથે તેમનાં વિચારો વ્યકત કરવાની તેમને પુરી તક આપવામાં આવી હતી. અને તેમની સાથે કાર્યવાહક સમિતિના સભ્યોએ લાંબી ચર્ચા કરી હતી.

શ્રી. સારાભાઇ એન. શાહે આ ચર્ચા દરમિયાન રજૂ કરેલા વિચારોનો સાર એ હતો કે આવા સમૂહભોજનો યોજવા એ સંઘને જરા પણ શોભતું નથી; આ સંબંધમાં સંઘનું ત્રણ-ચાર વાર ખાસ ધ્યાન ખેંચવા છતાં આવાં ભોજનો ગોઠવવાના મોહને સંઘ છોડતો નથી; સંઘે આવાં સમૂહભોજનો હંમેશાને માટે બંધ કરવા જ જોઇએ અને સભ્ય તરફથી સંઘની કાર્યવાહીની ટીકા કરતાં ચર્ચાપત્રો પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થવા જ જોઇએ. સંઘના સભ્યોનો આ ખાસ હકક છે.

આ સંબંધમાં કાર્યવાહકો તરફથી એમ જણાવવામાં આવ્યું હતું કે જે પ્રકારનું સમૂહભોજન યોજવાનું સંઘની કાર્યવાહી વિચારે છે એ અને આજે લગ્ન યા ધાર્મિક સમારંભ નિમિત્તે યોજાતા મોટા પાયા ઉપરના ભોજન સમારંભો વચ્ચે ઘણો મોટો તફાવત છે, અને સંઘ જે પ્રકારનું સહકારી સમૂહભોજન યોજવા ધારે છે તે સંઘના કોઇ પણ ઉદ્દેશ કે નીતિને બાધક નથી અને પરસ્પર ભાઇચારાની વૃદ્ધિનું સાધક છે. અને સંઘની કાર્યવાહીની ટીકા કરતાં ચર્ચાપત્રો પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ નહિ કરવાની નીતિ સંબંધમાં એમ જણાવવામાં આવ્યું હતું કે જ્યારે પણ કોઇ સભ્યને સંઘની કોઇ પણ કાર્યવાહીથી અસંતોષ થાય ત્યારે તે વિષે તે સંઘની કાર્યવાહક સમિતિને લખી શકે છે અને કાર્યવાહક સમિતિના સભ્યો સાથે ચર્ચા કરી શકે છે. અને તેથી તેને સંતોષ ન થાય તો જરૂરી સભ્યોની સહીઓ મેળવીને રીકવીઝીનથી સંઘના સભ્યોની અસાધારણ સભા તે બોલાવી શકે છે અને પ્રસ્તુત બાબતમાં તેનો નિર્ણય મેળવી શકે છે. સંઘની કાર્યવાહીથી અસંતોષ અનુભવતા કોઇ પણ સભ્ય માટે આ બંધારણીય માર્ગ છે. સંઘના મુખપત્રનું કાર્ય સંઘના ઉદ્દેશો અને કાર્યનીતિને પોષે તેવા લેખો અને વિચારો પ્રગટ કરવાનું છે. અને સંઘ તરફથી ચાલતી પ્રવૃત્તિઓને જરૂરી જાહેરાત આપવાનું છે. સંઘની ચાલુ કાર્યવાહીની ટીકા કરતાં ચર્ચાપત્રોને સાધારણ રીતે સંઘના મુખપત્રમાં પ્રગટ કરી શકાય નહિ. કારણ કે તેમ કરવાથી સંઘનું મુખપત્ર ચર્ચાપત્રો અને તેના ખુલાસાઓમાં અટવાઇ જાય, અને એમ થતાં આજે પ્રબુદ્ધ જીવન માટે અખત્યાર કરવામાં આવેલ ધોરણ જાળવવાનું અશકય બની જાય.

આમ પરસ્પર લાંબી ચર્ચા ચાલવા છતાં શ્રી. સારાભાઇ પોતાના વિચારોનો કાર્યવાહક સમિતિના સભ્યો પાસે સ્વીકાર કરાવી શકયા નહિ અને કાર્યવાહક સમિતિએ સમૂહ-ભોજનનો ઠરાવ કાયમ રાખવાનું અને પ્રબુદ્ધ જીવનને લગતી અખત્યાર કરવામાં આવેલી નીતિને વળગી રહેવાનું સર્વાનુમતે ઠરાવ્યું. શ્રી. સારાભાઇ શાહની આ બે માગણીઓ નામંજૂર થતાં તેમણે જાહેર દૈનિક પત્રોમાં-વિશેષ કરીને લોકતંત્રમાં-સંઘની કાર્યવાહી સામે ચર્ચાપત્રો ને લેખો લખવાનું શરૂ કર્યું. આ સંબંધમાં સંઘના મંત્રી તરફથી તા. ૧૮-૧-૫૯ના રોજ પત્ર લખીને તેમનું ધ્યાન ખેંચવામાં આવ્યું કે તેઓ સંઘના સભ્ય હોઇને જાહેર પત્રોમાં સંઘની કાર્યવાહી સામે ચર્ચાપત્રો અને લેખો લખી રહ્યા છે તે યોગ્ય નથી તેમજ બંધારણીય પ્રથાથી તદન વિરૂદ્ધ છે, પણ આ ચેતવણી સામે કેવળ દુર્લક્ષ સેવીને તેમણે સંઘની કાર્યવાહી સામે તથા તેના અગ્રગણ્ય કાર્યકર્તા સામે ઝુંબેશ શરૂ કરી છે અને અનેક બાબતને વિકૃત રૂપ આપીને તેઓ સંઘ વિષે તરેહ-તરેહની ગેરસમજુતીઓ ઉભી કરી રહ્યા છે. એના મૂળમાં તેમની બે માગણીઓના અસ્વીકારથી તેમને થયેલો તીવ્ર અસંતોષ છે, અને એ અસંતોષથી આઘાત પામેલા માનસના આ બધા સ્વાભાવિક પ્રત્યાઘાતો છે, તે ઉપરની વિગતો જેઓ વાંચશે તેમના ધ્યાય ઉપર આવ્યા વિના નહિ રહે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મંત્રીઓ,
મુંબઇ-૩. **મુંબઈ જૈન યુવક સંઘ**

(પાછળના પાનાથી ચાલુ)

થોડા દિવસ પહેલાં સર્વોદય હોટેલથી આગળ એક ઘી, તેલ અનાજ અને પરચુરણ ચીજો વેચતી દુકાનેથી અમે ડાલડા ખરીદતા હતા એવામાં તે દુકાનના થડા ઉપર બેઠેલા છોકરાના બાપને મળવાનું બન્યું. તેનું નામ ગંગારામજી. ઉમ્મર ૭૦ વર્ષ ઉપર હશે. વાળ ધોળા અને આંખે જરીપુરાણા ચશ્મા ચઢાવેલા. અને ગાલમાં ખાડા પડેલા. તેમની સાથે વાત કરતાં તેઓ સ્વામી આનંદને સારી પેઠે જાણતા હતા એમ અમને માલુમ પડયું. અમને સ્વામીના મિત્ર જાણીને તેમને ખૂબ આનંદ થયો. સ્વામી આનંદ વિષે બોલતાં તેમણે જણાવ્યું કે "સ્વામી અમારો મોટો વસામો હતા અને સુખદુઃખની વાતો કરવાનું-મન બોલવાનું-તેઓ એક સ્થાન હતા. તેમનું અહિં વસવું અનેકને આશીર્વાદ-રૂપ હતું. તેઓ અહિં રહેતા અને અમે તેમને મળતા ત્યારે દુનિયામાં અને આપણા દેશમાં શું ચાલી રહ્યું છે તેની અમને તેમની પાસેથી ખબર પડતા. અમારી કોઇ પણ અગવડ ટાળવા તેઓ સદા તત્પર રહેતા. તેઓ હવે તો અમને સદાને માટે છોડી ગયા છે" એમ કહીને એ વિષે તેમણે ઊંડી ચિન્તા વ્યકત કરી. તેઓ બે વાર અમને ગંગાકુટિરમાં મળી ગયા. પહેલી વાર આવ્યા ત્યારે અમારા માટે થોડાં ફુલ લઇને આવ્યા હતા. બીજી વાર આવ્યા ત્યારે થોડાં ફળ લઇ આવ્યા. આવો તેમનો વિવેક-સભ્યતા જોઇને અમે ખૂબ રાજી થયા. તેમની સાથેની વાતમાં પણ તે બાજુની ગરીબાઇ-કેમ જીવવું અને ટકવું-તેની ઊંડી મુંઝવણ તરી આવતી હતી. આવી પરિસ્થિતિમાં આવો વયોવૃદ્ધ આદમી પોતાનાં ભૂતકાળનાં વર્ષો યાદ કરે-"ત્યારે કેવી નીરાંત હતી અને સુખ હતું? પેટ ભરવાની જરા પણ ચિન્તા નહોતી અને ભગવદ્‌ભજન પણ સુખેથી ચાલ્યા કરતું હતું." એમ કહીને આગળનાં વર્ષોની સુખમયતા અને આજની આર્થિક ભીંસની સરખામણી કરે અને આજની અકળામણમાં ધરમ કે ભાકતમાં કશું ધ્યાન ચોંટતું નથી એમ જણાવે એ સ્વાભાવિક છે.

અપૂર્ણ **પરમાનંદ**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, એપ્રીલ ૧, ૧૯૫૯, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.


શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

સંઘ આયોજિત નૃત્યલક્ષી સંસ્કારસંમેલન

"કળા કેવળ રંજનનું નહીં, પણ આત્માની અભિવ્યક્તિનું સર્વતોભદ્ર સાધન છે."

ઝવેરી-ભગિનીઓનો પરિચય



માર્ચ માસની ૧૬મી તારીખ અને સોમવારે સાંજે સાત વાગ્યે મુંબઇ ખાતે મરીન લાઇન્સ સ્ટેશન પાછળ આવેલા તારાબાઇ હોલમાં મુંબઇ જૈન યુવક સંઘ તરફથી નૃત્યપ્રયોગો દ્વારા મણિપુરી નર્તનની સમજુતી આપતું એક સંસ્કાર સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનની વિગતો આપવામાં આવે તે પહેલાં પ્રસ્તુત નૃત્યપ્રયોગો રજુ કરનાર ઝવેરી-ભગિનીઓનો થોડો પરિચય આપવો આવશ્યક લાગે છે. આ બહેનોનાં નામ છે નયના, રંજના, સુવર્ણા અને દર્શના. તેમના પિતાનું નામ છે શ્રી. નવનીતલાલ સી. ઝવેરી, જેઓ મુંબઇના એક આગેવાન સંસ્કારસંપન્ન વ્યાપારી છે અને દિગંબર જૈન સમાજની એક અગ્રગણ્ય વ્યક્તિ છે. બહેન નયના અને બહેન રંજના મુંબઇ યુનિવર્સિટીનાં ગ્રેજ્યુએટ છે અને પરિણીત જીવનનું સૌભાગ્ય તેમણે પ્રાપ્ત કર્યું છે. બહેન સુવર્ણા હજુ ગયા વર્ષે એમ્. એ. થયેલ છે અને બહેન દર્શના ઇન્ટરમીડીયેટ આર્ટ્સમાં અભ્યાસ કરે છે. બહેન નયના તથા રંજના લગભગ છેલ્લાં પંદરેક વર્ષથી એટલે કે તેમના અભ્યાસકાળથી માંડીને નૃત્યકળા તરફ-ખાસ કરીને મણિપુરી નર્તન શૈલી તરફ-આકર્ષાયેલ છે, અને આ વિષયોમાં નૃત્યાચાર્ય ગુરૂ બિપિન સિંહા પાસે તેમણે વર્ષો સુધી નિષ્ઠાપૂર્વકની તાલીમ લીધી છે. બહેન સુવર્ણા તથા દર્શના આ પ્રવૃત્તિમાં પાછળથી જોડાયેલ છે. કળારસિક માતપિતાની પ્રેરણા, સક્રિય સહાનુભૂતિ તથા સંભાળ નીચે ચારે બહેનોએ મણિપુરી નર્તનમાં અસાધારણ પ્રાવીણ્ય મેળવ્યું છે. મુંબઇમાં રહીને મળતી તાલીમથી સંતોષ ન માનતાં તેઓ પ્રસ્તુત નર્તનશૈલીની જન્મભૂમિ આસામમાં આવેલા મણિપુરમાં પોતાના માતપિતા સાથે જઇને ઠીક સમય રહ્યાં છે અને ત્યાંથી ઘણો અનુભવ અને પ્રેરણા લઇ આવ્યાં છે. વળી પોતે સિદ્ધ કરેલી નર્તનકળાના પ્રયોગો ત્યાંના જાણીતા નૃત્યગુરૂઓ સમક્ષ તેમણે રજુ કર્યા છે અને તેમની આવી ઉત્કૃષ્ટ સાધનાની આ નૃત્યગુરૂઓએ મુકતકંઠે પ્રશંસા કરી છે અને તેમને અન્તરના આશીર્વાદ આપીને કૃતાર્થ કરી છે.

નૃત્યપ્રયોગો રજુ કરવા માટે દિલ્હી, કલકત્તા, કાશી, હૈદ્રાબાદ વગેરે મોટા શહેરો તરફથી તેમને ચાલુ નિમંત્રણો મળતા રહે છે અને તે નિમિત્તે તેમના અવારનવાર પ્રવાસો ચાલતા હોય છે. ૧૯૫૭માં પેરિસ ખાતે યોજાયલા 'ઇન્ટરનેશનલ કલ્ચરલ ફેસ્ટીવલ'ના યોજકો તરફથી બહેન નયનાને નૃત્યપ્રયોગો રજુ કરવા માટે ખાસ નિમંત્રણ મળ્યું હતું અને તેના પરિણામે બહેન નયના પોતાની મંડળી લઇને યુરોપના પ્રવાસે ગઇ હતી અને પેરિસ, લંડન, બ્રસેલ્સ વગેરે સ્થળોએ નૃત્યપ્રયોગો રજુ કરીને ત્યાંના પ્રજાજનોનું ખૂબ આકર્ષણ કર્યું હતું.

આ ઝવેરી ભગિનીઓમાં નર્તન-કળાના સફળ આવિષ્કાર માટે જરૂરી એવું અંગસૌષ્ઠવ તેમ જ અપૂર્વ લાવણ્ય છે. વળી ચારે બહેનોમાં મોટા પ્રમાણમાં આકૃતિસાદૃશ્ય છે. તેમના કળાનિરૂપણમાં મુકત ભાવ અને સંયમનો અપૂર્વ સમન્વય હોય છે અને તેથી તેઓ નૃત્યદ્વારા જે કાંઇ રજુ કરે છે તેમાં આપણને સૌમ્ય, નિર્મળા, ઉર્ધ્વલક્ષી તત્ત્વનું દર્શન થાય છે અને તે વડે તેઓ આપણા દિલમાં સુમધુર સંવેદનને જાગૃત કરે છે.

સંઘના મંત્રીનું સ્વાગતપ્રવચન

નૃત્યકળા વિષેના દૃષ્ટિકોણમાં પરિવર્તન

આ બહેનોનાં નૃત્યપ્રયોગો નિહાળવા માટે ઉપર જણાવેલ મુંબઇ જૈન યુવક સંઘ આયોજિત સંમેલનમાં સંખ્યાબંધ ભાઇ બહેનો તેમ જ સંઘના નિમંત્રણને માન આપીને કેટલીક સંભાવિત વ્યકિતઓ ઉપસ્થિત થઇ હતી. પ્રારંભમાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ ઉપસ્થિત ભાઇ બહેનોને આવકાર આપતાં જણાવ્યું કે "આપણા દેશમાં નૃત્ય, નાટક તેમ જ સંગીત આ ત્રણે લલિતકળાઓ અવનત કોટિના વર્ગના હાથમાં જઇ પડવાથી અને શિષ્ટ સમુદાયે તેની લગભગ ઉપેક્ષા કરેલી હોવાથી અપ્રતિષ્ઠિત-અપમાનિત દશાને પામી હતી, પણ રાષ્ટ્રજીવનના બીજાં અંગો માફક આ બાબતમાં આપણે ત્યાં છેલ્લાં ત્રીશ પાંત્રીસ વર્ષથી નવું ઉત્થાન શરૂ થયું છે અને આ ત્રણે કળાઓ તરફ શિષ્ટ સમુદાયનું ધ્યાન વધારે ને વધારે ખેંચાતું રહ્યું છે. ગુરૂદેવ ટાગોરે સ્થાપેલ શાન્તિનિકેતનમાં મણિપુરી નૃત્યની તાલીમ અપાવી શરૂ થઇ અને નૃત્યસમારોહો યોજવાની ત્યાંથી સૌથી પ્રથમ શરૂઆત થઇ. ત્યાં રહી આવેલા ગુજરાતી વિદ્યાર્થીઓ મુંબઇ અને ગુજરાત તરફ પાછા ફર્યા અને તેમની દ્વારા મુંબઇ




બાજુની શાળાઓમાં નૃત્યશિક્ષણ અપાવાનો અને જાહેર નૃત્યપ્રયોગો યોજાવાનો પ્રારંભ થયો. ધીમે ધીમે એ પ્રવૃત્તિ વધારે વ્યાપક અને લોકપ્રિય બનતી ચાલી. આજે તો અનેક શાળાઓમાં તેમ જ ખાનગી કુટુંબોમાં નૃત્યકળાના શિક્ષણને અધિકાધિક સ્થાન અપાતું રહ્યું છે, અને ખાનદાન કુટુંબની બહેનો અને દીકરીઓ જાહેર જનતા સમક્ષ કથક, કથકલી, ભારતનાટ્યમ્ અને મણિપુરી નર્તનશૈલીના અવનવા પ્રયોગો વિનાસંકોચે અને કશી પણ હીણપતના ખ્યાલ સિવાય ઊંચું માથું રાખીને રજુ કરી રહેલ છે અને પ્રજાના સાંસ્કૃતિક વિકાસમાં નૃત્યકળાનો વિકાસ અગત્યનું સ્થાન ધરાવે છે એવી માન્યતા આજે ચોતરફ સ્વીકારાતી ચાલી છે. આવો જ વેગ અને પ્રોત્સાહન આપણે ત્યાંની સંગીતકળા તેમ જ નાટ્ય કળાને પણ મળી રહેલ છે અને ભારત સરકાર તરફથી પણ આ ત્રણે કળાને સારા પ્રમાણમાં ઉત્તેજન મળી રહ્યું છે. લલિતકળાના ઉપાસકોની સામાજિક પ્રતિષ્ઠા આજે વધતી રહી છે અને આ વિષેના ભૂતકાલીન મૂલ્યોમાં મોટું પરિવર્તન આજે થઈ ચુકયું છે. ભારતના સાંસ્કૃતિક વિકાસનો અન્ય દેશોને પરિચય કરાવવા માટે દેશના સંગીતકારો, નાટ્યકારો અને નૃત્યકારોનાં પ્રાતનિધિમંડળો ભારત સરકાર તરફથી પરદેશ મોકલવામાં આવે છે. એક વખત નાચનારી, ગાનારી અને વેશ્યા એ જાણે કે પર્યાય શબ્દો હોય એવા તુચ્છ ભાવથી નર્તિકા તરફ અને ગાયિકા તરફ આપણે જોતા હતા. આજે નર્તક–નર્તિકા અને ગાયક–ગાયિકા પ્રત્યે સમાજ આદર અને ગૌરવપૂર્વક જોતો થયો છે, શિષ્ટસમાજમાં તેમને ઊંચા સ્થાને બેસાડવામાં આવે છે, અને તદનુસાર એ પ્રત્યેક કળાનો આવિર્ભાવ પણ અધિકાધિક ઉર્ધ્વ સંસ્કરણને પામી રહેલ છે. વળી જે કળાઓ આજ સુધી પરંપરાગત પ્રણાલિના ચોગઠામાં રહીને પ્રદર્શિત કરવામાં આવતી હતી તે કળાઓમાં પરંપરાના ઇષ્ટ અને આવશ્યક તત્ત્વો સાથે નવા રંગો, નવા આકારો અને નવા ભાવોની મેળવણી થવા લાગી છે અને એ રીતે જે પુરાણું હતું તેની કેવળ પ્રતિકૃતિ કે અનુકૃતિ નહિ, પણ તેના કાઠા ઉપર નવસર્જનની ભિન્નભિન્ન પ્રક્રિયાઓ ચાલી રહી છે. આ રીતે આપણે ત્યાં આજે આપણા સામુદાયિક જીવનમાં બધાં અંગોમાં અભિનવ સંસ્કૃતિનું નવનિર્માણ થઈ રહ્યું હોય એમ લાગે છે.

"ગમે છે, પણ સમજાતું નથી."

"આજના પ્રસ્તુત વિષય નૃત્ય ઉપર આવતાં મને એ કહેવાનું પ્રાપ્ત થાય છે કે આજે આપણી આસપાસ અનેક નૃત્ય-સમારંભો અવારનવાર યોજાતા હોય છે. આપણે તે જોવા જઈએ છીએ, જોઈને આનંદ પામીએ છીએ, પણ સાથે સાથે આપણને આ બધું બરોબર સમજાતું નથી–આવા ભાવપૂર્વક આપણે ઘેર પાછા ફરીએ છીએ. 'ગમે છે, પણ સમજાતું નથી.' આવું લગભગ આપણામાંના ઘણાખરાંનું સર્વસામાન્ય સંવેદન હોય છે. જો આપણે કોઈ પણ કળાના નિર્માણનો ખરો આનંદ અનુભવવો હોય તો આવી આપણી ઉપરછલ્લી અર્ધદગ્ધ સ્થિતિ ચાલવા દેવી ન જોઈએ. જે કાંઇ સારું લાગે છે તે શા માટે સારું લાગે છે, તેનું રહસ્ય શું છે તે જાણવા સમજવા આપણે સાચા દિલનો પ્રયત્ન કરવો જોઈએ.

"દરેક કળાની આગવી 'ટેકનીક'–વિશિષ્ટ લાક્ષણિકતાઓ–હોય છે. તેની સમજણ આપણને પ્રાપ્ત થાય ત્યાર પછી જ તે કળા સાથે સંબંધ ધરાવતી કૃતિઓના હાર્દમાં રહેલ સૌન્દર્યને આપણે ખરા સ્વરૂપમાં પીછાણી શકીએ છીએ અને તો જ આપણે તે માણી શકીએ છીએ. નૃત્યકળા પણ આવી જ એક કળા છે જેની ટેકનીક વિષે આપણે ત્યાં ખૂબ અજ્ઞાન પ્રવર્તે છે. આ અજ્ઞાન અમુક અંશે દૂર કરવાના આશયથી આ સંમેલન યોજવામાં આવ્યું છે.



મૃદંગ ચલન નૃત્ય

"ઘણું ખરું ગયા ઓકટોબર માસમાં મુંબઈના પ્રોગ્રેસીવ ગ્રપના ઉપક્રમે, આજે અમારા નિમંત્રણને માન આપીને જે ઝવેરી બહેનો મણિપુરી નૃત્યની લાક્ષણિકતાઓ પ્રયોગ દ્વારા આપણને સમજાવવા માટે અહિં ઉપસ્થિત થઈ છે તે બહેનોએ 'ડા-સ ડેમોન્સ્ટ્રેશન'નો એક કાર્યક્રમ રજુ કરેલો. તે જોઇને મારા મનમાં થયું કે અમારા સંઘના ઉપક્રમે સંઘના સભ્યો માટે આવો કોઇ કાર્યક્રમ યોજી શકાય તો 'ગમે છે પણ સમજાતું નથી' એવી આજની શોચનીય સ્થિતિનું સંઘના સભ્યો પૂરતું અમુક અંશે નિવારણ થઇ શકે. આવા શુભ ભાવથી પ્રેરાઇને મેં એ બહેનોના પિતા અને મારા મિત્ર શ્રી નવનીતભાઇને અને તેમની મારફત એ બહેનોને આ સંબંધમાં વિનંતિ કરી અને તેમણે મારી વિનંતિનો પૂરી હાર્દિકતાથી સ્વીકાર કર્યો, જેના પરિણામે આજે આપણે અહિં એકત્ર થયા છીએ.

પ્રમુખસ્થાન માટે કાકાસાહેબની શા માટે પસંદગી કરવામાં આવી?

"આપ જાણો છો કે આજના સંમેલનનું પ્રમુખસ્થાન કાકાસાહેબ કાલેલકર શોભાવવાના છે. તેમના સંબંધમાં જણાવવાનું કે આજ કાલ તેમની વૃત્તિ હવે આવી સભાઓ અને સંમેલનોથી બને તેટલા દૂર રહેવાની છે અને આ વૃત્તિ પાછળ પોતાના શારીરિક સ્વાસ્થ્યની ચિન્તા રહેલી છે. વધતી જતી ઉમ્મર અને તેના પરિણામે ઘટતી જતી શારીરિક ક્ષમતાનો ખ્યાલ રાખીને, હજુ પણ જીવનમાં અવશિષ્ટ વર્ષો દરમિયાન શરીર પાસેથી વધારેમાં વધારે કામ લઇ શકાય એ હેતુથી, શરીરને બને તેટલા શ્રમ, હલનચલન અને તકલીફથી બચાવતા રહેવું આવો તેમનો ખ્યાલ છે અને હું પણ તેમના તે ખ્યાલને સ્વીકારું છું, આવકારું છું. અને તેથી જો મારી પાસે બીજો કોઈ વિકલ્પ હોત તો તેમને આ પ્રસંગ માટે ખાસ મુંબઈ આવવાનો હું આગ્રહ ન કરત, પણ આજ આપણા સાક્ષરોમાં અને કલાવિવેચકોમાં જેમને આપણે ખરેખર કલારસિક કહીએ અને કાકાસાહેબ સાથે સરખાવી શકાએ એવી બીજી કોઈ વ્યકિત મારા ધ્યાનમાં ન આવી. વળી કાકાસાહેબ સંબંધે વિશેષમાં એ પણ જણાવવાનું કે તેઓ આસામ અનેકવાર ગયા છે અને મણિપુરી નૃત્ય અંગે સીધી તેમ જ ઘણી ઊંડી સમજ ધરાવે છે. ત્યાંના લોકો અને નૃત્ય-ગુરૂઓથી તેઓ સુપરિચિત છે અને મણિપુરીનાં શુધ્ધ સ્વરૂપો તેમણે અનેકવાર નેત્રપ્રત્યક્ષ કર્યા છે. આ રીતે આજના પ્રસંગને કાકાસાહેબ જેટલો બીજી કોઈ વ્યકિત ન્યાય આપી ન જ શકે – આવા આગ્રહપૂર્વક પ્રસ્તુત પ્રસંગનું પ્રમુખસ્થાન શોભાવવા અને તે નિમિત્તનું અવલંબન લઇને નૃત્યકળા અને વિશેષે કરીને મણિપુરી નર્તન વિષેના એમના ખ્યાલો અને સંવેદનો રજુ કરવા મેં તેમની પાસે માગણી કરી અને તેમણે મારી માગણીનું ઔચિત્ય સ્વીકાર્યું, અને હકારનકારની વિશેષ ચર્ચા ન કરતાં મારી માગણી સહર્ષ સ્વીકારી જે માટે હું અને અમારો સંઘ તેમનો અત્યન્ત

રૂણી છે. આટલું પ્રાસ્તાવિક નિવેદન કર્યા બાદ ઝવેરી ભગિનીઓને તેમણે વિચારેલા ક્રમ મુજબ પોતાનું કાર્ય શરૂ કરવા મારી વિનંતિ છે.

મણિપુરી નર્તનશૈલી વિષે નયનાબહેનનું નિવેદન

ત્યાર બાદ શ્રી નયનાબહેને મણિપુરી નર્તન શૈલીનો સંક્ષેપમાં પરિચય આપતું લેખિત નિવેદન વાંચી સંભળાવ્યું જે નીચે મુજબ હતું :–


"મારો મુખ્ય વિષય તો નર્તન છે. અને હું કોઇ વક્તા નથી. શબ્દ જોડે મારે વ્યવહારિક સંબંધ છે; સાહિત્યિક સંબંધ નથી. કોઇ પણ કલાનો સાચો પરિચય તો એ કલાના માધ્યમ દ્વારા જ સંભવે છે. તે છતાં વ્યવહારમાં શબ્દનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. એટલે શબ્દ દ્વારા મણિપુરી નર્તન કલા વિષે મારા થોડા વિચારો દર્શાવવા માંગું છું. આજના કાર્યક્રમની વિશેષતા પણ આ નર્તન કલાની વિશિષ્ટતાઓ અને લાક્ષણિકતાઓનું નર્તન દ્વારા વિવરણ અને દર્શન યોજવાની છે. એટલે આ ભાષણ અસ્થાને નહીં જ ગણાય એવી આશા રાખું છું અને કદાચ ભાષણ લાંબુ લાગે તો આપ સર્વેની ક્ષમા યાચી લઉં છું.

સૌન્દર્ય અને આનંદાભિમુખ માનવપ્રકૃતિ

"જગતમાં અને જીવનમાં નિરંતર સૌંદર્ય નિહાળવાની અને આનંદ અનુભવવાની ઝંખના મનુષ્યમાં જન્મજાત છે. સૃષ્ટિમાં ચોમેર ઊભરાતું, ક્ષણેક્ષણ છલકાતું અનુપમ સૌંદર્ય અવલોકીને, પ્રકૃતિની અદ્‌ભુત માયા અનુભવીને મનુષ્યનું હૃદય થનગની ઊઠે છે. એ ઉત્કટ ઊર્મિથી એનું અંગ નાચી ઊઠે છે, એનો કંઠ સૂર છેડે છે, એની કરાંગુલિઓ રંગ અને રેખામાં આ સૌંદર્યને સમાવી લે છે. મનુષ્યમાં આ સહજ અને સહસા જન્મતી વૃત્તિ છે. સમય જતાં મનુષ્ય જ્યારે એને વિષે સભાન થાય છે ત્યારે આ વૃત્તિ કલાનું સ્વરૂપ ધારણ કરે છે. આપણે જેને કલા કહીએ છીએ તે આ સહજ વૃત્તિનું સભાન સ્વરૂપ છે. સૌંદર્યના અનુભવ દ્વારા બ્રહ્માનન્દ સહોદર એવો રસાનન્દ અનુભવવો એ કલાનો હેતુ છે.

લય અને તાલનો મહિમા

"રવીન્દ્રનાથની એક ભવ્ય પંક્તિ છે. "વિશ્વનૃત્યેતર્ કેન્દ્ર જેમોન છંદ જાગે." આ વિશ્વના નિરંતર નૃત્યના કેન્દ્રમાં છંદ બિરાજે છે. છંદ એટલે લય અને તાલ. લય અને તાલ એ જડ-ચેતન બન્ને જગતનાં પ્રાણતત્ત્વો છે. મનુષ્યનો દેહ આ લય અને તાલરૂપી શ્વાસોચ્છ્વાસ પર નિર્ભર છે. એનો ઉત્કટ અનુભવ મનુષ્યે પોતાના જ્ઞાન અને કલ્પના દ્વારા વારંવાર વ્યક્ત કર્યો છે. વિજ્ઞાનશાસ્ત્ર અને કલ્પનાસર્જનમાં આ લય અને તાલનો અનિર્વચનીય મહિમા મનુષ્યે ગાયો છે. અણુ–પરમાણુની ગતિથી માંડીને વિશ્વના ગ્રહોપગ્રહોની ગતિ, માનવદેહમાં કાર્યશીલ નાડીતંત્ર તથા હૃદયસ્પંદન, રસ–રૂપ–ગંધ અને ગાનમાં ઇન્દ્રિયગમ્ય નૈસર્ગિક સૌંદર્યપાન, જ્ઞાન વિજ્ઞાન તથા શાસ્ત્રરચનામાં રહેલી સુસ્થિર વિચારધારા, રસઊર્મિ તથા ભાવ દ્વારા સર્જાતી કલાઓ–સાહિત્ય, સંગીત, ચિત્ર શિલ્પ તથા નર્તન વગેરે–આ સર્વમાં આ જ લય અને તાલનાં તત્ત્વો જાણી, માણી અને પ્રમાણીને જીવનમાં સંવાદિતા સ્થાપવાનો પુરુષાર્થ મનુષ્ય નિરંતર કરી રહ્યો છે. મનુષ્યને વાણી સ્ફુરી તે પહેલાં એ સાહજિક રીતે જ હસ્તમુદ્રાથી, મુખાભિનયથી તથા અંગ-ભંગીથી પોતાની લાગણી પ્રગટ કરતો. આ સર્વેનો અભ્યાસ કરી લય અને તાલના સ્વરૂપમાં બાંધી તેણે નર્તનકલા ઉપજાવી. સમય જતાં એમાં સાહિત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ વગેરે કલાઓનાં પ્રધાનતત્ત્વોનો સુભગ સમન્વય કર્યો અને એને વ્યવસ્થિત તથા નિશ્ચિત સ્વરૂપ આપી નર્તનનું કલાશાસ્ત્ર જગતને ચરણે અર્પણ કર્યું. આમ નર્તન એ લય અને તાલની સંવાદિતાનું તથા સર્વ કલાઓના સુભગ સમન્વયનું શ્રેષ્ઠ પ્રતીક છે.



મણિપુરી નૃત્યનું એક દૃશ્ય.

મણિપુરની વિશેષતા : મણિપુરી નર્તનકળા

"મણિપુર એટલે પ્રકૃતિનું પિયર; સુખી, સમૃદ્ધ અને ભર્યું ભર્યું. ચોમેર અવિચલ ચિત્રો જેવી, સર્જનહારની મુદ્રાઓ જેવી ગિરિમાળાઓથી ઘેરાએલો એ પ્રદેશ છે. એનાં વાદળોથી ભર્યા–ભર્યા આકાશમાં વાયુની શીતલ મંદ મંદ લહરિઓ વડે ગૂંજી ઊઠતા વાંસવૃક્ષોના મધુર સૂરોના પડઘા પ્રતિક્ષણ પડ્યા જ કરે છે. મંદિરોની ઝાલરોમાંથી ટપકતી રાધાકૃષ્ણભક્તિનો રસભાવ હવામાં હિલ્લોળા લેતા ડાંગરના હરિયાળા ખેતરોમાં ઠેર ઠેર યુગોથી અથડાયા જ કરે છે. પૃથ્વી અને સ્વર્ગની વચ્ચે જાણે કે સેતુ રહ્યો હોય એવો એ પ્રદેશ છે. એના નામમાં એક મોહિની છે, જાદુ છે, રહસ્ય છે. સૈકાઓથી એની પ્રજા એ મોહિની–એ રહસ્ય–સાચવી રહી છે. પ્રાચીન કવિની કલ્પનાને કદાચ આ પ્રદેશે જ કામણ કર્યું હશે. એ પ્રદેશ નિહાળીને જ કદાચ એને ગાંધર્વલોકનું સ્વપ્ન સ્ફુર્યું હશે. મણિપુરની મોહિનીનું સ્વરૂપ, એના જાદુની ભૂરકી, એના રહસ્યની લીલા એટલે એનું નૃત્ય. ભારતવર્ષની ચારે નૃત્યશૈલીઓમાં જો કદાચ કોઈ વધુમાં વધુ નાજુક અને નયનમધુર શૈલી હોય તો તે મણિપુરી શૈલી છે. એમાં માનવહૃદયની લાગણીઓ અને માનવદેહનું લાલિત્ય પૂર્ણપણે પ્રગટ થયેલ છે. આ શૈલીએ અને સવિશેષ તો એની વેશભૂષાએ ક્ષણભંગુર એવા માનવદેહને પવિત્રતાના પ્રતીક જેવા શતદલ કમલના રૂપ-રંગની છટા અને દેવોના દેહનું ગૌરવ અર્પેલ છે. કાચી માટી જેવી મનુષ્યની કાયા કોઈ અવનવી પરાગથી ફરીને ફેરી–ઊઠી હોય, મ્હોરી ઊઠી હોય, તો આ મણિપુરી નૃત્યમાં મ્હોરી ઊઠી હોય એમ લાગે છે. રાધા અને કૃષ્ણનો આત્મા જો ફરીને દેહ ધારણ કરવાનો હોય તો એ મણિપુરમાં જ પ્રગટ થવાનું પસંદ કરે. નૃત્ય એ મણિપુરને પરાપૂર્વથી પ્રાપ્ત થયેલો પ્રકૃતિનો વારસો છે. મણિપુર એ પ્રકૃતિનો પોતાનો સૌંદર્ય પ્રદેશ છે. આમ મણિપુરી નૃત્યની પ્રધાન પ્રેરણા પ્રકૃતિ છે. પ્રકૃતિના વિવિધ પલટાઓની–પ્રત્યેક રંગ અને–રૂપની છટાને અનુકૂળ એવું–માસે માસનું અને ઋતુએ ઋતુનું – નર્તન મણિપુરમાં છે.

"મણિપુરની નર્તનકળાની આ અખંડ જીવંત પ્રણાલી અને એની પવિત્રતાનું સાચું રહસ્ય તો એની પ્રકૃતિની પ્રેરણા અને એની ભૂમિની ફળદ્રુપતામાં જ છે. આર્થિક પ્રશ્નની પીડા મણિપુરે કદી જાણી જ નથી. આથી રાજકીય કે ધાર્મિક પરિવર્તનોની અસર એના ભૌતક સુખ પર પડી જ નથી. આથી સૈકાઓથી નર્તનની આધ્યાત્મિક સાધના મણિપુરમાં સહજ બની ગઈ છે. વળી મણિપુરી નર્તનને પૌરાણિક કથાઓ અને રોમાંચક દંતકથાઓની સહાય અને પ્રેરણા છે. પ્રકૃતિએ અને ફળદ્રુપતાએ જેમ મણિપુરી નર્તનને પવિત્ર રાખ્યું છે તેમ આ કથાઓએ એની પ્રણાલિને

જીવંત રાખી છે. સમાજ સુખી, સંતોષી અને સંગઠિત એટલે એના ઉત્સવો ભારે ઉમંગથી ઊજવાય અને પ્રત્યેક સામાજિક પ્રસંગ નૃત્ય વિના યોજાય નહીં એવી ત્યાંની પ્રણાલિ છે. આથી નર્તન એ મણિપુરી પ્રજાની જન્મજાત વૃત્તિ છે. નર્તન એને શ્વાસોશ્વાસ જેવું સહજ, સ્વાભાવિક અને અનિવાર્ય બની ગયું છે. નૃત્યકારો અને મણિપુરી નર્તનના અભ્યાસીઓ જાણે છે કે આ સાહજિકતા અને સરળતા પાછળ વર્ષોની સાધના ઉપાસના અને પરિશ્રમ રહેલો છે, અને એક પ્રજાનો એની પાછળ સૈકાઓનો પુરૂષાર્થ પડયો છે.

"મણિપુરવાસીઓનું જીવન સંગીત અને નર્તનકલાથી રંગાયેલું છે. તેઓના જીવનનો કોઇ પણ સામાજિક કે ધાર્મિક પ્રસંગ નર્તન વિના અભિવ્યકિત પામતો નથી. ત્યાંની જનતા વૈષ્ણવધર્મી હોવાને લીધે ત્યાં રાધાકૃષ્ણની પ્રેમલક્ષણાભકિતનો મહિમા જોવામાં આવે છે. તેઓની ધાર્મિક ક્રિયાઓ અને ઉત્સવોમાં રાધાકૃષ્ણના જીવન-પ્રસંગો લેવામાં આવ્યા છે. દરેક ધર્મક્રિયા અને ઉત્સવને અનુરૂપ નર્તનપ્રકાર નિશ્ચિત કરવામાં આવ્યો છે. જેમકે હરિ-ઉત્થાનમાં મૃદંગચલન, કાર્તિક પૂર્ણિમાએ મહારાસ, પોષ મહિનામાં કુંજરાસ, ફાગણમાં વસંત રાસ અને હોળી નૃત્ય, આષાઢની રથયાત્રામાં કરતાલી નૃત્ત, શ્રાવણમાં કૃષ્ણજન્મ ઉત્સવમાં મંજીરા નૃત્ત ઇત્યાદિ-આ રીતે નર્તન ધર્મનું એક અંગ જ બની ગયું છે અને બાળકથી માંડીને વૃદ્ધ સુધી બધા જ ભકિતપૂર્વક નર્તન કરે છે.

"સામાજિક પ્રસંગો જેમ કે જન્મ, લગ્ન અને મરણમાં એને અનુરૂપ નર્તનપ્રકારો યોજવામાં આવ્યા છે. ખાસ કરીને શ્રાદ્ધના પ્રસંગે હરિસંકીર્તનમાં કરતાલ ચલન એટલે કે મોટા મંજીરા સાથનું નર્તન થાય છે. આ ઉપરાંત કાર્તિકપાલીમાં (કાર્તક મહીના દરમિયાન ઉજવાતા એક ઉત્સવમાં) ઢોલનૃત થાય છે, અને નર્તન દ્વારા પ્રદર્શિત થતાં રામાયણ અને મહાભારતમાં યુદ્ધ વખતે ભાલાનૃત્ત અને તલવાર નૃત્ત પણ થાય છે. મણિપુરી નર્તન કવચિત્ ફકત મૃદંગના બોલ, તરાના, સ્વરાવલિ કે કવચિત્ ભાવ-પ્રધાન ગીતો ઉપર રચાયલું હોય છે. જે ઘણાં ગીતો અને સંગીત-રૂપકો ભકતકવિ જયદેવ, વિદ્યાપતિ, ચંડીદાસ, ચૈતન્ય મહાપ્રભુ વગેરેનાં પ્રખ્યાત છે, તે સંસ્કૃત, મૈથિલી, બંગાલી અને મૈતેઇ ભાષાના હોય છે. મણિપુરી નર્તનના તત્વને યોગ્ય રીતે અભિવ્યકત કરવા માટે મણિપુરી કલાધરોએ એને અનુરૂપ સંગીત, તાલ અને વેશભૂષા ઘડયાં છે. આવી વિવિધ પ્રકારોથી યુકત અને શાસ્ત્રીય નર્તનકળાને ઉચ્ચ કળાનું સ્થાન ઘટે છે.

"નર્તનનું માધ્યમ દેહના કલાત્મક હલનચલન પર નિર્ભર છે. અને દેહ સ્થૂળ હોવાને કારણે નર્તનનું કલાકૌશલ્ય પ્રાપ્ત કરવા માટે અસાધારણ પરિશીલન અને પરિશ્રમ આવશ્યક છે. આ ઉપરાંત, નર્તનકારના સંવેદનશીલ કલાહૃદયને સૌંદર્યના સૂક્ષ્મ તત્ત્વોની સૂઝ સહજ હોવી ઘટે છે.

"મણિપુરી નર્તનકલા પરંપરાગત તથા શાસ્ત્રીય છે અને એમ છતાં હું માનું છું કે કોઇ પણ પરંપરાગત કલામાં વ્યકિત-ગત સર્જનશકિતને સ્થાન હોવું જોઇએ અને કાળ અને સ્થળને અનુલક્ષીને એ પરંપરાગત કલાનું સર્જનાત્મક પરિવર્તન સાધવું જોઇએ. દરેક કળાના નવસર્જનનું મૂળ પરંપરામાં નિઃશંક હોવું ઘટે છે. તે છતાં, કળાકારના વ્યકિતગત કલાનુભવને પોતાની આગવી રીતે અભિવ્યકત કરવાની ઉત્કંઠા હોવી એ એટલું જ આવશ્યક છે.

"મેં અને મારી બહેનોએ જે કલા કૌશલ્ય પ્રાપ્ત કર્યું છે એ અમારા ગુરૂ બિપિન સિંહાના નર્તનજ્ઞાન, સાક્ષરદૃષ્ટિ અને કલાંસૂઝને આભારી છે."

"આ કાર્યક્રમ દ્વારા જો અમે મણિપુરી કલા માટે રસિક અને શિષ્ટ સમાજમાં અભિરૂચિ પ્રેરી શકીએ, અને ગુજરાત અને મણિપુર વચ્ચે ફરી સંસ્કાર સંબંધ સાધી શકીએ, તો આજનો પ્રયોગ સાર્થક થયો છે એમ અમે માનીશું. વળી પૂજ્ય કાકાસાહેબના કલાહૃદયને અમે સંતોષી શકીએ તો જ આ કાર્યક્રમ સફળ થયો છે એમ અમે અનુભવીશું—અને આ પ્રસંગ યોજવા માટે મુંબઈ જૈન યુવક સંઘ અને શ્રી. પરમાનંદભાઇના અમે વિશેષ ઉપકૃત છીએ.

"આટલું પ્રસ્તાવના રૂપે જણાવ્યા બાદ હવે અમે અમારો કાર્યક્રમ શરૂ કરીએ છીએ અને તે અંગે પૂર્વભૂમિકા રૂપે અમારે આટલું જણાવવું જરૂરી છે:—

મણિપુરી નર્તન-કળાની શાસ્ત્રીય ભૂમિકા

"લાવણ્ય જેનો આત્મા છે એવા મણિપુરી નર્તન શૈલીના બે પ્રધાન પ્રકાર છે: **લાસ્ય અને તાંડવ.** લાસ્ય નૃત્ય સ્ત્રીસહજ સુકુમાર માર્દવ અને લાલિત્યયુકત હોય છે અને તાંડવ નૃત્ય પુરૂષને શોભે તેવું અને વીરતા-ભર્યું હોય છે. લાસ્ય-નૃત્ય સ્ત્રીઓ કરે છે; તાંડવનૃત્ય પુરૂષો કરે છે.



ઉપરની છબીમાં દેખાતી વ્યકિતઓનાં નામ જોનારની ડાબી બાજુએથી નીચે મુજબ છે: સંઘના મંત્રી શ્રી. પરમાનંદ કાપડિયા, નૃત્ય મંડળીનાં ગાયિકા બહેન પ્રેમલતા નાયક, બહેન સુવર્ણા, બહેન નયના, સંમેલનના પ્રમુખ કાકાસાહેબ કાલેલકર, બહેન રંજના, બહેન દર્શના (કૃષ્ણના પોશાકમાં), નર્તક શ્રી. રવીન્દ્ર સિન્હા સંઘના ઉપપ્રમુખ શ્રી. લીલાવતી બહેન દેવીદાસ તથા મૃદંગકાર શ્રી. કુલભિષુ સિન્હા.

નૃત્યશાસ્ત્રમાં **નર્તન અને અભિનય** એ બે મુખ્ય તત્ત્વો છે, નર્તનના ત્રણ મુખ્ય વિભાગ છે.

(૧) **નૃત્ત:** એ માત્ર અલંકારાત્મક નર્તન છે; એનો ઉદ્દેશ અર્થસૂચનનો નથી.

(૨) **નૃત્ય:** એ ઊર્મિને અભિવ્યકત કરે છે અને ભાવુકના ચિત્તમાં એવી જ સંવેદના જગાવે છે.

(૩) **નાટ્ય:** એ નર્તન દ્વારા નાટ્ય તત્ત્વોનું અર્થઘટન કરે છે.

અભિનયના ચાર તત્ત્વો છે:-

(૧) **આંગિકાભિનય:** એ કેવળ દેહના હલનચલન દ્વારા જ થતી અભિવ્યકિત છે.

(૨) **વાચિકાભિનય:** એ ગીત સંગીતની સહાયથી થતી અભિવ્યકિત છે.

(૩) **આહાર્યાભિનય:** તેમાં નૃત્યનાટિકાને અનુરૂપ વેશ-ભૂષા કર્ય અને રંગભૂમિ ઉપર સન્નિવેશ–settings–કયા પ્રકારના હોવા જોઇએ તેનો વિચાર કરવામાં આવે છે.

(૪) **સાત્વિકાભિનય:** એ ઊર્મિની નર્તનદ્વારા થતી રસ અને ભાવની અભિવ્યકિત છે.

મણિપુરી નર્તન આ બધા શાસ્ત્રીય તત્ત્વો અને પૃથક્કરણના અવલંબન દ્વારા વિકસેલી કળા છે. આટલી પૂર્વભૂમિકા રજુ કર્યા બાદ હવે અમે મણિપુરી નર્તન શલીની વિશિષ્ટતાઓ અને લાક્ષણિકતાઓ સંક્ષેપમાં રજુ કરવા પ્રયત્ન કરીશું."

સમજુતી સાથે રજુ કરાયલા નૃત્યપ્રયોગો

આમ જણાવીને ઝવેરી-ભગિનીઓએ શરૂઆતમાં **ચાલી** અને તેના પ્રસ્તાર અને **ભંગીપરેંગ** એ નામથી ઓળખાતી બે વિશિષ્ટ નૃત્યરચનાઓ લાસ્ય અને તાંડવ એ બન્ને પદ્ધતિઓ દ્વારા રજુ કરી. આમાંની ચાલી મણિપુરી નર્તનની પરંપરાગત વિશિષ્ટ નર્તન રચના છે. તેના પ્રસ્તાર એટલે જુદા જુદા તોડા અથવા તો Rythem Variations. ભંગી પરેંગ એટલે અંગભંગીનો–દેહના હલનચલનનો–ચોકકસ ક્રમ. આ ભંગીપ્રકારના ત્રણ લાસ્ય પ્રકાર અને બે તાંડવ પ્રકાર તેમણે દેખાડયા :

(૧) અચોબા ભંગી પરેંગ (લાસ્ય પ્રકારથી) (૨) ગોષ્ટ ભંગી પરેંગ (તાંડવ પ્રકારથી) (૩) વૃન્દાવન ભંગી પરેંગ (લાસ્ય પ્રકારથી) (૪) ગોષ્ટ વૃન્દાવન ભંગી પરેંગ (તાંડવ પ્રકારથી) (૫) ખુરમ્બા ભંગી પરેંગ (લાસ્ય પ્રકારથી).

ત્યાર બાદ પદરેચક (પગનું ચલન), હસ્તરેચક (હાથનું ચલન), કટિરેચક (કડનું ચલન) (૪)શિરરેચક (માથાનું ચલન) (૫) ગતિ એટલે ચાલ–આખા શરીરનું હલનચલન–એમ પાંચ પ્રકારનાં ચલન તેને લગતી સમજુતી આપવા સાથે તેમણે રજુ કર્યાં.


ત્યાર બાદ રજુ કરવામાં આવ્યું **પુંગલોલ** જગોઈ એટલે કે વિવિધ તાલો - ઉપર રચાયલી નર્તનકૃતિઓ. મૃદંગ મણિપુરી નર્તનનો આત્મા છે અને તેના તાલનું વૈવિધ્ય અત્યન્ત વિપુલ છે. આનો પરિચય તેમણે ભિન્ન ભિન્ન તાલ, માત્રા અને તાલીના સહયોગથી કરાવ્યો.

ત્યાર બાદ રજુ કરવામાં આવ્યા **મુખખોલ** કે જેમાં કર્ણ-પ્રિય એવા ધ્વનિયુકત શબ્દકૃતિઓ વાળી કાવ્ય–પદાવલિ ફકત છંદમાં રજુ કરવામાં આવે છે; **ગીતખોલ** જેમાં કર્ણપ્રિય એવા ધ્વનિયુકત શબ્દોની ગીતરચના હોય છે અને જેનો હેતુ અર્થ–સૂચનનો હોતો નથી; અને પછી **સ્વરમાળા** જેમાં સારીગમની સ્વરાવલિ ઉપર નર્તન રચાયલું હોય છે. આ સ્વરમાળાનર્તન તેની વિશિષ્ટ તાલબદ્ધતાના કારણે ભારે આકર્ષક બન્યું હતું.

પછી આવ્યું **મંજીરાનર્તન** જેમાં નાના મંજીરા તાલના વિશિષ્ટ છંદોલયને ઉપસાવે છે. આ નર્તન પ્રકાર આષાઢ માસમાં યોજાતા રાધાકૃષ્ણના ઝૂલન યાત્રા ઉત્સવમાં જોવા મળે છે. અને પછી આવ્યું **કરતાલ ચલન** (કરતાલ એટલે મોટા મંજીરા) આની અંદર મૃદંગના બોલનું અનુકરણ કરવામાં આવે છે. મણિપુરમાં ધાર્મિક અને સામાજિક ઉત્સવોમાંના પ્રારંભમાં યોજ-વામાં આવતા હરિસંકીર્તનમાં આ તાંડવ પ્રકારનું નૃત્ય મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

પછી રજુ કરવામાં આવ્યું **નુપી–ખુબ્બાક–ઈશાઈ** એટલે કે સ્ત્રીઓનું હાથતાળી વગાડવા સાથે જોડાયલું લાસ્ય નર્તન અને **નુપા–ખુબ્બાક–ઈશાઈ** એટલે કે પુરૂષોનું હાથતાળી વગાડવા સાથે જોડાયલું તાંડવ નર્તન.

ત્યાર બાદ એ બહેનોએ એક અથવા બે હાથના અભિનય દ્વારા જુદા જુદા પદાર્થો દા.ત: પતાકા, હસ્તકમાળા, મુષ્ટિ, સૂચિ-મુખમ્, ખટકામુખમ્, ત્રિશૂલ, હંસમુખમ્, મૃગશિર્ષ, સર્પશિર્ષ, ધેનુ, ભ્રમર, કર્તરિ (કાતર) મુખમ્, પદ્મકોષ, અર્ધચંદ્ર, શિખર, કોકિલ, ગરૂડ, ચક્ર, બંસી, શંખ, મીન, નટવર, મદન, મોરમુકુટ, પીતાંબર, વનમાળા, મકરકુંડલ, કમળનયન આદિ સૂચવતી મુદ્રાઓ દેખાડી.



દર્શના રંજના નયના

પછી શૃંગાર રસ, કરૂણ રસ, ભયાનક રસ, વીર રસ તથા હાસ્ય રસનો જુદા જુદા અભિનય દ્વારા પરિચય કરાવવામાં આવ્યો.

વળી દીર્ઘકેશ, મુકુટ, કુંચિત (વાંકડિયા) કેશ, દર્પણ, નિષેધ, રક્ષણ, પત્ર, શાસ્ત્ર તેમ જ નમન—આ પદાર્થો અથવા તો ભાવો ભિન્ન ભિન્ન મુદ્રાઓ દ્વારા કેવી રીતે સૂચવવામાં આવે છે તેની 'પતાકા'એ નામની હસ્તમુદ્રા દ્વારા તેમણે રજુઆત કરી.

પછી હસ્તકમાળા એ નામની હસ્તમુદ્રા દ્વારા "બંસીધર શ્યામ સુન્દરને સત્કારવા રાધા સુન્દર માળા ગૂંથી રહી છે અને તેની નથણીમાંથી મધુર સ્મિત દેખાય છે" અને કર્તરિમુખમ્ એ પ્રકારની હસ્તમુદ્રા દ્વારા "પ્રેમભર્યાં નયનોવાળા કૃષ્ણ દર્શનાતુર છે એ સખી! તું જા અને વૃન્દાવનની પગદંડીઓમાં નિહાળ" આ બન્ને ભાવો તેમણે અનુક્રમે અભિવ્યકત કર્યા.


ત્યાર પછી મૃદંગચલન એટલે કે તાંડવ પ્રકારની અંગભંગી અને વિવિધ તાલના છંદોલયનો મધુર સંયોગ સાધતું મૃદંગ નર્તન તેમના એક સાથી શ્રી. કુલબિધુ સિંહાએ રજુ કર્યું.

કાકાસાહેબ કાલેલકરનું પ્રમુખસ્થાનેથી પ્રવચન

આટલો કાર્યક્રમ પૂરો થવા બાદ કાકાસાહેબ કાલેલકરે પ્રમુખસ્થાનેથી મનનીય પ્રવચન કર્યું હતું. આ પ્રવચનને તેમણે પાછળથી લેખિત આકાર આપીને મોકલ્યું છે જે નીચે પ્રમાણે છે:—

મણિપુરી નૃત્ય જોઇને—

જ્યારે જ્યારે મણિપુરનો વિચાર કરું છું, ત્યારે ત્યારે, ત્યાં પહેલવહેલાં જવા માટે મારે કેટલા ફાંફા મારવા પડ્યા હતા, તે બધું યાદ આવે છે. પોતાના જ દેશના અમુક ભાગમાં જવા માટે કોઈ પરદેશી પોલિટિકલ એજન્ટની રજા લેવી પડે એ તો માથાનો ઘા હતો જ. અને એક બે વાર પ્રયત્ન કર્યા છતાં રજા મેળવી શકયો ન હતો એનું અપમાન હું હજી સુધી ભૂલી શકયો નથી.



મંજીરા નૃત્ય

હું માનું છું કે મણિપુર હું ત્રણેક વાર ગયો હોઇશ. દરેક વખતે મને મણિપુરનું અને ત્યાંની સંસ્કૃતિનું નવું જ દર્શન મળ્યું છે. દર વખતે ત્યાંના નૃત્યની જૂદી જૂદી ખૂબી હું જોઈ શકયો હતો.

આપણી ભારતીય નત્યકળામાં મણિપુરી નૃત્યની વિશિષ્ટ ખાસિયત છે. મણિપુર તરફની આદિમજાતિ મૈત્તાઇની પ્રાકૃતિક કળા ઉપર ભારતીય વૈષ્ણુવ કળાનો ઓપ ચઢયો અને એમાંથી આપણને આજની મણિપુરી નૃત્યકળા મળી છે.

મણિપુર, કાશ્મીર કે નેપાળની પેઠે, ઊંચા ઊંચા પહાડોથી ઘેરાયેલી સમથલ ભૂમિ છે. આવી ઉપત્યકાને આપણે 'દ્રોણ' કહીએ છીએ.

હિમાલયના પૂર્વ-પશ્ચિમ ફેલાયેલા પહાડો અને બ્રહ્મદેશના ઉત્તર-દક્ષિણ તણાયલા યોમાઓનો જ્યાં કાટખૂણો થાય છે, ત્યાં અસમ ભૂમિમાં પહાડની જાણે કે ગાંઠો બંધાઇ છે. ઊંચા ઊંચા, વાંકાચૂંકા પહાડો, અને એમની ખીણોમાં દોડતી નાની-મોટી નદીઓ, એ જ આ અસમ ભૂમિનો વૈભવ છે. એની અંદર લાંબી પહોળી સમતલ ભૂમિ મળતાવેંત અહિંના લોકોએ મણિપુરનું રાજ્ય સ્થાપ્યું અને ત્યાં એક સુરક્ષિત સંસ્કૃતિ કેળવી, જે આસપાસની પહાડી સંસ્કૃતિ કરતાં કંઇક ભિન્ન છે. આ પ્રદેશમાં ઇમ્ફાલ અને એને મળતી નાની-મોટી નદીઓ અને થોડે દૂર આવેલું છીછરું-વિશાળ લબતક સરોવર અને એની અંદરનાં કમળો અને સિંગોડાઓ તથા જલચરો—એ બધું આ પ્રદેશની શ્રી અને સમૃધ્ધિ ગણાય. આ સરોવરને કાંઠે 'ખંભા' નામનો એક વીર યુવાન અને 'થુઇબી' નામની એક રાજકન્યાનાં પ્રેમપ્રસંગનાં ગીતો ગવાય છે. એ પ્રણયી યુગલના પ્રેમશૌર્યઅંકિત જીવનની કથા સિંધની સુહિણી-મેહારની કથા કરતાં પણ વધારે રોમાંચક છે. આ પ્રદેશનું સૌન્દર્ય નિહાળવા માટે જ્યારે હું ફર્યો હતો ત્યારે ત્યાંનું મંદિર અને ખંભા માટે થુઇબીએ બનાવેલા અને આ મંદિરમાં સંધરેલા કપડાં પણ હું જોઇ શકયો હતો.

ગોવામાં જેમ ગુંદરવાળા જંગલી આંબાના ઝાડ ઉપર સંસ્કારી કેરીની ડાળ કલમ કરાય છે અને એમાંથી અપ્રતિમ સ્વાદિષ્ટ કલમી આંબા આપણને મળે છે, તેમ અહિંના મૈત્તાઇ લોકો વચ્ચે ગૌરાંગ પ્રભુના શિષ્યોએ ધર્મપ્રચાર કર્યો, સંસ્કૃત ભાષા, એનું ધાર્મિક તેમ જ રસિક સાહિત્ય અને વૈષ્ણુવ ભક્તિનો અહિંના લોકોને સ્વાદ ચખાડયો અને ધીરે ધીરે અહિંના મૈત્તાઇ લોકોને એવા તો અપનાવ્યા કે આજે એ લોકો પોતાને સૂર્યવંશના અને ચંદ્રવંશના જ ગણે છે, અને અહિં એવા તો પંડિતો પાકયા છે કે ધર્મનિર્ણયમાં પણ એમની આણ સ્વીકારાય છે.

હું પ્રથમ મણિપુર ગયો ત્યારે ત્યાં ક્ષત્રીય રાજાનું રાજ્ય હતું અને એ જ રાજા પ્રજાના ધર્માધિકારી પણ હતા. આજે ત્યાં સ્વતંત્ર ભારતનું કાનૂની રાજ્ય છે, છતાં ધર્મની બાબતમાં રાજાના તમામ અધિકાર ઇન્ડિયન સરકારે સ્વીકાર્યા છે. મણિપુરમાં ખંભા-થુઇબીના નૃત્યને હવે શિવ-પાર્વતીના નૃત્યનું રૂપ આપેલું છે. અને જયદેવ અને ગૌરાંગ પ્રભુની અસરને કારણે કૃષ્ણ-રાધા ભક્તિ પણ ત્યાંનાં નૃત્યમાં ખૂબ ખીલી ઊઠી છે.

બીજી વાર જ્યારે મણિપુર ગયો હતો ત્યારે શિવ-પાર્વતીનું નૃત્ય મેં જોયું હતું. તેમાં નૃત્યકાર એવા તો તલ્લીન થયા હતા કે જાણે એ નૃત્ય દ્વારા એક સાક્ષાત્કાર જ થયો હતો. સંગીત, નૃત્ય, નાટય અને અભિનય એ બધાંમાં અહિંની આખી પ્રજા જાણે કે મસ્ત રહે છે. અને આજે પણ દિલ્હીની રાજધાનીમાં આવી પ્રથમ પંકિતનો પુરસ્કાર મેળવે છે. નૃત્યકળાના અહિંના આચાર્યોએ સ્વદેશમાં અને પરદેશમાં ફરીને સંશોધન પણ ચલાવ્યું છે, જેમાંથી આપણે નવસર્જનની જરૂર અપેક્ષા રાખી શકીએ.

બીજી કળાઓ કરતાં નૃત્યની વિશેષતા એ છે કે એમાં શરીર, મન, ભાવ અને આત્મા એ બધાં વચ્ચે સામંજસ્ય જામે છે, અને એમાંથી ખીલતી સાર્વભૌમ કળા અદ્‌ભુત રીતે તૃપ્ત આપે છે. લૅમૅનૉતના આર્મિનિયન કવિ ખલીલ જિબ્રાનનું એક વચન અહિં યાદ આવે છે. એ કહે છે કે "ચિત્રકારનો આત્મા એના આંગળામાં વસે છે; ગાયકનો આત્મા એના કંઠમાં હોય છે; જ્યારે નૃત્યકારનો આત્મા એના સમસ્ત અને સચેતન શરીરમાં સ્ફુરે છે." આપણે ત્યાં ખીલેલી નૃત્યકળામાં લાલિત્યનો આવિર્ભાવ કરતું લાસ્ય નૃત્ય અને રૌદ્ર રસની ભવ્યતા દર્શાવતું તાંડવનૃત્ય—એવા બે ભાગ કલ્પ્યા છે.

કેવળ શરીરને કસવા ખાતર દંડ, બેઠક અને આસનોની સાધના સધાય છે. કેવળ રસના વિકાસને અર્થે સંગીત ખીલ્યું છે. ભાવોના આવિર્ભાવ માટે નાટયકલા વપરાઇ છે. અને એ બધાનો ઉત્કર્ષ ચરમ કોટિએ પહોંચાડવા માટે તાલ, મૃદંગ આદિ સહાયક વિદ્યાઓ ખીલવેલી છે. નૃત્યમાં આપણને એ બધાનું સંમેલન મળે છે, અને તેથી જ નૃત્યનો સર્વોત્તમ ઉપયોગ તો ભગવાનની ઉપાસના માટે જ કરાયો છે.

કેવળ ધંધાદારી તરીકે નહીં, પણ જીવનની સાધના તરીકે નૃત્યની ઉપાસના થાય છે ત્યારે આખા શરીરનું આરોગ્ય સચવાય છે, એમાંથી યૌવન સ્ફુરે છે, શરીરનું સૌષ્ટવ સપ્રમાણ કેળવાય છે. નૃત્યમાં તલ્લીન થવાથી સંયમનું પાલન સુલભ થાય છે અને પૂજા માટે નૃત્યનો વિનિયોગ થાય તો તેમાંથી ભક્તિની એકાગ્રતા, યોગસિદ્ધિની કોટિએ પહોંચી શકે છે. સંગીત અને નાટયની પેઠે નૃત્ય પણ સંસ્કૃતિનો પાયો મજબૂત કરે છે અને જીવનને સામંજસ્યની દીક્ષા આપે છે.

નૃત્યની આ શકિતનો પૂરેપૂરો પરિચય થયા પછી જ નૃત્ય નાટિકાનો પ્રકાર કલાધરોને સૂઝેલો હોવો જોઇએ.

મૃદંગ અને મંજીરા નૃત્ય માટે જરૂરી સહાયક છે એમ ઉપર કહ્યું ખરું, પણ ખબર નથી પડતી કે, પહેલે નૃત્ય ખીલ્યું અને એણે મૃદંગનો સાથ માંગી લીધો, કે મૃદંગ અને મંજીરાના તાલબદ્ધ ધ્વનિને કારણે માણસના ગાત્રોને નૃત્ય ફૂટ્યું! મૃદંગની ભાવવાહિતા અને મંજીરા મારફતે સધાતો ચિત્તલય કળાના સ્વયંભૂ પ્રકારો પણ ગણાય.

જેમ મણિપુરમાં નૃત્યની એક શૈલીનો વિકાસ થયો, તેમ દક્ષિણમાં મલબાર બાજુએ કથકલિનો આવિષ્કાર થયો. ગોવામાં કારવા નાચની સિદ્ધિ જોવા મળે છે તો દક્ષિણ ભારતમાં તાંજોર બાજુએ ભારતનાટય શાસ્ત્ર શુદ્ધ કોટિએ પહોંચ્યું છે. કથકશૈલીની જમાવટ ઉત્તર ભારતમાં થઇ.

ભારત સ્વતંત્ર થયા પછી પરદેશના નૃત્યના પ્રકારો પણ જોવાની તક મળી છે. ગયે વરસે જ તોકિયોના ગવર્નરને ત્યાં જે જાપાની નૃત્યના ઉત્કૃષ્ટ નમૂના જોવા મળ્યા તે તો આપણી ભારતીય કળાથી તદ્દન જૂદા. અને ચીનમાં જોયેલા પ્રકારો તો એથીયે જૂદા.

દક્ષિણ-પૂર્વ એશિયામાં થાઇલેન્ડ, કંબોડીયા અને બાલીદ્વિપના નૃત્યનું વૈશિષ્ટ્ય એથી યે જૂદું. ને છતાં એશિયાની નૃત્યકળા પશ્ચિમની નૃત્યકળાથી એકદમ જૂદી પડે છે. હમણાં હમણાં ચીનની રાજધાની પેકિંગમાં રશિયન બૅલેનો એક ઉત્તમમાં ઉત્તમ કાર્યક્રમ જોવા મળ્યો હતો. શું એ લોકોનું કૌશલ્ય! પરીઓની દુનિયામાં આપણે પહોંચ્યા હોઇએ એમ જ લાગે.

પણ ત્યાં જાણવા મળ્યું કે જે લોકો એ ખેલે નૃત્યને ધંધા તરીકે પોતાની આખી જિંદગીની સાધના બનાવે છે એમને પોતાના શારીરિક સ્વાસ્થ્યનો ભોગ આપવો પડે છે.

આપણે ત્યાંના નર્તકો વિષે એવું કશું સાંભળવામાં આવ્યું નથી. ઉલટું તેઓ દીર્ઘાયુ થાય છે એમ જ જાણકારો કહે છે. સાંભળેલી આ વસ્તુઓમાં કેટલું તથ્ય છે તે હું જાણતો નથી. એ બાબતમાં જાણકાર લોકોએ વિશેષ તપાસ કરવી જોઇએ.

આપણે ત્યાં ઇતિહાસના મધ્યકાલમાં જ્યારે વિલાસિતા વધી અને બધી જ લલિતકલાઓ ભ્રષ્ટ થવા લાગી ત્યારે સમાજે આંતરિક સુધારો કરવાને બદલે આપણી કલાઓને જ વગોવી અને શિષ્ટ સમાજમાંથી એનો બહિષ્કાર જ કર્યો. સ્વાતંત્ર્ય ખોયા પછી સમાજની બધી રીતે દુર્દશા જ થઇ અને આખી દુનિયાએ આપણને અસંસ્કારી પ્રજા માની લીધી.

જ્યારે દેશની આઝાદીનો અરુણોદય થયો, ત્યારે આપણું ધ્યાન આપણા જૂના વારસા તરફ ગયું. નૃત્યકલા અને નાટયકલાનો પુનરુદ્ધાર કરવા મથનાર લોકોનો એક શાસ્ત્રીએ એમ કહી બચાવ કર્યો કે નાટકં નામ ભજનવિશેષઃ–ઇશ્વરના ગુણગાન કરવા, એની જાતજાતની લીલાઓ ભજવવી એ ઇશ્વરની પૂજા અર્ચા અને ભજનનો જ એક પ્રકાર છે.

ત્યારથી આપણે આપણો કલાત્મક વારસો જાણવા અને સાચવવા મથીએ છીએ. જૂની મૂડીને સાચવવી એને કહે છે ક્ષેમ. અને એમાં ઉમેરો કરવો એને કહે છે યોગ. સંસ્કૃતિના ઉદ્ધાર અને વિકાસ માટે યોગ અને ક્ષેમ બન્ને સાધનાની જરૂર છે. છેલ્લા પાંચ-પચ્ચીસ વરસમાં આપણે આપણી સંસ્કૃતિ અને કળાનો પરિચય સાધ્યો અને જનતાને એનો સ્વાદ ચખાડયો. જે કળા અપમાનિત દશામાં પડી હતી અને માંડ જીવન ધારણ કરી શકી હતી, તેને આપણે પ્રતિષ્ઠિત કરી. હવે બીજા દેશોમાં ત્યાંની સંસ્કૃતિને અનુરૂપ જે કળાઓ ખીલી છે એમનું પણ રહસ્ય આપણે જાણવું જોઇએ. અને પછી આપણા રાષ્ટ્રીય પ્રાણનું અને સાંસ્કૃતિક ચૈતન્યનું આવાહન કરી નવું નવું સર્જન કરવાની તૈયારી રાખવી જોઇએ, જેથી કરીને ભવિષ્યના આપણા ઉદાત્ત સાંસ્કૃતિક આદર્શોની પૂર્ણ અભિવ્યક્તિ થાય એવી સૂક્ષ્મ, સમર્થ અને સમૃદ્ધ કળાનો આપણે આવિષ્કાર કરી શકીએ. **કળા કેવળ રંજનનું નહીં પણ આત્માની અભિવ્યકતનું સર્વતોભદ્ર સાધન છે.**

મણિપુરીનૃત્યના પોષાકમાં



સુવર્ણા દર્શના નયના રંજના

પશ્ચિમ ભારતના અને ખાસ કરીને મુંબઇના આપણે લોકો હંમેશા સમન્વય કરતા આવ્યા જ છીએ. ભારતના છેક ઉત્તર-પૂર્વના છેડાનું નૃત્ય અહિં લઇ આવ્યા એ જ બતાવે છે કે આપણી રસિકતા સર્વગ્રાહી છે. દક્ષિણનું કથકલિ નૃત્ય સ્વીકારીએ તો પણ ત્યાંની કેટલીક ખાસિયતોની કાપકૂપ કરી આપણે એને આજની અભિરુચિને અનુકુલ કરવાના. સમન્વય તો તે જ કરી શકે કે જેમણે ભિન્ન ભિન્ન પધ્ધતિઓનું વ્યાકરણ તેમ જ રહસ્ય જાણી લીધાં છે અને પૂરેપૂરા અપનાવ્યાં પણ છે.

મણિપુરી નૃત્ય જેમણે આપણી આગળ આજે રજુ કર્યું છે અને સમજાવ્યું છે તે ઝવેરી બહેનોએ આ કળા પાછળ બાર વરસ કરતાં પણ વધારે વખત ગાળ્યો છે. કહે છે કે બાર વરસનું તપ કર્યું હોય તો કોઇ પણ કળા કે વિદ્યા પોતાનું રહસ્ય પ્રગટ કર્યા વગર રહે જ નહીં. મણિપુરી નૃત્યકળાના એક પીઢ આચાર્ય શ્રી બિપિન સિન્હા પાસેથી એમણે આ વિદ્યા મેળવી છે અને આ વિદ્યાના દરેક અંગઉપાંગના તેઓ પાવરધા થયાં છે. ઉપરાંત તેઓ એ વિદ્યાના પીયરમાં–મણિપુર રાજ્યમાં–ત્રણ ચાર વાર ગયા છે અને ત્યાં મહીનાઓ સુધી રહી, ત્યાંના સમાજમાં એ કળા કેમ ખીલી છે એનું પણ નિરીક્ષણ કર્યું છે. દેશમાં તેમ જ પરદેશમાં અનેક ઠેકાણે જઇ પોતાની કળા એમણે રજુ કરી છે અને તે તે પ્રદેશના લોકોની અભિરુચિ પણ સમજી લીધી છે. નૃત્યકળાનો નાટયમાં વિનિયોગ કેમ કરાય એનો પણ એમને અનુભવ છે. હું આશા રાખું છું કે હવે તેઓ નવભારતની નવપ્રેરણાને વ્યકત કરવા માટે પોતાની કળાનો ઉપયોગ

કરશે, અને નવસર્જનનો પોતાનો અધિકાર સિધ્ધ કરશે."

આમ જણાવીને કાકાસાહેબે ચારે બહેનોને સુગંધી પુષ્પોની માળાઓ અર્પણ કરી અને મૃદંગકાર શ્રી કુલબિધુ સિન્હા તથા નૃત્યકાર શ્રી રવીન્દ્ર સિન્હાને પુષ્પગુચ્છો અર્પણ કર્યાં.

આભારનિવેદન

ત્યાર બાદ સંઘના ઉપપ્રમુખ શ્રી લીલાવતીબહેન દેવીદાસે આભારનિવેદન કરતાં જણાવ્યું કે "આવા સુન્દર નૃત્યપ્રયોગો ઝવેરી બહેનોએ સંઘ પાસેથી કશું પણ વળતર લીધા સિવાય કેવળ પ્રેમ અને સદ્‌ભાવથી પ્રેરાઇને અને નૃત્યને લગતું શિક્ષણ આપવાના હેતુથી કરી દેખાડ્યા અને તેના અંગ ઉપાંગોની સમજુતી આપી અને આપણ સર્વેના મનનું રંજન કર્યું તે માટે તે બહેનોનો અમારા સંઘ તરફથી હાર્દિક આભાર માનું છું અને મુંબઇ જૈન યુવક સંઘના નિમંત્રણને માન આપીને કાકાસાહેબ દિલ્હીથી આ પ્રસંગ ઉપર ખાસ અહિં સુધી આવ્યા અને આટલું બધું સુન્દર, મનનીય અને વિચારપ્રેરક વ્યાખ્યાન આપીને આજના મનોહર શૈક્ષણિક કાર્યક્રમ ઉપર તેમણે કળશ–ચઢાવ્યો. આ માટે તેમના પ્રત્યે અમારા સંઘ તરફથી ઊંડા દિલની કૃતજ્ઞતા જાહેર કરું છું. તદુપરાન્ત સ્વયંસેવકો મોકલીને અમારા વ્યવસ્થાકાર્યમાં મદદ કરવા બદલ મુંબઇ જૈન સ્વયંસેવક મંડળનો તથા આ તારાબાઈ હોલ કશું પણ લીધા સિવાય અમને વાપરવા આપ્યો તે માટે આ હોલના ટ્રસ્ટીઓના આભાર માનું છું." ત્યાર બાદ શ્રી નયનાબહેને સંઘ વતી કાકાસાહેબનું પુષ્પહાર વડે સન્માન કર્યું.

'વિરહ—મિલન' નૃત્યનાટિકા

ત્યાર બાદ ઝવેરી બહેનોએ 'વિરહ–મિલન' એ નામની નૃત્યનાટિકા રજુ કરી આ નૃત્યનાટકા માટે કલ્પનામાં આવેલી ઘટના આ મુજબ છેઃ રસિકપ્રિયા રાધા કૃષ્ણમિલન માટે ઉત્સુક છે. લલિતા અને વિશાખા એ નામની પોતાની બે સખીઓ સાથે રાધા આનંદપૂર્વક નૃત્ય કરી રહી છે. નિશ્ચિત સમયે કૃષ્ણનું આગમન ન થતાં રાધા નિરાશ થાય છે અને કૃષ્ણનો વિરહ તેના માટે અસહ્ય બને છે. બીજી બાજુએ કૃષ્ણ રાધાને મળવા માટે વૃન્દાવન માર્ગે નીકળી ચૂકયા હતા, પણ રસ્તામાં ચંદ્રાવલીએ તેમને રોકી રાખેલા. આમ કૃષ્ણને આવતાં વિલંબ થાય છે અને રાધાની વિરહવ્યથા તીવ્ર બનતી જાય છે. કૃષ્ણ આખરે આવી ચડે છે અને રાધા સમક્ષ ઉપસ્થિત થાય છે, પણ આટલો બધો વિલંબ થવાના કારણે કુપિત બનેલી રાધા કૃષ્ણની અવહેલના કરે છે. રીસમાં આવીને રાધા પોતાને ભૂલી જવાનું કહે છે, અને ઇર્ષ્યાથી વ્યંગ્ય કરીને કૃષ્ણને પેલી ચંદ્રાવલીના કુંજમાં જવાનું સૂચવે છે. કૃષ્ણ રાધાના પગે પડીને ક્ષમા યાચે છે અને રાધા વિષે પોતાના દિલમાં રહેલો ઊંડો પ્રેમભાવ વ્યકત કરે છે, અને રાધાના મનનું સમાધાન કરવા પ્રયત્ન કરે છે. આખરે રાધા રીઝે છે અને કૃષ્ણ સાથે યુગલનર્તન શરૂ કરે છે. પ્રમુદિત બનેલી લાલતા અને વિશાખા પણ આ સ્નેહનર્તનમાં જોડાય છે. રાધાકૃષ્ણનું આ પ્રકારનું પુનર્મિલન સુભગ નૃત્ય વડે ઉજવાય છે અને એ રીતે પ્રસ્તુત નૃત્યનાટિકા પૂરી થાય છે.

આ રીતે નૃત્યપ્રયોગોનો કાર્યક્રમ પૂરો થયો. મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આ પ્રકારનું સંસ્કાર–સંમેલન પહેલી જ વાર યોજવામાં આવ્યું હતું. સંમેલનમાં હાજર રહેલાં ભાઇ બહેનો ઝવેરી ભગિનીઓની નૃત્યકુશળતા વડે અને તે સાથે સંકળાયલા મધુર તાલબધ્ધ સંગીત વડે અત્યન્ત પ્રભાવિત બનેલા દેખાતાં હતાં અને વિસ્મય, આનંદ અને ઉદ્‌બોધનના મિશ્ર સંવેદનના કારણે ઊંડી પ્રસન્નતા અનુભવતા માલુમ પડયાં હતાં. આ રીતે પ્રસ્તુત સંમેલન સર્વાંશે સફળ નીવડયું હતું. વૃત્તનિવેદક : પરમાનંદ

પ્રકીર્ણ નોંધ

કીડી ઉપર કટક :

ટિબેટની સ્વતંત્રતાની ચીને કરેલી નેસ્તનાબુદી

ટિબેટમાં અશાન્તિ અને લશ્કરી ગંડબડ શરૂ થયાના સમાચાર આવવા માંડયાં ત્યારથી ટિબેટ ઉપર પૂરો કબજો જમાવવાની ચીને ચાલ શરૂ કરી હોય એમ મન કહી રહ્યું હતું અને આખરે એ જ સાચું પડયું. ૧૯૫૧ માં ચીને ટિબેટ ઉપર આક્રમણ કરીને રક્ષણ અને વિદેશ નીતિ પૂરતો ટિબેટ ઉપર પોતાનો કાબુ જમાવ્યો હતો, પણ આન્તરિક વહીવટમાં ટિબેટને એટલે કે ત્યાંના સર્વસત્તાધીશ લેખાતા ડીલાઇ લામાને સંપૂર્ણ સ્વાતંત્ર્ય રહેશે એમ ચીન તરફથી જાહેર કરવામાં આવ્યું હતું. એજ અરસામાં ચીનના મુખ્ય પ્રધાન ચાઉ–એન–લાઇ દિલ્હીમાં આવ્યા હતા અને પંચશીલની ભૂમિકાનો પરસ્પર સ્વીકાર કરતા સંધિપત્ર ઉપર ભારતે અને ચીને સહી કરી હતી. પંચશીલના સિધ્ધાંતોની એ જ વખતે અને એ જ પ્રસંગે ભારતમાંથી સૌથી પહેલી ઘોષણા કરવામાં આવી હતી. એ સંધિપત્રમાં કોઇ કમનસીબ ઘડીએ ભારતે ટિબેટ ઉપર ચીનનું Sunzerenity–સામ્રાજ્યવર્ચસ્–કંઇ કાળથી હોવાનો સ્વીકાર કર્યો હતો, જેના પરિણામે ટિબેટની સ્વતંત્ર હસ્તીનો ઇનકાર કરવામાં આવ્યો અને ટિબેટ રાજકારણી પરિભાષામાં ચીનના આંતર વહીવટનો પ્રશ્ન બન્યો, અને ટિબેટમાં ચીન ગમે તે કરે કે ગમે તેમ વર્તે તો પણ, આપણાથી તે વિરુદ્ધ ન બોલાય, અને બોલીએ તો ચીનની આન્તર વહીવટમાં દખલગીરી કરી કહેવાય–આવા એક ખ્યાલનું બીજ રોપાયું.

કોઇ પણ નાના દેશ ઉપર બીજા મોટા દેશનું આધિપત્ય સ્થપાય તો નાના દેશને તે ન ગમે, તે ખૂંચવા માંડે અને ત્યાંના પ્રજાજનોમાં તેમાંથી મુકિત મેળવવાનો વિચાર શરૂ થાય એ સ્વાભાવિક છે. આ રીતે ટિબેટને ચીનની શિરજોરીમાંથી મુકત કરવાની હીલચાલ, સંભવ છે કે, ટિબેટમાં શરૂ થઇ હોય. સિધ્ધાન્તની દૃષ્ટિએ આમાં કશો વાંધો ઉઠાવવા જેવું કે વિરોધ કરવા જેવું છે જ નહિ, કારણ કે નાના મોટા દરેક દેશને સ્વતંત્ર બનવાનો અને પોતાનું રાજ્ય પોતાની મરજી મુજબ ચલાવવાનો સંપૂર્ણ અધિકાર છે એ આજે સર્વસ્વીકૃત માન્યતા છે. પણ સામ્યવાદી મહારાજ્યોને આવી માન્યતા કે વિચારણાની કશી પડી જ નથી. પોતાના સત્તાવર્તુળ નીચે આવેલા દેશોને સતત દબાયલા રાખવા અને એવા દબાયલા રાખવા કે તે કદિ પણ માથું ઊંચું કરી ન શકે–આ સામ્યવાદી સામ્રાજ્યોની સુવિદિત નીતિ છે. થોડાં વર્ષ પહેલાં હંગેરીમાં શું બન્યું તે આપણે જોયું હતું. રશિયાના કબજામાંથી છૂટવાનો હંગેરીએ કાંઇક પ્રયત્ન કર્યો અને રશિયાએ અત્યન્ત નિષ્ઠુર રીતે હંગેરીને કચરી નાખ્યું, સંખ્યાબંધ માણસોની કતલ કરી અને પાર વિનાનો ત્રાસ વર્તાવ્યો.

આવી જ રીતે એક જ નીતિને વરેલું ચીન ટિબેટમાં અમુક માણસો સ્વતંત્રતાની ચળવળ કરે તે સહી કેમ શકે? ઉલટું ટિબેટ ઉપર પોતાનો પૂરેપૂરો કાબુ જમાવવા માટે ચીનને તો આવું બહાનું જોઇતું હતું. ચીને આવું બહાનું આગળ ધરીને દશ બાર દિવસમાં ટિબેટને પૂરેપૂરું દબાવી દીધું છે, ડીલાઇ લામાને ભાગવું પડયું છે, ચીન નચાવે તેમ નાચવાને તૈયાર એવા પંચન લામાને ચીને ટિબેટનો નામનો મુખી બનાવ્યો છે, અને ટિબેટના ગળે ફાંસો દેવાઇ ચૂકયો છે.

આમ જ્યારે એક મોટી સત્તા પોતાના સત્તાવર્તુળ નીચેના છતાં બીજી કેટલીક રીતે સ્વતંત્ર અને સ્વાયત્ત એવા દેશને દબાવવાને પ્રવૃત્ત થાય છે ત્યારે દેશની સ્વતંત્રતા ખાતર ઝુઝનારાને દેશદ્રોહીઓ તરીકે વર્ણવવામાં આવે છે, રાષ્ટ્રનો દ્રોહ કરીને સર્વસત્તાધીશના હુકમને માન આપીને ચાલનાર દેશદ્રોહીને મહાન દેશભકત તરીકે ગણવામાં આવે છે, 'પરદેશીઓને હાંકી કાઢો,' 'દેશ ખાતર મરી ફીટો,' 'દેશની આઝાદી હાંસલ કરો,' આવા લોકપોકારોને પ્રત્યાઘાતી પોકારો તરીકે જાહેર કરવામાં આવે છે,

દેશનું રક્ષણ કરનાર લશ્કરને બળવાખોર લશ્કર તરીકે અને દેશને છુંદી નાખવા માટે બહારથી આવેલા લશ્કરને–salvation army–મુક્તિદાતા લશ્કર-તરીકે ઓળખાવવામાં આવે છે. ટિબેટની કટોકટી અંગે ચીની સરકાર તરફથી બહાર પાડવામાં આવેલ નિવેદનમાં આવાં વિકૃત વિધાનો જ્યાં ત્યાં જોવા મળે છે. અનેક જૂઠાણાંઓથી ભરેલું એ નિવેદન ટિબેટ વિષે ચીનની બુરી દાનતને ઢાંકવાને બદલે ઉલટું વધારે ઉઘાડી પડે છે.

ટિબેટ ઉપર ચીનનો કાબુ જમવા સાથે ચીન હવે કેટલેક ઠેકાણે આપણી સરહદની લગોલગ આવીને ઉભું રહે છે. કેટલાક ઠેકાણે નેપાળ, સીક્કીમ અને ભૂતાન આપણી અને તેની વચ્ચે આવેલા છે. સીક્કીમ અને ભૂતાન આપણા સત્તાવર્તુળ નીચે છે. નેપાળ સ્વતંત્ર છે, પણ ત્યાં સામ્યવાદી સંચાર ઘણા મોટા પ્રમાણમાં ચાલી રહ્યો છે. હવે થોડા વખતમાં નેપાળ કાં તો સામ્યવાદી બની જાય અથવા તો ચીન ટિબેટ માફક તેને પણ આવરી લે તો તેમાં કશું નવાઇ પામવા જેવું નહિ લેખાય. આજે પણ નેપાળને ચીન ઘણી રીતે મદદ તો કરી જ રહ્યું છે. આ રીતે ચીન આપણા માથા ઉપર બરોબર આવીને ઉભું રહ્યું છે. ભારત ચીનને પોતાનું મિત્ર ગણે છે; ચીન ભારતને પોતાનું મિત્ર ગણે છે; પણ જ્યાં, જ્યારે, જેવી તક મળે ત્યાં, ત્યારે, તેવી તકનો લાભ લઇને–જરૂર પડયે લશ્કરી તાકાતનો ઉપયોગ કરીને પણ–પોતાનું સત્તાવર્તુલ વધારવું એ જ જેનું લક્ષ્ય છે એવા આ સામ્યવાદી મહારાજ્યોની મૈત્રીમાં કેટલો વિશ્વાસ મૂકવો તે એક સવાલ છે. राजा मित्रं केन दृष्टं श्रुतं वा। ચીનની નીતિનો વિચાર કરતાં આ ઉક્તિ યાદ આવે. ટિબેટ સાથે ભારતના કેટલા ગાઢ સંબંધો છે એ ચીન જાણે છે. એમ છતાં ભારતની લેશ માત્ર દરકાર કર્યા સિવાય, જેમ કસાઈ ઘેટાને વધેરી નાખે તેમ ચીને ટિબેટને રૂંધી નાંખ્યું છે. આ જોતાં પ્રસ્તુત ઘટના કોઇ શુભસૂચક નથી લાગતી, ઉલટું અમંગળ ભાવીની આશંકા પેદા કરે છે.

ટિબેટમાં હંગરીની બીજી આવૃત્તિ નિર્માણ થઇ છે. ફરક એટલો કે હંગરી શસ્ત્રસજ્જ પ્રજા હતી, તેથી ત્યાં માનવી-સંહાર ઘણો મોટો થયો હતો. અહિં પ્રજા એકદમ પછાત, ધાર્મિક વહેમોથી ભરેલી; લામાઓ અને મઠોનું આખી પ્રજા ઉપર આધિપત્ય, સૈન્ય અને શસ્ત્રો નામનાં. તેથી તેના ઉમર કાબુ મેળવવા માટે ચીનને બહુ મોટા પાયા ઉપર માનવીહત્યા કરવી નહિ પડી હોય એમ અનુમાન થાય છે. એ જે હો તે હો, ચીનના આ આક્રમણમાં કોઈ ન્યાય કે નીતિનો અંશ છે જ નહિ. Might is Right–સત્તા બળવાન છે–એ જ સૂત્રને નવું સમર્થન મળ્યું છે. આ ઘટનાથી વિશ્વશાન્તિની વિચારણા ઉપર એક ઘણો મોટો ફટકો પડયો છે.

શ્રી. લીલાવતીબહેનને અભિનંદન

તા. ૧૫-૩-૫૯ના રોજ શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ ઉદ્યોગ-ગૃહના કાર્યકર્તા શ્રી. મહીપતભાઇ જાદવજી નરસીએ અને શ્રી. વજુ-ભાઇ શાહે એ જ સંસ્થાના પ્રમુખ કાર્યકર્તા શ્રી. લીલાવતી બહેન દેવીદાસે ૬૦ વર્ષ પુરા કર્યાં તે બદલ, મિત્રો અને શુભેચ્છકોનું એ જ ઉદ્યોગગૃહમાં એક સમૂહભોજન યોજીને લીલાવતીબહેનનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે પ્રમુખસ્થાને બિરાજેલા શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલે, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે, શ્રી તારાબહેન માણેકલાલે, શ્રી. રંભાબહેન ગાંધીએ, શ્રી. લીલાવતીબહેન બેકરે, શ્રી લીલાવતીબહેન કામદારે તેમ જ શ્રી. મહીપતભાઇએ શ્રી. લીલા-વતીબહેનને આદરભરી પ્રશસ્તીઓ વડે નવાજ્યા હતા અને તેમના વિષે ઊંડા દિલની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

શ્રી. લીલાવતીબહેન વર્ષો જુના સમાજસેવક છે, એટલું જ નહિ પણ, એક યા બીજી સામાજિક સંસ્થાનું અવલંબન લઇને અનેક સમાજસેવકો તેમણે ઉભા કર્યા છે. મુંબઇનો જૈન મહિલા સમાજ એ તેમની સેવાઓનું મુખ્ય ક્ષેત્ર બન્યું છે; મુંબઇ જૈન યુવક સંઘના તેઓ કેટલાક સમયથી ઉપપ્રમુખ છે; કોન્ફરન્સનું ઉદ્યોગગૃહ એ તેમનું નવું સેવાક્ષેત્ર છે. તેમની દોરવણી અને સક્રિય સેવાઓ વડે જૈન મહિલા સમાજ સતત વિકસતો રહ્યો છે; મુંબઇ જૈન યુવક સંઘમાં તેમના સતત પ્રગતિશીલ વિચારોને અંગે તેમણે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આજની મધ્યમ વર્ગની આર્થિક ભીંસમાં કાન આપીને કોઇક રાહત આપી શકાય એવા પારમાર્થિક હેતુથી તેઓ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સે શરૂ કરેલા ઉદ્યોગગૃહની પ્રવૃત્તિ તરફ ખૂબ આકર્ષાયા છે અને તે પાછળ સમય તેમ જ શક્તિનો ભોગ આપી રહ્યા છે. આ ઉદ્યોગગૃહની સ્થાપના સ્વ. શ્રીમદ્વિજયવલ્લભ સૂરિના હાથે કરવામાં આવેલી, એમ છતાં તેના પ્રારંભ સાથે જ, આ ઉદ્યોગગૃહને અનેક પ્રતિકુળ સંયોગોમાંથી પસાર થવાનું બનવાથી તેનું સંચાલન લીલાવતી બહેનની કાર્યશક્તિની ચાલુ કસોટી કરી રહ્યું છે. એમ છતાં એક પ્રકારની ધાર્મિક વૃત્તિથી તે સંસ્થાને ટકાવવા તેમજ વિકસાવવા તેઓ તનતોડ મહેનત કરી રહ્યા છે.

ઉપર જણાવેલ ત્રણે સંસ્થા સાથે 'જૈન' શબ્દ જોડાયલો હોવા છતાં ત્રણે સંસ્થાની પ્રવૃત્તિ શુધ્ધ સાર્વજનિક રૂપની છે. લીલાવતીબહેન એક જૈન કાર્યકર તરીકે ઓળખાતા હોવા છતાં તેના દિલમાં નાતજાતનો કે મારા તારા સંપ્રદાયનો કોઇ ભેદ નથી. સૌ કોઇને પોતામાં સમાવવા એ તેમના દિલની ભાવના છે.

ઉમ્મર વધવા સાથે આજના સામાજિક કાર્યકરોમાં બે ત્રુટિઓ બહાર આવતી આપણને સામાન્યતઃ નજરે પડે છે: એક તો ઉમ્મર વધવા સાથે તેમની કાર્યશક્તિ અને ઉત્સાહ મંદ પડતાં દેખાય છે. લીલાવતી બહેનના ઉત્સાહમાં મન્દતાનો કોઇ અંશ દેખાતો નથી. ઉમ્મરની અસર શરીર ઉપર પડવા છતાં તેમની કાર્યશક્તિમાં હજુ કશો પણ ઘટાડો થયો માલુમ પડતો નથી. સામાજિક કાર્યો માટે સવારથી સાંજ અને ઘણીવાર મોડી રાત સુધી પણ એક સ્થળેથી બીજા સ્થળે તેમનું ભટકતા રહેવાનું હજુ એટલું ને એટલું ચાલુ છે. તેમનામાં નિડરતા છે અને એમ છતાં વ્યવહારદક્ષતા છે. પીઢ કાર્યકરનું શાણપણ તેમના દરેક પગલામાં નજરે પડે છે.

બીજું ઉમ્મર વધવા સાથે માણસ સાધારણ રીતે સ્થિતિ-ચુસ્ત બનતો અને જુનવાણી તરફ ઢળતો દેખાય છે. પ્રારંભમાં સામાજિક અભિપ્રાયોનો સામનો કરીને સાચું શું છે તે કહે-વાની અને તે મુજબ વર્તવાની તેમનામાં હીંમત હોય છે. પાકટ ઉમ્મર થતાં તેમને સમાજમાં પોતાનું સ્થાન જમાવવાનો, અને જામ્યું હોય તો ટકાવી રાખવાનો મોહ થાય છે અને બહુમતી તો કોઇ પણ સમાજમાં સ્થિતિચુસ્ત હોય જ છે અને તેથી તેમનું વલણ પણ ધીમે ધીમે સ્થિતિચુસ્તતા તરફ ઢળતું જાય છે. ઉમર વધતાં તેમની દૃષ્ટિ પણ કુંઠિત થવા લાગે છે અને તેમને જુનું તેટલું સારું દેખાવા માંડે છે. દા. ત. બે ત્રણ વર્ષ પહેલાં મુંબઇની ધારાસભામાં બાલદીક્ષાની અટકાયત કરતું બીલ આવ્યું હતું. આજથી પચીસ ત્રીશ વર્ષ પહેલાં જેઓ બાલદીક્ષાના કટ્ટર વિરોધીઓ હતા અને ગાયકવાડ સરકારના બાલદીક્ષાનું નિયંત્રણ કરતાં ધારાના સમર્થક હતા તેઓ સમાજની આગેવાની મળ્યા બાદ બાલદીક્ષાના સમર્થક બન્યાનું અને તેની અટકાયત કરનાર કાનુનના કટ્ટર વિરોધી હોવાનું માલુમ પડયું હતું. બાલદીક્ષા સામેની મુમેશમાં જેઓ એક વખત સાથીઓ હતા તેમને સામેના પ્લેટફોર્મ ઉપર બિરાજેલા જોયા અને મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. આમાં ગણ્યાગાંઠ્યા અપવાદ જોયા અને તેમાં લીલાવતીબહેન એક હતાં. તેઓ મુંબઇ જૈન યુવક સંઘના અધિકાર ઉપર એક સરખા ચાલુ રહ્યા અને પ્રસ્તુત ધારાનું તેઓ અનુમોદન કરતા રહ્યા. આ તો એક દાખલો છે, પણ ઉમ્મર વધે, અથડામણો ઉભી થાય તો પણ, વિચારમાં કોઈ પીછેહઠ નહિ એવું કોઇ હોય તો તે લીલાવતીબહેન છે. જમાનો આગળ વધે છે; જમાનાની માંગ બદલાતી ચાલે છે; વિચાર અને આચારનાં મૂલ્યો બદલાય છે. તે બધાંની સાથે તાલ મેળવીને ચાલવું અને સમાજનું શ્રેય બને તેટલું સાધવું–આવી વૃત્તિ લીલાવતીબહેનને સર્વ કાર્યોમાં પ્રેરી રહી છે. આ પાછળ તેમને કોઇ ઊંડી તાત્ત્વિક સુઝ છે એમ કહેવાનો આશય નથી. આ પાછળ જે છે તે સમાજના ઉત્કર્ષ માટે તેમના દિલની તાલાવેલી અને સમાજના દુઃખ દુર્દૈવ વિષે આત્મીયતાની બુદ્ધિ. **પરમાનંદ**

★ કૂર્માચળની પરિક્રમા ★

(ગતાંકથી ચાલુ)

જેમના મકાનમાં અમે આટલા દિવસ રહ્યા તે કેપ્ટન દૌલતસિંહનો અમને તો મીઠો અનુભવ થયો. અમારી સાથે તેમનો બધો વ્યવહાર સરળ અને ભાવભર્યો હતો. અમને જોઇતી ચીજો એમને ત્યાંથી મળી રહેતી હતી. અમારી અગવડ સગવડની તેઓ પૂરી ચિન્તા ધરાવતા હતા. જેમ અહિં અમે આવ્યા ત્યારે તેમણે અમારું ચા પાણીથી સ્વાગત કર્યું હતું તેમ જતી વખતે પણ અમારે તેમને ત્યાં ચા પાણી તથા નાસ્તો કરીને જવાનું હતું. જે સ્થળમાં અમે રહ્યા તે સ્થળ પણ કૌસાનીની જે વિશેષતા છે તે માણવા માટે ભારે અનુકુળ હતું. અમારી માફક કોઇ પણ મંડળીને આ મકાનમાં રહેવાની ઇચ્છા હોય તો કેપ્ટન દૌલતસિંહ સાથે પત્રવ્યવહાર કરીને તેઓ ગોઠવણ કરી શકે છે.

કૌસાની બહુ જ નાનું ગામડું છે. બસ સ્ટેાપની આસપાસમાં જ મોટા ભાગે ત્યાં રહેતા લોકોનો વસવાટ છે. કૌસાનીની વસતી ૨૦૦-૩૦૦ થી વધારે માણસોની નહિ હોય. પહેલાં તો ત્યાં દૂધ, અનાજ, કેરોસીન, શાકપાંદડું–એવી જરૂરિઆતની ચીજો મેળવવામાં બહુ મુશ્કેલી પડતી હતી અને મળતું તે બહુ ઓછું મળતું. સરકારી સ્ટેટ બંગલો કે ડાક બંગલા સિવાય પ્રવાસીઓને ઉતરવાનું કોઇ પણ ઠેકાણું નહોતું. હવે તો ત્યાં એક નાની સરખી 'સર્વોદય હોટેલ' શરૂ થઇ છે. જ્યાં ખાવા પીવા ઉપરાંત રહેવા વગેરેની ઠીક ઠીક સગવડ છે. જરૂરિઆતની પણ ઘણી ખરી ચીજો હવે ઓછા વધતા પ્રમાણમાં મળી રહે છે. અમને તો દૂધ પણ જોઇએ એટલું મળી શકતું હતું. ચાપાણીની પણ ત્યાં ત્રણ ચાર હોટલો ચાલી રહી છે.

આમ કૌસાની સંબંધે અનેક મીઠાં સ્મરણો મગજમાં સંઘરીને અમે જુન માસની બીજી તારીખે સવારના ભાગમાં નવ–સાડા નવ વાગ્યાની બસમાં બેસીને ત્યાંથી વિદાય થયા. ચનોદા મૂકેલો અમારો વધારાનો સામાન આ રીતે પાછા ફરતાં ત્યાંથી લઇ લીધો; સોમેશ્વર વટાવ્યું. કોસી આવ્યું. 'ગરમ પાણી' માફક આ સ્થળે પણ જતા આવતા પ્રવાસીઓ નાસ્તો કરીને, ચાપાણી પીને તાજા થાય છે. અમને અહિં તાજું સરસ દહીં મળ્યું. જેને જે ગમ્યું તે ખાધું પીધું અને આગળ ચાલ્યા. કોસીનદીનો પૂલ ઓળંગીને બસ આલ્મોરાના રસ્તે ઉંચે ચઢવા લાગી. કોસી નદીએ હવે અમારો સાથ છોડ્યો અને ખૈરના–ગરમ પાણીની દિશા તરફ તે આગળ આવી. અમે બપોરે બાર વાગ્યા લગભગ આલ્મોરા પહોંચ્યા.

આલ્મોરા

અહિં રામકૃષ્ણધામ નામની એક સંસ્થા છે ત્યાં ઉતરવાનું અમે આગળથી નક્કી કર્યું હતું. ત્યાં મજુરો પાસે સામાન ઉપડાવીને અમે પહોંચ્યાં. રામકૃષ્ણ ધામના મુખ્ય સંચાલક સ્વામી પરબ્રહ્માનંદજીએ અમારું ભારે પ્રેમથી સ્વાગત કર્યું. રહેવા માટે અમને એક ઓરડો ઉપર અને એક ઓરડો નીચે કાઢી આપ્યો. ઉપર અમે રહ્યાં. નીચે મેના–આજતભાઇ રહ્યાં. અહિં આવ્યા અને આ ઋતુ ઉનાળાની ચાલે છે એનું એકાએક ભાન થયું. આજ સુધી બધે હવામાં ઓછી વધતી પણ ઠંડી જ અનુભવતાં હતાં. પણ અહિં ખરેખર મુંબઇ જેવી ગરમી લાગી. આલ્મોરાની ઉંચાઇ ૫૪૦૦ ફીટની છે, અને ઉનાળામાં અહિં સાધારણત: ગરમી રહે જ છે. એટલું ખરું કે આ બાજુની આબોહવા એવી વિચિત્ર હોય છે કે, જ્યારે પણ તમને લાગે કે, આજે ખરેખર બહુ ઉકળાટ છે ત્યારે સમજવું કે બે ત્રણ દિવસની અંદર વરસાદ આવવાનો છે. એ મુજબ જરૂર વરસાદ આવી જાય અને બધે પાછી ઠંડક થઇ જાય. આમ અહિં હવામાનની સમશિતોષ્ણતા ઉનાળાની ઋતુમાં જળવાઇ રહે છે.

અહિં આવ્યા બાદ સામાન વગેરે બધું થોડીવારમાં ગોઠવાઇ ગયું; અમે નહાયા ધોયા; સ્વસ્થ થયાં, ભોજન કર્યું; થાક લાગ્યો હતો અને આગલી રાતનો ઠીક ઠીક ઉજાગરો હતો, એટલે બેએક કલાક આરામ કર્યો. સાંજ પડી. અહિં એક ઓરડાને પ્રાર્થના–મંદિર બનાવવામાં આવ્યું છે. ત્યાં સાંજ સવાર આશ્રમવાસી ભાઇઓ બહેનો પ્રાર્થના માટે એકઠાં થાય છે. ઓરડામાં દાખલ થતાં સામેની દીવાલની મધ્યમાં લાકડાનું એક નાનું સરખું દેવ-ઘર જેવું છે અને તેમાં સ્વામી રામકૃષ્ણ પરમહંસની છબી મૂકવામાં આવી છે. અત્યારે નિયમ મુજબ ત્યાં પ્રાર્થના શરૂ થઇ. અમે બધાં એમાં જોડાયાં. ત્યાર બાદ ભારત સરકાર તરફથી બહાર પાડવામાં આવેલી કેટલીક 'ડોકયુમેન્ટરી' ફીલ્મ્સ ત્યાં વસતાં ભાઇબહેનોને બતાવવાનો કાર્યક્રમ ગોઠવાયો હતો. તે મુજબ પ્રાર્થના પૂરી થયા બાદ ફિલ્મો દેખાડવાનું શરૂ થયું. એ જોવામાં દોઢેક કલાક પસાર થયો. બાદ વાળુ પતાવીને અમે નિદ્રાધીન થયા.



શ્રી. ઓશી સેન તથા શ્રીમતી ગર્ટ્રુડ સેન

અમે અહિં આવ્યા તે જ દિવસે સાંજે, આ પહાડી પ્રદેશમાં વર્ષોથી રચનાત્મક કાર્ય કરી રહેલા અને આજે વિશેષત: ભૂદાન ઑન્દોલનનો પ્રચાર કરતા ભાઇ શાન્તિલાલ ત્રિવેદીનાં પત્ની સૌ. ભક્તિબહેન અમારી ખબર પૂછવા આવેલાં હતાં. ભાઇ શાન્તિલાલ ત્રિવેદીને, આલ્મોરા જઇએ ત્યારે, મળવાની સૌથી પહેલી સૂચના મારા મિત્ર ભાઇ નવનીત પરીખે કરેલી. પછી તો નૈનીતાલમાં ગંગાબહેને તેમની સેવા પ્રવૃત્તિ વિષે ઘણીવાર ઉલ્લેખ કરેલો. મુકતેશ્વરમાં જયન્તીબહેને પણ તેમના વિષે પ્રશંસાના ઉદ્‌ગાર કાઢેલા મેં પણ તેમના નૈનીતાલ તથા કૌસાનીથી અમારા એ બાજુ આવ્યાની ખબર આપતા અને આલ્મોરા પહોંચીએ

ત્યારે તેમને મળવાની ઉત્કટ ઇચ્છા વ્યકત કરતા પત્રો લખેલા. આ ભાઇ શાન્તિલાલ મુંબઇથી આ બાજુ આવી ચડેલા શ્રી નવનીત પરીખ સાથે બે દિવસ પહેલાં બેરીનાગ ગયા છે અને ત્રણ ચાર દિવસમાં પાછા આવવાના છે એમ ભકિતબહેને જણાવ્યું. તેઓ તેમ જ શાન્તિભાઇ મૂળ સૌરાષ્ટ્રના–રાજકોટ બાજુના–છે તેથી તેમને મળતાં અમને નિકટવર્તી સ્વજનને મળ્યા જેવો આનંદ થયો.

બીજે દિવસે સવારે અમે આલ્મોરામાં ફરવા નીકળ્યા. સૌથી પહેલાં અમે વિવેકાનંદ લેબોરેટરીમાં ગયા. આ લેબોરેટરીમાં ચાલતું કામ અમારે જોવું જાણવું હતું અને એ લેબોરેટરીના ડીરેકટર શ્રી બોશી સેનને પણ મળવું હતું. મુંબઇ પ્રદેશના મજુરપ્રધાન શ્રી. શાન્તિલાલે શાહ અમને નૈનીતાલમાં મળેલા ત્યારે તેમણે બોશી સેનને મળવા ખાસ કહેલું. અમે તેમની પાસે ગયાં, પણ તે વખતે તેઓ પોતાના મદદનીશો અને વિદ્યાર્થીઓ સાથે કામમાં રોકાયા હતા. તેથી સાંજે બની શકે તો આવવા કહ્યું. સાંજે જરૂર આવીશું એમ કહીને અમે રામકૃષ્ણ આશ્રમ તરફ ચાલ્યા.

રામકૃષ્ણ આશ્રમ

આ આશ્રમ આલ્મોરાના લગભગ બીજે છેડે આવેલ છે. ત્યાં અમે પહોંચ્યાં અને સ્વામી અપર્ણાનંદજી જે ત્યાંના મુખ્ય વ્યવસ્થાપક છે તેમને અમે મળ્યાં. અહિં એ જણાવવું જરૂરી છે કે આ બાજુ આલ્મોરા તેમજ માયાવતી રામકૃષ્ણ મીશનનાં બહુ જુનાં અને મહત્વનાં કેન્દ્રો છે. સ્વામી વિવેકાનંદ અહિં તેમ જ એહિંથી ૪૨ માઇલ દૂર પૂર્વ બાજુએ આવેલા માયાવતીમાં ઘણો સમય રહેલા. સ્વામી વિવેકાનંદના સીધા પરિચયમાં આવેલ કોઇ વ્યકિત, સંભવ છે કે, આજે પણ આલ્મોરામાં હયાત હોય. સ્વામી આનંદે આજથી ૩૮ વર્ષ પહેલાં આલ્મોરામાં રહીને ગાયત્રી પુરશ્ચરણ વ્રત કરેલું. તેમનો પણ રામકૃષ્ણ આશ્રમ સાથે ગાઢ સંબંધ હતો. તેમના પરિચયને લીધે આલ્મોરા અને રામકૃષ્ણ આશ્રમ મારા મનમાં વર્ષોથી ગાઢપણે સંકળાયલાં હતાં. આ પૂર્વ સંસ્કારને લીધે અહિં આવતાં મન કોઇ વિશિષ્ટ આનંદ અનુભવવા લાગ્યું. અહિંના મુખ્ય સ્વામીજી અપર્ણાનંદજી પાસે અમે પોણો કલાક બેઠા. તેમના સૌહાર્દભર્યા સૌજન્યથી અમારું ચિત્ત ખૂબ રંજિત થયું. તેઓ મુંબઇથી સારા પરિચિત હતા. મુંબઇ બાજુએ ખારમાં આવેલા રામકૃષ્ણ આશ્રમમાં તેઓ ઘણો વખત રહેલા. મારા એક નિકટ મિત્ર પ્રોન્સીપાલ એસ. બી. જુન્જરકરને તેઓ સારી રીતે જાણતા હતા. તેમણે આશ્રમના જુદા જુદા વિભાગોમાં અમને ફેરવ્યા અને રામકૃષ્ણ મીશનની ભારતવ્યાપી પ્રવૃત્તિઓ વિષે કેટલોક ખ્યાલ આપ્યો. તેમના કહેવા મુજબ આલ્મોરાના આશ્રમનો મુખ્ય હેતુ નીચેના સપાટ પ્રદેશોમાં ખૂબ કામ કરીને થાકી ગયા હોય, શરીરે નબળા પડ્યા હોય એવા મીશનના સંન્યાસીઓ અહિં આવીને રહે, આરામ કરે અને શારીરિક સ્વાસ્થ્ય તેમ જ માનસિક તાજગી મેળવીને પોતાના નિયત કાર્યક્ષેત્રમાં પાછા પહોંચી જાય એ પ્રકારનો છે. તેથી સપાટ પ્રદેશો ઉપર આવેલા આશ્રમોમાં જે વિવિધ સેવાપ્રવૃત્તિઓ ચાલે છે તેવી પ્રવૃત્તિઓનો બોજો અહિં રહેતા સંન્યાસીઓ ઉપર નાંખવામાં આવતો નથી. આમ તેમની સાથે કેટલીક વાર્તા ચર્ચા થઇ. પછી અમને તેમણે પ્રસાદ આપ્યો જે વડે મોઢું મીઠું કરીને અમે પાછા રામકૃષ્ણ ધામમાં આવી પહોંચ્યા.

પદ્મભૂષણ શ્રી. બોશી સેન

અહિં આવીને ભોજન કર્યું; થોડો સમય આરામ કર્યો. અહિં અમારી ટપાલ ગાંધીઆશ્રમમાં એકઠી થઇ હતી–તે અમને અત્યારે મળી, વાંચી અને કેટલાક પત્રોના જવાબ લખ્યા. સાંજના વખતે હું, અજિતભાઇ તથા બહેન મેના બોશી સેનને મળવા ઉપડ્યાં. તેમના બંગલે પહોંચ્યા એટલામાં તેમનાં પત્ની શ્રીમતી ગટ્રૂડ સેન અમને સામે મળ્યાં–બોશી સેન આ અમેરિકન બાઇને પરણેલા છે–તેમણે અમને આવકાર્યા અને કહ્યું કે "બોશી બાજુએ આવેલ એકસપેરીમેન્ટલ ફાર્મ ઉપર આલ્મોરા આવી ચઢેલાં કેટલાંક ગુજરાતી ભાઇ બહેનોને અહિં ચાલી રહેલું સંશોધનકાર્ય દેખાડવા ગયા છે અને તમને તેમની પાસે લઇ જવા મને કહ્યું છે તો ચાલો, તમને ત્યાં લઇ જાઉં." એમ કહીને અમને બોશી સેન ફરતા હતા ત્યાં લઇ ગયાં. તેમને જોઇને અમે નમસ્કાર કર્યા.

આ પ્રસંગને આગળ વર્ણવું તે પહેલાં બોશી સેનનો અહિં થોડો પરિચય આપવો આવશ્યક લાગે છે. તેઓ ભારતના એક સુવિખ્યાત વિજ્ઞાનશાસ્ત્રી છે; આજે તેમની ઉમ્મર ૭૦–૭૧ વર્ષની થઇ છે. ૧૯૧૧ની સાલમાં કલકત્તાની પ્રેસીડેન્સી કોલેજમાં એમ. એસ. સી.નો તેઓ અભ્યાસ કરતા હતા તેમાંથી સ્વ. વિજ્ઞાનશાસ્ત્રી જગદીશચંદ્ર બોઝે બાયો–ફીઝીકસ અને પ્લેન્ટ–ફીઝીઓલોજી (છોડવાઓને લગતું શરીરવિષયક વિજ્ઞાન) ના વિષયમાં એક રીસર્ચ સ્કોલર તરીકે પોતાની સાથે કામ કરવા માટે બોશી સેનને બોલાવી લીધા. ૧૯૧૪માં જગદીશચંદ્ર બોઝ વિશ્વવ્યાપી પ્રવચન–પ્રવાસે નીકળેલા ત્યારે પોતાના ખાસ મદદનીશ તરીકે બોશી સેનને તેમણે પસંદ કરીને સાથે લીધેલા. આ પ્રવાસ દરમિયાન જગદીશચંદ્ર બોઝ મુંબઇ આવેલ અને વનસ્પતિની સજીવતા પુરવાર કરતા પ્રયોગો તેમણે મુંબઇની પ્રજાને દેખાડેલા. રોયલ ઓપેરા હાઉસમાં ગોઠવાયલા આવા એક સંમેલનમાં હું પણ વનસ્પતિની સજીવતા પ્રત્યક્ષ કરવા માટે ગયેલો અને એ પ્રયોગો જોયેલા. આ પ્રસંગે, બોશી સેને અમને જણાવ્યું તે મુજબ, તેઓ જગદીશચંદ્રની સાથે હતા અને પ્રયોગો દેખાડવામાં તેમને મદદ કરી રહ્યા હતા. શ્રી. બોશી સેને આ રીતે જગદીશચંદ્ર બોઝ સાથે સતત બાર વર્ષ કામ કર્યું, અને સાથે મળીને સંખ્યાબંધ joint papers–નબંધો તૈયાર કર્યા અને પ્રગટ કર્યા. ૧૯૨૩માં તેમણે "On Relation between Permeability Variation and Plant movement" એ વિષય ઉપર એક સ્વતંત્ર પેપર લખ્યો જે રોયલ સોસાયટીએ સ્વીકાર્યો હતો અને પોતાના માસિકમાં પ્રગટ કર્યો હતો.

૧૯૨૪માં ઇંગ્લાંડ અને અમેરિકાના મિત્રોની મદદ વડે અને રોયલ સોસાયટીએ નાની સરખી રકમ બોશી સેનને આપેલી તે વડે કલકત્તામાં સ્વતંત્ર રીસર્ચ લેબોરેટરી શરૂ કરવાનો તેમણે નિર્ણય કર્યો. આ માટે પોતાના નાના સરખા ભાડાના ઘરના રસોડાને તેમણે પ્રયોગશાળામાં ફેરવી નાખી અને તેને 'વિવેકાનંદ લેબોરેટરી'નું નામ આપ્યું. આ મર્યાદિત સાધનો વડે તેમણે પાયાનું સંશોધનકાર્ય શરૂ કર્યું. બીજી દિશાએ તેમની નામના અને ખ્યાતિ વધતી ચાલી. રોયલ સોસાયટીએ તેમના બીજા સંશોધનનિબંધનો–પેપર–નો પોતાના મુખપત્રમાં પ્રસિદ્ધ કરવા માટે સ્વીકાર કર્યો. ૧૯૨૮માં તેમને ફેરેડે સોસાયટીના અને સોસાયટી ઓફ એકસપેરીમેન્ટલ બાયલોજીના સભ્ય બનાવવામાં આવ્યા.

૧૯૨૮ થી ૩૦ સુધી તેઓ અમેરિકા રહ્યા અને રોબર્ટ ગ્રેમ્બર્સ ઓફ ન્યુયોર્ક યુનિવર્સિટીમાં તેમણે સંશોધનકાર્ય કર્યું. અહિં રહીને તેમણે વનસ્પતિ અને છોડવાઓ અંગે અનેક મૌલિક શોધો કરેલી અને તેને લગતા પેપરો–નિબંધો તૈયાર કરીને પ્રગટ કરેલા. આ વખતે અમેરિકા જવા માટે તેમને સ્વ. શેઠ જમનાલાલ બજાજે મદદ કરી હતી.

૧૯૩૫માં ફીઝીઓલોજી (શરીર શાસ્ત્ર)ને લગતી રશીઆમાં મળેલી આન્તરરાષ્ટ્રીય કોંગ્રેસમાં એક પ્રતિનિધિ તરીકે તેમણે ભાગ લીધો હતો અને એ પ્રસંગે પોતાના સંશોધનવિષયને લગતી કેટલીક નવી શોધો રજુ કરતો એક નિબંધ રજુ કર્યો હતો. ત્યાંથી પણ તેમના જાણવામાં ઘણી નવી બાબતો આવી હતી.

૧૯૩૭ માં તેમણે પોતાની લેબોરેટરી આલ્મોરા ખસેડી. અહિં તેમને પ્રયોગો કરવા માટે જમીન વગેરેની સારી સગવડો મળી.

કેન્દ્રીય તેમ જ ઉત્તર પ્રદેશની સરકારોએ તેમના કાર્યમાં વધારે રસ લેવા માંડયો અને લેબોરેટરીમાં હાથ ધરાતી અનેક યોજનાઓને સરકાર તરફથી આર્થિક ટેકા મળવા લાગ્યા. અનાજ, કઠોળ તેમ જ ઘાસચારાની પોષણક્ષમતા કેમ વધે, તેનું દળ કેમ મોટું થાય અને તેનો પાક કેમ વધારે ઉતરે એ બાબતના સંશોધન ઉપર હવે વધારે ભાર મુકાતો રહ્યો. ફરી એક વાર તેઓ ૧૯૪૭માં અમેરિકા ગયેલા અને ત્યાંથી પાછા ફર્યા બાદ મક્કાઈ અને બીજા કઠોળોના સંશોધન ઉપર તેમનું કાર્ય વધારે કેન્દ્રિત થયું. અને એક એકરમાં મક્કાઈનો ૭૫ મણ સુધી પાક ઉતરે તે હદ સુધી તેમનું સંશોધનકાર્ય પહોંચ્યું. જુદા જુદા શાક, ફળ, રેસાવાળા ખાદ્યપદાર્થો, ઘાસ વગેરે ઉપર અહિં આજે મોટા પાયા ઉપર સંશોધન ચાલી રહ્યું છે. આમાં લાંબા તાર વાળું રૂ, ઘઉંની ૪૦૦ જાતો, જવની ૨૦ જાતો, ચણાની ૭ જાતો, જુવારની ૨૫ જાતો, સ્વીટ પોટેટોની ૧૩૦ જાતો, બટાટાની ૪૦ જાતો, ડુંગળીની ૨૦ જાતો અને એ ઉપરાંત ટમેટા, બીન, વટાણા વગેરે શાકની અનેક જાતોનો સમાવેશ થાય છે. આ જ સુધીમાં હિંદના તેમ જ પરદેશના સાયન્ટીફીક જર્નલોમાં વિવેકાનંદ લેબોરેટરી તરફથી ૧૩૦ પેપરો પ્રગટ કરવામાં આવ્યા છે. વિજ્ઞાન અને વ્યવહારૂ ખેતીના ક્ષેત્રમાં તેમણે જે મહત્વનો ફાળો આપ્યો છે તેની કદર તરીકે ભારત સરકાર તરફથી ૧૯૫૭ની સાલમાં શ્રી. બોશી સેનને 'પદ્મભૂષણ'નો ઇલ્કાબ આપવામાં આવ્યો છે. આ ઇલ્કાબ આજ સુધીમાં બહુ જ ઓછી ગણીગાંઠી વ્યકિતઓ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થઈ છે.

તેમનું લગ્ન ગર્ટ્રુડ નામની એક અમેરિકન સન્નારી સાથે થયું છે. આ સન્નારી બહુ વિદ્વાન અને સંસ્કારી છે. તેમણે ભારતની સંસ્કૃતિ અને સભ્યતા વિષે પુસ્તકો લખ્યાં છે જેની વિદ્વાનોની દુનિયામાં બહુ મોટી પ્રતિષ્ઠા છે. તેઓ પણ બોશી સેનની સમાન વયના હોય એમ લાગે છે. આવું સંસ્કારી યુગલ અહિં કે અન્યત્ર મળવું બહુ મુશ્કેલ છે.

બોશી સેન એક મહાન વિજ્ઞાનશાસ્ત્રી તો છે જ, પણ તે ઉપરાંત તેઓ અત્યન્ત ધર્મપરાયણ અને આધ્યાત્મિક વળણ ધરાવતા એક વ્યકિતવિશેષ પણ છે. રામકૃષ્ણ મીશન સાથે તેઓ વર્ષોથી ગાઢ સંબંધ ધરાવે છે. રામકૃષ્ણ આશ્રમમાં બ્રહ્મચારી તરીકે તેઓ ઘણો સમય રહેલા, અને મીશનના પ્રમુખ અગ્રગણ્ય સન્યાસીઓના નિકટ પરિચયમાં આવેલા. આ ઉપરાંત દેશની મોટી લેખાતી અનેક વ્યકિતઓ ગોપાલકૃષ્ણ ગોખલેથી માંડીને જગદીશચંદ્ર બોઝ, ગુરૂદેવ ટાગોર, મહાત્મા ગાંધીજી, બાબુ રાજેન્દ્રપ્રસાદ, પં. ગોવિન્દવલ્લભ પન્ત, ડો. રાધાકૃષ્ણન પંડિત જવાહરલાલ નહેરૂ સુધીના અનેક માનવવિશેષોના સીધા સંસર્ગમાં તેઓ આવ્યા છે. તેમના વિષે ભારત સરકારમાં તેમ જ પ્રજાજનોમાં ઊંડો આદર છે. આવી એક વિશિષ્ટ વ્યકિતને મળવાનો ઉપર જણાવેલ સંયોગોમાં અમને સુયોગ પ્રાપ્ત થયો.

બોશી સેન ઉપર જણાવ્યું તેમ એક ગુજરાતી મંડળીને પોતાની ફાર્મ ઉપર ચાલી રહેલું સંશોધનકાર્ય જુદા જુદા નમુનાઓ દેખાડીને સમજાવતા હતા તેમાં અમે પણ સામેલ થયાં. વિજ્ઞાન અને તેમાં પણ તેની આ શાખાનું અમને કશું જ્ઞાન ન મળે. તેથી તેમને પૂરી રીતે સમજવાનું અમારા માટે શકય નહોતું. એમ છતાં તેમની શોધનાં ઉપર જણાવ્યા છે તેમાંનાં કેટલાંક નક્કર પરિણામો ત્યાં પ્રત્યક્ષ રૂપે જોતાં તેઓ વિજ્ઞાનદ્વારા દેશની મોટી સેવા કરી રહ્યા છે એમ અમને લાગ્યું.

તેમણે પોતાના આ પ્રકારના સંશોધનકાર્ય માટે કલકત્તા છોડીને આલ્મોરા શા માટે પસંદ કર્યું તેનો ખુલાસો કરતાં જણાવ્યું કે "આલ્મોરાનાં હવામાન એવાં છે કે અહિં બારે માસ એક સરખું કામ થઇ શકે છે. આલ્મોરા હિમાલયમાં હોવા છતાં તેની ઉંચાઈ બહુ નથી. શિયાળામાં અહિં ભાગ્યે જ બરફ પડે છે. એટલે વધારે ઉંચા પ્રદેશોના પ્રમાણમાં અહિં ઠંડી સુસહ્ય હોય છે. ઉનાળામાં પણ બહુ ગરમી પડતી નથી અને ચોમાસું પણ માપસરનું હોય છે. વળી અહિં વનસ્પતિ અને ધાન્ય તથા ફળોને લગતી રીસર્ચ-સંશોધન-નાં જે પરિણામો આવે છે તે નીચેના સપાટ પ્રદેશોમાં નીપજતી વનસ્પતિ વગેરેને લાગુ પડે છે. આમ બન્ને રીતે આલ્મોરા અમને વધારે અનુકુળ માલુમ પડયું છે."

પોતાના સંશોધનકાર્યમાં સતત નિમગ્ન વિજ્ઞાનશાસ્ત્રી કેવો હોય એ જોવું હોય તો તેણે બોશી સેનનાં દર્શન કરવાં. જેને રાજકારણ, સત્તા, પ્રતિષ્ઠા, ભોગવિલાસ કે ધનસંગ્રહની કશી જ પડી ન હોય, પણ એકમાંથી બીજી અને તેમાંથી ત્રીજી શોધ-એમ ભૌતિક સૃષ્ટિનાં ગૂઢ રહસ્યો ઉકેલવા પાછળ જ જેનું મન અવિરતપણે લાગેલું હોય અને એ રીતે મર્યાદિત ક્ષેત્રમાં પણ સત્યની શોધ એ જ જેના જીવનનું એકાન્ત લક્ષ્ય હોય-આવી એક વિભૂતિનું તેમનામાં અમને દર્શન થયું. તેમને જે બતાવવું હતું તે પુરૂં થયું એટલે તેમના નિવાસસ્થાન તરફ અમે વળ્યાં. બીજી મંડળી ત્યાંથી વિદાય થઇ. તેમના કહેવાથી અમે તેમની સાથે આગળ ચાલ્યા અને બંગલા સામેની ખુલ્લી જગ્યામાં બેઠાં.

અપૂર્ણ

પરમાનંદ

વસન્ત વ્યાખ્યાનમાળા

તા. ૨-૩-૫૯ના પ્રબુદ્ધ જીવનમાં જે પ્રમાણે જાહેરાત કરવામાં આવી હતી તે મુજબ તા. ૯-૩-૫૯થી તા. ૧૫-૩-૫૯ સુધીની વસન્ત વ્યાખ્યાનમાળાનો આખો કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડયો હતો. આ વ્યાખ્યાનમાળાના પહેલા દિવસે વડોદરાના મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય હસ્તક ચાલતા પ્રાચ્ય વિદ્યા મંદિરનાં અધ્યાપક ડો. ઉમાકાન્ત શાહ પોતાનું વ્યાખ્યાન આપવા માટે ખાસ વડોદરાથી આવ્યા હતા અને પોતાના નિયત વ્યાખ્યાનના અનુસંધાનમાં જૈન પ્રતિમા વિધાનનો વિકાસ કેમ થયો તેનો, પ્રાચીનકાળથી માંડીને મધ્યયુગ સુધીની સંખ્યાબંધ છબીઓ એપીડાયોસ્કોપ દ્વારા ઐતિહાસિક ક્રમમાં દેખાડીને, તેમણે બહુ સુન્દર ખ્યાલ આપ્યો હતો. આવી જ રીતે શ્રી. નવલભાઇ શાહ ખાસ ગુંદીથી અને કાકાસાહેબ કાલેલકર દિલ્હીથી પોતપોતાનાં વ્યાખ્યાનો આપવા માટે આવ્યા હતા. અન્ય વકતાઓ-અધ્યાપિકા ઉષાબહેન મહેતા, સાક્ષરવર્ય શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી, શ્રી. ગગનવિહારી મહેતા, તથા અધ્યાપક ગૌરીપ્રસાદ ઝાલા સ્થાનિક હતા. દરેક વ્યાખ્યાતાએ પોતાના વિષયની પૂરા વિસ્તારથી ચર્ચા કરી હતી. સાતે વ્યાખ્યાનસભાઓ મુંબઈ ખાતે ફ્રેંચ બ્રીજની બાજુએ આવેલ બ્લેવાટ્સ્કી લોજમાં ભરવામાં આવી હતી. અને દરેક વ્યાખ્યાનસભાનો પ્રારંભ મધુર સંગીત વડે કરવામાં આવ્યો હતો. આ સંગીતનો કાર્યક્રમ રજુ કરનાર હતાં ભાઇ દિલીપ કામદાર, બહેન અપર્ણા મજમુદાર, બહેન મંજુલા ગાંધી, બહેન કુમુદ શેઠ, બહેન ઇન્દિરા મહેતા તથા બહેન જેલભારતી. આ પ્રમાણે આયોજિત કાર્યક્રમને સફળ બનાવવા માટે ભિન્ન ભિન્ન વ્યાખ્યાતાઓનો તેમ જ ભજન ગાયન વડે શ્રોતાઓના મનનું રંજન કરનાર ઉપર જણાવેલા જુદા જુદા ગાયક-ગાયિકાઓનો સંઘ તરફથી અન્તઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન પંડિત સુખલાલજી શોભાવશે એવી અમારી સમજુતી અને આશા હતી, પણ તબિયતની પ્રતિકુળતાના કારણે તેઓ આ પ્રસંગ ઉપર મુંબઇ આવી શકયા નહોતા અને પરિણામે યોગ્ય પ્રમુખના માર્ગદર્શનથી આ વ્યાખ્યાનમાળા વંચિત બની હતી. પંડિતજીની અનુપસ્થિતિ અમને સતત ખૂંચતી હતી રહી હતી.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ,ધનજી ટ્રીસ્ટ્રુ, મુંબઇ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૦ : અંક ૨૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, એપ્રીલ ૧૫, ૧૯૫૯, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૧૯

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

વિ.સં.૨૦૧૪ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત ઈ.સ.૧૯૫૮

આપને જાણીને આનંદ થશે કે વિક્રમ સંવત ૨૦૧૫ ના પ્રારંભ સાથે આપણો મુંબઇ જૈન યુવક સંઘ ૩૦ વર્ષ પૂરાં કરીને ૩૧માં વર્ષમાં પ્રવેશ કરે છે અને તેનું મુખપત્ર "પ્રબુદ્ધ જીવન" આગામી મે માસની પહેલી તારીખથી ૨૦ વર્ષ પૂરાં કરીને ૨૧માં વર્ષમાં દાખલ થાય છે. આજે આટલા આયુષ્યવાળી સંસ્થા અથવા તો આટલી લાંબી મુદ્દત સુધી ચાલતું સામાયિક પત્ર અને તેમાં પણ એક સરખી સતત વિકાસ પામી રહેલી સંસ્થા અથવા તો જેનો પ્રભાવ સતત વધતો રહ્યો છે એવું મુખપત્ર બહુ વિરલ જોવામાં આવે છે. આ દૃષ્ટિએ આ નવું વર્ષ સંઘના સભ્યો તેમ જ શુભેચ્છકો માટે અતિ આનંદ અને ગૌરવનો વિષય બને છે. સંઘ તરફથી સંચાલિત પ્રવૃત્તિઓ પૂર્વવત્ એક સરખી ગતિમાન થઇ રહી છે અને એક યા બીજા અંશમાં વિકસિત બનતી રહી છે.

સ્વ. ટી. જી. શાહને અંજલિ

સંઘની કાર્યવાહીની વિગતો આપવાનું શરૂ કરવા પહેલાં ગત વર્ષ દરમિયાન જુલાઇ માસની ૧૧મી તારીખે ત્રણ દિવસની માંદગીના પરિણામે એકાએક નીપજેલા સ્વ. ટી. જી. શાહના અવસાનથી સંઘને એક સમર્થ કાર્યકર્તાની જે ખોટ પડી છે તેની અમે બહુ ખેદપૂર્વક નોંધ લઇએ છીએ. સંઘના તેઓ વર્ષોજુના સભ્ય હતા અને વચ્ચે બે વર્ષ સુધી તેઓ મંત્રી હતા. સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના પણ લાંબા સમય સુધી મંત્રી હતા. બીજી અનેક જાહેર સંસ્થાઓ સાથે તેઓ એક યા બીજા પ્રકારે જોડાયલા હતા. સમાજના તેઓ એક નિઃસ્વાર્થ અને નીડર સેવક હતા. સંઘદ્વારા યોજાયલાં પર્યટનોમાં જે ભાઇબહેનો જોડાયા હશે તેઓ તો તેમના આનંદી, હસમુખા બાળસ્વભાવના કારણે અને યુવાનોને પણ શરમાવે તેવા કાર્યોત્સાહને લીધે તેમને કદિ પણ ભુલી નહિ શકે. સંઘને તેમના અવસાનથી પડેલી ખોટ પુરાવી મુશ્કેલ છે. તેમનાં પત્ની શ્રી. ચંચળબહેન પ્રત્યે સંઘ પોતાની ઊંડી સહાનુભૂતિ અને હમદર્દી દાખવે છે. તેમની જગ્યાએ શ્રી. ચંચળબહેનને સંઘની કાર્યવાહક સમિતિમાં લેવામાં આવ્યા છે અને સંઘની કાર્યવાહીમાં તેઓ ઊંડો રસ લઇ રહ્યા છે તે આપણા સર્વ માટે હાર્દિક સંતોષનો વિષય છે.

સંઘ તથા વાચનાલય અને પુસ્તકાલય માટે એકઠો કરવામાં આવેલો ફાળો

ગત વર્ષની સૌથી વિશિષ્ટ ઘટના આગલા વર્ષોની ખોટ સરખી કરવાના હેતુથી અને પછીનાં વર્ષોમાં થોડી રાહત રહે એ હેતુથી છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘ માટે તથા સંઘ હસ્તક ચાલતા શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય માટે હાથ ધરવામાં આવેલ ફંડફાળાની પ્રવૃત્તિમાં મળેલી સફળતા છે. કુલ રૂા. ૨૦૦૦૦-૦૦ મેળવવાનું લક્ષ્ય વિચારીને આ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અને જણાતાં આનંદ થાય છે કે સંઘના કાર્યકર્તાઓની મહેનતના પરિણામે સંઘના ફાળામાં રૂા. ૧૨૬૦૬-૭૨ તથા વાચનાલય અને પુસ્તકાલયના ફાળામાં રૂા. ૮૧૮૬-૫૦ એટલે કુલ રૂા. ૨૦૭૯૩-૨૨ ભરાયા છે. નવું વર્ષ શરૂ થતાં પહેલાં સંઘ માટે નોંધાયલા ફાળામાંથી રૂા. ૧૦૧૫૬-૭૨ અને વાચનાલય અને પુસ્તકાલય માટે નોંધાયલા ફાળામાંથી રૂા. ૫૩૩૫-૫૦ વસુલ થયા છે અને ત્યાર બાદ સંઘ માટે ભરાયલી એક રકમ રૂા. ૨૦૦-૦૦ અને વાચનાલય અને પુસ્તકાલય માટે ભરાયલી એક રકમ રૂા. ૧૦૦-૦૦-આ સિવાય બાકીની કુલ રકમ આજ સુધીમાં વસુલ થઇ ગઇ છે. આ હકીકત ધ્યાનમાં રાખવાથી આ સાથે જોડવામાં આવેલ આવકજાવકના હિસાબ તથા સરવૈયા સમજવામાં સરળતા થશે.

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

આ વાચનાલય અને પુસ્તકાલયની સ્થાપના આજથી ૧૯ વર્ષ પહેલાં કરવામાં આવી હતી. તેમાંના વાચનાલય વિભાગમાં ૬ દૈનિકો, ૧૮ સાપ્તાહિકો, ૧૨ પાક્ષિકો, ૩૭ માસિકો અને ૬ ત્રિમાસિકો અથવા વાર્ષિકો આવે છે. તથા ભાષાની દૃષ્ટિએ ૮ અંગ્રેજી સામયિકો, ૬૧ ગુજરાતી સામયિકો અને ૧૦ હિંદી સામયિકો એમ કુલ ૭૯ સામયિકો આવે છે. અને પુસ્તકાલય વિભાગમાં ગત વર્ષ દરમિયાન રૂા. ૩૩૪-૦૦ના નવાં પુસ્તકો ખરીદવામાં આવ્યા છે. વાચનાલયનો આસપાસ વસતા લોકોમાંથી સરેરાશ ૧૦૦થી ૧૨૫ માણસો લાભ લે છે અને પુસ્તકાલયનો ચાલુ લાભ લેનારા ભાઇબહેનોની સંખ્યા ૨૪૦ની છે. ગત વર્ષ દરમિયાન આ પ્રવૃત્તિના સંચાલન પાછળ રૂા. ૫૦૮૪-૬૩નો ખર્ચ કરવામાં આવ્યો છે; આવક રૂા. ૭૪૦૫-૮૫ની થઇ છે, સરવાળે રૂા. ૨૩૨૦-૬૨નો વધારો રહ્યો તેમાંથી ગયા બે વર્ષની ખોટ રૂા. ૨૧૩૧-૭૪, જે આવક ખર્ચ ખાતે ઉભી હતી તે બાદ કરતાં આવક ખર્ચ ખાતે રૂા. ૧૮૯-૧૮ જમા રહે છે.

પ્રબુદ્ધ જીવન

પ્રબુદ્ધ જીવનનું નિયત કદ આઠ પાનાનું હોવા છતાં સભ્યો અને ગ્રાહકોને સારા પ્રમાણમાં વાચનસામગ્રી પૂરી પાડવી એ હેતુથી ચાલુ દસ પાનાનાં અંકો અને કદિ કદિ બાર પાનાનાં અંકો કાઢવામાં આવે છે. તેનું ધોરણ એકસરખું જાળવવામાં આવેલ છે અને એક વિચારગંભીર પત્ર તરીકે તેણે ગુજરાતી ભાષાભાષી સમુદાયમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે.

પ્રબુદ્ધ જીવનની ગ્રાહકસંખ્યામાં કોઇ મહત્વનો ફરક પડયો નથી અને લેખકો તરફથી કોઇ સંતોષકારક સહકાર મળતો નથી. જે હેતુએ પ્રબુદ્ધ જીવનનું સંપાદન કરવામાં આવે છે તે ધ્યાનમાં લેતાં તેમ જ કોઇ પણ એક મત, રાજકીય પક્ષ કે સંપ્રદાયનું પ્રબુદ્ધ જીવન પ્રચારક નથી એ હકીકત લક્ષમાં લેતાં, સંઘના સભ્યો સ્વેચ્છાએ પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો વધારવાની પ્રવૃત્તિ હાથ

ન ધરે ત્યાં સુધી, આવા ચિન્તનાત્મક પત્રના ગ્રાહકો સારા પ્રમાણમાં વધવાની શકયતા નથી. આપણી આર્થિક ભીંસના કારણે અને પ્રબુદ્ધ જીવન અંગે આવકનું બીજું કોઇ સાધન નહિ હોવાના કારણે લેખકોને પુરસ્કાર આપવાની સ્થિતિમાં આપણે નથી અને તેથી તેમનો સહકાર સુલભ બનતો નથી. ગત વર્ષ દરમિયાન આપણી પાસે ન્યુસ પ્રીન્ટનું લાઇસેન્સ નહોતું, અને કાગળના ભાવ અણધાર્યા વધ્યા, અને છપાઇના ભાવમાં એકાએક ૨૫ ટકા વધારો કરી આપવો પડયો તે કારણે ધાર્યા કરતાં વધારે ખોટ આવી છે. ગત વર્ષના અન્તે પ્રબુદ્ધ જીવન અંગે ખર્ચ રૂા. ૫૩૪૯-૭૭નો થયો છે અને આવક રૂા. ૨૧૭૮-૩૭ની થઇ છે, પરિણામે તેમાં રૂા. ૩૧૭૧-૪૧નો ઘટાડો આવ્યો છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ પ્રવૃત્તિની શરૂઆત લગભગ ૨૮ વર્ષથી કરવામાં આવી છે અને જેવી રીતે શુકલ પક્ષના ચંદ્રની કળા ઉત્તરોત્તર વધતી જાય તેમ આ પર્યુષણ વ્યાખ્યાનમાળાની કળા ગુણવત્તામાં તેમ લોકપ્રિયતામાં ઉત્તરોત્તર વધતી જ રહી છે. વ્યાખ્યાતાઓની કોટિ પણ ઉજ્જવળોત્તર બનતી ચાલી છે. અને આ વ્યાખ્યાનમાળા જૈન તેમ જ જૈનેતર વિશાળ જનસમુદાયને આકર્ષી રહી છે.

ગત વર્ષની વ્યાખ્યાનમાળા ગત વર્ષના સપ્ટેંબર માસની ૯મી તારીખથી સપ્ટેંબર માસની ૧૬મી તારીખ સુધી એમ આઠ દિવસ માટે ગોઠવવામાં આવી હતી. પહેલા પાંચ દિવસની સભા ગ્લેવાટ્સકી લોજમાં અને પછીની ત્રણ સભાઓ ભારતીય વિદ્યાભવન તથા રોકસી થીએટર જેવા વિશાળ સ્થળમાં ભરવામાં આવી હતી. આઠે દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન પંડિત સુખલાલજીએ શોભાવ્યું હતું. તેના વ્યાખ્યાન વિષયનો કાર્યક્રમ નીચે મુજબ હતો.

વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
શ્રી. એમ. વી. દાંદે	સન્ત તુકારામ
ડૉ. ભોગીલાલ સાંડેસરા	મારી વિદ્યાયાત્રા
શ્રી. મનસુખલાલ આ. માસ્તર	મારા જીવનમાંથી હું શું શીખ્યો ?
આચાર્ય હરભાઇ ત્રિવેદી	માનસિક સ્વાસ્થ્ય
શ્રી. રતુભાઈ અદાણી	અહિંસા અને લોકશાહી
અ. દલસુખભાઇ માલવણિયા	જૈન આચારશાસ્ત્રના મૂળ-તત્ત્વો
શ્રી. ભંવરમલ સિંઘી	અણુયુગમાં ધર્મ
,, રવિશંકર એસ. ભટ્ટ	રાજકીય આદર્શો અને સમાજવ્યવસ્થા
ડૉ. રાજેન્દ્ર ટી. વ્યાસ	અંધસમાજનો પ્રશ્ન
શ્રી. મનુભાઈ પંચોળી	શાન્તિના પાયા
શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ	લોકધર્મ અને સત્યધર્મ
,, મનુભાઈ પંચોળી	શાન્તિના પાયા
,, કાકાસાહેબ કાલેલકર	અહિંસાનું સંશોધન
,, ગગનવિહારી લ. મહેતા	રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે અહિંસા

આ વ્યાખ્યાનમાળા દરમિયાન ડૉ. રાજેન્દ્ર ટી. વ્યાસનું, તેમના વ્યાખ્યાન પ્રસંગે, તેમને મુંબઇ યુનિવર્સિટીએ પી. એચ. ડી ની પદવીથી વિભૂષિત કરવામાં આવ્યા તે બદલ, મુંબઇ જૈન યુવક સંઘ તરફથી બહુમાન કરવામાં આવ્યું હતું. તદુપરાન્ત એ વ્યાખ્યાનમાળાના દિવસો દરમિયાન ૧૫ મી સપ્ટેંબરના રોજ સાંજના સમયે મરીનલાઇન્સ સ્ટેડ્યમ પાછળ આવેલા તારાબાઇ હોલમાં કાકાસાહેબ કાલેલકરની અધ્યક્ષતા નીચે જાણીતા સંગીતાચાર્ય શ્રી. દિલીપકુમાર રોયના ભજનોનો સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. ઉપર જણાવેલ વ્યાખ્યાતાઓમાંથી પાંચ વ્યાખ્યાતાઓ કાશી, કલકત્તા, ભાવનગર, જેવા દૂર દૂર સ્થળોએથી સંઘના નિમંત્રણને માન આપીને પધાર્યા હતા. આ પર્યુષણ વ્યાખ્યાનમાળા પાછળ સંઘને રૂા. ૧૨૫૬-૪૭નો ખર્ચ થયો હતો.

વસન્ત વ્યાખ્યાનમાળા

ગત વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘ માટે સંતોષકારક ફાળો થવાથી ચાલુ વર્ષ દરમિયાન માર્ચ માસની ૯મી તારીખથી ૧૫ મી તારીખ સુધી એમ સાત દિવસ માટે એક નવી વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. આ સાતે સભાઓ ગ્લેવાટ્સકી લોજમાં ભરવામાં આવી હતી. તેના વ્યાખ્યાતા અને વ્યાખ્યાન વિષયોનો ક્રમ નીચે મુજબ હતો.

વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
ડૉ. ઉમાકાંત શાહ	પુરાતત્ત્વ અને જૈન આગમો આદિનો અભ્યાસ
આર્ય. ઉષાબહેન મહેતા	સર્વોદય વિચારણા
શ્રી. કનૈયાલાલ મા. મુનશી	સંસ્કાર અને સ્વતંત્રતા
,, ગગનવિહારી મહેતા	લોકશાહી
અ. ગૌરીપ્રસાદ ઝાલા	આપણી કેળવણી
શ્રી. નવલભાઈ શાહ	ગ્રામઆયોજનના પાયા
કાકાસાહેબ કાલેલકર	દુનિયાની પુનરરચના

આ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે ડૉ. ઉમાકાંત શાહ વડોદરાથી, શ્રી. નવલભાઇ શાહ ગુંદીથી અને કાકાસાહેબ કાલેલકર દિલ્હીથી ખાસ પધાર્યા હતા.

આ વ્યાનમાળાની છ સભાઓ સાંજના સમયે રાખવામાં આવી હતી, અને છેવટની સભા સવારના રાખવામાં આવી હતી. આખો કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડયો હતો-પણ મુંબઇમાં સાંજના વખતે અવરજવરની ઘણી અગવડ તેમ જ બીજા કારણોને લીધે સાંજની સભાઓમાં શ્રોતાઓની હાજરી પ્રમાણમાં ઘણી ઓછી રહી હતી, આ વસન્ત વ્યાખ્યાનમાળા પાછળ સંઘને રૂા. ૬૫૦ લગભગનો ખર્ચ થયો હતો.

ગત વર્ષ દરમિયાન યોજાયલાં વ્યાખ્યાનો અને સમારંભો

સંઘનો આ વૃત્તાંત આર્થિક બાબતો પૂરતો વિ. સં.૨૦૧૪ ના કારતક સુદ એકમથી આસો વદ અમાસ સુધીનો સમજવાનો છે બીજી બાબતો પૂરતો ગત વર્ષ દરમિયાન તા. ૨૫-૨-૫૮ના રોજ ભરાયલી વાર્ષિક સભાના દિવસથી આજ રોજ એટલે કે તા. ૯-૪-૫૯ સુધીનો સમજવાનો છે. આ પ્રવૃત્તિવિષયક વર્ષ દરમિયાન ઉપર જણાવેલ બે વ્યાખ્યાનમાળા ઉપરાંત નીચે મુજબ વ્યાખ્યાનો તેમ જ સમારંભો યોજવામાં આવ્યા હતા;

૧. તા. ૪-૩-૫૮નો રોજ **શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહે** સંઘના કાર્યાલયમાં 'વર્તમાન પરિસ્થિતિ' ઉપર વ્યાખ્યાન આપ્યું હતું અને છેલ્લા ચાર મહીના દરમિયાન દેશમાં તેમ જ આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે બનેલી અનેક મહત્ત્વની ઘટનાઓ ઉપર વેધક પ્રકાશ પાડયો હતો.

૨. તા. ૨૬-૪-૫૮ના રોજ સંઘના કાર્યાલયમાં અખિલ ભારત સર્વ સેવા સંઘના મંત્રી **શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢા**નો 'ગ્રામદાન' એ વિષય ઉપર વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો અને એ વાર્તાલાપ દરમિયાન ભૂમિદાન આન્દોલનનો ઇતિહાસ, ભૂમિસમસ્યાનું સ્વરૂપ ભૂમિદાનમાંથી ગ્રામદાન વિચારનો વિકાસ, ગ્રામદાન કયારે થયું લેખવામાં આવે છે તેની સમજુતી, ગ્રામદાની ગામડાના પુનરઆયોજનની કલ્પના વગેરે પ્રસ્તુત બાબતો ઉપર તેમણે વિસ્તૃત વિવેચન કર્યું હતું અને અનેક અસ્પષ્ટ ખ્યાલોને સ્પષ્ટ રૂપ આપ્યું હતું.

૩. તા. ૧૯-૬-૫૮ના રોજ **શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ 'હિમગિરિમાં પરિભ્રમણ'** એ વિષય ઉપર વ્યાખ્યાન આપતાં તેમણે ગયા મે માસ દરમિયાન નૈનિતાલ તથા આલ્મોરા જિલ્લામાં કરેલા પ્રવાસનું વર્ણન સંભળાવ્યું હતું.

૪. તા. ૨-૭-૫૮ના રોજ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજાયલા જાહેર સન્માન સમારંભ દ્વારા સેન્ડહર્સ્ટ બ્રીજ ઉપર આવેલા બેંબે મોટર મરચન્ટ્સ એસોસીએશન હોલમાં યુનાઇટેડ સ્ટેટસમાં ભારતીય એલચીના પદ ઉપરથી તાજેતરમાં નિવૃત્ત થયેલા **શ્રી. ગગનવિહારી લલ્લુભાઈ મહેતાનું** બહુમાન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારંભનો વિગતવાર અહેવાલ તા. ૧૫-૭-૫૮ના પ્રબુદ્ધ જીવનમાં આપવામાં આવ્યો છે.

૫. તા. ૧૮-૭-૫૮ના રોજ શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ તથા સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના સંયુક્ત ઉપક્રમે મુંબઇ પ્રદેશના મજુરપ્રધાન માન્યવર શ્રી. શાન્તિલાલ હ. શાહના પ્રમુખપણા નીચે હીરાબાગમાં યોજાયેલ જાહેર શોકસભામાં બન્ને સંસ્થાના અગ્રગણ્ય કાર્યકર્તા **સ્વ. શ્રી. ટી. જી. શાહુના** તા. ૧૧-૭-૫૮ના રોજ નીપજેલા અવસાન પરત્વે તેમના અનેક મિત્રો અને સ્વજનોએ શોક પ્રદર્શિત કર્યો હતો અને સદ્‌ગતને ઊંડી ભાવભરી અંજલિ અર્પણ કરી હતી.

૬. તા. ૨૫-૭-૫૮ના રોજ સંઘના કાર્યાલયમાં યોજાયલી જાહેર સભામાં **શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે 'આન્તરરાષ્ટ્રીય કટોકટી'** એ વિષય ઉપર બોલતા મધ્યપૂર્વના દેશોના નામે ઓળખાતા લેબેનોન, ઈરાક, જોર્ડન વગેરે દેશોમાં ઉભી થયેલી સ્ફોટક પરિસ્થિતિનું સવિસ્તર વિવેચન કર્યું હતું.

૭. તા. ૧૨-૧૨-૫૮ના રોજ સંઘના કાર્યાલયમાં યોજાયલી જાહેર સભામાં **શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ**, તેઓ ૮મી નવેંબરથી ૧૩ મી નવેંબર સુધી વિનોબાજીની પદયાત્રામાં ૧૧ દિવસ સુધી જોડાયલા તેનાં કેટલાક સ્મરણો **'વિનોબાજીની પદયાત્રા'** એ વિષય ઉપર બોલતાં રજુ કર્યાં હતાં.

૮. તા. ૨૦-૧૨-૫૮ના રોજ સંઘના ઉપક્રમે મુંબાદેવીના વિશાળ ચોગાનમાં બોલાવવામાં આવેલી જાહેર સભામાં **મુનિશ્રી સન્તબાલજીએ, 'અનેકાન્ત'** એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું અને એ વ્યાખ્યાન પુરૂં થવા બાદ તેઓ સંઘના કાર્યાલયમાં પધાર્યા હતા અને ત્યાં તેમને સંઘ તરફથી હાર્દિક આવકાર આપવામાં આવ્યો હતો અને તેમની સાથે રસિક પ્રશ્નોત્તરી થઈ હતી, જે તા. ૧-૧-૫૯ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવી છે.

૯. તા. ૧૧-૧-૫૯ના રોજ શ્રી. મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ, શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ, શ્રી. મહાવીર જૈન વિદ્યાલય અને ઓલ્ઇન્ડિયા યુનિયન (મહાવીર જૈન વિદ્યાલય) તરફથી જૈન સમાજના એક જુના કાર્યકર્તા અને મુંબઇ જૈન યુવક સંઘના એક વખતના સક્રિય સભ્ય **શ્રી ઉમેદચંદ દોલતચંદ ઝરોડિયા** જેઓ મુંબઇના વ્યવસાયી જીવનથી કેટલાંક વર્ષોથી નિવૃત્ત બનીને અગાસમાં આત્મસાધનામાં નિમગ્ન રહે છે, તેમનું લાંબા વખતે મુંબઈમાં આવવાનું બનતાં શેરબજારના પ્રમુખ શ્રી. કે. આર. પી. શ્રોફના પ્રમુખપણા નીચે **શ્રી ઉમેદચંદ દોલતચંદ ઝરોડિયા** સાથેનો એક મિલનસમારંભ ગોઠવવામાં આવ્યો હતો.

૧૦. તા. ૨૦-૧-૫૯ના રોજ સંઘના કાર્યાલયમાં યોજવામાં આવેલી જાહેર સભામાં મુંબઇ પ્રદેશના **ચેરીટી કમીશનર શ્રી. સુમન ભટ્ટે 'પબ્લીક ચેરીટી એન્ડ રીલીજિયસ ટ્રસ્ટ એક્ટ'** ઉપર જાહેર વ્યાખ્યાન આપ્યું હતું અને આજની સંસ્થાવતોની, અવ્યવસ્થિતતા અને તેનું પ્રસ્તુત કાનૂન દ્વારા કરવામાં આવતા નિયમન ઉપર બોધપ્રદ માર્ગદર્શન કરાવ્યું હતું.

૧૧. તા. ૬-૨-૫૯ના રોજ સંઘના કાર્યાલયમાં યોજાયલી જાહેર સભામાં, ગુજરાતના અગ્રગણ્ય ભૂદાન કાર્યકર્તા શ્રી. સૂર્યકાંત પરીખ વિનોબાજીના ગુજરાતના પ્રવાસ દરમિયાન લગભગ બધો સમય તેમની સાથે જોડાયલા હોઇને, તેમ જ વિનોબાજીની ગુજરાતની આખી પદયાત્રાનું આયોજન કરવામાં તેમણે ખૂબ ભાગ લીધેલો હોઇને, **'વિનોબાજીની ગુજરાતમાં પદયાત્રા'** એ વિષય ઉપર **શ્રી. સૂર્યકાન્ત પરીખે** માહીતીપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું અને સાધારણ જનતાને ખબર ન હોય એવા અનેક પ્રસંગો અને ઘટનાઓ તેમણે વર્ણવી હતી, અને એ વ્યાખ્યાન પુરૂં થયા બાદ **બહેન ગીતા પરીખે** પોતાનાં રચેલાં કેટલાંક કાવ્યો તથા ગીતો સંભળાવ્યાં હતાં.

૧૨. તા. ૧૭-૨-૫૯ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી અધ્યાપક ગૌરીપ્રસાદ ઝાલાના પ્રમુખપણા નીચે, મુંબઇ યુનિવર્સિટી હસ્તક ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા અન્વયે યોજાયેલ 'ભારતની દાર્શનિક અને યૌગિક પરંપરામાં ગુજરાતના અગ્રણી આચાર્ય શ્રી હરિભદ્રસૂરિનો ફાળો' એ વિષય ઉપર તા. ૧૦મી ફેબ્રુઆરીથી તા. ૧૪મી ફેબ્રુઆરી સુધી એમ કુલ પાંચ વ્યાખ્યાનો આપવા માટે પધારેલ **પંડિત સુખલાલજીનું** બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અધ્યાપક ઝાલાસાહેબે એક મનનીય પ્રવચન કર્યું હતું અને પંડિતજીને તેમણે ઉદ્ધાત્ત અંજલિપ્રદાન કર્યું હતું, જેની વિગતો તા. ૧૬-૩-૫૯ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવી છે.

૧૩. તા. ૨૮-૨-૫૯ના રોજ રોકસી થીએટરમાં સવારના આઠ વાગ્યે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તથા ગાંધી સ્મારક સંગ્રહાલય તરફથી-ગાંધી સ્મારક નિધિના નિમંત્રણનો સ્વીકાર કરીને ભારતમાં આવેલા-અમેરિકાની હબ્સી કોમના આગેવાન **રેવરન્ડ ડો. માર્ટીન લ્યુથર કીંગનું** કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપણા નીચે જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

૧૪. તા. ૨૮-૨-૫૯ ના ઉપર જણાવેલ સન્માન સમારંભ બાદ એ જ સ્થળે અમેરિકન એકેડેમી ફોર એશીયન સ્ટડીઝ તરફથી તૈયાર કરવામાં આવેલ **'મહાત્મા ગાંધી: વીશમી સદીના પયગંબર'** એ શિર્ષકનું ચિત્રપટ દેખાડવામાં આવ્યું હતું.

૧૫. તા. ૧૬-૩-૫૯ના રોજ મરીનલાઇન્સ સ્ટેશન પાછળ આવેલ તારાબાઇ હોલમાં સાંજના સાત વાગ્યે કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપણા નીચે સંઘના સભ્યો અને તેમનાં સ્વજનો માટે એક નૃત્યલક્ષી સંસ્કાર સંમેલન ગોઠવવામાં આવ્યું હતું. જે પ્રસંગે મણિપુરી નૃત્યમાં જેમણે અસાધારણ કુશળતા પ્રાપ્ત કરી છે એવાં ઝવેરી બહેનો (નયના, રંજના, સુવર્ણા, દર્શના) એ મણિપુરી નૃત્યની શાસ્ત્રીય માહીતી સાથે એ જ નૃત્યકળાના અંગ ઉપાંગોનો નૃત્યપ્રયોગો દ્વારા પરિચય કરાવ્યો હતો. આ પ્રસંગે કાકાસાહેબે મણિપુરી નૃત્ય વિષે એક સુન્દર ઉદ્‌બોધક પ્રવચન કર્યું હતું. આ સંસ્કારસંમેલનની વિગતો તા. ૧-૪-૫૯ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવી છે.

મહાબળેશ્વર-પર્યટન

ગત વર્ષ દરમિયાન મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૧૯ ઓકટોબરથી તા. ૨૬ ઓકટોબર સુધીનું-એમ કુલ આઠ દિવસનું મહાબળેશ્વરનું પર્યટન ગોઠવવામાં આવ્યું હતું. આ માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ નકકી કરવામાં આવી હતી. મહાબળેશ્વરમાં પેરેડાઇઝ હોટેલમાં ઉતરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પર્યટનમાં જોડાયલા ભાઇ-બહેનો અને બાળકો છ

દિવસ મહાબળેશ્વરમાં રોકાયા અને તેમને જોવા લાયક બધાં સ્થળો દેખાડવામાં આવ્યાં, સાતમા દિવસે પૂના આવ્યાં અને ત્યાં રીટ્ઝ હોટેલમાં ઉતર્યાં.. ત્યાં પણ સ્વ. મહાદેવભાઇ તથા સ્વ. કસ્તુરબાની સમાધિ, પાર્વતી, ખડકવાસલાનું સરોવર અને નેશનલ ડીફેન્સ એકેડેમી–આટલાં સ્થળો દેખાડવામાં આવ્યાં અને આઠમે દિવસે રાત્રે બધાં મુંબઈ પાછા ફર્યાં. સંઘ મારફત યોજાયલાં અનેક પર્યટનોમાં આ પર્યટન સૌથી વધારે આનંદદાયી અને લાંબી મુદતનું હતું. આ પર્યટનમાં વ્યક્તિ દીઠ રૂા. ૬૬–૦૦ નો ખર્ચ આવ્યો હતો.

વૈદ્યકીય રાહત તથા માવજતનાં સાધનો

સંઘ તરફથી વૈદ્યકીય રાહતની અપેક્ષા ધરાવતા ભાઇબહેનોને દવાઓ તથા ઇન્જેકશનો આપવામાં આવે છે. આ રાહત જૈન સમાજ પૂરતી મર્યાદિત રાખવાનું વિચારાયું છે અને એમ છતાં અતિશય જરૂરિયાત ધરાવતી જૈનેતર વ્યક્તિને પણ બનતી મદદ આપવામાં આવે છે. આ રાહત પાછળ ગત વર્ષમાં રૂા. ૧૫૬–૫૬ નો ખર્ચ કરવામાં આવ્યો છે.

સંઘમાં માંદાની માવજતનાં સાધનો સારા પ્રમાણમાં વસાવવામાં આવ્યાં છે અને તેનો કશા પણ નાતજાતના કે ધર્મના ભેદભાવ સિવાય આસપાસ વસતા લોકોને લાભ આપવામાં આવે છે અને તેનો લાભ પણ ચાલુ બહુ સારા પ્રમાણમાં લેવાય છે.

સંઘની આર્થિક પરિસ્થિતિ

સંઘની વિવિધ પ્રવૃત્તિઓનો ઉપર સંક્ષેપમાં ખ્યાલ આપવામાં આવ્યો છે. તેની આર્થિક પરિસ્થિતિ સંબંધમાં જણાવવાનું કે તેને લગતી વિગતો આ સાથે સાંકળવામાં આવી છે જેનો સંક્ષેપમાં સાર એ છે કે સંઘને ગત વર્ષમાં ખર્ચ રૂા. ૩૩૬૧–૬૧ નો થયો છે, આવક રૂા. ૧૧૬૮૬–૮૭ની થઇ છે અને સરવાળે રૂા. ૮૫૬૮–૨૬નો વધારો રહે છે. તેમાંથી પ્રબુદ્ધ જીવનની રૂા. ૩૧૭૧–૪૧ની ખોટ બાદ જતાં રૂા. ૫૪૨૬–૮૫ ચોકખો વધારો રહ્યો તે જનરલ ફંડ ખાતે લઇ ગયા.

આગામી વર્ષ માટે જે અંદાજપત્ર રજુ કરવામાં આવનાર છે તે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ઓછામાં ઓછા રૂા.૪૦૦૦–૦૦ ભેટના આવશે એ ધોરણ ઉપર ઘડવામાં આવ્યું છે અને સંઘનું આર્થિક સમધારણ જળવવું હોય તો સંઘ માટે રૂા. ૫૦૦૦–૦૦ અને વાચનાલય–પુસ્તકાલય માટે રૂા. ૩૦૦૦–૦૦ મેળવવા જરૂરી છે. આ તરફ સંઘના સભ્યોનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

સંઘના નામપરિવર્તનનો પ્રશ્ન

સંઘના નામપરિવર્તનનો પ્રશ્ન જૈન સમાજમાં આજે ઠીક પ્રમાણમાં ચર્ચાઇ રહ્યો છે. આ સંબંધમાં અહિં એટલી સ્પષ્ટતા કરવાની જરૂર છે કે આવો કોઇ ઠરાવ સંઘની કાર્યવાહક સમિતિએ હજુ સુધી પસાર કર્યો નથી. આ ચર્ચા સંઘના મંત્રી શ્રી. પરમાનંદભાઇએ સંઘના મંત્રી તરીકે નહિ પણ પોતાની વ્યક્તિગત સ્થિતિમાં ઉપસ્થિત કરી છે. આ પોતાનો વિચાર તેમણે ગત વર્ષની વાર્ષિક સભામાં રજુ કર્યો હતો, તેમ જ તા. ૩૧–૧૦–૫૮ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિમાં આ પ્રશ્ન અનૌપચારિક રીતે ચર્ચાયો હતો અને તે સંબંધે વિચારોની સારી આપલે થઇ હતી. ત્યાર બાદ એક અંગત વિચારણા તરીકે પ્રબુદ્ધ જીવનના તા. ૧–૧૨–૫૮ ના અંકમાં તેમણે પોતાની સહીથી એક લેખ પ્રગટ કર્યો હતો જેનો સાર એ હતો કે તેમના મત પ્રમાણે સંઘનો છેલ્લાં ત્રીશ વર્ષ દરમિયાન ઉત્તરોત્તર થઇ રહેલો વૈચારિક વિકાસ ધ્યાનમાં લેતાં અને સંઘમાં હવે તો જૈનેતરો પણ જોડાઇ શકે છે અને સંઘની બધી પ્રવૃત્તિઓ કેવળ બીન–સાંપ્રદાયિક રૂપની હોઇને આજે સંઘનું સ્વરૂપ છે તેને, તેનું ત્રીશ વર્ષ પહેલાં પાડેલું નામ યથાર્થ રીતે રજુ કરતું નથી તેથી કોઇ સંપ્રદાયનું સૂચન ન થાય અને ઉમ્મરનો કોઇ સૂચવે એવું સંઘનું નામપરિવર્તન કરવું દૃષ્ટિએ તેમણે 'પ્રબુદ્ધ માનવ સંઘ' એવું નામ અને આવો ફેરફાર કરવાથી જૈન તેમ જ જૈનેત બીનકોમી માનસ ધરાવતી શક્તિશાળી વ્યક્તિઓ સ વાને આકર્ષાશે એવી આશા તેમણે વ્યકત કરી હતી.

આ વિચારણા સામે વિરોધમાં રજુ કરવામાં આવતી ક સરણી આ મુજબની છે: આ સંઘ પ્રારંભથી આજ સુધી જૈન સમાજ સાથે ગાઢપણે સંકળાયેલો છે અને જૈન સમાજના ટેકાથી આટલો બધો આગળ આવેલ છે, તેથી 'જૈન' શબ્દનો પરિત્યાગ યોગ્ય નથી; જૈન શબ્દને વિશાળ અર્થમાં ગ્રહણ કરવામાં આવે તો સંઘનું નામ અને તેની આજની પ્રવૃત્તિઓ વચ્ચે વિસંગતિ લાગવાપણું રહેતું નથી; આવા ફેરફારથી સમાજનો સાથ ગુમાવવાનું રહેશે અને બીજો કોઇ નવો સાથ મળવાની આશા પાયા વિનાની છે અને તેથી લાભને બદલે નુકસાન થવાનો વધારે સંભવ છે; જુના નામનું ઘણું મહત્ત્વ છે અને તે નામ સાથે સંસ્થાની ગુડવીલ જોડાયલી છે ઇત્યાદિ. આ પ્રકારના વિરોધનું દૃષ્ટિબિન્દુ પણ એટલું જ વિચારવા જેવું છે. આ સંબંધમાં શ્રી. પરમાનંદભાઇએ પણ પોતાના ઉપર જણાવેલ લેખમાં સ્પષ્ટ કર્યું છે કે નામપરિવર્તન અમુક એક સંસ્થાના અસ્તિત્વ અને ઇતિહાસની દૃષ્ટિએ એવ મહત્વની બાબત છે કે જેનો ઉતાવળે યા તો કેવળ બહુમતીન જોરે નિર્ણય લેવો ન ઘટે. આ ઉપરથી આ પ્રશ્નમાં રસ લે સભ્યો તેમ જ અન્ય શુભેચ્છકોને એટલું સ્પષ્ટ થશે કે નામપરિવર્તનનો પ્રશ્ન હજુ માત્ર ચર્ચાની એરણ ઉપર ટીપાઇ રહ્યો છે. તે સંબંધમાં કોઇ નિર્ણય લેવાયો નથી અને ઉપર જણાવ્યું તેમ ઉતાવળે કે કેવળ બહુમતીના જોરે નિર્ણય લેવામાં આવનાર નથી.

ઉપસંહાર

પ્રવૃત્તિવિષયક વર્ષ દરમિયાન સંસ્થાની કાર્યવાહક સમિતિની ૧૩ સભાઓ મળી હતી અને કાર્યવાહક સમિતિના સભ્યોએ સંઘના કાર્યમાં સારો રસ દાખવ્યો હતો. આગળનાં વર્ષો કરતાં પ્રસ્તુત વર્ષ દરમિયાન સંઘ ઘણો વધારે સક્રિય રહ્યો છે અને વ્યાખ્યાનસભાઓ તેમ જ અન્ય સંમેલનો પણ વધારે પ્રમાણમાં યોજાયા છે. સમાજનું વૈચારિક પરિવર્તન તેમ જ ઉર્ધ્વીકરણ કરવું અને સાંસ્કૃતિક દૃષ્ટિ કેળવવી એ સંઘની પ્રવૃત્તિનું હંમેશાં મુખ્ય ધ્યેય રહ્યું છે અને તે દિશાએ ચાલી રહેલી સંઘની કાર્યવાહીનો વિચાર કરતાં સંઘની સાથે સરખાવી શકાય એવી સંસ્થાઓ મુંબઈ શહેરમાં બહુ ઓછી જોવા મળે તેમ છે. સંઘને હવે જરૂર છે પોતાનું મકાન ઉભું કરવાની કે જ્યાં સંઘદ્વારા ચાલતું અને એક નાના ઓરડામાં રૂંધાઇ રહેલું વાચનાલય–પુસ્તકાલય મુકત ભાવે વિકસાવી શકાય, અને જેના સભાગૃહમાં અનેક પ્રકારની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચલાવી શકાય અને જેની સગવડ દ્વારા ભિન્ન ભિન્ન પ્રકારની સેવાપ્રવૃત્તિઓ યોજી શકાય. આ નવા લક્ષ્ય ઉપર પોતાની શકિત અને લાગવગ કેંદ્રિત કરવા સંઘના સભ્યોને અમારી નમ્ર પ્રાર્થના છે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૩. } **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

સંઘના સભ્યોને પ્રાર્થના

ચાલુ સાલ સંવત ૨૦૧૫ની સાલતું સંઘનું વાર્ષિક લવાજમ હજુ ઘણા સભ્યોનું વસુલ આવ્યું નથી, જે સભ્યોનું લવાજમ બાકી છે તેમને નમ્ર છતાં આગ્રહભરી પ્રાર્થના છે કે દરેક સભ્યે પોતપોતાનું લવાજમ વિના વિલંબે સંઘના કાર્યાલય ઉપર મોકલી આપવા કૃપા કરવી. આમ કરીને તેઓ અમારા વહીવટી કાર્યને સરળ બનાવી શકશે. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

સંઘની વાર્ષિક સામાન્ય સભા

નવી કાર્યવાહક સમિતિની ચૂંટણી

ચાલુ એપ્રીલ માસની ૬ઠ્ઠી તારીખ અને ગુરૂવારના રોજ સાંજના પાંચ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા સંઘના કાર્યાલયમાં સંઘના પ્રમુખ શ્રી ખીમજી માડણ ભુજપુરીઆના પ્રમુખસ્થાને મળી હતી. સંઘના સભ્યોની હાજરીથી સભાખંડ ચીકાર ભરાઇ ગયો હતો. પ્રારંભમાં ગત વર્ષની વાર્ષિક સામાન્ય સભાની નોંધ રજુ કરવામાં આવી હતી અને તે મંજુર રહ્યા બાદ સંઘની કાર્યવાહક સમિતિ તરફથી ગત વર્ષની કાર્યવાહીનો વૃત્તાન્ત તથા સંઘનો તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય-પુસ્તકાલયનો ઓડીટ થયેલો આવક જાવકનો હિસાબ તથા સરવૈયું સંઘના મંત્રી તરફથી રજુ કરવામાં આવ્યું હતું. આ ઉપર સંઘના જુદા જુદા સભ્યોએ પોતાના વિચારો વિસ્તારથી રજુ કર્યા હતા. સંઘની વિવિધ પ્રવૃત્તિઓ-પ્રબુદ્ધ જીવન, વ્યાખ્યાન પ્રવૃત્તિ, સંઘ તરફથી યોજાતાં વિવિધ પ્રકારનાં સંમેલનો, પર્યટન અને સમૂહભોજન અંગે અનુકુળ પ્રતિકુળ ટીકાઓ તેમ જ સૂચનો સભ્યો તરફથી કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે શ્રી સારાભાઇ એન. શાહને પોતાના વિચારો રજુ કરવાની પૂરી તક આપવામાં આવી હતી. સંઘના મંત્રી તરફથી અગત્યના મુદ્દાઓનો ખુલાસો કરવામાં આવ્યો હતો અને હવે પછી મળનારી નવી ચૂંટાયલી કાર્યવાહક સમિતિ આ સભામાં કરવામાં આવેલાં મહત્વનાં સૂચનોનો ગંભીરપણે વિચાર કરશે એમ સંઘના પ્રમુખશ્રી તરફથી જાહેર કરવામાં આવ્યું હતું.

ત્યાર બાદ રજુ કરવામાં આવેલ વાર્ષિક વૃત્તાન્ત અને વાર્ષિક હિસાબ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતાં. અને ત્યાર બાદ સંઘનું તથા વાચનાલય અને પુસ્તકાલયનું અંદાજપત્ર રજુ કરવામાં આવ્યું હતું અને તે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું.

ત્યાર બાદ ચૂંટણીનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. શરૂઆતમાં સંઘના પ્રમુખ, ઉપપ્રમુખ, બે મંત્રીઓ તથા કોષાધ્યક્ષની અનુક્રમે ચૂંટણી હાથ ધરવામાં આવી હતી અને નીચે જણાવેલ અધિકારીઓની સર્વાનુમતે ચૂંટણી કરવામાં આવી હતી.

૧. શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ	પ્રમુખ
૨. શ્રી લીલાવતીબહેન દ્વેવીદાસ	ઉપ-પ્રમુખ
૩. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા ૪. શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહ	મંત્રીઓ
૫. શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી	કોષાધ્યક્ષ

ત્યાર બાદ નવી કાર્યવાહક સમિતિ માટે ૧૫ સભ્યોની ચૂંટણી કરવાની હતી. આ માટે રજુ કરાયલાં ૨૫ સભ્યોનાં નામ, જેમાં શ્રી સારાભાઇ એન. શાહના નામનો સમાવેશ થતો હતો તેમાંથી નીચે મુજબ ૧૫ સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી:—

૬. અધ્યાપક રમણલાલ સી. શાહ
૭. અધ્યાપિકા તારાબહેન રમણલાલ શાહ
૮. શ્રી રમણિકલાલ મણિલાલ શાહ
૯. ,, ચીમનલાલ ચકુભાઈ શાહ
૧૦. ,, પ્રવીણચંદ્ર ટી. શાહ
૧૧. ,, જસુમતીબહેન મનુભાઈ કાપડિયા
૧૨. ,, રતિલાલ ઉજમશી શાહ
૧૩. ,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ
૧૪. ,, પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ
૧૫. ,, ચંચળબહેન ટી. જી. શાહ
૧૬. ,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
૧૭. ,, દામજી વેલજી શાહ
૧૮. ,, ચંદુલાલ સાંકળચંદ વકીલ
૧૯. ,, ચંદુલાલ કેશવલાલ શાહ
૨૦. ,, શાન્તિલાલ દેવજી નન્દુ

સંઘના તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના **હિસાબ-નિરીક્ષક તરીકે મેસર્સ શાહ મહેતા એન્ડ કું.** ની નિમણુક કરવામાં આવી હતી.

ત્યાર બાદ સંઘના બંધારણની કલમ ૨૦મીમાં ત્રીજી પેટા કલમ તરીકે નીચેની પેટા કલમ ઉમેરવા સંઘની કાર્યવાહક સમિતિની ભલામણ સંઘના મંત્રી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા તરફથી રજુ કરવામાં આવી હતી:—

"સંઘના હિતને સીધી કે આડકતરી રીતે હાનિ પહોંચે તેવું વર્તન કરનાર સભ્યને પોતાના વર્તન સંબંધી ખુલાસો કરવાની તક આપ્યા બાદ યોગ્ય લાગ્યાથી સંઘની કાર્યવાહક સમિતિ તે સભ્યને સંઘના સભ્ય તરીકે રદ કરી શકશે અને તેનાં કારણો આપવા કાર્યવાહક સમિતિ બંધાયલી રહેશે નહિ."

આ સુધારો રજુ કરતાં સંઘનાં મંત્રીએ જણાવ્યું હતું કે "સંસ્થાના હિતનું રક્ષણ કરતો આ પ્રકારનો નિયમ દરેક સાર્વજનિક સંસ્થાના બંધારણમાં હોય જ છે અને સંઘની સામાન્ય સભાને આ હક્ક તો છે જ, એમ છતાં પણ કયા સંયોગોમાં સંઘના સભ્યને રદ કરી શકાય એ મથાળા નીચેની કલમમાં આવી કશી જોગવાઇ નથી. તો આવી સંરક્ષક જોગવાઇ હોવી, સંઘના વિશાળ હિતને અનુલક્ષીને જરૂરી છે અને જ્યારે અન્ય સંયોગોમાં સભ્યને રદ કરવાની સત્તા સંઘની કાર્યવાહક સમિતિને સંઘના બંધારણમાં આપવામાં આવી છે તો આ સત્તા પણ સંઘની કાર્યવાહક સમિતિને આપવામાં આવે તે સર્વ પ્રકારે ઉચિત છે એમ વિચારીને સંઘના બંધારણની ૨૦મી કલમમાં ત્રીજી પેટાકલમ તરીકે ઉપર જણાવેલ પેટાકલમ સંઘની કાર્યવાહક સમિતિએ આપની વિચારણા અને નિર્ણય માટે આપની સમક્ષ રજુ કરવાનો મને આદેશ આપ્યો છે અને તે મુજબ બંધારણનો આ સુધારો હું આપની સમક્ષ રજુ કરું છું."

આ મુજબ રજુ કરવામાં આવેલ પ્રસ્તાવની ચર્ચા શરૂ થાય તે પહેલાં કેટલાક સભ્યો તરફથી એમ સૂચવવામાં આવ્યું કે "આજે આપણે સાંજના પાંચ વાગ્યાથી એકઠા થયા છીએ અને અત્યારે આટલું કામ પતાવતાં સાડા આઠ થવા આવ્યા છે અને આ પ્રસ્તાવની ચર્ચા ઘણો સમય માંગી લેશે એમ લાગે છે તો આજની સભા મુલતવી રાખવી અને આ બંધારણીય સુધારાની ચર્ચા અને નિર્ણય માટે સંઘની કાર્યવાહીની અનુકુળતા મુજબ આગળ ઉપર સંઘની અસાધારણ સામાન્ય સભા સંઘના મંત્રીઓએ બોલાવવી." સૂચનાનો સર્વાનુમતે સ્વીકાર થતાં સંઘની વાર્ષિક સભાના પરિપત્રમાં જણાવવામાં આવેલું આ બાકી રહેલું કામ હવે પછી બોલાવવામાં આવનાર અસાધારણ સામાન્ય સભા ઉપર મુલતવી રાખવામાં આવ્યું અને વાર્ષિક સભા વિસર્જિત કરવામાં આવી.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

નવી કાર્યવાહક સમિતિમાં સભ્યોની પૂરવણી:

મ.ઓ.શાહ વાચનાલય અને પુસ્તકાલય સમિતિની નિમણુંક

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભા તા. ૧૪-૪-૫૯ મંગળવાર ના રોજ મળી હતી જે પ્રસંગે નવી ચૂંટાયલી કાર્યવાહક સમિતિમાં નીચે જણાવેલ સભ્યોની પૂરવણી કરવામાં આવી હતી.

૧ શ્રી. કાંતિલાલ ઉમેદચંદ ઝવેરી
૨ ,, નાનચંદભાઈ શામજી
૩ ,, નાતમલાલ દીપચંદ શાહ

આ ઉપરાંત સંઘ હસ્તક ચાલતા શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય સમિતિ માટે ચાર સભ્યોની નીમણુંક કરવામાં આવી. આ સમિતિ ૯ સભ્યોની હોય છે. અધિકારની રૂએ પાંચ ટ્રસ્ટીઓ અને સંઘની નવી ચુંટાયલી કાર્યવાહક સમિતિ તરફથી નીમાતા ચાર સભ્યો. આ પાંચ ટ્રસ્ટીઓનાં નામ નીચે મુજબ છે:—

૧ શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ
૨ ,, પરમાનંદ કુંવરજી કાપડિયા
૩ ,, રમણિકલાલ મણિલાલ શાહ
૪ ,, રતિલાલ ચીમનલાલ કોઠારી
૫ ,, પ્રવીણચંદ્ર હેમચંદ્ર અમરચંદ

આ સમિતિ માટે નીચેના ચાર સભ્યોની પ્રસ્તુત કાર્યવાહક સમિતિએ નિમણુંક કરી હતી તથા વાચનાલય અને પુસ્તકાલય સમિતિના મંત્રી તરીકે શ્રી. ચીમનલાલ જે. શાહની નિમણુંક કરવામાં આવી હતી.

૬. શ્રી. ચીમનલાલ જે. શાહ —મંત્રી
૭. શ્રી. રમણલાલ ચી. શાહ
૮. શ્રી. દીપચંદ ત્રીભોવનદાસ શાહ
૯. ,, ચંદુલાલ સાંકળચંદ વકીલ

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી. સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ

તા. ૩-૪-૫૯ના રોજ મળેલી સંયુકત જૈન વિદ્યાર્થીગૃહની દ્વવાર્ષિક સામાન્ય સભાએ ચૂંટેલી નવી કાર્યવાહક સમિતિના અધિકારીઓ અને સભ્યો નીચે મુજબ છે.

૧. શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ ટ્રસ્ટી -પ્રમુખ
૨. ,, પરમાનંદ કુંવરજી કાપડિયા ઉપ-પ્રમુખ
૩. ,, ખુશાલભાઈ ખેંગાર ટ્રસ્ટી
૪. ,, ચમનલાલ પી. શાહ ટ્રસ્ટી - કોષાધ્યક્ષ
૫. ,, શાન્તિલાલ હરજીવન શાહ ટ્રસ્ટી
૬. ,, રમણિકલાલ મણિલાલ ટ્રસ્ટી } મંત્રીઓ
૭. ,, ધારજલાલ ધનજીભાઈ શાહ }
૮. ,, કપુરચંદ નેમચંદ મહેતા -આશ્રયદાતા-સભ્ય
૯. ,, શ્રેયાંસપ્રસાદ જૈન ,,
૧૦. ,, ચંદુલાલ કસ્તુરચંદ શાહ ,,
૧૧. ,, જયંતિલાલ લલ્લુભાઈ પરીખ ,,
૧૨. ,, જયંતિલાલ રવજીભાઈ મહેતા ,,
૧૩. ,, તારાચંદ લ. કોઠારી ,,
૧૪. ,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ ,,
૧૫. ,, દુર્લભજી કેશવજી ખેતાણી ,,
૧૬. ,, ખુશાલદાસ કે. સંઘવી ,,
૧૭. ,, રમણલાલ સી. શાહ ,,
૧૮. ,, શાન્તિલાલ મગનલાલ શાહ ,,
૧૯. ,, નાથાલાલ એમ. પારેખ ,,
૨૦. ,, રમણિકલાલ ક. કોઠારી ,,
૨૧. ,, દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી ,,
૨૨. ,, નેમચંદ નગીનચંદ વકીલવાળા ,,
૨૩. ,, હરિલાલ શંભુલાલ શાહ ,,
૨૪. ,, મણિબહેન નાનાલાલ હરિચંદ ટ્રસ્ટ- આશ્રયદાતા-,,

મંત્રીઓ, સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ

લોકોની બનાવટનો એક અજોડ નમૂનો

થોડા દિવસ પહેલાં અમેરિકા જઇ આવેલા એક મિત્રે મને એક પુસ્તક આપ્યું અને તે વાંચી જવાની મને ખાસ ભલામણ કરી. તેનું નામ છે 'The Third Eye'-ધી થર્ડ આઇ. તેનો અર્થ થાય ત્રીજું લોચન. આ પુસ્તક ટિબેટમાં વસતા લામા એટલે કે બૌધ્ધ ધર્મગુરૂની આત્મકથા હોવાનું જણાવવામાં આવ્યું છે. લખનારનું નામ 'ટી. લોબસાંગ રમ્પા' એ મુજબ જાહેર કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં ટિબેટી જીવનનાં સુન્દર રેખાચિત્રો છે. લેખનશૈલી ભારે આકર્ષક છે. વાંચવા માંડીએ એટલે રસ અને કુતુહલ વધતાં જાય છે અને એક વાર શરૂ કર્યા પછી છેડે પહોંચ્યા સિવાય છૂટકા રહેતો નથી. એક અમીર ઉમરાવના કુટુંબમાં પેદા થયેલ સંતાનના બાળજીવનથી માંડીને તે કથા શરૂ થાય છે. આ પુસ્તકમાં એમ જણાવવામાં આવ્યું છે કે દરેક બાળકના જન્માક્ષર અને તેના કુટુંબને લગતી વિગતો જ્યોતિષીઓને પૂરી પાડવામાં આવે છે. આ ઉપરથી તે કયા પ્રકારના વ્યવસાયમાં જવાને સરજાયલો છે તે સાતમા વર્ષની વર્ષગાંઠના દિવસે જ્યોતિષી જાહેર કરે છે. તે જો એમ જણાવે કે તે વૈદ્ય થવાને સરજાયલો છે તો વૈદ્યકના શિક્ષણની શરૂઆત કરવામાં આવે છે. વ્યાપારી થવાને સરજાયલો છે એમ કહેવામાં આવતાં વ્યાપારના શિક્ષણની શરૂઆત થાય છે. જો ધર્મગુરૂ થવાને સરજાયલો છે એમ જણાવવામાં આવે તો સંસારત્યાગના જીવનની શરૂઆત કરવામાં આવે છે. પ્રસ્તુત બાળકની બાબતમાં તે બૌદ્ધ ધર્મગુરૂ-લામા-થવાને નિર્માયેલો છે એમ જ્યોતિષી જાહેર કરે છે. તેથી બીજે દિવસે તેનું માથું બોડું કરવામાં આવે છે અને ભગવાં વસ્ત્રો, ભિક્ષાપાત્ર તથા કમંડળ આપીને ઘરમાંથી તેને રવાના કરવામાં આવે છે. પછી તો તે કેવી રીતે કોઇ બૌદ્ધ મઠમાં દાખલ થાય છે, ત્યાં તેને કેવી કડક તાલીમ આપવામાં આવે છે, આગળ જતાં કોઇ પણ વ્યકિતને જોતાં તેના બધા મનોભાવ જોઇ શકે-જાણી શકે-એવી દૃષ્ટિ-શકિત પ્રાપ્ત થાય તે માટે તેના કપાળના મધ્ય ભાગમાં રહેલી તેની ત્રીજી આંખ શસ્ત્રક્રિયા કરીને ખોલવામાં આવે છે એમ જણાવીને તે શસ્ત્રક્રિયાનું વર્ણન આવે છે અને ત્યાર બાદ જેને જૈન પરિભાષામાં મનઃપર્યવ જ્ઞાન કહે છે તેની તેને પ્રાપ્તિ થતાં અદૃષ્ટના જ્ઞાનના નવા નવા ચમત્કારોની વિગતો આપવામાં આવી છે. પૂર્વજન્મનું જ્ઞાન તો લગભગ દરેક ટિબેટન બાળકને હોય છે એમ તેમાં જણાવવામાં આવ્યું છે. આમ આ પુસ્તકનું વાચન રોમાંચ અને આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવું બની જાય છે અને આ પણી બાજુએ આવેલા ટીબેટી લોકોની એકદમ જુદી પડતી રીતભાત અને દિવ્ય કોટિની શકિતમત્તાથી આપણે કેટલા બધા અજાણ છીએ એમ આપણને પ્રશ્ન થાય છે. વાંચતાં વાંચતાં આપણા મનમાં પ્રશ્ન થાય છે કે શું આ બધું ખરું હશે? વાસ્તવિક હશે? આમાં અત્યુકિત તો નહિ હોય ને? છેતરપીંડી તો નહિ હોય ને? જો આ પ્રજા આટલી બધી દિવ્ય શકિત ધરાવતી હોય તો ચીની પ્રજાથી તે આમ

આંખના પલકારામાં મહાત કેમ થાય? શસ્ત્રક્રિયાથી ત્રીજી આંખ ખોલવાની વાત તો મન કોઈ રીતે કબુલ ન કરે.

આમ મનમાં તર્કવિતર્ક પેદા થવાથી ગયા વર્ષના જુન મહીનામાં જેમનો મને આલ્મોરા ખાતે પરિચય થયેલો તે અનાગારિક ગોવિન્દ લાભાને મેં પત્ર લખીને પૂછાવ્યું કે પ્રસ્તુત પુસ્તકમાં ટિબેટી જીવનનું જે ચિત્ર આપવામાં આવ્યું છે તે વિશ્વાસયોગ્ય છે કે કેમ? તેનો જવાબ આવ્યો કે "એ લામાની આત્મકથા માનવજાતની એક મોટા પાયાની ભયંકર બનાવટ –'Gigantic Hoax'–છે અને તેનો લેખક એક મહાન ધૂર્ત અને ઉઠાઉગીર તરીકે આજે જાહેર થઈ ચૂકયો છે. તે પુસ્તકનો લેખક એક અંગ્રેજ છે, જેનું નામ 'હોસ્કીન્સ' છે. તેણે ઇંગ્લાંડ બહાર કદિ પગ મૂકયો નથી અને ટિબેટી ભાષાનો એક શબ્દ પણ તે જાણતો નથી. આ પુસ્તક મારી ઉપર અભિપ્રાય માટે મોકલવામાં આવ્યું હતું અને તે પુસ્તક બહાર પડયું કે તરત જ મેં તેને જાહેર રીતે વખોડી નાખ્યું હતું. આમ હોવાથી એ પુસ્તકમાં એવું કશું નથી કે જે તમારે જાણવા જેવું હોય, સિવાય કે દુનિયાને છેતરવી કેટલી સહેલી છે તેનો આ પુસ્તકના બહોળા પ્રચાર ઉપરથી ખ્યાલ આવે તેમ છે."

અને વાંચકોને જાણીને આશ્ચર્ય થશે કે આ પુસ્તક સૌથી પહેલું ૧૯૫૬માં પ્રગટ કરવામાં આવ્યું છે અને આજ સુધીમાં તેની સાત આવૃત્તિઓ પ્રગટ થઈ ચૂકી છે. આ પુસ્તક પ્રગટ કરનાર એક અંગ્રેજ કંપની છે. તેનું નામ છે 'મેસર્સ સેકર એન્ડ વોરબર્ગ' (લંડન). આવા પુસ્તકની નકલો લાખ લાખની સંખ્યામાં પ્રગટ થતી હોય છે, અને તેનો સૌથી મોટો ઉપાડ અમેરિકામાં થાય છે. લોકોની મોટા પાયા ઉપરની બનાવટનો આ એક અજોડ નમૂનો છે. આ બનાવટથી પુસ્તકનો લેખક તથા પ્રકાશક–બન્ને લાખો રૂપિયા કમાઇ ચૂકયા હશે. લેખકનું ઠગારાપણું ખૂલ્લું થઈ જવા છતાં આજે પણ આ પુસ્તક સેંકડોની સંખ્યામાં વેચાઈ રહ્યું છે. **પરમાનંદ**

પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને વિનંતિ

પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોનું લવાજમ પુરું થવા અગાઉ સમયસર તેમને એની લગતી જાણ કરવામાં આવે છે. અને સાથે એ પત્રમાં જણાવવામાં આવે છે કે જો આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છતા ન હો તો એ મુજબ જણાવવા કૃપા કરશો. જેથી વી.પી. નો ખોટો ખર્ચ અમારે ભોગવવો ન પડે. એ પછી જે ગ્રાહકોના પૈસા નથી આવતા અને જેમની ચાલુ રહેવાની ના પણ નથી આવતી તે ગ્રાહકોને તે પછીનો અંક વી. પી. થી મોકલવામાં આવે છે. આમ છતાં પણ જેટલા વી. પી. કરવામાં આવે છે એમાંથી ઘણા વી. પી. પાછા આવે છે, તો એ વી. પી. ના ખોટા ખર્ચમાંથી અમને બચાવવા જે ગ્રાહક ચાલુ રહેવા ઇચ્છિતા ન હોય તેમને એ રીતે અમને વખતસર જણાવવા ખાસ વિનંતિ કરવામાં આવે છે. અને જે ગ્રાહકો ચાલુ રહે છે એ પણ મનીઓર્ડરથી પૈસા મોકલે તો તેમના ઉપર વી. પી. નો વધારાનો બોજો ન પડે. આટલો સહકાર અમને જરૂર મળશે એવી આશા રાખીએ છીએ.

વ્યવસ્થાપક, પ્રબુદ્ધ જીવન

વિષયસૂચિ		પૃષ્ઠ
શ્રી. મુંબઇ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત.		૨૩૫
સંઘની વાર્ષિક સામાન્ય સભા	પરમાનંદ	૨૩૯
લોકોની બનાવટનો એક અજોડ નમુનો	પરમાનંદ	૨૪૦
કૂર્માચળની પરિક્રમા		૨૪૧
આવક જાવકનો હિસાબ તથા સરવૈયા		૨૪૪

કૂર્માચળની પરિક્રમા, ૧૨.

(કૂર્માચળની પરિક્રમાનો આ બારમો હપ્તો છે.)

બોશી સેન સાથેનો વાર્તાલાપ

તેમણે ઠંડા પીણાં વડે અમારું આતિથ્ય કર્યું. એક બાજુએ હું અને અજિતભાઇ બેઠા હતા; જરા પાછળ મેના બેઠી હતી. મારી સમીપમાં બોશી સેન, તેમની બાજુએ એક વયોવૃધ્ધ અંગ્રેજ મહિલા જે આલ્મોરામાં જ રહેતાં હતાં અને બોશી દંપતીને મળવા આવી ચડયા હતાં અને તેમની પડખે અને મારી સામે જરા દૂર બોશી સેનનાં પત્ની બેઠાં હતાં. મેં બોશી સેનને મારો પરિચય આપ્યો, અજિતભાઈની તથા મેનાની ઓળખાણ કરાવી. અજિતભાઇ અંબર ચરખાનું કામ કરી રહ્યા છે એમ જાણીને અંબર ચરખા સંબંધમાં તેમણે ઊંડી ઇન્તેજારી દર્શાવી અને નમુના રૂપે અંબર ચરખાનો આખો એક સેટ લેબોરેટરી ઉપર મોકલી આપવા સૂચના કરી. ત્યાર પછી તેમના સંશોધનકાર્ય વિષે મારા દિલમાં પ્રગટેલો આદર મેં વ્યકત કર્યો. તેના જવાબમાં તેમણે જણાવ્યું કે "આવા કાર્યમાં મારી શકિતઓ સંલગ્ન કરવાનો મને સુયોગ મળ્યો છે તેને હું જરૂર મારું મોટું નસીબ સમજું છું. આ રસ્તે જો હું ન ચઢયો હોત અને પૈસો કમાવાના રસ્તે ચાલ્યો હોત તો હું પણ આજે કેટલાંય કાળાંધોળાં કરી રહ્યો હોત?" પછી પોતાની આજ સુધીની સંશોધન પ્રવૃત્તિ સંબંધે બોલતાં જણાવ્યું કે "આ પ્રવૃત્તિ મેં શરૂ કરી ત્યારે અહિંના કોઇ ધનિકોનો કે સંસ્થાઓનો મને ટેકો નહોતો. જીવનની શરૂઆતના વર્ષોમાં જ જગદીશચંદ્ર બોઝ સાથે ઇંગ્લાંડ વગેરે દેશોમાં ફરવાનું બનેલું. તેના પરિણામે ઇંગ્લાંડ અમેરિકામાં મને કેટલાક સંબંધો બંધાયેલા. ત્યાં વસતા અમુક મિત્રોએ મને મદદ કરી અને મારા કાર્યની શરૂઆત થઇ. હવે તો સરકારની મારા ઉપર ખૂબ કૃપા છે અને હું જે માગું છું તે મને મળે છે. આમ મેં જ્યારે જ્યારે જેની અપેક્ષા કરી ત્યારે ત્યારે તે મને એમ જ મળતું આવ્યું છે, અને મારું કાર્ય આગળ વધતું રહ્યું છે, અને તે માટે કોઇની સામે મારે હાથ લંબાવવો પડયો નથી કે દીનતા અનુભવવી પડી નથી. ઇશ્વરની મારા ઉપર સદા કૃપા વરસતી રહી છે." આમ ધીમે ધીમે તેઓ બોલવાના mood માં-તાનમાં–આવતા ગયા અને તેમના મોઢામાંથી ભૂતકાળનાં કંઇ કંઇ સ્મરણો ટપકવા લાગ્યાં. ગાંધીજી વિષે વાત નીકળતાં તેમણે પોતાનું એક જુનું સ્મરણ તાજું કરીને જણાવ્યું કે "હું ૧૯૧૪ માં લંડનમાં સ્વ. ગોપાલકૃષ્ણ ગોખલેને ત્યાં હતો. ગોખલેજીની મારા ઉપર બહુ પ્રીતિ હતી. એ દિવસોમાં દક્ષિણ આફ્રિકાથી ત્યાંના આપણા હિંદી ભાઇઓનો કેસ અંગ્રેજ પ્રજા સમક્ષ રજુ કરવા માટે ગાંધીજી ઇંગ્લાંડ આવેલા, અને એક દિવસ ગોખલેજીને ત્યાં તેઓ મળવા આવી ચડયા. તેમનો પરિચય કરાવતાં ગોખલેજીએ મને કહેલું કે "Here is the future leader of India"–"આ ભારતનો ભાવી નેતા છે." ગુરૂદેવ ટાગોર, સી. એફ. એન્ડ્રુઝ, પેટ્રીક ગેડીસ–ગયા જમાનાની એ મહાન વ્યકિતઓ સાથે તેમને ઘણો સમાગમ રહેતો. તેમણે ટાગોર સાથેનો એક પ્રસંગ યાદ કરતાં જણાવ્યું કે "એક વખત ગુરૂદેવ, પેટ્રીક ગેડીસ અને હું બેઠા હતા. કોઇ ચર્ચાના અનુસંધાનમાં ગુરૂદેવ બોલ્યા કે "મહાદેવની આપણી પૌરાણિક કલ્પના–જટાજુટધારી યોગી, સ્મશાનમાં ધુણી ધખાવીને બેઠેલા, ગળામાં સર્પ વીંટળાયેલો અને વળી શરીર ઉપર લટકતી ખોપરીઓની રૂંઢમાળ, એક હાથમાં ત્રિશૂળ, બીજા હાથમાં ડમરૂ, માથે વળી બીજનો ચંદ્રમા ભાંગ પીને મસ્ત રહેનારા–ઇશ્વર વિષેની આવી વિચિત્ર જંગલી કલ્પનાઓને આપણે જડમૂળથી ઉખેડી નાંખવી જોઇએ." એ સાંભળીને મેં

કહ્યું કે "મહાદેવ વિષે આવી કલ્પનાઓ છે એ બરોબર છે. પણ આપણે તેનું અનુકરણ કરતા નથી, પણ તેમના દિવ્ય ગુણોનું ચિન્તન સ્મરણ કરીએ છીએ અને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરીએ છીએ, જ્યારે (ગુરુદેવ સામે આંગળી કરીને મેં કહ્યું)–આ જીવતા જાગતા આપણા શિવ છે. તેમની ભવ્ય જીવનપ્રતિભાનો કોઈ વિચાર કરતું નથી, પણ તેમના અનુયાયીઓ તેમની માફક લાંબા વાળ રાખે છે, દાઢી વધારે છે, લાંબી કફની પહેરે છે, અને જાત જાતની ટાપટીપ કરે છે. આમ તેમના બાહ્ય અંગોની જ કેવળ નકલ કરે છે તેનું શું કરવું?" આ સાંભળીને ગુરુદેવ અને પેટ્રીક ગેડીસ ખૂબ હસી પડેલા.

તેમને મેં પૂછ્યું : "આપે સ્વામી વિવેકાનંદને જોયેલા?" તેમણે જવાબ આપ્યો કે "નાનપણમાં જોયા હોય તો મને યાદ નથી. પણ તેમના કોઇ સમાગમમાં આવવાનું તો બન્યુ જ નહોતું. આમ છતાં તેમના સીધા સંપર્કમાં આવેલી બીજી કેટલીક વ્યક્તિઓનો મને સારો પરિચય થયો છે. વળી પરમહંસનાં પત્ની શારદાદેવીના સાન્નિધ્યમાં રહેવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. રામકૃષ્ણ મીશનના સ્વામીઓનો મને વર્ષોથી ગાઢ પરિચય રહ્યો છે, એટલું જ નહિ પણ તેમના મને હંમેશા આશીર્વાદ મળતા રહ્યા છે અને એ રીતે હું મારી જાતને મારે સુભાગી લેખું છું."

તેમની સંશોધન પ્રવૃત્તિ સંબંધે તેમણે જણાવ્યું કે "વિજ્ઞાનની એકધારી ઉપાસનામાં મને એક સરખો રસ રહ્યો છે અને તેમાં મને મારા જીવનનું **fulfilment**–પરિપૂર્તિ–લાગી છે. હું કોઇ પણ વખતે કોઇ પણ યુનિવર્સિટી સમક્ષ મારો એક યા બીજો પેપર રજુ કરીને ડોકટરેટ મેળવી શકયો હોત, પણ મેં કદિ તેવી આકાંક્ષા સેવી નથી. મારા એક નિકટ મિત્રે મને સલાહ આપેલી કે "જ્યારે તમારે તમારા વિકાસ ઉપર તાળુ મારવું હોય ત્યારે જ તમારે ડોકટરેટ મેળવવાનો વિચાર કરવો." આ તેમની સલાહમાં મને કેટલુંક તથ્ય લાગ્યું છે."

તેમને મેં કહ્યું કે "આજે આપની ૭૯–૭૧ વર્ષની ઉમ્મર થઇ છે. આજ સુધીમાં આપને ઘણી વિશિષ્ટ વ્યકિતઓનો પરિચય થયો છે, વિવિધ પ્રકારના અનુભવોમાંથી આપ પસાર થયા છો, જીવનનું આપને ચોકકસ દર્શન પ્રાપ્ત થયું છે, તો આપ આપની આત્મકથા લખવાનું કેમ ન વિચારો? આપની પોતાની મહત્તા બાજુએ રાખીએ તો પણ જો એવું કાંઇક લખો તો દેશની અનેક મહાન વિભૂતિઓ વિષે પણ આપ ઘણો નવો પ્રકાશ પાડી શકો." જવાબમાં તેમણે જણાવ્યું કે "એક રીતે તમે કહો છો એ ઠીક છે. પણ એક તો હું મારા કામમાં ખૂબ ડુબેલો રહું છું. તેમાંથી તમે કહો છો તેવું લખવાની હાલ ફુરસદ છે નહિ. પણ ધારો કે મને ફુરસદ મળે તો પણ જ્યાં સુધી અંદરથી અવાજ ન આવે ત્યાં સુધી એવું કશું લખવા હું પ્રવૃત્ત ન થાઉં, કારણ કે એવા અંદરના અવાજ સિવાય મારા વિષે હું લખવા બેસું તો તેમાં આત્મશ્લાઘા સિવાય બીજું કશું જ ન આવે. એ તો જ્યારે મધરનો–માતાનો–આદેશ થાય ત્યારે જ બની શકે." તેમના આ જવાબમાં રહેલી નિખાલસતા, નમ્રતા અને સરળતાથી હું ખુબ મુગ્ધ થયો. અમે જ્યાં બેઠા હતા ત્યાંથી દૂર દૂર સુધીના પ્રદેશો દૃષ્ટિગોચર થતા હતા. નીચે મોટી ખીણ હતી. આજુબાજુ પર્વતો પડાવ નાંખીને પડ્યા હતા. પશ્ચિમ આકાશમાં સૂર્યબિંબ લટકી રહ્યું હતું. વાતાવરણમાં સર્વત્ર શાન્તિ, ગંભીરતા છવાઇ રહી હતી. હું એકાગ્ર મનથી બેાશી સેનને સાંભળી રહ્યો હતો.

એવામાં તેમણે મને પૂછ્યું, "આ બાજુ કયાં કયાં ફર્યા?" તેના જવાબમાં અમારા પ્રવાસનો ટુંકાણમાં મેં ખ્યાલ આપ્યો અને જણાવ્યું કે "આ વખતના પ્રવાસ દરમિયાન મારા મનનો ભાવ એક યાત્રિકનો રહ્યો છે. મારે મન હિમાલય આખો એક તીર્થસ્થાન છે, કારણ કે તેના કોઇ પણ ભાગમાં જઇએ તો આપણને અગાધ વિશાળતાનાં દર્શન થાય છે અને તે જોતાં આપણે સહજપણે વિનમ્ર બની જઇએ છીએ. વળી સાધારણ રીતે પ્રવાસીઓ ખાવું પીવું ફરવું અને મજા કરવી આવી વૃત્તિથી પ્રેરિત હોય છે, પણ મારી વૃત્તિ આ પ્રવાસ દરમિયાન ચિત્તના ઉર્ધ્વીકરણની, પામર ઇચ્છાઓ અને સાંકડા વિચારોથી મુકત બનવાની, સ્થાયી પ્રસન્નતા પ્રાપ્ત કરવાની, અને આધ્યાત્મિક અનુભૂતિ જેવું જે કાંઈ હોય તે પ્રાપ્ત કરવાની રહી છે. આ બાજુના પરિભ્રમણ દરમિયાન અપૂર્વ આનંદ-ઉલ્લાસનો, સઘન શાન્તિનો, ઊંડી પ્રસન્નતાનો મેં ઠીક ઠીક અનુભવ કર્યો છે, પણ **spiritual realisation**–દિવ્યતત્ત્વનો સાક્ષાત્કાર–આવું કાંઇ છે કે નહિ અને હોય તો તેનું શું સ્વરૂપ હોય–આ પ્રશ્ન હજુ મારી સામે અણઉકેલ્યો ઉભો છે. કૌસાનીમાં અમે આઠ દિવસ રહ્યા. ઘણી વાર રાતના એકલો બેઠો હું આ બાબતનો વિચાર કરતો હતો, પણ મને શૂન્યતા સિવાય બીજું કશું દેખાતું નહોતું. આપને આવો કાંઇ અનુભવ થયો છે ખરો?" જવાબમાં તેમણે જણાવ્યું કે "આ જે આધ્યાત્મિક અનુભૂતિ છે તે કાંઇ એકાંતમાં શાન્તિમાં જ થાય છે એમ નથી. તેમ એ માત્ર ભણેલા ગણેલા સુશિક્ષિતને જ થાય છે એમ પણ નથી. આખરે એ તો ઇશ્વરની–મધરની–કૃપાનો જ વિષય છે. અભણ અણઘડ માણસમાં એ જ્યોત અવતરે છે અને જેમ પારસમણીના સ્પર્શથી લોઢું સોનું થઇ જાય તેમ તે માનવી એકાએક બદલાઇ જાય છે. પરમહંસના જીવનમાં આજે જેને આપણે ભણતર કહીએ છીએ તેની કોઇ ભૂમિકા જ કયાં હતી? એમ છતાં એ કેવી મોટી વિભૂતિ હતા? કોઇ પોસ્ટમેન, કોઇ કલાર્ક, કોઇ સોની, લુહાર, કોઈ હરિજન ભગવત્‌કૃપાનું પાત્ર બન્યાની અને પરિણામે તેના જીવનમાં આમૂલ પરિવર્તન નીપજ્યાની વાતો આપણે ઘણી વાર સાંભળીએ છીએ. આપણા સન્તો મોટા ભાગે નીચેના થરમાંથી પેદા થયા છે અને તેઓ **enlightened souls**–પ્રકાશોજ્જવલ આત્માઓ–નહિ તો બીજું શું છે? મને, તમે પૂછો છો એવી આધ્યાત્મિક અનુભૂતિ બે ત્રણ વાર થઇ છે. એક વાર તો કલકત્તાના ઘીચ લતામાં હું બેઠો હતો અને મને આવો કાંઇક અનુભવ થયેલો. આ શું છે તેનું વર્ણન હું તમારી પાસે શી રીતે કરું? કોઇ અવર્ણનીય જ્યોતિનો ભાસ–આવું કાંઇક સમજોને? પણ તેના પરિણામે આપણા આન્તર મનમાં કોઇ એવી શાન્તિ, પ્રસન્નતા જન્મે છે કે જે જલ્દિ ભુંસાતી નથી અને આપણા ચિત્તને સમધારણની નવી કોઇ તાકાત મળતી હોય એમ લાગે છે. પણ તમારે આ સંબંધમાં કદિ નિરાશ ન બનવું. પ્રયત્ન હશે, ઝંખના હશે, દિલમાં ઊંડી આરઝુ હશે તો કોઈ પણ દિવસે ભગવાનની કૃપા તમારી ઉપર ઉતરવાની અને તમને દિવ્ય પ્રકાશની અનુભૂતિ થવાની" આમ અમારી વાતોનું વહેણ વહી રહ્યું હતું; પણ હવે સૂર્ય આથમી ચુકયો હતો; દિવસનું અજવાળું ઓસરવા લાગ્યું હતું. મને થયું કે હવે અમારે તેમની રજા લેવી જોઇએ. એટલે અમે રજા માગી. હું ઉભો થયો; તેમની પાસે ગયો, અને તેમને નમસ્કાર કરવા જતાં મારાથી વળગી પડાયું, અને તેમણે પણ મને છાતી સરસો ચાંપ્યો અને અમે છૂટા પડ્યા. આ રીતે અમારા એ મધુર–કાંઇક અંશે આધ્યાત્મિક–મીલનનો અન્ત આવ્યો. જેનામાં કોઇ આધ્યાત્મિક ઝળક તરવરી રહી છે એવા એક સાધુ પુરૂષને મેં તેમનામાં નિહાળ્યા. તેમની શારીરિક ઉંચાઇ સારી છે અને શરીર પણ ભરેલું છે. વર્ણ ગોરો નહિ, શ્યામ નહિ એવો છે અને તેમની મુખાકૃતિ જાણે કે મૂર્તિમન્ત સૌમ્યતા જ ન હોય એવી સ્વસ્થ, શાન્ત, પ્રસન્ન છે. તેમની વિદાય લેતાં પહેલાં તેમને હું ફરી ફરીને જોઇ રહ્યો. આલ્મોરા છોડતાં

પહેલાં તેમને ફરીથી એકવાર મળી લેવાની ઇચ્છા હતી પણ પાછળના દિવસોમાં એ અવકાશ ન રહ્યો. તેમની સાથેના આ સમાગમની મારા ચિત્ત ઉપર ચિરકાળ માટે કોઇ ઊંડી છાપ પડી ગઇ. આલ્મોરા એટલે બોશીસેન એમ મારા મનમાં વણાઇ ગયું. આવા સઘન અનુભવથી પ્રભાવિત બનેલો હું મેનાં અને અજિત-ભાઈ સાથે રામકૃષ્ણધામ આવી પહોંચ્યો અને એ સમયે ચાલી રહેલી સાયં પ્રાર્થનામાં અમે જોડાઇ ગયાં.

રામકૃષ્ણધામ

અમે જ્યાં ઉતર્યા હતા તે રામકૃષ્ણ ધામ રામકૃષ્ણ આશ્રમથી તદ્દન અલગ સંસ્થા છે. તેના મુખ્ય સંચાલક સ્વામી પરબ્રહ્માનંદજી જેમને સ્થાનિક લોકો 'અભય મહારાજ'ના નામથી ઓળખે છે, તેઓ મૂળ રામકૃષ્ણ મીશન સાથે જોડાયલા સંન્યાસી હતા. પણ એ મીશનના અધિષ્ટાતાઓ સાથે મતભેદ પડતાં તેઓ એ મીશનથી છુટા થયા હતા અને તેમણે આ નવી સંસ્થા ઉભી કરી હતી. આ સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ મધુમક્ષિકાનો ઉછેર અને મધનું ઉત્પાદન છે. જેને મધુમક્ષિકા પાલનમાં રસ હોય તેને તે વ્યવસાયની અહિં વ્યવસ્થિત તાલીમ આપવામાં આવે છે. રામકૃષ્ણધામમાં આ વ્યવસાયને લગતું વિપુલ સાહિત્ય અને પુષ્કળ સાધન સામગ્રી છે, એથવા તો અહિં આ વિષયની એક પ્રકારની લેબોરેટરી છે એમ કહીએ તો ચાલે. મધુમક્ષિકાના ઉછેરની અને મધના ઉત્પાદનને લગતી અહિં પંદરથી વીશ પેટીઓ રાખવામાં આવી છે. ભારત સરકારનો ગ્રામોદ્યોગ ખાતા દ્વારા આ સંસ્થાને સારો ટેકો છે. અહિં ઉત્પન્ન થતું મધ સ્થાનિક વપરાશમાં તેમજ આ બાજુનાં ઔષધાલયોની જરૂરિયાતોને પહોંચી વળવામાં વહેંચાઇ જાય છે. મુંબઇ આદિ સ્થળોએ મોકલી શકાય એટલો જથ્થો અહિં એકઠો થતો નથી. નવા આગન્તુકોનું સ્વામીજી અહિં પેદા થતા મધથી જ સ્વાગત કરે છે.

આલ્મોરા વિષે કેટલીક માહીતી

આલ્મોરા ઉત્તમ દક્ષિણ પાયડી મને વસેલું એક લાંબા પર્વતની કોર ઉપર આવેલું વીશથી પચીશ હજારની વસ્તીનું બહુ પુરાણું શહેર છે. જ્યાં આલ્મોરા લઇ આવતી બસો અટકવાનું સ્થાન છે તે પાકી સડક રામકૃષ્ણ આશ્રમ સુધી જાય છે અને આ સડક ઉપર હોટેલો, શોપો, સુધરેલી ઢબની દુકાનો, મંદિરો, સરકારી ઓફિસો વગેરે આવેલ છે. આને 'માલ રોડ' કહે છે. આના સમાન્તર ઉંચાણમાં દેશી ઢબની લાંબી બજાર છે. ત્યાં મીઠાઇવાળાઓની, ફળ ફુલ વેચનારાઓની, કાપડની, સોનીઓની, ફોટોગ્રાફીની તેમજ પરચુરણ ચીજોની સંખ્યાબંધ દુકાનો છે. અહિં વિવિધ પ્રકારનાં ફળો તથા જાત જાતની મીઠાઇ મળે છે. તેની પાછળ થોડા નીચાણના ભાગમાં રામકૃષ્ણધામનું મકાન આવેલ છે. આ મકાન બે માળનું છે. અહિં ધામ સાથે પરિચિત એવા પ્રવાસીઓ કુટુંબ સાથે પાંચ પંદર દિવસ રહી શકે એવી સગવડવાળા થોડા ઓરડાઓ છે. ધામમાં વસતા લોકો માટે રસોહું ચાલે છે. ધામમાં હોમીઓપેથીનું એક દવાખાનું છે. ત્યાં એક સ્વામીજી આસપાસ વસ્તા લોકોને મફત દવા આપે છે. આનો ત્યાંના લોકો ખૂબ લાભ લે છે. આ હોમીઓપેથ સ્વામીજી જે કોઇ બોલાવવા આવે તે દર્દીઓને જોવા જાય છે અને અનેક પ્રકારની રાહત આપે છે.

અમે ઉતર્યા હતા ત્યાં પાંચેક ઓરડાની હાર હતી અને આગળ પહોળો વરંડો—પરશાળ—હતી. અહિં અમે બેસતા, ઉઠતા અને એક ખૂણે પડેલા મોટા ટેબલ આસપાસ બેસીને ભોજન કરતા. અહિંથી આલ્મોરાના પર્વતની પાછળની ખીણ અને તેની પાછળનો વિશાળ પર્વત દેખાતો હતો. અને ડાબી જમણી બાજુએ દૂર દૂરના ગિરિપ્રદેશો નજરે પડતા હતા. મુકતેશ્વરનું ગિરિશિખર જે અહિંથી ૧૪ માઇલ દૂર છે તે પણ દૃષ્ટિગોચર થતું હતું. સવારના સૂર્યોદય અને આ દિવસોમાં કૃષ્ણપક્ષની શરૂઆત હોવાથી રાત્રીના ચંદ્રોદય અમારી આંખોનું રંજન કરતો હતો.

મધુમક્ષિકાપાલન

અહિં અમે રહ્યા તે દરમિયાન અભયમહારાજ સાથેની વાતો દ્વારા મધુમક્ષિકાપાલનને લગતી અનેક બાબતો જાણવા મળી. મહાબળેશ્વરમાં મધુમક્ષિકા પાલનનું મોટું કેન્દ્ર છે. ત્યાંથી મને આને લગતી કેટલીક માહીતી મળી હતી. પણ અહિં તો અમે લગભગ અઠવાડિયું રહ્યા અને મધના ઉત્પાદનને લગતી બધી પ્રક્રિયાઓ અમારી સામે જ ચાલ્યા કરતી હતી. તેથી આ ઉદ્યોગને લગતી મારી સમજણ ઘણી સ્પષ્ટ થઈ. જ્યારે આજે ચાલતો રેશમનો ઉદ્યોગ કેવળ હિંસા ઉપર જ નિર્ભર છે ત્યારે આ ઉદ્યોગ માખીઓ સાથે સંબંધ ધરાવતો હોવા છતાં અહિંસક છે તેનું પૂરું ભાન થયું. અમારી સાથે બાળકો હતાં તેમને મધમાખીની બહુ બીક હતી. અહિં રહેતાં તેમની તે બીક સાવ નાબુદ થઇ ગઇ. તેમને અને અમને પણ, સ્વામીજી અને અન્ય કાર્યકરોને માખીઓના દળ સાથે તદ્દન નિર્ભયપણે વ્યવહાર કરતા જોઇને, ભારે આશ્ચર્ય થતું. માખી આપણને કદી કરડવા માંગતી જ નથી, પણ જ્યારે આપણે તેનાથી ચમકીને આમથી તેમ હાથ ઉછાળીએ છીએ ત્યારે માખીને પોતાને ભય લાગે છે અને આત્મ-રક્ષણના ખ્યાલથી આપણને કરડવા આવે છે અને આ સંબંધમાં વિશેષ આશ્ચર્યજનક બીના તો એ જાણવામાં આવી કે માખી આપણને કરડે છે ત્યારે ડંખ મૂકતાં તેના શરીરનું આંતરડું બેંચાઇ આવે છે, અને પરિણામે તે થોડી વારમાં મરણ પામે છે. આવી માખી પછી મધપેટીમાં પાછી જતી નથી અને પાછી જાય છે તો દરવાજે બેઠેલા ચોકીદારો તેને અંદર દાખલ થવા દેતા નથી. માખીઓના સામુદાયિક જીવનની આવી કંઇ કંઇ વાતો અમને સ્વામીજી પાસેથી જાણવા મળી.

રેશમ હિંસક-અહિંસક

રેશમ સંબંધમાં પણ સ્વામીજીએ અમને નવો પ્રકાશ પાડ્યો સાધારણ રીતે રેશમના કીડાઓ શેતુરના પાન ઉપર ઉછરે છે, પોતાના શરીરમાંથી રેશમનો તાર કાઢીને પોતાની આસપાસ રેશમનું કોકડું બનાવે છે, અને અંદરના કીડાને પાંખ ફુટે છે એટલે કોકડાને વીંધીને તે બહાર નીકળે છે અને એમ કરે છે ત્યારે કોકડાને બધા તાર તુટી જાય છે. તેથી કોકડાને અખંડ રાખવા માટે પાંખાળો કીડો બહાર નીકળે તે પહેલાં કોકડાને શેકી નાખવામાં આવે છે. આમાંથી જે પેદા થાય છે તે કેવળ હિંસક રેશમ છે. કોકડાને શેકવામાં ન આવે અને પાંખાળો કીડો નીકળી જાય પછી પાછળ રહેતા કોકડાના તુટેલા તારોને સાંધીને જે રેશમ બનાવવામાં આવે છે તે જ અહિંસક રેશમ કહી શકાય. આ રેશમ પહેલાં રેશમ જેવું મુલાયમ અને સફાઇદાર હોતું નથી.

પણ સ્વામીજીએ અહિંસક રેશમ ઉત્પન્ન કરવાની એક બીજી જ રીત સમજાવી. તેમણે કહ્યું કે જો શેતુરને બદલે કેરટરનાં પાન ઉપર રેશમના કીડાઓને ઉછેરવામાં આવે તો તે કીડાઓ પોતાની આસપાસ એક સળંગ તારનું કોકડું નહિ પણ રૂ જેવું કોકડું બનાવે છે. આ કોકડામાંથી કીડો નીકળી જાય તો પણ કોકડાને કશી અડચણ આવતી નથી. આ કોકડાને રૂની માફક પીંજીને તેનો તાર બનાવવાનો હોય છે અને તેમાંથી જે રેશમ બને છે તે પણ અહિંસક કોટિનું રેશમ કહેવાય. આ જાતનું રેશમ આસામ અને મુર્શિદાબાદમાં બનાવવામાં આવે છે અને તેને મીગા અને ટશર સીલ્કના નામથી ઓળખવામાં આવે છે અને માર્કેટમાં સારા પ્રમાણમાં મળી શકે છે. અહિંસાપ્રધાન જૈનોને રેશમી કાપડ વાપરવાનો આગ્રહ હોય તો આવું રેશમી કાપડ મેળવવા તેમણે પ્રયત્ન કરવો જોઇએ અને આ પ્રકારના રેશમના ઉત્પાદન-વ્યવસાયને ઉત્તેજન આપવું જોઇએ.

પરમાનંદ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી 'પ્રબુદ્ધ જીવન' ના સંવત ૨૦૧૪ ના આસો વદ ૦)) ના દિવસે પુરાં થતા વર્ષનો આવક થતા ખર્ચનો હિસાબ

આવક

	રૂા. ન. પૈ.	રૂા. ન. પૈ.
લવાજમના		
રોકડા આવ્યા	૧૧૨૨-૩૬	
શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને ફ્રી મોકલવામાં આવે છે તેના એડજસ્ટ કર્યા.	૧૦૨૦-૦૦	૨૧૪૨-૩૬
ભેટના		૩૬-૦૦
વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો.		૩૧૭૧-૪૧
	કુલ રૂા.	૫૩૪૯-૭૭

ખર્ચ

	રૂા. ન. પૈ.
માણસોને પગારના	૧૩૩૦-૦૦
પેપર ખર્ચ	૬૬૮-૫૨
છપામણી ખર્ચ	૨૭૭૦-૭૮
પોસ્ટેજ ખર્ચ	૪૫૮-૨૫
પરચુરણ ખર્ચ	૧૨૨-૨૨
કુલ રૂા.	૫૩૪૯-૭૭

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો સંવત ૨૦૧૪ ના આસો વદ ૦)) ના દિવસે પુરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

	રૂા. ન.પૈ.	રૂા. ન.પૈ.
ભેટના		
ચાલુ તથા વ્યાખ્યાનમાળા દરમિયાન ભેટ		૧૦૧૫-૭૨
લવાજમના		
સંવત ૨૦૧૩ ના	૧૫-૦૦	
,, ૨૦૧૪ ના	૧૭૦૦-૦૦	
	૧૭૧૫-૦૦	
બાદ: સભ્યોને 'પ્રબુદ્ધ જીવન'ની કોપી ફ્રી મોકલવાના લવાજમના એડજસ્ટ કર્યા	૧૦૨૦-૦૦	૬૯૫-૦૦
વ્યાજના		
ડીબેંચરો ઉપર	૩૩૩-૮૨	
બેંકના ચાલુ ખાતા પર	૧૬-૫૮	૩૫૦-૪૦
ઇન્કમટેક્ષ રીફંડના		૪૮૯-૭૩
'દર્શન અને ચિંતન'ના પુસ્તકો વેચાણ પરના કમીશનના (નેટ) ...		૨૬૪-૦૨
સરવૈયા ફેરના		૪-૦૦
	કુલ રૂા.	૧૧૬૮૯-૮૭

ખર્ચ

	રૂા. ન.પૈ
પગારના	૧૩૩૦-૦૦
મકાન ભાડું તથા વીજળી ખર્ચ ...	૧૬૩-૬૨
પ્રીન્ટીંગ અને સ્ટેશનરી	૬૬-૬૮
પોસ્ટેજ ખર્ચ	૭૫-૬૪
ઓડીટરોને ઓનરેરીયમના	૫૦-૦૦
પરચુરણ ખર્ચ	૩૬૩-૬૦
વ્યાખ્યાનમાળા ખર્ચ	૧૨૫૬-૪૭
ફરનીચર પર ઘસારાના	૨૫-૦૦
	૩૩૬૧-૬૧
વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઇ ગયા	૮૫૬૮-૨૬
કુલ રૂા.	૧૧૬૮૬-૮૭

સંવત ૨૦૧૪ ના આસો વદ ૦)) ના દિવસનું સરવૈયું

ફંડો અને દેવું

	રૂા. ન. પૈ.	રૂા. ન. પૈ.
શ્રી રીઝર્વ ફંડ ખાતું		
ગયા સરવૈયા મુજબ બાકી ...		૧૧૦૦-૦૦
સંઘ હુસ્તકના ફંડો		
શ્રી પુસ્તક પ્રકાશન ખાતું		
ગયા સરવૈયા મુજબ બાકી ...	૩૦૩૩-૧૬	
શ્રી વૈદ્યકીય રાહત ખાતું		
ગયા સરવૈયા મુજબ બાકી ૧૫૦-૪૭		
ઉમેરો: વર્ષ દરમિયાન ભેટના ૧૧-૦૦		
	૧૬૧-૪૭	
બાદ: વર્ષ દરમિયાન વૈદ્યકીય રાહત ખર્ચના ૧૫૬-૫૬	૪-૯૧	

મિલકત અને લેણું

	રૂા. ન. પૈ.	રૂા. ન. પૈ.
ઇન્વેસ્ટમેંટસ (ચોપડા પ્રમાણે)		
	ફેઇસ વેલ્યુ	
૫½ ટકાના ધી ઇન્ડીયન સુમ પાવર કું. લી. ના ડીબેંચરો ...	૪૦૦૦	૪૨૩૬-૩૬
૫½ ટકાના કાલટેક્ષ ઓઇલ (ઇન્ડીયા) લી. ના ડીબેંચરો	૫૦૦૦	૫૩૦૬-૦૦ ૯૫૪૨-૩૬
ફરનીચર (ખરીદ કીંમત)		
ગયા સરવૈયા મુજબ બાકી ...		૪૩૦-૦૦
બાદ : કુલ ઘસારાના લખી વાળ્યા ...		૧૦૦-૦૦ ૩૩૦-૦૦

	રૂ. ન. પૈ.	રૂ. ન. પૈ.
શ્રી પ્રજ્ઞાચક્ષુ ફંડ		
વર્ષ દરમિયાન ભેટના ...	૫૦-૦૦	
શ્રી માવજત ખાતું		
ગયા સરવૈયા મુજબ બાકી	૩૫૯-૭૮	
ઉમેરો: ઘસારાના કુલ વસુલ આવ્યા ...	૫-૭૩ ૩૬૫-૫૧	૩૪૫૪-૦૮
દેવું		
અગાઉથી આવેલા લવાજમો ...	૫૦૪-૦૦	
માવજતના સાધનો અંગે ડીપોઝીટ ...	૩૬-૦૦	
શ્રી અલ્પાહાર ખાતું ...	૩૫૯-૪૦	
શ્રી પર્યટન ખાતું ...	૩૩-૨૬	
પંડિત સુખલાલજી સન્માન સમિતિ ...	૧૪૬-૩૪	
જ્ઞાનોદય ટ્રસ્ટ ફંડ ...	૮૪૦-૫૪	
કચ્છી વીશા ઓસવાલ પ્રીંટીંગ પ્રેસ ...	૨૦૦-૦૦	૨૧૧૯-૫૪
		૬૬૭૩-૬૨
શ્રી જનરલ ફંડ		
ગયા સરવૈયા મુજબ બાકી ...	૧૧૪૧૯-૧૬	
ઉમેરો: શ્રી જૈન યુવક સંઘના		
આવક ખર્ચ ખાતેથી લાવ્યા ...	૮૫૮૯-૨૬	
	૨૦૦૧૮-૦૨	
બાદ: શ્રી 'પ્રબુદ્ધ જીવન'ના		
આવક ખર્ચ ખાતેથી લાવ્યાં ...	૩૧૭૧-૪૧	૧૬૮૪૬-૬૧
	કુલ રૂ.	૨૩૫૨૦-૨૩

	રૂ. ન. પૈ.	રૂ. ન. પૈ.
ઈન્વેસ્ટમેંટ્સ પર લેણું થયેલ વ્યાજ		૧૮૬-૭૦
લેણું (સદ્ધર)		
શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક પુસ્તકાલય અને વાંચનાલય ...	૫૮૮-૧૨	
સભ્ય લવાજમના ...	૫-૦૦	
શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય ...	૨૧-૫૦	
સ્ટાફ પાસે ...	૩૧૦-૦૦	૯૨૪-૬૨
રોકડ તથા બેંક બાકી		
ધી બેંક ઓફ ઈન્ડીયા લી. ના ચાલુ ખાતે	૧૧૧૮૮-૦૧	
રોકડ શીલક ...	૪૧-૦૩	૧૧૨૨૯-૦૪
શ્રી સત્યમ્ શિવં સુન્દરમ્ પુસ્તક પ્રકાશન ખાતું		
ગયા સરવૈયા મુજબ બાકી	૧૬૭૦-૬૧	
બાદ: પુસ્તકો વેચાણના કુલ આવ્યા ...	૫૩૨-૦૦	૧૧૩૮-૬૧
		૨૩૩૫૧-૩૬
શ્રી બોધિસત્ત્વ પુસ્તક પ્રકાશન ખાતું		
ગયા સરવૈયા મુજબ બાકી ...	૨૮૮-૬૨	
બાદ: વેચાણના કુલ આવ્યા (નેટ) ...	૧૧૯-૭૫	૧૬૮-૮૭
	કુલ રૂ.	૨૩૫૨૦-૨૩

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ મુંબઇનું ઉપરનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડાઓ તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલુમ પડ્યું છે.

શાહ મહેતાની કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ.

મુંબઇ, તા. ૩૧ મી માર્ચ ૧૯૫૯.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

સંવત ૨૦૧૪ ના આસો વદ ૦)) ના દિવસે પુરાં થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક

	રૂ. ન.પૈ.	રૂ. ન.પૈ.
વ્યાજના		
સીક્યુરીટીઓના	૧૬૦-૦૦	
પબ્લીક લીમીટેડ કંપનીના ડીબેંચરોના	૯૬૨-૫૦	૧૧૨૨-૫૦
ભેટના		૫૩૩૫-૫૦
પુસ્તકોના લવાજમના		૭૧૫-૨૫
પરચુરણ આવક		
પસ્તીના વેચાણના	૧૪૨-૨૫	
પાસબુક વેચાણના	૪૩-૫૬	
પુસ્તકો મોડા આવતાં તથા ખોવાઇ જતાં દંડના	૪૬-૭૯	૨૩૨-૬૦
	કુલ રૂ.	૭૪૦૫-૮૫

ખર્ચ

	રૂ. ન.પૈ.	રૂ. ન.પૈ.
ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચ		
પેપરના લવાજમના	૩૯૨-૭૨	
ગ્રંથપાલને પગારના	૧૯૨૬-૦૦	
ધાટીને પગારના	૧૧૨૬-૧૬	
મકાન ભાડું તથા વીજળી ખર્ચ ...	૪૬૮-૧૨	૩૬૪૩-૦૩
વ્યવસ્થા ખર્ચ		
પરચુરણ ખર્ચ	૧૧૧-૪૫	
વીમાના પ્રીમીયમના	૪૩-૭૫	
ઓડીટરોને ઓનરેરીયમના ...	૫૦-૦૦	
ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એડમીની-સ્ટ્રેશન ફંડને ફાળાના	૧૦૭-૪૬	૩૧૨-૬૬
ઘસારાના		
ફરનીચર પર	૧૨૪-૦૧	
પુસ્તકો પર	૭૦૫-૧૦	૮૨૬-૧૧
સરવૈયા ફેરના ભાંડી વાળ્યા ...		૦-૧૦
		૫૦૮૪-૬૩
વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો		૨૩૨૦-૬૨
	કુલ રૂ.	૭૪૦૫-૮૫

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

સંવત ૨૦૧૪ ના આસો વદ ૦)) ના દિવસનું સરવૈયું

ફંડો અને દેવું

		રૂા. ન. પૈ.	રૂા. ન. પૈ.
શ્રી સ્થાયી ફંડ :			
ગયા સરવૈયા મુજબ બાકી	...		૨૪૫૬૧-૦૦
શ્રી પુસ્તક ફંડ :			
ગયા સરવૈયા મુજબ બાકી	...		૫૫૦૦-૦૦
શ્રી ફરનીચર ફંડ :			
ગયા સરવૈયા મુજબ બાકી	...		૨૪૦૦-૦૦
દેવું :			
પુસ્તકો અંગે ડીપોઝીટ	...	૩૧૧૫-૦૦	
માસિકો અંગે ડીપોઝીટ	...	૩૧-૦૦	
શ્રી જૈન યુવક સંઘ	...	૫૮૪-૧૨	
સ્ટાફને દેવું		૩-૮૮	૩૭૩૮-૦૦
શ્રી આવક ખર્ચ ખાતું :			
વર્ષ દરમિયાન ખર્ચ કરતા આવકનો વધારો		૨૩૨૦-૬૨	
બાદ: ગયા સરવૈયા મુજબ ઉધાર બાકી		૨૧૩૧-૭૪	૧૮૬-૧૮
		કુલ રૂા.	૩૬૩૮૮-૧૮

મિલકત અને લેણું

		રૂા. ન. પૈ.	રૂા. ન. પૈ.
ઈન્વેસ્ટમેંટ્સ (ચોપડા પ્રમાણે)			
સીકયુરીટીઓ—		ફેઇસ વેલ્યુ	
૪ ટકાની સને ૧૯૬૭ની સૌરાષ્ટ્ર ડેવલપમેન્ટ લોન		૪૦૦૦-૦૦	૩૬૯૩-૭૫
પબ્લીક લીમીટેડ કંપનીના ડીબેંચરો			
૪ ટકાના રાવળગાંવ સુગર ફાર્મ કું. લી.ના ડીબેંચરો		૧૦૦૦૦-૦૦	૧૦૦૦૦-૦૦
૫½ ટકાના ધી સ્ટાન્ડર્ડ વેકયુમ રીફાઇનીંગ કું. ઓફ ઇન્ડીયા લીમીટેડના ડીબેંચરો ...		૫૦૦૦-૦૦	૫૨૭૩-૦૦
૫ ટકાના ધી તાતા લોકોમોટીવ એન્ડ એન્જીનીયરીંગ કંપની લીમીટેડના ડીબેંચરો ...		૬૦૦૦-૦૦	૬૧૬૩-૫૦
		૨૫૦૦૦-૦૦	૨૫૪૩૦-૨૫
ઈન્વેસ્ટમેંટ્સ પર લેણું થયેલ વ્યાજ :			૩૬૦-૦૦
ફરનીચર : (ચોપડા પ્રમાણે)			
ગયા સરવૈયા મુજબ બાકી		૨૪૬૮-૫૨	
બાદ: કુલ ઘસારાના લખી વાળ્યા ...			
અગાઉના વર્ષોમાં ...	૪૨૮-૫૧		
ચાલુ વર્ષમાં ...	૧૨૪-૦૧	૫૫૨-૫૨	૧૯૪૬-૦૦
પુસ્તકો (ચોપડા પ્રમાણે)			
ગયા સરવૈયા મુજબ બાકી		૬૬૧૪-૪૫	
ઉમેરો: વર્ષ દરમિયાન નવાં ખરીદેલ ...		૩૩૪-૧૦	
		૭૧૬૮-૫૫	
બાદ: કુલ ઘસારાના લખી વાળ્યા ...			
અગાઉના વર્ષોમાં ...	૨૫૦૨-૪૫		
ચાલુ વર્ષના ...	૭૦૫-૧૦	૩૨૦૭-૫૫	૩૬૬૧-૦૦
લેણું			
ઇન્કમટેકસ રીફંડના ...		૨૩૧-૬૦	
સ્ટાફ પાસે		૩૦-૦૦	૨૬૧-૬
રોકડ તથા બેંક બાકી			
ધી બેંક ઓફ ઇન્ડીયા લી. ના ચાલુ ખાતે ...		૪૩૪૬-૮૫	
રોકડ સીલક ...		૫૨-૧૮	૪૩૬૬-૦૩
		કુલ રૂા.	૩૬૩૮૮-૧૮

અમોએ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચવાલય અને પુસ્તકાલય, મુંબઇનું ઉપરનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલુમ પડ્યું છે.

શાહ મહેતાની કું.

મુંબઇ, તા. ૩૧ માર્ચ સને ૧૯૫૯ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડિટર્સ

પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણ સંસ્થામાં ઈતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમ જ કોઈ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો

સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦

બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક

અનુવાદકો :

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બરોડિયા

કિંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે

સત્યં શિવં સુન્દરમ્ : કિંમત રૂા. ૨, બોધિસત્ત્વ : કિંમત રૂા. ૧

મળવાનું ઠેકાણું :

મુંબઈ જૈન યુવક સંઘ,

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રસ્તો, અમદાવાદ.

મુંબ- જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭ ,ધનજી સ્ટ્રીટ, મુંબઇ૩.

મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં.. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મે ૧, ૧૯૫૯, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

★ સંઘના સભ્યોને ઉદ્બોધન ★

(તા. ૯–૪–૫૯ ના રોજ ભરાયલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા પ્રસંગે સંઘના પ્રારંભથી આજ સુધીના ૩૦ વર્ષના લાંબા ગાળાને અનુલક્ષીને મનમાં રમી રહેલા કેટલાંક સ્મરણો તેમ જ વિચારો રજુ કરવાની ઇચ્છા હતી, પણ એ દિવસે સંઘની પ્રવૃત્તિઓ અંગે ચર્ચા લાંબો સમય ચાલવાના કારણે ઉપરની રજુઆત માટે અવકાશ ન રહ્યો. તેથી એ સ્મરણોને અને વિચારોને વ્યવસ્થિત આકારમાં ગોઠવીને અહિં પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું છે. પરમાનંદ)

આજે જ્યારે મુંબઇ જૈન યુવક સંઘે ૩૦ વર્ષ પૂરાં કરીને ૩૧ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે અને 'પ્રબુદ્ધ જીવને' (આગળના 'પ્રબુદ્ધ જૈને') પણ ૨૦ વર્ષ પૂરાં કરીને ૨૧ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે ત્યારે જે બન્ને પ્રવૃત્તિ સાથે પ્રત્યેકના પ્રારંભકાળથી આજ સુધી હું ગાઢપણે જોડાયલો રહ્યો છું, તે બન્ને વિષે મારા મનમાં સંગ્રહાયલાં અનેક સ્મરણો જાગૃત થાય છે અને એ ત્રીશ વર્ષના લાંબા ભૂતકાળને મારી દૃષ્ટિ, સમગ્ર આકાશને આવરી લેતા પંખીની માફક, આવરી લેવાનો પ્રયત્ન કરે છે.

૧૯૨૮ ની સાલમાં જૈન શ્વે. મૂ. સમાજમાં દીક્ષા આપવા માટે અપહરણ કરાવવામાં આવતાં બાળકોના પ્રશ્ન સંબંધમાં જૈન સમાજમાં એક પ્રચંડ આન્દોલન ઉભું થયું હતું, અને એ પ્રચંડ આન્દોલનને વેગ આપવા માટે મુંબઇ જૈન યુવક સંઘની સ્થાપના કરવામાં આવી હતી, અને શરૂઆતનાં વર્ષો બાળદીક્ષા, અયોગ્ય દીક્ષા તેમ જ સાધુસમાજની આપખુદી સામેની જેહાદમાં જ પસાર થયાં હતાં. વિરોધસભાઓ ભરવી અને પ્રચારકાર્ય મોટા પાયા ઉપર ચલાવવું, બાલદીક્ષાઓ અપાવાની હોય ત્યાં સત્યાગ્રહનો મારચો ઉભો કરવો, અને સાથે સાથે અનિષ્ટ રૂઢિઓ–ધાર્મિક તેમ જ સામાજિક–સામે બળવાની વૃત્તિ સતેજ કરવી, સામાજિક કેસાઓ હાથ ધરવા, સરકારી અદાલતોમાં આવી બાબતને લગતા કેસો કરવા–આવી અનેક પ્રવૃત્તિઓ એ વખતે હાથ ધરવામાં આવતી હતી. એ વખતનો જૈન સમાજ પણ આવા પ્રશ્નો ઉપર અત્યન્ત ક્ષુબ્ધ રહેતો હતો. સંઘમાં પણ નવલોહિયા યુવાન કાર્યકરોનું એક નાનું સરખું જૂથ હતું. સંઘના મોખરે નીડર સેનાની તે સમા સ્વ. મણિલાલ મોકમચંદ શાહ હતા. તેમને અમે મણિભાઈ એવા ટુંકા નામથી ઓળખતા અને સંબોધતા. હું તેમના કેટલાક સાથીઓમાંનો એક હતો. આ પ્રકારના પ્રચારકાર્યને અમે ક્રાન્તિકારી કાર્યક્રમ તરીકે ઓળખતા અને ઓળખાવતા. આ બધું હોવા છતાં અમારી એ વખતની દુનિયા જૈન શ્વે. મૂ. વિભાગની બનેલી હતી અને અમારી બધી પ્રવૃત્તિઓ પણ એ વિભાગને કેન્દ્રમાં રાખીને સંચાલિત થતી.

પછી ૧૯૩૦ થી ૩૩ સુધીની સવિનય ભંગની લડતનો તબક્કો આવ્યો. મારા ભાગે બે વાર નાના મોટા જેલવાસ ભોગવવાનું આવ્યું. આને લીધે સંઘની પ્રવૃત્તિઓ સાથે પહેલા જેટલો મારો સક્રિય સંબંધ ન રહ્યો. એક નાના વર્તુલને જ કેન્દ્રમાં રાખીને ચલાવવામાં આવતી સંઘની પ્રવૃત્તિઓમાં મને કાંઇક મનોત્સાહ બન્યું. ૧૯૩૬માં અમદાવાદ ખાતે મારા પ્રમુખસ્થાને જૈન યુવક પરિષદ ભરાણી. તે પરિષદના પ્રમુખસ્થાનેથી કરવામાં આવેલા ભાષણે જૈન શ્વે. મૂ. વિભાગમાં મોટો ઉહાપોહ ઉભો કર્યો. અમદાવાદના જૈન શ્વે. મૂ. વિભાગના સંઘે મને પેલા ભાષણના કારણે સંઘ બહિષ્કૃત જાહેર કર્યો. આ ઘટનાએ મુંબઇ, સૂરત, અમદાવાદ, માંડળ, ભાવનગર, રાજકોટ, જામનગર અને બીજે છેડે કલકત્તા જેવા સ્થળોએ ઘણી મોટી અથડામણો ઉભી કરી. સ્થળ સ્થળના જૈન સંઘો કોઈ કોઇ ઠેકાણે મારૂં અનુમોદન કરતા પણ મોટા ભાગે મારો તિરસ્કાર કરતા ઠરાવો પસાર કરવા લાગ્યા. આ દિવસોમાં મુંબઇ જૈન યુવક સંઘે ચોતરફ બળવાન પ્રચારકાર્ય હાથ ધર્યું હતું અને મારા વિચારોનું સમર્થન કરવા પાછળ તેમ જ સ્થિતિચુસ્ત જૈન સમાજે આ રીતે વિચાર-સ્વાતંત્र्यને રૂંધી નાખવા એક પ્રકારની જેહાદ શરૂ કરી હતી તેનો સામનો કરવા પાછળ ઘણો મહત્વનો ભાગ ભજવ્યો હતો.

સંઘ સ્થાપિત થયાને દશમું વર્ષ ચાલતું હતું તે દરમિયાન એટલે કે ઇ. સ. ૧૯૩૭માં મુંબઇ જૈન યુવક સંઘે મુંબઇ સરકારના એ વખતના અર્થસચિવ સ્વ. અણ્ણા બાબાજી લઠ્ઠેના પ્રમુખપણા નીચે પોતાનો દશવર્ષીય સમારંભ ઉજવ્યો. આ ઘટનાએ સંઘના કાર્યવાહકોને સંઘની આજ સુધીની રચના અને કાર્યવાહી સંબંધે નવેસરથી વિચાર કરવાને પ્રેર્યા. બાલદીક્ષા ઉપરાંત દેવદ્રવ્યના સામાજિક ઉપયોગનો પ્રશ્ન પણ કેટલાએક સમયથી જૈન સમાજ સમક્ષ ઉપસ્થિત થઇ ચૂકયો હતો. જૈન સમાજની એકતાનો પ્રશ્ન સારા જૈન સમાજનું ધ્યાન ખેંચી રહ્યો હતો. સામાજિક સુધારાઓ–વિધવા વિવાહ, સ્ત્રી-પુરૂષની સમાનતા, કોમી એકતા, અસ્પૃશ્યતા નિવારણ વગેરે બાબતો પણ–વિશાળ સમાજ સમક્ષ સવિશેષ મહત્ત્વ ધારણ કરી રહી હતી. રાષ્ટ્રીય આઝાદી એ હવે પ્રજાસમૂહ માટે જીવન મરણનો સવાલ બની રહ્યો હતો. મુંબઇ જૈન યુવક સંઘના સંદર્ભમાં આ બધું ધ્યાનમાં લઇને મારા સાથીઓ સમક્ષ મેં એવો વિચાર મૂકયો કે સંઘની પ્રવૃત્તિમાં જૈન સમાજના બધા ફિરકાના યુવકો સંમીલિત થાય, વળી જેને એ વખતે ઉદ્દામ વિચારસરણી લેખવામાં આવતી હતી તે વિચારસરણીનો બંધારણમાં સ્વીકાર કરવામાં આવે, અને એ વિચારસરણીમાંથી ફલિત થતા શિસ્તનિયમો પણ બંધારણમાં અન્તર્ગત કરવામાં આવે–આવો સંઘના બંધારણમાં પાયાનો ફેરફાર કરીએ તો એવો સંઘ જૈન સમાજને નવું માર્ગદર્શન તેમ જ કાર્યદર્શન આપનારો બની શકે, અને વિશાળ વિચાર ધરાવતા રાષ્ટ્રવાદી જૈન યુવકોને આપણે સંઘ તરફ આકર્ષી શકીએ. સ્વ. મણિલાલ મોકમચંદ શાહ જેઓ એ દિવસોમાં સંઘના પ્રમુખ કાર્યકર્તા હતા તેમણે મારા આ વિચારો પૂરા ઉત્સાહથી આવકાર્યા, અને ૧૯૩૮ની સાલમાં સંઘના બંધારણમાં મૂળગામી ફેરફારો કરવામાં આવ્યા, જેને લીધે ચોકકસ પ્રકારની પ્રગતિશીલ વિચારણા ધરાવનાર વ્યકિત જ સંઘમાં સભ્ય થઇ શકે

એવો પ્રબંધ કરવામાં આવ્યો અને સંઘના સભ્યોને બંધનકારક એવા શિસ્તનિયમો નક્કી કરવામાં આવ્યા, અને જૈન સમાજની એકતાના વિચાર ઉપર સવિશેષ ભાર મુકવામાં આવ્યો, તથા સંઘનાં દ્વાર સર્વ કોઇ જૈનો માટે ખુલ્લાં કરવામાં આવ્યાં. પરિણામે સ્થાનકવાસી તેમ જ દિગંબર વિભાગના અને પાછળથી તેરાપંથના અનુયાયી યુવકો સંઘમાં જોડાયા. પહેલાં સંઘની પ્રવૃત્તિમાં ઘણા મોટા ભાગે ભાઇઓ જ ભાગ લેતા હતા. બંધારણના ફેરફાર બાદ સંઘમાં બહેનો પણ જોડાઇ અને સંઘની ચાલુ કાર્યવાહીમાં ભાગ લેતી થઇ. પાંચ છ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાને પણ વિશાળ અસાંપ્રદાયિક આકાર આપવામાં આવ્યો. ૧૯૩૬ના મે માસથી સંઘના મુખપત્ર તરીકે પ્રબુદ્ધ જૈનનો પુનર્જન્મ થયો. તેના સંપાદન અંગે અત્યન્ત વિશાળ અને રાષ્ટ્રવાદની સમર્થક નીતિ ધારણ કરવામાં આવી. ૧૯૪૦ના ઓગસ્ટ માસમાં સંઘ હસ્તક શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયની સ્થાપના કરવામાં આવી. આ બધા ફેરફારોને માત્ર હું સાક્ષી રહ્યો નથી, પણ નવું બંધારણ ઘડનાર તરીકે તેમજ વર્ષો સુધી સંઘના પ્રમુખ તરીકે અને 'પ્રબુદ્ધ જૈન'ના તંત્રી તરીકે આ ફેરફાર નિપજાવવામાં બળવાન નિમિત્ત બનવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું છે.

સંઘનું આવું બાહ્યાન્તર પરિવર્તન કરવામાં સ્વ. મણિભાઇનો મને હંમેશાં પૂરો સાથ રહ્યો હતો. જે શિક્ષણનો અને સામાજિક તેમ જ રાષ્ટ્રીય ક્ષેત્રે કાર્ય કરતા પરિબળોના સહવાસનો મને લાભ મળ્યો હતો તેવો લાભ મણિભાઇને નહોતો મળ્યો, અને તેમની ઘણી ખરી પ્રવૃત્તિઓ જૈન સમાજ સાથે-તેમાં પણ વિશેષે કરીને જૈન શ્વે. મૂ. વિભાગ સાથે-સંકળાયલી હતી. એમ છતાં પણ તેમનામાં મનની, વિચારની અને હૃદયની સ્વાભાવિક વિશાળતા હતી, અને ધાર્યા કાર્યને પાર પાડવાની મક્કમતા હતી. મારા ઉપર તેમને અપૂર્વ મમતા અને વિશ્વાસ હતો. સંઘની કોઇ પણ પ્રવૃત્તિ સંબંધે કે પ્રબુદ્ધ જૈન અંગે મને કાંઇ પણ નવો વિચાર આવે અને તેમને જણાવું તો એ વિચારને તેમણે પૂરા ભાવથી પ્રતિધ્વનિત કર્યો ન હોય એમ કદિ બન્યું જ નથી. આમ સંઘની પ્રવૃત્તિ અમો બન્નેના હાર્દિક સહકાર અને સંઘના સભ્યોના એટલા જ હાર્દિક અનુમોદનના કારણે સદા પ્રગતિશીલ વિકાસશીલ બનતી રહી હતી.

એ વર્ષોમાં મારા માટે વિશાળ કાર્યક્ષેત્રનું પ્રલોભન ઓછું નહોતું. રાજકારણમાં ધનિષ્ટ રસ, કોંગ્રેસમાં ઊંડી નિષ્ટા, સત્તાના રાજકારણનો થઈ રહેલો ઉગમ-આ બધું કોઇ પણ મહાત્વાકાંક્ષી યુવાનને પોતા તરફ આકર્ષવા માટે પૂરતું હતું. આમ છતાં એ પ્રલોભનો તરફ હું શા માટે ન ખેંચાયો? આ બાબતનું પૃથક્કરણ કરતાં મને એમ લાગે છે કે, રાજકારણના ક્ષેત્રમાં સ્થિતિસંપન્ન વ્યકિતને આગળ વધવા માટે જેટલો અવકાશ છે તેટલો અવકાશ દ્રવ્યોપાર્જન માટે જેને ચાલુ મથામણ કરવાની હોય તેના માટે નથી. મારી અંગત આર્થિક પરિસ્થિતિ તેમ જ મારી પોતાની પ્રકૃતિ રાજકારણનું વિશાળ ક્ષેત્ર ખેડવા માટે અનુકુળ નથી એમ મને લાગ્યા કરતું. માથું મારીને પોતાનો માર્ગ કરવો, લાગવગ દ્વારા આગળ વધવું, ખુશામત કરીને મોટાંની મહેરબાની મેળવવી અને નવાં નવાં સત્તાસ્થાનો સિદ્ધ કરવા એ મારી પ્રકૃતિમાં નહોતું. મારા મર્યાદિત સંયોગોનો ખ્યાલ રાખીને જે કાંઇ ક્ષેત્ર સહજ સુલભ હોય તેનું અવલંબન લેવું અને તે દ્વારા જે કાંઇ સેવા શક્ય હોય તે સેવા કરીને સંતોષ માનવો-આવી મેં મારા માટે મર્યાદા બાંધી. આ રીતે મુંબઇ જૈન યુવક સંઘ અને પ્રબુદ્ધ જૈન મારા માટે સ્વાભાવિક કાર્યક્ષેત્ર બની ગયું. આમ છતાં પણ મારે જણાવવું જોઇએ કે મારા વિચારો મુજબ જો મુંબઇ જૈન યુવક સંઘનું સંચાલન થતું રહ્યું ન હોત તો અને પ્રબુદ્ધ જૈનના મારા હસ્તકના સંપાદનમાં કોઇ પ્રકારનો સીધો કે આડકતરો અંકુશ હોત તો, સંભવ છે કે, મુંબઇ જૈન યુવક સંઘ અને પ્રબુદ્ધ જૈન મારી પ્રવૃત્તિનું મુખ્ય ક્ષેત્ર બન્યું ન હોત. પણ મુંબઇ જૈન યુવક સંઘ અને પ્રબુદ્ધ જૈન સંબંધમાં અમારા ઉભયના સદ્‌ભાગ્યે આવી કોઇ અયઘામણ કદિ ઉભી થઇ જ નહિ. જ્યારે પણ સંઘ પાસે કોઇ નવો ફેરફાર કરાવવા માટે હું ગયો ત્યારે તેણે તે ફેરફાર સ્વીકાર્યો જ છે. અને પ્રબુદ્ધ જૈન-પાછળથી પ્રબુદ્ધ જીવન-એ તો મારી વિચાર સાધનાની અનન્ય પ્રયોગશાળા બની છે. આમ સંઘ કે પ્રબુધ્ધ જૈનનું કામ સંભાળતાં મેં કદિ રૂંધામણ અનુભવી નથી; ઉલટું તે દ્વારા-અને વિશેષે કરીને સંઘની એક વિશિષ્ટ પ્રવૃત્તિ પર્યુષણ વ્યાખ્યાનમાળા દ્વારા—જેને self fulfilment-આત્મપરિપૂર્તિ કહે છે તે મેં અનુભવેલ છે; તે દ્વારા self-expression-આત્મ-અભિવ્યકિતનો મેં સતત આનંદ અનુભવ્યો છે. આમ મારું જીવન અને મુંબઇ જૈન યુવક સંઘ અનાયાસે એકમેક સાથે વીંટળાતાં ચાલ્યાં છે. સમયાન્તરે 'પ્રબુદ્ધ જૈન'નું નામ બદલીને 'પ્રબુદ્ધ જીવન' નામ રાખવાની હું દરખાસ્ત લાવ્યો અને સંઘની કાર્યવાહીએ તે સહર્ષ સ્વીકારી, અને ૧૯૫૩-ના મે માસથી એ ફેરફારનો અમલ શરૂ થયો. સંઘમાં જૈનેતર વ્યકિતઓને પ્રવેશ આપવાનો મારો વિચાર એ જ ઉમળકાથી સ્વીકારવામાં આવ્યો અને ૧૯૫૪ ના જુલાઈ માસની ૩૦મીના રોજ સંઘના બંધારણમાં એ મુજબનો ફેરફાર કરવામાં આવ્યો. ૧૯૫૪ના ઓકટોબર માસમાં આમ સદા વિકસતા રહેતા સંઘનો રજત મહોત્સવ ભારે શાનદાર રીતે ઉજવવામાં આવ્યો. દેશકાળના ફેરફારો મુજબ સદા પરિવર્તન સ્વીકારતા રહેવું એવી જેની પરંપરા છે તેવા આ સંઘ સમક્ષ-સંઘના કાર્યવાહકો સમક્ષ-હું આજે સંઘનું નામપરિવર્તન કરવાનો વિચાર રજુ કરી રહ્યો છું, અને મારી શ્રધ્ધા છે કે સંઘે વહેલાં મોડાં-આજ સુધીનો તેનો જે વિકાસક્રમ છે તેને તેણે વફાદાર રહેવું હશે તો-આ વિચાર પણ સ્વીકાર્યો જ છૂટકો છે.

સંઘનું આજે જે સ્વરૂપ છે અને તેની આજે જે પ્રવૃત્તિઓ છે તેનું નિર્માણ અનેક સભ્યોના સહકારને આભારી છે, એમ છતાં પણ, તે નિર્બળ હોય કે સબળ હોય-તે સર્વની જવાબદારી મારી છે એમ હું સમજું છું અને આજે જ્યારે ૩૦ વર્ષના લાંબા ગાળા ઉપર હું નજર નાંખું છું, અને તે દરમિયાન નીપજેલી અનેક ઘટનાઓ અને ફેરફારો ઉપર મારી દ્રષ્ટિ દોડાવું છું ત્યારે સંઘને કોઇ પણ તબકકે દોરવણી આપવામાં મેં કાંઇ પણ ભૂલ કરી હોય એવો કોઇ પશ્ચાત્તાપ હું અનુભવતો નથી. ઉલટું સંઘના આજ સુધીના વૈચારિક તેમ જ વ્યવહારગત વિકાસમાં ત્રીશ વર્ષના ગાળા દરમિયાન ભારતના યુવકના માનસમાં પરિવર્તન થતું રહ્યું છે, કેવળ કોમી અને સાંપ્રદાયિક નાતજાતના રંગે રંગાયલા માનસમાંથી બીનકોમી, બીનસાંપ્રદા નાતજાતના ભેદની ઉપેક્ષા કરતું, સર્વધર્મસમભાવને મૂર્ત આપવા ઝંખતું જે નવું માનસ આજે નિર્માણ થયેલું ચોતરફ આપણા જોવામાં આવે છે તેનું મને પ્રતિબિંબ દેખાય છે.

સંઘ વિષે મારા મનમાં પ્રારંભથી બે ત્રણ ખ્યાલો રહેલા છે.

(૧) સમાજનું વૈચારિક પરિવર્તન કરવામાં સંઘે પોતાની શકિતનો બને તેટલો ઉપયોગ કરવો અને એ રીતે પોતાના કાર્યક્ષેત્રની સંઘે મર્યાદા બાંધવી. આ કાર્ય પર્યુષણ વ્યાખ્યાનમાળા દ્વારા, પ્રબુદ્ધ જીવન દ્વારા તથા અવારનવાર ચોજાતા વિશિષ્ટ કોટિના વિચારકો, સમાજ સેવકો અને કાર્યકર્તાઓનાં જાહેર વ્યાખ્યાનો દ્વારા શકય તેટલું થઈ રહ્યું છે.

(૨) બીજું જે સમાજ સાથે સંઘનો સીધો સંપર્ક છે તે સમાજમાં સંસ્કારિતાનો-સુરૂચિનો-બહુધા અભાવ છે. આ

સંસ્કારિતાની–સુરુચિની–પૂરવણી કરવાની, સાચી રસવૃત્તિનું સીંચન કરવાની, સૃષ્ટિસૌન્દર્યને જાણવા સમજવા તેમ જ માણવાની તાકાત કેળવવાની ખૂબ જ જરૂર છે એમ હું માનું છું અને આ હેતુ માટે તેમ જ પરસ્પર ભાઇચારો કેળવવા માટે પર્યટન, સમૂહભોજન, ચિત્રપટ દર્શન, નૃત્ય સંગીતનાં આયોજન વગેરે વિચારવામાં તેમ જ યોજવામાં આવે છે.

(૩) વિચારના ક્ષેત્રમાં સંઘનું વિચારસ્વાતંત્ર્ય અને વર્તન-સ્વાતંત્ર્ય અબાધિત રહે એ હેતુથી જે કાર્ય માટે સમાજના ધનિક વર્ગ પાસેથી મોટાં દાનો મેળવવાનાં રહે એવાં મોટી આર્થિક જવાબદારીવાળાં કાર્યો સંઘે હાથ ન ધરવાં આવી એક નીતિ સંઘના પ્રારંભકાળથી સ્વીકારવામાં આવી છે. જૈન સમાજની એકતાને લક્ષમાં રાખીને સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહની સંસ્થાને બને તેટલો ટેકો આપવાનું ધોરણ સંઘપક્ષે હમેશાં સ્વીકારાયું છે, અને સંઘના મુખ્ય કાર્યકર્તાઓ એ જ મોટા ભાગે સંયુક્ત જૈન વિદ્યાર્થી-ગૃહના પ્રમુખ કાર્યકર્તાઓ રહ્યા છે. એમ છતાં એ સંસ્થાને સંઘની કાર્યવાહીથી તદ્દન અલગ રાખવાનું વિચારાયું છે એ પાછળ ઉપર જણાવેલ હેતુ જ રહેલો છે.

એક બીજી વસ્તુસ્થિતિ પણ વિચારવા જેવી છે. સંઘનું પ્રવૃત્તિક્ષેત્ર જેમ જેમ વિશાળ થતું જાય છે તેમ તેમ તેના કાર્યનું સ્વરૂપ પણ બદલાતું જાય છે. વળી નાના ક્ષેત્રમાં નાની બાબતો ઉપર સામાજિક સંઘર્ષની જે શક્યતાઓ હોય છે તે શક્યતા વિસ્તૃત ક્ષેત્રમાં–સિવાય કે કોઈ રાજદ્વારી પક્ષના સમર્થનને સંઘની નીતિ તરીકે સ્વીકારવામાં આવે–ઘટતી જાય છે. દા.ત. સંઘે જૈન શ્વે. મૂ. વિભાગને આવરતું સાકડું સ્વરૂપ છોડ્યું અને વિશાળ જૈન સમાજને આવરી લેતું બંધારણ સ્વીકાર્યું ત્યાર પછી જૈન શ્વે. મૂ. વિભાગના જ પ્રશ્નો ઉપર પોતાની શક્તિ એકત્ર કરવાનું સંઘ માટે શક્ય ન રહ્યું. આનું પરિણામ એ આવ્યું કે પ્રારંભના દિવસોમાં સંઘની જે પ્રકારની સંઘર્ષાત્મક શક્તિ પ્રત્યક્ષ થઇ હતી તે પ્રકારની શક્તિમત્તા આજે દેખાતી નથી અને તેને લીધે કેટલાકને સંઘ શિથિલ, નિર્બળ, ઠંડો પડી ગયેલો લાગે છે. બાળપણની ઉન્મત્તતા તેમ જ પ્રગલ્ભતા પ્રૌઢતાને પામેલ માનવીમાં જોવા નં મળે તેથી તે માનવી ઢીલો પડી ગયો છે–આવું ભ્રામક અનુમાન કોઇ કરે તેના જેવું ઉપરનું અનુમાન છે.

સંઘની આનંદ તેમ જ સંસ્કારસિંચક પ્રવૃત્તિઓની કોઇ કોઇ સ્થળેથી થતી ટીકા પાછળ પણ એક એવા માનસનું દર્શન થાય છે કે જે માનસ પોતે વિવિધ પ્રકારના આનંદ અને રસોપભોગમાં તલ્લીન છે, પણ સંઘ જેવી સંસ્થાને તે કેવળ ત્યાગ, સંયમ અને સેવાના માપે તોળે છે. અને આ તત્ત્વોની તેની નજરે ઊણપ દેખાતાં સંઘના સમગ્ર સ્વરૂપ વિષે તે પ્રતિકૂળ અભિપ્રાય દાખવે છે. દા.ત. સમૂહભોજનમાં પોતે બધે ભાગ લે છે, છતાં સંઘે આવું સમૂહભોજન કરવું ન જોઇએ એમ શેરબકોર-પૂર્વક તે કહેતો હોય છે. સમૂહભોજન, પર્યટન, કે કળાલક્ષી સંમેલન વગેરે સ્વતઃ કોઇ અનિષ્ટ પ્રવૃત્તિ છે જ નહિ; અનિષ્ટતા રહેલી છે તેના અતિરેકમાં. આટલી વિવેકદૃષ્ટિથી આ બધી પ્રવૃત્તિઓનો વિચાર કરવામાં આવે તો સંઘ દ્વારા યોજાતી આ પ્રકારની પ્રવૃત્તિઓનું ઔચિત્ય, તેમ જ સાર્થકતા સહજપણે ધ્યાનમાં ઉતરશે.

બીજી પણ એક બાબત ધ્યાનમાં લેવા જેવી છે. વિચારના ક્ષેત્રમાં આજે આખો સમાજ ઘણો આગળ વધ્યો છે અને પરિણામે કોઇ નવો વિચાર સમાજમાં કશો પણ ક્ષોભ પેદા કરતો નથી, કરી શકતો નથી. આજથી ૨૫–૩૦ વર્ષ પહેલાં એવી પરિસ્થિતિ હતી કે વિધવા વિવાહ કે દેવદ્રવ્યના પ્રશ્ન ઉપર સભાઓમાં મારામારી થતી, અને પરિષદો ભાંગી પડતી અને કોન્ફરન્સો તુટી પડવાની સ્થિતિએ પહોંચી જતી. આજે દરેક વિષયને લગતા આત્યન્તિક વિચારો સમાજ પાસે રજુ થઇ ચુકયા છે અને કશા પણ ક્ષોભ વિના ઠંડે કોઠે લોકો આ બધું સાંભળે છે. છુટાછેડા, સંતતિનિયમન, કૃત્રિમ ગર્ભાધાન, આન્તરજાતીય લગ્નો, મુડીવાદનો ઉચ્છેદ, સંપ્રદાયોનો જ માત્ર નહિ પણ ધર્મોનો ઉચ્છેદ, ઇંડા ખાવાની ઉપયોગીતા, માંસાહારનું સમર્થન, નિયતકાલિક લગ્નો, સ્ત્રીપુરૂષોનો સ્વૈર વિહાર–આવા છેક છેડાના વિચારોની રજુઆત જ્યાં ત્યાં થતી સાંભળવામાં આવે છે, અને એમ છતાં લોકોનું રૂંવાડું સરખું ફરકતું નથી. આવી સામાજિક પરિસ્થિતિમાં, કોઇ એક કાળે કોઇ પણ નવો વિચાર રજુ કરવાના કારણે જે સામાજિક સંઘર્ષો ઉભા થતા હતા, અને સંઘબહિષ્કાર અને સામાજિક બહિષ્કારનાં પ્રકરણો સરજાતાં હતાં તેવા સંઘર્ષો અને બહિષ્કારોની આજે કોઇ શક્યતા રહી નથી. આ સંયોગોમાં મુંબઇ જૈન યુવક સંઘ કશો વૈચારિક સંઘર્ષ પેદા કરતો નથી તેથી તે વિચારના ક્ષેત્રમાં નબળો પડયો છે એમ કહેવું કે વિચારવું વ્યાજબી નથી.

એક બીજી વાત. બાલદીક્ષાવિરોધી લડતમાં વર્ષો પહેલાં અમે જ્યારે રસપૂર્વક ભાગ લેતા હતા અને દેવદ્રવ્યનો સામાજિક ઉપયોગ કરવો જોઇએ, ફરજિયાત વૈધવ્ય દૂર થવું જોઇએ વગેરે વિચારો જોરશોરથી અમે રજુ કરતા હતા ત્યારે અમે ભારે ક્રાન્તિકારી કાર્ય કરી રહ્યા છીએ એમ મનથી માનતા હતા અને ફુલાતા હતા. આ સંબંધમાં, વર્ષો પહેલાંની વાત છે, એમ મિત્રે મારા આ ભ્રમનો નિરાસ કર્યો. તેણે કહ્યું કે "આ જે તમારું કામ છે તે કેવળ સામાજિક કે ધાર્મિક ઉપરછલા સુધારાનું કામ છે. તેને ક્રાન્તિકારી કામ કહી ન શકાય. ક્રાન્તિકારી કામ તો ત્યારે જ કહી શકાય કે જ્યારે સમાજસ્વીકૃત પાયાનાં મૂલ્યો બદલવાની વાત હોય. આ તમે જે કાંઇ કરો છો, વિચારો છો તેમાં ચાલુ સમાજરચનાનો, ધર્મસંસ્થાના વર્તમાન સ્વરૂપનો, આર્થિક વ્યવસ્થાનો સંપૂર્ણ સ્વીકાર રહેલો જ છે. તેમાં કોઇ ધરમૂળના ફેરફારની વાત છે જ નહિ." વિચાર કરતાં તેની વાત મને સાચી લાગી અને ક્રાન્તિકારી હોવાનો મારો ગર્વ ગળી ગયો. આ ક્રાંતિકારી વિશેષણ આજે પણ એટલા જ અવિવેકપૂર્વક લગભગ સર્વત્ર વપરાઇ રહ્યું છે. કોઇ પણ નાના સરખા ફેરફારને ક્રાન્તિકારી ફેરફાર તરીકે ઓળખવામાં આવે છે અથવા તો પોતે જે કાંઈ સૂચવે છે તેને ક્રાન્તિકારી તરીકે વર્ણવ્યા સિવાય આજના વિચારક કે સામાજિક કાર્યકરને ચેન પડતું નથી. સંઘ પહેલાં ક્રાન્તિકારી હતો અને આજે નથી એવો આક્ષેપ કરનારા મિત્રોને મારો આ જવાબ છે.

સંઘની અદ્યતન સ્થિતિના સમર્થનમાં મેં આ બધું કહ્યું. આમ છતાં પણ એ મારે પ્રમાણીકપણે કબુલ કરવું જોઇએ કે સેવાની દિશાઓ સંઘ ઘણો શિથિલ છે; સમાજમાં કોઇ પણ પ્રશ્ન ઉપર સંઘર્ષ નોતરવાની શક્તિની પણ સંઘમાં આજે ઘણી ઊણપ છે; વિશાળ ક્ષેત્રની કલ્પના સાથે નવા પુરૂષાર્થની કલ્પના પણ વિકસવી જોઇએ તેનો હજુ અભાવ છે; સંઘના કાર્ય ઉપર એકાગ્ર બને, પોતાની સર્વ શક્તિ કેન્દ્રિત કરે, એવા ઉગતી ઉમ્મરના આશાસ્પદ ભાઇ બહેનોની સંઘમાં ઘણી ઊણપ છે. પરિણામે સાડા ત્રણસો જેટલી સભ્યસંખ્યા હોવા છતાં સંઘ પાસે જેને સંગઠિત જૂથશક્તિ કહેવાય તે બહુ જ ઓછી છે. આ બધી ઊણપો–ત્રુટિઓ વિષે હું પૂરો સભાન છું. આમ છતાં મન એટલો સંતોષ જરૂર અનુભવે છે કે સંઘે કોઇ પણ પ્રશ્ન ઉપર આજ સુધી નાની સરખી પણ પીછેહઠ કરી નથી; તેનું કાર્યક્ષેત્ર સતત વિસ્તરતું રહ્યું છે અને દેશને જેવી સામાજિક સંસ્થાઓની જરૂર છે તેવા પ્રકારે તેનું સ્વરૂપ ઘડાતું રહ્યું છે. ત્રીશ વર્ષના ગાળા દરમિયાન અનેક સંસ્થાઓ ઉભી થઇ છે અને આથમી ગઇ છે અને કેટલીક

★ પ્રકીર્ણ નોંધ ★

પ્રબુદ્ધ જીવનનો ૨૧ મા વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ જીવનનું આ અંકથી નવું વર્ષ શરૂ થાય છે. ગત વર્ષ દરમિયાન પ્રબુદ્ધ જીવને ૨૪૬ પાનાની વાચન–સામગ્રી પૂરી પાડી છે; 'કૂર્માચિળની પરિક્રમા' એ મથાળા નીચે પ્રવાસકથા ૯ માં અંકથી (૧ સપ્ટેંબર ૧૯૫૮ થી) શરૂ કરવામાં આવી છે. જેના આજ સુધીમાં બાર હપ્તા પ્રગટ કરવામાં આવ્યા છે અને બાકીના હપ્તા હવે પછીના અંકોમાં પ્રગટ કરવામાં આવશે. પ્રબુદ્ધ જીવનનો ૨૧ મો અંક (માર્ચ ૧, ૧૯૫૯) વિનોબાજીની સર્વોદય વિચારધારાના નિરૂપણ અને વિવેચન પાછળ રોકવામાં આવ્યો છે; ૨૩ મા અંકમાં સંઘે યોજેલા નૃત્યલક્ષી સંસ્કાર–સંમેલનની વિગતો અને તે દ્વારા મણિપુરી નૃત્યની સમજુતી ચિત્રો તથા છબીઓ સાથે ઠીક વિસ્તારથી આપવામાં આવી છે. અંક ૧૬, ૧૭ તથા ૧૮માં વિનોબાજીની પદયાત્રાનો સવિસ્તર પરિચય આપવામાં આવ્યો છે. મહાઅમાત્ય નહેરૂનાં મહત્ત્વપૂર્ણ પ્રવચનો તથા લેખોમાંના કેટલાકના અનુવાદો વર્ષ દરમિયાન પ્રબુદ્ધ જીવનમાં અવારનવાર પ્રગટ થતા રહ્યા છે. ગત વર્ષ દરમિયાન જે જે મિત્રોએ લેખો યા અનુવાદો પૂરાં પાડીને પ્રબુદ્ધ જીવનની સેવા કરી છે તે સર્વનો આભાર માનવામાં આવે છે, અને આગામી વર્ષમાં તેમનો સહકાર એક સરખો ચાલુ રહેશે એવી આશા રાખવામાં આવે છે.

પ્રબુદ્ધ જીવનને વિકસાવવા માટે અનેક લેખક મિત્રોના શક્ય તેટલા સહકારની જરૂર છે. એ સહકારના અભાવે જે પ્રકારના વૈવિધ્યની પ્રબુદ્ધ જીવનમાં પૂરવણી થવી જોઇએ તે થઇ શકતી નથી. વળી પ્રબુદ્ધ જીવન પ્રગટ કરવા પાછળ ચોતરફની મોંઘવારીના કારણે ખોટ પણ વધતી જ જાય છે. આ ખર્ચને હળવો કરવા માટે પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોની સંખ્યા ખૂબ વધવી જ જોઇએ. પ્રબુદ્ધ જીવનને સર્વાંગસુન્દર બનાવવા માટે લેખક મિત્રોને બને તેટલો સાથ આપવા નમ્ર પ્રાર્થના છે. અને પ્રબુદ્ધ જીવનના સંપાદન કાર્યથી જેઓ સંતોષ અને પ્રસન્નતા અનુભવતા હોય તેવા સંઘના સભ્યોને તેમજ પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને પોતાના પરિચિત વર્તુલમાં પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો બનાવવાનો પ્રયત્ન ગંભીરપણે હાથ ધરવા એટલા જ નમ્ર ભાવપૂર્વકની પ્રાર્થના છે.

સંસ્થાઓ મૃતપ્રાય દશામાં જીવે છે ત્યારે આ સંસ્થા અણનમ ઉભી છે અને પોતે નકકી કરેલા માર્ગ ઉપર નિડરપણે, સુદૃઢપણે અને ગૌરવપૂર્વક ચાલી રહી છે. આપણે આશા રાખીએ કે જેના પાયામાં સેવા, વિચારસ્વાતંત્ર્ય અને અનિષ્ટ સામાજિક તેમ જ ધાર્મિક તત્ત્વો સામે જેહાદનાં પ્રેરક બળો પડેલાં છે તે સદા ફાલતી ફુલતી રહેશે અને અભિનવ શક્તિઓને પોતા તરફ ખેંચીને અવનવા પુરૂષાર્થનું દર્શન કરાવશે.

આજે જ્યારે જીવનનું સંધ્યાટાણું છે અને સંઘની ચાલુ કાર્યવાહીની જવાબદારીથી છૂટા થવા મન ઝંખી રહ્યું છે ત્યારે જે સંસ્થા સાથે મારો ત્રીશ વર્ષનો સંબંધ છે તે સંસ્થાના ઘડતરમાં મેં શું ફાળો આપ્યો છે અને મારા ઘડતરમાં એ સંસ્થાએ શું ફાળો આપ્યો છે, તે સંસ્થાના આજ સુધીના ઘડતર પાછળ મારી શું દૃષ્ટિ રહેલી છે, આજે તે સંઘમાં શી વિશેષતા અને શી ત્રુટિઓ છે અને તેના ભાવી વિષે મારી શી આશા છે તે બધું એક નાની સરખી સમાલોચનાના આકારમાં રજુ કરવું એવી મનમાં ઇચ્છા ઉદ્‌ભવી જે આ લેખના રૂપમાં આકાર બની છે. સંઘના સભ્યો આ વાંચે, વિચારે અને સંઘની સર્વતોમુખી કાર્યશક્તિમાં વધારો થાય એવો સહયોગ આપે એવી તેમને મારી પ્રાર્થના છે.

પરમાનંદ

કાળનું વહેણ વહી રહ્યું છે અને ઉમ્મરની અસરથી કોઇ મુકત રહી શકતું નથી. એમ છતાં પણ સમકક્ષાના લેખકોનો સહકાર મેળવીને તેમ જ આર્થિક સગવડ પ્રાપ્ત કરીને પ્રબુધ્ધ જીવનને સાપ્તાહિક બનાવવાનો મનોરથ મનમાં ઉભો જ છે. સત્યનિષ્ટા, અખંડ પરિશ્રમ, મૌલિક ચિન્તન, અભ્યાસપૂર્ણ લેખન, સંયમ અને સુરૂચિપૂર્વકનું નિરૂપણ અને રોજબરોજ બનતી ઘટનાઓ સંબંધમાં સમ્યક્‌ માર્ગદર્શન–આવી વિશેષતાવાળા સાપ્તાહિકની આજના સમયની મોટામાં મોટી માંગ છે. પ્રબુદ્ધજીવનના ઘડતર માટે આવા સાપ્તાહિકની અત્યન્ત જરૂર છે. આવા સાપ્તાહિકનું નિર્માણ કરવું એવું મારા મનનું એક સ્વપ્ન છે. એ સ્વપ્નને ચરિતાર્થ કરવા માટે અનેક શકિતઓનાં સહયોગની અપેક્ષા રહે છે. એ સ્વપ્ન પણ કોઇ કાળે સફળ થશે એવી શ્રદ્ધા ચિત્તને અવારનવાર સ્પર્શી જાય છે. પ્રબુધ્ધ જીવનના ભાવી વિકાસ અંગે આવા કાંઇકે વિચારો મનમાં રમી રહ્યા છે. **તંત્રી, પ્રબુદ્ધ જીવન**

એક સાચા સમાજસેવકનું અવસાન

જીવનના લાંબા પ્રવાસપટ દરમિયાન જેની સાથે એક યા બીજી સામાજિક પ્રવૃત્તિમાં જોડાઇને કામ કરવાના અનેક પ્રસંગો બન્યા હોય તેવી એક વ્યકિત, જ્યારે આપણી વચ્ચેથી વિદાય થાય છે ત્યારે, તેની વિદાયગીરી માત્ર એક સામાજિક ખોટનો વિષય બનતી નથી. એથી પણ વધારે, આવી ઘટના એક અંગત ખોટનો વિષય પણ બની જાય છે. સ્વ. ભીખાભાઇ ભુદરદાસ કોઠારી જેનું ૭૦ વર્ષની ઉમ્મરે અને બે વર્ષની નાદુરસ્ત તબિયતના પરિણામે તા. ૨૭મી એપ્રીલના રોજ અવસાન થયું છે તેમની ખોટ આ પ્રકારની છે. શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ, કાઠિયાવાડ પ્રબન્ધમંડળ–આટલી સંસ્થાની વર્ષોજુની કાર્યવાહી પૂરતો મારો તેમની સાથે સીધો સંબંધ હતો. આ ઉપરાંત બીજી અનેક જૈન જૈનેતર, ઝાલાવાડની, સૌરાષ્ટ્રની કે અખિલ ભારતની, સામાજિક તેમ જ રાજકીય સંસ્થાઓ સાથે તેમનો સંબંધ હતો. તેઓ મૂળ લીંબડીના વતની હતા; પાંચ રૂપિયાના માસિક પગારથી મુંબઇમાં કોઇ એક ફોટોગ્રાફરને ત્યાં નોકરીથી તેમણે પોતાના જીવનની શરૂઆત કરી હતી. ત્યાર બાદ શેરબજારમાં તેઓ જોડાયા હતા. સાથે સાથે ૧૯૩૫માં પુસ્તકો વેચવા માટે તેમણે 'કોઠારી બૂક ડીપો'ની શરૂઆત કરી હતી. આમ તેઓ ગરીબાઇમાંથી આપબળે ઉંચે આવ્યા હતા અને આર્થિક દૃષ્ટિએ તેમનો જીવનવ્યવહાર સુખરૂપ તેમ જ અર્થસંપન્ન બન્યો હતો. આમ છતાં પણ તેમના જીવનનું મુખ્ય પ્રેરક બળ જનસેવા હતું. જરૂરી સમય ધંધાને આપવો, અને બાકીનો સમય એક યા બીજા પ્રકારના સેવાકાર્ય પાછળ ગાળવો–આવી તેમની જીવનવૃત્તિ હતી. જ્યારે જે કામ આવ્યું ત્યારે તે કામને પાર પાડવા પાછળ રાત કે દિવસ તે કદિ જોતા નહોતા. જે સંસ્થા વિષે તેમના દિલમાં મમત્વ જાગ્યું તે સંસ્થાનું કામ કરવા પાછળ આરામ શું, આનંદ કે મોજમજાહ શું તે કદિ તેમણે જાણ્યું નહોતું. સંસ્થાઓના ફંડફાળા માટે–ખાસ કરીને શેરબજારમાં–ભીખાભાઇ વિના ચાલે જ નહિ. લીંબડીના ઐતિહાસિક લડતમાં તેમણે ઘણો મહત્વનો ભાગ ભજવ્યો હતો. જન્મભૂમિ સંસ્થાનું સંચાલન કરનાર સ્ટેટ્સ પીપલ્સ લીમીટેડના તેઓ એક ડીરેક્ટર હતા. કોઇ સત્તા કે અધિકાર પ્રાપ્ત કરવાનો મોહ તેમનામાં કદિ જાગ્યો નહોતો. અનેક સંસ્થાઓની હિસાબી દેખરેખ રાખવાની જવાબદારી તેમણે કુશળતાપૂર્વક વહન કરી હતી. 'ભીખાભાઇ એટલે ચોકકસાઇ' એ રીતે તેમના વિષે કહેવાતું હતું. શીલસંપન્ન જીવનવ્યવહાર, સદા ઉત્સાહી, હસતા અને

અત્યન્ત મીલનસાર, થાક શું એ જેણે કદિ જાણ્યો નથી, ભોગ-વિલાસ જેને કદિ સ્પર્શ્યા નથી, અત્યન્ત નમ્ર અને નિરભિમાની પ્રકૃતિ,–આવું તેમનું આદરયોગ્ય વ્યકિતત્વ હતું. આવા સામાજિક કાર્યકર્તાઓ બહુ વિરલ જોવામાં આવે છે. છાપાઓમાં મોટા અક્ષરે તેમનું નામ કદિ છપાયું નથી. એમ છતાં પણ જેના જેના સહ-વાસમાં તેઓ આવ્યા છે તે સર્વના દિલમાં તેઓ ઊંડી સુવાસ મૂકી ગયા છે; અનેક સંસ્થાઓની કાર્યવાહી સાથે તેમનું સ્મરણ સંકળાયલું છે; જાતે મદદ આપીને અથવા બીજેથી મદદ મેળવી આપીને તેમણે અનેકની આંતરડી ઠારી છે.

આજથી ત્રણ વર્ષ પહેલાં સુરેન્દ્રનગરમાં આંખની ૬૨પી-તાલ ઉભી કરવાના હેતુથી પ્રેરાઇને એ ત્રણ સહકાર્યકર્તાઓ સાથે તેઓ ફંડ એકઠું કરવા માટે પૂર્વ આફ્રિકા ગયેલાં. જેની આશાએ ગયા તેની શિથિલતાના કારણે અથવા તો અણધાર્યા બીજા પ્રતિ-કુળ સંયોગોને લીધે શરૂઆતમાં ફંડનું કામ કેટલાક સમય સુધી આગળ ચાલ્યું જ નહિ. તેમના એક સાથી આને લીધે કંટાળીને દેશમાં પાછા ચાલી આવ્યા, પણ નક્કી કરેલી અથવા તો ધારેલી રકમ પૂરી ન થાય ત્યાં સુધી હું તો આફ્રિકા નહિ જ છોડું એવો નિરધાર કરીને ભીખાભાઇ તો ત્યાં બેસી જ રહ્યા અને શકય તેટલો પ્રયત્ન કરતા રહ્યા. આખરે ધારી રકમ તો એકઠી થઇ. પણ આ લક્ષ્યાંક પૂરૂં કરતાં આઠ મહીના પસાર થઈ ગયા. આટલો બધો વખત ત્યાં ખોટી થવું પડયું અને જ્યાં ૧૦૦ શીલીંગ ધાર્યા હોય ત્યાં ૧૦ શીલીંગ મળે, અને ૧૦૦૦ શીલીંગ ધાર્યા હોય ત્યાં ૧૦૦ મળે–આવી તેમની ધીરજની અસહ્ય કસોટી થઇ અને આફ્રિકામાં તેઓ હતા તે દરમિયાન જ આવા આશા-નિરાશાનાં વમળો સામે ઝુઝતાં ઝુઝતાં છેવટના ભાગમાં તેમની તબિયત ભાંગી પડી. જેને nervous breakdown–શારીરિક શૈથિલ્ય–કહે છે તેના ભોગ તેઓ થઈ પડયા. અહિં આવીને તેઓ બે વર્ષ જીવ્યા, પણ ભાંગેલી તબિયત કદિ દુરસ્ત થઇ જ નહિ; પહેલાના ભીખાભાઈ કદિ ફરીને જોવા મળ્યા જ નહિ. દીવેલ પૂરૂં થતાં દીવો ઓલવાઇ જાય, તેમ પ્રાણશકિત ખલ્લાસ થતાં તેમનો જીવનપ્રદીપ ઓલવાઇ ગયો. આ રીતે જોતાં એમ કહી શકાય કે જે સેવાવૃત્તિ તેમના જીવનનું એક પ્રેરક બળ હતું તે જ સેવા-વૃત્તિએ તેમના જીવનનું બલિદાન લીધું. તેમના આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ એવી આપણ સર્વની પ્રાર્થના હો !.

મહાવીર જયન્તી મુલતવી રાખવી નહોતી જોઇતી.

એપ્રીલ માસની ૨૧મી તારીખે મહાવીર જયન્તી ભારતભરમાં ઠેરઠેર ઉજવાવાની હતી. ન્યુ દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદના પ્રમુખપણા નીચે મહાવીર જન્મસમારોહ યોજાયો હતો; મુંબઇ ખાતે એવો જ સમારોહ મુંબઇના રાજ્યપાલ શ્રીપ્રકાશની અધ્યક્ષતા નીચે ઉજવાવાનો હતો. ૨૦મી તારીખે સાંજે ખબર પડી કે બીજે દિવસે ઉજવવામાં આવનારી મહાવીર જયન્તી મુલતવી રાખવામાં આવી છે. તેના કારણ વિષે પ્રશ્ન કરતાં એમ માલુમ પડયું કે જબલપુર ખાતે કોઇ દિગંબર જૈન લેખકે 'રામચરિત્ર' નામનું એક પુસ્તક કેટલાએક સમય પહેલાં બહાર પાડેલું. તેમાં ભગ-વાન રામચંદ્રની જુદા જુદા ધર્મોના કથાગ્રંથોમાં કયા કયા પ્રકા-રની જીવનકથા વર્ણવવામાં આવી છે તેનો આ સંગ્રહકારે ખ્યાલ આપ્યો હતો. વાલ્મીકિ રામાયણ કે તુલસી રામાયણમાં રામચંદ્રજીના જીવન વિષે જે કલ્પના છે તે કરતાં જૈન રામાયણમાં કાંઇક જુદા પ્રકારની છે અને અન્ય સંદ્રપ્રાયમાં તેથી પણ જુદા પ્રકારની હશે. આ પુસ્તકમાં રામચંદ્રજી વિષે એવાં કેટલાંક વિધાનો હશે કે જે રામચંદ્રજી વિષેની હિંદુ સ્થિતિચુસ્ત વિચારણાથી અલગ પડતા હશે. આ પુસ્તક હજુ જોવામાં આવ્યું નથી, તેથી તે સંબંધમાં કશું નિશ્ચયપૂર્વક કહેવાની સ્થિતિમાં આપણે નથી. આમ છતાં એ કલ્પી શકાય તેમ છે કે આ પ્રકારના પુસ્તકમાં કેટલીક એવી બાબતો અંન્તર્ગત કરવામાં આવેલી હોવી જોઇએ કે જે રૂઢિપરંપરાની હિન્દુ માન્યતા સાથે બંધ બેસતી ન હોય. અને એ માન્યતાની દૃષ્ટિએ રામચંદ્રને કાંઇક ઉતારી પાડનારી પણ હોય. આ પુસ્તક કેટલાક સનાતનીઓના હાથમાં આવ્યું અને તેમણે આ પુસ્તક સામે જબલપુરમાં વસતા હિંદુઓને ઉશ્કેરી મૂકયા અને ઝનુની ઉશ્કેરાટમાં તેમણે ત્યાંના મંદિરોમાં દાખલ થઇને ઘણું નુકસાન કર્યું અને કેટલીક જૈન મૂર્તિઓ ઉખેડી નાખી અથવા ભાંગી તોડી નાખી, તેમ જ આસપાસ વસતા જૈનોની દુકાનો લુંટી અને ભારે અત્યાચાર કર્યો.

આ ઘટના બન્યાને બે અઢી મહીના થયાનું કહેવામાં આવે છે અને તે ઘટનાને ધ્યાનમાં લઇને દિલ્હીના અમુક આગેવાનોના મનમાં થયું કે જૈનો સામે આવો અત્યાચાર થયો હોય અને તે સંબંધમાં સરકાર તરફથી કશા પણ પગલાં લેવામાં આવ્યા ન હોય અને જૈનોનાં મન આટલા બધાં દુભાયલાં હોય એવા સંયોગોમાં મહાવીર જયન્તી ઉજવવી ન જોઇએ. રાજેન્દ્ર બાબુને આ સંબંધમાં વાકેફગાર કરવામાં આવ્યા અને દિલ્હી ખાતે મહાવીર જયન્તી નહિ ઉજવવાનો એ જૈન આગેવાનોએ પોતાની બુદ્ધિથી એકાએક નિર્ણય લીધો અને તે મુજબ મુંબઇ ખબર આપવામાં આવી અને મુંબઇના અમુક જૈન આગેવાનોએ પણ પોતાની બુધ્ધિથી મહાવીર જયન્તી નહિ ઉજવવાનું એકાએક નક્કી કર્યું અને વર્ષોથી જે મહાવીર જયન્તી જૈનોના બધા ફિરકાનાં ભાઇબહેનો મળીને ઉજવતાં હતાં તે મહાવીર જયન્તી આમ એકાએક મોકુફ રહી.

આવી રીતે દિલ્હી કે મુંબઇ તેમ જ તેમનાથી પ્રેરાઇને અનેક અન્ય સ્થળોએ મહાવીર જયન્તી ઉજવવાનો સમારંભ મુલતવી રાખવામાં આવ્યો તે યોગ્ય થયું નથી. આવી રીતે મહા-વીર જયન્તી મુલતવી રાખવી જોઇતી નહોતી. આમ વિચારવાનાં કારણો નીચે મુજબ છે:–

(૧) જબલપુરની ઉપરોકત ઘટના જે રીતે જાણવામાં આવી છે તે બરોબર હોય તો તે ખરેખર અત્યંત દુઃખજનક છે, આઘાતજનક છે, બહુમતી વર્ગના હાથે એક નાની સરખી લઘુમતી કોમ ઉપર ઝનુનીવશ બનીને કરવામાં આવેલા અક્ષમ્ય અત્યાચાર જેવી છે અને આવી દુર્ઘટના નિર્માણ કરવામાં જેણે જેણે અગત્યનો ભાગ ભજવ્યો હોય તેમના ઉપર સરકાર તરફથી સખત હાથે કામ લેવાવું જોઇએ એ વિષે બે મત હોઇ ન શકે. આમ છતાં પણ આ ઘટના, કહેવામાં આવે છે તે મુજબ, બે અઢી મહીના પહેલાં બનેલી હતી, જે વિષે આ બાજુના જૈનો લગભગ કશું જ જાણતા નહોતા. તો આવા બે અઢી મહીના પહેલાં બનેલી ઘટના અંગે મુંબઇ કે દિલ્હીમાં મહાવીર જયન્તી બંધ રાખવાનો કોઈ અર્થ જ નહોતો. તાજેતરમાં બનેલી આવી કોઇ ઘટના હોય અને જૈનોના દિલમાં આ વિષે ખૂબ રોષ હોય તો એવા સંયોગમાં શું કરવું યોગ્ય ગણાય તે જુદો જ પ્રશ્ન છે. પણ પ્રમાણમાં જુની ઘટનાને આગળ ધરીને તે અંગે રોષ દાખવવા માટે આવું પગલું ભર-વામાં આવે તેમાં કશું ઔચિત્ય કે પ્રમાણબુધ્ધિ નજરે પડતાં નથી.

(૨) ધારો કે પ્રસ્તુત ઘટના બન્યાને ઠીક ઠીક વખત થયો, હોય એમ છતાં પણ જૈન સમાજમાં આજે પણ તે વિષે તીવ્ર રોષ અને ગ્લાનિની લાગણી પ્રવર્તી રહી હોય, તો પણ ઉચિત તો એ હતું કે એ રોષ અને ગ્લાનિની તીવ્ર લાગણી વ્યકત કરવા માટે મહાવીર જયન્તીનું ઉદ્યાપન એ સહજપ્રાપ્ત અવસર હતો. તે અવસર કે જ્યારે એક ઠેકાણે રાષ્ટ્રપતિ પ્રમુખ થવાના હતા, અને બીજે ઠેકાણે મુંબઇના રાજ્યપાલ પ્રમુખ થવાના હતા અને દરેક સભામાં બહુ મોટી સંખ્યામાં માત્ર જૈનો જ નહિ પણ

જૈનેતર આગેવાનો પણ ઉપસ્થિત થવાના હતા તે અવસર જેવો બીજો કયો અવસર પોતાના દિલનું દર્દ વ્યકત કરવા માટે મળવાનો હતો? આવો અવસર અવિચારીપણે હાથમાંથી જવા દેવામાં જે જૈન આગેવાનોએ મહત્વનો ભાગ ભજવ્યો છે તેમણે શાણપણનો, દીર્ઘ દ્રષ્ટિનો, પ્રમાણવિવેકનો અભાવ દર્શાવ્યો છે. આ બાબતની હમણાં જ કાકાસાહેબ સાથે થયેલી ચર્ચા દરમિયાન તેમણે યથાર્થપણે જણાવ્યું હતું કે "આપણામાં ધાર્મિક ભાવના છે, અઘટિત ઘટના સામે રોષ છે, પણ રાજકારણી શાણપણ–poli tical sense–નથી. પરિણામે ન કરવાનું આપણે કરી બેસીએ છીએ; અને કરવાયોગ્યની ઉપેક્ષા કરીએ છીએ."

ટીબેટ પ્રકરણ: ભારતના સામ્યવાદીઓની શોચનીય મનોદશા

ચીને ટીબેટ ઉપર કરેલું આક્રમણ, દીલાઇ લામાનું ત્યાંથી નાસી છૂટવું, અને ભારત સરકારે તેને આપેલો આશ્રય–આ ઘટનાએ ચીનમાં તેમ જ ભારતમાં તરેહ તરેહના પ્રત્યાઘાતો, ગેરસમજુતીઓ તેમ જ મુશ્કેલીઓ પેદા કરી છે. ચીનના સત્તાધીશો અને પત્રકારો ચીને ટીબેટ ઉપર આચરેલા અક્ષમ્ય અત્યાચારને ઢાંકવા માટે, જેમ ચોર કોટવાળને દંડે તેમ, ભારતના ઉપર જાતજાતના આક્ષેપો કરી રહ્યા છે અને જેનો ભારતમાં સ્વપ્ને પણ ખ્યાલ નથી એવા expansionism–સામ્રાજ્યવિસ્તારવાદનો ભારત ઉપર આરોપ મૂકી રહેલ છે. ટીબેટના ભારતીય પક્ષકારો પરિસ્થિતિની નાજુકતાનો પૂરો ખ્યાલ કર્યા વગર ભારતે ટીબેટને તદ્દન સ્વતંત્ર કરવા માટે જે કાંઈ શકય હોય તે કરી છૂટવું જોઇએ અને તેમ કરવા જતાં ચીન સાથેના ભારતના સંબંધોને ગમે તેટલી હાનિ પહોંચે તેની પરવા કરવી ન જોઇએ અને અથડામણ થાય તો પણ શું?–એ હદના વિચારો રજુ કરી રહ્યા છે. ભારતના સામ્યવાદીઓને ચીનના ટીબેટ સાથેના વર્તનમાં લેશમાત્ર અજુગજું દેખાતું જ નથી અને જે કાંઇ થાય છે તે ટીબેટના ઉધ્ધાર અને ભલા માટે જ થઈ રહ્યું છે એમ તેઓ છડેચોક જાહેર કરી રહ્યા છે. ભારતીય સત્તાધીશોની સ્થિતિ પ્રસ્તુત પ્રકરણ અંગે ભારે કઢંગી બની છે. ચીન સાથેના સંબંધો બગાડ્યા ભારતને પાલવે તેમ નથી; ટીબેટ પ્રત્યેની સહાનુભૂતિ અને અમુક પ્રકારની આત્મીયતા અને ચીનના નર્યા અત્યાચાર સામે જાગૃત થયેલી નાખુશીની લાગણી તેને બીજી દિશા તરફથી ખેંચી રહેલ છે. જેટલી ચિન્તા આપણને ચીન સાથેની મૈત્રીની છે તેટલી ચિંતા ચીનને આપણી સાથેની મૈત્રીની હોય તેમ લાગતું નથી. ઉલટું ચીનના આ વર્તાવને અંગે ઉત્તર સરહદ ઉપર આપણી સહીસલામતી જોખમાઇ રહી હોય એવાં ચિહ્નો નજર ઉપર આવી રહ્યાં છે. આ બધામાં ભારતના મહાઅમાત્યની ભારે કસોટી થઇ રહી છે, અને આજની પરિસ્થિતિને પહોંચી વળવામાં તેઓ ઉચ્ચ કોટિનો સંયમ અને શાણપણ દાખવી રહેલ છે. દીલાઇ લામાને આશ્રય આપવામાં ભારતે ઘણું મોટું જોખમ ખેડ્યું છે અને આ પ્રકારના આશ્રયો આપીને ભારત આજ સુધી ખૂબ ખમતું આવ્યું છે. એમ છતાં પણ ભારતીય સભ્યતા અને સંસ્કૃતિ માટે બીજો કોઇ વિકલ્પ હોઇ જ ન શકે–એ તથ્યનું જવાહરલાલે આ પરિસ્થિતિ અંગે પોતે સ્વીકારેલી નીતિ દ્વારા આપણને દર્શન કરાવ્યું છે.

આ આખા પ્રકરણમાં બે બાબત આપણું સવિશેષ ધ્યાન ખેંચે છે. એક તો સત્તાલક્ષી રાજકારણ સાથે જુઠ્ઠાણાને કેટલો ગાઢ સંબંધ હોય છે તે ચીનના સમગ્ર વ્યવહારમાંથી આપણને સચોટ રીતે સ્પષ્ટ થાય છે. ટીબેટ ચીનનો જ એક ભાગ છે, અને તેની સાથે ફાવે તેમ વર્તવાને ચીન સંપૂર્ણ રીતે હકકદાર છે અને તે સામે વાંધો ઉઠાવનાર ચીનના આન્તરવ્યવહારમાં દખલગીરી કરે છે–આવી એક ઉભી કરેલી વિચારણા ઉપર ચીન પોતાના કાર્યનું વ્યાજબીપણું આધારિત કરે છે. અહિંના સામ્યવાદીઓ પણ આવા જ વિચારો આગળ કરીને ચીનનો બચાવ કરે છે. અહિંના કેટલાક ભોળા લોકો પણ આવી દલીલબાજીથી છેતરાતા માલુમ પડે છે. જેવી રીતે આપણે હૈદ્રાબાદ રાજ્યને નવા ભારતમાં જોડી દીધું છે, કાશ્મીર ઉપર આપણો કાબુ જમાવ્યો છે, નાગા લોકો ઉપર આપણે ગજ્ય ચલાવી રહ્યા છીએ તેવો જ સંબંધ ચીનનો ટીબેટ સાથે છે એમ કહેવામાં આવે છે. આ સરખામણી કેવળ છેતરનારી અને ભ્રમમાં નાખનારી છે. જેવી રીતે હૈદ્રાબાદ કશ્મીર, કે નાગા લોકોનો પ્રદેશ ભારતમાં કંઇ કાળથી અન્તર્ગત છે તેવી સ્થિતિ ટીબેટની ચીનના સંદર્ભમાં કદિ હતી જ નહિ. ટીબેટ અને ચીનના સંબંધને જો કોઇ બે દેશના સંબંધો સાથે યોગ્ય રીતે સરખાવવો હોય તો ભારત અને સીક્કીમના સંબંધ સાથે અથવા તો ભારત અને ભૂતાનના સંબંધ સાથે સરખાવી શકાય. જે રીતે ભારતની suzarenity–સામ્રાટ સત્તા–અમુક મર્યાદિત આકારમાં સીક્કીમ અને ભૂતાન ઉપર છે અને આન્તરિક વહીવટ સંબંધમાં બન્ને દેશો તદ્દન સ્વતંત્ર છે, તેવી જ મર્યાદિત સત્તા ચીનની ટીબેટ ઉપર આજ સુધી કલ્પવામાં આવી હતી અને બાહ્ય આકાર હજુ પણ આવો જ રાખવામાં આવ્યો છે. આપણા દેશનો સીક્કીમ તેમ જ ભૂતાન સાથે અમુક સત્તા સંબંધ હોવા છતાં, એ બન્ને દેશો આપણાથી અલગ અને સ્વતંત્ર છે એમ સીક્કીમવાસીઓ અને ભૂતાનવાસીઓ બરોબર માને છે અને સમજે છે; તેમ જ ટીબેટની પ્રજા પોતાને ચીનથી બધી રીતે અલગ અને સ્વતંત્ર ગણતી આવી છે અને ગણે છે. આમ હોવાથી ટીબેટ સાથે ચીન કેમ વર્તી રહ્યું છે અને કેમ વર્તવું જોઇએ તે સંબંધે માત્ર કોઇ એક વ્યકિતને વ્યકિત તરીકે જ નહિ પણ, સમગ્ર ભારતને એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે પોતાના વિચારો પ્રગટ કરવાનો અને જ્યારે કાંઈ અઘટિત થતું દેખાય ત્યારે તેનો વિરોધ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. આમાં અન્ય કોઇ સ્વતંત્ર દેશના આન્તરવહીવટમાં દરમિયાનગીરી કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એમ છતાં, ચીને જ્યારે ટીબેટ ઉપર પોતાની સાર્વત્રિક સત્તા સ્થાપવાનો અને તેની આન્તરિક સ્વાયત્તતાનો છેદ ઉડાડી દેવાનો નિર્ણય કર્યો ત્યારે, તેણે એમ જ જુઠ્ઠાણું ફેલાવ્યું રહ્યું કે ટીબેટ ચીનનું જ એક અવયવ છે અને ચીનની સામ્રાજ્યસત્તા સામે માથું ઉંચકનાર માત્ર ચીનનો જ નહિ પણ ટીબેટનો પણ દ્રોહી છે, અને આવા દેશદ્રોહીઓને નાબુદ કરવા એ ચીનની ફરજ છે. સદ્દભાગ્યે દુનિયા આજે દેખતી થઇ ગઇ છે, અને અદ્યતન પરિસ્થિતિમાં જે કાંઇ બન્યું છે તેમાં તત્કાળ કોઇ પણ ફેરફાર કરવાનું શકય ન હોય તો પણ, ચીને ઘોળે દહાડે ટીબેટને છુંદી નાખ્યું છે, રૂંધી નાંખ્યું છે, એક ભોળી અણઘડ પ્રજાને પોતાની શસ્ત્રશકિત વડે કચરી નાખી છે તે સૌ કોઇ બરાબર સમજી શકે છે. ચીનના જૂઠાણાના વરસાદથી કોઈ આજે છેતરાવાનું છે જ નહિ.

બીજી બાબત, ભારતના સામ્યવાદીઓની આ પ્રકરણમાં જે નિકૃષ્ટ કોટિની મનોદશા પ્રગટ થઇ છે તેને લગતી છે. હંગરી વખતે આનું કાંઇક આછું દર્શન થયું હતું. પણ હંગરીમાં જે કાંઇ બન્યું હતું તેની પૂરી ખબર આપણને લાંબા વખતે મળી હતી. વળી હંગરીનો અમુક અંશે સશસ્ત્ર બળવો હતો અને ત્રીજું હંગરી સાથે આપણી ટીબેટ જેટલી આત્મીયતા નહોતી. ટીબેટ ઉપરનો અત્યાચાર તો આંધળો પણ દેખી શકે તેવો છે. આમ છતાં કોઈ પણ સામ્યવાદી બંધુએ તે સામે પોતાનો નાનો સરખો વિરોધ ઉઠાવ્યો નથી, એટલું જ નહિ પણ, નાનેથી મોટા સૌ કોઇ સામ્યવાદીઓ ચીનના પાશવી આક્રમણનું સમર્થન કરી રહ્યા છે. સામ્યવાદી વિચારસરણી સ્વતંત્ર રીતે ઉભી રહી શકે તેમ છે અને તેનો વિચાર અન્ય વિચારસરણીઓ માફક ભારતને

કેન્દ્રમાં રાખીને જરૂર થઇ શકે તેમ છે. યુગોસ્લાવીઆએ સ્ટેલીન સામે–રશીઆ સામે–છાતી કાઢીને અને માથું ઉંચું રાખીને–આ પુરવાર કરી આપ્યું છે. પણ ભારતના સામ્યવાદીઓને મન પોતાની સામ્યવાદી વિચારસરણી કરતાં સામ્યવાદને વરેલા રશીઆ અને ચીન સાથેની મૈત્રીની વધારે કીંમત છે એ આ વખતના તેમના વર્તાવે–તેમણે કરેલી ચીનની કદમબોશીએ સિદ્ધ કરી આપ્યું છે. જેમ મુસલમાનો માટે એક એવી માન્યતા પ્રચલિત છે–આપણે આશા રાખીએ કે આજના મુસલમાનોને તે લાગુ પડતી નથી–કે મુસલમાન ગમે ત્યાં હોય પણ તેની નજર મક્કા સામે જ હોવાની, તેમ ભારતના સામ્યવાદીઓ પોતાની રાષ્ટ્રીય ભાવનાની છાપ પાડવા માટે વાતો ગમે તેવી કરે પણ તેમની નજર રશીઆ અને ચીન સામે રહેવાની. નહિ તો કોઇ પણ વાદને ન વરેલો સામાન્યમાં સામાન્ય માણસ પણ બેધડક કહી શકે તેમ છે કે ચીન ટીબેટની છાતી ઉપર ચડીને તેની રહીસહી સ્વતંત્રતા છીનવી રહેલ છે, પણ સામ્યવાદીઓની નજરે આ બીલકુલ દેખાતું નથી–ઉલટું ટીબેટના વિનાશમાં તેમને ટીબેટનો ઉદ્ધાર દેખાય છે. વસ્તુતઃ તેમને ખરેખર આમ દેખાય છે તેમ છે જ નહિં, પણ ચીન પ્રત્યેનો પક્ષપાત કહો તો પક્ષપાત અથવા તો ભવિષ્યમાં તેમની સાથેની મૈત્રીનો પોતાના પક્ષના લાભમાં ઉપયોગ કરવાની વૃત્તિ. ચીન જે કાંઇ કરી રહ્યું છે તે સામે આંખ આડા કાન કરવાની તેમને ફરજ પાડે છે.

અને ભારતના સામ્યવાદીઓનું આ વલણ, જ્યારે ચીનના સત્તાધીશોની ઇચ્છા ભારતના સત્તાધીશોની ઇચ્છા સાથે ટકરાશે અને ભારતની સહીસલામતી જોખમાશે ત્યારે, કેવું અનર્થકારી વલણ ધારણ કરશે અને તેમાંથી ભારતના ઉદ્ધાર અને આબાદીના નામે દેશદ્રોહનાં કેવાં પ્રકરણો નિર્માશે તેને લગતી અમંગળ કલ્પનાઓ મનમાં ઉઠયા વિના રહેતી નથી. અમુક વ્યકિત સામ્યવાદી છે એમ છતાં પણ તે ભારતનો વફાદાર પ્રજાજન છે–એવી મનમાં રહેલી શ્રધ્ધા સામ્યવાદીઓના આ વખતના વર્તાવથી ડગી જાય છે અને 'સામ્યવાદીઓથી ચેતતા રહો' એમ અંદરથી મન પોકારી ઉઠે છે.

વિનોબાજીની આ વાત ગળે ઉતરતી નથી

'વિનોબાજીની સર્વોદય વિચારધારા'એ મથાળાના તા. ૧-૩-૫૯ ના પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ થયેલા લેખમાં મેં એક એવી સૂચના કરી હતી કે વિનોબાજી હવે પદયાત્રા બંધ કરીને અને કોઇ એક સ્થાને સ્થિર બનીને ગ્રામદાની ગામોનું આયોજન કરવા પાછળ પોતાની અને પોતાના પ્રમુખ સાથીઓની શકિતઓને કેન્દ્રિત કરે. અન્ય દિશાઓથી પણ આવી રહેલી આવી સૂચનાને જાણે કે ધ્યાનમાં લઇને અજમેરના સર્વોદય સંમેલનમાં કરવામાં આવેલા અન્તિમ પ્રવચનમાં વિનોબાજી જણાવે છે કે "આપણામાં એક વિચાર ચાલે છે કે આપણે થોડાં ગ્રામદાનો પ્રાપ્ત કરીએ અને પછી ત્યાં પાકું કામ કરીએ તો તેની અસર સારી પડશે. એમાં વ્યાપકતા નહિ આવે પણ કામ તો પાકું થશે એવો એક વિચાર ચાલે છે. બીજો વિચાર એવો પણ છે કે ગણ્યાંગાંઠયાં ગ્રામદાનો મેળવશો તો જવાબદારી તમારા માથે આવશે. હું કહું છું, તમે જેમ વધારે ગ્રામદાન મેળવશો તેમ એની જવાબદારી સમાજ ઉપર જશે, જવાબદારી તમારી નહિ રહે. એવી સ્થિતિમાં વિચાર વ્યાપક બનશે અને લોકો વિવિધ પ્રયોગ કરશે. હું મારા માથે જવાબદારી ઉપાડી લઉં અને ધારો કે નિષ્ફળ ગયો. પણ તેથી શું? હું નાલાયક નીવડયો, તેથી ગ્રામદાનનો વિચાર પણ નાલાયક થઇ ગયો? હું, ધારો કે, એક ઠેકાણે બેઠો અને કંઇક કામ-કરી બતાવ્યું અને સફળ થયો તો લોક કહેશે કે એ તો વિનોબા જેવો માણસ બેઠો છે તેથી કામ થયું; નહિ તો ન થાત. એટલે જો આપણે સફળ થયા તો હારી ગયા અને હારી ગયા તો મરી જ ગયા."

આ આખી વિચારણા મારા ગળે ઉતરતી નથી. થોડાં ગ્રામદાન મળશે તો તેની જવાબદારી પ્રમુખ કાર્યકર્તાઓની રહેશે અને વધારે ગ્રામદાનો મેળવશો તો એની જવાબદારી સમાજ ઉપર રહેશે'–આ વિધાન મને બરોબર લાગતું નથી. વધારે ગ્રામદાન મળે તો પણ તેથી આજના મંદ વાતાવરણમાં સમાજ એકાએક ગતિમાન બને અને ગ્રામદાની ગામોની નૂતન વ્યવસ્થામાં લાગી જાય એમ બનવું શકય નથી લાગતું. થોડાં કે વધારે–ગમે તેટલાં–ગ્રામદાન થાય તો પણ તેનું નવઆયોજન કરવાની જવાબદારી જેમનાથી આ વિચારને જન્મ પ્રાપ્ત થયો છે અને વેગ મળ્યો છે તેની જ રહેવાની છે અને તેઓ આયોજનકાર્ય પાછળ એકાગ્ર નહિ બને તો થયેલાં ગ્રામદાનો કેવળ લખાણ ઉપર જ રહેવાનાં છે.

બીજું ગ્રામ આયોજનનું પાયાનું કામ ગામડામાં વસતા લોકોનું નથી, તેમનાથી એકલાં એ કામ થઇ શકવાનું નથી. આજની પરિસ્થિતિમાં ગામડાનું આયોજન માત્ર આ કે તે ગામડાને જ માત્ર લક્ષમાં રાખીને કરવાનું નથી, પણ કેન્દ્રસ્થ તંત્ર અને પ્રાદેશિક તંત્ર તેને લક્ષમાં રાખીને અને કેન્દ્ર, પ્રદેશ અને ગામડું–એ ત્રણ વચ્ચે સંવાદી અનુબંધ કેમ ઉભો થાય તે ધ્યાનમાં રાખીને કરવાનું છે. ગ્રામસ્વરાજ્ય એટલે સંપૂર્ણ રીતે સ્વતંત્ર અને સ્વાયત્ત ગામડું એવો અર્થ કરવામાં આવે તો તેવું ગ્રામનિર્માણ શકય નથી, રાષ્ટ્રની એકતાની દ્રષ્ટિએ ઇચ્છવાયોગ્ય પણ નથી. ગ્રામસ્વરાજ્યને તેના મર્યાદિત અર્થમાં જ સમજવાનું છે, ગ્રહણ કરવાનું છે.

ત્રીજું ઉપરના અવતરણમાં જે એક પ્રકારનો ઉભયથા અનિષ્ટાપત્તિ સૂચવતો તર્ક–dilemma–વિનોબાજીએ રજુ કર્યો છે તે બરોબર નથી લાગતો. તેને ઉલટાવીને આમ પણ કહી શકાય તેમ છે કે જો વિનોબાજી એક ઠેકાણે જવાબદારી લઇને બેઠા અને તેમાં નિષ્ફળ નીવડયા તો તેનો અર્થ એ થયો કે ગ્રામદાનમાંથી ગ્રામઆયોજનનું કાર્ય ધાર્યા પ્રમાણે સહેલું કામ નથી, તે કામ હજુ પણ વધારે ઊંડી ખોજની અપેક્ષા રાખે છે અને એવી ખોજ વડે તેને સફળ બનાવવાનું છે. અને ધારો કે વિનોબાજી સફળ થયા તો બાકીના ગ્રામઆયોજનનો માર્ગ અન્ય કાર્યકર્તાઓ માટે સરળ થશે અને તેમની સફળતા જોઇને બીજી નાની શકિતઓને આવા કામની જવાબદારી લેવાની હીંમત અને શ્રધ્ધા આવશે.

વસ્તુતઃ આ કામમાં સફળતા–નિષ્ફળતાનો તાત્વિક રીતે કોઇ સવાલ જ નથી. આજે દેશભરમાં છુટાછવાયાં અનેક ગ્રામદાનો જાહેર થયાં છે. પણ આ ગ્રામદાનોનું કરવું શું એ જ મોટો પ્રશ્ન છે. ગ્રામદાન પછી શું? એ પ્રશ્ન આજે સૌના મનમાં તરવરી રહ્યો છે. ગામદાન પછી શું એટલે કે ગ્રામદાની ગામોનું આયોજન કઈ કઇ બાબતો લક્ષ્યમાં રાખીને કેવી રીતે કરવું અને તેને વ્યવહારૂ નક્કર રૂપ આપવા માટે વહીવટી તેમ જ કાનૂની સગવડો કયા કયા પ્રકારની હોવી જોઇએ? આમ આ સમજ્યા સાદી નથી, પણ અત્યન્ત જટિલ છે; ગામડામાં વસતા લોકોથી સ્વતઃ ઉકેલી શકાય તેવી નથી; તેના ઉકેલ માટે દ્રષ્ટિસંપન્ન વ્યકિતઓની–સમગ્ર ભારતની રાજ્ય રચનાની તેમ જ પરિસ્થિતિની સમજણ ધરાવતી કુશળ વ્યકિતઓની–જરૂર છે. અલબત્ત દરેક ગ્રામદાની ગામડાનો એક જ સરખો ઘાટ ઘડાવો જોઇએ એમ કહેવાનો આશય નથી, પણ દરેક ગામડાની નવરચનાની વિચારણામાં કેટલાક પાયાના મુદ્દાઓ તો લગભગ એકસરખા જ હોવાના. આ માટે વિશિષ્ટ શકિતઓ અને વિનોબાજી જેવી વ્યકિત સહયોગ આપશે, એકાગ્ર બનશે તો જ નકકર પાયો નંખાશે, આમ બે ચાર

ભેરવેલો' લોકો સંમક્ષ આવશે, પછી લોકોનું કામ સરળ બનશે, તેમનામાં સુઝ પેદા થશે, પાકી રીતે પાયા નંખાયા બાદ તે ઉપર ગ્રામ આયોજનની ગાડી સરળપણે ચાલી શકશે. આજની વસ્તુ-સ્થિતિનું સ્વરૂપ આવું હોઇને વિનોબાજીએ અને તેમના પ્રમુખ સહકાર્યકર્તાઓએ તત્કાળ આયોજનલક્ષી બનવાની જરૂર છે. આ રીતે વિચારતાં આયોજનવિમુખતા સૂચવતા ઉપરના અવતરણમાં દર્શાવેલા વિચારો મારા ગળે ઉતરતા નથી.

નાગપુર કોંગ્રેસના કૃષિવિષયક ઠરાવો અને તે સામેનો વિરોધ

આજ કાલ નાગપુર કોંગ્રેસના કૃષિવિષયક પ્રસ્તાવોએ કોંગ્રેસ વર્તુળોમાં તેમ જ ઉદ્યોગ ક્ષેત્રમાં આગેવાની ધરાવતા વર્ગોમાં બહુ ખોટો ક્ષોભ પેદા કર્યો હોય એમ માલુમ પડે છે. નાગપુરના ઠરાવો ત્રણ બાબતો આગળ ધરે છે. (૧) સર્વીસ કોઓપરેટીવ્ઝ (૨) માલેકીવાળી જમીનની સીલીંગ-મથાળું-બાંધવું (૩) જોઇન્ટ કોઓપરેટીવ ફાર્મીંગ-સંયુક્ત સહકારી ખેતી.

સર્વીસ કોઓપરેટીવ્ઝનો આશય એવી સહકારી મંડળીઓ ગ્રામપ્રદેશમાં ઉભી કરવાનો છે કે જે ખેડુતોને બધી બાબતમાં માર્ગદર્શન આપે, વધારે ઉત્પાદન થાય તેવી ખેતીની પદ્ધતિઓ દેખાડે, ખેતી માટે ધીરાણ, બાતર, ઓજારો તેમ જ બીજી જરૂરી વસ્તુઓ વ્યાજબી ભાવે પૂરી પાડે. આ કોઇ કેવળ નવી વાત નથી. મુંબઇ પ્રદેશમાં આજે સંખ્યાબંધ મલ્ટીપરપઝ કોઓપરેટીવ સોસાયટીઓ છે જે મોટા ભાગે આજ કામ કરે છે. તેને વધારે વ્યાપક રૂપ આપવું એ સર્વીસ કોઓપરેટીવ્ઝને લગતા ઠરાવનો ઉદ્દેશ છે.

માલેકીવાળી જમીનનું મથાળું બાંધવું એ પણ કોઇ નવો વિચાર નથી. રાજાઓ ગયા, જમીનદારી લગભગ નાબુદ થઇ; ત્યાર પછી દેશમાંથી આર્થિક વૈષમ્ય નાબુદ કરવાની દિશાએ કોઇ પણ જમીનદાર કે ખેડુત વધારેમાં વધારે કેટલી જમીનની માલેકી ધરાવી શકે તેનું મથાળું નક્કી કરવું-એ પગલું સ્વાભાવિક રીતે સામે આવીને ઉભું રહે છે. જે સમાજવાદી ઢબની સમાજરચના દેશમાં ઉભી કરવાનો કોંગ્રેસ અને વસ્તુતઃ આખા દેશ (કારણ કે આ સામે કોઇ રાજકીય પક્ષનો વિરોધ છે જ નહિ) નિરધાર કર્યો છે તેને મૂર્ત રૂપ આપવા માટે આ પગલું અનિવાર્ય છે. આ કોઇ કલ્પનાં બહારની કે એકાએક આવી પડેલી વસ્તુ નથી. લાંબા સમયથી ચર્ચાતી રહેલી અને વિચારના પ્રદેશમાં નક્કી થયેલી આ બાબત છે. તેને જરૂરી કાનૂની રૂપ આપવું અને તે મુજબ બધા પ્રદેશોમાં જેમ બને તેમ ઝડપથી અમલ કરવો એ ઉપરના ઠરાવનો આદેશ છે. આનું પરિણામ મોતબર જમીનદારોએ નક્કી કરાયલા મથાળાથી વધારે જમીન ઉપરનો પોતાનો માલેકી હક્ક છોડવો પડશે અને એ રીતે ફાજલ પડતી જમીનો બેકાર જમીનવિહોણા ખેતમજુરોમાં વહેંચી દેવામાં આવશે. આવો ફેરફાર ગ્રામદાનની પૂર્વભૂમિકાની ગરજ સારશે.

ત્રીજી બાબત સંયુક્ત સહકારી ખેતીને લગતી છે. આ પણ જમીનનું મથાળું બંધાતાં જે નવી પરિસ્થિતિ ઉભી થાય તેને પહોંચી વળવાના ખ્યાલમાંથી સહજપણે નિષ્પન્ન થતો અનિવાર્ય વિચાર છે. મથાળું બંધાયું એટલે સ્વાભાવિક રીતે જમીનના ટુકડા નાના થઇ ગયા. આખા પ્રસ્તાવની પાછળ મુખ્ય આશય અનાજનું ઉત્પાદન વધારવાનો છે અને દેશને અનાજ પૂરતો સ્વાયત્ત બનાવવાનો છે. તે સિવાય આપણે આગળ ચાલી શકીએ તેમ છે જ નહિ. હવે દેશની જમીનો નાના નાના ટુકડાઓમાં વહેંચાઇ ગયા પછી જો વધારે ને વધારે ઉત્પાદન મેળવવું હોય તો સંયુક્ત સહકારી ખેતી દ્વારા આ ટુકડાઓને એકઠા કરીને મોટા પાયા ઉપરની ખેતી યોજવાથી જ તે હેતુ પાર પડી શકે, અને તેથી સંયુક્ત સહકારી ખેતીના વિચાર ઉપર આજે આપણા મહા અમાત્ય ખૂબ ભાર મૂકી રહ્યા છે. આનો વિરોધ એ રીતે કરવામાં આવે છે કે આનું પરિણામ ખેડુતોને પોતપોતાની જમીનના માલીક મટાડી દેવામાં આવશે, તેમને સંયુક્ત ખેતીને લગતી સહકારી મંડળીઓમાં જોડાવાની ફરજ પાડવામાં આવશે અને ખેડુત કેવળ રોજી રળનારો મજુર બની જશે અને આખી રચના જેને collectivised farming-કહે છે.-સામૂહિક ખેતી-કહે છે તે પ્રકારની આજે જેવી રશીઆ અને ચીનમાં છે તેવી બની જશે અને પરિણામે ખેડુતો જે આજે પોતાના ખેતરમાં સ્વતંત્ર રીતે ખેતી કરીને જીવનગુજારો કરી રહ્યા છે તેમના ઉપર ભારે જુલમ થશે, દેશનો એક સ્વતંત્ર અંગત માલેકીનો ઉદ્યોગ નાશ પામશે અને પાછલે બારણેથી સામ્યવાદનો આપણા દેશમાં પ્રવેશ થશે.

આના ઉત્તર રૂપે એ અનેકવાર સત્તાવાર રીતે સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ખેતીને લગતી સહકારી મંડળીઓમાં જોડાવાની કદિ પણ કોઇ ખેડુતને ફરજ પાડવામાં નહિ આવે; આ બાબત તેની સ્વતંત્ર ઇચ્છા ઉપર નિર્ભર રહેશે, આવી સહકારી મંડળીઓ વિવિધ પ્રકારની હશે અને તેમાં એવી પણ હશે કે જેમાં જોડાવા છતાં દરેક ખેડુતનો પોતાની જમીન ઉપરનો માલેકી હક્ક કાયમ રહેશે અને જ્યારે પણ આવી મંડળીમાંથી કોઇ પણ ખેડુતને છુટા થવું હશે ત્યારે તેને તેમ કરવાની તેમાં જોગવાઇ રહેશે. આમ હોવાથી collectivised farming-સામૂહિક ખેતી-નો જે હાઉ ઉભો કરવામાં આવ્યો છે તે કેવળ પાયા વિનાનો છે. અલબત્ત આવી સહકારી મંડળીઓને જે સરકારી સગવડો મળી શકશે તેવો લાભ, સંભવ છે કે, વ્યક્તિગત ખેતી કરનાર ખેડુતને ન પણ મળે.

વળી આજનો તત્કાળ પ્રોગ્રામ સર્વીસ કોઓપરેટીવ્ઝનો છે; મથાળું બાંધવાને લગતી કાનુની વ્યવસ્થા થતાં અને તેને અમલી રૂપ અપાતાં સહેજે બે ત્રણ વર્ષ નીકળી જશે અને સંયુક્ત ખેતીને લગતી સહકારી મંડળીઓ ઉભી કરવાની બાબત મૂળ પ્રસ્તાવ મુજબ તો હજુ ત્રણ વર્ષ બાદ હાથમાં લેવાની છે-અલબત્ત તત્કાળ આવી મંડળીઓ ઉભી થવા માંડે તો તે તો જરૂર આવકારદાયક છે.

નાગપુરના ઠરાવોની આ સમજુતી બરોબર હોય તો તેનો આજે કેટલાક ઉદ્યોગપતિઓ અને અન્ય રાજકીય આગેવાનો તરફથી શા માટે વિરોધ થઈ રહ્યો છે તે સમજવામાં આવતું નથી-સિવાય કે આ વિરોધનું એક જ કારણ હોઇ શકે અને તે એ કે આજે હવે તેમને એમ વિચાર આવી રહ્યો હોય કે સમાજવાદી ઢબની સમાજરચના ઉભી કરવાની દિશાએ હવે કોંગ્રેસ આ ઠરાવોના અમલ દ્વારા ખરેખર સક્રિય બનવા માંગે છે અને આજે જે ધોરણ ખેતીના પ્રદેશ ઉપર લાગુ પાડવામાં આવે છે તે જ ધોરણ હવે પછી ખાનગી ઉદ્યોગો ઉપર પણ શા માટે લાગુ પાડવામાં ન આવે ? આ સ્વાર્થહાનિની ભીતિ તેમને આવા વિરોધ તરફ કદાચ પ્રેરી રહી હોય. એ જે હો તે હો, પણ કોંગ્રેસના આગેવાનો પણ આવા વિરોધથી (જો કે આવો કોઇ સંગીન વિરોધ આપણી બાજુએ નજરે પડતો નથી) પણ ખૂબ ભડકી ઉઠ્યા હોય એમ લાગે છે. નહેરૂનાં ભાષણો અને નિવેદનોમાં આવી ભડકની ખૂબ છાયા માલુમ પડે છે. વસ્તુતઃ આવી ભડકની કોઇ જરૂર દેખાતી નથી. નાગપુરની કોંગ્રેસે જે ઠરાવો ખેતી અને જમીન વિષે કર્યા છે તેને મક્કમપણે વળગી રહેવામાં અને તેને અમલી બનાવવા પાછળ જરૂરી નિષ્ઠા દાખવવામાં આવે તો સમયની જે માંગ છે તેને પૂરી પાડવાના શુભ પ્રયત્નો સામે કોઇ પણ વ્યક્તિ કે વર્તુલનો વિરોધ લેશમાત્ર કામયાબ નિવડવાનો નથી.

પરમાનંદ

શાન્તિના પાયા

[ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન છેવટની બે વ્યાખ્યાનસભાઓમાં શ્રી. મનુભાઇ પંચોળીએ 'શાન્તિના પાયા' એ વિષય ઉપર બે વ્યાખ્યાન આપ્યા હતા. તે વ્યાખ્યાનોની તેમણે જ તૈયાર કરી આપેલી નોંધ આ અંકથી ક્રમશઃ પ્રગટ કરવામાં આવે છે. તંત્રી]

બે વર્ષ પહેલાં આપ સૌને મળવાનો સંયોગ પ્રાપ્ત થયો હતો. તે વખતે જે વિષય પર હું બોલ્યો હતો તે 'નઇ તાલીમ' હતો. તેમાં મેં થોડું ઘણું કામ કર્યું છે એટલે એ વિષે બોલતાં સંકોચ થયો ન હતો. પણ અત્યારે જે વિષય મને સોંપાયો છે, તે વિષયમાં મને એવો અધિકાર નથી, તે વિષે જેટલો અભ્યાસ કર્યો હોવો જોઇએ, તેના પર જે ચિંતન કર્યું હોવું જોઇએ કે તેનો જે કંઇ અનુભવ લીધો હોવો જોઇએ, તેવું કશું મારે હાથે થયું નથી. અને તે છતાંયે શા માટે આ વિષય અંગે આપની સમક્ષ કેટલાક વિચારો મૂકવા હું ઉભો થયો છું તે મારે સ્પષ્ટ કરવું જોઇએ. શાંતિના કોયડા અને તેના ઉકેલને માટે મેં થોડું ઘણું વાંચ્યું છે. તેના પરથી મને એમ લાગ્યું છે કે આ શાંતિનો પ્રશ્ન એ કેવળ અભ્યાસી લોકોનો પ્રશ્ન નથી. અથવા સાચું કહું તો એમનો એ પ્રશ્ન જ નથી. એ પ્રશ્ન તો મારા તમારા જેવા સામાન્ય નાગરિકોનો છે. શાંતિ જ્યારે જોખમમાં મૂકાય છે ત્યારે વધારેમાં વધારે સહન સામાન્ય જન કરે છે, અને શાંતિ જ્યારે સુસ્થિર થાય છે ત્યારે જ સામાન્ય જન સુખેથી જીવી શકે છે. અસામાન્યોને તો શાંતિ કે અશાંતિમાં ય સુખ મેળવવાની હિંમત કોઇક પ્રકારે હોય છે. મૃત સરોવરની અંદરથી જે બધાં પ્રાચીન કાગળીયાં મળ્યા તે બધાં કંઇ સાલના છે ને બાઇબલ સાથે તેને કેટલો સંબંધ છે તે વિષે ભલે વિદ્વાનો જ ચર્ચા કર્યા કરે, પણ આ શાંતિનો પ્રશ્ન થોડા અભ્યાસીઓનો–રાજનીતિજ્ઞો કે અર્થનીતિજ્ઞોનો–નથી. ને જ્યાં સુધી તેમ રહેશે ત્યાં સુધી આનો ઉકેલ, તે બધાની સદ્‌ઇચ્છાઓ હોય તો પણ, આવવાનો સંભવ ઘણો ઓછો છે. એટલે એક સામાન્ય નાગરિક તરીકે, એક કુટુંબના પિતા તરીકે ને સામાન્ય શિક્ષક તરીકે મેં આ પ્રશ્નને વિચાર્યો છે. અને આજે તે દાવે જ આપની સમક્ષ હું ઉભો થયો છું. કારનેગી ઇન્સ્ટીટ્યુટે પહેલું વિશ્વયુધ્ધ પૂરું થયા પછી તપાસ કરી કે આમાં કેટલું ખર્ચ થયું. એ ખર્ચનો અંદાજ કાઢયો ત્યારે એવો હિસાબ નીકળ્યો કે આ લડાઇમાં જેટલા દેશો પડયા હતા, જે દેશોના બે કરોડ માણસો મરી ગયા હતા અને એક કરોડ ઘાયલ થયા હતા, તે બધા દેશોમાં આ ખર્ચમાંથી એક એક નાગરિકને ઘર બંધાવી શકાયું હોત, ને તેમને પાંચ એકરની જમીન પણ મળત. ૨૦ હજારની કોઇ પણ વસ્તીવાળા શહેરમાં પચીસ લાખ રૂપિયાની લાયબ્રેરી પણ બંધાવી શકાત અને દરેક મોટા શહેરની અંદર એક કરોડ રૂપિયા ખર્ચી યુનિવર્સીટી પણ બંધાવી શકાત. ને આટલું કર્યા પછી પણ એટલી રકમ બચત કે જે રકમમાંથી આખું ફ્રાંસ અને બેલજીયમ કે જેને અંગે આ ઝગડો થયો તેની બધી જમીન તેની ઉપરની મિલકતો સાથે ખરીદી શકાત! આ તો થયું પહેલા વિશ્વયુદ્ધનું ખર્ચ. બીજા વિશ્વયુદ્ધના આંકડા તો પૂરા પણ થયા નથી, પણ આના કરતાં પાંચ પચીસ ગણું તો હશે જ. હવે આમાં જો ત્રીજું યુધ્ધ થવા દઇએ તો હું ધારૂં છું કે તેના ખર્ચના કોઇ આંકડા માંડવા તે આપણા જેવા માણસો માટે તો શક્તિ બહારની વાત બને. પણ આપણે એક બીજી રીતે ય એનો હિસાબ ગણી શકીએ છીએ. ડો. ગ્રીફીથ્સ ઇગ્લાંડના મજુર પક્ષના જાણીતા માણસ છે. વેલ્સ યુનિવર્સિટીના તેઓ અધ્યાપક છે, તેમની સાથે એક દિવસ વાતો કરવાની તક મળી. ચા પીતાં પીતાં મેં તેમને કહ્યું કે, "ડોકટર સાહેબ, આ બધા હાઇડ્રોજન બોંબ ને આંતરખંડીય શસ્ત્રોની પછવાડે પડયા છે, એનું પરિણામ તમને શું લાગે છે?" જવાબમાં તેમણે મને એક નાની વાર્તા કહી. "આફ્રિકાના જંગલમાં એક ઉરાંગ ઉટાંગ–વાંદરાં વાંદરી બેઠા હતા. ત્યાં વાંદરી કહે કે "એવા સમાચાર આવ્યા છે કે એક એવો બોંબ માણસોએ શોધી કાઢયો છે કે જે ફેંકાય તો આખું યુરોપ અને એશિયાનો ઘણો ભાગ સાફ થઇ જાય. કોઇક તો વળી કહેતું હતું કે સાવ મનુષ્ય જાતિ સાફ થઇ જાય એવો પણ સંભવ છે. આ સમાચાર સાંભળ્યા ત્યારથી હું બેચેન છું, અને મારી આંખમાંથી આંસુ સુકાતા નથી" વાંદરો કહે–"અરે પ્રિયે! મરવાવાળા તો બેચેન નથી થયા અને તું શીદને બેચેન થાય છે? ને આપણે તો જંગલમાં પડયા છીએ ને હજુ ચાર પગે ચાલવાની ટેવ ભૂલ્યા નથી. તેથી આપણા ઉપર કોઇ બોંબ ફેંકવાનું નથી." વાંદરી કહે. "તે તો હું જાણું છું. પણ મને દુઃખ એ વાતનું થાય છે કે મનુષ્ય જાતિની આટલા હજાર વર્ષની આવી સિદ્ધિ છે; તેનો ક્ષણ વારમાં જ નાશ થશે!" વાંદરો કહે–"ભલેને થાય. હું અને તું જીવીશું તો ફરીથી બધું શરૂ તો થઇ શકશે ને?" યુનિવર્સિટીના એક પ્રોફેસર ને બુદ્ધિમંત પુરૂષ પણ વર્તમાન જીવનને કઇ રીતે જોતાં થયા છે તેનો આ નમુનો છે. જાણે બુદ્ધિમંતોએ ચાલુ પરિસ્થિતિ ઉપર વ્યંગ કરીને–હાથ ધોઇ નાંખવા–તેવું ઠરાવ્યું છે. બુદ્ધિએ જાણે પોતે જ ઉભા કરેલ કોયડાઓની પાસે હાર કબુલવાનો જ રસ્તો લીધો છે. અને તેમાંથી જ એક વ્યાપક નિરાશા કે 'આજનો લ્હાવો લીજીએ; કાલ કોણે દીઠી છે?" તેવી મનોવૃત્તિનો જન્મ થયો છે. પણ આ બેમાંથી એકકે ઉપાયથી રસ્તો નીકળવાનો સંભવ નથી. એ રસ્તો પણ આખરે બુધ્ધિએ જ શોધી કાઢવાનો છે. પણ તે બુધ્ધિ મમતાયુકત નહીં પણ સમતાયુકત હશે. મમબુધ્ધિએ હાર કબુલ કરી છે; હવે સમબુધ્ધિ તેની મદદે આવે. અઢાર અક્ષૌહિણી સેનાની સામે જોઇને અર્જુનને વિષાદ થયો હતો, અને ગાંડીવં સ્રંસતે હસ્તાત્, ત્વક્ ચૈવ પરીદહ્યતે' કહી હું તો નહી લડું તેમ તે કહી બેઠો હતો. સમત્વ બુદ્ધિ મળી ત્યારે જ તેના વિષાદનું નિવારણ થયું હતું.

યુદ્ધનાબૂદી વિષે પ્રાચીન કાળથી વિચારાતું આવ્યું છે. આજે જ વિચારાય છે એવું નથી. અપમાનનો બદલો લેવા માટે પણ યુદ્ધ ન કરવું જોઇએ એમ યુધિષ્ઠિરે દ્રૌપદીને સમજાવવામાં કંઇ બાકી રાખ્યું ન હતું. અને છેવટે કંઇ નહીં તો અરે, એક ગામ મળે તો પણ આપણે લડવું નથી, એમ શ્રીકૃષ્ણને કહેવડાવ્યું હતું. ને આજની ઘડી સુધી યુદ્ધ નિવારણ માટેની વિવિધ યોજનાઓ મૂકાતી આવી છે, અને તેનું પરિણામ પણ આપણે જોતા આવ્યા છીએ.

દરેક પ્રશ્નનો ઉકેલ બે રીતે વિચારી શકાય છે. એક રીત કે જેને આપણે ભાવનાગત કહી શકીએ. મનમાં એક ભાવના ઉભી થાય છે તેના ઉત્સાહમાં ને ઉત્સાહમાં આપણે યોજનાઓ ઘડવા માંડીએ છીએ. યોજના ઘડતી વખતે જે કાળે, જે સ્થળે અને જે સાધનો દ્વારા આ અમલમાં મુકાવાનું હોય છે તેની મર્યાદાઓ, તેની ખામી કે ખૂબીઓ, તેનો વિકાસક્રમ આપણે ધ્યાનમાં લેવાનું ચૂકી જઇએ છીએ, ને આને લીધે આપણું કામ સદ્‌ઇચ્છાઓ હોવા છતાં બહુ આગળ વધતું નથી. પ્રશ્નના ઉકેલ માટે બીજી રીત છે જેને આપણે વૈજ્ઞાનિક કે વસ્તુગત કહીએ છીએ. આ લડાઇના પ્રશ્નને જ લઇએ. આ લડાઇનું મૂળ શું છે? તો કોઇ કહેશે કે માણસના મનમાં પડેલી વાસનાઓ છે ત્યાં સુધી આ લડાઇ અટકવાની નથી. મનુષ્યને મોક્ષ અપાવો એટલે યુધ્ધ અટકશે. ને મોક્ષ તરફ વાળવા માટે સંસાર અસાર છે એ વાત જોરશોરથી કહેવા માંડો. વાસનાઓ કે જે આ પાપનું મૂળ છે તે કાઢી નાંખો એટલે શાંતિ સ્થપાય. વાતમાં કંઇક તથ્ય હોવા છતાંયે આ વલણ વસ્તુગત નથી પણ ભાવનાગત છે. કારણ કે વાસનાઓ રહે અને તે છતાં યે જો અણુશસ્ત્રોની નાબુદી થાય તોય ભયંકર ખુવારીવાળાં યુધ્ધો અને તેનાં પરિણામોથી આપણે

બચી શકીએ એમ છીએ. ને વાસનાઓ તો કંઈ નાબુદ થઇ શકવાની નથી. વસ્તુતઃ વાસનાઓ પણ પરિસ્થિતિ પ્રમાણે વ્યાપક કે સંકુચિત થતી હોય છે. તેનું અસ્તિત્વ બહુ અંશે સ્વતંત્ર હોવા છતાં તેનું પ્રગટીકરણ બહુ અંશે પરિસ્થિતિથી મર્યાદિત છે. સામ્રાજ્ય જમાવવાની ઇચ્છા સત્તાધારીઓમાં હોવા છતાં, વાહન-વ્યવહારના ઝડપી સાધનો ન હોય ત્યાં સુધી નાના સ્વતંત્ર ઘટકોનું અસ્તિત્વ ખુશીથી રહી શકે છે. કામ વૃત્તિનો સંયમ મુશ્કેલ છે. પણ સંતતિનિયમનના સાધનો તે સંયમને શિથિલ કરવામાં જરૂર ભાગ ભજવે છે. એટલે જે કોઇ એ સાધનોને લક્ષમાં રાખ્યા સિવાય વાસના નિર્મૂળ કરવાની કે સંયમિત કરવાની વાત કરે તે ભાવનાગત હોવા છતાં વસ્તુગત નથી. એક બીજો દાખલો જોઇએ. કોઇ એમ કહે આ બધી લડાઇઓ માલની આપલે કરવાથી થાય છે. માલ વેચવા જાય છે કે ખરીદવા જાય છે ત્યાં જ અંદર અંદર ખેંચતાણ–હરીફાઇઓ થાય છે, ને તેમાંથી જ અહંકાર અને લોભને વશ થઇને ઝગડાઓ થાય છે. માટે આપણે મુળમાં જ ઘા કરીએ કે આપણે કોઇની ચીજ લેવી નહીં કે કોઇને ચીજ દેવી નહીં. માલની લેવડ દેવડ કરીએ છીએ ત્યારે આ બધું થાય ને? કોઇને સીંગ આપવી નથી ને કોઇનું તેલ જોઇતું નથી. સંપૂર્ણ સ્વાવલંબન કરવું છે. સૌ સૌનું પકવે અને પોતે પોતાનું ખાય. બધા ગામડાં સ્વાવલંબી હોય, બધા પોતાનું રક્ષણ કરતા હોય, કેળવણીનું તંત્ર ચલાવતા હોય, ન્યાય પણ પોતાનો, કેળવણી પણ પોતાની, કેવી સુરમ્ય કલ્પના છે? અતિશય નમ્રતા સાથે હું કહીશ કે એ જરૂર રમ્ય છે; પણ કલ્પના છે. વસ્તુગત વિચાર નથી પણ ભાવાવેશગત વિચાર છે. એમ તો કોઇ એમ કહે કે સૌ એકાદશ વ્રત પાળે તો શાંતિ **હસ્તામલકવત્** છે. બધા અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ વગેરે પાળે તો ન તો વસ્તી–વધારો થાય, ન મૂડીસંગ્રહ થાય, ન જોહુકમી રહે ને કરૂણાનું રાજ્ય–જો રાજ્ય શબ્દમાં હિંસા ન આવતી હોય તો–ફેલાય. બાપા આદમ પણ આ તો કહી ગયા છે. એક ને એક બે જેવી વાત છે. પણ મૂળ મુદ્દો એ છે કે એકાદશ વ્રત પાળે તો શાંતિ **હસ્તામલકવત્** છે પણ એકાદશ વ્રત પાળવા જ **હસ્તામલકવત્** નથી.

વસ્તુગત અને ભાવાવેશગત ઉકેલો વચ્ચે લાક્ષણિક તફાવત એ નથી કે મનુષ્યના આખરી સ્વરૂપ વિષે મૂળગત મતભેદ થાય છે; પણ એક જે માનવ હજારો વર્ષ પછી થવાનો છે તે આજે છે તેમ માનીને યોજના કરે છે અને બીજો જે મનુષ્ય આજે છે તેની મર્યાદાઓ સ્વીકારી તેનાં કારણો શોધી તેને આગળ લેવા ઇચ્છે છે. વૈજ્ઞાનિક ઉકેલ શોધવાવાળા પણ એમ નથી કહેતા કે મનુષ્ય કાયમ હિંસક કે દબાએલો–બીકણ જ રહેશે. તેઓ પણ કહેશે કે એક દિવસે માનવ સમાજ એવી કક્ષાએ પહોંચશે કે જેમાં પ્રેમ એજ સર્વવ્યાપી નિયમ હશે; પણ આજે એ નથી; એનાં અનેક કારણો છે ને તે કારણો દૂર ન થાય ત્યાં સુધી જે છે તેમે લક્ષમાં રાખીને આયોજન થવું જોઇએ. જે નથી તે છે એમ માનીને આયોજન થવું ન જોઇએ. અશાંતિના ઉકેલ માટે સાથી પહેલી જરૂરીઆત આ પ્રકારના વલણની છે.

અશાન્તિનાં કારણો વિશે જુદી જુદી જાતનાં જે પૃથક્કરણો છેલ્લાં ૩૦–૪૦ વર્ષમાં મૂકાતાં આવ્યાં છે તે હું પહેલાં આપની પાસે મૂકીશ. કેટલાકને મતે મનુષ્યસ્વભાવ જ ઝગડાળુ છે ને એટલે આ આખો પ્રશ્ન જ માનસશાસ્ત્રીય છે. તેને સમાજ કે અર્થ રચના કે શિક્ષણ સાથે સંબંધ ઓછો છે. બીજાઓને મતે વસ્તીનો વધારો એ લડાઇનું કારણ છે. ત્રીજી એક શાખા મૂડીવાદને આ લડાઇનું કારણ ગણે છે. અને એક ચોથી શાખા આ બધા ઉલ્કાપાતની જવાબદારી રાષ્ટ્રવાદને માથે ઓઢાડે છે.

કોઇ પણ એક દેશની વસતી વધતી રહે અને તેના પ્રમાણમાં જમીનનો વધારો ન થાય તો તે વધારાની. વસતીએ પોતાના નિભાવ માટે વધારાની જમીન મેળવવી પડે છે. વસતીનો આવાં દબાણને પરિણામે પ્રાચીન કાળમાં સ્થળાંતરો થયાં છે. આપણા દેશમાં હૂણો, શકો આવી જ રીતે સ્થળાંતર કરી, આવ્યા છે. હીટ્લરની એ બહુ જાણીતી દલીલ હતી કે "અમે જર્મનો સાત આઠ કરોડ થઇ ગયા. અમારે જીવવા માટે વિશાળ જમીન જોઇએ. જો આવી જમીન અમને ન મળે તો અમે કઇ રીતે જીવી શકીએ? ફ્રાન્સમાં, બુલ્ગેરિયનમાં ઘણી બધી જમીનો છે અને વસતી તો તેના પ્રમાણમાં છે નહિ. તો એ જમીનો અમે શા માટે ન લઇએ? અમે વિસ્તાર પામેતા રહેવાના અને જમીનો કબજે કરતા રહેવાનાના" ને આમાંથી જીવવા માટે જમીન અને જમીનને માટે આક્રમણ એવી બૂમો શરૂ થઇ.

આમાં કંઇક તથ્યો હોવા છતાંયે ઘણું અતથ્ય છે અને ઘણાં અતથ્યવાળું તથ્ય એ અસત્ય બની જાય છે. જો આ વાત સાચી જ હોય તો યુરોપ કરતાં એશિયાએ પહેલાં આક્રમણ શરૂ કરવું જોઇતું હતું અને એશિયામાં પણ ચીને સૌથી પહેલાં લડાઇ શરૂ કરી હોવી જોઇતી હતી; કારણ કે ચીનની વસતી ફ્રાન્સ અને જર્મની કરતાં વધારે છે. આ જ તર્કને જો આગળ લંબાવીએ તો હિન્દુસ્તાનમાં પણ બિહારે પહેલાં લડાઇ શરૂ કરવી જોઇએ. કારણ કે હિન્દુસ્તાનમાં તેની વસતી દર ચોરસ માઇલે વધારે છે, પણ બિહારી લોકો ઝઘડતા નથી; ઉલટા નરમ ગણાય છે. અને સમગ્ર હિન્દુસ્તાનમાં ઝઘડાનું પ્રમાણ ઓછું ને સહિષ્ણુતાનું પ્રમાણ વધારે છે. વાસ્તવિક રીતે તર્ક પ્રમાણે તો આપણે આક્રમક થવું જોઇએ પણ આપણે તો ઊલટા કોઇ ઝઘડતા હોય તો સમાધાન કરાવવા જઇએ છીએ; પણ જેમની વસતી ઓછી છે તેવા ફ્રાન્સ–જર્મની કે ઇંગ્લાંડ જેવા દેશોમાં યુધ્ધો થાય છે. વસતીનું દબાણ ઘણાં કારણોમાંનું એક કારણ કદાચ હોઈ શકે છે, પણ જો એજ કારણ હોય તો લડાઇની શરૂઆત યૂરોપના દેશોથી ન થઇ હોત.

લડાઇનું બીજું કારણ ગરીબાઇ ગણવામાં આવે છે. તે વાત પણ પુરા તથ્યવાળી નથી દેખાતી. આપણું જીવનધોરણ યૂરોપ કરતાં ઘણું ઊતરતું છે; અને છતાંયે લડાઇઓ તો ઉંચા જીવનધોરણવાળાઓએ જ કર્યા કરી છે. હિન્દુસ્તાનના ઇતિહાસમાં પણ ગુપ્ત વંશને આપણા પ્રાચીન ઇતિહાસની ગરિમા ગણવામાં આવી છે. પણ તે ગુપ્તવંશ જ સામ્રાજ્યવાદી યુધ્ધોની નાની નોંધવહી છે. અશ્વમેધ યજ્ઞ તે વખતે જ થયા છે એટલે ગરીબ લોકો લડાઇ કરે છે તેના જેવી ખોટી ગાળ ગરીબોને માટે મને તો બીજી એક પણ લાગતી નથી. બીજું મહાયુદ્ધ શરૂ થયું ત્યારે મારા ઇતિહાસના વર્ગમાં મેં છોકરાઓને હિટલર પર એક કાગળ લખવાનું કામ આપ્યું હતું. એક છોકરાનો કાગળ મને વધારે યાદ રહી ગયો છે. તેણે કાગળમાં લખ્યું હતું કે "તમે લોકો શું કામ લડાઇ કરો છો તે મને સમજાતું નથી. અમારા કરતાં તો તમારું જીવનધોરણ ઊંચું છે. અમેરિકા કરતાં તમે કદાચ અરધે હશો, પણ અમારા કરતાં તો તમે ચાર પાંચ ગણા ઉંચા છો. છતાં અમે દુનિયાની ખાના–ખરાબી કરવા ઊભા થતા નથી તો તમે અમારા કરતાં પાંચગણા ધનવાન હોવા છતાં શા માટે સૌની ખાનાખરાબી કરવા ઊભા થયા છો? અલબત્ત તમને અમેરિકાની જેમ રૂપાના ચમચામાં ખાવા નહીં મળતું હોય, પણ તમારી પાસે ચમચો તો છે ને? અમે તો ચમચા વિના ખાઇએ છીએ. અને કોઇક વાર તો ખાવાના પણ વાંધા હોય છે. આ તમારી તકરાર તો નાના છોકરા જેવી છે કે અમેરિકામાં બાર માળનાં મકાન હોય તો અમને પાંચ માળનું શા સારૂ? પણ ભાઇ! પાંચ માળનું પણ મકાન તો છે ખરૂને? અમારી જેમ તમે કયાં ઊઘાડા કે આશરા વિનાના એક ઝુંપડામાં બેઠા છો? અમેરિકન લોકોને રોજનું કદાચ પાંચ તોલા માખણ મળતું હશે અને તમને કદાચ અઢી તોલા મળતું હશે તે કબુલ, પણ અમને તો અરધો તોલો ય મળતું નથી; છતાં અમે કોઇનું ઝુંટવી લેવા જતા નથી."

નાના વિદ્યાર્થીના આ કાગળે મને ઘણું શીખવી દીધું. બાઇબલમાં વાંચ્યું હતું કે "Man does not live by bread alone." પણ એ વાત આ છોકરાના કાગળે સ્પષ્ટ કરી ને સમજાવ્યું કે ગરીબાઇ બધી વખત આત્મ–વિનાશક નથી ને સમૃદ્ધિ બધી વખત આત્મ–પોષક નથી. (અપૂર્ણ) **મનુભાઈ પંચોળી**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પ્રભાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર' પ્રિં. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૪૩

રજીસ્ટર્ડ ન B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મે ૧૬, ૧૯૫૯, શનિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

શાન્તિના પાયા

(ગતાંકથી ચાલુ)

યુધ્ધ થવાનું એક કારણ મુડીવાદી સામ્રાજ્યવાદને ગણવામાં આવે છે. છેલ્લી દોઢ સદીનાં યુદ્ધોનાં કારણો તપાસતાં આ કારણ સારી પેઠે વજનદાર દેખાય છે. મુડીવાદી અર્થરચનાનો પાયો વેચાણ માટેનો માલ નફા માટે ઉત્પન્ન કરવો તે છે. આ નફાનું પ્રમાણ જેમ હરિફાઇ ઓછી ને ધન્ધો વધારે તેમ વધારે. માલ પોતાના ઉપયોગ માટે પેદા નથી થતો પણ બજારમાં વેચવા માટે ઉત્પન્ન થાય છે. ને બજારમાં હરિફો હોય જ છે. આ હરિફો સાથે વહેલે કે મોડે ઘર્ષણ થાય જ છે. માલ વેચવાનો જ હોય છે, નફાથી વેચવાનો હોય છે; ને ગળાકાપ હરિફાઇ હોય છે. આ ત્રણ હકિકતોનું પરિણામ ઘર્ષણ ને યુદ્ધમાં અનિવાર્યપણે આવે છે. કાચા ને પાકા માલના આવકના બજાર તરીકે સંસ્થાનો મેળવવાની આ ઝૂંટાઝૂંટથી આપણે એશિયા ને આફ્રિકાવાસીઓ સારી પેઠે પરિચિત છીએ. એટલે લડાઇનું એક પ્રબળ કારણ અનિયંત્રિત મુડીવાદ છે તે વાતનો અસ્વીકાર કરી શકાય તેવું નથી. આના ઉપાય તરીકે ખાનગી માલિકીની નાબુદી થઈ હોય ને આયોજિત અર્થરચના કરી Production for profit ને બદલે Production for use નફા માટેના ઉત્પાદનને બદલે ઉપયોગ માટેનું ઉત્પાદનલક્ષ્ય રખાતું હોય તો યુદ્ધો નાબુદ થશે તેમ સામ્યવાદીઓનું હંમેશાં કહેવાતું રહ્યું છે; ને આ વાતમાં ઠીક ઠીક અંશે તથ્ય રહ્યું છે. ભાવનાશીલ યુવકોને સામ્યવાદ તરફ આકર્ષણ રહ્યા કર્યું છે તેનું એક કારણ તે રચના થતાં યુદ્ધોની નાબુદી થશે તેવી માન્યતા છે. તલવારનાં દાતરડાં ને ભાલાંનાં હળ થાય તેથી રૂડું સ્વપ્નું ત્યાગતત્પર યૌવન માટે બીજું કયું છે ?

પણ આ સંબંધમાં પણ છેલ્લાં વર્ષોનો અનુભવ કંઇક જુદો છે. મુડીવાદ અનિયંત્રિત જ રહે તેવું નથી. મતદારોના દબાણ નીચે તેણે નિયંત્રણો સ્વીકાર્યાં છે, ને ધનની વધારે સમાન વહેંચણી તરફ જવું પડ્યું છે. ઉપરાંત મંદી વખતે શું પગલાં લેવાં તે અંગે પણ કેઇન્સ વિગેરે અર્થશાસ્ત્રીઓએ રસ્તા બતાવ્યા છે. બીજી બાજુ મુડીવાદી વ્યવસ્થાને બદલે ખાનગી માલિકી વિનાની આયોજીત અર્થવ્યવસ્થા આવે તો લડાઇ નાબુદ થાય તે વાત પુરી તથ્યવાળી નથી નીવડી. આ ભારે આઘાતજનક ને કરૂણ બીના છે અને સ્વપ્નશીલોને ઘણો ધક્કો લાગ્યો છે. પણ સત્ય ને સ્વપ્નં એક ચીજ નથી. સ્વપ્નાં મીઠાં હોય છે. સત્ય ઘણીવાર નીલકંઠના વિષ સમું હોય છે.

યુગોસ્લાવિયા સામ્યવાદી દેશ છે ને રશિયા પણ સામ્યવાદી દેશ છે. બન્ને સ્થળે ખાનગી માલિકી વિનાની આયોજિત અર્થરચના થઈ રહી છે. રશિયા તો આમાં અગ્રણી છે અને છતાંયે રશિયન ચીની કોમ્યુનિસ્ટોએ જેટલી ગાળો ટીટોને આપી છે તેટલી કદાચ ચર્ચિલને પણ નહીં આપી હોય, ને ટીટોએ પણ સ્ટેલિનની ને તેની રીતરસમની જેટલી સખત ટીકા કરી છે તેટલી બીજાની નહીં કરી હોય. રશિયન સામ્યવાદી પક્ષે ટીટોની સરકારને થંભાવી દેવા–નિષ્ફળ બનાવવા–બનતા બધા જ પ્રયત્નો કર્યા છે. તેને એકલું પાડી દેવા, કબુલેલી લોન પણ પાછી ખેંચી લીધી છે. યુગોસ્લાવીઆએ રશિયન દખલગીરીને સામ્રાજ્યવાદી મનીષાવાળી ગણાવી છે ને રશિયા તેમનું ને બીજા દેશોનું શોષણ કરવા માગે છે તેમ છડેચોક હકીકતો સાથે જણાવ્યું છે.

ને હંગેરી ? તે દુર્ભાગી દેશ–તેનો આગેવાન છત્રેનાઝ સમાજવાદી નહોતો ? તેના કમનસીબ મજુર સ્ત્રી–પુરૂષો કે વિદ્યાર્થીઓએ મુડીવાદ લાવવા સારૂ શું બુડાપેસ્ટની શેરીઓમાં રશિયાની ટેંકો સામે પોતાનાં શરીરો ધર્યા હતાં ? કારખાનાંને બાણોની મહિનાઓ સુધી ચાલેલી હડતાળો શું મુડીવાદીઓને ફરી લાવવા માટે હતી ? ત્રણે દેશો સામ્યવાદી રચના કરનાર છે ને તે છતાંયે શાન્તિ ને સહકાર કરી શકતા નથી; એટલું જ નહીં હથિયારબળ જ નિર્ણાયક તત્વ રહ્યું છે ને આ જ પરિસ્થિતિ આવતી વીશીમાં રશિયા ને ચીન વચ્ચે કે સામ્યવાદી એશિયા ને સામ્યવાદી આફ્રિકા વચ્ચે કેમ ન બને ?

ભારે કરૂણ વૈચિત્ર્ય છે કે આ માણસ પોતાના ભાઇનો જેટલો દ્વેષ કરે છે તેટલો પરદેશીઓનો નથી કરતો. દુર્યોધનને જેટલી ઇર્ષ્યા ભીમની છે તેટલી જરાસંધની નથી. જેટલું સત્યાનાશ તે યુધિષ્ઠિરનું વાળે છે તેટલું તે જરાસંધનું વાળતો નથી.

યૂરોપનો છેલ્લાં ૪૦–૫૦ વર્ષનો આંતરંગ ઇતિહાસ જોઇએ તો કોમ્યુનિસ્ટો સોશિયાલિસ્ટો સાથે જેટલા જાન લગાવીને ઝઝ્યા છે તેટલા મુડીવાદીઓ સાથે નથી ઝઝ્યા. આ બે ની વચ્ચે સમાધાન કેમ શોધવું તે ત્યાંના ઉદામ રાજકારણનો કૂટ પ્રશ્ન થઇ પડ્યો છે.

કૂશ્ચેવ ઇંગ્લાંડની મુલાકાતે ગયા ત્યારે તેના માનમાં એક ભોજન સમારંભમાં વિવિધ પક્ષના લોકો ભેગા થએલા. આવા સમારંભમાં સામાન્ય શિષ્ટતા મુજબ અતિથિનું સન્માન જાળવવાનું હોય છે. છતાં એક ઉદ્દામ મજૂર આગેવાનથી રહેવાયું નહીં. તેણે પૂછ્યું કે તમે સ્ટેલીનની રીતરસમ તજી દીધી છે, સહઅસ્તિત્વની વાત કરો છો તો તમે તમારા કબજા નીચેના વિસ્તારોમાં જે લોકશાહી સમાજવાદીઓને પુરી રાખવામાં આવ્યા છે તેમને છોડતા કેમ નથી ? એમને મુકત કરો તો તમારી નીતિમાં ફેર પડયો છે તેમ લાગે. કૂશ્ચેવે પહેલાં તો આવું કાંઇ છે નહીં એમ કહ્યું. પણ પેલાએ આવા નજરબંદ સમાજવાદીઓની ખાસ્સી લાંબી યાદી રજુ કરી, ત્યારે ભોજનસમારંભ ખારો ખારો થઇ ગયો. આમાં ન્યાયાધીશ થઇ કોણ સાચો ને કોણ જુઠ્ઠો હતો તે ઠરાવવાનું આપણું કામ નથી, પણ બધા દેશો સામ્યવાદી કે સમાજવાદી થઈ જાય તો યુદ્ધ અટકી જાય તેમ માનવું તે કાં તો બાળસહજ ભોળપણ છે ને કાં તો અતિવ્યાપ્તિ દોષ છે.

આનો અર્થ એવો નથી કે યુધ્ધને નાબુદ કરવા માટે

મુડીવાદ ઉપર અંકુશ મૂકવાની જરૂર નથી, પણ યુધ્ધનાબુદી માટે સામ્યવાદની સ્થાપના તે મૂળ ચાવી નથી. વસ્તી વધારાની માન્યતા, ગરીબાઇના કારણે યુધ્ધ થાય છે તેવી માન્યતા, મુડીવાદને કારણે યુદ્ધ થાય છે એ બધાં કારણો આમ અપૂરતાં હોય તો ખરેખર શું શું કરવાની જરૂર છે ? આલ્ડસ હકઝલી આ દુનિયાનો મોટો વિચારક ગણાય છે. તેણે "સાધ્ય અને સાધન" નામની મહત્ત્વની ચોપડી લખી છે. તેમાં તેણે એક જગ્યાએ એવું ધ્યાન દોર્યું છે કે દુનિયામાં એક એવો ભ્રમ છે કે કોઇ એક જ ઉપાય વડે મોટાં પરિવર્તનો થઇ શકે છે. આવી માન્યતા જંગલી અવસ્થાનો એક અવશેષ ગણાવી જોઇએ. છેક પ્રાથમિક અવસ્થાથી આપણે એકાદ જડીબુટ્ટી, એકાદ પારસમણિ, એકાદ કલ્પવૃક્ષ કે એકાદ મંત્રની ઝંખના કરતા આવ્યા છીએ. જો રામબાણ દવાથી બધા રોગોનું નિવારણ થાય; જો પારસમણિથી બધી ધાતુ સોનું થઈ જાય, આ મોહકભ્રમ જો આપણે કાઢી નાંખીએ તો બહુ સારૂં થાય. રોગનાં કારણો જો વિવિધ હોય તો ઉપાયો પણ વિવિધ હોવા જોઇએ. એક ચાવીથી બધાં તાળાં ખોલી નાખવાં તે વાત વાર્તામાં ભલે આવતી હોય, પણ જીવનનાં પુનઃનિર્માણ માટે તે વાસ્તવિક નથી. આ યુદ્ધનાબુદીના પ્રશ્નને પણ આપણે ખરેખર તપાસીએ તો તેની કોઇ એક જ જડીબુટ્ટી છે તેમ માની શકાશે નહીં, પણ તેનો ઉગમ વિવિધ પરિબળોમાંથી થાય છે. તે કારણે તેનો અંત પણ વિવિધ ઉપાયો દ્વારા જ લાવી શકાય. સરળતાને ખાતર આપણે તેને ચતુર્મુખ વ્યૂહ નામ આપી શકીએ.

(૧) આર્થિક રચનામાં પરિવર્તન
(૨) રાજ્યરચનામાં પરિવર્તન
(૩) શિક્ષણ રચનામાં પરિવર્તન
(૪) પરિવર્તન કરવાની રીતમાં પરિવર્તન

ચાલુ અર્થરચના અને રાજ્યરચના ઘણા ફેરફારો માગે છે. એ લગભગ સર્વસ્વીકૃત વસ્તુ છે, એ સિવાય યુધ્ધનિવારણની દિશામાં આગળ વધી શકાય તેવું નથી. એ વિશે આગળ હું ચર્ચા કરવાનો છું. અત્યારે તો આ ચારેના પાયામાં પણ કઈ જીવનદૃષ્ટિની આવશ્યકતા છે તે રજુ કરવા ધારૂં છું. પહેલા આ ચારેય ચીજોના પણ પાયારૂપે આપણે આપણી જીવનદૃષ્ટિ વિશે સ્પષ્ટતા થાય તે ખાસ જોવું પડશે અને એ જીવનદૃષ્ટિને પ્રેરણા મળે તે રીતે ઉપલા ચારેય મોરચે ચાલવું પડશે. સમાજવ્યવસ્થા ન બદલો અને જીવનદૃષ્ટિ કેળવ્યા કરો તેટલાથી કાંઇ જ ચાલવાનું નથી. અર્થવ્યવસ્થા બદલો પણ જીવનદૃષ્ટિ એની એ રાખી હોય તો પણ ચાલવાનું નથી. નવા સમાજમાં પણ કંઈક ને કંઇક ધર્ષણના મુદ્દા રહેવાના, તેમાં પણ અવારનવાર ફેરફારો કરવાની જરૂરીઆત રહેવાની અને તે ફેરફારો કોઇકને રૂચિકર ને કોઇકને અરૂચિકર હોવાના. આવા ધર્ષણના મુદ્દાઓનો નિકાલ આજે ઠંડા અથવા ગરમ યુદ્ધ દ્વારા શોધાય છે. તેનો કોઇક અવેજ આપવાનો રહેશે.

વિલિયમ જેમ્સ મોટો માનસશાસ્ત્રી થઇ ગયો, તેણે કહ્યું છે કે:–"વર્તમાન જગતનો મોટામાં મોટો કોયડો યુદ્ધનો કોઈ નૈતિક અવેજ શોધવાનો છે. યુદ્ધ જે કામ આપે છે તે કામ આપે અને છતાંયે એ અનૈતિક ન હોય એવો અવેજ શોધવો તે આ યુગની માંગ છે. આ તેણે પોતાના ગ્રંથમાં ઘણાં વર્ષો પહેલાં મૂકયું; અને કહ્યું કે જો આ નહીં શોધાય તો મનુષ્યજાતિનું સ્મશાન થઈ જશે." સ્મશાન તો હોય છે પણ મનુષ્યનું હોય છે; મનુષ્ય જાતિનું હોતું નથી. મનુષ્ય છૂટા છૂટા સ્મશાનમાં જાય છે. ઘણાં વર્ષો પહેલાં જેમ્સે આપણને ચેતવ્યા કે યુદ્ધનો આવો નૈતિક અવેજ શોધીશું નહીં તો આખી મનુષ્યજાતિ સ્મશાનમાં ચાલી જશે અને આજે પરમાણું બોમ્બ, હાઇડ્રોજન બોમ્બ, ને I. C. B. M. ના ઓથાર નીચે આપણા આવા સ્મશાનના ભયે આપણી નિંદર ઉડી ગઇ છે.

ધર્ષણ થશે જ નહીં એમ જો માનીએ તો અવેજ શોધવાની જરૂર નથી, પણ અવારનવાર ધર્ષણ થશે તે માનવું વાસ્તવિક છે. તરંગી થવાની જરૂર નથી એટલે યુદ્ધનો અવેજ શોધવો જ રહ્યો અને ચોથો અને અગત્યનો મુદ્દો એ છે કે આપણે આપણી પરિવર્તનની પ્રથા સાથે જ બદલવી રહેશે. એક કાંટાની વાડ આપણને નડે છે તે આપણે કાઢી નાખીએ પણ કાંટા વાવવાનો જે કાર્યક્રમ અવનવી રીતે ચાલી રહ્યા છે તે જો ન અટકાવીએ તો એક વાડ કાપી રહીએ ત્યાં બીજી ઊભી થાય. "આંધળો વણે ને પાડો ચાવે" એવી નીતિ ચાલી શકશે નહીં. આ ચતુર્મુખ વ્યૂહ જો આપણે અમલી કરી શકીએ તો કોઇક વૈજ્ઞાનિક ઉકેલ આપણે શોધી શકીશું. આ માટેની બુનિયાદ તરીકે જીવનદૃષ્ટિ વિશેની વાત આજે કરી લઇશું.

જી. કે. ચેસ્ટરટન નામે ઈંગ્લેંડનો એક માર્મિક લેખક થઇ ગયો. બર્નાડ શોને તેની જોડી ગણાતી. તેણે એક મજાનું વાકય કહ્યું છે. "તમારે ભાડૂત રાખવો હોય તો તમે ભાડૂતના ખીસ્સામાં પૈસા છે કે નહીં તે પૂછશો નહીં પણ તે કયા તત્વજ્ઞાનમાં માને છે તે પૂછી લેજો." અર્થ એ છે કે જો ભાડૂત સાચા તત્વજ્ઞાનમાં માનતો હશે તો પૈસા નહીં હોય તો પણ તમારૂં ભાડું વહેલું કે મોડું સામેથી આવીને ચુકવી જશે. પણ જો તે ખોટા તત્વજ્ઞાનમાં માનતો હશે તો ખીસ્સામાં પૈસા હશે તો પણ આપશે નહીં અને ઘર પણ ખાલી કરશે નહીં. એટલે ભાડૂતની પસંદગી કરતી વખતે ચેસ્ટરટનના કહેવા મુજબ તેની પાસે પૈસા છે કે નહીં તે જોવાની એટલી જરૂર નથી જેટલી તે સાચા તત્વજ્ઞાનમાં માને છે કે નહીં તે જોવાની જરૂર છે. કોહેન નામના એક સુંદર વિચારકે એવું વિધાન કર્યું છે કે કોઇ પણ એક યંત્રવિદ્યામાં હોશિયાર હોવું એ એક વસ્તુ છે અને તે યંત્રવિદ્યા કયા હેતુ માટે કયા ધ્યેય કે મૂલ્ય માટે છે કે હોવી જોઇએ તેની જાણ કે સમજ હોવી તે તદ્દન જુદી ચીજ છે. માણસ ટેકનીકલી ઘણો આગળ હોઇ શકે અને છતાં ધ્યેયની પસંદગીમાં તદ્દન જંગલી અવસ્થામાં હોઈ શકે. હીટલરનું જર્મની એનું મોટામાં મોટું ઉદાહરણ ગણાય.

વી. ૧, વી.૨ જેવા ભારે શસ્ત્રો શોધવાનું તેમણે કર્યું પણ તે જ જાતિએ નજરબંધ છાવણીઓમાં લાખો નિર્દોષ કેદીઓને અમાનુષી રીતે માર્યા તે પણ સાચી વાત છે. એટલે કે તેનું વિજ્ઞાન અદ્યતન હતું પણ તેનાં મૂલ્યો જંગલી અવસ્થાનાં જ હતાં. છતાં ચેતવાનું એ જગ્યાએ છે કે મનુષ્યના વિકાસક્રમમાં બુદ્ધિ તે પાછળથી આવી છે અને હૃદય અને તેના આવેગો તો પહેલા હતા જ. કોહેનના કહેવા પ્રમાણે આથી હૃદયનો વિકાસ જો બરાબર ન થયો હોય તો બુદ્ધિ નિર્ણાયક તત્વ બની શકતી નથી. હૃદયના આવેગો તેનો ટેકિનકલ ઉપયોગ કરે છે, સાદી ભાષામાં કહીએ તો બુધ્ધિ એ વાસનાની દાસી છે; એટલે વાસનાશુદ્ધિ–વાસનાનો નિગ્રહ અને જરૂર પડયે તેનું ઉન્મૂલન તે મહત્વનું કામ છે, અને આ કામમાં સાચી જીવનદૃષ્ટિ કે સાચું તત્વજ્ઞાન કોઇ ને કોઇ રીતે મદદ કરે છે; ધર્મોએ સારૂં ને માઠું બન્ને કરેલ છે; પણ એની મહત્વની કામગીરી આ વાસના શુધ્ધિ–નિગ્રહ ને ઉન્મૂલન-સંબંધમાં રહેલી છે. શાન્તિચાહક સમાજની જીવનદૃષ્ટિ કે તત્વજ્ઞાન શું હોઇ શકે તે ચર્ચાનો એક સ્વતંત્ર વિષય છે. અત્યારે તો એક મુખ્ય વાત જ હું આપની પાસે રજુ કરીશ.

જ્યાં સુધી આપણી જીવનદૃષ્ટિ એવી હોય છે કે ઇન્દ્રીયોનાં સુખો જેમ વધારે ભોગવીએ તેમ વધારે સંસ્કારી; તેમ વધારે ઉંચા. તો એ જીવનદૃષ્ટિ વહેલે કે મોડે અશાન્તિ તરફ લઇ

જનારી નિવડશે. યુનેસ્કોની પ્રસ્તાવનામાં એમ લખાયું છે કે "યુદ્ધ મનુષ્યના ચિત્તમાં શરૂ થાય છે એટલે શાન્તિના સીમાડાઓ પણ ચિત્તમાંથી જ શરૂ થવા જોઇએ." ઇન્દ્રિયસુખોને જીવનનું પરમ ધ્યેય માનનાર માણસ ભાગ્યે જ ચિત્તશાંતિ અનુભવી શકવાનો છે. આ બાબતમાં હિન્દુ, જૈન, બૌધ્ધ વગેરે ધર્મોની દૃષ્ટિ ઘણી એકસરખી છે. આ બધા ધર્મોએ ઇન્દ્રિયસુખને મર્યાદિત સુખ ગણાવ્યું છે, એટલું જ નહી પણ, ભોગો ભોગવાતા નથી પણ એક મર્યાદાની બહાર ગયા પછી ભોગો જ આપણને ભોગવે છે.

भोगाः न भुक्ताः वयमेव भुक्ताः
तृष्णा न जीर्णा वयमेव जीर्णाः આમ ઉચ્ચ સ્વરે કહે છે.

અર્થશાસ્ત્રમાં એમ ભણાવવામાં આવે છે કે અમુક હદ સુધી મુડી રોકાણ કરો તો તેનું વ્યાજમાં વળતર મળ્યે જાય છે, પણ તે હદ પછી વધુ મુડી રોકાણ કરો તો તેના વળતરનું પ્રમાણ ઓછું થતું જાય છે. એક વીઘાના ખેતરની અંદર પહેલી વીશ ગાડી ખાતરથી પાકનો જે વધારો થાય છે તે જ વધારો પાછલી વીશ વીશ ગાડીઓથી ચાલુ રહેતો નથી. આને અર્થશાસ્ત્ર ઘટતા જતાં વળતરનો કાયદો કહે છે. આપણા ધર્મોને માત્ર એટલું જ કહેવાનું છે કે આ ઘટતા જતાં વળતરનો કાયદો માત્ર અર્થશાસ્ત્રને જ લાગુ પડતો નથી, પણ ઇન્દ્રિયોના બધા ભોગોને લાગુ પડે છે. એક હદ પછી તમે જેટલા ભોગો વધારે ભોગવો તેટલું વધારે સુખ મળવાનું નથી. આ કહેવાનો એવો અર્થ નથી કે ઇન્દ્રિયોના ભોગો સંપૂર્ણપણે તજવા, પણ જેમ વધારે ભોગવીએ તેમ વધારે સુખ મળે તે વાત ખીનપાયાદાર છે. લાંબાં અવલોકન પછી હિન્દુધર્મે યયાતિ પાસે એવું વિધાન કરાવ્યું છે કે :–

नहि कामोपभोगेन कामः उपशाम्यते ।

ચિત્તશાંતિ સિવાય જગતશાંતિ મુશ્કેલ છે, અને ચિત્તશાંતિનો આધાર ઇન્દ્રિયસુખો વિશેની આપણી સાચી સમજણમાં રહેલો છે. પર્યુષણ પર્વના આ મંગળ પ્રસંગે જૈન ધર્મનો હું લગીરે અભ્યાસી ન હોવા છતાં આ વિષયમાં એનો જે ફાળો છે તેને વંદન કર્યા સિવાય રહી શકતો નથી. હું ધારું છું કે જૈન ધર્મમાં ભોગોપભોગ વિરતિ વ્રત અને દિશાપરિમાણવ્રત એક દાહોડો વ્યાપક હતાં. સમજુ જૈન વ્યવસાયી આ બન્ને વૃત્તો લેતો :–

૧. મારા વ્યવસાયમાં હું અમુક હદથી વધારે કમાણી કરવાનું લક્ષ રાખીશ નહીં. એને અમુક અમુક ભોગ અને ઉપભોગની સામગ્રી મેળવવા કે વાપરવાનો અવકાશ રાખીશ નહીં.

તેવી જ રીતે તે પોતાના વ્યવસાય માટે ચારે દિશામાં કેટલે દૂર સુધી જવું તે નકકી કરતો. આને પરિણામે શાન્તિનું આયોજન થતું હતું એમ હું કહું તો કંઇ વધુ પડતું માની ન લેતા. શાંતિના પાયાને પણ સુદઢ રાખનારી આ સીમેંટ છે.

સમાપ્ત

મનુભાઈ પંચોળી

સંઘના સભ્યોને પ્રાર્થના

ચાલુ સાલ સંવત ૨૦૧૫ની સાલનું સંઘનું વાર્ષિક લવાજમ હજુ ઘણા સભ્યોનું વસુલ આવ્યું નથી, જે સભ્યોનું લવાજમ બાકી છે તેમને નમ્ર છતાં આગ્રહભરી પ્રાર્થના છે કે દરેક સભ્યે પોતપોતાનું લવાજમ વિના વિલંબે સંઘના કાર્યાલય ઉપર મોકલી આપવા કૃપા કરવી. આમ કરીને તેઓ અમારા વહીવટીકાર્યને સરળ બનાવી શકશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

સંઘ સમાચાર

તા. ૯–૪–૫૮ના રોજ મળેલી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભામાં સંઘ તરફથી યોજાતા સમૂહભોજન તથા પર્યટન, તેમ જ સંઘ તરફથી પ્રગટ કરવામાં આવતાં પ્રબુદ્ધ જીવનની સંપાદન નીતિ અંગે જુદા જુદા સભ્યોએ કેટલીક સુચનાઓ કરી હતી, તેમ જ સંઘના હિસાબો તથા વાર્ષિક વૃત્તાંત સંઘની વાર્ષિક સભા મળે તે પહેલાં સભ્યોને પહોંચતાં કરવા જોઇએ કે જેથી તેના ઉપર વિચાર કરવા માટે તેમને પુરો અવકાશ મળે–આવી પણ સુચના અમુક સભ્યો તરફથી કરવામાં આવી હતી. આ સંબંધમાં હવે પછી નવી ચુંટાનાર કાર્યવાહક સમિતિમાં પુરી ગંભીરતાથી વિચાર કરવામાં આવશે, એવી વાર્ષિક સભા દરમિયાન સંઘના પ્રમુખશ્રી તરફથી જાહેરાત કરવામાં આવી હતી.

આ સંબંધમાં વિચાર કરવા માટે તા. ૨–૫–૫૮ના રોજ સંઘની નવી ચૂંટાયેલી કાર્યવાહક સમિતિની ખાસ સભા બોલાવવામાં આવી હતી, તે વખતે ઉપર જણાવેલી બાબતો અંગે લાંબી ચર્ચા અને વિચારણા બાદ નીચે મુજબ નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા હતા:–

(૧) **સમૂહભોજન :** સમૂહભોજન અંગે એમ ઠરાવવામાં આવ્યું હતું કે અત્યાર સુધી જે ઢબે સંઘ તરફથી સમૂહભોજનો યોજવામાં આવે છે તે ઢબે સમૂહભોજનો યોજવાની નીતિને આજની કાર્યવાહક સમિતિ મંજુર રાખે છે.

(૨) **પ્રબુદ્ધ જીવન :** સંઘના મુખપત્ર પ્રબુદ્ધ જીવનનું તેના તંત્રી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા જે રીતે સંપાદન કરી રહ્યા છે અને જે ઉચ્ચકક્ષાની લેખસામગ્રી, નોંધો તથા ચર્ચાપત્રો વગેરે તેઓ પ્રબુધ્ધ જીવનમાં રજુ કરતા રહ્યા છે તેની આજની સભા કૃતજ્ઞતાપૂર્વક નોંધ લે છે. પ્રબુધ્ધ જીવનમાં કયા પ્રકારના ચર્ચાપત્રો લેવા અને કયા પ્રકારના ન લેવા તે સંબંધમાં તેમણે આજની સભામાં જે ખ્યાલો રજુ કર્યા છે તે આજની સભાને તદ્દન વ્યાજબી અને સુસંગત લાગ્યા છે અને સંઘનો કોઈ પણ સભ્ય સંઘની ચાલુ કાર્યવાહી સંબંધમાં કોઇ પણ પ્રકારનું ચર્ચાપત્ર લખી મોકલે તો તે ચર્ચાપત્ર તે વ્યકિત સંઘની સભ્ય છે એટલા માટે જ સંઘના મુખપત્ર પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવું જ જોઇએ એ પ્રકારના વિચારને આજની કાર્યવાહક સમિતિ અનુમત કરતી નથી અને તેથી આ સંબંધમાં પ્રબુધ્ધ જીવનના તંત્રીએ જે નીતિ અખત્યાર કરી છે તેમાં કોઇ પણ પ્રકારનો ફેરફાર કરવાની આજની સભાને જરૂર જણાતી નથી.

(૩) **પર્યટણ :** સંઘ તરફથી યોજાતા પર્યટણો અંગે જે ધોરણ આજ સુધી સ્વીકારવામાં આવ્યું છે તે ધોરણને આજની સભા સંપૂર્ણ અનુમતિ આપે છે. અને એ પ્રકારના પર્યટણો અવારનવાર ગોઠવવાની મંત્રીઓને ભલામણ કરે છે.

(૪) **વાર્ષિક વૃત્તાંત અને હિસાબો :** વાર્ષિક વૃત્તાંત અને ઓડિટ થયેલા હિસાબો અંગે એમ ઠરાવવામાં આવે છે કે સંઘનો વહીવટ બહુ નાના પાયા ઉપરનો હોઇને અને હિસાબની લેવડદેવડ પણ બહુ નાના પ્રમાણની હોઇને વાર્ષિક સભા મળે તે પહેલાં તે બધું છપાવીને સંઘના દરેક સભ્યોને મોકલવાની કાર્યવાહક સમિતિને જરૂર લાગતી નથી અને સંઘના વાર્ષિક હિસાબો સંબંધમાં વિશેષમાં એમ ઠરાવવામાં આવે છે કે વાર્ષિક સભાનો પરિપત્ર જ્યારે મોકલવામાં આવે ત્યારથી સંઘની વાર્ષિક સભા મળે ત્યાં સુધીમાં સંઘના કાર્યાલયમાં નકકી કરેલા બે થી ત્રણ કલાક દરમિયાન સંઘના હિસાબો સંઘના કોઈ પણ સભ્યને જોવા તપાસવા માટે ખુલ્લા રાખવા અને તે મુજબ સંઘની વાર્ષિક સભાને લગતા પરિપત્રમાં દરેક સભ્યને જણાવવું.


મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

★ કૂર્માચળની પરિક્રમા, ૧૩. ★

(તા. ૧૫-૪-૫૯ના અંકથી અનુસંધાન)

મીરતોલા

અલ્મોરા આવ્યા બાદ અહિંથી જુદી જુદી દિશાએ પંદર વીશ માઈલ દૂર આવેલા મીરતોલા-જાગેશ્વર તથા બીનસર જવાનું અમે વિચારી રહ્યા હતા. મીરતોલા-જાગેશ્વર તરફ જવા માટે બસનો વ્યવહાર ગોઠવાયલો હતો. બીનસર જવા માટે સડક તો હતી પણ ત્યાં બસનો વ્યવહાર ચાલુ થયો નહોતો. ત્યાં જવા માટે કોઇની ખાનગી મોટર કે જીપગાડી મેળવવાની જરૂર હતી. બીનસર સંબંધે આવી ગોઠવણનો હજુ સુધી પત્તો નહોતો લાગ્યો. એ દરમિયાન અમે મીરતોલા જાગેશ્વર બાજુ જઇ આવવાનું નક્કી કર્યું. ત્યાં જવા માટે અલ્મોરાથી લગભગ સત્તર અઢાર માઇલ દૂર આવેલા પનવનૌલા ગામમાં રાત રહેવું પડે તેમ હતું. આ માટે જુન માસની પાંચમી તારીખે અમે બપોરના બે અઢી વાગ્યે ઉપડતી બસમાં નીકળ્યા. અલ્મોરાને વટાવ્યું; આગળ ચાલતાં થોડું નીચાણ આવ્યું અને પછી એક સરખા ચઢાણના માર્ગ ઉપર બસ આગળને આગળ ચાલતી રહી. દૂર દૂર ઉંચાણમાં પર્વતનો ખુણો દેખાય અને ત્યાં સુધી સર્પાકાર વહી જતી સડક પછી વળાંક લે અને આગળ જતાં દૂર દૂર વળી પાછો ઉંચો પર્વતનો બીજો ખુણો દેખાય અને પાછી બસ તે ખુણાને વટાવીને આગળ ચાલે. અલ્મોરાનો ડુંગર અને તેની આસપાસના ડુંગરાઓ મોટા ભાગે ઝાડપાન વિનાનાં, સુકા અને જેને પગથીઆ ખેતી-terrace farming કહે છે. એટલે કે પર્વતના ઢોળાવને ગાળે ગાળે કાપીને નાનાં નાનાં ખેતરો બનાવવામાં આવે અને તે ઉપર ધાન્ય ઉગાડવામાં આવે તેવાં ખેતરોથી ઢંકાયલા હોય છે. પણ આગળ ચાલતાં પાછાં ચીડનાં વન શરૂ થાય છે. આ ચીડ જેને અંગ્રેજીમાં 'પાઇન ટ્રી' કહે છે તેનું નૈનીતાલ તેમ જ અલ્મોરા જીલ્લામાં પુષ્કળ વાવેતર હોય છે. આ ઝાડનો આકાર જાણે કે ઇલેકટ્રીક ગ્લોબ મૂકવા બાકી હોય એવા 'ક્રીસ્મસ ટ્રી' જેવો સુંદર અને સોહામણો લાગે છે. ઝુમરની માફક તેમાં ડાળીઓ ફુટેલી હોય છે. નીચેથી ઘેર શરૂ થાય છે અને ત્રિશુંક માફક ઉંચે જતાં એ ઘેરાવો ક્રમતી થતો થતો એક પ્રકારની અણીમાં પર્યવસાન પામે. દેવદારનો ઘાટ પણ આવો હોય છે પણ તેનો પર્ણવિસ્તાર વધારે ઘટ્ટ હોય છે. આમ પનવનૌલાના રસ્તે ચીડનાં વૃક્ષો અમને ચોતરફથી આવકારી રહ્યા હતાં અને પોતાની મનોહરતા વડે થાકને હળવો કરી રહ્યા હતા. આ સડક સીમેન્ટ કે ડામરની નહોતી એટલે પાકી કહેવાય છતાં કાચી હતી અને તેથી રસ્તાની ધુળનો અમને સારો લાભ મળતો હતો. સાંજના સાડાચાર પોણાપાંચ લગભગ થયા અને અમે પનવનૌલા પહોંચ્યા. બસમાંથી ઉતર્યા; બાજુએ ઉંચાણમાં આવેલા ડાકબંગલામાં સામાન લઇ જઇને મૂકયો; અને ધુળથી છવાયલું મોહું ધોઇ, સરખા થઇને અહિંથી કેડી રસ્તે દોઢ માઇલ દૂર આવેલ મીરતોલા જવા અમે નીકળ્યા.



સ્વામી શ્રી કૃષ્ણપ્રેમજી

અમારી કેડી પર્વતના ગાઢ જંગલમાં થઇને આગળ જતી હતી. સાંજનો સમય હતો અને પશ્ચિમાકાશમાં સ્થિર થયેલાં ઉષ્ણ-મધુર સૂર્યકિરણો વૃક્ષોની ડાળીઓને વીંધીને અમને સ્પર્શી રહ્યાં હતાં. આખી કેડી ઉપર મોટા ભાગે ચીડની સુંવાળી સળીઓની બીછાત પથરાઇ રહી હતી અને તે ઉપર થઇને ચાલતાં, ચડતાં કે ઉતરતાં ધ્યાન નરાખવામાં આવે તો લપસી જવાનું જોખમ રહેલું હતું. કેટલેક સુધી ઉંચે ચડવાનું હતું. પછીની કેડી લગલગ સીધી હતી. રેલ્વેનું ફાટક હોય એવું નાનું સરખું પ્રવેશ-દ્વાર આવ્યું. અમે આગળ વધ્યા અને સ્વામી કૃષ્ણપ્રેમના આશ્રમમાં પ્રવેશ કર્યો. અહિં જાત જાતનાં અને કોઈ કોઇ તો આપણે કદિ જોયાં ન હોય એવાં ફુલના છોડ વ્યવસ્થિત રીતે ઉગાડવામાં આવ્યાં હતાં. બધું સ્વચ્છ સુઘડ અને ભારે સુરૂચિપૂર્ણ હતું. ફળઝાડ પણ જાતજાતના હતાં અને મધમાખ ઉછેરની પેટીઓ પણ હતી. એક બાજુ એક પહોળી ખાટ એટલે કે હીંડોળો હતો અને સામે બેસવાનો ઇંટપથ્થરનો ચણેલો ચોતરો હતો. બીજી બાજુએ એક નાની સરખી દેરી હતી; તેની સામે નમણા કદ અને ઘાટનું રાધાકૃષ્ણનું મંદિર હતું. આગળ ચાલતાં ફુલઝાડના નાના મોટા કયારા હતા અને આસપાસ ફરવા માટે નાના નાના રસ્તાઓ કરવામાં આવ્યા હતા. મંદિરની પાછળ એક ખુણે સ્વામીજીનું નિવાસસ્થાન હતું. આ નાના સરખા ઉપવનની અત્યન્ત સુરૂચિપૂર્ણ રચના જોઇને અમારૂં દિલ પ્રસન્નતા અનુભવી રહ્યું હતું.

સ્વામી શ્રી કૃષ્ણપ્રેમ

અહિં રહેતા સ્વામી કૃષ્ણપ્રેમ કોણ એમ તેમના વિષે આ લખાણ વાંચનારને કૌતુક થાય એ સ્વાભાવિક છે. તેથી તેમનો અહિં થોડો પરિચય આપવો આવશ્યક લાગે છે. આ સ્વામી કૃષ્ણપ્રેમનું મૂળ નામ શ્રી 'રોનાલ્ડ નીકૂસન' છે. તેઓ ઇંગ્લાંડ-લંડન ના વતની છે. આજે તેમની ઉમ્મર બાસઠ વર્ષની છે. તેમના અભ્યાસકાળ દરમિયાન પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું હતું અને તેઓ એર ફોર્સ-હવાઈ સૈન્ય-માં જોડાયા હતા અને ફ્રાન્સમાં એક વિમાની ટુકડીમાં તેમણે કામ કર્યું હતું. લડાઇ પુરી થયા બાદ તેઓ કેમ્બ્રીજ આવ્યા. અહિં તત્ત્વજ્ઞાનનું સાહિત્ય વાંચતાં વાંચતાં તેઓ પૌર્વાત્ય તત્ત્વજ્ઞાનના સંપર્કમાં આવ્યા. તેઓ પ્રકૃતિથી ચિન્તનપરાયણ હતા અને જીવનના પ્રારંભકાળથી તેમનામાં સંસાર પ્રત્યે વિરક્તિ હતી. અને આ અર્થશૂન્ય લાગતા સંસાર-પ્રવાહ પાછળ રહેલા કોઇ અર્થને-સત્યને-શોધવા તેમનું ચિત્ત મથી રહ્યું હતું. ભૌતિક મહત્વાકાંક્ષાઓનું તેમને જરા પણ પ્રલોભન નહોતું. ભારતીય દર્શનસાહિત્યનો પરિચય વધતાં તેઓ ભારતીય સંસ્કૃતિ તરફ ખૂબ આકર્ષાયા. ૧૯૨૧માં લખનૌ યુનિવર્સિટીના એ વખતના વાઇસ-ચેન્સેલર ડૉ. ચક્રવર્તી અને તેમનાં પત્ની યશોદામા ઇંગ્લાંડ ગયેલાં તે વખતે તે બન્નેના સમાગમમાં તેઓ આવ્યા. અને તેમની સાથે જ નીકસનનું હિન્દુ-

સ્તાન આવવાનું બન્યું. લખનૌ યુનિવર્સિટીમાં તેઓ એક અધ્યાપક તરીકે નિમાયા. ચક્રવર્તી કુટુંબ સાથેનો તેમનો પરિચય ચાલુ રહ્યો. ભારતમાં આવ્યા બાદ શરૂઆતમાં તેઓ બુદ્ધધર્મ તરફ ખેંચાયા. તે ધર્મના શાસ્ત્રોનું તેમણે ઊંડું અધ્યયન કર્યું. તેમાંથી વિશાળ હિંદુ ધર્મના અભ્યાસ તરફ તેઓ વળ્યા. હિંદી સંસ્કૃત તેમ જ બંગાળી ભાષા પણ તેમણે શિખી લીધી. વેદ, વેદાંત, પુરાણ, ભાગવત તેમ જ તંત્રશાસ્ત્ર તથા જૈન દર્શન વગેરે વિષયોમાં તેમણે સારી જાણકારી પ્રાપ્ત કરી. આખરે વૈદિક ધર્મ અને તેમાં પ્રરૂપવામાં આવેલ ભક્તિમાર્ગ ઉપર તેમનું ચિત્ત સદાને માટે સ્થિર થયું.


ઉપર જણાવેલ ચક્રવર્તી કુટુંબ અત્યન્ત ધાર્મિક અને અધ્યાત્મપરાયણ હતું. ખાસ કરીને શ્રીમતી યશોદામા માં આજન્મ ઊંડું આધ્યાત્મિક વળણ હતું. કહેવાય તો એમ છે કે તેમણે પહેલી અધ્યાત્મ દીક્ષા પોતાના પતિ પાસેથી લીધી હતી. યુવાન નીકસનનો યશોદામાઇ સાથે લગભગ મા-દીકરા જેવો સંબંધ હતો.

૧૯૨૭માં લખનૌ યુનિવર્સિટીની વાઇસ ચેન્સેલરશીપથી ડૉક્ટર ચક્રવર્તી મુક્ત થયા અને ત્યાર બાદ તેઓ પોતાને ઘેર કાશી આવીને રહ્યા. નીકસને પણ લખનૌ યુનિવર્સિટીની નોકરી છોડી દીધી અને બનારસ હિંદુ યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે તેઓ જોડાયા. અને એ રીતે ચક્રવર્તી કુટુંબ સાથેનો તેમનો સહવાસ ચાલુ રહ્યો.

બનારસ આવ્યા બાદ થોડા સમયમાં યશોદામાએ સંસારનો ત્યાગ કર્યો; તેમણે વૃંદાવનમાં વૈષ્ણવ સંપ્રદાયના કોઇ સંન્યાસી પાસે સંન્યાસ-દીક્ષા લીધી, સંન્યાસિની બન્યાં અને આલ્મોરામાં આવીને રહ્યા. તેઓ બંગાળી, હિંદી તથા અંગ્રેજીના સારા જાણકાર હતા. નીકસન પણ એ જ વૈરાગ્યભાવથી પ્રેરિત અને પ્રભાવિત હતા એટલે સ્વ. પં. મદનમોહન માલવીયાનો તેમને રોકવાનો ઘણો આગ્રહ હોવા છતાં માતા પાછળ બાળક દોડી જાય તેમ તેઓ પણ યશોદામાઇ પાછળ નોકરી છોડીને આલ્મોરા ચાલી આવ્યા. અને યશોદામાઇ પાસે દીક્ષા લઇને વૈષ્ણવ સંપ્રદાયના સાધુ બન્યા અને 'કૃષ્ણપ્રેમ વૈરાગી' નામ ધારણ કર્યું. ત્યાર બાદ તેમણે વૈષ્ણવ સંપ્રદાયના એક સાધુ તરીકેના બધા નિયમો ચોકસાઇથી પાળવા માંડ્યા. માથે ચોટલી રાખવી શરૂ કરી; કાન વીંધાવ્યા; ગળામાં તુલસીની માળા પહેરવા લાગ્યા; વગર સીવેલાં ગેરૂઆ રંગનાં કપડાં પહેરતા થયા; માધુકરી ઉપર પોતાનો નિર્વાહ કરવા લાગ્યા અને સ્વયંપાકી બન્યા. રાધાકૃષ્ણની આરતી-ઉપાસના તેઓ વિધિવિધાનપૂર્વક આજ સુધી અપૂર્વ શ્રદ્ધા અને ભક્તિ વડે કરતા રહ્યા છે.

૧૯૨૯માં જુન કે જુલાઇ માસમાં ગાંધીજી આલ્મોરા ગયેલા ત્યારે તેઓ યશોદામાઇને અને સાથે સાથે સ્વામી કૃષ્ણપ્રેમને મળેલા અને તેમના વિષે ગાંધીજીના મન ઉપર ઊંડી છાપ પડી હતી. 'તીર્થસલીલ'માં શ્રી દિલીપકુમારે પણ આ બન્ને વિષે પ્રશસ્તીભર્યો ઉલ્લેખ કર્યો છે. યશોદામાઇ પરમ સિદ્ધિને પામેલાં સંન્યાસિની હતાં અને તેમને સાક્ષાત્કાર થયો હતો એવી તેમના વિષે માન્યતા પ્રવર્તે છે. આલ્મોરામાં ભક્તજનોનો ખૂબ આવરોજ્વરો રહેતો હતો અને એકાન્ત કે શાન્તિ જેવું કશું મળતું નહોતું. તેથી ત્યાં કેટલાંક વર્ષ રહ્યા બાદ તેમણે મીરતોલામાં મંદિર અને નિવાસ-સ્થાન બંધાવ્યું અને ત્યાં જઇને તેઓ રહ્યા. આ સ્થળને વૈષ્ણવો "ઉત્તર વૃન્દાવન"ના નામથી ઓળખે છે. આ સ્થળ સમુદ્રસપાટીથી આશરે ૭૦૦૦ ફીટની ઊંચાઇ ઉપર આવેલું છે.

૧૯૪૬માં યશોદામાઇ નિર્વાણ પામ્યાં. યશોદામાઇને 'મોતી-રાજા' નામની એક પુત્રી હતી, જે કૃષ્ણપ્રેમથી દીક્ષિત બનીને સંન્યાસિની થઇ હતી. તે પણ થોડા સમય બાદ અવસાન પામી. કૃષ્ણપ્રેમને એક અંગ્રેજ મિત્ર હતા. તેમનું નામ અલેગ્ઝાન્ડર; તેઓ આઇ. એમ. એસ્. અને સીવીલ સર્જન હતા. તેમણે કૃષ્ણ-પ્રેમ પાસે દીક્ષા લઇને સંન્યાસ ધારણ કર્યો હતો અને કૃષ્ણપ્રેમની સાથે રહેતા હતા. ગરીબ જનતાની તેઓ ખૂબ વૈદ્યકીય સેવા કરતા હતા. તેઓ દયા અને કરૂણાની મૂર્તિસમા હતા અને પહાડી લોકો માટે એક મહાન આશીર્વાદરૂપ હતા. તેઓ પણ બે વરસ પહેલાં અવસાન પામ્યા છે. અત્યારે કૃષ્ણપ્રેમ પાસે એક અંગ્રેજ યુવક છે. તેણે કૃષ્ણપ્રેમ પાસે દીક્ષા લીધી છે અને તેને 'માધવાશિષ' નામ આપવામાં આવ્યું છે.



સ્વામી શ્રી કૃષ્ણપ્રેમજીનું આશ્રમ

કૃષ્ણપ્રેમ ભક્તિયોગ તરફ ખૂબ ઢળેલા છે પણ સાથે સાથે તેઓ ઉચ્ચ કોટિના વિદ્વાન અને ફિલસુફ છે. તેમણે અંગ્રેજીમાં લખેલાં ગ્રંથો-'યોગ ઓફ્ ભગવદ્ ગીતા,' 'યોગ ઓફ્ કઠ ઉપનિષદ' 'સર્ચ ફોર ટ્રુથ,' અને 'ઇનીશિયેશન ઇન્ટુ યોગ'-આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. તેઓ હિંદી બહુ સરસ અને સરળપણે બોલે છે.

શ્રી કૃષ્ણપ્રેમનો મેળાપ

કૃષ્ણપ્રેમનો આ સંક્ષિપ્ત પરિચય છે. તેમને મળવું, તેમનાં દર્શન કરવા એ અહિં આવવાનો ખાસ ઉદ્દેશ હતો. આશ્રમમાં અમે પહોંચ્યા ત્યારે શ્રી કૃષ્ણપ્રેમ તથા તેમના શિષ્ય માધવાશિષ બહાર ફરવા ગયા હતા. થોડી વારે તેઓ આવ્યા. તેમણે અમને જોયા અને મીઠા શબ્દોથી આવકાર આપ્યો. કૃષ્ણપ્રેમ આધેડ ઉમ્મરના, શરીરે પાતળા અને ઊંચા છે. આંખો પર ચશ્મા પહેરે છે. માથું ખુલ્લું રાખે છે. કૃષ્ણપ્રેમની મુખાકૃતિ ઉપર નીતાન્ત સાધુતા તરવરે છે. તેમને જોતાં જ આ એક વિદ્વાન, ચિન્તક, અસામાન્ય વ્યકિત છે એમ લાગ્યા વિના ન રહે. તેમની વાણી સૌમ્ય અને પ્રસન્ન ભાવથી ભરેલી છે. તેમની સાથેના માધવાશિષ એક નમણી આકૃતિના યુવાન છે અને એમની રીતભાતમાં સંયમ અને સ્વસ્થતા દેખાય છે. બગીચામાં આવેલી ખાટ ઉપર તે બન્ને બેઠા; તેમની સામે ચોતરા ઉપર અમે બધાં બેઠાં. અમારી ઓળ-ખાણ અમારે જ કરાવવાની હતી. અમારી વચ્ચે પ્રાસંગિક વાતો શરૂ થઇ, પણ અહિં અમનેં વધારે વખત રોકાવું પરવડે તેમ નહોતું. સૂર્ય અસ્તાચળ સમીપ જઇ રહ્યો હતો. અંધારૂ થઇ જાય તે પહેલાં પનવનૌલા અમારે પહોંચી જવું જ જોઇએ. તેથી અમે થોડીવારમાં ઉભા થયા. સ્વામીજીએ આશ્રમમાં અમને ફેરવ્યા,

બાજુએ આવેલી પથ્થરની આરસની દેરી પાસે લઈ ગયા અને અમને કહ્યું કે "આ યશોદામાઇની સમાધિ છે. તેમનું અહિં બાર વર્ષ પહેલાં નિર્માણ થયું." તે દેરીમાં બંસી વગાડતા શ્રી કૃષ્ણની ઉભી મૂર્તિ હતી. આ મૂર્તિ ભારે ભાવવાહી હતી. જોતાં આંખો થાકે નહિ એવી તે આકર્ષક લાગતી હતી. સાધારણ રીતે શ્રીકૃષ્ણની મૂર્તિ ગોળમટોળ અવયવો અને ફુલેલા ગાલવાળી–શ્રીમાનના ઘરમાં ઉછરેલા રૂષ્ટપુષ્ટ કિશોર જેવી–હોય છે. આ મૂર્તિનો તો ઉઠાવ જ જુદા પ્રકારનો હતો. ધીરગંભીર તેની મુદ્રા હતી; નમણી પાતળી શરીરયષ્ટિ હતી; અંગઉપાંગમાં વિલક્ષણ સૌમ્યતાનાં દર્શન થતાં હતાં. આ મૂર્તિ સંબંધમાં સ્વામીજીએ જણાવ્યું કે યશોદામાઈ વિદ્યમાન હતાં તે દરમિયાન તેમના માટે આ મૂર્તિ ઇટાલીથી ખાસ તૈયાર કરાવીને મંગાવી હતી. પછી રાધાકૃષ્ણના મંદિર તરફ ગયાં. મંદિરની સામે જરા દૂર બરોબર વચ્ચેના ભાગમાં એક નાના સરખા થાંભલા ઉપર ગરૂડની સુન્દર ચકચકિત મૂર્તિ બેસાડેલી હતી, આ મૂર્તિ પીત્તળની અથવા પંચધાતુની બનાવેલી હતી. પછી અમે મંદિરના ગર્ભદ્વાર આગળ જઇને ઉભા. ગર્ભાગારમાં રાધાકૃષ્ણની ઉભી પંચધાતુની મૂર્તિ હતી અને તેને વસ્ત્રાભૂષણ અને જાતજાતના પુષ્પોથી શણગારવામાં આવી હતી. મંદિરની રચના અને શિલ્પ ભારે સૌમ્ય અને સુરૂચિપૂર્ણ હતાં. ગર્ભાગારના એક ખુણે ભગવાન બુદ્ધની પીત્તળની એક ભવ્ય મૂર્તિ બિરાજમાન હતી. સાંજે સાડા સાત વાગ્યે અહિં હંમેશા આરતિ થાય છે. સ્વામીજી ક્રિયાકાંડના અણીશુધ્ધ પાલનના ઉત્કટ આગ્રહી છે. સાંભળ્યું હતું કે સ્વામીજીને આરતી ઉતારતા જોવા–તે વખતનું વાદ્ય, સંગીત, ગાયન વગેરે સાંભળવું એ ભારે આલ્હાદક હોય છે. પણ અમારાથી ત્યાં સુધી રોકાવાનું શક્ય નહોતું. એટલે અમે સ્વામી કૃષ્ણપ્રેમને નમસ્કાર કરીને તેમનાથી છુટા પડ્યા. આ સ્થળમાં અમે એકાદ કલાક ગાળ્યો અને સ્વામી કૃષ્ણપ્રેમનો ટુંકો સરખો પરિચય થયો. આથી અમને જરૂર આનંદ થયો પણ તેમની સાથે વિશેષ સમય ગાળવાનું ન બન્યું એ બાબતનો મનમાં ઊંડો અસંતોષ રહી ગયો. આટલી લાંબી સાધના બાદ પણ ક્રિયાકાંડ વિષેનો તેમનો આટલો બધો આગ્રહ મારા તર્કશીલ માનસને ન સમજાય તેવો હતો. તેમનો વૈષ્ણવી ભક્તિયોગ પણ જલ્દી ગળે ઉતરે તેવો નહોતો. આમ છતાં આ વિષે કે તેમની અન્ય રહેણીકરણી વિષે આટલા ટુંકા પરિચય ઉપરથી કશો પણ અભિપ્રાય આપવાનું ઉચિત લાગતું નથી. તેમણે દેશ છોડ્યો છે, વારસાગત ધર્મ છોડ્યો, સ્વતંત્ર તર્ક, ચિન્તન, મન્થન અને વર્ષોભરની સાધના ના પરિણામે અને સાથે સાથે સતત જ્ઞાનયોગ દ્વારા તેઓ આજે આ સ્થિતિને પ્રાપ્ત થયા છે. આવી વિશિષ્ટ વ્યક્તિ વિષે કશો પણ અભિપ્રાય બાંધતાં પહેલાં તેમનો વિશેષ પરિચય હોવો આવશ્યક છે.

જાણે કે એક સુન્દર સ્વપ્ન, એવી ચિત્તની દશા અનુભવતાં અમે ત્યાંથી પાછા ફર્યા; બહાર ખુલ્લી જગ્યામાં આવ્યાં; અને આથમવાની તૈયારી કરતા સૂર્યના લાલબિંબને અમે જોઇ રહ્યા. ચીડની સળીઓ ઉપર અમે સંભાળપૂર્વક સરકી રહ્યા હતા. જમણી બાજુએ પર્વતની કોર ઉપર અમુક લહેંકાપૂર્વક એકસરખા તાલમાં પીઠ ઉપર મોટા બોજાઓ ધારણ કરીને ચાલી રહેલા કુલીઓની લાંબી કતાર સંધ્યાથી પ્રકાશિત બનેલા નીલ આકાશની પશ્ચાદ્-ભૂમાં એક સુન્દર છાયાચિત્ર નિર્માણ કરતી હતી અને રણપ્રદેશમાં ઊંચાણવાળા ભાગની કોર ઉપર ચાલી રહેલા ઊંટોની વણઝારની યાદ આપતી હતી. આમ ચોતરફના સૌન્દર્યને જોતાં, માણતાં, વાતો કરતાં અમે લગભગ અંધારૂં થઇ ગયું તે અરસામાં પનવ-નૌલાના ડાકબંગલે પહોંચી ગયા. કૃષ્ણપક્ષની ચતુર્થી હતી એટલે રાત્રીનો અંધારપટ બધે છવાઈ ગયો હતો. બસની સડક નીચાણમાં હતી. ડાકબંગલો નાના સરખા ટેકરાની ઉપરના ભાગમાં હતો. ચોતરફ ચીડ અને દેવદારનાં વૃક્ષોનું ગાઢ જંગલ હતું. ડાકબંગલામાં સાથે લાવેલું ભાતું અમે ખાધું; સુવા માટે સરખી વ્યવસ્થા કરી. પછી બહાર આવીને બહુ ઊંચી નહિ એવી બેઠા ઘાટની બાંધેલી દીવાલની પાળ ઉપર અમે બેઠા. અહિં અત્યારે ભારે એકાન્ત અને બધું કાંઇ સુનકાર લાગતું હતું. આકાશમાં તારા ચમકતા હતા. વૃક્ષરાજિમાંથી પસાર થતા પવનનો મંદ મંદ મીઠો મર્મર ધ્વનિ વાતાવરણમાં માધુર્યનો સંચાર કરતો હતો. અહિં પણ કોઇ રાની જંગલી પશુ કેમ ચડી ન આવે ? કારણ કે આ એ જ પ્રદેશ હતો કે જ્યાં જીમ કોરબેટે મનુષ્યભક્ષી ચિત્તાઓને વર્ષો પહેલાં સ્વર્ગે પહોંચાડ્યા હતા–આવો વિચાર કદિ કદિ ચિત્તને સ્પર્શી જતો હતો. પણ અહિં આ ઘેરી પર્વત-માળમાં અને ઘટ્ટ જંગલમાં, જ્યાંથી માઇલો સુધી દૃષ્ટિ જઇ શકે એવી ઉંચાઇએ બેઠાં જે આનંદરોમાંચનો અનુભવ થતો હતો તે આડે પેલો ભયવિચાર ક્ષણ બે ક્ષણથી વધારે ટકતો નહિ. થોડી વાર બાદ ડાકબંગલાની પાછળના ભાગમાં પ્રકાશ જેવું લાગ્યું અને માલુમ પડ્યું કે થોડો કૃશ થયેલો અને ઉદય સમયની લાલી અને ફીકાશથી સર્વથા મુક્ત નહિ બનેલો એવો કૃષ્ણપક્ષની ચતુર્થીનો ચંદ્રમા પૂર્વાકાશમાં ઉંચે આવી રહ્યો હતો અને શીતળ જ્યોતને ચોતરફ ફેલાવી રહ્યો. ઘોર અંધારૂં મધુર પ્રકાશમાં રૂપાન્તર પામ્યું અને ચંદ્રની દિવ્ય આભા વડે આસપાસના અસ્પષ્ટ પ્રદેશો સ્પષ્ટ આકાર ધારણ કરવા લાગ્યા. આ ચાંદનીમાં કલાકેક બેઠા અને પછી થાકયાપાકયા સુઇ ગયા.

અપૂર્ણ

પરમાનંદ

કવિવરનો પ્રેરક પ્રત્યુત્તર

(શ્રી. ધીરેન્દ્ર કૃષ્ણદેવ વર્માએ, ચિત્રકળાના વધારે અભ્યાસ માટે વિલાયત જતી વખતે શ્રી. રવીન્દ્રનાથ ઠાકુર પાસે પત્ર દ્વારા આશીર્વાદ માગેલા અને તેમને કવીશ્વર તરફથી જે જવાબ મળેલો તે મૂળ બંગાળી પત્રનો અનુવાદ શ્રી. રમણીક મેઘાણીએ મુંબઇથી પ્રગટ થતા જનસંદેશ પર મોકલેલ અને તેના ૨–૫–૫૯ના અંકમાં પ્રગટ થયેલ–દેશાભીમાનની દાઝથી ભરપુર અને હૃદયસ્પર્શી વાણી વહાવતો તે પત્ર નીચે સાભાર પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી.**)

કલ્યાણીયેષુ,

તારો પત્ર મળતાં આનંદ થયો. પણ તું શિષ્યવૃત્તિ મેળવી વિલાયત જાય છે જાણી જરા યે ખુશી ન ઉપજી. જો વિજ્ઞાન શીખવા જતો હોત તો વાંધો નહોતો, પણ ચિત્રકળા?

શું એ જ સાબિત કરવા જઇશ કે આ હતભાગી દેશમાં કોઇ પણ વિષયમાં, પોતાનામાં પોતીકી શકિત ઉદ્ભવતી જ નથી; પરદેશની દ્વારકાની છાપ લઇને પછી જ આપણે કોઇ વસ્તુની જેમ બજારમાં વેચાવા જઇશું ?

જ્ઞાન–શિક્ષણમાં નમ્રતાની જરૂર છે. પરંતુ સર્જનશકિતની પ્રતિભા માથું ઝૂકાવવામાં આત્માનું અપમાન અનુભવે છે. તેથી એની શકિતનો હ્રાસ થાય છે...અજન્તાના કલાકારો માટે એ વાતનો ગર્વ હું સદાય કરીશ કે તેઓ સંપૂર્ણપણે આપણા જ રહ્યા છે. સાઉથ કેન્સિંગ્ટનની લાંછનાએ લાંછિત થયા નથી.

પણ તું કોઇક પ્રલોભને–કોઇકે મોહે આ અ–ગૌરવની છાપ સ્વીકારવા, લેવા જઇશ તો ઇતિહાસ સદાને માટે એમ વદતો રહેશે કે તારી ખ્યાતિ બ્રિટિશ સામ્રાજ્યની ખ્યાતિની એક જ છે. આ રીતે તું તારી પોતાની પ્રતિભાના ભોગે અર્થ પામીશ, પરંતુ તારી જન્મભૂમિને અંતરમાં ને અંતરથી પૂરીપૂરી વંચિત કરીશ એ વાત ન ભૂલીશ.

આપણી ઓફિસોમાં પરોપજીવીઓનાં ટોળાં છે, આપણા વિશ્વવિદ્યાલયોમાં પરદેશી વિષયોના વિદ્યાર્થીઓ ઘણા છે, પરંતુ ભારતમાં ભારતીય રાજ્યમાં કયાં યે એકાદું સ્થળ પણ એવું નહિ રહે કે જ્યાં વીણાપાણિની વીણાનો ઓછામાં ઓછો એકાદ તાર તો અહીંની ખાણના અસલ સોનાનો જ બેંચાયેલો હોય ? બધે જ શું વિલાયતી અઢાર કેરેટ જ ચલાવવો પડશે ?

દુર્ભાગી દેશના મજૂરો દૂર પરાયાને બારણે ધાન માટે જાય છે, પરંતુ એ દેશ તો એનાં કરતાં યે વધુ દુર્ભાગી છે કે જ્યાં વિદ્વાનો પણ વિદેશી શ્રીમંતોને સલામ કરતા ઊભા રહીને કહે છે કે, તમારા હાથનું તિલક જો કપાળે હશે તો જ અમારો જય થશે. સાઉથ કેન્સિંગ્ટનની છાપ દેશના આશીર્વાદને નકામા કરશે. મનોમન આ જાણવા છતાં તારા વિદેશપ્રવાસ માટે હું કઈ રીતે પ્રસન્નતા પ્રગટ કરી શકું ?

શુભાકાંક્ષી

રવીન્દ્રનાથ ઠાકુર

પરમ વ્યાપકતા અને પરમ શુદ્ધિનું સહચારિત્વ કેમ સિદ્ધ થાય ?

[અજમેર સર્વોદય સંમેલનમાં વિનોબાજીએ કરેલા અન્તિમ પ્રવચનમાંથી સંકલિત કરીને ઉપરના મુદ્દા વિષે નીચે આપેલ વિવરણ તૈયાર કરવામાં આવ્યું છે. તંત્રી.]

ગંગોત્તરીમાં ગંગા બહુ જ નિર્મળ અને પરિશુદ્ધ હોય છે. તે જેમ જેમ આગળ વધે છે તેમ તેમ તેનો પ્રવાહ જોરદાર બનતો જાય છે; અને પટ પહોળો થતો જાય છે, અને સાગર સાથેના સંગમને સ્થળે તો એનો વિસ્તાર ખુબ જ વધી જાય છે; પણ જેમ જેમ વિસ્તાર વધતો જાય છે તેમ તેમ એની સ્વચ્છતા અને નિર્મળતા ઘટતી જાય છે. આવો જ અનુભવ દુનિયામાં ઘણી વખત થતો હોય છે. જ્યાં સંખ્યા વધી ત્યાં ગુણનો કંઈ હ્રાસ જ થાય છે, અને જ્યાં ગુણ પર જોર દેવાય છે ત્યાં સંખ્યા ઘટે છે. સંખ્યા ઓછી હોય છે ત્યાં ગુણ વધુ હોય છે એવો અનુભવ થાય છે. મને ઘણીવાર આનો વિચાર આવે છે કે આ બે વચ્ચે શું વિરોધ હશે ? ગુણ વધે ત્યાં સંખ્યા ઘટવી જ જોઇએ ? આના ઉપર હું ઘણું ચિંતન કરું છું. અને બધા ચિંતનનો મૂળ આધાર પરમ આદર્શ પરમેશ્વર છે. એના તરફ નજર માંડું છું ત્યારે સમજાય છે કે એ પરમ શુદ્ધ છે; અને એ પણ દેખાય છે કે એ પરમ વ્યાપક છે. આમ પરમ શુદ્ધિ અને વ્યાપકતા વચ્ચે વિરોધ નથી દેખાતો. આમ પરમ શુદ્ધિ અને વ્યાપકતા પરમેશ્વરમાં એક સાથે દેખાય છે. આકાશ સામે નજર કરીએ છીએ તો એમાં પણ એ જ જોવા મળે છે કે એની વ્યાપકતા સાથે એની નિર્મળતા કંઇ ઘટતી નથી. એ પરમ નિર્મળ અને પરમ વ્યાપક છે, જ્યારે ગંગાની હાલત કંઈક જુદી જ છે અને આપણી હાલત કંઇક ગંગા જેવી છે. આપણે પરમેશ્વરની પ્રતિભા નથી બની શકતા તેનું શું કારણ છે ? પેલાની સાથે જીવનનો અને અનુભવનો મેળ નથી મળતો તેનું શું કારણ હશે એ વિષે હું ખૂબ વિચારું છું.

હું માનું છું કે જ્યાં પ્રયત્ન એકાંગી હોય છે, ત્યાં ગુણ અને સંખ્યાનો વિરોધ આવીને ઉભો રહે છે. ઇસા મસીહને ઉત્તમ શિષ્યો હતા. તેમણે એશિયા અને યુરોપમાં નવવિચાર ફેલાવવાનો પ્રયત્ન કર્યો. વિચાર ખૂબ સુન્દર હતો. દુશ્મન પર પ્રેમ કરવાની વાત હતી, સૌની પાસે જે કાંઇ હોય તે વહેંચીને ખાવાની વાત હતી, અને એક જ પરમેશ્વરને માનવાની વાત હતી. એમાં એક પણ એવી વાત નહોતી કે જેમાં વિચાર પર આળ આવી શકે. આવી એક સર્વાંગસુન્દર દૃષ્ટિ લઇને એ નીકળ્યા; પણ એમાં એક એવી વસ્તુ ઘુસી ગઈ કે જેને કારણે એ વિચાર સારો હોવા છતાં એકદેશીય બની ગયો અને પરિણામે જ્યારે સંખ્યાબળ વધ્યું ત્યારે એનો ગુણ છૂટતો ગયો. એવો કયો એકાંગી વિચાર એમાં ભળ્યો હતો ? એ વિચાર તે એ કે, ઇસા મસીહ ઇશ્વરનો પુત્ર છે. આને બદલે જો એમણે એમ કહ્યું હોત કે આપણે સૌ ઇશ્વરના પુત્રો છીએ અને એ પુત્રોમાં ઇશુ એક ઉજ્જવળ પુત્રરત્ન છે, તો આવું ન થાત; પણ એમણે તો એમ કહેવા માંડ્યું કે ઇશુ એ જ એક પરમેશ્વરનો પુત્ર છે. આને લઇને એ વિચાર એકદેશીય બની ગયો. પરિણામે સંખ્યા તો વધી પણ એના વધવા સાથે ગુણ ઘટતો ગયો.

આવી જ રીતે વેદાન્ત વિષે આપણે વિચાર કરીએ. વેદાન્ત એટલે શું ? વેદાન્ત એટલે વેદોનો અન્ત; એટલે કે સાંપ્રદાયિકતાનો અન્ત. વેદોનો અન્ત એટલે શેનો અન્ત ? તમામ conventional–રૂઢિગત–ધર્મોનો અન્ત. તમામ conventional–રૂઢિગત–ધર્મોના પ્રતિનિધિ વેદને ગણીને કહ્યું વેદાન્ત. વેદાન્ત એટલે બાઇબલ–અન્ત, વેદાન્ત એટલે કુરાન–અન્ત, વેદાન્ત એટલે પુરાણ–અન્ત. આમ એ એક અત્યન્ત વ્યાપક વસ્તુ બની જાય છે; અને હું માનું છું કે દુનિયાને વેદાન્ત જ બચાવી શકે છે. પણ આવો વ્યાપક અર્થ વિચારવાને બદલે વેદાન્ત એટલે ઉપનિષદ વગેરે, એવો અર્થ જો ઘટાવીશું તો તરત જ એકદેશીયપણું આવી જશે અને પેલો સંકુચિતતા અને શુદ્ધિનો વિરોધ ઉભો થવાની શરૂઆત થઇ જશે. વિશાળ અર્થયુકત વેદાન્તની કલ્પનામાં આપણે કોઇ એક વ્યકિત યા પુરૂષ સાથે બંધાઇ જતા નથી, જેમ કે ખ્રિસ્તી ધર્મ ઇશુના વ્યકિતત્વ સાથે બંધાઈ ગયો છે.

આથી કંઈક ઓછી માત્રામાં પણ ઇસ્લામની વિચારસરણી મહંમદના વ્યકિતત્વ સાથે જોડાઇ ગયેલી દેખાય છે. મહંમદે એમ કહ્યું કે હું અલ્લાહનો રસૂલ માત્ર છું, સેવક માત્ર છું. પણ આજે તો ' મહંમદ જ રસૂલ છે ' એવો અર્થ કરાય છે. આ ખોટું છે. ઉલટું, વાત એથી ઉલટી છે. અલ્લાહે મહંમદને કહ્યું છે કે "મેં કેટલાક રસૂલો દુનિયામાં મોકલ્યા છે, એમાંના કેટલાક એવા છે કે જેનાં નામ પણ તું નથી જાણતો." ઇસ્લામમાં કહેવાયું છે કે "હું કોઇ રસૂલ રસૂલ વચ્ચે ભેદ નથી કરતો." આનો અર્થ અત્યન્ત વ્યાપક છે, છતાં એ રસૂલપણું માત્ર મહંમદ સાથે જ જોડાયલું રહ્યું. એટલે એમાં એકાંગિતા આવી ગઇ.

વેદમાં કહ્યું છે કે एकं सत् विप्राः बहुधा वदन्ति । सत એક જ છે પણ વિપ્ર એટલે કે જ્ઞાની જુદી જુદી ઉપાસનાઓ કરે છે. પરન્તુ તમે જો એમ કહો કે एकं सत् मूर्खाः बहुधा वदन्ति । ત્યાં તમે એકાંગી બની જાઓ છો. સત્ય એક જ છે પણ મૂર્ખાઓ જુદું જુદું કહે છે એમ જ્યાં કહેશો ત્યાં એનો અર્થ એ થશે કે એકતા બહુવિધતાને સમાવી શકતી નથી, એકતા બહુવિધતાને સાંખી શકતી નથી. આવી એકતા એકાંગી કહેવાય. વેદાન્ત આ જ કહે છે કે સત્ય એક જ છે અને જ્ઞાની લોકો એની જુદે જુદે સ્વરૂપે પૂજા કરે છે. આમ થતાંની સાથે જ વિચાર વ્યાપક બની જાય છે. અને એમ છતાં વિચારની શુદ્ધિ જળવાઇ રહે છે. આમ થતાં ગુણસંખ્યા વાળો પેલો વિરોધ અહિં બીલકુલ નજરે પડતો નથી.

વિનોબાજી

પૂરક નોંધ : ઉપરના પ્રવચનમાં રજુ કરવામાં આવેલો મુખ્ય વિચાર જૈન ધર્મને પણ લાગુ પાડી શકાય તેમ છે. જૈન ધર્મે બે મુખ્ય વિચાર આપ્યા : વિચારમાં સમભાવ સૂચવતો અનેકાન્તવાદ અને આચારમાં સમભાવ સૂચવતો અહિંસાવાદ. વળી વ્યકિત અને સમાજ વચ્ચે મન, વાણી અને કર્મની સંવાદિતા સરજાય તે માટે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પ્રકારના પાંચ વ્રતોનું મન, વાણી અને કર્મ દ્વારા શકય તેટલું પાલન કરવાનો માર્ગ પણ જૈનધર્મે પ્રરૂપ્યો. પણ આની સાથે ભગવાન મહાવીરની સર્વજ્ઞતાની માન્યતા સાંકળવામાં આવી. પરિણામ એ આવ્યું કે ભગવાન મહાવીર સર્વજ્ઞ હોઇને તેઓ જે કહે અથવા તો તેના નામે જે કહેવાય તે સાચું અને અન્ય ધર્મપ્રરૂપકો અસર્વજ્ઞ એટલે કે અલ્પજ્ઞ હોઇને તેઓ કહે અથવા તેમના નામે જે કહેવાય તે ખોટું અથવા તો માન્ય કહેવાયોગ્ય નહિ. આમ તત્વ ઉપર ભાર મૂકવાને બદલે વ્યકિત ઉપર ભાર મૂકાતો ચાલ્યો અને પરિણામે મૂળ વિચાર વ્યાપક થતો રહ્યો, અનુયાયીઓની સંખ્યામાં વૃધ્ધિ થતી રહી, પણ તેમાં એકાંગિતા, સંકુચિતતા, અશુદ્ધિનો પ્રવેશ શરૂ થયો. તત્વ ઉપર અને તેના અમલ ઉપર ભાર મુકાતો રહ્યો હોત તો પરમ વ્યાપકતા સાથે પરમ શુધ્ધિ પણ જળવાઇ રહી હોત. **પરમાનંદ**

સહકારી વિદ્યામંદિર અને સર્વોદય બાળમેળો

સહકારી વિદ્યામંદિર તરફથી તા. ૧૬-૨-૫૯ ના રોજ 'સર્વોદયનો બાળમેળો' એ નામની એક નાટિકા બિરલા માતુશ્રી સભાગારમાં રજુ કરવામાં આવી હતી. આ નાટિકાની રચના તથા આયોજન સહકારી વિદ્યામંદિરના આચાર્ય શ્રી જમુભાઇ દાણી તરફથી કરવામાં આવેલ હતા. ૧૯૫૬ની સાલમાં આ જ સંસ્થા તરફથી 'વિશ્વ કોનું ?' એ નામનું એક રૂપક રજુ કરવામાં આવ્યું હતું અને તેની પ્રબુદ્ધ જીવનમાં નોંધ લેવામાં આવી હતી.

મુંબઇમાં અનેક હાઇસ્કૂલો છે, તેવી જ હાઇસ્કૂલ જો આ સહકારી વિદ્યામંદિર હોત તો અને મુંબઇમાં અનેક શિક્ષણ સંસ્થાઓ તરફથી ભાતભાતના મનોરંજક કાર્યક્રમો રજુ કરવામાં આવે છે તેવો જ આ બાળમેળાનો કાર્યક્રમ હોત તો તેની કોઇ વિશેષ નોંધ લેવાપણું હોત જ નહિ.

પણ સહકારી વિદ્યામંદિરની બે વિશેષતા છે, જે કારણે તે તરફ આપણું સહજ ધ્યાન ખેંચાય છે. એક તો આ સહકારી વિદ્યામંદિરનો જન્મ 'ઓનરશીપ'ના ધોરણ ઉપર ઉભા કરવામાં આવેલ સહકાર નિવાસમાંથી એ મકાન ઉભું કરનાર મોડેલ કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટીએ નામનું વાર્ષિક ભાડું રૂ. ૧ થી બાલ ધોરણથી માંડીને સાત ધોરણ સુધીની નિશાળ શરૂ કરવાના હેતુથી ભોંયતળીયાના ૧૦ ઓરડાઓ પહેલેથી જ જુદા કાઢી આપવામાંથી થયો છે. આવી રીતે ઓનરશીપના મકાનમાંથી એક શાળાનો ઉદ્‌ભવ થયાનો દાખલો ભાગ્યે જ અન્યત્ર સાંભળવા મળે તેમ છે.

બીજી વિશેષતા એ છે કે આ શાળાને–પ્રારંભથી શિક્ષણ એ જ જાણે કે જેમની જન્મજાત નિષ્ઠા છે એવા–શ્રી જમુભાઇ દાણી આચાર્ય તરીકે પ્રાપ્ત થયા છે. શ્રી જમુભાઈ દાણી માત્ર શાળાના આચાર્ય નથી, એટલે કે તેમના માથે શાળાની માત્ર શૈક્ષણિક તથા વહીવટી જવાબદારી નથી, પણ તેના વિકાસને લગતી બધી જવાબદારીનો ભાર પણ તેમણે પોતે સ્વેચ્છાએ માથા ઉપર વહોરી લીધો છે. આમ એક શાળાની સર્વાંગીણ જવાબદારીનું વહન કરતા અને તે પાછળ, નક્કી કર્યા મુજબનું પોતાને માસિક વેતન મળે તે સિવાય–અને તે પણ અતિ મર્યાદિત આકારનું–બીજો કશો સ્વાર્થ ન હોય એવા સાધુચરિત આચાર્યની જોડી આજે મુંબઇમાં સાંપડવી લગભગ અશકય છે.

સહકારી નિવાસમાં આ શાળાની ૧૯૫૧માં શરૂઆત કરવામાં આવી; તેના સંચાલન માટે 'સહકારી કેળવણી મંડળ'ની સ્થાપના કરવામાં આવી, અને તેમાં બાળમંદિર પ્રાથમિક અને સાત ધોરણ સુધીના માધ્યમિક વર્ગો શરૂ કરવામાં આવ્યા. વર્ષે વર્ષે એક એક ધોરણ વધારીને એસ. એસ. સી. સુધી પહોંચવાનું ધ્યેય નક્કી કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓની સંખ્યા વધતી ચાલી; નવા ધોરણો માટેના વિદ્યાર્થીઓની સગવડ કરવાનું સહકાર નિવાસમાં અશકય બન્યું. ૧૯૫૭માં તારદેવના રસ્તા ઉપર સંસ્થા માટે નવું મકાન બાંધવામાં આવ્યું. હવે આ વિદ્યામંદિર એસ. એસ. સી. સુધીની સંપૂર્ણ હાઇસ્કૂલના લક્ષ્યને પહોંચી ચૂકયું છે. ૪૧ વિદ્યાર્થીઓથી સહકારી વિદ્યામંદિરની શરૂઆત કરવામાં આવેલી. આજે બન્ને વિભાગમાં થઇને ૪૫૦ વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. શિક્ષણપ્રદાનમાં સહશિક્ષણની પદ્ધતિ સ્વીકારવામાં આવી છે. શ્રી. જમુભાઇ તેમ જ સંસ્થાના કાર્યકર્તાઓએ નવા મકાન અને સાધન સામગ્રી અંગે આજ સુધીમાં રૂ. ૪૨૦૦૦ એકઠા કર્યા છે, હજુ ચઢેલાં બીલો આપવા માટે અને નવા મકાનનો બાકી રહેલો ભાગ પૂરો કરવા માટે બીજા રૂ. ૬૦૦૦૦ ની સહકારી કેળવણી મંડળને જરૂર છે. સહકારી વિદ્યામંદિરના પરિચય માટે આટલી વિગતો જાણવી જરૂરી છે.

અને 'સર્વોદયનો બાળમેળો' જેનો ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનું આયોજન વિનોબાજીની પદયાત્રા અને ગ્રામદાન મારફત મળેલા 'ગામડાના નવનિર્માણની કલ્પના વડે પ્રેરિત બન્યું હતું. શ્રી જમુભાઇ દાણી થીઓસોફિકલ સોસાયટીના વર્ષો જુના એક અગ્રગણ્ય સભ્ય તથા કાર્યકર્તા છે. આમ છતાં થીઓસોફિકલ સોસાયટીની સાંપ્રદાયિકતાથી તેઓ મુકત છે. નવા વિચારપ્રવાહો તેમને સદા સ્પર્શતા રહ્યા છે અને તેમનું ચિન્તન સદા ગતિશીલ–પરિવર્તનશીલ–રહ્યું છે. 'સર્વોદયના બાળમેળા'માં તેમના સતત વિકાસશીલ માનસનું સુભગ દર્શન થતું હતું.

આ નાટિકામાં રજુ થતી પ્રસંગકથા સાદી અને સરળ છે. ગુજરાતના ગામડે ગામડે વિનોબાજીનાં પુનિત પગલાં પડે છે અને નિશ્ચેતનમાં પ્રાણ પ્રગટે છે, નિરૂત્સાહીમાં ઉત્સાહનો ઝરો ફૂટે છે. દીન દરિદ્ર બનેલા ગ્રામવાસીઓ જ નહિ પણ જડચેતન સૌ નવ પ્રફુલ્લિત બને છે. શ્રમ, સ્નેહને સ્વાર્પણની અજબ અલૌકિક દૈવી ધૂત સર્વમાં એ પ્રગટાવી જાય છે. સૌ ભારતનું નવસર્જન કરવા મંડી જાય છે.

અને સર્વોદય રાજ્યનું પેલું નાનું ગામડું ત્યારથી 'સહકાર ગ્રામ' રચવાની પ્રાણપ્રતિષ્ઠા માંડે છે. વિનોબાજી એ ગામને પાદરે આવ્યાને અને પોતાનો સંદેશ આપ્યાને વરસ વીત્યું છે ત્યાં તો વિનોબાજીની ભાવનાને મૂર્તિમન્ત કરી દેતું, 'સહકાર ગ્રામ' નિર્માણ થઇ ચૂકયું છે. ગામનું તળાવ અને રસ્તા, શાળાની ઝૂંપડી અને વાડીમાંનું બાલમંદિર, નિરક્ષરતાનિવારણ અને સાંસ્કૃતિક સભારંભો–સર્વમાં આજે સહકાર ગ્રામનું નવનિર્માણ કાર્ય પ્રતિબિંબિત થઇ રહ્યું છે અને તેથી જ ભારતનો પ્રથમ 'સર્વોદય બાળમેળો' એને આંગણે ભરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ત્યાં નથી ભાષાનો ભેદ કે નથી જાતિ, રંગ, રૂપ, ભણતર, ધર્મ કે દેશનો ભેદ. આવતી કાલનું ભારત જેમના હાથમાં આવવાનું છે તે સૌ ભારતી પ્રતિનિધિઓ અહિં એકઠા થવાના છે.

આમ જણાવીને બાળમેળાની ધમધોકાર તૈયારીઓ ચાલે છે. ત્યાર બાદ પડદા પાછળ છાયાનિર્માણ દ્વારા વિનોબાજીને તેના પદયાત્રિકો સાથે રજુ કરવામાં આવે છે અને તેઓ સાથે મળીને "ૐ તત્સત્ શ્રી નારાયણ તૂ, પુરૂષોત્તમ ગુરૂ તૂ" એ મુજબની પ્રાર્થના કરતા નજરે પડે છે.

ત્યાર બાદ પ્રદેશ પ્રદેશના અને ભારતના પડોશી દેશોનાં બાળકો પણ એકઠાં થાય છે અને તેમની સમક્ષ સર્વોદય બાળમેળાના રંજન અધિકારી શ્રી આનંદદાસજી નીચે મુજબનો સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરે છે: બાળપંખીડાનું નૃત્ય, ખેતરમાં થતી વાવણીનું સમૂહગીત, લણણીનું સમૂહ ગાયન, ભજનમંડળીનું સમૂહ ભજન, બાળકાનુડાનું ગીત, ઢેલ-મોરનું નર્તન વગેરે.

પછી સર્વોદય પાત્રની યોજના એકઠા થયેલા બાળકો સમક્ષ રજુ કરવામાં આવે છે અને સૌ બાળકો સર્વોદય પાત્રમાં કાંઇ ને કાંઇ નાણું નાંખે છે. છેવટે સર્વોદયનું સંઘગીત 'એક અમે સૌ એક' બધાં બાળકો સમૂહમાં મળીને ગાય છે અને એ રીતે આ નાટિકા પૂરી થાય છે.

આ નાટિકામાં ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેનું સમગ્ર નિરૂપણ એટલું બધું ભવ્ય અને રોચક હતું કે એ બે કલાક જાણે કે કલ્પનાના પ્રદેશમાં ઉડ્ડયન ચાલી રહ્યું હોય. એવી આનંદમુગ્ધતા એ પ્રસંગે હાજર રહેનાર સૌ કોઇ ભાઇ બહેનો અનુભવી રહ્યા હતાં. આવી ભાવનાપ્રેરક વસ્તુ રજુ કરવા માટે સહકારી વિદ્યામંદિરના આચાર્ય શ્રી જમુભાઈ દાણીને અનેક ધન્યવાદ ઘટે છે. **પરમાનંદ**

બે સમયોચિત સમર્પણો

ગયા ફેબ્રુઆરી માસ દરમિયાન બે નોંધવાલાયક સમર્પણ ઘટનાઓ બની ગઇ. આ સમર્પણોની નોંધ એ દિવસોના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થવી જોઇતી હતી પણ એ દિવસોમાં બીજી-સમયની દૃષ્ટિએ અથવા અન્ય કારણોને અંગે વધારે-મહત્વની બાબતો પ્રગટ કરવા આડે આ બન્ને નોંધો પ્રગટ થઇ શકી નહોતી. આજે પણ એ ઘટનાઓનું મહત્વ એટલું જ છે એમ સમજીને એ બન્ને ઘટનાઓની વિગતો નીચે આપવામાં આવે છે :-

(૧) યતિશ્રી હેમચંદ્રજીએ વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરને કરેલું જ્ઞાનભંડાર-સમર્પણ

ગત ફેબ્રુઆરી માસની ૨૦મી તારીખે વડોદરા ખાતે ત્યાંના લોકાગચ્છની પાટે બીરાજતા વિદ્વાન યતિશ્રી હેમચંદ્રજીએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી હસ્તક ચાલતા 'પ્રાચ્યવિદ્યામંદિર'ને ભેટ આપેલ આશરે ૬૦૦૦ પ્રાચીન હસ્તપ્રતોના સંગ્રહના યોજવામાં આવેલ પ્રદર્શનનો યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો. જ્યોતીન્દ્ર મહેતાના હાથે ઉદ્ઘાટનવિધિ કરવામાં આવ્યો હતો. અને આ અંગે એક ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો. એ પ્રસંગે પ્રાચ્યવિદ્યામંદિરના નિયામક શ્રી. ભોગીલાલ સાંડેસરાએ એક મહત્વપૂર્ણ પ્રવચન કર્યું હતું અને તેમાં "જૈન સાધુઓની જ્ઞાનાર્જન માટેની ઉપાસના અને જ્ઞાનભંડારોના સંરક્ષણ-સંવર્ધન માટેની સતત જાગરૂકતાના પરિણામે ગુજરાતમાં હસ્તપ્રતોની સમૃદ્ધિ અસાધારણ છે" એવો વિશ્વવિખ્યાત ભાષાશાસ્ત્રી ડો. આર્. એલ્. ટર્નરનો અભિપ્રાય ટાંકયો હતો અને જૈનોની સાહિત્ય-સાધનાનાં વિવિધ ઉદાહરણો આપી, ગુજરાતમાં નવમી સદીના પ્રારંભથી શરૂ થયેલી જ્ઞાનસાધનાની પ્રાચીન પ્રણાલિ આજે પણ ચાલુ છે એમ કહ્યું હતું. અને આગળ વધતાં તેમણે જણાવ્યું હતું કે "યુગપલટાને લક્ષમાં રાખીને એ પ્રણાલીની પુનઃ સ્થાપના યતિશ્રી હેમચંદ્રજીએ આજે કરી છે અને સાર્વજનિક ભાવે સાર્વજનિક સંસ્થાને એમનો અમૂલ્ય સંગ્રહ આપીને એ પરંપરાને જીવંત બનાવી છે." યતિશ્રી હેમચંદ્રજી વિષે બોલતાં ડો. સાંડેસરાએ જણાવ્યું હતું કે "તેઓશ્રી સાચા અર્થમાં ધર્મગુરૂ છે, યતિ છે. જે સંયત હોય, જે યતના કરે, જેને જૈન ધાર્મિક આચારની પરિભાષામાં જયણા કહેવામાં આવે છે તે જે સેવે તે યતિ કહેવાય. આ પ્રકારનો જ્ઞાનભંડાર, સાંપ્રદાયિક માન્યતાઓની વિરૂધ્ધ થઇ, અનેક પ્રલોભનો અને મુસ્કેલીઓનો સામનો કરી, યુનિવર્સિટી જેવી સંસ્થાને ભેટ કરતાં યતિશ્રીએ જે ચિત્તની સ્વસ્થતા રાખી, સ્થિર વિવેકબુદ્ધિને વશ વર્તી કરેલા નિર્ણયને અમલી બનાવ્યો હશે તેમાં તેમનું યતિપણું, એમની વિશાળ સહૃદયતા અને શ્રેય માટેની એમની પ્રણાલિકા-ભંજકતા વગેરેનાં દર્શન થાય છે."

પ્રસ્તુત પ્રાચ્યવિદ્યામંદિર પાસે ૧૪૦૦૦ હસ્તપ્રતોનો સંગ્રહ હતો; તેમાં આ લગભગ ૬૦૦૦ હસ્તપ્રતોનો ભંડાર ઉમેરાવાથી ઘણો ઉપયોગી વધારો થયો છે. આ ઉપરાંત બીજી ૧૦૦૦ હસ્તપ્રતો યતિશ્રી તરફથી મળવાની છે એવી યતિશ્રી તરફથી પ્રસ્તુત પ્રદર્શનના ઉદ્ઘાટન પ્રસંગે જાહેરાત કરવામાં આવી હતી. આ રીતે સમર્પિત થયેલા જ્ઞાનભંડારનું **'શ્રીપૂજ્ય જૈનાચાર્ય લોંકાગચ્છાધિપતિ શ્રી ન્યાયચંદ્રસૂરિજી તથા પૂજ્ય મહારાજ શ્રી સ્વરૂપચંદ્રજી સ્મારક જ્ઞાન ભંડાર'** એ મુજબનું નામ રાખવામાં આવ્યું છે, અને એ રીતે યતિશ્રી હેમચંદ્રજીના ગુરૂઓનું નામ આ જ્ઞાનભંડાર સાથે જોડવામાં આવ્યું છે.

ઉપર જણાવેલ પ્રસંગે બોલતાં યતિશ્રી હેમચંદ્રજીએ જણાવ્યું હતું કે "આ વિશાળ જ્ઞાનભંડારનો ઉપયોગ કરે એવા અધિકારી વારસની શોધ માટે મારૂં મન હંમેશા વિહ્વળ રહેતું. જ્ઞાનભંડારમાં ભરાઈ રહેલા જ્ઞાનને હું મુકત કરવા ઝંખતો હતો. કોને આપું એને માટે મેં કોશિષો શરૂ કરી; એવામાં દૈવયોગે ડો. સાંડેસરા સાથેનું મિલન યોજાયું. આ સંગ્રહ એના મૂળ સ્થાનમાં જ રહે એમાં જ ઔચિત્ય છે એમ મને લાગ્યું. પ્રાચ્યવિદ્યામંદિર એ માટે અધિકારી સંસ્થા છે એમ મારા અન્તરે સાક્ષી પૂરી. પરિણામે આજનો પ્રસંગ ઉપસ્થિત થયો. આ ઉત્સવ મારો નથી, આ ઉત્સવ તો જ્ઞાનભંડારનો છે, જ્ઞાનનો છે. મારા માનસિક સમાધાન માટે માત્ર નિમિત્તરૂપ બની, મેં આ જ્ઞાનભંડાર અધિકારી સંસ્થાને આપ્યો છે. એનો યથાર્થ ઉપયોગ થતો રહે એટલે આ પ્રસંગની કૃતાર્થતા સિધ્ધ થઇ કહેવાય.

"પૂર્વાચાર્યોનાં સાધનો આજે પણ વિપુલ પ્રમાણમાં છે; એવાં સાધનો તો ઘણાં ય છે, પણ સાધના કયાં છે ?" 'સાધન નથી કે સાધના નથી ?" એવો પ્રશ્ન વિચારકો સમક્ષ મૂકીને યતિશ્રીએ પોતાનું વકતવ્ય પૂરૂં કર્યું.

સમારંભ પ્રસંગે આ ગ્રંથભંડારનો આછો પરિચય આપતી એક પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે. તે ઉપરથી જાણી શકાય છે કે આ ભંડારના બધા ગ્રંથો કાગળ ઉપર લખાયલા છે અને સમયની દૃષ્ટિએ એ વિક્રમની ૧૫મી સદીથી વીશમી સદીને સ્પર્શે છે. આ સંગ્રહમાંની પ્રાચીનમાં પ્રાચીન હસ્તપ્રત વિ.સં. ૧૪૪૩માં લખાયલી કલ્પસૂત્ર અને કાલિકાચાર્યની કથાની છે.

આ પુસ્તિકાના પ્રારંભમાં જૈન ભંડારોમાંથી મળી આવતી સામગ્રીના અભ્યાસની જરૂર તરફ અંગુલીનિર્દેશ તેમ જ યતિશ્રી હેમચંદ્રજીએ અર્પણ કરેલ હસ્તપ્રતોનાં વિવિધ વિષયોનો નામ-નિર્દેશ નીચે મુજબ કરવામાં આવ્યો છે:-

"પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિકાસમાં ભારતના પ્રત્યેક સંપ્રદાયનો ફાળો છે. પ્રાચીન શ્રમણસંસ્કૃતિના બે મુખ્ય જાણીતા વિભાગો-જૈન અને બૌધ્ધ-એમનો હિસ્સો એમાં વિશિષ્ટ મહત્વનો છે. વૈદિક અથવા હિંદુ, જૈન તેમ બૌધ્ધ સંપ્રદાયોએ એકમેક ઉપર ખૂબ અસર પાડી છે; આ તેમ જ બીજા અનેક નાના મોટા સંપ્રદાયના આચાર્યો કે પંડિતો ફકત પોતાના જ ધર્મના સાહિત્યનું નહિ, પણ ભારતના પ્રત્યેક મુખ્ય સંપ્રદાયના સાહિત્યનું ઝીણવટથી અધ્યયન કરતા. આ રીતે જૈન કે બૌધ્ધ ગ્રંથભંડારોમાંથી પુષ્કળ જૈનેતર કે બૌધ્ધેતર ગ્રન્થોની અમૂલ્ય હસ્તપ્રતો મળી આવી છે. વળી પ્રાચીન ગુર્જરદેશ-હાલના ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાનનો મોટો ભાગ-જેને આપણે મારૂ-ગુર્જરદેશના નામથી ઓળખાવીએ-તેની સાંસ્કૃતિક એકતા હતી; અને એ સંસ્કૃતિના અભ્યાસ માટે, ખાસ કરીને ઇ. સ. ૧૦૦૦ થી આજ સુધીના ઇતિહાસ માટે ભારતીય સંસ્કૃતિના પ્રત્યેક અભ્યાસીએ જૈન ભંડારોમાંથી મળતી પ્રચૂર ગ્રન્થસામગ્રીનો અભ્યાસ કરવો અનિવાર્ય છે.

"એ રીતે છ હજારથી પણ વધુ હસ્તપ્રતોનો આ સંગ્રહ ખૂબ મૂલ્યવાન છે. એમાં સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, વ્રજ-હિન્દી તેમ જ મરાઠી ગ્રન્થો પણ છે. આમાં જૈન તેમ જ બ્રાહ્મણ ગ્રન્થો પણ છે. જૈન આગમ-સાહિત્ય, આચારાદિ ગ્રન્થો અને પ્રકરણ ગ્રન્થો ઉપરાંત જૈન તેમ જ જૈનેતર ચરિત્રો, કાવ્યો, કથાઓ, નાટકો, સુભાષિતો, જ્યોતિષ, આયુર્વેદ, વ્યાકરણ, ન્યાય-વૈશેષિક આદિના ગ્રન્થો, સ્તોત્રો, સ્તવનો, મંત્રશાસ્ત્રના ગ્રન્થો,

પુરાણોમાંના સંગ્રહગ્રન્થો, ગીતા, પિંગળગ્રન્થો, કામશાસ્ત્રના ગ્રન્થો, તેમ જ ગુજરાતી જૈન અને જૈનેતર રાસ, ચોપાઇ, સવૈયા, સજઝાય, ફાગ, સ્તવનો, પ્રભાતિયાં, બારમાસા, બત્રીશીઓ, પદ્યાત્મક તેમ જ ગદ્યાત્મક કથાઓ, ચરિત્રો, કાવ્યો, નાટકો, ઐતિહાસિક કાવ્યો, હરિયાલી, હમચડી, ધૂધરી જેવા કાવ્યપ્રકારો, વર્ણક ગ્રન્થો, વિજ્ઞપ્તિપત્રો, જુના પંચાંગોના નમૂના, સંગીતની રાગમાળાઓ, સામુદ્રિક શાસ્ત્રના ગ્રન્થો, ખોલપત્રો, દંડકો, આલાપો વગેરે છે."

આવો અનુપમ જ્ઞાનભંડાર વિદ્વજ્જનસુલભ બને એ હેતુથી પોતાના ગચ્છના ઉપાશ્રયના કેદખાનામાંથી તેને બહાર કાઢીને વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિર જેવી જાહેર સારસ્વત સંસ્થાને ખીનસરતી અર્પણ કરવા બદલ યતિશ્રી હેમચંદ્રજીને માત્ર જૈન સમાજના જ નહિ પણ વિશાળ ગુર્જર સમાજના અનેક અભિનન્દન ઘટે છે.

(૨) સર્વોદય સાધના આશ્રમ (ચન્દ્રેરિયા)નું મુનિશ્રી જિનવિજયજીએ વિનોબાજીને કરેલું સમર્પણ

આવા જ એક બીજા સમર્પણકાર્યની નોંધ લેતાં સવિશેષ આનંદ થાય છે. સવિશેષ એટલા માટે કે સમર્પક સાથેનો મારો સંબંધ આત્મીયતાનો છે. એક પુરાતત્વસંશોધક તરીકે મુનિ જિનવિજયજીનું નામ મુંબઇ ગુજરાત બાજુ બહુ જાણીતું છે. તેઓ મૂળ ચિત્તોડ બાજુના છે. મેવાડ તેમની જન્મભૂમિ છે. પાછળથી જૈન શ્વે. મૂ. સંપ્રદાયના તેઓ દીક્ષિત સાધુ બન્યા પણ તેમનો વિદ્યાવ્યાસંગ અને સાહિત્યઉપાસના તેમને બીજી દિશાએ ખેંચી ગઇ. પુરાતત્ત્વ સંશોધનના અને તેમાં પણ મધ્યકાલીન ગુજરાતના ઇતિહાસના ક્ષેત્રમાં તેમની સમકક્ષાના વિદ્વાનો આજે બહુ જ વિરલ જોવામાં આવે છે. મુંબઇ જેવા મોટા શહેરમાં રહીને કેવળ સાહિત્યઉપાસના પાછળ જીવન વ્યતીત કરવામાં તેઓ એક પ્રકારનો અસંતોષ અનુભવવા લાગ્યા અને શ્રમપરાયણ જીવન સુલભ બને અને ગ્રામવાસી જનતાની સીધી સેવા કરવાનો સુયોગ પ્રાપ્ત થાય એવા હેતુથી ૧૯૫૦ની સાલમાં ચિતોડ નજીકમાં આવેલ ચન્દ્રેરિયા નામના ગામમાં તેમણે ૧૯૫૦ ની સાલમાં વસન્ત પંચમીના દિવસે એક આશ્રમની સ્થાપના કરી અને તે આશ્રમને ' સર્વોદય સાધના આશ્રમ ' એવું નામ આપવામાં આવ્યું. આ માટે તેમને પુઠોલીના ઠાકોર શ્રી. રામપ્રતાપસિંહ પાસેથી માત્ર રૂા. ૫૦૦માં ૫૫ વીઘા જમીન મળી હતી. આગળ જતાં આ જ જમીનના અનુસંધાનમાં તેમને બીજી ૮૦–૮૫ વીઘા જમીન ભેટ મળી હતી. આ અરણ્ય જેવા પ્રદેશને તેમણે સાફસુફ કરાવી ખેતીલાયક બનાવ્યો; એક પછી એક જરૂરી મકાનો ઉભાં થવા લાગ્યાં; બે નવા કુવા ખોદાવ્યા; ખેતીનો પ્રારંભ કર્યો; પ્રતાપ વિદ્યાલય નામનું એક બાલવિદ્યાલય ઉભું કર્યું; ગોપાલનની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી; ગોશાળા ઉભી થઇ; આશ્રમમાં જાત જાતનાં ફળફુલનાં અનેક ઝાડો રોપવામાં આવ્યાં; અરણ્યમાં ઉપવન પેદા થયું; ગયા વર્ષના જાન્યુઆરી માસમાં પ્રતાપ વિદ્યાપીઠની સ્થાપના કરી.

આમ ચન્દ્રેરિયા જેવા દૂર ખૂણાના જંગલમાં મંગળકાર્યનાં મંડાણ થયાં હતાં. આશ્રમપ્રવૃત્તિ આન્તરબાહ્ય સ્વરૂપે વિકાસ પામી રહી હતી. મુનિજી અવારનવાર ચન્દ્રેરિયા જઇને ઠીકઠીક સમય રહેતા હતા અને ખેતી, શિક્ષણ વગેરે પ્રવૃત્તિનું રસપૂર્વક સંચાલન કરી રહ્યા હતા.

તેમની ઉમ્મર આજે ૭૧ વર્ષ વટાવી ચૂકી છે અને આંખોની જોવાની શક્તિ હવે ઘટતી રહી છે અને શારીરિક ક્ષમતા પણ ક્ષીણતાને પામતી રહી છે. એમ છતાં પણ મુંબઇ, જયપુર તેમ ચન્દ્રેરિયા અને જતાં આવતાં વચ્ચે અમદાવાદ–એમ તેમનું પરિભ્રમણ ચાલુ જ છે. અને માથા ઉપરનાં કાર્યો અને જવાબદારીઓને પહોંચી વળવા પાછળ, તેમનો અદમ્ય ઉત્સાહ અને અવિરત પરિશ્રમ કાયમ છે. આમ છતાં પણ આશ્રમ અને તાજેતરમાં શરૂ કરેલ ગામવિદ્યાપીઠના ભાવીની ચિન્તા તેમના માટે તેમ જ તેમના સંબંધીઓ માટે વ્યગ્રતાનો વિષય બને તે સ્વાભાવિક છે.

તાજેતરમાં ગયા જાન્યુઆરી માસ દરમિયાન વિનોબાજી ગુજરાત છોડીને રાજસ્થાનમાં પ્રવેશ કરી ચૂકયા હતા અને ચન્દ્રેરિયા નજીકના પ્રદેશમાં આવી રહ્યા હતા. વિનોબાજીને સમીપ આવી રહેલા જાણીને મુનિજીના દિલમાં વિચાર આવ્યો કે "અનાયાસે એક સુરમ્ય અને ઉપયુકત સ્થાનનું અહિં નિર્માણ થઇ ચૂકયું છે તો તેનો ઉપયોગ વિનોબાજીની સર્વોદય પ્રવૃત્તિને વધારે વેગ આપવા પાછળ કરવામાં આવે અને તે પ્રવૃત્તિનું આ સંસ્થાને કેન્દ્ર બનાવવામાં આવે તો કેવું સારું ?" આ વિચાર નિર્ણયમાં પરિણમ્યો અને તેને અમલી રૂપ આપવાનો પ્રયત્ન શરૂ થયો. રાજસ્થાનના પ્રમુખ ભૂદાનકાર્યકર્તા શ્રી ગોકુલભાઇ ભટ્ટ અને સર્વ સેવા સંઘના મંત્રી શ્રી સિધ્ધરાજ ઢઢ્ઢા સાથે તેમણે વાટાઘાટ કરી; વિનોબાજીના પદયાત્રાના નિયત માર્ગમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો અને ચન્દ્રેરિયા થઇને તેઓ આગળ જાય એમ નક્કી કરવામાં આવ્યું અને ગયા ફેબ્રુઆરી માસની ૯મી તારીખે વિનોબાજી ચન્દ્રેરિયા પધાર્યા. આ પ્રસંગે મુનિશ્રી જિનવિજયજીએ પોતાનો આશ્રમ અને તેની બધી મીલ્કત વિનોબાજીના ચરણોમાં અર્પણ કરતાં જણાવ્યું કે "આપના આહ્વાન ઉપર દેશમાં તથા અમારા પ્રાન્તમાં પણ, ગ્રામસ્વરાજ્યની સ્થાપના માટે કેટલાયે યુવક–યુવતીઓ કર્તવ્યનિષ્ઠાપૂર્વક સંલગ્ન થયા છે. તો મારી ઇચ્છા છે કે, આવાં નિઃસ્વાર્થ, કર્તવ્યનિષ્ઠ, ગ્રામસ્વરાજ્યના સ્વપ્નને સાકાર રૂપ દેવાવાળાં ભાઇ બહેનો આ આશ્રમને પોતાનું કાર્યક્ષેત્ર બનાવે, ગામડાંની સર્વાંગીણ ઉન્નતિ કરવાની દૃષ્ટિથી ગ્રામવિદ્યાપીઠની વિવિધ પ્રવૃત્તિઓને તેઓ ઉપાડી લે, અને દેશ તથા પ્રાન્તની સામે ગ્રામનિર્માણની, અન્ન ઉત્પાદનની, બાલ શિક્ષણ જે મહાન સમસ્યાઓ પડેલી છે તેનો ઉકેલ લાવવામાં આ સ્થાનનો પૂરો ઉપયોગ કરે."

આ આશ્રમ પાછળ આજ સુધીમાં રૂા. ૬૨૧૦૦નું રોકાણ થયું છે, જો કે તેને વિકસાવવા પાછળ જે શ્રમ લેવામાં આવ્યો છે અને મફતના ભાવમાં તેમ જ ભેટમાં મળેલી જમીનને ખેડાણલાયક બનાવતાં તેના ભાવો તેમ જ મકાનોની કીંમત જે પ્રમાણમાં આજે વધેલ છે તે જોતાં આ મીલ્કતની આજે ઘણી વધારે કીંમત આંકી શકાય. આ મીલ્કતમાં ૭ મકાનો, ગોશાળા, ૩ કુવા અને લગભગ ૧૪૦ વીઘા ખેતીલાયક જમીનનો સમાવેશ થાય છે. આમ પોતાના હાથે ઉદ્‌ભવ પામેલી અને સંવર્ધન પામેલી સંસ્થાનું આવી ઉદાત્ત ભાવનાપૂર્વક સમર્પણ કરવા બદલ મુનિશ્રી જિનવિજયજીને અનેક ધન્યવાદ ઘટે છે. અહિં એ જણાવવું પ્રસ્તુત છે કે મુનિ જિનવિજયજી પોતાને પ્રાપ્ત થયેલા અથવા ખરીદેલા ગ્રંથોનો વિપુલ સંગ્રહ તો વર્ષો પહેલાં મુંબઇના ભારતીય વિદ્યાભવનના ગ્રંથાલયને ભેટ આપી ચૂકયા હતા. आदानं हि विसर्गाय– આ દાન (મેળવવું) તે કેવળ દાન માટે જ છે એવી કવિ કાલીદાસની ઉકિત મુનિજીએ પોતાના જીવનમાં આ રીતે સાર્થક કરી બતાવી છે. મમત્વનું આવું સંકુચ અને સાર્થક વિસર્જન સૌ કોઇ માટે પ્રેરણાદાયી બને છે.

પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭ ,ધનજી ટીસ્ટ્રુ, મુંબઇ૩.
મુદ્રણસ્થાન ' ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુન ૧, ૧૯૫૯, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

દુનિયાની પુનર્રચના : એક ચિન્તન

(શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત માર્ચ માસની ૯મી તારીખથી ૧૫મી તારીખ સુધીની વસન્ત વ્યાખ્યાનમાળાની છેલ્લી વ્યાખ્યાન સભામાં ફાકાસાહેબ કાલેલકરે 'દુનિયાની પૂનર્રચના' એ વિષય ઉપર આપેલું વ્યાખ્યાન.)

પરમાનંદભાઇએ પ્રારંભમાં જ કહ્યું છે કે નિવૃત્ત થવાના મારા સંકલ્પમાં ભંગાણ પાડીને તેઓ મને આજે અહિં લઈ આવ્યા છે, વાત સાચી છે. નિવૃત્ત થવાનો વિચાર કયારનો કરતો આવ્યો છું. એની તિથિ પણ હવે જાહેર કરી છે. પણ જીવતા માણસની નિવૃત્તિ મર્યાદિત જ હોઇ શકે. માણસ જ્યાં સુધી શરીરમાંથી નિવૃત્ત થયો નથી ત્યાં સુધી; જેમ આહારમાંથી નિવૃત્ત થતો નથી તેમ મનન-ચિંતન અને લોકો સાથેની વાતચીત પણ ચલાવવાનો જ. લેખન દ્વારા ચિંતન કરવાની જેને ટેવ છે, તેનું લેખન પણ ચાલવાનું. એમ વિચાર કરીએ તો શરીર પણ એક સંસ્થા જ છે. એ સંસ્થાના સદસ્ય રહેતા હોઇએ તો બીજી કેટલીક સંસ્થાઓમાં સદસ્ય તરીકે રહેવું પડે તો એની ના પડાય નહીં. એટલે હમણાં સંસ્થાઓની જવાબદારી માથા પરથી ઉતારવી, કોઇ અધિકારને સ્થાને ન રહેવું, કોઇ નિયતકાલિકના તંત્રી ન રહેવું અને જાહેર ભાષણો કરવાની જવાબદારી માથે ન લેવી એટલો જ નિવૃત્તિનો અર્થ કર્યો છે અને એને માટે ૧૯૬૦ ની જાન્યુઆરીની ૩૦મી તારીખનો અંતિમ દિવસ નક્કી કર્યો છે. ત્યાર પછી મનન-ચિંતન, અને પ્રસંગોપાત વાર્તાલાપ એટલામાં જ વખત ગાળવાનો વિચાર છે. એને અંગે કંઇક લેખન થાય તો ભલે થાય.

આનો અર્થ એ નથી કે દુનિયાથી હું કંટાળ્યો છું. પણ શક્તિ ક્ષીણ થાય ત્યારે લોકો આપણાથી કંટાળે એ પહેલા જ માણસે નિવૃત્ત થવાનું ડહાપણ વાપરવું જોઇએ. અને જેમ પ્રવૃત્તિનો આનંદ માણ્યો, તેમ નિવૃત્તિની સુવાસ પણ માણવી જોઇએ, એ છે જીવન જીવવાનો નિયમ.

સ્વરાજ મળ્યું ન હતું ત્યાં સુધી નિવૃત્ત થવાનો કોઇને અધિકાર ન હતો. હવે તો સ્વતંત્ર ભારતનું રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવન અખંડ વહેતું જ રહેવાનું. અને એ પ્રવાહ વિશ્વમાનવના વિરાટ જીવનસાગરમાં સ્વાત્માર્પણ કરતો રહેવાનો. જેમ કાળપ્રવાહને મર્યાદા નથી એમ જીવન પ્રવાહને પણ મર્યાદા નથી.

નિવૃત્ત થતી વખતે દુનિયાનાં જીવનમાં જે પરિવર્તનો અપરિહાર્ય થયા છે તેનું ચિંતન કરવું ઉપયોગી થશે. એક વખતે આવું ચિંતન નવરાશનો વિનોદ ગણાતો. પણ હવે તો એ એક કટોકટીનો સવાલ થઈ પડ્યો છે.

પચાસ પોણોસો વરસ પહેલા સામાન્ય માણસ જ્યારે આખી દુનિયાની વાત કરતો હતો ત્યારે દુનિયા એટલે શું એની એને સ્પષ્ટ કલ્પના ન હતી. જેમ આકાશ આપણી આસપાસ ફેલાયું છે તેમ એક મોટી દુનિયા છે, તેમાં આપણું જીવન આપણે જીવવાના છીએ, આપણો ખૂણો આપણે સાચવવાનો છે, એટલો જ વિચાર માણસ કરતો હતો. એક રાજા પડોશના રાજા ઉપર ચઢાઇ કરે અથવા એક દેશ બીજા દેશને જીતવા જાય ત્યારે આખી દુનિયા ઉપર એની શી અસર થશે અને દુનિયા એમાં શો ભાગ ભજવશે એનો વિચાર તે વખતે કરવો પડતો ન હતો. હવે તો નાનો-મોટો દરેક સવાલ જાગતિક સવાલ થઇ બેસે છે અને બધા જ લોકોને એનો વિચાર કરવો પડે છે અને તેથી જ આખી દુનિયાનો વિચાર કરીને જ એકેએક સવાલનો ઉકેલ આણવો પડે છે.

દુનિયાની પુનર્રચનાનો વિચાર કરતાં પહેલાં આજની રચના કેવી છે, એ રચનાના મૂળ તત્ત્વો કયા, ક્ષેત્રો કયા, એનો ખ્યાલ પ્રારંભમાં જ સ્પષ્ટ કરવો જોઇશે.

આપણી હસ્તી કુદરત પાસેથી મળતા ખોરાક પર આધાર રાખે છે. એટલે સૌથી મોટો સાર્વભૌમ સવાલ ખોરાકનો છે. ખોરાકના સવાલમાં અન્ન, વસ્ત્ર અને રહેઠાણ ત્રણે આવી જાય છે.

ત્યાર પછી આવે છે કુટુંબસંસ્થા. આ સંસ્થા કુદરતની યોજેલી હોઈ સનાતન સંસ્થા ગણાય. નર-માદાનું આકર્ષણ અને એમાંથી પેદા થતા બચ્ચાંઓની માવજત-એ એનું મુખ્ય રૂપ છે. પણ માણસે એ રૂપ ફેરવી એમાં સામાજિક અને આધ્યાત્મિક તત્ત્વો ઉમેર્યા છે. ગીતાએ કુલધર્મોને શાશ્વતનું વિશેષણ લગાડ્યું તે એ જ કારણે. માણસે છેલ્લા સો બસો વરસમાં જીવનમાં જે જબરદસ્ત ફેરફારો કર્યા છે તે જોતાં કુટુંબસંસ્થાનો પણ, પુનર્રચનાની દૃષ્ટિએ વિચાર કરવો જ પડશે.

કુટુંબસંસ્થા કરતા વ્યાપક અને જ્ઞાતિસંસ્થા કરતાં કંઇક સાંકડો એવો એક પ્રકાર છે તે ખાનદાનનો. એક જ અટક વાળા અનેક કુટુંબો મળીને એક ખાનદાન થાય છે. જૂના વખતમાં એને પણ વંશ કહેતા હતા. રઘુવંશ એટલે રઘુની અટક રાખવ ધારણ કરનારા એના બધા વંશજો. એ-સંસ્થાનું માહાત્મ્ય મધ્યયુગ સુધી ઘણું હતું. કૌરવ-પાંડવ વચ્ચેનું યુદ્ધ, સ્કોટલેન્ડના જુદાં જુદા ખાનદાન વચ્ચેનું વેર, સુદૂર આઇસલેન્ડના પુરાણોમાં-સાગામાં-વર્ણવેલા પેઢી દરપેઢીના ઝગડાઓ અને આપણી સરહદ પરના પઠાણોની અંદરના વેરઝેર-આ વંશના પ્રભાવનો નમૂનેદાર ઇતિહાસ છે.

એવા વંશ પછી આવે છે ન્યાતો, જેનું સંગઠન ન્યાત પરત્વે જુદું જ હોય છે. કેટલીક ન્યાતો ધંધા પરત્વે બંધાઈ છે, કેટલીક ઉપાસના પરત્વે, કેટલીક રહેઠાણ પરત્વે તો કેટલીક રહેણી-કરણીના વિશેષ આગ્રહોને લઇને. ન્યાત એ સંસ્થા કેટલી જબરદસ્ત છે અને એની ઉપયોગિતા ખતમ થયા છતાં જે હજી મરવા માંગતી નથી એનો અનુભવ આપણને બધાને છે. ધર્મભેદ, વંશભેદ, વિચારભેદ આદિ અનેક તત્ત્વોને વટાવીને પણ ન્યાત પોતા

પ્રત્યે નિષ્ઠા માંગી લે છે. એ સંસ્થાનું હવે પછી શું કરવું, એનો પણ વિચાર કર્યે જ છુટકો.

ન્યાત પછી આવે છે વર્ણ. વર્ણે હિંદુ માનસ ઉપર એવો તો અધિકાર જમાવ્યો છે કે પ્રત્યક્ષ અમલમાં વર્ણ જેવી વસ્તુ ન રહી હોય તોયે એની અસર આપણાં મન પરથી ભૂંસાતી નથી. વર્ણનો અર્થ નવેસર કરીને એની સેવા મેળવવાનો પ્રયત્ન ભગવાન બુધ્ધથી માંડીને ગાંધીજી સુધી અનેકોએ કર્યો છે. એટલે હવે લાગે છે કે વર્ણવ્યવસ્થા સંસ્થા તરીકે ન રહેતાં, સામાજિક ઘટકોના આદર્શના રૂપમાં વાપરી શકાશે.

આપણે ત્યાં જેમ વર્ણવિચાર વિસ્તર્યો, તેમ માણસના જીવનના ચાર વિભાગ પાડી આપણે એને આશ્રમનું નામ આપ્યું. એ આશ્રમવ્યવસ્થા પણ ભવિષ્ય માટે કેટલે દરજ્જે ઉપયોગી નીવડશે એ પણ જોવાનું છે.

ઇશ્વરની કૃપાથી અથવા ઇતિહાસક્રમે, આપણે ત્યાં દુનિયાના બધા ધર્મો આવીને વસ્યા છે. અને એમાંના કેટલાક ધર્મો તો અસહિષ્ણુ હોવાથી પોતપોતાનું સામ્રાજ્ય ચલાવવા માંગે છે. એ ધર્મોનો સહચાર સહેલો નથી. એમના સંઘર્ષથી આખી દુનિયા અકળાઇ છે અને તેથી કેટલાક કહે છે કે ધર્મોનું કાસળ કાઢી નાખ્યા વિના માણસજાતની ભલિવાર નથી. જે ધર્મો એક કાળે રક્ષણ માટે હતા, તે જ ધર્મો અત્યારે જગતિક સંઘર્ષ ઉભો કરે છે. એમનું શું કરાય એની ચિંતા ભગવાને ખાસ કરીને આપણા લોકોને સોંપી દીધી લાગે છે. સામ્યવાદી રશીયાએ બધા જ ધર્મો પ્રત્યે તિરસ્કાર કેળવી, એમને ઉખેડી નાંખવાની સલાહ આપી છે, જ્યારે આજનું ભારત એ બધા ધર્મોને કુટુંબીઓની પેઠે, સદ્‌ભાવ સંપથી રહેવાનું સૂચવે છે. એ ધર્મ-વ્યવસ્થાનો પણ હવે આપણે વિચાર કરવો રહ્યો. ધર્મોનું સ્વરૂપ બદલાય, એનું મહત્વ વધે કે ઘટે, છતાં ધર્મો ધર્મો વચ્ચેનું અંટસ ઓછું નથી થતું. તેથી ધર્મોનો સવાલ આજે આખી દુનિયાને અકળાવે છે.

ધર્મોનું જેમ અધ્યાત્મિક સંગઠન છે, તેમ રાજનૈતિક સંઘઠનની દૃષ્ટિએ છેલ્લા સો-પાંચસો વરસની અંદર રાષ્ટ્રોનું સંગઠન થતું આવ્યું છે. એક વખતે મેંઢીની જેવાઓએ રાષ્ટ્રીયતાની પ્રતિષ્ઠા એટલી બધી વધારી કે પશ્ચિમની દુનિયામાં લોકો રાષ્ટ્રની જ પૂજા કરવા લાગ્યા. એ સંગઠનની અસર આજે આખી દુનિયામાં ફેલાયેલી છે. રાષ્ટ્રીયતાની બોલબાલા હજી ઓછી નથી થઇ, અને છતાં એ સંગઠનને કોઈ વિશેષ ભવિષ્ય હોય એમ લાગતું નથી.

રાષ્ટ્રોમાંથી સામ્રાજ્યો ઉદ્‌ભવ્યા, ખીલ્યા, લડ્યા અને પડ્યા. હવે એમની પ્રતિષ્ઠા છાંટાબાર રહી નથી. અને છતાં લોકોના હૃદયમાંથી સામ્રાજ્યો ગયા જ છે. એમ નહીં કહેવાય.

જેમ કુટુંબસંસ્થા કુદરતી ગણાય છે તેમ ધોળા, કાળા, પીળા, લાલ અને ઘઉંવર્ણા લોકોની મહાજાતિઓ કુદરતી રીતે બંધાઇ છે. આ મહાજાતિઓને પણ આપણે વંશ કહી શકીએ. મહાજાતિઓ વચ્ચેના ઝગડા કેવળ ગોરી ન્યાતના લોકોએ જ વધારી દીધા છે. બાકીની દુનિયા રંગભેદને એટલું બધું મહત્વ આપતી નથી. પશ્ચિમના લોકો હવે સમજતા થયા છે કે ગોરી ચામડીની ધાક જમાવી એમણે જે વિશ્વવિજય કર્યો તે હવે ટકવાનો નથી. અને છતાં મેળવેલો લાભ અને કેળવેલી પ્રતિષ્ઠા છોડાતી નથી. એ અહંકારને ઠેકાણે પાડી દુનિયાને કેમ બચાવવી અને મહાવંશના સંબંધ હવે પછી કેવા રાખવા એ પણ દુનિયા આગળનો એક સવાલ છે.

આ ઉપરાંત ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના ભેદોને કારણે સ્વ-પર ભાવ કેળવાય છે અને માનવતા ખંડિત થાય છે પણ દુનિયા આગળનો મોટો સવાલ છે.

અને છેલ્લામાં છેલ્લો સવાલ એ મૂડીવાદ, સામ્યવાદ, સર્વોદયવાદ વગેરે તાત્ત્વિક મતભેદોને કારણે માનવજાતિની અંદર જે વાડા પડે છે, તેનો છે. આને સમજાવવાની જરૂર નથી. એ વાદો આપણને આજકાલ એક નિમિષ પણ જંપવા દેતા નથી.

આ છે આજની દુનિયાની રચના અને એની મૂંઝવણ. ભૌગોલિક રીતે જુની દુનિયા અને નવી દુનિયા, પૂર્વના દેશો અને પશ્ચિમના દેશો, પશ્ચિમની 'સ્વતંત્ર' દુનિયા અને એને દોરનાર અમેરિકા, તેમ જ પૂર્વની સર્વાધિકારી સામ્યવાદી દુનિયા અને એને દોરનાર રશિયા, ચીન. એ બે શિબિરો પણ આજની દુનિયાની દુર્દૈવી અને ભયાનક રચના જ ગણાય.

આની આ દુનિયાને બચાવવા માટે અને માનવીજીવન કૃતાર્થ કરવા માટે એની પુનર્રચના કેમ કરાય એ આપણો મોટામાં મોટો સવાલ છે, જે આપણે આવતી કાલ ઉપર ઠેલી પણ ન શકીએ.

ખેતી શરૂ થઇ તે પહેલા માણસ પશુઓ રાખતો અને ખોરાકની શોધમાં પશુઓની પાછળ પાછળ જતો-ચતુષ્પાદનો અનુયાયી દ્વિપાદ. ખેતી આવી અને હળ ચાલ્યું. પછી તો માણસે પશુઓને નાથીને એમની પાછળ પાછળ ચાલવાનું પસંદ કર્યું. માણસનું રખડવાનું ઓછું થયું, ખેડ-ખાતરને જોરે એક જ ઠેકાણેથી પોતાનો ખોરાક મેળવવાની યુક્તિ માણસને હાથ લાગી અને એમાંથી જ ગ્રામસંસ્કૃતિ, નગરસંસ્કૃતિ વગેરે સાંસ્કૃતિક વિકાસ ફાલ્યો.

(૨)

હવે દુનિયાના ખોરાકનો સવાલ લઇએ. એનો સવાલ લોકસંખ્યા સાથે સંકળાયેલો છે. દરેક દેશે સ્વાવલંબનની દૃષ્ટિએ અને રાષ્ટ્ર-રક્ષાની દૃષ્ટિએ પણ ખોરાકની બાબતમાં સ્વયંપૂર્ણ હોવું જોઇએ. અને જ્યારે આપણે આખી દુનિયાની એકતા સ્વીકારીએ છીએ ત્યારે કોઇ પણ ખૂણે ભૂખમરો હોય તો દરેક દેશે, પોતાની શકિત પ્રમાણે, વધારેમાં વધારે અન્ન ઉત્પન્ન કરવું જોઇએ અને જ્યાં અન્નની કમી હોય ત્યાં એ, લેનારને પોસાય એ ભાવે અન્ન આપવું પણ જોઇએ. એક કુટુંબના લોકો અંદર અંદર જે નીતિથી વરતે છે તે જ નીતિ આખી દુનિયા માટે લાગુ કરવા તરફ માણસજાતને વાળવી જોઇએ એ વિષે શંકા નથી. જે દેશના, સમાજના કે વર્ગના લોકો અજ્ઞાન, અસંસ્કારિતા કે અણઘડપણાને લીધે મુશ્કેલીઓ ઉત્પન્ન કરે છે તેની જવાબદારી પણ આખી દુનિયાએ વેહ્યે જ છુટકો છે. યુરોપ અમેરિકાની પ્રજાએ પોતાના સ્વાર્થ, મહત્વાકાંક્ષા અને અમાનુષિતાને કારણે એશિયા, આફ્રિકા, અમેરિકા અને બીજા પ્રદેશના લોકો ઉપર જે ક્રૂર વર્તાવ્યો તે, ભલે લાચારીથી, આપણે બધાએ સહન કરી જ લીધો. વિશ્વકુટુંબનો આદર્શ ઐચ્છિક ન જ હોઈ શકે. બધા વંશના લોકો મળીને માનવીકુટુંબ બને છે એટલે આપણે બધા એકબીજા માટે જવાબદાર છીએ જ.

તેથી જ્યાં લોકસંખ્યા વધારે હોય ત્યાંના લોકોને પાતળી લોકસંખ્યાવાળા દેશોમાં જઇને વસવાની સગવડ મળવી જ જોઇએ. યુરોપની પ્રજાએ આજ સુધી 'બળીયાના બે ભાગ' એ ન્યાય જાણે યોગ્ય હોય એવી જ રીતે ચલાવ્યું. એમાંથી એ પ્રજા એક બાજુએ ચઢી અને બીજી બાજુએ પડી પણ છે. યુરોપ અમેરિકાની જીવનદૃષ્ટિ શુદ્ધ, નિરોગી અને ન્યાયયુકત છે એમ ન જ માની શકાય. મહાયુદ્ધને અંતે યુરોપના નેતાઓએ અને અમેરિકાએ પણ જે ઢબે એકબીજાને મદદ કરી, તે જ ઢબે વિશ્વ-કુટુંબ ભાવનાથી કાળા, ગોરા, પીળા આદિ બધા જ વંશના લોકોને મદદ કરવી જોઇતી હતી.

ટૂંકામાં કહીએ તો દુનિયાની પુનર્રચનામાં લોકસંખ્યાની વહેંચણી ન્યાયયુકત થવી જોઇએ. અને તે જ પ્રમાણે ખોરાકનું પણ. આમ કરીએ ત્યારે જ પછાત લોકોનું અજ્ઞાન અને એમની અકુશલતા દૂર કરવાની ફરજ બધા તરત સ્વીકારી લેશે.

ભારતમાં પોતાનું રાજ્ય જમાવ્યા પછી અંગ્રેજો વિલાયતના લોકોને અહિં નોકરી આપતા અને કહેતા કે 'એમનું જીવનધોરણ ઊંચું છે, માટે એમને પગાર વધારે આપીએ છીએ. તમ લોકોનું જીવનધોરણ નીચું છે, માટે ઓછું આપીએ છીએ. આ જ દેશના લોકોની સેવા માટે આમ બે જાતનાં ધોરણ, નિયમ તરીકે ચલાવવામાં અન્યાય છે એ જોવાની એમની ના હતી. (જીવનધોરણમાં ભેદ હોઈ શકે છે અને જેની સેવા લીધા વગર છૂટકો નથી એને એની જરૂરીયાત જેટલું આપવું જોઇએ–એ વાત કબૂલ છે, પણ રાજ્યકર્તા તરીકે પોતાના લોકોની સેવા જિત લોકો ઉપર લાદવાની નીતિ વિષે જ વાંધો ઉઠાવ્યો છે.)

દુનિયાની કુલ લોકસંખ્યા અને ખોરાકનો કુલ જથ્થો, એનો હિસાબ કર્યા પછી, અને દરેક પ્રજાની ખોરાક વિષેની ટેવો અને હાજતોનો વિચાર કરી, અન્નની વહેંચણી થવી જોઇએ. કુટુંબના કર્તા માણસ જે ઢબે ત્રાજવાનો ન્યાય તોળ્યા વગર, પ્રેમથી બધાનાં હિતનો વિચાર કરે છે, તે જ રીતે આખી દુનિયા વિષે વિચાર થવો જોઇએ.

આમાં માંસાહારનો સવાલ પણ અમુક ઢબે આવી શકે છે. કેટલાક લોકો કહે છે કે માણસને માંસ ખાવું હોય તો પશુઓની હસ્તી ટકાવવી જોઇએ. પશુઓ ખોરાક વગર જીવી શકે નહીં, એટલે પોતાના ખોરાક માટે અમુક જમીન માંગી જ લે છે. એ જ જમીન જો માણસના ખોરાક માટે ધાન્ય, ફળ, શાક કે કંદમૂળ ઉગાડવા માટે વપરાય તો માણસને વધારે ખોરાક મળે. એટલે કે માંસાહાર સરવાળે, મોંઘી વસ્તુ છે અને માણસજાતનું નુકસાન જ કરે છે. અનુભવે જો આ વાત સાચી નીવડે તો આપણે માણસને, દયાધર્મને કારણે નહીં, પણ બુદ્ધિયુકત સ્વાર્થ સાધવા માટે કહી શકીએ કે ગાય, બળદ, ઘેટાં, બકરાં અને કૂકડા મરઘા ખાવાનું છોડી દેવું જોઇએ.

એ દલીલ આપણે મત્સ્યાહાર વિષે લાગુ નથી કરી શકતા. કેમ કે જે જલાશયમાંથી માણસ માછલી મેળવે છે એ જ જલાશય બીજો ખોરાક મેળવવા માટે વધારે લાભદાયી નીવડી શકયો નથી. માણસના ખોરાક માટે વિશાળ સમુદ્રનો આપણે બીજો શો ઉપયોગ કરી શકીએ? એટલે ત્યાં તો જીવદયાની વાત માણસજાતનાં મનમાં પૂરી ઠસે ત્યાં સુધી રાહ જોવાની રહી, અને મત્સ્યાહારની અવેજીમાં બીજો કોઇ અહિંસક આહાર શોધી કાઢવો રહ્યો.

વિજ્ઞાનની મદદથી એકર દીઠ વધારે અન્ન તૈયાર કરવાનો આપણો પ્રયત્ન વધારે જોરથી ચાલવો જોઇએ. યુદ્ધમાં માણસને મારવાના નવા નવા સાધનો ઉત્પન્ન કરવા પાછળ જે ભેજું અને વિજ્ઞાન વપરાય છે તે ખોરાક વધારવા પાછળ અને ખોરાકની હાજત ઘટાડવા પાછળ વાપર્યું હોય તો તે માણસાઇને શોભશે. એટલે આ સવાલ કોઇ એક દેશનો નથી, આખી દુનિયાનો છે, એટલે જાગતિક પાયા ઉપર જ એનો ઉકેલ શોધવો રહ્યો.

માણસ જેટલો ખોરાક ખાય છે તેટલો બધો એને માટે જરૂરી છે એમ ન કહેવાય. જ્યારે મળે છે ત્યારે માણસ બીજાને ભૂખે મારીને પણ, કેવળ સ્વાદતૃપ્તિને અર્થે વધારે ખાય છે, વધારે વાર ખાય છે અને પોતાનું આરોગ્ય, પોતાની શકિત અને પોતાની આવરદા ખુટાડતો જાય છે. આનો કશો જ હિસાબ નથી. માણસને મરજીમાં આવે તેટલો સ્વાદાનંદ મેળવવાનો હક છે એમ માનવું અથવા કહેવું તે આરોગ્યવિજ્ઞાનનો દ્રોહ કરવા જેવું છે. એવો વિચાર સુશિક્ષિત અને સંસ્કારી માણસને છાજે નહીં.

વિજ્ઞાનની મદદથી અને યોગવિદ્યામાં કંઇક હોય તો એની મદદથી પણ, શરીરનો વસારો ઓછો કરવો અને ઓછો ખોરાક ખાઇને પણ માણસ નિરોગી અને દિર્ઘાયુ થઈ શકે એવો રસ્તો શોધી કાઢવો જોઇએ. એ દિશાએ આપણે પ્રયત્ન કર્યો નથી, કેમ કે માણસજાત હજી એટલી સુશિક્ષિત થઇ નથી. થોડા ખોરાકમાંથી ઘણું પોષણ મેળવવાની શકિત આપણું શરીર કેળવે એ દિશાએ પ્રયત્ન થવા જોઇએ. એમ કરતાં આખા શરીરની રચનામાં જ કાયમી ફેરફાર થાય તો તે સુધારો જ ગણવો જોઇએ. Evolution એટલે કે વિકાસવાદ સાક્ષી પૂરે જ છે કે આ વસ્તુ શકય છે.

અત્યાર સુધીનો વિકાસ કુદરતની ઢબે થયો. હવે પછીના વિકાસને માણસ પોતાના આદર્શને અનુસરીને વળાંક આપી શકે છે. આ દુનિયામાં માણસ કરતા શ્રેષ્ઠ કશું છે જ નહીં. જે દિવસે માણસમાં અહિંસા પૂરી રીતે પ્રગટશે અને એની વિજ્ઞાનની ઉપાસના ચરમ કોટિએ પહોંચશે, ત્યારે એ આખી સૃષ્ટિનો સ્વામી થઇ શકશે, ઉત્તમ સેવક તો થશે જ.

અપૂર્ણ

કાકા કાલેલકર

'માનસ દર્શન'

(લેખક; શ્રી રમણલાલ પટેલ; પ્રકાશકઃ મેસર્સ એન. એમ. ત્રિપાઠી પ્રા. લી. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ–૨; કીંમત રૂ. ૩.૭૫)

'માનસ દર્શન' શ્રી રમણભાઇએ મને આપ્યાને લગભગ એક વરસ થયા આવ્યું. પણ એક યા બીજા કારણે તેનું વાંચન અધુરું જ રહી જતું હતું. તાજેતરમાં તે પૂરું કર્યું અને આખા પુસ્તક ઉપર ઉડતી દૃષ્ટિ ફરીથી નાખી ગયો. આજના ગુજરાતી સાહિત્યના પ્રકાશનોથી હું પૂરો માહીતગાર નથી. તેથી ગુજરાતી સાહીત્યમાં આ વિષયને લગતાં કોઇ પુસ્તકો પ્રગટ થયા છે કે નહિ તેની મને ખબર નથી. મારા વાંચવામાં તો આ વિષયને લગતું સૌથી પહેલું પુસ્તક આ જ આવ્યું છે. સીગમંડ ફ્રોઇડ, જેઓ મનોવિશ્લેષણ શાસ્ત્રના પ્રણેતા છે, તેમનું નામ તો ઘણાં વર્ષોથી હું સાંભળતો રહ્યો છું, પણ તેમનું કોઇ પુસ્તક હજુ સુધી મારા વાંચવામાં આવ્યું નથી. તેથી મારા માટે 'આ માનસ દર્શન' માનવી જીવનને લગતા એક નવા જ પ્રદેશમાં પ્રવેશ કરાવનાર બન્યું છે.

આપણા મન પાછળ એક અજ્ઞાત મન–Sub-Conscious Mind–છે અને તેમાં ભૂતકાળના સંસ્કારો ભર્યા પડ્યા હોય છે અને તે સંસ્કારો આપણા જાગૃત મનને–Conscious Mind–ને સતત દોરે છે અને તેથી આપણું મન ઇચ્છે છે તે પ્રમાણે વર્તી શકતું નથી. આમ હોવાથી આપણા જીવનમાં માનસિક–વર્તનમાં–અવારનવાર એક પ્રકારનો વિસંવાદ માલુમ પડે છે. આ વિસંવાદ દૂર કરવો હોય તો કેવળ જાગૃત મનની પ્રક્રિયાઓનું પૃથકકરણ અને નિદાન પૂરતા નથી પણ તેને નચવનાર, દોરનાર અને તેનો અવારનવાર પરાભવ કરનાર અજ્ઞાત મનનાં મૂળ જાણવા તપાસવાની જરૂર છે. આ મૂળ બરોબર જાણવામાં આવ્યા તો જ તેનો છેદ થઇ શકે. આ કાર્ય મનોવિશ્લેષક–Psyichoanalist–નું છે. કેટલીયે માનસિક વિકૃતિઓ અને તે કારણે પેદા થતી શારીરિક વિકૃતિઓ દૂર કરવામાં ચાલુ વૈદ્ય કે ડાકટર જરા પણ ઉપયોગી થઇ શકતા નથી. તેનો ઉપાય સાઇકો એનેલીસ્ટ–મનોવિશ્લેષકની મદદ અને માર્ગદર્શન વડે જ શકય બને છે.

આ અજ્ઞાત મન વિષે લખતાં શ્રી રમણભાઇ જણાવે છે કે "આપણે જેને આપણા મન તરીકે ઓળખીએ છીએ તેના

કરતાં અજ્ઞાત મન ઘણું વિશાળ છે. એમાં શું શું થઇ રહ્યું છે એ વિષે આપણને જ્ઞાન હોતું નથી. તેથી તેને અજ્ઞાત મનના નામથી ઓળખવામાં આવે છે. આ અજ્ઞાત મનની આપણી શારીરિક તેમજ માનસિક ક્રિયાઓ ઉપર ચાલુ અસર રહ્યા કરે જ છે. આપણી બધી વૃત્તિઓને અજ્ઞાત મન સાથે સીધો સંબંધ હોવાથી વૃત્તિઓને દોરવાનું કામ એ કરે છે.

આ અજ્ઞાત મન એવું છે કે જેના પર સમય અને સ્થળની અસર થતી જ નથી. તે કાલાતીત છે; વાસ્તવિકતા કે નીતિથી તે પર છે. એવા અજ્ઞાત મનમાં વિચારો ઉત્પન્ન થઈ જ્ઞાત મનમાં આવે છે ત્યારે તે ભાષા–શબ્દનો સાધન તરીકે ઉપયોગ કરે છે.

શબ્દનો ઉપયોગ કર્યા વગર તમે વિચાર કરી શકો છો? એક ઘડિભર થોભી જઇ શબ્દનો ઉપયોગ કરવાનું અટકાવી દઇ, જુઓ, તમારા મનમાં શું થાય છે? તમને વિચાર આવે છે? તમને આનંદ કે ગુસ્સો થાય ત્યારે શું થાય છે? આનંદ તમને શબ્દોમાં આવે છે? ગુસ્સો તમને ભાષા હોય તો જ આવે છે? આપણા મનમાં જાગતા ભાવને વ્યકત કરવા માટે આપણે ભાષાનો ઉપયોગ કરીએ છીએ, એટલે ભાષા એ આપણા ભાવો વ્યકત કરવાનું સાધન છે.

અજ્ઞાત મનમાં ભાષા કે એના જેવું બીજું કોઇ સાધન નથી. તેમાંથી જે ભાવ કે વૃત્તિ બહાર આવે છે તે વિચાર કે વર્તન મારફતે વ્યકત થઇ જાય છે. માણસ પોતે પણ સમજે છે કે તેનાથી એવા ઘણાં વર્તનો થઈ જાય છે કે જે તેને કરવા હોતાં નથી; ઘણા એવા વિચારો આવે છે કે જે ન આવે એવું તે ઇચ્છે છે. આ ઉપરાંત એ પોતાનાં વર્તનની પાછળનો હેતુ એ પોતે ઘણી વાર સમજી શકતો નથી. અજ્ઞાતપણે થતી આ બધી ક્રિયાઓને કારણે અજ્ઞાત મનના અસ્તિત્વ વિષેનો ખાત્રીપૂર્વકનો અનુભવ આપણને થાય છે, અને સમજાય છે કે અનિચ્છનીય વિચારોને કે વર્તનોને દૂર કરવા માટે અજ્ઞાત મનમાં રહેલાં તેનાં મૂળ કાઢી નાખવાની જરૂર છે."

આ સંબંધમાં વધારે માહીતી આપતાં શ્રી રમણભાઇ પોતાના પુસ્તકમાં જણાવે છે કે "આપણો પોતાનો ભૂતકાળ આપણા એકાએક વર્તનને ઘેરે છે. એ ભૂતકાળ–એ અજ્ઞાત મન–આપણે જે વિચારીએ છીએ, જે વર્તીએ છીએ તે નિયત કરે છે. તેની પકડમાંથી છુટવું બહુ જરૂરી છે. મનોવિશ્લેષણ સાબીત કરી શકયું છે કે પહેલા વર્ષથી શરૂ થઇ છઠ્ઠા વર્ષ સુધીમાં જે કાંઇ બને છે તે આપણો ભૂતકાળ બની રહે છે, તેમાંથી આપણું અજ્ઞાત મન બંધાઇ જાય છે; જે ત્યાર પછીથી આપણા એક એક વર્તનને દોરે છે. આથી આપણા જીવનનું ધ્યેય જે કાંઇ હોય તે વિષે જ્ઞાન થવાનું છે. અને જ્યાં સુધી અજ્ઞાત મનમાં પ્રવેશ કરાવી શકે, તેવું કોઇ સાધન આપણા પાસે ન હોય ત્યાં સુધી તે અશકય છે. આ કારણે મનોવિશ્લેષણ અસ્તિત્વમાં આવ્યું તે પહેલાં અજ્ઞાત મન શું છે તે જાણવાનો કે સમજવાનો કોઈ ધાર્મિક, આધ્યાત્મિક કે નૈતિક પદ્ધતિએ પ્રયત્ન કરેલો જ નહિ. એથી તેઓએ અજ્ઞાત મનને બાજુએ રાખીને જ જુદા જુદા સિદ્ધાન્તોની યોજના કરી છે."

વળી શ્રી રમણભાઈ આ પુસ્તકના પ્રવેશકમાં જણાવે છે કે જે કરવું નથી તે કેમ થઇ જાય છે તેનો જવાબ શોધવાનો ભગીરથ પ્રયાસ સીગમન્ડ ફ્રોઇડનાં પુસ્તકોમાં મને દેખાયો. ફ્રોઇડે જોયું કે વૃત્તિનિરોધ કરવાના માર્ગમાં જો કાંઇ આડે આવતું હોય, જો કોઇ પ્રબળ વિક્ષેપ હોય તો તે આપણા પોતાનામાં અજ્ઞાતપણે થતી દમન (Repression) ની ક્રિયા છે. જ્યાં સુધી વૃત્તિઓનું દમન ચાલુ રહે છે ત્યાં સુધી આપણે માનસિક બિમારીઓના ભોગ થઇ જ પડવાના અને હરહંમેશ સત્ય વર્તન કરવા માટેનો પુરૂષાર્થ નિષ્ફળ જવાનો. તેમણે કહેલી આ વસ્તુ એટલી બધી સચોટ અને સત્ય છે કે તેને આધારે માનસિક બિમારીથી પીડાતા માણસોને આજે સાજા કરી શકાય છે.

અજ્ઞાતપણે આપણામાં ચાલતી દમનની ક્રિયાને કારણે આપણે જ્યાં હતા ત્યાંના ત્યાં વારંવાર ફેંકાઇ જઇએ છીએ તેવું ફ્રોઇડને પ્રથમ દેખાયું અને દમનની એ ક્રિયાને અટકાવવા માટે અજ્ઞાત મનમાં પ્રવેશ કરવાની પધ્ધતિ તેમણે શોધી કાઢી.. તે પધ્ધતિનું તેમણે મનોવિશ્લેષણ (Psychoanalysis) નામ આપ્યું."

આ પધ્ધતિનો અનેક દૃષ્ટિઓ ઉપર ઉપયોગ કરતાં શ્રી રમણભાઇને જે જે જાણવાનું મળ્યું છે તે આ માનસ દર્શનમાં રજુ કરવાનો તેમણે પ્રયત્ન કર્યો છે. અનેક રસપ્રદ કીસ્સાઓ આ પુસ્તકમાંથી આપણને જાણવા મળે છે અને મનોવિશ્લેષણની પ્રક્રિયાઓથી ભાત ભાતની માનસીક વિકૃતિઓ અને તેના શારીરિક પ્રત્યાઘાતોનુ કેવી અજબ રીતે નિવારણ થઇ શકે છે તે વિષે આ પુસ્તકમાંથી આપણને ઘણું નવું જાણવાનું, સમજવાનું તેમ જ વિચારવાનું મળે છે. કેટલાક કિસ્સાઓ સંબંધમાં શ્રી રમણભાઇએ કરેલાં અનુમાનો આપણને ગળે ઉતરે તેવાં લાગતા નથી પણ તેથી તે ખોટાં છે એમ આપણે એકાન્તપણે કહી ન શકીએ. વળી આજકાલ મનોવિશ્લેષણના નામે ચાલી રહેલો તરેહ તરેહનો અતિરેક અને વિકૃતિ માત્રને Suppressed Sex-instinct–દબાયલી યૌન વૃત્તિ–સાથે જોડવાનો અતિશયતાભર્યો પ્રયત્ન આપણા જોવા સાંભળવામાં આવે છે. આવો અતિરેક કે અતિશયતા રમણભાઇના પુસ્તકમાં જોવા મળતા નથી. તેમણે તો દર્દીઓની ચિકિત્સા અને નિદાનની સાદી સીધી વાતો પોતાના પુસ્તકમાં કરી છે જે આપણામાં રસ, કુતૂહલ અને વિસ્મય પેદા કરે છે. એક નવા વિષયની પ્રવેશપોથી તરીકે આ પુસ્તકનું નિર્માણ ખરેખર આવકારયોગ્ય અને અભિનન્દનને પાત્ર છે.

આખા પુસ્તકનું ધ્યેય માનવીના ચિત્તમાં રહેલી અનેક પ્રકારની ગ્રંથિઓથી–Complesces–થી માનવીને મુકત કરવાનો છે, અને તે કાર્ય માટે જ્ઞાત મન તેમ અજ્ઞાત મન–ઉભયનું સ્વરૂપ જાણવું આવશ્યક છે. સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્યની પ્રાપ્તિ અર્થે આવો ગ્રંથિભેદ અતિ મહત્વનો છે, જે સૌ કોઇને સહજ સુલભ નથી. આમ વિચારતાં પ્રસ્તુત વિષયના સંદર્ભમાં બંધ બેસતી એવી શ્રીમદ્ રાજચન્દ્રે રચેલી બે સુપ્રસિદ્ધ પંકિતઓ સહજ ભાવે યાદ આવે છે. આ પંકિતઓ નીચે મુજબ છે.

"અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રન્થ જો?"

—પરમાનંદ

સાચી સભ્યતા

(ત્રિપુરા–મહારાજકુમાર ઉપરનો શ્રી. રમણીક મેઘાણી અનુવાદીત જનસત્તા દૈનિકના તા. ૨–૫–૫૯ ના અંકમાં પ્રગટ થયેલ કવિવરનો એક બીજો પત્ર સાભાર ઉધ્ધૃત કરવામાં આવેલ છે. તંત્રી.

કલ્યાણીયેષુ,

મનમાં નિશંક માનજો કે ગરીબાઇ એ અપમાન નથી. લંગોટીમાં પણ શરમાવા જેવું નથી. ખુરશી–ટેબલ વગેરે સરસામાનના અભાવમાં લેશમાત્ર અસભ્યતા નથી. ધનસંપત્તિ, વ્યાપાર–વાણિજ્ય અને ફર્નિચરની બહોળપને જ જેઓ સભ્યતાનું લક્ષણ કહેતા ફરે છે તેઓ જ ગાલિયતને જ સભ્યતા ગણાવી સ્પર્ધા કરે છે. ખરી રીતે સાચી સંભ્યતા શાંતિ–સંતોષમાં, મંગળમાં, ક્ષમામાં અને જ્ઞાન–ધ્યાનમાં જ છે. સહિષ્ણુ બની, સંયમી થઈ, પવિત્ર રહી, નિજમાં જ નિજને સમાવી, બહારના બધા જ શોરબકોર અને આકર્ષણને તુચ્છ ગણી પરિપૂર્ણ શ્રદ્ધાપૂર્વક એકાગ્ર સાધના દ્વારા પૃથ્વીના આ પ્રાચીનતમ દેશના સાચા સપૂત થવા, પ્રથમતમ સભ્યતાના અધિકારી બનવા અને પરમતમ બંધનમુકિતનો આસ્વાદ માણવા તૈયાર થાઓ..... આશીર્વાદક

રવીન્દ્રનાથ ટાકુર

વિનોબાજી સાથેની પ્રશ્નોત્તરી

વિનોબાજીની સૌરાષ્ટ્રની પદયાત્રા દરમિયાન ભાવનગરથી, રાજકોટથી થોડે દૂર ધંટેશ્વર સુધીના (તા. ૮-૧૧-૫૮થી તા. ૨૨-૧૧-૫૮ સુધીના) ઘણા ખરા દિવસો તેમની સાથે પદયાત્રામાં જોડાવાનું બનેલું અને તે દરમિયાન તેમની સાથે ચર્ચા કરવાની છુટી છવાઇ તકો મળેલી. આ ચર્ચા દરમિયાન તેમની સાથે જે પ્રશ્નોત્તરી થયેલી તેની નોંધ સ્મરણના આધારે એ જ દિવસોમાં તૈયાર કરી હતી, પણ હજુ સુધી તે પ્રગટ કરવાનો આવકાશ મળ્યો નહોતો. વિનોબાજીના ઉત્તરો સંબંધમાં એટલી સ્પષ્ટતા કરવાની જરૂર છે કે તેમના બધા ઉત્તરો મારા માટે સંપૂર્ણપણે પ્રતીતિકર હતા એમ કોઇ ન માને. વિનોબાજી સંબંધમાં મનનું આવું કાંઇક વળણ રહેતું કે તેમના જવાબો પૂરા પ્રતીતિકર ન લાગે તો પણ તેમની સાથે ચર્ચા-પ્રતિચર્ચા કરવાને બદલે તેઓ કોઇ પ્રશ્નના ઉત્તરમાં જે કાંઇ કહે તે સાંભળી લેવું, મનમાં ભરી લેવું અને પછી તે નિરાંતે વાગોળવું; આમ કરતાં વળી પાછું કાંઇ પૂછવા જેવું લાગે તો તક મળ્યે પૂછી લેવું; કદિ આવી બાબત વણપૂછી રહી પણ જાય. વિનોબાજી બહુશ્રુત તો છે જ; પણ તે ઉપરાંત મૌલિક ચિન્તક છે. તેમના જવાબો વસ્તુતત્વને ઊંડાણથી સ્પર્શતા લાગે છે. તેમની સાથે પ્રશ્નોત્તરની ભૂમિકા એક વખત ઉભી થયા પછી મનમાં એમ જ થયા કરે છે કે જ્યારે પણ તક મળે ત્યારે તેમને કાંઇ ને કાંઇ પૂછ્યા જ કરીએ અને તેમના વાણીપ્રવાહને વહેતો સાંભળ્યા જ કરીએ. તેમના દરેક જવાબમાં મૌલિક અભિગમનો આપણને અનુભવ થાય છે અને આપણે કાંઇક નવું જાણી રહ્યા છીએ એવો આનંદ તથા સંતોષ થાય છે. હવે જુદે જુદે વખતે સુઝયા તે મુજબ મેં કરેલા પ્રશ્નો અને વિનોબાજીએ આપેલા ઉત્તરો તરફ આપણે વળીએ.

પ્રશ્ન ૧: પ્રજાનું શિક્ષણ સરકારથી તદ્દન સ્વતંત્ર હોવું જોઇએ એમ આપે ગઇ કાલે સોનગઢ ખાતે કહ્યું: સરકાર આખરે કોણ છે? દેશવ્યાપી શિક્ષણપ્રદાનની જવાબદારી સરકારની નથી? જો સરકાર આર્થિક મદદ આપે તો તેના સંચાલનમાં સરકારને કશો અવાજ હોવો ન જોઇએ?

જવાબ:—આ સંબંધમાં મારા વિચારો આ મુજબ છે. વૈજ્ઞાનિક કોઇપણ શાખાનું શિક્ષણ સરકાર આપે તે સામે મને કોઇ જાતનો વાંધો નથી. પણ જેને પ્રાથમિક ધડતર આપતું Liberal Education પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ કહે છે તેની, પ્રજાએ પોતા તરફથી જ વ્યવસ્થા કરવી જોઇએ. અને સરકારનું તે ઉપર કશું પણ નિયંત્રણ હોવું ન જોઇએ. પણ સરકારે પ્રજાના આવા પ્રયત્નોને બને તેટલી આર્થિક સગવડ આપવી જોઇએ. પ્રજાએ આ વ્યવસ્થા કરવી જોઇએ. તેનો અર્થ એ કે પ્રજાસમુદાયમાં આ વિષયના જે જાણકારો હોય તેમની મારફત આ વ્યવસ્થાનો પ્રબંધ હોવો જોઇએ. આ પાછળ એ વિચાર પણ રહેલો છે કે શિક્ષણને કોઇપણ પક્ષની રાજનીતિ સાથે સંબંધ ન હોવો જોઇએ. આજે આપણે કેરલની સરકાર સામે ફરિયાદ કરીએ છીએ કે ત્યાંના શિક્ષણને ત્યાંની સરકાર સામ્યવાદી રંગે રંગી રહી છે. તો કેરલની સરકાર કોંગ્રેસ સરકાર સામે પણ આવી જ ફરિયાદ કરી શકે છે. વસ્તુતઃ પ્રજાનું શિક્ષણ કોઇપણ રાજકીય પક્ષની નીતિથી મુક્ત હોવું જોઇએ. અને આ તો જ બની શકે કે જો પ્રજાનું શિક્ષણ પ્રજાનાં હાથમાં અને નહિ કે રાજ્યનાં હાથમાં હોય.

પ્રશ્ન ૨:—આપના પ્રવચનોનો ચાલુ ઓઘ એવો લાગે છે કે 'સરકાર અને પ્રજા એકમેકના વિરોધી—શત્રુ જેવા છે, પ્રજાના કોઇ પણ કાર્યમાં સરકારની દખલગીરી હોવી ન જોઇએ, સરકારની સત્તાથી જે કંઇ થશે તે પ્રજા માટે નુકશાનકર્તા જ હશે, રાજા અને પ્રજા એકમેકથી અલગ સ્વતંત્ર, ભિન્ન અને મોટાભાગે એકમેકની વિરોધી શક્તિઓ છે.'

જવાબ:—હું સરકારને પ્રજાની વિરોધી નથી માનતો, પણ સરકારથી પ્રજાને હું જુદી માનું છું. અને સાથે સાથે આજે પ્રજા બધી બાબતમાં સરકાર સામે જ જોયા કરે છે, અને સરકાર પાસે બધી બાબતની આશા રાખે છે, અને પોતા માટે કશું કર્તવ્ય જ નથી એમ માને છે, એ સામે મારો વિરોધ છે. રાજ્ય પણ એમ જ માનતું લાગે છે, જેને આજે Well-Farism—પ્રજાકલ્યાણવાદ—ના નામે ઓળખવામાં આવે છે. આ વેલફેરીઝમ—પ્રજાકલ્યાણવાદ પ્રજાને પાંગળો બનાવે છે, અને તેનો અંતિમ છેડો સરમુખત્યારશાહીમાં આવવાનું જોખમ છે. આ સામે લોકોને અને રાજ્યને હું ચેતવી રહ્યો છું.

પ્રશ્ન ૩:—આપના અનેક કથનોનું પરિણામ લોકોને શાસનવિમુખ બનાવવામાં આવતું હોય એમ લાગે છે. પ્રજા માટે શાસનનિષ્ઠા જેવો કોઇ ધર્મ હોઇ શકે કે નહીં?

જવાબ:—હું શાસનનો આજના સંયોગમાં એ રીતે વિરોધી નથી. અને શાસનના કાયદાઓનો ભંગ કરવાનું હું કદિ કહેતો નથી. આ બાબતમાં મારૂં વલણ કાંઇક આવું છે. શાસનની સારી બાબતોમાં સહકાર આપવો અને નરસી લાગતી બાબતોમાં આપણે અલગ રહેવું.

પ્રશ્ન ૪:—આપ શાસનમુકત સમાજના આદર્શને અવારનવાર પ્રજાની આગળ ધરો છો અને તે બાબતમાં સામ્યવાદી પક્ષને આપ અવારનવાર અંજલિ આપો છો. આવા શાસનમુકત સમાજની આપને કદિ પણ શકયતા લાગે છે?

જવાબ:—તત્કાળનાં ભવિષ્યમાં આવી સમાજરચના ભલે શકય ન હોય, પણ દૂર ભાવીના આદર્શ તરીકે આ વિચાર-સ્વપ્નનું મારે મન બહુ મહત્વ છે. તત્કાળના સંદર્ભમાં મારે એટલું જ કહેવાનું છે કે આજની બધી રચના કેન્દ્રીકરણ-પરાયણ છે અને જીવનની બધી બાબતમાં માનવી શાસનનિયંત્રિત બની ગયો છે અને તેથી તેની સર્જનશકિતને કશો અવકાશ નથી. તો માનવી માનવી રૂપે પૂર્ણપણે વિકાસ પામે તે માટે તે બને તેટલો વધારે ને વધારે શાસનમુકત બનવો જોઇએ. અને એ માટે સત્તાનું શકય તેટલું વિકેન્દ્રીકરણ થવું જોઇએ. શાસનમુકત સમાજનું સ્વપ્ન દુનિયા સમક્ષ રજૂ કરવા માટે સામ્યવાદી પક્ષને નહિ, પણ તે પક્ષના નિર્માતા કાર્લમાર્કસને હું ધન્યવાદ આપું છું કે આ દુનિયામાં એ એક માણસ પ્રથમ પાકયો કે જેણે Non-Violent-Stateless Society—નું અને અહિંસક શાસનમુકત સમાજનું—સ્વપ્ન દુનિયા સમક્ષ રજૂ કર્યું.

પ્રશ્ન ૫:—કાર્લમાર્કસે જે Stateless Society ની કલ્પના કરી છે તેનો અર્થ આપ કરો છો તે મુજબ શાસનમુકત સમાજ નહિ પણ States એટલે કે દુનિયાનાં આજનાં પ્રાદેશિક રાજ્યો વિનાનો સમાજ એ મુજબ નહિ હોય? કારણકે કાર્લમાર્કસનું ધ્યેય International Communistic Society—આંતરરાષ્ટ્રિય સામ્યવાદી સમાજરચનાનું હતું. જ્યારે One-world government થાય ત્યારે પ્રાદેશિક રાજ્યો નામુદ થયાં જ હોય.

જવાબ:—ના, હું જે રીતે સમજ્યો છું તે મુજબ કાર્લમાર્કસની કલ્પના શાસનમુકત સમાજની જ હતી. કારણ કે તેણે એમ કહ્યું છે કે Ultimately states will wither away and men will be self-governed આખરે રાજ્યો લય પામશે અને માણસો સ્વયંશાસિત બનશે. અને આવું જેના મનમાં સ્વપ્ન સ્ફુર્યું તે મારી દ્રષ્ટિએ અનેક ધન્યવાદનો અધિકારી છે. કારણકે જેનામાં આર્ષદ્રષ્ટિ હોય તેની પ્રજ્ઞામાં જ આવો વિચાર સંભવે.

પ્રશ્ન ૬:—પૈસાને 'લક્ષ્મી' કહીને આપ જે અવારનવાર પૈસાની નિંદા કરો છો તે મને સમજાતું નથી. લેવાદેવાના વ્યવહારમાં પૈસા એટલે કે ચલણી નાણા સિવાય કદિ ચાલે તેમ નથી, એમ હું ધારૂં છું. દોષ છે તે પૈસામાં નથી પણ માણસની

સંચયશીલતામાં અને પૈસાની સંચયશક્યતામાં છે. દોષપાત્ર હોય તો માનવીની સંગ્રહવૃત્તિ છે. આને બદલે આમ પૈસાની નિંદા શા માટે કરો છો ?

જવાબ :—Political Economy માં–રાજકારણી-અર્થશાસ્ત્રમાં–ચલણી નાણા તરીકે જે પૈસાનો અર્થ થાય છે તે અર્થમાં પૈસા શબ્દનો હું ઉપયોગ કરતો નથી. મારો આક્ષેપ માત્ર પૈસાની સંગ્રહશક્યતા સામે છે. કારણ કે તેથી ઘણા અનર્થોનો જન્મ થયો છે. આ સંગ્રહશક્યતા બને તેટલી ઘટવી જોઇએ.

પ્રશ્ન ૭:—આપના અનેક વિચારનિરૂપણો એવાં હોય છે કે જેને માત્ર જેઓ વૈદિક ધર્મના સંસ્કારયુક્ત હોય તેઓ જ માત્ર ગ્રહણ કરી શકે. ગાંધીજીના વિચારનિરૂપણોમાં જે સર્વ–સ્પર્શીતા હતી તે આપના ઘણાં નિરૂપણોમાં દેખાતી નથી. આમ કેમ ?

જવાબ:—તમે જે મારી ત્રુટિ બતાવી તે મને કબૂલ છે, પણ આ બાબતમાં હું અસહાય છું. મારા વિચારોનું ઘડતર વૈદિક પરિભાષાના માળખામાં થયું છે અને તેથી મુક્ત બનીને અન્ય પરિભાષામાં મારા વિચારોને હું રજુ કરી શકતો નથી. મારી શ્રદ્ધા છે કે પ્રજા મને ધીમે ધીમે સામ્યક્ રીતે સમજશે.

પ્રશ્ન ૮:—આપ ઘણા પૌરાણીક દૃષ્ટાન્તો એવી રીતે ટાંકો છો કે જાણે કે એ વાસ્તવિક ઐતિહાસિક ઘટનાઓ હોય. આ ઉપરથી કોઇ એમ કહેવા પ્રેરાય કે આપનામાં Historical Perspective નથી.

જવાબ:—હું ઘણી વખત કુરાનમાંથી તેમજ બાઇબલમાંથી અને અન્ય ગ્રંથોમાંથી દૃષ્ટાંતો ટાંકું છું. એમ છતાં મોટા ભાગે મારા મનમાં રામાયણ, મહાભારત, ભાગવત, તેમજ અન્ય પુરાણ ગ્રંથો ભર્યા છે. તેથી તેનાં દૃષ્ટાન્તો મારા બોલવામાં આવ્યાં આવે એ સ્વાભાવિક છે.

બીજું, મારી ઇતિહાસ વિષેની દૃષ્ટિ જુદી છે. જેમાં રાજાઓની વંશાવળી અને વિગ્રહ સંધિની ઘટનાઓ નોંધાયલી હોય એવા વાસ્તવિક ઇતિહાસનું મારે મન કોઇ ખાસ મહત્વ નથી. મેં મનથી ભારતનો એક Ideological history–જુદી જુદી વિચારસરણીને અને તે દ્વારા ઘડાતાં પ્રજાજીવનની પરંપરાને રજુ કરતો ઇતિહાસ વિચાર્યો છે. એટલે પૌરાણીક ઘટનાઓ વાસ્તવિક રીતે સાચી હોય કે નહીં, પણ જો તે ઘટનાઓએ પ્રજાજીવનને અમુક રીતે ઘડયું હોય અને નવો વળાંક આપ્યો હોય તો તે મારે મન સાચો ઇતિહાસ છે. દા. ત. ઇસુ–ખ્રીસ્તને તેની સત્યનિષ્ઠા ખાતર. આજે માનવામાં આવે છે તે મુજબ, ખરેખર ક્રોસ પર ચઢાવવામાં આવ્યો ન હોય પણ તેમાંથી હજારો બલ્કે લાખો લોકોએ સત્યનિષ્ઠાની પ્રેરણા લીધી છે. તો મારે મન ઇસુનું ક્રોસ–આરોહણ સત્યઘટના છે. આ રીતે રામ અને કૃષ્ણનું ચરિત્ર મારે મન સત્યઘટના છે.

પ્રશ્ન ૯:—નામસ્મરણથી જેમને આપણે ઇષ્ટદેવતા તરીકે કલ્પ્યા હોય તેની સાથે આપણા ચિત્તનું અનુસંધાન થાય એ હું કલ્પી શકું છું. પણ તેનાથી વ્યાધિનિવારણ, આરોગ્યપ્રાપ્તિ તેમ જ અન્ય ભૌતિક લાભો થાય એમ આપના સામ્યસૂત્રના વિવેચનમાં આપ એક સ્થળે જણાવો છો તે સમજાતું નથી. આપના એ વિધાનોનો તર્કથી કોઇ મેળ બેસતો નથી.

જવાબ :—કેટલાંક દર્દોનું મૂળ મન હોય છે. કેટલાંક દર્દો કોઈ શારીરિક વિકૃતિનું પરિણામ હોય છે. જે દર્દોને મન સાથે સંબંધ હોય તે દર્દો આવી રીતે નામસ્મરણ કરવાથી અથવા તો પવિત્ર પુરૂષના સ્પર્શથી નાબુદ થાય એ કલ્પી શકાય એમ છે. શારીરિક દર્દો પણ નાબૂદ થાય. દા. ત. આંધળો દેખતો થાય, બહેરો સાંભળતો થાય, લંગડો ચાલતો થાય એમ માનવાનું મારા મનનું વલણ છે. આ માટે મારી પાસે કોઇ તાર્કિક પ્રમાણ નથી.

પ્રશ્ન ૧૦ :—પણ આ બાબતમાં આપણે કારણકાર્યનો નિયમ ધ્યાનમાં લેવો જોઇએ કે નહીં ? જે બાબત કારણકાર્યનાં નિયમ સાથે બંધ બેસતી ન હોય તે સ્વીકારી કેમ શકાય ?

જવાબ :—ઇશ્વરને આપણે કારણ–કાર્યનો નિયમ એકાંત-પણે લાગુ પાડવો ન જોઇએ. દાખલા તરીકે આપણે હંમેશા સ્વીકારતા આવ્યા છીએ કે કર્મનું ફળ તત્સદૃશ હોવું જોઇએ. જગતનો આ અબાધિત નિયમ છે એમ પણ આપણે માનીએ છીએ. એમ છતાં આપણે મનમાં ઊંડે ઊંડેથી એમ પણ માનીએ છીએ કે આપણાં પાપકર્મોની માફી મળવી જોઇએ. કારણ કે કરેલાં કર્મોનાં ફળ ભોગવ્યા જ કરવાનાં હોય તો આપણો કોઇ દિવસ આરો જ ન આવે. એનો અર્થ એ થયો કે આપણાં દિલમાં કર્મનાં કાનૂન વિષે શ્રદ્ધા છે તેવી જ શ્રધ્ધા, ઇશ્વર ધારે તો કર્મની માફી આપી શકે એ પ્રકારની પણ છે. ઇશ્વર પોતાના કાનૂનથી સ્વતંત્ર છે અને કાનૂન બહાર જઇને પણ કાર્ય કરી શકે છે. આમ વિચારવું મને વધારે સયુક્તિક લાગે છે. આ સયુક્તિક કદાચ ન હોય તો પણ જે ઇશ્વરી ચમત્કારો આપણે સાંભળીએ છીએ અને એની કોઇ કૃપાથી શારીરિક બીમારીઓ નાબૂદ થયાની ઘટનાઓ આપણા જાણવામાં આવે છે તે બધી ખોટી કે કાલ્પનિક હોય છે એમ માની લેવાનું મારૂં વલણ નથી. આમ નામસ્મરણનું ઇષ્ટ ભૌતિક પરિણામ પણ હોઇ શકે એમ હું માનું છું.

પ્રશ્ન ૧૨ :—આપ ભાગવતને ખૂબ મહત્ત્વ આપો છો, મેં મૂળ ભાગવત વાંચ્યું નથી. પણ નાનાભાઇ ભટ્ટે 'લોકભાગવત' એ નામથી ભાગવતનો સંક્ષિપ્ત સાર પ્રગટ કર્યો છે–જે કે એ પણ ૬૦૦ પાનાં ઉપરનો ગ્રંથ છે–એ વાંચ્યું છે. તો તેનો ૧૧મો સ્કંધ બાદ કરીએ તો બાકીના ભાગવતમાં ગપ્પાં અને અત્યુક્તિ સિવાય મને કશું માલુમ પડયું નથી. તો આપ ભાગવતને શા કારણે આટલું બધું મહત્ત્વ આપો છો ?

જવાબ:—તમારો પ્રશ્ન સારો છે. ભાગવત અમને પ્રિય ધર્મગ્રંથ છે. તેનું એક કારણ તો એ છે કે તેનું સંસ્કૃત અતિ ઉચ્ચ કોટિનું છે. બીજું ભાગવત સમજવા માટે–માણવા માટે–ભક્તિની દૃષ્ટિ જોઇએ તે કદાચ તમારામાં ન હોય. તેમાં જે ગપ્પાં અને અત્યુક્તિ જેવું પુષ્કળ આવે છે તો બાઇબલમાં પણ ખાસકરીને Old Testament માં આવી સામગ્રી પુષ્કળ ભરી છે. એમ છતાં એનું જેમ અનેક દૃષ્ટિએ પુષ્કળ મહત્વ છે તેમ ભાગવતનું અનેક દૃષ્ટિએ મારે મન પુષ્કળ મહત્વ છે.

પ્રશ્ન ૧૩:—ભાગવતમાં જે કૃષ્ણચરિત્રનો ભાગ આવે છે, તે કેવળ નગ્ન શૃંગારથી ભરેલો હોઇને જુગુપ્સા ઉપજાવે તેવો છે. આ સંબંધમાં આપને શું કહેવાનું છે?

જવાબ:—ભાગવતમાં આને લગતા પાંચ અધ્યાયો આવે છે. તેને 'રસપંચાધ્યયી' કહે છે. આને કેવળ સ્થૂળ શૃંગારના અર્થમાં લેવાનો નથી. આપણા ધાર્મિક ઇતિહાસમાં એક કાળ એવો આવ્યો કે જ્યારે સ્ત્રીપુરૂષના સંબંધને આત્માપરમાત્માના અદ્વૈતના પ્રતીક તરીકે કલ્પવામાં આવ્યો અને એ સંબંધની પરિભાષામાં જ ભક્તિની સાધનાનો વિચાર કરવામાં આવ્યો. વળી આ સ્ત્રીપુરૂષનો સંબંધ એટલે પતિપત્નીનો નહિ પણ તેમાં મુક્તપણાનો ખ્યાલ આવે એટલે એક મેક અપરિણીત હોય એવા સ્ત્રીપુરૂષના સંબંધની આ બાબતનાં સંદર્ભમાં કલ્પના કરવામાં આવી. આજની દૃષ્ટિએ આ જરા કઠંગુ લાગે છે. પણ તે કાળમાં તેમ નહિ હોય. દા. ત. તમે કદાચ જાણતા હશો કે બંગાળી ભાષામાં ક્રિયાપદના રૂપોમાં લિંગભેદ નથી. આપણે પુરૂષ જતો હતો, સ્ત્રી જતી હતી, એમ કહીએ છીએ. બંગાળી ભાષામાં એ રીતની ગમનક્રિયા બતાવવા માટે ક્રિયાપદનું એક જ રૂપ હોય છે. **ગુરુદેવ રવીન્દ્રનાથ** બંગાળીમાં લખતા હતા. તેની બીજી ભાષામાં થયેલા ભાષાન્તરો ગુરુદેવના જોવામાં આવ્યા અને તેમાં જાતિસૂચક ક્રિયાપદના રૂપોમાં ભારે ગોટાળો થયો હતો, એમ તેમને માલુમ પડયું. અને ગુરુદેવ આથી ભારે ખિન્ન થયા અને પોતાનાં પુસ્તકોનું બિલકુલ ભાષાન્તર ન થાય એમ ઇચ્છવા લાગ્યા. આમ તમારે પણ ભાગવતનો કૃષ્ણ-ચરિત્રને લંગભાવથી મુક્ત બનીને જોવું જોઇએ.

પ્રશ્નકાર–**પરમાનંદ**
અપૂર્ણ. ઉત્તરદાતા–**વિનોબાજી**

સ્વ. પં. મહેન્દ્રકુમાર ન્યાયાચાર્ય

પં. મહેન્દ્રકુમાર ન્યાયાચાર્યના નામની આગળ સ્વ. શબ્દ મૂકતાં મન નથી માનતું પણ હવે એ સત્ય ઘટના થઇ ચૂકી. જે એ દુઃખદાયી સમાચાર સાંભળે એ અવાક્ જ થઇ જાય એવું એ તથ્ય છે. તેમનું શરીરસ્વાસ્થ્ય અને શારીરિક સંપત્તિ જોઇને કદી કોઇને એ વિશ્વાસ જ ન આવે કે આવી વ્યક્તિનું આટલી નાની ઉમરે, માત્ર ૪૭ વર્ષની ઉમરે દેહાવસાન થઈ શકે. પણ તા. ૨૦-૫-૧૯૫૯ ની સાંજે સાત વાગ્યે જ્યારે તેમના જ પડોશીને ત્યાં લગ્નની તૈયારી થઈ રહી હતી ત્યારે માત્ર સાત દિવસની પક્ષઘાતની બિમારી એમને માટે જીવલેણ નિવડી અને એક પ્રતિભાસંપન્ન યશસ્વી જીવનનો અંત આવ્યો. તેમના જીવનનો આ અંત ભયંકર રીતે કરૂણાજનક લાગે છે અને વિધિવૈચિત્ર્યની અકળ ગતિનો સંકેત પણ કરી જાય છે. આપણે એમ જાણીએ છીએ કે જીવનમાં તેણે સંઘર્ષ જ નોતર્યો છે અને સમગ્ર જીવન જેણે સંઘર્ષ અને કષ્ટમાં જ વીતાવ્યું છે; પણ જ્યારે હવે તેમના તરફ તેમના પોતાના જ પરિશ્રમને પરિણામે વિધિએ છૂટે હાથે દેવા તૈયારી બતાવી, આ જ વર્ષે તેઓ ડોક્ટર (Ph. D.) થયા અને વારાણાસી સંસ્કૃત યુનિવર્સિટીમાં જૈન ચેરના અધ્યક્ષ થઈ જવાની તૈયારી કરતા હતા અને જીવનમાં આર્થિક અને પ્રતિષ્ઠાની દૃષ્ટિએ કાંઇક સુખી થવાની આશા સેવી રહ્યા હતા. પોતના સુખ કરતાં–જ્યારે હવે તેઓ ચિંતવી રહ્યા હતા કે હવે નિરાંતે મારા પરિવારને કાંઈક સુખસગવડમાં રાખી શકીશ–એવે વખતે જ વિધિએ બીજી તરફ તેમના સમગ્ર મનસૂબા ઉપર પાણી ફેરવી દીધું અને સેંકડો મિત્રોમાં શોકની લાગણી ભરી દીધી. હજી તો તેમની બિમારીના સમાચાર ફેલાય એ પહેલાં જ તેમના મૃત્યુના સમાચાર ફેલાઈ ગયા અને આખી બનારસ યુનિવર્સિટીમાં અને શહેરમાં પણ વિદ્વદ્વર્ગમાં શોકની લાગણી ફરી વળી. અને આ રીતે યશના શિખરે પહોંચેલ વ્યક્તિનો કરૂણ અંત આવ્યો.

પં. મહેન્દ્રકુમાર ખુરઇ નામના નાના ગામડામાં જન્મ્યા અને નાની પાઠશાળામાં સંસ્કૃત ભણ્યા. ઇન્દોર જઇ જૈનપાઠશાળામાં રહી ન્યાયતીર્થ થયા. વાંચવા–વિચારવાના ભારે શોખીન. ઇન્દોરની પાઠશાળાના એ રત્નનું પાણી અમૃતસરના લાલા મુત્સદ્દીલાલે પારખ્યું અને બનારસની દિગંબર સંસ્થા સ્યાદ્વાદ વિદ્યાલયના મંત્રીને તેમણે વારેવારે પત્રો લખી ભલામણ કરી કે આ વ્યક્તિને બનારસ બોલાવી લ્યો અને આગળ વધવાનો અવસર આપો. તેમણે રૂપિયા ત્રીસ માસિક ખર્ચ કરવાનું વચન પણ આપ્યું. છેવટે તેમને બનારસમાં સ્યાદ્વાદ વિદ્યાલયમાં ઇ. ૧૯૨૮ માં બોલાવી લેવામાં આવ્યા અને નાની ઉમર છતાં જૈન દર્શનના અધ્યાપકપદે ગોઠવવા જ પડ્યા. તેમને મન અધ્યાપક બન્યા એટલે જ ખરો અધ્યયનનો અવસર પામ્યા એમ લાગ્યું અને બનારસમાં તેઓ ક્રમે કરી ન્યાયાચાર્ય સુધીની પરીક્ષાઓ પ્રથમ વર્ગમાં પસાર કરી પ્રતિષ્ઠિત 'ન્યાયાચાર્ય' બન્યા.

ઇ. ૧૯૩૨ માં પં. સુખલાલજી જેવા પારસમણિનો સ્પર્શ થયો અને તેમના જીવનને એક નવી દિશા મળી. પાંડિત્યની કમી હતી નહિ પણ નવી દૃષ્ટિની કમી હતી, તે તેમને મળી. તેમણે પં. સુખલાલજી પાસે અષ્ટસહસ્રીનું અધ્યયન પુનઃ શરૂ કર્યું; જે અષ્ટસહસ્રી સ્વયં ઘણા વર્ષોથી વિદ્યાલયમાં ભણાવતા હતા, પણ એને જ પં. સુખલાલજી પાસે જ્યારે ફરી વાંચી ત્યારે તેમનામાં સુપ્ત શક્તિ જાગરિત થઇ અને પંડિતજીના સન્મતિ તર્કના સંપાદનની જેમ જ ન્યાયકુમુદચંદ્રનું સંપાદન કરવાની હામ ભીડી. પછી તો તેમણે ભારતીય દર્શનોના એકેએક ગ્રન્થ (આમા અતિશયોક્તિ નથી)નું પરિશીલન કર્યું. અને એ પરિશીલનના પરિણામે તેમણે એક સમર્થ વિદ્વાનને શોભે તે રીતે અનેક ગ્રન્થોનું સંપાદન જ નહિ, પણ ઉદ્ધાર પણ કર્યો.

તેમના સંપાદિત ગ્રન્થોમાં ન્યાયકુમુદચંદ્ર, પ્રમેયકમલમાર્તંડ, તત્ત્વાર્થશ્રુતસાગરી, ન્યાયવિનિશ્ચય ટીકા, અકલંકગ્રન્થત્રય, તત્ત્વાર્થ રાજવાર્તિક, સિદ્ધિવિનિશ્ચય ટીકા–એ છે. અને પં. સુખલાલજી સાથેના સંપાદનોમાં પ્રમાણમીમાંસા, જૈનતર્ક ભાષા અને જ્ઞાનબિંદુ–એ છે.

ન્યાયવિનિશ્ચય મૂળગ્રન્થ તથા સિદ્ધિવિનિશ્ચય મૂળગ્રન્થ ઉપલબ્ધ હતા જ નહિ. તે બન્ને ગ્રન્થોનું મૂળ અનેક વર્ષોના સતત પરિશ્રમે ટીકામાં આવતા અવતરણોના આધારે તેમણે તૈયાર કર્યું છે. જેને વાંચતા એમ જ લાગે કે આ મૂળગ્રન્થ નહિ પણ ટીકાને આધારે ઉદ્ધાર થયેલ છે; એવી એમની પ્રતિભા હતી.

સિદ્ધિવિનિશ્ચયટીકા–એ વિષય–એમના Ph. D. નો નિબંધનો હતો. અને આ જ વર્ષે તેમને બનારસ યુનિવર્સિટીએ એ ડીગ્રી આપી નવાજ્યા છે. ય. મ. ગોપીનાથ કવિરાજ જેવા પરીક્ષકોએ તેમના અભિપ્રાયમાં પંડિતજીના અગાધ પાંડિત્યની ભૂરિભૂરિ પ્રશંસા કરી છે અને એ પ્રશંસાને આધારે જ આજે બનારસમાં નવી સ્થપાયેલ વારાણસેય સંસ્કૃત યુનિવર્સિટીમાં 'જૈન દર્શન અને પ્રાકૃત' વિભાગના અધ્યક્ષપદે તેમની નિયુક્તિ કરવાનું નક્કી થયું છે–જેનો પગાર ૮૦૦–૧૨૦૦ છે. આવે જ સમયે ક્રૂર વિધિએ આપણી વચ્ચેથી આવા પરિનિષ્ઠિત પંડિતને ઝડપી લીધા.

'જૈન દર્શન' નામે તેમનો સ્વતંત્ર ગ્રન્થ હમણાં જ પ્રસિદ્ધિને પામ્યો છે. જે ઉપર યુ. પિ. સરકાર તરફથી તેમને ૫૦૦ નું પારિતોષિક આપવામાં આવ્યું હતું.

ઇ. ૧૯૪૩ માં સ્યાદ્વાદ વિદ્યાલય છોડીને મુંબઇમાં મહાવીર જૈન વિદ્યાલયના ધર્માધ્યાપક તરીકે તેઓ જોડાયા. અને બનારસમાં ભારતીય જ્ઞાનપીઠ સ્થપાતાં તેના સંચાલનનો ભાર તેમણે સંભાળ્યો. ૧૯૪૭ માં હિન્દુ યુનિવર્સિટીમાં બૌદ્ધદર્શનના અધ્યાપકપદે નિયુક્ત થયા અને અત્યાર સુધી તે જ પદ પર હતા. અને હવે પોતાના નવા પદે જવાની તૈયારીમાં હતા, ત્યાં જ ક્રૂર વિધિએ તેમને ઝડપી લીધા.

પં. મહેન્દ્રકુમાર પોતાના અધ્યાપક મિત્રોમાં અને છાત્રોમાં જેટલા પ્રિય હતા અને જેવું સન્માન પામ્યા છે અને પ્રેમાસ્પદ બન્યા છે એવું બહુ ઓછાને વિષે બન્યું હશે. મિલનસાર પ્રકૃતિ, બીજા માટે કાંઇક કરી છૂટવાની વૃત્તિ, ભલે શરીરને કષ્ટ પડે, છતાં પણ લીધેલ કાર્યને ન છોડવાની વૃત્તિ, એ એમની પ્રકૃતિની વિશેષતા હતી. એટલે હવે ઘણા ગરીબ વિદ્યાર્થિઓનો તો એક મોટો ટેકો તૂટી પડ્યા જેવું જ થયું છે, અને અમારા જેવાઓએ તો એક મિત્રને ગુમાવ્યા જેવું થયું છે, અને સમાજે તો સુધારક નેતા ગુમાવ્યો છે.

પણ આ સૌથી વિશેષ તો તેમનાં પુત્ર-પુત્રીઓએ એક સાચા પિતા–પ્રેમાળ પિતા–માતા બન્ને ગુમાવ્યા જેવું થયું છે. તેમની પત્ની આજથી ચાર વર્ષ પહેલા ગૂજરી ગયેલ એટલે નાના બાળકો હવે માબાપ વિનાના થઇ ગયાં. સમાજે પંડિત મહેન્દ્રકુમારને ઘણું સન્માન આપ્યું છે, પોતના નેતા માની આગળ આસન પણ આપ્યું છે પણ હવે તેમના સંતાનનું ખરી રીતે સંભાળે એવું કોઇ રહ્યું નથી. વૃદ્ધ માતાના શોકની સીમા રહી નથી. ગભરૂ નાના બાળકો એક રીતે આશ્રય વિનાના થઈ ગયાં છે. આશા રાખીએ કે સમાજ આ વિશે કાંઇક ચિંતા સેવશે.

દલસુખ માલવણિયા


★ કૂર્માચળની પરિક્રમા, ૧૪. ★

(ગતાંકથી ચાલુ)

જાગેશ્વર

સવારના વહેલા ઉઠ્યા અને નિત્યકર્મ પતાવીને તેમ જ ચા-નાસ્તો કરીને અહિંથી કેડી રસ્તે ચાર માઇલ દૂર આવેલા જાગેશ્વર તરફ અમે કુચ શરૂ કરી. ભારતમાં જે બાર જ્યોતિર્લિંગો કહેવાય છે અને તેમાં 'નાગેશ દારૂકાવને' એમ જે ઉલ્લેખ આવે છે તે આ જાગેશ્વરને લગતો છે એવી પ્રચલિત માન્યતા છે. આ બાજુનું એ એક સુપ્રસિધ્ધ તીર્થસ્થાન છે. ત્યાં જવા માટે અમે નીકળ્યા ત્યારે શત્રુંજયની યાત્રાના નાનપણના દિવસો મને યાદ આવ્યા. પાલીતાણાની કોઇ એક ધર્મશાળામાં અમે ઉતર્યા હોઇએ. સવારના પહોરમાં મારા પિતા અમને બધાંને વહેલાં ઉઠાડે. દિશાએ જવું, દાતણ કરવું, આ બધાં નિત્યકર્મથી જલ્દી પરવારીને અમે નીકળતા, તળેટી સુધી કોઇ વાહનમાં જઇએ. પછી ભારે ઉત્સાહ અને હોંશભેર પર્વત ચઢવા માંડીએ. આવો જ ઉત્સાહ જાણે કે આજે પણ હું જાગેશ્વરની યાત્રાએ જઈ રહેલો અનુભવી રહ્યો હોઉં એવી સ્ફુર્તિ લાગતી હતી. સૂર્યનો પાછળના ભાગમાં ઉદય થઇ ચૂક્યો હતો. આ બાજુ શીતળ મંદ મધુર પવન વાઇ રહ્યો હતો અને ઠંડીનો પ્રકંપ અવારનવાર પેદા કરતો હતો. પર્વતની કોરે કોરે અને વૃક્ષોથી આચ્છાદિત કેડી ઉપર અમે આગળ વધી રહ્યા હતા. શરૂઆતમાં સારૂ એવું ઉંચાણ ચઢવાનું હતું. જમણી બાજુએ માઇલોના માઇલો સુધી પર્વતમાળાઓ નજરે પડતી હતી. કદિ કદિ જાણે કે રાની પશુઓનાં રહેઠાણ ન હોય એવી ખીણો અને ઘીચ ઝાડીઓ આવતી. આ બાજુ અમને તદ્દન અપરિચિત એવા કોઇ કોઇ પક્ષીઓના મીઠા ટહુકાર અવારનવાર સંભળાયા કરતા હતા. હવે ચઢાણ પૂરૂં થયું અને લાંબે સુધી ઉતરાણનો માર્ગ શરૂ થયો. ૭૦૦૦ ફીટ સુધી ઉંચે જઇને પાછા હજાર દોઢ હજાર ફીટ નીચે ઉતર્યા હોઇશું એમ લાગ્યું. નીચે ખીણમાં જાગેશ્વરનાં મંદિરો દેખાયાં. આ વિભાગમાં દેવદારનાં ભારે ગાઢ જંગલો આવેલાં છે. ઠેઠ નીચે પહોંચતાં પાકી સડક આવે છે. આ સડક ઉપર અને નદી કીનારે ચાલતાં ચાલતાં જાગેશ્વરના ઝાંપા સુધી પહોંચી જવાય છે. અહિં નદીકીનારા ઉપર અતિ પુરાતન મંદિરો ઉભેલાં છે. એક મુખ્ય મંદિર છે જેમાં જાગેશ્વર મહાદેવનું જ્યોતિર્લિંગ છે અને તેની આસપાસ દેવ દેવીઓનાં નાનાં મંદિરો છે. આ મુખ્ય મંદિરને 'બાલા જાગેશ્વર' (એટલે કે બાળક જેવા જાગેશ્વર) કહે છે, અને બાજુએ સવા માઇલ ઉપર પહાડની ટોચ ઉપર મહાદેવનું એક બીજું એટલું જ પુરાણું મંદિર છે જેને 'બુઢ્ઢા જાગેશ્વર' અથવા તો 'બૃહત્ જાગેશ્વર' કહે છે. નજીકમાં એક વહેતો પાણીનો ઝરો છે. તેને બ્રહ્મકુંડ કહેવામાં આવે છે. આ કુંડમાં કરેલું સ્નાન બહુ પુણ્યદાયી લેખાય છે. ચારે બાજુએ પહાડોના ખોળામાં આવેલું આ સ્થાન ભારે રમણીય છે. દુનિયાનો કોઇ ઘોંઘાટ અહિં સુધી પહોંચતો નથી. અપૂર્વ શાન્તિ અને એકાન્તનો અહિં અનુભવ થાય છે. આત્મસાધના માટે સુયોગ્ય સ્થળ છે.

આ સ્થળનો એક બીજો પણ મહિમા છે. જેમ જાગેશ્વર સાથે શંકર પાર્વતીના લગ્નની ઘટના જોડાયલી છે તેમ આ સ્થળ સાથે શંકરે કરેલા કામદહનની–તે માટે તેમણે ત્રીજું લોચન ખોલ્યાની–ઘટના જોડાયલી છે. અહિંના ગાઢાં દેવદારનાં જંગલો, આમ તેમ વળાંક લેતાં અને વિચરતાં નાનાં નાનાં જળ-પ્રવાહો આસપાસ ગગનચુંબી પર્વતશિખરો–આવું આ સ્થળ કામદહન અને જ્ઞાનલોચનના ઉદ્‌ઘાટનની કલ્પના માટે ભારે સમુચિત લાગે છે. આ ખ્યાલ સાથે અહિં ફરતાં કવિ કાલીદાસ રચિત કુમારસંભવની અનેક પંક્તિઓ યાદ આવતી હતી અને ચિત્ત કલ્પનાના ચકડોળે ચડતું હતું.



શ્રી. શાન્તિલાલ ત્રિવેદી

અહિં અમારામાંનાં જેમને બ્રહ્મકુંડમાં સ્નાન કરવું હતું તેમણે સ્નાન કર્યું અને જ્યોતિર્લિંગની પૂજા પણ કરી. અહિં આવીને એક પંડ્યાને બટાટાનું શાક અને પુરી તૈયાર કરવા કહેલ તે વડે સુધા શાન્ત કરી. થોડો આરામ કર્યો અને સાડા અગિયાર બાર વાગ્યા લગભગ અહિંથી મુકામ ઉઠાવ્યો. અહિંથી અમારે બે માઇલ દૂર આવેલ આરતોલા ગામે પહોંચવાનું હતું. અને ત્યાંથી પનવનૌલા થઇને અમને આલ્મોરા પહોંચાડતી બસ પકડવાની હતી. જાગેશ્વરથી આરતોલા સુધી પાકી સડક છે. શ્રાવણી પૂર્ણિમા, કાર્તકી પૂર્ણિમા, શિવરાત્રી એવા પર્વના દિવસોમાં અહિં હજારો યાત્રાળુઓ આવે છે અને તે માટે તે દિવસો આસપાસ આલ્મોરાથી નાગેશ્વર સુધીની બસ-સર્વીસ ચાલુ કરવામાં આવે છે. બાકીના દિવસોમાં કાં તો પનવનૌલાથી કેડીના રસ્તે અથવા તો આરતોલાથી પાકા રસ્તે અહિં આવી શકાય છે.

મધ્યાહ્નનો સમય હતો; આ પ્રદેશ ખીણમાં આવેલો હોઇને જરા પણ ઠંડક હતી નહિં, બાજુએ દેવદારનાં ઘેરાં વન હોવા છતાં પહોળી સડક ઉપર જે ગગનસ્પર્શી વૃક્ષોનો ભાગ્યે જ છાંયો પડતો હતો. એટલે આ દોઢ માઇલ પસાર કરતાં અમને સારા પ્રમાણમાં ગરમી અને થાક લાગ્યો. આખે રસ્તે નીચે બાજુએ એક નદી ચાલી આવતી હતી. અને તેમાં પાણીનું વહેણ પાતળું, નાનું સરખું કદિ ગોચર, કદિ અગોચર મૌનપણે વહી રહ્યું હતું.

એકાદ માઇલ ચાલ્યા એટલે ઝાડપાનથી ઘટ્ટ રીતે છવાયલા એવા નદીના કિનારે એક પ્રાચીન મંદિર આવ્યું. આ મંદિરમાં પ્રતિષ્ઠિત મહાદેવ 'દંડેશ્વર'ના નામથી ઓળખાય છે. ભાવુક યાત્રિકો બાલા જાગેશ્વર, બુઢ્ઢા નાગેશ્વર અને આ દંડેશ્વર એમ મહાદેવત્રિપુટીનાં દર્શન કરીને ધન્યતા અનુભવે છે. આ મંદિરનો આકાર હિમાલયનાં મંદિર નિર્માણની જે એક વિશિષ્ટ શૈલી છે તેનો એક સુન્દર નમુનો છે. કેદારનાથનું મંદિર (તેની છબી જોઇ છે તે મુજબ) અને આ મંદિર એકમેક બહુજ મળતાં લાગતાં હતાં. અહિં મંદિરનો પૂજારી મંદિર બંધ કરીને ચાલી ગયો હતો એટલે અંદર અમે જવા ન પામ્યાં. જાગેશ્વર મહાદેવના મંદિરમાં કેટલીક વિશિષ્ટ પ્રકારની પ્રાચીન મૂર્તિઓ હતી તેમ અહિં પણ હોવી જોઇએ, પણ તેનાં દર્શન અમારા નસીબમાં નહોતાં. આ મંદિરનું સ્થળ અને આસપાસનું દૃશ્ય ભારે રમણીય લાગ્યું. મંદિરમાં જવા માટે નાનો સરખો પુલ ઓળંગવો પડે છે. પુલની આ બાજુએ બેસીને વહેતા ઝરણાને અને મંદિરની ભવ્ય ઇમારતને જોતાં આંખો થાકતી નહોતી, અને અહિંથી

બસવાનું મન જ થતું નહોતું. ધ્યાની વૈરાગી મહાદેવને વસવા માટે આ ખરેખર સુયોગ્ય સ્થળ છે એમ મન કહ્યા કરતું હતું. આમ અહિં, બધાંને આગળ જવા દઇને, હું ઠીક ઠીક રોકાયો, પણ આખરે તો અહિંથી પગલાં ઉપાડ્યે જ છૂટકો હતો, કારણ કે બે અંઢી વાગ્યા આસપાસની બસ પકડ્યા સિવાય ચાલે તેમ નહોતું.

આગળ ચાલ્યો; બધા સાથે જોડાઇ ગયો. અરતોલા આવ્યું. આખા પ્રવાસ દરમિયાન જાગેશ્વરથી આરતોલા સુધી આવતાં અમને સૌથી વધારે ગરમી લાગી. બસ–જ્યાં અટકતી હતી ત્યાં એક ચા પાણી અને પરચુરણ અનાજ વગેરે વેચવાની દુકાન હતી. તેના ઉપર એક કામચલાઉ માળીયું હતું. દુકાનદારની રજાથી અમે આ માળીયા ઉપર ચઢીને બેઠા. બહાર ગરમી લાગતી હતી, પણ અહિં છાપરા નીચે અમે એક માળ ઉપર બેઠા હતા ત્યાં ઠંડા પવનની મધુર લહરિઓ ચાલી આવતી હતી અને અમારા શ્રમનું શમન કરતી હતી. અહિં બેઠાં બેઠાં સામે જે વિસ્તીર્ણ પ્રદેશનું દર્શન થતું હતું તેની ભવ્યતા કોઇ જુદા જ પ્રકારની હતી. ગણ્યા ન ગણાય એવા ગિરિશિખરોની હારમાળા, જાણે કે કોઈ વિપુલ સૈન્યે ઢગલાબંધ તંબુઓનો પડાવ નાંખ્યો ન હોય એવી વિલક્ષણ અને ચિત્તાકર્ષક દીસતી હતી. આમ અહિં અમારે દોઢેક કલાક પસાર કરવો પડ્યો, કારણ કે બસ આવવામાં મોડી થઈ હતી. આખરી બસ આવી; તેમાં બેઠા; પનવનૌલાના ડાક બંગલામાં મૂકેલો સામાન, પનવનૌલા આવ્યું ત્યારે ત્યાંથી નીચે લઇ આવ્યા અને બસ ઉપર ચડાવ્યો; નજીકની હોટેલમાં ચા પાણી પીધાં; સાકર જેવાં મીઠાં અને મોટા કદનાં ખુમાની અહિં મળતાં હતાં તે ઠીક પ્રમાણમાં ખરીધાં અને આખે રસ્તે ખાતાં ખાતાં સાંજને વખતે અમે આલ્મોરા પહોંચી ગયા.

શ્રી. શાન્તિલાલ ત્રિવેદી

બસમાંથી ઉતર્યા અને નજીક આવેલા ગાંધી આશ્રમ ઉપર જેમને મળવાની હું કેટલાક દિવસથી આતુરતા સેવતો હતો તે શાન્તિલાલ ત્રિવેદીનો ભેટો થઇ ગયો. તેઓ બેરીનાગથી ગઇ કાલે અહિં આવી ગયા હતા. આખા દિવસના રખડપાટનો થાક અને રસ્તાની લાગેલી ધુળને લીધે વિકળ દેખાતા એવા અમે એ વખતે તેમની સાથે વધારે વાત કરવાની સ્થિતિમાં નહોતા. સવારે મળવાનું નક્કી કરીને છુટા પડ્યા. રામકૃષ્ણધામ પહોંચ્યા અને નહાઇ ધોઇને સ્વસ્થ બન્યા. રાત્રે આરામ કર્યો અને સવારે તાજા થઇ ગયા.

બીજે દિવસે શાન્તિભાઇ મળવા આવ્યા. તેમની સાથે દેશની આજની પરિસ્થિતિ, સરકારી તંત્રનો સડો, આગેવાનોને મૂઢ અને વિકળ બનાવતી સત્તાભૂખ, ગાંધીજીને આપણે સાવ ભૂલી ગયા હોઇએ એવો આપણો–પ્રજાનો નિકૃષ્ટ જીવનવ્યવહાર–આવી અનેક બાબતો વિષે, જાણે કે એકમેકને લાંબા વખતથી ઓળખતા ન હોઇએ એવી નિકટતાથી અમે વાતો કરી અને કોઈ સુહૃદને મળ્યા જેટલો આનંદ અનુભવ્યો.

આ શાન્તિભાઇ મૂળ સૌરાષ્ટ્ર–રાજકોટના રહેવાસી છે. ૧૯૨૧ માં અસહયોગના આન્દોલનથી પ્રભાવિત બનીને તેમણે અભ્યાસ છોડી દીધો હતો, અને સત્યાગ્રહ આશ્રમમાં જોડાયા હતા. આ વખતે તેમની ઉમ્મર ૧૭ વર્ષની હતી. આશ્રમમાં ત્રણ વર્ષ વ્યતીત કર્યા બાદ તેમને ગાંધીજીએ બારડોલીના સ્વરાજ્ય આશ્રમમાં મોકલ્યા હતા. ત્યાંથી વળી ભાવનગર પાસે આવેલ મઢડા ખાતે શ્રી. શિવજી દેવશીએ શરૂ કરેલી ઉદ્યોગશાળામાં ગાંધીજીની આજ્ઞાથી તેઓ એક કાર્યકર તરીકે જોડાયા હતા અને ત્રણ વર્ષ સુધી કામ કર્યું હતું. ૧૯૨૮ માં ગાંધીજીએ હિમાલયમાં આલ્મોરા ખાતે રચનાત્મક કાર્યની જમાવટ કરવા માટે જવાનો તેમને આદેશ આપ્યો. અહિં તેમણે એક વર્ષ પસાર કર્યું એવામાં–૧૯૨૯ની સાલમાં–જુન માસમાં ગાંધીજી આલ્મોરા આવ્યા, ત્યાંથી રાણીખેત, તાડીખેત અને કૌસાની ગયા અને ત્યાં ૧૦ દિવસ રહીને અનાસક્તિ યોગ લખ્યો અને ત્યાંથી બાગેશ્વર ગયા–આ બધો કાર્યક્રમ શાન્તિભાઇ મારફત ગોઠવાયો હતો અને એ દિવસોમાં તેઓ બાપુજી સાથે જ સતત ફરતા રહ્યા હતા અને ઠેકઠેકાણે બાપુજીના રહેવા ખાવા વગેરેનો બધો પ્રબંધ તેમણે જ કર્યો હતો.

૧૯૩૦ માં જ્યારે દેશભરમાં સત્યાગ્રહની અને સવિનય ભંગની લડત શરૂ થઇ ત્યારે આલ્મોરામાં પણ તે આન્દોલનના પડઘા પડ્યા હતા. એ દિવસોમાં રાષ્ટ્રધ્વજને લગતા સત્યાગ્રહમાં શાન્તિભાઈ જોડાયા અને ગુરખા મીલીટરીએ તેમની મંડળી ઉપર લાઠીચાર્જ કર્યો, તેના પરિણામે તેમના બે હાડકાં ભાંગી ગયાં. પછી તો તેઓ કૈલાસની યાત્રાએ જઈ આવ્યા. ૧૯૪૨ ના ઐતિહાસિક આન્દોલન દરમિયાન તેઓ બે વાર જેલમાં ગયા અને એક વાર તેમને ફાંસીની શિક્ષા થતી થતી રહી ગઇ.

આલ્મોરા અને નૈનીતાલ જીલ્લાના પહાડી પ્રદેશોમાં રચનાત્મક કાર્યની જમાવટ કરવા પાછળ તેમણે આજ સુધી પોતાની સર્વ શકિત ખર્ચી છે. ચનૌદામાં તેમણે ગાંધી આશ્રમની સ્થાપના કરી; ત્યાં એક મોટું ઔદ્યોગિક કેન્દ્ર ઉભું કર્યું, અને આ પ્રવૃત્તિનું તેમણે વર્ષો સુધી સંચાલન કર્યું. એવીજ રીતે તેમણે બીજી અનેક સંસ્થાઓ ઉભી કરવામાં ખાસ કરીને સરલાદેવી કે જેમના વિષે આગળ ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમને લક્ષ્મીઆશ્રમ શરૂ કરવામાં તેમણે ખૂબ મદત કરી છે. તેઓ આ પહાડી પ્રદેશમાં સતત ઘુમતા રહ્યા છે અને આજ સુધીમાં તેમચે લગભગ ૧૫૦૦૦ માઇલનો પૈદલ પ્રવાસ ખેડ્યો છે. આ બધા ત્યાગ અને તપશ્ચર્યામાં તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓના સંચાલનમાં તેનાં પત્ની ભકિતબહેને તેમને એકસરખો સાથ આપ્યો છે. પતિ જેટલા જ તેઓ ભાવનાશાળી અને શ્રમશીલ છે. તેમને એક મોટી ઉમરનો દીકરો છે જે હાલ ચાર્ટર એકાઉન્ટન્ટનું મુંબઇમાં રહીને ભણે છે. તેને આલ્મોરા ગમતું નથી. આમને મુંબઇ આવે તો ચેન પડતું નથી.

છેલ્લાં ૩૭ વર્ષથી તેમનો અખંડ કર્મયોગ ચાલી રહ્યો છે. આજે તેમની ૬૦ વર્ષ લગભગ ઉમ્મર થયા આવી છે. હવે શરીર ઘસાઇ ગયું છે અને કામ આપવાની ના પાડે છે, એમ છતાં તેમની પ્રવૃતિ ચાલુ છે. આજે તેમનું ધ્યાન ભૂદાન આન્દોલન અને સર્વોદય વિચારના પ્રચાર પાછળ વિશેષતઃ કેન્દ્રિત બન્યું છે.

અમે આલ્મોરા રહ્યા તે દરમિયાન આ શાન્તિભાઈ તથા ભકિતબહેનને ત્રણ ચાર વાર મળવાનું બન્યું હતું. મુકતેશ્વરમાં અમે જેમને મળ્યા હતા તે જયન્તીબહેનનાં માતુશ્રી અહિં રહેતાં હતાં. તેમને મળવાનું અમને મન હતું. શાન્તિભાઈ અમને તેમના નિવાસસ્થાને લઇ ગયાં હતાં. જયન્તીબહેનનાં માતુશ્રીને મળતાં અમને વિશેષ આનંદ તો એટલા માટે થયો કે જો કે તેઓ મૂળ આલ્મોરાના વતની છે, પણ પોતાના પતિ સાથે તેમણે ઘણાં વર્ષો કાઠિયાવાડમાં ગાળેલાં. કાઠિયાવાડ છોડ્યાને પણ વર્ષો થયાં એમ છતાં આજે પણ તેઓ સરળપણે ગુજરાતીમાં–કાઠિયાવાડી ગુજરાતીમાં–વાતો કર્યે જતા હતા. પહાડમાં વસતાં અને આ બાજુનાં મૂળ વતની વયોવૃધ્ધ સંન્નારીને આમ આપણા વતનની તળપદી ભાષા બોલતાં સાંભળીએ ત્યારે આપણને વિસ્મય તેમ જ આનંદની લાગણી થઈ આવે એ તદ્દન સ્વાભાવિક છે.

સત્યનારાયણહાટનો સંન્યાસી

આલ્મોરાના અમારા નિવાસનો આજે છેલ્લો દિવસ હતો. બીજે દિવસે (એટલે કે આઠમી જુન રવિવાર) સવારે દશ વાગ્યે અહિંથી અમારે મુંબઇ તરફ જવા માટે વિદાય થવાનું હતું. સવારમાં વખતસર ઉઠ્યાં. અમે જ્યાં ઉતર્યા હતા ત્યાંથી થોડે દૂર નીચાણમાં–અમે જે પર્વતવિભાગ ઉપર હતા તેના જાણે કે છેડા ઉપર–એક મંદિર હતું. જેવી રીતે જમીનનો છેડો બન્ને બાજુએથી લંબાતો લંબાતો અને ટુંકો થતો જતો દરિયાના પેટાળમાં લાંબે સુધી જાય તેને 'ભૂશિર' કહે છે તેમ પર્વતમાં પણ ઘણી વખત એમ બને છે કે નીચે ઉંડી ખીણ હોય અને પર્વતની બે બાજુ સંકોચાતી સંકોચાતી એક ઠેકાણે મળી જાય અને ઉપર જણાવ્યું તેમ એક પ્રકારની ભૂશિરનો ઘાટ ધારણ કરે, એવા એ સ્થળ ઉપર આવેલું આ મંદિર અમારું સતત

ધ્યાન ખેંચતું હતું. મંદિર પણ ગોળાકાર હતું અને સફેદ ચુનો અને ગેરુઆ રંગથી રંગાયલું કોઇને સવિશેષ આકર્ષક લાગતું હતું. એ મંદિર અને ત્યાંથી દેખાતું દૃશ્ય જોઇ આવીએ એમ ધારીને અમે સવારના સાડા સાત વાગ્યા લગભગ ઉપડ્યા. પંદર વીશ મીનીટમાં અમે ત્યાં પહોંચ્યા. તે મંદિર અથવા તો સંન્યાસીના મઠ જેવી દેખાતી જગ્યાનું નામ 'સત્યનારાયણ હાટ' છે એમ પ્રવેશદ્વાર આગળના પાટિયા ઉપરથી માલુમ પડ્યું. અમે અંદર દાખલ થયા અને થોડા પગથિયાં ચઢીને મંદિર સામે આવીને ઉભા રહ્યા. નીચે એક બે નાની ઓરડીઓ હતી, ત્યાં કામ કરનારા માણસો રહેતા હોય એમ લાગ્યું. બીજા કોઈ માણસો દેખાયા નહિ. મંદિરનાં બારણાં બંધ હતાં. મંદિર ફરતી ઓસરીની એક બાજુએ કોઇ સંન્યાસી જેવો દેખાતો યુવાન યૌગિક આસન કરતો હોય એમ લાગ્યું. અમે તેને પૂછ્યું કે "અમારે મંદિરમાં ભગવાનનાં દર્શન કરવા છે, તો આપ મંદિર ઉઘાડી આપશો?" તેણે જવાબ આપ્યો કે "મંદિરમાં ભગવાનનાં દર્શનનો સમય સવારના દશ વાગ્યાનો છે, તે પહેલાં થઇ શકતા નથી." એ જવાબ સાંભળીને અમે મંદિરની ફરતા ફરવા લાગ્યા અને આસપાસના ભવ્ય દૃષ્યને આનંદપૂર્વક નિહાળવા લાગ્યા. એવામાં એ સંન્યાસીએ અમને પૂછ્યું કે "આપે નીચે પાટિયું છે તે બરોબર જોયું નથી લાગતું. તેમાં અહિંનાં નિયમો લખ્યા છે. અમારા નિયમ મુજબ કોઈ સ્ત્રી અહિં ઉઘાડા માથે ફરી શકતી નથી." મેં જવાબ આપ્યો કે "એ અમારા ખ્યાલમાં નહોતું. તમારા નિયમનો અજાણતાં ભંગ કરવા માટે અમે દિલગીર છીએ" એમ કહીને મારી પત્નીને તથા બહેન મેનાને માથું ઢાંકવા મેં સૂચના કરી. ફરીથી પાછો તે સંન્યાસીએ મને પડકાર્યો અને કહ્યું કે "આપે અમારા બીજા નિયમનો ભંગ કર્યો છે. અહિં જે કોઇ આવે તેણે સૌથી પહેલા અમારા ઇષ્ટ દેવતાને નમન કરવું જોઇએ. વળી અમારો નિયમ છે કે અહિં સવારના દશ વાગ્યા પહેલાં બહારના કોઇ લોકોએ આવવું નહિ, કારણ કે સાધુ સંન્યાસી લોકોના ધ્યાન ભજનમાં ખલેલ ન પડે. આ બાબતનો પણ તમને ખ્યાલ હોવો જોઇતો હતો." આ સાંભળીને મારો મીજાજ ગયો અને તેને મેં જણાવ્યું કે "આપની આ વિચિત્ર વાતો સાંભળીને મને ભારે આશ્ચર્ય થાય છે અને તમે સંન્યાસી છો કે કોણ તે બાબતનો મને પ્રશ્ન થાય છે. અહિં આવતાં વેંત મેં આપને કહ્યું કે અમારે ભગવાનનાં દર્શન કરવા છે તો બની શકે તો બારણાં ખોલી આપો અને તેના જવાબમાં મને આપ જણાવો છો કે દર્શન દશ વાગ્યા પહેલાં શકય નથી. હવે હું આપને પૂછું છું કે "અમારે નમન કોને કરવાં? આ બંધ બારણા જેના ઉપર તાળુ લગાડવામાં આવ્યું છે તેને નમન કરીએ? બીજું આ બ્નાહેર મંદિર છે, મંદિરના દર્શનનો અમુક સમય હોય એ સમજી શકું છું. પણ દર્શન સમય પહેલાં અહિં કોઇએ આવવું નહિ એવો નિયમ કે પ્રતિબંધ હોઇ શકે જ નહિ. વળી અમારા આવવાથી કોઇના ધ્યાન ભજનમાં ભંગ થવાનો પ્રશ્ન જ નથી. કારણ કે અહિં કોઇ ધ્યાન ભજન કરતું હોય એમ દેખાતું જ નથી. વળી આપ જોઇ શકો છો કે અમે બહાર ગામથી આવેલા પ્રવાસીઓ છીએ. કુતુહલ વૃત્તિથી આ બાજુ આવી ચડ્યા છીએ. તો અમે કયાંથી આવ્યા? શું કરીએ છીએ? કયાં જશો? પાણી લાવું?-આવી સામાન્ય સભ્યતા તો બાજુએ રહી અને અમારી સામે આ નિયમ અને તે નિયમ ધર્યા કરો છો તેની આપને શરમ નથી આવતી? અમે અહિં કોઈ ખોટા ઇરાદાથી કે તમારા ઇષ્ટ દેવતાનું અપમાન કરવાના આશયથી આવ્યા નથી એ આપ બરાબર જોઇ શકો છો, એમ છતાં આવી તોછડાઇથી આપને વર્તતા જોઇને અમને ભારે આશ્ચર્ય અને દુઃખ થાય છે" આ સાંભળીને તે સંન્યાસી જરા ઝંખવાણો પડી ગયો અને બોલ્યો કે "આપ કહો છો તે બરોબર છે. આપનું અપમાન કરવાનો મારો કોઇ આશય નથી. વળી આપ તો બુઝર્ગ જેવા છો. હું તો આપની પાસે બચ્ચું કહેવાઉં. પણ અમો સંન્યાસીઓના ધ્યાન ભજનમાં ભંગ ન પડે તે માટે અમારા જે નિયમ હોય તે તો પળવા જ જોઇએ."

એમ કહીને પોતાનાં બાકી રહેલાં આસનો પૂરાં કરવામાં તે લાગી ગયો. અમે તેની વર્તણુકથી નાખુશ થઇને ત્યાંથી પાછાં ફર્યા પાછળથી અમને ખબર પડી કે તે જગ્યાનો મહન્ત જુવાન બૈરી મૂકીને મરી ગયેલો. તેની સાથે ઘર માંડ્યા જેવું શરૂ કરીને પેલો જુવાન સંન્યાસી જગ્યાનો કબજો જમાવીને ત્યાં બેસી ગયો છે. આ પણ અમારા માટે જંદગિ ન ભુલાય એવો બનાવ બની ગયો.

નિવાસસ્થાને પહોંચ્યા બાદ નહાઇ ધોઇ પરવારીને અમે શાન્તિભાઇને તેમના ઘેર મળવા માટે બહાર નીકળી પડ્યા. તેઓ માલ રોડ ઉપરથી નીચાણના ભાગમાં બાર રૂપિયાના ભાડાની એક કબલ રૂમમાં રહે છે. ગરીબીને અને સાદાઇને વરેલા અનેક કાર્યકર્તાઓનું જીવન આજે જ્યારે આપણે ઊંચે ને ઊંચે ચડતું જોઇએ છીએ ત્યારે આ દંપતીનું જીવન એનું એ જ આજે પણ એકસરખું સાદું, ગરીબીને વરેલું ટકી રહ્યું છે. આ જોઇને તેમના વિષેના અમારા આદરમાં વૃધ્ધિ થઇ. કલાકેક બેઠા, તેમણે ચા બીસ્કીટ વડે અમારૂં આતિથ્ય કર્યું. તેમના સૌહાર્દથી અમારૂં ચિત્ત ખૂબ પ્રભાવિત બન્યું.

જાગેશ્વરથી આવ્યા પછી બીજે દિવસે બપોરના અમારી ઇચ્છા બીનસર જવાની અને ત્યાં રાત રોકાઇને બીજે દિવસે સવારના ભાગમાં આલ્મોરા પાછા આવવાની હતી પણ તે માટે વાહનની, કેટલેાય પ્રયત્ન કરવા છતાં, જોગવાઇ થઈને શકી. અને અમારો પ્રોગ્રામમાં નૈનીતાલથી નીકળ્યા ત્યારથી વિચારી રાખેલ બીનસરને અમારે પડતું મૂકવું પડ્યું. બીનસર આલ્મોરાથી ૧૩ માઇલ દૂર ૭૯૧૩ ફીટની ઊંચાઇએ આવેલું એટલે કે કૌસાનીથી ૨૦૦૦ ફીટ વધારે ઉંચું એક સુરમ્ય સ્થળ છે અને ત્યાંથી પણ હિમપ્રદેશોની શિખરમાળનું કૌસાની કરતાં પ્રમાણમાં વધારે નજીકથી બહુ સ્પષ્ટ અને ભવ્ય દર્શન થાય છે. વાહનના અભાવે એ પડતું મૂકવું પડ્યું તેનું મનમાં દુઃખ રહી ગયું.

જાગેશ્વરથી આવ્યા પછીના દિવસે આકાશમાં વાદળોએ ઘેરો ઘાલ્યો હતો અને મધ્યાહ્ન સમયે ખૂબ ગાજવીજ અને ગડગડાટ સાથે સારો વરસાદ પડ્યો હતો. આજ સુધી ગરમી ગરમી એમ અહિંની આબોહવા સામે અમારી ફરિયાદ ચાલુ હતી. આજે વરસાદ પડવાથી બધે ખૂબ ઠંડક થઇ ગઇ, અને નૈનીતાલ-કૌસાની જેવું અહિંનું હવામાન બની ગયું.

કાસારદેવી

બીજે દિવસે બપોરે અહિંથી ચાર માઇલ દૂર અને લગભગ ૧૫૦૦ ફીટથી વધારે ઉંચાણમાં આવેલ કાસારદેવી જવાનું અમે નક્કી કર્યું હતું. ત્યાં અમારે રામકૃષ્ણધામના સ્ટેશન વેગનમાં બેસીને જવાનું હતું. પણ એ જ સમયે એક દિશાએ વાદળોની જમાવટ થઇ રહી હતી અને આછી આછી મેઘગર્જના સંભળાતી હતી. વરસાદ આવવાનો પૂરો સંભવ હતો. તેથી જવું કે ન જવું એની વિમાસણ ચાલતી હતી. પણ અહિંના નિવાસનો આ આજે છેલ્લો દિવસ હતો. આજે ન જવાય તો પછી એ રહી જ જાય. વરસાદ આવવાનો હોય તો ભલે આવે. અમે તો નિશ્ચય કરીને ઉપડ્યા. આલ્મોરાની સામેના ભાગમાં આવેલ વિશાળ પર્વતના છેડાના શિખર ઉપર આ કાસારદેવી એટલે કે પાર્વતીનું મંદિર હતું. રસ્તો બહુ જ ખરાબ હતો. આમથી તેમ વળાંક લેતી અને ખાડા ખડિયાવાળી સડક અમારા સ્ટેશન વેગનને પડકારતી હતી. આ પડકારનો સામનો કરતું સ્ટેશન વેગન કાસારદેવી સમીપ પોણા-એક કલાકમાં પહોંચી ગયું. અહિંથી પહાડની ટોચ ઉપર પહોંચવા માટે થોડુંક ઉંચે ચઢવાનું હતું. ઉપર પહોંચ્યા, કાસારદેવીના મંદિરમાં દાખલ થયા. પથ્થરની શિલાઓ વચ્ચે પ્રતિષ્ઠિત કરવામાં આવેલ કાસારદેવીની મૂર્તિનાં દર્શન કર્યાં. અને ફરતી પ્રદક્ષિણા કરી. અહિંથી ચારે બાજુએ પથરાયલા વિરાટકાય હિમાલયનાં અદ્‌ભુત દર્શન થતાં હતાં. ઉત્તર બાજુએ આકાશ સ્વચ્છ હોય ત્યારે હિમપર્વતોનાં દર્શન શકય બનતાં હતાં. કાસારદેવીના મંદિરની બાજુએ જરા ઉંચે ચઢીને એક બીજા મંદિરમાં મહાદેવનાં અમે દર્શન કર્યાં. આસપાસના દૃશ્યથી અમારૂં ચિત્ત ખૂબ પ્રભાવિત થયું. પણ અહિં અમને વધારે રોકાવું-મન તો ઘણું થાય તો પણ-પરવડે તેમ નહોતું. માથે આકાશમાં વાદળની ઘટા છવાઇ રહી હતી. સાંજ પહેલાં અમારે અમારા નિવાસસ્થળે પહોંચી જવું જ જોઇએ. અને તે પહેલાં અમારે બીજું પણ એક રોકાણ હતું. (અપૂર્ણ) પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ ન B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુન ૧૬, ૧૯૫૯, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

★ વેદમાં ભારતીય ધર્મનો વિકાસક્રમ ★

'ધર્મ' એ કોઇ પરંપરાગત વાડો નથી પણ માનવી મનના સ્વાભાવિક વિકાસક્રમનું પરિણામ છે. આથી આદિમાનવયુગથી જેમ જેમ માનવીમનનો વિકાસ થતો રહે છે, તેમ તેમ ધર્મનું સ્વરૂપ પણ રોજ વિકસતું રહ્યું છે. આદિમાનકાળથી આપણે કેવી રીતે પ્રગતિ સાધી એનો ઇતિહાસ આપણી પાસે નથી. એમ છતાં પણ વેદાદિ ધર્મશાસ્ત્રોમાં જળવાયેલી નોંધો તથા વેદના રચનાકાળ પછી ક્રમે ક્રમે કેવી પ્રગતિઓ થઈ એનો ઇતિહાસ આપણને વેદોમાંથી સારા પ્રમાણમાં મળી આવે છે, જે ઉપરથી વિદ્વાનો વિકાસનો ક્રમિક ઇતિહાસ ગોઠવવા સમર્થ બન્યા છે.

આદિમાનવકાળથી આરંભી આપણે કેવી રીતે પ્રગતિ સાધી એનો કંઇક ઇતિહાસ એ આદિ-ગુફાવાસી માનવીઓએ અણઘડ રીતે એમાં દોરેલાં ચિત્રો, બનાવેલા હથિયારો તથા પ્રાચીન સાહિત્યમાં સંઘરાયેલી નોંધો ઉપરથી જાણી શકાય છે. એ કાળનો માનવી કુદરતના અદ્‌ભૂત ચમત્કારોથી ભયભીત બનતો અને એની ચાલક કોઇ વિશિષ્ટ શક્તિ કે દેવ છે એમ માની એની દયાયાચના અને પ્રાર્થના કરતો, તથા પોતાથી શક્તિશાળી અથવા જેનું રહસ્ય ન સમજાય એવી વસ્તુનેય નમતો. આ પ્રકારની દયાયાચના અને પ્રાર્થના એ ધર્મનું આદિ સ્વરૂપ હતું. ભારતીય આર્યો તરીકે આપણે આ દેશમાં આવ્યા ત્યારે આપણે આ પ્રાથમિક અવસ્થા પસાર કરી ઠીક ઠીક પ્રગતિ સાધી હતી. પણ પાછળથી આપણે કેવી રીતે વિકાસ સાધવા માંડ્યો એ વિષે વેદોની નોંધો ઉપરથી રાધાકૃષ્ણન્ જેવા પંડિતે 'વેદની વિચારધારા'માં વેદોનો જે ઇતિહાસ રજુ કર્યો છે, એને આધારે આપણે કહી શકીએ છીએ કે:—

આર્યો જ્યારે આ દેશમાં આવેલા ત્યારે તેઓ પોતાની સાથે કેટલીક કલ્પનાઓ અને માન્યતાઓ લાવેલા. એ યુગ નવસર્જનનો હતો, જેથી એમને કાવ્યો સ્ફુરતા અને એ લાગણીઓ ઉભરાઇને ગાનરૂપે વહેતી. એ યુગમાં યજ્ઞોનું નામનિશાન નહોતું. ફક્ત મોઢેથી ગાઇને જ દેવોની ઉપાસના કરવામાં આવતી. યજ્ઞની કલ્પના પાછળથી આવી ને ખીલી હતી.

શરૂમાં કેટલાક ભાવનાપ્રિય માણસોએ આકાશનું સૌંદર્ય અને પૃથ્વીના આશ્ચર્યોનું જ મનન કર્યું કર્યું. એમાંથી કાવ્યો રચીને એમણે પોતાના સંગીતપ્રિય આત્માનો બોજ હળવો કર્યો. પરિણામે નિસર્ગની ભૌતિક ઘટનાઓ દેવરૂપ પામી. એમાંથી દ્યૌ (આકાશ), વરૂણ (પાણી), ઉષા અને મિત્ર (સૂર્ય) વિ. હિંદી-ઈરાની દેવો ઉદ્‌ભવ્યા હતા. અગ્નિની શોધ પછી એનું મહત્ત્વ વધ્યું હશે. પાછળથી પર્જન્ય-વરસાદ-મોટો દેવ મનાયો. વાયુને પણ પાછળથી ઉંચું દેવપદ આપવામાં આવ્યું છે. પણ તેમાંય મનુષ્યને ઉન્માદ ચડાવનાર અને અમૃતતત્ત્વ દેનાર સોમરસ પણું દેવ બની પૂજાય છે. સોમ એ અવસ્તાના હોમદેવને અને ગ્રીસના સુરા તથા દ્રાક્ષના અધિષ્ઠાતા કાયોનીસીસ દેવને મળતો આવે છે, જે દૈવી ઉન્માદ ચડાવતો. એમણે જોયું કે સોમપાન અજ્ઞાનોર્મિ કે સમાધિની દશા આપે છે. ત્યારે જન્મસિદ્ધ શક્તિ કરતાં વધારે મોટું કામ કરવાની પ્રેરણા જાગે છે. એથી સોમમાં એમને દૈવી અંશ દેખાતો, જેથી એ સ્થિતિને એમણે દેવપદ આપેલું. તેને કાઢવાના સાધનો ખાંડણિયો સાંબેલું વિ. પવિત્ર મનાયાં છે. ટુંકમાં વેદયુગમાં શારીરિક કેફને આત્માની મસ્તી માની લેવાનો ભ્રમ પ્રવર્તતો હતો. આમ શરૂમાં આર્યો નિસર્ગપૂજક હોઇ નિસર્ગની ઘટનાઓને એમણે દેવરૂપ આપેલું, પણ હવે આગળ જતાં નિસર્ગપૂજનો ધર્મ બદલાયેલી પરિસ્થિતિ પ્રમાણે વિકાસ પામી માનવરૂપધારી દેવપૂજા તરફ ઢળે છે. પણ એ પહેલાં સૃષ્ટિના ભૌતિક નિયમોનું એમને ભાન થાય છે. સૃષ્ટિ-વિજ્ઞાનનું એમનું જ્ઞાન આગળ વધ્યું હોય છે, જેથી 'સૂર્યચંદ્રના ઉદયાસ્ત, દિવસ-રાત, તથા ઋતુચક્રના વારાફેરા જોઇ આ વિશ્વ કોઇ ચોકકસ નિયમને આધારે ચાલે છે એવી કલ્પના એમને સૂઝી આવે છે. આ નિયમને 'ઋત' કહેવામાં આવે છે. 'ઋત'નો અક્ષરાર્થ છે 'વસ્તુમાત્રનો નિયતક્રમ' ઋતની કલ્પના સૂચવે છે કે જગતમાં નિયમ અથવા કાયદાની આણ અને ન્યાયનું સામ્રાજ્ય પ્રવર્તે છે. એથી વિશ્વની દરેક વસ્તુ એ ઋતના સિધ્ધાન્તને જ અનુસરે છે. આપણી ઇન્દ્રિયો વડે અનુભવ થાય છે તે જગત એ ઋતનો પડછાયો છે અને એ પરિવર્તનોના વમળમાં અવ્યય ને અવિકારી રહેનારૂં શાશ્વત સત્ય તો ઋત જ છે. સૃષ્ટિનું સર્જન થતાં પહેલાં પણ ઋત હસ્તીમાં હતું એમ વેદના ઋષિઓ માને છે, જગતની સદા બદલાતી ઘટમાળમાં એ અનશ્વર ઋતના જ વિવિધ રૂપોનું દર્શન થાય છે. એટલે ઋતને સર્વનો પિતા કહેલો છે, વિષ્ણુને પણ ઋતનો ગર્ભ કહેલો છે. શાશ્વત અને અવિકારી સત્ વિષેની જે ગૂઢ કલ્પના પાછળથી ખીલેલી તેના પ્રથમ ચિન્હ અહીં દેખાય છે. અવિચળ નિયમ એજ સત્ છે. જગતમાં જે કંઇ દૃષ્ટિગોચર કે ઇન્દ્રિયગોચર છે તે તો અસ્થિર આભાસ છે. સત્ તત્ત્વ એક અખંડ ને અવિકારી છે. આમ ઋતની કલ્પનામાં આપણે ભૌતિક સૃષ્ટિના એક અવિચળ નિયમને દેવપદ આપેલું જોઇએ છીએ. પાછળથી શોધાયેલો અને ખીલેલો કર્મનો મહા-સિધ્ધાન્ત એ ઋતની કલ્પનાનું જ પરિણામ છે. પણ ત્યાર પછી એમ મનાવા લાગે છે કે આ વિશ્વતંત્ર એ કોઇ એક સર્વશ્રેષ્ઠ દેવની ઇચ્છા પ્રમાણે જ ચાલે છે. કારણ કે એ સિવાય આર્યોના ભાવુક હૃદયને કેવળ જડ નિયમની ઉપાસના સંતોષ આપી શકે તેમ નહોતી. આથી વરૂણને એ ઋતના રક્ષક માની એને માનવ-રૂપધારી દેવપદ આપવામાં આવે છે. બીજી બાજુ આર્ય-અનાર્ય વચ્ચેનો સંઘર્ષ રોજબરોજ તીવ્ર બનતો હોઇ સમાજનું રક્ષણ કરનારા માનવો પણ પૂજવા લાગ્યા હતા, અને પાછળથી એ દેવપદને પામતા હતા. ઋગ્વેદમાં વરૂણ-મિત્રને આર્ય અસુરો

કહેલા છે, તેમજ વરૂણ–સવિતાને પણ બીજે ઠેકાણે અસુર કહ્યા છે. ઇન્દ્રાદિ દેવો તો ગામડી–રખડુ અર્ધજંગલી પ્રજાના દેવ હોય તેમ લાગે છે. છતાં દેવોએ અસુરોને હાંકી કાઢયા હતા તો પણ ઉપરના અસુરદેવોને આર્યોએ અપનાની લીધા હતા, એટલું જ નહીં પણ, ઇન્દ્ર તો પાછળથી વેદનો સૌથી લોકપ્રિય દેવ બન્યો હતો. એથી જણાય છે કે એ આર્યોના પક્ષમાં રહી એમનો રક્ષક બન્યો હશે ને એથી જ અનાર્યોના દુશ્મન તરીકે આર્યોએ એને પોતાના યુદ્ધદેવનું રૂપ આપ્યું હશે. ઋગ્વેદકાળમાં ઇન્દ્રનો એક બીજો દુશ્મન હતો, તે શ્રીકૃષ્ણ. તે કૃષ્ણ નામના લોકોનો વીર પુરૂષ હતો. ઋગ્વેદની એક ઋચામાં કહ્યું છે કે વેગવાન કૃષ્ણ દશ હજાર યોદ્ધાઓ સાથે અંશુમતી (યમુના) ના કિનારા પર રહેતો હતો, જેની સેનાનો આર્યોના હિત માટે ઇન્દ્રે નાશ કર્યો હતો. કૃષ્ણપૂજાના સંપ્રદાયને અંતે આ કથા આપણા માટે કામની છે. પાછળના પુરાણોએ પણ ઇંદ્ર અને કૃષ્ણના યુધ્ધનું વર્ણન કર્યું છે. સંભવ છે કે કૃષ્ણ એ ઋગ્વેદકાળની ગોપ જાતિ–જેના પર ઇન્દ્રે વિજય મેળવેલો–તેનો દેવ હશે. પણ તેણે પોતાની ગુમાવેલી પ્રતિષ્ઠા ભગવદ્ગીતાના સમયમાં ઘણે અંશે પાછી મેળવી લીધી. અને કૃષ્ણ તે જ ભાગવત સંપ્રદાયનો વાસુદેવ અને વૈષ્ણવ સંપ્રદાયનો વિષ્ણુ એવી માન્યતા પ્રચલિત થવાથી કૃષ્ણે તેનું અગાઉનું સ્થાન ફરી પ્રાપ્ત કરી લીધું છે.

આમ પ્રકૃતિના જડ તત્ત્વો તથા એ બધામાં પ્રવર્તતા 'ઋત'ના નિયમને છોડી આર્યો માનવરૂપધારી દેવો સર્જવા લાગ્યા હતા. દેવોના આ સર્જનકાળમાં કેટલાક દેવોને હટાવવા પડતા, અન્ય કેટલાકને એમને સ્થાને સ્થાપવા પડતા તો કોઇ વાર એક દેવ મુખ્ય દેવ બનતો તો બીજે સમયે એનું સ્થાન વળી બીજો લઇ લેતો. કયારેક અનાર્યોના દેવો પણ આર્યરૂપ પામી પૂજાતા. રૂદ્ર–મહાદેવ એ અનાર્યોના દેવ હતા. આમ માનવરૂપધારી દેવો સર્જાતા અને બદલાતા. પણ એ ક્રિયા અધવચ્ચેથી અટકી પડે છે, જેથી એ મનુષ્યરૂપ દેવપદ અણઘડ દશામાં જ રહી ગયું છે. માણસ જેવા જ રાગ–દ્વેષ, લડાઇ, ઉત્સવ, સુરાપાન, નૃત્ય વિ. તેઓ કરે છે. અગ્નિ–બૃહસ્પતિ પુરોહિત બને છે, જ્યારે ઇન્દ્ર–મરૂત યુધ્ધદેવનો પાઠ ભજવે છે. માણસ જેવી નબળાઇ તેમનામાં પણ હોય છે. ખુશામતથી તેઓ રીઝે છે તો કયારેક ક્રોધમાં આવી ભયભીત પણ કરી મૂકે છે. આમ એમની ફોજ વધી પડવાથી તેમજ એમની અંદર બખેડા પેદા થવાથી એમના ગુણો અને લાગણીઓ રૂપી નિરાકાર દેવ–દેવીઓની સ્થાપનાને વેગ મળ્યો ને એથી ઉપાસના કરવાનું પણ કંઇક સહેલું થઇ ગયું. પણ એથી ચિત્તનું સમાધાન થતું નહીં જેથી એ બધા દેવો વચ્ચે શાંતિ સ્થાપવા એકાદ દેવને વારાફરતી શ્રેષ્ઠ પદ આપવામાં આવતું. પણ છેવટે એમાંથી એ બધાને એકસૂત્રે બાંધવા ઇશ્વરની કલ્પના આવી, જે કલ્પનાએ એ બધાને ઇશ્વરના જ રૂપો માની એમની વચ્ચેનો કલહ મિટાવી દીધો છે.

આમ નિસર્ગ, દેવરૂપ પામેલી ભૌતિક ઘટનાઓ, 'ઋત'નો નિયમ, આકાશી તથા માનવી દેવો તથા ગુણના નિરાકાર સ્વરૂપો આમ માનવીહૃદયમાં ભાવનારૂપે વિકસતો ધર્મ છેવટે ઇશ્વરની ખોજ સુધી પહોંચ્યો. અને એને રીઝવવા ઉપાસનાએ સમર્પણની ભાવના કેળવી, જેમાંથી યજ્ઞયાગની પ્રથા ઊભી થઇ. એ પ્રથાને કારણે જો કે દેવો એકસૂત્રે બંધાયા હતા, છતાં એમનું મહત્ત્વ ફરી વિચારવાનું જરૂરી બનતું હતું. આમછતાં આર્ય–અનાર્યો વચ્ચેનો ઝંઝાવાત શમી ગયા પછી જે દેવો પૂજાતા હતા એમને વિષે આર્યો શંકા કરવા લાગ્યા, ને એથી એ ગૂઢતા વિષે ચિંતન કરતા થયા હતા. જો કે ફિલ્સૂફીના અંકૂરો મોડા દેખા દે છે, એમ છતાં વેદના સૂક્તોના કાવ્યમાં જીવન પ્રત્યે જોવાની જે દૃષ્ટિ છે તે બોધપ્રદ છે.

એ ઉત્થાનકાળમાં દરેક વસ્તુ વિષે શંકા કરવાની વૃત્તિ ઘણીવાર જોર કરતી દેખાય છે. એથી કોઇ પણ વસ્તુ ખરી માની લેવાને બદલે ઉંડા ઉતરીને તેનું રહસ્ય જાણવાની વૃત્તિ પેદા થાય છે. પરિણામ એ આવે છે કે નાની નાની વસ્તુઓમાંથી પેદા થયેલા, ભારતની ભૂમિ પર વિકાસ પામેલા તથા આદિવાસીએ અને દ્રવિડો પાસેથી અપનાવેલા–દેવો હવે અસ્ત પામે છે ને એમની જગ્યાએ તત્ત્વચિંતનનાં ગૂઢદ્વાર ઉઘડવા લાગે છે. ઇશ્વર પણ મનુષ્યના જેવો જ રૂપગુણવાળો હોઇ માણસના મનને હવે તૃપ્ત નથી કરી શકતો. એથી એ ચિંતનના પરિણામે વેદના ઋષિને અદ્વૈત–બ્રહ્મની કલ્પના ઉઠે છે, જો કે એનું સ્વરૂપ આજના જગતની જેમ સુસ્પષ્ટ અસંદિગ્ધ નહોતું. એથી જેને હાડકા નથી એવા સત્ત્વે હાડકાવાળા સત્ત્વને પેદા કર્યું એ વેળા को ददर्श प्रथमं जायमानम् એ પ્રથમ જન્મનારને કોણે જોયો હતો?' એવો પ્રશ્ન પૂછાય છે. છતાં પ્રજાના છેક બાલ્યકાળમાં જે અણઘડ ને અધકચરી તથા આધ્યાત્મિક ઝંખનાઓ હતી એનું ઝાંખુ એવું સ્વરૂપ અહીં પ્રગટી ઉઠે છે; જેમાંથી પાછળના ધર્મો વિકાસ પામ્યા છે. એથી એમ કહી શકાય કે વેદકાળ એ આપણા આજના ધર્મ–તત્ત્વજ્ઞાન અને સામાજીક પ્રણાલિકાઓનો ઉદયકાળ હતો.

વેદના સૂક્તો અથવા મંત્રો કંઇ પણ અલૌકિક દૃષ્ટિ વડે નહીં પણ કેવળ શુદ્ધ તર્કની મદદથી જ જગતની ગૂઢતાઓનો ખુલાસો આપવાનો પ્રયત્ન કરે છે. એટલે અંશે એમાં તત્ત્વ-ચિન્તનનો અંશ છે. એ ચિન્તનને પરિણામે ઋગ્વેદના ઋષિને ઇશ્વરે કોઇ પરતત્ત્વમાંથી સૃષ્ટિ સરજી છે એવી એકેશ્વરવાદની કલ્પના સૂઝેલી, પણ પાછળથી એ ચિન્તનમાં પ્રગતિ કરતાં ઇશ્વરે પોતાના સ્વરૂપમાંથી જ સૃષ્ટિ સરજી છે એવી અદ્વૈતવાદની કલ્પના ઉઠી આવી છે, જે કલ્પનાના વિકાસમાંથી વર્તમાન ભારતીય વૈદિક ધર્મોના ભિન્ન ભિન્ન પ્રવાહો વહેતા થયા છે અને વિકસ્યા છે

આમ ભય, લાલચ અને અજ્ઞાનમાંથી ઉદ્ભવેલો ધર્મ શ્રધ્ધા ભાવના અને ઉપાસના–ભક્તિના પુટોથી પરિપુષ્ટ થતો થતો અનેક કલ્પનાપ્રદેશોને વટાવી તર્ક–બુદ્ધિ અને હૃદયના બળે છેવટે બ્રહ્મ અને અદ્વૈતવાદની કલ્પના સુધી પહોંચ્યો છે. પણ હજુ એ બાલ્યકાળમાં છે, કારણ કે પોતાને સૂઝેલા સત્ય સામે એ 'को ददर्श प्रथमं जायमानम्—को वेद–પ્રથમ ઉત્પન્ન થનારને કોણે જોયો હશે? અને એ કોણ જાણે છે?' એવી શંકા પણ હજી કરે છે. કારણ કે એને એની ઝાંખી થઇ છે પણ એનું પ્રતિપાદન કરવા જેટલું સ્પષ્ટ દર્શન થયું નહીં હોય! અનુભવદ્વારા એનું સ્પષ્ટ દર્શન કરવાનું કાર્ય તો પાછળના ઉપનિષદોએ કર્યું છે

મોટે ભાગે આજના ભારતીય ધર્મો વેદના જ વિચારોનું સુસ્પષ્ટ અને વિકસિત સ્વરૂપ છે. એમ છતાં ઘણી બાબતોમાં આપણે એ વિચારોથી જુદા પડી સ્વતંત્ર વિકાસ પણ સાધ્યો છે. એથી એ કાળના લોકોમાં યજ્ઞો, વર્ણાશ્રમ, તપ. પુનર્જન્મ, કર્મવાદ, મૂર્તિપૂજા, શ્રાધ્ધવિધિ, નીતિ નિયમો, સદાચાર, પાપ-પુણ્ય તથા મરણોત્તર જીવન વિષે કેવી કલ્પનાઓ પ્રવર્તતી હતી તેમજ એ બાબતમાં એમના કેવા આચારવિચાર હતા તે આપણે હવે આગળ જોઇશું અને તે ઉપરથી વેદકાળના લોકોના મનનો કેવો સ્વાભાવિક વિકાસ ચાલતો હતો એ જાણીશું.

ડૉ. રાધાકૃષ્ણનના 'વેદવિચારધારા'ના આધારે

(અપૂર્ણ) સંકલિતકરનાર : **રતિલાલ મફાભાઇ શાહ**

★ દુનિયાની પુનર્રચના : એક ચિન્તન ★

(ગતાંકથી ચાલુ)

હવે આપણે કુટુંબસંસ્થાનો વિચાર કરીએ. જે લોકોનું લોહી એક છે અથવા યૌનસંબંધ દ્વારા જેઓ એકબીજાનાં જીવનમાં ઓતપ્રોત થાય છે, તે બધાંનું એક કુટુંબ ગણાય છે. સામાન્ય ભાષામાં એને લોહીનો સંબંધ કહે છે. એ કુદરતી સંબંધ એટલો ઉત્કટ હોય છે કે એને લગભગ આધ્યાત્મિક સંબંધ કહી શકાય. આ કૌટુંબિક સંબંધ માનવજાતના ઇતિહાસમાં પ્રારંભથી જ છે, અને એ કાયમ રહેવાનો છે.

અને છતાં મનુષ્યસંગઠન માટે આટલી જ ઉત્કટતાના બીજા સંબંધ ઉત્પન્ન કરી શકાય. અને તેમાંથી પણ આટલો જ સ્થાયી લાભ મેળવી શકાય. જે લોકોનાં જીવનના આદર્શ બધી રીતે પરસ્પરાનુકૂલ છે, અને જેઓ એ કારણે એકબીજા પ્રત્યે પ્રેમ અને આદર કેળવી શકયા છે, એવા લોકો આશ્રમો* સ્થાપીને એકત્ર રહેતા આવ્યા છે. આપણી ન્યાત પણ એ રીતે, કુટુંબ-સંસ્થાની જ વિશાળ આવૃત્તિ છે. યુગધર્મ કહે છે કે એને વિરાટ રૂપ આપીને તમામ માનવોને એકજાત કરવાના દિવસો પણ નજીકનાં ભવિષ્યમાં આવશે. લોહીનો સંબંધ જો અધ્યાત્મની કોટિએ પહોંચી શકે તો આધ્યાત્મિક સંબંધ પણ લોહીના સંબંધ જેટલો જ અથવા એથી યે વધારે ઉત્કટ થઈ શકે છે. અને આજની દુનિયા જોતાં લોહીનો સંબંધ ઝપાટાભેર છીછરો થતો જાય છે, અને પરસ્પર હિતનો અને ભાવનાનો સંબંધ વધારે મહત્વ પકડતો જાય છે. તેથી જેમ જેમ માણસમાં માણસાઈ વધતી જાય, રાગદ્વેષ આદિ વિકારો ઓછા થતા જાય અને વ્યક્તિત્વની છીછરી કલ્પના ઓસરતી જાય, તેમ તેમ, જેને આશ્રમ-જીવન કહી શકાય એવું વિરાટ સામુહિક જીવન સ્વાભાવિક થતું જશે. કૌટુંબિક જીવને માણસજાતને એના વિકાસમાં અત્યાર સુધી સુંદર સાથ આપ્યો. હવે એમાંથી ઉગરી જવાના દિવસો આવવા લાગ્યા છે. એ ઓળખ્યે જ છુટકો. કૌટુંબિક જીવન પક્ષીઓ જેટલું અને સામુહિક જીવન સહકારની ક્ષમતા જેટલું, એ નિયમ સ્વીકાર્યો હોય તો ઉછરતી પેઢીનો વિકાસ ઉત્તમમાં ઉત્તમ થશે એમ લાગે છે.

વંશ, કુલ અથવા ખાનદાન એ કુટુંબ કરતાં વધારે વ્યાપક સંગઠન હતું. મધ્યકાલીન જીવનમાં એનું મહત્ત્વ ઘણું હતું. આજે પણ કેટલાક ખાનદાનોમાં કુટુંબનું અભિમાન ચારિત્ર્ય કરતાં પણ વધારે અસર કરે છે. અને તેથી સામાજિક જીવનમાં એનું મહત્વ અસાધારણ હોય છે. रघुकुल रीति सदा चली आयी। प्राण जाय अरु वचन न जायी ॥ એ વચન આનો ઉત્તમ નમૂનો છે. આવા સદ્‌ભિમાનને હવે પછી વંશની કલ્પના સાથે જોડી દેવું મુશ્કેલ થવાનું છે. અને જ્યાં આપણે ઉચ્ચનીચ ભાવ દૂર કરવા માગીએ છીએ, પછાત કોમો અને ઉચ્ચ કોમો વચ્ચે વિવાહ થાય એમ ઇચ્છીએ છીએ અને ભિન્નધર્મી વચ્ચે, ધર્માન્તર વિના લગ્ન થાય એવી ભલામણ કરીએ છીએ, ત્યાં ખાનદાનનાં અભિમાનને પોષણ આપવું આપણને પોસાય નહીં.

ન્યાતનો વિચાર કરવો સહેલો નથી. ન્યાત એ સંસ્થા જુની થઇ છે, કાલગ્રસ્ત છે, એને દફનાવવી જ જોઇએ. આમ જોર જોરથી કહેવાથી ન્યાત ટૂટવાની નથી. ન્યાતની જીવટ લગભગ દેહ અને પ્રાણના સંબંધ જેટલી જ મજબૂત છે. એનો આધાર તર્ક કે બુદ્ધિ પર નથી, પણ હજારો વરસના જીવનાનુભવ ઉપર એ બંધાઇ છે. એ ન્યાત કેમ તોડાય એનો રસ્તો શોધી કાઢવો જોઇએ.

ન્યાત નાબૂદ કરતાં પહેલાં ન્યાત ન્યાત વચ્ચેનો ઉચ્ચનીચ ભાવ દૂર કરવો જોઇએ. કેળવણી, આર્થિક ઉન્નતિ, સામાજિક પ્રતિષ્ઠા અને આંતરજાતીય વિવાહ—આ બધા ઉપાયો એક સાથે અજમાવ્યા પછી જ ન્યાતની પકડ ઢીલી થાય તો થાય.

ન્યાત હોવાને કારણે વ્યક્તિને અને સમુદાયને જે લાભ થાય છે તે બીજી રીતે પણ મળી શકે એવો અનુભવ થયા પછી જ માણસ ન્યાતનું બંધન જતું કરવા તૈયાર થશે.

'ન્યાત ન્યાત ને ઓળખે છે' એ કહેવતમાં જ્ઞાતિબંધનનું રહસ્ય આવી જાય છે. માણસ સત્ય, ન્યાય, માણસાઇ, રાષ્ટ્રહિત બધાંને તિલાંજલી આપી ન્યાતવાળાનો પક્ષ તાણવા તૈયાર થાય છે, કેમ કે એને વિશ્વાસ છે કે કટોકટીને પ્રસંગે મારી ન્યાતવાળા જ મને એ જ જાતની સેવા આપશે. પરસ્પર સ્વાર્થ સાચવવાનો વીમો—એનું નામ તે ન્યાત. એક જણે કહ્યું છે, There are no friends, only accomplices. (દુનિયામાં મિત્રો છે જ કયાં? હોય છે તે સ્વાર્થના સાથી અથવા ભેરૂ હોય છે). આવા ભેરૂ જ્યારે અપેક્ષા-ભંગ કરે છે ત્યારે એને ભેદૂ અથવા દગાબાજ કહે છે.

માણસની નીતિભક્તા સુધરે, પક્ષપાત અને પૂર્વગ્રહમાંથી એ ઉગરે અને આખા સમાજની ન્યાયનિષ્ઠા ઉપર વિશ્વાસ રાખતો થાય, ત્યારે જ ન્યાતનું જોર ઓછું થશે.

જ્યારથી આપણા દેશમાં આપણે અખિલ ભારતીય રાષ્ટ્રીયતાનો ભાવ મજબૂત કરવા મથીએ છીએ ત્યારથી ન્યાતિનિષ્ઠા જેવી સંકુચિત નિષ્ઠાનો દોષ આપણે ઓળખતા થયા છીએ અને એ દોષ તો સમાજમાંથી કાઢી જ નાખવો છે, એવા નિર્ણય ઉપર આવ્યા છીએ. જો આપણે તટસ્થ થઇને શાન્તપણે વિચાર કરીશું તો દુનિયામાં ફેલાયેલી રાષ્ટ્રનિષ્ઠા અને આપણી ન્યાતિનિષ્ઠા—એમાં ઝાઝો તફાવત નથી. એકની વ્યાપ્તિ વધારે હોય, બીજાની ઓછી, પણ સ્વરૂપમાં બન્ને સરખા જ છે. My country—right or wrong—ન્યાય હોય કે અન્યાય, હું તો મારા દેશનું જ તાણવાનો—એ, એ રાષ્ટ્રીયતાનું નાગું સ્વરૂપ છે. દુનિયાની પુનર્રચનામાં રાષ્ટ્રીયતાનો પણ ફેરવિચાર કરવો જ પડવાનો. રાષ્ટ્રીયતાનું સ્વરૂપ કેવું ઝેરી છે અને રોગચાળાની પેઠે એ આખી દુનિયામાં કેમ ફેલાઇ છે એનો તાદૃશ ખ્યાલ રવીન્દ્રનાથે "રાષ્ટ્રીયતા" નામના પોતાના નિબંધમાં આપ્યો છે.

દુનિયાના મોટા રાષ્ટ્રો વચ્ચે જે જીવલેણ હરિફાઇ ચાલે છે, અને એમની એકબીજા સાથેની દોસ્તી ક્ષણજીવી થતી જાય છે, અને નાનાં રાષ્ટ્રો અસહાય અથવા આશ્રિત થતા જાય છે, એ બધું જોતાં રાષ્ટ્રીયતા દુનિયામાં હવે ઝાઝી ટકશે એમ લાગતું નથી. રાષ્ટ્ર એ એકમ્ નથી પર્યાપ્ત નીવડ્યો, નથી હિતકર. મૅઝીનીએ એ એકમ્‌ના જેટલાં ગુણગાન ગાયાં તેને લાયક એ નીવડ્યો નથી. હવે એ જ ગુણગાન એક સંસ્કૃતિના અને ideology અથવા વિચારધારાના થવા લાગ્યા છે. એ એકમ વધારે ઉપયોગી અને તૃપ્તિદાયક નીવડશે એમ લાગે છે, જો કે એમાં પણ માણસજાત હવે ઝાઝા દિવસ પડાવ નાખી રહી ન શકે. એ એકમ પણ, માનવતાના વિકાસની દૃષ્ટિએ, અલ્પ અને અધુરો જ નીવડવાનો. અંતે અનુભવથી ડાહ્યા થઇને આપણે જુનું ઋષિવચન યાદ કરવાના, नाल्पे सुखमस्ति । यद् अल्पम् तद् दुःखम् । यो वै भूमा तन् सुखम् ॥

* કુટુંબસંસ્થાને વ્યાપક કર્યા પછી જો એમાં, પરસ્પર પ્રેમની પ્રેરણાને લીધે ત્યાગનું તત્ત્વ અને અધ્યાત્મ તત્ત્વ ન આવે તો એ આશ્રમ બનવાને બદલે હોટેલ કે સૈનિકોની છાવણી જેવી વસ્તુ બનશે જેમાં સગવડો સચવાય પણ માણસાઇનું તત્ત્વ મૂળીયા ન પકડી શકે.

રાષ્ટ્ર એ એકમ જ રાજકીય અને ભૌતિક સામર્થ્યનો દ્યોતક થયો છે. પોતાની સ્વતંત્રતા જે સાચવી શકે તે જ રાષ્ટ્ર: એ આજની સાચી વ્યાખ્યા છે. અને એ રમત તો રોજ બદલાતી જાય છે. નાનાં રાષ્ટ્રોની દશા ને પ્રતિષ્ઠા બન્ને દયામણી થઇ છે. એ રાષ્ટ્રો હવે ઝાઝા ટકવાનાં નથી, સિવાય કે મોટા રાષ્ટ્રો પોતાની મોટાઈ સાચવવાને અસમર્થ નીવડે અને પછી દુનિયામાં બધે જ નાનાં નાનાં રાષ્ટ્રો ફરીવાર બદબદતાં રહે. આ સ્થિતિ પણ ન જ આવે એમ નથી. પણ જો માનવતા જોર પકડે અને માણસનું ચારિત્ર્ય ઊંચું ઉઠે તો રાજદ્વારી આદર્શો જ ઓગળી જાય અને માણસજાત માનવકલ્યાણ સાધવાના પુરૂષાર્થમાં મશગૂલ થાય. જો બધા દેશોમાં, બધા રાષ્ટ્રોમાં અને બધી જ વિચાર-ધારાઓમાં પાંચ દસ, પાંચ દસ મહાપુરૂષો અને મહાત્માઓ પાકે તો આખી દુનિયાનું રૂપ ફરી જશે અને માણસજાતને સત્ય-યુગની ઝાંખી જોવાને મળશે.

પણ સૌથી કઠણ સવાલ છે ધોળી, કાળી, પીળી અને ઘઉંવર્ણી મહાજાતિઓના કે મહાવંશના સંઘર્ષનો. પ્રાચીનકાળમાં આ ભેદ એટલો આકરો ન હતો. આજે પણ આખી દુનિયામાં ફેલાયેલી ધોળી પ્રજાએ જ આ સવાલને આટલો આકરો કર્યો છે. એ ધોઈ કાઢવાનું કામ એ પ્રજાએ જ કરવું રહ્યું. નહીં તો દુનિયાની તમામ રંગીન પ્રજા એક થઇને આ ધોળી પ્રજાને ઠેકાણે પાડશે. બીજો રસ્તો દેખાતો નથી. દુનિયાની પુનર્રચનાનું મોટામાં મોટું કામ આ જ છે. અમેરિકાના નીગ્રો લોકોએ અને તેમના જ સગાસંબંધી—આફ્રિકાના કાળા લોકોએ એ બીડું ઉઠાવ્યું જ છે. પ્રથમ સહચાર, ત્યાર પછી સહકાર, અને અંતે સહજીવન સુધી આ વાત જવાની જ. માણસહૃદય બધે એક જ છે. માણસનું જીવન ઓતપ્રોત થવા માટે જ સરજાયેલું છે. ચામડીનો રંગ અને વાળનો વળાંક માણસને ક્યાં સુધી અલગ અલગ રાખી શકે ?

એક જ ભાષા બોલનારા લોકો રહેજે ઓતપ્રોત થઈ શકે છે. બીજી રીતે કહીએ તો જે લોકોને કે સમાજોને જીવનસાફલ્ય માટે અરસપરસ ઓતપ્રોત થવું જ પડે છે એ લોકોને એકબીજાની ભાષા સમજવી જ પડે છે. અને અંતે એક ભાષા ઉપર પણ આવવું પડે છે. એ પ્રક્રિયા ઠીક ઠીક વખત લે છે. પણ કોઇ પણ સમાજ એ પ્રક્રિયામાંથી બચી શકતો નથી. ગૂજરાતી ભાષા એનો ઉત્તમ નમૂનો છે. સૂરતી, ચરોતરી, સોરઠી—એવી શૈલીઓ ઝપાટાબંધ ગૌણ થતી જાય છે. પારસી ગૂજરાતી પણ પોતાનું અકુણાપણું ખોતા જાય છે. રાજસ્થાની, માળવી, સિંધી, કચ્છી અને મરાઠી, કોંકણી વગેરે ભાષાઓનું આદાનપ્રદાન ગૂજરાતી સાથે ઇતિહાસકાળથી થતું આવ્યું છે. અને એમાંથી જ આજની ગૂજરાતીએ પોતાનું રૂપ ખીલવ્યું છે. એ ગૂજરાતી ઉપર અંગ્રેજીની અસર કેટલી જબરદસ્ત છે એ આપણે, એ જ વાતાવરણમાં હોવાથી, સમજી શકતા નથી. છેલ્લા દસ-પંદર વરસમાં ગૂજરાતીએ બંગાળીના સંસ્કારો પણ ઠીક ઠીક ઝીલ્યા છે. ધરની અંદર આ જે પ્રક્રિયા આપણે જોઇએ છીએ, એ જ આખી દુનિયામાં પણ ચાલતી જોઈ શકાય છે. અંગ્રેજી, ફ્રેન્ચ, જરમન, સ્પેનિશ અને રશિયન એ પાંચ ભાષાની અસર તળે આખી દુનિયા આવેલી, કે આવતી દેખાય છે. આફ્રિકામાં અંગ્રેજી અને ફ્રેન્ચ, દક્ષિણ અમેરિકામાં સ્પેનિશ, ચીન દેશમાં અંગ્રેજી અને રશિયન પોતાની છાપ પાડતી જ જાય છે. જે જે પ્રજાનું જીવન સમર્થ બને છે તે તે પ્રજાની ભાષા વિશ્વના દરબારમાં પ્રતિષ્ઠા પામે છે. આપણે સ્વતંત્ર થયાને માંડ દસ વરસ થયા, એટલામાં ચીન, જાપાન ઇતાલી અને રશિયાના વિશ્વવિદ્યાલયોમાં હિંદીનું અધ્યયન શરૂ થયું જ છે. એ રીતે પણ ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ વચ્ચેની દીવાલો તૂટતી જાય છે, અળગાપણું ભૂસાતું જાય છે, જાગૃતિ સાથે આદાન-પ્રદાન વધે છે. હવે દરેક પ્રજાએ બહુભાષી થયે જ છુટકો છે. આપણો સવાલ અંગ્રેજીને હાંકી કેમ કાઢીએ એ નથી, પણ અંગ્રેજી સાથે બીજી કઈ ભાષાઓ આપણે શીખવી જોઇએ, એ છે. અને આપણી હિંદી ભાષા દુનિયામાં પ્રતિષ્ઠા પામે એવું આદરપાત્ર સાહિત્ય આપણે કેમ તૈયાર કરીએ એ આજનો આપણો મુખ્ય સવાલ છે. દુનિયાની પુનર્રચનાની સફળતા માટે દરેક પ્રજાએ બહુભાષી થયે જ છૂટકો.

બહુધર્મી દુનિયામાં ધર્મના ઝગડા ટાળવા હોય તો ધર્મનું કાસળ જ કાઢી નાંખવું જોઇએ એ ઇલાજ રશિયાએ સૂચવ્યો છે. બાકીની દુનિયા આવી આકરી રીતે બોલતી નથી. પણ લોકોનાં જીવનમાંથી જૂની ઢબની ધર્મનિષ્ઠા ઓગળી ગઈ જ છે, અને જે રહી છે તે, તે તે ધર્મનો સારામાં સારો ભાગ છે એમ પણ ન કહેવાય. જે વહેમો, પૂર્વગ્રહો અને સંકુચિતતાઓ હજી ટૂટ્યાં નથી તે, તે તે પ્રજાને ચોંટ્યા જ છે. એમાંથી માણસજાત સમૃદ્ધ થઈ નથી. ફક્ત અકળાય છે, અને પરસ્પર શંકાને અને ગેર-સમજને પોષે છે.

એના કરતા ભારતીય વૃત્તિ સ્વીકારીને જો દુનિયાના લોકો બધા ધર્મોનો આદરપૂર્વક અભ્યાસ કરે અને બધાને આત્મીયતાથી આવકારે, તો પરસ્પર સંઘર્ષ ટળી, સંપર્ક વધશે, અને એ રીતે દરેક ધર્મનું અકુણાપણું ઘસાઈ જશે. જેમ નદીના પથરાઓ ગોળમ-ટોળ થયા છતાં પોતાના આકારનું અમુક વૈશિષ્ટ્ય સાચવી રાખે છે, એવી જ રીતે સર્વ-ધર્મ-સમભાવથી ગોળમટોળ થયેલા ધર્મોમાં એમની પોતપોતાની સુગંધી કાયમ રહેશે અને એમનું વૈશિષ્ટ્ય જે કાયમ રહેશે તે દુનિયાને પોષક જ નીવડશે. આમ થતાં ધર્મો ગૌણ થશે અને ધાર્મિકતાની સુગંધ બધે ફેલાશે. બૌદ્ધધર્મનો મહાયાન પંથ એકલા ગૌતમ બુદ્ધ ને નહીં પણ અનાદિકાળથી થયેલા બધા બુદ્ધોને નમે છે અને સ્વીકારે છે. આપણા જ્ઞાન-માર્ગી અને ભક્તિમાર્ગી લોકો કોઇ વિશિષ્ટ સંતની નહીં પણ 'સબ સંતનકી જય' પોકારે છે. સંતોમાં બધા મહાત્માઓ, ઇશ્વરપુત્રો, નબીઓ અને ધર્મસંસ્થાપકો આવી જવા જોઇએ. એક ને માન્ય કરવા અને બીજાને અમાન્ય, એ બધાને મોકલનાર ઇશ્વરનું અપમાન ગણાય. શંકરાચાર્યે પણ કહેલું કે ગમે તે દેવતાની પૂજા કરો, પણ એમની સાથે બીજા ચારને મૂકીને પંચાયતન પૂજા કરો. એ જ પરંપરા આગળ ચલાવી ગાંધીજીએ આજના જમાનાને સર્વ-ધર્મ-સમભાવ સૂચવ્યો. એની જ નવી આવૃત્તિ 'સર્વ-ધર્મ-મમભાવ' છે. એ ભાવ આવ્યો એટલે દરેક ધર્મનું અકુણાપણું ઘસાઇ જવાનું જ.

માણસજાતનું એક કુટુંબ થયા પછી બધી જમીન બધાંની, બધા અધિકાર બધાંના, બધા ધર્મ સર્વના, બધી સંસ્કૃતિઓ એકબીજામાં ઓતપ્રોત થવાની જ, બધા વંશો, મહાવંશો અને મહાજાતિઓ—races—મળીને એક પરિવાર ગણાવાનો. 'જે બધાનું થશે તે મારૂં થશે. હું અનાથ, બહિષ્કૃત નથી' એ જાતનો વિશ્વાસ પછાતમાં પછાત માણસમાં પણ ઉગશે અને એની સાથે એનું પછાતપણું પણ મટી જશે. પછી તો આપણે ભગવાનની સ્તુતિ કરતાં, છેલ્લે કહીશું.

सर्वं समाप्नोषि ततोसि सर्वः

ભગવાનનું નામ સર્વોત્તમ, સર્વેશ્વર અથવા ટૂંકામાં—સર્વ-એ જ રહેશે.

સમાપ્ત **કાકા કાલેલકર**

★ કૂર્માચળની પરિક્રમા, ૧૫. ★

(ગતાંકથી ચાલુ)

લામા અનાગારિક ગોવિન્દ અને લી ગોતમી ગોવિન્દ

અહિં નજીકમાં વસતા એક લામાદંપતીને મળવા અમે ઇચ્છતા હતા. બૌદ્ધ ધર્મ બે મોટા સંપ્રદાયમાં વહેંચાઇ ગયો છે. એક મહાયાન અને બીજો હીનયાન. સીલોન બાજુ પ્રચલિત છે તે હીનયાન સંપ્રદાય. બર્મા તથા ટીબેટ બાજુ પ્રચલિત છે તે મહાયાન સંપ્રદાય. લામા એટલે બૌધ્ધ સાધુ અથવા ધર્મગુરૂ. આ બાજુના લામાઓ બે પ્રકારના હોય છે, એક બ્રહ્મચારી અને બીજા ગૃહસ્થાશ્રમી. લામા ગોવિન્દ ગૃહસ્થાશ્રમી હતા. આ લામાયુગલ સંબંધે, અમને મુંબઇ પ્રદેશના મજુર પ્રધાન શાંતિલાલ શાહ નૈનીતાલમાં મળેલા ત્યારે તેમની પાસેથી–અમે પહેલીજ વાર જાણેલું કે "કાસારદેવી ઉપર એક લામાયુગલ રહે છે અને તેમાંના લામા અનાગારિક ગોવિન્દ જેને પરણેલ છે તે મુંબઇનાં એક પારસી બહેન છે અને તે તથા મેના શાન્તિનિકેતનમાં સાથે રહેલાં હોઇને મેનાને તે જાણે છે." આ બાબતનો વધારે વિચાર કરતાં અમને ખ્યાલ આવ્યો કે મેના જ્યારે શાન્તિનિકેતનમાં ભણતી હતી ત્યારે રતિ પીટીટ એ નામનાં મુંબઇના જાણીતા પીટીટ કુટુંબનાં એક બહેન શાન્તિનિકેતનમાં રહેતાં હતાં અને તે જ આ ગોવિંદ લામાને પરણેલાં બહેન હોવા જોઇએ.



લામા અનાગારિક ગોવિન્દ

આ કારણે મેનાને તેમજ અમને બધાંને આ લામાયુગલને મળવાનું ખૂબ કુતુહલ હતું. અમારી સાથે ભોમિયો હતો. તે અમને તેમના નિવાસસ્થાન ઉપર લઇ ગયો. તે કાસારદેવીના મંદિરની બહુ નજીકમાં જ હતું. તેમના કોઇ નોકર સાથે અમારા વિષે કહેણ મોકલ્યું. લી ગોતમી બહાર આવ્યાં. મુકતેશ્વરમાં જેમ બન્યું હતું તેમ અહિં પણ લી ગોતમી મેનાને સોળ વર્ષના લાંબા ગાળા બાદ જોઇને આશ્ચર્ય પામ્યા. બન્નેએ એકમેકને ઓળખી કાઢ્યા. "અરે મેના ! તું અહિં ક્યાંથી" એમ કહીને મેનાને તે વળગી પડ્યાં. અમને બધાંને તેમણે આવકાર આપ્યો અને મકાનની અંદર લઇ ગયા અને મુખ્ય ઓરડામાં બેસાડ્યા. તેમના પતિ સાથે મેનાની અને અમારી ઓળખાણ કરાવી. તેઓ એક ગાદી ઉપર બેઠા હતા; સામે નાનું મેજ પડ્યું હતું; તેમને મળવા કોઇ અંગ્રેજ મહિલા આવ્યાં હતાં તેમની સાથે તેઓ વાત કરતા હતા. ટિબેટના ધર્મગુરૂ જેવી જ તેમની આકૃતિ તેમ જ પોશાક હતો. શરીરે કૃશ હતા. આંખે ચશ્મા પહેર્યાં હતા. મોઢા ઉપર નાની સરખી દાઢી ઝુલતી હતી. મુખમુદ્રામાં ગાંભીર્ય, સાત્વિકતા અને સૌમ્યતાની છાપ પ્રતીત થતી હતી. વાણીમાં ચિન્તન અને વિદ્વત્તાનો રણકાર હતો. આ કોઇ વિચક્ષણ, બહુશ્રુત શીલસંપન્ન પુરૂષ છે એમ તેમને જોતાં કોઇને પણ લાગે. તેમણે પણ અમને ભાવપૂર્વક આવકાર્યા. શરબત અને મીઠાઇ વડે અમારૂં સ્વાગત કર્યું. મેના લી ગોતમી સાથે વાતે વળગી. અજિતભાઇ અને હું લામા ગોવિંદ સાથે વાત કરવા લાગ્યા. ટીબેટમાં પ્રચલિત બૌદ્ધ ધર્મનું સ્વરૂપ, બૌદ્ધ ધર્મગુરૂઓની સંસ્થા, બ્રહ્મચારી અને ગૃહસ્થાશ્રમી લામાઓની રહેણીકરણીનો તફાવત, તેમનું પોતાનું સંશોધનકાર્ય–આવી કેટલીક બાબતો વિષે અમારી પ્રશ્નોત્તરી ચાલી. બૌદ્ધધર્મી લામાને આટલા નજીકથી કદિ પણ જોયેલ નહિ. તેથી તેમની જીવનપદ્ધતિ વિષે મને બહુ કૌતુક હતું. જે ઓરડામાં અમે બેઠા હતા તેને ચિત્રો, મૂર્તિઓ, તેમજ કાંઇક જુદી જ ઢબના ફરનીચરથી સજ્જ કરવામાં આવ્યો હતો. બન્ને લામાદંપતી કલાકાર હોઇને આ ઓરડાનો શણગાર–રચના–સુરૂચિપૂર્ણ હોય એ સ્વાભાવિક છે. મને મૂર્તિઓ અને ચિત્રોમાં રસ હોવાથી ઓરડામાં ફરવા લાગ્યો અને શોભા શણગાર નિહાળવા લાગ્યો. ભીંતો ઉપર લટકાવેલાં કેટલાંક ચિત્રો જોયાં. ફરતો ફરતો પ્રવેશદ્વારની બરોબર સામેની દિવાલના મધ્ય ભાગમાં એક નાના દેવઘર જેવી માંડ હતી તે તરફ મારી નજર ગઇ, અહિં એક લંબચોરસ ટેબલ ઉપર નાના કદનું ચોરસ રતુલ ગોઠવ્યું હતું અને તે ઉપર ભગવાન બુધ્ધની એક નાની સરખી પણ અત્યન્ત ભાવવાહી લાવણ્યમયી મૂર્તિ હતી. બાજુએ તેમ જ નીચે બીજી નાની નાની મૂર્તિઓ અને પ્રશોભનો હતાં. સૌથી નીચે મધ્યમાં ગોઠવેલી દેવદેવીની સંલગ્ન એવી એક મૂર્તિએ મારૂં ધ્યાન ખેંચ્યું. સ્ત્રી–પુરૂષ ઉભાં ઉભાં અમુક રીતે ગોઠવાઇને મૈથુન આચરતા હોય એવા દેવ-દેવીના યુગલની આ મૂર્તિ હતી.

મારી સમજણ મુજબ આ મૂર્તિનું શિલ્પવિધાન નેપાળી ઢબનું હતું. આવું વિચિત્ર મૂર્તિનિર્માણ તાંત્રિક યુગમાં ઉદ્‌ભવ પામ્યું હશે એવું મારૂં અનુમાન છે. આવી મૈથુનપરાયણ દેવદેવીની મૂર્તિઓ આપણા દેશના મ્યુઝીયમોમાં કદિ કદિ જોવામાં આવે છે. કેટલાંક વર્ષો પહેલાં એક પરિચિત જનના સંગ્રહસ્થાનમાં આવી મૂર્તિ મેં પહેલવહેલી જોઇ હતી. એક મિત્રને ત્યાં તાજેતરમાં આવી જ મૂર્તિ મારા જોવામાં આવી હતી. આવી મૂર્તિઓના ઔચિત્ય–અનૌચિત્ય વિષે તેમની સાથે ચર્ચા થતાં તેમણે આવી મૂર્તિઓનું તાત્ત્વિક interpretation–અર્થઘટના–મારી સમક્ષ એ રીતે રજુ કરી હતી, કે "આ પ્રકારના નિરૂપણનો આશય જીવ અને શિવના મિલનને અથવા તો શિવ અને શક્તિના અદ્વૈતને અથવા તો પુરૂષ અને પ્રકૃતિના સાયુજ્યને પ્રતીકાકારે અભિવ્યકત કરવાનો છે. According to him it was a symbolical expression of spiritual communion. જેવી રીતે માનવીની આંખ જ્ઞાનની દ્યોતક છે, હાથ શ્રમનો દ્યોતક છે, પગ ગતિના દ્યોતક છે, સ્ત્રીનાં સ્તન વાત્સલ્યના દ્યોતક છે, હૃદય પ્રેમનું દ્યોતક છે તેવી રીતે સ્ત્રીપુરૂષના મૈથુનની સ્થુળ પ્રક્રિયા સ્ત્રીપુરૂષના–પ્રકૃતિ પુરૂષના–આધ્યાત્મિક અદ્વૈતની દ્યોતક છે. બીજી રીતે કહીએ તો મૈથુન ભૌતિક કક્ષા ઉપર–physical plane–ઉપર સરજાતા એક

સ્ત્રી અને પુરૂષના અદ્વૈતની પ્રક્રિયા છે. એ જ પ્રક્રિયા ઉચ્ચતમ ભૂમિકા–spiritual plane–ઉપર સરજનતા આધ્યાત્મિક અદ્વૈતનું પ્રતીક છે, symbol છે. સ્ત્રીપુરૂષના શારીરિક સંબંધને એકાન્ત જુગુપ્સાની દૃષ્ટિએ જોવો વિચારવો યોગ્ય નથી. કુદરતમાં જે પ્રવર્તે છે તે કશું હીન કે જુગુપ્સાદાયક નથી. તે પાછળ ઘણી વખત ઊંડો આશય–ગૂઢ સૂચન રહેલું હોય છે. તે શોધી કાઢવું અને તે રીતે તે પ્રક્રિયાને ઘટાવવી તે બુદ્ધિમાનનું કર્તવ્ય છે."

આવી મૂર્તિ મેં પહેલી વાર જોઇ એમ નહોતું. તેમ જ આ સંબંધમાં કેવો મત પ્રવર્તે છે તેથી હું અજ્ઞાન નહોતો. મારૂં કૌતુક તો એક બૌદ્ધ ધર્મગુરૂના સ્થાનકમાં આવી મૂર્તિને શું સ્થાન હોઇ શકે એ પ્રશ્નને લગતું હતું. તેથી આ મૂર્તિ તરફ તેમનું ધ્યાન ખેંચીને મેં પ્રશ્ન કર્યો કે આપના પૂજાસ્થાનમાં આપે આ મૂર્તિ શા માટે રાખી છે? તેમણે આ પ્રશ્નનો વિસ્તારથી ખુલાસો કર્યો. તેમણે જણાવ્યું કે "આ પ્રકારની યુગલપ્રતિમાનું નિર્માણ અને આરાધના હિન્દુતંત્રશાસ્ત્ર તેમજ બૌધ્ધ તંત્રશાસ્ત્રમાં કંઇ કાળથી પ્રચલિત છે. એમ છતાં હિંદુ તંત્રશાસ્ત્રમાં આ યુગલપ્રતિમાનું જે interpretation–ખુલાસો કરવામાં આવે છે તેથી બૌધ્ધ તંત્રશાસ્ત્રોમાં કરવામાં આવતું interpretation–ખુલાસો તદ્દન જ જુદા પ્રકારનો છે.

"હિંદુતંત્રશાસ્ત્ર પ્રમાણે શિવ અને શક્તિના સંયોગમાંથી આ આખા વિશ્વનો પ્રાદુર્ભાવ થયો છે. તેમાં શિવ દૃષ્ટા છે, અકર્તા છે; શક્તિ સમગ્ર પ્રક્રિયાનું મૂળ છે, કર્તા છે, ક્રિયાધાર છે. આ પ્રતિમામાં જે પુરૂષ રૂપે છે તે શિવ છે, એટલે કે વિશ્વનો passive male principle છે–અક્રિયાત્મક પુરૂષતત્વ છે. અને આ પ્રતિમામાં જે સ્ત્રી રૂપે છે તે વિશ્વનો active female principle છે. ક્રિયાત્મક સ્ત્રીતત્વ છે. સાંખ્ય દર્શનમાં પ્રરૂપાયેલ પુરૂષ અને પ્રકૃતિનું સાયુજ્ય એ આ શિવશક્તિના સાયુજ્યનો જ કલ્પનાપર્યાય છે.

"પણ બૌદ્ધ ધર્મમાં કે બૌદ્ધ તંત્રશાસ્ત્રમાં આવા શિવશક્તિના કે પુરૂષપ્રકૃતિના સાયુજ્યની અને તેના સંયોગની અને તેમાંથી થતા સમગ્ર વિશ્વના ઉદ્ભવની તેમ જ સંચાલનની કલ્પનાને કોઇ સ્થાન નથી. હિંદુ તંત્રશાસ્ત્રમાં આવી પ્રતિમાની આરાધના દ્વારા શક્તિની ઉપાસના કલ્પાયલી છે. બૌદ્ધધર્મ શક્તિલક્ષી નથી, પણ જ્ઞાનલક્ષી છે.

"બૌદ્ધ તંત્રશાસ્ત્ર પ્રમાણે આવી યુગલ પ્રતિમા **'પ્રજ્ઞા'** અને **'ઉપાય'**નો સંગમ સૂચવે છે. પ્રજ્ઞા એટલે જ્ઞાન. તેની અન્તિમ કોટિ એટલે જેમાંથી આ વિશ્વ પાદુર્ભાવ પામ્યું છે અને જે આ વિશ્વથી પર છે અને જેને બૌદ્ધ પરિભાષામાં 'શૂન્યતા' શબ્દથી ઓળખવામાં આવે છે તે શૂન્યતાની પ્રતિપત્તિ–સાક્ષાત્કાર. આ સ્થિતિને 'પ્રજ્ઞા પારમિતા'ની સ્થિતિ તરીકે બૌધ્ધ પરિભાષામાં ઓળખવામાં આવે છે. તેનો અર્થ પારને પામેલી પ્રજ્ઞા–ઉત્કૃષ્ટતાની કોટિએ પહોંચેલી પ્રજ્ઞા.

"અને બીજું તત્ત્વ 'ઉપાય.' ઉપાય એટલે પ્રેમ અને કરૂણારૂપી સાધન. આ વડે જ પ્રજ્ઞાની સિદ્ધિ શક્ય બને છે. ઉપરની યુગલપ્રતિમામાં જે નારી છે તે પ્રજ્ઞાનું પ્રતીક છે અથવા તો passive female principle છે–અક્રિયાત્મક સ્ત્રીતત્ત્વ છે. અક્રિયાત્મક એટલા માટે કે જ્ઞાનપ્રાપ્તિમાં કશું કરવાપણું હોતું નથી, માત્ર પ્રત્યક્ષનું જાણવાપણું જ હોય છે. અને ઉપરની યુગલપ્રતિમામાં જે પુરૂષ છે તે ઉપાયનું પ્રતીક છે અથવા તો active-dynamic-male principle છે–ક્રિયાત્મક પુરૂષતત્ત્વ છે. ક્રિયાત્મક એટલા માટે પ્રેમ કરૂણારૂપ ઉપાયમાં હંમેશાં ક્રિયાકારિત્વ રહેલું છે.

"આ બન્નેનો સતત વિકાસ એ જ પૂર્ણત્વપ્રાપ્તિ તરફ લઇ જતી સાચી પ્રક્રિયા છે. પ્રેમ વિનાનું જ્ઞાન, કરૂણા વિનાની તર્કશીલતા–તેનું પરિણામ સ્થગિતતામાં, આધ્યાત્મિક અવસાનમાં આવે, જ્યારે જ્ઞાન વિનાનો પ્રેમ, તર્કશીલતા વિનાની કરૂણા–તેનું પરિણામ વ્યામોહમાં, બુધ્ધિનાશમાં આવે. પણ જ્યારે બન્ને એકમેકને વીંટળાઇને પરસ્પર વિકસતા ચાલે છે, જ્યારે મસ્તિષ્ક અને હૃદયનો, કરૂણા અને બુદ્ધિનો, ઉત્કૃષ્ટ પ્રેમ અને ગૂઢતમ જ્ઞાનનો સંગમ, સમન્વય થાય છે ત્યારે જ વિકાસની સાચી સીડી પ્રાપ્ત થાય છે, અને તે દ્વારા પૂર્ણતાની પરમ કોટિએ પહોંચાય છે, અપૂર્વ તેજ વડે ઝળહળતા જ્ઞાનસૂર્યનો અન્તરતમ પ્રદેશમાં ઉદય થાય છે, ન કલ્પી શકાય, ન વર્ણવી શકાય એવા આનંદનો અનુભવ થાય છે. આ આનંદનો ખ્યાલ શી રીતે આપવો? આ ખ્યાલ આપવા માટે સ્ત્રીપુરૂષના ભૌતિક મીલનમાં કલ્પાયલા આનંદાતિરેકને એક પ્રતીક રૂપે આગળ ધરવામાં આવે છે. પ્રસ્તુત પ્રતિમામાં દર્શાવાયલા જાતીય મીલનનો માત્ર આટલો જ અર્થ અથવા તો હેતુ છે. વસ્તુતઃ આ યુગલપ્રતિમા સ્ત્રીપુરૂષના રથુળ મીલનને રજુ કરતી નથી, પણ માનવીજીવનની પૂર્ણાવસ્થાને એટલે બુધ્ધત્વને પ્રાપ્ત કરવા માટેની દ્વિમુખી આધ્યાત્મિક પ્રક્રિયાને રજુ કરે છે."

તેમની આ વિદ્વત્તાભરી આલોચનાથી હું ખૂબ પ્રભાવિત બન્યો, અને પ્રસ્તુત યુગલપ્રતિમાનું મને એક નવું જ interpretation– રહસ્ય અનાવરણ–લાધ્યું.

આમ અમારી વાત ચાલતી હતી એવામાં લી ગોતમી મેનાને પોતાનાં કેટલાક ચિત્રો બતાવતાં હતાં તે તરફ મારૂં ધ્યાન ગયું. તેમણે બૌધ્ધ સાહિત્યની કથાઓને નિરૂપિત કરતાં અનેક ચીત્રો ચીતર્યાં હતાં અને તેમાંનાં કેટલાંક ફ્લેસ્ટ્રેટેડ વીકલીમાં એક લેખમાળાના આકારમાં તે કેટલાક સમય પહેલાં છપાયાં હતાં. આ મૂળ ચિત્રો હું પણ તેમની પાસે જઇને જોવા લાગ્યો. પણ અમારા માટે 'રાત થોડી અને વેશ ઝાઝા' જેવી સ્થિતિ હતી. તેમને બતાવવાનું ઘણું હતું અને અમારી પાસે સમયની ભારે કમીના હતી. આકાશમાં વાદળનો ગડગડાટ ચાલુ હતો; સાંજના સાડા પાંચ છ વાગવા આવ્યા હતા. અંધારૂં થાય તે પહેલાં આલ્મોરા પહોંચી જવું જરૂરી હતું. લી ગોતમીએ અમને ઘણું કહ્યું કે "અહિં આવ્યા, આવ્યા અને આમ છેલ્લા દિવસે આટલો થોડો વખત લઇને કેમ આવ્યા?" તેમને પોતાનું કામ દેખાડવાની ઘણી હોંશ હતી; અમને પણ તે જોવા જાણવામાં ખૂબ રસ હતો. લામા ગોવિંદના ચિત્રો તો અમે જોવા જ પામ્યા નહિં. તે એક મોટા સંશોધક, લેખક તેમ જ ચિત્રકાર છે. મળ્યા મળ્યા અને કાંઇ ન જોયું–એવી અતૃપ્તિ સાથે તેમનાથી અમે છુટા પડ્યા.

લી ગોતમી જ્યાં અમારૂં સ્ટેશન વેગન ઉભું હતું ત્યાં સુધી અમને વળાવવા આવ્યાં; છોકરાઓને ચોકલેટ અને પીપરમીટ આપી. તેઓ તો ગુજરાતીમાં જ વાત કરતા હતા. તેમનું શરીર ભરેલું અને ગૌરવર્ણું હતું. મોઢા ઉપર સ્વતંત્ર વ્યકિતત્વની છાપ હતી. અવાજ મોટો હતો. તેમની રીતભાતમાં એક પ્રકારની ખુમારી હતી. તેમનો પોશાક ટીપ્પેટન સ્ત્રીના પોશાકને બહુ મળતો હતો. કાળો લાંબો ઝભ્ભો અને કડે રેશમની દોરડી બાંધેલી. કાપેલા કાળા વાળ; આંખો ચમકતી અને મોઢું ભરેલું. ડો. વીન્ઝ નામના એક અમેરિકને આ બાજુ વસાહતો ઉભી કરવા માટે કાસારદેવી તેમ જ અન્યત્ર મોટા પ્રમાણમાં જમીન લીધેલી. અને તેમાંથી કાસારદેવીની એસ્ટેટ તેણે લામા ગોવિંદને ભેટ આપી. ગોવિંદ તો પોતાના વાચન લેખન સંશોધનમાં પડેલા છે. એટલે આખી કાસારદેવી એસ્ટેટ સંભળવાનું કામ લી ગોતમીને માથે છે. એ નાની સરખી એસ્ટેટની જાણે કે તે હાકેમ ન હોય એવો તેમનો રૂઆબ હતો.

આ બન્નેની આજ સુધીની જીવનકારકીર્દી વિષે મને ખૂબ કૌતુક થયું. એ સંબંધમાં પૂછપરછ કરતાં તેમ જ તેમની પોતાની

પાસેથી સીધી માહીતી મેળવતાં મને જે માહીતી મળી તે નીચે મુજબ છે.

ગોવિંદ લામા મૂળ જર્મનીમાં આવેલા બોહીમીઆના વતની છે. પણ ભારતમાં તેઓ ઘણાં વર્ષોથી રહે છે તેથી તેમને હવે તો ભારતીય જ કહેવા જોઇએ. જ્યારથી તેઓ સ્વતંત્ર રીતે વિચારતા થયા ત્યારથી તેમનું વલણ બુધ્ધધર્મ તરફ ઢળેલું હતું. ૧૮ વર્ષની ઉમ્મરે તેમણે બુધ્ધદર્શન ઉપર પોતાનું સૌથી પહેલું પુસ્તક લખ્યું હતું. યુરોપની ભિન્ન ભિન્ન યુનિવર્સિટીઓમાં તેમણે ફીલોસોફી, આર્ટ અને આર્કીઓલોજી–તત્ત્વવિજ્ઞાન, લલિતકળા અને પુરાતત્ત્વ વિદ્યાનો અભ્યાસ કર્યો હતો, અને આર્કીઓલોજીને લગતી તેમને એક શિષ્યવૃત્તિ મળી હતી જેને લીધે તેઓ મધ્યસમુદ્ર આસપાસના અને ઉત્તર આફ્રિકાના દેશોમાં સારો પ્રવાસ કરી શક્યા હતા. સાથે સાથે તેઓ બુદ્ધધર્મનો યુરોપમાં પ્રચાર કરી રહ્યા હતા અને ઇન્ટરનેશનલ બુધ્ધિસ્ટ યુનીયનની તેમણે સ્થાપના કરી હતી. પાલી–બુધ્ધીઝમ અને શ્રમણ સંસ્કૃતિ પ્રત્યેના આકર્ષણના પરિણામે તેમને સીલોન અને બર્મા ઠીક ઠીક રહેવાનું બન્યું, પણ આખરે ભારતમાં આવીને તેઓ સ્થિર થયા. અને ટીબેટ સુધી તેમણે પોતાની પ્રવૃત્તિઓનો વિસ્તાર કર્યો. સમયાન્તરે તેમને એક ગુરૂનો યોગ પ્રાપ્ત થયો અને ટીબેટન બૌદ્ધ સંપ્રદાયના તેઓ એક સાધુ બન્યા. આ નવા જીવનમાં પણ તેમનો સંસ્કૃત અને ટિબેટન ભાષાનો અભ્યાસ વધ્યે જતો હતો. સંમય જતાં શાન્તિનિકેતનમાં આવેલ કવિવર રવીન્દ્રનાથ ટાગોરની વિશ્વભારતીમાં તેઓ જોડાયા અને ત્યાં કેટલાક વર્ષ સુધી એક લેકચરર–અધ્યાપક–તરીકે તેમણે કામ કર્યું. આગળ જતાં વિશ્વભારતી છોડીને તેઓ પટણા યુનિવર્સિટીમાં જોડાયા. વળી પોતે એક મોટા ચિત્રકાર હોઇને કલકત્તા, મુંબઇ, ન્યુ દીલ્હી, લખનૌ અને અલાહબાદમાં તેમણે પોતાનાં ચિત્રોનાં પ્રદર્શન ગોઠવ્યાં.

તેમણે પોતાની જીંદગીનો ઘણો મોટો ભાગ, જો કે તેમણે ભારતમાં ગાળ્યો છે, એમ છતાં પણ તેમનો ધાર્મિક વિકાસમાં ટિબેટે ઘણો મોટો ભાગ ભજવ્યો છે. ૧૯૩૩ માં તેમણે પહેલી વાર પશ્ચિમ ટિબેટમાં પ્રવાસ કર્યો હતો. ૧૯૪૭ થી ૧૯૪૯ સુધી મધ્ય અને પશ્ચિમ ટિબેટમાં તેમણે ફરીથી પરિભ્રમણ કર્યું હતું અને ત્યાં આવેલ ઝપરંગ (Tsaparang)ના ફેર–કોઝ–ભીંતચિત્રોનું–સંશોધન તેમ આલેખન કર્યું હતું અને ઢગલાબંધ પ્રતિકૃતિઓ તૈયાર કરી હતી. આને લગતી એક સચિત્ર લેખમાળા ટાઇમ્સ ઓફ ઇન્ડીઆના ઇલેસ્ટ્રેટેડ વીકલીમાં પ્રગટ થઈ હતી.

ગોવિંદ લામા બૌદ્ધધર્મના અને બૌદ્ધ કળાના અઠંગ અભ્યાસી અને પ્રચંડ વિદ્વાન છે. તેમણે જર્મન તેમ જ અંગ્રેજી ભાષામાં અનેક સંશોધનાત્મક ગ્રંથો તથા લેખો લખ્યા છે. આજ સુધીમાં તેમના પ્રગટ થયેલા ગ્રંથોનાં નામ નીચે મુજબ છે. રીથમીક એકેરીઝમ્સ, થોટ્સ એન્ડ વીઝન્સ, અભિધમ્મઠ્ઠ સંગહ, સમ આસ્પેક્ટ્સ ઓફ સ્તુપ સીમ્બોલીઝમ, આર્ટ એન્ડ મેડીટેશન, ટીબેટન મીસ્ટીસીઝમ.

લી ગોતમીની આજ સુધીની જીવનકારકીર્દી પણ જાણવા જેવી છે. તેમનો જન્મ મુંબઇમાં થયેલો. નાનપણમાં અભ્યાસ તેમણે ઇગ્લાંડમાં કરેલો અને પોતાના માતપિતા સાથે યુરોપમાં ખૂબ પ્રવાસ કરેલો. બાલ્યકાળથી જ તેઓ ચિત્રકળા તરફ આકર્ષાયેલા હતા. ક્રીઓન અને રંગીન કાંકરાઓ વડે બંગલાની દીવાલો ઉપર તેઓ ચિત્રામણ કર્યા કરતાં અને એમ નહિ કરવા તેમના વડિલો તેમને ધમકાવ્યા કરતા. મુંબઇમાં તેઓ રહ્યાં તે દરમિયાન ચિત્રકળાના પ્રદેશમાં તેમણે સારી પ્રગતિ સાધી હતી અને નૃત્ય તથા અભિનય તરફ પણ ઠીક ઠીક વળ્યાં હતાં. સમયાન્તરે તેઓ શાન્તિનિકેતનમાં જોડાયા અને ભારતીય કળા તથા નૃત્યનો અભ્યાસ કર્યો. શાન્તિનિકેતનમાં તેમણે પોતાનું ઘર વસાવ્યું હતું અને ત્યાં તેઓ સતત બાર વર્ષ સુધી રહ્યાં હતાં. ઉપરના વિષયને લગતા બે ડીપ્લોમાં પણ તેમણે પ્રાપ્ત કર્યા હતા. ગુરૂદેવની તેમની ઉપર ખૂબ કૃપા હતી. ચિત્રકાર અવનીન્દ્રનાથ ટાગોર નીચે તેમણે વર્ષો સુધી ચિત્રકળાની તાલીમ લીધી હતી, અને તેમણે તે દિશાએ ખાસ કરીને ટીબેટન આર્ટના ક્ષેત્રમાં આગળ વધવા માટે ખૂબ પ્રેરણા આપી હતી. તેમના શાન્તિનિકેતનના નિવાસ દરમિયાન તેઓ ગોવિન્દ લામાના સંબંધમાં આવ્યાં હતાં જે આખરે બન્નેના લગ્નમાં પરિણમ્યું હતું.

૧૯૪૭માં લી ગોતમી (ગોવિન્દ લામા સાથે લગ્ન થયા બાદ તેમણે લી ગોતમી નામ ધારણ કર્યું હતું) પોતાના પતિ લામા ગોવિન્દ સાથે મધ્ય ટિબેટમાં ગયાં હતાં, ૧૯૪૮માં કૈલાસ અને માનસરોવરની બાજુએ થઇને પશ્ચિમ ટિબેટમાં આવેલ ઝપરંગ ગયાં હતાં. ત્યાંથી તેઓ ઢગલાબંધ ફોટોગ્રાફો અને હજારો પ્રતિકૃતિઓ–રેખાચિત્રો–લઇ આવ્યાં હતાં. ઝપરંગના પ્રવાસેથી ૧૯૪૯માં તેઓ પાછા ફર્યા. લી ગોતમી અનેકલક્ષી પ્રજ્ઞા ધરાવે છે; ઉત્તમ કોટિનાં ચિત્રકાર તો છે જ, પણ એ ઉપરાંત લેખિકા, કવયિત્રી અને બાળવાર્તાઓના કુશળ નિર્માતા છે. આ બન્ને દંપતી કાસારદેવીની પર્ણકુટિમાં–કારણ કે તેમનું નિવાસસ્થાન એટલું નાનું અને નમણું છે કે તેને બંગલો તો કહી શકાય જ નહિ–ધાર્મિકતા અને રસિકતા–ઉભયનો સુન્દર સમન્વય રજુ કરતું જીવન ગાળે છે અને દરેક પોતપોતાની પ્રવૃત્તિમાં મશગુલ રહે છે.

આ લામાદંપતીનો આમ ટુંકો સરખો પરિચય સાધીને સાંજને વખતે–જ્યારે વાદળોના ગડગડાટ શમી ગયા હતા, સૂર્ય આથમી ગયો હતો અને સાંય સંધ્યા ખીલી રહી હતી ત્યારે અમે આલ્મોરા પાછા ફર્યા. બજારમાંથી પ્રવાસ માટે જરૂરી એવી મીઠાઇ, ફરસાણ, ફલો વગેરે ખરીદ્યું અને અમારા નિવાસસ્થાને આવી પહોંચ્યા.

અપૂર્ણ

પરમાનંદ

ત્રણ પ્રકારનું શિક્ષણ

"માણસ માટે શિક્ષણ છે ત્રણ પ્રકારનું.

એક કરોળિયા જેવું છે, બીજું પક્ષી જેવું છે, ત્રીજું મધમાખી જેવું છે.

કરોળિયો જ્ઞાનથી પોતાની જાળ ઊભી કરે છે. પછી એમાં બીજાને ખેંચે છે અને તેમને જાળમાં પૂરી રાખે છે.

પક્ષી છે એ પોતે પોતાના ગાનમાં જ મસ્ત હોય છે. નથી કોઇને પોતાનું જ્ઞાન આપતું. નથી પોતે કોઇનામાંથી લેતું. બસ, એ તો રહે છે પોતામાં જ મસ્ત.

મધમાખી છે એનું કામ જ્ઞાનનો સંગ્રહ કરવાનું છે. અને એ સંગ્રહમાંથી પોતે છૂટે હાથે આપે છે. પોતે કંઇ જ રાખતી નથી.

આમ શિક્ષણ ત્રણ પ્રકારનું છે. તમે કયું લેશો?"

—ગુ. મ.

(પ્યારા બાપુજીમાંથી
સાભાર ઉધૃત)

વિષયસૂચિ

		પૃષ્ઠ
વેદમાં ભારતીય ધર્મનો વિકાસ	રતિલાલ મફાભાઈ શાહ	૨૭૭
દુનિયાની પુનર્રચના: એક ચિન્તન	કાકા કાલેલકર	૨૭૯
કૂર્માચળની પરિક્રમા, ૧૫	પરમાનંદ	૨૮૧
વિનોબાજી સાથેની પ્રશ્નોત્તરી	પરમાનંદ	૨૮૪

* વિનોબાજી સાથેની પ્રશ્નોત્તરી *

(ગતાંકથી ચાલુ)

પ્રશ્ન ૧૪ :—જગન્નાથપુરી, ભુવનેશ્વર વગેરે આપણાં હિંદુ મંદિરોમાં નગ્ન અશ્લીલ કોતરકામો જોવામાં આવે છે. મંદિરોમાં આવું તત્ત્વ કેમ દાખલ થયું હશે ?

જવાબ :—જગન્નાથપુરી કે ભુવનેશ્વરનાં મંદિરો મેં નથી જોયાં પણ ઓરિસ્સામાં કોણારકનું સૂર્યમંદિર છે. તેની રચના એવી છે કે મંદિરની અંદરના ભાગમાં આવું કશું પણ અશ્લીલ કોતરકામ નથી પણ ચોતરફ બહાર ઉપર નીચે આવું અશ્લીલ કોતરકામ ઠેકાણે ઠેકાણે છે. આનો હું એમ અર્થ કરું છું કે સૂર્ય એ શક્તિસ્વરૂપ છે અને પ્રજનનક્રિયા એ પણ એક શક્તિનું જ રૂપ છે. સૂર્યનાં અનેક શક્તિસ્વરૂપો બતાવવા સાથે આ શક્તિનું રૂપ બતાવવું જોઇએ એમ એ કાળના લોકોને લાગ્યું હશે. અને બીજું પણ તમને કહું. તમે જૈન છો, જૈનોનું વલણ હંમેશા એક puritanનું શુદ્ધિવાદીનું હોય છે. પણ આ શુદ્ધિવાદ ઘણી વખત એકાંગી બની જાય છે અને અમુક પ્રક્રિયાને ખરાબ માનીને તે આવા ઠેકાણે ન જ હોવું જોઇએ એમ વિચારે છે, અને એવું જ્યાં કાંઇ જુએ છે કે તે તરત ભડકી ઉઠે છે પણ તમારે આમ એકાંગી બનવું ન જોઇએ.

આપણે ત્યાં આ પ્રજનનની પ્રક્રિયા પ્રત્યે બહુ જુગુપ્સાથી જોવામાં આવે છે અને તે એક રીતે ઠીક છે, પણ મારાં દિલમાં પ્રજનનની પ્રક્રિયા સામે એવા કોઇ જુગુપ્સા નથી. જેથી હું અને તમે પેદા થયા, સંતો અને મહાત્મા પેદા થયા તેને હું એક પવિત્ર ક્રિયા માનું છું. તેના વિષે કેવળ જુગુપ્સાની દૃષ્ટિ મને ઉચિત લાગતી નથી. આ રીતે આ બધું જોશો તો તમને તેમનું રહસ્ય સમજાશે.

x x x x

(આ ચર્ચાના અનુસંધાનમાં, ચાલુ પદયાત્રા દરમિયાન તા. ૧૩-૧૧-૫૮ ના રોજ માલપરા ખાતે ભૂદાનકાર્યકર્તાઓનો વિનોબાજી સાથે એક વાર્તાલાપ ગોઠવાયો હતો તે દરમિયાન પૂછાયલો એક પ્રશ્ન અને તેનો વિનોબાજીએ આપેલો સવિસ્તર ઉત્તર પ્રસ્તુત વિષય ઉપર વિશેષ પ્રકાશ પાડતો હોઇને એ પ્રશ્નોત્તરે અહિં ઉધ્ધૃત કરવાનું ઉચિત લાગે છે.)

પ્રશ્ન :—ગુજરાતમાં જાતીય સ્ખલનના અનેક પ્રસંગો બનતા રહે છે. તે અંગે ભૂદાનકાર્યકરોનું વલણ કેવું હોવું જોઇએ એ વિશ્વાસશક્તિના સંદર્ભમાં સમજાવવા વિનંતિ છે.

(આ જાતીય સ્ખલન શબ્દ વાંચીને વિનોબાજીને આશ્ચર્ય થયું કારણ કે sexual-સ્ત્રી પુરૂષના વ્યભિચાર સૂચક અર્થમાં આપણે 'જાતીય' શબ્દનો ઉપયોગ કરીએ છીએ એ બાબતની વિનોબાજીને ખબર નહોતી. આ શબ્દાર્થની સ્પષ્ટતા કરવામાં આવી ત્યાર બાદ વિનોબાજીએ નીચે મુજબ જણાવ્યું.)

જવાબ :—આ જાતીય સ્ખલન એ ભયંકર શબ્દ છે અને આ બાબતમાં મારા કેટલાંક વિચારો પણ ભયંકર છે. એટલે એ પ્રશ્નની આગળ મૂકવા કે ન મૂકવા એ વિષે મન શંકા અનુભવે છે. પણ જ્યારે તમે પૂછો છો તો પછી મારા પોતાના આ બાબતને લગતા ખ્યાલો જણાવું છું.

વાસ્તવમાં સંયમ અને બ્રહ્મચર્યની પ્રેરણા જે વ્યક્તિઓમાં હોય તેમના જીવનનું ધ્યેય એવું ઊંચું હોવું ઘટે કે જેના માટે તે સતત કામ કરતો હોય અને જેને લીધે આ બ્રહ્મચર્યની બાબત તેના માટે કેવળ સહજ બની ગઇ હોય. આનો અર્થ એમ નહિ કે તે સંબંધમાં બીલકુલ અંકુશ હોવો જ ન જોઇએ. પણ તેમના ધ્યેયની ઉપાસના એટલી ઉત્કટ હોય કે બ્રહ્મચર્યપાલન તેના માટે સહજ બની ગયું હોવું જોઇએ. બ્રહ્મચર્ય એ નિષેધાત્મક નથી—negative નથી. પણ વિધેયાત્મક છે—positive છે. બ્રહ્મચર્ય વ્રત એટલે અમુક ન કરવું એટલું જ માત્ર નહિ, પણ અમુક કરવું—જે માટે પ્રયત્નની અપેક્ષા હોય—આવો તેનો અર્થ વિચારવો ઘટે છે. બીજી રીતે કહીએ તો બ્રહ્મચર્ય એટલે બ્રહ્મ જેવી કોઇ વસ્તુ આપણી સામે હોય જે માટે ચર્યા—પ્રયત્ન અપેક્ષિત હોય.

કેટલાક સંસ્કૃતગ્રંથોમાં સ્ત્રીઓની ખૂબ નિન્દા કરવામાં આવેલી આપણા જોવામાં આવે છે અને તે શા માટે ? એટલા માટે કે તેથી પુરૂષોને વિષયભોગની સુગ ચડે. આવાં જે વાક્યો જોવામાં આવે છે તે વાક્યોની પ્રતિક્રિયા સારી થતી નથી. આમ કરવાથી વિષયવાસના ઘટે છે અથવા તો તે માટે નફરત પેદા થાય છે તેવું નથી. તેથી વિષયની વાસના ઘટે છે એ ખ્યાલ ગલત છે. આજે જ હું ભાઈ પરમાનંદ સાથે ચર્ચા કરતો હતો કે કોણાર્કમાં નગ્ન ચિત્રો કોતર્યાં છે તેનો શું અર્થ છે ? તો મેં તેમને કહેલું કે એમાં તો બહુ ઊંડી આધ્યાત્મિક દૃષ્ટિ છે. જે ક્રિયાથી હું પેદા થયો છું તેની હું ઓછી કીંમત કરતો નથી. ભલે બીજા બધા તેની કીંમત ઓછી કરે, પણ જે ક્રિયાથી મહાત્માઓનો જન્મ થયો છે તે ક્રિયાને અપવિત્ર માનીને બ્રહ્મચર્યનો સંગ્રહ કરીશું તે નહીં થાય. ઉલટું તે પવિત્ર ક્રિયા છે એમ માનીને તેની ધારણા થવી જોઇએ. અને બ્રહ્મચર્ય તેથી પણ વધારે ઊંચું છે, જેના માટે વીર્યશક્તિનો સંગ્રહ કરીએ છીએ અને સામાન્ય કાર્યમાં તેનો આપણે ઉપયોગ કરતા નથી. વિશેષ કાર્ય માટે વીર્યસંગ્રહ થવો જોઇએ. જે બ્રહ્મચારી હશે તેણે સ્ત્રીના સહવાસથી દૂર ભાગવું જોઇએ એ મારી કલ્પનામાં જ આવતું નથી, અને અનુભવમાં પણ આવતું નથી. બ્રહ્મચારીને સ્ત્રીઓનો સહવાસ મળે તો એના સહવાસથી એને પવિત્ર અનુભવ થાય, સામાન્ય અવસ્થામાં જેટલું પવિત્ર લાગે તેના કરતાં સ્ત્રીઓના સહવાસમાં વધુ પવિત્ર લાગે તો જ તે સાચો બ્રહ્મચારી કહેવાય. કોઇ સુરૂપ સ્ત્રીનું દર્શન થાય અથવા તો કોઇ સ્ત્રી સાથે વાત કરવી પડે અને એના મનમાં વિકાર પેદા થાય તો એ બહુ જ ખોટું વળણ છે. સમાજમાં સ્ખલનો પેદા થાય છે તેના મૂળમાં એક ખોટું વળણ છે. કોઇ માણસ અમુક પ્રવાહોમાં આવીને દુનિયામાં ગલત કામ કરે છે, તેના ભોગ બને છે અને તેથી સ્ખલનો થાય છે. એટલે આવા લોકો માટે માનસિક ઉદારતા હોવી જોઇએ.

મેં એક વ્યાખ્યાનમાં (બંગાળામાં) કહેલું કે મારો વિચાર દિન-પ્રતિદિન દૃઢ થતો જાય છે કે આપણે નૈતિક વિચારોનું મૂલ્યાંકન ખોટું કરીએ છીએ. જે ઉન્નત મૂલ્યો છે તેની આપણે ઓછી કીંમત આંકીએ છીએ અને ઉતરતાં મૂલ્યો છે તેની આપણે વધારે કીંમત આંકીએ છીએ. ધારો કે કોઇનાથી વ્યભિચાર થઇ ગયો તો પેલો માણસ તેને છુપાવવાનો પ્રયત્ન કરે છે. આ પ્રયત્ન જેટલો ખરાબ છે તેટલો વ્યભિચાર ખરાબ નથી. હજુ સમાજ આ બાબત નથી સમજતો. એ વ્યભિચારને જેટલો ખરાબ સમજે છે તેટલો અસત્યને નથી સમજતો. અસત્ય સૌથી મોટો અધર્મ છે. તેના પ્રમાણમાં બીજા બધાય દોષો ગૌણ છે. અત્યારનો સમાજ અસત્ય બોલીએ તો તેને બહુ નીતિહીન નથી સમજતો, પણ વ્યભિચારને તે અત્યન્ત નીતિહીન અને ખરાબ સમજે છે. આ મૂલ્યાંકન ગલત છે. બધા સદ્‌ગુણોમાં સૌથી શ્રેષ્ટ સદ્‌ગુણ સત્ય છે. આ હોય કે ન હોય પણ બધા દુર્ગુણોમાં અસત્ય એ સૌથી વધારે ખરાબ દુર્ગુણ છે એમ હું નક્કી માનું છું. ખરાબ કામો થાય તો તે છુપાવવા નહિ જોઇએ. જેમ રોગને આપણે જાહેર કરીએ છીએ તેમ, આવી બાબતોને આમજનતામાં આપણે

જાહેર ન કરીએ, પણ જેમ રોગો વિષે જે જાણે છે અને જે એ રોગોને દુરસ્ત કરી શકે છે તેમને બતાવીએ છીએ તો એ દુરસ્ત પણ થાય છે, તેવી રીતે દુર્ગુણો પણ સજ્જનો પાસે ખુલ્લા કરવા જોઇએ. બધા રોગોમાં અમુક રોગો એવા હોય છે કે જે વિષે સમાજમાં ધૃણા હોય છે. એટલે પછી એવો રોગ થાય તો તે છુપાવવામાં આવે છે. અને પછી બહુ વધી જાય ત્યારે ન છુટકે પ્રગટ થાય છે અથવા પ્રગટ કરવો પડે છે. પરંતુ તે વખતે તે એટલો બધો આગળ વધી ગયેલો હોય છે કે એને દુરસ્ત કરવાનું ભારે કઠણ થઇ પડે છે. આવી જ રીતે અનેક દોષો પણ છુપાવવાની વૃત્તિ આપણામાં સર્વત્ર પ્રચલિત છે. ખરી રીતે છોકરાઓમાં માતાપિતાથી છુપાવવાની વૃત્તિ હોવી ન જોઇએ. આમ છતાં આપણે જોઇએ છીએ કે છોકરાઓ પોતાના દોષો માતપિતાથી છુપાવે છે અને પોતાના મિત્રો પાસે પ્રગટ કરે છે પણ ત્યાંથી તેમને સાચું માર્ગદર્શન મળતું નથી. માતપિતા પાસે એ માટે પ્રગટ કરતા નથી કે તેમને ભય લાગે છે કે માતપિતા ગુસ્સો કરશે.

તો આવાં સ્ખલનોનો ઉપાય એ જ છે કે મોટાં મૂલ્યાંકનો બદલવા જોઇએ. આ બધું છુપાવવાની જરૂર નથી એમ સમાજને લાગવું જોઇએ, અને જે કોઈ વ્યકિત આવું પ્રગટ કરે તેના તરફ સમાજે સહાનુભૂતિથી જોવું જોઇએ, તેને તે માટે તિરસ્કાર-ભાવથી જોવો ન જોઇએ. આવા લોકો માટે સમાજમાં તિરસ્કાર હશે તો એ દુર્ગુણો વધશે, તિરસ્કાર નહિ હોય તો જ એ દુર્ગુણો ઓછા થશે. આમાં મારી દૃષ્ટિએ બે વાત છે. એક તો અસત્યને નૈતિક મૂલ્યાંકનની દૃષ્ટિએ આપણે એટલું ગંભીર નથી માન્યું જેટલું બીજાં સ્ખલનોને આપણે ગંભીર માન્યા છે. આ દૃષ્ટિમાં પરિવર્તન થવું જોઇએ. બીજું દોષપાત્ર વ્યકિત વિષે આપણે અસહિષ્ણુ અને અનુદાર બનીએ છીએ તેના સ્થાને આપણે ઉદારતા અને સહાનુભૂતિ દાખવવી જોઇએ. ધારો કે એક છોકરો બીડી પીએ છે. તો બીજા અનેક લોકો પણ ખુલ્લી રીતે બીડી પીએ છે પણ એ છોકરાને એમ કહેવામાં આવે છે કે તારે બીડી પીતો ન જોઇએ. ત્યારે પેલો છોકરો મોટેરાંઓથી છુપાઇને બીડી પીએ છે. મારા આશ્રમમાં એક ગુજરાતી છોકરો હતો. એ બીડી પીતો હતો, પણ એ તે બાબતની કોઇને ખબર પડવા દેતો નહોતો. એક દિવસ કોઇકે આવીને મને કહ્યું. તેની તે છોકરાને ખબર પડી અને તે ગભરાઇ ગયો. એમ છતાં એને મારા માટે ભકિત હતી, એટલે મારી પાસે આવ્યો અને પોતાનો દોષ કબુલ કર્યો. મેં તેને કહ્યું કે "તારા માટે હું તને એક કોટડી આપું છું અને બીડીનું એક બંડલ મંગાવી આપું છું અને જ્યારે બીડી પીવાની ઇચ્છા થાય ત્યારે કોટડીમાં જઇને બીડી પી આવવી, કોટડીની બહાર બીડી પીવી નહિ." આજે પણ આશ્રમના વહી-ખાતામાં એ બીડીનું બંડલ લખ્યું હશે. પેલા છોકરાને બીક હતી કે હું કાં તો એને વઢીશ અથવા આશ્રમમાંથી કાઢી મૂકીશ, પરંતુ આથી ઉલટું થયું. એટલે ધીરે ધીરે એને બીડીની લત છૂટી ગઇ. પરંતુ જો મેં એના ઉપર ક્રોધ કર્યો હોત તો એ ઠીક ન થાત. બીડી પીનારા મહા સજ્જનોનાં ચિત્રો આવે છે, તો પછી બીડી પીનારા તરફ ધૃણાથી જોવું તે ઠીક નથી. માટે આપણે વલણ તેવું રાખવું કે સમાજમાં આવાં સ્ખલનો થાય તો સ્ખલન કરનાર વિષે મનમાં ઉદારતા અને સહાનુભૂતિ પેદા થાય. વળી તેની નિન્દા ન કરતાં તેમ જ તેને હાનિ ન પહોંચાડતાં તેના બીજા ગુણોની કદર કરીએ તેવાં સ્ખલનો અટકાવવાનો ઉપાય આ જ છે.

* * *

(હવે આગળ આપેલ પ્રશ્ન ૧૪ અને તેના ઉત્તર સાથે નીચેનો પ્રશ્ન ૧૫ સાંકળી લેવા વિનંતિ છે.)

પ્રશ્ન ૧૫ :—તો પછી આપ ગીતગોવિંદ વિષે શું ધારો છો?

જવાબ :—ગીતગોવિંદ મેં વાંચવા માંડેલું પણ થોડું ચાલ્યા પછી આગળ વધવાનું મને મન ન થયું. ગાંધીજી પણ ગીતગોવિંદ વિષે મારી જેવો અભિપ્રાય ધરાવતા હતા એવો મારો ખ્યાલ છે.

પ્રશ્ન ૧૬:—વૈદિક સંપ્રદાયમાં જે લિંગપૂજા પ્રચલિત છે તેનો શું આશય હતો?

જવાબ :—તેમાં લિંગને પુરૂષચિહ્નનાં અર્થમાં ગ્રહણ કરવાનું નથી. તેના થાળાનાં નીચે ગોળાકાર હોય છે તે શૂન્ય સમજવું, અને લિંગ એટલે એક સમજવું. આનો અર્થ એક ઉપર શૂન્યની પરંપરા એટલે કે એ અનન્તનું પ્રતીક છે એમ હું માનું છું.

પ્રશ્ન ૧૭ :—આ આપની કલ્પના છે કે આ અર્થઘટનાને કોઇ શાસ્ત્રીય આધાર છે?

જવાબ :—આ પ્રકારના નિરૂપણને ધર્મગ્રંથોમાં આવતા કેટલાક શબ્દોનો ટેકો છે. (આમ જણાવીને વિનોબાજીએ ધર્મ-ગ્રંથોનાં અમુક શબ્દો કહ્યા જે મને યાદ નથી. ત્યાર બાદ આગળ ચાલતાં વિનોબાજીએ જણાવ્યું) આ તો એક અર્થઘટના છે. પણ આ પૂજાપદ્ધતિનો બીજી રીતે પણ વિચાર થઇ શકે છે. આપણે ત્યાં પૂજા બે પ્રકારની છે. સાકાર પૂજા અને નિરાકાર પૂજા. આમાં સાકાર પૂજા એટલે વિષ્ણુ કે શંકરની મૂર્તિ બનાવવી અને તેની પૂજા કરવી તે. નિરાકાર પૂજા એટલે તેમના ગુણોનું કેવળ ધ્યાન ધરવું તે. આ બે પૂજા વચ્ચે એક પ્રતીક અથવા તો સંકેત પૂજા છે. આમાં ઇષ્ટદેવતાના શરીરની કલ્પના કરીને તેની સાવયવ મૂર્તિ કરવાની નહીં; પણ લિંગ જેવા ગોળ પત્થરને ઇષ્ટ-દેવતાનું પ્રતીક સમજી તેની પૂજા કરવાની હોય છે. જેમ શંકરનાં લિંગની પૂજા થાય છે તેમ શાલીગ્રામ એક લંબગોળ આકારનો પત્થર તેને વિષ્ણુનું પ્રતીક માનીને તેની પણ પૂજા કરવામાં આવે છે. સાકાર અને નિરાકાર વચ્ચેની આ પૂજા આપણા દેશમાં તેમ જ અન્યત્ર પ્રચલિત જોવામાં આવે છે. જેવી રીતે ઇશુ-ખ્રીસ્તની મૂર્તિ બનાવવાને બદલે તેના ક્રોસની પૂજા કરવામાં આવે છે.

પ્રશ્ન ૧૮:—આપ આજકાલ 'અતિમનસ્' શબ્દનો અવારનવાર ઉપયોગ કરો છો. આ 'અતિ મનસ્' અને શ્રી. અરવિંદે પ્રરૂપેલ અતિમનસ્ એક જ છે કે બન્નેમાં કાંઇ તફાવત છે?

જવાબ :—શ્રી. અરવિંદના અતિમનસ્ની કલ્પના એવી છે કે માનવી મનની ભૂમિકા ઉપરથી ઉંચે ચઢીને ઠેઠ પરમાત્મા સુધી પહોંચે અને તેનો પૂર્ણ સંપર્ક સાધીને ત્યાંથી નીચે ઊતરીને અને જગતથી ઉપર રહીને જે મનથી કામ કરે અને જગતનું કલ્યાણ સાધે તે મન અરવિંદનું અતિમનસ્ છે. હું તો અતિમનસ્થી એટલું જ સૂચવવા માંગુ છું કે આપણે રાગ-દ્વેષથી વ્યાકુળ અને સંકીર્ણતાયુકત એવા મનથી ઊંચે ઊઠવું જોઇએ અને એ પ્રકારે વિશુદ્ધ સમભાવસ્થિત મનથી કામ કરવું જોઇએ. મારૂં અતિમનસ્ આ છે.

પ્રશ્ન ૧૯ :—શ્રી. અરવિંદની યોગસાધના અને તે પછીની તેમની સ્થિતિ અને રમણમહર્ષિની સાધના એ બે વચ્ચે આપને શું ફરક લાગે છે? શ્રી. અરવિંદના જીવનમાં ગૂઢતા હતી. વર: સમાં માત્ર ચાર જ વાર દર્શન થાય. કોઇને મળવું કે કોઇ સાથે બોલવું નહીં.—આ બધા વિષે આપનો શું ખ્યાલ છે?

જવાબ :—રમણમહર્ષિએ પરમતત્ત્વ સાથે ઐકય સાધ્યું હતું. અને એ સ્થિતિમાં તેઓ સદા રમમાણ હતા. એ સ્થિતિએ પહોંચ્યા પછી તેમને પોતાને સ્વત: કશું કરવાપણું નહોતું. કારણ ઇશ્વર સાથે તેમનું તાદાત્મ્ય હતું. અને ઇશ્વર કરે છે એ પોતે જ કરે છે એવી ખ્યાલમાં તેઓ સ્થિત હતા. તેમનું જેને જેને દર્શન થયું હતું તે દરેકના મન ઉપર તેમની ભવ્ય પ્રતિભા વિષે

લગભગ એક સરખી છાપ પડી હતી એમ મારાં જાણવામાં આવ્યું છે.

શ્રી. અરવિંદ વિષે કેટલાક અત્યન્ત મુગ્ધ બનીને પાછા આવતા હતા; કેટલાક નિરાશ બનતા હતા. આમ બે પ્રકારનાં માનસિક પરિણામો નિપજતા હતા. તેઓ યોગી હતા જ્યારે રમણમહર્ષિ જ્ઞાની હતા. રમણમહર્ષિ પોતાની દિશાએ પૂર્ણત્વને પામ્યા હતા અરવિંદ ખૂબ આગળ વધેલા હતા પણ પૂર્ણત્વને પામ્યા હતા એમ માનવાને હું તૈયાર નથી. કારણ કે ઈશ્વરના ઉપાસકો ત્રણ પ્રકારના હોય છે; જ્ઞાની, ભક્ત અને યોગી. જ્ઞાની અને ભક્ત યોગસાધનાના અભાવે શારીરિક માંદગીના ભોગ બની શકે છે. રામકૃષ્ણ ભક્ત હતા, તેઓ તથા રમણમહર્ષિ શારીરિક વ્યાધિથી પીડિત હતા. યોગી સંબંધમાં હું એમ માનું છું કે જો તેણે પૂર્ણ યોગ સાધ્યો હોય તો તે કદી માંદો પડે જ નહીં. યોગશક્તિના બળે તેમનું આરોગ્ય અખંડિત અને સુરક્ષિત રહેવું જોઇએ, જ્યારે અરવિંદે છેવટના સમયમાં સારી માંદગી ભોગવી હતી, એ આપણે જાણીએ છીએ. યોગસાધના સાથે હંમેશા ગૂઢતા જોડાયલી હોય છે. તો અરવિંદની ગૂઢતાનું આવું કોઇ કારણ હોવા સંભવ છે.

આમ છતાં તે લોકોની મને એક વાત ગમી. અરવિંદની ગમે તેટલી માંદગી હતી એમ છતાં છેવટની ઘડી સુધી આશ્રમના એક પણ કાર્યક્રમને થંભાવવામાં આવ્યો નહોતો. એમ જણાવવામાં આવે છે કે તેઓ જે દિવસે ગુજરી ગયા તે સમયની છેલ્લી ઘડીઓ દરમિયાન સાંજના આશ્રમમાં વિદ્યાર્થીઓનું એક નાટક ચાલતું હતું જેની અરવિંદને ખબર હતી અને છેવટના સમયમાં તેમના પ્રશ્નના જવાબમાં તેમને એમ કહેવામાં આવ્યું કે વિદ્યાર્થીઓનું નાટક પૂરું થયું છે. આ સાંભળીને તેમણે સંતોષપૂર્વક આંખો છેવટને માટે બીડી દીધી. આવી મનની સ્વસ્થતા બહુ પ્રેરક લાગે છે.

પ્રશ્ન ૨૦ :—ભગવાન મહાવીર અને બુદ્ધ એ બન્નેની સાધના અને વ્યક્તિત્વમાં આપને શું ફરક લાગે છે?

જવાબ :—ભગવાન બુદ્ધની સાધના વધારે વ્યાપક હતી; જ્યારે ભગવાન મહાવીરની સાધના વધારે ઊંડી હતી. મહાવીરે આટલું બધું તપ કર્યું તે પણ આજ બાબત સાબીત કરે છે. ભગવાન બુધ્ધે તપ કર્યું પણ પણ અમુક હદ સુધી જવા બાદ નિરર્થક લાગ્યું અને છોડી દીધું, એનો અર્થ એ થયો કે તેમને એટલા તપના પરિણામે જે મળ્યું તેથી સંતોષ થયો. મહાવીર વધારે જ્ઞાનપરાયણ હતાં; બુદ્ધ વધારે કરુણાપરાયણ હતાં. મહાવીર બાંધછોડમાં નહોતા માનતા. બુદ્ધ વધારે વ્યવહારલક્ષી હતા. સત્યના અંતિમ છેડા સુધી જવું એ મહાવીરનું લક્ષ્ય હતું; અંતિમ સત્યોને લગતા પ્રશ્નોને તેઓ કદિ ટાળતા નહોતા. બુદ્ધ અંતિમ સત્યોની મથામણમાં પડવા નહોતા માગતા. જો સંવાદી આચાર અને વ્યવહારનો માર્ગ પ્રાપ્ત થયો તો તે ઉપર ચાલવું અને બીજાને તે ઉપર ચાલવા કહેવું—આવી તેમની જીવનપદ્ધતિ હતી.

પ્રશ્ન ૨૧ :—જેને આપણે ઇશ્વરસાક્ષાત્કાર કહીએ છીએ તે ખરેખર કોઇ નક્કર અનુભવ છે કે આપણા વ્યક્તિગત ખ્યાલનું વિસ્તરીકરણ અંગ્રેજીમાં જેને **thoughtprojection** કહે છે તે છે?

જવાબ :—(સામેના વિશાળ પ્રદેશ તરફ આંગળી કરીને તેમણે જણાવ્યું કે) આ તમે જે જુઓ છો—ખેતર, ઝાડ, પાન, આકાશ વગેરે તે વાસ્તવિક છે કે કાલ્પનિક અથવા તો તમે કહો છો તેમ તમારા પોતાના જ વિચારોનું વિસ્તરીકરણ છે? એ જો વાસ્તવિક હોય તો પેલો અનુભવ પણ વાસ્તવિક શા માટે ન માનવો?

પ્રશ્ન ૨૨ :—પણ કોઇને ઇશ્વર કૃષ્ણ રૂપે દેખાય, કોઇને ક્રાઇસ્ટ રૂપે દેખાય, કોઇને કાળી રૂપે દેખાય—આનો અર્થ એમ નહીં કે મનમાં જેનું ઊંડું રટણ હોય તે કહેવાતા સાક્ષાત્કાર પ્રસંગે તે રૂપે દેખાય છે. એટલે ઇશ્વરનું ખરું સ્વરૂપ આવું જ હોય એમ માનવાને કોઇ કારણ નથી. આ શંકાનો શી રીતે ખુલાસો કરવો?

જવાબ :—તમારે ઉલટું એ રીતે વિચારવું જોઇએ કે ઇશ્વરને આપણે જે રૂપે વિચારીએ તે રૂપે આપણને દેખાય છે. કારણ કે ઇશ્વરમાં કોઇ પણ રૂપે પ્રગટ થવાની શક્તિ છે.

પ્રશ્ન ૨૩ : મહમદ પયગંબરની મહત્તા હજુ મારા મનમાં વસતી નથી. આપને તેમના વિષે ઊંડો આદર છે તો મને તેમની મહત્તા સમજાવો!

જવાબ :—આ આપણા આધુનિક શિક્ષણની ખામી છે. આપણે વર્ડઝવર્થ, હોમર કીટસ, બાયરન, શેકસપીઅર વગેરેને જાણીએ છીએ. પણ મુસલમાનો આપણી વચ્ચે ૮૦૦ વર્ષથી છે, છતાં આપણે તેમના ધર્મ વિષે અને તેમના પયગંબર વિષે, અંગ્રેજોએ આપણને જે કાંઈ ભણાવ્યું તેથી કશું પણ વિશેષ જાણતા નથી.

મારાં અભિપ્રાય પ્રમાણે આજના સામ્યવાદનું મૂળ બીજ મહમદપયગંબરના ઉપદેશમાં રહેલું છે. તે એવો પુરૂષ પાકયો કે જેણે કહ્યું કે વ્યાજ ન લેવાય, આ ઉપરાંત નાના મોટા, રાયરંક—બધાંનો ભેદ ભૂલવો જોઇએ. બધાં એકસરખા છે. આ તત્ત્વ ઉપર તેમણે જેટલો ભાર મૂકયો છે એટલું જ નહિ, પણ તે પાયા પર ઇસ્લામની આખી રચના તેમણે જેવી કરી તેવી કોઇએ કરી નથી. (આ દરમિયાન બીજો કાંઇક અન્તરાય આવવાથી આ પ્રશ્નની ચર્ચા અહર રહી)

પ્રશ્ન ૨૪ :—પુનર્ભવનાં સિદ્ધાંતના અંગે આપના શું વિચારો છે? ખાસ કરીને કેદારનાથજીનાં આને લગતા વિચારોના અનુસંધાનમાં હું આ પ્રશ્ન કરું છું.

જવાબ :—કેદારનાથજી આધ્યાત્મિક રેશનાલિસ્ટ—બુદ્ધિવાદી છે. તેમનું મુખ્ય લક્ષ્ય માનવીગુણો કેળવીને માનવસમાજને કેમ સુખી કરવો તે છે. ઇશ્વર, આત્મા, પુનર્ભવ—આ બધા પ્રશ્નો તેમને મન ગૌણ છે.

પ્રશ્ન ૨૫ :—એમ છતાં ઇશ્વરના અસ્તિત્વને તેઓ સ્વીકારે છે. જૈનોને જેમ આત્મતત્ત્વ વિના ચાલી શકતું નથી તેમ તેમને ઇશ્વર વિના ચાલી શકતું નથી—આમ આપને નથી લાગતું?

જવાબ :—જૈનો માફક જે તેઓ આત્મતત્ત્વને સ્વીકારતા હોત તો ઇશ્વરતત્ત્વ વિના તેમને ચાલત. આત્મા પણ ન સ્વીકારે અને ઇશ્વર પણ ન સ્વીકારે તો તો પછી કેવળ ચાર્વાક દર્શન થઇ જાય. એમ થાય તો માનવીજીવનનાં ઊંચા મૂલ્યોની સ્થાપના અને પ્રતિષ્ઠા અશક્ય બની જાય. આવી સ્થિતિ કેદારનાથજી માટે કદિ પણ સ્વીકાર્ય બની ન જ શકે.

× × ×

વિનોબાજી સાથેની ચર્ચાનો આ મારા માટે છેલ્લો પ્રસંગ હતો, તા. ૨૨-૧૧-૫૮ના રોજ સાંજના અમે ધંટેશ્વર પહોંચ્યા. સાયંપ્રાર્થના થઇ. રાત્રીના સમયે તેમની રજા લઇને હું રાજકોટ પાછો આવ્યો. પુનર્ભવના સિદ્ધાન્ત અંગેના તેમના વિચારો વિગતે જાણવાની ઇચ્છા આ રીતે મનની મનમાં રહી ગઇ.

સમાપ્ત

પ્રશ્નકાર : **પરમાનંદ**
ઉત્તરદાતા : **વિનોબાજી**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુલાઈ ૧, ૧૯૫૯, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

સાધુચરિત ગોસ્વામી ગણેશદત્તજી

(આ નીચેના લેખમાં જેમનો પરિચય આપવામાં આવ્યો છે તે સ્વ. ગોસ્વામી ગણેશદત્તનો મને કેટલાંક વર્ષોથી સાધારણ પરિચય હતો, પણ તેમની અસાધારણ જીવનપ્રતિભા અને શિક્ષણના ક્ષેત્રમાં તેમણે કરેલી અનેકવિધ સેવાઓનો મને પૂરો ખ્યાલ નહોતો. બન્યું એમ કે મે તથા જુન માસના પ્રારંભ દરમિયાન કેદારનાથ–બદ્રીનાથની યાત્રા પૂર્ણ કરીને અમે ગત જુન માસની ૧૦મી તારીખે હરિદ્વાર આવ્યા અને ગોસ્વામી ગણેશદત્તજીએ જ જેનું નિર્માણ કર્યું હતું તે ગીતાભવનમાં અમે ઉતારો કર્યો. ત્યાંથી ચાર માઇલ દૂર આવેલ સપ્તર્ષિ આશ્રમમાં ગણેશદત્તજી રહે છે તેમ જાણવામાં આવતાં બીજે દિવસે સાંજે તેમને મળવા જવા મનમાં વિચારેલું, પણ કમનસીબે અમે હરિદ્વાર પહોંચ્યા તે જ રાત્રે એક વાગ્યે તેમનું અવસાન થયું.

બીજે દિવસે સાંજના ભાગમાં નક્કી કરવામાં આવેલી તેમની સ્મશાનયાત્રામાં જવાનું બન્યું અને તે પ્રસંગે તેમના આજીવન કર્મયોગની અનેક વિગતો જાણીને મારું મન ખૂબ પ્રભાવિત બન્યું. તેમનામાં સનાતન ધર્મ અંગે ઊંડો આગ્રહ હતો અને તેમની બધી પ્રવૃત્તિઓની પ્રેરણા તેમને સનાતન ધર્મની ઉપાસનામાંથી મળી હતી, એમ છતાં પણ અન્ય કટ્ટર સનાતનધર્મીઓ અને તેમનામાં ઘણો મોટો તફાવત હતો. રાષ્ટ્રીય ભાવનાથી તેમનું ચિત્ત ખૂબ રંગાયલું હતું અને હિન્દુ ધર્મમાંથી અસ્પૃશ્યતા નાબુદ કરવાની બાબતમાં તેમની તમન્ના અન્ય કોઇથી ઉતરતી નહોતી. ગોસ્વામી હોવા છતાં તેઓ બાળબ્રહ્મચારી હતા. માલવીજીના અવસાન બાદ સનાતનધર્મીઓ માટે તેઓ જ એક મહાન અવલંબનરૂપ હતા. તેમની જીવનશક્તિનો મોટો ભાગ સ્થળે સ્થળે શિક્ષણસંસ્થાઓ ઉભી કરવા પાછળ જ ખર્ચાયો હતો તે તેમના સંબંધમાં નીચે આપેલ જીવનનોંધ ઉપરથી માલુમ પડશે. મુંબઇ અમદાવાદના કેટલાંક શ્રીમન્ત કુટુંબો સાથે તેમનો ઘનિષ્ટ સંબંધ હતો, અને તેમાંના અમુક ગુરુશિષ્યના સંબંધે જોડાયલા હતા.

પ્રસ્તુત નોંધ લખી મોકલનાર આચાર્ય શ્રી. ચક્રધર જોષીનો બદ્રીકેદારના રસ્તે જતાં પ્રારંભમાં આવતા દેવપ્રયાગમાં મને પ્રથમ પરિચય થયો. તેઓ આપણા દેશના એક સુપ્રસિદ્ધ જ્યોતિષી છે અને સંસ્કૃત ભાષાસાહિત્યનાં સારા પંડિત છે. દેવપ્રયાગમાં ઉંચાણના ભાગમાં તેમણે એક વેધશાળા નિર્માણ કરી છે અને ત્યાં પુરાણાં તેમજ આધુનિક સાધનો (દૂરબીન વગેરે) વડે વર્ષોથી તેમનું ખગોળવિષયક સંશોધન ચાલે છે. નીચેની નોંધ લખી મોકલવા માટે તેમનો આભાર માનવામાં આવે છે. **પરમાનંદ**)

यतोऽभ्युदयनिःश्रेयसः सिद्धिः स धर्मः ।

(ધર્મ તે છે કે જેનાથી અભ્યુદય અને મોક્ષની સિદ્ધિ થાય.)

આ સૂત્રના વાસ્તવિક મર્મના જ્ઞાતા માનવ–વિભૂતિ ગોસ્વામી ગણેશદત્તજીનું ગત જુન માસની ૧૦ મી તારીખે રાત્રે હરિદ્વારથી ચાર માઇલ દૂર આવેલા સ્વનિર્મિત સપ્તર્ષિ–આશ્રમમાં હૃદયરોગથી અવસાન થયું. આ સમાચારથી ભારતીય શિક્ષાક્ષેત્ર અને સનાતનધર્મી જગત્ મર્માહત બની ગયું.

તેમનો જન્મ ઇ.સ. ૧૮૮૯ ના નવેંબર માસની ત્રીજી તારીખે પંજાબમાં આવેલા સીનોર ગામમાં થયો હતો. તેમની શિક્ષા–દીક્ષા લાહોરમાં થઇ હતી. પંજાબકેશરી લાલા લજપતરાય, મહામના પં. મદનમોહન માલવીયજી, તથા વ્યાખ્યાનવાચસ્પતિ પંડિત દીનદયાળ શર્મા જેવા રાષ્ટ્રદિગ્ગજ પુરુષોના સહયોગથી એમનું રાષ્ટ્રીય સનાતનધર્મીય હૃદય ફાલ્યું ફુલ્યું હતું. પં. દીનદયાળ શર્માના શબ્દોમાં "આ યુવક સનાતનધર્મનું કાર્ય સંભાળવામાં સફળ થશે"–આ આશીર્વાદને અનુરૂપ તેમનું જીવન રાષ્ટ્રીય ધર્મસેવામાં અર્પિત બન્યું હતું. તેમની વિલક્ષણ વાણીમાં ઓજસ્ હતું. તેમની સંગઠનશક્તિ અદ્‌ભુત હતી. તેમનું તેજપૂર્ણ વ્યક્તિત્વ, અનુપમ પ્રતિભા તેમજ નિર્માણશક્તિનો પરિચય નીચે આપેલી કેટલીક વિગતોથી માલુમ પડશે :–

પાકીસ્તાનનું નિર્માણ થયું તે પહેલાં વર્ષો સુધી તેમનું મુખ્ય કાર્યક્ષેત્ર પંજાબ–લાહોર હતું અને તે દરમિયાન તેમણે પંજાબ તેમ જ ઉત્તરપ્રદેશમાં ૪૦૦ નવાં મન્દિરો નિર્માણ કર્યાં હતાં, જેમાં દિલ્હીના સુપ્રસિદ્ધ બિરલામંદિરનો સમાવેશ થાય છે. એ જ પ્રમાણે શિક્ષાક્ષેત્રમાં પણ તેમનો ભારે સ્તુત્ય પ્રયત્ન હતો. ૭ ડીગ્રીકોલેજો, ૧૫૦ ઇન્ટરમીડીયેટ સુધીની કોલેજો, ૧૦૦ કન્યાપાઠશાળાઓ, ૧૦૦ મીડલસ્કૂલ અને ૪ ઋષિકુલબ્રહ્મચર્યાશ્રમો તેમણે સ્થાપિત કર્યાં હતાં. પાકીસ્તાન ઉભું થયા બાદ ૭ ડીગ્રીકોલેજ, ૧૦૦ ઇન્ટરમીડીએટ સુધીની કોલેજો, ૧૦૦ મીડલસ્કૂલો, ૧૦૦ કન્યાપાઠશાળાઓ તથા ૪ સંસ્કૃત વિદ્યાલયો તેમણે સ્થાપિત કર્યાં હતાં. મહામના પંડિત મદનમોહન માલવીયજીની ઇચ્છા અનુસાર કાશીના હિન્દુ વિશ્વ વિદ્યાલય ખાતે હિન્દુ મન્દિર નિર્માણ કરવાના હેતુથી બાર લાખ રૂપિયાનો ફાળો તેમણે એકઠો કર્યો હતો, જેમાંથી આજે ત્યાં એક ભવ્ય મન્દિર નિર્માણ થઇ રહ્યું છે. આ રીતે ધર્મ તથા શિક્ષાના ક્ષેત્રમાં તેમણે ભારે ઉપકાર કર્યો છે. તેમનું વ્યક્તિત્વ મહાન હોવા છતાં તેમનું જીવન અત્યન્ત સાદું હતું. તેઓ ધાર્મિક નેતા હોવા છતાં રાષ્ટ્રીય નેતાઓ ઉપર તેમનો વિપુલ પ્રભાવ હતો, તથા તેમની દ્વારા રાષ્ટ્રીય પ્રવૃત્તિઓને સારું પોષણ મળ્યું હતું. તેમની આવી મહાન પ્રવૃત્તિઓના કારણે અખિલ ભારતીય સાહિત્ય સંમેલનના તેમને પ્રમુખ બનાવીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ગોસ્વામીનું અન્તિમ નિર્માણકાર્ય સપ્તર્ષિઆશ્રમમાં ઉભું કરવામાં આવેલ સંસ્કૃત વિદ્યાલય અને સ્વામી રામતીર્થ–સત્સંગભવનનું ભારતના મહાઅમાત્ય પં. નહેરૂએ ઉદ્‌ઘાટન કર્યું હતું અને તે પહેલાં રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદ દ્વારા સપ્તર્ષિઆશ્રમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ તેમના વ્યાપક પ્રભાવનું પરિણામ હતું.

તેમના અવસાનસમાચારથી અત્યન્ત ખિન્ન બનેલા રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુએ તેમને અંજલિ આપતાં જણાવ્યું કે "ગોસ્વામી ગણેશદત્તજીના અસામયિક દેહાન્તના સમાચાર સાંભળી મને બહુ દુઃખ થયું. ગોસ્વામી એક કર્મઠ, ધાર્મિક તથા સાચા કાર્યકર્તા હતા. તેમણે પોતાના પરિશ્રમ અને પ્રભાવના બળથી અનેક સામાજિક તેમજ શિક્ષણસંસ્થાઓની સ્થાપના કરી હતી. વિશેષતઃ પંજાબ, દિલ્હી તથા પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં તેઓ પોતાની સમાજસેવાઓને લીધે ચિરસ્મરણીય રહેશે. દિવંગત આત્માને હું શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું અને સંવેદના પ્રગટ કરું છું.

આ મહાન આત્મા પ્રત્યે હું પણ મારી હાર્દિક શ્રધ્ધાંજલિ અર્પિત કરીને આ શબ્દચિત્ર સમાપ્ત કરું છું. ॐ शांतिः शांति शांतिः.

દેવપ્રયાગ, ગઢવાલ,
ઉત્તરપ્રદેશ.

ચક્રધર જોશી

★ જ્ઞાતિબળોનું ઉર્ધ્વીકરણ ★

આ ટૂંકા લખાણમાં હું દેહાત અને શહેરના સામાજીક કાર્યકરોને કહેવા ધારું છું. "સામાજીક હિતના કાર્યમાં જ્ઞાતિને એક સામાજીક બળ તરીકે સ્વીકારો, એને અવગણો નહીં. જ્ઞાતિ અને જ્ઞાતિના વાડાઓ જવા જોઇએ અને આખરે જશે જ, પણ એ જાય એ પહેલાં એ પ્રશ્નને શીતળા અને ટાઇફોડ જેવો ખરાબ રોગ ગણો અને એ રીતે હલ કરવાનો પ્રયત્ન કરો; પણ એને અવગણો નહીં. એ પ્રત્યે હંમેશાં જાગૃત અને સાવચેત રહો અને તકેદારી રાખો કે આપણા જ્ઞાતિવિહીન અને વર્ગવિહીન સમાજ રચનાના આદર્શને પ્રાપ્ત કરવામાં આડખીલી ન બની રહે. પણ એવો ભ્રમ કદી સેવશો નહીં કે વસતી ગણત્રીના ચોપડાઓમાં જ્ઞાતિને કોઈ કાયદેસરનું સ્થાન આપવામાં નથી આવ્યું અને આપણા બંધારણમાં કોઇ પણ સ્વરૂપમાં અસ્પૃશ્યતાને ગુન્હો ગણ્યો છે એટલે જ્ઞાતિવાદ અને અસ્પૃશ્યતા ચાલી ગયા છે, અથવા તો ભવિષ્યમાં ચાલી જશે."

ઘણાં વર્ષોના મારા સામાજીક કાર્યના અનુભવ પછી હું એવા મત ઉપર આવ્યો છું કે સમાજમાં જ્ઞાતિની અસર હજી એવી જ બળવાન છે, અને એ અસર, એ વૃત્તિને "જ્ઞાતિને નાબુદ કરો" એવી ફકત જુબેથી કાબુમાં નહીં લાવી શકાય. એને કાબુમાં લાવવા માટે એ વૃત્તિની પાછળ કામ કરતા સામાજીક અને નીતિના બળોને ધ્યાનમાં લેવા જોઇએ. સામાજીક શિક્ષણની યોજનાના પાંચ મુખ્ય મુદ્દાઓ છે : (૧) અક્ષરજ્ઞાન વધારવું, (૨) સ્વાસ્થ્ય અને આરોગ્ય સંભાળ પ્રત્યે ધ્યાન આપવું, (૩) દરેક વ્યકિતની આર્થિક સ્થિતિ સુધારવી, (૪) નાગરિકતા વિષેની ફરજો અને હકકો સાથેની સભાનતા વધારવી, (૫) સમાજ અને વ્યકિતની જરૂરિયાતોને અનુરૂપ હોય તેવાં મનોરંજક કાર્યક્રમોને પ્રોત્સાહન આપવું. જે જ્ઞાતિઓમાં સ્વસ્થ અને નિરોગી બળોને સ્થાન છે એ જ્ઞાતિઓમાં આમાંનાં ઘણા મુદ્દાઓ ઉપર કામ કરી શકાય. એટલે મારૂં સૂત્ર છે : "સહાનુભૂતિ દર્શાવતી જ્ઞાતિસંસ્થાઓ દ્વારા જ્ઞાતિભાવનાને સમાજશિક્ષણના આદર્શ તરફ વાળો."

હું જ્યારે આ વાત કરૂં છું કે લાભદાયક જ્ઞાતિગત બળોને સમાજશિક્ષણના આદર્શને પ્રાપ્ત કરવા તરફ વાળવા જોઇએ, ત્યારે મને યાદ આવે છે કે જાતીય (sex) જ્ઞાન સમાજસ્વાસ્થ્ય અને રાષ્ટ્રીય પ્રગતિ માટે કેવી રીતે જરૂરી ગણાયું. એ દિવસો ચાલી ગયા છે જ્યારે જાતીય જ્ઞાન નિષિદ્ધ મનાતું અને ડાહ્યા લોકો પ્રતિષ્ઠિત સમાજમાં એની વાત પણ ઉખેળતા નહીં. આજે તો જાતિને એક શકિતશાળી સામાજીક અને માનસિક બળ ગણવામાં આવે છે, જે અભ્યાસ અને સહાનુભૂતિભરી દોરવણી માંગી લે છે. એવી જ રીતે એક કે બીજા સ્વરૂપમાં જ્ઞાતિય અને જૂથપ્રવૃત્તિઓ દુનિયામાં ઠેર ઠેર પથરાયેલી છે, અને એને સહાનુભૂતિભરી રીતે અને વૈજ્ઞાનિક રીતે વિકસાવી કાબુમાં લાવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિએ જૂન, ૧૯૫૮માં એક પરિપત્ર કાઢયું હતું. એમાં જ્ઞાતિવાદ નાબુદ કરવા માટેના નિયમોનો નિર્દેશ કર્યો હતો. એમાંના કેટલાક આ પ્રમાણે હતા : (૧) કોઇ પણ કાર્યશીલ કોંગ્રેસ સભ્યે જ્ઞાતિ અથવા કોમી સંસ્થાના સભ્ય ન બનવું, (૨) જ્ઞાતિ અથવા એના નામે ચાલતી કોઇ પણ પ્રવૃત્તિ સાથે સંબંધ રાખવો નહીં, સિવાય એ પ્રવૃત્તિનું સ્વરૂપ ધાર્મિક હોય અથવા તો હરિજનોના ઉદ્ધાર માટે હોય કે પછી સમાજવિરોધી રિવાજો દૂર કરવા માટેની પ્રવૃત્તિ હોય.

ઉપરના નિયમોમાં હું એક વાત વધારે ઉમેરવાનું ઇચ્છું. જ્યારે પણ સંભવ હોય અને બને ત્યારે યોગ્ય જ્ઞાતિ સંસ્થામાં દાખલ થવું અને એ સંસ્થાઓ પાછળ કામ કરતા સામાજીક બળોને રાષ્ટ્રીય એકતા અને સામાજીક શિક્ષણ તરફ વાળવા.

બધા સામાજીક કાર્યકરોને ભૂતકાળમાં જ્ઞાતિને નાબુદ કરવાના જે પ્રયત્નો થયા છે એનો ખ્યાલ છે. સૌથી પહેલો પ્રયત્ન ૨,૫૦૦ વર્ષ પૂર્વે ભગવાન બુધ્ધે કરેલો. એ બ્રાહ્મણોની રૂઢિચુસ્તતા સામે લડયા અને જ્ઞાતિને ધર્મ અને સમાજમાંથી કાઢવાનો એમણે બનતો બધો પ્રયત્ન કર્યો. પણ જ્ઞાતિય અને રૂઢિચુસ્ત બળોએ બુદ્ધ ધર્મને દેશમાંથી જાકારો આપ્યો અને જે ધર્મ પવિત્રતા, પ્રેમ, સમાનતા અને ત્યાગ ઉપર રચાયો હતો એ હિન્દુસ્તાનની બહાર વિકસ્યો.

જ્ઞાતિઓ ફકત હિન્દુઓમાં જ છે એવું નથી. મુસલમાન, શીખ અને ખ્રિસ્તીઓ જે લોકો સમાનતાની વાતો કરે છે એ લોકોમાં પણ હરિજનો છે, જેમને માટે દર્શન અને પૂજાની જુદી જગ્યાઓ નકકી કરવામાં આવી છે અને મૃત્યુ પછી એમને દાટવાની કે બાળવાની પણ જુદી વ્યવસ્થા કરવામાં આવી છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ જ્ઞાતિવિહીન, વર્ગવિહીન, શોષણ વગરના સમાજને રચવાનો ઘણો પ્રયત્ન કર્યો, અને હરિજનોની વચ્ચમાં રહી, હરિજન બાળકને પોતાના કુટુંબની વચ્ચમાં લાવીને અસ્પૃશ્યતા નિવારવાને માટે પણ ઘણું કર્યું. આશ્રમના જીવનની એક ભારે શરત એમણે રોજ જાજરૂ સાફ કરવાની મૂકી, પણ આ બધું કર્યા છતાં સફળતા ન મળી, કારણકે હજી આમજનતાનું હૃદયપરિવર્તન નથી થયું.

આપણે એ વાત એક પળ પણ ભૂલી જવાની જરૂર નથી કે આપણો આદર્શ જ્ઞાતિને નાબુદ કરવાનો છે. પણ સાથે સાથે આપણે એ પણ તપાસવું જોઇએ કે કાયદેસરનો મૃત્યુદંડ જ્ઞાતિને અપાયો હોવા છતાં એ એવા કયા લાભદાયક બળોને લઇને હજુ જીવિત છે. એ પછી આપણે જ્ઞાતિ જીવનના નુકશાનકારક પાસાની નોંધ લેશું જે નાબુદ થવો જોઇએ.

૧. મનુષ્ય જુથવૃત્તિવાળું પ્રાણી છે અને હંમેશા જુથમાં રહેવાનું પસંદ કરે છે. કુટુંબ, સગાસંબંધીઓ સમાન ધાર્મિક અને સામાજીક રીતરિવાજો—એમની એ વૃત્તિને સંતોષે છે. એનો તો જ નાશ થઇ શકે જો એની જગ્યાએ એવી જ કોઈ કાર્યક્ષમ સામાજીક અને આર્થિક રચનાનો ઉદય થઇ શકે.

૨. સદીઓથી ઘડાયેલા જુના બંધનો તોડી નાંખવાનું સહેલું નથી. હિન્દીઓ દુનિયાના દરેક ભાગમાં જઇ વસ્યા છે. છતાં પણ પિતાના મૃત્યુ સમયે, બાળકના જન્મ અને લગ્ન પ્રસંગે હિન્દુસ્તાન પાછા ફર્યા છે. હું એક રેલ્વેલાઇનથી દૂર એવા ગુજરાતના ગામડામાં આવેલી શાળા વિષે જાણું છું. એનો વહીવટ, આર્થિક દેખભાળ, દૂર દક્ષિણ આફ્રિકામાં વસતી એક હિંદી કોમ કરે છે, જો કે એ લોકો ભાગ્યે જ એ શાળાની મુલાકાત લઇ શકે છે.

૩. એવી જ રીતે એવી કેટલીક કોમો છે જે વિદ્યાર્થીઓને (૧) શિષ્યવૃત્તિ આપવા માટે (૨) તબીબી મદદ આપવા માટે (૩) કોઇને વેપાર શરૂ કરાવવા અથવા પરણવા માટે આર્થિક મદદ કરે છે.

૪. ભાટીયાઓની, લુહાણાઓની, મોઢની, સારસ્વતની, ખોજાઓની અને ખ્રીસ્તીઓની મુંબઇમાં ખમતીધર સંસ્થાઓ છે; વૈદ્ય અને સુવર્ણ વણિકની બંગાળમાં છે; કાયસ્થ, આહીર, ચમાર, જાટ, અને રજપુતોની ઉત્તર હિન્દુસ્તાનમાં છે અને બીજી કોમોની બીજી જગ્યામાં છે.

૫. હું આદીવાસી નાયકો, ભીલ, દુબળા, નાયકડા, ગામીત વગેરેના મંડળોથી પરિચિત છું. એ લોકો સામાજીક, આર્થિક

અને ધાર્મિક એકતાને માટે મંડળો રચે છે, અને અનેક નિયમો જેમકે લગ્નના રીતરિવાજો, પહેરામણી આપવામાં થતો ખર્ચ અને બીજા પ્રસંગો જેમકે મૃત્યુ, લગ્ન, ગર્ભધાન માટે ઘડે છે. એ લોકો ભેગા થઇને શિક્ષણ અને શિષ્યવૃત્તિ માટે પૈસા ભેગા કરે છે; શિષ્યવૃત્તિ અને બીજા લાભો મેળવવા માટે મામલતદાર અને બીજા અધિકારીઓની સહી મેળવવા માટે ગોઠવણ કરે છે.

૬. આ નૂતન જ્ઞાતિસંસ્થાઓની મહત્વની બાજુ એ છે કે એ અખિલ ભારતીય કોંગ્રેસને દૃષ્ટિમાં રાખીને રચાયેલી સંસ્થાઓ છે. વંશપરંપરાગત પંચોને બદલે એ લોકો પ્રમુખ અને કાર્યવાહક સમિતિને દર વર્ષે અથવા મુકરર સમય માટે ચૂંટે છે. એ લોકોને ગામડાંઓમાંથી અને તાલુકામાંથી સભ્યો મળી રહે છે અને એ લોકો તાલુકા, જીલ્લા અને રાજ્યની એકતા સાધવા પ્રયત્ન કરે છે અને ઘણીવાર અખિલ ભારતીય મંડળ રચી શકે છે.

આવી જ્ઞાતિય સંસ્થાઓ પ્રત્યે સામાજીક શિક્ષકની કેવી વલણ હોવી જોઇએ ? એણે એ પ્રત્યે નારાજી બતાવવી જોઇએ, અવગણવી જોઇએ કે બહિષ્કાર કરવો જોઇએ, કે પછી રાષ્ટ્રીય એકતા અને સામાજીક શિક્ષણના આદર્શોને સમજાવીને સહકાર આપવો જોઇએ ?

હું એક વખત પછાત વર્ગ સમિતિનો સભ્ય હતો, એટલે જ્ઞાતિય સંસ્થાઓમાં કેવાં નુકશાનકારક બળો કામ કરી રહ્યાં છે એનો મને પૂરેપૂરો ખ્યાલ છે. એમાંના કેટલાક આ મુજબ છે:– (૧) સામાજીક વર્તણુકમાં પોતપોતાનું ચડિયાતાપણું બતાવાય છે અને એ રીતે અસ્પૃશ્યતાને તેમજ પછાતવર્ગના આર્થિક અને સામાજીક શોષણને ઉત્તેજન અપાય છે. (૨) નાતજમણવાર, લગ્ન-પ્રસંગો, પહેરામણી અને બીજા સામાજીક ઉત્સવોમાં પૈસા વેડફાય છે (૩) સ્ત્રી સ્વતંત્રતા ભોગવી શકતી નથી. પરણ્યા પહેલાં, પરિણીત જીવન દરમ્યાન કે પછી વિધવા બને છે ત્યારે, એમ કોઈ પણ સંયોગમાં તે સ્વતંત્ર રહી શકતી નથી. (૪) જ્ઞાતિને લીધે સમાજના ભાગલા પડી ગયા છે અને તેથી એકલતા અનુભવાય છે અને સામાજીક ગતિશીલતા અને ઔદ્યોગીકરણના વિકાસની આડે આવે છે (૫) આપણને સ્વતંત્રતા મળ્યા પછી પુખ્ત-મતાધિકારને કારણે રાજકીય સત્તા જ્ઞાતિઓમાં, ઔદ્યોગિક કામ-દારોમાં અને રાજકિય જૂથોમાં કેન્દ્રિત થઇ છે; દાખલા તરીકે આહીર, જાટ, ગુજ્જર અને ઉત્તર હિન્દુસ્તાનમાં વસતા રજપુતો (૬) કણબી અને તબ્બોલી જેવી પછાત કોમો પોતાનું રાજકીય સંગઠન બનાવવાનો પ્રયત્ન કરે છે અને પોતે પછાત છે એ કારણે રાજકીય ફાયદાઓ મેળવવા ઇચ્છે છે.

એક સામાજિક વૈજ્ઞાનિક તરીકે મારો નમ્ર અભિપ્રાય છે કે આ બધી ખરાબ અસરો સામાજીક શિક્ષણ આપવાથી દૂર થઇ શકે. આપણી પાસે સહૃદયી, કેળવાયેલા સામાજીક કાર્યકરો હોય તો ન્યાય, સમાનતા અને ખેલદીલીની ભાવના જ્ઞાતિઓમાં ફેલાવી શકાય.

આનો ખરો ઇલાજ તો ગ્રામઉદ્યોગ, હાથઉદ્યોગ અને ઔદ્યોગીકરણ દ્વારા આર્થિક સદ્ધરતા લાવવી એ છે. ખેતીને પણ નફો અને વળતર આપતી કરવી એ અગત્યનું છે. પણ જ્યાં સુધી બન્ને બાજુ હૃદયપરિવર્તન ન થાય અને સમગ્ર દેશની પ્રગતિ માટે આંતરિક, આધ્યાત્મિક દૃષ્ટિ ન આવે ત્યાં સુધી માત્ર ઔદ્યોગીકરણ અસ્પૃશ્યતા અને જ્ઞાતિને દૂર નહીં કરે. એ જાણીતું છે કે, અમદાવાદના કારખાનાઓમાં સૌથી અગત્યનો ભાગ હરિજનોનો છે. એ લોકોની વર્ષની રૂા. ૧,૫૦૦ની આવક હોવા છતાં પણ સામાજીક રીતે હજી અસ્પૃશ્ય જ રહ્યા છે. એ પણ જાણીતું છે કે દેશના ૭ કરોડ હરિજનોમાંથી ફક્ત પર લાખ હરિજનો જ જાજરૂ સાફ કરવાનો ધંધો કરે છે; બાકીના વણકરો તરીકે ચામડાના વેપારીઓ તરીકે કે એવા નાના ધંધાઓમાં લાગેલા હોય છે.

ટાવિસ્ટોક સંસ્થાના પ્રાધ્યાપક શ્રી. એ. કે. રાઇસના સંશોધનોથી એક મહત્ત્વનો મુદ્દો તરી આવ્યો છે. "જ્ઞાતિપ્રથાના ગમે તે લાભ-ગેરલાભ હોય તો પણ એમ કબુલ કર્યા સિવાય છૂટકો નથી કે ભૂતકાળમાં જ્ઞાતિ એક મર્યાદિત છતાં પણ સ્થાયી સંગઠન હતું અને એના સભ્યોને એમાં એક પ્રકારની સલામતી લાગતી હતી. જેમ જેમ ઔદ્યોગીકરણે જોર પકડ્યું અને સુધારાઓ થવા લાગ્યા તેમ તેમ જૂની સંસ્થાઓ ભાંગી પડવા લાગી. અને એટલા અંશે લોકોને જ્ઞાતિમાં એક પ્રકારની જે હુંફ અને સંતોષ મળતા હતા તે બીજે શોધવાની તેમને જરૂર પડી છે."

જ્ઞાતિને નાબુદ કરવામાં બીજી મુશ્કેલી એ છે કે ભારતના બંધારણમાં શિડયુલ્ડ ન્યાતોને કાયદાની દૃષ્ટિએ શિડયુલ્ડ બેંક જેટલું જ મહત્વ અપાયું છે. જ્યાં સુધી આવી રીતે કેટલીક જ્ઞાતિઓ સામાજીક અને રાજકીય રીતે પછાત હોવાના કારણે ફાયદાઓ મેળવતી રહેશે ત્યાંસુધી જ્ઞાતિપ્રથા દૂર નહીં થાય. આજે ૩૦૦ શિડયુલ્ડ જાતિઓ (tribes) છે, ૮૦૦ શિડયુલ્ડ ન્યાતો છે, અને લગભગ ૧,૪૦૦ બીજા પછાત વર્ગો છે, જેમને સામાજીક, શૈક્ષણિક, આર્થિક રાહત અને રાજકીય હકકો મળે છે. આ ૨,૫૦૦ જૂથોને મળેલા આ હકકો અને લાભો જો કાયમ રાખવા હોય તો પોતાને જ્ઞાતિને કે વર્ગને નામે ઓળખાવવાનો પ્રયત્ન તેમણે સતત ચાલુ રાખવો પડે.

પછાત વર્ગની સમિતિના સભ્ય તરીકે મેં આનો વિરોધ કર્યો હતો. ખાસ હકકો અને લાભો આપીને તો સતત જ્ઞાતિઓને જુદી રાખવાનું થાય. એવી જ રીતે મતદાન વખતે એમને માટે ખાસ બેઠકો જાળવી રાખવાનો અને પ્રધાનમંડળમાં એમને માટે ખાસ જગ્યા રાખવાનો પણ મેં વિરોધ કર્યો હતો. સામાજીક રાહત માટે આર્થિક ધોરણ જ રાખવું જોઇએ એવું મેં સૂચન કર્યું હતું. જ્યાંસુધી આ સૂચનનો સ્વીકાર નહીં થાય ત્યાં સુધી જ્ઞાતિપ્રથા દૂર નહીં થાય અને એ પરિસ્થિતિ સામાજીક કાર્યકર્તાઓને એમના કામમાં સતત નડ્યા કરશે. હું આશા રાખું છું કે જ્યારે જ્યારે નવી સમિતિ શિડયુલ્ડ વર્ગ માટે નિમાશે ત્યારે આ મુદ્દો બરાબર ધ્યાનમાં લેવાશે અને આવી રીતે ખાસ હકકો અને લાભો આપીને જ્ઞાતિભેદ ચાલુ રાખવામાં નહિ આવે.

પોપટલાલ ગોવિંદદાસ શાહ

તંત્રીનોંધ: Indian Journal of Adult Education નામના માસિકમાં ગાંધીજયન્તી અંકમાં (ઓકટોબર, ૧૯૫૮) Cast and Social Education Sublimation of the Caste Impulse એ મથાળા નીચે ગુજરાતના જાણીતા વિદ્વાન-વિચારક અને સંશોધક શ્રી. પોપટલાલ ગોવિંદલાલ શાહે લખેલો લેખ પ્રગટ થયો હતો. તે લેખનો તેમણે જ કરેલો અનુવાદ ઉપર પ્રગટ કરવામાં આવ્યો છે. આ લેખનું આખું દૃષ્ટિબિન્દુ કાંઈક આવું છે. "જ્ઞાતિસંસ્થા નાબુદ કરવાનો પ્રયત્ન ભગવાન બુદ્ધના કાળથી માંડીને અદ્યાપિપર્યન્ત ચાલી રહ્યો છે. એમ છતાં આજ સુધી તે નાબુદ થઇ શકી નથી અને એનાં મૂળ પ્રજાજીવનમાં એટલાં બધાં ઊંડાં છે કે તે ભવિષ્યમાં કદિ પણ સદંતર નાબુદ થશે કે કેમ તે એક સવાલ છે. આ પરિસ્થિતિમાં જ્ઞાતિના અસ્તિત્વ સામે આંખ આડા કાન ન કરો, પણ જ્ઞાતિની ભાવનાનું ઉર્ધ્વીકરણ કરો, પ્રગતિશીલ વિચારો વડે તેમાં રહેલી સંકુચિત ભાવનાને નાબુદ કરો અને તેમાં રહેલા જૂથબળનો રાષ્ટ્રીય ઉત્થાને માટે બને તેટલો લાભ ઉઠાવો."

જ્યાં જ્યાં માનવીઓનું જૂથ બંધાય છે ત્યાં ત્યાં તેના સંગઠન દ્વારા તેને એક શક્તિના ઘટકમાં પરિવર્તિત કરવાની શકયતા રહેલી જ હોય છે. આવી શકયતા જ્ઞાતિસંસ્થામાં પણ રહેલી છે. પણ તે શકયતાનો લાભ રાષ્ટ્રને મળવા સંભવ નથી. ઉલટું દરેક જ્ઞાતિસંસ્થાના પાયામાં ઉચ્ચ-નીચની ભાવના રહેલી હોઇને અને દરેક જ્ઞાતિના લોકો પોતાની જ્ઞાતિના હિતાહિતને જ

સર્વથા પ્રાધાન્ય આપતા હોઇને જ્ઞાતિસંસ્થાનું અસ્તિત્વ રાષ્ટ્રહિતને કદિ પણ પૂરક કે પોષક નીવડ્યું નથી કે નીવડવાનું છે નહિ. અન્ય માનવીજૂથોથી જ્ઞાતિસંસ્થા આ કારણે જ જુદી પડે છે. ઉચ્ચ-નીચની ભાવના જ્ઞાતિસંસ્થાનું પાયાનું તત્ત્વ હોઇને તેનું–શ્રી. પોપટલાલ શાહ કલ્પે છે તેવું–ઉર્ધ્વીકરણ કોઇ કાળે શકય લાગતું નથી.

એવી પણ એક માન્યતા છે કે જ્ઞાતિસેવા એ દેશના એક નાના અંગની જ સેવા છે. એટલે કે આડકતરી રીતે દેશની જ સેવા છે, પણ આપણો આજ સુધીનો અનુભવ એમ કહે છે કે જ્ઞાતિની ભેદભાવ ભરેલી ભાવના આપણી નિષ્ઠામાં દ્વિધા સ્થિતિ–double loyalties–પેદા કરતી હોઇને સમગ્ર રાષ્ટ્ર ઉપર આપણા ચિત્તને એકાગ્ર બનવા દેવામાં હંમેશા આડે આવી છે, અને માનવજાતને સમાનભાવે જોતા કરવામાં તેણે હંમેશાં રૂકાવટ કરી છે. તેથી જ્ઞાતિસંસ્થાને ઉત્તરોત્તર નિર્બળ બનાવવામાં અને આખરે નાબુદ કરવામાં જ આપણું–દેશનું–સાચું શ્રેય રહેલું છે.

અને જે ૨૫૦૦ વર્ષના પ્રયત્નથી નથી બન્યું તે જ્ઞાતિસંસ્થાની નાબુદી આજે શકયતાના ક્ષિતિજ ઉપર આવી રહી છે. કારણકે એક તો ભારતના નવા રાજ્યબંધારણે જ્ઞાતિસંસ્થાની અને તેમાંથી ફલિત થતા અસ્પૃશ્યતાવાદની નાબુદીને પોતાના એક ધ્યેય તરીકે સ્વીકારેલ છે; દેશકાળમાં થઈ રહેલ વિરાટ પરિવર્તન આવા નાના નાના સામાજિક વાડાઓને નાબુદ કરવામાં ખૂબ મદદરૂપ બની રહ્યું છે. આન્તર-જ્ઞાતીય તેમ જ આન્તરરાષ્ટ્રીય લગ્નસંબંધો કોઇ કાળે પણ નહોતા થતા તે એટલી મોટી સંખ્યામાં આજે નિર્માણ થઇ રહ્યાં છે, અને તે દ્વારા જ્ઞાતિસંસ્થાની ઘોર ખોદાઇ રહી છે.

અને બીજું જ્ઞાતિસંસ્થા આજે નાબુદ થાય કે કાળાન્તરે નાબુદ થાય–સંભવ છે કે અનેક સામાજિક અનિષ્ટ તત્ત્વો, તેને નાબુદ કરવાના પ્રયત્નો ચાલુ હોવા છતાં (જેમ કે મદ્યપાન, દ્યુત) આજે ચાલ્યા જ કરે છે તેમ આ જ્ઞાતિસંસ્થાનું હજુ પણ લાંબું આયુષ્ય હોય એ સંભવિત છે, એમ છતાં પણ, જેનામાં સમજણ ઉગી છે, અને જ્ઞાતિસંસ્થાનાં અનિષ્ટો જેની આંખ સામે પ્રત્યક્ષ છે તેનાથી તો જ્ઞાતિ સંસ્થાનું કોઇ કાળે પણ સમર્થન થઈ ન જ શકે. તે પોતાની કાર્યશકિતને જ્ઞાતિસંસ્થા સાથે સંલગ્ન કરી શકે જ નહિ. એટલે કે શ્રી. પોપટલાલભાઇની સલાહ છે કે "જ્યારે પણ સંભવ હોય અને બને ત્યારે યોગ્ય જ્ઞાતિ-સંસ્થામાં દાખલ થવું અને એ સંસ્થાઓ પાછળ ફામ કરતા સામાજિક બળોને રાષ્ટ્રીય એકતા અને સામાજિક શિક્ષણ તરફ વાળવા." આ વિચારણા તો સમજી જ શકાતી નથી. એક તો સામાજિક કાર્ય કરવા માટે એક યા બીજી જ્ઞાતિસંસ્થા પસંદ કરવાની હોતી જ નથી; જ્ઞાતિ તો જન્મનું વળગણ છે; તેમાં પસંદગીને અવકાશ જ નથી. અને બીજું તેમાં દાખલ થઇને તેને નિર્બળ બનાવો–નાબુદ કરો (કારણકે શ્રી પોપટલાલ શાહ પોતે જ જ્ઞાતિસંસ્થાને પોતાના લેખના પ્રારંભમાં જ શીતળા અથવા ટાઇફોઇડ સમાન ખરાબ રોગ તરીકે વર્ણવે છે) એમ કહેવું એ લગભગ વદતોવ્યાઘાત જેવી પ્રક્રિયા લાગે છે.

શ્રી. પોપટલાલભાઇએ પોતાના લેખના અન્ત ભાગમાં જે મુદ્દો રજુ કર્યો છે તે અવશ્ય વિચારણીય છે. તેમના કહેવા પ્રમાણે શીડ્યુલ્ડ જાતીઓ, શીડ્યુલ્ડ ન્યાતો અને પછાત વર્ગોના નામથી ઓળખાતા વર્ગો–આમ સરકારે સ્વીકારેલા ૨૫૦૦ જૂથોને ભારતના રાજ્યબંધારણ અને કાયદાકાનૂન દ્વારા ખાસ અધિકારો આપવામાં આવ્યા છે તે જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી ભારતમાંથી કોઇ પણ કાળે જ્ઞાતિસંસ્થા નાબુદ નહિ થાય. આ તેમનું નિદાન તદ્દન સાચું છે અને એ ઉપરથી ફલિત એમ થાય છે કે જ્ઞાતિસંસ્થાના પૂર્વગ્રહો અને અભિનિવેશોથી ભારતની પ્રજાને મુકત કરવી હોય તો અમુક વ્યકિતને અમુક જ્ઞાતિના તે સભ્ય હોવાને કારણે જે વિશિષ્ટ અધિકારો મળે છે તેવી બંધારણીય વ્યવસ્થા જેમ બને તેમ જલ્દિથી નાબુદ થવી જ જોઇએ. પરમાનંદ

વેદમાં ભારતીય ધર્મનો વિકાસક્રમ

(ગતાંકથી ચાલુ)

ઋગ્વેદકાળના લોકોના આચાર-વિચારો

યજ્ઞપ્રથા :—વૈદિકયુગનાં આરંભકાળે યજ્ઞપ્રથા દેખાતી નથી, પણ જ્યારે ભિન્નભિન્ન દેવો વચ્ચેનો કલહ મિટાવવા ઇશ્વરની શોધ થઇ અને એ દેવો એક ઇશ્વરનું રૂપ પામ્યા ત્યારે સમર્પણબુદ્ધિને કારણે યજ્ઞપ્રથા અસ્તિત્વમાં આવી. યજ્ઞમાં પશુઓ–હવિ હોમાતાં છતાં શ્રધ્ધા પર ભાર દેવાતો. ઋગ્વેદકાળમાં નર-મેધ થતો કે નહીં એ પ્રશ્નની ઘણી ચર્ચા થાય છે. અશ્વમેધ વિષે પણ ઉલ્લેખો છે ખરા. પણ એ યુગમાં પણ વિરોધના સુર સંભળાતા. સામવેદમાં એક જગ્યાએ કહેવામાં આવ્યું છે કે 'અમે યજ્ઞના યૂપ વાપરતા નથી, પ્રાણીનો વધ કરતા નથી. અમે તો માત્ર સૂકતોના ગાન વડે જ ઉપાસના કરીએ છીએ.' આ એ પ્રથા સામે એક બળવાનો પોકાર હતો, જેને પાછળથી ઉપનિષદોએ ઉપાડી લીધો હતો તે બૌધ્ધ જૈન સંપ્રદાયોએ એમાં પોતાનો સુર પૂરાવી તેને આગળ વધાર્યો હતો. યજ્ઞયાગ એ વૈદિક ધર્મની બીજી ભૂમિકાનું લક્ષણ છે. પહેલીમાં માત્ર પ્રાર્થના થતી. આમ કૃતયુગમાં ધ્યાન, ત્રેતામાં યજ્ઞ, દ્વાપરમાં પૂજા અને કલિયુગમાં પ્રાર્થના ભજનનો ધર્મવિધિ મુખ્ય મનાયો છે.

મૂર્તિપૂજા :—વૈદિક ધર્મમાં મૂર્તિપૂજાને સ્થાન હોય એમ દેખાતું નથી. દેવોને માટે મંદિર નહોતાં. ધર્મ આખા જીવનને વ્યાપી વળેલો હતો. પિતૃઓને પિંડદાન અપાયાનો ઉલ્લેખ પણ ઋગ્વેદમાં કયાંય જડતો નથી.

પાપ :—એ યુગમાં લોકોને પાપનું ભાન હોય એમ વેદના સૂકતો પરથી જણાતું નથી. પણ દેવની ઇચ્છા એ જ નીતિ હતી. એમાં જેટલી ઉણપ એ પાપ એવી ત્યારે માન્યતા પ્રવર્તતી હતી. ઋગ્વેદના દેવો નીતિ-નિયમના રક્ષક ગણાય છે, છતાં કેટલાકના રાગ-દ્વેષ-અહંકાર-ક્રોધ ગયા નથી. એક સૂકત કહે છે કે દેવો–મનુષ્યો કેવી સ્વાર્થવૃત્તિથી પ્રેરાયેલા છે? દશમા મંડળના ૧૧૭ મા સૂકતમાં પરોપકારનો જે ધર્મ મનાયો છે એમાં પ્રચલિત ધર્મથી સ્વતંત્ર એવી નીતિનું પાલન કરવાનો જે વિચાર બુદ્ધધર્મે ફેલાવ્યો છે એનું બીજ જોઇ શકાય છે.

સદાચાર :—કર્મનો જે નિયમ ભારતીય વિચાર રાશિના એક વિશિષ્ટ લક્ષણરૂપ છે, તેનું પૂર્વરૂપ ઋતના નિયમમાં દેખાય છે. એ ઋતનું પાલન એનું જ નામ સદાચાર–નીતિ છે. કર્મ-કાંડનું મહત્ત્વ વધ્યું ત્યારે ઋતનો અર્થ યજ્ઞ થવા લાગ્યો હતો.

તપ :—ઇન્દ્રે તપ કરીને સ્વર્ગ મેળવ્યું એવાં કેટલાક સૂચનો છે, પણ ઋગ્વેદનો પ્રધાનસુર તપ નથી. જગતની સરસ વસ્તુઓ મેળવવી એ યજ્ઞોનો હેતુ છે. જીવન અને જગતમાંથી ઉંડો આનંદ લેવાય એ એમનું ધ્યેય હોય છે. આનંદને કલુષિત કરે તેવો દુઃખદ ખેદ કે વિષાદ હજુ એમાં ભળ્યો નથી.

વર્ણાશ્રમ :—આર્યો અને પરાજિત જાતિઓ વચ્ચે લોહીના સંસ્કારોના તીવ્ર મતભેદો હતા. અસલી આર્યો બધા એક જ વર્ગ–વર્ણના હતા. દરેક માણસ ઋત્વિજ, સૈનિક, વેપારી, કૃષિકાર વિ. સર્વેના કામો કરતા. ઋત્વિજોનો એક નોખો તે ખાસ અધિકાર વાળો વર્ગ નહોતો. વળી આર્યોમાં પોતાની ઉચ્ચતાનું ખાસ અભિમાન હતું, જેથી ધીમેધીમે અનાર્યોને અળગા રાખવાને પરિ-ણામે અને ધંધાની વહેંચણીને કારણે વર્ણો અસ્તિત્વમાં આવ્યાં હતા. કેટલાક કહે છે કે વિજિત અનાર્યો, આદિવાસીઓ ધર્માંતર પામી શુદ્રો થયા. જેમણે ધર્મ ન સ્વીકાર્યો એ 'પંચમ' રહ્યા.

મરણોત્તર જીવન :—વૈદિક આર્યોએ ભારતમાં પ્રવેશ કર્યો

ત્યારે તેમના મન બળના ગર્વ અને વિજયના આનંદથી મસ્ત હતાં. તેમને જીવન ને તેના આસ્વાદો ગમતા, એટલે મરણ પછી આત્માની શી ગતિ થાય છે એ વિષયમાં એમણે ઝાઝો રસ લીધો નહોતો. જીવન એમને મન ઉજ્જવલ, આનંદમય હતું. ચિંતિલ મનની ચિંતા અને જંજાળોથી તેમનું જીવન મુકત હતું. પોતાને शतं शरदं जीवेत् સો શરદનું આયુષ્ય મળે એ જ તેમની ઇચ્છા હતી. મરણ પછીના જીવન વિષે તેમની પાસે ખાસ કંઇ કલ્પનાઓ કે સિધ્ધાન્તો નહોતા. માત્ર ચિંતનશીલ માણસો સ્વર્ગ અને નરકને વિષે કંઇક ઝાંખો, અસ્પષ્ટ ખ્યાલ બાંધે એ અનિવાર્ય હતું. પુનર્જન્મની વાત હજુ છેટે હતી. મૃતાત્માઓ સ્વર્ગમાં યમની સાથે રહે છે ને ચેનબાજી કરે છે ને ત્યાં આપણા જેવી જીંદગી ગાળે છે એમ તેઓ માનતા. પૃથ્વીના આનંદોનું તીવ્રરૂપ તે સ્વર્ગનો આનંદ છે એવી એમની કલ્પના હતી.

સ્વર્ગ :—મરણોત્તર જીવનના વેદમાં આપેલા ચિતારોમાં વિષયસુખનું વર્ણન ઘણું છે. દેવોને ભૂખ તરસ લાગતી નથી, દેવો સ્ત્રી પરણતા નથી તેમ દેવીઓ પતિને કન્યાદાનમાં અપાતી નથી. સુખી દેવો સદાકાળ ત્યાં જ રહેવાના છે એવી માન્યતા ત્યારે પ્રચલિત હતી. 'દેવો પણ છેવટે મૃત્યુ પામે છે' એવો વિચાર વેદમાં નથી. એ પાછળથી થયેલી શોધ છે.

નરક:—નર્ક વિષે એકાદ બે જગ્યાએ 'હે ઇન્દ્ર! જે અમને ઘૃણા કરે તેને તું અંધકારમાં પહોંચાડજે' એવી થયેલી પ્રાર્થના દ્વારા નર્કનું સૂચન જણાય છે, પણ પુરાણોમાં આવતા નર્ક અને તેની યાતનાઓના બેહૂદા વર્ણનો જે પાછળથી ઉપજાવી કાઢેલા છે એનો વેદમાં ઇશારો સુધ્ધાં નથી.

પુનર્જન્મ :—વેદમાં માતાને પેટે જન્મ, સંસ્કાર અને મૃત્યુ પછીનું જીવન એમ ત્રણ જન્મો કહ્યા છે, પણ એથી એવું પુરવાર નથી થતું કે વૈદિક આર્યો પુનર્જન્મની કલ્પનાથી પૂરા વાકેફ હતા. પંડિતો એમ માને છે કે પુનર્જન્મના વિચારો આર્યોએ અહીંની જંગલી જાતિઓ પાસેથી લીધા હોવા જોઇએ, કારણ કે એ લોકો માણસ મર્યા પછી નવો દેહ ધારણ કરે છે એમ માનતા.

એ યુગના લોકોની આવી માન્યતાઓ હતી જેથી કહી શકાય કે સંહિતાના સૂત્રો એ પાછળના ભારતીય તત્ત્વજ્ઞાનનો પાયો છે. ભગવદ્ ગીતાનો ભક્તિયોગ એ વરણોપાસનાનું જ ઉચ્ચતર રૂપ છે. કર્મનો મહા સિદ્ધાન્ત હજુ ઋતરૂપે બાલ્યાવસ્થામાં છે. સમુદ્રના પાણી પર તરતા હિરણ્યગર્ભની કલ્પનાના તર્કશુદ્ધ વિકાસમાંથી જ પુરૂષ ને પ્રકૃતિના ભેદવાળું સાંખ્યદર્શન પેદા થયેલું છે. તેમ જ યજ્ઞ, વેદમન્ત્ર, ગાન કે સોમરસના પાનથી ઉન્માદ કે અભાનોર્ભિની અવસ્થામાં સ્વર્ગની જે ભવ્યતાઓ નિહાળવામાં આવે છે એ યોગની સમાધિમાં દેખાતા અલૌકિક દૃશ્યનું એક રૂપ છે.

અથર્વવેદ તથા યજુર્વેદનો યુગ

ઋગ્વેદના સૂક્તોનું અતિશય ગોટાળાવાળું રૂપ, આગલા યુગના દેવદેવીઓમાં ભેળસેળ ને અંધાધુંધી વિ. છાપ ઋગ્વેદ સંબંધમાં આપણા મન ઉપર પડે છે. ઋગ્વેદમાં પણ અથર્વવેદની જેમ મંતરજંતર, જાદુ, જરાણુમારણ તથા જડ-નિર્જીવ વસ્તુઓ ને અસુરો-રાક્ષસોની સ્તુતિના સૂક્તો જોવા મળે છે. ઘરમાં સૂતેલા માણસને ધારણ નાખવાના, ચોરના મન્ત્રો, સ્ત્રીઓની કસુવાવડ રોકવાના મન્ત્રો, તથા રોગ કાઢવાના મંત્રો વિ. મળી આવે છે; તેમ છતાં અથર્વવેદ એ તો એ વિષયનો જ મુખ્ય ગ્રંથ છે.

અથર્વવેદનો જે વિચિત્ર ધર્મ છે તે ઋગ્વેદના ધર્મ કરતાં જુનો છે એ વિષે શંકા નથી. માત્ર એની સંહિતા પાછળથી લખાયેલી છે. ઋગ્વેદનો યુગ આર્યો-અનાર્યો અથવા દેવાસુર ઘર્ષણનો યુગ હતો. અનાર્ય જાતિઓ નાગ, ઝાડ તથા પત્થર પૂજનારી હતી; આર્યો ત્યારે અલ્પ હતા, જેથી એમણે પોતાની સંસ્કૃતિના અભિમાનને કારણે સંસ્કૃતિનું રક્ષણ કરવા અનાર્યોમાંથી નવું તત્ત્વ લઇ પોતાની સંસ્કૃતિને ટકાવી રાખી હતી. આ કાળમાં બન્ને વચ્ચે આપ-લે નો સંબંધ ચાલુ થાય છે. આ બાંધછોડની વૃત્તિથી આદિવાસી લોકોનો ધર્મ ઉન્નત થયો. પણ વૈદિક ધર્મમાં જાદુ, જંતરમંતર દાખલ થવાથી અવનતિ થઇ ને અનેક પ્રકારના વહેમો એમાં ઘુસી ગયા. અણસુધરેલા લોકોને કેળવવાનો પ્રયત્ન કરતાં આમ એમનામાં જ સડો પેઠો.

અથર્વવેદનો ધર્મ અતિ પ્રાચીન-અર્ધસંસ્કૃત મનુષ્યોનો ધર્મ છે. એવાં માણસને જગત ભૂત-પ્રેત અને દેવ-દેવીઓથી ભરેલું દેખાય છે, જેથી એ એવા ભય સામે કંઇ કંઇ પ્રકારની કલ્પનાઓના ધોડા દોડાવે છે. રોગ સામે વૈદ નહી પણ ભૂવાને એ બોલાવે છે. એથી એ વેદમાં ભુંડો, કિકિયારી પાડતો અસુરવર્ગ નજરે પડે છે. જાદુ ને જંતરમંતરમાં પાવરધા લોકોને ઋષિઓએ સત્કાર્યા છે ને એમના ધંધાને ગૌરવ આપ્યું છે. તેનું પરિણામ એ આવ્યું કે જાદુ અને ઇશ્વર સાક્ષાત્કાર-એ બે વચ્ચે થોડા જ વખતમાં લોકોના મનમાં સંભ્રમ પેદા થયો. રૂદ્ર પશુઓનો દેવ છે. એ ઋગ્વેદમાં પશુઓનો નાશ કરનાર ત્રાસદાયક દેવ ગણાતો, પણ અથર્વવેદમાં વળી તે પશુઓનો રક્ષક અને સ્વામી બને છે. ઋગ્વેદમાં દેવોનું પ્રાધાન્ય હતું અને અથર્વવેદમાં દેવીઓનું હતું જેમાંથી તંત્રમાર્ગ ઊભો થયેલો.

યજુર્વેદ

ઉંડી ને જ્વલંત શ્રધ્ધાના યુગ પછી શુષ્કતા અને કૃત્રિમતાનો યુગ આવે છે. ઋગ્વેદ પછી વાતાવરણ બદલાયેલું માલુમ પડે છે. ઋગ્વેદની સ્ફુર્તિ ને સાદાઇને બદલે પછીના ગ્રન્થોમાં ભાવહીનતા અને કૃત્રિમતા દેખા દે છે, જેથી ધર્મના પ્રાણરૂપ હૃદયની ભાવના ગૌણ બને છે ને ધર્મના બાહ્ય કલેવર તથા કર્મકાંડને ભારે મહત્ત્વ મળે છે. અને એની ઝીણી ઝીણી વિગતો તથા તે પર આગ્રહ બંધાવા લાગે છે.

યજુર્વેદમાં વિષ્ણુનું મહત્ત્વ વધ્યું છે. શતપથ બ્રાહ્મણે એને યજ્ઞની સાક્ષાત્ મૂર્તિ બનાવ્યો છે. નારાયણ એ નામ પણ એમાં આવે છે, પણ નારાયણ અને વિષ્ણુનો સંબંધ તો પાછળથી તૈત્તિરિય આરણ્યકમાં જ જોડાય છે. ત્યાં સુધી એ બન્ને ભિન્ન ભિન્ન દેવો હતા. શિવ આ કાળમાં દેખા દે છે. રૂદ્ર વળી હવે કલ્યાણકારી રૂપ ધારણ કરે છે. અને ઋગ્વેદનો પ્રજાપતિ દેવાધિદેવ સૃષ્ટિનો સરજનહાર બને છે. અગ્નિનું મહત્ત્વ પણ ત્યારે ઘણું વધે છે.

ઋગ્વેદમાં 'બ્રહ્મ'નો અર્થ દેવને ઉદ્દેશીને ઉચ્ચારેલો મન્ત્ર કે સ્તુતિવચન એટલો જ છે. પણ તે અર્થ બદલાઇને હવે એનો અર્થ ઋષિને સૂક્ત રચવામાં મદદ કરનારી મન કે આત્માની શક્તિ એવો થવા લાગ્યો. પાછળથી બ્રહ્મનો અર્થ છેવટે સૃષ્ટિનું સર્જન કરનારી શક્તિ એ રૂપે સ્થિર થયો.

પાછળથી જેમ જેમ ક્રિયાકાંડો વધ્યા તેમ તેમ પુરોહિતોનું બળ વધવા લાગ્યું, અને એથી એક નવો વર્ગ અસ્તિત્ત્વમાં આવ્યો. સાથે અનેક પ્રકારના વહેમો પણ આવ્યા. આથી યજ્ઞો કરવા એજ એક માત્ર ધર્મ થઇ પડયો અને બ્રાહ્મણો પણ એમનું જોર વધી પડવાથી વર્ણોના ગુરૂ બની બેઠા. વેદો પણ અપૌરૂષેય પદ પામી એક માત્ર એ જ પ્રમાણભૂત-ઇશ્વરદત્ત શાસ્ત્રો છે એમ મનાવા લાગ્યા. વેદના મંત્રદૃષ્ટા ઋષિઓને મન તો વેદ એટલે શુદ્ધચિત્તવાળા માણસને ઇશ્વરે દેખાડેલું કે સંભળાવેલું સર્વોદય સત્ય, એટલો જ એનો અર્થ હતો. મન ચંચળ ચેતનાથી

સંકુચિત કક્ષાથી ઊંચે ગયું હોય એવી પ્રેરણા કે સ્વજ્ઞાનોર્મિની સ્થિતિમાં કવિનો આત્મા એ સત્યનું શ્રવણ કે દર્શન કરી શકે છે. વેદના ઋષિઓ સૂક્તો । વિષયભૂત વસ્તુને ઈશ્વરપ્રણીત કે અપૌરુષેય કહે છે તે આ જ અર્થમાં, એ સૂક્તોને તેઓ કેટલીક વાર પોતાની રચના કે કૃતિઓ પણ કહે છે. કેટલીક વાર સોમપાનથી ઉપજેલા ઉન્માદ કે અજ્ઞાનોર્મિથી એ રચાયેલા છે એમ પણ તેઓ કહે છે. સૂક્તો ઈશ્વરનું પરિણામ છે, એમ છતાં એમાં ભૂલચુક થવી અશક્ય છે એવી કલ્પના હજી પ્રચલિત થવા પામી નથી.

બ્રાહ્મણકાળમાં વેદનું ઈશ્વરકર્તૃત્વ નિર્વિવાદ સત્યરૂપે સ્વીકારાય છે. વેદ ઈશ્વરપ્રણીત છે, માટે નિત્ય એટલે કે સદાને માટે પ્રમાણભૂત છે એ દાવો આ યુગમાં હવે કરવામાં આવે છે. પરિણામ એ આવ્યું કે તત્ત્વવિચાર કેવળ જુનાં લખાણોના ભાષ્ય કે ટીકારૂપ જ બની જાય છે. જીવતો જાગતો શબ્દ જ્યારે કોઈ કડક સૂત્રની દિવાલમાં કેદ પૂરાય ત્યારે તેનો પ્રાણ ઉડી જાય છે. આમ વેદ-પ્રામાણ્યનો સિદ્ધાંત ધડાયો એની અસર ભવિષ્યના આખા દાર્શનિક વિકાસ પર થયેલી છે. અગાઉના યુગના અવ્યવસ્થિત અને કેટલીકવાર પરસ્પરવિરોધી શાસ્ત્રવચનોનો અર્થ અમુક નિશ્ચિત મત કે ધરેડ અનુસાર જ કરી શકાય એવી વૃત્તિ પાછળના દર્શનોમાં આ કારણે પેદા થઇ છે. આમ છતાં માનવમનના વિકાસને કારણે એક બાજુ પૂર્વપરંપરા પ્રત્યેની નિષ્ઠા અને બીજી બાજુ મતોની વિવિધતા એ બન્નેનો મેળ બેસાડવા માટે અર્થો ઘટાવવાની બાબતમાં એ વખતના ચિન્તકોને સ્વતંત્રતા આપવી પડી છે, જેથી ચિંતકો પહેલાં વિચારપૂર્વક સુસંગત તાત્ત્વિક સિધ્ધાંતનું એક દર્શન રચે છે ને તે પછી પોતાના મતના સમર્થન માટે પ્રાચીન યુગના શાસ્ત્રો ખોળવા બેસે છે.

બ્રાહ્મણ ગ્રન્થોને ક્રિયાકાંડનો બાહ્યાચારનો ભારે આગ્રહ હતો, જેથી આધ્યાત્મિક અનુભવના કેન્દ્રવર્તી રહસ્ય પર એક પ્રકારનું આવરણ આવી ગયું હતું. આ આધ્યાત્મિક અનુભવનું નવેસર નિવેદન કરવાનું કામ ઉપનિષદોને ઉપાડવું પડ્યું હતું.

આમ જગતના સાહિત્યમાં અત્યંત પ્રાચીન એવા વેદના યુગના માનવીઓના માનસ અને ભાવનાના ઇતિહાસ પર આપણે ઊડતી નજર નાખી ગયા. શક્ય હશે તો ભવિષ્યમાં ઉપનિષદ અને ગીતા વિષે પંડિતોના સંશોધનનો સંક્ષિપ્ત સાર આપવા પ્રયત્ન કરીશ. પણ એ પહેલાં એટલું જાણવું જરૂરી છે કે એક તરફ વેદની સંહિતાઓની ભાષા અને બીજી તરફ અવસ્તાની પ્રાચીન ફારસી ભાષા એ બે વચ્ચેનો ગાઢ સંબંધ જોતાં વૈદિક યુગનો આરંભ હજારો વર્ષ પૂર્વેના અતિ પ્રાચીન કાળમાં મૂકી શકાય તેમ નથી. જગતની સંસ્કૃતિઓમાં એ પ્રાચીન હોવા છતાં મિસરની સંસ્કૃતિથી એને આગળ મૂકી શકાય તેમ નથી.

ડૉ. રાધાકૃષ્ણનના 'વેદની વિચારધારા'ને આધારે

સંકલિત કરનાર **રતિલાલ મફાભાઇ શાહ**

સમાપ્ત.

અંગત સમાચાર

સંઘના કોષાધ્યક્ષ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ જુન માસની ૧૬ મી તારીખે મુંબઇના જાણીતા સર્જન ડૉ. બાલીગા પાસે પથરીનું ઓપરેશન કરાવ્યું હતું. તેમની તબીયત સારી છે, તેઓ તા. ૧લી જુનના રોજ ઘેર ગયા છે.

સંઘના અગ્રગણ્ય સભ્ય શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહે તા. ૩૦-૬-૫૯ ના રોજ ડૉ. બાલીગા પાસે પેટ ઉપર શસ્ત્રક્રીયા કરાવી છે, અને તેમની તબીયત સારી છે.

યુદ્ધવિરોધી પહેલો સમ્રાટ

(તા. ૧૬-૬-૫૯ના 'મંગળપ્રભાત'માંથી ઉપરના મથાળાના લેખમાંથી ઉધ્ધૃત અને અનુવાદિત)

દહેરાદૂનથી ૩૦-૩૫ માઇલ 'કાલસી' નામના સ્થાન ઉપર સમ્રાટ અશોકનો એક વિશ્વવિખ્યાત લેખ છે, જેની ઉપર આર્ય ચક્રવર્તીએ તેમણે સાધેલા કલિંગવિજય અંગે પોતાને થયેલો પશ્ચાત્તાપ જાહેર કર્યો છે, યુદ્ધપ્રવૃત્તિની નિન્દા કરી છે, અને ધર્મને પોતાનું જીવન અર્પણ કરવાનો સંકલ્પ કર્યો છે.

આજે જ્યારે પુરાણી અને નવી દુનિયા મહાયુદ્ધ અને વિશ્વયુધ્ધો વડે સંત્રસ્ત બની છે અને દુનિયાના કૂટનીતિજ્ઞો પણ શાન્તિની શોધમાં આન્તરરાષ્ટ્રીય મુસાફરીઓ કરતા ફરી રહ્યા છે, ત્યારે ૨૨૦૦ વર્ષ પહેલાંનો સમ્રાટ અશોકનો હૃદયલેખ દુનિયા માટે અસાધારણ મહત્ત્વ ધરાવે છે.

સમ્રાટ અશોકે પોતાનું રાજ્ય હિન્દુકુશ પર્વતથી માંડીને મૈસુર સુધી ફેલાવ્યું હતું. માત્ર મગધના પડોશમાં આવેલા કલિંગ દેશના લોકો અશોકનું ચક્રવર્તિત્ત્વ માન્ય કરતા નહોતા. પરાક્રમી, મહત્ત્વાકાંક્ષી તેમ જ ચંડપ્રકૃતિ અશોકથી કલિંગ દેશના લોકોની આ ઉદ્દામ વૃત્તિ સહન થઇ શકી નહિ. તેણે કલિંગને જીતવાનો નિશ્ચય કર્યો.

સંપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યા બાદ પોતાના કઠોર કૃત્યનો અશોકને ભારે પશ્ચાત્તાપ થયો. તે લખે છે કે જે પ્રજા પહેલાં કદિ પણ કોઇથી જીતાયલી નહોતી, તેને જીતવાને માટે જ્યારે અમે નીકળીએ છીએ, ત્યારે સ્વાતંત્ર્યપ્રિય સમસ્ત પ્રજા પ્રાણાર્પણ વડે આક્રમણકારીનો વિરોધ કરે છે. કલિંગ ઉપર વિજય મેળવતાં એક લાખ લોકોની કતલ થઈ, દોઢ લાખ લોકોને કેદ કરવામાં આવ્યા, અને તેથી કેટલાગણા વધારે લોકો યુદ્ધની આફતના પરિણામે મરી ગયા. આ છે સમ્રાટ અશોકના ઉદ્‌ગાર :-

"ખરેખર, જ્યારે કોઇ સ્વતંત્ર દેશ જીતવામાં આવે છે, ત્યારે જે હત્યા થાય છે, લોકો જે રીતે મરણ શરણ થાય છે અથવા તો તેમને કેદ કરવામાં આવે છે,—આ બધાથી પ્રિયદર્શી રાજાને અત્યન્ત દુઃખ તથા ખેદ થાય છે. આથી પણ રાજાને અધિક ખેદ એ બાબતનો થાય છે કે આવા મુલકના સદાચારી લોકોને યુધ્ધના કારણે જ્યાં પહોંચે છે, તેઓ મરી જાય છે અને પ્રિયજનોને તેમનો વિયોગ સહન કરવો પડે છે. જે લોકો સુખી હોય છે તેમને પણ સગાંવહાલાંનો, સ્નેહીઓનો તથા સાથીઓનો વિયોગ સહન કરવો પડે છે. આ રીતે આટલી મોટી જનતા દુઃખમાં ડુબી જાય છે. આ બાબતનો દેવાનાંપ્રિય પ્રિયદર્શીને ભારે ખેદ છે. કલિંગ દેશમાં જે લોકો માર્યા ગયા, અથવા તો કેદ કરવામાં આવ્યા, તેમની સંખ્યા સેંકડોમાં કે હજારોમાં હોત તો પણ દેવાનાંપ્રિય રાજાને આજે તે બાબતનું એટલું જ દુઃખ થયું હોત. દેવાનાં પ્રિય રાજા ઇચ્છે છે કે લોકોમાંથી કોઇને પણ નુકસાન ન પહોંચે, લોકોમાં સંયમ, સમચર્યા (બંધુભાવ) અને સાન્તતામય જીવન વ્યતીત કરવાની ઇચ્છા પ્રગટે. સૌથી વધારે ઇચ્છવાયોગ્ય વિજય તો ધર્મવિજય જ છે. આ રીતે પ્રાપ્ત કરેલા વિજયથી સર્વત્ર પ્રેમભાવ વધે છે. આ પ્રકારનો વિજય દેખાવમાં નાનો લાગે તો પણ પરલોકમાં તેનું ફળ અધિક હોય છે.

"એ ધર્મલેખ મેં શા માટે કોતરાવ્યો છે? એ માટે કે મારા પુત્ર-પૌત્ર યુદ્ધ કરીને અધિક દેશ જીતવાનો વિચાર ન કરે. કદિ યુદ્ધ કરવાનું અતિવાર્ય બની જાય તો સમયનું પાલન કરે અને શત્રુઓને ઓછામાં ઓછી સજા કરે. એ ધ્યાનમાં રાખે કે ધર્મવિજય જ સાચો વિજય છે. ધર્મવિજય મારફત જ પ્રેમની વૃદ્ધિ થાય છે."

હું નથી માનતો કે દુનિયાના સમસ્ત સાહિત્યમાં અને રાજનૈતિક અથવા તો ધાર્મિક દસ્તાવેજોમાં આથી ચઢિયાતું એવું કોઈ પણ લખાણ આપણને મળી શકે. **કાકા કાલેલકર**

બદ્રીકેદાર-ચિત્રપટદર્શન

તા. ૪-૭-૫૯ શનીવારના રોજ સાંજના ૬-૩૦ વાગ્યે શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને નવી ઇન્કમટેક્સ ઓફિસની પાછળ ૨૭, મરીન લાઇન્સ ઉપર આવેલા શ્રી. દીપચંદ લક્ષ્મીચંદ સંઘવીના 'મનોહર' નામના નિવાસ સ્થાનમાં શ્રી. બદ્રીનાથ કેદારનાથનું ચિત્રપટ દેખાડવામાં આવશે. સર્વ સભ્યોને આ પ્રસંગનો લાભ લેવા વિનંતિ છે. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

બદ્રીકેદાર વિષે પ્રવચન

તા. ૨૭-૬-૫૯ શનીવારના રોજ સાંજના ૬ વાગ્યે શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં યોજવામાં આવેલ જાહેર સભામાં શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા તાજેતરમાં હિમાલયમાં આવેલા કેદારનાથ, તુંગનાથ તથા બદ્રીનાથના જાણીતા તીર્થધામોની યાત્રા કરી આવ્યા તેને લગતું અનેક રસપ્રદ વિગતોથી ભરેલું વર્ણન તેમણે રજુ કર્યું હતું.

વિજ્ઞપ્તિ

શ્રી. ભારતીય વિદ્યાપીઠ (૯, અલીપુર, પાર્ક પ્લેઇસ, કલકત્તા) ના અધ્યક્ષ શ્રીમતી રમાબહેન જૈન જણાવે છે કે; "ભારતીય વિદ્યાપીઠે જૈન સમાજના સર્વ સંપ્રદાયોમાં પ્રચલિત સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી તથા અન્ય ભારતીય ભાષાઓની પ્રાર્થનાઓનું સંકલન પુસ્તકરૂપે પ્રગટ કરવાનો નિર્ણય કર્યો છે. આ પુસ્તકનું સંપાદન શ્રી. બંસીધર શાસ્ત્રી, M. A. (પો. ચૉમૂ, જયપુર, રાજસ્થાન) કરવાના છે. સમાજના સર્વ વર્ગોને, વિશેષતઃ ત્યાગી તથા વિદ્વાનોને અનુરોધ કરવામાં આવે છે કે પોતપોતાના સંપ્રદાયમાં અધિકાધિક પ્રચલિત પ્રાર્થના, સ્તોત્ર, સ્તુતિ વગેરેની જાણકારી તથા સમજુતી, સંપાદક ઉપર મોકલી આપવાની કૃપા કરે."

અમેરિકામાં એક હિન્દી ડોકટરને મળેલી અપૂર્વ સિદ્ધિ અને બહુમાન

"મેસેચ્યુસેટ હાર્ટ એસોસિએશન" બોસ્ટન તરફથી ડો. જમશેખર મંગનલાલ ઝવેરીને "હૃદયરોગ ઉપર સેલિસિલેટની અસર"નાં અભ્યાસ તથા સંશોધનકાર્ય માટે સન ૧૯૫૯ ની ડૉલર ૫૧૭૫ (લગભગ રૂ. પચ્ચીસ હજાર) ની ગ્રાન્ટ આપવાનું તાજેતરમાં જ જાહેર કરવામાં આવ્યું છે. ત્યાંના ડૉકટરોમાં ડૉ. ઝવેરી એકલા જ હિન્દી છે જેમને આ વર્ષે આવી ઉચ્ચ શિષ્યવૃત્તિ મળી છે.

૩૩ વર્ષની ઉંમરના ડો. ઝવેરી જૈન છે. તેઓ સ્વ. શ્રી. મંગનલાલ જસરાજ ઝવેરીના પુત્ર છે. મુંબઇની ગ્રાન્ટ મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરી સન ૧૯૫૨ માં મુંબઇ યુનિ.ની એમ. બી. બી. એસ. ની ઉપાધી મેળવી હતી. અભ્યાસકાળ દરમિયાન એમની કારકીર્દ બહુ જ્વલંત રહી હતી.

ત્યારબાદ સન ૧૯૫૫માં ઉચ્ચ અભ્યાસાર્થે તેઓ અમેરિકા ગયા. ત્યાં ઓહાયોની વિખ્યાત "લેધકવૂડ હોસ્પીટલ"માં ત્રણ વર્ષ સુધી તેમણે 'ઈન્ટર્ન' તથા ચીફમેડિકલ ઓફીસર તરિકે બહુ જ સફળતાપૂર્વક કામ કર્યું અને અપૂર્વ લોકપ્રિયતા મેળવી. તત્પશ્ચાત્ ગયે વર્ષે "હાઉસ ઓફ ગુડ સેમેરિટન" (બોસ્ટન) સંસ્થાએ 'હૃદયરોગ'માં સંશોધન કાર્ય કરવા તેમને આમંત્ર્યા. અને આ જ હોસ્પીટલમાં સંશોધન કાર્ય કરતાં ડૉ. શેખરે ઉપર મુજબ બહુમાન અને ઉચ્ચ શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરી છે.

મુદ્રણ શુદ્ધિ

તા. ૧૫-૬-૫૯ના પ્રબુદ્ધ જીવનનું પાનુ ૨૮૫ કૉલમ બીજું લીટી ૧૧માં 'અંત' શબ્દ છપાયો છે તેના સ્થાને 'અનન્ત' વાંચવું. પરિણામે સુધારેલું વાકય નીચે મુજબ બને છે. "આનો અર્થ એક ઉપર શૂન્યની પરંપરા એટલે એ અનન્તનું પ્રતીક છે એમ હું માનું છું"

તંત્રી

પ્રબુદ્ધ જીવનના પાનાના ક્રમમાં સુધારો

મે માસની પહેલી તારીખથી પ્રબુદ્ધ જીવનનું ૨૧મું વર્ષ શરૂ થયું અને તે મુજબ પ્રબુદ્ધ જીવનના પાનાનો સંખ્યાંક "૧"થી શરૂ થવો જોઇએ, તેને બદલે ગત વર્ષના પ્રબુદ્ધ જીવનના છેલ્લા અંકના પાનાના છેલ્લા સંખ્યાંકને પછીના છેલ્લા ચાર અંક સુધી ભૂલથી લંબાવવામાં આવ્યો હતો. આ અંકથી હવે તે ભૂલ સુધારવામાં આવી છે અને અંકના દશ પાનાને ૪૧થી ૫૦ સુધીનો આંક આપવામાં આવ્યો છે.

તંત્રી

કૂર્માચળની પરિક્રમા, ૧૬.

(ગતાંકથી ચાલુ)

આલ્મોરાથી કાથગોદામ

બીજે દિવસે સવારે રામકૃષ્ણધામમાં રહેતાં જેમની સાથે નવો પરિચય સંબંધ થયો હતો તે સૌ કોઇની રજા લઇને અમે બસ સ્ટેશને આવ્યા. અને કાથગોદામ લઈ જતી બસમાં આસનારૂઢ થયા. આલ્મોરાથી ગરમપાણીના સ્થળ સુધીનો આ અમારા માટે નવો જ રસ્તો હતો. શરૂઆતમાં એક સરખું ઉતરાણ આવે છે. તે પૂરું થયું એટલે કોસી નદી આવી. તેનો પુલ ઓળંગીને કોસીના કીનારે કીનારે અમારી બસ આગળ ચાલી. આ આખો રસ્તો બહુ થોડા સમયથી શરૂ થયો છે અને માર્ગમાં ખેરના કરીને એક ગામ આવે છે ત્યાં સુધી one way route–કાં તો કેવળ જવાનો અથવા તો કેવળ આવવાનો–એ પ્રકારનો રસ્તો છે. એનું કારણ એ છે કે રસ્તાની સડક કાચી છે અને પ્રમાણમાં ઓછી પહોળી છે. આલ્મોરાથી ખેરના પહોંચતાં લગભગ બે અઢી કલાક લાગે છે અને ત્યાં જતી આવતી બધી બસો અમુક સમયે ભેગી થાય છે. આલ્મોરા તરફની બસો આવી જાય એટલે આલ્મોરા જવાનો માર્ગ ખુલ્લો થાય છે અને ભોવાલીથી આવેલી બસો આલ્મોરા તરફ વિદાય થાય છે. આ ક્રમ નક્કી કરેલા સમયપત્રક પ્રમાણે ચાલ્યા કરે છે.

આલ્મોરાથી અમે દશ વાગ્યે નીકળ્યા હતા. સૂર્ય આકાશમાં ઊંચે ચઢતો જતો હતો અને તાપ ગરમી વધતી જતી હતી. કાચી સડક હોવાના કારણે આગળ જતી બસની ધૂળ અમારાં મોઢાં તેમ જ કપડાં ઉપર છંટાયે જતી હતી. સમય લગભગ મધ્યાહ્નનો હતો. આલ્મોરાથી આ બાજુએ આવતાં જે પહાડી દૃશ્યો જોયાં તેમાં અને આગળનાં પહાડી દૃશ્યોમાં મોટો ફરક એ હતો કે આ બાજુ ઝાડી બહુ જ ઓછી હતી. ગગનચુંબી લગભગ સુકા ભીષણ વિશાળકાય પર્વતોની હારમાળા વચ્ચે થઇને અમારી બસ આગળ વધ્યે જતી હતી. કુદરતનું સ્વરૂપ સૌમ્ય કરતાં રૂદ્ર વધારે હતું. નદીના વળાંક સાથે બસનો માર્ગ પણ વળાંક લેતો જતો હતો અને મોટા ભાગે તે સમતળ હતો. મધ્યાન્હકાળે અમે ખેરના પહોંચ્યા. અને થોડી વારમાં ત્યાંથી ગરમપાણી પહોંચ્યા. હવે કોસી નદીએ અમારો સાથ છોડી દીધો. ગરમપાણીમાં ગરમ પુરી અને શાક અને દહીં ખાવા મળ્યું. ખાઇ પીને સૌ તાજા થયા અને બસે પોતાનું પ્રયાણ શરૂ કર્યું. થોડી વારે ભોવાલી આવ્યું. આગળ ચાલતાં નૈનીતાલ તરફ જતી સડક અમારા માર્ગથી છુટી પડી. અમારો પ્રવાસ હવે સંકેલાતો જતો હતો. જ્યારે આ બાજુ અમે કાથગોદામથી આવેલા ત્યારે મનમાં જે કુતુહલ–આતુરતા–ભરેલી હતી તેવી કોઇ વૃત્તિના આવેગનો મનમાં અત્યારે અભાવ હતો. એ વખતે ઉત્સાહની ભરતી હતી; અત્યારે ઉત્સાહની ઓટ આવી હતી. પરિચિત માર્ગે હવે બસ કાથગોદામ સમીપ જઇ રહી હતી. નવીનતાની મનમાં હવે કોઈ તાલાવેલી નહોતી. જ્યાં દિવસા સુધી જાણે કે એકસરખો આનંદરોમાંચ અનુભવ્યો તે પ્રદેશ–તે હિમાલય–અમને છોડી રહ્યો છે, અમે તેને છોડી રહ્યા છીએ–આવી ગમગીની મન અનુભવી રહ્યું હતું. બપોરના ત્રણ સાડા ત્રણ લગભગ કાથગોદામ પહોંચ્યા.

કાથગોદામથી મથુરા

અમારી માગણી મુજબ મથુરા જતી ગાડીમાં અમને રીઝર્વેશન મળી ગયું હતું તે જાણી નીરાંત અનુભવી. સાંજે પાંચેક વાગ્યે ગાડી ઉપડી. હિમાલય હવે દૂર અને દૂર જઇ રહ્યો હતો. હલદ્વાની સ્ટેશન આવ્યું. ધુંધળા આકાશમાં પશ્ચિમ બાજુ સૂર્ય જ્યારે સારા પ્રમાણમાં નીચે આવી ચૂકયો હતો અને થોડા સમયમાં હવે તેનો અસ્ત થશે એમ લાગતું હતું ત્યારે નગાધિરાજ

હિમાલયની આછી રેખા ઉત્તર દિશા અમારી દૃષ્ટિને આકર્ષી રહી હતી. હવે થોડી વારમાં તે અલોપ થશે એમ ધારીને, કોણ જાણે કયારે પાછાં હિમાલયનાં દર્શન કરીશું એવી ઉદ્વિગ્ન વૃત્તિપૂર્વક, અમે તેને છેલ્લાં નમન કર્યાં. સૂર્યનો અસ્ત થયો. ગાત્રીનો અંધકાર સર્વત્ર ફેલાઈ ગયો. અનેક મધુર સ્મરણો અને મીઠા અનુભવોના ભાર વડે એક પ્રકારની વ્યાકુળતા અનુભવતાં સ્વસ્થ-અસ્વસ્થ નિદ્રામાં રાત્રી પસાર કરી. વહેલી સવારે જમનાજીનો પૂલ આવ્યો; જમનાજીનાં અમે દર્શન કર્યા અને સાડા ચાર વાગ્યા લગભગ અમે મથુરા પહોંચ્યા.

મથુરાથી મુંબઈ તરફ

અહિંથી અમારે સવારની અગિયાર-સાડા અગિયાર લગભગ આવતી ફ્રન્ટીયર મેલમાં બેસીને આગળ વધવાનું હતું. વેઇટીંગ રૂમમાં ગયા. દાતણ ચા પાણી સ્નાન વગેરે પતાવ્યું. મારા સિવાય બીજા બધા શહેરમાં ફરવા ગયાં. સૂર્યના ઉગવા સાથે જ પ્રખર ગ્રીષ્મનો પ્રભાવ વરતાવા લાગ્યો. હવામાન ગરમ થતું જતું હતું. આકાશ ધુંધળું બનતું જતું હતું. ગરમીની માત્રા વધતી જતી હતી. નવ વાગ્યા; દશ વાગ્યા; શહેરમાં ગયેલાં સૌ પાછા આવી ગયાં; અગિયાર વાગ્યા. ટ્રેન આવી પહોંચવાનો વખત થયો અને ગરમી પણ દુઃસહ બનવા લાગી. ચોવીશ કલાક પહેલાં શીતળ હવામાન શરીર તથા મનને પ્રસન્ન બનાવી રહ્યું હતું. અત્યારે ઉષ્ણ હવામાન શરીર અને મનને અકળાવી રહ્યું હતું. આંખોને આંજી નાંખે એવો તડકો સ્ટેશન બહારના ભાગમાં જાણે કે આગ વરસાવી રહ્યો હોય એમ લાગતું હતું. લૂ વાઇ રહી હતી. જાણે કે પૃથ્વી એ તળીયું હોય અને તેને ઢાંકી દેતા આકાશનો ઘુમ્મટ એ તેનું ઢાંકણ હોય-એમ એક પ્રકારની પ્રજ્જ્વલિત ભઠ્ઠીમાં સમસ્ત જીવસૃષ્ટિ પુરાઇ ગઇ હોય એવો કાંઇક અનુભવ થઇ રહ્યો હતો. શરીરની આમ બાહ્ય દૃષ્ટિએ ચાલુ અકળામણ હોવા છતાં, ગ્રીષ્મ ઋતુનાં આ રૂદ્રતમ સ્વરૂપનું દર્શન એક વિશિષ્ટ અનુભવ તરીકે આન્તરમનમાં વિસ્મયપૂર્ણ અને તેથી જ આનંદ-મીશ્રિત સંવેદન પેદા કરતું હતું. મુખ્ય ઋતુ ત્રણ : શિયાળો, ઉનાળો અને ચોમાસું. દરેક ઋતુ સૌમ્ય રૂપે શરૂ થાય છે અને પરાકોટિની ઉગ્રતા પ્રગટાવી વિસર્જિત થાય છે. અને ઋતુ ઋતુના સૌમ્ય આવીર્ભાવમાં જો સૌન્દર્યનું દર્શન થાય છે તો તેના રૂદ્ર આવીર્ભાવમાં અનેરી ભવ્યતાનું દર્શન પણ રહેલું હોય છે-જો એ દૃષ્ટિએ તેને સમજવા, આવકારવા અને અપનાવવા આપણું મન તૈયાર હોય તો. ટાઢ સૌને મીઠી લાગે છે, પણ કડકડતી ટાઢનો રોમાંચ કોઇ જુદા જ પ્રકારનો છે. વરસાદ કોને ન ગમે? પણ કોઇ દિવસ જ્યારે થોડા કલાકોમાં ઢગલાબંધ વરસાદ પડે છે અને બધું જ્યારે જળબંબાકાર બની જાય છે, ત્યારે આપણા દિલમાં કોઇ જુદા જ પ્રકારની ઝણઝણાટી પેદા થાય છે, અને જે સૃષ્ટિ જોવાને આપણી આંખો ટેવાયલી હોઇને તે વિષે આપણું મન કોઇ નવીનતાનું સંવેદન અનુભવતું બંધ થઇ ગયું હોય છે તે જ સૃષ્ટિ જાણે કે રૂપાન્તર પામી ગઇ હોય એમ અવનવી નવીનતાનું સંવેદન આપણા દિલમાં પેદા કરે છે. આવા વિશિષ્ટ ભાવથી ગ્રીષ્મ ઋતુ પ્રત્યે આપણા મનનો અભિગમ કેળવીએ તો તત્સદૃશ-જ્યાં પ્રસન્નતા ઉણ મણ થઇ જાય-ગ્રીષ્મની પ્રખરતાનું દર્શન વિસ્મયસ્તબ્ધતાનું મધુર સંવેદન પેદા કરે, તેની આતાપના શરીર તેમ મનમાં આકુળવ્યાકુળતા પણ સાથે સાથે પેદા કરે-આવો વિલક્ષણ અનુભવ આપણને થયા વિના ન જ રહે. આવી આનંદ અને અકળામણ મીશ્રિત લાગણીઓ વડે ગ્રીષ્મની તત્કાલીન સરમુખત્યારી હું અનુભવી રહ્યો હતો. એટલામાં ફ્રન્ટીયર મેલ આવ્યો. સદ્‌ભાગ્યે તેમાં પણ અમને કુળ રીઝર્વેશન મળી ગયું હતું. કોરીડોરવાળા ફર્સ્ટકલાસમાં બે કંપાર્ટમેન્ટ અમને ઇલાયદા મળી ગયા હતા. આટલી મનધારી સગવડ મળી જવાથી અમે મનમાં ખૂબ રાહત અનુભવી. ટ્રેનની અંદર અમે અને અમારો સામાન બધું સરખી રીતે ગોઠવાઇ ગયું. મુંબઇની દિશાએ અમે-અમારી ગાડી-આગળ ને આગળ દોડવા લાગી.

આખે રસ્તે ગ્રીષ્મ ઋતુના પ્રખર સ્વરૂપનું દર્શન ચાલુ રહ્યું હતું. ઉત્કટ આતપથી ધરતી ધમધમી રહી હતી. ગરમ લૂ નો સ્પર્શ અંગ અંગમાં અકળામણ પેદા કરતો હતો; રેલ્વે ટ્રેન સમવિષમ પ્રદેશો ઉપર પવન વેગે દોડી રહી હતી. નદી નાળાં મોટા ભાગે સુકાં તો કોઇ કોઇ ઠેકાણે પાણીની પાતળી સેરથા શોભી રહેલાં નજરે પડતાં હતાં. સૂર્ય આકાશનું શિખરસ્થાન વટાવીને પશ્ચિમ બાજુ ઢળી રહ્યો હતો અને તડકો નમતો જતો હતો, અને ગરમીની ઉગ્રતા પણ કાંઇક શમી રહી હતી. હવામાનના આ સુભગ પરિવર્તનને રેલ્વે કંપાર્ટમેન્ટના પ્રવેશદ્વાર આગળ બન્ને બાજુના સળીયે પકડીને ઉભો ઉભો હું પ્રસન્નતાપૂર્વક નિહાળી રહ્યો હતો. એવામાં બ્હાની અંદરના ભાગમાં જવાનો વિચાર આવતાં એક બાજુનો સરીયો મેં છોડી દીધો અને બીજી બાજુનો સરીયો છોડીને અંદર આગળ વધું તે પહેલાં પ્રવેશદ્વારનું બારણું એકાએક પાછળથી બંધ થયું અને ડાબા હાથનો પોંચો સારી રીતે ચેપાયો. બારણાની ફ્રેમ ઉપર રબ્બરની લાઇનીંગ હોવાથી પોંચાના હાડકાને ખાસ કોઇ ઇજા ન થઇ, પણ પછી તો પોંચાની સારવાર ચિન્તા અને વેદનામાં સૌના આનંદકલ્લોલમાં ભંગ પડ્યો. રાત્રે આઠ વાગ્યા લગભગ રતલામ આવ્યું; રાત્રીનો સમય ઠીકઠીક પીડામાં પસાર કર્યો; સવારના વલસાડ આવ્યું અને ત્યાર બાદ થોડી વારમાં સમયસર અમે મુંબઇ પહોંચી ગયાં. આમ અમારો એક માસ અને બે અથવા ત્રણ દિવસનો પ્રવાસ પૂરો થયો.

વિહંગાવલોકન

આ આખા પ્રવાસને વિહંગમ દૃષ્ટિએ નિહાળતાં બે ત્રણ બાબતો જણાવવાનું પ્રાપ્ત થાય છે. હિમાલય વિષે આપણી સામાન્ય કલ્પના એવી હોય છે કે ત્યાં અત્યન્ત કડકડતી ટાઢ હોય, જ્યાં ત્યાં બરફના પર્વતો દેખાયા કરે, અને પૂરી મસ્તીથી ઝરણાંઓ અને નદીપ્રવાહો જ્યાં ત્યાં ખળખળ વહી રહ્યાં હોય. બદ્રીનાથ, કેદારનાથ, અથવા તો ગંગોત્તરી કે જમનોત્તરીનાં તીર્થો હિમાલયના જે વિભાગમાં આવેલા છે તે વિભાગનું સ્વરૂપ લગભગ આવું જ હોવું જોઇએ એમ તેનાં વર્ણનો ઉપરથી લાગે છે; પણ અમે જે વિભાગમાં ફર્યા તે વિભાગમાં આમાંનું લગભગ કાંઇ નહોતું એમ કહું તો ચાલે. નૈનીતાલમાં અમે ટાઢ ઠીક પ્રમાણમાં અનુભવી. પછીના પ્રદેશોમાં ટાઢ ઉત્તરોત્તર ઘટતી ગઇ હતી અને આલ્મોરામાં તો દિવસના ભાગમાં કદિ કદિ ઠીક પ્રમાણમાં ગરમી લાગતી હતી. બરફના પહાડો અમે માત્ર કૌસાનીમાં હતા ત્યારે જ જોયા. તે જોવા માટે આ ઋતુ જ નહોતી. તે માટે ઓકટોબર મહીનો ઉત્તમ ગણાય. ઝરણાંઓ ભાગ્યે જ નજરે પડતાં હતાં. નદીઓ અમારા માર્ગમાં જ્યાં ત્યાં આવતી હતી. કેટલેક ઠેકાણે અમારો રસ્તો એક યા બીજી નદીના કિનારે કિનારે જ દૂર દૂર સુધી આગળ ચાલ્યો જતો હતો. પણ આ બધી નદીઓ કૃશકાય હતી. ઉનાળામાં આમેય તે આ નદીઓ સુકાયલી હોય. આ વર્ષે વરસાદ બહુ ઓછો પડવાના કારણે વિશેષતર કૃશકાય બની ગઇ હતી.

આમ છતાં હિમાલયનું અમારૂં દર્શન લેશ માત્ર ઓછું ભવ્ય નહોતું. ગગનચુંબી પર્વતશિખરો, વૃક્ષરાજીની અનન્ત પરંપરા, માઇલો સુધી લંબાતી નદીઓ, ટેકરા ટેકરીથી છવાયલા પચ્ચાસ સો માઇલના વિસ્તીર્ણ પ્રદેશનું વ્યાપક દર્શન-આ બધાં વચ્ચે ફરતાં અમે કોઇ જુદી જ સૃષ્ટિમાં આવી વસ્યા છીએ. જે દુનિયા અમે આજ સુધી જોઇ છે અને જાણી છે તે અને

આ પર્વતની દુનિયા બન્ને અલગ દુનિયાં છે, એ નીચેની દુનિયામાં સુન્દર અને અસુન્દર બન્નેના તાણાવાણા છે, અહિં ઉપરની દુનિયામાં જાણે કે બધું જ અમાપ સૌન્દર્યથી ખીચોખીચ ભરેલું છે—અસુન્દર એવું કશું જ છે જ નહિ, જળસ્થળ બધા ઉપર હિમાલયની ભવ્યતાની—અને અગાધ વિશાળતાની છાપ અંકાયલી છે એમ લાગ્યા કરતું હતું.

આવો અનુપમ પ્રદેશ આપણી ચાલુ દુનિયા સાથે સંકળાયલો છે તેનું ભાન, માત્ર જ્યારે ત્યાં વસતા માનવસમાજની ગરીબી—કંગાળિયત-તરફ અમારી નજર પડતી હતી ત્યારે થતું હતું. કુદરતે સૌન્દર્ય તો અહિં બે હાથે વેર્યું છે, પણ અહિં વસતા માનવને પહેરવાને પૂરાં કપડાં નથી, ખાવાને પૂરું ધાન નથી, ટકવાને પૂરું કામ નથી. જ્યાં જુઓ ત્યાં કંગાળ ચીંથરેહાલ સ્ત્રીપુરૂષો અમારી નજરે પડતાં હતાં. પર્વતપ્રદેશમાં વસતા લોકો કૃપાળાં અને કદાવર હોવાની સામાન્ય માન્યતા છે અને દાર્જીલીંગમાં આવું કાંઇક અમને લાગ્યું પણ હતું. પણ અહિંની પ્રજા ન લાગી કૃપાળી, ન લાગી કદાવર. આ પ્રજાને ઊંચે લાવવાનો ગંભીર પ્રશ્ન ભારત સરકારની સમક્ષ પડેલો છે. અંગ્રેજી હકુમત દરમિયાન તેમને ઉંચે લાવવાનો કોઇ સંગીન પ્રયત્ન થયો જ નહોતો એમ કહીએ તો ચાલે. પણ આજે તેમના માટે આશાનો ઉદય થયો છે અને પ્રાદેશિક તેમજ કેન્દ્રીય સરકાર આ બાબત ગંભીરપણે વિચારી રહી છે, તેથી તેમનું ભવિષ્ય આજે પહેલાં જેટલું બીહામણું નથી એમ આપણે જરૂર કહી શકીએ. અહિં વસતાં આ માનવસમાજને જોતાં હિમાલયના દર્શને પેદા કરેલો આનંદઅતિરેક હળવો બની જતો હતો અને અમારું ચિત્ત કદિ કદિ ઊંડી ઉદ્વિગ્નતા અનુભવતું હતું.

હિમાલયનો આકાશમહિમા

આપણું વિશ્વ પાંચ તત્વોનું બનેલું છે. પૃથ્વી, અપ, તેજ, વાયુ અને આકાશ. જ્યાં જાઓ અને જુઓ ત્યાં આપણને આ પાંચે તત્ત્વનાં દર્શન થાય છે. પણ કમનસીબે આપણે પૃથ્વી અને અપ્ને—જળ સ્થળને—જેટલા ઓળખીએ છીએ તેટલા પ્રમાણમાં તેજ, વાયુ અને આકાશને આપણે ઓળખતા નથી અને તેથી સભાનતાપૂર્વક તે તત્ત્વોને આપણે માણતા નથી. હિમાલયમાં વિચરતાં આ પાંચે તત્વો તેના વિશદતર રૂપે અમારી સામે પ્રત્યક્ષ થતા હોય એમ મને લાગ્યા કરતું હતું. પૃથ્વી અને પાણી વિષે તો આગળ ઘણી વાર કહેવાયું છે. તેજની લીલાનો પણ અવારનવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અહિંની હવામાં કોઇ જુદી જ તાજગી ભરી છે. એ તો જે માણે તે જાણે. અને અહિંના આકાશની નીલિમાનું વર્ણન શી રીતે કરવું એ સમજાતું નથી. આ આ પહાડી પ્રદેશમાં ફરતાં ફરતાં, નીચેના સપાટ પ્રદેશોમાં જેવી રીતે ક્ષિતિજ—રેખાને સતત ચુંબન કરતું આકાશ દેખાય છે એમ અહિં તો બને જ નહિ, કારણ કે જ્યાં જુઓ ત્યાં ક્ષિતિજ—રેખા પર્વતોથી અવરાયલી જ હોય છે. અહિં તો પર્વતની ઊંચી નીચી વળાંકભરી રેખાઓને જ આકાશ જ્યાં ત્યાં સ્પર્શતું ચુમતું માલુમ પડે છે. જ્યારે જ્યારે આકાશ નીચેનો ભાગ પર્વતમાળાથી અવરાયલો હોય અને તેમાં પણ પર્વતો વૃક્ષોથી ઢંકાયલા હોય ત્યારે આકાશ સ્વભાવિક રીતે સવિશેષ નીલવર્ણું —ઘેરૂં ભુરું—શનીના ચમકતા ભૂરા રંગનું—બની જાય છે. આવું આકાશ નિહાળ્યા કરવામાં કોઇ જુદો જ આનંદ આવે છે. જેવી રીતે ઊંડા દરીયો એકદમ ભૂરો દેખાય છે તેવી જ રીતે સમુદ્રની ઉંચી સપાટી ઉપરથી દેખાતું આકાશ એકદમ ભૂરા રંગને ધારણ કરે છે. આવા આકાશનું દર્શન અત્યન્ત મનોહર અને આંખોને તાજગી તથા ઠંડક આપતું લાગે છે. હિમાલયમાં સામાન્યત, પણ કૌસાનીમાં વિશેષતઃ, આ નીલવર્ણું આકાશની ભવ્યતા, કમનીયતા તેમજ ગહનતા હું મુગ્ધભાવે નિહાળ્યા કરતો અને ઊંડી પ્રસન્નતા અનુભવતો.

આપણે આકાશ ખાતા થઇએ !

આ આકાશદર્શનની રમણીયતાની હું વાત કરી રહ્યો છું ત્યારે આકાશદર્શનને સતત માણી રહેલા વિનોબાજી સાથે સંબંધ ધરાવતી એક વાતનો, પ્રાસંગિક ચર્ચા સાથે જરા અપ્રસ્તુત હોવા છતાં, ઉલ્લેખ કરવાના પ્રલોભનને હું રોકી શકતો નથી. તેમણે એવી મતલબનું ઘણી વાર જણાવ્યાનું મને યાદ છે કે હું આકાશ ખાઉં છું, ખાધા જ કરૂં છું, અને એટલે જ, મને પેટમાં અલસર છે અને બીજા શારીરિક ઉપદ્રવો છે, એમ છતાં પણ હું ખૂબ કામ કરી શકું છું, સારી પેઠે ચાલી શકું છું અને મન પણ ખૂબ પ્રસન્ન રહે છે. આપણે અન્ન ખાઇએ છીએ, બંગાળીઓની ભાષામાં આપણે જળ પણ ખાઇએ છીએ, (બંગાળીઓ જળ અથવા તો પાણી પીવું એમ નથી કહેતા, પણ પાણી ખાવું એવો ભાષાપ્રયોગ જળપાન અંગે કરે છે,) અને આપણે હવા ખાઇએ છીએ એવો હવાને માણવા સંબંધમાં પણ આપણે પ્રયોગ કરીએ છીએ, પણ અમે આકાશ ખાઇએ છીએ એમ આપણામાંથી કોઇ કદિ કહેતું જ નથી, કારણ કે આકાશ વિષે એવો અભિગમ હજુ આપણામાં પેદા જ થયો નથી. વસ્તુતઃ જે આપણને ચોતરફ વીંટળાઇ વળેલ છે, અને જે આપણી ઉપર પણ છે એ આકાશ સામે આપણે ભાગ્યે જ નજર કરીએ છીએ. આકાશ અનન્ત તત્ત્વનું અપ્રતિમ પ્રતીક છે. આકાશ ખાવું એટલે સ્થૂળ દૃષ્ટિએ આકાશને એકીટશે અવારનવાર નિહાળ્યા કરવું, આધ્યાત્મિક દૃષ્ટિએ અનન્ત તત્ત્વ સાથે તાદાત્મ્ય ચિન્તવવું, અનુભવવું. આ 'આકાશ ખાવું' શારીરિક સ્વાસ્થ્ય તેમ જ આંખની તાકાત જાળવવા માટે જેટલું ઉપયોગી છે તેટલું જ ચિત્તના ઉર્ધ્વીકરણઅર્થે લાભદાયી છે. જો આપણા વ્યક્તિત્વનું સમગ્રપણે ઉર્ધ્વીકરણ કરવું હોય તો આપણે બને તેટલા આકાશ લક્ષી બનવું જોઇએ, આકાશદર્શનનો મહિમા આપણે અન્તરમાં ઉતારવો જોઇએ અને ચાલુ જીવનમાં અન્ન, જળ તથા હવાની માફક આકાશને પણ ખાતા આપણે થવું જોઇએ.

પ્રવાસ-આલેખન વિષે

પં. સુખલાલજીએ પોતાના એક પત્રમાં મને લખેલું કે હિમાલયનનું વર્ણન કરવા અંગેની મારી યોગ્યતાની પ્રતીતિ મને થશે કે નહિ તો પણ, ત્યાંનો ઘેરો અનુભવ મારા માથા ઉપર ચઢીને મને લખવાની ફરજ પાડશે. આમ અન્તઃપ્રેરણાથી જ માત્ર નહિ પણ અન્તરના દબાણને વશ થઇને પાનાં ઉપર પાનાં હું લખ્યે ગયો છું. આ લખાણ અંગે એક બે ખુલાસા કરવા જરૂરી લાગે છે.

આ આખા લખાણમાં જ્યાં ત્યાં 'હું' અને 'મે' આવ્યા જ કરે છે. 'અહિં હું ગયો,' 'આ મેં કર્યું' 'મને આમ થયું'—આવી વાક્યરચના જ્યાં ત્યાં જોવામાં આવે છે. આવાં લખાણોને ઝીણવટથી તોળનાર તપાસનારને કદાચ આ બાબત ખુંચે, તેને એમાં સુરુચિભંગ અથવા તો લેખકનું 'અહં' પણ માલુમ પડે. પણ આમ બનવું મારા માટે, મને લાગે છે કે, અનિવાર્ય હતું, કારણ કે પ્રસ્તુત પ્રવાસવર્ણનમાં ભિન્ન ભિન્ન સ્થળોનાં વર્ણનો આપવા તથા પ્રસંગપ્રાપ્ત વ્યકિતઓના પરિચય આપવા—તે ઉપરાંત મારા પોતાનાં સંવેદનોનો વાચકને સાક્ષી તેમ જ સાથી બનાવવો એ હેતુ વર્ણનલેખનના પ્રારંભથી જ મનમાં રહેલો હતો. વસ્તુતઃ આ લેખનવિધિને હિમાલયમાં પ્રવેશ કર્યો અને ત્યાંથી પાછા ફર્યા ત્યાં સુધીની એક પ્રકારની ડાયરી—નિત્યનોંધ અથવા તો આત્મકથા જ મેં કલ્પેલ છે અને તેથી 'હું' અને 'મે' પ્રસ્તુત લખાણમાં મારા માટે અનિવાર્ય બનેલ છે.

આ આખા લખાણ ઉપર જ્યારે હું સમગ્રપણે દૃષ્ટિ ફેરવું

છું ત્યારે તેમાં અનેક ત્રુટિઓ મારી નજર સામે આવે છે. નિસર્ગવર્ણનોમાં અનેકવાર કૃત્રિમદોષો થયેલા માલુમ પડે છે. હિમાલયની ભવ્યતાને શબ્દાકાર આપવા માટે મારી ભાષા નબળી–મન્દ સામર્થ્યવાળી માલુમ પડી છે. અંદરના તીવ્ર ઘેરા સંવેદનોને વ્યક્ત કરવા માટે કલ્પનાઓ, Images–શબ્દ પ્રતિમાઓ–પ્રતીકો અને રૂપકોની જે સમૃદ્ધિ જોઇએ તેની જ્યાં ત્યાં મને ઊણપ દેખાઈ છે. આમ મારૂં ભાષાવિષયક દારિદ્ર્ય મને ખૂબ સાલે છે, તે વિષે મારૂં મન અસંતોષ અનુભવે છે. આમ છતાં પણ જેને joy of self-expression–આત્માની અભિવ્યક્તિનો આનંદ–કહે છે તે આનંદ આ લખાણ લખતાં મેં પૂરા પ્રમાણમાં માણ્યો છે, અથવા તો એક પ્રકારની મસ્તી મેં અનુભવી છે. વળી પ્રસ્તુત લેખનપ્રક્રિયા દરમિયાન જેને vocal thinking–પ્રગટ ચિન્તન કહે છે તેવું પ્રગટ ચિન્તન પ્રબુદ્ધ જીવનના વાંચકો સાથે કરવાનો મારો અવારનવાર પ્રયત્ન રહ્યો છે. આમ કરતાં કોઇ કોઇ કેકાણે વધારે પડતું લંબાણ થઈ ગયું હોય એમ બનવા જોગ છે. સંગીતના બે પ્રકાર છે: ગાયન અને વાદન. એ પ્રત્યેકના બે લય છે. વિલંબિત અને દ્રુત. આ લખાણની પ્રક્રિયા મનની અંદર ચાલી રહેલા ગાયનને વિલંબિતના લયમાં વ્યક્ત કરવાની રહી છે. વિલંબિત લયમાં આલાપની વિપુલતા હોય છે; ગતિની મન્દતા હોય છે. આ લખાણનું રૂપ પણ આવું જ કાંઇક-વિલંબિત આકારનું–સરજાયું હોય એમ લાગે છે. પ્રવાસના અનુસંધાનમાં મનમાં જે કાંઈ સ્ફુરતું ગયું તે હું સહેલાણીની માફક મુક્ત મને અને યથા-સ્વરૂપે લખતો ગયો છું, ઉમેરતો ગયો છું. આવા લખાણનું મૂલ્ય કેટલું તેની આંકણી કરવાનું કામ વાચકોનું અને વિવેચકોનું છે.

તૃપ્તિ–અતૃપ્તિનું દ્વંદ્વ

મને જણાવતાં આનંદ થાય છે કે હું પૂરી તૃપ્તિના સંવેદન-પૂર્વક હિમાલયની યાત્રા–કૂર્માંચળની પરિક્રમા–પૂરી કરીને પાછો ફર્યો છું. એમ છતાં પણ આ તૃપ્તિ સાથે એક પ્રકારની ઊંડી અતૃપ્તિ પણ હું અનુભવી રહ્યો છું. મનમાં કાંઇક એમ જ થયા કરે છે કે જોયું, જોયું, પણ અધુરૂં જોયું. અંદરથી પ્રશ્ન થાય છે કે નૈનીતાલ આટલા દિવસ રહ્યો અને ચાઇના પીક ચઢી આવવા માટે એક બે દિવસ વધુ કેમ ન રોકાયો? અને ભીમતાલ ગયો તે તો હીરો ઘોઘે જઇ આવ્યો અને ડેલે હાથ દઇને પાછા ફર્યા જેવું જ કર્યું! ત્યાં સવારના જવું જોઇતું હતું અને આખો દિવસ ત્યાં ગાળવો જોઇતો હતો. મુક્તેશ્વર જયન્તીબહેનને ત્યાં એકાદ રાત રોકાઇ ગયા હોત અને સાંજ સવારની તે સ્થળની શોભા જોઇ હોત તો કેવું સારૂં થાત? રાણીખેતની તો કીનારને સ્પર્શીને ચાલી નીકળ્યા! કૌસાનીમાં હજુ પણ થોડું વધારે રોકાયા હોત તો કેવું સારૂં થાત! વૈજનાથ તો ઉભા પગે જ જોયું અને બાગેશ્વર એક દિવસ પણ આંખો ન ઠાર્યો! અને ત્યાંથી પીંડારી ગ્લેશિયર જોયા સિવાય પાછા કેમ ચાલી આવ્યા? આલ્મોરા ગમ્યા પણ, બીનસર તો વણજોયું જ રહી ગયું! શ્રી. બોશી સેનનો થોડોક વધારે પરિચય સાધ્યો હોત તો કેટલું બધું જાણવાનું મળત? બીરતોલા સ્વામી કૃષ્ણપ્રેમનાં દર્શન માત્ર જ કર્યાં! તેમને વધારે જાણવા સમજવાનું બન્યું જ નહિ. એકાદ આખો દિવસ તેમની સાથે ગાળવાનો યોગ થયો હોત તો કેવું સારૂં થાત? જાગેશ્વરનું પર્યટન કેવળ ઉભડક ભાવે જ કર્યું. બુઢા જાગેશ્વરનાં દર્શન જ ન કર્યાં અને ત્યાંનું ગામ અને વસ્તીનો કોઇ પરિચય જ ન સાધ્યો. વળી દંડકેશ્વરનાં તો દર્શન કરવાના જ રહી ગયાં. ગોવિંદ લામાની ઉડતી મુલાકાત જ લીધી અને લી ગોતમીનાં ચિત્રો જોવાનું બન્યું જ નહિ. આમ ચિત્તમાં તૃપ્તિ અને અતૃપ્તિનું વિચિત્ર દ્વંદ્વ ચાલ્યા કરે છે.

હિમાલય ખેડવાનો મનોરથ

અને હિમાલયનો આ તો એક ટુકડો જોયો. હજુ તો બદ્રીનાથ અને કેદારનાથ તેમજ ગંગોત્તરી અને જમનોત્તરી તીર્થના દર્શન કરવા બાકી છે, અને કૈલાસનાં દર્શન ન કર્યાં ત્યાં સુધી બધું અધુરૂં છે. અને કાશ્મીરમાં આવેલ અમરનાથનું તો મનમાં કંઇ કાળથી રટણ ચાલ્યા કરે છે. આમ હિમાલયનો એક પ્રદેશ જોતાં તેના અન્ય અનેક પ્રદેશો નજરે નિહાળવાની ચિત્તમાં અદમ્ય ઝંખના જાગી છે, અને કલ્પનાની પવનપાવડી ઉપર ચડીને મન હિમાલયના એક છેડેથી બીજા છેડા સુધી વિચરી રહ્યું છે, ભટકી રહ્યું છે; જીંદગી ટુંકી છે અને મનોરથો અનેક છે. આમાંથી કયો મનોરથ પૂર્ણ થશે અને કયા મનોરથો વણપૂર્યા રહી જશે તે કોણ કહી શકે તેમ છે?*

ભગવાનની રાસલીલાનો ચમત્કાર

છેવટે આ મારી વર્ણનકથા હું પૂરી કરી રહ્યો છું ત્યારે મને નરસિંહ મહેતાના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે. એ પ્રચલિત કથા મુજબ નરસિંહ મહેતાની પરમ ભક્તિથી પ્રસન્ન થઇને મહાદેવ પ્રગટ થાય છે અને પોતાના ભક્તને કહે છે કે "તમારી ભક્તિથી હું ખૂબ પ્રસન્ન થયો છું. તમારે જોઇએ તો માંગો!" નરસિંહ મહેતા આ સાંભળીને ઊંડી ધન્યતા અનુભવતાં માંગે છે કે "ભગવાન, આપ પ્રસન્ન થયા છો તો મારે બીજું કશું જોઇતું નથી, મને શ્રીકૃષ્ણની રાસલીલા દેખાડો!" ભગવાને 'તથાસ્તુ' કહીને નરસિંહ મહેતાને શ્રીકૃષ્ણની રાસલીલા દેખાડી, આ કથા સાચી હો કે ન હો, પણ હિમાલયના આ વિભોગોમાં પરિભ્રમણ કરતાં મારા પૂરતું તો મને એમ જ લાગ્યું છે કે હિમાલયમાં ફરતાં ફરતાં મેં તો ભગવાનની રાસલીલાનાં જ દર્શન કીધાં છે, મારા પરિભ્રમણ દરમિયાન પરમાત્માના વિરાટ રૂપને જ મારી આસપાસ નાચતું મેં નિહાળ્યું છે, અનુભવ્યું છે. પર્વતોની અનન્ત રેખાઓમાં, વૃક્ષોના પાર વિનાનાં ડોલનમાં, રસ્તાઓના ઢાળ ઢોળાવમાં અને આમ તેમ ઘુમરી લેતાં વળાંકમાં, ગવર્મેન્ટ રોડવેઝ કે કે. એમ. ઓ. યુ. લીમીટેડના વાહનોની તાલબધ્ધ ગતિમાં, પવનની સતત વહ્યા કરતી શીતમધુર લહરિઓમાં, વાયુસંચાલિત ગાજતી અને ગુંજતી–દેવદાર, ચીડ વગેરેની–વનરાજિઓમાં, શીતળ જળને વહન કરતી સરિતાઓમાં અને ખળખળ વહેતાં ઝરણાઓમાં અને ગગનચુંબી ગિરિશિખરોમાં મેં વિરાટની અપાર લીલા નિહાળી છે, નૃત્ય, નૃત્ય અને નૃત્ય જ જોયું છે અને મારૂં મન તે સાથે સતત નાચતું રહ્યું છે. નરસિંહ મહેતાએ બે ચાર ઘડિ રાસલીલા નીહાળી હશે. મેં તો સતત એક માસ સુધી એ રાસલીલા–રંગલીલા નિહાળી છે, મન ભરીને માણી છે. જીવનમાં આથી વધારે કૃતકૃત્યતા બીજી શી હોઈ શકે?

(પરિશિષ્ટ હવે પછી) **પરમાનંદ**

*પ્રવાસવર્ણનનો આ હપ્તો પ્રગટ થઇ રહ્યો છે ત્યારે જણાવતાં આનંદ થાય છે કે ઉપર જણાવેલ મનોરથોમાંનો બદ્રી-નાથ–કેદારનાથની યાત્રાને લગતો મનોરથ ગત મે જુન માસ દરમિયાન પરિપૂર્ણ થયો છે અને હિમાલયને અનેક બાજુએથી નિહાળવાનું અને ચોતરફ વહી રહેલા અગાધ જળરાશિથી પરિપ્લા-વિત એવા અદ્ભુત સૃષ્ટિસૌન્દર્યને માણવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે. **પરમાનંદ**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુલાઈ ૧૬, ૧૯૫૯, ગુરૂવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

* ભારત વિષે મારી આશાઓ અને આકાંક્ષાઓ *

(ન્યુ દિલ્હી ખાતે વિજ્ઞાનભવનમાં ફેબ્રુઆરી માસની ૨૨ તથા ૨૩ મીના રોજ 'આઝાદ મેમોરિયલ લેકચર્સ' એ મથાળા નીચે યોજાયલી વ્યાખ્યાનમાળામાં ભારતના મહાઅમાત્ય પં. જવાહરલાલ નહેરૂએ "India To-day and To-morrow"–ભારત–આજનું અને આવતી કાલનું–એ વિષય ઉપર બે વ્યાખ્યાનો આપ્યાં હતાં અને તેમાં અનેક વિષયોની ચર્ચા કરી હતી. તે વ્યાખ્યાનના અન્ત ભાગમાં શ્રી. નહેરૂ ભારતનું કેવું ભાવી કલ્પે છે તેનું અત્યન્ત પ્રેરક ચિત્ર રજુ કરવામાં આવ્યું છે. નીચે તેનો અનુવાદ આપવામાં આવે છે. તંત્રી)

કૃષિના ક્ષેત્રમાં કે ઉદ્યોગના ક્ષેત્રમાં કે સરકારી તંત્રરચનામાં, જેમ જેમ જેના જેના કાર્યપ્રદેશમાં ફેરફાર થતો જાય છે તેમ તેમ તેના તેના મૂળ સ્વરૂપમાં પણ ફેરફારો કરવાનું અનિવાર્ય બનતું જાય છે, અને નફાના હેતુ ઉપર આધારિત જુની દ્રવ્યોપાર્જન-લક્ષી સમાજનું નિયંત્રણ કરતાં પુરાણાં મૂલ્યોના સ્થાને નવાં મૂલ્યોની પ્રતિષ્ઠા થતી રહે છે. આજની પરિસ્થિતિનું સંપૂર્ણ પરિવર્તન થતાં સમય લાગવો જ જોઇએ, કારણ કે આપણી સામેની સમસ્યા આખરે તો લાખો માણસોની વિચારણા અને પ્રવૃત્તિઓને બદલવાની છે અને આ પણ તેમની અનુમતિપૂર્વક લોકશાહીની રીતે આપણે કરવાનું છે. પણ પરિવર્તનની ગતિ જરૂર કરતાં વધારે ધીમી હોવી ન ઘટે, અને ખરી રીતે આજના સંયોગો એવા છે કે બહુ ધીમી ગતિ આપણને પરવડે તેમ પણ નથી.

આજનું ભારત આશાનું અને વેદનાનું, પ્રશંસાપાત્ર પ્રગતિનું અને સાથે સાથે નિષ્ક્રિયતાનું, નવી ચેતનાનું અને ભૂતકાળની તથા સ્થાપિત હિતોની મજબુત પકડનું, સર્વવ્યાપી અને સતત વિકસતી એકતાનું અને સંગઠનવિરોધી વૃત્તિઓનું એક ભારે મિશ્ર ચિત્ર રજુ કરે છે. આમ છતાં પણ લોકમાનસમાં અને તેની પ્રવૃત્તિઓમાં નવજાગૃતિનું અને અદ્‌ભુત પ્રાણમયતાનું સુભગ દર્શન થાય છે. સતત પરિવર્તન પામતા દૃશ્યની વચ્ચે વસતા અને વિચરતા–એવા આપણને, સંભવ છે કે, આજે ચોતરફ જે કાંઇ બની રહ્યું છે તેના સમગ્ર રહસ્યનું પૂરું ભાન ન પણ હોય. ઘણી વખત એમ બનતું જોવામાં આવે છે કે બહારના લોકો આ પરિસ્થિતિને આપણા કરતાં વધારે સારી રીતે સમજી શકતા હોય છે.

એ એક ખાસ ધ્યાન ખેંચે તેવી હકીકત છે કે પુરાણા ભૂતકાળમાં જેનાં મૂળ જડાયલાં છે એવો આ દેશ અને તેના લોકો–જેમણે ભૂતકાળમાં કોઇ પણ પ્રકારના ફેરફારનો હંમેશા ઘણો તીવ્ર સામનો કર્યો છે તે જ દેશ અને તેના લોકો–આજે ઝડપપૂર્વક આગેકૂચ કરી રહેલ છે અને અડગ નિશ્ચયપૂર્વક આગળને આગળ પગલાં માંડી રહેલ છે.

આજની પેઢીના પરિશ્રમ અને સંઘર્ષમાંથી કેવું પરિણામ નીપજશે ? આવતી કાલનું ભારત કેવું હશે ? તે હું કહી શકવાની સ્થિતિમાં નથી. હું તો માત્ર મારી આશાઓ અને આકાંક્ષાઓ વ્યકત કરી શકું. ભારત ભૌતિક ક્ષેત્રે આગળ વધે, તેની વિરાટ વસ્તીનાં જીવનધોરણો ઊંચા આવે તે હેતુથી પ્રેરાયલી અને અમલમાં મૂકાતી પંચવર્ષીય યોજનાઓ પાર પડે એમ હું સ્વાભાવિક રીતે ઇચ્છું છું; ધર્મ અને જ્ઞાતિના નામ ઉપર, ભાષા અને પ્રદેશના બહાના હેઠળ પેદા થતા આજના સંકુચિતતાભર્યા સંઘર્ષો બંધ થાય અને જેમાં દરેક વ્યકિતને પોતાની લાયકાત અને તાકાત મુજબ આગળ વધવાની પૂરી તક મળે એવો વર્ગવિહીન, જ્ઞાતિવિહીન સમાજ ઉભો થાય એમ હું ઇચ્છું છું. ખાસ કરીને હું ઇચ્છું છું કે જ્ઞાતિસંસ્થાના ત્રાપથી દેશને સત્વર મુકિત મળે, કારણ કે જ્ઞાતિના પાયા ઉપર ન તો સાચી લોકશાહી નિર્માણ થઇ શકે તેમ છે કે ન તો સમાજવાદી સમાજરચના પેદા થઇ શકે તેમ છે.

ચાર મહાન ધર્મોનો ભારત ઉપર ખૂબ પ્રભાવ પડયો છે–આમાંથી બે ધર્મો તો ભારતની પોતાની વિચારણામાંથી પેદા થયા છે: હિંદુ ધર્મ અને બુદ્ધ ધર્મ અને બે ધર્મો બહારથી આવ્યા છે, પણ ભારતમાં તે ધર્મોએ પોતાની જડ મજબુતપણે બેસાડી છે: ખ્રીસ્તી ધર્મ અને ઇસ્લામ. વિજ્ઞાન ધર્મ વિષેની જુની કલ્પના અથવા તો ખ્યાલને પડકારી રહેલ છે. પણ જો આજના ધર્મો સાંપ્રદાયિક માન્યતાઓ અને કર્મકાંડોની ઉપેક્ષા કરે અને જીવનની વધારે મહત્વની બાબતો ઉપર વિશેષ ધ્યાન આપે તો વિજ્ઞાન અને ધર્મ વચ્ચે અથવા તો ધર્મો વચ્ચે અંદર અંદર કોઇ સંઘર્ષ ઉભો થવાનું કારણ રહે જ નહિ. આ પ્રકારનો સમન્વય ઉભો કરવામાં ભારત, સંભવ છે કે, અગત્યનો ભાગ ભજવે. એ કાર્ય સમ્રાટ અશોકના શિલાલેખોમાં અંકાયલી ભારતની પુરાણી પરંપરાને સર્વથા અનુરૂપ હશે. અશોકના એ સંદેશાને આપણે યાદ કરીએ :

"આધ્યાત્મિક બળની વૃદ્ધિ અનેક આકારોમાં વ્યકત થાય છે.

"પણ તેનું મૂળ વાણીનો એવી રીતે સંયમ કરવામાં રહેલું છે કે જેથી બીજાના ધર્મને ઉતારી પાડવાની રીતે આપણા ધર્મની પ્રશંસા કરતાં કે આપણે ધર્મને ઉંચે ચઢાવતાં આપણે અટકીએ અથવા તો પ્રસ્તુતતા કે પ્રસંગ સિવાય બીજા ધર્મો વિષે તુચ્છકારથી બોલવાની ભૂલ આપણે કદિ ન કરીએ.

"યોગ્ય પ્રસંગ ઉપસ્થિત થયે, અન્ય ધર્મોની વિશિષ્ટ વ્યકિતઓનું પણ યોગ્ય રીતે સન્માન કરવું જોઇએ. આમ વર્તીને કોઇ પણ એક ધર્મનો અનુયાયી પોતાના ધર્મનો જ ઉત્કર્ષ કરે છે અને સાથે સાથે બીજા ધર્મના લોકોને મદદ કરે છે. એથી વિપરીત રીતે વર્તીને કોઇ પણ એક ધર્મનો અનુયાયી તેના પોતાના ધર્મને હાનિ પહોંચાડે છે અને સાથે સાથે બીજાના ધર્મોની

કુસેવા કરે છે.

"જે કોઇ પોતાના ધર્મનું બહુમાન કરે છે અને અન્યને તેના પોતાના ધર્મની શ્રદ્ધામાંથી ચળાયમાન કરવાનો અને અન્ય ધર્મોથી પોતાનો ધર્મ ચડિયાતો છે એવું ઠસાવવાનો પ્રયત્ન કરે છે તે ચોકકસપણે પોતાના ધર્મને જ હાનિ પહોંચાડે છે."

અશોકના સમયમાં ધર્મમાં સર્વ પ્રકારની શ્રદ્ધા અને ફરજોનો સમાવેશ થતો હતો. આજે આપણે જેટલું રાજકીય અને અર્થકીય બાબતો માટે અને તદ્‌ગત વિચારસરણીઓ માટે ઝગડીએ છીએ તેટલું ધાર્મિક બાબતો માટે ઝગડતા નથી. અશોકના વખતમાં આજના ઠંડા યુદ્ધને કોઇ સ્થાન નહોતું. આજે પણ કોઈ સ્થાન હોવું ન જોઇએ.

આજે આપણે આપણી મહેનતથી અને પરિશ્રમથી ભારતને જેવું બનાવીશું તેવું આવતી કાલનું ભારત હશે. ભારત ઔદ્યોગિક રીતે તેમ જ અન્ય પ્રકારે જરૂર આગળ વધશે, આપણા લોકોનું જીવનધોરણ અવશ્ય ઉંચે આવશે, શિક્ષણનો, કેળવણીનો વ્યાપક પ્રચાર થશે, પ્રજાજનોનું આરોગ્ય દિનપ્રતિદિન સુધરતું જશે, અને કળા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વડે લોકોનું જીવન ખૂબ સમૃદ્ધ બનશે–એ વિષે મને કોઇ શક નથી. શુભ હેતુથી અને મકકમ નિરધારપૂર્વક આ યાત્રાનો આપણે પ્રારંભ કર્યો છે અને ગમે તેટલી લાંબી હોય તો પણ આપણી આ યાત્રાના અન્તિમ મથકે આપણે જરૂર પહોંચવાના છીએ.

પણ મને જેની ચિન્તા છે તે ભૌતિક પ્રગતિ વિષેની નથી, પણ આપણા લોકોની ગુણવત્તા અને પ્રતિભાના ઊંડાણને લગતી છે. ઔદ્યોગિક પ્રક્રિયાઓ દ્વારા પ્રભુત્વ પ્રાપ્ત કરતાં કરતાં, વ્યકિતગત ધનસંપત્તિ અને વિલાસી જીવનની શોધમાં આપણા લોકો પોતાની જાતને ખોઇ તો નહિ બેસે ને? આમ બને તો એ આપણા માટે એક ભારે કરૂણાજનક ઘટના હશે, કારણ કે જેના અવલંબન ઉપર ભારત ભૂતકાળમાં ટટ્ટાર ઉભું રહ્યું છે અને, હું ધારૂં છું કે, ગાંધીજી મારફત આપણે અનુભવ્યું છે તેમ, વર્તમાનમાં પણ ભારત એટલું ટટ્ટાર ઉભું રહી શકયું છે તેનો તે કરૂણ ઘટનામાં ઇનકાર હશે. સત્તાની જરૂર છે, પણ શાણપણ, ડહાપણ, પ્રજ્ઞાપ્રાપ્તિ એટલી જ જરૂરી છે. શાણપણ સાથેની સત્તાપ્રાપ્તિ એ જ માત્ર ઇષ્ટ અને શ્રેયસ્કર છે.

આજે આપણે બધાં હકકો અને અધિકારોની વાતો તેમ જ માગણીઓ કરી રહ્યા છીએ, પણ જુના ધર્મનું શિક્ષણ ફરજ અને જવાબદારીઓને જ આગળ ધરે છે. ફરજોના અનુપાલનને હકકો હંમેશાં અનુસરે છે.

વિજ્ઞાન અને ટેકનોલોજીની પ્રગતિ સાથે મન અને આત્માની પ્રગતિનો આપણે મેળ બેસાડી શકીશું ખરા? વિજ્ઞાન પ્રત્યે આપણે બીનવફાદાર બની ન શકીએ, કારણ કે આજના જીવનની પાયાની હકીકત તે રજુ કરે છે. પણ સાથે સાથે, તે તાત્ત્વિક જીવનસિદ્ધાન્તો જેના ઉપર ભૂતકાળમાં યુગોથી ભારત ઉભું છે તેની પણ આપણે જરા પણ ઉપેક્ષા કરી ન જ શકીએ. તા પછી ઔદ્યોગિક પ્રગતિના માર્ગ ઉપર પૂરા બળ અને તાકાતપૂર્વક આપણે આગળ વધતા રહીએ અને સાથે સાથે યાદ રાખીએ કે સમાદર, કરૂણા અને પ્રજ્ઞા વિનાની ભૌતિક સમૃદ્ધિ આપણી નાબુદી અને વિનાશમાં પરિણમવાની છે, આપણને ભોંય ભેગાં કરવાની છે. એ પણ આપણે યાદ રાખીએ કે "Blessed are the Peacemakers." "શાન્તિપ્રયોજકો જ ઈશ્વરના ખરા કૃપાપાત્ર છે."

મૂળ અંગ્રેજી : જવાહરલાલ નહેરૂ

અનુવાદક : પરમાનંદ

કેરલમાં રાજકારણી કટોકટી

કેરલમાં જે ગુંચવણભર્યો મામલો ઉભો થયો છે અને પરિણામે જે રાજકારણી કટોકટી આપણને વ્યગ્ર બનાવી રહી છે તે આજે સૌ કોઇ ભારતવાસીઓ માટે એક મોટી ચિન્તાનો વિષય બની રહેલ છે. આ કટોકટીનું ગાંભીર્ય સમજવા માટે થોડી પૂર્વભૂમિકાનું નિરૂપણ જરૂરી લાગે છે.

આઝાદી આવ્યા બાદ અને છેલ્લી દેશવ્યાપી ચૂંટણી થયા પહેલાં આખા દેશમાં એક પ્રકારની સંવાદિતા પ્રવર્તતી હતી. કેન્દ્રમાં તેમ જ દરેક પ્રાન્તમાં કોંગ્રેસને બહુમતી મળી હતી અને તે કારણે સર્વત્ર કોંગ્રેસનું શાસન ચાલી રહ્યું હતું. બે વર્ષ પહેલાં થયેલી ચૂંટણીએ કેરલની ધારાસભામાં સામ્યવાદી પક્ષને નાનીસરખી પણ બહુમતી આપી અને પરિણામે કેરલમાં શ્રી. ઇ.એમ્. એસ્. નામ્બુદ્રીપાદની આગેવાની નીચે સામ્યવાદી તંત્રની સ્થાપના થઇ. અને એ રીતે દેશના રાજકારણમાં વિસંવાદી સુરની શરૂઆત થઇ. સામ્યવાદી પક્ષે સત્તાનાં સૂત્રો હાથમાં લીધાં અને પોતાના પક્ષની રીતે તેણે રાજ્યવહીવટ શરૂ કર્યો. તેણે શરૂઆતમાં ત્યાંની શૈક્ષણિક વ્યવસ્થામાં મહત્ત્વના ફેરફારો કરનારો શિક્ષણધારો ધારાસભામાં પસાર કરાવ્યો, અને આનો કેરલમાં બહોળા સમુદાયમાં વસતા ખ્રીસ્તીસમાજે ઉગ્ર વિરોધ કર્યો. આ વિરોધમાં પાછળથી ત્યાંના નાયરો અને મુસલમાનો જોડાયા અને એ વિરોધને ત્યાંની કોંગ્રેસે અને પ્રજાસમાજવાદી પક્ષે સીધો નહિ તો આડકતરો સાથ આપ્યો. કેરલની સામ્યવાદી સરકાર બીજા પણ અનેક કારણો અને અનિષ્ટ ઘટનાઓને લીધે ત્યાંની પ્રજાના એક યા બીજા વિભાગ સાથે અથડામણમાં આવવા લાગી. આ સંઘર્ષ વધારે ને વધારે વ્યાપક અને ઉગ્ર સ્વરૂપ ધારણ કરતો ગયો અને સામ્યવાદી સરકારને ખતમ કરવાના ધ્યેયપૂર્વક કેરલની મુખ્ય કોમો તેમ જ સામ્યવાદી પક્ષથી ઇતર એવા રાજકીય પક્ષોનો ત્યાંની સરકાર સામે સંયુકત મોરચો ઉભો થયો, સીધા પગલાની લડત શરૂ થઈ અને પ્રાદેશિક કોંગ્રેસ પણ તેમાં સંલગ્ન થઇ. સુલેહ શાન્તિનો જ્યાં ત્યાં ભંગ થવા લાગ્યો, નિશાળો અને કોલેજો સામે પીકેટીંગ શરૂ થયું, વાહનવ્યવહારનાં સાધનોની ભાંગફોડ ચાલુ થઇ અને ત્યાંના સરકારને હાથે જ્યાં ત્યાં લોકોના ટોળાંઓ સામે પોલીસ ફાયરીંગ–ગોળીબારો–થવા લાગ્યા અને પરિણામે જાનમાલની ખુવારી શરૂ થઇ.

કેરલની સ્થિતિ વણસતી જાય છે એમ માલુમ પડતાં કોંગ્રેસના વરિષ્ટ અધિકારી શ્રી. સાદિકઅલી તેમ જ માજી પ્રમુખ શ્રી. ઢેબરભાઇ જાતતપાસ માટે કેરલ ગયા; પાછળથી ભારતના મહા અમાત્ય જવાહરલાલજી પણ કેરલ ગયા અને ત્યાંની રાજકારણી પરિસ્થિતિનું ગાંભીર્ય અને સહજ ઉકેલી ન શકાય એવી એક વિચિત્ર કઢંગી સમસ્યાનું તેમને તેના વાસ્તવિક સ્વરૂપમાં દર્શન થયું.

આ વિચિત્ર અને કઢંગી સ્થિતિ શું હતી? એક બાજુએ 'કેરલ રાજ્યને ખતમ કરો'નો ગગનભેદી લોકપોકાર અને બીજી બાજુએ ધારાસભામાં નિશ્ચિત બહુમતીના કારણે તેને ખસેડી ન શકાય એવી બંધારણીય પરિસ્થિતિ. લોકોનો રોષ એટલો વ્યાપક અને ઉગ્ર લાગે કે આમને આમ ચાલે તો સુલેહશાન્તિ જળવાઇ શકે જ નહિ, પ્રજાજનો વચ્ચે એકપ્રકારનો આન્તરવિગ્રહ શરૂ થાય અને એ પ્રદેશમાં અરાજકતા ફેલાઈ જાય એમ કોઇને પણ લાગ્યા વિના ન રહે. અને જો સામ્યવાદી પક્ષ સ્વેચ્છાએ રાજ્યતંત્રની જવાબદારી ઉપરથી ખસવાની તૈયારી ન દાખવે તો તેને ખસેડી કેમ શકાય એ પણ એક મોટો સવાલ. આનો બંધારણીય એક જ માર્ગ હોઇ શકે અને તે એ કે ફરીથી ચૂંટણી કરવી–એમ જવાહરલાલજીને લાગ્યું અને એ મુજબ તેમણે કેરલના મુખ્ય પ્રધાનને સૂચના–ભલામણ–કરી. પણ સત્તાસ્થાન

ઉપર આવેલો સામ્યવાદી પક્ષ આવી રજુતા—સરલતા—દાખવે એ શકય જ નહોતું. અને જો સ્વેચ્છાએ સામ્યવાદી પક્ષ સત્તા—નિવૃત્ત ન બને તો સીધા પગલાની લડત દ્વારા રાજ્યવહીવટ અશકય બનાવવો અને એ રીતે પ્રેસીડેન્ટનું રાજ્ય દાખલ કરવું આ એક જ વિકલ્પ રહે. પણ સીધા પગલાની લડત એ કેવળ બીનબંધારણીય માર્ગ ગણાય અને જે કોંગ્રેસના માથે બાકીના બધા પ્રદેશોના રાજ્યવહીવટની અને કેન્દ્રસ્થ તંત્રની જવાબદારી છે તે આવા અરાજકતાના માર્ગે શી રીતે જઈ શકે? વળી જ્યાં સુધી ધારાસભામાં સામ્યવાદી પક્ષની બહુમતી સુદ્દઢ છે ત્યાં સુધી આ પક્ષે આખી પ્રજાનો વિશ્વાસ ગુમાવ્યો છે અને તેથી હવે તે રાજ્ય કરવાને લાયક રહ્યો નથી એમ બંધારણીયતાને વહેલી કોંગ્રેસ કેમ કહી શકે? આમ છતાં પણ કોંગ્રેસની પાર્લામેન્ટરી બોર્ડે જવાહરલાલજીને, ઢેબરભાઈને, સાદીકઅલીને તેમ કેરલની પ્રાદેશિક મહાસભા સમિતિના પ્રમુખને સાંભળીને લગભગ આ મતલબનો ઠરાવ કર્યો. પ્રસ્તુત ઠરાવ ભારતના રાજકારણની દૃષ્ટિએ ભવિષ્યમાં અનેક નવી મુંઝવણો ઉભી કરનાર હોઇને તેમાનો અગત્યનો ભાગ ઉધ્ધૃત કરવાનું જરૂરી લાગ્યું છે જે નીચે મુજબ છે:—

પાર્લામેન્ટરી બોર્ડનો ઠરાવ

"કેટલાએક સમયથી કેરલના જાહેર જીવનમાં એક પ્રકારનો ઉપદ્રવ ઉભો થયો છે, કેરલ રાજ્યના સરકારની કેટલીક પ્રવૃત્તિઓ સામે સંખ્યાબંધ આરોપો મુકાતા રહ્યા છે અને આમાંના કેટલાએક પાર્લામેન્ટ સમક્ષ પણ રજુ કરવામાં આવ્યા છે. રાજ્યમાં સહીસલામતીનો અભાવ પ્રવર્તે છે એમ વારંવાર કહેવામાં આવ્યું છે. રાજ્યના કારભારમાં આજે ઉભી થયેલી કટોકટી ભૂતકાળમાં બનેલી ઘટનાઓનું સ્વભાવિક પરિણામ છે.

"પણ ભૂતકાળમાં ગમે તે બન્યું હોય, આજે તો એ સ્પષ્ટ છે કે રાજ્યની અદ્યતન સરકાર સામે જાહેર જનતામાં ખૂબ ઉકળાટ અને ઉશ્કેરાટ ફેલાયલો છે. આવી પરિસ્થતિ રાજકીય, કોમી તેમ જ બીજા અનેક કારણોનો લીધે તેમ જ કેરલ સરકારે લીધેલાં ચોક્કસ પગલાઓના કારણે ઉભી થઇ હોય, પણ આજની કેરલ સરકાર સામે જે મોટા પાયા ઉપરની વિરોધી હીલચાલ ઉભી થઇ છે તેને લીધે આ બધાં કારણો પ્રમાણમાં ગૌણ બન્યાં છે, અને બધા પ્રકારના લોકો જેમાં રાજકીય પક્ષો સાથે જેમને કશી લેવા દેવા નથી તેવા લોકોનો પણ સમાવેશ થાય છે તે બધાય કેરલ રાજ્યની સરકાર સામે તીવ્રપણે ઉભા થયા છે, અને રાજ્યતંત્રના પરિવર્તન માટે અત્યન્ત વ્યાપક અને સતત માગણી થઇ રહી છે.

"બંધારણમાં નકકી કરવામાં આવ્યું છે તે મુજબ ચૂંટણીના પરિણામે અસ્તિત્વમાં આવેલી સરકાર સાધારણ રીતે પૂરા પાંચ વર્ષ સુધી રાજ્યાધિકાર ઉપર ચાલુ રહે છે. પણ જ્યારે બંધારણના નિયમો મુજબ કોઇ પણ પ્રદેશનો રાજ્યવહીવટ ચલાવવાનું અશકય બને એવી સ્થિતિ ઉભી થઇ છે એમ માલુમ પડે ત્યારે રાજ્યતંત્રની ફેરબદલી કરવા માટે બંધારણમાં જોગવાઇ રાખવામાં આવી છે. જ્યારે કોઇ પણ પ્રાદેશિક સરકાર પોતાની ધારાસભામાં બહુમતી જાળવી ન શકે અને બહુમતી ધરાવતી એવી બીજી કોઇ તંત્રરચના શકય ન લાગે ત્યારે આવી કટોકટી ઉભી થઇ છે એમ સ્પષ્ટપણે કહી શકાય. વળી એમ પણ બનવાજોગ છે કે પ્રાદેશિક સરકારને ધારાસભામાં બહુમતીનું પીઠબળ હોય અને એમ છતાં પણ જનતાના વ્યાપક વિરોધના કારણે સંતોષકારક વહીવટ ચલાવવાની સ્થિતિમાં તે રહી ન હોય. અલબત્ત આવી સ્થિતિ ઉભી થઇ હોય તો પણ આ સંબંધમાં ચોકકસપણે કહેવું એ સહેલું કામ નથી.

"આજની કેરલ સરકાર ધારાસભામાં બે સભ્યોની બહુમતી ધરાવે છે. મતદારોના ૩૫ ટકા મતો વડે તે ચૂંટાયેલ છે. ચૂંટણીમાં અલ્પ પ્રમાણમાં મતો મળ્યા હોય તો પણ ધારાસભામાં તેને બહુમતી મળી શકે છે. કોઇ પણ લોકશાહીની રચનામાં આમ ઘણી વખત બને છે અને તેથી આવી સંભવિતતાને સ્વાભાવિક ગણીને અનિવાર્યપણે સ્વીકારી લેવાની રહે છે.

"પણ કેરલ રાજ્યની અદ્યતન પરિસ્થિતિમાં એ દેખીતું છે કે ત્યાંના લોકોના માનસમાં ઘણો મોટો પલટો આવ્યો છે, અને છેલ્લી ચૂંટણીમાં આજના બહુમતી પક્ષને જેમણે ટેકો આપ્યો હતો તેમાંના ઘણાનું વલણ બદલાઇ ગયું છે અને આજની સરકારનો તેઓ સખ્ત વિરોધ કરી રહ્યા છે. અને તેથી આજની કેરલ સરકાર પ્રજાજનોના બહુમતી અભિપ્રાયનું કશું પણ પ્રતિનિધિત્વ ધરાવતી નથી એમ વ્યાજબીપણે માની શકાય તેમ છે. સાધારણ રીતે, જો આવી કોઇ ગંભીર કટોકટી ઉભી થઇ ન હોત તો, આવી સ્થિતિ પણ, આગામી સામાન્ય ચૂંટણી આવે ત્યાં સુધી, ચાલુ રહી શકી હોત. પણ કેરલ રાજ્યમાં આજે જે પરિસ્થિતિ ઉભી થઇ છે તે, રાજ્યસરકાર સામે વ્યાપક અને લગભગ ઉશ્કેરાટભર્યો વિરોધ ઉભો થવાના કારણે, કટોકટીભરી બની છે, પરસ્પર ઘર્ષણો પેદા થયાં છે અને સરકારે રાજ્યના દમનતંત્રનો અનેક વાર ઉપયોગ કર્યો છે. આમાંથી ભારે મોટી કડવાશ પેદા થઇ છે, જે દિનપ્રતિદિન વધતી જવાનો અને તેમાંથી પરિણામે વધારે ને વધારે અસહ્ય પરિસ્થિતિ ઉભી થવાનો સંભવ છે. આ સંયોગોમાં જો લોકશાહીને સંગત એવો વ્યાજબી ઉકેલ શોધવામાં નહિ આવે તો ધર્ષણ અને જાનમાલની બીનસલામતી વધતી જવાની. આવા સંયોગોમાં તત્કાલીન પરિસ્થિતિને લોકશાહીના રીતે પહોંચી વળવાનો એક જ ઉપાય છે અને તે ધારાસભા માટે સામાન્ય ચૂંટણી કરવાનો. જે સરકાર સામે આવો પડકાર કરવામાં આવે અને જેને આવા વ્યાપક અને તીવ્ર વિરોધનો સામનો કરવાનો હોય તેવી સરકાર માટે ચૂંટણીનો માર્ગ સ્વીકારવાનું સલાહભર્યું લેખાય. આ પ્રક્રિયાના પરિણામે લોકોની લાગણીઓમાં આવેલા ઉછાળાને લોકશાહીના હિતકારક માર્ગે વાળી શકાશે. પાર્લામેન્ટરી બોર્ડનો તેથી એવો અભિપ્રાય છે કે વર્તમાન સંયોગોમાં આ જ એક સાચો માર્ગ છે."

આ ઠરાવ પ્રગટ થયા પહેલાં અને જવાહરલાલજીએ ત્રિવેન્દ્રમ્ છોડયું તે અરસામાં સ્થાનિક પરિસ્થિતિની વિષમતા અને ડામાડોળ બનેલી પોતાના પક્ષના આસનની સ્થિરતાને ધ્યાનમાં લઇને શ્રી. નામબુદ્રીપાદે વાટાઘાટોનો માર્ગ સૂચવતું એક મહત્વનું નિવેદન બહાર પાડયું હતું જેમાંનો અગત્યનો ભાગ નીચે મુજબ હતો:—

પાર્લામેન્ટરી બોર્ડના ઠરાવ પહેલાં પ્રગટ થયેલું નામબુદ્રીપાદનું નિવેદન

"રાજ્યની પ્રજાના ઘણા ભાગના લોકો જેઓ, ભારતના મહા અમાત્ય પં. નહેરૂને ખાત્રી થઇ હતી તે મુજબ, સરકાર પ્રત્યે અવિશ્વાસ અને અસંતોષની લાગણીઓ ધરાવતા હતા તેમના મનનું સમાધાન કરવા અંગે જરૂરી પગલાં ભરવાની મહા અમાત્યે અમને સલાહ આપી હતી, અને અમે તેમને ખાત્રી આપી હતી કે કોઇ પણ પ્રશ્ન ઉપર કોઇને પણ વ્યાજબી અને કાયદાની મર્યાદામાં રહીને જે કાંઇ સૂચનાઓ કરવાની હશે તે દરેક સૂચનાઓ સંબંધમાં શકય હશે તેટલું અમે કરીશું, અને લોકોની બધી વ્યાજબી ફરિયાદો દૂર કરવા અમે બનતો પ્રયત્ન કરીશું.

"આ હેતુ ધ્યાનમાં રાખીને શિક્ષણ ધારા અંગે ચર્ચા કરવા માટે અમે બીશપોને, નાયર સર્વીસ સોસાયટીને અને બીજા કોરપોરેટ સ્કૂલોના વ્યવસ્થાપકોને અને સ્કૂલ—મેનેજરોની એસોસીએશનને નિયંત્રણો મોકલવાના છીએ. વળી મેનેજરો સાથેની ચર્ચાના મુદ્દાઓ એવા છે કે જેમાં શિક્ષકોની સંસ્થાઓ અને

શીડ્યુલ્ડ જ્ઞાતિઓની, શિડ્યુલ્ડ જાતિઓની અને પછાત ગણાતી કોમોની સંસ્થાઓ પણ હિત ધરાવે છે અને તેથી તેમની સાથે પણ વાટાઘાટ કરવાનો સહકાર ધરાદો ધરાવે છે.

"આ સંસ્થાઓ, અમે આશા રાખીએ છીએ કે, અમારા નિમંત્રણ પાછળ રહેલા ભાવનો આદર કરશે અને એ રીતે મહા અમાત્યે વ્યકત કરેલી ઇચ્છા કે જેને શાન્તિપૂર્વકનું સમાધાન શોધવામાં આતુરતા ધરાવતા સર્વ કોઇનું પૂર્ણ અનુમોદન છે તે ઇચ્છાને સફળ કરવામાં તેઓ પૂરી મદદરૂપ બનશે. અમને ખાત્રી છે કે આ વાટાઘાટો દરમિયાન જે મુદ્દાઓ અણઉકેલ્યા રહેશે તે સંબંધમાં તેઓ પોતે ઊંડા ઉતરીને માર્ગ કાઢવાનો પ્રયત્ન કરશે એવી મહા અમાત્યે આપેલી ખાત્રીના કારણે, આપણને એમ માની લેવાને પૂરતું કારણ છે કે, બધાં હિતોને પૂરો સંતોષ થાય એવા સમાધાન ઉપર જરૂર આવી શકાશે.

"શિક્ષણધારાના અમલની મોકૂફી સંબંધમાં જણાવવાનું કે એ ધારાનો બીજો વિભાગ જે સૌથી વધારે વિવાદાસ્પદ બન્યો છે તેનો અમલ મુલતવી રાખવાને અમે તૈયાર છીએ. આ ઉપરાંત પરસ્પર ચર્ચા અને વાટાઘાટોના પરિણામે પ્રસ્તુત શિક્ષણ-ધારામાં બીજી જે કોઇ કલમ સુધારવા જેવી કે તેનો અમલ મોકૂફ રાખવા જેવી માલુમ પડશે તે કલમ સંબંધે તે મુજબ કરવાને અમે તૈયાર છીએ.

"ચર્ચાસ્પદ બનેલો બીજો અગત્યનો સવાલ કે જે સંબંધમાં મહા અમાત્યે ભલામણ કરી હતી તે મુદ્દો સરકાર સામે વિરોધ પક્ષે જે વિવિધ પ્રકારની ફરિયાદો કરી રહેલ છે તેને લગતો છે. મહાઅમાત્યની ભલામણ એ મુજબની હતી કે અનેક ચોકકસ ફરિયાદો જે ઉપરથી તહોમતનામું ઘડવામાં આવ્યું છે તે ફરિયાદોની વિરોધપક્ષે આપેલ અને સરકારના પ્રતિનિધિઓએ સાથે મળીને તપાસ કરવી અને આવી અહિં તપાસ કર્યા બાદ જે કોઇ મુદ્દાઓ ઉપર મતભેદ ચાલુ રહે તે મુદ્દાઓ મહાઅમાત્ય સમક્ષ તેમની તપાસ અને સલાહ માટે રજુ કરવા.

"અમારી સરકાર વિષે પ્રજાના દિલમાં રહેલી શંકાઓ અને ગેરસમજુતી દૂર કરવાને અને જો કોઇ ભૂલ થઇ હોય તો તે દૂર કરવાને અમે આતુર હોઇને આ ભલામણો અમે કબુલ રાખી છે અને તે મુજબ અમે મહા અમાત્યને જણાવી દીધેલ છે."

આ નિવેદનમાં કેરલના મુખ્યપ્રધાને વિવાદાસ્પદ તકરારના મુદ્દાઓ સંબંધમાં લાગતાવળગતાઓ સાથે એક આસન ઉપર બેસીને વાટાઘાટ કરવાની, તકરારી બાબતોનો ઉકેલ શોધવાની અને જે બાબતો વાટાઘાટથી ન પતે તે બાબતમાં જવાહરલાલની સલાહ મુજબ ચાલવાની તૈયારી દેખાડી હતી. પાર્લામેન્ટરી બોર્ડના ઠરાવે જે વિચિત્ર કોયડો ઉભો કર્યો છે અને ન પાછળ જવાય, ન આગળ વધાય, અને તેમાં સૂચવ્યા મુજબ સામ્યવાદી પક્ષને રૂખસદ આપવા જતાં કોંગ્રેસશાસિત અન્ય પ્રદેશોમાં અવનવી કટોકટીઓ સરજાય—આવી જે એક કઢંગી પરિસ્થિતિ ઉભી કરી છે તેને બદલે શ્રી નામબુદ્રીપાદને સમાધાની સાધવાની તક આપવામાં આવી હોત તો બધી રીતે વધારે શ્રેયસ્કર થાત એમ લાગે છે. કારણ કે સમાધાનીના માર્ગે જવાની તત્પરતા દેખાડતા નામબુદ્રીપાદને અમુક પ્રમાણમાં નમતુ તોળ્યા સિવાય વિકલ્પ જ નહોતો, અને ધારો કે બન્ને પક્ષ મકકમ રહ્યા હોત તો પણ છેવટનો નિકાલ કરવાનું કોંગ્રેસના જ મુખ્ય આગેવાન એવા ભારતના મહા અમાત્ય જવાહરલાલજીને સોંપાવાનું હતું અને ધારો કે આ બધી કબુલાતમાંથી નામબુદ્રીપાદે પીછેહઠ કરી હોત તો તેની સામે અને તેના પક્ષ સામે જે કાંઇ પગલાં ભરવામાં આવત તેના વ્યાજબીપણા સામે કોઇને કશું કહેવાનું ન રહેત.

પણ આ પ્રશ્નને પાર્લામેન્ટરી બોર્ડે આ રીતે વિચાર્યો હોય એમ લાગતું નથી. અથવા તો સામ્યવાદી વહીવટના હાથે જે અનર્થપરંપરા ચાલી રહી હતી; જેનું પુરું ચિત્ર કદાચ આપણી સામે ન હોય તેથી ત્રસ્ત બનીને સમગ્ર રાષ્ટ્રના હિતમાં તેને હવે ખતમ કર્યા સિવાય બીજો કોઇ વિકલ્પ જ નથી એવા નિર્ણય ઉપર પાર્લામેન્ટરી બોર્ડ આવેલ હોય—આ પ્રકારની વિચારણામાંથી ઉપર જણાવેલ ઠરાવનો જન્મ થયો એમ લાગે છે.

હવે શું થશે એ પ્રશ્ન આજે સૌ કોઇના મોઢા ઉપર રમી રહ્યો છે. આનો નિશ્ચયપૂર્વક જવાબ કોઇ આપી શકે તેમ નથી. સામ્યવાદી સરકાર સાથે સમાધાનીનો માર્ગ નીકળે અને બીનબંધારણીય માર્ગ ઉપરથી કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષો પાછા હઠે તો તેના જેવું ઉજળું બીજું કશું નહિ. પણ પાર્લામેન્ટરી બોર્ડનો ઠરાવ સૂચવે છે તે દિશા તો કાંઇક આવી હોવા સંભવે છે કે બંધારણની કલમ ૩૫૬ નો આશ્રય લઇને કેરલનો ગવર્નર રાષ્ટ્રપતિને એમ જણાવશે કે કેરલમાં ગંભીરપણે ગેરવહીવટ ચાલી રહ્યો છે એ ઉપરથી, અથવા તો પોતાના સમક્ષ બન્ને પક્ષ તરફથી તેમજ કેન્દ્રસ્થ પ્રધાનમંડળ તરફથી રજુ કરાયલી વિગતો ઉપરથી, રાષ્ટ્રપતિને કેરલમાં ગંભીર પ્રકારનો ગેરવહીવટ—gross misgovernment—હોવાની સ્વતઃ પ્રતીતિ થશે તો તેઓ ઓર્ડીનન્સ કાઢીને સામ્યવાદી પક્ષના પ્રધાનમંડળને બરતરફ કરશે અને ત્યાંના વહીવટની જવાબદારી પોતે ધારણ કરશે અને પોતાના પ્રતિનિધિ તરીકે કેરલના રાજ્યપાલને નવી ચૂંટણી થાય અને નવું પ્રધાનમંડળ રચાય ત્યાં સુધી રાજ્ય વહીવટ સંભાળવાનો આદેશ આપશે. અત્યારે રાષ્ટ્રપતિ સમક્ષ કેરલની મહાસભા સમિતિના પ્રમુખ શ્રી. આર. શંકરે સામ્યવાદી સરકારની સામેના તહોમતનામાના આકારનું જે મેમોરેન્ડમ—નિવેદન—રજુ કર્યું છે તે દ્વારા કેરલમાં પ્રેસીડેન્ટ રાજ્યની પૂર્વભૂમિકા રચાય એવો સંભવ છે. આગળ ઉપર શું થાય છે તે જોવાનું રહે છે, પણ કોંગ્રેસે અથવા તો પાર્લામેન્ટરી બોર્ડે આ કટોકટી સંબંધમાં જે વલણ ધારણ કર્યું છે અને જે દિશાએ આગળ ચાલવાનો નિરધાર કર્યો છે તેથી કોંગ્રેસ તરફ પક્ષપાત ધરાવતી અનેક વ્યકિતઓ ચિન્તાવ્યાકુળ બની છે. જાણે કે બાર વર્ષ સુધી અખંડિત રહેલી રાજકારણી સ્થિરતા હવે ડગમગવા લાગી હોય અને અણધાર્યું અમંગળ ભાવી સમીપ આવી રહ્યું હોય એ ભીતિ સૌ કોઇના ચિત્તને સ્પર્શી રહી છે.

પરમાનંદ

જૈન આચારના મૂળ સિદ્ધાંતો

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન બનારસ હિન્દુ યુનિવર્સિટીના જૈનદર્શનના અધ્યાપક શ્રી. દલસુખભાઇ માલવણિયાએ 'જૈન આચારના મૂળ સિદ્ધાન્તો' એ વિષય ઉપર આપેલું વિદ્વત્તાપૂર્ણ, મૌલિક ચિન્તનયુકત વ્યાખ્યાન.)

જૈન આચારના મૂળ સિદ્ધાન્તો વિષે અહિં વિચાર કરવાનો છે, પણ જૈન આચારનું ઘડતર સમજવા માટે વૈદિક અને બૌદ્ધ આચાર વિષે પણ થોડું વિવેચન જરૂરી છે. એ વિના જૈન આચારના ઘડતરમાં કયા કયા તત્ત્વોએ કેવી રીતે ભાગ ભજવ્યો છે એ સમજવું કઠણ છે. વ્યકિતના આચારનો અધિકાંશ સમાજ ઉપર આધાર રાખે છે અને જૈન સમાજ કે સંઘ કદી પણ એકલો—અટુલો રહ્યો હોય તેમ જણાતું નથી. વૈદિક સમાજની વચ્ચે જૈન સમાજ સદૈવ રહેતો આવ્યો છે અને વચલા કાળમાં બૌદ્ધ સંઘ સાથે પણ તેને સંપર્ક રહ્યો છે. આવી સ્થિતિમાં જૈન સદાચારને સમજવાની ચાવી કેવળ જૈન શાસ્ત્રમાં નહિ, પણ વૈદિક અને બૌદ્ધઆચારની તુલનામાં પણ રહેલી છે એ સ્પષ્ટ છે. એટલે પ્રથમ વૈદિક આચારના મૂળ સ્રોતો વિષે થોડું વિવેચન કરીને બૌદ્ધઆચારના સ્રોતનો સંકેત કર્યા પછી જ જૈનઆચાર વિષે વિવેચના કરવી સંગત છે. એમ કરવાથી પ્રતિપાદ્ય વિષયનું હાર્દ પકડવામાં સુજ્ઞોને સરલતા રહેશે એમ માનું છું.

વૈદિક આચારના સ્રોતો

વૈદિક પરંપરાનો આધાર વેદ છે, એટલે વૈદિક આચારનો મૂળ સ્રોત શ્રુતિ–વેદ છે, અને તે અપૌરુષેય હોય કે ઈશ્વરપ્રણીત હોય–બન્ને સ્થિતિમાં તે સદાચારની બાબતમાં આજ્ઞારૂપ છે. એમાં તર્ક કે ઉપપત્તિને સ્થાન નથી. અમુક આચરણ શા માટે કરવું એના કારણમાં ઊતરવાની આવશ્યકતા નથી. માત્ર તે વેદપ્રતિપાદિત છે એટલું જ પર્યાપ્ત છે. વેદ ઉપરાંત સ્મૃતિઓ પણ સદાચારમાં પ્રમાણ છે. એમ માનવામાં આવે છે કે સ્મૃતિઓનું મૂળ વેદ છે, તેથી તે પણ સદાચાર વિષે પ્રમાણ છે. એવો સ્મૃતિપ્રતિપાદિત આચાર જેનું મૂળ વિદ્યમાન વેદમાં જો ન મળતું હોય તો પણ માનવામાં આવ્યું છે કે તેવા આચારનું મૂળ વેદમાં જ છે પણ તે વેદનો અંશ નષ્ટ થયો છે. આમ વેદપ્રતિપાદિત આચારનું જ સમર્થન સ્મૃતિઓ કરે છે એમ મનાયું છે, જો કે વસ્તુસ્થિતિએ જોતાં સ્મૃતિઓમાં એવા ઘણા આચારો છે જેનું મૂળ તો વેદમાં નથી જ, પણ ઉલ્લંઘન વેદપ્રતિપાદિત આચારથી તે વિરુદ્ધ પણ જાય છે. બાદના નિબન્ધકારોએ આ વિરોધનું સમાધાન કરવા પ્રયત્ન કર્યો છે, પણ તે લૂલો બચાવ જણાય છે. ખરી વાત તો એવી છે કે સ્મૃતિકારોએ પોતાના કાળની માન્યતાઓને નિયમનું રૂપ આપી દીધું છે, અને વેદની પ્રતિષ્ઠાનો માત્ર તેમાં પ્રામાણ્ય લાવવા પૂરતો ઉપયોગ કર્યો છે. શ્રુતિ અને સ્મૃતિ ઉપરાંત તદ્વિદોનું શીલ–અનુષ્ઠાન પણ આચરણમાર્ગમાં પ્રમાણ ગણાય છે. આનો અર્થ એ થાય કે જેનો આધાર શ્રુતિ અને સ્મૃતિ બન્નેમાં ન મળતો હોય છતાં પણ તદ્વિદો કોઇ અનુષ્ઠાન કરતા હોય તો તે સદાચાર પણ અનુયાયીઓ માટે માર્ગદર્શક બને છે. આ ઉપરાંત ધર્માચરણના સ્રોત તરીકે પુરાણો પણ છે. પુરાણોમાંના કથાનકોમાંથી પણ અમુક પરિસ્થિતિમાં કરણીય અને અકરણીય શું એનો નિર્દેશ મળી રહે છે. એટલે પુરાણોને પણ સદાચરણના સ્રોત તરીકે ગણવામાં આવે છે. છતાં પણ આચરણ વિષે જ્યાં શંકા ઉપસ્થિત થાય ત્યાં પરિશિષ્ટ અર્થાત્ વેદ અને ધર્મશાસ્ત્રજ્ઞોની સભા જે નિર્ણય આપે તે પણ સદાચારનો સ્રોત બને છે. આમ સ્રોતો અનેક છતાં એ બધાનું મૂળ ઉદ્‌ગમસ્થાન વેદ છે. અને તેમાં જે સદાચાર ન હોય તે પણ છેવટે તો તેથી અવિરુદ્ધ હોવો જ જોઇએ એમ મનાયું છે, દેખીતી રીતે કોઇ સદાચાર વેદથી વિરુદ્ધ જણાય તો પણ તે વેદથી અવિરુદ્ધ જ છે એવી ઉપપત્તિ શોધી કાઢવામાં આવે છે. એટલે કે બધા આચારનું મૂળ વેદ છે અને તેથી જે વિરુદ્ધ હોય તે ધર્મજનક બની શકે નહિ અથવા તો ધર્મ ગણાય નહિ. આમ વૈદિકો માટે વેદ એ આચરણની બાબતમાં પ્રમાણ છે. પણ આનો અર્થ કોઈ એમ કરે કે વેદકાલીન આચાર જ આજે હિન્દુસમાજમાં પ્રવર્તે છે, તો તે મોટી ભૂલ કરે છે. વસ્તુસ્થિતિ એવી છે કે સ્મૃતિકારો અને નિબંધકારોએ પોતપોતાના કાળમાં પ્રચલિત અને પરિવર્તિત આચારોનું સમર્થન કર્યું છે, અને કેટલાક વેદકાલીન આચારોને તો કલિવર્જ્ય ગણીને વેદવિહિત છતાં વર્જ્ય ગણ્યા છે, અને તેને બદલે સમકાલીન પ્રચલિત અને પરિવર્તિત આચારોને ગ્રાહ્ય ગણ્યા છે. આમ છતાં એક વસ્તુ સ્પષ્ટ છે કે તેઓ એ પરિવર્તિત આચારોને પણ વેદથી અવિરુદ્ધ છે એમ સ્થાપવાનો પ્રયત્ન તો અવશ્ય કરે છે. અને તેથી એમ કહી શકાય કે તેમને માટે તે બધા આચારો વેદવિહિત જેવા જ છે અને તેમનું પ્રામાણ્ય વેદથી જ છે. એટલે કે બધા આચારોનું મૂળ તેઓ વેદમાં જ શોધે છે. પછી ભલે વેદમાં એમાંનું આપણી દૃષ્ટિએ કશું જ ન હોય સંક્ષેપમાં એમ કહી શકાય કે વેદથી આજ સુધીમાં આચારોનું સમયાનુકૂલ પરિવર્તન થતું જ આવ્યું છે. અને તે પરિવર્તનને બુદ્ધિબળે વેદવિરોધી સિદ્ધ કરવામાં પંડિતોના પાંડિત્યનો ઉપયોગ થતો રહ્યો છે. વસ્તુસ્થિતિએ આજના રૂઢ આચારોના સમર્થનમાં વેદમાંથી બહુ જ થોડું મળી શકે એમ છે એ સ્વીકારવું જોઇએ. એટલું જ નહિ પણ આજના હિન્દુકોડના ધારામાં આવતા ઘણા સુધારક આચારોનું સમર્થન વેદમાંથી મળે છે છતાં આશ્ચર્ય તો એ છે કે સનાતની હિન્દુઓ વેદનું નામ લઇને હિન્દુકોડનો વિરોધ કરતા રહ્યા છે.[૧]

બૌદ્ધ આચારનો સ્રોત

બૌધ્ધ વિનય અર્થાત્ આચારના નિયમોનું સર્જન કરવાનો અધિકાર કેવળ ભગવાન બુધ્ધને જ છે. તેમનું નિર્વાણ થયું ત્યારે કેટલાક ભિક્ષુઓ કહેવા લાગ્યા કે હવે આપણે સ્વતંત્ર થઇ ગયા, આપણા ઉપરનું નિયન્ત્રણ દૂર થયું એટલે ફાવે તેમ વર્તન કરી શકાએ છીએ. આ સાંભળી શ્રધ્ધાળુ ડાહ્યા પાંચસો સ્થવિરોએ સંગતિ કરી અને ભગવાન બુધ્ધે જે આચારના નિયમોનું પ્રવર્તન કર્યું હતું તેને સંભારી સંભારીને જે સંકલન કર્યું–એ જ 'વિનયપિટક' નામે ઓળખાય છે. બૌધ્ધ ધર્મમાં અનેક સંઘ અને 'સંપ્રદાયભેદો થયા, પણ એ બધાના વિનયમાં નહિવત્ ભેદ છે. એ સર્વેને એક વસ્તુ સમાન રીતે માન્ય છે કે આચારના નિયમોનું સર્જન તો ભ. બુધ્ધ જ કરી શકે છે. આ રીતે કહી શકાય કે બૌદ્ધધર્મમાં આચારનો સ્રોત કેવળ ભ. બુદ્ધ જ છે.

બૌદ્ધ વિનયના નિયમોમાંથી સંઘ આવશ્યક સમજે તો અતિ ગૌણ નિયમોને ઢીલા પણ કરી શકે છે, અથવા તો તેવા અતિ ગૌણ નિયમોનું ઉલ્લંઘન પણ કરી શકે છે એવું, નિર્વાણ સમયે ભ. બુધ્ધે ભિક્ષુ આનંદને કહેલ. છતાં પણ સંગતિમાં એકત્ર થયેલા ભિક્ષુઓ એવા ઉલ્લંઘનના પક્ષમાં ન થયા અને નાના મોટા બધા જ નિયમોનું પાલન કરવું આવશ્યક છે એમ તેમણે નક્કી કર્યું. કારણ કે ભિક્ષુ આનંદે ભ. બુધ્ધ પાસેથી એ સ્પષ્ટીકરણ માગ્યું ન હતું કે કયા કયા નિયમોને ભ. બુધ્ધ અતિ ગૌણ ગણતા હતા. નિર્વાણ પછી સો વર્ષે અમુક ભિક્ષુઓનો આચારમાં કેટલાક નિયમોમાં શિથિલતા આવી. અને એવી શિથિલતાને વિહિત અથવા તો બુધ્ધવચનનું સમર્થન છે એમ તેઓ કહેવા લાગ્યા. ત્યારે ફરી પાછા ૭૦૦ સ્થવિરો એકત્ર થયા અને નિર્ણય કર્યો કે એવી શિથિલતાના સમર્થનમાં બુધ્ધવચન નથી. તેથી વિનયવિરુધ્ધના એવા શિથિલ આચારોનું વર્જન કરવું જોઇએ. આમ એ સ્પષ્ટ છે કે બૌધ્ધોએ એ સ્પષ્ટ રીતે સ્વીકાર્યું છે કે આચારનો સ્રોત કેવળ ભ. બુદ્ધ છે. તેમાં અપવાદ કરવાનો અધિકાર કોઇને પણ નથી. એટલું જ નહિ પણ ગૌણ નિયમોનું અતિક્રમણ કરવાની સંઘને છૂટ બુધ્ધે આપ્યા છતાં પ્રતિનિયત ગૌણ નિયમોની સૂચના બુદ્ધની નહિ હોવાથી એમાં પણ છૂટ સંઘે સ્વીકારી નહિ. આ વસ્તુ સંઘની ભ બુધ્ધમાં અપ્રતિમ નિષ્ઠા બતાવે છે. અને આચારમાં એક માત્ર બુદ્ધનું જ અપ્રતિહત પ્રામાણ્ય સ્વીકારે છે.[૨]

વેદપ્રતિપાદિત આચાર એ આજ્ઞા છે અને તેમાં તર્ક યા ઉપપત્તિને કાંઇ સ્થાન નથી, જ્યારે બુધ્ધે જે જે આચારના નિયમો બનાવ્યા છે તે શા માટે બનાવવા જરૂરી હતા તેનું સ્પષ્ટીકરણ કરાવતી વસ્તુકથા વિનયપિટકમાં આપવામાં આવી છે. સામાન્ય રીતે કહી શકાય કે લોકાપવાદ જે કાર્યોથી થાય તેવાં કાર્યોનો નિષેધ બુધ્ધે કર્યો છે. અને નિયમપાલનનું ઔચિત્ય પણ સિદ્ધ કરવાનો પ્રયત્ન પદે પદે વિનયમાં સ્પષ્ટ દેખાય છે. બૌધ્ધ આચારમાર્ગની એક ખાસ વાત એ છે કે પાલનકર્તા તેનું ફળ પ્રત્યક્ષ કરે છે અને બીજાઓ પણ બૌદ્ધોના આચાર માર્ગનું પરિણામ જોઇ શકે છે. અર્થાત્ અદૃષ્ટ ફળ ઉપર બુધ્ધનો ભાર નથી, પણ પ્રત્યક્ષ ફળ ઉપર બુદ્ધનો વિશેષ વિશેષ ભાર છે. વૈદિક અને બૌદ્ધ આચારમાં આ એક ધ્યાનમાં લેવા જેવો ભેદ છે.

---

૧. વિશેષ વિવરણ માટે જુઓ ડો. અલ્ટેકરનું–
'Sources of Hindu Dharma,' Pub. Institute of Public Administration, Sholapur.

૨. જુઓ વિનયપિટક–પંચશતિકા સ્કંધક અને સપ્તશતિકા સ્કંધક

જૈન આચાર : દર્શન અને આચાર

જૈન આચારનો વિચાર જૈન દર્શનના વિચારથી જુદો થઈ શકે નહિ, એટલે દાર્શનિક વિચારોને અનુકૂળ રહીને જ જૈન આચારનું ઘડતર થઈ શકે એ વસ્તુ સ્વીકારવી જોઈએ. સામાન્ય રીતે જોવાય છે એવું કે દાર્શનિક સિદ્ધાંત એક હોય છે અને આચારનો સિદ્ધાન્ત તેથી વિપરીત જ હોય છે. કહેવત તો છે કે વિચાર એવો આચાર. પણ મોટે ભાગે દાર્શનિક વિચાર સાથે આચારની સંગતિ મેળવવા ધાર્મિકોએ પ્રયત્ન નથી કર્યો. એ ખાસ કરી ભારતમાં તો સ્પષ્ટ છે. વૈદિકોએ દાર્શનિક સિધ્ધાન્તની પરાકાષ્ઠા અદ્વૈત સિધ્ધાન્ત સ્થાપીને પ્રાપ્ત કરી અને સંસારમાં જે કાંઈ છે તે એક બ્રહ્મ અથવા પરમાત્માનો જ વિસ્તાર છે એમ વિચારથી નક્કી કર્યું; પણ એ વિચારને અનુકૂળ જો આચારનું ઘડતર થયું હોત તો ભારતવર્ષની પરિસ્થિતિ આજે જુદી જ હોત. જાત-જાતના ભેદ, સ્પૃશ્યાસ્પૃશ્યતા, પ્રાન્તીયતાવાદ, ભાષાભેદ આદિને કારણે ભારતીય સમાજ આજે જે છિન્નભિન્ન દશામાં છે તે કદી પણ ન હોત. તેને બદલે વસુધૈવકુટુંબમાં માનનારો એક આદર્શ સમાજ ભારતમાં નિર્મિત થયો હોત. પણ દુર્ભાગ્યે વિચાર પ્રમાણે આચારનું ઘડતર નથી થયું એ સ્પષ્ટ છે. દાર્શનિક દૃષ્ટિએ ગણી બીજી પણ એક ત્રુટિ તરફ જૈન આચાર્યોએ વૈદિકોનું ધ્યાન ખેંચ્યું છે તે એ કે આત્માને જો કૂટસ્થ એકરૂપ માનવામાં આવે તો આત્મામાં બંધ-મોક્ષ વ્યવસ્થા, પુનર્જન્મ, એક અવસ્થા વટાવીને બીજી અવસ્થા પ્રાપ્ત કરવાનો સંભવ અને બંધથી છૂટવા મોક્ષ માટેના પ્રયત્ન માટે આવશ્યક આચરણનો પણ સંભવ નથી. સામાજિક દૃષ્ટિએ પણ જે દાર્શનિકો એકાંત નિત્યવાદમાં માનતા હોય તેમને મતે સામાજિક સુધાર કે આચરણનું પરિવર્તન કે રાજનૈતિક વિચારધારાનું પરિવર્તન પણ શક્ય નથી. સંભવિત નથી. એટલે તેમનો સમાજ એકરૂપ રૂઢિયુક્ત જ સંભવે. આથી ઉલટું જે દાર્શનિકો આત્માને કૂટસ્થ ન માનતા પરિણામી નિત્ય માને તેમને મતે જ પરિવર્તનને અવકાશ રહે છે. અને પરિવર્તન જીવનના વૈયક્તિક સામાજિક, રાજનૈતિક, આર્થિક આદિ સર્વક્ષેત્રોમાં સંભવિત બની શકે છે.

જૈન આચારનું ઘડતર અનેકાંતમૂલક

આમ જૈનોએ દાર્શનિક સિધ્ધાન્ત તરીકે અનેકાંતવાદને જ્યારે સ્વીકાર્યો, ત્યારે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પરિવર્તનને અવકાશ છે છે તેમ સ્વતઃ સ્વીકારી લીધું. પરિણામ એ આવ્યું કે જૈનોના અભ્યુદયકાળમાં જૈનધર્મ એ એક સુધારક ધર્મ તરીકે સ્વતઃ પ્રસિધ્ધ થયો. વૈદિકોની સંકુચિત વર્ણવાદ, ઉચ્ચનીચ ભાવના, સ્પૃશ્યાસ્પૃશ્યતા, સ્ત્રી-પુરૂષના અસમાન અધિકાર આદિ માન્યતાઓથી વિરૂધ્ધ જૈનોનું આચરણ હતું. અને તે તેમના પોતાના દાર્શનિક સિધ્ધાન્તને અનુસાર હતું. પણ દુર્ભાગ્યે જૈનધર્મની બધા પોતાની શક્તિ વૈદિકોના પ્રભાવે કાળક્રમે ક્ષીણ થઈ ગઈ છે અને અત્યારે એ સમાજ વૈદિક સમાજથી કોઈ પણ રીતે સુધારક દૃષ્ટિએ અથવા તો ક્રાંતિકારી વિચારની દૃષ્ટિએ કોઈ પણ જાતનું પ્રાથ્રૂપ ધરાવે છે એવું કહી શકાય તેમ રહ્યું નથી. એટલે કે મૂળે તેમાં આચારમાં ક્રાંતિકારી અને સુધારક દૃષ્ટિબિન્દુ પોતાના દાર્શનિક સિધ્ધાન્ત અનેકાન્તવાદને કારણે હતું એ તથ્ય છતાં, આજે જૈન સમાજ પણ વૈદિકોની જેમ જ વિચાર પ્રમાણે આચાર નથી ધરાવતો એ પણ તથ્ય છે. એટલે કે આજની સ્થિતિ પ્રમાણે સમગ્ર ભારતવર્ષની સમસ્યા વિચારને અનુકૂળ આચાર ઘડતરની છે. વૈદિક અને જૈન બન્ને પોતપોતાના દાર્શનિક સિધ્ધાન્તને અનુસરી જો આચારનું ઘડતર કરે તો સમાજ ઉચ્ચ સ્થિતિએ પહોંચે એવી સંપૂર્ણ શક્યતા છે જ

આજ્ઞા એ ધર્મ-તર્ક અને આચાર

જૈન આચારની બાબતમાં જે એક વસ્તુ ઉપર ભાર અપાયેલો આપણે જોઈએ છીએ તે છે-'આણાए धम्मो -અર્થાત્ ભગવાનની આજ્ઞાના પાલનમાં ધર્મ છે. આ ઉપરથી એક વસ્તુ ઉપર-ઉપરથી એમ સમજાય છે કે વેદવિધિ અર્થાત આજ્ઞા અને જિનની આજ્ઞા એ બન્ને સરખી રીતે આજ્ઞા હોઈ અતર્ક્ય છે, પણ વસ્તુ-સ્થિતિમાં સહજ ભેદ છે અને એ ભેદમાં જ જૈન અને વૈદિક આચારનો મૌલિક ભેદ છે.

બૌધ્ધ આચારના નિયમના ઘડતરમાં કોઇને કોઇ પ્રસંગની ઉપસ્થિતિ અનિવાર્ય મનાઇ છે. અને ઉપસ્થિત પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા આચારના નિયમોનું ઘડતર ક્રમે ક્રમે થતું ગયું છે તે વિનયપિટક વાંચતાં સ્પષ્ટ થાય છે પણ એનો અર્થ એવો નથી કે નિયમોના ઘડતરમાં આચાર્યોનો કોઇ મૌલિક સિધ્ધાન્ત કામ કરતો નહોતો. બુધ્ધનો મૂળ સિધ્ધાંત છે કે કુશળ કાર્ય કરવું અને અકુશળનું નિવારણ કરવું. આ સિધ્ધાન્તની કસોટીએ પ્રત્યેક નિયમને કસી શકાય-પણ કુશલાકુશલનો અંતિમ વિવેક કોણ કરે ? એ વિવેક બુધ્ધે પોતે પોતાના હાથમાં રાખ્યો છે. સંઘે એ જવાબદારી નથી લીધી કે તે વિવેક કરીને નક્કી કરે કે કુશલ શું અને અકુશળ શું ? પણ આથી એમ નથી સમજવાનું કે બુધ્ધે જે વિવેક કર્યો છે તે અતર્ક્ય છે. બુદ્ધનો તો એ દાવો હતો કે હું જે કહું છું તે પ્રજ્ઞાથી કહું છું અને શ્રોતા એ સ્વીકારતા પહેલાં પોતાની તર્ક અને બુદ્ધિશક્તિનો અવશ્ય ઉપયોગ કરે, અને પરીક્ષા કર્યા પછી એમ જણાય કે બુધ્ધવચન તથ્ય અને હિતકર છે તો જ સ્વીકારે. એટલે એમ નહિ કહી શકાય કે આચારના વિષયમાં અંતિમ સત્ય બુધ્ધની આજ્ઞા છે, એમ છતાં એ આજ્ઞા અતર્ક્ય નથી મનાઇ. જ્યારે વૈદિકવિધિ વિષે આમ નથી.

અપૂર્ણ

દલસુખ માલવણિયા.

'સ્વતંત્ર પક્ષ'

કોંગ્રેસના વિરોધી પક્ષ તરીકે ભારતના ભીષ્મપિતામહ સમા શ્રી. ચક્રવર્તી રાજગોપાલાચાર્યની આગેવાની નીચે એક નવો રાજકીય પક્ષ અસ્તિત્વમાં આવી રહ્યો છે એ લોકશાહીની દૃષ્ટિએ એક આવકારપાત્ર ઘટના લાગે છે. કોંગ્રેસ સામે અત્યારે ઓછું યા વધતું મહત્ત્વ ધરાવનારા વિરોધી રાજકીય પક્ષો ત્રણ છે: જનપદ સંઘ, પ્રજાસમાજવાદી પક્ષ, અને સામ્યવાદી પક્ષ. જનપદ સંઘ હિંદુ મહાસભા તરફ ઢળેલો પક્ષ છે અને તેનું રાજકીય પ્રભુત્વ પ્રમાણમાં અલ્પ છે; પ્રજાસમાજવાદી પક્ષ તેના આગેવાનોના ચિત્રવિચિત્ર વલણોને લીધે તેમ જ પૂરતી પક્ષનિષ્ઠાના અભાવે કોંગ્રેસ સામે સંગીન મોરચો માંડી શકે એવું પ્રભુત્વ જમાવી શક્યો નથી. સામ્યવાદી પક્ષ જ એક એવો વિરોધ પક્ષ છે કે જેનો અનુયાયીગણ અત્યન્ત મર્યાદિત છે એમ છતાં તે પૂરો વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ છે અને તેથી રાજકારણના ક્ષેત્રમાં કોંગ્રેસનું વર્ચસ્ ઘટતું જતાં વહેલો મોડો સામ્યવાદી પક્ષ સત્તા ઉપર આવશે એવો ખ્યાલ દેશભરમાં કેળવાતો ચાલ્યો છે. સામ્યવાદી વિચારણા, તેની કાર્ય કરવાની નિષ્ઠુર પધ્ધતિ અને સ્થાપિત જીવનમૂલ્યોનો ઇન્કાર અથવા અસ્વીકાર, પ્રજાજનોના વ્યક્તિગત સ્વાતંત્ર્યની અવગણના – આ કારણોને લીધે સામ્યવાદનો ઉત્કર્ષ ભારત માટે એક ઘણું મોટું ભયસ્થાન બની રહેલ છે. આ પરિસ્થિતિમાં સામ્યવાદી નહિ એવો એક સંગીન કોંગ્રેસ-વિરોધી પક્ષ ઉભો થવાની લોકશાહીની દૃષ્ટિએ જરૂર છે આવો અભિપ્રાય લોકશાહીના ચિન્તકો ધરાવી રહ્યો છે.

આજે કોંગ્રેસ આપણા દેશમાં સૌથી વધારે પ્રભુત્વ ધરાવતો રાજકીય પક્ષ છે. દેશને તેણે આઝાદી અપાવી છે અને સ્વરાજ્યને સુદૃઢ કરવામાં આજ સુધીમાં તેણે ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો છે. વિચારના ક્ષેત્રમાં તેણે દેશને અદ્‌ભુત દોરવણી આપી છે અને પ્રગતિશીલ ક્રાન્તિકારી વિચારોને તેણે અપનાવ્યા છે. થોડાંક વર્ષ પહેલાં સમાજવાદી ઢબની સમાજરચનાનું ધ્યેય સ્વીકારીને સમાજવાદીઓને તેમજ સામ્યવાદીઓને તેણે હતપ્રભાવ કર્યા છે.

સર્વોદય વિચાર સાથે પોતાનો તાલ મેળવતા રહીને કૉંગ્રેસે સતત પ્રગતિશીલ હોવાની પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખી છે.

આમ છતાં આજે કૉંગ્રેસના ધ્વજ નીચે એક પ્રકારનો શંભૂમેળો એકઠો થયો છે. કૉંગ્રેસ સત્તાલક્ષી તેમ જ સત્તાપ્રાપ્તિનું એક માત્ર સાધન બનવાના કારણે સમાજવાદને કોઈ પણ અર્થમાં સ્વીકારતા હોય યા ન સ્વીકારતા હોય – એવી અનેક વ્યક્તિઓ કૉંગ્રેસમાં જોડાઈ છે. કૉંગ્રેસના રાજ્યવહીવટની અનેક સિદ્ધિઓ હોવા છતાં તેમાં સડો, લાંચરૂશ્વત અને શિથિલતા દિનપ્રતિદિન વધી રહી છે અને પરિણામે તે પ્રત્યે પ્રજાજનોનો અવિશ્વાસ તેમજ અણગમો વધતો ચાલ્યો છે. આર્થિક ક્ષેત્રે તેની નીતિ ઉદ્દામ રહી છે, પણ તે નીતિ સાથે કૉંગ્રેસી લેખાતા અનેક લોકોએ તાલ ગુમાવ્યો છે. ઉપરથી ઉદારમતવાદી કહેવાય, અંદરથી હાડોહાડ કોમવાદી હોય; ઉપરથી સમાજવાદી કહેવાય, અંદરથી મુડીવાદી હોય; ઉપરથી સર્વોદયવાદી કહેવાય, અંદરથી આત્મોદયવાદી હોય; ઉપરથી અહિંસાવાદી કહેવાય, અંદરથી હિંસાવાદી હોય; આવી દ્વિધા વૃત્તિ ધરાવતી અનેક વ્યક્તિઓ કૉંગ્રેસની અંદર ચાલુ રહીને કૉંગ્રેસને નબળી, હતપ્રાણ અને શિસ્તવિહોણી બનાવી રહેલ છે. વિચારના તેમ જ યોજનાના ક્ષેત્રમાં કૉંગ્રેસ હરણફાળે આગળ વધી રહી છે અને આચારના ક્ષેત્રમાં કૉંગ્રેસીઓનો ઘણો ભાગ પાંચ ડગલા પણ આગળ વધતો નથી. કૉંગ્રેસ જ્યારે આગળને આગળ જવાની વાત કરી રહી છે ત્યારે એક એવો વિચાર દેશમાં મૂર્તરૂપ ધારણ કરી રહેલ છે જે એમ કહે છે કે "આ બધી દોડાદોડ શાને અને કોના હિત માટે? જરા ધીમા ચાલો, પૂરો વિચાર કરો, આ દોડાદોડમાં કંઈ પણ એવું ન કરી બેસો કે જે દેશને લાભકર્તા નીવડવાને બદલે ખતરનાક નીવડે." આમ જ્યારે કૉંગ્રેસ સામુદાયિક કલ્યાણ ઉપર વધારે ભાર મૂકે છે, ત્યારે બીજો વર્ગ વ્યક્તિસ્વાતંત્ર્ય ઉપર વધારે ભાર મૂકે છે. એકની બુદ્ધિ 'પબ્લીક સેકટર'નું ક્ષેત્ર બને તેટલું વધારવા તરફ કામ કરે છે; બીજાની બુધ્ધિ 'પ્રાઇવેટ સેકટર'ની બને તેટલી રક્ષા કરવામાં દેશનું કલ્યાણ રહેલું છે એમ માને છે, એકનું વલણ વ્યાપાર ઉદ્યોગના ક્ષેત્રમાં લોકકલ્યાણ લક્ષમાં રાખીને બને તેટલાં નિયંત્રણે મૂકવા તરફ છે, જ્યારે બીજો વિચારપક્ષ વ્યાપાર ઉદ્યોગના ક્ષેત્રને મુકતપણે વિકસવા દેવામાં માને છે. આમ એકના વિરોધમાં બીજી વિચારસરણી આગળ આવી રહી છે. તેને વાચા આપનાર એક નવો રાજકીય પક્ષ અસ્તિત્વમાં આવવાની જરૂર ઉભી થઇ જ હતી.

આ અરસામાં નાગપુર ખાતે કેટલાક મહીના પહેલાં ભરાયેલા કૉંગ્રેસ અધિવેશને સર્વીસ કોઓપરેટીવ્ઝ અને કોઓપરેટીવ ફાર્મીંગ (સહકારી ખેતી)ને લગતો અને તેના અનુસંધાનમાં ભારતમાં જમીનની માલેકીનું મથાળું બાંધવાનો અને એ રીતે માલેકીમાંથી છુટી થતી જમીનોને જમીનવિહોણા ખેડુતોમાં વહેંચી દેવાનો ઠરાવ પસાર કર્યો. આ ઠરાવનો વિરોધ એક નવા પક્ષને જન્મ આપવાનું નિમિત્ત બની રહ્યો છે. પ્રસ્તુત ઠરાવમાં દેશના કેટલાક રાજકારણી આગેવાનોને સામ્યવાદ તરફ કૉંગ્રેસ ઢળી રહ્યાની ગંધ આવી છે અને તે સામે શ્રી. રાજગોપાલાચાર્ય, શ્રી રંગા, શ્રી. ક. મા. મુનશી, શ્રી. મીનુ મસાણી વગેરે તરફથી સખ્ત વિરોધ શરૂ કરવામાં આવ્યો છે. આ વિરોધી આન્દોલનમાંથી કૉંગ્રેસ સામે એક નવો રાજકીય પક્ષ ઉભો થઇ રહ્યો છે. આ પક્ષને 'સ્વતંત્ર પક્ષ' નામ આપવામાં આવ્યું છે.

આ નવા પક્ષનું આજે દેશભરમાં ઠીક ઠીક આન્દોલન ચાલી રહ્યું છે અને તેના ધ્યેય અને કાર્યક્રમ ને આકાર અપાઇ રહ્યો છે. આ પક્ષનું સ્વરૂપ-જે રીતે ઘડાઇ રહ્યું છે તે જોતાં-ગ્રેટ બ્રીટનમાં કોન્ઝર્વેટીવ પક્ષના નામે જે પક્ષ ઓળખાય છે તેને મળતું થવાનું હોય એમ લાગે છે.

તેમાં સ્થાપિત હિતોની રક્ષા ચિન્તવવાવાળા, મુડીવાદનું પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ અનુમોદન કરવાવાળા, સહસા વિદ્રુધિત ન ક્રિયા-આ પ્રકારની મનોદશા ધરાવતા, પ્રત્યેક ક્ષેત્રમાં મધ્યમ માર્ગનું અવલંબન કરવાની વૃત્તિવાળા, ગરીબ સાથે ધનવાનોનું હિત પણ જળવાવું જોઇએ, ખેડુત સાથે જમીનદારોને પણ સંભાળવા જોઇએ, મજૂર સાથે માલીકોનું પણ હિત જોવું જોઇએ-આવી દ્વિપક્ષી, દ્વિલક્ષી વૃત્ત ધરાવતા લોકો આ પક્ષમાં જોડાશે. મોખરે રાજગોપાલાચાર્ય જેવી વિશિષ્ટ કોટિની વ્યક્તિ હોઇને નવા પક્ષની વિચારણાને ગમે તેટલું ઉન્નત, ગાંધીવાદી, રૂપ આપવામાં આવે તો પણ સરવાળે તેમાં જે પ્રકારના આગેવાન લોકો જોડાઈ રહ્યા છે તેને અનુરૂપ નવા પક્ષની વિચારસરણી આકાર ધારણ કરવાની છે. કૉંગ્રેસથી અસંતુષ્ટ, સત્તાપ્રાપ્તિના ધ્યેયમાં નિષ્ફળતા અનુભવી રહેલા, કોઈ પણ નવા વિચારસાહસથી ડરનારા, સ્થાપિત હિતો વિષે પક્ષપાત ધરાવનારા, 'ધીમે ચાલો'ના મંત્રની ઉપાસના કરવાવાળા અને સામ્યવાદની સતત ભડક સેવતા લોકોનું જૂથ આ પક્ષના નામે ઉભું થવાનું છે. આવો પક્ષ આજના સતત પરિવર્તનશીલ કાળમાં સત્તા ઉપર આવે એવો સંભવ બહુ જ ઓછો છે, પણ આ નવો પક્ષ કૉંગ્રેસ ઉપર બ્રેકની-અંકુશની-ગરજ જરૂર સારશે, કૉંગ્રેસને વધારે સજાગ બનાવશે અને કૉંગ્રેસની વિચારસરણી નહિ સ્વીકારતા કૉંગ્રેસીઓ માટે પોતપોતાના વિચારો, વૃત્તિઓ અને વલણને અનુસાર દેશની સેવા યા કુસેવા કરવા માટે એક નવું દ્વાર ખુલ્લું કરશે. આપણે આશા રાખીએ કે આ નવો પક્ષ કેવળ પ્રત્યાઘાતી લોકોને એકઠા થવાનું સંગમસ્થાન ન બને, પણ ધીમી પણ સાચી પ્રગતિના માર્ગે લઈ જવા ઇચ્છતા દેશહિતૈષીઓના સામુદાયિક સંગઠનમાં પરિણમે. આમ બનશે તો જ આ પક્ષના ઉદયથી દેશને લાભ થશે, એમ નહિ બને તો આ પક્ષનો ઉદય રાષ્ટ્રપ્રગતિનો કેવળ અવરોધક બનવાનો. **પરમાનંદ**

બદ્રીકેદાર ચિત્રપટનું રોમાંચક દર્શન

હિમાલયમાં અનેક પ્રવાસો ખેડનાર અને એ નિમિત્તે સંઘના સભ્યોને સુપરિચિત બનેલા શ્રી. નવનીતલાલ પરીખ ગયા વર્ષે કેદારનાથ-બદ્રીનાથની યાત્રાએ ગયેલા અને એ પ્રદેશોનું તેમણે એક રંગીન ચિત્રપટ તૈયાર કરેલું. આ ચિત્રપટ તા. ૪-૭-૫૯ના રોજ સાંજના સમયે ધનકમટેકસ ઓફિસની પાછળ આવેલા 'મનોહર'માં સંઘના સભ્યોને દેખાડવામાં આવ્યું હતું અને આ ચિત્રપટ દ્વારા પ્રેક્ષકોને ઋષિકેશથી માંડીને દેવપ્રયાગ, રૂદ્રપ્રયાગ, ગુપ્તકાશી, ત્રિજુગી નારાયણ, કેદારનાથ, ઉખીમઠ, તુંગનાથ, ગોપેશ્વર, જોષી મઠ, પાંડુકેશ્વર, બદ્રીનાથ વગેરે નાનાં મોટાં તીર્થધામોની રોમાંચક યાત્રા કરાવવામાં આવી હતી. અને સાથે સાથે હિમાલયનાં ભવ્ય હિમશિખરોનું દર્શન કરવાનો સુયોગ પ્રેક્ષકોને પ્રાપ્ત થયો હતો. આવું સુન્દર ચિત્રપટ દેખાડવા માટે શ્રી નવનીતભાઇનો સંઘ તરફથી અન્તઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

એક ભૂલભરેલું વિધાન

તા. ૧-૭-૫૯ના પ્રબુધ્ધ જીવનના પહેલા પાના ઉપર પ્રગટ થયેલાં 'સાધુચરિત ગોસ્વામી ગણેશદત્તજી' એ મથાળાના લેખમાં પહેલા ફોલમમાં શરૂઆતમાં આપેલી તંત્રીનોંધમાં શ્રી. ગણેશદત્તજી 'ગોસ્વામી હોવા છતાં બાળબ્રહ્મચારી હતા' એમ વિધાન કરવામાં આવ્યું છે તે ભૂલભરેલું છે. પાછળથી માલુમ પડે છે કે તેઓ એક કાળે ગૃહસ્થાશ્રમી હતા જેના પરિણામે તેમને એક સંતાન પ્રાપ્ત થયું હતું. **પરમાનંદ**

વિષય સૂચિ		પૃષ્ઠ
મારી આશાઓ અને અભિલાષાઓ	નહેરૂ	૫૧
કેરલમાં રાજકારણી કટોકટી	પરમાનંદ	૫૨
જૈન આચારના મૂળ સિધ્ધાન્તો	દલસુખ માલવણિયા	૫૪
'સ્વતંત્ર પક્ષ'	પરમાનંદ	૫૬
કૂર્માંચળની પરિક્રમા : પરિશિષ્ટ	નવનીત પરીખ	૫૮

❋ કૂર્માચળની પરિક્રમા. પરિશિષ્ટ ❋

બિનસરનો સૂર્યોદય

(ગતાંકમાં પૂરી થયેલી કૂર્માચળની પરિક્રમાને લગતા ૧૪મા હપ્તામાં (તા. ૧-૬-૫૯ના પ્રબુદ્ધ જીવનમાં) બિનસરનો ઉલ્લેખ કરતાં જણાવવામાં આવ્યું છે કે જરૂરી વાહનની સગવડના અભાવે અમારા નિયત પ્રવાસક્રમમાં ધારી રાખેલું એક મહત્વનું સ્થળ બિનસર અમારે છોડી દેવું પડયું; આમ અમે બિનસરથી ભલે વંચિત રહ્યા; પણ પ્રબુદ્ધ જીવનના વાચકો એ સ્થળના પરિચયથી વંચિત રહેવા ન જોઈએ એમ વિચારીને મારા મિત્ર શ્રી નવનીતલાલ પરીખ, જેમણે હિમાલયના તે તેમજ અન્ય પ્રદેશોમાં ખૂબ પરિભ્રમણ કર્યું છે તેમને મેં પ્રબુદ્ધ જીવનના વાચકો માટે બિનસરનું વર્ણન લખી આપવા વિનંતિ કરી. તે મુજબ તેમણે આઠેક મહીના પહેલાં તૈયાર કરી આપેલું વર્ણન નીચે પ્રગટ કરવામાં આવે છે. આ વર્ણન કુમારના ૧૯૫૮ ના ડીસેમ્બર માસના અંકમાં પ્રગટ થઈ ચૂકયું છે તેથી તેમાંથી ઉધ્ધૃત કરવા દેવા માટે કુમારના તંત્રીનો આભાર માનવામાં આવે છે. આમાં છપાયલાં ચિત્રનો બ્લોક પણ કુમાર તરફથી મળ્યો છે જે માટે હું તેમનો ઋણી છું. પરમાનંદ)

કૌસાનીમાં પૂજ્ય સ્વામી આનંદ સાથે એક સપ્તાહ રહીને હું અલ્મોડા આવ્યો. બપોરે ભોજન સમયે તો બસ અમને ઠેઠ સુધી પહોંચાડી ગઇ. મારી સાથે કેવળ મારા રસોયા–સાથી ભાઇ પન્નાલાલ હતા. અમે જે મિત્રને ત્યાં ભોજન લેવા ગયા ત્યાં જ મારા પૂર્વપરિચિત યોગી ભાસ્કર મળી ગયા. મૂળ અમદાવાદનાં બ્રહ્મક્ષત્રિય કુટુંબના ભાસ્કરજી છેલ્લાં વીસેક વર્ષથી હિમાલયમાં જ વસે છે. બાર કે તેર વર્ષ સુધી તેઓ લગાતાર વરસોવરસ કૈલાસ જતા હતા. ને હવે બિનસર જવાના માર્ગે 'ખાલી' નામના સ્થળે વસવાટ કરે છે. તેઓ એ જ દિવસે બપોર પછી પોતાને સ્થળે–'ખાલી' જવાના હતા, એટલે મને પોતાની સાથે ખાલી આવવાનો ઘણો આગ્રહ કર્યો તથા બીજે દિવસે વહેલી સવારે બિનસર લઇ જઇ ત્યાંથી સૂર્યોદયના વિવિધરંગી પ્રકાશમાં મધ્ય–હિમાલયની સળંગ પર્વતમાળાનું અનુપમ દૃશ્ય બતાવવાનું આકર્ષણ પણ બતાવ્યું. બિનસરથી દેખાતું આ હિમાચ્છાદિત ગિરિમાળાનું લોક-વિશ્રુત દૃશ્ય જોવાની મહેચ્છા તો મને ઘણાં વર્ષોથી હતી જ, તેમાં આ તો ભાવતું હતું અને વૈદે કહ્યું.

બપોર પછી સાડા ચારે અમે અલ્મોડાથી નીકળ્યા. 'ખાલી' કેટલું દૂર છે તેની મને ખબર નહોતી તેથી નીકળવામાં અમે મોડા થયા છીએ એ મને ન સમજાયું. ઉત્તર દિશાએ જતી પગવાટ પકડીને અમે ઝપાટાબંધ ચાલવા લાગ્યા. ભાસ્કરજીની ચાલ આટલી વેગીલી છે તે તો મને ત્યારે જ જાણવા મળ્યું. તેમની વાગ્ધારા પણ એટલી જ ત્રિપુલ અને વેગીલી છે, તેથી માર્ગનું અંતર તેમ જ સમય બંને કેમ કપાઇ ગયાં તેની અમને ખબર ન રહી. અલ્મોડાથી બે માઇલે 'નારાયણ–તેવાડી–દેવાલ' નામનું ગામ આવ્યું. અલ્મોડાનું તે એક પરું જ છે અને ત્યાં સંખ્યાબંધ દુકાનો તથા ઘર આવેલાં છે. પહાડી લોકો દુકાનને 'નેન તાડી દેવાલ' કહે છે. શ્રી ભાસ્કરજીએ સમજાવ્યું કે મૂળ 'ત્રીવેદી' ઉપરથી આ 'તેવાડી' અથવા 'તેવારી' શબ્દ ઊતરી આવ્યો છે.

થોડે દૂર ગયા પછી અમારી પગદંડી ઇશાન દિશાએ વળી અને કાસારદેવીનો પહાડ અમારી ડાબી બાજુએ રહી ગયો. કાસારદેવીની ધાર તથા તેને પડખે આવેલી કાલીમટની ટેકરી ઉપરનાં પુષ્ટ દેવદાર વૃક્ષો સમીરની લહેરમાં ડોલતાં હતાં, જ્યારે આસપાસ ચીડનાં જંગલ તથા બાંજ અને બૂંસની ઝાડી આવેલી હતી. બાંજ વૃક્ષ ઓક (oak) નો એક પ્રકાર છે અને પહાડોમાં બળતણ માટે તથા કોલસા બનાવવામાં અત્યંત ઉપયોગી ગણાય છે. બૂંસવૃક્ષને અંગ્રેજીમાં રહોડોડેન્ડ્રન (Rhododendron) કહે છે અને સમસ્ત હિમાલયમાં તે ઠેરઠેર જોવા મળે છે. વસંતઋતુમાં તેના ઉપર લાલ સિંદૂરિયા તેમજ ઘેરા પીળા રંગના ફૂલો એવા છે, ત્યારે આખાયે વનની શોભા અલંકારોથી સજેલી લલનાની જેમ ખીલી ઊઠે છે. ડોકવાર તેની શાખાઓ પર આછાં જાંબલા ઓર્કિડના ફૂલો પણ ડોકિયાં કરતાં હતાં.

બે કલાકમાં તો અમે છ માઇલ કાપી નાખીને દીનાપાણી ગામે આવી પહોંચ્યા. આટલી ઝડપથી તો હું ભાગ્યે જ કોઇ વાર પણ ચાલ્યો હોઇશ. દીનાપાણીમાં તો બે ત્રણ ઘર તથા એક ડાકઘર (પોસ્ટ ઓફિસ) જ હતાં. બાજુમાં જ એક ચાની દુકાન હતી તેમાં અમે પ્રવેશ્યા. બે કલાકના અવિરત પાદક્રમણ પછી થોડા વિશ્રામની પણ જરૂર હતી જ. દીનાપાણી પણ ધાર ઉપર વસેલું ગામડું છે. ધારની બંને બાજુ ચીડનાં જંગલ હતાં અને ઉત્તર દિશામાં હિમ–શિખરોની લાંબી હારમાળા સૂર્યાસ્તનાં છેલ્લાં કિરણોમાં ઝગમગતી હતી. કૌસાનીમાં જ પૂ. સ્વામી આનંદે મને એ બધાં શિખરોનો પરિચય કરાવ્યો હતો. તેથી એ સૌ નિકટનાં આપ્તજનો હોય તેમ એમની સાથે મનોમન જ સંભાષણ કરતો ઊભો. ત્યાં તો ભાસ્કરજીએ હાક મારી કે સાંજ પડી ગઈ હતી ને અમારે હજુ ચાર–પાંચ માઇલ કાપવાના બાકી હતા.

પોતપોતાની લાકડી પકડીને અમે ઝપાટાભેર 'ખાલી'ની દિશામાં ચાલ્યા. પગદંડી ઇશાન દિશામાં જતી હતી. શરદ ઋતુ પૂરી થઇને હેમંત બેસી ચૂકી હતી, તેથી દહાડો ઘણો ટૂંકો હતો અને ટાઢ પણ વધતી જતી હતી. જોતજોતામાં તમસનું સામ્રાજ્ય વ્યાપી ગયું. હું મજાકમાં બોલ્યો, ' तमसो मा ज्योतिर्गमय ' અને તરત પાછળથી મહારાજ પન્નાલાલે ટોર્ચ સળગાવી અમારી પગદંડી ઉપર પ્રકાશ નાખ્યો. ભાસ્કરજી પાસે પણ એક નાની ટોર્ચ હતી, જેના અજવાળે અમે ઝડપથી પણ ચોકકસ પગે આગળ ધપ્યા. આસપાસની ઝાડીમાં પણ અસંખ્ય આગિયા અમારા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા ટમટમી રહ્યા હતા. કવચિત્ કોઇક પક્ષીનો ટહુકાર આ અરણ્યની અગાધ શાન્તિને તોડવાને બદલે તેની ગહનતા સૂચવતો હતો. અમે ત્રીસેક અક્ષાંશ જેટલા ઉત્તરમાં હતા તેથી અમારી સામે જ ધ્રુવનો તારક સ્પષ્ટ ચળકતો હતો, અને સપ્તર્ષિનું તારકવૃંદ તેની પરિક્રમા કરી રહ્યું હતું. અમે કૈલાસયાત્રાના તેમજ તિબેટના અમારા અનુભવોની પરસ્પર આપલે ન કરતા હોત તો આ ગાઢ અંધકારમાં માર્ગ કાપવો ઘણો કઠણ થઇ પડત.

છેવટે રાતના નવ વાગ્યાના ગુમારે અમે ખાલી મુકામે આવી પહોંચ્યા. ભાસ્કરજીના પિતાશ્રી તથા બીજા માણસો તો બધું બંધ કરીને નિદ્રાધીન પણ થઇ ગયાં હતાં, એટલે અમારે ખૂબ ખૂમો પાડીને તથા બારણાં ધમધમાવીને તેમને જગાડવા પડયાં.

ભાસ્કરજીએ માર્ગમાં જ મને 'ખાલી' વિષે ઘણી માહિતી આપી હતી. મૂળે આ મિલકત (એસ્ટેટ) એક મોટા અંગ્રેજ અમલદાર શ્રી વિલ્સનની હતી. આજથી સાતઆઠ દાયકા અગાઉ ઘણા નિવૃત્ત થયેલા અંગ્રેજ અમલદારો કુમાઉંના પહાડોમાં તેમ જ સિમલા–મસૂરી બાજુએ જઇ વસેલા હતા ને ત્યાં ચાના બગીચાઓ તથા ફળફળાદિની વાડીઓ તેમણે ઊભી કરી હતી. જમીન તો તેને સરકારે પાણીને મૂલે આપી હતી અને પહાડી વસ્તી તો બધી તેમની જ ગુલામ. ભાંડ એક ટંક ખાવા મળે એટલી મજૂરી આપીને તેમની પાસે વેઠે કામ કરાવે. 'ખાલી' પણ બિનસરની

જ ધાર ઉપર વસ્યું હોવાથી ત્યાંથી પણ હિમ-શિખરોનું ભવ્ય દૃશ્ય જોવા મળે છે. બિનસરથી હજારેક ફીટ નીચું હોવાથી શિયાળામાં ત્યાં ટાઢ પણ ઓછી પડે છે. અહીં અંગ્રેજ અમલદારે બાંધેલો બંગલો વિશાળ અને બધી સગવડવાળો હતો. આશરે ત્રીસેક વર્ષ ઉપર વર્ધાવાળાં સ્વ. જમનાલાલજી બજાજે ગાંધી સેવાસંઘ માટે આ મિલ્કત એ અંગ્રેજ પાસેથી ખરીદી હતી અને પાછળથી ગાંધી સેવાસંઘે તે શ્રી રણજિત પંડિતને વેચી હતી. શ્રી પંડિતના દેહાન્ત પછી શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત પાસેથી શ્રી ભાસ્કરજીએ તે ખરીદી હતી. શ્રી જવાહરલાલજી તેમ જ બીજા ઘણા દેશનેતાઓ અને દેશસેવકો અહીં રહી ગયા છે.

રાત્રે મહારાજે ખીચડી પકાવી. તેનું વાળુ કરીને અમે સાડા દસે સૂતા. ઠંડી પણ ખાસ્સી હતી. બીજે દિવસે વહેલી સવારે તો અમે બિનસર પહોંચી જઈને ત્યાંના 'ઝંડા-શિખર' પરથી સૂર્યોદયનું ભવ્ય દૃશ્ય જોવાનું ગોઠવ્યું હતું સાંજના ચાર કલાકમાં ઉતાવળે દસ માઇલ કાપીને આવ્યા પછી હું થાકીને ધસઘસાટ ઊંઘતો હતો, ત્યાં તો પરોઢના (કે રાતના?) સાડા ત્રણ વાગ્યે ભાસ્કરજીએ મને જગાડ્યો. બિનસર પહોંચી જઈને સૂર્યોદય જોવો હોય તો અત્યારે જ 'ખાલી'થી નીકળવું જોઇએ. મનુષ્યની મહેચ્છાઓ ને મહત્ત્વાકાંક્ષાઓએ હમેશાં તેની શારીરિક મર્યાદાઓ ઉપર સરસાઇ મેળવી છે. મનનો અડગ નિર્ધાર શરીર પાસે શું શું નથી કરાવી શકતો? થોડી જ વારમાં ભાસ્કરજી અને હું હાથમાં એક એક ટોર્ચ લઇને નીકળી પડ્યા. કૃષ્ણપક્ષની રાત્રી હતી તેથી અંધારું ઘણું હતું, પરંતુ નભોમંડળમાં અનેક તારાઓ ટમટમતા હતા. મૃગશીર્ષનું નક્ષત્ર આયમવાની તૈયારી કરતું હતું. હિમાલયમાં બ્રાહ્મમુહૂર્તના સમયે બ્રહ્મ તૈયા અદ્વૈત વેદાન્તના જ વિચારો સ્ફૂરે; તેથી અમે અંતર્મુખ બનીને મૂંગે મોઢે આગળ ચાલ્યા.

ચીડ-જાંજનાં જંગલમાંથી માર્ગ કાપતા બે કલાકે અમે બિનસર પહોંચ્યા. હવે ભળભાંખળું થયું હતું તેથી અમે ટોર્ચ બુઝાવી નાખી. બિનસર નાનું ગામ છે અને ત્યાં કાયમી વસતિ ઝાઝી નથી. પણ અહીંની આબોહવા તથા અહીંથી દેખાતા અપૂર્વ દૃશ્યને લક્ષમાં રાખીને અલ્મોડાના ત્રણ ચાર આગેવાન વેપારી શાહ કુટુંબવાળાઓએ અહીં કેટલાક બંગલાઓ બાંધ્યા છે. અહીંની આબોહવામાં ફળફળાદિ પણ સારાં ઊગી શકે છે, તેથી તેમણે અહીં સફરજન, પીચ, આલુ-બુખારા, બુમાણી વગેરે ફળોની વાડીઓ ઊભી કરી છે.

અમે બિનસર પહોંચ્યા ત્યારે ગામલોકો હજુ સૂતા હતા, તેથી અમે સીધા ઝંડા-શિખર તરફ ચડવા માંડ્યું. (અગાઉ જે દિવસે આકાશ સ્વચ્છ હોય અને સામેનાં હિમશિખરો સ્પષ્ટ જોઇ શકાતાં હોય તે દિવસે આ શિખર પર એક ઝંડો ફરકાવવામાં આવતો, જેથી આસપાસના લોકોને તેની જાણ થતી. આવી વ્યવસ્થા નૈનીતાલના પહાડની ટોચ પર પણ રાખવામાં આવતી હતી. આને લીધે જ બિનસરના આ શિખરને ઝંડાશિખર કહે છે.) પરોઢની ટાઢમાં આ વ્યાયામ અમને મીઠો લાગ્યો. એક કલાકે અમે શિખરની ટોચ પર પહોંચ્યા ત્યારે સાડા છ ઉપર પાંચ મિનિટ થઇ હતી.

બિનસરનું આ ઝંડાશિખર અપૂર્વ સ્થળ છે. અહીં ઉત્તર દિશામાં વાયવ્યકોણથી શરૂ કરીને છેક ઇશાનકોણ સુધી પથરાયેલી મધ્ય હિમાલયની અનંત પર્વતમાળાનું અનુપમ દૃશ્ય જોવા મળે છે. પૂર્વ-પશ્ચિમ એકબીજાના ખભા મિલાવીને અડોઅડ ઊભેલાં અનેક હિમાચ્છાદિત શિખરોની આ હારમાળા બસેથી અઢીસો માઇલ લાંબી પથરાયેલી જોઇ શકાય છે. સૂર્યોદય થવાને હજુ વાર હતી, છતાં પરોઢના ઉજાસમાં પાસેના પહાડો સ્પષ્ટ જોઇ શકાતા હતા, જ્યારે દૂરનાં પૂર્વપશ્ચિમ બાજુનાં શિખરોની ઝાંખી રૂપરેખા છાયાચિત્ર જેવી નજરે પડતી હતી. શિખરની ટોચ પર બધે હિમકણો જામી ગયાં હતાં, જાણે કે ભૂમિ પર મલમલની પાતળી ચાદર પાથરી ન હોય?

ઉત્તર દિશાએથી પવનનો સુસવાટો આવ્યો અને અમે હેમન્તનો ચમકારો અનુભવ્યો. અમે નખશિખ ઊની વસ્ત્રોમાં સજ્જ હતા, છતાં પણ રવિ દેવતાની ગેરહાજરીમાં ખાસ્સી ટાઢ અનુભવતા હતા અને અમારો કંપ દૂર કરવા દસ્તાના (હાથમોજાં) પહેરેલા હાથ મસળતા હતા. ભાસ્કરજીએ એક યુક્તિ અજમાવી. આસપાસનાં બાંજ વૃક્ષોની સૂકી ડાંખળીઓ વીણી લાવ્યા અને સૂકાં પાંદડાં સાથે ભેળવીને બેચાર મિનિટમાં જ તાપણી કરી. હવે હું સજીવન થએલો લાગ્યો અને મેં પ્રાચીની દિશામાં મીટ માંડી. ઉષઃકાળ વીતી ચૂક્યો હતો અને અરુણની સવારી આવી પહોંચી હતી. તેના સાત અશ્વો, સાત રંગોના રૂપે ગગનમાં પોતાનું સામ્રાજ્ય વિસ્તારી રહ્યા હતા.

૭ ઉપર પંચાવન મિનિટે અમારી સન્મુખ હાથવેંતમાં ઊભેલા નંદાદેવીના શિખરની ટોચ ઉપર સૂર્યનું પ્રથમ કિરણ પડ્યું. દેવી નંદાના મસ્તક ઉપર શોભતા કિરીટમાં જડેલા કોઇકે કોહિનૂરની જેમ તે ચમકવા લાગ્યું. શિખરને આદિત્યદેવનું શર વાગ્યું હોય તેમ તેની ટોચ પરથી રક્તધારા નીચે વહેવા લાગી અને જોતજોતામાં આખું યે શિખર તામ્રવર્ણું બની ગયું. ગઢવાલ તેમજ કુમાઉં વિસ્તારમાં આ નંદાદેવીનું શિખર, સૌથી ઊંચું (૨૫,૬૪૫ ફીટ) છે અને જાણે કે તે પુરવાર કરવા જ સૂર્યનું પહેલું કિરણ તેની ટોચ પર પડ્યું. થોડી જ પળોમાં મુખ્ય શિખરની પડખેનું શૃંગ (Nanda-Devi East) પણ ચમકવા લાગ્યું. પછી તો હોળીના દિવસોમાં મિત્રો એકઠા મળી એકબીજાને લાલ પીળા રંગે રંગી નાખવાની હોડ રમે તેમ પૂર્વ-પશ્ચિમનાં બધાં શિખરો તામ્રવર્ણી બની ગયાં. પરંતુ હું તો રહ્યો વાણિયો! કાંઇ તાંબાથી સંતોષ થાય? સુવર્ણની પ્રાપ્તિ થાય તો જ તૃપ્તિ મળે! મારી ઇચ્છા સમજી ગયા હોય તેમ નંદાદેવીએ પોતાનાં વસ્ત્ર-પરિધાન બદલ્યાં ને સોનેરી અંચલ ઓઢ્યો. આસપાસના પહાડોએ પણ તેનું અનુકરણ કર્યું.

રંગોની આ રમત જોવામાં અરધો કલાક કેમ વીતી ગયો, તેનું અમને ભાન પણ ન રહ્યું. લગભગ સાડાસાતે અમારા ઝંડા-શિખર ઉપર પણ સૂર્યનો પ્રકાશ પડ્યો અને અમે નવચેતન અનુભવ્યું. સામેના પહાડો પણ લાલ સામ્યવાદ છોડીને રાષ્ટ્રવાદી બન્યાં હોય તેમ સફેદ ખાદીનાં વસ્ત્રોમાં શોભતા હતા. અમે મૌન તોડીને હવે આ બધાંની ઓળખ કરવા માંડી. સુદૂર પશ્ચિમ ક્ષિતિજ ઉપર નાનકડા ડુંગર જેવો લાગતો પહાડ તે બંદર-પૂંછ. હનુમાનજીએ પોતાની પૂંછડી પર બાંધેલાં ચીંથરાં સળગાવીને લંકા-દહન કરેલું તે પ્રસંગના સ્મૃતિચિહ્ન રૂપે શું આ નામ અપાયું હશે? બંદરપૂંછની પૂર્વે ગંગોત્તરી વિસ્તારનાં શિખરો ચમકતાં હતાં, જેમની તળેટીએ આવેલા હિમ-પ્રવાહોને છેડે ગોમુખ પાસે માતા ભાગીરથીનું ઉદ્‌ગમ સ્થાન આવેલું છે. જગન્નાથ પંડિતની 'ગંગાલહરી' યાદ કરતાં અમે પૂર્વમાં નજર ફેરવી તો કેદારનાથનું ગગનચુંબી શિખર ઓળખી શકાયું, અને તરત કેદારનાથ પાસે પદ્માસન વાળીને ધ્યાનસ્થ બેઠેલા ભગવાન શંકરાચાર્યનું સ્મરણ થયું. કેદારનાથની પડખે જ બદરીનાથનાં શિખરો આવેલાં છે. આ ચાર શિખરોનો સમૂહ કોઇ હિમાચ્છાદિત દુર્ગના જેવો શોભે છે અને તે 'ચૌખંભા' (ચાર-સ્તમ્ભ)ના નામે ઓળખાય છે. આ દીવાલની બગલમાં જ ઊભું હોય તેમ નીલકંઠનું તીક્ષ્ણ શૃંગ ઉન્નત મસ્તકે પોતાની અજેયતા સૂચવતું હતું. આ જ દિશામાં પાછળ ઝાંખા દેખાતા પહાડો તે માના-શિખર, મુકુટ-પર્વત, કામેટ તથા હાથી-પર્વત હશે એમ અનુમાન કર્યું.

ત્યાંથી પૂર્વમાં વળતાં નંદા-ધૂંટીનું ટોપચું પોતાના નામને સાર્થક કરતો આકાર ધારણ કરતું હતું. નંદાધૂંટીથી પૂર્વમાં તો ત્રિશૂળની ભવ્ય દીવાલ અભેદ્ય કિલ્લેબંધીની જેમ અડીખમ ઊભી હતી. તેનાં ત્રણ મુખ્ય શિખરો ભગવાન શંકરના અયુધની યાદ આપતાં હતાં. સમગ્ર હિમાલય જ શિવનું મૂર્તિમંત સ્વરૂપ લાગે છે. તરત મને શિવનો મહિમા ગાતો પુષ્પદન્તનો પ્રસિદ્ધ શ્લોક યાદ આવ્યો :

"असितगिरिसमं स्यात्कज्जलं सिन्धुपात्रे;
सुरतरुवरशाखा लेखिनीपत्रमुर्वी;
लिखति यदि गृहित्वा शारदा सर्वकालं
तदपि तव गुणानामीश पारं न याति."

ત્રિશૂળથી પૂર્વે અને અમારી સાવ સામે જ નંદાદેવીનો ઉત્તુંગ પહાડ ઊભો હતો. આ પર્વતને બે શિખર છે. મુખ્ય શૃંગ કોઈ મંદિરના શિખર જેવું ઉન્નત અને પ્રમાણબધ્ધ છે અને તેના પૂર્વ ખભાથી શરૂ થતી ધાર નંદાદેવીના સૂચ્યાકાર પૂર્વશિખરમાં પરિણમે છે. કાશ્મીરને બાદ કરતાં, ભારતના તળ-પ્રદેશમાં આવેલાં બધાં શિખરોમાં નંદાદેવીનું મુખ્ય શિખર સૌથી ઊંચું છે, કારણ કે હિમાલયના સૌથી ઊંચા પહાડો તો બધા નેપાલ તથા સિક્કિમમાં આવેલા છે. નંદાદેવીથી પૂર્વમાં પથરાએલો પહાડ નંદાકોટનો છે. તેનું ધવલ શિખર જાણે કોઈ તંબૂ ઊભો કર્યો હોય તેવું દેખાતું હતું. આ શિખરની ધાર ફરસીના પાના જેવી લાંબી તથા તીક્ષ્ણ છે, તેથી પહાડના લોકો તેને 'પરશુરામ' અથવા 'અન-કટિયા' ના નામે પણ ઓળખે છે. આ પહાડની તળેટી પાસે જ પિંઢારીનો જાણીતો હિમ-પ્રવાહ (ગ્લેશિયર) આવેલો છે.

નંદાકોટની યે પૂર્વે છ ગગનભેદી શિખરોનું એક વૃંદ ખભા મિલાવીને ઊભું હતું. પુરાણપ્રિય ભારતના લોકો તેને પાંચ પાંડવો તથા છઠ્ઠી દ્રૌપદીના ચૂલા તરીકે ઓળખે છે અને આ પર્વતવૃંદ પંચ-ચુલ્હીના નામે ઓળખાય છે. આમાંનું સૌથી ઊંચું શિખર તે 'યુધિષ્ઠિર'. વહેલી સવારે પવનના સુસવાટામાં આ શિખરો પરથી બરફના કણો હવામાં ઊડી રહ્યા હતા; જાણે કે પાંડવોના ચૂલામાંથી ધુમાડો નીકળતો ન હોય ! આ પહાડોને પડખે થઇને જ મુખ્ય યાત્રામાર્ગ તીપુઘાટ ઓળંગીને તિબેટમાં કૈલાસ-માનસરોવર જવાય છે. તેથી યે દૂરપૂર્વમાં દેખાતાં શિખરો તે પશ્ચિમ નેપાળમાં આવેલા અપી તથા નંપાના પહાડો.

આમ, પશ્ચિમે બંદરપૂંછથી શરૂ કરીને પૂર્વમાં અપી-નંપા સુધી વિસ્તરેલાં અસંખ્ય હિમાચ્છાદિત શિખરોની અનંત હારમાળા જોઇને કોને કિરતારની વિરાટતા અને મનુષ્યની અલ્પતાનું ભાન ન થાય ? અમે તો હિમાલય સાથે તદ્રૂપ તથા તલ્લીન બનીને હર્બોલ્લાસમાં આવી ગયા હતા અને અનિમેષ નયને અમારી આંખોને ઉજાણી કરાવી રહ્યા હતા. કાલિદાસના કુમારસંભવમાંથી :


अस्त्युत्तरस्याम् दिशि देवतात्मा
हिमालयो नाम नगाधिराजः।

વગેરે શ્લોકો અમે મોટેથી લલકારવા માંડ્યા. કાલિદાસે હિમ (બરફ)-ને હિમાલયનું એક લાંછન અથવા દોષ કેમ ગણ્યો છે તે મને સમજાયું નથી. હિમ વિનાનો હિમાલય જ કેમ સંભવી શકે ? તેને તો હિમાલયનું ભૂષણ જ ગણવું જોઇએ. સફેદ ચાદર ઓઢેલાં આ હિમાચ્છાદિત શિખરોની હારમાળા આપણા નૌકાદળના સફેદ ગણવેશ પહેરીને, ખભા મિલાવીને ઊભેલા નાવિકોની શિસ્તબધ્ધ હરોળના જેવી શોભતી હતી; અથવા તો કોઈ જૈન દેરાસરની ભમતીમાં શ્વેતામ્બર પહેરીને બેઠેલા ચોવીસ તીર્થંકરોની હાર જેમ તે ધ્યાનસ્થ બેઠેલાં લાગતાં હતાં.

મારે સાંજ પડ્યે અલ્મોડા પહોંચી જવું હતું તેથી ઘણી અનિચ્છાએ પણ મિનસરના આ ઝંડાશિખર પરથી નીચે ઊતરવું પડ્યું. પરંતુ આજનો સૂર્યોદય તો ચિરસ્મરણીય જ રહેશે.

નવનીત પરીખ

મધ્ય હિમાલયની ગિરિમાળાનાં વિખ્યાત શિખરો



કુમાઉ-નેપાલના પ્રદેશમાં આવેલા મધ્ય હિમાલયની ઉચ્ચ શિખરમાળાઓનો રેખાચિત્ર. હિમાલય-આરોહણ માટે ધ. ૧૯૩૬માં આવેલી સ્વિટઝર્લાંડની પહેલી રકુઝીનો એ અભ્યાસ આર્ગોલ્ડ લાયમ અને ઑગસ્ટ જૅન્સરે 'ધ શ્રોન ઑફ ધ ગૉડ્સ' (દેવોનું સિંહાસન) નામથી એક અત્યંત સુંદર ને રસમય સચિત્ર પુસ્તક લખ્યું છે. તેમાંથી લીધેલું આ આલેખન ત્રિ. જૅન્સરે, મિનસરની ઊપર આવેલા ૭૮૭૦ ફૂટ ઊંચા ઝંડા-શિખર નામે પર્વત ઉપરથી, કુદરત પછી સમગ્રમાંથી ઉતારેલું. છ. કૈલાસનાથથી નંદાકોટ સુધીનાં તેમાં દર્શાવેલાં શિખરો વચ્ચેના વિસ્તારનું અંતર ૮૦ માઇલનું થાય છે. દરેક શિખર ઉપર લીટી દોરીને બતાવેલાં તેનાં નામને પડખે તેની ઊંચાઇ આંકડા કૂટમાં દર્શાવી છે.

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્રબુદ્ધ જૈન નું નવસરકરણ
વર્ષ ૨૧ : અંક ૭

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઓગસ્ટ ૧, ૧૯૫૯, શનીવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

★ મારી શ્રેષ્ઠ કૃતિ ★

(તા. ૧૬-૫-૫૯ ના રોજ ઑલ ઇન્ડીઆ રેડીઓ અમદાવાદથી રજુ થયેલો વાર્તાલાપ ઑલ ઇન્ડીઆ રેડીઓની અનુમતિપૂર્વક નીચે પ્રગટ કરવામાં આવે છે.)

કોઇ માતાને પૂછો કે તારું શ્રેષ્ઠ બાળક કયું છે, તો એ જવાબ આપતાં કેવી મૂંઝવણ અનુભવે ? એને મન તો એનાં બધાં જ બાળકો સરખાં હોય છે. કંઇક અંશે કવિ અને કાવ્યનો સંબંધ પણ આવો જ છે. કવિને એનું પ્રત્યેક કાવ્ય જુદી જુદી રીતે આકર્ષતું હોય છે. તેથી એને માટે પોતાના શ્રેષ્ઠ કાવ્યને શોધવું મુશ્કેલ હોય છે. કવિ પણ માતાની જેમ દરેક કૃતિમાં પોતાના આત્માની અભિવ્યક્તિ અનુભવે છે. કોઇ કૃતિ એના ઉર્મિના સંવેદનને શબ્દદેહ આપતી હોય છે, તો કોઇ એના ચિંતનને પ્રગટ કરતી હોય છે. હૃદય અને બુદ્ધિને તદ્દન જુદાં પાડવાં તો શક્ય નથી, છતાં એટલું કહી શકાય કે કવિનાં અમુક કાવ્યો ઉર્મિપ્રધાન હોય છે, જ્યારે અમુક કાવ્યો વિચારપ્રધાન હોય છે.

મારી પ્રકૃતિ વિશેષતઃ વિચારપ્રધાન હોવાથી મારે માટે કાવ્ય એ મારા ચિંતન-મનનને વ્યક્ત કરવાનું સાધન વધુ સહજ રીતે બને છે, અને મને એનો સંતોષ પણ ત્યારે જ થાય છે કે જ્યારે મારું કાવ્ય મારા ચિંતનમાં ઘૂંટાતા અનેક વિચારોને વધુ ને વધુ સચોટ રીતે અભિવ્યક્ત કરે.

જો કે મારા માટે એકદમ સંતોષકારક અભિવ્યક્તિ પામવી એ બહુ મુશ્કેલ છે. અને ખરું પૂછો તો હું તો મને હજી એક સાધક-કવિ માનું છું. મારું કોઇ પણ કાવ્ય મને સંપૂર્ણપણે મુગ્ધ કરી શક્યું નથી કે નથી મને મારી કાવ્યશક્તિથી પૂરતો સંતોષ. હજી મારી સાધના ઘણી અધૂરી છે. મારાં કાવ્યોમાંથી એકકે મને ભાગ્યે જ હંમેશા સુંદર લાગે છે. તો પછી શ્રેષ્ઠતાનું તો પૂછવું જ શું ? આંખ સામે અનેક આરસીઓ ગોઠવી છે. કોઇમાં મારું પ્રતિબિમ્બ નાનું દેખાય છે, તો કોઇમાં મોટું; કોઇમાં ઝાંખું તો કોઇમાં ઝળકતું. એક પણ આરસી મને સંપૂર્ણપણે બરોબર ઝીલી શકતી નથી. છતાં જ્યારે મારું શ્રેષ્ઠ પ્રતિબિમ્બ શોધવાની ઇચ્છા થાય ત્યારે એટલા મર્યાદિત ક્ષેત્રમાં મારા કાવ્યની શ્રેષ્ઠતાને સમજવી રહી. મારું શ્રેષ્ઠ કાવ્ય એટલે અત્યાર સુધીમાં મેં લખેલાં કાવ્યોમાં મને વધુ-સંપૂર્ણ નહીં પણ વધુ-સંતોષ દઇ શકે એવું કાવ્ય.

જીવનમાં અનેક સુખો ને દુઃખો આવે જાય છે. આપણે અનેક વસ્તુઓ પ્રાપ્ત કરીએ છીએ, અને અનેક વસ્તુઓ પ્રાપ્ત નથી પણ કરતાં. માનવસ્વભાવની ભૂખ વધુ પ્રાપ્તિ ને વધુ આનંદ પામવાની હોય છે. એથી એ દુઃખને આવકારી શકતો નથી, તેમ જ જે મળે છે તેનાથી સંતુષ્ટ પણ થતો નથી. પરિણામે સુખો પણ કયારેક દુઃખમય જ લાગતાં હોય છે. અને કારણ વગર એનું જીવન વ્યથિત રહ્યાં કરે છે.

મારા જીવનમાં પણ જ્યારે હું દુઃખ ને અતૃપ્તિથી ખૂબ અકળાઇ ઉઠી ત્યારે ખૂબ મંથન બાદ મનને અપાર શાંતિ આપતું એક ગાન એના વિશિષ્ટ રાગ સાથે મને સ્ફુર્યું : "મળે તેટલું માણ"-જાણે કે ધોધમાર વર્ષા બાદ ધનુષ્યનું કંઇક દર્શન થયું.

મળે તેટલું માણ ! રે મન, મળે તેટલું માણ !
આતમના ઓળખનારાને દુઃખમાં સુખની લહાણ,
— રે મન૦

સમદરની જલ-લહરી જેવી અખૂટ તૃષ્ણામાળ,
નદી-તળાવે બંધ કરો, પણ જલધિ ન બાંધે પાળ;
આંતરતોષ નહીં તો મિથ્યા બહિર સઘળું જાણ !
— રે મન૦

ચિનગારી બસ, જ્યોત યાચશે ? પામ વૃક્ષ બીજાંય,
તૃપ્ત નિમીલિત પાંપણ નીચે સહુ જગ મળ્યું લહાય-
"હું" છોડયો, ત્યાં મળે ભલે ને પારસમણિ કે પ્હાણ !
— રે મન૦

લઇ લઈ ને દે તે ખોબે ભરી રતનની ખાણ !
— રે મન૦

કાવ્યનો અર્થ આમ તો સ્પષ્ટ છે. જેણે પોતાના આત્માની પ્રકૃતિ – પ્રસન્નતા – ઓળખી છે એ તો દુઃખમાં પણ સુખની લહાણ માણે છે. માટે હે મન, તને જે કંઇ મળે છે તેથી સંતોષ માણ ! ને અંતરની તૃપ્તિ નહીં હોય તો બ્હારની ગમે તેટલી ભૌતિક પ્રાપ્તિ પણ મિથ્યા જ નિવડશે, કારણ કે તૃષ્ણાઓ-ઇચ્છાઓ-તો સમુદ્રનાં મોજાંઓની જેમ અખૂટપણે જાગ્યાં જ કરે છે. નદી કે તળાવનું પાણી તો બંધ બાંધે પણ રોકાય, પરંતુ સમુદ્ર જેવું અનંત ને વિરાટ વાસનાબળ શેનાથી રોકાશે ?– આંતરસંતોષથી જ.

આગળ જતાં હું પાછું મનને સમજાવું છું–તને ચિનગારી મળે તો જ્યોતિ તો તું જાતે પ્રગટાવી શકશે. જ્યોતિ યાચવાની શું જરૂર છે ? એક બીજમાં વૃક્ષ ઉત્પન્ન કરવાની બધી તાકાત છે તો શું એક બીજ પૂરતું નથી ?

મુખ્ય સવાલ જ તૃપ્તિનો છે. તૃપ્તિથી શાંતપણે ઢળેલી પાંપણો. ભલે આંખને બંધ કરે તોયે એ આંખોને બધું જગત જોવા મળ્યાંનો અનુભવ થાય છે. એક વાર 'હું' – અહમ્‌ની મોહમાયા છૂટે એટલે બધું સરખું જ લાગે છે – પછી ભલે ને એ પારસમણી હોય કે પ્હાણ ! માટે હે મન, અહમ્‌ભાવ છોડીને જે મળે – ન મળે – તે બધું ય માણ ! અંતે તો જે ત્યાગે છે તે જ પામે છે. જે ખોબો દાન દે છે તેમાં તો રત્નની ખાણ ભરી હોય છે. માટે કયાંય કશું ગુમાવવાપણું છે જ નહીં – જે તું મળે તેટલું માણે તો.

મારાં બીજાં કાવ્યો કરતાં આ કાવ્યમાં મારાં ઊંડાં સંવેદનો,

તેમાંથી જાગતી મૂંઝવણો તેમ જ તેનો ઉત્તર બધું વધુ સ્પષ્ટ રીતે વ્યક્ત થતું હોવાથી મને એ વધુ ગમ્યું છે. વળી આ દ્વિધા સર્વસામાન્ય હોય છે, મારી એકલીની નથી. તેથી આમાં હું બીજાના અનુભવોનો રણકો પણ ઝીલતી હોઉં તેવું મને લાગે છે.

આ કાવ્ય જરા બોધક થઈ જાય છે, એથી એ કૃત્રિમ લાગવાનો ભય રહે છે ખરો. પણ મેં તો એ પાછળ હૃદયની સચ્ચાઈ જ અનુભવી છે, અને મારી સાથે એમાંથી જાગતો આત્મસંવાદ જ માણ્યો છે. એથી એ ઉપદેશ ભલે ને બીજાને લાગુ પડતો હોય તોયે મેં તો મને જ આપ્યો છે. એટલે મને એમાં કોઈ આડમ્બર લાગતો નથી. મારાં ઊર્મિકાવ્યો એક ક્ષણિક ભાવની લહરી ઝીલીને વહી જાય છે. મારાં હાસ્યરસ કે ચાટૂકિતનાં કાવ્યો મનને ઘડીભર ગમ્મત કરાવી જાય છે. એ બે મન પર શાશ્વત અસર ઉપજાવી શકતાં નથી, જ્યારે ચિંતનપ્રધાન પ્રકૃતિને વ્યક્ત કરતાં આવાં કાવ્યોનાં ઝંકાર મન વારંવાર ઝીલી રહે છે, ને અજાણપણે પણ જીવનને સાચી રીતે, સુખદુઃખોને સમભાવે માણવાની તાકાત આપે છે.

કાવ્ય એ માત્ર વાણીવિલાસ કે લાગણીના હિલોળા ખાવા માટેનું સાધન નથી, પરંતુ જીવનબળ આપનાર કોઈ સમર્થશક્તિ પણ છે. એ શક્તિ જે કાવ્યમાં પ્રગટે તે જ મારે મન શ્રેષ્ઠ કાવ્ય છે.

ગીતા પરીખ

પ્રતિગામિતાની તરફ

ઈ.સ. ૧૮૫૭ના વિદ્રોહ પછી ઇંગ્લાંડની મહારાણી વિક્ટોરિયા મારફત કરવામાં આવેલ ઘોષણા કે 'સરકાર (અંગ્રેજ સરકાર) કોઈ પણ જાતિ કે સંપ્રદાયની સામાજિક–ધાર્મિક બાબતોમાં કંઈ પણ હસ્તક્ષેપ નહિ કરે' તેના પારણામે આપણા દેશમાં સામાજિક–ધાર્મિક પ્રગતિના અવરોધક જમાતોને અંગ્રેજ રાજ્યનો એક ઘણો મોટો ટેકો હતો. આપણા દેશમાં તે સમયે વંટોળ અને ક્રાંતિની જે ભાવના જાગી ઉઠી હતી તેનો સામનો કરવાના હેતુથી સ્થિતાસુસ્ત અને પ્રાતગામી બળોને પોતાને પક્ષે ઢળેલાં રાખવા માટે તેમ જ માથું ઊંચકતી ક્રાંતિને દબાવી દેવા માટે તેવાં બળોને વધુ અને વધુ મજબુત કરવાનું તત્કાલીન સરકાર પક્ષે જરૂરી અને ઉચિત માનવામાં આવ્યું હતું. આ રીતે વિદેશી શાસન અને સ્વદેશી પ્રાતાક્રયાવાદી બળો વચ્ચે એક મોટો સંઘર્ષ શરૂ થઈ ગયો હતો. અને તે કારણે એક તરફ આપણને વિદેશી શાસકોના લશ્કર અને પોલીસ સામે લડવું પડતું, તો બીજી તરફ તેના વડે પોષાયેલા અને આશ્રય પામેલા પ્રતિક્રિયાવાદી ધાર્મિક અને સામાજિક સંગઠનો સામે પણ લડવું પડતું. આ આંદોલનનું જેમને સ્મરણ હશે તેઓ એ તો નહિ જ ભૂલી ગયા હોય કે ઉક્ત પ્રતિક્રિયાવાદી બળો દ્વારા આ આંદોલનની દરેક કાર્યવાહીનો વિરોધ અને સામનો કરવામાં આવતો હતો. આ પ્રતિગામી બળોમાં મૂડીવાદીઓ, રાજા–મહારાજાઓ અને જમીનદારોનું વર્ચસ્ હતું. અંગ્રેજ સરકાર તેમને ઉત્તેજન આપે જતી હતી અને દરેક પ્રકારે સહાય કરતી હતી અને સરકારના એ આંધીયાઓ સામંતવાદી પરંપરાથી તેમને પ્રાપ્ત થયેલા હકકો અને જનતાના શોષણ દ્વારા પ્રાપ્ત થયેલ સંપત્તિ દ્વારા મૌલ્લવીઓ, તીર્થો, સાધુઓ, પંડાઓ–પુરોહિતો ઇત્યાદને ખવડાવી–પીવડાવીને પ્રગતિ અને ક્રાંતિના પ્રવાહને અવરોધવાનું કામ કરતા હતા. જો એ વિદેશી શાસકોને આપણા દેશમાંનાં એ પ્રતિગામી બળોની ઓથ મળી ન હોત તો જેટલો સમય તેમણે અહીં તેમનું શાસન ટકાવ્યું તેટલો સમય કદાચ ટકાવી ન શકત એમ કહેવામાં જરા પણ અનૌચિત્ય છે જ નહિ.

આ પ્રતિક્રિયાવાદી બળોના અવરોધ છતાં જ્યારે સ્વાતંત્ર્ય–સંગ્રામનો આગેકૂચ ચાલુ રહી અને તેનું સંપૂર્ણ દમન કરવાનું અંગ્રેજોને અશકય લાગ્યું અને તેથી જ્યારે તેઓ સમજુતી કરવા તત્પર થયા ત્યારે આ મૂડીવાદીઓ અને જમીનદારોના પ્રતિક્રિયાવાદી બળોમાંના જેઓ કુશાગ્ર બુદ્ધિવાળા હતા અને ભાવીનાં એંધાણ સમજતા હતા તેમણે તો પહેલાં ગુપ્ત અને પરોક્ષ રીતે અને પછી તેમાંના કેટલાકે ખુલ્લા ખુલ્લા પ્રગતિશીલ અને ક્રાંતિકારી બળોને ટેકો આપવાનું શરૂ કરી દીધું. એટલું જ નહિ પણ તેઓ એ પણ સમજી ગયા કે હવે અંગ્રેજ શાસનના સમયનો અંત નજીક છે અને તેથી તેમણે ભવિષ્યમાં શાસનસત્તા જેમના હાથમાં આવવાનો સંભવ છે તેમની સાથે ભાઈબંધી કરવાનું શરૂ કરી દીધું. આ રીતે જેઓ મૂળે સામાજિક–આર્થિક સ્થિતિસ્થાપકતાના સમર્થક હતા તેઓ પણ બે વિભાગોમાં વહેંચાઈ ગયા. કેટલાક લોકો તત્કાલીન બ્રિટીશ રાજ્યશાસનના ભકત અને સમર્થક રહ્યા અને કેટલાક લોકો સ્વાતંત્ર્યઆંદોલનને સહાય કરવા લાગ્યા કે જેથી અંગ્રેજોના જવા પછી જ્યારે એ આંદોલનના નેતાઓ અને સંચાલકોના હાથમાં રાજ્યની લગામ હાથમાં આવે ત્યારે તેમને પોતાનો પ્રભાવ પાડવાની તક પ્રાપ્ત થાય. એમ જણાય છે કે સ્વાતંત્ર્ય આંદોલન ચલાવનારાઓને પણ આ સુધારાપ્રિય પ્રતિગામીઓની સહાય અને સહકારની જરૂર હતી, કારણ કે એક તરફ આર્થિક મદદની જરૂર હતી તો બીજી તરફ ધનવાનોની આપણા સમાજના બહુ મોટા ભાગ પર જે અસર અને ઇજ્જાબ હતાં–તેનું સમર્થન–ભલે થોડું પણ–તેની જરૂર હતી. ભારતમાં ધર્મ, ઈશ્વર અને શાસ્ત્રના નામે અજ્ઞાનાંધ અને મૂઢ જનતા પર પંડાઓ–પુરોહિતો અને સાધુસંતોની ઘણી મોટી અસર હતી. તેથી જ આ પ્રતિક્રિયાવાદી બળોની મદદ વિદેશી શાસને તો લીધી હતી જ, પરંતુ સ્વતંત્રતા પ્રાપ્ત કરવા મથી રહેલી વિપ્લવી જમાતે પણ શકય તેટલી, તે બળોની, મદદ લીધી. એ એક કેવી અજબ વાત હતી કે જે વિદેશી શાસનકર્તાઓનો ધર્મ, ખાનપાન, વેશભૂષા અને રહેણીકરણી બિલકુલ ભિન્ન હતાં અને જેમને અહીંના સનાતનધર્મીઓ ક્લેચ્છ માનતા હતા અને જેમની સાથે બેસીને ખાવાપીવામાં અધર્મ માનવામાં આવતો હતો, જેમના દેશમાં જવાને તથા તેને માટે સમુદ્રયાત્રા કરવાને પાપ માનવામાં આવતું હતું, તેમને આપણા દેશમાં સુરક્ષિત બનાવવામાં અને કાયમ કરવામાં એ જ પ્રતિક્રિયાવાદી બળો સૌથી મોખરે હતાં એક તરફ સત્તા અને રાજનીતિનો સ્વાર્થ હતો તો બીજી તરફ સંપત્તિ અને તેના પોષકધર્મનો સ્વાર્થ હતો. બલ્કે એમ કહેવું ઠીક થશે કે જે શાસન દ્વારા આપણા દેશની જનતાનું ધન લૂંટાતું હતું તેને અંદરોઅંદર વહેંચી લઈને ખાઈ જવાની આ ભાઈબંધી હતી. આ બંનેની વચમાં આપણી જનતાને સેંકડો વર્ષો સુધી જે મૂલ્ય ચૂકવવું પડયું તેની સાક્ષી તો આપણો સમગ્ર ઇતિહાસ પૂરે છે.

આ સ્થિતિ હોવા છતાં જ્યારે વિદેશી શાસનકર્તાઓને અહીંથી ખસવું પડયું અને સત્તાનો દોર સ્વાતંત્ર્ય સંગ્રામના સંચાલકો અને જેલ જવાવાળાઓના હાથમાં આવી ગયો ત્યારે એ પ્રતિગામી બળો જાણે કે વિધવા જેવાં બની ગયાં અને એક જબરદસ્ત ખળભળાટ જાગી ગયો. એ બળોને એવું લાગ્યું કે જે ધર્મ અને સમાજની છત્રછાયા હેઠળ તેઓ શોષણચક્ર ચલાવતા હતા અને જેને વિદેશી શાસનની સહાય હતી તેને નવા રાજ્યકર્તાઓ જડમૂળથી ઉખેડીને ફેંકી દેશે અને જે સ્થિતિસ્થાપકતાને આજપર્યંત થયેલી વૈજ્ઞાનિક પ્રગતિની સામે થપ્પડ તેમણે જાળવી રાખી હતી તે નાબુદ થઈ જશે. આ સંદેહે તેમને પ્રતિક્રાંતિ માટે પ્રેરણા આપી. જ્યારે આપણા રાષ્ટ્રનું નવું બંધારણ ઘડાવા લાગ્યું અને તેમાં સામાજિક તેમજ આર્થિક પરિવર્તન અને પ્રગતિનાં સિદ્ધાંતો અંતર્ગત કરવાનો પ્રસ્તાવ તેમની સામે આવ્યો ત્યારે એ પ્રતિક્રિયાવાદી બળોએ તેનો બાયોકાર વિરોધ કર્યો અને સ્થિતિસ્થાપકતાને કાયમ કરી રાખવા માટે 'આમજનતાના અજ્ઞાનનો જેટલો લાભ ઉઠાવી શકાય તેટલો લાભ મેળવવાનો પ્રયત્ન કર્યો. તેમના આ વિરોધની ધજા પર "ધર્મ ભયમાં છે" એ સૂત્ર સૌથી મોટામાં મોટા અક્ષરોમાં લખવામાં આવ્યું હતું. જ્યારે આપણા શાસનવિધાન માટે ધર્મ નિરપેક્ષિતતાનો આદર્શ સ્વીકારવાની વાત નકકી કરવામાં આવી, જાતપાત તેમજ સંપ્રદાય અને અસ્પૃશ્યતા પર અવલંબિત ભેદભાવને નષ્ટ કરવાની વાત આવી, હિંદુ કોડ વિધાનનું નિર્માણ કરવાનું વિચારવામાં આવ્યું, હરિજનોના મંદિર–પ્રવેશનો પ્રશ્ન આવ્યો ત્યારે દરેક વખતે "ધર્મ ભયમાં છે" એ સૂત્રનો દોર લઈને વિરોધની ધજા ફરકાવવામાં આવી અને એ ધજાના આશ્રય હેઠળ વિવિધ

પ્રતીકો અને પદ્ધતિઓ દ્વારા ધર્મ-યુદ્ધ કરવામાં આવ્યાં તથા ધર્મ તેમજ ઈશ્વરના નામે આપણી જનતાને બહેકાવવાની-ભડકાવવાની અને નવી રાજ્યસત્તાને ઉખેડી નાખવાની કોશિષ કરવામાં આવી. પરંતુ ૫૦ વર્ષો પર્યંત ચાલેલા સ્વાતંત્ર્ય આંદોલનની સાધના એટલી તાજી હતી – જીવિત હતી કે મરવાને વાંકે જીવવા એ પ્રતિક્રિયાવાદના આક્રમણે તેના પર જરા જેટલી પણ અસર કરી નહિ.

પણ ધીમે ધીમે સંઘર્ષનો થાક અને સત્તાના મદે મળીને પ્રગતિ અને ક્રાંતિનાં આ બળોને ઠંડા કરી નાખ્યાં અને એ બળો આદર્શથી દૂર ચાલી ગયાં. તેમનાં પોતાના સ્વાર્થનો વિચાર આગળ આવ્યો. વર્ષો સુધી ત્યાગ, સેવા, અને બલિદાનની સાધનાની દોડમાં જે ભૂખ દબાયેલી પડી હતી તે ઉઘડીને પ્રગટ થઇ અને તેની પૂર્તિ કરવાને માટે નવપ્રાપ્ત સત્તાનો ઉપયોગ થવા લાગ્યો. આવી દુર્બળતાના સમયે, જે પ્રતિક્રિયાવાદી બળો પ્રતિક્રાંતિમાં પરાજય પામી ચૂકયાં હતાં તે બળોએ નવો સાજ-શૃંગાર સજીને આ તથાકથિત પ્રગતિશીલ બળોને પોતાની મોહિનીથી વશ કરવાની તક શોધી લીધી. જ્યારે એ પ્રતિક્રિયાવાદી બળોએ જોયું કે આ વિપ્લવી નવા રાજ્યકર્તાઓ, પરિવર્તન અને પ્રગતિની ભલે ગમે તેટલી વાતો કરતા હોય છતાં પણ, પહેલાંનાં વિદેશી શાસ્ત્રો પરંપરા અને સ્થિતિસ્થાપકતાના જેટલા પોષક અને રક્ષક હતા તેટલા જ આ નવા શાસનકર્તાઓ થતા જાય છે, ત્યારે તેમણે (પ્રતિક્રિયાવાદી બળોએ) પોતાની શક્તિની આભા દેખાડી દેખાડીને તેમને પોતાની તરફ લલચાવવા લાગ્યા. અને જે પ્રતિક્રિયાવાદ શાસ્ત્રના નામે, ઈશ્વરના નામે અને ગાયના નામે સફળ ન થયો તે આ તથાકથિત રાજનૈતિક પ્રગતિવાદીઓના નામે સફળ થઇ રહ્યો છે. જેમ જેમ સત્તાનો નશો ચડી રહ્યો છે અને તેના કારણે અપ્રમાણિકતા અને ભ્રષ્ટાચાર આગેકદમ કરી રહ્યાં છે, આમ જનતામાં તેના પ્રત્યે ઘૃણા અને ઉપેક્ષા વધતાં રહ્યાં છે, તેમ તેમ તેઓ પણ ધર્મ અને સંસ્કૃતિનું અફીણ પાઇને જનતાને પોતાની સાથે રાખવા ઇચ્છી રહ્યા છે. અને ટોળાંમાંથી ગાજતા જયજયકારના ભૂખ્યા એ રાજનેતાઓ, તેમને હવે કોઇ મંચ અથવા માધ્યમ દ્વારા ટોળાંના દર્શન થતાં ન હોવાથી, ટોળાં વચ્ચે જવાના લોભે પણ જાણ્યે અજાણ્યે પ્રતિક્રિયાવાદની ગોદમાં જઇ રહ્યા છે. આમ થવાનું બીજું પણ એક કારણ છે. આજ પર્યંત સત્તાના માલિક જો કે પ્રગતિશીલ લોકો બની રહ્યા છે, પરંતુ સંપત્તિ તો પ્રતિક્રિયાવાદીઓના હાથોમાં જ છે. અને સંસ્થાઓ માટે, ચૂંટણીઓ માટે તો અનુયાયીઓને ખવડાવી પીવડાવીને પોતાની સાથે રાખવા માટે જરૂર પડે છે ધનની, અને એ ધન જનતા પાસેથી તો મળતું નથી, તેથી પ્રતિક્રિયાવાદીઓ પાસેથી ખુલ્લં ખુલ્લા યા છૂપી રીતે આર્થિક સહાય લેવી પડે છે અને આવી આર્થિક સહાય કરીને તેઓ પ્રગતિવાદીઓનાં મોઢાં બંધ કરી દે છે. રાજનેતાઓને અર્થ સિવાય જનતાનાં ટોળાં પણ જોઇએ છે. સત્તાધારીઓની જે કાર્યવાહી જોવામાં આવી છે તેનાથી હવે મોટા પ્રમાણમાં જનસંખ્યા એકઠી થતી નથી, પરંતુ યજ્ઞ, કીર્તન, પૂજા સત્સંગાદિના નામે આજે પણ અજ્ઞાન-અંધકારમાં ડૂબેલા હજારો લોકો એકત્ર થઇ જાય છે. તેથી કોઇ એક જમાનાનો પ્રગતિવાદી પણ આજે તે સભાઓમાં ભાગ લે છે અને સિદ્ધાંતો અને વિચારોને એક બાજુ રાખી દે છે અથવા રાજકીય મંચ ઉપર બોલવાને માટે તેને અલગ રાખી મૂકે છે. સંપૂર્ણમાં સંપૂર્ણ એવી કોઇ પ્રતિક્રિયાવાદી સંસ્થા યા સંગઠનનું સંસ્કૃતિ અને કળાના નામે ઉદ્ઘાટન યા શિલાન્યાસવિધિ તમારે આજે કરાવવું હોય તો કેન્દ્ર સરકારના તેમજ પ્રાંતીય સરકારોમાંના પ્રધાનો દ્વારા તમે કરાવી શકો છો. સોમનાથ મંદિરના પ્રતિષ્ઠા-મહોત્સવ સમયે અને પ્રયાગના કુંભ મેળામાં થોડાંક વર્ષો પહેલાં જે કાંઇ થયું હતું તેને વાંચકો ભૂલ્યા નહિ જ હોય. એ ખૂલ્લું છે કે આજે રાષ્ટ્રમાં પ્રતિક્રિયાવાદીતાનું જોર વધી રહ્યું છે અને તેનું કારણ એ છે કે એક સમયે જેઓ એનો વિરોધ કરતા હતા, પ્રગતિની વાત કરતા હતા, તેને માટે સંઘર્ષ અને આંદોલનની વાતો કરતા હતા તેઓ પોતે જ આજે એ જ પ્રતિક્રિયાવાદીઓની જમાત અને વિત્તકોળાની કેદમાં ફસાઇ ગયા છે. જેમ નાણાંપ્રધાન અને વ્યાપારપ્રધાન અને બીજા રાજનૈતિક દળોના નેતાઓ વેપારીઓ પાસેથી નાણાં એકઠા કરવામાં મશગૂલ રહે છે, તેમજ શ્રી. ગુલઝારીલાલ નંદા જેવા પ્રધાન સાધુઓનું સંગઠન બનાવીને અને તેમને આશીર્વાદ આપીને સત્તાના સેવકો બનાવી રહ્યા છે. જે સંગઠનોને અને સંસ્થાઓને ધર્મનિરપેક્ષ રાજ્યની સામાજિક-આર્થિક પ્રગતિના અવરોધક અને બાધક તરીકે આપણે માનીએ છીએ તેમને નાબુદ કરવાને બદલે આપણે તેવી સંસ્થાઓ અને સંગઠનોના ગુલામ બની રહ્યા છીએ. એક તરફ સમાજવાદી સમાજ-વ્યવસ્થાના નિર્માણ અને વિકાસની આપણે વાતો કરીએ છીએ તો બીજી તરફ આપણે સમાજવાદની પીઠમાં છરા મારનારાઓની સાથે મૈત્રી કરીએ છીએ, એટલું જ નહિ પણ, તેવાઓને આપણે માન-સન્માન આપીએ છીએ. રાષ્ટ્રપતિથી લઇને નાનામાં નાના મંત્રી અને નેતા એ બધા એની ઓથ લે છે; અને આ અવસરનો લાભ ઉઠાવવા માટે, હિંદુ, મુસલમાન, જૈન, બૌદ્ધ એ બધા ધર્મોના પ્રતિક્રિયાવાદીઓ આ ભાઇબંધીમાં સામેલ થઇ રહ્યા છે. કોઇને આમંત્રણ આપીને તેમનું સ્વાગત સત્કાર કરીને, કોઇને અભિનંદન આપીને, કોઇનાં પુસ્તકો છપાવીને અને કોઇની પ્રસંશાના પૂલ બાંધીને આ લોકો પ્રગતીશીલોને પોતાના બનાવી લે છે. આનાથી વિશેષ ભલે કાંઇ પણ ન હોય, પરંતુ વિરોધનું મોઢું તો થોડું ઘણું બંધ થઇ જાય છે જ. પરોક્ષ રીતે આનાથી બીજું પણ નુકસાન થાય છે. જ્યારે આ તથાકથિત પ્રગતિવાદીઓ એ પ્રતિક્રિયાવાદીઓના હાથમાં જઇ પડે છે ત્યારે પ્રગતિવાદી બળોનો પક્ષ દુર્બળ થઇ જાય છે અને તેથી તેમનામાં નૈરાશ્યની એક સૃષ્ટિ ઉભી થઇ જાય છે, જેનું પરિણામ પણ પ્રતિક્રિયાવાદીઓના લાભમાં જ રહે છે એ કહેવાની જરૂર નથી.

જ્યારે આવી રીતે પ્રતિક્રિયાવાદીઓની ભાઇબંધી કરનારાઓ સાથે એ સંબંધે ચર્ચા કરવામાં આવે છે ત્યારે તેઓ રાષ્ટ્ર-નિર્માણની વાત લઇને કહેવા લાગે છે કે સઘળા પ્રકારના લોકોને સાથ લઇને કામ કરવું પડે છે. એ કહેવાની જરૂર નથી કે તે એક મોટી ભ્રમણા છે. આ પ્રકારની સિદ્ધાંતવિહીન વ્યવહારીકતા એ નિર્માણની દિશામાં વિનાશ જ કરે છે. અગર પ્રગતિશીલ કહેવાતા લોકો જો એમ માનતા હોય કે ક્રાંતિનું કામ પૂરું થઇ ગયું છે અને હવે નિર્માણ કરવાનું બાકી છે, તો તેઓ ભૂલ કરી રહ્યા છે. તેમને હું સુપ્રસિધ્ધ વિચારક બર્ટ્રાન્ડ રસેલના શબ્દોમાં કહીશ કે "આજે યુગ-અનુકૂળ નવા ધર્મને માટે સંહારનું ઘણું બધું કામ પડયું છે. તે કરી લીધા પછી જ નવીન જીવન સંસ્કૃતિનો વિકાસ થશે." જે તત્ત્વોનો આપણે વાસ્તવિક જીવન-સંસ્કૃતિના વિકાસ માટે સંહાર કરવો જોઇએ તે આપણી નબળાઇનો લાભ લઇ રહ્યાં છે અને દુર્ભાગ્યે આપણે તેવાં તત્ત્વોને વિશેષ સંરક્ષણ આપી રહ્યા છીએ. વિશ્વમાં જાગૃત થયેલી વિચાર-ક્રાંતિની ટક્કરમાં ભલે કદાચ પેલાં તત્ત્વોને આપણું સંરક્ષણ બચાવી નહિ શકે, તો પણ જ્યાં સુધી આપણા કર્તૃત્વ અને કર્તવ્યનો સવાલ છે ત્યાં સુધી આપણે દુઃખ સાથે એ સ્વીકારવું પડશે કે આમાંનું પતન, નિરાશા અને સ્થાપિત સ્વાર્થોનાં સંરક્ષણનો મોહ-એ આપણને પ્રતિક્રિયાવાદની દિશામાં લઇ જઇ રહ્યાં છે. પ્રગતિના મર્મને સમજનારા, તેના દર્શનના ખેવણહારા, તેની ક્રિયા પ્રતિક્રિયાને ઓળખનારા શું આ ઘાતક સ્થિતિ સંબંધે વિચારશે ખરા? અને મોહનું કવચ તોડીને તેમાંથી બહાર નીકળશે ખરા?

મૂળ હીંદી : શ્રી. ભંવરમલ સિંઘી
અનુવાદક : શ્રી. શાન્તિલાલ દેવજી નન્દુ

જૈન સાધુઓ અને મલમૂત્રવિસર્જન

જૈન સાધુઓ મલવિસર્જન માટે પાયખાનાનો ઉપયોગ કરતા નથી, પણ તેમના માટે કાં તો ઉપાશ્રયમાં આ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવેલી હોય છે અથવા તો ગામ યા શહેરની બહાર ખુલ્લી એકાન્ત જગામાં આ કુદરતી હાજતનું તેઓ શમન કરે છે. આવી જ રીતે પેશાબ માટે તેઓ જ્યાં રહેતા હોય ત્યાં આ માટેનો કોઇ નિયત સ્થાનનો ઉપયોગ કરતા નથી, પણ કુંડીમાં પેશાબ એકઠો કરીને બહાર ખુલ્લામાં અને ગામ કે શહેરમાં રહેતા હોય તો ત્યાં જાહેર માર્ગ ઉપર સાધારણ રીતે કુંડી ઠલવે છે. આ પ્રથાને ઉદ્દેશીને કલકત્તાથી ત્યાંના તરુણ સંઘના મંત્રી શ્રી જવાહરલાલ વૈદ્ય તા. ૨૪-૬-૫૯ના પત્રમાં લખે છે કે:

"આપ જાણતા હશો કે જૈનધર્મના તેરાપંથ સંપ્રદાયના આચાર્ય શ્રી તુલસીગણિ જેઓ આજ કાલ નૈતિક પુનરુત્થાનના ઉદ્દેશથી અણુવ્રત–આન્દોલનના પ્રચાર–પ્રસારમાં સંલગ્ન છે તેઓ થોડા મહીનાથી પોતાના કેટલાક સાધુ–સાધ્વીઓની સાથે કલકત્તા ખાતે પધાર્યા છે. તેઓ પોતાના પ્રવચનમાં રાત દિવસ નૈતિક શુધ્ધિના વાતાવરણ ઉપર જોર દે છે અને કુરૂઢિઓ તેમ જ કુસંસ્કારોનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે.

"જ્યાં અણુવ્રત–આન્દોલન આ પ્રકારના નૈતિક શુદ્ધિના આધાર ઉપર અવસ્થિત હોવાનું દર્શાવવામાં આવે છે ત્યાં તેના પ્રવર્તક આચાર્ય તથા સાધુ–સાધ્વી પોતાનો પેશાબ પાત્રોમાં એકઠો કરીને નાગરિક વસ્તી વચ્ચે જાહેર રસ્તાઓ ઉપર ફેંકવાની તથાકથિત ધાર્મિક તેમ જ શાસ્ત્રીય વિધિનું યથાવત્ પાલન કરે છે અને એ મુજબ કરતા રહેવાનો આગ્રહ સેવે છે. આ ગંદી પ્રથાનો ધર્મ અથવા નૈતિકતા સાથે શું સંબંધ છે એ વિષે કોઇ પણ પ્રકારની ચર્ચા ન કરીએ તો પણ એ તો સ્પષ્ટપણે લાગે છે કે આજે કે જ્યારે જનસ્વાસ્થ્યની રક્ષાની દૃષ્ટિથી સફાઇ રાખવા માટે વિવિધ પ્રકારના નિયમો તથા કાનૂનો રચવામાં આવ્યા છે અને જેની ઉપર સરકારનો સ્વાસ્થ્ય વિભાગ તેમ જ મ્યુનીસીપાલીટી ખૂબ ભાર મૂકે છે તેવા સમયમાં આ રીતે પેશાબ જાહેર રસ્તાઓ ઉપર ફેંકવો તે સ્વાસ્થ્યના નિયમોની વિરૂધ્ધ છે તથા નાગરિક જીવનની સામાન્ય જવાબદારીઓની મર્યાદાઓની પણ વિરૂધ્ધ છે. આ સ્વાસ્થ્ય–વિરોધી, સમાજવિરોધી, અને તે કારણે નીતિ–વિરોધી કાર્યસંબંધમાં અહિં ખૂબ અસંતોષ પ્રવર્તે છે, જે અહિંની કોરપોરેશન ઉપર મોકલવામાં આવેલી ફરિયાદોના રૂપમાં વ્યકત થયો છે. આચાર્ય શ્રી તુલસી સમક્ષ નિવેદન કરવામાં આવ્યું છે કે આ વાંધાભરેલી પ્રથાનો પરિત્યાગ કરવા તેઓ કૃપા કરે, પણ તેમણે આ બાબત તરફ હજુ સુધી કશું ધ્યાન આપ્યું નથી. આ ધાર્મિક લેખાતી પ્રથાના ઔચિત્ય–અનૌચિત્ય સંબંધમાં આપના વિચારો જાણવા હું આતુર છું. આપ આ બાબતનો ઉત્તર આપીને મને અનુગ્રહિત કરશો એવી આશા છે"

આ પ્રશ્ન માત્ર માનગી રીતે નહિ પણ જાહેર રીતે ચર્ચાવા યોગ્ય છે એમ સમજીને ઉપરનો પત્ર પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવાનું અને તે સંબંધમાં મારા વિચારો પણ સાથે સાથે વ્યકત કરવાનું ઉચિત ધાર્યું છે.

ભાઇશ્રી જવાહરલાલજીએ જે પ્રથાનો ઉલ્લેખ કર્યો છે તે પ્રથા જૈન સમાજ સાથે સંબંધ ધરાવતા લોકો સારી રીતે જાણે છે. જ્યારે મુંબઇ, કલકત્તા જેવાં મોટાં શહેરો અસ્તિત્વમાં નહોતાં, જ્યારે જૈન મુનિઓ મોટા ભાગે ગામડાંમાં વિચરતા હતા અને જ્યારે નાગરિક સફાઇ, સ્વચ્છતા અને આરોગ્યરક્ષાના ખ્યાલો આજ જેટલા વિકાસ પામ્યા નહોતા, ત્યારે જૈન સાધુઓના મલમૂત્રના નિકાલ સંબંધે જે કાંઇ આચાર પ્રચલિત હોય તે સંબંધમાં ખાસ કહેવાપણું કે ચર્ચા કરવાપણું નહોતું. પણ આજે આ પ્રકારનો આચાર ચાલી શકે જ નહિ. ઉપર જણાવેલા આચાર સાથે અહિંસાના અમુક ખ્યાલો જોડાયેલા હશે, અથવા તો પાયખાનું કે મોરીનો ઉપયોગ કરવામાં હિંસાના અમુક ખ્યાલો જોડાયેલા હશે, એમ છતાં પણ જીવનનિર્વાહ માટે અનિવાર્ય હિંસા જેમ કે શ્વાસ લેવો, હાલતાં ચાલતાં અજાણપણે હિંસા થઇ જાય વગેરે–આવી હિંસાને જૈન ધર્મશાસ્ત્રોમાં અહિંસા કહેલી છે અથવા તો એ હિંસા દોષિત ગણાતી નથી એ મુજબ આચાર્ય તુલસીએ, જ્યારે તેઓ મુંબઇમાં બિરાજમાન હતા ત્યારે, તેમની સાથેની ચર્ચામાં મને જણાવ્યાનું સ્પષ્ટપણે યાદ છે. તે પ્રમાણે, શહેર સુધરાઇ કે સરકારી કાનૂન આ બાબતમાં જે મુજબ વર્તવાની ફરજ પાડે તે મુજબ વર્તવું એ શહેર કે ગામમાં વસતા દરેક માણસનો–પછી તે સાધુ હો કે સંસારી–અનિવાર્ય ધર્મ છે અને એ ધર્મનું અનુપાલન કરતાં અનિવાર્ય બની જતી કોઇ પણ પ્રકારની હિંસા એ હિંસા નથી–અહિંસા છે–આ ધર્મવિચાર વસતીવાળા પ્રદેશમાં વિચરવા ઇચ્છતા દરેક સાધુ સાધ્વીએ સ્વીકારવો જ જોઇએ અને તેથી ખાસ કરીને મોટા શહેરોમાં રહેવા ઇચ્છતા સાધુ સાધ્વીઓએ મળમૂત્રવિસર્જન માટે મોરી તથા પાયખાનાનો ઉપયોગ કરવો જ જોઇએ અને મોટા શહેરના ઉપાશ્રયોમાં આ પ્રકારની પૂરી સગવડ હોવી જ જોઇએ. જે કોઇ સાધુ કે સાધ્વી આ પ્રમાણે વર્તવાને તૈયાર ન હોય તેણે ખાસ કરીને મોટા શહેરોમાં પગ મૂકવો ન જોઇએ.

આ બાબત મોટાં શહેરોના જૈન સંઘોએ ગંભીરપણે ધ્યાનમાં લેવી ઘટે છે. જાહેરમાં પેસાબ કે ઝાડો કરવો નહિ આવો પ્રતિબંધ દરેક શહેર સુધરાઇઓએ ફરમાવેલો હોય છે. માત્ર તેનો અમલ હજુ સર્વત્ર કડકપણે થતો નથી. પણ કોઇ પણ ઠેકાણે આ પ્રતિબંધનો ભંગ કરનારને સુધરાઇ તેમ જ સરકાર કોર્ટમાં ઘસડી શકે છે અને કાયદા મુજબ શિક્ષા કરાવી શકે છે. આ વાસ્તવિક પરિસ્થિતિ ધ્યાનમાં લઇને કોઇ પણ જૈન સાધુ કે સાધ્વી આવી અગવડમાં ન મૂકાય એવો પ્રબંધ દરેક જૈન સંઘે કરવો જોઇએ અને તેનું અનુપાલન દરેક સાધુસાધ્વી પાસે કરાવવું જોઇએ.

વસ્તુતઃ સફાઇ અને સ્વચ્છતાના ખ્યાલોમાં સમયે સમયે ફેરફાર થતો જાય છે અને એ ખ્યાલો મુજબ દરેક માણસે પોતાના આચારવ્યવહારમાં ફેરફાર કરતા રહેવું ઘટે છે. એક વખત ખુલ્લા પ્રદેશમાં દિશાએ જવું કે શેરીના કોઇ પણ ખુણે પેસાબ કરવો એ સહજ– ખાસ કરીને પુરૂષવર્ગ માટે–આ જરા પણ અનુચિત કે અસભ્ય લેખાતું નહોતું. આજે આ પ્રકારની રીતભાત અસભ્ય ગણાવા લાગી છે અને ઘરઘરમાં મોરી અને પાયખાનાની સગવડ કરવામાં આવેલી જોવામાં આવે છે. પુરાણી રીતે વર્તનારાઓ પ્રત્યે આજનો શિષ્ટ સમાજ એક પ્રકારની ઘૃણાથી જોતો થયો છે અને આવી રીતે મલમૂત્રનો ત્યાગ કરવાની પ્રથા હવે જંગલી તરીકે સર્વત્ર ઓળખવા લાગી છે. પરદેશીઓ આપણી આ પ્રથા જોઇને ભારે આશ્ચર્ય અનુભવે છે. શહેરી સમાજને આ બાબતની ભારે સુગ હોય છે. આજની આવી પરિસ્થિતિ ધ્યાનમાં લઇને કાં તો જે જૈન સાધુઓને પોતાના પુરાણા આચારનું યથાવત્ પાલન કરવાનો આગ્રહ હોય તેમણે મોટાં શહેરોમાં કદિ પગ મૂકવો ન જોઇએ. અને જેમને મોટાં શહેરોમાં વિચરવાનો તેમ જ વસવાનો આગ્રહ હોય તેમણે મલમૂત્રવિસર્જન સંબંધે શહેરી સુધરાઇના કાયદાકાનૂન અને શહેરી સભ્યતાના સાંકેતિક નિયમોનું અનુપાલન કરવું જોઇએ. આ ખાતર તેમણે કુદરતી હાજતોના શમન માટે મોરી તથા પાયખાનાનો ઉપયોગ કરવો જ જોઇએ, એટલું જ નહિ પણ, દંતધાવન, સ્નાન તથા ચોખ્ખા વસ્ત્રોનું પરિધાન–આટલી બાબતોનો પણ તેમણે હવે વિનાસંકોચે સ્વીકાર કરતાં થવું જોઇએ, અને જે જૈન સાધુઓ નગ્ન વિચરતા હોય તેમણે વસ્તી પુરતો નગ્નત્વનો પણ ત્યાગ કરવો જોઇએ.

પરમાનંદ

પંડિત સુખલાલજી સન્માન સમિતિ

પંડિત સુખલાલજી સન્માન સમિતિનો આવક-જાવકનો હિસાબ

પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનું સન્માન માટે સને ૧૯૫૫માં પંડિત સુખલાલજી સન્માન સમિતિની સ્થાપના કરવામાં આવેલ. તે સમિતિ તરફથી એક ભવ્ય મેળાવડો એકઠું કરી પંડિત સુખલાલજીનું ડૉ. રાધાકૃષ્ણનના પ્રમુખપણા નીચે યુનિવર્સિટી હૉલમાં એક ભવ્ય સમારંભ યોજીને સન્માન કરવામાં આવેલ અને પંડિતજીના લખાણો તથા વકતવ્યોમાંથી તારવીને "દર્શન અને ચિંતન" નામના બે ભાગ ગુજરાતી તથા એક હિંદી એમ લગભગ ૨૬૦૦ પાનાંના ત્રણ ગ્રંથો પ્રગટ કરવામાં આવેલ. એ સમિતિની સામાન્ય સભા અમદાવાદ ખાતે ગુજરાત વિદ્યાસભામાં શનીવાર તા. ૪-૭ પહેલા રોજ મળી હતી, અને તેમાં નીચે મુજબ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા:-

ઠરાવ-૧ : આવક-જાવકના હિસાબને બહાલી

"પંડિત સુખલાલજી સન્માન સમિતિનો તા. ૨૨-૧૧-૧૯૫૫ થી તા. ૧૫-૬-૧૯૫૯ સુધીનો ઑડિટરે તપાસી સહી કરેલો આવક-જાવકનો હિસાબ આથી બહાલ રાખવામાં આવે છે."

ઠરાવ-૨ : પછીના ખર્ચને મંજૂરી

"પંડિત સુખલાલજી સન્માન સમિતિનો તા. ૧૫-૬-૧૯૫૯ સુધીનો આવક-જાવકનો હિસાબ ઑડિટરે તપાસીને સહી કર્યા બાદ સામાન્ય સભાની નોટિસ તથા આવક-જાવકનો હિસાબ છપાવવામાં તથા એને સન્માન સમિતિના બધા સભ્યોને ટપાલથી મોકલવામાં રૂા. ૩૫-૦૫ અંકે પાંત્રીસ રૂપિયા પાંચ નયા પૈસા ખર્ચ થયું છે તેને આથી મંજૂર કરવામાં આવે છે."

ઠરાવ-૩ : આભારનિવેદન

"પંડિત સુખલાલજી સન્માન સમિતિની સ્થાપનામાં, તેમજ સ્થાપના બાદ સન્માન સમિતિએ હાથ ધરેલ કાર્યને સંપૂર્ણ રીતે સફળ બનાવવામાં – એટલે કે સમિતિના કાર્યનો પ્રચાર કરવામાં, સન્માન-નિધિ એકત્ર કરવામાં, પંડિતજીના હિન્દી-ગુજરાતી લેખ સંગ્રહનાં "દર્શન અને ચિંતન"નાં ત્રણ ગ્રંથો તૈયાર કરવામાં અને સમારંભની સફળ ઉજવણીમાં – જુદા જુદા પ્રદેશોનાં, શહેરો અને ગામોના સન્માન સમિતિના સભ્યોએ તેમજ અન્ય અનેક ભાઈ-બહેનોએ ઉમળકાભેર જે સક્રિય સાથ અને સહકાર આપ્યો છે તે બદલ તે બધાનો, તેમજ સન્માન સમિતિનું મુખ્ય કાર્યાલય રાખવા દેવા માટે ગુજરાત વિદ્યાસભાનો અને સમિતિનું મુંબઇનું કાર્યાલય રાખવા દેવા માટે અને સમારંભનું કાર્ય સફળતાપૂર્વક પાર પાડવામાં પૂર્ણ સહકાર આપવા માટે શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો આથી આભાર માનવામાં આવે છે."

ઠરાવ-૪ : સન્માન સમિતિનું વિસર્જન

"પંડિત સુખલાલજી સન્માન સમિતિનું બધું કામ પૂરું થયું હોવાથી સન્માન સમિતિનું ધી યુનાઇટેડ કોમર્શિયલ બેંક લિ. અમદાવાદમાંનું ચાલુ ખાતું બંધ કરી દેવાનું અને આજની તારીખે સન્માન સમિતિ પાસે બાકી રહેતા રૂા. ૩૭૬-૦૦ અંકે ત્રણસો છોતેર રૂપિયા પૂરા પંડિત સુખલાલજી મારફત, સ્થાપેલ જ્ઞાનોદય ટ્રસ્ટને આપી દેવાનું અને ત્યાર બાદ સન્માન સમિતિનું વિસર્જન કરવાનું આથી ઠરાવવામાં આવે છે."

ઉપર જણાવ્યા મુજબ પંડિત સુખલાલજી સન્માન સમિતિ તરફથી તા. ૨૨-૧૧-૫૫ થી ૧૫-૬-૫૯ સુધીનો ઑડીટ થયેલો જે હિસાબ રજુ કરવામાં આવ્યો હતો અને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો હતો, તેની વિગત નીચે મુજબ છે:-

આવક : એકંદર આવક રૂા. ૧,૦૧,૨૦૮-૨૫ થઇ હતી: રૂા. ૯૫,૫૪૦-૭૫ સન્માન નિધિ ખાતે, ૫,૬૦૧-૦૦ લેખ સંગ્રહ ખાતે, ૬૬-૫૦ બેંકના વ્યાજ ખાતે.

ખર્ચ : એકંદર ખર્ચ રૂા. ૧,૦૦,૭૮૭-૨૦ થયો હતો રૂા. ૭૦,૦૦૦-૦૦ પંડિત સુખલાલજીને થેલી અર્પણ કરી, ૧૬,૮૮૨-૪૩ ગુજરાતી લેખસંગ્રહ 'દર્શન અને ચિંતન' ભાગ ૧-૨ (પાના ૧૬૬૮), ૭,૪૨૭-૦૯ હિન્દી લેખસંગ્રહ 'દર્શન ઔર ચિંતન' (પાના ૯૪૪), ૨,૭૧૧-૮૭ સમારંભ ખર્ચ, ૬૪૬-૫૩ પ્રચાર ખર્ચ, ૮૮૬-૧૮ પૅકીંગ તથા રવાનગી ખર્ચ, ૧,૦૫૦-૦૦ પગાર ખર્ચ, ૪૭૦-૭૯ પ્રવાસ ખર્ચ, ૫૦-૦૦ ઑડીટર ફી, ૩૩૩-૫૯ ટપાલ ખર્ચ, ૧૩-૭૭ સ્ટેશનરી ખર્ચ, ૩૧-૮૬ બેંકકમિશન, ૨૬૩-૦૯ પરચુરણ ખર્ચ, અને ૪૧૧-૯૫ રોકડ પુરાંત.

આ રીતે ઉપરોકત પંડિત સુખલાલજી સન્માન સમિતિએ પંડિત સુખલાલજીને રૂા. ૭૦,૦૦૦-૦૦ની થેલી અર્પણ કરી છે તથા દર્શન અને ચિંતનના ત્રણે લેખસંગ્રહોની બાકી રહેલી નકલો, પણ તેમને અર્પણ કર્યા છે, અને પ્રસ્તુત સન્માન સમિતિને વિસર્જિત કરવામાં આવી છે.

પંડિત સુખલાલજીને ઉપર જણાવ્યા મુજબ જે થેલી તથા લેખસંગ્રહો સન્માન સમિતિ તરફથી અર્પણ કરવામાં આવ્યા હતા તેની વ્યવસ્થા માટે પંડિતજીની આજ્ઞાથી 'જ્ઞાનોદય ટ્રસ્ટ' નામનું એક ટ્રસ્ટ ઉભું કરવામાં આવ્યું છે અને તેના નીચે પ્રમાણે સાત ટ્રસ્ટીઓ નીમવામાં આવ્યા છે.

(૧) પંડિત સુખલાલજી (૪) શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા
(૨) મુનિશ્રી જિનવિજયજી (૫) ,, ચીમનલાલ ચકુલાલ શાહ
(૩) કાકાસાહેબ કાલેલકર (૬) ,, દલસુખભાઇ માલવણિયા
(૭) ,, ભંવરમલ સિંઘી

જ્ઞાનોદય ટ્રસ્ટનું સીરનામું, 'અનેકાન્ત વિહાર (શ્રેયસ કૉલેજની પાસે) નવરંગપુરા, અમદાવાદ ૯. એ મુજબ છે.

મંત્રીઓ, પં. સુખલાલજી સન્માન સમિતિ

વજ્રેશ્વરી પર્યટણ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો તથા તેમનાં કુટુંબીજનો માટે ઑગસ્ટ માસની ૧૫ તથા ૧૬ મી તારીખે વજ્રેશ્વરીનું એક પર્યટણ નકકી કરવામાં આવ્યું છે. આ માટે નિયત કરવામાં આવેલી સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ ઑગસ્ટ માસની ૧૫ મી તારીખે શનીવાર બપોરે ૨॥ વાગ્યે પાયધુની ઉપર આવેલા ટી. જી. શાહ બીલ્ડીંગ પાસેથી ઉપડશે અને રોયલ ઑપેરા હાઉસ સામે, દાદર ખોરદાદ સર્કલ પાસે આવેલા વીન્સેન્ટ રોડના બસ-સ્ટોપની બાજુએ, અને કીંગ સરકલ બાજુએ આવેલા જૈન મંદિર પાસે ઉભી રહેશે અને ૧૬ મી તારીખ રવિવારે સાંજે વજ્રેશ્વરીથી મુંબઇ પાછી ફરશે. પર્યટણમાં જોડાનાર મોટી ઉમ્મરનાએ વ્યકિત દીઠ રૂા. ૧૧ અને દશ વર્ષની નીચેનાં બાળકો માટે રૂા. ૭ ભરવાના રહેશે. આ પર્યટણમાં જોડાનારને વજ્રેશ્વરીનું સૌન્દર્ય અને શુકલપક્ષની ચાંદની માણવાનો લાભ મળશે. આ પર્યટણમાં જોડાવા ઇચ્છનાર સભ્યે ઑગસ્ટ માસની ૬ ઠ્ઠી તારીખ સુધીમાં સંઘના કાર્યાલયમાં ઉપર જણાવેલ રકમ સાથે પોતાનું નામ નોંધાવી જવું પડશે. સંઘનું પર્યટણ લાંબા વખતે યોજાતું હોવાથી આ પર્યટણમાં સંઘના સભ્યો ઘણી મોટી સંખ્યામાં જોડાશે એવી આશા રાખવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

વિષય સૂચિ

		પૃષ્ઠ
મારી શ્રેષ્ઠ કૃતિ	ગીતા પરીખ	૬૧
પ્રતિગામિતાની તરફ	ભંવરમલ સીંઘી	૬૨
જૈન સાધુઓ અને મલમૂત્રવિસર્જન	પરમાનંદ	૬૪
પંડિત સુખલાલજી સન્માન સમિતિ		૬૫
શ્રી. મુનશીની પ્રમત્ત વાણી	પરમાનંદ	૬૬
જૈન આચારના મૂળ સિધ્ધાંતો	દલસુખ માલવણિયા	૬૭
મુંબઇ જૈન યુવક સંઘ, પ્રભુદ્ધ જીવન તથા સંઘના નામપરિવર્તન અંગે		૬૯
સ્વ. હરિલાલ ગોસલિયા	પરમાનંદ	૭૦

શ્રી મુનશીની પ્રમત્ત વાણી

કાળક્રમે બનતી જતી ઘટનાઓનું એવું કોઇ વૈચિત્ર્ય છે અને સત્યના રાહ પર ચાલવાની ચિન્તા રાખતા તંત્રીનો કર્તવ્ય-ધર્મ કદિ કદિ એવી વિષમ પરિસ્થિતિ ઉભી કરે છે કે ગઇ કાલે કોઇ એક વિષયના સંદર્ભમાં કોઇ અમુક વ્યકિતને, તેણે દાખવેલી નીડરતા અંગે, ધન્યવાદ આપવાનો યોગ ઉભો થયો હોય છે તો આજે યા આવતી કાલે અન્ય વિષયના સંદર્ભમાં તે જ વ્યકિતની, તેણે દાખવેલા કોઇ ઔચિત્યભંગ યા અન્ય કોઇ કારણસર, સખ્ત ટીકા કરવાનો ધર્મ એ જ તંત્રીને પ્રાપ્ત થાય છે.

અહિં કરવા ધારેલી ચર્ચાના અનુસંધાનમાં પહેલો પ્રસંગ હતો નાગપુર કોંગ્રેસના જમીન-માલેકીનું મથાળું અને સંયુકત સહકારી ખેતી સંબંધેના ઠરાવનો શ્રી મુનશીએ કડક ભાષામાં અને નીડરતાપૂર્વક કરેલા વિરોધને લગતો. આ બાબતને લગતું તેમનું નિવેદન નીડર વકતવ્યનો એક અનુપમ નમુનો હતું. આ માટે પ્રબુદ્ધ જીવનમાં તેમને પ્રશંસાપૂર્ણ અંજલિ આપવામાં આવી હતી.

બીજો પ્રસંગ તદ્દન તાજેતરનો છે. તા. ૨૭-૭-૫૯ સોમ-વારના રોજ ભારતીય વિદ્યા ભવનમાં કેરલની સામ્યવાદી સરકારની આજની કાર્યવાહીનો વિરોધ કરવા માટે મુંબઇના શહેરીઓની મુંબઇ પ્રદેશના અગ્રણી કોંગ્રેસી કાર્યકર શ્રી કે. કે. શાહના પ્રમુખ-પણા નીચે જાહેર સભા મળી હતી. આ સભામાં કેરલની વિમો-ચન સમર સમિતિના સૂત્રધાર શ્રી મન્નથ પદ્મનાભન અને કેરલ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શ્રી આર. શંકર ઉપસ્થિત થયા હતા અને તે બન્નેએ કેરલમાં સત્તાસ્થાન ઉપર બેઠેલી સામ્યવાદી સરકારના નિષ્ઠુર અમલ નીચે ત્યાંની પ્રજા કેવી યાતના સહન કરી રહી છે અને તે સરકારને તત્કાળ સ્થાનભ્રષ્ટ કરવાની કેટલી જરૂર છે અને એમ છતાં કેન્દ્રસ્થ સરકાર વચ્ચે પડવામાં ન સમજી શકાય એવી ઢીલ કરીને કેરલની પ્રજાની કેવી આકરી કસોટી કરી રહી છે તેનો બહુ સચોટ ભાષામાં ખ્યાલ આપ્યો હતો. કેરલના આ બન્ને આગેવાનોનો આભાર માનતાં શ્રી. કનૈયા-લાલ માણેકલાલ મુનશીએ કેન્દ્રસ્થ સરકારની આજની ઢીલી નીતિ વિષે ભારે આશ્ચર્ય વ્યકત કર્યું હતું અને આવેશમાં આવીને બોલતાં એ મતલબનું જણાવ્યું હતું કે "ઉત્તર હિંદના પત્રોએ દક્ષિણ હિંદને ભારે અન્યાય કર્યો છે અને દક્ષિણમાં જે કાંઈ બની રહ્યું છે તેને ઉત્તરના છાપાઓમાં પૂરતી પ્રસિદ્ધિ આપવામાં આવતી જ નથી. હું ઉત્તર હિંદનો-નર્મદા નદીની ઉપરના મુલકનો-છું અને એમ છતાં મને પ્રતીતિ થઇ છે કે ઉત્તરના આગેવાનોને હાથે દક્ષિણને હંમેશા અન્યાય થતો આવ્યો છે એમ જે કહેવામાં આવે છે તેમાં સંપૂર્ણ તથ્ય રહેલું છે. આજે જે કેરલમાં બની રહ્યું છે તેના ચોથા ભાગનું પણ ઉત્તરમાં બન્યું હોત તો બંધા-રણની કલમ કયારનીયે લાગુ પાડવામાં આવી હોત. પણ આજે તો કેન્દ્રસ્થ સરકાર પ્રાદેશિક સરકારના અમલમાં દરમિયાન-ગીરી કરી શકે નહિ અને કરે તો કેવી રીતે અને કયા સંયોગોમાં-આવી બાબતોની કેન્દ્રસ્થ સરકાર ઝીણવટભરી પીંજણ કરી રહી છે અને કશું નકકર પગલું ભરતી નથી, કારણ કે કેરળ ભૌગોલિક રીતે ઉત્તર હિન્દુસ્તાનમાં નથી."

આ રીતે ઉત્તર દક્ષિણના ભેદભાવને આગળ ધરવામાં શ્રી. મુનશી ઔચિત્યની સીમાને એકદમ ઓળંગી ગયા હતા અને જ્યાં આવા ભેદભાવના વિચારને કોઇ સ્થાન જ નહોતું ત્યાં આજના કોંગ્રેસ-શાસકોને ઉતારી પાડવાના હેતુથી આ ઉત્તર દક્ષિણના પૂર્વગ્રહને તેમણે આગળ ધર્યો હતો. વસ્તુતઃ કેન્દ્રસ્થ સરકાર સામે પ્રસ્તુત સવાલ કોઇ ભૌગોલિક રીતે ઉભો થયો જ ન હતો. પણ એવા એક રાજકીય પક્ષ સાથે કામ લેવાનો સવાલ ઉભો થયો હતો જે કાર્યવશાત્ કેરલમાં સત્તાધિષ્ઠિત બન્યો હતો. આ પક્ષને ઉખેડવા જતાં તે આકાશપાતાળ એકઠાં કરે એવો કાબેલ, શિસ્તબદ્ધ અને સાધનસંપન્ન છે અને જબ્બો જેવો ચીકણો છે એ હકીકત કોઇથી અજાણી નહોતી. આવી જ સ્થિતિ કેરલને બદલે અન્ય કોઇ પ્રદેશમાં હોત તો પણ કેન્દ્રસ્થ સરકારની એટલી જ મુંઝવણ હોત. આજે કોઇ પણ પ્રદેશમાં સ્થાપિત થયેલા કોંગ્રેસી શાસનને હઠાવીને પ્રેસીડેન્ટનું શાસન લાવવાનું હોત તો કેન્દ્રસ્થ સરકારને લેશ પણ મુંઝાવાનું કારણ નહોતું. આ તો સામ્યવાદી પક્ષ સામે શીંગડાં ભરાવવાનો પ્રશ્ન હતો. આવી બાબતમાં પૂરી સાવધતાથી એક એક પગલું ભરવાની કેન્દ્રસ્થ સરકારની નીતિ હોય તો તે સ્વાભાવિક અને ઉચિત લેખાવી ઘટે. આજે તો કેન્દ્રસ્થ સરકાર મક્કમ પગલું ભરી ચૂકેલ છે અને કેરલની સામ્યવાદી સરકારને સત્તાનાં સૂત્રો છોડવાની ફરજ પાડવામાં આવી છે. પણ એમ બનવા પહેલાં કર્તવ્યમંદ દેખાતી કેન્દ્રસ્થ સરકાર સામે વિરોધી આન્દોલનના આવેગમાં ઉત્તર દક્ષિણના મુદ્દાને એક જવાબદાર માણસ તરફથી આગળ કરવામાં આવે તેનું પરિણામ દક્ષિણમાં આજે ઉત્તર સામે રોપાયલાં વૈમનસ્યનાં બીજોને નવું સીંચન મળવામાં અને દેશની એકસૂત્રતાને વિના કારણ આઘાત પહોંચાડવામાં આવે એ દેખીતું છે. કેરલના આગેવાનો તેમને કોઇ સાંભળતું નથી એવી ભ્રામક નિરાશામાં આવા ઉદ્ગારો કાઢે તો તેને આપણે કદાચ ક્ષન્તવ્ય લેખીએ, પણ શ્રી મુનશી જેવી વ્યકિત આ પૂર્વગ્રહને પોતાના વ્યકિતત્વનું પીઠ-બળ આપે છે ત્યારે પક્ષપ્રમત્તતાની માફક વિપક્ષપ્રમત્તતા પણ (શ્રી મુનશી આજે કોંગ્રેસ વિષે વિપક્ષ બુધ્ધિ ધરાવતા થયા છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય) એક હુંશિયાર, કુશળ અને ધ્યેયલક્ષી હોવાનો દાવો કરનાર વ્યકિતના મગજને કેટલું બધું ભમાવી શકે છે તે આપણી નજર સામે તરી આવે છે અને તે જોઇને આપણું દિલ વિષાદ અનુભવે છે.

શ્રી. મુનશીનું બોલવાનું પૂરું થયું કે તરત જ એ સભાના પ્રમુખ શ્રી. કે. કે. શાહને દરમિયાનગીરી કરીને કહેવું પડ્યું કે-"શ્રી. મુનશીએ જણાવ્યું કે કેન્દ્રસ્થ સરકારની ઢીલ કેરલની ભૌગોલિક સ્થિતિને આભારી છે-આ તેમનું કહેવું ભારે ગેરસમજુતી પેદા કરે તેવું છે. અને તેથી મારે સ્પષ્ટ કરવું જોઇએ કે આજની નાજુક કટોકટીમાં કેન્દ્રસ્થ સરકારે ધારણ કરેલી સાવધતા-ભરી નીતિ તદ્દન વ્યાજબી અને અત્યન્ત જરૂરી છે કારણ કે તેને લીધે જ લોકમત કેન્દ્રસ્થ સરકારને અનુકુળ બની રહ્યો છે અને તે જે કાંઇ પગલું ભરવાનું હોય તેને અનુકુળ આબોહવા પેદા થઇ રહેલ છે. આવા કટોકટીના વખતે એક પણ ઉતાવળીયું પગલું દેશ માટે ભારે ખતરનાક નીવડવાનો સંભવ છે. આપણે ન ભૂલીએ કે દુનિયાના આજના સૌથી મહાન માનવી આપણા લોકપ્રિય મહામાત્ય શ્રી. નહેરુના હાથમાં આપણા રાષ્ટ્રની ધુરા સર્વ પ્રકારે સહિસલામત છે."

ઉપરના ઔચિત્યભંગ સામે આટલી ટકોર તદ્દન સ્થાને અને સમુચિત હતી. **પરમાનંદ**

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ઓગસ્ટ માસની ૩૦ મી તારીખ રવિવારથી સપ્ટેંબર માસની ૭મી તારીખ સોમ-વાર સુધી-એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવનાર છે. પહેલા પાંચ દિવસની વ્યાખ્યાનસભાઓ ફ્રેંચ બ્રીજ ઉપર આવેલા બ્લેવાટ્સ્કી લોજમાં, પછીના બે દિવસની વ્યાખ્યાન-સભા રોકસી થીએટરમાં અને છેલ્લા બે દિવસની વ્યાખ્યાનસભા ભારતીય વિદ્યાભવનમાં ભરવામાં આવશે. વ્યાખ્યાનસભા હંમેશાં સવારના ૮॥ વાગ્યે શરૂ કરવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

જૈન આચારના મૂળ સિદ્ધાન્તો

(ગતાંકથી ચાલુ)

ઉપરના વિવેચનથી સ્પષ્ટ છે કે વૈદિક આજ્ઞા એ એકાંત-રૂપે અતર્ક્ય છે, જ્યારે બૌદ્ધ આજ્ઞા તર્કસિદ્ધ છે. પણ જૈનોની પ્રકૃતિ તો અનેકાંતવાદી છે એટલે આચારના નિયમો વિષે તે એકાંતવાદી બની શકે નહિ. આચાર્યોનું કહેવું છે કે આજ્ઞા એ ધર્મ છે એ સાચું, પણ જે આજ્ઞા આપવામાં આવી છે તેનું મૂળ ભગવાનના અલૌકિક કેવળજ્ઞાનમાં છે એટલે લૌકિક જ્ઞાન વડે એની સમગ્રભાવે પરીક્ષા થઇ શકે નહિ. કેટલીક વાતોમાં લૌકિક જ્ઞાનની પ્રવૃત્તિ થઇ શકે છે એટલે તર્ક વડે તેમની કેટલીક આજ્ઞાઓની સિધ્ધિ સંભવે છે, પણ એવી ઘણીય બાબતો છે જેમાં લૌકિક જ્ઞાનનો–તર્કશક્તિનો સંચાર જ થઇ શકે એમ છે નહિ. એટલે એવી બાબતો તર્કસિદ્ધ નથી. અર્થાત જૈન આજ્ઞા સમગ્ર ભાવે તર્કવિરૂધ્ધ માનવાના પક્ષમાં જૈન આચાર્યો નથી. આંશિક તર્કસિધ્ધ છે અને આંશિક તર્કસિદ્ધ નથી. આ પ્રમાણે જૈન આજ્ઞા કેવળ તર્કશુધ્ધ છે એમ કહી શકાય નહિ અને તેમાં તર્કની ગતિ નથી જ એમ પણ કહી શકાય નહિ. આ મધ્યમ માર્ગ જૈનોના અનેકાંતવાદનું સીધું પરિણામ છે.

જૈન આચારના સ્રોતો

અને એ અનેકાંત આચાર વિષેની આજ્ઞાઓના ઘડતરમાં પણ કાર્ય કરે છે. વૈદિકોના વેદ–શ્રુતિની જેમ જૈન આચારનો મૂળ સ્રોત જૈન તીર્થંકરનું શ્રુત છે. છતાં એ શ્રુતમાં આચારના સમગ્ર નિયમોનું વિધાન થઇ ગયું છે એમ નથી મનાયું. જ્યારે વૈદિકો માને છે કે સમગ્ર નિયમો વેદમાં વિહિત છે–પછી ભલે વિદ્યમાન વેદમાં એ નિયમો મળતા ન હોય. બૌધ્ધોની જેમ જૈનો એમ પણ નથી માનતા કે કેવળ તીર્થંકર જ નિયમોનું ઘડતર કરે, બીજા કોઇ નહિ. જૈનોએ સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે અમુક જ નિયમો તીર્થંકરે કહ્યા છે અને એવા ઘણા નિયમો છે જે મૌલિક શ્રુતમાં છે નહિ. છતાં આચાર્યોએ તે તે સમયે આવ-શ્યકતા જોઇને એ મૌલિક નિયમોમાં નવા નિયમો ઉમેર્યા છે. એટલે આ દ્રષ્ટિએ જોતાં જ્યારે બૌધ્ધો એમ માને છે કે માત્ર બુદ્ધ જ નિયમસર્જન કરી શકે છે ત્યારે જૈનોના મત પ્રમાણે કેવળ તીર્થંકર નહિ પણ ગીતાર્થ સ્થવિરો પણ મૂળ ઉપદેશને અનુકૂળ એવા નિયમોનું સર્જન કરવા સમર્થ છે. આચાર્ય હરિભદ્ર તો ત્યાં સુધી કહે છે કે તીર્થંકરોએ તો કોઇ વિધિનિષેધ કર્યા જ નથી; માત્ર એટલું જ કહ્યું છે કે સંયમની વૃદ્ધિ થાય તેવું કરવું અને અસંયમમાં પ્રવૃત્તિ ન કરવી. અર્થાત્ તીર્થંકરે તો આચારનો મૌલિક સિધ્ધાંત બતાવી દીધો છે. એ સિધ્ધાન્તને અનુસરી તેને અનુકૂળ એવા નિયમોપનિયમો સાધક સ્વયં ઘડી લે. આચાર્યનું આ મન્તવ્ય કેવલ નૈશ્ચયિક છે. અને તેનો શબ્દાર્થ ન લેતાં ભાવાર્થ લેવો જોઇએ. તાત્પર્ય એટલું છે કે નાના-મોટા બધા જ નિયમોનો ઉપદેશ તીર્થંકર નથી કરતા. અને એવો ઉપદેશ દેવો સંભવિત પણ નથી. માટે મૂળ સિધ્ધાંતને અનુસરીને આચરણના વિધિ–નિષેધોની પરીક્ષા કરી લેવી જોઇએ.

જ્યારે અદ્વૈત પરંપરાઓનું પ્રાબલ્ય વધી ગયું અને વાણીની અશક્તિનો દાર્શનિકોને પૂરો ખ્યાલ આવી ગયો અને અવાચ્યતા યા અનિર્વચનીયતાના સિદ્ધાન્તનું સમર્થન થવા લાગ્યું ત્યારે બ્રહ્મ એ એકાંત અનિર્વાચ્ય બન્યું. એટલું જ નહિ. પણ 'गुरोस्तु मौनं व्याख्यानं, शिष्यास्तु छिन्नसंशयाः' એ ઔપનિષદ સિદ્ધાન્તનું ખરું રહસ્ય હાથ લાગ્યું. એ વખતે બુદ્ધ વિષે પણ કહેવામાં આવ્યું કે તેમણે પોતાના સમગ્ર જીવનમાં એક અક્ષર પણ ઉપદેશ રૂપે કહ્યો નથી. અને જૈન તીર્થંકરો વિષે પણ કહેવામાં આવ્યું કે તેઓ વૈખરી વાણીનો પ્રયોગ કરતા જ નથી. માત્ર હુંકાર જ મુખમાંથી નીકળે છે જે વિવિધ ભાષારૂપે પરિ-ણત થાય છે. એટલે એ કાળના આચાર્યોના વચનોને અંતિમ પ્રમાણ માની શાસ્ત્રગત વસ્તુનો વિચાર કરવા જઇએ તો વસ્તુ-સ્થિતિ સ્પષ્ટ થવાને બદલે ગૂંચવણ ઉભી થવા સંભવ છે. એટલે આચાર્ય હરિભદ્રના ઉકત અભિપ્રાયને અનુભવથી મુકત કરીને સમજવાનો પ્રયત્ન કરવા જતા ધૂંચ ઉકેલાવાને બદલે ઉલટી જટિલ જ બની જવા સંભવ છે.

સારાંશ એ છે કે જૈન આચારનો મૂળ સ્રોત તીર્થંકર છે. એ પોતાના અલૌકિક પ્રત્યક્ષ વડે કુશળ અને અકુશલનો વિવેક કરી સાધકને માટે આવશ્યક એવા વિધિનિષેધોની પ્રરૂપણા કરે છે. પણ બુદ્ધની માફક જેમ માત્ર તીર્થંકર જ વિધિનિષેધો કરે એમ જૈનોએ સ્વીકાર્યું નથી. અને એ પણ સ્વીકાર્યું નથી કે વેદની જેમ તીર્થંકરના ઉપદેશમાં જ બધા વિધિનિષેધો પ્રરૂપિત થઇ ગયા છે. પણ એટલું સ્વીકાર્યું છે કે સમય–દેશ આદિને અનુસરી મૂળ સાધનાને અવિરોધી એવા નિયમોપનિયમો તીર્થંકર સિવાય બીજાઓના આચરણ અને ઉપદેશના આધારે પણ ઘડાયા છે, જે સમયરૂપે જૈન આચારનો સ્રોત ગણાય છે.

જૈન આચારના મૌલિક સિદ્ધાન્તો : જ્ઞાન અને ક્રિયા

જડ ક્રિયાકાંડ યા અજ્ઞાનપૂર્ણ આચરણને જૈનદ્રષ્ટિએ આચારનું નામ આપી શકાય નહિ. સદાચારની પ્રથમ શરત છે સત્જ્ઞાન યા સમ્યગ્જ્ઞાન. પ્રથમ શ્રદ્ધા અથવા દ્રષ્ટિ શુદ્ધ થવી આવશ્યક છે. દ્રષ્ટિ શુદ્ધ થયે જ જ્ઞાન સમ્યગ્ કહેવાય છે. અર્થ-પ્રતિ-ભાસરૂપ જ્ઞાન તો સર્વ કોઇ કરે જ છે. પણ એ જ્ઞાન આધ્યાત્મિક પરિભાષામાં સમ્યગ્ ત્યારે જ કહેવાય છે જ્યારે મનુષ્ય વસ્તુનું મૂલ્યાંકન કરતાં શીખે, અને એ મૂલ્યાંકન લૌકિક દ્રષ્ટિએ નહિ પણ આધ્યાત્મિક દ્રષ્ટિએ થવું આવશ્યક છે. એટલે કે મોક્ષપ્રાપ્તિની દ્રષ્ટિએ હેયોપાદેયનો વિવેક કરવો અનિવાર્ય છે. એવા વિવેક વિનાનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહી શકાય નહિ. અને એવા સમ્યગ્જ્ઞાન વિનાનો આચાર એ સદાચાર યા સમ્યગ્ આચાર કહી શકાય નહિ. આ વસ્તુને ધ્યાનમાં રાખીને જ કહેવામાં આવ્યું છે કે જ્ઞાન વિનાનો આચાર એ ગધેડા ઉપરના ચંદનના બોજા જેવો છે. એ માત્ર ભારનો ભાગી છે. એની ગંધનો આસ્વાદ એ શું જાણે ?

પણ બીજે પક્ષે જ્ઞાન એટલે શું અને એની મર્યાદા શી–એટલે કે જ્ઞાનનું પરિમાણ કેટલું ? આ વિષે કહેવામાં આવ્યું છે કે આચરણ માટે સમગ્ર વસ્તુઓનું તત્ત્વજ્ઞાન આવશ્યક નથી, પણ જેનો ઉપયોગ આચાર માટે આવશ્યક છે તેવું જ્ઞાન જરૂરી છે. જ્ઞાન એટલે ઓછામાં ઓછો આત્મ–અનાત્મવિવેક તો હોવો જ જોઇએ. પણ એ વિવેક એટલે સાક્ષાત્કાર કોટિનો નથી સમજ-વાનો. પણ સંસારની અભિરૂચિને બદલે મોક્ષની અભિરૂચિ પ્રબળ બને એટલો વિવેક જરૂરી છે. સંપૂર્ણજ્ઞાન તો મહાવ્રતોના અને તપસ્યાના પરિણામે થાય છે અને તે સાક્ષાત્કારરૂપ હોય છે, અને એ જ્ઞાન પાછું સંપૂર્ણ ચારિત્રના કારણરૂપ બને છે. આ દ્રષ્ટિએ 'જ્ઞાનપૂર્વકની ક્રિયા'માં જ્ઞાનનો અર્થ આત્મ–અનાત્મ વિવેક સામાન્યરૂપે સમજવો જોઇએ, સાક્ષાત્કારરૂપ નહિ. એવો વિવેક પ્રાપ્ત થતાં મનુષ્યની રૂચિ મોક્ષપ્રતિ થાય છે અને તેને લક્ષીને જે ક્રિયા તે કરે છે, તે વડે તેનો મોક્ષ નજદીક આવે છે. આમ માનવાથી જ માસતુસ મુનિ જેવા મુનિઓના આચરણની સંગતિ ઘટે છે; એ મુનિને શાસ્ત્રજ્ઞાન કશું જ હતું નહિ. માત્ર મોક્ષની તમન્ના હતી. અને ગુરૂએ જે શબ્દો કહ્યા તે પણ તે યાદ રાખી શકયા નહિ. છતાં પણ

મોક્ષની તમન્નાને કારણે તેમનું ચારિત્ર બળવાન બન્યું અને મોક્ષને પામ્યા.

આત્મૌપમ્યદૃષ્ટિ

સચ્ચરિત્રના મૂળમાં જે વસ્તુ આચારાંગમાં વારંવાર કહેવામાં આવી છે તે છે આત્મૌપમ્ય. અહિંસાનું શા માટે પાલન કરવું? એના જવાબમાં એમ જ કહેવામાં આવ્યું છે કે જગતના જીવોમાં એવો કોઇ નથી જેને પીડા પસંદ હોય. આપણને પોતાને પણ પીડા પસંદ નથી. તો પછી આપણે બીજા જીવને શા માટે પીડવા? 'આત્મનઃ પ્રતિકૂલાનિ, પરેષાં ન સમાચરેત્'—આ દૃષ્ટિ તે આત્મૌપમ્ય દૃષ્ટિ. આ દૃષ્ટિએ આચરણનું ઘડતર કરવામાં આવે તો જીવનમાં આપોઆપ મહાવ્રતોને ઉતાર્યા સિવાય છૂટકો નથી. આચરણ સારું છે કે નરસું એની પરીક્ષા આ આત્મૌપમ્ય દૃષ્ટિએ કરવાની રહે છે. આને જ બીજા શબ્દોમાં આપણે ત્યાં સામાયિક કહેવામાં આવે છે. જીવો પ્રત્યે સમભાવ રાખી—બધા જીવો મારી જેવા જ છે—એમ માની સાવદ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરવો તે સામાયિક છે. અને એ સામાયિક વ્રતનો જ વિસ્તાર પાંચે મહાવ્રતો છે. એક સામાયિક સાધવાથી સકલ સિદ્ધ થાય છે અને જો એ નહિ તો જીવનમાં કશું જ નહિ. આ રીતે જૈન આચારના પાયામાં સામાયિક વ્રત રહેલું છે.

અપ્રમાદ

આત્મૌપમ્યદૃષ્ટિથી એમ તો નક્કી કર્યું કે સ્વાર્થસિદ્ધિ અર્થે બીજા જીવોને પીડા આપવી એ સદાચરણ નથી. પણ જૈન તત્ત્વજ્ઞાન તો કહે છે કે સમગ્ર લોકમાં જીવો ભર્યા પડ્યા છે. શ્વાસોચ્છ્વાસની ક્રિયા પણ—જેના વિના જીવન ટકાવવું દુર્લભ બને છે—બીજા જીવોને પીડાજનક બને છે. આવી સ્થિતિમાં અહિંસક કેમ રહી શકાય? સમભાવની સિદ્ધિ કેવી રીતે થાય? આ પ્રશ્નનું સમાધાન કરવામાં આવ્યું કે—

જયં ચરે જયં ચિટ્ઠે, જયમાસે જયં સએ।
જયં ભુંજતો ભાસંતો, પાવકમ્મં ન બંધઈ ॥

અર્થાત: યતનાપૂર્વક આચરણ કરવાથી પાપકર્મનો બંધ થતો નથી. યતનાનું બીજું નામ અપ્રમાદ. આચારાંગમાં વારે વારે કહેવામાં આવ્યું છે કે પ્રમાદ એ હિંસા છે. આથી જાગૃતિ એ અહિંસા છે. આ સિવાય અહિંસાનો બીજો ઉપાય હતો નહિ. આથી સાવધાની—અસ્ખલન, સતત જાગૃતિ, અહિંસક રહેવાની તમન્ના—આ બધું મળીને અપ્રમાદ થાય—અને જો તે હોય તો બીજા જીવને પીડા થાય છતાં તમે પીડાની બુદ્ધિથી પીડા નથી આપી એ દૃષ્ટિએ તમે અહિંસક છો આમ માનવામાં આવ્યું. એટલે આચરણના મૂળમાં આત્મૌપમ્ય સાથે અપ્રમાદને પણ સ્થાન મળ્યું. આમ સતત જાગૃત પુરુષ આત્મૌપમ્ય દૃષ્ટિસંપન્ન હોય તો તેનું આચરણ સદાચાર ગણાય, સચ્ચરિત્ર ગણાય.

નિવૃત્તિનું પ્રાધાન્ય

આમ સમગ્ર આચરણના મૂળમાં સમભાવ હોવાથી અહિંસક જીવન વીતાવવું આવશ્યક મનાયું. અર્થાત એ અહિંસક જીવનનો સૌથી સરળ માર્ગ આ જણાયો કે જીવનમાં પ્રવૃત્તિક્ષેત્રનો સંકોચ કરવો. આ દૃષ્ટિએ જૈન સાધ્વાચારના ઘડતરની પાછળ પ્રવૃત્તિના સંકોચની દૃષ્ટિ અથવા તો નિવૃત્તિપરાયણ જીવન ઘડતરની દૃષ્ટિ પ્રધાન બની જાય એ સ્વાભાવિક છે. અને એ દૃષ્ટિએ જ સમગ્ર સાધ્વાચારનું ઘડતર પ્રારંભિક કાળમાં થયું છે. એની સાક્ષી આચારાંગ જેવા ગ્રંથો આપે છે. પણ અહિંસક જીવનઘડતરની આ એક બાજુ છે, અને સામાન્ય રીતે સૌનું ધ્યાન આ તરફ જ જાય છે અને એને જોઇ સામાન્ય એવી ધારણા થઇ ગઇ છે કે જૈનધર્મ નિવૃત્તિપરાયણ છે. પણ ખરી રીતે સમગ્રભાવે જૈનધર્મનો વિચાર કરવામાં આવે તો વસ્તુસ્થિતિ અન્ય પ્રકારની હોવાનું તેને માલમ પડશે.

જૈન ઇતિહાસના અન્વેષકને જિનકલ્પ અને સ્થવિરકલ્પનો ખ્યાલ હોય જ. એ સાચું છે કે જિનકલ્પમાં જીવન એકાંત નિવૃત્તિપરાયણ જ છે. પણ સ્થવિરકલ્પનો સાધ્વાચાર જીવનમાં પળે પળે પ્રશ્નો ઉપસ્થિત થતાં ક્રમે કરી જે ઘડાયો છે તે જોતાં એને નિવૃત્તિપરાયણ કહેવો એ નિવૃત્તિનો અનર્થ કરવા જેવું જ બને. એકાકી વિચરનાર જિનકલ્પી તો પોતાના અંતિમ જીવનમાં જ એ કલ્પને સ્વીકારતા અને મરજીવા થઇને નીકળી પડતા. એમની સાધના એકાંત નિવૃત્તિપરાયણ હતી. મરણથી નિર્ભય બની વિચરતા, એટલે સ્વયં કષ્ટો સહન કરવા તૈયાર જ હતા, પણ બીજાને કષ્ટ આપવા કદાપિ તૈયાર ન થતા. પણ એવા કલ્પને સ્વીકારનાર કેટલા? એમના કાંઇ સંઘો હતા નહિ અને તેમને પ્રવચનવિચાર કરતાં આત્મવિસ્તારની વધારે પડી હતી. એટલે મૃત્યુને વરીને પણ નિવૃત્તિપરાયણ જીવન ટકાવી રાખતા.

પણ સ્થવિરકલ્પમાં તો સાધકોના સંઘો હતા—શ્રમણ અને શ્રમણીઓના. એ સંઘોને લઇને રહેવાના, ખાવા—પીવાના, કપડાંના અને વિહારના અને ચિકિત્સા તથા સુરક્ષાના અને ધર્મના પ્રચારના અને તેને ટકાવી રાખવાના—એમ નાનાવિધ પ્રશ્નો પ્રતિદિન ઉપસ્થિત થતા. એમાંથી જે માર્ગ તે તે કાળે સાધુસંસ્થાએ સ્વીકાર્યો છે એને એકાંત નિવૃત્તિપરાયણ લેખો જ કરી શકે જેમને જૈન સાધુસંસ્થાનો ઇતિહાસ જાણતા નથી, અગર જેઓએ છેદગ્રન્થો અને એના ટીકાગ્રન્થો જોયા નથી. ધર્મનિમિત્તે હિંસા અને તે પણ મનુષ્યહિંસા સુધીના અપકૃત્યો કરવા છતાં એ હિંસકને વિશુધ્ધ માનવાનાં વિધાનો એ ગ્રન્થોમાં મળે છે. ચિકિત્સા માટેની જે પ્રક્રિયા અને બ્રહ્મચર્યની રક્ષા અને ભંગના જે વર્ણનો તેમાં મળે છે—એ બધું વાંચીને તો આજના સામાન્ય સત્યાગ્રહીથી પણ નિમ્નકોટીનું એ જીવન હતું એમ કહેવાનું મન થઇ આવે છે. અને છતાં એ જીવનને એકાંત નિવૃત્તિપરાયણ કહેવામાં આવે તો તો નિવૃત્તિ શબ્દની જ ઠેકડી કરવા જેવું થાય. એક વસ્તુ સ્વીકારવી જોઇએ કે અંતિમ તાત્પર્ય નિવૃત્તિનું હોઇ, જ્યારે પણ શક્ય હોય ત્યારે એ માર્ગે જવાની બળવતી ઇચ્છા રહેતી હોઇ, એકાંત નિવૃત્તિમાર્ગી જૈનધર્મને કહેવો હોય તો કહી શકાય. પણ દીર્ઘકાળથી ટકેલી સાધુસંસ્થાનો ઇતિહાસ જે મળે છે એ તો એમ જ બતાવે છે કે સંઘો માટે એકાંત નિવૃત્તિ એ ઢોંગરૂપ હોઇ શકે છે, જીવનનાં ચાલુ સિદ્ધાન્તરૂપે નહિ.

નિવૃત્તિનો જો એટલો જ અર્થ લેવામાં આવે કે જીવનપાલન માટે ઉપાર્જનની જંજાળમાં ન પડવું, પણ બીજાએ તૈયાર કરેલ વસ્તુમાંથી ભિક્ષા લઈ જીવનપાલન કરવું તો તે અર્થ ઘણો જ સંકુચિત અર્થ છે, અને એ અર્થમાં જૈનધર્મને સમગ્રભાવે નિવૃત્તિપરાયણ કહી શકાય. પણ નિવૃત્તિનો એટલો જ અર્થ નથી એ ભૂલવું જોઇએ નહિ.

આમ સમગ્રભાવે વિચારતાં જૈન આચરણના મૂળમાં જ્ઞાનપૂર્વક ક્રિયા, આત્મૌપમ્ય દૃષ્ટિ અને અપ્રમાદ—એ જ મુખ્ય છે. બાકી બધું ગૌણ અને આનુષંગિક છે.

સમાપ્ત

દલસુખ માલવણિયા

મન વામન

(છંદ: મિશ્ર)

મન મારું આ
નાનું અહો વામન જેવું તોયે
સમાવી લે વિશ્વ સમસ્ત, શક્તિ
એવી ધરે; ત્રણ યોગ કેરાં
પગલાં ત્રણેમાં...
.....
...દાબી શકે જો બલિ 'હું' તણો એ.—ગીતા પરીખ

મુંબઈ જૈન યુવક સંઘ, પ્રબુદ્ધ જીવન તથા સંઘના નામપરિવર્તન અંગે—

(ઉપરની બાબતો અંગે મળેલા કેટલાક અભિપ્રાયો)

અમદાવાદથી ગુજરાત વિદ્યાસભાના આચાર્ય **શ્રી રસિકલાલ છોટાલાલ પરીખ** જણાવે છે કે "પ્રબુદ્ધ જૈન" અંગે આપણે જ્યારે ચર્ચા કરેલી ત્યારે મેં કહેલું કે તમારું કામ એ હકિકતમાં સાર્વજનિક છે, સાંપ્રદાયિક નથી, તો શા માટે 'જૈન'ના સ્થાને 'જીવન' કે એવો કોઇ શબ્દ નથી મૂકતા? આ પછી એ વિચાર સંઘને સ્વીકાર્ય થયો અને તમે પ્રબુદ્ધ જીવન નામ રાખ્યું તેથી મને સંતોષ થયો. એ જ વિચારસરણીએ આગળ વધી કહું કે તમારા મુંબઇ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓ પણ હકિકતે સાર્વજનિક જ છે તો એનું નામ પણ પ્રબુદ્ધ જીવન સંઘ કે એવું કાંઇક રાખો એ સમુચિત લેખાશે."

× × ×

કાશીથી બનારસ હિન્દુ યુનિવર્સિટીના જૈન દર્શનના અધ્યાપક **શ્રી. દલસુખભાઇ માલવણિયા** લખે છે કે "નામપરિવર્તન વિષે મારો અભિપ્રાય આપે માગ્યો છે. મને તો નામ કરતાં કામનું મહત્ત્વ વધારે લાગે છે. એટલે એ જ નામે વધારે સારું કામ કરવું એ જ ઉચિત છે. નવા નામનું આકર્ષણ હોય તો જૈન યુવક સંઘ કાયમ રાખીને જ નવો સંઘ ઉભો કરવા પ્રયત્ન કરવો અને એમાં આપને કેટલા જૂના-નવા મિત્રોનો સહકાર મળે છે તે જોવું. જેને નવા સંઘનું આકર્ષણ હશે તે એમાં સ્વતઃ જોડાશે અને નવે નામે નવો સંઘ જે માર્ગે લઇ જવા માંગશે તે માર્ગે લઇ જઇ શકશે. મુંબઇ જૈન યુવક સંઘના સમગ્ર સદસ્યો એકમતે નામપરિવર્તનના પક્ષમાં હોય તો પણ વાંધો નહિ. પણ જ્યાં મતભેદ હોય ત્યાં એવો નવા નામનો મોહ જતો કરવો. પ્રબુદ્ધ જૈનમાંથી પ્રબુદ્ધ જીવન થયા પછી કેટલા નવા સદસ્યો થયા? માત્ર નામના આકર્ષણના કારણે? અથવા એની પ્રતિષ્ઠા કેટલી વધી?"

× × ×

ભાવનગરથી ધરશાળાના **આચાર્ય શ્રી હરભાઇ ત્રિવેદી** જણાવે છે કે "'પ્રબુદ્ધ જીવન'ના નામકરણમાં મારો પણ થોડો હિસ્સો હતો તે વિચારે આનંદ અનુભવ્યો. આ પાક્ષિક દ્વારા તમે તમારો સારો એવો વિકાસ સાધ્યો છે એમ હું માનું છું. તમારું કામ ભલે સુધારકનું રહ્યું, પરંતુ તમારા વિચારો મૌલિક અને ક્રાન્તિકારી છે એમ હું હમેશા માનતો આવ્યો છું. હું પોતે સુધારકનો જીવ તથી એટલે તમારી ધીરજ તથા તમારી સહિષ્ણુતા જોઇ જાણીને તમારા તરફ હમેશા મુગ્ધભાવે જોતો આવ્યો છું. હવે તમે સંઘનું નામ બદલવા ધ્રુજો છો તે જાણીને પણ મને એટલો જ આનંદ થાય છે. સંઘનું નામ 'પ્રબુદ્ધ જીવન સંઘ' રહે તેવો મારો અભિપ્રાય છે."

× × ×

આલ્મોરાથી વર્ષોજૂના સામાજિક કાર્યકર્તા **શ્રી. શાન્તિલાલ ત્રિવેદી** જણાવે છે કે "પ્રબુદ્ધ જીવન નિયમિત મળે છે. તેમાંના લેખો મનનીય તથા વિચારણીય છે જ. પ્રબુદ્ધ જીવને વીશ વર્ષ પૂરાં કર્યાં. તેની ઉન્નતિ થાય, તે દ્વારા જનતાની પવિત્ર અને સાચી સેવા થાય એવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે. પ્રબુદ્ધ જીવનમાં કોઇ સંકુચિતતા નથી. તેની ઉદારતા પ્રશંસનીય છે. સંઘનું નામ બદલવાનું ખાસ જરૂરી લાગતું નથી. અસલ વાત તો પવિત્ર ઉદ્દેશથી જનતાની નિષ્કામ સેવા કરવી એ જ ઉત્તમ છે."

× × ×

કેસબાડથી **સ્વામી આનંદ** જણાવે છે કે "પ્રબુદ્ધ જીવન મને હમેશા મળે છે. અને તે હું જોઇ જાઉં છું. ભાઇશ્રી પરમાનંદ ઊંચા ખત્રાસના સંસ્કારી સજ્જન અને પીઢ તંત્રી છે. તેમણે પોતાની ઊંચી ભૂમિકાની ચર્ચાઓ અને સેવાઓથી મુંબઇના જૈન સમાજને ગૌરવ આપ્યું છે.

'કુમાર'ના તંત્રી **શ્રી બચુભાઇ રાવત** જણાવે છે કે "પ્રબુદ્ધ જીવનને વીશ વર્ષ પૂરાં થયાના આ મંગળ પ્રસંગે આપને અભિનન્દન આપીએ છીએ. સવિશેષ તો એટલા માટે લખવાનું પ્રાપ્ત થાય છે કે ગુજરાતના પત્રકારત્વમાં સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક પ્રશ્નો ઉપર તલસ્પર્શી, નીડર, નિષ્પક્ષ અને સ્વસ્થ સ્વતંત્ર ચર્ચા કરીને રચનાત્મક સૂચન કરતાં વિચારપત્રો ગુજરાતમાં નહિવત્ છે, એમાં પ્રબુદ્ધ જીવનનું સ્થાન પ્રથમ અને મોખરાનું છે. સામાન્ય જનસમાજને પણ અગત્યના પ્રાણપ્રશ્નો ઉપર માર્ગદર્શન અને વિચાર કરવાની પ્રેરણા મળે એવું ચિન્તનયુકત લખાણ એ 'પ્રબુદ્ધ જીવન'ની વિશિષ્ટતા છે અને 'પ્રબુદ્ધ જૈન' તરીકેના પોતાના મર્યાદિત ક્ષેત્રમાંથી બહાર આવ્યા બાદ તો તેણે આ દિશામાં ગુજરાતની ગણનાપાત્ર સેવા કરી છે. 'જૈન'ના સાંકડા ક્ષેત્રમાંથી નીકળીને સમસ્ત 'જીવન'ના વિશાળ ક્ષેત્રમાં એને પ્રવેશાવી આવી વિશાળ સેવા કરવાની તક આપવાની ઉદારતા દાખવવા માટે મુંબઇ જૈન યુવક સંઘ પણ અભિનન્દનને પાત્ર છે. અમારી શુભેચ્છા છે કે 'પ્રબુદ્ધ જીવન' આવી બીજી અનેક 'વીસી'ઓ સુધી જીવે અને તેના સમર્થ તંત્રીએ આંકેલા માર્ગ ઉપર ગુજરાતના વાચક વર્ગની ઉત્તરોત્તર અધિક સેવા બજાવે."

× × ×

અમદાવાદથી ગુજરાતના કળાગુરૂ **શ્રી રવિશંકર મહારાવળ** લખે છે કે "'પ્રબુદ્ધ જીવન' ૨૧ મા વર્ષમાં પ્રવેશી ચૂકયું છે એ હકીકતનું ભાન તા. ૧-૫-૫૯ના પ્રબુદ્ધ જીવન દ્વારા આપે સંઘના સભ્યોને કરેલા ઉદ્બોધન દ્વારા થયું. 'પ્રબુદ્ધ જૈન'માંથી 'પ્રબુદ્ધ જીવન' નામ અપનાવતાં આપે જૈનની વ્યાપક ભાવના જ પ્રગટ કરી છે, અને એ રીતે જૈન તત્ત્વ અને જૈનત્વને વિશાળ જનતામાં વિશિષ્ટ ગૌરવ અપાવ્યું છે. જૈન નામથી ચાલતી સંસ્થાઓ, પ્રગટ થતું સાહિત્ય અને સરજાતી કળા તરફ બહારના જગતની ઉપેક્ષા હતી તેને બદલે આપે નવી અને સ્થાપિત વિચારોનાં ધર્ષણોનું વિશ્લેષણ કરી મૂળ તત્ત્વોને નવાં મૂલ્યોથી દીપ્તિમંત કર્યાં છે અને ભારતીય શિષ્ટજનો જૈન સંસિદ્ધિઓને સમગ્ર ભારતની સંપત્તિ માનતા થયા છે. આ કાર્ય ધર્મરૂઢ કે સંપ્રદાયમાં અંધ આચાર્ય નેતાઓ કે સંઘપતિઓ કદિ કરી શકયા નહોતા અને કોઇને કોઇ ગુપ્તતા જાળવવાની હોય એમ દરેક દ્વારે ચોકીઓ ઉભી કરતા હતા. તેમાં યુવાનો, સ્ત્રીઓ, બાળકો અને અબુધ જનો મુંગળાતાં હતા. આપે તેમને સ્વચ્છ, શુધ્ધ, માનવીય હવા આપી છે અને જૈનાચારમાં રહેલા ઊંચા સદ્ગુણો પાળવા વધુ આગ્રહી બનાવ્યા છે. પ્રબુદ્ધ જીવન એ જ નામ તેમના માટે સાર્થ કર્તાભિધું છે."

ત્યાર બાદ પ્રબુદ્ધ જીવનનો તા. ૧૫-૬-૫૯ નો અંક વાંચીને તેઓ જણાવે છે કે "પ્રબુદ્ધ જીવનનો ૧૫ મી જુનનો અંક વાંચ્યા પછી ઘણા વખતથી ધારેલો પત્ર તુરત લખવાનો ઉભળકો થઇ આવ્યો છે. તમે જે ઊંડી સંનિષ્ઠાથી પ્રબુદ્ધ જીવનમાં ઉચ્ચ માનવસંસ્કારોની પ્રતિષ્ઠા કરી રહ્યા છો, તેની કદર થોડાને થઇ હશે. આજના યુગના પ્રશ્નો પર તલસ્પર્શી વિચારસરણી વહેતી કરવામાં તમારા જેટલી ધગશ મેં બીજા લેખકોમાં જોઇ નથી, અને તેમાં તમારી કલમ કેવી અને કેટલી સ્ફુર્તિ બતાવી રહી છે તે મારે મને આશ્ચર્ય અને સ્નેહભાવ પ્રગટાવે છે. તમારો પ્રવાસ સાદ્યન્ત વાંચું છું. તમે અવનવા માનવીઓનાં ચરિત્રચિત્રો આપ્યાં છે તેથી તમારો પ્રવાસ અંગત હોવા છતાં વ્યાપક હિતસાધક બની ગયો છે.

"મને એવું લાગે છે કે પ્રબુદ્ધ જીવનમાંથી સ્થાયી મૂલ્યો વાળા કેટલાક લેખોનું એક સંહિતારૂપ પુસ્તક તૈયાર થાય, તેને નકશા, ચિત્રો, તસ્વીરોથી સભર કરવામાં આવે તો કેવું સુન્દર

પ્રકાશન બને ? પ્રબુદ્ધ જીવનની તે એક ચિરસ્મરણીય પ્રસાદી બની રહે. લાંબા લેખો ન લેવા. દરેક વિષયને બે ચાર પાનામાં અર્કરૂપે રજુ કરવો. 'લીટરરી ડાઇજેસ્ટ' આવાં સંગ્રહો પ્રગટ કરે છે તે જોશો એટલે મારી દરખાસ્તનું રૂપ સમજાશે. લેખો તમારા એકલાના જ નહિ પણ બીજાના પણ લેવા.

"વિનોબાજી સાથેની પ્રશ્નોત્તરી, શ્રી. રાધાકૃષ્ણનના વિચારો ઉપર જણાવેલ પ્ર. જી.ના અંકમાં આવ્યા છે. ભારતને આજે એવા જ સંચોટ અને શુધ્ધ વિચારપ્રવાહની જરૂર છે."

અમદાવાદથી સુપ્રસિધ્ધ વયોવૃદ્ધ પત્રકાર **શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહ** જણાવે છે કે :—શ્રી મુંબઇ જૈન યુવક સંઘની બધી પ્રવૃત્તિઓનો હું તેના પ્રારંભકાળથી મૂક સાક્ષી રહ્યો છું. તેણે જે પ્રવૃત્તિ આદરી અને ફળનિષ્પત્તિ કરી તે જ તેના અસ્તિત્વને અભિનંદે તેવી છે. પ્રારંભકાળે અને ત્યાર પછી તેણે જે ધ્યેય દૃષ્ટિ સમક્ષ રાખીને પ્રવૃત્તિઓ કરેલી તેમાં તેણે પૂર્ણતઃ સિધ્ધિ નથી મેળવી, તે છતાં તેણે તે દ્વારા નવી હવા પ્રકટાવીને જૈન-સમાજમાં જે વિચારપરિવર્તન નિપજાવ્યું છે તેમાં તેની પૂર્ણ સિધ્ધિનાં બીજ રહેલાં છે એમ હું માનું છું અને તે જ તેની સફળતા છે.

"પ્રબુધ્ધ જૈન" અને "પ્રબુદ્ધ જીવન" સંઘના મુખપત્ર તરીકે જે તંદુરસ્ત વિચારો ફેલાવતું રહ્યું છે તે માટે હું અંતરથી તેના સંપાદકને ધન્યવાદ આપ્યા વિના રહી શકતો નથી. જાગ્રત પત્રકાર અને જીવંત પત્રકારત્વ કેવાં હોય તેના એક નમૂના તરીકે હું એ પત્રને માનતો અને મિત્રો સમક્ષ મૂકતો આવ્યો છું. જૂના 'નવજીવન'ની મર્યાદિત પ્રકારની આવૃત્તિ પણ હું તેને કહેવા પ્રેરાઉં. "પ્રબુધ્ધ જૈન"ને તમે "પ્રબુધ્ધ જીવન" બનાવ્યું, છતાં સર્વથા નહિ તો મર્યાદિત પ્રમાણમાં તે જૈનત્વથી મુકત રહ્યું નથી, એટલે "પ્રબુધ્ધ જૈન" જ રહ્યું છે. એને તેની અપૂર્ણતા કે દૂષણ હું નથી માનતો. એઉની દિશા તો 'વિશુધ્ધ જીવન' હતી અને છે. તો પણ તેનું સંચાલકમંડળ જે વર્તુળને સ્પર્શી રહ્યું છે તે વર્તુળના જીવનથી કેવળ પર તો નજ રહી શકે. આ મર્યાદાનો ય મને ઉપયોગ લાગે છે અને તેથી તે એ મર્યાદા ન છોડે અને પોતાના નામમાંથી "જૈન" શબ્દ ન ત્યજે એવું હું ઇચ્છું છું.

"જૈન સમાજમાંની જે અનિષ્ટ રૂઢિઓ તરફ જૈન યુવક સંઘે કમર કસી હતી તે કેટલીક કાળથી, કેટલીક સામાજિક વિચાર-ક્રાન્તિના આઘાતોથી અને કેટલીક રાષ્ટ્રીય નવવાયુના ઉચ્છ્વાસોથી દૂર થઇ છે, છતાં સ્થિતિચુસ્તોમાં જે અંશે તે ચાલુ રહી છે તેને તેની અંદરની રોગિષ્ટતા આપોઆપ નાબુદ કરશે-કરતી જશે એવાં ચિહ્નો જોઇ શકાય છે. પરન્તુ જૈન સમાજમાં તો, એ કેવળ કલેવરનો ફેરફાર લેખાશે. વૈચારિક વિશુદ્ધિ કે સાચું જીવનલક્ષી જૈનત્વ જૈનસમાજથી બૂબ દૂર છે. તેને તે દિશાએ દોરવાની પ્રવૃત્તિ યુવક સંઘે છોડવા જેવી નથી. સંઘના ૩૫૦ સભ્યો નવા વિચારોના વાયુના ઉચ્છ્વાસો ભરતા થયા હોવાનું કેટલાકોનું અનુમાન સાચું હોવાનો સંભવ છે, પરંતુ તે ઉપરથી જે મિશન તેના જન્મકાળે તેણે સ્વીકાર્યું હતું તે મિશન હવે બિનજરૂરી બન્યું હોય એવું મને લાગતું નથી. સંઘને એની પ્રવૃત્તિ દેશના એક નાના વર્તુળમાં ગોંધાઇ રહેતી, કિંવા સાંપ્રદાયિક, કિંવા સાંકડી લાગતી હોય એ સંભવિત છે, પણ એ તો સંઘના સભ્યોની પોતાને લક્ષ્ય કરીને જોનારી દૃષ્ટિ છે; સંઘના હેતુ પ્રતિ સહાનુભૂતિ ધરાવનારાને તથા તે મિશનની હજી પણ તેટલી જ ઉપયોગિતા રહેલી માનનારાઓને સમાજની અપેક્ષા દૃષ્ટિએ જોતાં તેનું અસ્તિત્વ તથા પ્રવૃત્તિ એકસરખાં ચાલુ રહે એ આવશ્યક લાગે છે. જીવનને વિશુધ્ધ અને પ્રબુધ્ધ કરવાની દિશા દર્શાવનારાં રાષ્ટ્રવ્યાપી મંડળો બીજાં હશે કિંવા મળશે, હાલના જાગૃતિકાળમાં દેશને એવી સંસ્થાઓની ઊણપ નહિ રહે, પરંતુ જૈન સમાજને દોરવાને નામે એક જ વર્તુળમાં ઘુમાવનારા આજના સંખ્યાબંધ સ્થિતિચુસ્ત જૈન મંડળોની વચ્ચે આવું એકાદ જાગૃત મંડળ પણ જો જૈન સમાજને છોડી રાષ્ટ્રનું બની જશે તો, તેને તો વિશાળ કામગીરી મળવાની કદાચ કૃતકૃત્યતા સાંપડશે અને તેના બાહુ દૂર સુધી પહોંચનારા બનશે, પરંતુ જૈન સમાજને અંધકારમાંથી દોરીને અજવાળે લઇ જનારી દીપિકા એમ બુઝાઇ જશે તો તેની આસપાસનો અંધકાર કેવી રીતે ઉલેચાશે ?

"માટે જ વિનંતિ કે તે "જૈન" શબ્દનો ત્યાગ પોતાના નામમાંથી ન કરે તો વધારે સારું."

સ્વર્ગસ્થ સર હરિલાલ ગોસલિયા

જુલાઇ માસની ૧૭ મી તારીખે સૌરાષ્ટ્રની એક ખ્યાતનામ વ્યકિત સર હરિલાલ ગોસલિયાનું ૮૩ વર્ષની ઉમ્મરે અવસાન થયું. અને એ સાથે એક લાંબી, ઉજ્જવળ અને યશસ્વી કારકીર્દીનો અન્ત આવ્યો. મુંબઇ યુનિવર્સિટીના તેઓ એમ્. એ. એલ. એલ. બી. હતા. અભ્યાસ પૂરો કર્યા બાદ અમદાવાદમાં થોડો સમય તેમણે વકીલાત કરી હતી. અને ત્યાર બાદ તેઓ સરકારી નોકરીમાં જોડાયા હતા. સર પ્રભાશંકર પટ્ટણી અને શ્રી કોટકનું નામ સૌરાષ્ટ્રના એક યા બીજા રાજ્યના મુખ્ય વહીવટદાર તરીકે જ્યારે ખૂબ આગળ આવી રહ્યું હતું ત્યારે સરકારી અજન્સીના એક મુખ્ય અધિકારી તરીકે સર ગોસલિયાએ પણ સારી ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. સમયાન્તરે તેઓ પાલણપુરના જીલ્લાન્યાયાધીશ બન્યા હતા; ત્યાર બાદ જસદણ રાજ્યના એડમીનીસ્ટ્રેટર (મુખ્ય વહીવટદાર) તરીકે તેમણે કેટલાંક વર્ષ કામ કર્યું હતું અને એ પછાત રાજ્યને નવી ચાલના આપી હતી અને ત્યાંની શૈક્ષણિક અને વૈદ્યકીય સગવડો સારા પ્રમાણમાં વધારવામાં તેમણે અતિ મહત્વનો ફાળો આપ્યો હતો. ત્યાર બાદ ધ્રાંગધ્રા રાજ્યના દીવાન તરીકે પણ તેમણે થોડાં વર્ષ કુશળ કામગીરી બજાવી હતી, અને અન્ય દેશી રાજ્યો સાથે ધ્રાંગધ્રાનું નવભારતમાં વિલીનીકરણ થતાં તેઓ સરકારી કે દેશી રાજ્યની કામગીરીથી હંમેશાને માટે નિવૃત્ત થયા હતા. ઉચ્ચ કોટિનું તેમનું ચારિત્ર્ય હતું અને વિવિધ પ્રકારની રાજકીય જવાબદારીઓને તેમણે પ્રમાણીકતા, લોકકલ્યાણની ભાવના, કાર્યનિષ્ઠા અને કુશળતા વડે અને સર્વત્ર પોતાનું સ્વમાન જાળવીને ચરિતાર્થ કરી હતી.

સામાજિક ક્ષેત્રે જીવનના પ્રારંભથી અન્ત સુધી તેમનું દૃષ્ટિબિન્દુ એક સુધારકનું હતું અને જુની પેઢીના હોવા છતાં વિચાર તેમ જ વર્તનમાં તેઓ પ્રગતિશીલ હતા. વૃધ્ધ ઉમ્મરના હોવા છતાં નવા વિચારપ્રવાહો સાથે સદા તાલબધ્ધ રહેવાનો તેમનો પ્રયત્ન રહેતો. અને આઝાદી મળ્યા બાદ જે નવાં બળો પેદા થયાં છે અને આપણા દેશના રાજકારણના તેમ જ અર્થ-કારણના ક્ષેત્રમાં જે ઝડપી ફેરફારો થઇ રહ્યા છે તે વિષે તેમની દૃષ્ટિ બધું બુરું થવા બેઠું છે એવા નિરાશાવાદની નહિ, પણ ઉંડી સહાનુભૂતિ અને ઉદાત્ત આશાવાદની હતી. તેઓ ચિન્તક અને અભ્યાસી હતા અને તેમની પાસે અનુભવ અને માહીતીનો વિપુલ ભંડાર હતો. ૮૦-૮૨ વર્ષના ઉમ્મરે માનવી સામાન્યતઃ દેહથી જીવતો હોય છે. પણ વિચારના ક્ષેત્રમાં શૂન્ય, લગભગ મૃતપ્રાય જીવન જીવતો હોય છે. સર હરિલાલ ગોસલિયા શરીરે ઉમ્મરના કારણે જર્જરિત હોવા છતાં મનથી એક જીવન્ત વ્યકિત હતા. અને તે કારણે તેમની સાથેનો વિચારવિનિમય હમેશા બોધક અને પ્રેરક બનતો. અનેકને સલાહ લેવાનું તેઓ એક આદરણીય સ્થાન હતા.

તેમનાં સંતાનોમાં બહુ જાણીતા એવાં સરલાદેવી સારાભાઇ અને તારાબહેન ભાણેકલાલ પોતપોતાના ક્ષેત્રમાં કેટલી બધી સેવાઓ આપી રહ્યા છે તે સૌ કોઇ જાણે છે. આ બન્ને બહેનોના તેમ જ અન્ય સંતાનોનાં ઘડતરમાં તેમના પિતાનો અસાધારણ સક્રિય ફાળો હતો. દેશી રાજ્યોના વહીવટ સાથે ગાઢપણે સંકળાયેલી અને હવે સદાને માટે અસ્ત પામી રહેલી પેઢીના તેઓ એક અગ્રગણ્ય અને કદાચ છેલ્લા પ્રતિનિધિ હતા. પરમાત્મા તેમને શાશ્વત શાન્તિ આપે !

પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસરકરણ
વર્ષ ૨૧ : અંક ૮

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑગસ્ટ ૧૬, ૧૯૫૯, રવિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

❋ અણુયુગનો ધર્મ ❋

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અપાયેલા વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ).

વર્તમાન યુગમાં આણ્વિક વિજ્ઞાનની જે પ્રગતિ થઇ છે, તેના કારણે આ કાળ અણુયુગ એ નામથી ઓળખાય છે. આ આણ્વિક પ્રગતિના ફલસ્વરૂપ જે આર્થિક અને રાજનૈતિક પરિવર્તન થયું છે અને થયા કરે છે, તેણે દુનિયાના અનેક પ્રશ્નોને નવેસરથી આપણી આગળ ઉપસ્થિત કર્યા છે. પુરાણા પ્રશ્નોના નવા નવા ઉત્તરો મળે છે અને જુના જવાબો ઉપર નવા પ્રશ્નો ફરીને ઊભા થાય છે. જે વિષયોનું નિરાકરણ થઇ ગયું છે એમ માનીને આજ સુધી નિશ્ચિંત રહ્યા હતા, તે વિષયો આજે નવા કોયડાઓ ઊભા કરી આપણને વધારે મુંઝવનારા થઇ પડ્યા છે. આ પરિવર્તનોએ નવી ચેતના—નવી દૃષ્ટિ આપી છે. અને તેના આધારે જીવનના પ્રત્યેક પ્રશ્નો ઉપર પરંપરાગતનો મૂઢાગ્રહ છોડીને નવેસરથી સમજવું વિચારવું જોઇશે.

અણુવિજ્ઞાનથી પ્રાપ્ત થયેલી અને હજુયે પ્રાપ્ત થયે જતી નવી નવી સિદ્ધિએ કાળ અને સ્થળનું ક્ષેત્ર ટુંકું કરી નાખ્યું છે, જેથી માનવસંબંધો વધારે વિશાળ અને વધારે નિકટતમ થતાં જાય છે. આ સંબંધોના આધારે રૂઢિગત સમાજવ્યવસ્થામાં પણ આમૂલ પલટો લાવવો આવશ્યક થઇ પડ્યો છે. અણુયુગના કારણે થતી પરિવર્તનની આ ઉતાવળી દોડ ઉપર બોલતાં શ્રી. નહેરૂએ કહ્યું છે કે, "આપણે આણ્વિક યુગના દરવાજે આવી ઊભા છે. પરિસ્થિતિઓ એટલી પ્રબળ છે કે આપણા આંતરિક વિરોધો (વિભકત વ્યકિતત્વ, સિદ્ધાન્ત અને આચરણનો વિરોધ, પૂર્વજો તરફથી મળેલું જ્ઞાન અને આજના આપણા વર્તન વચ્ચેનો ભારે વિરોધ)નું શમન કરવું જ પડવાનું છે. જે તેમાં નિષ્ફળ ગયા તો સમગ્ર રાષ્ટ્રનો પરાજય છે; જે શ્રેષ્ઠતાઓ માટે આજ સુધી આપણે અભિમાન લેતા આવ્યા છીએ તે શ્રેષ્ઠતાઓને ખોઇ બેસવાપણું છે. જ્યારે પણ રાજનૈતિક પરિવર્તન થાય, તેના પરિણામ સ્વરૂપે સામાજિક પરિવર્તન થવું અનિવાર્ય છે. જો એમ ન થાય તો ન તો વૈયકિતક જીવન સુસંગત રહે, ન રાષ્ટ્રીય જીવન. રાજનૈતિક પરિવર્તન અને ઔદ્યોગિક પ્રગતિ ઝડપથી વધતાં હોય, તે સામાજિક પરિવર્તનને બીનજરૂરી માની અવિચળ રહેવું એ અશકય છે. રાજનૈતિક અને આર્થિક પરિવર્તનની સાથોસાથ સામાજિક પરિવર્તન નહિં કરતા જઇએ તો જે વિષમ પરિસ્થિતિ નિર્માણ થશે તેનો ભાર આપણે સહી શકવાના નથી.

સમાજપરિવર્તન આજે જે ગતિએ થવું જોઇએ તે ગતિએ થતું નથી. તે કારણે 'જબરદસ્ત તંગદિલી પ્રવર્તી રહી છે, જેની નીચે આપણો શ્વાસ ધુંટાય છે. આ પરિવર્તન કરવામાં સૌથી મોટી બાધા હોય તો તે ધર્મ તરફની છે એમ કહેવાય છે અને આજે સારી રીતે એવો પ્રચાર થાય છે કે ધર્મ એ સાર્વકાલિક અને સાર્વભૌતિક તત્ત્વ છે. પણ હકીકતમાં આ મોટામાં મોટું અસત્ય છે. આ વિપરીત માન્યતા જ માનવસમાજની પ્રગતિમાં વિઘ્નરૂપ થાય છે. જ્યારે પણ સમાજસુધારણાનું કોઇ આંદોલન શરૂ કરવામાં આવે કે ધર્મને નામે એનો વિરોધ થાય જ છે. પ્રત્યેક દેશ અને પ્રત્યેક યુગમાં સુધારકોને ધર્મવાળાઓ સાથે સંઘર્ષમાં ઉતરવું જ પડ્યું છે. તેમાં વળી આપણા દેશમાં તો ધર્મની સનાતનતાની વાત એટલા જોરશોરથી પોકારાય છે કે સમાજસુધારકને હર વખત ધાર્મિક જેહાદનો સખત સામનો કરવો પડે છે. હજુએ દીર્ઘ કાળ સુધી કરવો પડશે એમ લાગે છે.

સામાજિક પરિવર્તનની બાબતમાં ધર્મનો આટલો બધો વિરોધ કેમ ? આ પ્રશ્નનો જો ઊંડાણથી વિચાર કરીએ તો તરત દેખાઇ આવે કે તેનું કારણ ધર્મગુરૂઓએ ધર્મને સનાતન, અપરિવર્તનશીલ તત્ત્વ રૂપે માની, તે દ્વારા જે અધિનાયકતાવાદ (સ્વામી સેવ્યભાવ) ની સૃષ્ટિ રચી છે તે છે. આ સ્વામી—સેવકભાવ ખંડિત થવાના ભયે તેઓ કોઇ પણ પરિવર્તન સ્વીકારવા તૈયાર નથી થતા. આ અધિનાયકવાદને કાયમ રાખવામાં આર્થિક અને રાજનૈતિક ક્ષેત્રે જેઓનો સ્વાર્થ છે તેઓનો મોટો હિસ્સો છે. ધર્મ દ્વારા સ્થાપિત અને સંચાલિત આ અધિનાયકવાદી વ્યવસ્થા મનુષ્યને યથાવત્ સ્થિતિમાં બાંધી રાખે છે, અને આ યથાવત્ સ્થિતિનું બંધન તે તે પ્રકારે હિત ધરાવનારાઓને શોષણ કરવાની તક આપે છે. આ કારણે ધર્મને તેઓ પૂરેપૂરું રક્ષણ આપે છે. બદલામાં ધર્મ મનુષ્યના માટે પાપ, પુણ્ય, નૈતિકતા, અનૈતિકતાના ભળાંઓ રચી તેમાં તેમને અટવાયેલા રાખે છે. એક દિવસ જમીનદારો અને ધર્મગુરૂઓ વચ્ચે આ ષડ્યંત્ર રચાયું. પછી રાજાઓ, ઋષિમુનિઓ પણ તેમાં ભળ્યા. ધનવાનો આજે ધર્મસેવા કરતા હોય તો આ હેતુલક્ષી બનીને કરે છે. હવે જ્યારથી જમીનદારો, સામન્તો, રાજાઓ અને ધનવાનોની ગાદીને રાજદ્વારી નેતાઓ શોભાવવા લાગ્યા છે ત્યારથી તેઓને પણ ધર્મ ઉપર પ્રેમ ઉભરાવા લાગ્યો છે. વસ્તુતઃ તેઓનો આ પ્રેમ ધર્મના નામે પોતાનું સ્થાન ટકાવી રાખવાનો હોય છે.

જેઓનો સ્વાર્થ સમાયેલો હોય છે તે દરેક એમ ઇચ્છે છે કે ધર્મશાસ્ત્રોમાં જે કંઇ લખ્યું છે તેમાં તલમાત્ર પણ ફેરફાર ન થવો જોઇએ. છતાં એ આજ સુધીમાં કોઈ વિચાર કે કોઇ પરંપરા અપરિવર્તિત રહી શકેલ નથી. પરિવર્તન એ જીવન અને જગતનો સ્વભાવ છે. અને વળી આજે વિજ્ઞાને એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરી છે કે પરિવર્તનનો વિરોધ કરનારાઓ પોતે વાણીથી વિરોધ કરવા છતાં વ્યવહારમાં સ્પષ્ટ રીતે એ પરિવર્તનને સ્વીકારીને જ ચાલતા હોય છે. જે તથ્યો—પછી ભલેને હજારો વર્ષ પહેલાં લખાએલાં હોય તો પણ—જેની અસત્યતા વિજ્ઞાન દ્વારા વારંવાર અપ્રમાણિત સિદ્ધ થઇ ચૂકી હોય તે તથ્યોને માત્ર ધર્મની સનાતનતા અખંડિત રાખવા ખાતર કોણ માન્ય કરી શકવાનું છે ? પૃથ્વી અને સૌરમંડલના સંબંધમાં જે જ્ઞાન આજે સ્થાપિત

(અનુસંધાન છેલ્લે પાને)

જૈન સમાજ અને કૃષિકાર્ય

(જૈન ધર્મ કૃષિવિરોધી છે એવો ખ્યાલ જૈન તેમ જ જૈનેતર સમાજમાં સાધારણ રીતે પ્રચલીત છે. આ ખ્યાલ ભુલ-ભરેલો છે એ બાબતનું તા. ૧૪-૬-૫૯ના 'જૈન ભારતી'ના અગ્ર-લેખમાં વિશદ રીતે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. જૈન ભારતી તેરાપંથી સંપ્રદાયનું સુપ્રસિદ્ધ મુખપત્ર છે. અહિંસાવિષયક તેરા-પંથી દૃષ્ટિકોણ ઘણો સાંકડો, પ્રવૃત્તિમાત્રવિરોધી તથા જનસેવા-પરાંમુખ છે આવી તેરાપંથી સંપ્રદાય વિષે સાધારણ માન્યતા હોવા છતાં કાળબળની જેમાં પરખ રહેલી છે એવા ઉદારવિચાર-વળણનું પ્રસ્તુત લેખમાં સુખદ તેમ જ આશ્ચર્યજનક દર્શન થાય છે. આ કારણે તેનો અનુવાદ પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવાને હું પ્રેરાયો છું. પરમાનંદ)

આ બાજુ કેટલાક આલોચકોએ જૈન ધર્મ ઉપર એવો આક્ષેપ મૂકયો છે કે આ ધર્મ કૃષિકાર્યને પાપ સમજે છે, અને કૃષિ જેવા ઉપયોગી કાર્યથી જનતાનું ધ્યાન વિમુખ બનાવીને વ્યાપાર વગેરે કાર્યો તરફ ખેંચવા ઇચ્છે છે.

આવી આલોચના જો સામાન્ય કોટિના લોકો તરફથી કર-વામાં આવતી હોત તો એ સંબંધમાં કશું પણ કહેવાની અમને આવશ્યકતા લાગત નહિ, પણ આચાર્ય વિનોબાજી જેવી વ્યકિત જ્યારે આ પ્રકારનું સૂચન કરે છે ત્યારે આ સંબંધમાં સ્પષ્ટી-કરણ કરવાની નીતાન્ત આવશ્યકતા ઉભી થાય છે.

'વિનોબા પ્રવચન'ના ચોથી એપ્રીલના અંકમાં ૨૧૫ પાનામા ઉપર વિનોબાજી જણાવે છે કે "કેટલાક જૈન લોકો ખેતી કર-વામાં પાપ માને છે. ખેતીના કામમાં જન્તુઓની હિંસા જરૂર થાય છે, પણ એ હિંસા લાચારીની હિંસા છે. એ તો શરીરની સાથે કોઇ ને કોઇ રીતે જોડાયલી છે. આમ હોવાથી આવી હિંસાથી બચવાનું શકય નથી. ધાન્ય ઉત્પાદન કરવામાં હિંસા થતી નથી. ખાવાનું પેદા કરવામાં જો પાપ છે તો શું ખાવાનું ખાવામાં પાપ નથી ? કૃષિકાર્યને પાપી પ્રવૃત્તિ લેખવાથી તે પ્રત્યે અનાદર ઉત્પન્ન થાય છે. પરિણામે સારી ખેતી થઇ શકતી નથી."

એમાં કોઇ સંદેહ નથી કે ભારતવર્ષમાં ભણેલાગણેલા અને સમજુ લોકો હળ-બળદ તથા માટીપાણીના ધંધા તરફ નફરત ધરાવી રહ્યા છે. પરિણામે ભણેલા ગણેલા લોકો ખેતીને આબરૂદાર કે મોભાવાળો વ્યવસાય ગણતા નથી. તેનું માઠું પરિ-ણામ એ આવ્યું છે કે ભારતવર્ષની કૃષિવ્યવસ્થા બહુ પછાત દશામાં રહી છે. લોકોને ખવરાવવા માટે આપણી સરકારને દર વર્ષ કરોડો રૂપિયાનું અનાજ પરદેશથી મંગાવવું પડે છે.

આ બાજુ બંગાળાની ખાદ્યપરિસ્થિતિ દિન પ્રતિ દિન બગડતી રહી છે. રેશનના દુકાન ઉપર ચોખા મળતા નથી. આવી સ્થિતિ આ વર્ષના પ્રારંભમાં એટલે કે જાન્યુઆરી ફેબ્રુઆરી મહીનામાં દેશના અધિકતર વિભાગોમાં પ્રવર્તતી હતી. પંજાબ, ઉત્તર પ્રદેશ આદિ પ્રાન્તોમાં આ પ્રશ્ન અંગે ખૂબ ખેંચવાળી સ્થિતિ ઉત્પન્ન થઇ હતી.

દેશની વર્તમાન અવસ્થા તરફ નજર કરતાં એ બાબતની નીતાન્ત આવશ્યકતા છે કે ભણેલી ગણેલી અને શિક્ષિત વ્યકિતઓ જે આજે બેકારીની ભોગ થઇ પડી છે તે કૃષિકાર્યમાં જોડાઇ જાય.

ભણેલી ગણેલી અને શિક્ષિત વ્યકિતઓનું ધ્યાન ખેતી તરફ નહિ દોરાવાના કારણે શિક્ષિત અને અશિક્ષિત વર્ગ વચ્ચે એક વિચિત્ર પ્રકારની દીવાલ ઉભી થઇ ગઇ છે. ભણેલા ગણેલા લોકો ફેશન-પરસ્તી, બાબુગીરી (શેઠાઇ) અને વિલાસિતામાં ફસાઇ ગયા છે અને ગામડાના કિસાન, મજૂરો અંધવિશ્વાસ, રૂઢિઓ અને અજ્ઞાનતાના ભોગ બની ગયા છે.

આ બે વર્ગો વચ્ચેની દિવાલને તોડવી પડશે. શહેરોમાં મધપૂડાની માફક લોકો ખીચોખીચ ભરેલા છે અને તેમનું જીવન કૃત્રિમતા, વિલાસિતા તથા નાજુક ખ્યાલો વડે વ્યાકુળ બની ગયું છે.

જે ઐતિહાસિક અથવા તો ભૌગોલિક પરિસ્થિતિઓને લીધે જૈનધર્માવલંબીઓ ખેતીવાડી છોડીને વાણિજ્ય-વ્યવસાયમાં સંલગ્ન થઇ ગયા છે એ પરિસ્થિતિઓ ધ્યાનમાં ન લેતાં કેટલાક લોકો એવી ભ્રાન્ત ધારણા લઇ બેઠા છે કે જૈનધર્મ અનુસાર ખેતી કરવી તો પાપ છે, કિન્તુ વાણિજ્ય-વ્યવસાયમાં અથવા તો સટ્ટામાં ખેતીની અપેક્ષાએ ઓછું પાપ છે, પરંતુ વસ્તુસ્થિતિ ખરેખર એવી નથી.

એ બરોબર છે કે ખેતીવાડીમાં પ્રત્યક્ષ રૂપમાં વાણિજ્ય-વ્યવસાય અથવા તો સટ્ટાની અપેક્ષાએ જીવહિંસા અધિક થાય છે તો પણ મીલો અથવા તો કારખાનાના મજૂરોને ઓછી મજૂરી ચૂકવીને તેની પાસેથી ખૂબ વધારે કામ લેવું તે જૈન ધર્મની દૃષ્ટિએ મહારંભની કોટિમાં આવતું હોવાથી તેને પાપ જ કહેવું જોઇએ. અને સટ્ટાને તો એક પ્રકારનો જુગાર જ કહેવાય અને તેમાં ખેતીની અપેક્ષાએ ઓછું પાપ શી રીતે માની શકાય ?

તાત્વિક દૃષ્ટિથી ખાવાનું ખાવામાં અને વ્યાપાર કરવામાં પાપ હોવા છતાં પણ આપણે ખાવાનું ખાઇએ છીએ અને વ્યાપાર કરીએ જ છીએ, એ રીતે ખેતીમાં ભલે હિંસા હોય તો પણ વ્યાવહારિક દૃષ્ટિથી તે વાણિજ્ય-વ્યવસાયની માફક આવશ્યક હોવાથી જૈનો માટે વર્જિત નથી.

આ સંબંધમાં મુનશ્રી નથમલજીએ 'જૈન ભારતી'ના ૧૭ મી મે ના અંકમાં જણાવ્યું હતું કે આનંદ, જે ભગવાન મહાવીરનો એક મોટો શ્રાવક હતો તે પોતે ખેતી કરતો હતો. તેની પાસે ભારે મોટી ખેતી હતી. આમ હોવાથી ખેતી હિંસક ધંધો છે અને વ્યાજનો ધંધો અથવા તો વ્યાપાર હિંસક ધંધો નથી-એવો વિચાર કેટલાક લોકોમાં દૃઢમૂલ બન્યો છે એમ છતાં તે વાસ્તવિક નથી.

મુનિશ્રી નથમલજીનું એમ કહેવું છે કે અધિકાંશ જૈનો ખેતી નથી કરતા તેનું કારણ અહિંસાદૃષ્ટિ નથી. તેનું કારણ છે સગવડતાવાદી ઐશ્વર્યમોહ અને આરામપરાયણતા. કચ્છમાં જૈન બંધુઓ આજે પણ ખેતી કરે છે. ૧૯ મી સદી સુધી રાજસ્થાનમાં પુષ્કળ જૈનો ખેતી કરતા હતા. જે લોકો આજે લખપતી અથવા તો કરોડપતિ છે તેમના બાપદાદા ખેડુત પણ હતા. જૈન ધર્મની અહિંસાનો ખેતી સાથે વિરોધ કયાં છે ?

આ સંબંધમાં જૈન ધર્મનો અથવા તો આચાર્ય ભિક્ષુકનો દૃષ્ટિકોણ એવો નથી કે ખેતી કરવી નહિ, પણ તેમના કહેવાનું તાત્પર્ય એમ છે કે જે અનિવાર્ય હિંસા છે તે જેવી છે તેવી સમજવામાં આવે અને તેને અહિંસાના નામથી મહિમાન્વિત કરવાની કોઇ જરૂર નથી તેમજ તેથી દૂર ભાગવાની પણ કોઇ જરૂર નથી. તે જેમ છે તેમ ઠીક છે.

આ સંબંધમાં આચાર્યશ્રી તુલસીએ પોતાના પાંચમી જુનના પ્રવચનમાં જણાવ્યું છે કે "એમ કહેવું ઉચિત નથી કે જૈન લોકો હિંસાના કારણથી ખેતી નથી કરતા, પણ સાચું તો એ છે કે કૃષિ અંગે જે અતૂટ પરિશ્રમ આવશ્યક છે તે પરિશ્રમથી બચવા માટે, તથા આરામપરાયણતાને લીધે કૃષિને છોડીને વ્યાપાર-વ્યવસાયમાં જૈનો લાગી ગયા છે. કૃષિમાં એકેન્દ્રિય તથા પંચેન્દ્રિય જીવોની હિંસા થાય છે, પરંતુ તે આવશ્યક તેમ જ અનિવાર્ય હોવાના કારણે તે મહારંભ કોટિની લેખાતી નથી." સટ્ટાની ચર્ચા કરતાં તેમણે પોતાના પ્રવચનમાં જણાવ્યું છે કે "લોકો સમજે છે કે સટ્ટો હિંસાથી પર છે, પણ તેમાં માનસિક વિકૃતિ, ક્રૂરતા, અધ્યવસા-યોની મલીનતા વગેરે એટલું બધું છે કે સીધા રૂપે તે હિંસક

નહિ દેખાતો હોવા છતાં તે મહારંભની કોટિમાં આવે છે.

"લાલા, બાબુ અથવા તો નવાબ શબ્દની માફક શેઠ શબ્દ પણ આજે શ્રેષ્ટતાનો દ્યોતક ન રહેતાં વ્યંગવિનોદનું સાધન બની રહેલ છે. આજ એ બાબતની જરૂર છે કે ભણેલા ગણેલા ગ્રેજ્યુએટો માફક શેઠ લોકો પણ કૃષિકાર્યના મહત્ત્વને સમજે અને શ્રમણ-સંસ્કૃતિના ઉપાસક હોવાના નાતે શ્રમની વાસ્તવિક મહત્તાનું મૂલ્યાંકન કરે."

આજે વ્યાજનો ધંધો ખતમ થઇ રહ્યો છે. જમીનદારી સમાપ્ત થઈ રહી છે. મોટાં મોટાં મકાનોનું રાષ્ટ્રીયકરણ થવાનું છે. વ્યાપારનું પણ વીમો, બેંક વગેરેની માફક સરકાર સહયોગીતાના આધાર ઉપર સ્વયં સંચાલન કરવાની વાત વિચારાઇ રહી છે. અને જમીનની સીલીંગ એટલે મથાળું બંધાઇ રહ્યું છે. વ્યારા નદી ઉપર જે વિશાળ સરોવર બનવાનું છે તે વડે રાજસ્થાનની નહેરોમાં નવું જીવન આવશે અને ત્યાંની ધરતીમાંથી સોનું અથવા તો પુષ્કળ ધાન્યરૂપી ધન પેદા થશે. જૈન લોક પણ અન્નં બહુ કુર્વીત એટલે કે "અધિક અન્નનું ઉત્પાદન કરો" એ પ્રકારના આન્દોલનનું મહત્વ સમજે અને ૧૦૦ કરોડ રૂપિયાનું અનાજ જે પ્રતિ વર્ષ પરદેશથી મંગાવવામાં આવે છે તે રોકવાની દિશાએ પોતાની સુઝબુઝ અને સમજદારીનો એવી રીતે પરિચય કરાવે કે જેવી રીતે તેમણે વાણિજ્ય-વ્યવસાયના ક્ષેત્રમાં યોગદાન કરીને વિદેશી વ્યાપારની હરીફાઇમાં સ્વદેશી વ્યાપારને સુદઢતા પ્રાપ્ત કરાવી છે.

(મૂળ હિંદી ઉપરથી) અનુવાદક : પરમાનંદ

સ્વ. મણિબહેન નાનાલાલ હરિચંદની મીલકતની કરવામાં આવેલી વહેંચણી

સ્વ. મણિબહેન નાનાલાલ મૂળ ભાવનગરનાં પણ વર્ષોથી મુંબઇમાં વસતાં હતાં અને તેમના પતિ સ્વ. નાનાલાલ હરિચંદ શેરબજારમાં કામ કરતા હતા. લગભગ ૨૦ વર્ષ પહેલાં નાનાલાલ હરિચંદનું અવસાન થયું. મણિબહેનને કોઇ સંતાન નહોતું. તેમના પતિ સારી મીલકત મૂકી ગયેલા. મણિબહેન બહુ સાદું ધર્મપરાયણ જીવન જીવતાં હતાં. તેમના જીવન દરમિયાન પરચુરણ સખાવતો ઉપરાંત પાલીતાણા યશોવિજયજી ગુરૂકુળને તેમણે રૂ. ૫૦૦૦૦નું દાન કરેલું અને મહાવીર જૈન વિદ્યાલયને રૂ. ૧૨૦૦૦નું દાન કરેલું. તેમનું તા. ૨૫-૧૧-૫૪ ના રોજ મુંબઇ ખાતે અવસાન થયું તેના થોડા દિવસ પહેલાં, પોતાની જે કાંઇ મીલ્કત હોય તે સારા કામમાં વાપરવાની ઇચ્છા દર્શાવતું એક વસીયતનામું કર્યું હતું. અને તે મુજબ તેમના અવસાન બાદ તેમની મીલ્કતનો વહીવટ કરવા માટે પ્રસ્તુત વસીયતનામામાં નીચેની વ્યકિતઓની તેમણે ટ્રસ્ટીઓ તરીકે નીમણુંક કરી હતી

શ્રી. ચંદુલાલ વર્ધમાન શાહ
,, ફતેહચંદ ઝવેરભાઇ શાહ
,, પરમાનંદ કુંવરજી કાપડિયા
,, ધરમચંદ કુલચંદ દોશી
,, કુલચંદ હરિચંદ દોશી

આ ટ્રસ્ટીમંડળમાં પાછળથી શ્રી. ગુલાબચંદ મૂળચંદ શાહને ઉમેરવામાં આવ્યા હતા.

ઉપર જણાવ્યા મુજબ સ્વ. મણિબહેન નાનાલાલની મીલ્કતનો ટ્રસ્ટીઓએ કબજો લીધો. એમાં કેટલુંક રોકડ નાણું હતું, કેટલુંક સોનામાં રોકાયલું હતું અને કેટલુંક શેર સીકયુરીટીમાં રોકાયલું હતું. બીજી બાજુએ સ્વ. મણિબહેન નાનાલાલના માથે કેટલીક આર્થિક જવાબદારીઓ પણ હતી. સોનું તથા શેર સીકયુરીટીઓ વેચી નાંખવામાં આવી અને તેનો નિકાલ કરતાં ટ્રસ્ટીઓના હાથમાં આશરે રૂ. ૨,૬૦,૦૦૦ ની રોકડ રકમ આવી. આ રકમમાં હજુ વ્યાજ પેટે રૂ. ૧૫૦૦ થી ૨૦૦૦ ની આવક થવાનો સંભવ છે. ઉપરની રકમમાંથી સ્વ. મણિબહેનની અંગત જવાબદારીઓ, પ્રોબેટ, એસ્ટેટ ડયુટી વગેરે અંગે આશરે રૂ. ૭૨૦૦૦ રોકડા ચુકવવા પડ્યા. આ રીતે જે રૂ. ૧,૮૮,૦૦૦ ની રકમ બાકી હતી અને આશરે હજુ રૂ. ૨૦૦૦ ની આવક થવા સંભવ છે તે ધ્યાનમાં રાખીને કુલ રકમ રૂ. ૧,૯૦,૦૦૦ માંથી નીચે મુજબ વહેંચણી કરવામાં આવી છે :-

૫૦૦૦૦ શ્રી યશોવિજયજી ગુરૂકુલને (પાલીતાણા). સંસ્થાની કોઇ પણ વિભાગીય પ્રવૃત્તિને સ્વ. મણિબહેન નાનાલાલનું નામ આપવાની સમજુતીપૂર્વક.

૫૦૦૦૦ શ્રી બૃહત્ મુંબઇ એજ્યુકેશન ટ્રસ્ટ (દાદર, પશ્ચિમ વિભાગ મુંબઇ) ને તેની હસ્તક શરૂ કરવામાં આવનાર ગુજરાતી હાઇસ્કૂલનું મકાન ઉભું કરવા માટે અને તે હાઇસ્કૂલ સાથે સ્વ. મણિબહેન નાનાલાલ હરિચંદનું નામ જોડવાની શરતે.

૩૦૦૦૦ જૈન બાલ વિદ્યાર્થી ભવન (ભાવનગર) ને આપવા માટે. (આ રકમ સંસ્થાના કાર્યવાહકો, સંસ્થાના પોતાના મકાન માટે અમુક મુદતની અંદર રૂ. ૩૦૦૦૦ એકઠા કરે તો આપવાની છે.)

૨૫૦૦૦ દાદાસાહેબ જૈન બોર્ડીંગ (ભાવનગર) ને, વધારાનું મકાન બાંધવા માટે અને તે નવા મકાનના એક વિભાગને સ્વ. મણિબહેન નાનાલાલનું નામ આપવાની શરતે.

૧૦૦૦૦ જૈન મહિલા સમાજને (મુંબઇ), દાદર પશ્ચિમ વિભાગમાં તે સંસ્થા હસ્તક ચાલતા બાલમંદિર સાથે સ્વ. મણિબહેન નાનાલાલનું નામ જોડવાની શરતે.

૭૦૦૧ શ્રી, કેશરીચંદ ભાણાભાઇ હસ્તક ચાલતા કોઠારી હિન્દુ સેનેટોરિયમને (દેવલાલી). નવો એક બ્લોક બાંધવા માટે અને તેને સ્વ. મણિબહેન નાનાલાલનું નામ આપવાની શરતે.

૫૦૦૦ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહને (મુંબઇ).

૨૫૦૦ શ્રી મણિલાલ મોકલચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયને (મુંબઇ).

૨૫૦૦ શ્રી સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ, પાલીતાણા

૨૧૦૦ બહેનોને આર્થિક મદદ.

૧૦૦૧ શ્રી ગોડીજી મહારાજનું દેરાસર, મુંબઇ.

૧૦૦૦ વિદ્યાર્થીઓને મદદ.

૫૦૦ પરમાર ક્ષત્રીય જૈન ધર્મપ્રચારક સભાને શ્રી મહાવીર જૈન આશ્રમ બોડેલી માટે.

૫૦૦ શ્રી ગોડી પાર્શ્વનાથ દેરાસર, ભાવનગર.

૫૦૦ શ્રી વર્ધમાન તપ આયંબીલ ખાતું (પાલીતાણા).

૫૦૦ શ્રી કેદારનાથના રસ્તે ફાટા ગામના પૂર્વ માધ્યમિક શાળાના મકાનખર્ચ પેટે.

૨૫૦ શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળા, ભાવનગર.

૨૫૦ શ્રી જૈન ભોજનશાળા, ભાવનગર.

૨૫૦ ધાર્મિક શિક્ષણ મંડળ, ભાવનગર.

૧૦૦ શ્રી જૈન પાઠશાળા, ગોધા.

૧૦૧ શ્રી જીવદયા મંડળી, મુંબઇ.

૧,૮૯,૦૦૩

ઉપરની યાદીમાં જણાવ્યા મુજબ ભાવનગરના જૈન બાલ વિદ્યાર્થી ભવન માટે ઉપર જણાવ્યા મુજબ નિયત કરવામાં આવેલ રૂ. ૩૦૦૦૦ની રકમ સિવાય બીજી બધી રકમો અપાઇ ચુકી છે.

ઉપરની યાદી ઉપરથી માલુમ પડશે કે અમારી હસ્તક વહેંચાયેલ રૂ. ૧,૮૯,૦૦૦ માંથી રૂ. ૧,૭૭,૦૦૦, ભિન્ન ભિન્ન શિક્ષણસંસ્થાઓને અથવા તો શૈક્ષણિક પ્રવૃત્તિઓને અપાયા છે, રૂ. ૭૦૦૦ દેવલાલીના કોઠારી સેનેટોરિયમને આપવામાં આવ્યા છે અને આશરે રૂ. ૫૦૦૦ શિક્ષણેત્તર શુભ પ્રવૃત્તિઓ પાછળ વપરાયા છે. આ રીતે અમને સોંપાયેલ જવાબદારીનું કાર્ય લગભગ પૂરું થવા આવ્યું છે.

તા. ૧-૮-૫૯. ચંદુલાલ વર્ધમાન શાહ
મુંબઇ. ટ્રસ્ટીમંડળ વતી.

'સ્વતંત્ર પક્ષ'

શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહનું વ્યાખ્યાન

(તા. ૬-૮-૫૯ ગુરૂવારના રોજ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે 'સ્વતંત્ર પક્ષ' એ વિષય ઉપર સંઘના કાર્યાલયમાં એક જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. તેમને સાંભળવા માટે ભાઇ બહેનો ઘણી સારી સંખ્યામાં ઉપસ્થિત થયાં હતાં. શ્રી. ચીમનભાઇએ પોતાના સવા કલાકના વ્યાખ્યાનમાં શ્રી. રાજગોપાલાચાર્યની આગેવાની નીચે તાજેતરમાં સ્થપાયલા નવા રાજકીય પક્ષ જે 'સ્વતંત્ર પક્ષ'ના નામે ઓળખાય છે તેની સવિસ્તર આલોચના કરી હતી. તેમના વ્યાખ્યાનનો સંક્ષિપ્ત સાર નીચે મુજબ હતો.)

અહિં અવારનવાર મારા તરફથી રાજકીય પરિસ્થિતિની આલોચના કરવામાં આવે છે તે એક પ્રકારના અભ્યાસવર્ગની–study classની–કોટિની હોય છે. તાજેતરમાં શ્રી. રાજગોપાલાચાર્ય, શ્રી. રંગા અને શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીની આગેવાની નીચે સ્થપાયલો સ્વ પક્ષ અનેક લોકોનું ખૂબ ધ્યાન ખેંચી રહેલ છે અને એક મોટી ચર્ચાનો વિષય બની રહેલ છે. રાજકારણની દૃષ્ટિએ આ એક મહત્ત્વની ઘટના છે. તેથી મને એમ થયું કે આ નવા પક્ષની નીતિ રીતી વિષે હું જે વિચારી રહ્યો છું તેના તમને ભાગીદાર બનાવું. એ આશયથી હું આજે તમારી સમક્ષ ઉપસ્થિત થયો છું.

ડેમોક્રસીના ધ્યેય અને માળખાને સ્વીકારીને આજે શાસન કરતા કોંગ્રેસ પક્ષ સામે કોઇ એક નવો રાજકીય સુગ્રથિત વિરોધપક્ષ ઉભો થાય તે લોકશાહીની દૃષ્ટિએ આવકારદાયક છે. પં. નેહરૂએ તે દૃષ્ટિએ આ નવા પક્ષને આવકાર્યો છે અને હું પણ તેને એ દૃષ્ટિએ આવકારૂં છું, પણ સાથે સાથે આ નવા પક્ષનું સ્વરૂપ અને નીતિ સમગ્ર લોકના કલ્યાણ અને પ્રગતિને પોષક છે કે કોઇ એક વર્ગના હિત માટે છે તે આપણે બરોબર સમજી લેવું જોઇએ અને સાથે સાથે આજની કોંગ્રેસને ખસેડીને આવો નવો પક્ષ સત્તા ઉપર આવે તો શું પરિણામ આવે એનું ચિત્ર પણ આપણા ધ્યાન ઉપર હોવું જોઇએ–આ મને લાગે છે કે ખૂબ જરૂરી છે.

આ પક્ષની હજુ શરૂઆત છે અને તેનો ઉદ્‌ભવ આજના શાસક પક્ષ કોંગ્રેસ સામેના વિરોધમાંથી થયો છે, તેથી તેનું આજનું સ્વરૂપ negative–નકારાત્મક–હોય એ સ્વાભાવિક છે. આ દૃષ્ટિએ કોંગ્રેસ સામે આ પક્ષના નિર્માતાઓને શું કહેવાનું છે એની ચર્ચા કરતાં નવા સ્વતંત્ર પક્ષના વલણ અને વિચારનો સહજપણે ખ્યાલ આવી જશે.

કોંગ્રેસ સામે સ્વતંત્ર પક્ષના આગેવાનોનો સૌથી મોટો આક્ષેપ એ છે કે કોંગ્રેસ લગભગ totalitarian–એકહથ્થુસત્તાવાદી–થઈ ગઇ છે. આ આક્ષેપ પાયા વિનાનો છે. આપણું રાજ્યબંધારણ ફેડરલ–સમવાયી આકારનું છે. તેમાં પ્રજાજનોના પાયાના હકકોનું સ્પષ્ટ વિધાન કરવામાં આવ્યું છે. વળી ન્યાયના ક્ષેત્રે સુપ્રીમ કોર્ટનું શાસન સૌ કોઇને બંધનકર્તા છે. ઇંગ્લાંડનું બંધારણ કે જેના ઉપરથી આપણા દેશનું બંધારણ મોટા ભાગે ઘડવામાં આવ્યું છે તેમાં અને અહિંના બંધારણમાં સૌથી મહત્ત્વનો તફાવત એ છે કે ઇંગ્લાંડમાં ત્યાંની પાર્લામેન્ટ સર્વ સત્તાધીશ છે. પાર્લામેન્ટનો કાયદો એ રાજ્યનો છેવટનો કાયદો ગણાય છે. અહિં વરિષ્ટ સત્તા પાર્લામેન્ટની નથી. તેના માથે રાજ્યના બંધારણ'નું બંધન છે. પાર્લામેન્ટ કોઇ પણ કાયદો કરે તે સામે કોઇ પણ વ્યકત વાંધો ઉઠાવી શકે છે અને તે કાયદો રાજ્યના બંધારણ મુજબનો નથી એવો વાંધો ઉઠાવીને તે મુદ્દાને સુપ્રીમ કોર્ટ સુધી તે લઇ જઇ શકે છે અને એ બાબતમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય પાર્લામેન્ટના કોઇ પણ ઠરાવને કે કાનૂનને બંધારણ વિરૂદ્ધનો એટલે ગેરકાયદેસર ઠરાવી શકે છે. વળી આપણા દેશમાં વાણીસ્વાતંત્ર્ય, મીલન સ્વાતંત્ર્ય અને સામયિક સ્વાતંત્ર્ય જેટલું છે તેટલું સ્વાતંત્ર્ય દુનિયાના બહુ ઓછા દેશોમાં છે. કોંગ્રેસનું ધ્યેય અને પાયો લોકશાહી છે. આવી કોંગ્રેસને Totalitarian–એકહથ્થુ સત્તાવાદી–શી રીતે કહી શકાય? અલબત્ત કોંગ્રેસની મોટી બહુમતિ છે તેથી એક પક્ષનું રાજ્ય છે એમ કહેવાય. સબળ વિરોધ પક્ષ ન હોય તો રાજ્યકર્તા પક્ષ ભૂલ પણ કરે. પણ આને Totalitarion ન કહેવાય. Totalitarion સત્તા વિરોધપક્ષને આવકારે નહિ પણ તેનો સમૂળો નાશ કરે.

બીજો આક્ષેપ કોંગ્રેસ સામે એવો છે કે કોંગ્રેસ સામ્યવાદ–કોમ્યુનીઝમ–તરફ ધસી રહી છે. આ બન્નેનું ધ્યેય અલબત્ત સમાજવાદ–socialsm–છે, પણ બન્નેની રીતભાત, વળણ તેમજ કાર્યપદ્ધતિમાં પાયાનો ફરક છે. સામ્યવાદ વિરોધપક્ષને સ્વીકારતો જ નથી–તેને નાબુદ કરવામાં અને સરમુખત્યારશાહી–Dictatorship–ની સ્થાપના કરવામાં તે માને છે, અને 'હિંસા દ્વારા ક્રાન્તિ નિર્માણ–Violent Revolution' એ તેનું ધ્યેય છે. કોંગ્રેસ વિરોધપક્ષોના સહઅસ્તિત્વમાં માને છે, સમજાવટ અને બંધારણીય માર્ગે તે ક્રાન્તિ સર્જવા માંગે છે, સરમુખત્યારશાહીની વિરોધી છે. આ રીતે બન્નેનું મુખ્ય ધ્યેય સોશિયાલીઝમ–સમાજવાદ–એક જ હોવા છતાં એ સોશિયલીઝમના સ્વરૂપની કલ્પના અંગે અને તેને મૂર્ત રૂપ આપવાની પદ્ધતિ અંગે બન્નેમાં ઘણો મોટો તફાવત છે.

એક વખત આપણે ત્યાં સામંતશાહી–ફ્યુડેલીઝમ–પ્રવર્તતું હતું. આજે પ્રવર્તતી સમાજરચના મુડીવાદી રચના છે. વિજ્ઞાને વિપુલ ઉત્પાદન કરતાં નવાં યંત્રો આપ્યાં અને માણસના હેકાણે યંત્રની સ્થાપના કરવા માંડી. સાથે સાથે–Transport અને Communication નાં–વાહન વ્યવહારનાં અને સંદેશાઓ મોકલવા મેળવવાનાં–વધારે ઝડપી સાધનો નિર્માણ કર્યાં, તેના પરિણામે મુડીવાદ ખૂબ ફાલ્યો ફુલ્યો અને અનેકનો શ્રમ અને બહુ થોડાના હાથમાં ધન, શકિત અને સત્તા–આવી સમાજ રચના ઉભી થઇ અને તેનાં અનિષ્ટો–વર્ગ વર્ગ વચ્ચે અસમાનતા અને મોટા પાયા ઉપરનું સામુદાયિક શોષણ અને વ્યાપક બેકારી શરૂ થયાં. આ અનિષ્ટો દૂર કરવા માટે સમાજવાદનો ઉદ્‌ભવ થયો. સમાજવાદી સ્થાપના એ કાળની માંગ છે. એ માંગને પહોંચી વળવા માટે કોંગ્રેસે સમાજવાદી ઢબની સમાજરચનાને પોતાના ધ્યેય તરીકે સ્વીકારેલ છે અને તેને અમલી બનાવવા માટે રાજ્યવહીવટના ક્ષેત્રે અનેક પગલાં ભરી રહેલ છે. આમાંથી અનેક કરવેરા જન્મ્યા છે; કાયદા કાનૂન ઘડાયા છે; વ્યાપાર સ્વાતંત્ર્ય ઉપર અનેક નિયંત્રણો મુકાયાં છે. રાજાજી આ પ્રકારના legislative compulsion–કાનુની નિયંત્રણ–નો વિરોધ કરે છે. તેમના મતે કોંગ્રેસ minimum freedom and maximum legislation અથવા તો maximum government એટલે કે ઓછામાં ઓછું સ્વાતંત્ર્ય અને વધારેમાં વધારે રાજ્યશાસનના માર્ગે જઇ રહી છે. સ્વતંત્ર પક્ષ એથી વિરૂધ્ધ માર્ગે એટલે કે વધારેમાં વધારે સ્વાતંત્ર્ય અને ઓછામાં ઓછું શાસન એ માર્ગે પ્રજાનું જીવન ઘડવાનો મનોરથ સેવે છે.

હવે રાજ્યના બંધારણમાં રાજ્યનીતિને લગતા માર્ગદર્શક સિધ્ધાંતોની (Directive Principles of State Policy) એક લાંબી યાદી સામેલ કરવામાં આવી છે અને આ સિદ્ધાંતોને બરોબર નજર સામે રાખીને શાસક પક્ષે પ્રજાનું શાસન કરવાનું છે. આ માર્ગદર્શક સિધ્ધાન્તો રાજ્યના માથે પ્રજાકલ્યાણની અનેક જવાબદારીઓ નાંખે છે. આના પરિણામે રાજ્ય પોલીસ સ્ટેટ મટીને વેલફેર સ્ટેટ બને છે, માત્ર સુલેહશાન્તિ જાળવવાની જવાબદારીવાળું રાજ્ય મટીને લોકોને અનેકવિધ સુખસગવડો પહોંચાડવાની જવાબદારી સ્વીકારતું કલ્યાણરાજ્ય બને છે. આ જવાબદારીઓ અદા કરવા માટે પ્રજાજીવનનું અનેક દિશાઓથી નિયંત્રણ રાજ્ય માટે આવશ્યક–અનિવાર્ય–બને છે. minimum government–અલ્પતમ શાસન–એ પોલીસરાજ્યની કલ્પના

છે, તે 'લેસઝ ફેર'ની પોલીસી–અનિયંત્રિત વ્યાપાર અને ઉદ્યોગની નીતિ–ઉપર રચાયેલ છે. આની પાછળ એવી માન્યતા રહેલી છે કે આર્થિક બળો પરસ્પરની હરીફાઇના કારણે લોકકલ્યાણને અનુકુળ-તે સાથે સંવાદી–એવી પરિસ્થિતિ સહજપણે ઉભી કરે જ છે. છેલ્લાં સો વર્ષના અનુભવે આ માન્યતા ખોટી પાડી છે. આ વાત આજના યુગમાં ખાસ કરીને ભારત જેવા અનેક રીતે પાછળ પડી ગયેલા દેશો માટે ચાલે તેમ નથી.

વસ્તુતઃ સ્વતંત્ર પક્ષનો ખરો વિરોધ આપણા રાજ્યબંધારણ સામે છે. તેમના અભિપ્રાય મુજબ આજનું આપણું બંધારણ લોકોને પુરું સ્વાતંત્ર્ય આપતું નથી. આ બાબત તેમણે સ્પષ્ટ કહી નથી, પણ બંધારણમાં સામેલ કરવામાં આવેલ માર્ગદર્શક સિધ્ધાંતોમાં પ્રજાજીવન ઉપર અનેક નિયંત્રણો સૂચિત છે અને રાજાજીના અભિપ્રાય પ્રમાણે legislative compulsion–કાનૂની દબાણ–હિંસા છે અને તેથી પ્રજાશાસનમાં કાનૂની દબાણ હોવું ન જોઇએ એમ તેમણે અનેક વાર જણાવ્યું છે. તેમના અભિપ્રાય પ્રમાણે કોંગ્રેસ સરકારને લોકોમાં વિશ્વાસ નથી તેથી તેને કાયદા ઉપર કાયદા કરવા પડે છે. જે કાંઇ સાચી વસ્તુ સારી વસ્તુ હશે તે લોકો પોતાની બુદ્ધિથી જરૂર કરશે જ. આવો લોકોમાં વિશ્વાસ હોવો જોઇએ. કોંગ્રેસને આવો વિશ્વાસ નથી અને તેથી તે હાલતાં ચાલતાં કાયદાનું જ અવલંબન લે છે.

આ પાછળ જરૂર તથ્યાંશ રહેલો છે. કોઇ પણ સરકારે કેવળ દંડ નીતિ ઉપર આધાર રાખીને ચાલવું ન જ જોઇએ. કાયદા કાનૂન સાથે લોકોને સમજાવવાનું પણ ચાલુ કામ થતું રહેવું જ જોઇએ. અને આ બાબતમાં કોંગ્રેસ જેટલી મંદ હોય તેટલું તેને નુકસાન થવાનું જ છે. પણ સાથે સાથે એ પણ એટલું જ દેખીતું છે કે આજની પરિસ્થિતિમાંથી જનતાને ઊંચી લાવવા માટે અમુક કાયદા કાનૂન કર્યા સિવાય ચાલે તેમ છે જ નહિ. દા. ત. અસ્પૃશ્યતાનિવારણ, સ્ત્રી–પુરૂષ સમાનતા, દલિત વર્ગોનો ઉધ્ધાર, મજુરોના ચાલી રહેલા શોષણનું નિવારણ. જો સામાજિક અને આર્થિક સમાનતા એ આપણું ધ્યેય હોય તો તેને બાધક પરિસ્થિતિઓનો કાયદાકાનૂનથી અન્ત લાવવો જ જોઇએ.

અને લોકોમાં શ્રદ્ધાનો જે મુદ્દો આગળ ધરવામાં આવે છે. તેના જવાબમાં પૂછવાનું કે લોકોમાં શ્રધ્ધા એટલે કોના વિષે શ્રદ્ધા? Vested Interests–સ્થાપિત હિતોમાં–શ્રધ્ધા રાખવી? અને આ શ્રધ્ધા કઇ હદ સુધી રાખવી? વળી સામાન્ય પ્રજાનો ટેકો ન હોય એવી કોઈ પણ સરકાર ટકી શકે જ નહિ. કોંગ્રેસ આજે જે કાંઇ કરી રહી છે તે લોકમતની બહુમતીના પીઠબળ ઉપર કરી રહી છે. બાકી કોઇ પણ સરકાર જે કાંઇ કરશે તે સામે એક યા બીજી લઘુમતીનો વિરોધ રહેવાનો જ. સ્થાપિત હિતોની લઘુમતી આગે કાનુની દબાણની પ્રક્રિયા અનિવાર્ય છે. કાયદાને લોકમતનો ટેકો જોઇએ જ, પણ સો ટકાનો ટેકો સમજાવટથી મેળવવાનું ધ્યેય કદિ પણ અમલી બને તેમ છે જ નહિ. દાખલા તરીકે ગાંધીજી અને વિનોબાજી ટ્રસ્ટીશીપનો સિધ્ધાન્ત રજુ કરે છે. એ મુજબ દરેક મીલકતવાળો પોતાની મીલકતનો જનકલ્યાણ અર્થે સ્વેચ્છાએ પોતાને ટ્રસ્ટી લેખે એ વિચાર જરૂર આવકારદાયક છે, પણ એ પરિસ્થિતિ ઉભી થાય એ માટે અનિયત કાળ સુધી બેસી રહેવું આપણને ન જ પરવડે. તે દિશાએ કાયદાકાનૂન કરીને ધીમે ધીમે આગળ વધ્યા સિવાય ચાલે જ નહિ.

આજે સ્વતંત્રતા અને સમાનતા એ બે શબ્દોનો એક સાથે ઉચ્ચાર થાય છે. પણ જે સમાજની રચનામાં સામાજિક અને આર્થિક અસમાનતા વ્યાપક હોય ત્યાં સ્વતંત્રતા અને સમાનતા એ વિચાર વચ્ચે કાંઇક વિરોધ અને ઘર્ષણ પેદા થયા વિના રહે જ નહિ. સમાનતા એ જો ધ્યેય હોય તો સ્થાપિત હિતોના સ્વાતંત્ર્ય ઉપર કેટલેક દરજ્જે કાપ મૂક્યા સિવાય ચાલે જ નહિ. એક વાર સમાનતા સ્થાપિત થાય પછી જ સાચું સ્વાતંત્ર્ય પ્રજાજીવનમાં નિર્માણ થઇ શકે છે. આજની પરિસ્થિતિમાં તો, ગરીબનું શોષણ કરવાની શ્રીમાનની સ્વતંત્રતા એટલે જ સ્વતંત્રતાનો અર્થ થાય. સ્વતંત્ર પક્ષનો એવો દાવો છે કે તે વ્યક્તિસ્વાતંત્ર્યની સંપૂર્ણ-પણે રક્ષા કરશે, બધા હિતોની પૂરી સંભાળ લેશે અને તેમને પૂરી તક આપશે–આનું પરિણામ સમાજને આજે જેવો છે તેવો કાયમ રાખવામાં જ આવે.

સ્વતંત્રપક્ષનું ધ્યેય કોંગ્રેસને સત્તાભ્રષ્ટ કરીને તેના સ્થાને પોતે આવવું એ પ્રકારનું છે. સ્વતંત્રપક્ષની વિચારસરણી એક છેડાની છે; સામ્યવાદની વિચારસરણી બીજા છેડાની છે. કોંગ્રેસનો માર્ગ મધ્યમ માર્ગ છે. કોંગ્રેસને તોડી નાખવાથી દેશમાં માત્ર બે પક્ષ રહેશે. Vested Interests–સ્થાપિત હિતો–માટે સ્થિતિ-સ્થિતની મનોદશા દાખવતો સ્વતંત્રપક્ષ અને આમ જનતાને આકર્ષતો સામ્યવાદી પક્ષ. મધ્યમ માર્ગના અભાવે બે છેડાના પક્ષમાં આખી પ્રજાએ વહેંચાઈ જવાનું રહેશે.

એ દેખીતું છે કે સ્વતંત્રપક્ષ કોંગ્રેસની અને નેહરૂની પ્રતિષ્ઠા તોડવા માગે છે. તેમને ખબર નથી કે આજે નેહરૂની પ્રતિષ્ઠા તોડવા જતાં કયા પ્રકારની અરાજકતાને તેઓ નોતરી રહ્યા છે. વસ્તુતઃ સ્વતંત્રપક્ષના આગેવાનો આજ સુધી મહાસભાવાદી હતા. કોંગ્રેસમાં અનેક બદીઓ અને ત્રુટિઓ છે તેની ના કહી શકાય તેમ છે જ નહિ. કોંગ્રેસની અંદર પોતાનું સ્થાન પુનઃ જમાવીને આ બદીઓ અને ત્રુટિઓને નાબુદ કરવી અને કોંગ્રેસને સમર્થ અને સબળ બનાવવી એ તેમનું કામ હતું. પણ કોંગ્રેસને ઠેકાણે લાવવા અંગે મેં મારા હાથ ધોઈ નાખ્યા છે એમ જાહેર કરીને રાજાજીએ કોંગ્રેસવિરોધી પ્રસ્થાન શરૂ કર્યું છે. પરિણામ એ આવવાનો ભય રહે છે કે જે સામ્યવાદની આફતમાંથી દેશને બચાવવાના ધ્યેયને આગળ ધરીને સ્વતંત્રપક્ષ પોતાનો મોરચો ઉભો કરી રહેલ છે તે જ સામ્યવાદને, કોંગ્રેસ નબળી પડતાં, નવું બળ અને નવું સમર્થન મળવા સંભવ છે.

સ્વતંત્રપક્ષને ઉભો થવામાં નાગપુર કોંગ્રેસનો જમીન-મથાળું બાંધવાને લગતો અને સંયુકત સહકારી ખેતીને વેગ આપવાને લગતો ઠરાવ એક બળવાન નિમિત્ત બનેલ છે. રાજાજી અને મુનશી સ્વતંત્ર પક્ષના સમર્થનમાં ઉપર જણાવેલ નાગપુરના ઠરાવને આગળ ધરે છે. નાગપુરના ઠરાવમાં રજુ કરવામાં આવેલો કાર્યક્રમ કોઇ નવો નથી. વર્ષોથી એ વિચારોને કોંગ્રેસ આગળ કરતી રહી છે. આજે કોંગ્રેસવિરોધી મોરચો માંડવામાં આ ઠરાવ બહુ ઉપયોગી થઇ શકે તેમ છે એમ સમજીને તે ઠરાવનો તેઓ આશ્રય લઇ રહેલ છે. દેશમાં કોઇ પણ રાજકીય પક્ષને પોતાની જમાવટ કરવી હોય તો માત્ર ધનવાનો કે ઉદ્યોગપતિઓના સાથથી ચાલે તેમ છે જ નહિ. તે માટે ખેડૂતો જે પ્રજાનો ઘણો મોટો ભાગ છે તેનો સાથ હોવો જ જોઇએ. આપણો ખેડુત સ્વભાવથી સ્થગિત મનોદશાવાળો–conservative–છે. સંયુકત સહકારી ખેતીના વિચારનો અને જમીનમથાળું બાંધવાના વિચારનો તે જરૂર વિરોધ કરવાનો છે એમ, સ્વતંત્ર પક્ષના આગેવાનો માને છે. ખાસ કરીને શ્રીમંત ખેડુતવર્ગના આ સામે વિરોધ હોય તે સ્વાભાવિક જ છે. આ વર્ગને પોતાના પડખે લેવાના હેતુથી તેઓ નાગપુરના ઠરાવને જ્યાં ત્યાં આગળ ધરી રહ્યા છે. બાકી વસ્તુસ્થિતિ તો એવી છે કે સંયુકત સહકારી ખેતીના ઠરાવને જે રીતે રજુ કરવામાં આવે છે કે તે આંડકતરી રીતે રશીઆ કે ચીનમાં અખત્યાર કરવામાં આવેલ collectivised farming–ફરજિયાત સામુદાયિક ખેતી–આપણા દેશમાં દાખલ કરવાનો પ્રયત્ન છે–આવી તેમની રજુઆત સાચી નથી. બીજું સંયુકત સહકારી ખેતીના ઠરાવનો અમલ ફરજિયાત થવાનો નથી અને ત્રીજું એ ઠરાવ અમલી બનશે તે પહેલાં નિરીક્ષણ–

પરીક્ષણના પરિણામે તેના સ્વરૂપમાં ઠીક ઠીક ફેરફાર થવાનો ઘણો સંભવ છે. આ બધું જાણવા છતાં પોતાના પક્ષનો પ્રચાર કરવા માટે સ્વતંત્ર પક્ષના આગેવાનો આ ઠરાવને બને તેટલો અળખામણો બનાવવા પ્રયત્ન કરી રહ્યા છે.

અહિં આ આલોચના પૂરી કરતાં પહેલાં મારા પક્ષે એટલી સ્પષ્ટતા કરવાની જરૂર છે કે અત્યારનું કૉંગ્રેસહસ્તકનું વહીવટી તંત્ર કાર્યક્ષમ રહ્યું નથી. તેમાં પુષ્કળ શિથિલતા અને લાંચ રૂશ્વતની બદી પેઠેલી છે. વળી આજે આપણે દેશમાં એક મોટો ક્રાન્તિકારી પ્રયોગ–દેશની આર્થિક તેમજ સામાજિક રચનાને ધરમૂળથી પલટવાનો–કરી રહ્યા છીએ. તેમાં અનેક ભૂલો થવા સંભવ છે. આજના કૉંગ્રેસી જનો મોટા ભાગે નિઃસ્વાર્થી રહ્યા નથી એ પણ કબુલ કરવું જ રહ્યું. આ બધું હોવા છતાં પણ કૉંગ્રેસે ધારણ કરેલી નીતિ અને ધ્યેય જરા પણ ખોટાં ઠરતાં નથી. આ દેશનો ઉધ્ધાર સોશિયાલીઝમ–સમાજવાદ–ની સ્થાપના કર્યા સિવાય શકય જ નથી. આ સમાજવાદનો સીધો વિરોધ કરનાર સ્વતંત્રપક્ષ દેશને ખતરનાક નીવડેલા મૂડીવાદને જ આડકતરો ટેકો આપી રહ્યો છે એ વિષે મારા મનમાં કોઇ શક કે શંકા નથી.

સંઘ સમાચાર

સંઘના બંધારણમાં કરવામાં આવેલો ઉમેરો

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની તા. ૯–૪–૫૯ ના રોજ મુલતવી રહેલી સભા તા. ૧–૮–૫૯ ના રોજ સંઘના કાર્યાલયમાં મળી હતી. અને તે પ્રસંગે કેવા સંયોગોમાં કોઇ પણ વ્યકિતને સંઘના સભ્ય તરીકે ચાલુ રહેવા માટે અયોગ્ય ગણી શકાશે? એને લગતી બંધારણની ૨૦ મી કલમમાં બે પેટા કલમ છે તે ઉપરાંત નીચે મુજબની ત્રીજી પેટા કલમ ઉમેરવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો.

"સંઘના હિતને સીધી કે આડકતરી રીતે હાનિ પહોંચે તેવું વર્તન કરનારને પોતાના વર્તન સંબંધે ખુલાસો કરવાની તક આપ્યા બાદ યોગ્ય લાગ્યાથી સંઘની કાર્યવાહક સમિતિ તે સભ્યને સભ્ય તરીકે રદ કરવાની સામાન્ય સભાને ભલામણ કરી શકશે અને તે બાબતમાં સામાન્ય સભા યોગ્ય નિર્ણય લઈ શકશે."

આ ઉપરાંત સંઘના બંધારણમાં બીજા કેટલાક સુધારાઓ કાર્યવાહક સમિતિ તરફથી આ સભામાં રજુ થવાનાં હતાં, પણ સમય બહુ થવાથી તે સુધારાઓ રજુ કરવામાં આવ્યા નહોતા અને તે સભા વિસર્જન કરવામાં આવી હતી.

'ગ્રામનવનિર્માણ'

તા. ૩૦–૭–૫૯ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં મુંબઇ મ્યુનીસીપાલીટીના ડેપ્યુટી કમીશનર શ્રી, મનુભાઇ રાવળે 'ગ્રામનવનિર્માણ'એ વિષય ઉપર એક અભ્યાસપૂર્ણ અને અનુભવસભર વ્યાખ્યાન આપ્યું હતું. મુંબઇ પ્રદેશનું નવનિર્માણ થયા પહેલાં તેમણે ઘણો સમય સૌરાષ્ટ્રમાં ગ્રામવિકાસ યોજનાના કાર્ય પાછળ ગાળ્યો હતો અને તેથી આ વિષયના તેઓ પૂરા નિષ્ણાત હોઇને પોતાનો વિષયનું તેમણે અતિ સુન્દર અને સુરેખ નિરૂપણ કર્યું હતું અને ઇતિહાસના પ્રારંભકાળથી આજ સુધીના ભારતના ઇતિહાસની આછી રૂપરેખા આપીને અંગ્રેજોના હકુમતકાળ દરમિયાન ગામડાંઓની કેવી પાયમાલી થઇ હતી, દેશ આઝાદ થયા બાદ ગ્રામવિકાસની યોજનાનું કેવા રીતે અને કયા સંયોગોમાં નિર્માણ થયું હતું, તે સામે કઇ કઇ રીતે જુદા જુદા વર્ગો તરફથી વિરોધ કરવામાં આવ્યો હતો અને એ વિરોધ ધીમે ધીમે શમી જવા બાદ ગ્રામવિકાસનું કાર્ય કેટલું વિસ્તૃત અને સઘન રૂપ ધારણ કરી રહ્યું હતું તેનો તેમણે ભારે રોચક ચિત્તાર રજુ કર્યો હતો. સૌરાષ્ટ્રમાં તેઓ હતા તે દરમિયાન ગામડાના લોકોને ગ્રામવિકાસના કાર્યો તરફ વાળવા માટે કેવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા અને તેનાં કેટલાં સુન્દર પરિણામો આવ્યા હતા તે વિષે પણ તેમણે પોતાના અનેક અનુભવો સંભળાવ્યા હતા. આ રીતે તેમનું વ્યાખ્યાન શ્રોતાઓ માટે અત્યન્ત રસપ્રદ નીવડ્યું હતું. આ વિષય ઉપર પ્રબુધ્ધ જીવનના વાચકો માટે એક લેખમાળા લખી આપવાની તેમણે આશા આપી છે. એ આશાને જલ્દિથી મૂર્તરૂપ આપવા તેમને વિનંતિ છે.

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજાતી ચાલુ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા ઓગસ્ટ માસની ૩૦ મી તારીખ અને રવિવારે શરૂ થશે અને સપ્ટેંબર માસની ૭ મી તારીખ અને સોમવારે પૂરી થશે. પહેલાં પાંચ દિવસની વ્યાખ્યાનસભાઓ કેનેડી બ્રીજ પાસે આવેલા ગ્લેવા ટ્રસ્ટી લોજમાં, પછીના બે દિવસની વ્યાખ્યાનસભાઓ રોકસી થીયેટરમાં અને છેલ્લા બે દિવસની વ્યાખ્યાનસભાઓ ભારતીય વિદ્યાભવનમાં ભરવામાં આવશે. વ્યાખ્યાનસભાઓ હંમેશાં સવારના ૮॥ વાગ્યે શરૂ કરવામાં આવશે. નવ દિવસની વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન પં. સુખલાલજી શોભાવશે. વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ હજુ પુરેપુરો નકકી થયો નથી, એટલે તે નકકી થયે સામયિક પત્રોમાં વખતસર પ્રગટ કરવામાં આવશે. છેલ્લા દિવસે જાણીતા ભૂદાન કાર્યકર્તા શ્રીમતી વિમળા ઠકારનું 'હિંસાથી અહિંસા તરફ' એ વિષય ઉપર વિસ્તારપૂર્વક વ્યાખ્યાન હશે. ચાલુ ક્રમ મુજબ આ વખતે પણ વ્યાખ્યાનમાળા સાથે સંગીતનો કાર્યક્રમ પણ જોડાયલો રહેશે.

આગામી વ્યાખ્યાનમાળા અંગે સંઘના સભ્યો અને શુભેચ્છકોને પ્રાર્થના

સંઘના સભ્યોનાં બાકી રહેલાં લવાજમો મોટા ભાગે પર્યુષણ દરમિયાન ભરાય છે. આ અંક પછી તરત જ જે જે સભ્યોનાં લવાજમ વસુલ થવા બાકી છે તેમને લવાજમ ભરી જવા અંગે કાર્ડ મળશે. તે ધ્યાનમાં રાખીને પોતપોતાનાં લવાજમો વ્યાખ્યાનસભાઓ દરમિયાન ભરી દેવા તે તે સભ્યોને વિનંતિ છે.

સંઘની પ્રવૃત્તિઓ વિષે રસ ધરાવતા સભ્યો તેમ જ શુભેચ્છકો દર વર્ષે સંઘના ફાળામાં યથાશકિત અર્થસીંચન કરતા રહ્યા છે અને તેના આધારે સંઘની પ્રવૃત્તિઓ સદા ફાલતી ફુલતી રહી છે. આ વખતે પણ આ શુભેચ્છક ભાઇબહેનોને સંઘના ફાળામાં ઉદાર દિલથી નાણું ભરવા નમ્રભાવે પ્રાર્થના કરવામાં આવે છે. પ્રબુદ્ધ જીવન, પર્યુષણ વ્યાખ્યાનમાળા, વ્યાખ્યાન સભાઓનું ચાલુ આયોજન, સાર્વજનિક વાચનાલય, પુસ્તકાલય, વૈદ્યકીય રાહત–આ બધી પ્રવૃત્તિઓને યથાસ્વરૂપે ચાલુ રાખવા માટે રૂા. ૧૦૦૦૦ની અમને જરૂર છે. પર્યુષણ પર્વના અનુસંધાનમાં સંઘના સભ્યો તેમ જ શુભેચ્છકો આ અમારી માંગણીને ઉદાર ભાવે પૂરી કરશે એવી અમારી શ્રદ્ધા છે.

સંઘના સભ્યોને એક વિશેષ પ્રાર્થના

આપણી વ્યાખ્યાનમાળાના ખાસ કરીને છેલ્લા દિવસોમાં વ્યવસ્થા જાળવવાનું કામ શ્રોતાઓની ભીડને લીધે ખૂબ મુશ્કેલ બની જાય છે. આ વખતે છેલ્લા ચાર દિવસોમાં આ બાબતમાં મદદરૂપ થવા સંઘના સભ્યોને ખાસ વિનંતિ કરવામાં આવે છે અને એ રીતે જે કોઈ ભાઇ યા બહેન વ્યાખ્યાન સાંભળવાનું કદાચ જતું કરવું પડે તો તે રીતે પણ અમને સહકાર આપવાને તૈયાર હોય તેમને પોતાનું નામ સંઘના કાર્યાલયમાં નોંધાવી જવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

દિવ્ય અનુભૂતિ

માત્ર સન્તો કે સાધકોને જ નહિ પણ સામાન્ય કોટિના માનવીઓને કદિ કદિ એવી મનોગત અનુભૂતિઓ થયાનું સાંભળવામાં આવે છે કે જે કેવળ સામાન્ય મનની ચાલુ સપાટી ઉપરની હોતી નથી, પણ જેને કાં તો મનની ઉચ્ચતર ભૂમિકાની લેખી શકાય, અથવા તો મનથી ઉપરની કોઇ જ્ઞાનસંવેદન કરાવતી શકિત જેને આધ્યાત્મિક પરિભાષામાં અધિમનસ્–trans-cendental consciousness–કહેવામાં આવે છે તેને લગતી ભૂમિકાની હોઇ શકે. આ અનુભૂતિઓને દિવ્ય દર્શન તરીકે વર્ણવવામાં આવે છે. આ કોટિની અનુભૂતિઓની અંદર આપણને કોઇ અદૃષ્ટ રીતે કહેતું હોય અથવા તો કોઈ અદૃષ્ટ તત્ત્વ વ્યકત થતું હોય અથવા તો ન કલ્પી શકાય, ન વર્ણવી શકાય એવા પ્રકાશનું, સૌન્દર્યનું, આનંદનું થોડી ક્ષણો માટે સંવેદન થતું હોય–આવી અનુભૂતિઓનો સમાવેશ થાય છે.

કેટલાક ઉપાસકો મહાદેવ, વિષ્ણુ, કાલી આદિ દેવ યા દેવીની ઉપાસના કરતા હોય છે; કેટલાક રામ, કૃષ્ણ, બુદ્ધ એવા ઇશ્વરાવતાર લેખાતા મહાપુરૂષોની આરાધના કરતા હોય છે. આ ઉપાસના ધ્યાન દ્વારા કરવામાં આવે છે અને કાળક્રમે સમાધિની સ્થિતિએ પહોંચતી હોય છે. આવી સમાધિની દશામાં ઉપર જણાવેલ ભકતોને યા ઉપાસકોને પોતાના ઇષ્ટદેવો અથવા તો ઇષ્ટ પુરૂષનું દર્શન થતું હોવાની વાતો આપણા સાંભળવામાં આવે છે. આ અનુભૂતિઓને ઇશ્વરસાક્ષાત્કારની કોટિની લેખવામાં આવે છે અને એનો એ રીતે ખુલાસો કરવામાં આવે છે કે ઇશ્વર સ્વતઃ નિરાકારનિરંજન છે, પણ પોતાના ભકતોને તેમના જે કોઇ ઇષ્ટ દેવતા કે ઇષ્ટ પુરૂષ હોય તેનો આકાર ધારણ કરીને પોતાના ભકતો સમક્ષ કદિ કદિ પ્રત્યક્ષ થાય છે. આ પ્રકારની અનુભૂતિઓનો આજની તાર્કિક દૃષ્ટિએ એમ પણ ખુલાસો કરવામાં આવે છે કે આવી અનુભૂતિઓમાં ઇશ્વરનો સાક્ષાત્કાર થાય છે—આ કેવળ માણસના મને ઉપજાવેલી ભ્રમણા છે. જે ઇષ્ટ દેવ યા ઇષ્ટ પુરૂષનું માણસ સતત ધ્યાન કરતો હોય, ચિન્તન કરતો હોય અને જેના સાક્ષાત્કારનું માણસ ચાલુ રટણ કરતો હોય તે ઇષ્ટ દેવ યા ઇષ્ટ પુરૂષનો ચાલુ કલ્પાયલો આકાર તેના મન સામે કદિ કદિ નક્કર રૂપ ધારણ કરે છે અને માણસ પોતાના ઇષ્ટ દેવ યા ઇષ્ટ પુરૂષનું દર્શન કર્યાનો સંતોષ–તૃપ્તિ–અનુભવે છે. આને માનસશાસ્ત્રની પરિભાષામાં thought-projection કહે છે. ઉપરના કહેવાતા ઇશ્વર સાક્ષાત્કારમાં thought-projection–વિચારનું કલ્પનાનાં વિસ્તરીકરણ, સ્થુલીકરણથી વિશેષ કાંઈ સત્ય છે કે નહિ તેનો નિર્ણય કરવો તે બુદ્ધિ અને તર્કની ભૂમિકા ઉપર રહીને વિચારવ્યાપાર ચલાવતા આપણી જેવા સામાન્ય માણસો માટે મુશ્કેલ છે.

આવા ઇશ્વરસાક્ષાત્કારના નામે ઓળખાતા દિવ્ય અનુભવો ઉપરાંત અધિમનસ કોટિના બીજા અનુભવો પણ નોંધાયલા જોવામાં આવે છે. વિનોબાજીએ ગાંધીજીના આવા એક અનુભવની નીચે પ્રમાણે નોંધ કરી છે :–

"...ખાન અબદુલ ગફારખાનની કુમકે જવાની વાત ચાલતી હતી, ત્યારે એમને લાગેલું કે કદાચ પાછા ન ફરાય એવું પણ બને. એટલે એ વિષે મને વાતો કરવા બોલાવ્યો હતો. લગભગ પંદર દિવસ સુધી અમારી વાતો ચાલી. પહેલાં બે ત્રણ દિવસ એ સવાલો પૂછતા હતા અને હું જવાબ દેતો ગયો; પણ પછી એક દિવસ મેં એમને ઇશ્વર વિષેના અનુભવો અંગે છેડ્યા. મેં કહ્યું "તમે સત્ય એજ પરમેશ્વર છે એમ કહો છો તે તો ઠીક; પરંતુ ઉપવાસ વખતે તમે કહ્યું હતું કે તમને અંદરથી અવાજ સંભળાયો તે એ શું વાત છે ? એમાં કાંઇ રહસ્ય–ગૂઢતા–છે ?"

"ત્યારે તેમણે જવાબ વાળેલો "હા, એમાં કાંઇક એવું છે ખરૂં." એ તદ્દન સાધારણ બાબત નથી. મને અવાજ સાફ સાફ સંભળાયો હતો. માણસ બોલે ને સંભળાય એમ સંભળાયો હતો. મેં પૂછ્યું, "મારે કશું કરવું જોઇએ ?" તો એણે જવાબ દીધો કે "ઉપવાસ કરવા જોઇએ." મેં વળતાં પૂછ્યું, "કેટલા ઉપવાસ કરવા જોઇએ ?" એણે કહ્યું "એકવીશ."

"એટલે આમાં એક જણ પૂછનાર હતો અને બીજો જવાબ દેનાર હતો. એટલે કે બીલકુલ કૃષ્ણ–અર્જુન સંવાદ જ હતો. બાપુ તો સત્યવાદી હતો. એટલે આ કોઇ ભ્રમ તો ન જ હોઇ શકે. એમણે કહ્યું કે "સાક્ષાત ઇશ્વરે મને વાત કહી." એટલે મેં પૂછ્યું "ઇશ્વરનું કોઇ રૂપ હોઇ શકે ?" એમણે કહ્યું, "રૂપ તો ન હોઇ શકે, પરંતુ મને અવાજ સંભળાયો હતો." એટલે મેં કહ્યું "રૂપ અનિત્ય છે, તો અવાજ પણ અનિત્ય છે. અવાજ સંભળાય તો પછી રૂપ પણ કેમ ન દેખાય ?" પછી મેં એમને દુનિયામાં બીજાઓને થયેલા આ ગૂઢ અનુભવોની વાતો કરી. મારા પોતાના કેટલાક અનુભવો પણ કહ્યા. ઇશ્વર દર્શન કેમ થાય એ વિષે વાતો પણ કરી. પછી મેં કહ્યું, "તમારા મનમાં સવાલ જવાબ થયા તેનો સંબંધ ઇશ્વર સાથે છે જ ને ?" એમણે કહ્યું "હા, એની સાથે સંબંધ છે. પરંતુ મેં અવાજ સાંભળ્યો પણ દર્શન ન થયાં. મેં રૂપ ન જોયું, પણ એનો અવાજ સાંભળ્યો. એને રૂપ હોય એવો અનુભવ મને નથી થયો, અને એનાં સાક્ષાત્ દર્શન નથી થયાં, પરંતુ થઇ શકે ખરાં."

હું ગયા વર્ષે નૈનીતાલ બાજુ થઇને આલ્મોરા ગયેલો અને ત્યાં ભારતના સુવિખ્યાત વિજ્ઞાનશાસ્ત્રી જેમનો વનસ્પતિશાસ્ત્ર એ ખાસ સંશોધનનો વિષય છે એવા શ્રી. બોશી સેનને મળેલો. વૈજ્ઞાનિક હોવા સાથે તેઓ એક અધ્યાત્મપરાયણ પુરૂષ છે. રામકૃષ્ણ મીશનના પ્રમુખ સંન્યાસીઓના નિકટ સંબંધમાં છે. તેઓ સ્વ. વૈજ્ઞાનિક સર જગદીશચંદ્ર બોઝ નીચે તૈયાર થયેલા અને તેમની સાથે કામ કરતા કવિવર ટાગોરનો તેમને ગાઢ પરિચય હતો. વળી ભારતની અન્ય અનેક ખ્યાતનામ વ્યકિતઓ સાથે તેઓ સારો સંબંધ ધરાવે છે. તેમની સાથે મારા માટે ચિરસ્મરણીય એવા વાર્તાલાપ દરમિયાન તેમને મેં પ્રશ્ન કરેલો કે "જેને spiritual experiences–આધ્યાત્મિક અનુભૂતિ–કહે છે એવી અનુભૂતિઓ વિષે આપનો શું ખ્યાલ છે ?" તેમણે આ પ્રશ્નનો એમ જવાબ આપેલો કે "આજે આધ્યાત્મિક અનુભૂતિ છે તે કાંઇ એકાન્તમાં કે શાન્તિમાં જ થાય છે એમ નથી, તેમ જ એ માત્ર ભણેલા ગણેલા સુશિક્ષિતને જ થાય છે એમ પણ નથી. આખરે એ તો ઇશ્વરની–મધરની–કૃપાનો જ વિષય છે. કદિ કદિ અભણ અણઘડ માણસમાં એ જ્યોત અવતરે છે અને જેમ પારસમણિના સ્પર્શથી લોઢું સોનું થઇ જાય છે તેમ તે માનવી એકાએક બદલાઇ જાય છે. પરમહંસના જીવનમાં આજે જેને આપણે ભણતર કહીએ છીએ તેવી કોઇ ભૂમિકા જ ક્યાં હતી ? એમ છતાં તેઓ કેવી મોટી વિભૂતિ હતા ? કોઇ પોસ્ટમેન, કોઇ કલાર્ક, કોઇ સોની, લુહાર કે હરિજન ભગવત્ કૃપાનું પાત્ર બન્યાની અને પરિણામે તેના જીવનમાં આમૂલ પરિવર્તન નિપજ્યાની વાતો આપણે ઘણીવાર સાંભળીએ છીએ. આપણા સન્તો મોટા ભાગે નીચેના સામાજિક થરમાંથી પેદા થયા છે અને તેઓ enlightened souls–પ્રકાશોજ્જવલ આત્માઓ નહિ તો બીજું શું છે ? તમે પુછો છો એવી આધ્યાત્મિક અનુભૂતિ મને બે ત્રણ વાર થઇ છે. એક વાર તો કલકત્તાના ધીચ લતામાં આવેલા કોઇ એક મકાનમાં બેઠો હતો અને મને આવો કાંઇક અનુભવ થયેલો. આ શું છે તેનું વર્ણન હું તમારી પાસે શી રીતે કરૂં ? કોઇ અવર્ણનીય જ્યોતિનો ભાસ–આવું કાંઇક સમજોને ? પણ તેના પરિણામે આપણા આન્તર મનમાં કોઇ એવી શાન્તિ, પ્રસન્નતા જન્મે છે કે જે જલ્દિ ભુંસાતી નથી, અને આપણા ચિત્તને સમધારણની નવી કોઇ તાકાત મળતી હોય એમ લાગે છે."

આવી જ દિવ્ય અનુભૂતિ રજુ કરતો એક લેખ જુન માસના રીડર્સ ડાઇજેસ્ટમાં જોવામાં આવ્યો. તે લેખ લખનારનું નામ શ્રીમતી માગરેટ પ્રેસ્કોટ. એ લેખ સાથી પ્રથમ ૧૯૧૬ ની સાલમાં પ્રગટ થયેલો. તેનું મથાળું છે "Twenty Minutes of Reality", આ લેખના સંબંધમાં રીડર્સ ડાયજેસ્ટના તંત્રી જણાવે છે કે વર્ષોના વહેવા સાથે આ લેખે એક નાના સરખા 'કલાસિક'નું સ્થાન પ્રાપ્ત કર્યું છે અને આજે પણ એ લેખનું એટલા જ કૌતુક અને જિજ્ઞાસાથી પારાયણ થઇ રહ્યું છે અને તેમાં વાચકો કોઇ અનુપમ જીવનરહસ્યનું દર્શન કરી રહ્યા છે. એ મૂળ અંગ્રેજી લેખનો હવે પછીના અંકમાં અનુવાદ પ્રગટ કરવામાં આવશે.

પરમાનંદ

★ શાન્તિના પાયા ★

(૧૬ મી મેના 'પ્રબુદ્ધ જીવન'થી અનુસંધાન)

(ગયા વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી મનુભાઈ પંચોળીએ ઉપર જણાવેલ વિષય ઉપર એક વિસ્તૃત અને વિચારગંભીર વ્યાખ્યાન આપ્યું હતું. તેના પહેલા બે હપ્તા પ્રબુદ્ધ જીવનના બે માસની પહેલી અને સોળમી તારીખના અંકોમાં પ્રગટ કરવામાં આવ્યા હતા. બીજા હપ્તાના છેડે મોટી ગેરહાજરી દરમિયાન વ્યવસ્થાપકની ભૂલથી 'સમાપ્ત' એમ છાપવામાં આવ્યું હતું. આ જોઇને શ્રી મનુભાઇએ અનુમાન કર્યું કે વધારે હપ્તા પ્રગટ કરવાની અમારી ઇચ્છા નહિ હોય. એટલે તેમના તરફથી બાકીનું લખાણ આવ્યું નહિ. પ્રવાસયાત્રામાંથી પાછા ફર્યા બાદ શ્રી મનુભાઇને બાકીનું લખાણ મોકલી આપવા મેં વિનંતિ કરી. તે રીતે મળેલા લખાણનો એક હપ્તો નીચે પ્રગટ કરવામાં આવે છે. બાકીનો ભાગ ક્રમશ : પ્રગટ કરવામાં આવશે. તંત્રી)

ગઈ કાલે આપણે એ રીતે વિચાર્યું કે આ પ્રશ્નને આપણે ભાવનાત્મક ભૂમિકામાંથી વૈજ્ઞાનિક ભૂમિકામાં લઇ જવો જોઇએ. કારણ કે કોઇ પણ બનાવનાં એકવાર જો સાચાં કારણો આપણા હાથમાં આવે તો તેના ઉપર આપણો કાબૂ આવી શકે છે. જમાનાઓ સુધી આપણે તાવ માટે નજર બાંધતા આવ્યા છીએ, પણ તેથી તાવ કાબૂમાં આવ્યો નથી. આખરે જ્યારે તાવનાં કારણભૂત જંતુઓ શોધાયાં ત્યારે આપણા હાથમાં તાવને નાબૂદ કરવાની ચાવી આવી. યુદ્ધ એક વિષમ પરિસ્થિતિનું બહારનું કારણ છે. તાવ આવે ને થર્મોમીટર આપણને કહે કે ૧૦૩ ડિગ્રી તાવ આવ્યો છે; એટલે આપણે થર્મોમીટર ઉપર ગુસ્સે થતા નથી, કારણ કે તેને ફેંકી દેવાથી તાવ ચાલ્યો જવાનો નથી. થર્મોમીટર ચિચારું ખબર આપે છે કે તમારા શરીરનાં તત્ત્વોમાં કંઇક અસમાનતા ઊભી થઇ છે. યુદ્ધ પણ આપણને એટલી જ ખબર આપે છે કે તમારા સમાજમાં કંઇક વિષમતા ઉભી થઈ છે, તો ચેતવું હોય તો ચેતો. આ દૃષ્ટિએ આપણે ગઇ કાલે યુદ્ધનાં કેટલાંક કારણોની ચર્ચા કરી હતી અને તેના એક ઉપાય તરીકે જીવન-દૃષ્ટિ બદલવી જોઇશે તેમ સૂચવ્યું હતું. વર્તમાન જીવનદૃષ્ટિ જાણે એમ કહેતી હોય એમ દેખાય છે કે જેમ વધારે સંપત્તિ મેળવો તેમ વધારે સુખ મળશે. આ માન્યતા યુદ્ધનાબૂદીમાં મદદગાર થાય તેવી નથી. કારણકે દરેક વ્યકિત ને દરેક રાષ્ટ્ર આમ માનીને સંપત્તિ માટે ગડમથલ કરે તો લૂંટાલૂંટ થવાની એથી કશું પરિણામ આવે નહીં. વસ્તુતઃ અમુક માત્રા પછીની સંપત્તિ સુખ વધારનારી નથી પણ સુખ ઘટાડનારી છે. તે વાત પર મેં બીજું લક્ષ ખેંચ્યું હતું. પણ આનો અર્થ એવો નથી કે શરીરને સ્વસ્થ રાખવા માટે જેટલી સામગ્રી આવશ્યક છે તેટલી સામગ્રી પણ પેદા ન થવી જોઇએ કે મળવી ન જોઇએ. અતિશય લેવું કે બિલકુલ ન લેવું આ બંને છેડાના છેદ ઉડાડવા જેવા છે. આપણે એક સ્વસ્થ ને શાંત સમાજ નિર્માણ કરવો છે. તે સમાજનો પાયો એ છે કે દરેક વ્યકિતને તેના સ્વાસ્થ્ય માટે આવશ્યક છે તેટલું મળી રહેવું જોઇએ. પછી તે વ્યકિત ગમે તે કુળમાં જન્મી હોય, ગમે તે દેશની હોય. આ આપવા માટે આપણે અવશ્ય એ અનુમાન પર આવવું પડશે કે આજે શ્રીમંત ને ગરીબના બે છેડા વચ્ચે આપણો સમાજ વહેંચાયેલો છે તેને કોઇ ને કોઇ પ્રકારે બદલાવીને નાબૂદ કરવો પડશે. જ્યાં સુધી એક બાજુ આટલો મોટો અતૃપ્ત સમાજ પડયો હોય ને બીજી બાજુ બિન-ઉપયોગી ફાજલ ધન પણ હોય; ત્યાં સુધી શાંતિની સ્થાપના થવી શકય નથી. શાંતિ નિશ્ચિંતતા માગે છે. ચિંતામાંથી વ્યાકુળતા પેદા થાય છે. એ વ્યાકુળતામાંથી વિગ્રહ આવે છે. જો દરેક માણસને કે દરેક દેશને એવી ખાતરી થાય કે મને નિશ્ચિંતતા સંપડાઇ છે તો તે ઝઘડો કરવા માટે પ્રેરાશે નહીં.

આવી નિશ્ચિંતતા સંપત્તિની અસમાનતા મટાડયા સિવાય અશકય મુશ્કેલ છે. ને અનિયંત્રિત બેફામ માલિકીનું નિયંત્રણ કર્યા સિવાય અસમાનતા પણ મટવાની નથી. આ સંબંધમાં આપણા એટલે કે હિન્દુ સમાજે વિશેષ વિચાર કરવો પડે તેમ છે. હિન્દુસમાજની વ્યાખ્યા આપતાં એકવાર સ્વામી વિવેકાનંદે મજાકભરી રીતે એમ કહ્યું હતું કે હિન્દુસમાજ એટલે વિચારમાં બહુ જ ઊંચો પણ આચારમાં અતિશય સંકુચિત. હિન્દુસમાજમાં અનેક પ્રકારના વિચારોને સમાવવાની તૈયારી છે. અત્યારના વૈજ્ઞાનિકો પણ એમ કહેવાના કે આ બ્રહ્મની વિચારણા સુધી તો અમે પણ હજુ પહોંચી શકયા નથી, હિન્દુ સંસ્કૃતિની આ કંઇ જેવી-તેવી સિદ્ધિ નથી. પણ એ જ હિન્દુસમાજમાં કોઇ સુખી ગૃહસ્થને આપણે એમ કહીએ કે "ભાઇ, તમે એમ માનો છો કે બ્રહ્મ સિવાય આ જગતમાં બીજું કશું નથી ને દ્વૈતા અજ્ઞાનને જ કારણે છે, તો સંપત્તિદાનમાં તમે છઠ્ઠો ભાગ આ ભંગીને આપોને !" તો તે તુરત કહેવાના, 'ના, ના, ભાઇ, જ્ઞાનનો એવો ઉપયોગ ન થાય. આ જ્ઞાન તો પરલોક માટે છે. આ લોક માટે તો જે છે તે જ બરાબર છે.' એટલે બ્રહ્મજ્ઞાનમાં જ્યારે રોટલા વહેંચવાની વાત આવે છે ત્યારે તે ભ્રમજ્ઞાન થઇ જાય છે. આપણા સમાજમાં જેટલી મોટી અસમાનતા જેટલી સ્વાભાવિકતાથી ચલાવી લેવામાં આવે છે, તેટલી ભાગ્યે જ બીજા સમાજમાં જોવામાં આવે છે. જો કે બીજા સમાજમાં આવી અસમાનતા તાત્ત્વિક રીતે ટકી શકે તેમ છે, જ્યારે આપણા અદ્વૈતનિષ્ઠ સમાજમાં તે બિલકુલ ટકી શકે તેમ નથી. જીવ તે શિવ છે તેમ રટતાં રટતાં કેવી રીતે અત્યારે અસ્પૃશ્યતા આપણે ટકાવી રાકતા હોઇશું તે સમજવું અત્યંત મુશ્કેલ છે ને તે ચલાવી લેવું તો ઘણીવાર અસહ્ય થઇ પડે છે. હું ગામડામાં રહું છું. ગામડામાં પણ સારી પેઠે વેદાંત હોય છે. ગામડિયાઓને એમ કહીએ કે "બધા જ ભગવાનનાં છોરૂ છે ને આ બધા ભેદ ન હોવા જોઇએ તેમ શંકરાચાર્ય કહી ગયા છે." તો લોકો કહેશે, 'તેઓ તો જ્ઞાની પુરૂષ હતા. તેઓ તો પરમહંસ કહેવાય. તેઓ આ ન પાળે તો ચાલે. આપણે કયાં પરમહંસ થયા છીએ ?' ત્યારે મુંઝવણ થયા સિવાય રહેતી નથી. આ આત્મવંચના આપણા સમાજને કયાં લઇ જશે તે વિશે ચિંતા થાય છે. આપણે આપણા જોડીદાર કે સાથીદારને અપમાનિત રાખીએ, અજ્ઞાન રાખીએ, અકિંચન રાખીએ, આધાર વિનાના રાખીએ અને છતાં માનીએ કે એ શાંત રહે, તો એ માન્યતા રેતીના પાયા પર ચણાયેલી છે. ત્યાગનો મહિમા ગાનારી જીવન-દૃષ્ટિના નામે ચાલુ અસમાનતા ટકાવી રાખવાથી કશું વળવાનું નથી. સ્વસ્થ જીવનને આવશ્યક સામગ્રી બધાને આપવા માટે થઇને ઉત્પાદનનાં સાધનો પરની માલિકીનું નિયંત્રણ બિનોબાજીની રીતે સ્વીકારો, પંડિતજીની રીતે સ્વીકારો કે અન્ય વાદીઓની રીતે સ્વીકારો, પણ 'રટેટસ કો' એટલે કે છે તે તેમ ને તેમ કાયમ રાખવાની વાત ને શાંતિ સાથે ચાલવાની નથી. શાંતિમાં માનવાવાળાએ અસમાનતા મિટાવવાનો કાર્યક્રમ પણ શાંતિનો જ કુકાર્યક્રમ છે એમ માનવું પડશે.

દુનિયામાં એક બીજા પ્રકારની પણ અસમાનતા છે. તેનો પણ કોઇક રસ્તો શોધવાનો રહેશે. ને તે દેશ દેશ વચ્ચેની અસમાનતા. જેમ એક દેશમાં ગરીબ અને તવંગર એવા વર્ગો છે ને તે દેશની શાંતિને જોખમરૂપ છે. તેવી જ રીતે આ આગળ વધેલા અને પાછળ પડી ગએલા દેશો વચ્ચેનું અંતર પણ જગતશાંતિને જોખમરૂપ છે.

અમેરિકાનું જીવનધોરણ જુઓ અને એક મેલાયાવાસીનું જીવનધોરણ લો; ને આરબ બેદુઇનનું જીવનધોરણ લો અને ડેનિશ એસ્કિમોનું જીવનધોરણ એની સાથે સરખાવો. બંને વચ્ચે અસમાનતા છે. આ અંતર વાતાવરણને તંગ રાખવામાં બહુ મોટો ફાળો આપે છે.

સહેજ આંકડામાં જોઇએઃ વાર્ષિક ૨૦૦ પાઉન્ડની માથાદીઠ આવક હોય તેવા ૬% લોકો છે, દુનિયાની કુલ આવકના ૩૬% તેમની પાસે જાય છે.

બીજી રીતે જોઇએ તો દુનિયાની ચોથા ભાગની વસ્તી પાસે તો દુનિયાની સંપત્તિના ૠ ભાગ જાય છે અને ૭૬% વસ્તીને બાકીની ૩૩% આવક રહે છે. યુનાઇટેડ સ્ટેટ્સના સામાન્ય મજૂરને રશિયન મજૂર કરતાં ૧૦ ગણી આવક થાય છે. ૧૯૨૩ થી ૨૯ વચ્ચે યુ. સ્ટેટ્સની માથાદીઠ આવક ૫૪૫ ડોલર હતી. જ્યારે તેજ સમયમાં હિન્દુસ્તાનની માથાદીઠ આવક ૧૩ ડોલર હતી, અને ચીનની ગરીબાઇ તો તેથી યે વિશેષ હતી. ને આવકના પ્રમાણમાં જ જાણે મરણપ્રમાણ અને આયુષ્યનું પ્રમાણ રહેતું દેખાય છે.

આ ભમરાળી હકીકતનો લાભ જુદાં જુદાં રાજ્યો ગરીબ દેશોને પોતાના પક્ષે ખંડી લેવા સારૂ ઉઠાવી રહ્યા છે. પછાત દેશોને અમેરિકા પૈસા દેવા તૈયાર છે. રશિયા પણ તૈયાર છે. તે બંને એક વાત સમજી ગયા છે કે એશિયા અને આફ્રિકામાં કરોડો લોકો છે, જેમાંના મોટા ભાગને પૈસા કે સગવડો આપીને ખરીદી શકાય તેમ છે. ગામડાંના શેઠિયાઓને તમે જોયા હશે; માલ આવ્યો હોય કે ફેરવવો હોય ત્યારે ગ્રાહક એકત કે મજૂરને બોલાવે, પાન-બીડી કે સોપારી આપે, પાંચ દસ મિનિટ મીઠાશથી વાત પણ કરે ને પછીથી અમસ્તા સહેજે કહેતા હોય તેમ કહે કે, આ જરા બે ગુણ ફેરવી આપને ભાઇ!

એશિયા ને આફ્રિકામાં અતૃપ્ત અને બુભુક્ષિત અનેક લોકો છે. તે લોકોને પોતાને પક્ષે ખેંચવાની ભારે હરીફાઈ ચાલી રહી છે. તેમાં ફસાઇ પડવું તે આપણને કોઇ પણ રીતે પોષાય તેમ નથી, કારણ કે જેના પક્ષે આ કરોડો માણસો જશે તેની ઇર્ષ્યા બીજાને આવ્યા વિના રહેવાની નથી; પહેલા લોકોને કદાચ મદ ચડ્યા વિના પણ રહેવાનો નથી. ચીનમાં ૬૦ કરોડ છે, હિન્દુસ્તાનમાં ૪૦ કરોડ છે, જાવામાં ૮. કરોડ છે. આ બધા માણસો જેના પક્ષે જશે તેના મતો તો યુનોમાં વધશે જ પણ તેની લડવા માટેની શકિત કેટલી બધી વધી જાય! એશિયન આફ્રિકનને પોતાને પક્ષે લેવા માટેના આંતરરાષ્ટ્રીય 'ખેલો' ચાલી રહ્યા છે પણ શું કામ? આપણે ખેંચાઇએ તેવો સંભવ છે. કારણ કે આપણા અને તેના જીવનધોરણમાં એટલી મોટી અસમાનતા છે કે તેમને માટે ૨૫-૫૦ કરોડ રૂપિયા પોતાની ટેબલ પર વધેલી એંઠ જેવા છે, પણ આપણને તે અઘધધ લાગે છે. અને ત્યાં સુધી મગજ ઠેકાણે રાખીને લાલચથી પર રહી ગરીબાઇમાં પણ ન્યાયી પલ્લું સાચવવાનું કામ ઘણું કઠિન છે. આ દૃષ્ટિએ પંડિતજીએ જે પરદેશનીતિ ટકાવી રાખી છે તે ઇતિહાસમાં બહુ કાળ સુધી સ્મરણીય રહેવાની છે.

આથી યે વધારે અગત્યની વાત છે એ તમારી પાસે મૂકું છું કે જો યુદ્ધ નાબૂદી કરવી હશે તો દરેક રાષ્ટ્રે પોતાના સાર્વભૌમત્વને મર્યાદિત કરવું પડશે. આજે દુનિયામાં ૭૦ કે ૮૦ રાષ્ટ્રો છે તેમાં લેબ્રનાન જેવું નાનું રાજ્ય પણ છે અને રશિયા, અમેરિકા, ચીન જેવાં મોટાં રાજ્યો પણ છે. આ દરેક રાજ્ય એમ માને છે કે અમને કોઇ શાસન કરી શકે નહીં, અમે ઇશ્વરની જેમ 'કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્' અધિકાર ધરાવીએ છીએ. પોતાના રાષ્ટ્રના અંદરના પ્રશ્નો માટે આવું વલણ ધરાવે ત્યાં સુધી તો ભય નથી, પણ બીજા રાષ્ટ્ર સાથેના મતભેદો વખતે પણ પોતે જ તેના નિર્ણાયક, પોતાને ગમે તે કરવાનો અધિકાર એ ખ્યાલો ભયજનક છે. અને છતાં યે એ ખ્યાલો દરેક રાષ્ટ્ર પોતાના પ્રજાજનોને આપે છે અને બીજા રાષ્ટ્રો પણ તેમજ કરે છે.

સાર્વભૌમત્વ અખંડ છે, તેને કોઇ પડકારી શકે નહીં; તેનું વિભાજન થઇ શકે નહીં, પોતે જ પોતાનો વકીલ અને પોતાનો ન્યાયાધીશ! કોઇ પણ બે સજ્જનો એક દેશમાં લડે છે, તેમની વચ્ચે ઝગડાઓ થાય છે, મતભેદ ઉત્પન્ન થાય છે ત્યારે તેઓ શું કરે છે? તેમાંનો કોઇ સજ્જન ઢાલતલવાર લઇને દ્વંદ્વ યુધ્ધમાં ઊતરી પડતો નથી પણ તેને અદાલતમાં જવું પડે છે. એક જમાનો એવો અવશ્ય હતો કે જ્યારે નાગરિકો પોતાના સાચા કે માનેલા અન્યાયનો ફેંસલો કરવા દ્વંદ્વયુધ્ધો ખેલતા, પણ કાળે કરીને દેખાયું કે એ રીતે કોઈ સત્ય સ્થાપિત થતું નથી. સત્ય એટલું સ્થાપિત થાય છે કે કોની તલવાર તેજદાર હતી, નહીં કે એમાંથી કોનો કેસ વધારે સાચો હતો.

ભાવનગર અને પાલીતાણાના ઠાકોરો વચ્ચે ઝઘડો થતો તો બંને પોતાના ઘોડેસ્વારો લઇને ચીતળના મેદાનમાં ખડા થઈ જતા. એમાંથી અંતે સાબિત તો એટલું જ થતું કે કોના ઘોડા વધારે હતા અને કોના ઘોડેસ્વારો ચપળ હતા! આજે આપણે એ તબકકો વટાવી ગયા છીએ. આ કોઇ ઠાકોરો, નાગરિકો કે શ્રીમંતો પોતાનો ઝગડો પતાવવા દ્વંદયુદ્ધનો રસ્તો લેતા નથી. તેઓ અદાલતે જાય છે અને ન્યાયાધીશ જે ચુકાદો આપે છે તે પ્રમાણિકપણે સ્વીકારે છે. એને પરિણામે દરેકને ઘોડા રાખવાનો અને લશ્કર રાખવાનો ખર્ચ તો બચ્યો જ છે અને એ ખર્ચમાંથી શાળાઓ અને હસ્પિતાલો ચાલે છે. પણ એના કરતાં યે, બળવાન હોય તે જ સત્ય તે કાયદો ફરી ગયો છે. અને એને સ્થાને તટસ્થ માણસો પાસે હકીકતો રજુ કર્યા પછી જે સત્ય પ્રગટ થાય તે જ સત્ય તે સિદ્ધાંત પ્રસ્થાપિત થાય છે.

જે નાગરિકો એક રાજ્યમાં રહે છે એને માટે ઝઘડો પતાવવાની આ રીત એટલી બધી સાદી અને સરળ લાગે છે કે એને વિશેષ કંઈ વધારે સમજાવવું પડતું નથી. જો કે આ ટેવ પણ બહુ જુની નથી. સો-બસો વર્ષ પહેલાં આ સ્થિતિ નહોતી. દરેક રાજ્ય પોતાનું લશ્કર રાખતું, દરેક ઠકરાત પણ પોતાના સિપાહીઓ રાખતી, યુધ્ધ દ્વારા મતભેદોનો નિકાલ કરવાનો રિવાજ હતો. પણ આજે આપણે એવા ટેવાઇ ગયા છીએ કે તે આપણને સાવ અસ્વાભાવિક લાગે છે. મુંબઈ અને મૈસુરની સરહદનો ઝઘડો મુંબઈ અને મૈસુરની પોલીસ દંગલમાં ઊતરીને પતાવે એવું સ્વપ્ને પણ કોઇને આવતું નથી. દેશની અંદર મતભેદો પતાવવાનો જે રિવાજ છે તે રિવાજ આજે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નથી. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તો મધ્યયુગી ઠકરાતોનો જે કાનૂન હતો તે જ ચાલે છે. દરેક રાષ્ટ્ર પોતાને કંઇક અન્યાય થયો હોય તો એમ માને છે કે મને જો આ ગળે નહી ઊતરે તો હું લડી લઇશ; લડવાની મારી શકિત નહિ હોય તો મારા ભાઇબંધને બોલાવીશ; ભાઇબંધ પૂરો ન પડે તો ભાઇબંધના ભાઇબંધને બોલાવીશ. પણ મારા ઉપર કોઇ ન્યાયાધીશ હોય અને તે ન્યાયાધીશ જે કહે તે મને બંધનકર્તા હોય તે વાત હું કબુલ કરવા તૈયાર નથી, કારણ કે હું સાર્વભૌમ છું અને આ પવિત્ર અધિકાર હું ખોવાનો નથી. લેબનાનનો ઝગડો હોય કે સુએઝનો, ફોર્મોસાનો કે કોરિયાનો; કોઇ પણ ઝગડો રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે હોય તો સાર્વભૌમત્વને વિચાર કોઇ રાજ્ય છોડવા તૈયાર થતું નથી. દરેક રાજ્ય એમ કહે છે કે અમારા ઝઘડાનો વિચાર યુદ્ધથી થાય, કાં અમે ધરાઇએ છીએ તેમ થાય. ઠંડા યુધ્ધથી થાય તો સારૂં છે. નહીંતર ગરમ યુધ્ધ કરવાની પણ અમારી તૈયારી છે. પણ અમારા ઉપર કોઇ ન્યાયાધીશ હોય કે સુપરનેશનલ ઓથોરિટી હોય કે એ આંતરરાષ્ટ્રીય સત્તા ન્યાય આપે કે એ આંતરરાષ્ટ્રીય સત્તા ચુકાદો આપે, અને જો એ ચુકાદા પ્રમાણે અમારે વર્તવાની ફરજ પડે તો તેમ કરવા અમે તૈયાર નથી. ઇઝરાયલ અને ઇજિપ્તની વચ્ચે ઝઘડો થયો; ગાઝાપટ્ટી કોની? તેનો ઝઘડો હતો. ત્યાં આંતરરાષ્ટ્રીય પોલીસદળ રાખવું આવશ્યક હતું પણ તેમને માટે ઇજિપ્તની સંમતિ મેળવો, ઇજિપ્ત જો સંમતિ ન આપે તો આંતરરાષ્ટ્રીય પોલીસ દળ ત્યાં રહી શકે નહી.

હંગેરીની અંદર કત્લેઆમ થઇ. પ્રજાએ વીરતાપૂર્વક સામનો પણ કર્યો. ત્યાં શી હકીકત છે તે તપાસવા આંતરરાષ્ટ્રીય નિરીક્ષક મોકલવાનો ઠરાવ પણ થયો, પણ બહારની સત્તાની મદદથી

સત્તા પર આવેલી હંગેરીની સરકાર હા પાડે તો જ ત્યાં જવાનું થાય! કારણ કે હંગેરી સાર્વભૌમ છે. સૌ કહે વાત તો સાચી જ છે. હંગેરીની સરકાર ના કહે તો કલ્લેઆમ થઇ છે કે નહીં, પરદેશી રાજ્યના ટેકાથી આ બધું થયું છે કે નહીં તે જોવા માટે પણ ન જઇ શકાય!!

દુનિયા જ્યારે એક બીજાના સંપર્કમાં આવતી નહોતી તેમ જ એક બીજાના કામમાં દખલ કરવાની શક્યતા પણ નહોતી, રાજકીય ઘટકો એ જ આર્થિક ઘટકો હતા. એ દિવસોમાં સાર્વભૌમત્વના વિચારે ઉપયોગી કામગીરી બજાવી હશે, ને આક્રમક વૃત્તિ પર એથી લગામ રહી હશે. પણ આજે જ્યારે રાજકીય ઘટક તે આર્થિક ઘટક રહેલ નથી ને રોજ રોજ મતભેદો ઊભા કરે તેવા મુદ્દાઓ ઊભા થાય છે ત્યારે આ વિચાર સુધારો માગે છે. શિયાળા માટેનું કપડું ઉનાળામાં પણ પહેરી રાખવા જેવો આ પ્રયાસ છે. અથવા તો બાળક પુખ્ત ઉંમરનો થયા પછી પણ ચાલણગાડી ન છોડવા જેવી આ વાત છે. આ બધા સાર્વભામ રાષ્ટ્રો વચ્ચે મતભેદો ઊભા ન જ થાય, ખેંચાખેંચ ન જ થાય તો એમનું સાર્વભૌમત્વ અખંડ અજર અમર રહો. પણ આંટી એ જગ્યાએ છે કે જે રાજકીય ઘટક આર્થિક ઘટક હતો તે સ્થિતિ આજે રહી નથી. શું લેબનાન આર્થિક રીતે મજબૂત ઘટક છે? કે જાર્જેન્ટ કે હંગેરી કે પોલંડ આર્થિક ઘટકો છે ખરા? તેઓ દુનિયાના બજાર સાથે સવારથી સાંજ સુધી સંકળાયેલા રહે છે ને તે છતાંયે તે પરિસ્થિતિમાંથી જે ઘર્ષણો, મતભેદો, ગેરસમજણો ઊભાં થાય તે ઉકેલવા માટે મૃગજળ જેવા સાર્વભૌમત્વનો આશરો લે છે. વાસ્તવિક રીતે તેમણે તો એક યા બીજા મજબૂત અને વિશાળ આર્થિક ઘટક સાથે અંદરથી જોડાણ કરવું જ પડે છે. એટલે કે એમનું રાજકીય સ્વાતંત્ર્ય પણ બહારથી ગમે તેવું લાગે પણ અંદરથી તો ખખડી ગયું છે. કાળની આકરી ભીંસ નીચે તે તૂટી પડે અને નવું રચવાનો સમય પણ ન રહે તે કરતાં વખતસર આ વિચારમાં જરૂરી પરિવર્તન થઇ જાય તે શાણી રાજનીતિ છે.

(અપૂર્ણ) **મનુભાઈ પંચોળી**

(**અણુયુગનો ધર્મ**: પહેલા પાનાથી અનુસંધાન)

થઇ ચૂકયું છે, તેની સામે વિભિન્ન ધર્મશાસ્ત્રોમાં અસંખ્ય તાણાવાણાઓથી વણાયેલી પહેલાંની ભૂગોળ કઇ રીતે વ્યવહાર્ય થઇ શકવાની છે? જેઓ સનાતન ધર્મના આચાર્યો છે તેઓ પણ શાસ્ત્રોને "બાબાવાક્યં પ્રમાણમ્" કરીને માને છે એટલું જ, બાકી તેઓ પણ પ્રવાસ તો આજની વિજ્ઞાનસમ્મત ભૂગોળની મદદથી જ કરે છે. આ પ્રમાણે આજે ધર્મ માન્યતા અને વ્યવહાર વચ્ચેના અસમન્વયના કારણે વર્તમાનમાં અને ભાવિ ઇતિહાસની દૃષ્ટિએ પણ હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકાઇ ગયો છે.

આ સનાતનતા અધ્યાત્મના પાયા ઉપર ટકી રહી છે. પરિવર્તનના અંગે કોઇ પણ બુદ્ધિયુકત ચર્ચા થાય કે ધર્મ ત્યાંથી દૂર ખસી જાય છે. અધ્યાત્મને મહત્વ આપતાં તે સમાજ અને સંસારને પરિવર્તનશીલ અને આત્મા અને અધ્યાત્મને અપરિવર્તનશીલ કહી પોતાનો બચાવ કરે છે. આથી કર્તવ્ય અને જવાબદારી બન્ને જુદી વસ્તુ બની જાય છે. લૌકિક અને પારલૌકિક, કે આત્મિક અને સામાજિક કલ્યાણ વચ્ચે સુમેળ રહેતો નથી. ફળસ્વરૂપે જે લોકો રહેણી કરણી, ખાનપાન, વગેરેની રીત બદલવામાં જરાયે સંકોચાતા નથી તેઓ પણ સામાજિક કલ્યાણ વિષે સ્વતન્ત્ર રીતે નથી તો વિચારી શકતા કે નથી તેઓ જડ અને મૂર્ખતાપૂર્ણ રૂઢિઓને છોડવા તૈયાર થતા. આ લોકો ધર્મને અધ્યાત્મ સાથે બાંધી દઇને, અને સામાજિક કલ્યાણને અલગ પાડી દઇને, આ લોકશાહીના યુગમાં પણ ધાર્મિક પ્રભુત્વને આસાનીથી ચલાવ્યે રાખે છે. જેમને આ પ્રભુત્વ કાયમ રાખવું છે, તેને કાયમ રાખવામાં જ જેમનું હિત છે તેમને માટે આ સિવાય બીજો કોઇ રસ્તો જ છે નહિં. કેમકે સમાજમાં પરિવર્તન થયા વિના રહેવાનું નથી, અને આ પરિવર્તનની સામે ધર્મ બીજી કોઇ રીતે ટકી શકે તેમ નથી. દરેક પરિવર્તનની સાથે સમાજને વિચારસરણી અને કામ કરવાની પદ્ધતિ બદલવી પડે છે, જો ન બદલે તો કાળ પરાણે તેની પાસે બદલાવે છે. આવે વખતે ધર્મને યા તો પોતાને બદલાવું પડે, અથવા તો તે સમાજથી વિમુખ થઇ જાય. પરંપરાગત ધર્મને ચાલુ રાખવા ખાતર તેણે સમાજથી વિમુખ થવાની ઘોષણા કરી છે, પણ ખરેખર તે વિમુખ થઇ શકશે ખરો? આખરે તો ધર્મનું સ્થાન જીવનની જરૂરિયાતો પછી બીજે નંબરે છે. જીવન ટકાવી રાખવાને ખોરાકની જરૂર છે અને તે સમાજ પાસેથી લેવાનો છે. એટલે એ નિર્વિવાદ છે કે સમાજ દ્વારા ધર્મનું પેટ ભરાય છે, અને તેથી ધર્મ સમાજથી એળગો નથી. આત્મિક કે આધ્યાત્મિક ઉન્નતિના નામે સામાજિક કર્તવ્ય કે જવાબદારી-લાયક યુગાનુકુળ પ્રવૃત્તિઓથી વિમુખ થવામાં કોઇ ધર્મ સચવાતો નથી.

સમાજે કૃષિયુગ કે સામન્તવાદી યુગને કયારનોયે ત્યજી દીધો છે. આજનો સમાજ આણ્વિક યુગનો છે. એની સમસ્યાઓનું સ્વરૂપ બદલાઇ ગયું છે, એટલે એના ઉપાયો પણ જુદા રૂપે વિચારવા જોઇશે. આ યુગનો ધર્મ પોતાને કૃષિયુગ સાથે બાંધી રાખી નહિં શકે. અધ્યાત્મના નામે પણ તે જમાનાની રૂઢિઓ કે વિચારપરંપરા ચાલી શકવાનાં નથી. સઘળાં શાસ્ત્રોનું સમર્થન હોય તોયે જે રૂઢિ કે વિચારપરંપરા સમાજવિરોધી હોય, તે કોઇ એક વ્યકિતનું ગમે તેટલું આત્મકલ્યાણકારી હોય છતાં ટકાવી શકાય નહિં. જે અણુયુગે જીવનને સ્વસ્થ અને સુખી રાખવા વિજ્ઞાન દ્વારા અનેક સાધન સુવિધાઓ આપ્યાં છે, જેણે મનુષ્યના અજ્ઞાન સામે પડકાર ફેંકયો છે, તે યુગમાં કોઇ પણ વ્યકિત આરણ્યક જીવનનાં વિધિવિધાન કે પરિપાટિઓ પકડી રાખી ચાલવા ઇચ્છે તો તે અશકય છે. કોઇ પણ અધ્યાત્મવાદી જેને સમાજ દ્વારા ઉત્પન્ન થયેલાં અન્ન વસ્ત્ર વાપરવા છે, સમાજની વચ્ચે આધુનિક સગવડતાપૂર્ણ મકાનોમાં રહેવું છે, ત્યાં બેસીને ઉપદેશ આપવો છે, તેને સમાજના સાંસ્કૃતિક નિયમો અને આદર્શોને માનીને જ ચાલવું પડશે. આત્માની ગુહામાં કે અધ્યાત્મના ગોખમાં વિચરણા કરવા છતાં તે સમાજથી અલગ નથી. એટલે કયા વિચારો અને નિયમો સમાજને સહાયક છે અને કયા બાધક છે તેનો વિચાર તેણે કરવો પડશે, અને જે બાધક જણાશે તેનો ત્યાગ કર્યા વિના છૂટકો નથી.

ધનવાનોનું ધન અને મોહક લાગતા પ્રશંસાવાચી શબ્દોના બળ ઉપર જે ધર્મ અધ્યાત્મ અને નૈતિકતાનો ઉપદેશ આપી સમાજનાં પરિવર્તનો રોકવા ઇચ્છે છે, ધર્મની નવી નવી વ્યાખ્યા કરી, ચારિત્રવિકાસ અને જાગૃતિની વાતો કરી, તે દ્વારા સમાજને નવા વિચારોની વિરોધી સ્થિતિમાં મૂકવા ઇચ્છે છે તેઓ ભીંત ભૂલે છે, હવે તે ચાલી શકવાનું નથી. સામાજિક ઐતિહાસિક તથ્યોનું જેમણે સાચી રીતે વિશ્લેષણ કર્યું છે, તેઓ સમજે છે કે ભૂતકાળની મોટી મોટી વાતો કરી, પાપ પુણ્યની વ્યાખ્યાઓ કરી, નૈતિકતાના રૂપાળા વાઘાઓ સજાવી, તે દ્વારા ધર્મે માત્ર સંપ્રદાય અને ગુરૂઓના સ્વાર્થનું પોષણ કર્યું છે; ગરીબોનું શોષણ કર્યું છે. ગરીબો પણ કર્મફળ કે ઇશ્વરેચ્છા માનીને મુંગે મોંએ ઝુકી રહ્યા છે.

અણુયુગની આ સ્થિતિ સમજી જઇ ઘણા ધર્મગુરૂઓ ધર્મ અને નૈતિકતાને નવા શબ્દો, નવા પ્રતીકોથી શણગારી રજુ કરે છે. પણ આવી માત્ર વ્યાખ્યા કરવાથી કામ ચાલવાનું નથી. દુનિયાનું નવું રૂપ નિર્માણ કરવા માટે ક્રાંતિકારી ક્રિયમાણતા આચરવી જોઇશે. તો જ અણુયુગમાં ધર્મ પોતાના નામની સાર્થકતા પુરવાર કરી ટકી શકશે. ધર્મે સમજવું જોઇશે કે અણુપ્રાપ્ત ઉપલબ્ધિઓને સાથે લઇ, તેણે પ્રત્યક્ષ કરેલાં નિરાકરણોની મદદ લઇને જ ચાલી શકાય તેમ છે.

મૂળ હિંદી: **શ્રી. ભંવરમલ સિંઘી** અનુવાદક: **મેનાબહેન**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૯

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧, ૧૯૫૯, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

★ દિવ્ય અનુભૂતિ ★

(ગતાંકથી અનુસંધાન)

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ થયેલ 'દિવ્ય અનુભૂતિ' એ શીર્ષક નીચેના લેખમાં શ્રીમતી માર્ગરેટ પ્રેસ્કોટના 'Twenty Minutes of Reality' એ મથાળાના લેખનો જે નિર્દેશ કરવામાં આવ્યો છે તે નીચે મુજબ છે :

સત્ય તત્ત્વના સાન્નિધ્યમાં થોડી ક્ષણો

ઓપરેશન બાદ હોસ્પીટલની ખુલ્લી ઓશરીમાં મારા ખાટલાને પહેલીવાર જ્યારે અંદરથી બહાર લાવવામાં આવ્યો તે દિવસની આ ઘટના છે. મારી ઉપર થોડા દિવસ પહેલાં કરવામાં આવેલી શસ્ત્રક્રિયાના ઉપદ્રવમાંથી હું સાજી થઇ રહી હતી. એ દિવસો દરમિયાન મેં શારીરિક દુઃખ ઠીક પ્રમાણમાં અનુભવ્યું હતું અને કોઇ ઘેરી માનસિક શૂન્યતા–ઉંડી ગમગીની–થોડો સમય મારા ચિત્તને આવરી રહી હતી. એનેસ્થેટિક (માણસને બેભાન કરવા માટે સુંઘાડવામાં આવતી દવા)ની અસર નીચે અર્ધબેભાન દશામાં હું હતી એ દરમિયાન ઇશ્વર છે જ નહિ અથવા તો એવો કોઇ ઇશ્વર અસ્તિત્વ ધરાવતો હોય તો પણ તે ઇશ્વર માનવીના સર્વ દુઃખો વિષે તદ્દન ઉદાસીન છે–આવા કાંઇક વિચારોએ–આ પ્રકારના કોઇ સંવેદને–મારા ચિત્ત આસપાસ ઘેરો ઘાલ્યો હતો.

પણ જ્યારે મારા બીછાનાને બહાર લાવવામાં આવ્યું ત્યારે શૂન્યતાનું–ઊંડી ગમગીનીનું–પેલું તીવ્ર સંવેદન ઠળવું બની ગયું હતું, લગભગ શમી ગયું હતું અને ચિત્તને આવરી રહેલી ભયની છાયા પણ લગભગ ઓસરી ગઇ હતી. આ ઋતુમાં સામાન્યતઃ હોય છે એવો વાદળઘેરો ભેજવાળો એ દિવસ હતો. ઝાડની ડાળીઓ પાંદડા વિનાની, સુકી અને રંગવિહોણી શૂન્યતાનો અનુભવ કરાવતી હતી અને અડધા ઓગળેલા ભુખરા રંગના બરફના ઢગલાઓ રતબ્ધતાનું સંવેદન પેદા કરતા હતા. રંગની કોઇ ચમક વિનાની નાની ચકલીઓ આમ તેમ ઉડી રહી હતી અને ચીં ચીં કરતી નિરવ શાન્તિને શબ્દાયમાન કરતી હતી. જ્યાં મારો ખાટલો લાવીને મૂકવામાં આવ્યો હતો તે ખુલ્લી ઓશરીમાં નાની મોટી ચીજો પહેલાંની માફક જ ગોઠવાયલી પડી હતી, અને હું આંખો બંધ કરીને સ્વસ્થતાની નવી તાજગી અનુભવી રહી હતી એવામાં, બીલકુલ અણધારી રીતે મારી આંખો ઉઘડી ગઇ અને જીંદગીમાં પહેલી જ વાર Realityના–સત્યતત્વના–રોમાંચક સૌન્દર્યનું મને આછું દર્શન થયું.

આ ગૂઢ અનુભૂતિ શું હતી, તે એકાએક થઇ કે ધીમે ધીમે થઇ તે સંબંધમાં હું કશું સ્પષ્ટતાથી કહી શકતી નથી. મેં કશું નવું નિહાળ્યું નહિ, બધી સામાન્ય વસ્તુઓ મેં ચમત્કારભર્યા કોઇ નવા પ્રકાશમાં નિહાળી. જીવનનું સર્વસ્વ કેટલા અવર્ણનીય અદ્‌ભુત સૌન્દર્યથી ભરેલું છે તેનો મને પહેલીવાર ખ્યાલ આવ્યો.

સમગ્ર અસ્તિત્વને માત્ર થોડી ક્ષણો માટે મેં સુન્દર કલ્પી લીધું હતું એમ નહોતું, પણ મારી આન્તર દૃષ્ટિ સમક્ષ એ સત્ય તત્ત્વ એવી રીતે પ્રગટ થયું હતું કે જે વડે સદા અસ્તિત્વ ધરાવતી વાસ્તવિક રમણીયતા મારા પ્રત્યક્ષ જોવામાં–અનુભવવામાં આવી અને પ્રત્યેક સ્ત્રી, પુરૂષ, પક્ષી અને વૃક્ષ મારી સામેની દરેક જીવન્ત વસ્તુ અસાધારણ, ન કલ્પી શકાય એવી સુન્દર અને અસાધારણ રહસ્યથી ભરેલી છે એવી મને પ્રતીતિ થઇ. હોસ્પીટલની નર્સ બાજુએ થઇને ચાલી જતી હતી; તેના વાળની લટને તે ક્ષણે વહી રહેલી પવનલહરિ ઊંચે ઉઠાવીને સૂર્યપ્રકાશના અન્તરંગી ચમકારામાં ચળકાવી રહી હતી, અને એક સ્ત્રીના વાળમાં પણ કેટલું બધું કલ્પનાતીત સૌન્દર્ય રહેલું છે–આવું ભાન–વિસ્મયપૂર્ણ અનુભવ–પહેલાં મને કદિ થયો નહોતો. એક નાની સરખી ચકલી ચીં ચીં કરતી આવી અને નજીકના ઝાડની ડાળ ઉપર બેઠી, અને માત્ર "એક સાથે ગાઇ રહેલા સવારના તારાઓ અને આનંદકિલ્લોલ કરતાં ઇશ્વરનાં બાળકો જ પક્ષીના આ ઉડ્યનના આનંદ–અતિરેકને વ્યક્ત કરી શકે અને તે પણ અલ્પતમ અંશમાં" એમ મને લાગ્યું. આ હું વર્ણવી શકતી નથી, પણ આ બધું મેં જાતે અનુભવેલ છે, મારી પોતાની આંખો વડે નિહાળેલ છે એમાં કોઇ શક નથી.

મારી ઉત્તરાવસ્થાના દિવસો દરમિયાન માત્ર એક જ વાર આ રીતે સત્ય તત્ત્વના હાર્દમાં હું પ્રવેશી શકી છું; સત્યનું મેં સીધું દર્શન કર્યું છે; જીવન જેવું છે તેવું–ન કહી શકાય, ન વર્ણવી શકાય, ન કલ્પી શકાય તેવું–સુન્દર છે અને ઉન્મત આનંદથી છલોછલ ભરેલું છે અને શબ્દાતીત મૂલ્યથી અમૂલ્યતાને વરેલું છે–જીવનના આ સત્ય સ્વરૂપનો મેં આ રીતે એક જ વાર સાક્ષાત્કાર કર્યો છે.

આ પરમ આનંદ અને સૌન્દર્યની અનુભૂતિ ઉપરાંત rythemનું–અદ્‌ભુત લયનું–સંવાદિતાનું–અપૂર્વ સંવેદન હું અનુભવી રહી હતી, માત્ર તે સંવેદન મારા મનની પકડની બહારનો કોઇક અનુભવ હોય એમ લાગતું હતું. એ સમયે મને કોઇ સંગીત શ્રવણ–ગોચર થયું નહોતું; એમ છતાં પણ જાણે કે સમગ્ર જીવન કોઇ વિરાટ અપ્રત્યક્ષ ગીત અનુસાર વહી રહ્યું હોય એવા તાલનો અપ્રતિમ અનુભવ મને એ વખતે થઇ રહ્યો હતો. જે કાંઇ હલનચલન થઇ રહ્યું હતું તે સર્વ આ ભવ્ય વિરાટ સમસ્તમાં સંગીતના એક નાના ધાગા રૂપે વણાઇ રહ્યું હતું. જ્યારે એક પક્ષી ઉડી રહ્યું હતું ત્યારે તેમ કરવાને તે એટલા માટે પ્રેરાયું હતું કે, તેને ઉડવાની પ્રેરણા આપવા માટે એ દિવ્ય વીણામાંથી એક સૂર છેડાઇ ચૂક્યો હતો; અથવા તો તેના ઉડ્યને જ એ સૂરને છેડ્યો હતો; અથવા તો એ મહાન પરમાત્માની ઇચ્છા જે કેવળ સંગીતસ્વરૂપ છે તેણે એમ ઇચ્છ્યું હતું કે તે પક્ષીએ ઉડવું જ જોઇએ.

અને પછી નાની મોટી પ્રત્યેક વસ્તુનું ચિત્ત સામે પ્રગટ થતું આસાધારણ મહત્ત્વ અને ઔચિત્ય! આનો ખ્યાલ હું શી રીતે આપું? નાની સરખી ચકલી પણ સ્વર્ગમાં રહેલા પિતાની જાણકારી સિવાય ભૂતળ ઉપર ઉતરતી નથી–ભગવાન બુદ્ધે પ્રરૂપેલું આ મહાન સત્ય હું જાણે કે સાક્ષાત્ અનુભવી રહી હોઉં એમ મને લાગવા માંડયું. જો મારા અન્તર ચક્ષુ આથી પણ જરા વધારે આગળ જોઈ શકયું હોત તો તેનું સમગ્ર રહસ્ય હું સમજી શકી હોત. આજે અત્યારે પણ મારી અંદર ચાલી રહેલી વિચારણાને સત્ય તત્ત્વ સ્પર્શે છે, સ્પર્શે છે અને સરી જાય છે–આવું કાંઇક સતત લાગ્યા કરે છે. કદાચ એમ પણ હોય કે દરેક જીવન્ત વસ્તુનું મૂલ્ય અહિં આપણી સમક્ષ જેટલું પ્રત્યક્ષ નથી તેટલું પ્રત્યક્ષ અન્યત્ર હોય. સરજાયલી દરેક વસ્તુમાં અમુક રહસ્ય રહેલું જ છે, પણ તે રહસ્ય આજની માનસિક–આધ્યાત્મિક કક્ષાએ દુર્લક્ષ છે. સુપ્રસિધ્ધ કવિ મીલ્ટને કહ્યું છે કે :–

"પૃથ્વી સ્વર્ગની પ્રતિચ્છાયા જ માત્ર કાં ન હોય!"

સંભવ છે કે અહિં આપણે આપણી જાતના પ્રતીક માત્ર જ હોઇએ–અને આપણું ખરું સ્વરૂપ કાંઇક અન્યત્ર હોય–કદાચ ઇશ્વરના હાર્દમાં હોય! એમાં કોઇ શક નથી કે વિરાટ સમસ્ત પ્રત્યેના આપણા સગપણ સાથે તે અવર્ણનીય મહત્ત્વને સીધો સંબંધ હોવો જ જોઇએ; પણ તે સગપણ કયા પ્રકારનું છે તે હું કહી શકતી નથી. શું આપણી પ્રત્યેના પ્રેમનું તે સગપણ હતું? એ સરી રહેલી અપૂર્વ ક્ષણો દરમિયાન મારા પાડોશી પ્રત્યે મારી પોતાની જાત જેટલી જ હું મમતા અનુભવી રહી હતી. એટલું જ નહિ, મારી જાત વિષે હું ભાગ્યે જ સભાન હતી, જ્યારે પવનલહરિથી ડોલી રહેલી વૃક્ષની ડાળીઓ અને ઉડતી નાની ચકલીઓથી માંડીને માનવ પ્રાણીઓ સુધીના પ્રત્યેક આકારમાં પ્રગટ થતા મારા વિશાળ પાડોશી ગણ સાથે હું ન સમજી શકાય એવા ઘેલછાભર્યા પ્રેમમાં ઉન્મત્ત પડી હતી. જો સત્ય તત્ત્વના હાર્દમાં આવું કોઇ સંવેદન પડેલું ન હોય તો આવી પ્રેમઅનુભૂતિ મારા માટે કદિ સંભવે ખરી?

મને લાગે છે કે ગુમાવેલું આરોગ્ય પુનઃ પ્રાપ્ત કરવાના પરિણામે મારું દર્શન એકાએક વિશદ નિર્મળ બની ગયું તેના પરિણામરૂપ જ આ બધો અનુભવ હતો. મને લાગે છે કે મોટી ઉમ્મરે જાણે કે આપણને નવો જન્મ પ્રાપ્ત થયો હોય એવી કોઈ અસાધારણ પરિસ્થિતિ આપણા માટે સરજાતાં, જીવનને આમ તદ્દન નવીન રીતે જોવાની સુભગ ઘડિનો યોગ કદાચ આપણા માટે ઉભો થતો હશે. વસ્તુસ્થિતિ એવી છે કે આ દુનિયામાં આપણે જ્યારે પ્રથમ પ્રવેશ કરીએ છીએ ત્યારે નવા દાંત આવે, બોલતાં શિખીએ, ચાલતાં શિખીએ–આ બધી જટિલ શારીરિક પ્રક્રિયામાં આપણે એટલા બધા ગ્રસ્ત હોઇએ છીએ કે બહારની અદ્‌ભુત સૃષ્ટિ સામે નજર કરવાનો પણ આપણને સમય મળતો નથી; અને એની ભવ્યતાથી મુગ્ધ બનવા જેટલી નવરાશ જ્યારે આપણને પ્રાપ્ત થાય છે ત્યારે જીવનમાંથી પ્રાથમિક દશાની તાજગી ચાલી ગઇ હોય છે. માંદગી કે મોટા ઓપરેશનમાંથી સાજા થવાના દિવસો જ કોઇ એવા છે કે જ્યારે આપણને નવો જન્મ પ્રાપ્ત થયો હોય એમ લાગે છે અને જીવન પ્રત્યે તાજગીભરી દૃષ્ટિથી જોવાનું શકય બને છે.

જે મેં જોયું, અનુભવ્યું તેમાં ખરેખર ધાર્મિક એવું જો કે કશું નહોતું, તો પણ જે લોકો ધાર્મિક પરિવર્તન કે પ્રકાશાનુભવમાંથી પસાર થયા છે એવા લોકો તે અનુભવનો જે અહેવાલ આપે છે તેને મારા અન્ય કોઇ સંવેદન કરતાં આ સંવેદન ઘણું મળતું આવે છે.

એમાં શક નથી કે લગભગ કોઇ પણ તીવ્ર સંવેદન સત્ય તત્ત્વમાં રહેલા પરમ સૌન્દર્ય પ્રતિ આપણા અન્તરચક્ષુને ખુલ્લું કરે છે. કેટલીક વ્યકિતઓ અન્ય વિષે ઊંડા પ્રેમમાં પડતાં કદિ કદિ આવી અનુભૂતિમાંથી પસાર થતી માલુમ પડે છે. કુદરતના કોઇ અપૂર્વ સુન્દર દૃષ્યનું દર્શન કરતાં અથવા તો કોઇ કળાપૂર્ણ સર્જનનો પોતાની સામે આવીર્ભાવ થતાં કોઈ કોઇને આવો અનુભવ થતો જાણવામાં આવે છે. જે અદ્‌ભુત સૌદન્યનું કવિઓ ગાન કરે છે તે કેવળ કાલ્પનિક સૌદન્ર્ય છે એમ સામાન્ય કોટિનાં માનવીઓ માનતા હોય છે અને મને લાગે છે કે હું પણ પહેલાં એમ જ માનતી હતી, પણ હવે મને પ્રતીતિ થાય છે કે એ સૌન્દર્ય કાલ્પનિક છે જ નહિ; ઉલટું જે સત્ય રૂપે છે અને જેનું તેઓ અવારનવાર દર્શન કરે છે તે વાસ્તવિક સૌન્દર્યનું જ તેઓ નિરૂપણ કરતા હોય છે. સંભવિત છે કે કોઇ ઉત્કૃષ્ટ કોટિની અનુભૂતિ આપણને થોડી ક્ષણો માટે એવા કોઇ ઊંચા સ્તર ઉપર લઇ જતી હોય કે જ્યાં પહોંચતાં જે સૌન્દર્ય હંમેશા અસ્તિત્વ ધરાવે છે અને એમ છતાં જે સૌન્દર્યનો આપણે પ્રત્યક્ષ અનુભવ કરીએ એટલી ઉચ્ચ કક્ષાએ આપણે પહોંચ્યા હોતા નથી તે સૌન્દર્યનું આંખું દર્શન આપણને સહજ સુલભ બનતું હોય. એમર્સન કહે છે કે સૌન્દર્યના અપાર સાગર વચ્ચે આપણો સદા વસવાટ હોય છે, એમ છતાં આપણી આંખોને તેનું સ્પષ્ટ દર્શન હોતું નથી."

જે કાંઇ મેં જોયું તેમાં એવું કશું નહોતું કે જેને નૈતિક કોટિનું કહી શકાય. તેમાં આચારના નિયમોનું કોઇ દર્શન આવીર્ભૂત થયું નહોતું. ખરેખર ઊલટું એમ લાગતું હતું કે અતિ ચિન્તાતુર નૈતિકતા કરતાં સૌન્દર્ય અને આનંદ વસ્તુતત્ત્વના હાર્દની વધારે સમીપ રહેલાં છે. આ પ્રકારના પ્રકાશાનુભવના પ્રસંગે કદાચ પાપની કોઇ ચિન્તા કરવાની જરૂર જ હોતી નથી, કારણ કે માનવતાગત સૌન્દર્યના દર્શન વડે માણસ એટલો બધો પુલકિત બને છે અને એટલો બધો પ્રેમમસ્ત બને છે કે પાપને લગતા વિચારને ત્યાં બીલકુલ અવકાશ જ હોતો નથી.

કદાચ આગળ ઉપર કોઇ દિવસ અસત્ય આભાસને પેદા કરતું આજનું આવરણ વળી પાછું સરી જશે અને એક વાર ફરીથી સત્યતત્ત્વનું મને દર્શન થશે. ગયા ઉનાળામાં એક દિવસ આ આવરણ બહું આછું થઇ ગયું હોય એમ મને લાગ્યું હતું. પવન વાઇ રહ્યો હતો, અને ઉડતાં પંખીઓ અને મંદિરના ઘંટારવ દ્વારા વાસ્તવિકતા વ્યકત થવા મથી રહી હોય એમ લાગતું હતું. એમ છતાં મને તેનું પ્રત્યક્ષ દર્શન થયું નહોતું. પણ તે ત્યાં છે, તે સદા ત્યાં છે અને આપણી સામે ડોકીયાં કર્યા કરતી હોય છે, પણ આપણો તેની સાથે મેળ મળતો નથી અને તેથી તેના દિવ્ય સંગીત સાથે આપણે નાચવા માંડતા નથી.

વસ્તુઓ જેવી છે તેવી સત્ય સ્વરૂપે જો આપણે જોઈ શકીએ તો આપણે નાચ્યા વિના રહેવાના જ નહિ. એવી સુભગ ઘડિએ આપણે આપણા નસીબ ઉપર આફરીન બનવાના અને આપણા આનંદનો કોઈ પાર રહ્યો નાહ હોય અને એમ છતાં વસ્તુતત્ત્વના અંશ માત્રનો જ આપણને સ્પર્શ થવાનો–આવા જ્ઞાનપૂર્વક આપણું શરીર, મન, હૃદય, આત્મા આપણા સર્વસ્વને તેમાં વિસર્જિત કરી દેવાના, તે સાથે એકરૂપ બની જવાના.

આ રીતે મારા પૂરતો અનન્ત તત્ત્વને લગતો ભય કે ભડક હવે લય પામી ગયેલ છે. અને ધારો કે આ કરતાં બીજી કોઈ જીવનસ્થિતિ ન જ હોય તો પણ આ જ જીવન–અહિંનું અને અત્યારનું–કોઇ દૂર દૂરના સ્વર્ગની કશી પણ કલ્પના કરવાની જરૂર ન રહે એટલું સુન્દર છે જ. સ્વર્ગ આપણી પોતાની આંખો સમક્ષ, આપણાં ચરણોને સ્પર્શી રહેલું, આપણાં હૃદયને આલિંગન આપી રહેલું, અહિં અને અત્યારે છે; પણ એ સ્વર્ગને આપણી વચ્ચે કેમ ઉતારવું, પ્રગટ કરવું એ જ કમનસીબે આપણે જાણતા નથી.

અપૂર્ણ પરમાનંદ

રાજકારણી વિચારસરણીનું ઉત્તરાયણ–દક્ષિણાયન

(૧૫ મી ઓગસ્ટના ફ્રી પ્રેસ જનરલમાં પ્રગટ થયેલા પ્રો. કે. ડી. દેસાઇના અંગ્રેજી લેખનો નીચે અનુવાદ આપવામાં આવે છે. આ લેખ 'સ્વતંત્ર પક્ષ'ના સમર્થન રૂપે લખાયલો છે. એ સમર્થનમાં અત્યુક્તિનો અંશ રહેલો છે, એમ છતાં પણ, એ સમર્થનના નિમિત્તે પ્રસ્તુત લેખના લેખકે એક રોચક ઐતિહાસિક વિહંગાવલોકન કર્યું છે અને તે દ્વારા પ્રજાસમુદાયમાં જે પરસ્પરવિરોધી માનસિક વલણો અસ્તિત્વ ધરાવે છે–એક માનસ હંમેશા સ્થિતિ–સાતત્ય ઉપર વધારે ભાર મૂકે છે, બીજું માનસ ચાલુ સ્થિતિમાં કાંઇને કાંઇ ફેરફારને–પરિવર્તનને ઝંખે છે, એક માનસ કોઇ પણ નવા ફેરફારમાં અમંગળ ભાવીની કલ્પના કરે છે, બીજું માનસ સ્થગિતતામાં અધોગતિને કલ્પે છે, એકને અંગ્રેજીમાં conservative–સ્થિતિચુસ્ત–વલણ તરીકે ઓળખવામાં આવે છે, અન્યને liberal, progressive, radical–ઉદાર મતવાદી, પ્રગતિશીલ, ઉદ્દામવાદી વલણ તરીકે ઓળખવામાં આવે છે, Rightists અને Leftists શબ્દો પણ અમુક અંશે આવા જ વલણભેદના દ્યોતક છે–આ પ્રકારના પાયાના માનસિક વલણભેદનું પ્રસ્તુત લેખમાં સુન્દર પૃથક્કરણ કરવામાં આવ્યું છે. સાથે સાથે પ્રજાના સામુદાયિક માનસનો ઓક ઘડિયાળના લોલકની માફક અમુક ઐતિહાસિક સંદર્ભમાં એક બાજુએ અને એ ઐતિહાસિક સંદર્ભ બદલાતાં બીજી બાજુએ ઢળતો માલુમ પડે છે–આમ પ્રજામાનસમાં દૃષ્ટિગોચર થતા ક્રમિક પલટાઓનું પણ, ખાસ કરીને આપણા દેશની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને, પ્રસ્તુત લેખમાં વિશદ નિરૂપણ કરવામાં આવ્યું છે, અને એ રીતે આ લેખ રાજકારણના એક બોધપાઠની ગરજ સારે તેવો છે.

રાજકારણ અંગે અંગ્રેજી ભાષામાં પ્રચલિત શબ્દોનો બરોબર ભાવ આવે એવા ગુજરાતી શબ્દો યોજવાનું કામ ઘણું કઠણ છે, એમ છતાં અનિવાર્ય છે. આ રીતે પ્રસ્તુત લેખમાં Rightists અને Leftistsનું ગુજરાતી કેમ કરવું એ સવાલ મારી સામે આવ્યો. Rightists એટલે ધીમી ગતિએ ચાલવાવાળા; Leftists એટલે ઉગ્ર ગતિએ ચાલવાની વૃત્તિવાળા. દરેક રાજકારણી પક્ષમાં હંમેશાં બે છેડા ઉપર ઉભેલા આવા બે પ્રકારના જૂથો હોય છે. સમગ્ર રાજકારણમાં પણ અમુક પક્ષને Rightists તરીકે અને અમુક પક્ષને Leftists તરીકે ઓળખાવવામાં–વર્ણવવામાં આવે છે. આ બે પ્રકારના જૂથો માટે મેં 'જમણેરી વલણવાળા' અને 'ડાબેરી વલણવાળા' એવો પ્રયોગ કર્યો છે. મને લાગે છે કે 'Rightists' અને 'Leftists' એ શબ્દોનો ટૂંકાણમાં ભાવ રજુ કરવા માટે, ઉપરના શબ્દો આજે પ્રચલિત ન હોવાના કારણે ભલે જરા કઠંગા લાગે છે, પણ જરા વધારે પ્રચલિત થતાં ઉપરના અંગ્રેજી શબ્દોનો ભાવ યથાર્થપણે રજુ કરતા થઇ જશે. પ્રસ્તુત લેખને બરોબર સમજવા માટે, આશા રાખું છું કે, સામાન્ય વાચકને આટલી પૂર્વભૂમિકા જરૂર ઉપયોગી થશે. પરમાનંદ)

આજે જ્યારે ભારતીય રાજકારણ એટલે ભાષણો, ભાષણો અને ભાષણો–આ મુજબ પક્ષલક્ષી વ્યાખ્યાનોનો પ્રવાહ અતૂટપણે વહી રહ્યો છે ત્યારે રાજાજીનાં અનેક વિષયોને લગતાં ચોંકાવનારાં વકતવ્યો એક નવી મીઠી ભાત પાડી રહ્યાં છે. શરૂઆતમાં આ વકતવ્યો લોકોમાં મધુર આકર્ષણ અને કુતુહલ પેદા કરતાં હતાં, પણ તેમાંથી ભાગ્યેજ કોઇ કાર્ય પેદા થતું હતું. પણ આજે 'સ્વાતંત્ર્ય મેળવવા માટેની હીલચાલ'ના નામે તેમણે જે પ્રજાજનોને આહ્વાહન કર્યું છે તેમાંથી અજાયબ પમાડે તેવું ઝડપી અને પ્રચંડ કાર્ય પેદા થઇ રહ્યું છે. એ શું એમ દર્શાવે છે કે ભારતમાં જાહેર જનતાનો અભિપ્રાય જમણી બાજુએ ઢળી રહ્યો છે? જો એમ હોય તો આ ઓક કયાં સુધી ચાલુ રહેશે?

આ શબ્દો 'Right' '–રાઇટ–' (જમણી બાજુ) અને conservative–કોન્ઝર્વેટીવ– (ચાલુ પરિસ્થિતિનું અને તેનું સાતત્ય ઇચ્છનાર–સ્થિતિશીલ–સ્થિતિચુસ્ત–) આ બન્ને શબ્દો ફ્રેંચ વિપ્લવના સંદર્ભમાં ઉભી થયેલી રાજકારણી પરિભાષાની દેન છે. જો 'રાઇટ' શબ્દ ૧૭૮૯ની એસ્ટેટ્સ–જનરલમાં (ફ્રાન્સની પાર્લામેન્ટમાં) અમુક વિચાર ધરાવતા સભ્યો અમુક બાજુએ બેઠેલા તે ઉપરથી ચાલુ થયો હતો તો 'કોન્ઝર્વેટીવ' શબ્દનું ચલણ ક્રાન્તિકારી બળોની વિરૂદ્ધમાં હીલચાલ ઉભી કરવા માટે શ્રી એમ. શેટો બ્રિયાએ શરૂ કરેલ 'લા કોન્ઝર્વેટોર' એ નામના છાપાને આભારી છે.

કોન્ઝર્વેટીવ (સ્થિતિચુસ્ત) વલણો, ખરી રીતે એ શબ્દો સૂચવે છે તે કરતાં, ઘણાં વધારે પુરાણાં છે. સ્થિતિચુસ્તતાની ભૂમિકા દરેક સમાજમાં હંમેશાં અસ્તિત્વ ધરાવતી રહી છે. આ પરિબળો કદિ પણ ભૂતકાળમાં વિલીન થતાં નથી, કારણ કે લોકોનાં પ્રકૃતિગત પરિણામો અને સંયોગજન્ય ભૂમિકાના પાયામાં એ પરિબળો રહેલાં છે. જો દરેક સમાજમાં એક એવો વર્ગ હોય છે કે જે "જે કાંઇ જુનું પુરાણું હોય તેને મમતાપૂર્વક વળગી રહેવા માંગે છે અને જે દરેક ફેરફારને શંકાની નજરથી નિહાળે છે અને કોઇ અમંગળ ભાવીની તેમાં કલ્પના કરે છે" તો તે સમાજમાં એવા પણ લોકો ખાસ હોય છે કે "જેઓ હંમેશા આશાવાદી હોય છે અને જેઓ આગળને આગળ પગલાં ભરવાને સદા આતુર હોય છે અને દરેક ફેરફારને પ્રગતિના સુધારાના ચિહ્ન તરીકે લેખવાનું વલણ ધરાવે છે."

આ બે પ્રકારના વર્ગોનો સમાજ ઉપર જે અલગ અલગ પ્રભાવ પડે છે તેનો આધાર તે તે સમાજના તત્કાલીન સંયોગો ઉપર આધાર રાખે છે. કોઈ પણ સમાજનો ઓક અમુક સમયે વધારે વ્યવસ્થિતતાની અને વધારે ને વધારે રાજ્યનિયંત્રણની અપેક્ષા અને આગ્રહ રાખવા તરફ હોય છે તો બીજા સમયે વ્યકિત–સ્વાતંત્ર્યને વધારે જોર આપવા તરફ તે ઢળેલો માલુમ પડે છે. આનો આધાર તે તે કાળના ઐતિહાસિક સંદર્ભ ઉપર રહે છે. ઉદ્દામ માર્ગ તરફના એકધારા અવલંબનમાંથી સમાજ સ્થિતિચુસ્ત મનોદશા તરફ ઝુકે છે અને ચક્રની ઉપર નીચેની ગતિ પ્રમાણે સમયાન્તરે તે જ સમાજ ઉદ્દામ માર્ગ તરફ ઢળે છે. આમ એક બાજુના ઝોકમાંથી બીજી બાજુના ઝોક તરફ સમાજ વળે–આવા ચાલુ ક્રમમાંથી એક યા અન્ય બાજુના ઝુકાવને પ્રગતિશીલ અથવા તો પ્રત્યાઘાતીનું નામ આપવું તેનો લાંબદોર દૃષ્ટિએ કોઇ અર્થ જ નથી. યુરોપના ઇતિહાસ તરફ નજર કરતાં માલુમ પડે છે કે ૧૮મી સદીના રાજ્યનિયંત્રણવાદમાંથી વ્યકિતસ્વાતંત્ર્યવાદનો ઉદ્ભવ થયો અને તે વખતનો સમાજ તે તરફ ઢળ્યો. આ ઘટના એટલી જ પ્રગતિગામી હતી જેટલી ત્યાર પછીની ઘટના પ્રગતિગામી હતી કે જે દરમિયાન વ્યકિતસ્વાતંત્ર્યવાદને દબાવીને સમાજવાદ આગળ આવ્યો અને વ્યકિતસ્વાતંત્ર્ય ઉપર એક પછી એક કાપ મૂકાવા માંડયો. આમ હોવાથી સમાજના આવા ફરતા જતા વલણને પ્રગતિશીલ કે પ્રત્યાઘાતી કહેવું–જે શબ્દોનો માત્ર બહુ મર્યાદિત સંદર્ભમાં કાંઇક અર્થ હોય છે–તેના બદલે ઘડિયાળના લોલકના આમથી તેમ ચાલી રહેલા ઝુકાવની પરિભાષામાં તેને સમજવું ઓળખવું–એ રાજકારણને લગતી સમ્યક્ વિચારણા માટે વધારે પરિપોષક બનશે.

જમણી બાજુ તરફ ઝુકવાની આવી એક વૃત્તિ આજે આખી

દુનિયાને આવરી રહી હોય એમ લાગે છે. આજે ભારતમાં જમણી બાજુએ ઝૂકવાની જે વૃત્તિનું દર્શન થઇ રહ્યું છે તે કોઈ ભારત પૂરતી એકલવાઇ કાળઘટના નથી. અમેરિકામાં રીપબ્લીકનોને મળેલો વિજય, ઇંગ્લાંડમાં કોન્ઝર્વેટીવ પક્ષને ચૂંટણીમાં મળી રહેલી ચાલુ ફેતેહ, ફ્રાન્સમાં ડી ગોલેનું એકાએક સત્તારોહણ અને એશિયાના ઘણાં ખરાં રાષ્ટ્રોમાં જમણી બાજુના વલણને સૂચવતી સરમુખત્યારશાહીનો વિકાસ–આ બધી ઘટનાઓ આજે પવન કઇ દિશાએ વાઇ રહ્યો છે તે સૂચવતાં ચિહ્નો છે. આ સંદર્ભમાં ભારતમાં જમણેરી પરિબળોના ઉદ્‌ભવનો અભ્યાસ જેટલો એક સંશોધક માટે ઉપયોગી છે તેટલો બીજી રીતે સામાન્ય માણસો માટે રસપ્રદ બનવા સંભવ છે.

જે કે આધુનિક ભારતમાં આજે વ્યકત થઇ રહેલી સ્થિતિ-સ્થુસ્તતાનું–કોન્ઝર્વેટિવિઝમનું–મૂળ ઇ. સ. ૧૯૦૭ સુધી જેમનું રાષ્ટ્રીય મહાસભા ઉપર અખંડ વર્ચસ્ હતું તે મોડરેટ્સ–વિનીત પક્ષ–ના તે વખતના વલણમાં રહેલું છે, એમ છતાં પણ એ પક્ષ ત્યાર બાદ ઉદ્દામ વિચારસરણી ધરાવતા લોકમાન્ય બાલગંગાધર તિલક અને મહાત્મા ગાંધીએ શરૂ કરેલા જનતાવ્યાપી પ્રચંડ આન્દોલનોમાં એટલી બધી ઝડપથી હતપ્રભાવ બની ગયો કે તેનું કોઇ નામનિશાન રહેવા પામ્યું નહિ. એ વખતનું વાતાવરણ અને સ્વાતંત્ર્ય સંગ્રામની સઘનતા–ઉગ્રતા–જમણેરી વિચારસરણીને વિકસવા દેવા માટે અત્યન્ત પ્રતિકુળ હતી.

આઝાદી પછીનાં શરૂઆતનાં વર્ષોમાં લોકો ઝડપી પ્રગતિ સાધવા માટે અને રાષ્ટ્રીય પ્રતિષ્ઠા અને મહત્તા પુનઃ પ્રાપ્ત કરવા માટે એટલા બધા આતુર હોય છે કે ધીમે ધીમે સંભાળીને ચાલવાની સ્થિતિસ્થુસ્તતાની વાતો તરફ કોઇ બીલકુલ લક્ષ ન આપે તે તદ્દન સ્વાભાવિક છે;

સ્થિતિસ્થુસ્ત મનોદશા જરા પણ માથું ઉંચકી ન શકે એવી પરિસ્થિતિ ઉભી થવા સાથે એની એ દશા ચાલુ રહે તેવું બીજું કારણ એ બન્યું કે લોકોને આકર્ષી શકે એવી સુગ્રથિત અને વ્યકિત-વાદને પોષક એવી કોઇ તાત્ત્વિક વિચારસરણી જમણેરી વલણ ધરાવતા પક્ષો ઉભી કરવામાં આજ સુધી તદ્દન નિષ્ફળ નીવડ્યા છે. આઝાદી બાદ બધા જમણેરી વલણ ધરાવતા પક્ષોએ પોતપોતાનાં કાર્યક્રમોમાં કલ્પનાશકિતનો કોઇ ઉપયોગ જ કર્યો નહિ. વિચારના ક્ષેત્રમાં સોશિયાલિઝમે–સમાજવાદે એક પ્રચલિત ફેશનનું–સહજ-પણે ટાળી ન શકાય એવી ફઢિનું–રૂપ ધારણ કર્યું અને વિચારની ભાતમાં ફેશનનું સ્થાન પામેલ વૃત્તિના દબાણ સામે ઉભી રહી શકે અને સ્ટેટીઝમ–રાજ્યનિયંત્રણવાદ–સામે મુકત વ્યકિતત્વવાદને આગળ ધરી શકે એવી સચોટતા અને વિશાળ પ્રદેશને આવરી શકે એવી વ્યાપક વિચારણા કોઇ સ્થિતિસ્થુસ્ત પક્ષ રજુ કરી ન શકયો. આ રીતે હિન્દુ મહાસભાએ 'હિન્દુ રાષ્ટ્ર'ની વાતો કરી અને રામરાજ્યપરિષદે ધર્મના નામે ખૂબ ધુમધરાડા પાડ્યા. ભારતીય જન સંઘે, તેના શરૂઆતના આગેવાન ડો. શ્યામપ્રસાદ મુકરજીના પ્રભાવશાળી વ્યકિતત્વને લીધે, થોડા સમય માટે લોક-પ્રિયતા અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી, પણ તે પક્ષ પણ અખંડ ભારતની પુનઃ સ્થાપના, પ્રતિપક્ષનાં મનમનામણાં કરવાની નીતિનો પરિત્યાગ, પાકીસ્તાન પ્રત્યે તે જેમ ભારત સાથે વર્તે છે તે મુજબ વર્તવાની નીતિનો અંગીકાર અને ભારત સાથે કાશ્મીરનું સંપૂર્ણ એકીકરણ–આ પ્રકારની માગણીઓ ઉપર અત્યન્ત અને એકાન્ત ભાર મૂકતો રહ્યો. પાકીસ્તાન સામે લાગણીભર્યાં અને ધર્મ ઝનુનથી પ્રેરાયલા બખાળા કાઢવામાં જ સંઘ ખૂબ રોકાયલો રહ્યો અને વધતા જતા રાજ્યનિયંત્રણ અને સમાજવાદ સામે વિરોધ ઉભો કરવાના પાયાના મુદ્દાઓ સંબંધમાં તેણે કદી કશું જ કર્યું નહિ.

આ રીતે, બધાં જ જમણેરી વલણ ધરાવતા પક્ષોએ, જે મુદ્દાઓ ઉપર એક બળવાન કોન્ઝર્વેટીવ–સ્થિતિસ્થુસ્ત–પક્ષની રચના કરી શકાય એવા મુદ્દાઓની કેવળ અવગણના જ કરી. ઉલટું તેમાંના કેટલાકે તો આવકનાં મથાળાં બાંધવાની વાતો કરી અને સમાજવાદને પણ ઉપર ઉપરથી આવકાર્યો. માનવીના ઇતિહાસમાં કોઇ પણ સ્થિતિસ્થુસ્ત–કોન્ઝર્વેટીવ–પક્ષ પોતાની તાત્ત્વિક વિચારણા અંગે આટલો બધો અશ્રદ્ધાળુ, નિરાશાભરેલો અને પ્રતીતિવિહોણો જોવામાં આવ્યો નથી. ભારતના ઇતિહાસના આ તબકકા દરમિયાન સ્થિતિસ્થુસ્તતા કેવળ પીછેહઠ જ કરતી રહી. ૧૯૫૨માં ડો. શ્યામ-પ્રસાદ મુકરજીએ હિંદુ મહાસભા, જનસંઘ, રામરાજ્ય પરિષદ, અકાલી દલ અને ગણતંત્ર પરિષદને 'નેશનલ ડેમોક્રેટિક ગ્રુપ' એ નામ નીચે સંયુકત કોન્ઝર્વેટીવ પક્ષના રૂપમાં એકત્ર કરવાનો પ્રયત્ન કર્યો હતો. પણ એ પ્રયત્નને નિષ્ફળતા મળતાં અને ત્યાર પછી થોડા સમયમાં ડો. મુકરજીનું (૧૯૫૩માં) મૃત્યુ નીપજતાં જમણેરી વલણ ધરાવતા લોકોનું સંગઠન થવાની શકયતાને ઘણો ધકકો લાગ્યો. જમણેરી પક્ષોની આ રીતે ઉત્તરોત્તર પૂરી અધો-ગતિ થતી રહી.

સ્વતંત્ર ભારતના રાજકીય પક્ષો રાષ્ટ્રજીવનનાં બધાં અનિ-ષ્ટોના રામબાણ ઉપાય તરીકે સોશિયાલિઝમ–સમાજવાદને જ વધારે ને વધારે પ્રમાણમાં આગળ ધરવા લાગ્યા. આ દબાણભર્યા વલણો નીચે કોંગ્રેસે પણ દ્વિ–ઓપરેટીવ કોમનવેલ્થ–સહકારી રાષ્ટ્રસમૂહના ધ્યેયના સ્થાને 'સોશિયાલીસ્ટ પેટર્ન ઓફ સોસાયટી'–'સમાજવાદી ઢબની સમાજરચના'–ના ધ્યેયનો સ્વીકાર કર્યો.

કોંગ્રેસની સમાજવાદ તરફની ચાલી રહેલી કૂચ એક વિચિત્ર દૃષ્ય રજુ કરે છે. આન્તરરચનામાં કોન્ઝર્વેટીવ સ્થિતિસ્થુસ્ત તત્ત્વોથી ભરેલી પણ દેખાવમાં સમાજવાદી ધ્યેયને સદા આગળ ધરતી એવા આકારનું કોંગ્રેસનું રૂપ ઘડાતું જાય છે. આઝાદી પહેલાની લડત દરમિયાન કોંગ્રેસને જે કાર્યકર્તાઓ મળ્યા તેમાંનો ઘણો મોટો ભાગ શ્રીમાન અને ઉપરની કક્ષાની મધ્યમ વર્ગના લોકોનો હતો, કારણ કે નીચેની કક્ષાના મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ પાસે ઓછી હીલચાલમાં સક્રિય ભાગ લઇ શકે તેટલો સમય કે આર્થિક સગવડ હોઇ ન જ શકે. અને ઉપરના દરજ્જાના લોકો પરંપરાથી કોન્ઝર્વેટીવ–સ્થિતિસુસ્ત જ હોય–એ તદ્દન સ્વાભાવિક છે. આજે પણ કોંગ્રેસ આ જ તત્વોની બનેલી છે અને ખાસ કરીને સમાજવાદીઓ અને કિરપલાણી મંડળ કોંગ્રેસથી છુટા પડ્યા બાદ આ સ્થિતિ વિશેષતઃ પ્રવર્તે છે. આમ આન્તરરચનામાં કોંગ્રેસ હંમેશાં સ્થિતિસ્થુસ્ત રહી છે. આને લીધે જ કોંગ્રેસ જમ-ણેરી બાજુએ જ આગળ વધશે એવી કલ્પના તેના વિષે અનેક દિશાઓથી સેવાતી રહી હતી.

પણ એમ બનવાનું નહોતું. સરદાર પટેલના સ્વર્ગવાસના પરિણામે કોંગ્રેસની અંદર રહેલા બધા જમણેરી વલણવાળા લોકો માટે કોંગ્રેસ જે કાંઈ કરે તે મુગા મોઢે સ્વીકારી લેવું પડે એવી સ્થિતિ ઉભી થઇ અને બીજી બાજુએ પંડિત નહેરુનું બળવાન પ્રભુત્વ કોંગ્રેસને સમાજવાદ તરફ ઘસડી ગયું.

કોઈ પણ રાજકીય પક્ષની આન્તરરચના અને તેની નીતિ વચ્ચે આ હદ સુધીનું અન્તર પેદા થઇ શકે–રાજકારણના શાસ્ત્રમાં આ હજુ અણઉકેલી સમસ્યા રહેવાની છે. એક શકિતશાળી સમર્થ આગેવાન વ્યકિતગત પ્રભાવ વડે પોતાના અનુયાયીઓ પાસે એવી નીતિનો સ્વીકાર કરાવી શકે ખરો કે જે નીતિ તેમના આર્થિક હિતોની પાયામાંથી અવગણના કરતી હોય–પ્રતિકુળ હોય? કોંગ્રેસના સમાજવાદી જાહેરનામાઓથી ઘણા જમણેરી વલણવાળા લોકો શા માટે અકળાયા હતા તે આ રીતે વિચારતાં સમજી શકાય તેમ છે. રાજકારણના કેટલાક અભ્યાસીઓ ભવિષ્ય ભાખે છે કે નહેરુ પછી કોંગ્રેસ, જે તેનો સ્વભાવિક ધર્મ છે તે તેવા કોન્ઝર્વેટીવ પક્ષમાં ફેરવાઇ જશે–આ આગાહીનું રહસ્ય પણ ઉપરની રીતે વિચારતાં સ્પષ્ટ થાય તેમ છે. આમ છતાં પણ

કૉંગ્રેસની આ પ્રકારની આન્તરબાહ્યવિરોધી પરિસ્થિતિએ ગોટાળામાં ગોટાળો ઉમેર્યો છે, અને સમાજવાદને એક એવું આદરણીય સ્થાન આપ્યું છે કે જેના સામે પડકાર ફેંકવાનું લગભગ અશક્ય બન્યું છે. ડાબેરી વિચારણા ધરાવતા સંખ્યાબંધ રાજકારણી પક્ષો એક બાજુએ છે અને જેને મહત્વ આપી શકાય એવા જમણેરી વલણવાળા પક્ષનો સદન્તર અભાવ છે. તેના પરિણામે ભારતમાં પાર્ટીસીસ્ટમનો-પક્ષવાદી પદ્ધતિનો વિકાસ લાંબા વખતથી એકાંગી અને સમધારણવિહોણો રહ્યો છે. ડાબેરી વલણ ધરાવતા મંડળોના પક્ષે જ હંમેશાં પલ્લું ખૂબ નમતું રહ્યું છે. કાળની આવી ઘડિએ રાજાજીએ આગળ વધી. રહેલા સ્ટેટીઝમને-નિયંત્રણપ્રધાન રાજ્યનીતિને-પડકાર ફેંકયો છે અને આજ સુધી દબાયલા વિવિધ જમણેરી તત્વોએ અજાયબી પમાડે તેવી ઝડપથી તેમની સાથે હાથ મીલાવ્યો છે. સામાજિક ન્યાય અને સમાજવાદ એ બે પર્યાયવાચી શબ્દો નથી એમ જાહેર કરવું અને સમાજવાદ જેવી લોકપ્રિય બનેલી વિચારસરણીની આમ ખુલ્લા ખુલ્લા ટીકા કરવી-આ જેનામાં અસાધારણ નૈતિક હિંમત અને ઊંડી પ્રતીતિનું પીઠબળ હોય તેનાથી જ થઇ શકે તેમ છે. રાજાજીએ આ હિંમત અને પ્રતીતિના પીઠબળનું દર્શન કરાવ્યું છે. રાજ્યના ગજગ્રાહમાંથી વ્યકિતને બચાવવાના પોકારમાં એટલું બધું સચોટ ગાંધીપણું રહેલું છે કે તેની ભારતની જનતા ઉપર બહુ મોટી અસર પડવાનો સંભવ છે.

સ્વતંત્ર પક્ષના આગેવાનોને એ બાબતમાં યશ આપવો ઘટે છે કે પોતાના પક્ષે મતો મેળવવા માટે ગમે તેટલા આકર્ષક હોય, એમ છતાં પક્ષની પાયાની વિચારણા સાથે સીધો સંબંધ ન ધરાવતા હોય એવા મુદ્દાઓમાં પડવાના પ્રલોભનથી તેઓ દૂર રહ્યા છે. દાખલા તરીકે દ્વિભાષી મુંબઇ પ્રદેશનું વિભાજન, કેરલમાં મધ્યસ્થ તંત્રની દરમિયાનગીરી, યુનિવર્સિટીની સ્વતંત્રતામાં સરસરકારની વધતી જતી દખલગીરી. પોતાના પાયાના હેતુઓ વિષે પ્રમાણબુદ્ધિ ગુમાવી ન બેસાય એ હેતુથી મતસંઘર્ષના કારણે જટિલ બનેલા બધા પ્રશ્નોમાં માથું ન મારવું એ એક શુભ અને અનુકરણયોગ્ય પરંપરા છે. જે રાજકારણી તખ્તા ઉપર આજ સુધી રાજકીય પક્ષો પોતપોતાના નેતાઓ અને લેબલોના કારણે અને ભાગ્યે જ વિચારોના કારણે એકમેકથી જુદા પડતા હતા તેવા ભારતીય રાજકારણના તખ્તા ઉપર આ નવા પક્ષનો ઉદય થતાં સમસ્ત રાજકારણના સ્વરૂપને નવું આરોગ્ય-નવી ચેતના-મળે એવી આશા રહે છે. દરેક પક્ષના આગેવાનોને, તેઓ વિચારસરણીમાં અન્યથી ખરેખર જુદા પડે છે એમ પુરવાર કરવા માટે ભારે બુદ્ધિ લડાવવી પડતી હતી, જો કે મતદારોને પક્ષના આગેવાનોના આવા દાવા વિષે ભાગ્યે જ પ્રતીતિ થઇ હતી. હવે જો સ્વતંત્ર પક્ષની બરોબર જમાવટ થાય તો ડાબેરી વલણના પક્ષો સામે સમતુલા જળવાય એવા જમણેરી વલણવાળો એક પ્રભાવશાળી પક્ષ અસ્તિત્વમાં આવશે. આના પરિણામે જાહેર અભિપ્રાયને વધારે સ્પષ્ટ આકાર મળશે અને મતદારોને મત આપવા અંગે યોગ્ય પસંદગી કરવા માટે વધારે સાચાં ધોરણો પ્રાપ્ત થશે.

ભારતમાં ઉભો થતો કોન્ઝર્વેટીવ પક્ષ અન્ય પક્ષોની અપેક્ષાએ કઇ ભૂમિકા ઉપર પોતાની વૈકલ્પિક વિચારસરણી વધારે સ્પષ્ટ આકારમાં રજુ કરી શકે તેને લગતી થોડી ચર્ચા અહિં અસ્થાને નહિ લેખાય. પાશ્ચાત્ય દેશોના કોન્ઝર્વેટીવ પક્ષો જે ઢાળામાં રહીને વિકાસ પામ્યા છે તે ઢાળામાં રહીને હિંદનો કોન્ઝર્વેટીવ પક્ષ વિકાસ પામે એવી આશા કે અપેક્ષા રાખવી ન ઘટે. ભારતની સાંસ્કૃતિક પરંપરા અને પ્રજાએ આવી વિચારસરણીનો પોતાની રીતે જ ઘાટ ઘડવાનો રહેશે. આ રીતે વિચારતાં એ કાંઈ આકસ્મિક નથી કે રાજાજી અને શ્રી. કે. એમ. મુનશી ધર્મની અને નૈતિક તથા આધ્યાત્મિક મૂલ્યોની વાતો કરી રહ્યા છે. આ ભાવનાઓને જો બુદ્ધિપૂર્વક રજુ કરવામાં આવે અને અસંપ્રદાયિકતાવાદ-સીકયુલેરિઝમ-અનીશ્વરવાદમાં પરિણમે એવા આજના અમંગળ વલણ સામેના એક પડકાર તરીકે આગળ ધરવામાં આવે તો તે તરફ હિંદી જનતાને હજુ પણ અમાપ આકર્ષણ રહેલું છે.

આ પક્ષનો બીજો અગત્યનો કાર્યક્રમ બેશક સહકારી અને સામુદાયિક ખેતીના પ્રયત્નો સામે જમીનદાર-ખેડુતને રક્ષણ આપવાનો હોવાનો. ખેડૂતોમાં આજે તીવ્ર ઉકળાટ પ્રવર્તે છે, કારણ કે વર્ગવિગ્રહ અને રાજકારણી નારાઓને લીધે તેમનું શાન્ત અને સ્વસ્થ જીવન ચુંથાઇ ગયું છે. અદાલતી દાવાઓ પુષ્કળ પ્રમાણમાં વધી ગયા છે અને કાયદાની આંટીઘુંટીઓને પહોંચી વળવામાં તેમનો ખૂબ સમય બરબાદ થાય છે. તેમની માલેકીના હકકોને કશું પણ નુકસાન પહોંચાડયા સિવાય જો તેમને ખેતીવાડીનું ઉત્પાદન વધારવા માટે જરૂરી સાધનસામગ્રી અને સગવડતાઓ પૂરી પાડવામાં આવશે તો તેઓ પણ મોકળા મને આ પક્ષમાં જોડાશે.

આર્થિક ક્ષેત્રે હિંદની જમણેરી વલણવાળો પક્ષ વધારે પડતા આયોજન અને ઝડપી ઉદ્યોગીકરણ સામે પોતાનો અવાજ ઉઠાવશે અને ઉદ્યોગના વિકેન્દ્રીકરણ માટે અને ગૃહઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે પ્રયત્નશીલ બનશે. આ આખી વિચારણા, એ ધ્યાનમાં લેવું ઘટે છે કે, તેના બધા આગ્રહોમાં ગાંધીવાદી છે અને આમાં સામેલ ન થવું એ લોકો માટે મુશ્કેલ છે. આ વિચારભૂમિકા અને તે સાથે 'વધારેમાં વધારે વ્યકિતગત સ્વાતંત્ર્ય અને ઓછામાં ઓછી રાજ્યની દખલગીરી' એ સૂત્રનું સંકલન-આ બે તત્વો નવા પક્ષ માટે લોકપ્રિયતા પેદા કર્યા વિના નહિ જ રહે. જો કે વર્ષો સુધી આ વિચારણાને વિકાસ પામવાનો અવકાશ મળ્યો નથી અને તેથી તે દબાયલી છુપાયલી રહી છે, એમ છતાં હિંદી ખેડૂતો અને વ્યાપારીઓમાં રહેલી કોન્ઝર્વેટીવ-સ્થિતિસાતત્યને ટકાવવા મથતી-શકયતાઓને નીચા આંકે આંકવાની કોઈ જરૂર નથી.

આમ હોવાથી આ દેશની કોન્ઝર્વેટીવ પાર્ટી ૧૯ મી સદીના 'લેઐઝા-ફેર'-નાં મુકત નિર્બંધ વ્યાપારના-સિદ્ધાન્તનું સમજણવિનાનું પુનરાવર્તન નહિ કરે, પણ 'પ્લુરાલીઝમ' એટલે ઉદ્યોગ વ્યાપારના ખાનગી અને જાહેર ક્ષેત્રના સમતોલ સમન્વયના માર્ગ ઉપર વિકાસને પામશે. વ્યકિતઓના ધંધાદારી-વ્યવસાયાત્મક-ઐચ્છિક રીતે ઉભા થયેલાં મંડળોને રાજ્યસત્તાના નિયંત્રણથી બચાવી શકે-રક્ષણ આપી શકે એ સ્થિતિ ઉભી કરવા માટે અને પ્રત્યેકના ક્ષેત્રમાં તેમની સ્વાધીનતા જળવાઇ રહે એ માટે લડવા માટે પોતાની શકિત અને લાગવગનો ઉપયોગ કરશે. આજના વર્તમાન સંદર્ભમાં બધા વ્યાપારઉદ્યોગ રાજ્ય હસ્તક કરવાની નીતિમાં પલટો લાવવાનો વિચાર વ્યકિતગત ધોરણે નહિ પણ અનિવાર્યપણે જાહેર તથા ખાનગી ક્ષેત્રને સમન્તિવ કરતા વિવિધલક્ષી ધોરણ ઉપર જ થવો ઘટે. આજના મોટા અજગર જેવાં રાજ્યો અને તેની સર્વગ્રાહી સત્તાઓ સામેનો પડકાર કોઇ પણ પ્રકારના 'પ્લુરાલીઝમ'ના આવીર્ભાવમાં જ-જાહેર અને ખાનગી ક્ષેત્રના સમકાલીન વિકાસમાં જ-થવો જોઇએ.

જો સ્વતંત્ર પક્ષ આ દિશાએ વિકસવામાં નિષ્ફળ નીવડશે તો તેની આજના સમય સાથે કોઈ સંવાદિતા નહિ રહે અને પોતાનું ભાવી પોતાના હાથે જ જોખમાવશે. જો આ દિશાએ આગળ વધવામાં સફળ નીવડશે તો તેનું ભાવી ઘણું ભારે ઉજ્જવળ હશે. ભારતમાં જામતા જતા એકહથ્થુ સત્તાવાદના પરિબળોનો સામનો કરવા માટે આગેવાનોમાં મીશીનરીની ધુન અને કાર્યતત્પરતા અપેક્ષિત રહેશે. હિંદી રાજકારણમાં જે ખાલીપણું પુરાવાની જરૂર છે તે કેટલા અંશે સ્વતંત્ર પક્ષ પુરી શકે છે અને સમયની માંગને કેવી રીતે પહોંચી વળે છે તે ઇતિહાસજ્ઞો માટે ભારે રસપ્રદ દૃશ્ય બનશે.

મૂળ અંગ્રેજી : કે. ડી. દેસાઇ

અનુવાદક : પરમાનંદ

ઉપાસ્ય કિશોરલાલભાઈ

(ચાલુ સપ્ટેમ્બર માસની નવમી તારીખે ચિન્તનમૂર્તિ સ્વ. કિશોરલાલભાઇની મૃત્યુતિથિ આવે છે એ લક્ષ્યમાં રાખીને કિશોરલાલભાઇના ભવ્ય વ્યકિતત્વની કાંઇક ઝાંખી કરાવતો અંજલિ–પ્રદાનના ભાવથી પ્રેરાયલો–માંડલવાસી શ્રી. રતિલાલ મફાભાઇ શાહનો–લેખ નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

આ દુનિયામાં રોજ લાખો જન્મે છે, લાખો મરે છે ને બીજે દિવસે એ ભૂલાય છે, પણ કેટલાક એવી વિશિષ્ઠ શકિત ધરાવતા હોય છે, જગત પર એમનો એટલો ઉપકાર હોય છે કે એ મરવા છતાંય પોતાની પાછળ સુવાસ પાથરી યુગો સુધી માનવ-જાતને પ્રેરણા આપતા રહે છે. કિશોરલાલભાઇ એવાઓમાંના એક હતા, જેઓ ૬–૯–૫૨ના રોજ આ દુનિયા છોડી ગયા છે. વળી એમનું એ સદ્‌ભાગ્ય હતું કે હજારો વર્ષને અંતે પાકેલા યુગ-પુરૂષની ટોળીના એ સભ્ય પણ હતા. જ્યારે કોઇ પણ યુગપુરૂષ પોતાનું અવતારકાર્ય કરવા જગત પર ઉતરે છે ત્યારે એ પોતાના સાથીઓને સાથે લઇને જ અવતરે છે. ભારતમાં છેલ્લા થોડા દાયકાઓમાં ભિન્ન ભિન્ન ક્ષેત્રે જે જે વિભૂતિઓ જન્મી છે એ બહુમુખી પ્રતિભાવાળા યુગપુરૂષ ગાંધીજીના અવતાર કાર્યને વેગ આપનારા સાથીઓ જ હતા એમ કહી શકાય. પણ અહિંસા અને સત્યનો અમર સંદેશ આપનાર ભારતની પ્રાચીન ઋષિપરંપરાના પ્રતિનિધિરૂપ એ યુગપુરૂષની આધ્યાત્મિક બાજુના ઉજ્જવળ વારસ-દારો તો મહાદેવભાઇ, વિનોબાજી અને કિશોરલાલભાઇની બનેલી ત્રિપુટી જ ગણાશે, જેમનું સ્થાન ગાંધીપરંપરામાં હંમેશને માટે કોઇ અનોખું જ રહેવાનું. જ્ઞાન, ભકિત અને કર્મના વિવિધ માર્ગે પ્રગટ થતા ભારતીય આત્માના પ્રતિનિધિરૂપ એમનું જીવન જ્ઞાન–ભકિત–કર્મના ત્રિવેણી સંગમરૂપ હતું. આમ છતાં મહાદેવભાઇ બાપુની પ્રતિચ્છાયા રૂપ બની રહેવાથી કર્મયોગીનું જીવન જીવ્યા અને વિનોબાજી બાપુના જીવનસિધ્ધાંતોને બાપુજીના જેટલી જ નિષ્ઠાથી આત્મસાત્ કરવા સાથે આજના ભારતની સમસ્યા હલ કરવા ભૂદાનનો કાર્યક્રમ દેશને આપી કર્મયોગી બન્યા છે, એમ છતાં એમની મૂળપ્રકૃતિ એક ભકતની જ છે, જ્યારે કિશોરલાલ-ભાઇએ બાપુજીના નિર્વાણ પછી એમની એકેએક પ્રવૃત્તિના ચોકી-દાર બની કેળવણીકાર, સમાજસુધારક, તત્ત્વચિન્તક, લેખક તથા વર્તમાન પત્રકાર ઉપરાંત રાજવહીવટ તથા જીવનના ભિન્ન ભિન્ન ક્ષેત્રોના સમીક્ષક તરીકે બહુમુખી શકિતઓ બતાવી છે, એમ છતાં પ્રકૃતિથી એમને જ્ઞાનયોગ જ વરેલો હતો. અને ભવિષ્યની પ્રજા પણ એમને જ્ઞાની વિચારક અને તત્ત્વચિંતક–તરીકે જ વધુ ઓળખશે.

કોઇ પણ વિભૂતિને જગત એની હયાતીમાં ઓળખતું નથી. લાંબા કાળ પછી જ એ ઓળખાય છે. કારણ કે આપણી દૃષ્ટિ હંમેશા ભૂતકાળ પર જ મંડાયેલી હોય છે. એથી 'उत्तरोत्तर ऋषीणाम् प्रामाण्यम्'ની જેમ પૂર્વકાળના ઋષિમુનિઓથીયે વધુ પ્રમાણિત અને શ્રેષ્ઠ એવી વ્યકિતઓ આપણી નજર સમક્ષ વિદ્યમાન હોવા છતાંય આપણે એમને ઓળખી શકતા નથી. ઉલટું જુની માન્ય-તાઓને કારણે આપણે એમનો વિરોધ કે તિરસ્કાર પણ કરીએ છીએ. છતાં આપણું એટલું સદ્‌ભાગ્ય કે મોડા મોડા પણ આપ-ણામાનાં થોડા ઘણા એમને બુદ્ધની કોટિના પુરૂષ તરીકે ઓળખી શકયા. અને ભવિષ્યની પ્રજા તો જ્યાં સુધી એમના 'જીવન શોધન' 'કેળવણીના પાયા' 'ધર્મ અને સંસાર' તથા 'સમૂણીક્રાન્તિ' જેવા તત્ત્વગ્રંથો વિદ્યમાન રહેશે ત્યાં સુધી એના અભ્યાસ–વાચનથી મંત્રમુગ્ધ બની એમના યુગમાં જીવવા માટે આપણી ખરેખર ઇર્ષ્યા જ કરશે.

કિશોરલાલભાઇ ગાંધી તત્ત્વજ્ઞાનના હાર્દ હતા, ભાષ્યકાર હતા, મૌલિક શાસ્ત્રકાર હતા. અને વિનોબાજી કે મહાદેવભાઇની જેમ એક નમ્ર અનુયાયી તરીકે એ ગાંધીજીમાં સમાઈ ગયા હતા. આમ છતાં એમનું વિરલ વ્યકિતત્વ પોતાનું હતું, સ્વતંત્ર હતું. એવી કોઇ વિશિષ્ટ પ્રતિભા પાથરતું એમનું વ્યકિતત્વ ઘણીવાર જુદું તરી આવતું.

એમની સફળતાની ચાવી પૂર્વગ્રહથી મુકત સ્વતંત્ર વિચારણા અને સત્યની ખોજ માટેની વ્યાકૂળતામાં હતી. એથી કોઇ પણ પરંપરાગત માન્યતા કે ધર્મશાસ્ત્રસંમત વાતને વળગી રહેવાની કે એને સિદ્ધ કરવાની નહી, પણ નિષ્પક્ષપાતપણે સંશોધન દૃષ્ટિથી વસ્તુને તપાસવાની અને સત્યની કસોટીએ ચડાવ્યા બાદ જો એ પાર ઉતરે તો જ એને સ્વીકારવાની એમની એક વિશિષ્ઠ ખાસી-યત હતી. અને એથી એ કસોટીએ કસતાં જ્યાં એમને સ્પષ્ટ દોષ દેખાતો ત્યાં–ભલે પછી એ નરસિંહ કે મીરાં જેવા સાચા ભકતો હોય, વ્યાસ કે શંકર જેવા શાસ્ત્રોના રચયિતા હોય, બુધ્ધ કે મહાવીર જેવા સંતો હોય અને રામ કે કૃષ્ણ જેવા અવતારી પુરૂષો હોય–એમના પ્રત્યેની આદર કે પૂજ્ય બુદ્ધિમાં કિંચિત માત્ર પણ ઉણપ ન આવવા દેવા છતાંય–એમના દોષો કે અપૂર્ણતા બતાવવામાં એ કદિ અચકાયા નથી. ખુદ પોતાના જ આદરણીય ગુરૂ ગાંધીજીનાં મન્તવ્યો સામે પણ એમણે કેટલીયે વાર એજ કસોટીએ ચડી વિરોધ ઉઠાવેલો. એમણે બતાવેલી આવી અસાધા-રણ નૈતિક હિંમત એ એમના સ્પષ્ટ જાતઅનુભવ અને પ્રગટેલી આંતરપ્રજ્ઞાને જ આભારી હતી. એથી બાપુજી પણ એમનાં મન્તવ્યો પર ખૂબ જ વજન મૂકતા અને મતભેદમાંથી, સમાન ભૂમિકા હાથ ન લાગે ત્યાં સુધી ઘણાં કાર્યો એ શરૂ પણ ન કરતા. કિશોરભાઇના આવા વિશિષ્ઠ વ્યકિતત્વને કારણે એ ગાંધી-જીના મિત્ર અને સલાહકાર પણ હતા.

આમ પોતાને થયેલા જાતઅનુભવ અને સ્પષ્ટ દર્શન છતાંય એ પોતાના વિચારો કોઇ પણ ઉપર પરાણે ઠોકી બેસાડતા નહી. એમની રજુઆત કરવાની કળા જ એવી હતી કે મોટે ભાગે એ પૃથકરણ દ્વારા હકીકતો જ પુરી પાડતા–વૈજ્ઞાનિક ઢબે ક્રમબદ્ધ વિચારો મૂકતા અને પછી આખરી નિર્ણય ઘણું ખરૂં વાચકોના હાથમાં જ સોંપી દેતા.

એમની સત્યાસત્ય નિર્ણયકારિણી બુધ્ધિ–વિવેકદૃષ્ટિ નિર્મળ હતી. વસ્તુને ઉકેલવાની પારદર્શી બુધ્ધિ સતેજ હતી. અને વિચારણા પૂર્વગ્રહથી મુકત–સર્વાંશે સ્વતંત્ર હતી. એથી તેઓ વસ્તુનું પૃથકરણ બહુ જ સ્પષ્ટ રીતે કરી શકતા. આવા સૂક્ષ્મ પૃથક્કરણથી ધર્મની પરંપરાગત માન્યતામાં એમને અનેક ભૂલ–ભરેલી કલ્પનાઓ અને દોષો જણાયા હતા. અને આમાંથી જ એમને ધર્મના સંશોધનનો તથા ધર્મના હાર્દને સમજવાનો અને એને પકડવાનો વિચાર આવેલો, કે જેના પરિણામે એ જે મૌલિક સંશોધન કરી શકયા છે, એ એમના 'જીવન શોધન' અને 'સમૂણી ક્રાંતિ' જેવાં પુસ્તકો વાંચવાથી સમજી શકાય છે. યુગોથી ચાલી આવેલી પંચ મહાભૂતોની માન્યતા સામે એમણે રજુ કરેલો જ મહાભૂતોનો સિદ્ધાંત એટલી વૈજ્ઞાનિક રીતે રજુ કરી સમજાવ્યો છે કે ઘડીભર આપણને એમજ થાય કે આટઆટલા સંતો, ભકતો, શાસ્ત્રકારો, તત્વજ્ઞો કે જ્ઞાનીઓ પેદા થવા છતાંય આજ સુધી આ સંશોધન તરફ કોઇનું ય ધ્યાન કેમ નહી દોરાયું હોય!

યોગ તથા સાંખ્ય વિચારણામાં સૂચવેલા સુધારા તથા આજ સુધી જે વસ્તુનો કદી કોઇ પણ ઠેકાણે વિચાર પણ થયો નથી એવી વાતો રજુ કરી જે રીતે એમણે એ વિષયો મૌલિક રીતે ચર્ચ્યા છે એથી ખરેખર એમ જ માનવું પડે છે કે આ યુગમાં પેદા થયેલા કિશોરલાલભાઇ એ કોઇ પ્રાચીન ઋષિપરંપરાનો જ જીવ હતો. નહિ તો એ આવું મૌલિક સંશોધન કરી આવા સ્પષ્ટ વિચારો આપી જ ન શકયા હોત. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો હિંદુધર્મ ઇતિહાસ, સત્ય અને કલ્પનાઓનું મીશ્રણ છે. એમાંથી સત્ય તારવી એની સાધના કરવા એ આપણું ધ્યેય છે. આમ કહેવા છતાંય મહાત્મા ગાંધીજીએ તથા શ્રી વિનોબાજીએ એક બાજુ પરમ વિશુધ્ધ તત્ત્વ અને બીજી બાજુ પ્રવર્તતી લૌકિક બાલમાન્યતાઓ બન્નેને એક રૂપે ઘટાવવાના જે પ્રયત્નો કર્યા છે અને એથી જે ગુંચવાડો અને એમાંથી ઉભી થતી ભ્રામક કલ્પનાઓ કે ભૂલભરેલી માન્યતાઓ ચાલી આવે છે એનું નિરસન થયું નથી, પણ ઉલટું એમાં વધારો થયો છે. જ્યારે કેવળ સત્યનો જ આગ્રહ રાખનારા શ્રી કિશોરલાલભાઇએ એક માત્ર પરમ તત્ત્વને જ પ્રાધાન્ય આપી એમાંથી પેદા થયેલી ભ્રામક કલ્પનાઓ, ભૂલભરેલા વિચારો કે ઉત્પન્ન થતા વહેમોને વખોડી કાઢી વસ્તુના હાર્દને સમજાવવા બહુ સ્પષ્ટ વિચારો આપેલા છે, જે સહેલાઇથી ગળે ઉતરી જાય છે. આ બાબત એમની ઊંડી પ્રજ્ઞા અને સ્પષ્ટ જ્ઞાતઅનુભવ કેવો હશે એનો સુંદર ખ્યાલ આવી જાય છે.

આકોલામાં વકીલ તરીકે જીવનની શરૂઆત કરી એમણે ત્યાં ભારે પ્રતિષ્ઠા મેળવી હતી. પણ એનો ઉંડાણમાં સૂતેલો યોગી આત્મા પોતાને પ્રગટવા માટે યોગ્ય તકની રાહ જોતો સળવળી રહ્યો હતો. સાબરમતી આશ્રમની સ્થાપના કર્યા બાદ ત્યારના કર્મવીર ગાંધીજીએ આ સમયે કચ્છમાં કિસાનો માટે ચંપારણમાં સત્યાગ્રહની લડત ઉપાડી અને એ યોગી જીવે તરતજ ધંધો સમેટી ગાંધીજીના ચરણે ઝુકાવ્યું. શરીર અત્યંત દુર્બળ હોઇ ગાંધીજીએ એમને ચંપારણમાંથી તરતજ આશ્રમમાં રવાના કરી દીધા, જ્યાં એમણે અહિંસાની સાધના અર્થે આશ્રમ-જીવન જીવવું શરૂ કર્યું. ગાંધીજીને એ પિતાતુલ્ય માનતા હતા, છતાં કદી પણ એમણે એમને ગુરૂ તરીકે સ્વીકાર્યા નહોતા. એમની અહિંસાસાધના બાપુજીની સાધના સાથે સમાંતર રૂપે ચાલતી હતી. આવું એમનું સ્વતંત્ર વ્યક્તિત્વ હતું. આ કારણે ગાંધી સેવા સંઘના એ ઘણો વખત પ્રમુખ રહેલા.

આશ્રમમાં આવ્યા ત્યારે તેઓ ચુસ્ત સ્વામીનારાયણ હતા અને સ્વામીનારાયણીય સિધ્ધાંતો અપનાવ્યા સિવાય ભારતનો ઉધ્ધાર થવાનો નથી એવી એમની માન્યતા હતી. પણ શ્રી કેદારનાથજી સાથેના નિકટ પરિચયના પરિણામે એમને વસ્તુને સ્વતંત્ર રીતે જોવાની અને વિચારવાની દૃષ્ટિ પ્રાપ્ત થઇ હતી, જેથી એ હરેક વસ્તુને નવેસરથી પૂર્વગ્રહરહિત વિચારતા થયા હતા, જેના પરિણામે જ એ તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં અણમોલ ફાળો પુરાવી ગયા છે.

શરીર નબળું અને દમિયલ હતું. દમનો હુમલો થાય ત્યારે એ ભારે પીડા ભોગવી અર્ધબેભાન જેવા બની જતા, પણ જ્યારે આરામ થાય કે તરત જ એમનું કાર્ય શરૂ થયું જ હોય. ન મળે મુખ પર કોઇ વિષાદની છાયા કે પીડાની અસર, મુખ પર ફરી એજ પ્રસન્નતા અને ઝળકતું હાસ્ય.

વિનોબાજીના શબ્દોમાં કહીએ તો એ બુદ્ધ કોટિના સંત હતા, તત્ત્વયોગી હતા. જેમ મહાવીરને ગૌતમ અને બુદ્ધને આનંદ તેમ એ ગાંધીજીના ગણધર-પટ્ટશિષ્ય હતા. ગાંધી-તત્ત્વજ્ઞાનના મહાન ભાષ્યકાર હતા. ખુદ ગાંધીજી પણ પોતાને સૂઝેલાં સત્યો જે ઝટ સમજાવી શકતા નહિ કે ગળે ઉતરાવી શકતા નહિ એ સમજાવવાનું અને વિશ્લેષણપૂર્વક એની યોગ્યતા-મહત્તા સિદ્ધ કરવાનું કામ મોટે ભાગે કિશોરલાલભાઇને માથે જ આવતું ને એમાં એમની સુક્ષ્મ બુધ્ધિ અને વિચારનું ઉંડાણ જણાઇ આવતું. 'ગાંધી તત્વદોહન' એ ગાંધીજીના વિચારોનું એમણે કરેલું ભાષ્ય ખુદ ગાંધીજીએ પણ પ્રશંસ્યું છે અને પોતાના વિચારોને લોકભાષામાં સરલ રીતે મૂકવા માટે એમણે એમના મુકતકંઠે વખાણ કર્યા છે.

યુગપુરૂષ ગાંધીજીના અનુયાયી, સાથી અને સલાહકાર હોવા ઉપરાંત એક ચિંતક, લેખક, તત્ત્વજ્ઞ, સંશોધક અને ભિન્નભિન્ન ક્ષેત્રોના સમીક્ષક હોવા જેટલી બહુમુખી પ્રતિભા ધરાવવા છતાં બહારથી એ નમ્ર, નિરાડંબર, સાદા અને અદના માણસ પ્રત્યે પણ સમરસ બનવા જેટલા સરળ હતા.

૧૯૩૧ માં હું એમને પ્રથમ મુંબઇ વિલેપાર્લે રાષ્ટ્રીયશાળામાં મળેલો. હું ત્યાં પહોંચ્યો ત્યારે ૫-૬ પ્રતિભાશાળી વિદ્વાનો ત્યાં ચર્ચા કરી રહ્યા હતા, જેથી એમાં કિશોરલાલભાઇ કોણ હશે એવા વિચારથી મુંઝાતો હું ઉભો રહ્યો. ઘરના એક ખુણે કોઇ એક સામાન્ય જેવી દેખાતી વ્યક્તિ રેંટિયો કાંતતી હતી, જે મારી મુંઝવણ પામી જઇ સહાનુભૂતિભરી દૃષ્ટિથી મને પાસે બોલાવવા મારી આંખ સામે આંખ મિલાવ્યા કરતી હતી. પણ મારે તો કિશોરલાલભાઇનું કામ હતું, એ ભાઇનું દર્શન હોતું, જેથી દૃષ્ટિ પાછી ખેંચી લઇ વિદ્વાનો તરફ હું મીટ માંડતો અને એમાં કિશોરલાલભાઇ કોણ હશે એ શોધવા મેં મારી તર્ક-બુધ્ધિ લડાવવા માંડી હતી. પણ છેવટે થાકી, લાચાર બની એ રેંટીયો કાંતનાર ભાઇની સહાય મેળવવા એમની પાસે જઇ બેઠો અને પૂછયું કે 'હેં ભાઇ, આમાં કિશોરલાલભાઇ કોણ?' જવાબ મળ્યો કે 'તમારે શું કામ છે, ભાઇ!' મેં જણાવ્યું કે 'મારે એમને મળવું છે, કેટલાક પ્રશ્નો કરવા છે.' 'કહો! શા છે તમારા પ્રશ્નો?' એમ એમણે જવાબ આપ્યો. મેં તરત જ સંભળાવ્યું કે "એ તમારે લાયકના પ્રશ્નો નથી. કિશોરલાલભાઇ મને ઓળખાવો એટલે બસ, આમાં કિશોરલાલભાઇ કોણ?"

ત્યારે એમણે બહુ ધીરે અને નમ્રતાથી એકાક્ષરી મંત્ર જેવો જવાબ વાળ્યો કે 'હું', 'હું.' સાંભળતાં જ હું શરમ, શંકા અને આશ્ચર્યની ત્રિવિધ લાગણીઓથી મુંઝાઇ ગયો. ઘડિભર તો મારી બનાવટ તો નહી થતી હોયને એવી શંકા ઉદ્ભવી. પણ જ્યારે મેં પ્રશ્ન મૂક્યો અને એમની ચિંતન અને વિદ્વતાભરી અમૃતવાણીનો પ્રવાહ વહેવા માંડયો ત્યારે શરમ અને આશ્ચર્યથી હું એમની ક્ષમા માગતો હોઉં તેમ એમને જોઈ રહ્યો. સાક્ષાત્ જ્ઞાનમૂર્તિ, પણ મુખ પર બહારથી જોનારને એવું કશું જ ન લાગે.

અડધા કલાકેકની વાત પછી એમણે મને વિદ્વાનોની ઓળખ આપીને મારા ઉતારા તથા ભોજન સંબંધી ચિંતા વ્યક્ત કરી. એમણે મને પોતાને ત્યાં રહેવા-તથા જમવાનો ખૂબ આગ્રહ કર્યો. ને મેં ઇન્કાર કર્યા પછી જ્યારે જવાની એમની આજ્ઞા માગી ત્યારે ઝાંપા સુધી એ જાતે મને વળાવવા આવેલા. મારા જેવા ગામડાના એક સામાન્ય શિક્ષક સાથે તેમજ હું ત્યાં રહ્યો તે દરમ્યાન નાનામાં નાના નોકરવર્ગ સાથે પણ સમરસ બનવા જેટલી એમની આત્મીય વૃત્તિ જોઇ મારૂં મસ્તક એમને નમી પડેલું.

આવી એક મહાન જ્ઞાનશકિતને આથમી ગયાને સાત આઠ વર્ષનાં વહાણાં વાઈ ગયા, છતાં નથી આપણે એમની પવિત્ર સ્મૃતિ અર્થે કોઇ સ્મારક ઉભું કરી શકયા, નથી એમની મૃત્યુતિથિ ઉજવી શકતા કે નથી એ દિવસે વર્તમાનપત્રો એમની મૃત્યુનોંધ પણ લઇ શકતા. આપણા માટે આ ભારે શરમની વાત ગણાય. આગામી નવમી તારીખે આવતી એમની મૃત્યુસંવત્સરીના દિને એમને અંજલિ આપી આપણે કંઇક કૃતકૃત્ય થઇએ એવી અભિલાષા!

રતિલાલ મફાભાઇ શાહ

કેરલ પ્રકરણમાંથી ઉભો થતો પાયાનો પ્રશ્ન

(દિલ્હીની રાજ્યસભામાં કેન્દ્રે કેરલમાં કરેલી દરમિયાનગીરી અંગે તા. ૨૫-૮-૫૯ના રોજ ઉગ્ર ચર્ચા થઇ હતી. આ ચર્ચા દરમિયાન મહામાત્ય પં. નેહરૂએ આપણી આજની લોકશાહી રચના સાથે સામ્યવાદી પક્ષનો મેળ બેસી શકે કે કેમ એ પાયાના પ્રશ્નનું ભારે વિશદ અને વિચારપ્રેરક પૃથક્કરણ કર્યું હતું. પં. નહેરૂના એ વ્યાખ્યાનમાંથી આ પ્રશ્નની ચર્ચા પૂરતો ભાગ સંકલિત કરીને નીચે આપવામાં આવે છે.

તંત્રી)

સામ્યવાદી પક્ષ સાથે કામ કરતાં આપણી સામે જે મુશ્કેલી આવીને ઉભી રહે છે તે પાયાની મુશ્કેલી છે, તે મુશ્કેલી આ પ્રકારની છે: સામ્યવાદી પક્ષ જે રાષ્ટ્રીય પક્ષથી કાંઇક વધારે છે– આ શબ્દો સામ્યવાદી પક્ષ પ્રત્યે અવમાનના દર્શાવવા માટે કે તેની ઉપર કોઇ કટાક્ષ કરવાના હેતુથી હું વાપરતો નથી, પણ માત્ર વસ્તુસ્થિતિનું ઉચિત પૃથક્કરણ કરવાના આશયથી વાપરું છું– અને જે પક્ષ પોતાની વિચારણા અને આચરણ માટે રાષ્ટ્રગત અને આન્તરિક તત્ત્વો ઉપર આધાર રાખતો નથી, પણ રાષ્ટ્રવાદથી પર એવા બહિર્ગત તત્ત્વો ઉપર આધાર રાખે છે–આ પ્રકારનો પક્ષ કેટલે સુધી ભારતના બીજા પક્ષો અને રાજદ્વારી મંડળો સાથે અને ભારતમાં પ્રવર્તતી પરિસ્થિતિ સાથે બંધ બેસતો થઇ શકે ?

સામ્યવાદી પક્ષમાં અને તેની માન્યતામાં પુષ્કળ અક્કડતા (rigidity) હોવા છતાં ઇતિહાસે તેમને શિખવ્યું હોવું જોઇએ કે, બધી અક્કડતાઓ સમય જતાં ઓસરવા માંડે છે અને આ પરિવર્તનશીલ દુનિયામાં જડબેસલાટ લાગતી તાત્ત્વિક વિચારસરણીઓ પણ પોતાની કટ્ટરતા છોડતી આવી છે, અને તે રીતે સામ્યવાદી માન્યતાઓની ચોગઠાબંધીમાં પણ ધીમે ધીમે સરળતા, રૂજુતા અને વ્યવહારદક્ષતા આવ્યા વિના નહિ રહે એવી હું આશા સેવતો હતો.

સામ્યવાદની આર્થિક વિચારણા સંબંધમાં મારા પૂરતું હું એમ કહી શકું છું કે, તેનાં મૂળ સિદ્ધાન્ત ઉપરનાં ભાષ્યો સાથે હું સંપૂર્ણપણે મળતો થતો નથી. એમ છતાં પણ તે સામે મારો કોઇ કટ્ટર વિરોધ કે શત્રુતા નથી. એટલું જ મારે જણાવવું જોઇએ કે દુનિયાના ફરતા જતા સંયોગોએ, તથા ઉત્પાદનના ક્ષેત્રમાં ટેક્નોલોજીએ સાધેલી અદ્‌ભુત પ્રગતિએ અને આવી બીજી અનેક ઐતિહાસિક ઘટનાઓએ ૫૦ કે ૬૦ વર્ષ પહેલાં સામ્યવાદના પ્રણેતાઓએ જે આગાહી કરી હતી તેને આજે ખોટી પાડી છે.

પણ આપણી સામે તો આવીને અથડાય છે તે સામ્યવાદીઓની અર્થકારણને લગતી માન્યતા નથી–તે આપણે પસંદ કરીએ યા ન કરીએ તે જુદી બાબત છે–પણ સામ્યવાદી પક્ષ સાથે સંકળાયલી કાર્યપધ્ધતિ–technique of action–છે, અને આ એ કાર્યપદ્ધતિ છે કે જે આ દુનિયામાં આજની લોકશાહીનો કોઇ ઠેકાણે જન્મ થયો નહોતો ત્યારે ઘડવામાં આવી હતી. આ જાતની કાર્યપદ્ધાત સિવાય એ સમયે બીજો કોઇ માર્ગ નહોતો એમ કહેવાની સ્થિતિમાં હું નથી. પણ આ કાર્યપદ્ધતિનાં તત્ત્વો સામ્યવાદી પક્ષના અનુયાયીઓના મગજમાં એટલા બધા જડબેસલાટ બેઠેલાં છે કે સંયોગો તદ્દન ભિન્ન હોય, દુનિયા બદલાયલી હોય, અથવા તો અમુક દેશના સંયોગો બીજા દેશના સંયોગો કરતાં તદ્દન જુદા હોય તો પણ પહેલાના વિચાર અને આચારના અમુક ચોગઠામાંથી તેઓ નીકળી શકતા જ નથી. અને તેમના આર્થિક સિધ્ધાન્તો નહિ પણ તેમની આ કાર્યપધ્ધતિ જ અનેક મુશ્કેલીઓ અને આફતો પેદા કરે છે.

સત્તા કબજે કરવાની વૃત્તિથી પ્રેરાઇને અને સંઘર્ષમાંથી પોતાને અનુકુળ એવું કંઇ ને કંઇ ઉભું થશે એવી આશાપૂર્વક સંઘર્ષોને વધારે ને વધારે ઉત્તેજવાની તેમની નીતિ અને કાર્યપદ્ધતિ અનેક મુશ્કેલીઓ ઉભી કરે છે. આ દુનિયામાં પાર વિનાનાં સંઘર્ષો અને અથડામણો છે. પણ શું એનો એ અર્થ છે કે જ્યાં સુધી એક યા બીજો વર્ગ તદ્દન નાબુદ ન થાય ત્યાં સુધી આ ઘર્ષણો અને અથડામણો વધાર્યે જ જવી ? સંઘર્ષોનું નિરાકરણ કરવા અને વર્ગભેદો મીટાવવાના અનેક રસ્તાઓ છે. હકીકતમાં એ વિચિત્ર લાગશે કે આજે મુડીવાદી રાષ્ટ્રો પણ વર્ગવિહીન સમાજની પરિભાષામાં વિચાર કરી રહ્યા છે.

આજની દુનિયા ઉપર નથી પ્રભુત્વ મુડીવાદનું કે નથી પ્રભુત્વ સામ્યવાદનું. પણ આજે પ્રભુત્વ વર્તે છે આધુનિક વિચારોનું કે જેનું સોવિયટ યુનિયન અને યુનાઇટેડ સ્ટેટ્સ ઉપર શાસન ચાલી રહ્યું છે અને જે તે બન્નેને મુડીવાદ કે સામ્યવાદની બધી વિચારસરણીઓ કરતાં વધારે નજીક લાવી રહેલ છે.

આજે એવા યુગમાં આપણે વસીએ છીએ કે જે જોતજોતામાં આપણી સામેથી સરી રહ્યો છે, અને એમ છતાં, સામ્યવાદી પક્ષના આપણા મિત્રો ઉત્કૃષ્ટ ભાવનાઓથી પ્રેરાયલા હોવા છતાં આગળની સાંકડી વિચારશ્રેણીમાં પૂરાઇ રહ્યા છે, અને અન્ય દેશમાં અન્ય સંયોગોમાં જે કાંઇ બન્યું છે તેની પરિભાષામાં જ પોતાના સર્વ કાર્યનો વિચાર કરે છે. બુદ્ધિશાળી દેખાતા આ લોકો વાદવિવાદના ચક્રાવામાં કેવા ગુંચવાયલા રહે છે અને સતત ઉશ્કેરાટની મનોદશાના કેવા ભોગ બને છે એ જોઇને હું ઘણીવાર આશ્ચર્ય–ચકિત બનું છું. સ્વાભાવિક રીતે તેઓ ખોટા રસ્તે વળે છે. અને તેઓ ખોટા માર્ગે વળે છે એટલું જ નહિ પણ, તેઓ ભારતના ભૂમિતળને સ્પર્શતા નથી, અને તેમના માનસિક તેમ જ વૈચારિક સંપર્ક બહારની દુનિયા સાથે હોઇને તેમને સહેલાઇથી ઠેકાણે લાવી શકાતા નથી. આ ખરી મુશ્કેલી છે.

મને યાદ છે કે આઝાદી મળ્યાં બાદ વર્ષો સુધી હિંદનો સામ્યવાદી પક્ષ એમ બોલતો રહ્યો હતો કે ભારત સ્વતંત્ર નથી બન્યું. જેને હું ચોગઠાબંધી વિચારણા કહું છું તેનો આ પુરાવો છે. તેમની ચોકઠાબંધીને હકીકતો સાથે કોઇ નિસબત હોતી નથી. કારણ કે તેઓ 'આઝાદી' શબ્દનો અમુક સંદર્ભમાં અમુક અર્થ જ વિચારવાનું શિખેલા હોય છે. તેઓ તેને 'લીબરેશન'– મુક્તિ–કહે છે અને તેથી વર્ષો સુધી તેઓ એમ પ્રમાણિકપણે સ્વીકારવાને તૈયાર નહોતા કે ભારત આઝાદ બન્યું છે. મને લાગે છે કે કેરલની રાજ્યધુરા હાથમાં લીધા બાદ સૌથી પહેલી વાત તેમણે એ અથવા એવી કાંઇક ઉચ્ચારી હતી કે કેરલને તેમણે મુક્ત કર્યું છે.

(અહીં સામ્યવાદી સભ્યોએ પોકાર કર્યો કે 'આ તદ્દન ખોટું છે' સાંભળીને નહેરૂ આગળ વધ્યા કે) વારૂ, એ કદાચ એમ નહિ હોય તો પણ કેરલની નવી સરકારને 'પહેલી લોકોની સરકાર' તરીકે તેમણે જરૂર ઓળખાવી હતી–આટલું તો હું ખાત્રીપૂર્વક કહી શકું તેમ છે. આથી કોઇ મહત્વનો તફાવત પડતો નથી. પણ હું તો તેમનું મન કેમ કામ કરી રહ્યું કે જેના આધારે તેમની કાર્યવાહી ઘડાતી રહી છે તે સમજવાનો પ્રયત્ન કરૂં છું. ઉપર જણાવ્યું તેનો અર્થ એ થયો કે આ સામ્યવાદી તંત્રના સૂત્રધારો એજ 'લોકો' છે, 'પીપલ'–છે. સામ્યવાદી પક્ષ, તેના અનુયાયીઓ અને તેનું અનુમોદન કરનારા લોકો–આટલા જ માત્ર 'લોકો' છે. બીજા તેથી કાંઇકે ઉણા છે. એ તો જુની કહેવત છે કે "સર્વ કોઇ સમાન છે પણ અમુક બીજા કરતાં વધારે સમાન છે." અને તેમના શાસનના પ્રથમ દિવસથી શું શું બનવા માંડ્યું તે તમે આ રીતે વિચારતાં સહેલાઇથી સમજી શકશો.

ધીમે ધીમે કેરલમાં એ પરિસ્થિતિ ઉભી થઇ કે એક બાજુએ સરકાર અને તેના ટેકેદારો અને બીજી બાજુએ બાકીના બધા– એમ બે વિભાગમાં કેરલની આખી પ્રજા વહેંચાઇ ગઇ. આ એક અસાધારણ પરિસ્થિતિ કહેવાય, જેમાંથી પાયાનો પ્રશ્ન ઉભો થાય છે કે દેશમાં લોકશાહીના માર્ગે ચાલવાનું સામ્યવાદી પક્ષ માટે કયાં સુધી શક્ય છે ?

લોકશાહીની મારી કલ્પનાનો એટલો જ અર્થ નથી કે તે માત્ર બહુમતી ધરાવતા પક્ષનું રાજ્ય હોવું જોઇએ. લોકશાહીનું અવશ્ય આ એક મહત્વનું અંગ છે જ. પણ સાથે સાથે સાચી લોકશાહીમાં એ અપેક્ષિત છે કે બહુમતી ધરાવતા પક્ષે લઘુમતી ધરાવતો પક્ષ શું ધારે છે, વિચારે છે તેનો હંમેશા ખ્યાલ રાખવો જ જોઇએ, અને લઘુમતી ધરાવતા પક્ષે પણ એ બરોબર સ્વીકારવું જોઇએ કે રાજ્યની જવાબદારી તો બહુમતી ધરાવતા પક્ષે જ વહન કરવાની છે. આપણા દેશમાં બૌદ્ધિક, માનસિક– બધી રીતે–સર્વત્ર આ પ્રકારનો વિશાળ અભિગમ કેળવાવો જોઇએ એમ હું ઇચ્છું છું.

ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરતાં મને એમ લાગે છે કે કેરલમાં એક પાયાનો પ્રશ્ન ઉભો થયો છે અને તે એ છે કે આપણી લોકશાહી રચનામાં સામ્યવાદી રાજ્યતંત્ર બંધબેસતું થઇ શકે કે કેમ? આ પ્રશ્નનો હજુ સુધી નિકાલ આવ્યો નથી કે ઉકેલ શોધાયો નથી, હું એ બાબતનો ઇનકાર કરતો નથી– એવો ઇનકાર કરવાને હું તૈયાર નથી–કે બીજી બાજુના એટલે કે સામ્યવાદી તંત્રના વિરોધી પક્ષના લોકોનો પણ અમુક અંશે દોષ હોવો જોઇએ. મને લાગે છે કે કેરલમાં વિરોધ પક્ષ શરૂઆતથી જ અસહકારનું વલણ ધારણ કરીને બેઠો હતો. આથી અન્ય પ્રકારનું વલણ ઉપયોગી થઇ શકયું હોત કે કેમ એ વિષે હું કશું કહી શકું તેમ નથી. પણ એટલું હું ચોકકસપણે માનું છું કે ધારાસભા કે જ્યાં જો કે સરકાર અને વિરોધ પક્ષ એકમેકનો વિરોધ કરતા હોય છે એમ છતાં પણ ત્યાં આ વિરોધ પરસ્પર અમુક પ્રકારના સહકાર ઉપર આધારિત બનવો જોઇએ. કેરલમાં ઉભા થયેલા વિરોધ પક્ષનું આવું દૃષ્ટિબિન્દુ હતું એમ હું નથી ધારતો. પણ એ પાયાની હકીકત છે કે કેરલની સામ્યવાદી સરકારને પણ આપણા લોકશાહી ચોગઠામાં ગોઠવાવું અતિ મુસ્કેલ માલુમ પડયું હતું.

ગૃહપ્રધાનની ફાઇલમાં કેરલમાં જે બની રહ્યું હતું તેને લગતા ઢગલાબંધ કાગળો એકઠા થયા હતા. અને અમને બીજા રાજ્યોમાંથી પણ ભાતભાતના કાગળો મળતા હોય છે. પણ અહિં કેરલમાં એવું કાંઇક બની રહ્યું હતું કે જે ચાલુ જે કાંઇ બને છે તેથી તદ્દન જુદા જ પ્રકારનું હતું અને આ કાંઇ આકસ્મિક રીતે નહોતું બની રહ્યું, પણ ધરાદાપૂર્વક બની રહ્યું હતું, કારણ કે તેની પાછળ ચોકકસ પ્રકારની સામ્યવાદી મનોદશા અને તદનુરૂપ માનસિક અભિગમ કામ કરી રહ્યાં હતાં.

આ કેરલના પ્રકરણે આપણા સર્વને અનેક દૃષ્ટિબિંદુઓથી લોકશાહીને સમજવા વિચારવાની તક પુરી પાડી છે. બન્ને ધારાસભાઓમાં થયેલી ચર્ચાઓ પણ આપણી લોકશાહી રાજ્યપદ્ધતિના મહત્વના તત્ત્વો જનતા સમક્ષ રજુ કરવામાં ભારે મદદરૂપ બની છે.

કેરલ સંબંધમાં રાષ્ટ્રપતિ તરફથી થોડા સમય પહેલાં કાઢવામાં આવેલા ફરમાનનું અનુમોદન કરતો આ પ્રસ્તાવ આપણે જરૂર પસાર કરવો જોઇએ, પણ આ પસાર કરવા સાથે આપણી લોકશાહી રાજ્યપદ્ધતિના પાયાને સુદૃઢપણે ટકવી રાખવા માટે આપણે પ્રતિજ્ઞાબધ્ધ બનવું જોઇએ અને તે એ ખ્યાલ અને સમજુતી સાથે કે આ લોકશાહી રાજ્યપધ્ધતિ બહુમતી અને લઘુમતી, સરકાર અને વિરોધ પક્ષ–બન્ને વચ્ચે પરસ્પર મેળ મેળવતા રહેવાની અને બને ત્યાં સુધી બન્ને પક્ષને અનુમત હોય એવાં કાર્યો યોજવાની ભાવના ઉપર આધારિત બનવી જોઇએ અને જ્યાં આપણે એકમત થઈ ન શકીએ ત્યાં ભલે આપણે જુદા પડીએ, પણ આ જુદા પડવાની પ્રક્રિયાનો માર્ગ વિવાદાસ્પદ પ્રશ્નની દરેક બાજુની પૂરી છણાવટ અને વિચારણા કર્યા બાદ હાથ ધરાવો જોઇએ.

મૂળ લેખક : જવાહરલાલ નહેરૂ
સંકલિત કરનાર : પરમાનંદ.

પ્રકીર્ણ નોંધ

મુંબઇ પ્રદેશનું આવી રહેલું વિભાજન

છેલ્લા અઠવાડીઆથી દૈનિક પત્રોમાં પ્રગટ થતા સમાચારો ઉપરથી માલુમ પડે છે કે દ્વિભાષી મુંબઇ પ્રદેશનું વિભાજન વિશિષ્ટ રાજદ્વારી વર્તુલોમાં ઉત્કટપણે વિચારાઇ રહ્યું છે, એટલું જ નહિ પણ, નિશ્ચિત આકાર પણ લઈ રહ્યું છે. સંભવ છે કે આ પત્ર વાચકોના હાથમાં આવે તે પહેલાં આને અંગે કોંગ્રેસ હાઇ કમાન્ડ તરફથી અથવા તો ભારત સરકાર તરફથી ચોકકસ પ્રકારની જાહેરાત પણ થઇ ચૂકી હોય. આ સંબંધમાં ભારતના મહા અમાત્ય જવાહરલાલ નહેરૂ અવાર નવાર કહેતા રહ્યા હતા કે પાર્લામેન્ટમાં ઘણી મોટી બહુમતીથી સ્વીકારાયલી દ્વિભાષી મુંબઇ પ્રદેશની રચનામાં કોઇ પણ પ્રકારનો ફેરફાર થવાનો સંભવ નથી, આમ છતાં તેઓ સાથે સાથે એમ પણ અવાર નવાર જણાવતા રહ્યા હતા કે લોકશાહીમાં અફર–કોઇ પણ કાળે કશો ફેરફાર થઇ ન શકે એવું – કશું પણ હોઈ ન શકે. તેમનું પાછળનું કથન આજે સાચું પુરવાર થઈ રહ્યું છે અને મુંબઇ પ્રદેશની અફર બનાવવામાં અથવા તો લેખવામાં આવતી નવરચના નાબુદ થઇ રહી હોય અને તેના સ્થાને મુંબઇ સાથેનું મહારાષ્ટ્ર અને કચ્છ, સૌરાષ્ટ્ર તથા ગુજરાતનું બનેલું મહા ગુજરાત એમ બે પ્રદેશનું નિર્માણ નકકી થઇ રહ્યું હોય એમ લાગે છે.

વિશાળ મુંબઇ પ્રદેશની રચના થઇ ત્યારે એક બાજુએથી તે સામે મહારાષ્ટ્રમાં મોટો વાવંટોળ ઉભો થયો હતો અને બીજી બાજુએ ગુજરાતના અમુક વિભાગોમાં પણ પ્રચંડ વિરોધ પેદા થયો હતો. સાધારણ રીતે જ્યારે પણ મોટા રાજદ્વારી ફેરફારો થાય છે ત્યારે તત્કાળ તે સામે પ્રજાજનોના એક યા બીજા વર્ગમાંથી ઘણું ખરૂં અમુક પ્રકારનો વિરોધ ઉભો થયા વિના રહેતો નથી, પણ સમયાન્તરે લાગણીભર્યા આવેશની ગરમી શમી જતાં અને નવી વસ્તુસ્થિતિને સમભાવથી નિહાળવા–સમજવા યોગ્ય વાતાવરણ ઉભું થતાં, નવો ફેરફાર પોતાના સામુદાયિક હિતમાં જ છે એવી સમજ પ્રજામાનસમાં ઉભી થવા માંડે છે, અને તત્કાલીન વિરોધ ધીમે ધીમે શમી જાય છે, અને નવી પરિસ્થિતિને પ્રજાજનો સદ્‌ભાવપૂર્વક અપનાવી લે છે. જ્યારે વિશાળ મુંબઇ પ્રદેશની રચના સ્વીકારવામાં આવી ત્યારે આ પ્રશ્ન સાથે નિકટ સંબંધ ધરાવતા ગુજરાતીઓ અને મહારાષ્ટ્રીઓ – આ બન્ને પ્રજા સમુદાયનું સમગ્ર કલ્યાણ આ નવરચનામાં રહેલું છે એમ દેશના હિતચિન્તક અનેક કોંગ્રેસી તેમ જ બીનકોંગ્રેસી આગેવાનો પ્રમાણીકપણે માનતાં હતાં અને તેથી આ દ્વિભાષી નવરચનાથી અસંતુષ્ટ બનેલા લોકોને આ પ્રકારની સમયાન્તરે જરૂર પ્રતીતિ થશે અને દ્વિભાષી મુંબઇ પ્રદેશને તેઓ જરૂર અપનાવી લેશે એવી તેમને શ્રદ્ધા હતી.

પણ બે કે ત્રણ વર્ષના અનુભવે આ શ્રધ્ધાને ખોટી પાડી. પ્રાદેશિક ધારાસભામાં મહારાષ્ટ્રીઓને નકકર બહુમતી મળવા છતાં અને એ રીતે રાજ્યવહીવટ ઉપર તેમનું બળવાન પ્રભુત્વ હોવા છતાં મહારાષ્ટ્રના પ્રજાજનોનો ઘણો મોટો ભાગ મુંબઇ પ્રદેશની આ દ્વિભાષી રચનાને સ્વીકારી ન શકયો તે ન જ શકયો અને મુંબઇ સાથેનું મહારાષ્ટ્ર મેળવવાને લગતી તેમની ઝુંબેશ આજ સુધી એક સરખી ચાલુ રહી. બીજી બાજુએ ગુજરાતમાં મહાગુજરાતનું અલગ એકમ ઉભું કરવાની હીલચાલ પણ ઓછી વધતી ઉગ્રતાપૂર્વક ગતિમાન રહી. મુંબઇ પ્રદેશનું વિભાજન થાય તો મુંબઇ કે જેની સાથે ગુજરાતીઓનાં હિતો ગાઢપણે સંકળાયલા છે તેનું શું–એ પ્રશ્ન ઉપર મહાગુજરાત જનતા પરિષદના આગેવાનો એ હદ સુધી કહેવા લાગ્યા કે "મુંબઇનું ગમે તે થાય–અમને અમારૂં મહાગુજરાત જોઇએ." લોકસમુદાયની જે ઘણી મોટી

બહુમતી સંયુક્ત મહારાષ્ટ્ર પક્ષે હતી તેવી કોઇ બહુમતીનો ટેકો મહાગુજરાતની હીલચાલને નહોતો. એમ છતાં પણ તેની તદ્દન ઉપેક્ષા થઇ શકે એવી દુર્બળ તે કદી હતી જ નહિ. આમ મુંબઇ પ્રદેશની સ્વીકૃત રચના બન્ને પ્રદેશમાં સતત અશાન્તિનું–રાજકારણી સંઘર્ષનું–મૂળ બની રહી હતી.

આનાં સીધાં એ પરિણામો દૃષ્ટિગોચર થઇ રહ્યાં હતાં. મહારાષ્ટ્રમાં દિવસે દિવસે કોંગ્રેસ નામશેષ બનવાની સ્થિતિ તરફ ધકેલાઇ રહી હતી. ગુજરાતમાં પણ આ જ કારણે કોંગ્રેસના બળ અને પ્રભાવ ઉપર ઠીક ઠીક પ્રતિકુળ અસર પડી રહી હતી.

વળી બન્ને પ્રદેશમાં આવી રહેલો આ પ્રજાકીય સંઘર્ષ કોંગ્રેસને ઢીલી પાડવામાં અને સામ્યવાદી પક્ષને આગળ લાવવામાં ભારે મદદરૂપ બની રહ્યો હતો. મહારાષ્ટ્રમાં આ જોખમ વધારે તીવ્રપણે પ્રગટ થઇ રહ્યું હતું. આજે દેશભરમાં કોંગ્રેસને ટકાવી રાખવાના પ્રશ્ન કરતાં પણ લોકશાહીને ટકાવી રાખવાનો પ્રશ્ન વધારે મહત્વનો બન્યો છે. કેરલમાં સામ્યવાદી પક્ષને તાજેતરમાં સત્તા-વંચિત કરવામાં આવ્યો છે, એમ છતાં, ત્યાં તે પક્ષની જમાવટ કાંઇ જેવી તેવી નથી. બંગાળામાં પણ સામ્યવાદી પક્ષનું જોર વધતું જાય છે. આ પરિસ્થિતિમાં મુંબઇ બાજુ પણ જો મુંબઇ પ્રદેશની વર્તમાન રચનાને ચાલુ રાખવામાં આવે તો તેથી અસંતુષ્ટ બનેલો પ્રજાસમુદાય કોંગ્રેસથી વિશેષ અને વિશેષ પરાઙમુખ બનતો જાય અને તેમાંનો કેટલોક વર્ગ સામ્યવાદ તરફ ઢળતો જાય. આ ભયસ્થાનની આજના રાજકીય સૂત્રધારો ઉપેક્ષા કરી ન જ શકે.

બીજું અમુક રસાયણ આરોગ્યદાયી અને શક્તિવર્ધક હોવા છતાં તે જેના માટે હોય તે તે વિષે વિમુખતા કેળવે તો તે રસાયણનો તેને કોઇ લાભ ન મળે. આ રીતે વિશાળ મુંબઇ પ્રદેશની રચના બન્ને પ્રજાસમુદાયના સર્વતોમુખી લાભની હોવા છતાં બન્ને સમુદાયનો પરસ્પર સહકાર ન હોય અને રાજ્યને તે બન્નેનો પૂરો સાથ ન હોય તો નવી રચના જોઇએ તેટલી કાર્યક્ષમ બની ન શકે, તંત્રમાં શિથિલતા આવતી જાય અને પરિણામે આવી રચના અનેક અનિષ્ટોની જન્મદાતા બને એ તદ્દન સ્વાભાવિક છે.

મુંબઇ પ્રદેશની નવરચનાના જેમ અનેક લાભો હતા તેમ તેની અપાર વિસ્તીર્ણતા તેનો એક મોટો ગેરલાભ છે. મુંબઇ રાજ્યમાં પરસ્પરથી અપરિચિત દૂર દૂરનાં ઘટકોને એકત્ર કરવામાં આવ્યાં હતાં. આ ઘટકોમાં પરસ્પર co-ordinationનો–સંલગ્નતાનો અને તેના સમગ્ર આકાર વિષે આત્મીયતાનો ભાવ પેદા થાય તો જ વિશાળ એકમનો સર્વતોમુખી ઉત્કર્ષ સંભવે. ક્યાં કચ્છ અને સૌરાષ્ટ્ર અને ક્યાં વિદર્ભ અને મરાઠાવાડા? એક છેડે વસતા પ્રજાજનના મનમાં અન્ય છેડે વસતા પ્રજાજન વિષે આત્મીયતાનો ભાવ હજુ સુધી પેદા થઇ શક્યો નહોતો. તંત્રમાં પણ શિથિલતા અને દીર્ઘસૂત્રિતા વ્યાપેલી હતી અને રેડ–ટેપીઝમ–લખાણપટ્ટીના ચક્રાવામાંથી ઊંચે આવવાનું તેના માટે મુશ્કેલ બન્યું હતું. આ પરિસ્થિતિમાં આજે પણ કોઇ આવકારદાયક ફેરફાર થયો નથી એમ મુંબઇ પ્રદેશના વહીવટ સાથે સંકળાયલા જવાબદાર લોકોનો અનુભવ કહી રહ્યો છે.

આ બધા સંયોગો અને ઉત્તરોત્તર બનતી જતી ઘટનાઓ ધ્યાનમાં લેતાં મુંબઇ પ્રદેશની આજની રચનામાં વહેલો મોડો ફેરફાર કર્યા વિના નહિ ચાલે એમ લાગ્યા કરતું હતું. કાળની જો આ એંધાણી હોય તો પછી વિભાજનનું કાર્ય સત્વર શા માટે હાથ ન ધરવું? વિભાજન માટે ગતિમાન થયેલાં ચક્રો આવી વિચારણાથી પ્રેરિત બન્યાં છે. જે અનિવાર્ય છે તેને સત્વર લાવવું, આવકારવું તેમાં જ લોકશ્રેય અને શાણપણ રહેલું છે એમ લાગે છે.

હવે જો વિભાજનની અનિવાર્યતા સ્વીકારી લેવામાં આવે તો આજની રચનાના સ્થાને તે પૂર્વે સૂચવવામાં આવેલી રચના–મુંબઇ અલગ, તે વિનાનું મહારાષ્ટ્ર અને મહાગુજરાત એ ત્રણ પ્રદેશની રચનાનો જ વિચાર થવો ઘટે. પણ આજના સંયોગમાં હવે આ ત્રણ પ્રદેશનું નિર્માણ વ્યવહારૂ રહ્યું નથી. કારણ કે મુંબઇ તળમાં મુંબઇને અલગ રાખવાનો આગ્રહ દાખવતું કોઇ મુલકી આન્દોલન નથી. મુંબઇમાં વસતા ગુજરાતીઓના દિલમાં આને અંગે જરૂર બેચેની અને આગ્રહ છે, પણ મુંબઇમાં વસતા–મહારાષ્ટ્રીઓથી ઇતર એવા – બીજા વર્ગો કાં તો ઉદાસીન છે અથવા તો 'મુંબઇ સાથેના મહારાષ્ટ્ર'ના પક્ષના બની બેઠા છે. ગુજરાતમાં પણ મહાગુજરાત જનતા પરિષદના આન્દોલને મુંબઇને અલગ રાખવાના આગ્રહને હતપ્રભાવ બનાવી દીધો છે. અને મહારાષ્ટ્રીઓ જ્યાં સુધી મુંબઇ સાથેનું મહારાષ્ટ્ર ન મળે ત્યાં સુધી જંપ વાળીને બેસવાના નથી એ ચોક્કસ છે. પરિણામે મુંબઇ સાથેનું મહારાષ્ટ્ર અને ગુજરાતી ભાષાભાષીઓનું મહાગુજરાત એ જ વિકલ્પ વિચારવાનો તેમ જ સ્વીકારવાનો રહે છે.

હવે આ પ્રકારના વિભાજનનો વિચાર સ્વીકારાતાં બીજા અનેક પ્રશ્નો ઉભા થવાના જ. મોટો પ્રશ્ન વિદર્ભનું શું એ હોવાનો. ગુજરાત મહારાષ્ટ્રની સરહદનો પ્રશ્ન પણ ખાસ કરીને ડાંગના પ્રદેશ અંગે સામે આવીને ઉભો રહેવાનો. વળી મહાગુજરાત જુદું થતાં આધવાળો પ્રદેશ અને તેની પૂરવણી શી રીતે કરવી એ પ્રશ્ન પણ તંત્રવાહકોએ ઉકેલવાનો રહેશે. વળી આ વર્ષમાં જ મુંબઇ પ્રદેશની બધી પ્રાદેશિક મહાસભા સમિતિઓનું એકીકરણ કરવામાં આવ્યું છે. તેનું વળી પાછું વિભાજીકરણ કરવાનું રહેશે. પણ એક વખત મુંબઇ પ્રદેશની આજની રચનાનું વિભાજન કરવાનો નિર્ણય લેવામાં આવશે, પછી આ બધી બાબતો ઉકેલવામાં બહુ અગવડ નહિ આવે એવી આશા રાખવામાં આવે છે.

આમ છતાં સંભવ છે કે આ આશા અને શુભેચ્છા વધારે પડતી નીવડે. કારણ કે પ્રજામાનસ આજે એટલું તંતીલું અને કદાગ્રહી બની ગયું છે કે મોટો નિર્ણય લેવામા બાદ નાની બાબતો અંગે પણ આજે જોતજોતામાં વિચારપક્ષોની બે છાવણીઓ ઉભી થાય છે અને તંગદિલી પેદા થતાં વાર નથી લાગતી. દા.ત. બેલગામ બાજુ મુંબઇ પ્રદેશ અને કર્ણાટકની સરહદના પ્રશ્નનો હજુ સુધી નિકાલ આવી શકતો નથી અને બન્ને પક્ષો જેહાદની પરિભાષામાં જ વિચારે છે, બોલે છે અને વર્તે છે. કમનસીબે આપણા વિચાર, વાણી અને વર્તનમાંથી વિવેક, સમતુલા, બાંધ-છોડ, રાષ્ટ્રનિષ્ટા સરતા જાય છે અને તેનું સ્થાન અનુદારતા, અસહિષ્ણુતા, કદાગ્રહ અને સંકુચિત વર્તુલનિષ્ટા અને જેહાદવૃત્તિ લઇ રહેલ છે, અને કોઇ એક વાત મનમાં વસી પછી તે સિદ્ધ કરવા ખાતર વિશાળ હિતને ગમે તેટલું નુકસાન પહોંચાડતાં આપણે પાછું વાળીને જોતા નથી. વિશાળ દુનિયાનાં આપણે માનવી બન્યા છીએ, પણ સાંકડા ખુણામાં આપણું મનને આપણે પુરી દીધું છે, અને એ રીતે વિશાળ પ્રશ્નો અને વ્યાપક જવાબદારીઓને પહોંચી વળવા માટે જે વિશાળ દર્શન જોઇએ તેનો આપણામાં સદન્તર અભાવ વર્તે છે. આ રીતે મુંબઇ પ્રદેશનું વિભાજન આપણી અમુક મુંઝવણનો અન્ત લાવવા સાથે નવી મુંઝવણો પેદા કરવાનું નિમિત્ત બને તો એમાં કશું નવાઇ પામવા જેવું નહિ હોય.

મુસ્લિમ લીગનું ઉત્થાન : ભારતનું મોટું ભયસ્થાન

તા. ૧૫મી ઓગસ્ટના રોજ આઝાદીની ઉજવણી નીમિત્તે મુંબઇ ખાતે કેસરબાગમાં મુસલમાનોની એક જાહેર સભા મળી હતી. મુંબઇની મુસ્લિમ લીગના ઉપપ્રમુખ જનાબ હાજી નુરમહમદ પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. શરૂઆતમાં કુરાને પાકની તિલાવત અને કેટલીક નઝમો પઢવામાં આવી. ત્યાર બાદ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે "આજથી દોઢસો વર્ષ પહેલાં ટીપુ સુલતાનના વખતમાં અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવા ઘણું ઘણું યે થયું હતું, પરંતુ અંગ્રેજોએ એવો તો હડો જમાવેલો કે, તેઓ હાલ માંડ બાર વરસ પહેલાં જ ખસ્યા છે અને તે પણ અહિંની પ્રજાના

નેતાઓની સંમતિથી હિંદ અને પાક એમ બે ભાગલા પાડ્યા પછી જ. જો કે જનાબ ઝીણા સાહેબે પ્રથમ તો અખંડ હિંદમાં મુસ્લિમોને અમુક હકક અપાવવા લડત કરેલ, પરંતુ અહિંના કટ્ટર હિંદુ મનોદશાવાળા નેતાઓએ તે મંજુર કરેલ નહિ. તેથી પાછળથી પાકીસ્તાનની માંગણી કરી અને તે હિંદુ-મુસ્લિમ નેતાઓની સમજુતીથી જ અપાયેલ છે. હિંદને આઝાદી મળ્યે આજ બારમું વરસ પૂરૂં થાય છે. તેથી આઝાદીની શુભેચ્છાઓ મનાવવા માટે આજે અહિં સૌ એકઠા થયા છીએ. થોડા વખત પહેલાં મેં બેંગમહમદ બાગમાં મુસ્લિમોને આમંત્યા હતા અને તેમાં નકકી થયા મુજબ આજે પ્રથમ બેઠક અહિં બોલાવી છે અને આખોય કેસરબાગ ચિકાર જોતાં ખાત્રી થાય છે કે મુસ્લિમ લીગની પુનઃ સ્થાપના ખરેખર ઉપયોગી નિવડેલ છે અને અમારા આવાઝને ઇસ્લામી બંધુઓનું પૂરેપુરૂં સમર્થન છે. આપણને આઝાદી મળી ત્યારે તો આપણે હિંદને સ્વર્ગ બનાવવા માંગતા હતા, પરંત આજ બાર વરસોના અનુભવને અન્તે કહી શકીશું કે આપણો દેશ નર્ક સમાન થઈ પડયો છે, પણ હજુ ય આશા છે કે કુરબાનીને અંગે આપણા દેશને નર્કાગારમાંથી ઉગારી સ્વર્ગ સમો બનાવી શકીશું. કોઈ પણ જમાત કે પાર્ટીઓથી આપણને જરાય ઝગડો નથી, બલ્કે આપણા મુસલમાનો સાથે દેશને આબાદ ઉગારી લઇશું. પરંતુ શ્રી કે. કે શાહ તો કહે છે કે, આપણે કોંગ્રેસમાં મળી જવું. નાહ તો સોશિયાલીસ્ટ કે કોમ્યુનીસ્ટ થવું. એ કોમ્યુનીસ્ટ જેની રચના જ અન્ય પ્રદેશની સહાયતા ઉપર હોય તે સંસ્થામાં જોડાઇને આપણે શું તેવા જ થવું ? અને વળી સોશિયાલીસ્ટ પાર્ટી તો તે કોંગ્રેસની બહેન રહી કે જે કોંગ્રેસે આ બાર વરસમાં આપણને જરાય હક્ક આપ્યા નથી. એ કરતાં તો પોતાના જ પગ ઉપર ખડા રહી આપણી લીગને જ જીવંત કરવી મોટી શું ? કહેવાય છે કે મુસ્લિમો હવે કંઇ કરી શકે તેમ નથી, પરંતુ જે મુસ્લિમોએ આવાઝ ઉઠાવી પાકીસ્તાન લીધું તે મુસ્લિમો હવે શું પોતાના હકકો ના મેળવી શકે ? જનાબ હાફીઝકા સાહેબે એક વર્તમાન-પત્રમાં ઇન્ટરવ્યુ આપ્યો છે કે, મુસ્લિમ લીગમાં દમ નથી, પણ આ જબ્બર જલસો જ તેનો જવાબ આપી રહે છે. હું અગાઉ કોંગ્રેસમાં હતો અને પછી લીગી બન્યો હતો, પણ મેં હાફિઝકા સાહેબની માફક જેવો વખત તેવા થતાં જાણ્યું નથી, અને હું ખાત્રી આપું છું કે, મુસ્લિમો પોતાના હકકો મેળવ્યે રહેશે."

આ અહેવાલ તા. ૨૯-૮-૫૯ ના 'મુંબઇ સમાચાર'માંથી ઉધ્ધૃત કરવામાં આવ્યો છે અને તે બરોબર છે એમ સમજીને તે સંબંધમાં કાંઇક કહેવાનું પ્રાપ્ત થાય છે.

હિંદના ભાગલા પડયા અને આઝાદી મળી ત્યારથી લગભગ આજ સુધી કોમવાદી મુસલમાનો એક પ્રકારની શેહ ખાઇ ગયા હતા અને ભાગ્યે જ પોતાની અંદર રહેલા કોમવાદને જાહેરમાં વ્યકત કરવાની હીમત દાખવતા હતા. ભારતમાં રાજ્યબંધારણ નકકી થઇ ગયું, સૌ કોઇને નાતજાત કે ધર્મના ભેદભાવ સિવાય સમાન અધિકાર અને સમાન તક આપવામાં આવી. ભારતભરમાં લોક-શાહીની સ્થાપના થઇ. રાજ્યનીતિ તરીકે 'સીકયુલર સ્ટેટ'– 'અસાં-પ્રદાયિક રાજ્ય'ના સિધ્ધાન્તને સ્વીકારવામાં આવ્યો. રાજ્યના મોટા અધિકારો ઉપર હિંદુ મુસલમાનના ભેદભાવ ને જરા પણ સ્થાન ન હોય એ રીતે દેશની કોઇ પણ કોમની વિશિષ્ટ વ્યકિત-ઓની વરિષ્ટ અધિકારો ઉપર નિયુકિત થવા માંડી. રાજ્યબંધા-રણમાં, વહીવટમાં કે તંત્રમાં એવી કોઇ પણ બાબત તરફ આંગળી કરી શકાય એવું ન રહ્યું કે જેનો નિર્દેશ કરીને કોઇ પણ વ્યકિત એમ કહી શકે કે દેશમાં મુસલમાનોનો ટાળો કરીને હિંદુ-ઓને જ અમુક લાભ આપવામાં આવે છે. આ બધું નરી આંખે સ્પષ્ટ દેખાતા છતાં દેશના ટુકડા કરી નાખનાર ભૂતપૂર્વ જેવી બનેલી મુસ્લીમ લીગના નેતા આઝાદી ઉદ્યાપનના નિમિત્તે ભેગી મુસલમાનોની જાહેર સભામાં એમ કહેવાની ધૃષ્ટતા કરે છે કે "કોંગ્રેસે મુસલમાનોને જરાય હકક આપ્યા નથી." આ બતાવે છે કે આજની લોકશાહી કે જેમાં સૌ કોઇને પોતાના વિચારો વ્યકત કરવાની તથા પોતાના વિચારો મુજબ સંસ્થાઓ અને મંડળો ઉભા કરવાની પૂરી છૂટ આપવામાં આવી છે તેનો લાભ લઇને કોમવાદનો ઝેરી અજગર માથું ઉંચકી રહ્યો છે. આ મુસ્લિમ નેતાને દેશની અદ્યતન પરિસ્થતિ, ખોરાકની સમસ્યા, કેરલનો પ્રશ્ન, પ્રાદેશિક ઝગડાઓ, ભાષાકીય સંઘર્ષો, ચીને કરેલું ટીબેટ ઉપર આંક્રમણ, આજની વ્યાપક બેકારી, વધતા જતા ભાવો–આવી કોઇ પણ બાબત વિષે કશું જ કહેવાનું નથી; હિંદુ મુસ્લિમ એકતાના સમર્થનમાં અથવા તો રાષ્ટ્રની આઝાદીની રક્ષા કેમ થાય એ વિષે પણ એક પણ ઉદ્‌ગાર તેના પટુતાભર્યા ભાષણમાંથી શોધ્યો જડતો નથી. તે તો માત્ર કોમવાદની બાંગ પોકારીને પોતાના મુસલમાન ભાઇઓને પડકારે છે કે "જે મુસ્લિમોએ અવાજ ઉઠાવીને પાકીસ્તાન લીધું તે મુસ્લિમો શું પોતાના હકકો નહિ મેળવી શકે ?"

કેરલમાં સામ્યવાદી સરકાર સામે અન્ય પક્ષોએ–સર્વ સામાન્ય પ્રજાજનોએ–ઝુંબેશ ઉપાડી તેમાં એક પક્ષ મુસ્લિમ લીગ હતો. આ રીતે ત્યાં મુસ્લિમ લીગને અમુક પ્રકારનું રાજદ્વારી મહત્વ મળ્યું. આ ઘટના બાદ જુદા જુદા પ્રદેશમાં વસતા કોમવાદી મુસલમાનો સળવળવા માંડ્યા છે અને દેશમાં નવાં પાકીસ્તાનો સર્જવાનાં સ્વપ્નો સેવવા લાગ્યા છે. જનાબ હાજી તુરમહમદ અહમદના ભાષણમાં આ તત્વો સાફસાફ દૃષ્ટિગોચર થઇ રહ્યાં છે. ભારત સરકાર અને પ્રજાજનો સત્વર ચેતે અને આ રીતે માથું ઉંચકવા માગતા કોમવાદી રાક્ષસને જરા પણ તક કે અવકાશ ન આપે. આવી તકેદારી રાખવામાં નહિ આવે તો આ ચળવળમાંથી વળી પાછો એક ઝીન્ને ઝીણા પેદા થશે અને મહાપ્રયાસે સધાયલા રાષ્ટ્રીય સંગઠનને જોત જોતામાં છિન્નભિન્ન કરી નાખશે. **પરમાનંદ**

કાલબાદેવી પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી ભારત જૈન મહામંડળ–મુંબઇ કાર્યાલયના ઉપક્રમે આ વર્ષે તા. ૩૦-૮-૫૯ ને રવિવારથી તા. ૫-૯-૫૯ ને શનિવાર સુધી, રોજ રાત્રે સાડા આઠથી દશ સુધી, નવી ભાટિયા મહાજ-નવાડી (કોલભાટ લેન, કાલબાદેવી)માં પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. તેનો કાર્યક્રમ નીચે મુજબ છે:

રવિ તા. ૩૦ શ્રી ઋષભદાસજી રાંકાઃ પંચ મહાવ્રતોનું જીવનમાં સ્થાન
સોમ તા. ૩૧ સ્વામી સંબુધ્ધાનંદજીઃ વ્યવહારિક જીવનમાં ધર્મ
મંગળ તા. ૧ શ્રી કુરસનદાસ માણેકઃ ભારતીય સંસ્કૃતિનું જીવન કાર્ય
બુધ તા. ૨ શ્રી પુરૂષોત્તમ કાનજીઃ ઇશ્વરનિષ્ઠા
ગુરૂ તા. ૩ શ્રીમતી પારસરાણી મહેતાઃ ચારૂચરિત્ર
શુક્ર તા. ૪ શ્રીમતી પુષ્પાબેન મહેતાઃ સામાજિક મૂલ્યાંકનો
શનિ તા. ૫ શ્રીમતી હીરાબેન પાદકઃ શ્રીમદ્ રાજચંદ્રની જીવન કલા

માટુંગા–શિવ પર્યુષણ વ્યાખ્યાનમાળા

પર્યુષણ નિમિત્તે તા. ૩૦મી ઓગસ્ટથી તા. ૭મી સપ્ટેંબર સુધી તામીલ સંઘમ્ હોલ (શીવ હોસ્પીટલ સામે-શિવ) માં મુનિશ્રી સંતબાલજીના સાન્નિધ્યમાં વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. વ્યાખ્યાનનો સમય દરરોજ સવારે ૮-૪૫થી ૯-૪૫ સુધીનો રહેશે.

તારીખ	વ્યાખ્યાતા	વ્યાખ્યાન-વિષય
૩૦	મુનિશ્રી સંતબાલજી	ભગવાન મહાવીરનો સંદેશ
૩૧	શ્રીમતી ઉષાબહેન મહેતા	સંત કબીર
૧	શ્રી. ગગનવિહારી મહેતા	અણુયુગ અને અહિંસા
૨	શ્રી. પારસરાણી મહેતા	ધર્મકી આત્મા
૩	શ્રી. ઉત્તમલાલ ગોસલિયા	... ...
૪	શ્રી. જયંતીલાલ આચાર્ય	શ્રી. અરવિંદ અને આપણું સામાન્ય જ્ઞાન.
૫	શ્રી. આશાદેવી આર્યનાયકમ્	નયી તાલીમ અને અહિંસા
૬	શ્રી. તારાબહેન શાહ	શ્રીમદ્ રાજચંદ્ર
૭	મુનશ્રી સેતબાલજી	સામાજિક પ્રતિકમણ

* પર્યુષણ વ્યાખ્યાનમાળા *

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ઓગસ્ટ માસની ૩૦ મી તારીખ, રવિવારથી સપ્ટેંબર માસની ૭ મી તારીખ, સોમવાર સુધી એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી છે. આ નવે દિવસની વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી શોભાવશે. હંમેશની વ્યાખ્યાન સભા સવારના ૮॥ વાગ્યે નિયમિતપણે શરૂ થશે. ૩૦ મી ઓગસ્ટથી ૩ જી સપ્ટેંબર સુધીની વ્યાખ્યાનસભાઓ ક્રૉસ બ્રીજ ઉપર આવેલ ગ્લેવાટ્રસ્કી લૉજમાં, તા. ૪ થી તથા ૫ મી સપ્ટેંબરની વ્યાખ્યાનસભાઓ રોકસી થીએટરમાં તથા તા. ૬ ઠ્ઠી તથા ૭ મી સપ્ટેંબરની વ્યાખ્યાનસભાઓ ભારતીય વિદ્યાભવનમાં ભરાશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:—

તારીખ	સ્થળ	વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
૩૦ રવિવાર	ગ્લેવાટ્રસ્કી લૉજ	શ્રીમતી વેણીબહેન કાપડિયા	આધ્યાત્મિક જીવન વિષે શ્રી અરવિન્દ
,,	,,	અધ્યાપિકા ધીરૂબહેન પંડિત એમ. એ.	વાર્ગભાવના અને સમાજભાવના
		શ્રી વીરેન્દ્ર સુધાકર શિવજી દેવશી	ભજનો
૩૧ સોમવાર	,,	ડૉક્ટર પ્રિયબાળા શાહ એમ. એ. પી. એચ્. ડી.	દેવપ્રતીકો અને તેમના હેતુ
,,	,,	શ્રીમતી લીલાવતી મુનશી	આજનાં અનિષ્ટ ચલચિત્રો
૧ મંગળવાર	,,	અધ્યાપિકા તારાબેન શાહ એમ. એ.	શ્રીમદ્ રાજચંદ્ર
,,	,,	પ્રિન્સીપાલ ડૉ. સુધાબહેન દેસાઇ પી. એચ. ડી.	સત્યં, શિવં, સુન્દરમ્
,,	,,	કુ. ઈન્દુમતીબહેન ધનક	ભજનો
૨ બુધવાર	,,	અધ્યાપિકા હીરાબહેન પાઠક પી. એ.	ગાંધીજીની નારીવિષયક ભાવના
,,	,,	ડૉ. ધૂર્યબાળા વોરા એમ. એ; પી. એચ. ડી.	હિંદુધર્મમાં અહિંસાની ભાવના
૩ ગુરૂવાર	,,	અધ્યાપિકા તરૂલતા દવે એમ. એ; એલ. એલ. બી; બી. ટી.	ભારતનું આર્થિક આયોજન
,,	,,	શ્રીમતી કપિલાબેન ખાંડવાળા	કેટલાક શૈક્ષણિક સવાલો
૪ શુક્રવાર	રોકસી થીએટર	શ્રીમતી પુષ્પાબહેન મહેતા એમ. એલ. એ.	સામાજિક નૈતિકતા
,,	,,	પ્રિન્સીપાલ સવિતાબહેન નાનજી કાળીદાસ મહેતા	માનવી જીવનમાં ધર્મનું સ્થાન
૫ શનિવાર	,,	અધ્યાપિકા ઉષા મહેતા એમ. એ.	સોક્રેટીસ અને ગાંધીજી
,,	,,	લેડી રામરાવ	આઝાદ ભારતમાં સ્ત્રીશક્તિનો હિસ્સો
૬ રવિવાર	ભારતીય વિદ્યાભવન	શ્રીમતી આશાદેવી આર્યનાયકમ	ગાંધીજી અને વિનોબા દ્વારા ભારતમાં અહિંસાદૃષ્ટિનો વિકાસ
,,	,,	,, ફાતમાબહેન ઈસ્માઈલિ	કામયાબ અમલ કે લિયે સચ્ચી દૃષ્ટિ કી જરૂરત
,,	,,	,, કમળાબહેન હડ્ડર	કીર્તન: વિષય: 'દસ્તાવેજ'
૭ સોમવાર	,,	,, વિમલાબેન ઠકાર	હીંસામાંથી અહિંસા તરફ
,,	,,	,, કમળાબહેન ઠક્કર	કીર્તન: વિષય: 'શાલીભદ્ર'
,,	,,	પંડિત સુખલાલજી	ઉપસંહાર–પ્રવચન

આ ઉપરાંત મરીન લાઈન્સ સ્ટેશન ઉપર આવેલા તારાબાઇ હૉલમાં ૨ જી સપ્ટેંબર બુધવારના રોજ રાત્રીના ૮ વાગ્યે જાણીતા કવિવર શ્રી કરસનદાસ માણેક માણકલાકેન્દ્રના મિત્રો સાથે મહાકવિ પ્રેમાનંદકૃત 'કુંવરબાઈનું મામેરૂં' એ વિષય ઉપર સંકીર્તન કરશે.

આ વ્યાખ્યાનમાળામાં રસ ધરાવતા ભાઈ બહેનોને સભાસ્થળે વખતસર આવી પહોંચવા, વ્યાખ્યાનો ચાલતાં હોય તે દરમિયાન પૂરી શાન્તિ અને શિસ્ત જાળવવા અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘને તેમજ સંઘની વિવિધ પ્રવૃત્તિઓને આર્થિક સહાય વડે સીંચિત કરવા પ્રાર્થના!

પરમાનંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ જે. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ,
મુંબઈ, ૩.

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, સપ્ટેમ્બર ૧૬, ૧૯૫૯, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

* આધ્યાત્મિક જીવન વિષે શ્રી અરવિન્દ *

(મુંબઇ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રી વેણીબહેન વિનયચંદ કાપડિયાએ 'આધ્યાત્મિક જીવન વિષે શ્રી અરવિન્દ' એ વિષય ઉપર આપેલા વ્યાખ્યાનની નોંધ.)

માનવ સમુદાયમાં જીવનમાં સમગ્ર વિકાસ માટેની વિચારણાની હવે શરૂઆત થઇ છે. માનવ જીવન કેવી રીતે ઉન્નત બને અને માનવ માત્રનું જીવન સુખ અને શાન્તિ અનુભવે ? આ પ્રશ્નને ઉકેલવા માટે ઘણી પદ્ધતિઓ વિચારાઇ છે અને અમલમાં મૂકી પ્રયોગો પણ કરાયા છે. પરંતુ હજુએ આ પ્રશ્ન અણઉકલ્યો રહ્યો છે, પ્રયોગો પૂરી સફળતા પામ્યા નથી.

માનવના વિકાસનો આધાર શેની ઉપર અવલંબે છે ? આ પ્રશ્નનો ઉકેલ કોણ આપી શકે તેમ છે ? માનવ જીવનમાં એવી કઇ ઉણપ છે ? અને માનવની સંપૂર્ણ જીવન વિષેની કેવી કલ્પના છે ? એ પ્રશ્નનો ઉકેલ હંમેશા જ્ઞાની પુરૂષોએ આપ્યો છે. તમે તમારા જીવન વિષે સભાન થાઓ, જાગ્રત બનો અને વિચારણા કરો.

માનવ જ્યારે પોતાના જીવન વિષે વિચારે છે, ત્યારે શુદ્ધ બને પવિત્ર જીવન વિષે જાગૃત થઇને વિચાર કરે છે. જીવનમાં આવતી આ જાગૃતિ એક અમોઘ શક્તિ છે. આ શક્તિમાંથી પ્રકાશ આવે છે અને અજ્ઞાનનો પડદો દૂર થાય છે. માનવની મુંઝવણનો ઉકેલ સ્પષ્ટ મળે છે કે અત્યાર સુધીનું જે જીવન જીવ્યો છું તે તો અહમ્થી ભરેલું હતું. હવે મારે અહંભાવથી મુક્ત અને બંધનરહિત જીવન જીવવા માટે શું કરવું ? આ વિચારણાની શરૂઆત જીવનમાં આધ્યાત્મિકતાની જરૂરિયાત લાવે છે. માનવમાં રહેલ આત્માની શક્તિ ગતિમાન થાય છે. એ શક્તિ તે આધ્યાત્મિક શક્તિ છે.

આવી શક્તિનું ગતિમાન થવું તેમાં માનવ વિકાસની શરૂઆત છે. માનવ ધીમે ધીમે પોતાની અંદર રહેલા આત્માના અસ્તિત્વ વિષે પણ સભાન બને છે. પોતે હવે આત્મવિશ્વાસ કેળવે છે અને અદૃશ્ય શક્તિની સહાય લેવા તત્પર થાય છે. માનવનાં જીવનમાં સજીવ અને સહાયક એવી શ્રદ્ધાની શક્તિ પણ આવે છે. આ શ્રદ્ધાનું કાર્ય એ છે કે માનવને ધીરેધીરે જ્ઞાનનો પ્રકાશ પણ લાધે છે. અંતરાત્મામાંથી આવતું જ્ઞાન વર્તમાન જીવન વિષેની મુંઝવણનો ઉકેલ આપે છે. જીવનની દિશા બદલવાની જરૂર છે. કારણ કે સામાન્ય જીવનની સાથે દુઃખ, ઘર્ષણ, વિસંવાદ, લડાઇ અને જુઠાણું સંકળાએલા છે. સામાન્ય જીવનની મધ્યમાં અહમ્ કેન્દ્રિત હોવાથી જીવનમાં વિકૃતિ આવે છે. વાસનાયુક્ત જીવનમાંથી મુક્ત બનવું તે આધ્યાત્મિક જીવન માટેની પ્રથમ શરત છે. માનવે જીવન ઉપરથી અશાંતિનો, વિસંવાદનો, અને વિકૃતિનો અભિશાપ હઠાવવો હશે, તો અહંકારપૂર્ણ મિથ્યા જીવનનું વિસર્જન કરીને તેને સ્થાને આત્માનું શાસન લાવવું જોઇશે, ઉચ્ચ જીવનની પ્રતિષ્ઠા કરવી પડશે અને જીવનની દિશા ઊર્ધ્વ માર્ગે વાળવી પડશે. માનવમાં આવેલી આત્મજાગૃતિ માનવને માર્ગદર્શન આપી શકે છે, તેનામાં ઊર્ધ્વ સત્યનો પ્રકાશ રેલાવે છે, તેથી માનવ પોતાનાં સત્ય સ્વરૂપને સમજતો થાય છે. જન્મ અને જીવનનું ધ્યેય, મનુષ્ય અવતાર અને તેની સફળતા, જીવનનું દિવ્ય વિધાન અને તેને માટેનો પ્રયાસ, એ વિષેનું સત્ય તેને સમજાય છે.

એ રીતે સત્યનાં પ્રકાશમાં માનવને એક દૃષ્ટિ મળે છે અને તેના મનની મુંઝવણ ટળે છે. માનવ પ્રભુ તરફ વળે છે. પોતાના સમગ્ર જીવન ઉપર પ્રભુત્વ મેળવનાર અવતારી પુરૂષોનાં જીવનમાંથી જ્ઞાન મેળવવા મથે છે અને એ રીતે આંતરજાગૃતિવાળું જીવન તે પ્રાપ્ત કરી લે છે. પોતાની અંદર અને બહાર રહેલ અજ્ઞાન સામે સફળતાથી લડી લેવાનો સંગ્રામ તે હિંમતપૂર્વક ખેલે છે, એટલું જ નહિ પણ, એ સંગ્રામમાંથી વિજય પ્રાપ્ત કરીને આંતર તથા બાહ્યજીવન ઉપર આત્મ-શાસનનું સામ્રાજ્ય પણ સ્થાપે છે.

સમગ્ર જીવનને દોરનારો અંતરાત્મા જીવનની સપાટી પર પ્રગટ થાય છે ત્યારે માનવ મનમાં એક ઉંડી સમજશક્તિ આવે છે. જીવનનાં બધાં કર્મો સત્યના આવિર્ભાવ માટે થાય છે. સત્ય અસત્યને ઓળખવાનું સરળ બને છે. માનવનો આત્મવિકાસ વધતો જાય છે ત્યારે તેનામાં એક આત્મ-પ્રજ્ઞાનો ઉદય થાય છે. આત્માની સાથેનો સંપર્ક સતત ચાલુ રહે છે અને વખત જતાં જ્ઞાનની જ્યોત પ્રગટે છે. ત્યાર પછી માનવમાં આવેલો વિકાસ સાધનાનું સ્વરૂપ લે છે. સાધના દ્વારા સમગ્ર જીવનનું રૂપાંતર અને પરમાત્મ-સ્વરૂપનો પોતાના જીવનમાં આવિર્ભાવ એ માનવજીવનનું ધ્યેય છે તે હવે સ્પષ્ટ રીતે સમજાય છે.

સમગ્ર જીવનમાં પરમાત્મ સ્વરૂપનો આવિર્ભાવ કરવા માટે માનવને પોતાની પ્રકૃતિનું પણ રૂપાંતર કરવાનું રહે છે. જડ તત્ત્વમાંથી ઉત્પન્ન થયેલો માનવદેહ આત્મવિકાસની સાધના માટે સંપૂર્ણ સાધન નથી, એટલે એ દેહ વિષેનું સત્યજ્ઞાન પ્રાપ્ત કરવું તે પણ જરૂરી છે. દેહમાં મુખ્યત્વે ત્રિવિધ સત્તા છે. મન, પ્રાણ અને શરીર. માનવજાતિએ કરેલી ઉત્ક્રાન્તિમાં માનવનું મન એ અત્યારે એક માત્ર સાધન છે. એ મનનો વિકાસ બુદ્ધિ દ્વારા કરી શકાય છે. પરંતુ જ્યારે આત્મપ્રાપ્તિ માટેની સાધનાનો આરંભ થાય છે ત્યારે એ સત્ય પણ સમજાય છે કે માનવને મળેલું મન અને બુદ્ધિ પણ અપૂર્ણ સાધન છે. તેની શક્તિ સીમિત છે, જ્ઞાન મર્યાદિત છે. ઊર્ધ્વ લોક અને માનવ લોક વચ્ચે એક આવરણ છે તેથી મનમાં રહેલો અંધકાર સત્યને આવરી રાખે છે. મનને પૂર્ણ પ્રકાશ તો કદી પણ મળી શકતો નથી. અંતરાત્મા દ્વારા ઊર્ધ્વલોકના પ્રકાશનાં કિરણો કોઇ કોઇ વખત મનની અંદર દાખલ થાય છે અને તેને આધારે બુદ્ધિ જે મેળવે છે તે ઘણું જ અલ્પજ્ઞાન હોય છે.

દેહમાં રહેલું પ્રાણતત્ત્વ છે અને તેમાં તો અંધકાર જ ભરેલો છે. પ્રાણનું લક્ષણ છે ઇચ્છાઓ, વાસનાયુક્ત માગણીઓ, પસંદગી અને નાપસંદગીનું યુદ્ધ. દુઃખના હુમલાઓ સામે આવેશ અને આક્રંદ કરતું આ પ્રાણતત્ત્વ માનવ મન ઉપર સામ્રાજ્ય ભોગવવા મથે છે, મનનાં સંકલ્પો અને આદર્શોને તોડે છે, પોતાનું વર્ચસ્વ કાયમ રાખવા માટે મનને વિહવળ અને અશાંત કરી મૂકે છે. મન જ્યારે ઊર્ધ્વનો પ્રકાશ અને જ્ઞાન ઝીલવા મથે છે ત્યારે પ્રાણની જે દખલ વધે છે. ક્રોધ, માન, લોભ, મોહ, ભય, શોક અને આવેશનાં આનષ્ટ તરંગો પ્રાણમાંથી ઉઠતા અંગારા સમા છે.

શરીર તો બિલ્કુલ જડ છે. તેને તો પ્રાણના ગુલામ બનીને રહેવું પડે છે. શરીરની શક્તિ નબળી છે. પ્રાણતત્ત્વ પોતે જે ઇચ્છે છે તે શરીર પાસે કરાવે છે. પ્રાણની ઇચ્છાને આધીન વાસનાપૂર્ણ-જીવન શરીરને બળાત્કારે પણ વહન કરવું પડે છે. કોઇ કોઇ વખત મનનું વર્ચસ્ પ્રાણ ઉપર હોય છે ત્યારે શરીર સશક્ત અને તંદુરસ્ત હોય છે. ઉચ્ચ જીવનને વ્યક્ત કરવા માટે તે સામર્થ્ય ધરાવે છે. પરંતુ પ્રાણમાં રહેલી પશુપ્રકૃતિ જ્યારે શરીર ઉપર હુમલો લાવે છે ત્યારે શરીર નબળું પડે છે અને રોગના હુમલાઓનું પણ ભોગ બને છે.

એ રીતે માનવના દેહમાં પણ સંવાદિતા નથી. મન વિચારે જુદું અને શરીર આચરે જુદું. મન, પ્રાણ અને શરીરમાં સંવાદિતા લાવવાનો પ્રયાસ તે આત્મસાધના માટે પ્રથમ આવશ્યક છે.

જ્યાં સુધી અંતરાત્મા જીવનનું સામ્રાજ્ય હાથમાં નથી લેતો ત્યાં સુધી જીવનનું તંત્ર વ્યવસ્થિત થઇ શકે નહિ. મન પ્રાણ અને શરીર એ ત્રણેની ઉપર આત્માના શાસનને લાવવાથી જ જીવન તંત્રમાં વ્યવસ્થા આવી શકે છે અને મન, પ્રાણ અને શરીરની વચ્ચે સંવાદિતા આવે છે.

માનવે સાધનાની પદ્ધતિઓને વિશે પણ વિચાર કરવાનો રહે છે. દરેક માનવની પ્રકૃતિને એક જ ઢબની સાધના-પદ્ધતિ અનુકૂળ આવી શકતી નથી. સાધનાનો વિકાસ કઇ પદ્ધતિથી થઇ શકે તેમ છે તેને માટે પણ માનવે સ્વતંત્ર રીતે વિચાર કરવાનો છે. જડ નિયમોમાં રહીને જ આત્મસાધના થઇ શકે એવા ધોરણને સ્વીકારવાની જરૂર નથી. અનેક જ્ઞાની પુરુષો, યોગીઓ અને સંતોએ અનુભવસિદ્ધ માર્ગદર્શન આપેલું છે. શરૂઆતમાં તો તેનું અવલંબન લઇને સાધનાનો આરંભ કરી શકાય છે. પછીથી તો અનુકૂળ એવું માર્ગદર્શન અંદરથી મળી રહે છે અને જરૂર ઉભી થતાં ગુરુનું સાન્નિધ્ય પણ સાંપડે છે.

અનેક જ્ઞાની પુરુષોએ જુદે જુદે સમયે માનવસમાજનાં વિકાસની જરૂરીઆત પ્રમાણે અધ્યાત્મિક દૃષ્ટિ દ્વારા માર્ગદર્શન આપ્યું છે અને આત્મવિકાસ માટેની સાધના-પદ્ધતિઓ પણ બતાવી છે. પ્રાચીન યુગના હિંદના ઇતિહાસમાં આપણને ઋષિઓ વિષે જાણવા મળે છે કે તેઓ જગતનાં શાશ્વત સત્ય વિષે ચિંતન કરતાં અને ભવ્ય આધ્યાત્મિક સમૃદ્ધિનો વારસો આપતા હતા. એવી સાધના વિષે આપણને અર્વાચીન યુગમાં પણ શ્રી. અરવિંદનું તત્વજ્ઞાન એક અનોખું માર્ગદર્શન આપે છે. શ્રી. અરવિંદે અર્વાચીન યુગમાં અર્વાચીન ઢબે એક ઉચ્ચ કોટિની સાધના કરી છે. માનવ આત્માએ આદરેલી અખંડ સાધનાના ઉચ્ચમાં ઉચ્ચ શિખરે તેને જે એક સંપૂર્ણ તત્ત્વપ્રકાશ લાધે છે તેનું પ્રતિબિંબ આપણને શ્રી. અરવિંદના તત્ત્વદર્શનમાં મળે છે. વર્તમાન યુગમાં ભૌતિક વિકાસ માટે વિશ્વમાં ઘણા પ્રયત્નો થયા છે અને સ્થૂલ જીવન માટેની સાધનસામગ્રીની ઊણપ નથી, છતાં વર્તમાન કાળનું માનવજીવન તેનાથી સંતુષ્ટ નથી. સમગ્ર વિશ્વની માનવજાતિ સિદ્ધપુરુષોએ આદરેલી આધ્યાત્મિક સાધનામાંથી આધ્યાત્મિક સંપત્તિ માટે ઝંખી રહી છે. વર્તમાનયુગની માનવ-જાતિ માટે શ્રી અરવિંદનું મંતવ્ય છે કે વર્તમાન યુગમાં માનવ જાતિ હવે પોતાનાં મહાન ભવિષ્ય તરફ આગળ વધવા માગે છે. થોડાએક સૈકાઓથી આધ્યાત્મિક જીવન વિષે એક નવું વલણ અખત્યાર થઇ રહ્યું છે. પ્રાચીનકાળથી અત્યાર સુધીમાં આધ્યાત્મિક સાધના કરવામાં આવી છે તે થોડી ઘણી વ્યક્તિઓ દ્વારા થયેલો પ્રયત્ન છે. વિશ્વની સમગ્ર માનવજાતિના વિકાસને અનુકૂળ થાય તેવી સામૂહિક સાધના દ્વારા, આધ્યાત્મિક જ્ઞાન તરફ ઉત્ક્રાન્તિનાં દરવાજા ખોલવા જોઇએ, અને માનવ સમુદાયને સામુદાયિક ઉત્ક્રાન્તિ માટેની સાધનાનું વિશાળ જ્ઞાન આપવું જોઇએ એ દૃષ્ટિથી શ્રી. અરવિંદે વિચાર કર્યો છે. આધ્યાત્મિક જીવનનો વિકાસ એક વિશાળ સાધના દ્વારા જ પ્રાપ્ત કરી શકાય તેમ છે, માનવજીવનનું સુખ અને શાન્તિ માનવ-આત્માની એકતાના પાયા ઉપર જ રચી શકાય તેમ છે એ લક્ષ્યને અનુલક્ષીને શ્રી. અરવિંદ જે માર્ગદર્શન આપે છે, તેને જાણવા માટે તેમની અતિમાનસની સાધનાનો ઉદ્દેશ શું છે તે પ્રથમ સમજવાની જરૂર છે.

"Supramental is the source of all truth."

સર્વસત્યનું મૂળ અતિમાનસ છે અને શ્રી. અરવિંદને માટે તેની શોધ કરવી તે અનિવાર્ય હતું. તેમનાં દર્શનમાં એ સ્પષ્ટતા હતી કે પૃથ્વીની ચેતનામાં અતિમાનસ શક્તિને ઉતારવી અને સિદ્ધ કરી લેવી, જેથી સમગ્ર માનવજાતિ માટે આતમાનસ માટેના વિકાસના દરવાજા ખુલ્લા થાય. પૃથ્વી ઉપર સત્યનું અવતરણ થયું છે, છતાં પૂર્ણસત્યનું અવતરણ થવાનું તો હજી બાકી જ છે. અતિમાનસ તત્ત્વનું અવતરણ હજી જડ તત્ત્વમાં કે માનવ શરીરમાં થયું નથી. અતિમાનસનું અવતરણ એ એક ઉત્ક્રાન્તિનો (Evolution) ક્રમ છે જેને શ્રી. અરવિંદે પોતાની યોગસાધનાનું ધ્યેય માન્યું છે. શ્રી. અરવિંદ કહે છે કે માનવના સામાન્ય મનની અપૂર્ણતા માટેનાં કારણો બતાવીને હું પુરવાર કરી શકું તેમ છું કે આ મન દ્વારા માનવ સંપૂર્ણ ઉત્કર્ષ સાધી શકે તે શક્ય જ નથી અને આ પૃથ્વી ઉપર દિવ્ય જીવનની પ્રાપ્તિ અસંભવ છે. અતિમાનસને જડ તત્ત્વમાં અને માનવ-શરીરમાં લાવવાથી જ માનવ ઝંખે છે તેવો પરમ ઉત્કર્ષ થઇ શકશે એવી તેમની પ્રતીતિ છે. તેથી યોગ સાધના દ્વારા પ્રથમ પોતાની અંદર આતમાનસનું અવતરણ સિદ્ધ કરવાનું તેમણે જરૂરી માન્યું, કારણ કે તે સિવાય માનવજાતિ માટે તે શક્ય બનાવી શકાય તેમ નહોતું. તેમનાં જ શબ્દોમાં અતિમાનસની પરિભાષા નીચે પ્રમાણે છે :-

"અતિમાનસનો પ્રકાશ પૃથ્વી ઉપર ઉતરશે અને તે આજની માનવજાતિમાં રહેલી ઉત્તમોત્તમ વ્યક્તિઓને એક નવી માનવજાતિના રૂપમાં પલટી આપશે. એ રીતે પૃથ્વી ઉપર એક નવીન જ્યોતિ અને શક્તિનો આવિર્ભાવ થશે. એ પ્રકાશને ઝીલવા માનવજાતની તૈયારી થતી જશે તે પ્રમાણે પૃથ્વી ઉપર અતિમાનસનું અવતરણ સિદ્ધ થશે. આ અતિમાનસ ચેતના એ એક પૂર્ણચેતના છે જેને ઋતચેતના કહેવામાં આવી છે. અતિમાનસ ચેતના પોતામાં રહેલા સત્યને અને જ્યોતિભરી જ્ઞાનસૃષ્ટિને સીધે સીધી પ્રકટ કરી શકે છે. અતિમાનસની સૃષ્ટિમાં અજ્ઞાનનું આવરણ નથી હોતું. એ ચેતના પ્રાપ્ત થતાં પોતાના મૂળ સ્વરૂપને તથા વિશ્વમાં આવિર્ભાવ પામેલા સ્વરૂપને જાણી શકાય છે. એ ચેતનાનું પ્રથમ લક્ષણ છે તાદાત્મ્યજ્ઞાન, પદાર્થ સાથે તદ્રૂપ થઇને પ્રાપ્ત થતું જ્ઞાન. તે દ્વારા અપ્રકટ સ્વરૂપને જાણી શકાય છે, આત્મતત્ત્વનું જ્ઞાન મળે છે અને પ્રકટ વિશ્વના સત્યનું જ્ઞાન પણ મળે છે. એટલે સર્વજ્ઞાન અને પદાર્થને ધારણ કરનારી તે આ અતિમાનસ ચેતના સત્ય પ્રકાશમાં રહીને બધું નિહાળે છે. અતિમાનસની ભૂમિકામાં એકતા અને સંવાદિતા છે, પૂર્ણ પ્રકાશ છે."

જેઓ સહૃદયતાથી અને આદરભાવથી ઇશ્વરના સત્યની શોધ માટે તૈયાર થશે, પોતાના અહંભાવને પોષવા માટે નહિ પરંતુ ઇશ્વરના સંકલ્પને આ વિશ્વમાં સિદ્ધ કરવા માટે અને ઇશ્વરના કાર્યની પરિપૂર્ણતા માટે તેમજ અતિમાનસની પ્રાપ્તિ માટે અભીપ્સા કરશે, તેઓને માટે પણ અતિમાનસ ચેતનાનું અવતરણ શક્ય બનશે.

શ્રી અરવિંદ કહે છે "હું જે સત્યની શોધ કરું છું તે ઉર્ધ્વસત્ય માણસને મહાન્ બનાવશે કે નહિ તે સવાલ નથી, પણ તે મનુષ્યને અજ્ઞાનમય જીવનનાં દુઃખ અને સંઘર્ષમાંથી એક સુંદર જીવનના પ્રકાશમાં લઇ જઇને સત્ય અને શાન્તિ તો આપશે જ." અને શ્રી અરવિંદ આહ્વાહન કરે છે કે "જગતમાં રહેલી અલ્પતાઓથી જે કોઇ કંટાળ્યુ હોય, ભાવમાં આવનારી દિવ્ય મહત્તાઓની મોહિની જેને લાગી હોય, પોતાની અંદર રહેલા દિવ્યાત્માની એકાદ ઝાંખી જેને જેને થઇ હોય તે ભલે પુકારને સાંભળી આધ્યાત્મિક જીવન પર ડગલા ભરે. માર્ગ વિકટ અને લાંબો છે. પરંતુ તેના બદલામાં એક અગાધ આનંદ, પરમસુખ અને વિશાળ જીવનની પ્રાપ્તિ થવાની છે.

"તમારામાં ગુપ્ત બેઠેલા આત્માને અથવા કોઇ પાર્થિવ દેહમાં વસતા યોગ્ય ગુરુને શોધી લો. એવા સિદ્ધપુરુષનાં માર્ગદર્શન પ્રમાણે ચાલશો તો કદિ નિષ્ફળ નહિ થાઓ."

એ રીતે શ્રી અરવિંદે માનવવ્યક્તિ અને માનવજાતિ માટેના પૂર્ણ વિકાસનું શિખર પ્રગટ કર્યું છે. **વેણીભાઇ કાપડિયા**

દિવ્ય અનુભૂતિ

(ગતાંકથી અનુસંધાન)

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે પોતાનાં 'Reminiscences' (જીવનસ્મરણો) માં આવી જ એક અનુભૂતિનું નીચે પ્રમાણે વર્ણન કર્યું છે:–

નદીકિનારે થોડો સમય અમે રહ્યા. ત્યાર બાદ મારા ભાઇ જ્યોતિરિન્દ્રે કલકત્તામાં મ્યુઝીયમ પાસેની સદર સ્ટ્રીટમાં એક જુદું ઘર ખરીદ્યું. હું તેની સાથે રહેવા લાગ્યો. હું મારી નવલકથા લખવામાં અને Evening Songs–સાયંકાલીન ગીતો–રચવામાં અહિં મશગુલ હતો. તે દરમિયાન મારામાં એક પ્રકારની ભવ્ય ક્રાન્તિનું નિર્માણ થયું.

એક દિવસ, સાંજના સમયે, અમારા મકાન 'જોરાસાંકો'ની અગાશી ઉપર હું આમ તેમ આંટા મારી રહ્યો હતો. સૂર્યાસ્ત પછીનો ઝળકાટ એ વખતે ખીલેલી સાયંસંધ્યા સાથે એકરૂપ બની ગયો હતો અને મારા માટે વિશિષ્ટ કોટિનું આકર્ષણ પેદા કરે એવું અદ્‌ભુત દૃશ્ય નજર સામે નિર્માયું હતું. બાજુના ઘરની દિવાલો પણ એ પ્રકાશમાં સુન્દર બની ગયેલી દિસતી હતી. મને પ્રશ્ન થયો કે ચાલુ દુનિયાની ક્ષુદ્રતામાંથી મારૂં ચિત્ત આમ એકાએક ઊંચે ઉઠી રહ્યું હતું તે શું ખીલેલી સંધ્યાની જ કોઇ જાદુઇ અસર હતી? ના, એમ બીલકુલ નહિ!

મને એકાએક માલુમ પડ્યું કે મારી અંદર પ્રગટેલી સંધ્યાની જ આ અસર હતી; તેના રંગબેરંગી છાયાએ મારી જાતની (self ની) સભાનતાને આવરી લીધી હતી. દિવસના અજવાળામાં–પ્રકાશમાં–જ્યારે હું મારી જાત વિષે પૂરો સભાન હોઉં છું ત્યારે જે કાંઇ હું જોતો તે સર્વ કાંઇ મારી જાત સાથે મળી જતું હતું અને તેને લગતી સભાનતા નીચે છુપાઇ જતું હતું. અત્યારે હવે જ્યારે મારી જાત–self–પશ્ચાદ્‌ભૂમાં સરી ગઇ હતી, ત્યારે દુનિયાને તેના ખરા સ્વરૂપમાં હું જોઈ શકતો હતો. અને તે ખરા સ્વરૂપમાં ચાલુ અનુભવાતી ક્ષુદ્રતાનો કોઈ અંશ નજરે પડતો નહોતો; તે સૌન્દર્ય અને આનંદથી ભરેલી હતી.

આ અનુભવ થયા બાદ હું મારી જાતને–selfને–તેને લગતી સભાનતાને–ઇરાદાપૂર્વક દબાવવાનો અને માત્ર એક તટસ્થ દૃષ્ટા તરીકે દુનિયાને નિહાળવાનો પ્રયત્ન કરતો હતો અને તેમ કરતાં મને એક વિશિષ્ટ પ્રકારના આનંદનો અનુભવ થતો હતો. મને યાદ છે કે જગતને તેના ખરા સ્વરૂપમાં કેમ નિહાળવું અને આ રીતે મન ઉપરનો ભાર કેમ એકદમ હળવો કરી નાખવો તે મારા એક સગાને સમજાવવાનો મેં પ્રયત્ન કરેલો, પણ મને લાગે છે કે, તેમાં મને કશી સફળતા મળી નહોતી.

ત્યાર પછી મને એક વધારે ઊંડાણવાળી દૃષ્ટિ સાંપડી અને તે જીંદગીભર ચાલુ રહી.

સદર સ્ટ્રીટનો છેડો અને સામે આવેલી ફ્રી સ્કૂલની જમીન ઉપર ઉગેલાં વૃક્ષો અમારા સદર સ્ટ્રીટના મકાનમાંથી દેખાતાં હતાં. એક દિવસ સવારે ઓશરીમાં ઉભો ઉભો એ દિશા તરફ હું જોઇ રહ્યો હતો. સૂર્ય એ વૃક્ષો ઉપર થઇને હજુ હમણાં જ ઊંચે આવી રહ્યો હતો. આમ હું નજર ફેરવતો હતો એવામાં એકાએક મારી આંખો ઉપરનું આવરણ સરી રહ્યું હોય એમ મને લાગ્યું અને અદ્‌ભુત ઝળહળાટમાં આખું જગત નહાઇ રહ્યું હોય અને બધી બાજુએથી સૌન્દર્ય અને આનંદનાં મોજાંઓ ઉછળી રહ્યાં હોય એવો મને ભાસ થયો. આ તેજોમયતાએ મારા દિલમાં એકઠી થયેલી ગમગીની અને નિરાશાને એક ક્ષણમાં ગાળી નાખી અને વિશ્વવ્યાપી પ્રકાશમાં તેને લુપ્ત કરી નાખી.

એ જ દિવસે પેલું કાવ્ય–The Awakening of the Waterfall (જળપ્રવાહનો સમુદ્‌ભવ)–અંદરથી એકાએક ફૂટી આવ્યું અને વેગથી વહેતા ઝરણાં માફક વહેવા લાગ્યું. એ કાવ્ય તો પૂરું થઇ ગયું. પણ વિશ્વના આનંદમય સ્વરૂપની જે અનુભૂતિ થઇ હતી તેના ઉપર પડદો ન પડ્યો અને એમ બનવા પામ્યું કે ત્યાર બાદ આ દુનિયાની કોઇ પણ વ્યક્તિ કે વસ્તુ મારા માટે નકામી કે અરૂચિકર રહી નહિ. બીજા દિવસે કે તે પછીના દિવસે એક ઘટના બની જે મને વિશેષે કરીને આશ્ચર્યજનક લાગી.

એક વિચિત્ર પ્રકૃતિનો માણસ હતો, જે અવાર નવાર મારી પાસે આવતો અને અનેક તરેહના ચિત્રવિચિત્ર એવકુફીભરેલા સવાલો મને પૂછ્યા કરતો. એક દિવસે તેણે મને પૂછેલું "મહાશય, આપે ઇશ્વરને આપની આંખો વડે જોયેલ છે?" અને "મેં નથી જોયેલ" એમ મેં તેને જ્યારે જણાવ્યું ત્યારે તેણે મને કહેલું કે "મેં જોયેલ છે." મેં પૂછેલું કે "તેં જોયું તે શું હતું, કેવું હતું?" તેણે જવાબ આપેલો કે "તે મારી આંખો સામે ઝુલતો અને કંપાયમાન થતો હોય એવો દેખાતો હતો."

એ સહજ સમજી શકાય એવું છે કે આવા માણસ સાથે તાત્ત્વિક ચર્ચામાં ઉતરવાનું સાધારણ રીતે કોઇને ગમતું નથી. તદુપરાન્ત, એ વખતે હું મારા પોતાના લેખનકાર્યમાં સંપૂર્ણપણે નિમગ્ન હતો. આમ છતાં પણ તે એક પ્રકારનો નિરૂપદ્રવી માનવી હતો અને તેથી તેની લાગણીઓને દુભવવાનું મને ગમતું નહિ અને તેની વિચિત્રતાને બને તેટલા સમભાવપૂર્વક હું સહી લેતો.

આ વખતે, બપોર વીત્યા બાદ, તે જ્યારે મારી સમીપ આવ્યો ત્યારે તેને જોઇને મેં ખૂબ આનંદ અનુભવ્યો અને તેને હાર્દિક રીતે આવકાર આપ્યો. તેની વિચિત્રતા અને એવકુફીનું કઢંગું સ્વરૂપ જાણે કે સરી ગયું હોય એમ મને લાગ્યું અને જેને હું આટલા ઉમળકાપૂર્વક આવકારી રહ્યો હતો તે મારાથી લેશ માત્ર ઉતરતો નથી અને, તે ઉપરાંત, મારી સાથે જાણે કે ગાઢપણે સંકળાયેલો હોય એવો એક ખરો માનવી છે એમ મને સ્પષ્ટપણે–સચોટપણે લાગ્યું. આજે તેને જોતાં મેં કશી નાખુશી અનુભવી નહિ, અને તેની સાથે વાતો કરવામાં મારો સમય નકામો જાય છે એમ પણ મને લાગ્યું નહિ. મારા મનનું આવું વલણ નિહાળીને મને પોતાને અત્યન્ત આલ્હાદ થયો અને જે અસત્યને લીધે મને ઘણી બીનજરૂરી વણમાગી બેચેની અને વ્યથા થયા કરતી હતી એવા–મારા ચિત્તને આવરી લેતા–કોઈ અસત્ય તત્ત્વથી મેં મુક્તિ અનુભવી.

બાલ્કનીમાં જ્યારે હું ઉભો રહેતો અને ચોતરફ નજર ફેરવતો ત્યારે વિશ્વસાગરનાં જાણે કે મોજાંઓ ન હોય તેવી રીતે સામે પસાર થઇ રહેલા માણસો–પછી તેઓ ગમે તે હોય–તેમાંની દરેક વ્યક્તિની ચાલ, આકૃતિ અને હાવભાવ–બધું કાંઇ મારામાં અસાધારણ વિસ્મયને પેદા કરતું અદ્‌ભુત પ્રકારનું લાગવા માંડ્યું. બાળપણથી માંડીને આજ સુધી હું માત્ર મારાં સ્થુળ ચક્ષુઓ વડે સર્વ કાંઇ જોતો આવ્યો હતો. હવે હું સર્વ કાંઇ મારામાં પ્રગટેલી નવી ચેતના વડે જોવા લાગ્યો. બધેબધા મિલાવીને યથેચ્છપણે પોતાના માર્ગે વિચરી રહેલા બે સ્મિતશાલી યુવાનોને, જાણે કે કોઇ અલ્પ મહત્ત્વની બાબત હોય એવી રીતે હવે હું જોઇ શકતો નહોતો; કારણ કે તેમની મારફત, મને આનન્દના અનન્ત વહેણના અમાપ ઊંડાણનું – જેમાંથી હાસ્યના અસંખ્ય ઝરણાંઓ આ જગતમાં ફૂટતાં રહે છે તેનું – મને દર્શન થતું હતું.

માણસના નાના સરખા હલનચલન સાથે ચલાયમાન બનતા તેનાં શારીરિક અવયવો અને અંગઉપાંગોમાંથી સહજપણે પ્રગટ

થતા લાવણ્ય તરફ પહેલાં કદિ પણ મારી નજર ગઇ નહોતી; આજે હર ઘડિએ અને બધી બાજુએથી તેનું વૈવિધ્ય મારી સામે આવીર્ભૂત થવા માંડ્યું અને તેથી હું મંત્રમુગ્ધ જનના લાગ્યો. આમ છતાં આ બધા વૈવિધ્યને હું અલગ અલગ તારવીને નહોતો જોતો, પણ આજે જે અદ્‌ભુત ભવ્ય વિરાટ નૃત્ય માનવીની દુનિઆમાં સર્વત્ર, દરેક ઘરમાં અને તેની વિધવિધ જરૂરિયાતો અને પ્રવૃત્તિઓમાં, ચાલી રહ્યું છે તે નૃત્યના એક અંગ તરીકે હું જોઇ રહ્યો હતો, માણી રહ્યો હતો.

મિત્ર મિત્રને હાસ્યપૂર્વક મળે છે, મા બાળક ઉપર હેત વરસાવે છે, એક ગાય બીજી ગાય પડખે ઉભી રહીને તેના શરીરને ચાટે છે અને આ બધાં દૃશ્યો પાછળ રહેલું અનન્ત, અભાવ, અવર્ણનીય સુન્દર સત્યતત્ત્વ મારા મન સામે સીધું સ્પષ્ટ રૂપે પ્રગટ થયું અને લગભગ વેદનાજનક એવા એક સખ્ત આંચકા વડે તેણે મને હલાવી નાંખ્યો.

જ્યારે આ અનુભૂતિકાળ અંગે મેં એમ લખેલું કે:

"મારા દિલના દરવાજા ફ્રેમ એકાએક ઉઘડી ગયા અને અનેક દુનિયાઓ એકમેકનું અભિવાદન કરતી ધસમસતી કેવી રીતે અંદર દાખલ થઇ તેની મને ખબર નથી,—"

ત્યારે એ કોઇ કાવ્યાત્મક અત્યુક્તિ નહોતી. ઉલટું જે ઉત્કટ કોટિનું સંવેદન મેં અનુભવ્યું હતું તેને યથાસ્વરૂપ વ્યક્ત કરવાની મારામાં તાકાત નહોતી.

કેટલાક સમય સુધી આ પ્રકારની આત્મભાનવિહોણી સુખપૂર્ણ દશામાં હું નિમગ્ન રહ્યો. પછી મારા ભાઇએ દાર્જીલીંગ જવાનો વિચાર કર્યો. મેં પણ એ વિચારને આનંદપૂર્વક આવકાર્યો, એમ સમજીને સદ્દર સ્ટ્રીટમાં જેનું મને દર્શન–સાક્ષાત્કાર–થયો હતો તે હિમાલયના વિશાળ પ્રદેશમાં હું વધારે ઊંડાણથી જોઇ શકીશ; કાંઇ નહિ તો મને જે નવા દર્શનની ભેટ મળી હતી તેના અનુસંધાનમાં હિમાલયના મારા મન ઉપર કેવા આઘાત પ્રત્યાઘાત પડે છે તે મને જોવા મળશે. મેં આમ વિચાર્યું.

પણ સદ્દર સ્ટ્રીટના નાના ઘરને જે યશ મળ્યો તે હિમાલયને મળી ન શક્યો. પર્વતારોહણ કર્યા બાદ જ્યારે મેં આસપાસ નજર ફેરવવા માંડી ત્યારે મને એકદમ માલુમ પડ્યું કે મારું તે નવું દર્શન હું ગુમાવી બેઠો હતો. મારો દોષ એમ કલ્પવામાં હોવો જોઇએ કે સત્યનો વધારે અંશ મને બહારથી મળી શકશે. ગમે તેટલો ગગનચુંબી પર્વતરાજ હિમાલય હોય, તેની પાસે આપણને આપવા જેવું કશું જ ન હોય; જ્યારે જે દેનારો છે તે ધારે તો ગંદામાં ગંદી ગલીમાં અને એક ક્ષણના નાના સરખા ગાળામાં અનન્ત વિશ્વનું દર્શન આપણને કરાવી શકે છે.

દેવદાર અને ચીડના વૃક્ષોમાં હું ઠીક ઠીક ભટકયો, જળપ્રપાતો પાસે હું કલાકો સુધી બેઠો અને તેના જળમાં હું ધરાઇને ન્હાયો, નિરભ્ર આકાશમાં કંચનગંગાના હિમશિખરની ભવ્યતા મેં તાકી તાકીને નિહાળી, પણ ઉપર જણાવેલ દર્શનનું પુનરાવર્તન થવાની, મારી દૃષ્ટિએ, શકયતા ધરાવતા આ સ્થાનોમાં મને તે ન મળ્યું તે ન જ મળ્યું. તેની મને ઓળખ બરોબર થઇ હતી પણ હવે તે ફરીથી જોવાનું અશકય બન્યું હતું. કબ્રીમાં પડેલા રત્નને હું મુગ્ધભાવે નિહાળી રહ્યો હતો એવામાં ઢાંકણું એકાએક બંધ થઇ ગયું અને એ બંધ થઇ રહેલી કબ્રીને હું સ્તબ્ધભાવે જોતો રહ્યો. એ ઢાંકણું અહિં ન ઉઘડ્યું તે ન જ ઉઘડ્યું.

* * *

કવિવર ટાગોરના જીવનમાં જુદા જુદા સમયે થયેલી આ પ્રકારની અનુભૂતિઓ અન્યત્ર પણ નોંધાયલી છે. આવી અનુભૂતિઓ અન્ય વ્યક્તિઓના જીવનમાંથી પણ છુટી છવાઇ આપણને જાણવા સાંભળવા મળે છે. પોતાના ઇષ્ટ દેવતાનો સાક્ષાત્કાર અને આ પ્રકારની દિવ્ય અનુભૂતિઓમાં મોટો ફરક એ છે કે પહેલી કોટિના અનુભવો આજના માનસશાસ્ત્રમાં જેને thought-projection - વિચાર અને કલ્પનાનું વિસ્તરીકરણ અને ચોકકસ આકારમાં સ્થિરીકરણ– કહે છે તે પ્રકારના પણ હોઇ શકે એવો ખુલાસો તે અંગે કલ્પી શકાય તેમ છે, જ્યારે બીજી કોટિના અનુભવોને આવી રીતે ઘટાવી શકાય તેમ છે જ નહિ. આમ છતાં પણ સંભવ છે કે આજના માનસશાસ્ત્રીઓ અહિં જે પ્રકારની દિવ્ય અનુભૂતિઓ રજુ કરવામાં આવી છે તેને પણ એક પ્રકારની માનસિક ભ્રમણા તરીકે લેખતા હશે, અને એ રીતે કશા પણ વિશિષ્ટ મહત્વવિનાની ગણતા હશે. પણ જ્યારે આપણે આવી દિવ્ય અનુભૂતિઓમાંથી પસાર થયેલી વ્યક્તિઓના દૃષ્ટિપૂત જીવન તરફ નજર કરીએ છીએ અને પ્રસ્તુત દિવ્ય અનુભૂતિ પહેલાના અને પછીના જીવનની ભાતમાં પ્રગટ થતા મહત્વના ફરકનો વિચાર કરીએ છીએ ત્યારે આ દિવ્ય અનુભૂતિ સ્વપ્ન કે કલ્પનાવિહાર જેવી કેવળ માનસિક ભ્રમણા નથી, પણ એથી વિશેષ કોઇ નકકર હકીકત અથવા તો આધ્યાત્મિક ઘટના છે એમ કબુલ કર્યા સિવાય ચાલે તેમ નથી.

આવી દિવ્ય અનુભૂતિ હજુ મારા પોતાના અનુભવનો વિષય બનેલ નથી, તેથી તેના વિશેષ વિશ્લેષણમાં ઉતરવાનું મારા માટે શકય નથી. અને તે માટે મારી યોગ્યતા પણ નથી. આમ છતાં પણ તે પાછળ કોઇ નકકર તત્વ રહેલું છે, સહેજે ઉપેક્ષા ન થઇ શકે એવું કોઇ પરિપકવ આત્મસંવેદન રહેલું છે એમ મારું મન અને બુદ્ધિ કહ્યા કરે છે; અને તેની શોધ અંગે એક પ્રકારની અતુરતા અને વ્યગ્રતા અનુભવે છે.

ઉપર જણાવેલ દિવ્ય અનુભૂતિ થયા બાદ માનવીના જીવનમાં જે પલટો આવે છે તે કેવો હોય છે? આનો વિચાર કરતાં જૈન દર્શનમાં શૂન્યતામાંથી પૂર્ણતા સુધી લઇ જતી આત્મવિકાસની ભિન્ન ભિન્ન કક્ષાઓ વર્ણવવામાં આવી છે, જેને ચૌદ ગુણસ્થાનકના નામથી ઓળખવામાં આવે છે, તેનું મને સ્મરણ થાય છે. આમાં પહેલા ત્રણ ગુણસ્થાનક–ત્રણ સોપાન–સુધી જીવની સ્થિતિ કેવળ જડસદૃશ, વ્યામોહગ્રસ્ત, ધ્યેયશૂન્ય હોય છે. આ દશામાંથી તેનામાં એકાએક કોઇ દર્શનનો ઉદય થાય છે. આને જૈન દર્શનની શાસ્ત્રીય પરિભાષામાં 'અપૂર્વકરણ' કહે છે. આ દર્શન થવા સાથે તેનામાં 'ગ્રંથિભેદ' થાય છે અને તેણે હવે ચોથા ગુણસ્થાનકમાં પ્રવેશ કર્યો અને ત્યારથી તે 'સમ્યકૃદૃષ્ટિ' થયો એમ જણાવવામાં આવે છે. જૈન દર્શન મુજબ દેવ, ગુરૂ અને ધર્મ વિષે જેને સમ્યગ્ દર્શન પ્રાપ્ત થયું હોય તેને 'સમ્યકૃદૃષ્ટિ' વિશેષણથી વ્યાહૃત કરવામાં આવે છે. આજ સુધી આ ત્રિપુટિ વિષે જીવને કશું જ ભાન નહોતું અને પરિણામે તેને આત્મસાધના તરફ પ્રેરે એવું કોઇ જીવનલક્ષ્ય પ્રાપ્ત થયું નહોતું. હવે ચતુર્થ ગુણસ્થાનકમાં પ્રવેશ કરવા સાથે તેને સાચી સમજ અંશત: પ્રાપ્ત થઇ છે, જીવનવિષયક સાચા લક્ષ્યની તેને કાંઇક ઝાંખી થઇ છે, અને તેની દિશાશૂન્ય ગતિ સમ્યક્ દિશા તરફ અભિમુખ બની છે એમ કહી શકાય. આ ગુણસ્થાનક ઉપર આરોહણ કર્યા બાદ તેનું કદિ પતન થાય જ નહિ, તે કદિ ભૂલો કે દોષો કરે જ નહિ, તે કદિ પણ અસત્યાભિમુખ બને જ તહિ એમ કહી ન જ શકાય. આરોહ અવરોહ, સ્ખલન ઊર્ધ્વગમન–સર્વ કોઇ જીવના આધ્યાત્મિક વિકાસનો આ સ્વાભાવિક ક્રમ છે. આમ છતાં પણ ચોથા ગુણસ્થાનક ઉપર આરોહણ કર્યા બાદ સમગ્રપણે જીવની ગતિ સત્યપ્રેરિત હોવાની, અને મોક્ષ તરફ, પૂર્ણતા તરફ, ઇશ્વરપ્રાપ્ત તરફ અભિમુખ રહેવાની એમ કહી શકાય. ઉપર જણાવેલ દિવ્ય અનુ-

ભૂતિના પરિણામે માનવીના જીવનમાં પડતો તફાવત કાંઇક આ પ્રકારનો માલુમ પડે છે. અલબત્ત સામાન્ય જીવનું ત્રીજાથી ચોથા ગુણસ્થાનક પર થતું આરોહણ તે તો માત્ર તેના આધ્યાત્મિક વિકાસની તદ્દન પ્રાથમિક દશાનું દ્યોતક છે, જ્યારે પ્રસ્તુત દિવ્ય અનુભૂતિનો ઉદ્‌ભવ આધ્યાત્મિક વિકાસનાં અનેક સોપાનો વટાવ્યા બાદ સંભવે છે. પણ જેવી રીતે ત્રીજાથી ચોથા ગુણસ્થાનકના સંધિકાળ અંગે 'અપૂર્વકરણ' અને 'ગ્રંથિભેદ' અપેક્ષિત છે એમ ઉપર જણાવ્યું, તે જ રીતે આધ્યાત્મિક વિકાસના પ્રત્યેક સોપાન પરત્વે આવું અપૂર્વકરણ અને ગ્રંથિભેદ અમુક અંશે અપેક્ષિત રહે જ છે. પ્રસ્તુત દિવ્ય અનુભૂતિ તે તે આત્મા માટે વિશિષ્ટ પ્રકારનાં અપૂર્વકરણ અને ગ્રંથિભેદની ઘટના છે. અને તેથી દિવ્ય અનુભૂતિ થયા પહેલાની અને પછીની આત્મસ્થિતિ વચ્ચે અથવા તો જીવનશૈલી વચ્ચે મહદ્‌ અન્તર હોય એ તદ્દન સ્વાભાવિક લાગે છે.

પ્રસ્તુત અનુભૂતિનું સ્વરૂપ કેવું હોય છે અને તેમાંથી પસાર થવા બાદ માનવી જીવનમાં કેવું પાયાનું પરિવર્તન થાય છે તે સંબંધી શ્રી. સુન્દરમે 'રવીન્દ્રવન્દના' નામના એક અંજલિસંગ્રહમાં 'ભૂમાનો ગાયક' એ મથાળા નીચે અત્યન્ત અર્થવાહી વિવેચન કર્યું છે. તેમાંનો પ્રસ્તુત વિભાગ, જ્યારે આ વિષયની ચર્ચા હાથ ધરી છે ત્યારે, અહિં ઉધ્ધૃત કરવાના પ્રલોભનને હું રોકી શકતો નથી. શ્રી. સુન્દરમ ઉત્કૃષ્ટ કોટિના કવિ તો છે જ. વળી તેઓ અધ્યાત્મ માર્ગના પ્રવાસી છે. વર્ષોથી તેઓ પોન્દીચેરી ખાતે આવેલા શ્રી અરવિન્દના આશ્રમમાં રહીને આત્મસાધના કરી રહ્યા છે. તેથી આ વિષયમાં તેઓ જે કાંઇ જણાવે તેને અંગત અનુભવ યા તો સંવેદનનું પીઠબળ હોવું જોઇએ–આવી માન્યતા તેમના વિષે વધારે પડતી નહિ ગણાય. તેમના અભિપ્રાય મુજબ જે દિવ્ય અનુભૂતિઓની આપણે ચર્ચા કરી રહ્યા હતા તે પરમ તત્ત્વ સાથે માનવીનું દિવ્યાનુસન્ધાન જ છે. આ દિવ્યાનુસન્ધાનને અનુલક્ષીને તેઓ જે કાંઇ જણાવે છે તે આપણે હવે પછીના અંકમાં જોઇશું.

અપૂર્ણ

પરમાનંદ

અમદાવાદ–પર્યુષણ વ્યાખ્યાનમાળા

પર્યુષણ નિમિત્તે આ વર્ષે પણ તા. ૩૦–૮–૫૯ રવિવારથી તા. ૬–૯–૫૯ રવિવાર સુધી શ્રી અમદાવાદ જૈન યુવક સંઘના ઉપક્રમે પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી.

તારીખ	વ્યાખ્યાતા	વ્યાખ્યાનવિષય
૩૦	શ્રી. કેશવરામ કા. શાસ્ત્રી	જૈન જ્ઞાન–ભંડારો
,,	શ્રી. સોમચંદભાઇ શાહ	જૈન–દર્શન
૩૧	ડો. હરિપ્રસાદ શાસ્ત્રી	જૈન શિલ્પ–સ્થાપત્ય
,,	શ્રી. માણેકભાઇ જશભાઇ પટેલ	પ્રજાજન તરીકે આપણી જવાબદારી
૧	શ્રી. અમિતાબહેન મહેતા	ભજનો
,,	માનનીય શ્રી. ટી. એસ. ભારદેજી	માનવ જીવનના ચાર પુરૂષાર્થ
૨	આચાર્ય શ્રી. એસ. વી. દેસાઇ	ચારિત્રનું ઘડતર
,,	આચાર્ય શ્રી. એસ. આર. ભટ્ટ	પ્રેમસગાઇ
૩	,, ,, આર. ડી. દેસાઇ	વિજ્ઞાન કયે માર્ગે ?
,,	મુનિશ્રી પુણ્યવિજયજી	શ્રમણ ભગવાન મહાવીર
૪	શ્રી. રમણલાલ એસ. ત્રિવેદી	ગાંધીતત્ત્વજ્ઞાન અને ફેલાવણી
,,	ડો. ભોગીલાલ જે. સાંડેસરા	વિદેશમાં જૈન ધર્મનો અભ્યાસ
૫	શ્રી. નવલભાઇ શાહ	વિજ્ઞાનયુગમાં અહિંસાનું સ્થાન
,,	શ્રી. ધૂમકેતુ	રાષ્ટ્રીય ચારિત્ર્ય
૬	માનનીય શ્રી. માણેકલાલ શાહ	નાગરિક ધર્મ
,,	શ્રી. રવિશંકર મહારાજ	વાર્તાલાપ

આજની અન્નસમસ્યા

તા. ૨૮–૮–૫૯ શુક્રવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં શ્રી. ખીમજી માડણ ભુજપુરીઆએ 'આજની અન્નસમસ્યા' એ વિષય ઉપર એક વ્યાખ્યાન આપ્યું હતું અને એ પ્રશ્નના વિવેચન દ્વારા તેમણે નીચે મુજબના મહત્ત્વપૂર્ણ વિધાનો કર્યા હતાં:–

(૧) હિંદને આપણે ખેતીપ્રધાન દેશ કહીએ છીએ એના ઉપરથી જે એમ તારવવામાં આવે છે કે હિંદ અનાજની બાબતમાં વર્ષોથી સ્વાયત્ત – self sufficient – હતું; આત્મનિર્ભર હતું – આ ખ્યાલ હકીકતમાં બરોબર નથી. દૂરના ભૂતકાળની મને ખબર નથી, પણ છેલ્લાં પચ્ચીસ ત્રીસથી વધારે વર્ષથી હિંદને પોતાની જરૂરિયાત માટે બહારથી અનાજ કઠોળ લાવીને પુરવણી કરવી પડતી હતી.

(૨) છેલ્લાં દશ વર્ષમાં એક યા બીજા કારણોસર અનાજનો ઉપયોગ આમપ્રજામાં સતત વધતો રહ્યો છે અને આજના વસ્તીવધારાના કારણે તેમાં વિશેષ વધારો થતો રહેવાનો છે.

(૩) આપણે અનાજનું ઉત્પાદન બને તેટલું વધારતા જવું જોઇએ, એમ છતાં આપણી જરૂરિયાત માટે કેટલાક સમય સુધી પરદેશથી અનાજ આયાત કર્યા સિવાય ચાલવાનું નથી.

(૪) હાલના સંયોગમાં જરૂરિયાત પ્રમાણે હુંડિયામણની ગમે તે ગોઠવણ કરીને ભારત સરકારે પૂરતા પ્રમાણમાં અનાજ આયાત કરતા અચકાવું ન જોઇએ.

(૫) એ રીતે હાથ ઉપરના સ્ટૉકમાંથી જ્યાં જરૂર પડે ત્યાં અને તો, જ્યાં ભાવો ઉપર જાય ત્યાં ભાવોને ઠેકાણે લાવવા માટે, સરકારે પૂરતું અનાજ બજારમાં ઠાલવવું જોઇએ, તેમ જ ફેર પ્રાઇસ દુકાનો દ્વારા છૂટથી વહેંચતા રહેવું જોઇએ.

(૬) જ્યાં અમુક સપાટીથી બજારભાવ નીચે જઇ રહેલા માલુમ પડે ત્યાં તે સપાટી ટકાવવા માટે સરકારે જોઇતા પ્રમાણમાં અનાજ ખરીદતા રહેવું જોઇએ.

(૭) આ ભૂમિકા સ્વીકારીને આજના બધા કંટ્રોલો અને પ્રાદેશિક નિયંત્રણો સરકારે એકદમ રદ કરવા જોઇએ.

આમ કરવાથી સપ્લાઇ ડીમાન્ડ – પૂરવઠો અને માગ – ના નિયમ પ્રમાણે અને ભાવ હરિફાઇના કારણે અનાજની આજની પરિસ્થિતિમાં સમધારણ આવ્યા વિના નહિ રહે અને આજે વિકટ લાગતી અન્નસમસ્યાનો જલ્દિથી ઉકેલ આવશે એમ હું ધારું છું.

આ ઉપરાંત રોકડીયા પાક અંગે તેમણે એવો અભિપ્રાય વ્યકત કર્યો હતો કે "સરકારે આ સંબંધમાં જે લક્ષ્ય નક્કી કર્યું છે તે લક્ષ્ય પર પહોંચાય નહિ ત્યાં સુધી રોકડીઆ પાક ઉપર કશું નિયંત્રણ મુકવાની જરૂર નથી તેમ જ તેમના અભિપ્રાય મુજબ ભારતની જમીનના મોટા ભાગમાં રોકડીઓ પાક થઇ શકે તેમ પણ નથી."

ચિત્રો સાથે ભગવદ્‌ગીતા વિષે પ્રવચન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૨૧–૯–૫૯ સોમવાર સાંજના ૬–૩૦ વાગ્યે ઇન્કમટેક્સ ઓફિસ પાછળ ન્યુ મરીન લાઇન્સ રોડ ઉપર આવેલા 'મનોહર'માં અમેરિકાના પ્રવચન પ્રવાસેથી તાજેતરમાં પાછા ફરેલા શ્રી પરમાનંદ મહેરા, મેજીક લેન્ટર્ન સ્લાઇડઝ સાથે શ્રી ભગવદ્‌ગીતા ઉપર જાહેર પ્રવચન કરશે. આ વિષયમાં રસ ધરાવતા ભાઇ બહેનોને નિમંત્રણ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

शिवास्ते पन्थानः सन्तु।

આજથી લગભગ સોળ સત્તર વર્ષ પહેલાંની વાત છે. કોઇ એક સવારના સમયે કોઇએ મારા ઘરનું બારણું ખખડાવ્યું. મેં બારણું ઉઘાડ્યું. બારણા આગળ એક બારેક વર્ષનો છોકરો ઉભેલો. મને પગે લાગીને તેણે કહ્યું કે "શેઠ, મને નોકરી રાખશો?" મેં કહ્યું "તું શું કરીશ?" તેણે કહ્યું "હું રસોઇ કરીશ." અમને ઘરમાં એ વખતે આવા એક મદદનીશની જરૂર હતી. મેં તેને પૂછ્યું "શું પગાર લઇશ?" તેણે જવાબ આપ્યો કે "તમે આપશો તે, પણ સાથે સાથે મને ભણવા દેવાની તમારે સગવડ આપવી પડશે. હું તમારું કામ કરીશ અને નજીકની નિશાળમાં ભણવા જઇશ." મારો ચાલુ જમવાનો સમય અને તેનો ભણવાનો સમય એ બેનો મેળ મળે તેમ નહોતું એટલે હું તેને રાખી ન શક્યો, પણ મારી બહેનને પણ આવા એક માણસની જરૂર હતી તેથી મેં તેને મારી બહેનને ત્યાં મોકલ્યો. અને ભણવા દેવાની સરત સ્વીકારીને તેણે તેને રાખી લીધો. સવારના તે રસોઇ કરે અને દશ આગણાર વાગ્યે નિશાળે જાય, અને રાત્રીના લેસન કરે. શનીવાર હોય ત્યારે બહુ વહેલો ઉઠે અને બને તેટલું રસોઇનું કામ પતાવીને સવારની નિશાળે પણ વખતસર પહોંચી જાય, તેનું નામ ભવાની. જન્મથી મારવાડી બ્રાહ્મણ. દેખાવે રૂપાળો તમણો. મારી બહેનને તેનાથી નાની મોટી ઉમ્મરનાં બાળકો હતાં. તેમની સાથે હળીમળીને રહે અને ભણે. બહારના લોકોને તે એક કુટુંબી જેવો લાગે. બહેનનાં છોકરાં મને મામા કહે એટલે ભવાની પણ મને મામા કહીને જ સંબોધે.

આમ તેણે ત્યાં બે વર્ષ નોકરી કરી અને ભણવામાં આગળ વધતો ગયો. પછી સાન્તાક્રુઝ એક સજ્જનને ત્યાં રસોઇના કામ માટે રોકાયો. તેમણે પણ તેને ભણવાની અનુકુળતા કરી આપી. સાન્તાક્રુઝની આનંદીલાલ પોદ્દાર હાઇસ્કૂલમાં તે દાખલ થયો અને મેટ્રીક સુધી પહોંચ્યો. કમનસીબે મેટ્રીકની પરીક્ષામાં તે નપાસ થયો.

પછી તેના શેઠની પૂનામાં ઓફીસ હતી. ત્યાં એક વર્ષ તેણે નોકરી કરી. પછી તેના કોઇ ધર્મગુરૂ સાથે નેપાળ ફરી આવ્યો. નેપાળથી ચંડીગઢ આવ્યો અને ત્યાં રસોઇ કરવાની અને બચત સમયમાં કામ કરવાનું–એ રીતે ઍસોસીએટેડ રૅટન ઇન્ડસ્ટ્રીઝમાં તેને નોકરી મળી. ચંડીગઢમાં આ રીતે તેણે એક વર્ષ ગાળ્યું. પછી પાછો મુંબઇ આવ્યો.

મુંબઇમાં કંઇ ને કંઇ કામ તે કરતો રહેતો. આ દરમિયાન મારા એક સ્વજનની પુત્રીના લગ્ન પ્રસંગે રસોઇ, ફરસાણ, મીઠાઇ કરવા માટે તેને બોલાવેલો. એ લગ્નના સત્કાર સમારંભમાં થોડા સમય પહેલાં અંધેરી ખાતે શરૂ થયેલી કૉલેજ ઓફ કેટરીંગના આચ્રેજ પ્રીન્સપાલ આવેલા. તેમણે આ ભવાનીને જોયો અને તેના તરફ આકર્ષાયા. તેને બોલાવીને તે શું કરે છે, કયાં રહે છે વગેરે જાણી લીધું અને પછી પૂછ્યું કે "છોકરા, તું અમારે ત્યાં નોકરી કરવા આવીશ?" તેણે જવાબ આપ્યો કે "મારે નોકરી કરવી નથી, પણ મને ભણવા માટે તમારી કૉલેજમાં દાખલ કરો તો આવું!" ભવાનીને તેમની કૉલેજમાં દાખલ કરવામાં મોટો વાંધો એ હતો કે કૉલેજમાં દાખલ થનારે મેટ્રીકની પરીક્ષા પસાર કરેલી હોવી જોઇએ, જ્યારે ભવાની મેટ્રીક–નપાસ હતો. આમ છતાં ભવાનીની આવી માગણીથી પેલા પ્રીન્સીપાલ એટલા બધા પ્રભાવિત બન્યા કે તેને કૉલેજમાં આવવાનું શરૂ કરવા કહ્યું અને તેના વિષે કંઇ માર્ગ કાઢવાનો પ્રયત્ન કરવાનું પ્રીન્સીપાલે વચન આપ્યું. ભવાનીએ આ રીતે તે કૉલેજમાં જવાનું શરૂ કર્યું. પંદરેક દિવસે તેને બધી રીતે પ્રીન્સીપાલે નિહાળ્યો અને પછી સરકારના આ બાબતને લગતા કેળવણી ખાતાના ટેકનીકલ બોર્ડને ખાસ લખીને ભવાની મેટ્રીક પાસ ન હોવા છતાં તેને કૉલેજ ઓફ કેટરીંગમાં દાખલ કરવાની પરવાનગી મેળવી.

આ કૉલેજનો કોર્સ ત્રણ વર્ષનો હતો. પહેલું વર્ષ ભવાની બહારથી આર્થિક મદદ મેળવીને ત્યાં એમ જ ભણ્યો અને પહેલા વર્ષનો ડીપ્લોમાં મેળવ્યો. પછી તેને ભણવા સાથે કૉલેજમાં નોકરી ઉપર લેવામાં આવ્યો અને પછીના બે વર્ષનાં ઘોરણો આર્થિક ચિન્તાથી મુકત બનીને તેણે પસાર કર્યાં. છેલ્લી પરીક્ષામાં તે કૂકરી–પાકશાસ્ત્રમાં–સૌથી પહેલા નંબરે આવ્યો અને કૉલેજના તે વર્ષના સૌથી શ્રેષ્ટ વિદ્યાર્થી તરીકે તેને પારિતોષિક આપવાનું જાહેર કરવામાં આવ્યું.

એક દિવસ રાત્રે તે મારે ત્યાં આવ્યો. તેને જોઇને મેં પૂછ્યું "કેમ ભવાની, કેમ આવ્યો છું?" તેણે કહ્યું કે "મેં મારો અભ્યાસ પૂરો કર્યો છે અને રપોશિયાલાઇઝ્ડ હોટેલ મેનેજમેન્ટ એન્ડ કેટરીંગનો ડીપ્લોમા મને મળ્યો છે. આવતી કાલે અમારી કૉલેજમાં પરીક્ષાને લગતાં ઇનામો વહેંચવાનો મેળાવડો છે. લીલાબહેન (શ્રીમતી લીલાવંતી મુનશી) ના હાથે ઇનામો વહેંચવાનાં છે. અને મને પણ ઇનામો મળવાનાં છે તો મામા, તમે આ મેળાવડામાં ન આવો? મારે બીજું કોણ છે? એટલે મને થયું કે લાવ મામાને કહું!" અંધેરી બપોરે ત્રણ સાડા ત્રણ વાગ્યે પહોંચવામાં અગવડ તો હતી, પણ આટલી ભમ્મ તાથી કહેવા આવે તેની માગણીનો ઇનકાર કેમ થાય? તેની ઇચ્છા મુજબ હું ત્યાં ગયો અને તેને લગભગ અડધાં ઇનામો અને શિષ્યવૃત્તિઓ મળતી જોઇને હું ખૂબ રાજી થયો.

ઉપર જણાવ્યું તેમ તેને છેવટનો ડીપ્લોમા મળવાથી તેની નોકરીનું પગારધોરણ વધ્યું અને ધીમે ધીમે તે માસિક રૂા. ૨૯૦ ના પગાર સુધી પહોંચ્યો. પણ ભવાની આટલાથી સંતોષ માનીને બેસી રહે એમ નહોતું. પરદેશ જઇને આગળ ભણવાની અને વધારે યોગ્યતા પ્રાપ્ત કરવાની તેના મનમાં તમન્ના જાગી. જ્યાં ત્યાં ફાંફા મારે પણ એમ તેનો ગજ શી રીતે વાગે? જરટીસ ચાગલા આપણા એલચી તરીકે અમેરિકા જવાના હતા ત્યારે તેના રસોઇઆ તરીકે જવા માટે તેણે ઠીક ઠીક મહેનત કરેલી. પણ તે જરાક મોડો પડયો અને તેનું ચોગઠું બેઠું નહિ. પણ એમ તે હિંમત હારે તેવો નહોતો. અહિં મળેલા ડીપ્લોમાના આધારે સીડી ઓફ પોર્ટ્સમાઉથ (ઇંગ્લાંડનું એક મોટું શહેર) માં આવેલી કૉલેજ ઓફ ટેકનોલોજીમાં પ્રવેશ મેળવવા માટે તેણે અરજી કરી. તેના સદ્‌ભાગ્યે તે કૉલેજના અધિકારીઓએ તેની અરજી મંજુર કરી. પણ અહિંથી ત્યાં જવાના અને રહેવા ભણવા વગેરેના ખર્ચનું શું? સીન્ધીઆ સ્ટીમશીપ કંપનીની 'જય વલ્લભ' સ્ટીમરમાં લાગવગથી પેસેજમાં ૫૦ ટકાની રાહત મેળવી, તેના પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા મુરબ્બીજનો પાસેથી જરૂરી રકમની તેણે લોન મેળવી અને એ જ રીતે કપડાં વગેરે જરૂરી વસ્તુઓ પણ કંઇ અહિંથી કંઇ તહીંથી એમ મોટા ભાગે એકઠી કરી લીધી. આજે તેની ઉંમ્મર ૨૮ વર્ષની છે. કુટુંબની તેના માથે જવાબદારી છે. આની પણ જેમ તેમ કરીને તેણે વ્યવસ્થા કરી. કૉલેજ ઓફ ટેકનોલોજી જેમાં હોટેલ મેનેજમેન્ટ અને કેટરીંગનો વિષય પણ શિખવવામાં આવે છે તેનો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ છે: ત્યાં પણ કામ કરીને પોતાના ખર્ચને પહોંચી વળવાની તે આશા રાખે છે.

જણાવતાં આનંદ થાય છે કે આ સાહસિક અને મહત્વાકાંક્ષી ભવાની સપ્ટેંબર માસની ચોથી તારીખે અભ્યાસ કરવા માટે પરદેશ જવા ઉપડી ચૂકયો છે. જ્યાં નિશ્ચય છે ત્યાં માર્ગ નીકળે છે જ; જ્યાં સાહસ ત્યાં શ્રી અનુસરે છે; જ્યાં પુરૂષાર્થ છે ત્યાં સફળતા નિશ્ચિત હોય છે. એટલે આવા નિશ્ચય, સાહસ અને પુરૂષાર્થને કોઇના આશીર્વાદની જરૂર હોય જ નહિ. આમ છતાં પણ આટલા લાંબા સમયના મામા ભાણેજના સંબંધના કારણે વાત્સલ્યપ્રણુત બનેલું હૃદય તેને સહજપણે આશીર્વાદ આપે છે કે शिवास्ते पन्थानः सन्तु। **પરમાનંદ**

* આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા *

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળાનો જે કાર્યક્રમ પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ કરવામાં આવ્યો હતો તે બે ફેરફાર સાથે સંપૂર્ણતઃ પાર પડ્યો હતો. પહેલો ફેરફાર તા. ૧૬-૯-૫૯ મંગળવારના રોજ પ્રિન્સીપાલ ડૉ. સુધાબહેન દેસાઇના નિયત કરેલા વ્યાખ્યાન અંગે હતો. તેઓ વડોદરાથી વ્યાખ્યાન આપવા માટે મુંબઇ આવવાના હતાં, પણ તેમની તબિયત એકાએક નાદુરસ્ત થઇ આવવાથી આવી શકયાં નહોતાં. તેમના સ્થાને શ્રીમતી લીલાવતીબહેન ચુનીલાલ કામદારે 'ડૉ. મીસીસ એની બીસેન્ટ' એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. આ મુજબ તા. ૬-૯-૫૯ ના રોજ શ્રીમતી ફાતમાબહેન ધરમાણલનું નકકી કરવામાં આવેલું વ્યાખ્યાન એવા જ કારણસર એકાએક રદ કરવું પડ્યું હતું અને તે દિવસે શ્રીમતી આશાદેવી આર્યનાયકમ્‌ના એક વ્યાખ્યાનથી સંતોષવી લેવામાં આવ્યું હતું. સદ્‌ભાગ્યે તેમના પછી શ્રીમતી કમળાબહેન હકકરનું વ્યાખ્યાન હતું અને તે ધાર્યા મુજબ લાંબું ટૂંકું કરી શકાય તેમ હતું. તેથી બીજું વ્યાખ્યાન કમી થયાની ઉણપ કોઇને લાગવા પામી નહોતી.

પ્રસ્તુત વ્યાખ્યાનમાળા માત્ર સ્ત્રીવ્યાખ્યાતાઓની જ ગોઠવવામાં આવી હતી એ આ વખતની વ્યાખ્યાનમાળાના આયોજનની કોઇપણ પણ એકાએક ધ્યાન ખેંચે એવી-અપૂર્વ વિશેષતા હતી. ગત વર્ષની વ્યાખ્યાનમાળામાં અકસ્માતથી એક પણ સ્ત્રીવ્યાખ્યાતાને સંમીલિત કરવામાં આવી નહોતી અને તે સંબંધે પરિચિત બહેનો તરફથી અલબત્ત કેવળ વિનોદમાં, ટકોર કરવામાં આવી હતી અને તેના જવાબ રૂપે માત્ર સ્ત્રી-વકતાઓની જ આ વખતે પસંદગી કરવાનો વિચાર અમારા મનમાં ઉદ્‌ભવ્યો હતો. વ્યાખ્યાનમાળાનું ચાલુ ધોરણ જળવાય એવી બહેનોનાં વ્યાખ્યાનો ગોઠવવાનું કામ સહેલું નથી એ અમારા ધ્યાન બહાર નહોતું. આમ છતાં પણ એ કાર્ય અશકય છે એમ પ અમે માનતા નહોતા. આ ધારણા સિદ્ધ કરવા માટે અમે એકધારો પ્રયત્ન શરૂ કર્યો: દિલ્હી, કલકત્તા, અમદાવાદ, વડોદરા-જ્યાં જ્યાં આવી બહેનો મળવાની સંભાવના હતી ત્યાં ત્યાં પત્રવ્યવહાર શરૂ કર્યો. કોઇનો જવાબ જ ન આવ્યો; કોઇએ મહત્ત્વના રોકાણ અંગે નિમંત્રણ ન સ્વીકારી શકવા બદલ દિલગીરી દર્શાવી. કોઇએ હા લખી અને પાછળથી અશકિત દર્શાવી. અહિં પણ અનેક બહેનોનો સંપર્ક સાધવામાં આવ્યો અને હા, ના અને હા ની ના એમ આશા નિરાશાના ચક્રમાંથી અમારે ઠીક ઠીક પસાર થવું પડ્યું. વ્યાખ્યાન આપવા માટે હા પડાવવી, વિષય નક્કી કરવો, અનુકૂળ દિવસ નકકી કરવો-એ બહેનોના અંગમાં વધારે મુશ્કેલ કાર્ય હતું. એમાં પણ બધું નકકી કર્યું હોય અને, તે બહેન માટે અણધાર્યો પ્રતિકુળ સંયોગ ઉભો થાય અને હાની ના આવે ત્યારે બીજી વ્યકિતની પુરવણી કરવી પડે-આમ એક ઇંટ મૂકાએ અને બીજી ઇંટ ખરી પડે-આવા તરેહ તરેહની અનિશ્ચિતતાઓનો અમારે સામનો કરવો પડ્યો. આમ છતાં પણ સતત પરિશ્રમના પરિણામે આખરે મન સંતોષાય એવી કેવળ સ્ત્રીવકતાઓની વ્યાખ્યાનમાળા અમે વખતસર નકકી કરી શકયા-આથી અમે ઊંડી રાહત અને સંતોષ અનુભવ્યો. આવા વિલક્ષણ આયોજનના કારણે, કેટલાક મિત્રોના મનમાં દહેશત હતી કે, આજ સુધી જળવાઈ રહેલા વ્યાખ્યાન ધોરણને ધકકો લાગ્યા વિના નહિ રહે. પણ જણાવતાં આનંદ તેમજ સંતોષ થાય છે કે અનુભવે આ દહેશત ખોટી પાડી છે. ઉલટું આ વખતનાં વ્યાખ્યાનોએ ચાલુ ધોરણનો આંક કાંઇક અંશે ઉંચો ચઢાવ્યો છે, અને આજની વિકાસત સ્ત્રીશકિતનું સૌ કોઇને ભારે પ્રેરણાદાયી દર્શન થયું છે, અને વિચાર અને વકતૃત્વના ક્ષેત્રમાં પુરૂષોની સરખામણીએ બહેનો એટલી જ આગળ વધી છે એવી પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં ભાગ લેનાર સૌ કોઇને પ્રતીતિ થઇ છે. એક પછી એક વ્યાખ્યાનો રજુ થતા ગયાં અને શ્રોતાઓનાં દિલ આનંદ અને તૃપ્તિ વડે પુલકિત બનતાં રહ્યાં. છેવટના બે દિવસનાં વ્યાખ્યાન-પહેલું શ્રીમતી આશાદેવી આર્યનાયકમ્‌નું અને બીજું શ્રીમતી વિમલા ઠકારનું-આ વ્યાખ્યાનો એ તો, જાણે કે અહિં સાતત્ત્વનું કોઇ નવું રોચક તેમ જ પ્રેરક દર્શન થઈ રહ્યું હોય એવી, વિપુલ શ્રોતાસમુદાયના દિલમાં ઊંડી અનુભૂતિ પેદા કરી હતી. આ રીતે આ વખતે કલ્પાયલા અને મૂર્તરૂપને પામેલા આયોજન-સાહસને ધાર્યા કરતાં પણ વિશેષ સફળતા પ્રાપ્ત થઈ હતી.

આ વ્યાખ્યાનમાળામાં ઘણા ખરા વ્યાખ્યાતાઓ પહેલી જ વાર ઉપસ્થિત થયાં હતા. બહારગામથી આવનાર સ્ત્રી વકતાઓમાં શ્રી ધીરૂબહેન પંડિત તથા ડોકટર પ્રિયબાળા શાહ અમદાવાદથી આવ્યા હતાં અને શ્રીમતી આશાદેવી આર્યનાયકમ્‌ સંઘના નિમંત્રણને માન આપીને ખાસ સેવાગ્રામથી આવ્યાં હતાં. શ્રી. વિમલા ઠકાર એપ્રીલ માસની આખરે અન્ય કેટલાક સર્વોદય વિચારકો સાથે, ખાસ કરીને યુગોસ્લાવીઆમાં જે નવી સમાજરચના ઉભી કરવામાં આવી છે તેનો વિશિષ્ટ પ્રકારે પ્રત્યક્ષ પરિચય કરવા માટે, યુરોપના પ્રવાસે ગયાં હતાં અને યુગોસ્લાવીઆનું કાર્ય પુરૂં થયા બાદ અન્ય સાથીઓ ભારત ખાતે પાછા ફર્યા હતા, પણ શ્રી વિમલા ઠકારનો યુરોપીય પ્રવાસ લંબાયો હતો. પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં તેઓ છેવટનું વ્યાખ્યાન આપશે એમ ગયા ઓકટોબર માસ દરમિયાન તેમની સાથે જાતે મળીને નકકી કરવામાં આવ્યું હતું અને તે આધાર ઉપર આ વખતે માત્ર સ્ત્રી વકતાઓ ગોઠવવાની કલ્પના વિચારાધીન રહી હતી. પણ વચગાળે એક એવો સમય આવ્યો હતો કે જ્યારે વિમલા ઠકાર અહિં વખતસર આવી પહોંચશે કે નહિ એ તદ્દન અનિશ્ચિત બની ગયું હતું અને પરિણામે છેવટના ટોચના ભાષણ માટે કોને બોલાવવા એ અમારા માટે મોટી ચિન્તાનો વિષય બન્યો હતો. સદ્‌ભાગ્યે વિમલા ઠકાર તરફથી એમ ખાત્રી આપતો પત્ર વખતસર મળી ગયો કે તેઓ છઠ્ઠી સપ્ટેમ્બરે ચોકકસ મુંબઇ આવી પહોંચશે અને સાતમી સપ્ટેમ્બરની છેલ્લી વ્યાખ્યાનસભામાં 'હિંસાથી અહિંસા તરફ' એ વિષય ઉપર વ્યાખ્યાન આપશે. આમ આ વિષયમાં સ્વસ્થ બનવા છતાં છઠ્ઠી તારીખે અહીં આવી પહોંચનારૂં વિમાન વખતસર ન આવે અથવા બીજી કોઇ અગવડ આવે અને તેઓ સુલભ ન બને તો, છેવટના દિવસ માટે શું કરવું એ ચિન્તા તો મનમાં ફરકયા જ કરતી હતી. સદ્‌ભાગ્યે તેઓ વખતસર લંડનથી મુંબઈ આવી પહોંચ્યા અને છેવટના દિવસની વ્યાખ્યાનસભા વકતવ્ય તેમ જ શ્રોતાસમુદાયની દૃષ્ટિએ ટોચની સભા બની ગઇ.

આ ઉપરાંત છેલ્લા બે દિવસની સભામાં કીર્તન કરવા માટે ભાવનગરથી શ્રી. કમળાબહેન ઠકકરને ખાસ નિમંત્રણ આપવામાં આવ્યું હતું અને તેમણે સ્વ. ઝવેરચંદ મેઘાણીકૃત 'દસ્તાવેજ' ઉપરથી તેમ જ જૈન કથા સાહિત્યમાં બહુ જાણીતી શાલીભદ્રની કથા ઉપરથી પોતે રચેલાં બે આખ્યાનો રજુ કર્યા હતાં. શ્રી. કમળાબહેનનો ગુલા દ છતાં મધુર કંઠ, વાણી ઉપરનું તેમનું અદ્‌ભુત પ્રભુત્વ, તલપદા ભાષાપ્રયોગો, મૂળ કથામાં અન્તર્ગત કરવામાં આવતાં રોચક દૃષ્ટાન્તો અને વિનોદપૂર્ણ શૈલી-આ બધાં કારણોને લીધે તેમનાં આખ્યાનો ભારે મનોરંજક બન્યાં હતાં.

આવી જ રીતે પર્યુષણ વ્યાખ્યાનમાળાના દિવસો દરમિયાન શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા. ૨-૯-૫૯ બુધવારના રોજ રાત્રીના સમયે મરીન લાઇન્સ સ્ટેશનની પાછળ આવેલા તારાબાઇ હોલમાં ગુજરાતી ભાષાના જાણીતા કવિવર શ્રી. કરસનદાસ માણેકનું તેમ જ માણ કલા કેન્દ્રની મંડળી સાથે મહાકવિ

પ્રેમાનંદકૃત 'કુંવરબાઇનું મામેરું' એ કાવ્યકૃતિ ઉપર આધારિત સંકીર્તન ગોઠવવામાં આવ્યું હતું. આ દિવસે અને ખાસ કરીને સાંજના વખતે વરસાદનાં ઝાપટાં અવારનવાર પડતાં રહેતાં હોવા છતાં ભાઇઓ અને બહેનોથી તારાબાઇ હૉલ ભરાઇ ગયો હતો અને શ્રી. માણેકે પોતાની વાકછટાથી બે કલાક સુધી સૌને મુગ્ધ બનાવ્યા હતા. ભકતકવિ નરસિંહ મહેતાના આ જીવન પ્રસંગ દ્વારા સાથે સાથે આપણા ચિત્ત ઉપર જેમનું સ્મરણ સુઅંકિત છે તેવા મહાત્મા ગાંધીજીની ચમત્કારપૂર્ણ જીવનસિદ્ધિનું શ્રી. માણેકે આછું દર્શન કરાવ્યું હતું. ગયા વર્ષે જે રીતે શ્રી. દિલીપકુમાર રોયના ભજનોનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો તે માફક આ વખતે ગોઠવાયલો શ્રી. કરસનદાસ માણેકના સંકીર્તનનો આ કાર્યક્રમ સંપૂર્ણ રીતે સફળ બન્યો હતો અને સૌ કોઇના દિલ ઉપર મીઠી છાપ મૂકી ગયો હતો.

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાના કાર્યક્રમમાં વ્યાખ્યાનો સાથે ભજન કીર્તન, તેમજ આખ્યાનના આકારમાં સંગીતની શકય તેટલી પૂરવણી કરવામાં આવી હતી. શ્રી કમળાબહેન ઠકકરનાં આખ્યાનો અને શ્રી કરસનદાસ માણેકના સંકીર્તન ઉપરાંત તા. ૩૦-૮-૫૯ રવિવારના રોજ શ્રી વીરેન્દ્ર સુધાકર શાહે તથા તા. ૧-૯-૫૯ મંગળવારના રોજ કુમારી ઇન્દુમતી ધાનકે વ્યાખ્યાનસભાના અન્ત ભાગમાં કળાકારની અદાથી સુન્દર ભજનો સંભળાવ્યાં હતાં. તદુપરાન્ત પ્રત્યેક વ્યાખ્યાનસભાની શરૂઆત ભજન પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ ભજન પ્રાર્થના સંભળાવનારના અનુક્રમ નામ છે શ્રી મીરાંબહેન, શ્રી નવનીત સંઘવી, સા., જેલભારતી, ભાઈ દિલીપ, બહેન મંજુલા, બહેન ઇન્દિરા, સૌ. મદીનાબહેન નાગોરી તથા શ્રી કમળાબહેન ઠકકર. છેલ્લા દિવસે સંગીતયુગલ શ્રી અજિત શેઠ તથા તેમનાં પત્ની બહેન નિરૂપમાએ ઋગ્વેદના મંત્રોચ્ચારપૂર્વક બે પદો સંભળાવીને સભાગૃહના વાતાવરણને સંગીતસભર બનાવી દીધું હતું.

આ નવે દિવસની વ્યાખ્યાનસભાઓને પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજીએ પ્રમુખસ્થાન સ્વીકારીને શોભાવી હતી. આ માટે પોતાની તબિયત અત્યન્ત નાજુક હોવા છતાં પંડિતજી અમદાવાદથી ખાસ પધાર્યા હતા અને રજુ થતાં વ્યાખ્યાનો અંગે જ્યારે જ્યારે જરૂર જણાઇ ત્યારે ત્યારે તેઓ પોતાના વિચારો અને ટીકા-ટીપ્પણો રજુ કરતા રહ્યા હતા. છેલ્લા દિવસની વ્યાખ્યાનસભામાં સમગ્ર કાર્યક્રમનો ઉપસંહાર કરતાં શ્રી વિમલા ઠકારને તેમણે ભવ્ય અંજલિ આપી હતી.

સ્ત્રી વ્યાખ્યાતાઓમાં શ્રીમતી આશાદેવી આર્યનાયકમ્ નથા શ્રીમતી વિમલા ઠકાર તો ભારતખ્યાત સન્નારીઓ છે. પસંદ કરવામાં આવેલાં અન્ય વ્યાખ્યાતાબહેનો કાં તો સામાજીક ક્ષેત્રે અથવા તો શિક્ષણના ક્ષેત્રે જાણીતાં છે. આ શુભ નામાવલિમાં અન્તર્ગત થતું ડૉ. ધૈર્યબાળા વેારાનું નામ બહુ જ ઓછું જાણીતું છે. અને ઉમ્મરે પણ તેઓ પ્રમાણમાં નાના છે. આમ છતાં તેમના મધુર, વ્યવસ્થિત અને પ્રસાદપૂર્ણ – તથા પોતાના વિષયનો ગહન અભ્યાસ સૂચવતા – વકતવ્યે સૌ કોઇનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું. તેમની ઉપસ્થિતિ અણધાર્યા રત્નની પ્રાપ્તિ સમાન બની હતી.

પ્રસ્તુત પર્યુષણ વ્યાખ્યાનમાળાને આટલી બધી સફળ બનાવવામાં જે જે વ્યકિતઓનો મહત્વનો ફાળો છે અને જેનો ઉપર ક્રમસર ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સર્વનો અમને સહકાર આપવા બદલ અમારા તરફથી તેમજ અમારા સંઘ તરફથી અમે હાર્દિક આભાર માનીએ છીએ તેમજ ઊંડા દિલની કૃતજ્ઞતા અમે પ્રગટ કરીએ છીએ.

આમાં પણ શ્રીમતી વેણીબહેન કાપડિયા અને શ્રીમતી લીલાવતીબહેન કામદારનો સવિશેષ ઉલ્લેખ કરવો અમને જરૂરી લાગે છે. વ્યાખ્યાનમાળાના પહેલા દિવસે માનનીય કેન્દ્રસ્થ પ્રધાન શ્રી એસ. કે. પાટીલ મુંબઇમાં હશે અને તેઓ અમારી વ્યાખ્યાનમાળાનું ઉદ્ઘાટન અને તે અંગે પ્રવચન કરશે એવી તેમની સાથે ટેલીફોન દ્વારા થયેલી વાતચિતના આધારે અમને પાકી આશા હતી. પરંતુ તેમનું મુંબઇ આવવાનું અણધારી રીતે મુલતવી રહ્યું અને તેમના સ્થાને એક નવા વ્યાખ્યાનની પૂરવણી ટુંકી નોટીસે શ્રી વેણીબહેને કરી અને શ્રીમતી સુધાબહેનની અણધારી અનુપસ્થિતિની પુરવણી શ્રીમતી લીલાવતી બહેને કરી અને એ રીતે પર્યુષણ વ્યાખ્યાનમાળાની શ્રેણી જળવાઇ રહી અને તેની ધારા અતૂટપણે વહેતી રહી. આ બે ભીડભંજક બહેનોના અમે સવિશેષ આભારી છીએ.

આ ઉપરાંત પ્રસ્તુત વ્યાખ્યાનમાળાના કાર્યક્રમમાંના બે દિવસની સભાઓ ભરવા માટે રોકસી થીએટરનો કશું પણ વળતર લીધા સિવાય ઉપયોગ કરવા દેવા બદલ તે થીએટરના માલીક મેસર્સ કપુરચંદ પ્રાઇવેટ લીમીટેડના અમે ખૂબ ઋણી છીએ. વળી નવે દિવસની વ્યાખ્યાન સભાઓમાં વ્યવસ્થા જાળવવા માટે અમારી જરૂરિયાત મુજબ સ્વયંસેવકો પૂરા પાડવા બદલ મુંબઇના કોંગ્રેસ સેવાદળના પણ અમે એટલા જ ઋણી છીએ. આ બન્નેનો અમે આભાર માનીએ છીએ.

આમ આભાર નિવેદન કરતાં અમે અમારા શ્રોતા વર્ગને ભૂલી શકતા નથી. આ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં સંખ્યાબંધ ભાઇ બહેનો વ્યાખ્યાનો સાંભળવા માટે ઉપસ્થત થાય છે. એક પછી એક દિવસ જાય છે તેમ શ્રોતાઓની ભીડ વધતી ચાલે છે. છેલ્લા બે દિવસ શ્રોતાઓને સમાવવા માટે ભારતીય વિદ્યાભવન જેવું સ્થળ પણ નાનું પડે છે. આ બધી સભાઓ દરમિયાન શ્રોતાઓ જે શાન્તિ જાળવે છે અને શિસ્ત મુજબ વર્તે છે તે માટે તેમને અનેક આભનન્દન ઘટે છે. આ સંબંધમાં નથી કોઇને કદી કહેવું પડતું કે નથી કોઇને કદી ટોકવું પડતું. પર્યુષણ વ્યાખ્યાનમાળાની આ એક સ્વભાવિક પરંપરા–tradition–બંધાઇ ગઈ છે અને એ કારણે સભાસંચાલનનું કાર્ય અમારા માટે બહુ જ સરળ બની ગયું છે.

છેવટે આભાર માનવાનો છે જે ભાઇઓએ તથા બહેનોએ અમારી પર્યુષણ વ્યાખ્યાનમાળાના આયોજનથી પ્રભાવિત બનીને અમારા સંઘની વિવિધ પ્રવૃત્તિઓના ભાવી સંચાલન અને સંવર્ધન અર્થે યથાશકિત અર્થસંચન કર્યું છે તેમનો. આજ સુધીમાં આશરે રૂા. ૬૦૦૦ એકઠા થયા છે. અમારી અપેક્ષા રૂા. ૧૦૦૦૦ ની છે. હજુ ફાળામાં રકમો ભરાવવાનું કામ ચાલુ છે. અમારા લક્ષ્યાંકની સમીપ અમે જરૂર પહોંચી વળીશું એવી અમારી આશા અને શ્રદ્ધા છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા એક પ્રકારના ચિન્તનવિહારનું રૂપ ધારણ કરી રહી છે. શુભ વિચારો સાંભળવા માટે તેનું મનન કરવા માટે ભાઇઓ અને બહેનો એકઠાં થાય છે. વ્યાખ્યાતાઓ ભિન્ન ભિન્ન વિષયોને લગતું પોતપોતાનું ચિન્તન પવિત્ર ભાવપૂર્વક રજુ કરે છે. શ્રોતાઓની સંખ્યામાં દિન પ્રતિદિન વૃદ્ધિ થતી જાય છે. છેલ્લા બે દિવસોમાં વિશાળ સમાજના ભાઈ બહેનોનો મોટો મેળો જામે છે. આખા વર્ષ માટે જાણે કે ભાતું બાંધી લેતાં ન હોય એવો આનંદ, ઉલ્લાસ અને તૃપ્તિનો આવેગ સૌના મોઢા ઉપર તરવરતો માલુમ પડે છે. કંઇક નવું જાણવાનું મળ્યું હોય, નવી વિચારચેતના પ્રાપ્ત થઇ હોય, આજ સુધીની સમજણને કોઇ નવો સંસ્કાર મળ્યો હોય એવી સ્ફુર્તિપૂર્વક, ચિત્તમાં અનેક મીઠાં સ્મરણો ભરીને બધાં છૂટાં પડે છે. આમ અનેક મધુર સંવેદનોથી ચરિતાર્થ બનતો નવ દિવસનો ચિન્તનવિહાર-વિચારવિહાર પૂરો થાય છે. આ નવ દિવસ દરમિયાન કોઇ ભાઇને યા બહેનને કશી પણ અગવડ પડી હોય, વ્યવસ્થાની ત્રુટિ અથવા તો કાર્યવાહકોના અવિનયને લીધે કોઇને પણ કશું મનદુઃખ થયું હોય તો તે માટે અમે ક્ષમા યાચીએ છીએ અને સૌ કોઇના સહકારની અમે પ્રાર્થના કરીએ છીએ. **મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

★ શાન્તિના પાયા ★

(તા. ૧૬-૮-૫૯ ના 'પ્રબુદ્ધ જીવન'થી અનુસંધાન)

વાસ્તવિક રીતે તો આવાં નાનાં રાજ્યોને ભ્રામક સ્વતંત્રતા જ છે. તેઓને એક યા બીજા જુથને શરણે ગયા સિવાય રક્ષણ મળે તેમ નથી. આનો સાદો અર્થ એ છે કે તેમણે પોતાની જાતને એવું પૂછવું જોઇએ કે આમે ય અમારું સાર્વભૌમત્વ અખંડ છે જ નહીં. તો આ સાર્વભૌમત્વ એક યા બીજા જુથને આપીને અપૂર્ણ સલામતી મેળવવી તેના કરતા જગતની સર્વત્ર-માન્ય સંસ્થાને સૌએ આટલું સાર્વભૌમત્વ અર્પણ કરવું ને સંપૂર્ણ સલામતી મેળવવી તે વધારે દીર્ઘદૃષ્ટિવાળું નથી? આજની સ્થિતિમાં તો આવાં નાનાં રાજ્યો અરે! મધ્યમ કદનાં રાજ્યો પણ મહારાજ્યના પ્યાદાં તરીકે વપરાય છે અને કોરીઆની જેમ ખેદાનમેદાન પણ થઇ જાય છે. તેઓ કોઈ મોટા રાજ્યની મદદને આધારે હકીકતે તો જીવી શકે છે. તેના કરતાં તો સ્પષ્ટ-પણે ઝઘડાનો નિકાલ હથિયારથી નહીં પણ અદાલતથી કર-વાની નમ્રતા સૌએ શા સારૂ ન સ્વીકારવી? આ નથી થતું તેને પરિ-ણામે યુધ્ધ સરંજામ પાછળ અનર્ગળ દ્રવ્ય દુનિયા ખરચી રહી છે. હિન્દુસ્તાનના બજેટની જ આપણે વાત લઇએ તો હિન્દુસ્તાનનું આજનું લશ્કરી બજેટ કુલ બજેટના ૫૭%ટકા જેટલું છે. આગલે વરસે તો વળી ૬૦% ટકા જેટલું હતું. એકચક્રા નગરમાં પાંડવો ગુપ્તવાસમાં રહ્યા ત્યારે ભિક્ષાથી નિર્વાહ ચલાવતા. ભિક્ષા લાવીને કુંતાજી પાસે ધરી દેતા એટલે કુંતાજી તેના બે ભાગ કરી એક ભાગ ભીમને આપતા અને એક ભાગની અંદર પાંચે ય જણ જમતા. આપણા રાષ્ટ્રીય બજેટનો પણ બરાબર અરધો ભાગ ભીમ ખાઇ જાય છે અને બાકીનું જે અરધું છે તેમાં બધી કલ્યાણ-પ્રવૃત્તિ ચાલે છે. આવું કોઈ આપણું જ નથી. આપણે તો શાંતિ-ચાહક છીએ. પંડિતજી શાંતિ માટે કાળજાતૂટ કોશિષ કરી રહ્યા છે. પણ દુનિયાના બીજા રાષ્ટ્રોની હાલત આના કરતાંએ બેહુદી છે. હોસ્પીટલોની જરૂર છે, સુવાવડખાનાંની જરૂર છે, નિશાળો જોઇએ છે, દૂધ-ઘી જોઇએ છે. છતાં તે મળી શકતાં નથી, કારણ કે અરધો ભાગ ભીમ લઈ જાય છે ને તે ભીમને પણ આપણે જ સામેથી ચાલીને આપીએ છીએ. જે મતદાર અખંડ સાર્વભૌમત્વમાં માને છે, ઝગડાનો નિકાલ આખરે યુદ્ધ દ્વારા કર-વાનું યોગ્ય છે એમ જે ગણે છે તે લશ્કરને ટેકો આપ્યા સિવાય રહી શકતો નથી. અને તે લશ્કરનું ખર્ચ ગરીબ રાષ્ટ્રોએ પોતાના બાળકોના દૂધ-ઘી ઓછા કરીને જ આપવાનું છે. કેટલાક સ્વપ્ન-સેવી લોકો એમ કહે છે કે શસ્ત્રો છોડી દો, લશ્કર વિખેરી નાખો તો આ બધા પ્રશ્નોનો ઉકેલ થશે. થાક ઉતારવા માટે સ્વપ્નાં કામનાં છે. પણ કાર્યક્રમ તેના પર રચી શકાતો નથી. મતભેદોની દુનિયામાં તેનો ઉકેલ કરવાનો કોઈ બીજો ઉપાય બતાવ્યા સિવાય ચાલવાનું નથી, ને ઉપાય તો એનું નામ કે જે અમલમાં આવી શકે; પછી તે ઉપાય ઉત્તમને બદલે મધ્યમ હોય તો પણ તેનાથી દુનિયા એક ડગલું આગળ જાય છે. માણસમાં જિજીવિષા છે. એથી બળવાન વૃત્તિ એકેય નથી. એકપક્ષી શસ્ત્ર-ત્યાગની વાત કરનારા આ જિજીવિષાની પ્રબળતા ધ્યાનમાં લેતા નથી. શસ્ત્રત્યાગ કરવાથી તે જીવી શકતા હશે તો ત્યાગ કરવામાં વાર નહી લગાડે, પણ તેઓ જાણે છે કે દુનિયામાં વિજયોન્મત્ત હિટલરો પણ છે. તેમના મુખમાં જઈ પડવાનું સહેજે કોઇ પસંદ નહીં કરે. લડતાં લડતાં મરશે તેમ બને; પણ સ્વાધીન રીતે જીવવાનો એક પણ અવકાશ હશે ત્યાં સુધી તેઓ તે શરણાગતી નહીં સ્વીકારે. શસ્ત્રત્યાગ પછી કોણ તેમનું રક્ષણ કરવાનું છે, અને કેમ તે રક્ષણ થવાનું છે તે જાણ્યા સિવાય તેઓ શસ્ત્રો છોડી દે તે મનુષ્યસ્વભાવ પ્રત્યે વધારે પડતી અપેક્ષા રાખવા જેવું છે. બીજો પક્ષ હથિયાર છોડશે, છોડે છે તેવી ખાત્રી થશે તથા ઝગડાનો નિકાલ કરવા માટે સાબૂત વ્યવસ્થા થશે ત્યારે ઇતિહાસમાં જેમ બન્યું છે તેમ નાનાં ઘટકો હથિયાર છોડવાનાં.

બાદશાહે એકવાર બિરબલને પૂછ્યું કે સૌથી વહાલું શું? બિરબલ કહે પોતાનો જીવ. બાદશાહ કહે શાસ્ત્રો તો કહે છે કે સૌથી વહાલો ધર્મ. બિરબલ કહે કે "થોડા માણસોને માટે તેમ હશે, બાકી તો સૌને જીવ વધારે વહાલો છે. કાલે આપણે જોઇશું."

બીજે દિવસે બિરબલે એક એક હોજની અંદર વાંદરી અને તેના બચ્ચાંને ઊભાં રાખ્યા ને હોજમાં પાણી ભરાવવાનું શરૂ કર્યું. પાણી ભરાવા માંડ્યું એટલે માએ બચ્ચાને તેડી લીધું વધારે ભરાયું એટલે બચ્ચાને છાતીએ લીધું, પછી ખભા પર લીધું, ખભા સુધી પાણી આવ્યું એટલે માથા ઉપર લીધું, પણ વાંદરીના મોંઢામાં પાણી પેઠું એટલે વાંદરીએ બચ્ચાને ફેંકી દીધું ને તેના પર ઊભી રહી ગઈ. બિરબલ કહે. "ખુદાવિંદ! જોયું ને? માના જેવો પ્રેમ તો કયાંય છે નહીં, પણ જ્યારે નાકમાં પાણી પેસી જવાની વાત આવી ત્યારે માએ શું કર્યું? એટલે કહું છું કે મોટા ભાગને તો સૌથી વહાલો જીવ છે." રાષ્ટ્રો પેટે પાટા બાંધીને બીજાની સાથે જોડાણ કરીને નાટો, સીટો ગોઠવીને પણ જીવવા મથશે. આનો સાદો ઉપાય બુધ્ધિમંત લોકોએ જોર-શોરથી સાર્વભૌમત્વનો વિચાર પુરાણો છે તેમ સૌને સમજાવવાનો છે. વ્યવહારમાં શરૂઆતમાં ભલે થોડાં રાષ્ટ્રો જ પોતાનું સર્વભૌમત્વ જતું કરે અને તેઓ બહારના આક્રમણ પૂરતું જ સંયુકત લશ્કર રાખે. અંદર અંદરના પ્રશ્ન તો હથિયારી અથડામણ વિના જ ઉકેલશું તેવી પ્રતિજ્ઞા લે. આ પ્રશ્નો માટે પોતાની અદાલત ઊભી કરે. આ અદાલતને ચૂકાદાનો અમલ કરવા માટે જરૂરી સત્તા આપે. આવું થોડાં રાષ્ટ્રો કરે ને એમ કરતાં કરતાં બીજાને પણ તેનો લાભ બતાવે. અને આ બતાવવામાં તેમાં જોડાયેલાઓનું બીજા કોઇક ભક્ષણ કરી ન જાય તેટલા માટે જરૂરી લશ્કર રાખે. આમ શરૂઆત થઇ શકે.

કોઇ કોઇને, અદાલતને આવી લશ્કરી સત્તા મળે તેમાં મનુષ્ય-જાત પર વિશ્વાસનો અભાવ દેખાય છે. પણ મનુષ્ય હજુ દેવ થયો નથી. અને, દેવો પણ ઇર્ષ્યાથી પર થયા નથી! મનુષ્ય સૈકાઓ કે હજારો વરસને અંતે જેવો થવાનો છે તેવો આજે છે એમ માની લેવાથી આ વાત ચતી હોય છે. વાસ્તવિક રીતે તો દરેક મનુષ્યની અંદર પશુ, એકાદ શિકારી, એકાદ બાળક અને એકાદ તત્ત્વજ્ઞ આ ચારેયનું વિસ્મયતાભર્યું મિશ્રણ થયું છે. અને પરિસ્થિતિ પ્રમાણે ચારમાંથી કોઇ ને કોઈ પ્રગટ થાય છે.

આ બધામાંથી આપણે ન્યાયી ઉકેલ શોધવાનો છે એટલું જ નહીં પણ એ ઉકેલને અધિકૃત બનાવવાનો છે. આખરે ઠેકાણે એ છે કે કાં તો ન્યાયીને બળવાન બનાવો અને કાં તો બળવાનને ન્યાયી બનાવો. જે બળની પછવાડે ન્યાય નથી તે જુલમ છે. તેમ જે ન્યાયની પાસે બળ નથી તે માત્ર સદ્‌વિચાર છે. એટલે એ અદાલતને તેનો ચૂકાદો અમલમાં મૂકવાનું બળ ન આપવું હોય તો તેમાં ભલી વિચારણાથી કશું વધારે નથી. આવી ભલી વિચારણામાં સંતોષ માનવાથી 'લીગ ઓફ નેશનન્સ'નો કરૂણ રકાસ થયો. એટલે પ્રશ્નના બે પાસાં છે. દરેક રાષ્ટ્ર પોતાના હથિયારો છોડી દે છે. દરિયામાં નથી નાખતા. પણ તે હથિયારો પેલી આંતરરાષ્ટ્રીય અદાલતને આપે છે અને કહે છે કે તમારો ચૂકાદો

જે ન માને તો તેની અને હું ન માનું તો મારી સામે વાપરજો. વ્યક્તિગત હથિયારો નાબૂદ થયા છે. રાષ્ટ્રોનાં હથિયારો નાબૂદ થયા નથી ત્યાંથી એક તબક્કો આગળ જવાની વાત છે. રાષ્ટ્રો પોલીસ રાખે પણ લશ્કર ન રાખે. લશ્કરી બળ જે કંઈ છે તે આંતરરાષ્ટ્રીય ધારાગૃહ અને અદાલતને સોંપે. તો સરવાળે એવું થશે કે ઝગડાઓનો ઉકેલ બને ત્યાં સુધી અંદર અંદર થશે. અને નહીં થાય ત્યાં અદાલત પાસે જશે ને અદાલતનું નહીં માને તેવા કિસ્સા ભાગ્યે જ ઊભા થશે. કારણ કે કોઇ એકના બળ કરતા અદાલતના લશ્કરનું બળ વિશેષ જ હશે. જેમ આજે લશ્કર પાસે જેવાં હથિયાર છે તેવા પોલીસો પાસે નથી. આને લીધે મધ્યસ્થ સરકાર જેટલી બળવાન છે તેટલી સ્થાનિક સરકાર નથી. તેને જરા આગળ લઇ જઇએ ને લશ્કરી વિમાની દળ કોઇ રાષ્ટ્ર ન રાખે. તો પણ આંતરરાષ્ટ્રીય સંસ્થાને બળવાન બનાવવા માટે પૂરતું થાય. ઘણી વાર એમ કહેવાય છે કે રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચે અસમાનતા છે ત્યાં સુધી આવું બની શકે નહીં. હકીકતમાં આવું રહેશે ત્યાં સુધી રાષ્ટ્રો–રાષ્ટ્રો વચ્ચેની અસમાનતા પણ દૂર થવાની નથી. લશ્કરી જોરે પછાત દેશોનું શોષણ એક યા બીજી પ્રકારે ચાલુ રહેવાનો ભય પડેલો છે ને તેથીએ વધારે પછાત દેશો લશ્કર પાછળ ખરચવાના નાણાં વિકાસ કાર્યોમાં વાપરી શકવાના નથી. આથી પછાત તે પછાત જ રહ્યા કરશે ને અસમાનતા નિવારવાનો કાર્યક્રમ વેગ પકડશે નહીં. ઉલટું બળપ્રયોગ વાપરવાનો નથી તેવું નક્કી થયું તેની સાથે જ ચર્ચા, સમજાવટ, વિશ્વનો લોકમત તે સૌમ્ય સાધનો આગળ આવવાનાં છે. તે તે સાધનો આગળ આવતાં અસમાનતા ઘટયા સિવાય રહેવાની નથી. હરેક રાષ્ટ્રમાં અંદરનો બળપ્રયોગ નાબૂદ થયો છે ને તેને પરિણામે લોકો પોતાના વિચારો પ્રગટ કરી વર્ગ–વર્ગ વચ્ચેની અસમાનતા નાબુદ કરવાની દિશામાં આગળ વધ્યા છે તેમ જગતની લોકશાહીનો ઇતિહાસ કહે છે. ખુલ્લનાબુદીનો કાર્યક્રમ અસમાનતા મિટાવવાના કાર્યક્રમની સાથે એકરૂપ કરવાની જરૂર નથી પણ અસમાનતા મિટાવવાની પૂર્વભૂમિકા તરીકે તેને ઉપયોગમાં લેવાની જરૂર છે. આ દેશની અંદર બધા માણસોની આવક સરખી નથી પણ રાજ્યમાં જુદી જુદી ઠકરાતો નથી. આપણા પ્રશ્નો દંડાથી પતાવવાનો કોઇ વર્ગ કે પ્રદેશને અધિકાર રહેવા દીધો નથી. "હું મારા હાથમાં હથિયાર નહી લઉં તેમ દરેક નાગરીકે પ્રતિજ્ઞા લીધી છે." આને લીધે અસમાનતા ધીમે ધીમે આપણી નજર સામેથી હટતી જાય છે અને છતાં આંતરવિગ્રહ થતો નથી. એ ભૂમિકાએ રાષ્ટ્રોની અસમાનતા હોવા છતાં રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચે યુધ્ધો ન થાય તો ધીમે ધીમે અસમાનતા ઓછી થાય જ. પણ પ્રશ્ન એવો ઊઠે છે કે આવી આંતરરાષ્ટ્રીય સત્તાને કઇ સત્તાઓ આપવી? હાલ પૂરતું તો બે રાજ્યો વચ્ચે ઊભા થતા ઝગડાઓનો જ નિકાલ કરવાની સત્તા તેને અપાય તો પણ પૂરતું છે. બાકીની બીજી સત્તાઓ ભલે સ્વઐચ્છિક જ હોય. આપણે શોષણ ન હોય તેવો જ સમાજ રચવા ઇચ્છતા નથી પણ શોસન પણ કમમાં કમ હોય તેવો સમાજ રચવાની આપણી દૃષ્ટિ છે. કારણ કે શોષણ કરનારાઓ શાસન હાથ કર્યા સિવાય રહી શકતા નથી. તેવી જ રીતે શાસન કરનારાઓ જો અબાધિત ને અસામાન્ય સત્તાઓ ધરાવે તો તેઓ પણ શોષણ કર્યા વગર રહે તેવો સંભવ ઓછો છે.

એટલે આવી આંતરરાષ્ટ્રીય સત્તાને પણ અનિવાર્ય અધિકારો આપવાના હોય ને તે અધિકાર પૂરતી જ આપણી વફાદારી તેને હોય. આખરે લોકશાહીનો મર્મ શું છે? લોકશાહીમાં કેટલાક વિષયો મ્યુનિસીપાલિટીના અધિકારમાં હોય છે, કેટલાક ગ્રામપંચાયતના હાથમાં હોય છે, કેટલાક પ્રાંતસંસ્થાના હાથમાં હોય છે તો કેટલીક સત્તા વડી સરકારના હાથમાં હોય છે, ને નાગરિકની વફાદારી તે તે તબક્કે તે તે વિષય પૂરતી તે તે સંસ્થાને હોય છે. લોકશાહીનો પાયો જ આ છે કે નાગરિક પોતાની વફાદારી કોઇને બીનશરતે આપતો નથી અને કોઇને સર્વાંગ સંપૂર્ણપણે આપી દેતો નથી. પણ તેણે પોતાની વફાદારી સમાજના જુદા જુદા કેન્દ્રોને મર્યાદિત રીતે અર્પણ કરેલી છે. મારી કેટલીક વફાદારી મારા પિતાને જ છે. એના પર કોઇ સંજોગોમાં રાજ્ય આક્રમણ કરી શકે નહીં. સાહિત્યસર્જક તરીકે મારી કેટલીક વફાદારી સાહિત્યના જ્ઞાતાઓને છે. એમાં મને વડી ધારાસભા એમ કહે કે 'તારે અમે કહીએ તેવું સાહિત્ય લખવું પડશે' તો હું એમ કહું કે "માફ કરજો, ધારાસભાને એ અધિકારો ન હોય, તે બાબતમાં સાહિત્યકો જ વધારે પ્રમાણભૂત ગણાય." બીજી બાજુ સાહિત્યકો એમ કહે કે આ દેશની અંદર આટલી નહેરો બાંધવી જોઇએ અને આમ આયોજન થવું જોઇએ. તું અમારી સભાનો સભ્ય છે તો અમે કહીએ છીએ તે પ્રમાણે મત આપજે. તો હું કહું કે "જરા ધીરા થાઓ. મેં તમને આપેલી વફાદારી તમારા ક્ષેત્ર પૂરતી છે, બીજાના ક્ષેત્ર પૂરતી બીજે છે." લોકશાહીનો અર્થ છે "વફાદારી અને સત્તાનું વિકેન્દ્રીકરણ." સરમુખત્યાર મનુષ્યને રાજ્યના સભ્યથી વિશેષ જોતો જ નથી અને તેથી તે નાગરિકની સંપૂર્ણ અને સર્વાંગીણ વફાદારી પોતાને અર્પણ થાય તેવું માગે છે. પણ મનુષ્ય કેવળ રાજ્યનો જ સભ્ય નથી. તે કુટુંબીજન છે, કલાકાર છે, ધર્માનુભવી છે, દાતા છે, ગૃહિતા છે. આ વિવિધ પાસાંઓને ન્યાય મળે તે જરૂરી છે. ન્યાય તો જ મળે કે જો વિકેન્દ્રિત સમાજરચનાનો આદર્શ સ્વીકાર પામે. વિકેન્દ્રિત રચનાને સાદો અર્થ આટલો જ છે કે જે પ્રશ્ન જેને લાગતો વળગતો હોય તેને જ તે સોંપાય. બીજાઓ તેમાં સલાહ આપી શકે, પણ મતદાન કરવાનો કે બળ વાપરવાનો તેમાં અધિકાર ન રહે. અલબત્ત આનો અમલ લોકશાહીમાં પૂરે પૂરો થાય છે કે થયો છે તેમ નથી, કારણ કે તેના પર ચિંતન પણ ઓછું થયું છે. પણ સિદ્ધાંત તરીકે કોઇ લોકશાહી આનો અસ્વીકાર કરી શકે તેમ નથી. આનું બીજું અનુમાન એ છે કે જેમ બધા પ્રશ્નો મધ્યસ્થ સરકારના નથી તેવી જ રીતે બધા પ્રશ્નો સ્થાનિક કક્ષાના પણ નથી. દુનિયામાં કોઇ જાગતિક પ્રશ્નો છે? કે બધા પ્રશ્નો રાષ્ટ્રીય કે સ્થાનિક જ છે? જેમ આપણે એમ કહીએ કે ગામનો પ્રશ્ન ગામને સોંપો, ગુજરાતનો પ્રશ્ન ગુજરાતને સોંપો, ભારતનો પ્રશ્ન ભારતને સોંપો, એશિયાનો પ્રશ્ન એશિયાને સોંપો, તેમજ જગતનો પ્રશ્ન જગતને સોંપો. હિન્દુસ્તાનના પ્રશ્ન વિશે જેમ ગુજરાત એકલું નિર્ણય કરી ન શકે તેમ જગતના પ્રશ્ન વિષે કોઇ દેશ એકલો નિર્ણય લેવાનો અધિકારી નથી. એનો અર્થ એ થયો કે જાગતિક પ્રશ્નોમાં રાષ્ટ્રનું સાર્વભૌમત્વ નિરાધાર છે. આ યુગના નાગરિકે એક હાથે ગામના પ્રશ્નોમાં કોઇની દખલ સહવાની નથી તેમજ બીજે હાથે જગતના પ્રશ્નોમાં જગતને વફાદારીપૂર્ણ સહકાર આપવાનો છે.

આવા જાગતિક પ્રશ્નોમાં તીવ્રતમ પ્રશ્ન છે 'યુદ્ધ–નાબૂદી.'

અપૂર્ણ

મનુભાઇ પંચોળી

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૧૧

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઑક્ટોબર ૧, ૧૯૫૯, ગુરૂવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

★ શાન્તિના પાયા ★

(ગતાંકથી અનુસન્ધાન)

જેના જે પ્રશ્નો હોય તેને તે પ્રશ્નો ઉકેલવાનું મુખ્યત્વે સોંપવું જોઇએ. આ વિચારમાંથી ફલિત થાય છે કે જે પ્રશ્નો જાગતિક હોય તે જગતને સોંપવા જોઇએ. યુદ્ધ એ હવે જાગતિક પ્રશ્ન બની ગયો છે. જૂના જમાનામાં પાંડય અને કર્ણાટક ઝઘડે તો તેની અસર રાજસ્થાન કે ગુજરાત પર થતી નહોતી, પણ આજે તેવું નથી. હિંદુસ્તાન બીજા મહાયુદ્ધમાં સંડોવાવા ઇચ્છતું નહોતું, અને યુદ્ધ આપણી ભૂમિ ઉપર ખાસ આવ્યું પણ નહોતું, અને તે છતાં યે તેની અસર બંગાળના અનાજના ભાવો ઉપર થઇ અને તેમાં ૩૦ લાખ માણસો મરી ગયા. ખુદ ઇંગ્લાંડ અને અમેરિકામાં યુદ્ધમાં જે માનવ ખુવારી થઇ એ આના ત્રીજા ભાગની પણ નથી.

અણુબૉમ્બ શોધાયા પછી તો યુદ્ધમાં ન પડેલા લોકો ઉપર આવી અસર વિશેષ થવાની છે. એટલે યુદ્ધનો પ્રશ્ન કોઇ એક રાષ્ટ્રે પોતાના હાથમાં લેવાનો ન હોય, પણ સૌને સુપરત કરવાનો હોય, અને આ માટેની ધારાસભા, ન્યાયસભા કે કારોબારી રચવામાં તેનો અમલ કરવામાં ચૂકાદો પોતાની વિરૂધ્ધ આવે તો પણ નિર્ણય માથે ચઢાવીને સહકાર આપવો જોઇએ.

શાંતિ માટેનો આ પછીનો મહત્વનો પાયો સત્તાનું વિકેંદ્રીકરણ છે. વિનોબાજી શોષણવિહીનોની જોડાજોડ શાસનવિહીન સમાજની વાત મૂકે છે; તેનો સાર આટલો જ છે કે વ્યકિત વ્યકિતનું શોષણ આર્થિક રીતે ન કરે તેવી વ્યવસ્થા થઇ હોય તો પણ, શાસન વધારે કેન્દ્રિત થયું હોય તો શાંતિને વધારે વિઘ્ન-રૂપ થવાનો સંભવ છે ને આજની સ્થિતિમાં આવું શોષણ નાબુદ કરવાના અખતરાઓએ રાજ્યની સત્તા વધારી છે તેવો અનુભવ થતો ગયો છે. અને રાજ્યને એટલે કે રાજ્યકર્તા વર્ગને આ વધતી જતી સત્તા મળવાથી કેફ પણ વધારે ચડયો છે ને શોષણ નાબુદ કરવાના સત્કૃત્યના બદલામાં દક્ષિણા પણ તેઓ વધારે ને વધારે માગતા રહ્યા છે. આનું પરિણામ મધ્યસ્થ આયોજન નાગરિક ઉપર વધારે પકડમાં પરિણમ્યું છે. આ સામાજીક પ્રક્રિયા જો આમ ને આમ ચાલુ રહી તો તેમાંથી બળનું એક નવું કેન્દ્ર, એક નવો બળભક્ત વર્ગ પેદા થયા વિના રહેશે નહીં, ને સમાજમાં એક અસમતાને બદલે નવા પ્રકારની અસંમતા, સત્તાની નવી અસમતુલા જન્મ પામે તેવો સંભવ છે.

ગાંધીજીએ આના પ્રતિકાર તરીકે જ ગ્રામોદ્યોગો ને ગ્રામપ્રધાન સમાજ રચનાની વાત કરી હતી. આજે પણ ગામડાં અને ગ્રામ-પંચાયતો છે, પણ તેઓ નીતિ નક્કી કરતા નથી, પણ રાજ્યની નીતિનાં સાધનો બને છે. તેનું કારણ એ છે કે તેમને રાજ્યના શ્વાસે જીવવાનું મધ્યસ્થ આયોજનને પરિણામે વિશેષ ને વિશેષ બધે બનતું જાય છે. એનો ઉપાય રાજકીય વિકેન્દ્રીકરણ માત્ર નથી, પણ આર્થિક વિકેન્દ્રીકરણ પણ છે. માર્કસે અહીં તહીં ભૂલ કરી હોય કે અતિશયોકિત કરી હોય, પણ અર્થરચના જેવી હશે તેવી રાજ્યરચના થશે ને વિચાર સાબૂત પાયા પર ઊભો છે. એટલે જો અર્થરચના કેન્દ્રિત ઉદ્યોગો પર ને કેન્દ્રિત આયોજન પર રચાયેલી હોય – પછી તે સમાજવાદી, સામ્યવાદી કે મૂડીવાદી હોય – તો પણ રાજ્ય રચનાં કેન્દ્રિત રહેવાની ને નીચે અપાતી સત્તાઓ નકલી થવાની. એટલે જેઓ રાજ્યસત્તાનું વિકેન્દ્રીકરણ થાય તેવી ઇચ્છા રાખતા હોય તેમણે અર્થસત્તાનું વિકેન્દ્રીકરણ થાય તે વાત પર ઓક દેવો જોઇએ. ને અર્થસત્તાનું વિકેન્દ્રીકરણ તો ત્યારે જ થઇ શકે કે જ્યારે ગ્રામોદ્યોગો અને ખેતીના આધાર પર નવી રચનાનો પાયો મંડાય. પહેલાં આ ગ્રામોદ્યોગો શહેરના ઉદ્યોગોની સામે ટકાવી રાખવાનું મુશ્કેલ હતું, કારણ કે કોલસાથી ચાલતાં મોટા કારખાનાંઓ એક ઠેકાણે ચલાવવાં તે અનિવાર્ય હતું. કોલસાની હેરફેરની કીંમત ઘણી થઇ જાય તેવું હતું. પણ છેલ્લી પચ્ચીશીમાં વીજળીનો ઉપયોગ વધતો ગયો છે ને વીજ-ળીની શકિત ગામડાંમાં પહોંચાડવાનું સુલભ બન્યું છે. આ સ્થિતિમાં ગામડાંની અંદર ગ્રામોદ્યોગો વીજળીથી ચલાવવા તે કાર્ય અનાર્થિક નહીં પણ આર્થિક ક્ષમતાવાળું બન્યું છે. ગામમાં કાચો માલ છે; નવરા, અર્ધનવરા લોકો છે; પાકો માલ વાપરનારા પણ ત્યાં છે. આજ સુધી તેમનો બનાવેલો માલ મોંઘો પડતો હતો, કારણ કે તેમના હાથને વીજળીની મદદ નહોતી. હવે જો તેમને વીજળીની મદદ આપવામાં આવે તો ગામડાંમાં પેદા થયેલો માલ શહેરના જંગી કારખાનામાં પેદા થયેલ માલ કરતાં ઉલટો સસ્તો પડવાનો. આજે આપણી ગામડાંની વસ્તીને શહેરમાં લાઇ જઇએ છીએ; તેમતા માટે ત્યાં રહેઠાણો ઉભાં કરીએ છીએ; કુદરતથી તેમને વિખૂટાં પાડીએ છીએ; કાચો માલ ત્યાં વહી જઇએ છીએ ને પાછો પાકો માલ તે જ ગામડાંઓમાં મોંઘોદાટ કરીને મોકલીએ છીએ. આમાંથી એક અસામ્યાવસ્થાનું ને અસભ્ય નાગરિકનું આપણે નિર્માણ કરીએ છીએ. એક બાજુ કુદરતમાં રહેતો પણ વર્તમાન યુગના એક પ્રધાન બળ યંત્રના પરિચય વિનાનો ગ્રામ સમાજ ને બીજી બાજુ કુદરતથી વિખૂટો પડી ગયેલો યંત્ર જોડે યંત્ર બની જતો શહેરી સમાજ. બન્ને અસામ્યનાં લક્ષણો છે. એક માત્ર કાચો માલ પેદા કરી ગૌણ કક્ષાના નાગરિક તરીકે જીવે છે ને બીજો પાકો માલ બનાવવાની કળા પોતાના કબજામાં રાખી ચાવીરૂપ સ્થાન સાચવે છે. સમાજમાં આ અશાંતિનાં બીજો છે. શાંત સમાજ અસભ્યક અર્થવ્યવસ્થામાંથી કે રાજ્યવ્યવસ્થામાંથી ઊભો થઇ શકે નહીં. એટલે એવો સમાજ નિર્માણ કરવો જોઇએ કે જેમાં ખેતરો અને કારખાનાં, પ્રકૃતિ અને યંત્ર, શહેર અને ગામડું, તેના ભેદો લગભગ નષ્ટ થયા હોય. આ સ્થિતિ ગામડાંમાં ઉદ્યોગો પહોંચાડવાથી જ ઊભી થશે અને તે ઉદ્યોગો પણ વીજળીથી ચાલતા ગૃહ કે ગ્રામ ઉદ્યોગો હશે.

હમણાં દિલ્હી પાસે એક ગામમાં વીજળી પેદા કરવાનો

એક નવો જ અખતરો જોયો તેથી ઘણો હર્ષ થયો. એક અમેરિકન ઇજનેર આપણા દેશમાં ફરવા આવેલ. તેણે જોયું કે શહેરો તાલેવાન થતા જાય છે અને ગામડાં સ્થૂળ અને સૂક્ષ્મ બન્ને રીતે ધોવાતાં જાય છે. તેનો ઉપાય ગામડાંમાં શહેરની સમકક્ષ રોજગારી મળી રહે તે જ છે તેમ તેને દેખાયું. ને આવી સમકક્ષ રોજગારી નથી આપી શકાતી તેનું કારણ ગામડાંમાં કોઇ યંત્રશક્તિ ગઈ નથી તે તેને દેખાયું. વીજળી ગામડાંમાં પહોંચે તે ઉપાય લાગ્યો, પણ આવી વીજળી ગામડે ગામડે પહોંચે ક્યારે ?

તેણે ગામડાંમાં ભટકતાં ભટકતાં જોયું કે બળદો ચાર–પાંચ મહીના નવરા પડે છે. આ બળદોની શક્તિથી વિજળી ન પેદા થઇ શકે ? વિજળીનો ડાઇનેમો ચલાવવા માટે ૧૫૦૦ આંટા ઓછામાં ઓછા આપવા જોઇએ. આજે તે તેલ–એંજીનથી અપાય છે. આટલા જ આંટા બળદની શક્તિથી ન આપી શકાય ? તે ઇજનેર અમેરિકા પાછો ગયો; પોતાના ખેતર ઉપર અખતરા કર્યા ને બે બળદોથી વીજળી પેદા થઇ શકે તેવું જોયું. આજે તેના ધોરણે ચાર બળદોથી છ કિલોવોટ વિજળી થાય છે અને તે વડે ગામમાં લેથ ચાલે છે, લાકડાં વહેરાય છે, પાણી ખેંચાય છે અને રાત્રે બત્તી પણ અપાય છે.

આ જ અખતરા ઉપર હજુ વધુ ધ્યાન અપાય, દેશના ઇજનેરો પોતાનું ધ્યાન તેના ઉપર કેન્દ્રિત કરે તો કાંઈ ને કાંઇ રસ્તો વહેલો નીકળે ને ખાદી ગ્રામોદ્યોગોને સબસીડી આપીને નભાવવાનો પ્રશ્ન ઉકલી જાય. દેશના ગાંધી–વિચારકો શાંતિ માટે ઘણા ઘણા વિચારો ને પ્રયત્નો કરે છે. તેઓ આ વસ્તુ પર વિશેષ ધ્યાન આપે તો સંભવ છે કે તેમનો કલ્પેલો સમાજ સહેલાઇથી ઉભો થાય.

શાંતિને સાકાર કરવા માટે છેલ્લું સૂચન હું શિક્ષણમાં ફેરફાર કરવાનું કરીશ. આડે આવતી વાડ કાપી નાખીએ તેટલું પૂરતું નથી, પણ પછવાડે પાછી નવી કાંટાની વાડ ન ઊભી થાય તે જોવું પણ એટલું જ જરૂરી છે. નહીંતર એવું બનવાનો સંભવ છે કે આપણે આગલી વાડ કાપી હાશ ! કરીને બેસવા જાઇએ ત્યાં પછવાડે આગલાને પણ ભૂલાવે તેવી બીજી કાંટાની વાડ ઊગી નીકળી હોય.

આ નવી કાંટાની વાડો ન ઉભી થાય તે માટેની સાવચેતી શિક્ષણમાં ફેરફાર માગે છે.

યહુદી ધર્મગ્રંથ – તાલમદ – નું વાક્ય છે કે "જે બાપ પોતાના દીકરાને કાંઇ ઉદ્યોગ શીખવતો નથી તે તેને ચોર અથવા શાહુકાર થવાનું શીખવે છે." શાહુકારને ચોર સાથે સાંકળેલ છે તેનું કારણ બન્નેમાં એક તત્ત્વ સમાન છે ને તે ઉત્પાદક શ્રમનો અભાવ. રસ્કિને આ વાત પોતાની અર્થગંભીર શૈલીમાં બીજી રીતે મૂકી છે. "પરસેવો પાડીને મેળવેલું ભોજન તે ઉત્તમ ભોજન મંત્ર છે." આપણું શિક્ષણ આ બન્ને સંસ્કાર દૃઢ ન કરે ત્યાં સુધી ભણનારાઓ દેશમાં અશાંતિ અને અશિસ્તમાં ઉમેરો કર્યા કરે તેમાં કાંઇ નવાઇ નથી. ઓછામાં ઓછું આપવું ને વધારેમાં વધારે લેવું – તેવું જો શિક્ષણમાંથી જન્મતું હોય તો શિક્ષિત લોકો જનતાના સેવકો બનવાને બદલે શેઠ બને તેવો જ સંભવ છે. તે કોયડો તો આપણે શિક્ષણ ફરજિયાત કરવા ધારીએ છીએ એટલે વિશેષ વિચારણીય બને છે. બધા જ જો શેઠો બનશે તો કેવી વિષમ અવસ્થા ઉત્પન્ન થાય તે કલ્પના જ ચોંકાવનારી અને સાથે સાથે રમુજ પમાડે તેવી છે. પોતાની સેવા પોતે કરવાનું ભૂલી ગયા હોય અને બીજા એની સેવા કરે એવી સ્થિતિ ન હોય તે સ્થિતિમાં કેવી ગમ્મત ને દુર્બળતા છે ! અને છતાંય આપણે એ જ રસ્તે છીએ. થોડા માણસો ભણીને બેહાલ થતા ને થોડા ચોરો ઘણા ગૃહસ્થોની વચ્ચે નભે તેવી સ્થિતિ હતી, પણ બધા જ ભણવા આવે અને બધા જ બેહાલ થાય તો !

આજે વિશેષ અન્ન ઉત્પાદનની જરૂર છે, આરામ હરામ કરવાનો ધર્મ છે, નાની બચતની અત્યંત જરૂર છે, દેશમાં મૂડી નથી પણ મજુરીનું મૂડીમાં પરિવર્તન કરવાનું છે–તેવું આપણે એક મોંએ કહીએ છીએ અને બીજે મોંએ આપણે ખેતરમાં, ખાણોમાં, જંગલમાં, ગોચર–બીડોમાં કામ કરનારાઓને લાવી લાવી નિશાળમાં બેસાડી બેહાલ સાક્ષરો નીપજાવનારી કેળવણી ઝપાટાબંધ ફેલાવીએ છીએ. આ બે વચ્ચે રહેલી ભયંકર અસંગતિ પણ આપણને દેખાતી નથી. દેશની મોટામાં મોટી કમનસીબી એ છે કે ખેતી–ઉદ્યોગોનું કાંઈક પણ આયોજન થયું છે, પણ કેળવણીનું આયોજન તો શું પણ તેનો સાચો કકકો પણ શરૂ થયો નથી.

આપણે શાંતિપ્રિય સમાજ ઉભો કરવો હશે તો આપણા શિક્ષણમાં સહકાર અને સમાજોપયોગી શ્રમ એ એના સંસ્કારો પહેલેથી છેલ્લે સુધી અપાતા રહે તેવું કરવું પડશે. હવાની જેમ શિક્ષણની દુનિયામાં આ સંસ્કારે પોતાનું અખંડ સામ્રાજ્ય જમાવવું જોઇશે. નવો સમાજ કેવળ વૈયક્તિક શ્રમ ઉપર સમૃદ્ધ થવાનો નથી. શ્રમ તો જોશે જ પણ તે શ્રમ પણ સહકારી શ્રમ જોઇશે ને તો જ એ શ્રમ પ્રેમથી સુગંધિત થવાનો. આજે તો પરીક્ષા–માર્ક–ગાઇડ બુકોનું રાજ ચાલે છે–શ્રમ અને સહકારનું નહીં. વર્ગમાં શિક્ષક પરીક્ષા વખતે 'સામસામા ફરી જાવ' તેમ કહે છે. તમે સૌ ભેગા મળીને એક બીજાને શીખવો, એક બીજાને મદદગાર થાઓ, એક બીજાને હૂંફ આપો તેવું સવારની પ્રાર્થના સિવાય ક્યારેય કહેવાતું નથી. આપણે શિક્ષણની એવી વ્યવસ્થા કરવી પડશે કે ઇતિહાસ સહકારથી શીખે, ગણિત સહકારથી ભણે, સફાઈ સહકારથી કરે, નાસ્તો સહકારથી તૈયાર કરે. આ કરવા માટે થઇને નવ તાલીમ સિવાય બીજો કોઈ આરો નથી. બહુ દહાડા સુધી આપણે તેને અવગણી છે, પણ લાંબો વખત અવગણવાનું પરવડે તેવું નથી.

જગતના ઇતિહાસમાં સત્તાની મદદથી શાંતિ સ્થાપવાના પ્રયત્નો થયા છે ને થયા કરે છે. ધર્મોપદેશ દ્વારા પાપનિવૃત્ત સમાજ થાય તેવા પ્રયત્નો થયા છે ને થાય છે. તે બન્નેમાં રહેલી અપૂર્ણતા આ બે હજાર વર્ષને અંતે આપણે જોઇ શકીએ છીએ. તે પ્રયત્ન કરનારાઓ સમર્થ હતા. ક્રાઇસ્ટ, બુદ્ધ, લેનિન, લિંકન જેવાનાં નામો તે સાથે સંકળાયેલા છે. એમના પ્રયત્નોમાં આપણે મદદરૂપ થવા હવે આપણે શિક્ષકોને પણ બોલાવીએ. તેઓ બહુ મોટા માણસો નહીં હોય તો પણ ચાલશે. તેમને સત્તા આપવાની પણ જરૂર નથી તેમ ઉપદેશ પણ તેમની વહારે ધાય તેવું નથી. તેમને આપણે માત્ર શ્રદ્ધા આપીએ. બે હજાર વર્ષ તો નહીં પણ બસો વર્ષ સુધી તેમને કામ કરવા દઇએ. તેમની પાસેથી કશું ન માગીએ, માગીએ માત્ર શિક્ષકત્વ. આવું શિક્ષણ આવી નવી કેળવણી એવા નાગરિકો પેદા કરશે કે જેને સહકાર અને શ્રમ સ્વાભાવિક હશે, જે ન કોઇથી બીશે તેમ ન કોઇને બીવડાવશે.

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।

ને આવું થશે ત્યારે મહાન વિપત્તિઓમાં ઇશ્વર પણ આપણી વહારે ધાશે. અને બાઇબલની ભાષામાં કહું તો તલવારનાં દાતરડાં ને ભાલાંનાં હળ થશે.

સમાપ્ત

મનુભાઈ પંચોળી

વિષય સૂચિ		પૃષ્ઠ
શાન્તિના પાયા	શ્રી. મનુભાઇ પંચોળી	૧૦૩
દિવ્ય અનુભૂતિ	પરમાનંદ	૧૦૫
આધ્યાત્મિક જીવન વિષે શ્રી અરવિંદ	વેણીબહેન કાપડિયા	૧૦૬
શોષણમુક્તિ વ નવસમાજ	માર્કંડરાય અ. મહેતા	૧૦૮
જૈન સાધુઓ અને મલમૂત્ર વિસર્જન	શ્રી. કુંદનમલ સો. ફીરોદિયા	૧૦૯
ઝીંઝકાનો બોધપાઠ		૧૧૦
મુનિશ્રી સંતબાલજીના ઉપવાસ	પરમાનંદ	૧૧૧

દિવ્ય અનુભૂતિ

(ગતાંકથી અનુસંધાન)

જે દિવ્ય અનુભૂતિની આપણે આ લેખમાળાના આગળના વિભાગોમાં વિચારણા કરી તે દિવ્ય અનુભૂતિ પરમ તત્વ–પરમ પુરૂષ–પરમાત્મા સાથેનું અલ્પ ક્ષણોનું પણ સાચું નકકર અનુસન્ધાન છે એમ પ્રતિપાદન કરીને એ સંબંધમાં આગળ વિવેચન કરતાં શ્રી. સુન્દરમ 'ભૂમિનો ગાયક' એ શિર્ષકવાળી પોતાના લેખમાં નીચે મુજબ જણાવે છે:–

"આ પરમ તત્વ–આ મહાન પુરૂષ–ની સાથેનો યોગ પ્રેમદ્વારા થાય છે. તેને અન્તે પણ પ્રેમના આનંદની પ્રાપ્તિ થાય છે, એટલું જ નહિ પરંતુ, તેનું જ્ઞાન પણ માનવને થાય છે. પણ એ જ્ઞાન મનુષ્યને થતાં બીજા જ્ઞાનોથી જુદા પ્રકારનું છે. એ બૌદ્ધિક પૃથ્થકરણ દ્વારા, દર્શનીય પ્રયોગ દ્વારા, ક્રમે ક્રમે અંશ પછી અંશમાં થતું નથી, પરંતુ બુદ્ધિથી પર એવી જે સ્વયંબોધિ –Intuition–રહેલી છે તે દ્વારા અત્યન્ત સામીપ્ય ભાવે ઘનતમ આન્તરિક સંસ્પર્શ દ્વારા થાય છે. એ અવસ્થામાં માનવઆત્મા પરમાત્મા સાથે તદ્રૂપ થઇ જાય છે અને તેને જે અનુભવ થાય છે તે સમગ્ર ઇશ્વરતત્વનો હોય છે.

"પરંતુ આ પ્રેમ અને જ્ઞાન થયા પછી માનવનાં બાહ્ય જીવનનું શું? તેનો જીવનવ્યવહાર, જીવનના પ્રશ્નો, જીવનના સંઘર્ષો કેવું રૂપ લે? ઇશ્વર સાથે યોગ કરવા નીકળેલો આત્મા શરીરને, તેના કર્મોને, જગતને તથા તેના પ્રશ્નોને અને સંઘર્ષોને ઉવેખતો નથી, પરંતુ તે સર્વમાં પેલા ઇશ્વરી પ્રણય અને ઇશ્વરી જ્ઞાન દ્વારા તે પ્રવૃત્ત થાય છે. He who has been gained in eternity is now being persued in time and space, in joys and sorrows, in this world and in the worlds beyond.–જેને આપણે અનંતતાની ભૂમિમાં મેળવી રાખેલો છે તેની હવે આપણે દેશ અને કાળની સીમામાં, આનંદ અને શોકની સીમામાં, આ જગતની અંદર અને બીજા જગતોની અંદર ખોજ કરીએ છીએ (ટાગોરની 'સાધના' પૃષ્ટ ૨૬૧). ઇશ્વરને અન્તરમાં પ્રાપ્ત કર્યા પછી પણ વ્યક્તિએ તેને જીવનમાં કર્મદ્વારા તથા સર્વ પરિસ્થિતિમાં પ્રત્યક્ષ કરવાનો છે, એટલું જ નહિ, એ દ્વારા તેના તરફ ગતિ કરવાની છે. જગતનાં કાર્યોમાં સ્થૂલ વાસનાથી રંગાઇને સ્થૂલ પ્રાપ્તિઓ માટે ગાંડાની પેઠે, પશ્ચિમના દેશોમાં થાય છે તેમ, રચ્યાપચ્યા રહેવાનું નથી, તેમ જ સંન્યાસનો અંચળો ઓઢી બ્રહ્માનંદમાં મસ્ત બની ભારતના જગદુપેક્ષકોની પેઠે આત્મામાં સમાધિ લઇ લેવાની નથી. પણ કવિ કહે છે તેમ "The true striving in the quest of truth, of Dharma consists not in the neglect of action, but in the effort to attune it closer and closer to the eternal harmony." (સત્યની શોધમાં, ધર્મની શોધમાં, સાચો પુરૂષાર્થ કરવાની દિશા કર્મની ઉપેક્ષામાં નહિ, પણ કર્મને શાશ્વત સંવાદિતાના સાથે વધારે ને વધારે સંવાદિત કરવાના પ્રયત્નોમાં રહેલી છે.) यद्यत् कर्म प्रकुर्वीत तद् ब्रह्माणि समर्पयेत्.

"આ કર્મ એ સાધારણ કર્મ નથી. "જ્યારે આપણે સમુદ્ર ચિત્ત–beneficient mind–ની દોરવણી હેઠળ કર્મ કરીએ છીએ ત્યારે આપણી પ્રવૃત્તિ નિયમબદ્ધ બને છે, પણ તેથી તે યાંત્રિક નથી થઇ જતી; એ કર્મ કોઈ જરૂરિયાતમાંથી જન્મેલું હોતું નથી, પણ આત્માની તૃપ્તિમાંથી પ્રેરિત થયેલું હોય છે. આવી પ્રવૃત્તિ એ જનવૃંદનું આંધળું અનુકરણ નથી રહેતું કે ફેશનના આદેશોનું કાયરતાથી કરેલું અનુકરણ નથી રહેતું." ધર્મ–દ્રષ્ટાઓ, ધર્માત્માઓ, ભકતો, પયગંબરો, અને સ્ત્રીઓનાં જીવનકર્મમાં આ કથનનું સત્ય બહુ સહેલાઇથી પ્રગટ થાય છે. ઇશ્વરી ઇચ્છાને પ્રત્યક્ષ કરી, તેની સાથે મેળ સાંધી, તેને પોતાની ઇચ્છા અર્પણ કરીને થતું આ કાર્ય એ પરોપકારી, સેવાભાવી, નૈતિક કે ધાર્મિક કર્મ નહિ, પણ ઇશ્વરી કર્મ, દિવ્ય કર્મ છે. પછી ભલે પ્રાકૃત માનવ ન સમજી શકે, અને ભલે તેને ઉવેખે, નિન્દે યા તેનો વિરોધ કરી તે કર્મકર્તાને વધસ્તંભે ચડાવે. પરંતુ એ કર્મથી જ જગતની ગતિ ઊર્ધ્વ તરફ, સત્ય તરફ, પરમાત્મા તરફ વેગવંતી બને છે.

"એવાં કર્મ કરનાર વ્યક્તિને જગતમાં પ્રત્યેક સ્થળે ઇશ્વરી તત્ત્વનો ભેટો થાય છે. પગલે પગલે તેને ઇશ્વરના સંવાદનું સુ–ગાન અને સંગીત પ્રત્યક્ષ થાય છે. પછી જગતનાં અનિષ્ટોનું સ્વરૂપ બદલાઇ જાય છે. જગતની વિરૂપતા કોઈ નવું જ સૌંદર્ય ધારણ કરે છે, જગતમાં દેખાતાં પ્રગતિવિરોધી, માનવધ્વંસી, શુભઘાતક તત્ત્વોનું જગતના વિકાસક્રમમાં સમુચિત સ્થાન તે જોઇ લે છે. માનવના વિકાસની આડે જે આવે છે, તેનો જે ઘાત કરવા ધસે છે, તેની પાછળ તે ઇશ્વરનો હેતુ જુએ છે. એ વિરોધક, અકલ્યાણક અશુભ તત્વને તે વશ થતો નથી. પરંતુ તેનો પ્રતિકાર યોજી તેને અંતે તે શિવનું સ્થાપન કરે છે. બીજા પ્રાકૃત કર્મકર્તા કરતાં વધારે સ્વસ્થ હોય છે, તેની પ્રજ્ઞા સ્થિર હોય છે, એટલું જ નહિ પણ, પ્રાકૃત માનવમાં જે નથી તે દિવ્ય જ્ઞાનથી તે આલોકિત કરે છે. તેની ક્રિયાશકિત દિવ્યની શકિતથી સંમિલિત અને સંપુષ્ટ થયેલી હોય છે. ટૂંકમાં, તેના કર્મનું મૂળ માનવપ્રકૃતિમાં નહિ પણ ઇશ્વરી પ્રકૃતિમાં હોઇ, તે ઇશ્વરી કર્મનો કર્તા, ઇશ્વરનું કરણ બનેલો હોઇ, સર્વ સંઘર્ષોને અંતે જન્મવાનાં સંગીતનું ભાન, વીણાના તાર વિસંવાદી ઝણકારાથી મેળવાતા હોય છે ત્યારે પણ, તેનામાં જીવતું જાગતું હોય છે. તેને માટે જગતમાંથી અશુભ, અકલ્યાણ, સંઘર્ષ મટી જતાં નથી, પણ તેની મર્યાદા, તેનું પ્રમાણ, તેને સમજાઇ જાય છે. તે અશુભથી અભિભૂત બનતો નથી, પણ ઇશ્વરનું ખડ્ગ હાથમાં ધારણ કરી તેની સામે લડે છે, અને ઇશ્વરને માટે વિજય મેળવી પોતે પણ વિજયી બને છે.

"આ અંતિમ શુભના દર્શનમાં જેમ જગતની બધી સારી માઠી પ્રવૃત્તિઓનું રૂપ બદલાઈ જાય છે, તેમ જગતના પદાર્થોનાં સ્વરૂપ પણ નવા નવા સૌંદર્યોથી અભિષિકત બને છે. પરમ તત્વનો સાધક જેમ ગમાઅણગમા, પ્રાકૃત સુખદુઃખ, બુદ્ધિ કે જાતિના હેયઅહેયથી પર થઇ એક અવિકલ આનંદ અને આત્મસ્થ કર્મમાં સ્થિર થાય છે તેમ જગતના સુરૂપ અને કુરૂપ બધા પદાર્થોને તે એક નવા અહોભાવથી જુએ છે. એ આહ્લાદને સૌંદર્યદર્શન પણ કહી શકાય. મનુષ્યને પ્રારંભમાં રૂપે અને રંગે રોચક હોય તેવા પદાર્થો જ સુન્દર લાગે છે. પરંતુ ક્રમે ક્રમે પ્રત્યેક પદાર્થ પાછળનું સત્ય જોતાં, તેની બાહ્ય વિરૂપતા પણ અંદરના સત્યને લીધે વિરૂપ મટી જાય છે. કાંટો તે કાંટો જ રહે છે, અંધારી રાત તે અંધારી જ રહે છે, છતાં કાંટો કે અંધારું એને કલેશ કરતાં નથી. એની પાછળનું સત્ય એને ફૂલના દર્શન જેટલું જ આનંદ આપનારું બને છે. આમ એના સૌંદર્યદર્શનનો પ્રદેશ વ્યાપક બનતો જાય છે અને એક ક્ષણે સારી સૃષ્ટિ, તેમાંના સત્યનું દર્શન થતાં સૌન્દર્યમંડિત બને છે. સત્યના દર્શનને અંતે થનારો આનંદ એ જ સાચો આનંદ છે. ઇંદ્રવર્ણાન રંગનું સૌન્દર્ય, અને તેની અંદરના વિષનું જ્ઞાન, એ બન્નેની અનુભૂતિમાંથી જન્મતો આનંદ એ સાચો સમગ્ર આનંદ કહેવાય. ફળનો રંગ સુન્દર છે, પરંતુ એમાં વિષ રહેલું છે એ જ્ઞાનથી તેના આહારમાંથી બચી શકાયું છે, એ બન્ને અનુભૂતિનું એકત્ર જ્ઞાન એ અહિં આનંદનું જનક છે. અર્થાત્ આનંદનો સ્રોત બે મૂળમાંથી, ચક્ષુના અને મનના મૂળમાંથી જન્મી હૃદયમાં આનંદની એક વિશિષ્ટ અનુભૂતિરૂપે પ્રગટે છે. અને એ અનુભૂતિમાં આગળ વધતાં આ બે ભિન્ન પ્રસ્થાનો ભિન્ન રહેતાં નથી, ચક્ષુ અને મનમાં ભિન્ન સ્થાન પણ કોઈ એક સમાન અધિત્યકા

પરનાં બે સમીપસ્થ બિન્દુ બની રહે છે. અને ત્યાં પહોંચ્યા પછી જ Truth is beauty and beaty is truth (સત્ય એ સૌન્દર્ય છે અને સૌન્દર્ય એ સત્ય છે)નું સૂત્ર સમજી શકાય છે. ચક્ષુના સૌન્દર્ય અને મનનો ઝઘડો એમાંથી એકની ભૂમિકા ઉપર રહેતાં રહેવાનો જ. એનો સમન્વય બન્નેથી ઊર્ધ્વ એવી પેલી ભૂમિમાં, આત્માની ઊર્ધ્વ અધિત્યકામાં થવાનો.

"આત્માની ભૂમિકામાં કેવળ આ આનંદની જ પ્રાપ્તિ નથી. ત્યાં આનંદ છે, સૌન્દર્ય છે, સત્ય છે, પ્રેમ છે, એટલું જ નહિ, ત્યાં શક્તિ પણ છે. એ સર્વ મળીને શિવ સ્વરૂપ બને છે. એમાં ધ્યાનની પ્રખરતા છે, પણ જગતની રક્ષા કરવા માટે વિષ પીવાની કલ્યાણકતા પણ છે, એટલું જ નહિ, એ વિષને કંઠસ્થ કરી શકનારી અમોઘ જીવનશક્તિ પણ છે."

આ છે પ્રસ્તુત દિવ્ય અનુભૂતિથી માનવીને પોતાના જીવનમાં જે નવી ચાલના મળે છે તેના વિવેચનનું શ્રી. સુન્દરમે આલેખેલું ભવ્ય ચિત્ર.

× × ×

જે દિવ્ય અનુભૂતિની આ લેખમાળામાં ચર્ચા કરી તે કોઇ અભિમાન કે શેખી કરવાનો વિષય નથી. તે કોઇ જાહેરાત કરવાની બાબત નથી કે તેનાં કોઇ વાજાં વગાડવાનાં હોતાં નથી. કોઇ અમુક વ્યક્તિ પોતાને દિવ્ય અનુભૂતિ થયાની વાતો કરે તેથી ખરેખર ઉપર વર્ણવી તેવી દિવ્ય અનુભૂતિ તે વ્યક્તિને થઇ છે એમ કોઇએ માની લેવાની જરૂર છે જ નહિ. દિવ્ય અનુભૂતિ બાદ ઉપર જણાવ્યો તેવો સ્પષ્ટ રૂપે દેખાતો તે વ્યક્તિનો જીવનપલટો એ જ તેની દિવ્ય અનુભૂતિનો સાચો દ્યોતક હોઇ શકે.

દિવ્ય અનુભૂતિના નામે આજે તરેહ તરેહના ખ્યાલો, વહેમ, ઢોંગ અને પાખંડ ચાલે છે. કેવળ માનસિક ભ્રમણાને અથવા તો અમુક પ્રકારના માનસિક અસમધારણને દિવ્ય અનુભૂતિના નામે વટાવવામાં આવે છે અને ખરી દિવ્ય અનુભૂતિને આવી કહેવાતી દિવ્ય અનુભૂતિથી તારવવાનું કાર્ય ઘણું કઠણ થઇ પડે છે. જ્યાં ચમત્કાર દેખાયો ત્યાં નમસ્કાર કરવાવાળા લોકો આવી વાતોથી ઘણીવાર છેતરાય છે અને અનેક ભ્રામક ખ્યાલોના ભોગ બને છે. દિવ્ય અનુભૂતિ વિષે જિજ્ઞાસા ધરાવનારે જાતે છેતરાવાના અનેક ભયસ્થાનોથી પૂરા સાવધ બનીને ચાલવાનું રહે છે.

પ્રેત આત્માઓ સાથેના કહેવાતા સંબંધોને દિવ્ય અનુભૂતિમાં સમાવિષ્ટ કરવામાં આવે છે. કોઇના શરીરમાં અંબાજી આવ્યા છે, કોઇના શરીર અને મનનો કબજો હનુમાને લીધો છે, કોઇને અમુક દેવ યા દેવીનો વળગાડ છે એમ કહેવામાં આવે છે. કોઇના શરીરમાં નજીકના સ્વજનનો પ્રેત આત્મા અવારનવાર પ્રવેશ કરે છે અને એ પ્રેત આત્મા જ જાણે કે તે શરીરનો સ્વામી હોય એવી ચેષ્ટા કરે છે—આવી વાતો અવારનવાર આપણા સાંભળવામાં આવે છે. ત્રણ પાયાની ઘોડી દ્વારા કોઇ અદૃષ્ટ તત્ત્વ પાસેથી જવાબ મેળવવાના અખતરાઓ ચાલ્યા જ કરતા હોય છે. આ બધું દિવ્ય અનુભવને નામે ચાલે છે. પણ અહિં જે દિવ્ય અનુભૂતિના પ્રકારની ચર્ચા આલોચના અભિપ્રેત હતી તેથી આ અનુભવો અથવા તો આવી વાતો તદ્દન અલગ પ્રકારની છે. તેવી બધી બાબતોની ચર્ચા મારા માટે અપ્રસ્તુત છે. તેમાં રહેલા સાચા ખોટાપણાની તુલના કરવાનું મારી ઇચ્છા, શક્તિ તેમજ અધિકારની બહાર છે. અહિં તો વિશિષ્ટ યોગ્યતા ધરાવતી વ્યક્તિઓને દિવ્ય પ્રકાશનો અનુભવ થયાની – સર્વસાધારણ ચેતનાનું અણુઘાયું ઊર્ધ્વીકરણ થયાની—જે વાતો અવારનવાર આપણા જાણવા સાંભળવામાં આવે છે તે કેવળ માનસિક ભ્રમણા છે કે કોઇ નક્કર આધ્યાત્મિક ઘટના છે તેના સ્વરૂપની અને તેની ચાલુ માનવી જીવન ઉપર પડતી અસરની ચર્ચા વિચારણા કરવાનો ઉદ્દેશ હતો અને એ ચર્ચા વિચારણા પ્રસ્તુત વિષયની અલ્પતમ ભૂમિકાને સ્પર્શીને. તે પ્રત્યે એક ઉપરછલ્લો દૃષ્ટિપાત કરીને અહિં અધુરી રાખવામાં આવે છે. આ અધુરી ચર્ચાવિચારણા આગળ ચલાવવાનું ત્યારે જ સંભવિત બને કે જ્યારે પ્રસ્તુત દિવ્ય અનુભૂતિ માત્ર વાતો કરવાનો કે અન્યના અનુભવોને આગળ ધરવાનો વિષય ન રહે પણ અંગત પ્રત્યક્ષ સંવેદનનો વિષય બને.

સમાપ્ત

પરમાનંદ

આધ્યાત્મિક જીવન વિષે શ્રી અરવિન્દ

(ગતાંકથી ચાલુ)

સાધનાની વિવિધ પદ્ધતિઓ શ્રી. અરવિંદના તત્ત્વજ્ઞાનમાંથી મળી શકે છે અને તે અનુભવસિદ્ધ પદ્ધતિઓથી માનવ આત્મ-વિકાસ કરી શકશે તેની ખાત્રી પણ તેમણે આપી છે. આધ્યાત્મિક જીવન ઇચ્છતી વ્યક્તિને તેમાં પૂર્ણ સ્વતંત્રતા છે. તેમાં કોઇ પણ સાંપ્રદાયિકતા નથી કે ધાર્મિક બંધન નથી; નિયમો નથી કે ક્રિયાકાંડની જડતા નથી. શ્રી. અરવિન્દે બતાવેલી સહજ રીતે જીવનનો વિકાસ સાધીને પ્રગતિ કરી શકાય એવી સાધનાની પદ્ધતિઓ નીચે મુજબ છે:—

પરમ સ્વરૂપને પ્રાપ્ત કરવાની ઝંખના, બંધનમુકત જીવન માટેનો પુકાર, અને દિવ્ય પ્રકૃતિમાં વિકાસ માટેની તીવ્રતા માનવમાં જ્યારે જન્મે છે ત્યારે પ્રાર્થના તેમ જ અન્તઃકરણમાંથી અભીપ્સા ઉદ્‌ભવે છે, જે નિમ્ન પ્રકૃતિમાંથી પુકારે છે અને પ્રભુની પરમ કરૂણા જે પ્રભુની કૃપા છે તે આ મહદ્ ઇચ્છાના સાદને ઊર્ધ્વમાંથી પ્રત્યુત્તર આપે છે.

મનુષ્યનાં હૃદયમાંથી પ્રભુપ્રાપ્તિ માટેની જાગૃત અભીપ્સા—પ્રાર્થના અને તેની સામે સહાય કરનાર એવી પ્રભુની પરમ કૃપા એ બે શક્તિઓનું મિલન થાય છે તેને યોગ કહેવામાં આવે છે. અને જેને અંતરાત્મામાંથી ભગવાનની પ્રાપ્તિ માટેનો સાદ આવે છે તેને જરૂર તે પ્રાપ્ત થાય છે. અંતરાત્મામાંથી આવતા સાદને સાંભળવા માટે જાગૃતિ આવશ્યક છે, સમગ્ર ધ્યાન ત્યાં કેન્દ્રિત રાખીને જ જીવનને ઘડવાનું છે. પ્રભુની કરૂણાથી સફળ થવાશે એવી શ્રદ્ધાની અખંડ જ્યોત સીધે સીધી ઊર્ધ્વપ્રત્યે સ્થિરપણે પ્રગટાવવાની છે, અને ઉચ્ચ જીવન પ્રત્યે અભિમુખ થઇ સતત એ જીવનની પસંદગી કરતા રહેવાનું છે.

એ રીતે આધ્યાત્મિક વિકાસની સીડીનાં એક પછી એક પગથીયાં ચઢવાની ક્રિયામાં મંડ્યા રહેવાનું છે. સાધના અને ચિંતન કરતાં કરતાં નિમ્ન પ્રકૃતિના પુકારને ઊર્ધ્વમાં રહેલી મહા-શક્તિનો પ્રત્યુત્તર મળે છે, સહાય કરવાની ખાત્રી અને તેની આધ્યાત્મિક પ્રગતિ માટેનું રક્ષણ મળે છે, ત્યારે યોગદ્વારા સાધનાનો ઝડપી વિકાસ થાય છે, જેને યોગસાધના કહેવામાં આવે છે.

શ્રી. અરવિંદ જેને આધ્યાત્મિક રીતનો વિકાસ કહે છે તે ભૌતિક જગત અને આધ્યાત્મિક જગતનો સમન્વય કરીને, દિવ્ય પરમાત્મસ્વરૂપને ધારણ કરી જીવન જીવવું તે છે. જીવનને છોડી દઇને, પ્રવૃત્તિથી ભાગીને ત્યાગી મહાત્મા બની એકાન્તે જઇ બેસવાનું નથી. એવી સ્પષ્ટ સમજની સાથે જ જીવન જીવતા જીવતા વિશાળ જીવનમાં પ્રવેશ કરવાનો છે અને તેમાં મુખ્યપણે ત્રણ રીતે સાધનાનો પ્રથમ આરંભ કરવાનો છે.

(૧) અભીપ્સા (૨) સમર્પણ (૩) ઈન્કાર અર્થાત્ પરિત્યાગ.

૧. અભીપ્સા—પરમ સ્વરૂપની પ્રાપ્તિ માટેની અભીપ્સા અને તેનાં પ્રત્યુત્તરરૂપે મળતી પ્રભુની પરમ કૃપા વિષે સમજ્યા પછી એ કૃપાને ટકાવવાનું સામર્થ્ય પણ પ્રાપ્ત કરવું જોઇશે. દુઃખમાં પ્રભુને પુકારીએ, કરૂણારૂપે પ્રભુની કૃપા અને સહાય મેળવીએ ને વળી પાછા અજ્ઞાન અને અસત્યને તાબે થઇ સામાન્યકોટિના જીવનમાં સરકી પડીએ, તો પછી આપણે એ પ્રભુની સહાનુભૂતિ ગુમાવી દઇશું. એ યાદ રાખવું જોઇએ કે અધોગામી જીવનમાં ડૂબી જઇને આપણે પ્રભુની કૃપાને ટકાવી નહિ શકીએ. પ્રભુની કૃપા કેવળ પ્રકાશ અને સત્યમાં જ કામ કરે છે.

૨ સમર્પણ—દિવ્યચેતનાનું માનવપ્રકૃતિમાં અવતરણ અને નિમ્નપ્રકૃતિનું દિવ્યપ્રકૃતિમાં રૂપાન્તર એ શ્રી. અરવિંદની સાધનાનું લક્ષ્ય છે. અને આ રૂપાન્તર ત્યારે જ થઇ શકે કે જ્યારે દિવ્ય-શક્તિનું કાર્ય માનવની નિમ્નપ્રકૃતિને બદલવા માટે સક્રિય બને એટલે તીવ્ર અભીપ્સાની સાથે સાથે સાધક ઊર્ધ્વમાં ઉચ્ચજીવન પ્રત્યે અભિમુખ રહે અને પોતાની ગણાતી એવી શારીરિક અને ભૌતિક દરેક સંપત્તિનો ઉપયોગ અને પોતાનાં દરેક કર્મો એ બધું જ સમર્પણભાવે કરે, નિષ્કામભાવે કરે. સમર્પણ સાચા

દિલનું કશું પણ બાકી રાખ્યા વગરનું અને યાંત્રિક નહિ પણ સજીવ હશે, ત્યારે જ અંતરાત્મા તેનો સ્વીકાર કરીને સાધનાની દોરી હાથમાં લેશે અને પછીથી સાધનાનો માર્ગ પણ સરળ બનવા માંડશે. અતિમાનસ ચેતનાને પ્રાપ્ત કરવા માટે પ્રથમ તો નિમ્નપ્રકૃતિનું દિવ્યપ્રકૃતિમાં રૂપાન્તર જરૂરી છે. માનવજીવનનું દિવ્ય જીવનમાં ઊર્ધ્વગામી થવું એ આ સમર્પણની પૂર્ણતા ઉપર આધાર રાખે છે.

૩ ઈન્કાર અર્થાત પરિત્યાગ. પાર્થિવ પ્રકૃતિ ઉપર અમલ ચલાવનારી અસત્યથી યુકત એવી પસંદગીઓનો પરિત્યાગ કરવાથી સમર્પણમાં શુદ્ધતા આવી શકે છે. નિમ્નપ્રકૃતિ તો અજ્ઞાનમાં ડૂબેલી છે. તેમાંથી વારંવાર અધોગામી જીવન પ્રત્યેનું ખેંચાણ થયાં જ કરવાનું છે અને કામનાઓ, ઇચ્છાઓ અને વાસનાયુકત માગણીઓનાં આક્રમણો પણ સતત ફરીને ફરી આવ્યા જ કરે છે. અસત્ય અને સત્યનું દ્વન્દ્વ પણ ચાલવાનું જ છે. તે સમયે સાધકની દૃષ્ટિ સત્ય પ્રત્યે અભિમુખ રહે અને હૃદયનાં દ્વાર ઊર્ધ્વ તરફ જ ઉઘાડાં રહે તો ઊર્ધ્વમાંથી પ્રકાશનાં કિરણો પ્રવેશ કરશે અને અંધકાર જરૂર અદૃશ્ય થશે. એક તરફથી આત્માભિમુખ થવું અને બીજી બાજુએથી અધોગામી જીવનનું દ્વાર ખુલ્લું રાખવું – આથી તો દુવિધા ઉત્પન્ન થશે અને ભગવત્ કૃપાને ગુમાવી દેવાશે. સાધકને મુંઝવણ કરાવે એવી આ દશા છે. કારણ કે આપણામાં રહેલી પશુપ્રકૃતિ અજ્ઞાત રીતે પોતાની ટેવોને આધીન રહીને પુનરાવર્તન કર્યા જ કરે છે. ત્યારે તેનો ઉપાય શો? ઉપાય એક જ છે. કામનાઓ, વાસનાઓ, આવેશો, અભિમાન, લોભ, ઈર્ષા, દ્વેષ, ક્રોધ, મૂર્ખતા, શંકા, અશ્રદ્ધા, દુરાગ્રહ, ક્ષુદ્રતા. આળસ વગેરે મનના પૂર્વગ્રહો અને શરીરમાં જે તમોગુણો છે તેનો જાગૃત રહીને ત્યાગ કરવાનો સંકલ્પ કરવો અને ઉદાસીનતા કેળવવી. આ રીતે ઉપર જણાવેલ તમોગુણોને જો મહત્વ નહિ અપાય તો ધીમે ધીમે તેમનું વર્ચસ્ ઢીલું પડશે અને ઉપરથી આધ્યાત્મિક શકિત પોતાનાં જ્ઞાનને સ્થિર કરશે અને પ્રકાશને ઝીલવા મન સમર્થ બનશે. એ રીતે મન પ્રકાશિત બનશે ત્યારે પોતાના પૂર્વગ્રહો છોડી દેશે અને પ્રાણ તથા શરીરની ઉપર પણ પોતાનું નિયંત્રણ લાવશે, એટલું જ નહિ પણ, મન એક આલોકિત મનમાં પલટશે તેમ જ આત્મસ્વરૂપને પ્રગટ કરવા માટે શકિતશાળી બનશે.

"જો તમારે અંતરમાં ભગવાનની સ્થાપના હાજરાહજૂર કરવી હોય તો મંદિરને સ્વચ્છ અને પવિત્ર રાખવું જોઇએ. સત્ય અને અસત્યને, જ્યોત અને અંધકારને, સમર્પણ અને સ્વાર્થને પ્રભુને સમર્પિત થયેલા દેહમંદિરમાં એક સાથે રહેવા દેવામાં આવતા નથી."

જ્યારે અભીપ્સા તીવ્ર બનશે, સમર્પણ શુદ્ધ હશે, અને પરિત્યાગ સંપૂર્ણ થશે ત્યારે મહાશકિત માનવની પ્રકૃતિમાં સ્થિર થઇને સાધનાનો વિકાસ વેગવાન બનાવશે. એ મહાશકિત શ્રી. અરવિંદની સાધનામાં કઇ રીતે કાર્ય કરે છે તેની સમજણ આ રીતે છે. અમુર્ત સ્વરૂપે આંતરજગતમાં જોને મા ભગવતી તરીકે પુકારીએ છીએ, પ્રકટ જગતમાં તેને શકિતરૂપે, જગત્માતા રૂપે સંબોધન કરીએ છીએ અને વ્યકિત રૂપે જોને મા કહીને પુકારીએ છીએ તે મા ભગવતીની એક સત્યચેતનાશકિત છે, તેનું સત્ય સ્વરૂપ છે. જ્યારે માનવશરીરમાં તે શકિતનો વ્યકિતરૂપે આવિર્ભાવ થાય છે ત્યારે તે દિવ્ય સ્વરૂપનાં સાકારરૂપે આપણને દર્શન થાય છે અને તેને આપણે દિવ્યમા તરીકે પૂજવા લાગીએ છીએ. આ વિશ્વમાં પુરૂષરૂપે અને શકિતરૂપે દિવ્યશકિત માનવદેહમાં પ્રગટ થાય છે. ઉચ્ચ ભાવનાઓ અને આદર્શોને સિદ્ધ કરી માનવ માટે દેવત્વ શકય કરી બતાવે છે. એ મહાશકિતનાં શકિત સ્વરૂપોનો અને વ્યકિત સ્વરૂપોનો માનવને ઊર્ધ્વગામી જીવનનાં વિકાસમાં સહાય કરવા માટે આ વિશ્વમાં આવિર્ભાવ થયેલો છે. મુખ્યત્વે એ ચાર શકિત સ્વરૂપો પોતાની જુદી જુદી શકિતઓ અને ગુણોને લઇને આ વિશ્વમાં કાર્ય કરી રહ્યા છે. એ શકિતઓને આપણે **મહેશ્વરી, મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી** તરીકે સંબોધન કરીએ છીએ:

મહેશ્વરીનું સ્વરૂપ સ્થિર વિશાળ, સર્વગ્રાહક જ્ઞાનશકિતવાળું, પ્રશાન્ત, મંગળ અને અલૌકિક એવું ગૌરવવંતુ છે, ચિંતક બુદ્ધિ અને સંકલ્પબળ વડે માનવમનની તપઃશકિતને તે વિશુદ્ધ બનાવી ઊર્ધ્વમાં વિશાળતા પ્રત્યે, જ્યોતિ પ્રત્યે આરોહણ કરાવે છે. અદ્‌ભુત જ્ઞાનનાં ભંડારો પ્રત્યે અને મા ભગવતીનાં મૂળ સ્વરૂપ પ્રત્યે તે આપણને ગાત આપે છે. તેની મુખ્ય શકિત છે પૂર્ણજ્ઞાન પ્રત્યે લક્ષ જવામાં સાધકને સહાય કરવી તે.

મહાકાલી : કાર્યને સિદ્ધ કરવા માટે શકિતનો પ્રચંડ આવેગ દિવ્ય રૂદ્રતા અને ઉગ્ર પ્રતાપ રૂપે ભભૂકી ઉઠે છે. માનવની અંદર તેનું કાર્ય શરૂ થાય છે ત્યારે દિવ્ય કર્મોમાં બેદરકારી, શિથિલતા અને પ્રમાદને ચલાવી લેતી નથી, વિરોધી અને આસુરી શકિતઓ સામે સાધકને તે રક્ષણ આપે છે. સાધક પર આક્રમણ કરનારા શત્રુઓને એક ક્ષણમાં વેરવિખેર કરી નાખે છે.

મહાલક્ષ્મી : દિવ્ય સંવાદિતા, મનોહારિતા, આકર્ષણ અને આનંદનું પૂર્ણ સૌંદર્ય મહાલક્ષ્મીનું છે. મહાલક્ષ્મીના સ્વરૂપથી સૌ આકર્ષાય છે. છતાં મહાલક્ષ્મીનું સાન્નિધ્ય સાચવવું સહેલું નથી. મન અને આત્મામાં, વિચાર અને ઊર્મિમાં, જીવન અને આજુબાજુની પારસ્થિતિમાં સંવાદ અને સૌંદર્ય એ હોવા જ જોઇએ. એવો સંવાદીપણે પ્રભુ તરફનો હૃદયનો પ્રવાહ વહેતો હોય ત્યાં જ મહાલક્ષ્મી વસી શકે છે. ત્યાગની રિકતતા એને ગમતી નથી, જડ નિગ્રહ તેને પસંદ નથી. વાસનાની ગ્રામ્યતા અને ભકિતને ભ્રષ્ટ કરનારી અશુદ્ધ ઇચ્છાઓ જોશે તો તે પોતાનાં પગલા પાછા ખેંચી લેશે. મહાલક્ષ્મી સૌંદર્ય અને પ્રેમદ્વારા જીવનમાં એક દિવ્ય સમૃદ્ધિનું નિર્માણ કરે છે.

મહાસરસ્વતી : કાર્યશકિતમાં તે સ્થૂલ પ્રકૃતિની સૌથી નજીક છે. જે મહાસરસ્વતીની પસંદગી પામે છે તેને સિદ્ધ કર્મકર્તાનું ચોકકસ જ્ઞાન અને બુદ્ધિ પ્રાપ્ત થાય છે. તે આપણી પ્રકૃતિનું નવનિર્માણનું અને રૂપાંતર કરવાનું કાર્ય કરે છે. એના કાર્યમાં બધું જ સંગીન, ચોકકસ, સંપૂર્ણ અને પ્રસંશનીય છે. મહાસરસ્વતી માનવ પ્રત્યે માયાળુ છે, પ્રત્યેક કાર્યમાં આપણી દૃષ્ટિને દિવ્ય પ્રકાશ પ્રત્યે દોરે છે.

જે સાધકો આ ચાર શકિતસ્વરૂપોનાં જીવંત પ્રભાવ પ્રત્યે ખુલ્લા રહે છે તેઓમાં એ ચારે શકિતઓના ગુણોની સ્થાપના થાય છે અને ઊર્ધ્વ પ્રત્યે આરોહણ કરી શકાય છે. સાધનાનો વિકાસ ત્યારે વેગ પકડે છે જ્યારે આ શકિતઓને પ્રાપ્ત કરવા માટે સાધક જીવનસમર્પણ કરે છે

હવે જ્યારે એ દિવ્યશકિતનું કાર્ય શરૂ થાય છે ત્યારે પ્રથમ તો માનવના મનમાં શાન્તિનું અવતરણ થાય છે. શાંતિ એ સાધનાનો મુખ્ય પાયો છે. ધીમે ધીમે શાંતિસાધકનાં પ્રત્યેક અંગમાં અને સમગ્ર જીવનમાં સ્થિર થાય છે. પછી ઊર્ધ્વમાંથી પ્રકાશ, શકિત, જ્ઞાન અને આનંદનું અવતરણ થવા માંડે છે, અને નિમ્નપ્રકૃતિ પોતાનું રૂપાંતર કરવા માટે એ દિવ્ય શકિતઓને સમર્પિત થાય છે.

આ ગુણોની વૃદ્ધિ થતાં આધ્યાત્મકતા વિષેના અનુભવો અને સાક્ષાત્કાર થાય છે. આ સાક્ષાત્કાર એ પણ કોઇ ચમત્કાર કે રહસ્ય નથી, પરંતુ એ દિવ્યતત્ત્વો માનવમાં ગુણરૂપે વિકસે છે અને જીવનમાં સહજ રીતે આવિર્ભાવ પામે છે, જીવનમાં પ્રકટ થાય છે, જેમાંથી માનવનાં જીવનમાં સુખ અને શાન્તિ આવે છે. પ્રત્યેક કર્મમાં એ ગુણો વ્યકત થઇ શકે છે. આનંદ અને પ્રસન્નતાથી ચિત્ત પૂર્ણ સ્વસ્થતા અને શાન્તિ પામે છે, માનવ મનની મુંઝવણ ટળે છે અને માનવ જીવનનાં પ્રત્યેક ક્ષેત્રમાં કાર્ય વિષેનો ઉકેલ માનવને મળી રહે છે. આધ્યાત્મિક જીવનના ઉચ્ચ શિખર પરથી તેનું જ્ઞાન વિશાળતાને પામે છે, દૃષ્ટિ સમગ્રતાવાળી બને છે અને શકિત અમાપ મળે છે. વિશ્વમાં હરેક ક્ષેત્રમાં કાર્ય કરવાની નિપુણતા પણ સહજ પ્રાપ્ય બને છે. આવી સિદ્ધિ પ્રાપ્ત થયા પછી માનવ જો પોતાના ભૂતકાળના સામાન્ય જીવન તરફ દૃષ્ટિ માંડે તો, પોતે જીવનનાં દિવ્ય માર્ગે ઉભો ઉભો શું વિચારશે? બન્ને જીવનની તુલનામાં ત્રાજવાની કઇ બાજુ નમશે?

સમાપ્ત

વેણીબહેન કાપડિયા

"શોષણ-મુક્તિ વ નવસમાજ"

(રત્નાગિરિના વર્ષોજુના રચનાત્મક કાર્યકર્તા શ્રી. અપ્પાસાહેબ પટવર્ધને 'શોષણ-મુકિત વ નવસાજ' એ નામની પુસ્તિકા પ્રગટ કરી છે અને તેની અંદર જે નવા સમાજનું આપણે નિર્માણ કરવા માગીએ છીએ તેમાંથી શોષણખોરી કેમ નાબુદ કરવી તેના ઉપાયોની ચર્ચા કરી છે. આ આખો પ્રશ્ન આખરે અર્થશાસ્ત્ર તથા નાણાંશાસ્ત્ર સાથે સંબંધ ધરાવે છે. તે પુસ્તિકામાં જે મુદ્દાઓ ચર્ચવામાં આવ્યા છે તેનો ટુંક સાર નીચેની આલોચનામાં આપવામાં અવ્યો છે. તેમાંનાં વિધાનો આપણને ચોંકાવે તેવાં છે અને એકાએક ગળે ઉતરે તેવાં નથી. તે વિધાનો આજની સામાજિક અને અર્થવિષયક પરિસ્થિતિમાં કેટલા વ્યવહારૂ બને તેમ છે એ પણ એક સવાલ છે. જેમને આ વિષયમાં ઊંડો રસ હોય તેમને આ સંક્ષિપ્ત સારથી સંતુષ્ટ થવાને બદલે મૂળ પુસ્તિકા જે મરાઠી ભાષામાં છે તે જોઇ જવા વિનંતિ છે. તે મેળવવાનું ઠેકાણું છે નવકોંકણ પ્રકાશન રત્નાગિરિ. અને તેની કીંમત છે રૂા. ૦-૭૫ નયા પૈસા. પ્રબુદ્ધ જીવનમાં આગળ ઉપર શ્રી. અપ્પાસાહેબના વિવાદાસ્પદ લાગતાં વિધાનોની ચર્ચા કરવાની ધારણા છે. પરમાનંદ)

પૂ. ગાંધીજીની સરદારી નીચે આઝાદી માટેની લડતનાં મંડાણ થતાં તેમની હાકલને માન આપી, જવલંત કારકીર્દિ ઉપર ઠોકર મારીને સૈનિક તરીકે ઘણાં માણસોએ બલિદાન આપ્યાં છે, પરંતુ તેમના તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કરી પચાવી જીવનમાં ઉતારવાની મુરાદથી-તેમના રચનાત્મક કાર્યક્રમમાં જોડાઇ જઇને આજસુધી પણ અખંડ તપશ્ચર્યા કરનાર વિરલ વ્યકિતઓ પૈકી શ્રી. આપ્પાસાહેબ પટવર્ધનનું નામ અગ્રસ્થાન ભોગવે છે. એટલે એમણે લખેલ આ પુસ્તક (પુસ્તિકા) દરેક નાગરિકે વાંચી મનન કરવાયોગ્ય છે.

સંત વિનોબાજી-જેઓ પૂ. ગાંધીજીનું અધૂરું રહેલું-સામાજિક અને આર્થિક ક્રાંતિ દેશમાં લાવવાનું-કામ આજે દેશમાં છેલ્લાં આઠ દશ વર્ષોથી કરી રહ્યા છે. અને જે ઉચ્ચ ભૂમિકા ઉપરથી સર્વોદય સમાજને લગતાં પ્રવચનો કરે છે, તેની વિગતવાર ચર્ચા કરી અભ્યાસ માટે સરળ પડે એ રીતે નવ સમાજ રચનામાં કયા કયા તત્ત્વો નિષેધ કરવા લાયક છે તેનું પૃથકકરણ કરી આપ્પાસાહેબે પોતાની રીતે મુદ્દાઓ રજૂ કર્યા છે.

માણસ સ્વભાવે દુષ્ટ હોતો નથી. સ્થિતિ અને સંજોગોને આધીન થવાથી તેનામાં વિકૃતિ આવે છે. તેથી રાગ, દ્વેષ, એકમેકમાં અવિશ્વાસ, કામચોર વૃત્તિ વગેરે સહજ રીતે આવી જાય છે. માટે હાલની સમાજરચનામાં કેટલાક ધરમૂળથી ફેરફારો તેઓ સૂચવે છે :-

૧ જમીનની માલિકીનું વિસર્જન - વ્યાજ - ભાડું - ગણોત - ડીવીડન્ડ લેવા આપવા ઉપર પ્રતિબંધ.

હવાપાણી ઉપર જેમ કોઇ કોઇનું સ્વામિત્વ નથી હોતું અને સહુ માટે પૂરતા પ્રમાણમાં મળી રહેવાની વ્યવસ્થા હોય છે-તેજ પ્રમાણે જમીન પણ ઇશ્વરી બક્ષીસ હોવાથી કોઇ તેનું ધણીપણું ભોગવે એ સામાજિક દૃષ્ટિએ બેહુંદુ છે. માલિક-મજૂરનો પ્રશ્ન પણ તેમાંથી જ ઉપજે છે, અને તે નાબૂદ થતાં ગણોતનો પ્રશ્ન જ રહેતો નથી. છતાં ય શ્રી. આપ્પાસાહેબ એટલું કબુલ કરે છે કે પડતર જમીન અને કસેલી જમીનમાં તફાવત હોવો જોઇએ. એટલે માલિકીનું વિસર્જન કરતી વખતે કોઇ જમીનદાર સારી જમીન અર્પણ કરી દે તો તે અમુક સમય સુધી - હકતાથી કાં ન હોય - પણ કંઇક વળતર તેને આપવું જોઇએ. નાણાં એ સંપત્તિ નથી, પણ ચીજ વસ્તુ-ઓજાર-વાહન સાધન વગેરે સંપત્તિ ખરીદ કરવા માટેનાં કુપનરૂપી સાધન હોવાથી તેની લેણ-દેણમાં વ્યાજનો વ્યવહાર અન્યાયી છે, એટલું જ નહિં પણ, નિષેધ કરવાયોગ્ય છે. એ જ રીતે મકાનભાડું પણ કેવળ વ્યાજ નથી-એમાં ઘસારો પણ ગણાય છે-તેથી-ભાડુતે ઘરધણીને ચૂકવી આપ્યા બાદ કંઇ આપવાનું રહેવું ન જોઇએ, પરંતુ ત્યાર બાદ વધતી જતી જનસંખ્યાને રહેવાની સગવડ આપવા માટે ભાડા રૂપી હકતાની રકમમાંથી બીજા ઓરડાઓ ઉતારી આપી સમાજસેવા કરવી જોઇએ.

ડીવીડન્ડમાં વ્યાજ કરતાં કંઇક નફાનો અંશ પણ આવે છે, વ્યાજે નાણાં ધીરનાર કરતાં આ રીતે નાણાં રોકનાર જરૂર વધારે જોખમ ખેડે છે-છતાં તે કેવળ નિદ્રિત ભાગીદાર (Sleeping Partner) હોવાથી-શ્રમશૂન્ય ઉપાર્જન હંમેશ માટે વર્જ્ય ગણાવું જોઇએ. એ સિદ્ધાંત અનુસાર મુડીના વળતરથી વિશેષ મેળવવાને તે પાત્ર નથી. કારખાનાંમાં તૈયાર થયેલ વસ્તુઓના વેચાણમાં નફો રહેતાં-તેની વહેંચણી-મજુર-વાપરનાર વર્ગ-અને સરકાર વચ્ચે થઇ જવી જોઇએ. (અહીંઆં સરકાર એટલે-લોકલ બોર્ડ-ગ્રામપંચાયત-વગેરે).

ઉપર જણાવેલ અનિષ્ટ તત્ત્વોનો ઉદ્ભવ નાણાંના સંગ્રહમાંથી થાય છે અને આજે કાગળની નોટનું ચલણ પ્રચલિત હોવાથી સંગ્રહનું કામ વધારે સરળ બન્યું છે. તેથી શ્રી. અપ્પાસાહેબ એક નવી તરેહનો નાણાંવટનો ઉપાય સૂચવે છે. નોટની ઉપર રકમ લખવા સાથે તારીખ પણ છાપવી અને અમુક સમય બાદ તે નોટ વિનિમય માટે આવતાં અનુક્રમે ૯૮-૯૬-૯૪ એ રીતે જ રકમ મળે એવી વ્યવસ્થા કરવી એમ તેઓ કહે છે. અલબત્ત, કાળાં બજારો અને ગેરકાયદે થતાં સંગ્રહોના નિવારણ માટે વિચારી શકાય એવા ઉપાયો વિગતવાર ચર્ચા માંગી લે છે, પણ તે અહીંઆ અસ્થાને છે.

નાણાંવટનો ઉપાય અમલમાં આવતાંની સાથે લોકો-સોના ચાંદીનો સંગ્રહ કરતા થશે એ પણ દેખીતું છે. તે ટાળવા માટે તેઓ એમ કહે છે કે સોનાચાંદીનો જથ્થો ચલણના તેમ જ બીજા ઉપયોગ માટે પૂરતા પ્રમાણમાં હોવાથી સોના ચાંદીના ખાણના મજૂરોને અન્ન ઉત્પાદનના કામમાં લગાડી દેવા.

શોષણના ઉપર કહેલા પ્રકારો ઉપરાંત માનસિક તેમ જ શારીરિક શ્રમમાં ભેદ ગણી વેતનમાં અસમાનતા કરવાથી પણ વર્ગવિગ્રહ અને સામાજિક અન્યાયની લાગણી તીવ્ર બને છે. તેના ઉપાય તરીકે વિનોબાજી એવો ઉપાય સૂચવે છે કે શ્રમચલણ શરૂ કરવું જોઇએ, એટલે કે આજે નાણાં ઉપર રૂપિયા, આના, પાઇ એમ લખીને મહેનતના કલાકો ગણીને વેતન રૂપિયા, આના, પાઇમાં ચૂકવવામાં આવે છે, તેના બદલે નાણા ઉપર રોજ, કલાક, મીનીટ એમ લખવું. એક આંટી સૂતર કાંતવામાં બે કલાક લાગે છે અને તે સૂતર માટે રૂ તૈયાર કરવા માટે એક કલાક લાગે છે તો એક આંટીની કીંમત 'ત્રણ કલાક' ગણવી. વણકરની એક વાર ખાદીની કીંમત એ પ્રકારના હિસાબથી પંદર - સોળ કલાક ગણવી. વસ્તુ બનાવવા માટે સામાન્યપણે જેટલાં કલાક કામ કરવું પડે તેટલા કલાક જ તે વસ્તુની કીંમત ગણવી. આ રીતે ગણતાં હજામનો કલાક અને વકીલનો કલાક સમાન થશે. સર્વ પ્રકારના સમાજમાન્ય શ્રમનું મૂલ્ય સમાન થશે. ઓફિસમાં પૂરો સમય મન દઇને કામ કરનાર ચપરાશીથી માંડીને રાજ્યપાલ સુધી સર્વને સમાન વેતન મળશે. અને તેટલું જ વેતન ખેતરમાં કામ કરનારા ખેતમજૂરોને, કારખાનામાં કામ કરનારા મજૂર - મુકાદમ - મેનેજર,

એન્જિનિયર વગેરેને મળશે. આ પ્રકારની વિનોબાજીની સૂચનાનો અપ્પાસાહેબે સ્વીકાર કર્યો છે. પરંતુ છેવટે તેમણે કબુલ કર્યું છે કે સમાજમાં ગણિતી સમાનતા લાવવી એ શક્ય નથી. તેથી અર્થશાસ્ત્રીઓએ આ બાબતમાં સામાજિક ન્યાયને ધોરણે વિચાર કરી સૂચવવું જોઇએ.

આ રીતે શોષણહીન સમાજ રચનાની આડે આવતાં મુખ્ય તત્વોનો નિષેધ કરી ઉત્પાદક પોતાનાં ઓજારોનો માલિક હોવો જોઇએ, કાચી વસ્તુઓ ઉપર શ્રમખર્ચ કરી વસ્તુ પેદા થતાં પોતાના ઉપયોગમાં લીધા બાદ જે વધારો રહે તે નજીકના પડોશમાં અથવા ગામમાં વેચી નાખે એવી વ્યવસ્થા તેના પાયાના સિદ્ધાંતમાં છે એવું તેઓ પ્રતિપાદન કરે છે. એટલે સામાન્ય નાગરિક શ્રમનિષ્ઠ, ઉદ્યોગપ્રિય, પ્રામાણિક, અને અર્થશુદ્ધિના સિદ્ધાંત સમજનારો હોવો જોઇએ એમ માની લેવું જોઇએ.

આજના વૈજ્ઞાનિક યુગમાં – જ્યારે વાહનવ્યવહાર અને અવરજવરનાં વિપુલ અને ઝડપી – સાધનો ઉપલબ્ધ છે, ત્યારે સમગ્ર દુનિયાથી કોઇ પણ પ્રદેશ અલગ રહેવા ધારે તો પણ રહી શકે તેમ નથી જ, એ વાત શ્રી. અપ્પાસાહેબને પણ માન્ય છે. છતાં સર્વોદય સમાજમાં જીવનની પ્રાથમિક જરૂરીઆતની વસ્તુઓ અન્ન, વસ્ત્ર, વસવાટ અને રક્ષણ પૂરતાં તો દરેક ગામ અથવા ગામડાંના ઘટકો સ્વાવલંબી હોવાં જ જોઇએ એમ તેઓ આગ્રહપૂર્વક માને છે અને તેથી પરિસ્થિતિ અને સંજોગો અનુસાર પોતે ચર્ચેલા મુદ્દાઓને ઘટતું વ્યવહારૂ સ્વરૂપ આપવા માટે આ વિષયના તજ્ઞ લોકોની તેમ જ અર્થશાસ્ત્રીઓની સહાયતાની તેઓ અપેક્ષા રાખે છે, અને આ પુસ્તકમાં સિદ્ધાંતોની જે દૃષ્ટિએ ચર્ચા કરી છે તે કેવળ ધર્મદૃષ્ટિએ જ છે એમ પણ એક ઠેકાણે તેમણે કહ્યું છે.

એકંદરે જે વિષયની ચર્ચા આ પુસ્તકમાં કરવામાં આવી છે તેમાં આજના કેટલાક જટિલ અને સળગતા પ્રશ્નોનો સમાવેશ થઈ જતો હોવાથી આપણા દેશના સામાજિક અને અર્થવિષયક પ્રશ્નોમાં રસ લેતા દરેક નાગરિકને આ જાતના સાહિત્યનો અભ્યાસ કરતી વખતે શ્રી. અપ્પાસાહેબનું આ લખાણ ખૂબ ઉપયોગી નીવડે તેવું છે એમ કહી શકાય.

માર્કંડરાય બ. મહેતા

જૈન સાધુઓ અને મલમૂત્ર વિસર્જન

(પ્રબુદ્ધ જીવનમાં ઉપરના વિષયને લગતી એક નોંધ થોડા સમય પહેલાં પ્રગટ થઇ, હતી તેના અનુસંધાનમાં મળેલો પત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે. પત્ર લખનાર શ્રી કુન્દનમલ ફિરોદિયા જૈન શ્વેતાંબર સ્થાનકવાસી સમાજની એક અગ્રગણ્ય વયોવૃદ્ધ તેમ જ વિચારશીલ વ્યક્તિ છે અને તે કારણે તેમના વિચારો જૈન સમાજ માટે સવિશેષ આદરના અધિકારી છે. તંત્રી)

અહમદનગર
તા. ૧-૯-૫૯

ભાઇશ્રી પરમાનંદભાઇ,

પ્રબુદ્ધ જીવનના તા. ૧-૮-૫૯ ના અંકના પાના ૬૪ ઉપર "જૈન સાધુઓ અને મલમૂત્ર વિસર્જન" એ મથાળાનો તમારો લેખ વાંચ્યો. તમોએ આ ચર્ચા કલકત્તાનિવાસી શ્રી. જવાહરલાલ વૈદ્યના પત્ર ઉપરથી ઉપસ્થિત કરી છે. જૈન સમાજની હાલની પરિસ્થિતિ વિચારતાં તમારૂં આ કાર્ય બહુ જ જરૂરી તેમ જ તેના ઉપર ઉંડો વિચાર કરવા જેવું લાગે છે.

મલમૂત્ર વિસર્જનની ક્રિયા જૈન શાસ્ત્રમાં 'પારિષ્ઠાપનિકા સમિતિ' એ નામથી ઓળખાય છે. મુનિધર્મમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ જેને ઉત્તરાધ્યયન સૂત્રમાં અષ્ટપ્રવચનમાતા કહેલ છે, તેનું ખૂબ મહત્ત્વનું સ્થાન છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં એક આખા અધ્યાયમાં તેનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે. એમાં મલમૂત્ર વિસર્જનની જે વિધિ બતાવવામાં આવી છે તેના એક અંશનું પણ મુનિઓ તરફથી પાલન થતું નથી એમ દુઃખ સાથે કહેવું પડે છે. એમાં શાસ્ત્રકારોએ સ્પષ્ટ કહ્યું છે કે આ ક્રિયા એટલી સાવધાનીપૂર્વક કરવી જોઇએ કે કોઇ પણ રસ્તે ચાલતા, આવતા, જતા મનુષ્યના મનમાં તેનાથી ઘૃણા, દુઃખ કે ત્રાસ ન થાય. અત્યારે એ ક્રિયા ધર્મના નામે કરવામાં આવે છે, અને તેમ કરીને તેઓ ધર્મપાલન કરે છે એમ માને છે, પરંતુ મને તો એમ લાગે છે કે શાસ્ત્રમાં જે ક્રિયા બતાવવામાં આવી છે તેનાથી તેઓ વિપરીત કરી રહ્યા છે. જૈન શાસ્ત્ર સ્પષ્ટપણે કહે છે કે ફક્ત ક્રિયાનું બાહ્ય સ્વરૂપ જોવાથી જ તેનો પુરો ખ્યાલ આવતો નથી. જે ક્રિયા આસ્રવ સ્વરૂપ દેખાતી હોય તે સંવર રૂપ પણ હોઇ શકે છે અને જે ક્રિયા સંવર રૂપ દેખાતી હોય તે આસ્રવ રૂપ પણ હોઇ શકે છે. ક્રિયા કરવાવાળાએ ક્રિયાનું સંપૂર્ણ પરિણામ ધ્યાનમાં રાખવું જરૂરી છે.

બે અઢી હજાર વર્ષ પહેલાં ગામડાંઓની પરિસ્થિતિ, શહેરોની જનસંખ્યા વગેરે ધ્યાનમાં લેતાં માલુમ પડે છે કે એ સમયમાં મુનિવર્યો શહેરની બહાર જ મોટે ભાગે રહેતા હતા. એ સમય માટે એ ક્રિયાઓ પાળવામાં કોઇને દુઃખરૂપ કે ત્રાસરૂપ તેઓ બનતા નહોતા. પરંતુ અત્યારના સમયમાં મુંબઇ, કલકત્તા, મદ્રાસ અને દિલ્હી જેવા મોટાં શહેરોનો વિસ્તાર અને માનવસંખ્યા એટલાં બધાં વધી ગયાં છે કે ત્યાં રહીને આ સમિતિનું પાલન કરવું અસંભવ છે. અત્યારે આ પરિસ્થિતિ જૈન સમાજના બધા જ સંપ્રદાયોના સાધુવર્ગને માટે એક વિચારણીય પ્રશ્ન રૂપે ઉપસ્થિત થઈ છે. આમાંથી એવો સરળ માર્ગ કાઢવો જોઇએ કે સાધુવર્ગ પર કોઇ બદનામી ન આવે અને ધર્મ પ્રત્યે લોકોની દૃષ્ટિ ઘૃણાયુક્ત ન રહે.

સમાજના સાધુવર્ગ માટે બે માર્ગો રહે છે.

(૧) તેઓ શહેરોમાં ચોમાસુ કરવું બંધ કરી દે. પરંતુ આ વિકલ્પ મને શક્ય લાગતો નથી, કારણ કે આ દિવસોમાં શહેરોમાં ચોમાસુ કરવું એ સાધુઓનું પણ એક જબ્બર આકર્ષણ હોય છે.

(૨) બીજું, આ ક્રિયાથી બીજાઓને અડચણ ઉભી ન થાય એવો રસ્તો કાઢવો જોઇએ કે જેથી સમિતિના નિયમનું પણ ચુસ્તપણે પાલન થાય. મોટા શહેરોમાં જ્યાં સાધુમુનિઓ ઉતરે છે એવા સ્થાનોમાં કેટલીક જગ્યાએ તેમના માટે આ વિધિનું પાલન કરવામાં તેમને સરળતા રહે તે કારણે વાડાઓ બાંધવામાં આવેલા હોય છે, પરંતુ તેનો ઉપયોગ કરવો તે કેટલું વ્યાજબી છે તેનો પણ વિચાર કરવાનો રહે છે. આપણા સાધુઓ તેમનું પોતાનું દરેક કામ પોતે કરી લેતા હોય છે અને તે શ્રાવક અગર તો બીજા કોઇ પાસે પોતાનું કામ કરાવવામાં બાધ માને છે. એટલે તે વાડામાં એકત્ર થયેલું મેલું ભંગી ઉપાડે તે પણ એ લોકોની દૃષ્ટિએ અનુચિત ગણાય.

આ પ્રશ્ન ફક્ત સાધુઓ પુરતો પણ રહ્યો નથી, પરંતુ કેટલાક શ્રાવક-શ્રાવિકાઓ પણ તેનું અંધ અનુકરણ કરી રહ્યા છે અને આ ક્રિયા એવી રીતે કરતા હોય છે કે જેથી પાડોશી તથા આવતા જતા બધા માણસોના દિલમાં આથી આઘાત લાગે છે. આથી જૈન સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાઓને મારી નમ્ર વિજ્ઞપ્તિ છે કે દેશકાળ અને પરિસ્થિતિ અનુસાર આપણને છાજે એવો આના માટે ઉકેલ આણવો જોઇએ, જેથી આપણા સમાજ તથા ધર્મ ઉપર કોઇ જાતનો આક્ષેપ ન થાય.

કુન્દનમલ સોભાગચંદ ફીરોદિયા.

ઝીંઝકાનો બોધપાઠ

ગયા રવિવારે સૌરાષ્ટ્રના ઝીંઝકા ગામે ભજવાઇ ગયેલી ગમખ્વાર ઘટનાથી અરેરાટી સહુ કોઇને ઉપજશે; ધ્રાકને શરમ અને ધૃણા ઉપજશે; પણ આશ્ચર્ય કોઇને નાહ ઉપજે. વિવિધ અંદાજો અનુસાર આ બનાવમાં નિપજેલાં પચાસથી નેવું માણસોનાં મરણને બાદ કરતાં બાકીનું જે કાંઇ ઝીંઝકામાં બન્યું એવા બનાવો ભારતમાં વિવિધ સ્થળોએ લગભગ રોજ-બ-રોજ બનતા હોય છે એમ કહેવામાં ભાગ્યે જ અતિશયોક્તિ થવાનો સંભવ છે. અંધશ્રદ્ધા અને બુવાબાજી-એ આપણા સમાજના સદીઓ જુના રોગ છે. દાયકાઓ પર પથરાએલી સમાજ સુધારાની ઝુંબેશો, દેશમાં વધી રહેલું સાક્ષરતાનું પ્રમાણ અને રાષ્ટ્રમાં પરવરી રહેલી ઔદ્યોગિક ક્રાન્તિએ આપણા સમાજના એ જુના રોગો પર નોંધપાત્ર કહી શકાય અવી અસર ભાગ્યે જ પહોંચાડી છે.

ભારતમાં પ્રવર્તતા સર્વ સંપ્રદાયોમાં સાચી-ખોટી રીતે ચમત્કારિક મનાતા ધર્મગુરૂઓની આસપાસ ધર્મઘેલી અને આશા-તૃષ્ણાઓથી પ્રેરાએલા માનવતાનાં ટોળાં સર્વત્ર વળતાં હોય છે. અને તે ઉપરાંત જેમના પર કોઇ સંપ્રદાયની છાપ ન હોય એવાં ચમત્કારિક બાબાઓ, મહાત્માઓ, ફકીરો અને માતાજીઓ પણ અવારનવાર ફુટી નીકળતાં હોય છે. તેમાં યે વિશેષપણે ગુજરાતમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી કંકુનાં પગલાં પાડતી અને હાથમાંથી ગુલાલ વેરતી 'માતાજીઓ'એ તો એવો ઉપાડો લીધો છે કે, ગુજરાતનું કોઇ ગામ તો ઠીક પણ કોઈ તાલુકો એવી માતાજીઓથી વંચિત રહેવા પામ્યો હશે કે કેમ એ શંકાસ્પદ છે. અજ્ઞાન અને વહેમના અંધકારમાં ડુબેલાં ગામડાંઓની તો શું વાત કરવી, પણ રાજકોટ, અમદાવાદ અને મુંબઇ જેવા શિક્ષિત, સુધરેલા અને ધર્મવિમુખ લેખાતાં શહેરો પણ આવી માતાઓના મોહવર્તુલોમાંથી મુકત નથી રહી શકયાં; અને પાશ્ચમી ઢબછબે રહેતા સંખ્યાબંધ શિક્ષિતો પણ અજ્ઞાન લોકોના વેવલાપણાથી વધુ સારૂં વર્તન નથી દાખવી શકયા એ હકીકત છે.

આવાં ચમત્કારિક સ્ત્રી-પુરૂષોની ટૂંકી પણ વાવાઝોડાં જેવી કારકિર્દીઓમાં બે બાબતો સંકળાએલી હોય છે. એક એવી વ્યકિતઃ અને બીજી એ વ્યકિતઓની આસપાસ ગોઠવાઇ જતી લાલચુઓ અને ઠગોની બુવાબાજ ટોળીઓ. આમાંથી ચમત્કારિક વ્યકિતઓની બાબત ગંભીર વિચારણા માગી લે તેવી હોય છે. એક યા અન્ય કારણે અમુક વ્યકિતઓ ભાવાવેશનો ભોગ બનતી હોય છે, અને એવો આવેશ જ્યારે તેમનામાં પ્રગટે છે ત્યારે તેમનામાં કેટલીક અતીન્દ્રિય શકિતઓનો પણ સંચાર થાય છે એ હકીકત છે. આવી તેની આવેશયુકત સ્થિતિ કેટલો વખત ટકે એનો કોઇ જ હિસાબ હોતો નથી. પરંતુ એવા ભાવાવેશની વાત સાવ બનાવટી હોય છે એમ માની લેવું બરાબર નથી.

અને એક બીજી વાત પણ એટલી જ નિશ્ચિત હોય છે કે જ્યારે એવી વ્યકિત પોતાની એ સ્થિતિનો વેપારી અથવા પ્રસિદ્ધિ પુરતો લાભ ઉઠાવવા માંડે છે ત્યારે તેની ઝડપી અને સર્વતોમુખી અધોગાત થાય છે; અને જ્યારે એવી વ્યકિતનો તેની ઇચ્છાએ કે અનિચ્છાએ વેપારી ઉપયોગ થવા માંડે છે ત્યારે યે તેનું પતન અફર બને છે. પરંતુ તે દરમિયાન એવી વ્યકિતની આસપાસ ગોઠવાઇ ગયેલા ઠગો અને સગવડીઆ અંધશ્રધ્ધાળુઓએ તો ટંકશાળ પાડી જ લીધી હોય છે. આવી આવેશ-પાત્ર વ્યકિતઓના પ્રભાવની વાત પ્રથમ એવા લોકોથી શરૂ થાય છે, જેમને તેમનામાં કાંઇ અસામાન્ય ફેરફાર દેખાયો હોય; અને પોતાને કાંઇ ચમત્કારિક લાગે એવું કાંઇક તેનામાં જોવા કે જાણવા મળ્યું હોય. એવી વાત પ્રસરે એટલે પછીથી સમાજમાં બિમારો, જલ્દી શ્રીમંત બનવાના લાલચુઓ અને કેવળ કૌતુકથી પ્રેરાએલા લોકોનો તોટો હોતો નથી. જે કાંઇ માહિતી અખબારોમાં પ્રગટ થઈ છે તે પરથી છેલ્લી દુર્ઘટના પર્યંતનો આખો યે ઘટનાપ્રવાહ ઉપર્યુકત જાણીતી કાર્યપદ્ધતિને અનુરૂપ જ રહ્યો દેખાય છે.

સમાજના, લાંછન જેવી આવી ઘટનાઓનો ઉપાય શો? વધારે આઘા ન જઈએ તો યે નર્મદાના વખતથી આજસુધીની પરિસ્થિતિ પર નજર નાખી જઇએ તો એટલો ખ્યાલ આવી જાય તેમ છે કે આનો સ્થાયી અને કારગત પ્રતિકાર તો સમાજ સુધારાની પ્રજાકીય ઝુંબેશ જ છે. પરંતુ કમભાગ્યે આવી ઝુંબેશ છેલ્લા ત્રણ-ચાર દાયકાઓથી એટલી મંદ પડી ગઇ છે કે તેની હસ્તી ભુંસાઇ ગઇ છે એમ કહીએ તો પણ ખોટું નથી. આજે હવે આપણે આવશ્યક લેખાતા સમાજસુધારાઓ માટે કેવળ સરકાર પર જ મીટ માંડતા થઇ ગયા છીએ; અને આપણા વિધાનગૃહો બીનઅસરકારક અને વધતેઓછે અંશે વિપથગામી કાયદાઓ ઘડવાના કારખાનાંઓમાં પલટાઇ ગયાં છે. જો આમ ન હોત તો ચાલી રહેલાં આ ધતીંગ અથવા તો વહેમીપણા સામે વિશેષ કાંઇ નહિ તો થોડીક પત્રિકાઓ તો બહાર પડી જ હોત; અને કદાચ ચાલી રહેલી વાતોના સાચ્યજુઠની પરીક્ષા કરવા માટે કેટલાંક સુધારકો એ સ્થાન પર પણ પહોંચી ગયા હોત. પરંતુ એવું કાંઇ બન્યું દેખાતું નથી. એટલે આ અનિષ્ટનો સાચો પ્રતિકાર યોજવો જ હોય તો મુખ્ય માર્ગ તો સમાજ સુધારાની પ્રજાકીય કક્ષાની ઝુંબેશ ફરી જાગ્રત કરવાનો છે.

આ ન થાય ત્યાં સુધી, અથવા તે ચાલુ હોય તે દરમિયાન રાજ્યના સત્તાવાળાઓએ પોતાનું કર્તવ્ય સમજી લેવું રહે છે. ગમે તે નિમિત્તે જ્યાં અસામાન્ય રીતે મોટી માનવમેદનીઓ જમા થવા લાગે ત્યાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર આરોગ્યના નિયમોનું પાલન થાય તે જોવાની તકેદારી તેમણે તરત અમલમાં મુકવી જોઇએ. બની ગયેલી ઘટના અંગે કોઇને પાછળથી બત્રીસા બનાવવાનું અયોગ્ય લેખાશે; પરંતુ મુંડકાવેરો ઉઘરાવવા છતાં તેનો વ્યવસ્થા જાળવવા માટે કંઇ જ ઉપયોગ ન કરનાર પંચાયતનો, અને આ બુવાબાજીમાંથી ખાટી ગયેલાઓનો જવાબ તો માંગવો જ જોઇએ. બાકી તો આ કરૂણ ઘટનામાંથી ઉપર્યુકત પ્રકારના બોધપાઠ મેળવવાથી વિશેષ કાંઇ ભાગ્યે જ થઇ શકે તેમ છે.

(તા. ૨૨-૯-૫૯ ના 'જનશકિત' માંથી સાભાર ઉધ્ધૃત)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

સમુદ્રવિહાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૧૩-૧૦-૫૯ મંગળવારના રોજ રાત્રીના ૮ થી ૧૧ સુધી સંઘના સભ્યો અને તેમનાં કુટુંબીજનો માટે સમુદ્રવિહાર ગોઠવવામાં આવ્યો છે. આ સમુદ્રવિહારમાં જોડાવા ઇચ્છનાર સભ્યે મોટી ઉમ્મરના માટે વ્યકિતદીઠ રૂ. ૨-૦૦ અને દશ વર્ષ નીચેની ઉમ્મરનાં બાળકો માટે વ્યકિતદીઠ રૂ. ૧-૫૦ સંઘના કાર્યાલયમાં ભરીને પ્રવેશપત્રો મેળવવાના રહેશે. સમુદ્રવિહાર માટે નક્કી કરવામાં આવેલી 'શોભના' સ્ટીમર એપોલો બંદર ઉપરથી રાત્રીના બરોબર આઠ વાગ્યે ઉપડશે. શોભના સ્ટીમર ઉપર કેન્ટીનની વ્યવસ્થા હોય છે, જ્યાંથી ચા પાણી તથા ખાવા પીવાની વસ્તુઓ મળી શકશે. અલ્પાહાર સાથે લાવીને સભ્યો પોતપોતાના વર્તુલમાં તેનો ઉપયોગ કરી શકશે. સભ્યોના મનોરંજન અર્થે સંગીતની જે કાંઇ ગોઠવણ શકય હશે તે કરવામાં આવશે. શોભના સ્ટીમરમાં યાત્રિકો માટે પરિમિત અવકાશ હોવાથી જરૂરી પ્રવેશપત્રો સત્વર મેળવવા સભ્યોને વિનંતિ છે.

લાસ દર્શન

તા. ૧૦-૧૦-૫૯ શનીવાર સાંજના ૬-૩૦ વાગ્યે ઇન્કમ ટેકસ ઓફીસની બરોબર પાછળ ૨૭, ન્યુ મરીન લાઇન્સ ઉપર આવેલા 'મનોહર'માં શ્રી. કરમશી જે. સોમૈયા તરફથી તેમણે કરેલી કૈલાસ યાત્રાનું ચિત્રપટ સંઘના સભ્યોને દેખાડવામાં આવશે. આ ચિત્રપટ પુરૂં થતાં લગભગ અઢી કલાક થશે. સંઘના સભ્યોને આ તકનો લાભ લેવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

મુનિશ્રી સન્તબાલજીના ઉપવાસ

(મુનિશ્રીના ઉપવાસ ચાલુ હતા તે દરમિયાન લખાયલી નોંધ)

મુનિ સન્તબાલજી એકાએક તા. ૧૫–૯–૫૯ મંગળવારથી તા. ૧–૧૦–૫૯ સુધી એમ ૧૭ દિવસના ઉપવાસ ઉપર ગયા છે. આ અંક વાચકોના હાથમાં આવશે તે પહેલાં એટલે તા. ૨–૧૦–૫૯ ની સવારના તેમણે આ નિયતકાલિક ઉપવાસનાં પારણાં કર્યાં હશે. આ ઉપવાસ કરવાનો નિરધાર તેમણે તા. ૧૪–૯–૫૯ સોમવારના રોજ જાહેર કર્યો. શીવ ખાતેના તેમના ચાતુર્માસ દરમિયાન તેમની સારસંભાળ લેવા માટે તેમ જ તેમની ચાલુ પ્રવૃત્તિઓ અંગે જરૂરી પ્રબંધ કરવા માટે જે સત્કાર સમિતિ નીમવામાં આવી છે તેના સભ્યોને પણ તે જ દિવસે સાંજે ખબર પડી અને તેઓ વિસ્મયસ્તબ્ધ બન્યા. પ્રસ્તુત ઉપવાસનું પ્રયોજન સન્તબાલજી તે ગૃહસ્થોના ગળે ઉતરાવી ન શકયા તેમ જ તેઓ સન્તબાલજીના ઉપવાસના નિશ્ચયમાં કશો ફેરફાર કરાવી શકયા. પરિણામે તે સમિતિના પ્રમુખ શ્રી. ભવાનજી અરજણ ખીમજીએ જાહેર જનતા જોગ નીચે મુજબ એક નિવેદન બહાર પાડ્યું:–

"પૂજ્ય મુનિશ્રી સન્તબાલજીએ આજથી ૧૭ દિવસના ઉપવાસ ઉપર ઉતરવાના પોતાના નિર્ણયની અમને સોમવારે (તા. ૧૪–૯–૫૯) સાંજે એકાએક જાણ કરી, ત્યારે અમને સૌને આઘાત થયો. મુનિશ્રી જેવા ઉચ્ચ આધ્યાત્મિક કક્ષાએ પહોંચેલા સાધુપુરૂષનો આ નિર્ણય હતો. એ નિર્ણય બદલવા માટે તેમના ઉપર દબાણ કરવાનો અમારા જેવાનો અધિકાર ન હતો. છતાંયે અમોએ તેમને પ્રેમપૂર્વક વિનવણી કરી, પરંતુ મુનિશ્રીનો આ નિર્ણય અફર રહ્યો.

"આ ઉપવાસના નિર્ણય માટે મુનિશ્રી સંતબાલજીએ જે કારણો રજુ કર્યા તે પ્રશ્નો સત્કાર સમિતિના કાર્યક્ષેત્ર અને તેની શકિતમર્યાદાની બહાર ગણાય એટલા બધા વ્યાપક અને વિશાળ છે. તેથી મુનિશ્રીના આ નિર્ણયથી સત્કાર સમિતિ સમક્ષ વિષમ પરિસ્થિતિ ઉત્પન્ન થઇ. આપણે મુનિશ્રીના સાન્નિધ્યનો લાભ લઇને તેમના ઉપદેશમાંથી પ્રેરણા મેળવવા તેમને અહીં ચાતુર્માસ કરવા વિનંતિ કરી હતી, એટલે આપણી સૌની ફરજ છે કે મુનિશ્રીની તપશ્ચર્યા દરમિયાન તેમની સેવા કરીએ, તેમને બીનજરૂરી વધુ પરિશ્રમ આપતાં અટકીએ અને તેઓ ઉપવાસ સફળતાથી પૂર્ણ કરીને ચાતુર્માસના બાકીના સમય દરમિયાન આપણને તેમના સદુપદેશ દ્વારા પ્રેરણા આપતા રહે એવી પ્રભુપ્રાર્થના કરીએ."

આ રાજદ્વારી ઢબે લખાયલા કુશળ તેમ જ સભ્યતાપૂર્ણ નિવેદનમાં વાચ્યાર્થ કરતાં સૂચિતાર્થ ઘણો મોટો છે, જે બુદ્ધિશાળી વાચકો સહેલાઇથી સમજી શકે તેમ છે અને તેથી તેનું વિશેષ વિવરણ કરવાની જરૂર નથી.

મુનિશ્રી સન્તબાલજીના ઉપવાસ શા માટે છે તે સમજવા માટે અને તે અંગે અભિપ્રાય બાંધવા માટે તેમણે ઉપવાસના પ્રારંભમાં છાપાજોગ મોકલેલું નિવેદન પ્રબુદ્ધ જીવનના વાચકો સમક્ષ હોવું જરૂરી છે. પ્રસ્તુત નિવેદન નીચે મુજબ છે:–

મુનિશ્રી સન્તબાલજીની ઉપવાસમય પ્રાર્થના

'ગુજરાત, મુંબઇ અને મહારાષ્ટ્રના મોટા ભાગના લોકો જાણે છે અને દેશ અને આફ્રિકાના ભાગોમાંના જે ભાઇ બહેનો પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવ્યાં છે તેઓ પણ જાણે છે કે **મને ચાર બળોના અનુસંધાનમાં વિશ્વશાંતિનો-કાયમી માર્ગ ભાસે છે.** ભાલનલકાંઠા અને ગુજરાતમાં એ પ્રયોગે ઘાટ પકડયો, ત્યાર બાદ મહારાષ્ટ્ર પ્રવાસના સંદર્ભમાં મેં અહીંનાં બે ચોમાસાં ગાળ્યાં, તે પરથી ખાતરી થઇ છે કે આ પ્રયોગ દેશવ્યાપી બને તેમ છે. ચાર બળોમાં (૧) નૈતિક ગ્રામસંગઠન (૨) કોંગ્રેસ (૩) પ્રાયોગિક સંઘ-રચનાત્મક કાર્યકરો (૪) ક્રાન્તિપ્રિય સાધુસંતો.

"બોળકામાં આ અનુબંધવાળી વિચારધારાના અનુસંધાનમાં અવ્યકતને ચરણે સાત દિવસની ઉપવાસમય પ્રાર્થના કરી હતી. એ વાતને ત્રણ વર્ષનાં વહાણાં વીતી ગયાં. છેલ્લાં બે વર્ષથી મને એ મંથન રહ્યા કરતું હતું કે જે કોંગ્રેસ રાજકીય, ક્ષેત્રે વિશ્વશાંતિની એક માત્ર આશા છે, અને જે શુદ્ધ સાધનાના આગ્રહ સાથે બાપુના પ્રતાપે વિકસી છે અને જે કોંગ્રેસ સાથે મનથી, વચનથી અને કાયાથી સતત કામ કરતાં આત્મીય ભાવ રહ્યો છે, તે કોંગ્રેસમાં આમ કેમ થાય છે? ભા. ન. કાંઠા પ્રા. સંઘમાં જે વ્યકિત પાસે મેં અપેક્ષા રાખી હતી, તે વ્યકિતએ નૈતિક ગ્રામસંગઠનોના આર્થિક સામાજિક ક્ષેત્રની સ્વતંત્રતાના મૂળભૂત સિદ્ધાંત સામે પ્રહાર કર્યો, પ્રાયોગિક સંઘમાં જવાબદાર પદ હોવા છતાં કર્યો, એની પાછળ જે બળોએ ભાગ ભજવ્યો, તેમાં કોંગ્રેસને જવાબદાર પદે બેઠેલાં ભાઇ બહેનોનો સીધો કે આડકતરો ફાળો હતો. એક સંસ્થામાં રહેનારને અને તે સંસ્થા કોંગ્રેસની સહાનુભૂતિવાળી તેમાં રહેનારને આ રીતે ખેરવવાનો પ્રત્યાઘાત ખુદ કોંગ્રેસને દુઃખદ પડે, તે પણ આ ભાઇ બહેનો જોઇ શકયાં નહીં. આ બેવડું સૈદ્ધાંતિક દુઃખ તો હું વેઠતો જ રહ્યો. ત્યાર બાદના બનાવો દૂર બેઠાં મેં સાંભળ્યા, અનુભવ્યા તે પણ દુઃખદ હતા. તે દરમ્યાન કેરલની કોંગ્રેસે કાનૂનભંગી આંદોલનની આગેવાની લીધી. આ કંઇ કોંગ્રેસને ગમતું નહોતું, પણ કરવું પડયું. તે દરમિયાન જ ભાષા પ્રશ્નમાં મુંબઇ રાજ્યે પીછેહઠ કરી. કૃત્રિમ સાધનો દ્વારા સંતતિનિયમનની વાતમાં તો તેણે–એ પહેલાં પીછેહઠ–કરી જ હતી. ભાષા પ્રશ્નમાં ગુજરાતની કોંગ્રેસ મોટે ભાગે પીછેહઠના મતની નહોતી, પણ જો દ્વિભાષીના સિદ્ધાંતને ટૂકાવી આગળ ચલાવવો હોય તો ભાષા પ્રશ્નને ગૌણ બનાવવો રહ્યો એમ એણે માન્યું. ત્યાં કેરલના અને આ બધા સંદર્ભમાં દ્વિભાષી વિભાજનની વાતો વહેતી થઇ. જો કે હજુ પંડિતજી કહે છે તેમ કાંઇ નક્કરી નથી ત્યાં લગી દ્વિભાષી કાયમ સમજવાનું છે, છતાં આ વિચારોના સંદર્ભમાં એટલું સ્પષ્ટ ફલિત થાય છે કે કોંગ્રેસ ઢીલી બનતી જાય છે, મકકમતા ગુમાવતી જાય છે. કોમવાદ કે જે ભારતીય સંસ્કૃતિનો કટ્ટો દુશ્મન છે, જેનો ભારત રાજ્ય સંવિધાનમાં ચોકખો ધનકાર છે તે સંસ્થા સાથે તે બાંધછોડ કરવાના સાણકારો સંભળાય છે, પક્ષોનો શંભૂમેળો કરવા લાગી જાય છે.

"જે સતત પોતાની ભૂલોનું અન્વેષણ કરતી, જે વિશ્વવિશાળ દૃષ્ટિકોણથી સાધનશુદ્ધિથી ચાલતી તેને આમ કેમ કરવું પડે છે? કારણ કે તેને પ્રેરક પૂરક બળનો દેશભરમાંથી ટેકો મળવો જોઇએ તે મળતો નથી. એમાં જેઓએ સામે ચાલીને મદદ કરવી જોઇએ તે નથી કરતા તેમની પણ કચાશ છે જ. પણ જે ગામડાં અને રચનાત્મક કાર્યકરો સામે ચાલીને સહાય આપવા જાય છે, તેને તરછોડવામાં આવે છે. ગૂજરાત જેવા બાપૂની જન્મકર્મભૂમિવાળા પ્રદેશમાં જો આમ થાય તો તેનું મને ઊંડું દુઃખ થાય છે. અલબત્ત સમગ્ર કોંગ્રેસે આ દિશામાં ઉઘાડાં દ્વાર રાખ્યાં છે. ગૂજરાત ઉપર ભારતની અને ભારત ઉપર વિશ્વની આશા છે, તેથી મને વધુ ઊંડું દુઃખ થાય છે.

"ચારે બાજુથી આ અનુસંધાનનાં સતત પ્રયત્નો ચાલે છે, જેમાં ગૂજરાતનાં અનેક કોંગ્રેસી અને બીજાં ભાઇ બેનોનો ઘણો ફાળો છે, છતાં આમ થાય છે. દુનિયાના આજના સંજોગોમાં દેશે જલદી આ ચાર અનુબંધવાળી વાતમાં એકાગ્ર થવું જોઇએ. એ ન થતું તેનું દુઃખ કોંગ્રેસ માટે તો એક આત્મીય સંસ્થા માનું છું તે પૂરતું છે. ગુજરાતની કોંગ્રેસ જો આજ કરતાં વધુ સિદ્ધાંતનિષ્ઠ બને તો તે ઘણું કરી શકે તેમ લાગે છે.

"આ બધું દુઃખ ભૂલવા આટલું સતત કાર્ય અને લખાણો પૂરતાં નથી, એટલે આજના ચોમેરના અશાંત વાતાવરણ વચ્ચે

ઉપવાસમય પ્રાર્થનાનો કાર્યક્રમ વિચાર્યો છે. તા. ૧૫-૯-૫૯ થી માંડીને બાપુની જન્મ તારીખે પારણાં થશે. એટલે કુલ્લે સત્તર દહાડાનો આ પ્રયોગ રહેશે. તેમાં સહાનુભૂતિ આપનારને મારી વિનંતિ છે કે જેઓને દેશ અને દુનિયાની રાજકીય ક્ષેત્રે એકમાત્ર આશા કૉંગ્રેસમાં લાગતી હોય, તેઓ બાપુની જન્મતિથિ (ભાદરવા વદ ૧૨) એ પ્રાર્થનામય ઉપવાસ કરે.

"આ દિવસો દરમિયાન મેં ચાર વિકલ્પો લખી રાખ્યા છે, તે પૈકીનો કોઇ એક અથવા વધુ પૂરા થશે તો વચ્ચેના દિવસે પણ પારણાં થશે, જેની જાહેરાત થઇ જશે." **'સન્તબાલ'**

રાજકારણ સાથે સંબંધ ધરાવતા આવા ઉપવાસ અંગેનું નિવેદન બને તેટલું ટુંકું, સ્પષ્ટ અને પ્રત્યેક મુદ્દાને વિશદ આકારમાં રજુ કરનારૂં હોવું જોઇએ કે જેથી પ્રાકૃત માનવી તેનો સમગ્ર અર્થ અને ભાવ બહુ સહેલાઇથી ગ્રહણ કરી શકે, જ્યારે મુનિશ્રી સન્તબાલજીનું ઉપર આપેલ નિવેદન અસ્પષ્ટ, કાંઇક ક્લિષ્ટ અને આવશ્યક વિશદતાથી વંચિત છે અને તેથી સામાન્ય વાચક મુનિશ્રી શું કહેવા માગે છે તે પૂરૂં સમજી ન શકે એમ બનવા જોગ છે. પ્રસ્તુત નિવેદનમાં કેટલીક બાબતો પૂર્વાપરનો સંદર્ભ રજુ કર્યા સિવાય આપવામાં આવી છે તે હકીકત પણ નિવેદનને સમજવામાં મોટી મુશ્કેલી ઉભી કરે છે.

મુનિશ્રી જે કારણોને લીધે કૉંગ્રેસ અંગે પોતાને દુઃખ થયાનું જણાવે છે તેમાં એક કારણ તો પ્રમાણમાં ઠીક ઠીક જુનું છે. આજથી લગભગ અઢી વર્ષ પહેલાં અમદાવાદ જીલ્લાની કો-ઓપરેટીવ બેંકના બોર્ડ ઓફ ડીરેકટર્સની ચૂંટણી થવાની હતી. આ માટે ધંધુકા તાલુકામાંથી એક ડીરેકટરને ચૂંટવાનો હતો. આ માટે ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ જે મુનિશ્રીનું પોતાનું નિર્માણ છે તે તરફથી તે સંઘનો એક સભ્ય જે કૉંગ્રેસી પણ હતો તેને ઉમેદવાર તરીકે ઉભો કરવામાં આવ્યો હતો. તેની સામે પ્રાયોગિક સંઘનાં જ બીજા સભ્ય એવાં એક કૉંગ્રેસી બહેનને તાલુકા કૉંગ્રેસ તરફથી ઉભાં કરવામાં આવ્યાં હતાં, અને તે બહેન આખરે ચુંટાયાં હતાં. ભાલનળકાંઠાના પ્રાયોગિક સંઘના નીમેલા ઉમેદવાર સામે કૉંગ્રેસે આ રીતે પોતાને વધારે અનુકુળ એવાં બહેનને ઉમેદવાર તરીકે આગળ નહોતા મૂકવા જોઇતા એવો મુનિશ્રીનો અભિપ્રાય હતો અને તે મુજબ તે સંબંધમાં એ દિવસોમાં વિશ્વવાત્સલ્યમાં તેમ જ અન્યત્ર મુનિશ્રીએ ખૂબ ઉહાપોહ કર્યો હતો. આ બાબતનું મુનિશ્રીને દુઃખ હોય-ઊંડું દુઃખ હોય-એ સમજી શકાય તેમ છે, પણ તે જુની થઇ ગયેલી બાબતને આજે પ્રસ્તુત ઉપવાસના અનુસંધાનમાં ફરીથી યાદ કરવાની ખરેખર શું જરૂર હતી એવો પ્રશ્ન મનમાં ઉભો થયા સિવાય રહેતો નથી.

બીજી બાબત કેરલને લગતી ઘટના. આ પ્રકરણમાં કૉંગ્રેસે કાનૂનભંગી આંદોલનમાં આગેવાની લીધી અને મોરલેમ લીગનો સાથ લીધો તે સંબંધે કૉંગ્રેસી વિચારકોમાં પણ જરૂર મતભેદ છે, પણ આજે તો તે ઘટના પણ ભૂતકાળમાં પ્રવેશ પામી ચૂકી છે.

ત્રીજો મુદ્દો પાંચથા આઠ ધોરણ સુધી માધ્યમિક શાળામાં વિકલ્પે અંગ્રેજી ભાષાનું શિક્ષણ મુંબઇ સરકારે દાખલ કર્યાની ઘટનાને લગતો છે અને આ ઘટના તાજેતરની છે. મુંબઇ સરકારે ભરેલા આ પગલાં સામે મુનિશ્રીનું દુઃખ સમજી શકાય તેવું છે. આવી જ રીતે મુંબઇ પ્રદેશનું આગામી વિભાજન પણ એક એવો મુદ્દો છે કે તેના ફેરફારને જેઓ મોટું અનિષ્ટ સમજતા હોય તેમના માટે તે એક મોટા દુઃખનો વિષય બની શકે છે.

પણ મુનિશ્રીના આ ઉપવાસો કોઈ સામાજિક કે રાજકીય ઘટના નિપજતી અટકાવવાના હેતુથી નહિ, પણ બે ભૂતકાળની અને બે તાજેતરની ઘટનાઓ, જે ચારે ઘટનાઓને કૉંગ્રેસ સાથે સીધો સંબંધ છે તેને લગતા પોતાના દિલમાં સંવેદાતા દુઃખને ભૂલવા માટે છે, એમ તેમના ઉપર આપેલા નિવેદનમાં તેઓ સ્પષ્ટ રીતે જણાવે છે. આ જો બરાબર હોય તો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે પ્રસ્તુત દુઃખ ભૂલવા માટે આવા ઉપવાસો ઉપયોગી થઇ શકે ખરા? ઉલટું આવા ઉપવાસથી પ્રસ્તુત દુઃખ અને તેનાં કારણો ઉપર ચિત્ત સતત કેન્દ્રિત બને અને પરિણામે તે દુઃખ અને તેનાં કારણોની જડ ચિત્તમાં બધારે ઊંડી બેસે-આમ માનસશાસ્ત્રી કહે છે.

શુદ્ધ તપશ્ચર્યાના ભાવથી કોઈ જૈન મુનિ ટુંકા યા લાંબા દિવસોના ઉપવાસ આદરે તો તેની તે અંગત બાબત છે એમ સમજીને તેનો આપણે બહુ વિચાર ન કરીએ. અમુક સામાજિક કે રાજકીય દુર્ઘટના અટકાવવાના હેતુથી કોઇ સમાજપ્રતિષ્ઠિત વ્યકિત અન્ય ઉપાયો પૂરી અજમાયશ બાદ નિરર્થક માલુમ પડતાં, એક પ્રકારના સત્યાગ્રહના ખ્યાલથી પ્રેરાઇને, ઉપવાસ ઉપર જવાનો વિચાર કરે તો તેવા ઉપવાસનું વ્યાજબીપણું પણ કલ્પી શકાય તેમ છે. પણ દુઃખ ભૂલવાનું નિમિત્ત આગળ કરીને હાથ ધરવામાં આવેલા આ રાજદ્વારી ઉપવાસનું ઔચિત્ય કોઇ રીતે ગળે ઉતરતું નથી, સિવાય કે તેમનો આશય કૉંગ્રેસ અંગેના પોતાના દુઃખને આવા ઉપવાસો વડે વધારે વ્યાપક બનાવવાનો અને તેને બહોળી જાહેરાત આપવાનો હોય. અલબત્ત, તેમનો જો આ આશય હોય તો, તેમનું પ્રસ્તુત દુઃખ આ ઉપવાસોથી વધારે વ્યાપક ક્ષેત્રને યા જનતાને સ્પર્શ્યું છે કે નહિ તે વિષે તો કંઇ કહી શકાય તેમ નથી, પણ તેમના પ્રસ્તુત દુઃખને અને સાથે સાથે તેમને પોતાને આ રીતે ઠીક ઠીક જાહેરાત તો મળી જ છે એમાં કોઇ શક નથી. પણ કૉંગ્રેસ કે જેને તેઓ એક માતૃસંસ્થા તરીકે બીરદાવતા રહ્યા છે, તેને આથી શું લાભ થશે તે કલ્પનામાં આવતું નથી.

દર વર્ષે ઘણું ખરૂં એક યા બીજા નિમિત્તે મુનિશ્રીના લાંબી ટુંકી મુદતના ઉપવાસો જનતા સમક્ષ આવીને ઉભા રહેતા હોય છે. આ જાણે કે તેમના માટે વાર્ષિક અભ્યાસ જેવું બની ગયું હોય એમ કેટલાકને લાગે છે. સામાજિક અને રાજકીય ક્ષેત્રે ગાંધીજીએ ઉપવાસની પરંપરા દાખલ કરી છે. આ પરંપરાને જાળવી રાખવી – આગળ ચલાવવી – એવું કાંઇક મુનિશ્રી સન્તબાલજીનું ધ્યેય હોય એમ પણ કેટલાક અનુમાન કરે છે. ગાંધીજી ઉપવાસ કરતા ત્યારે સમાજક્ષેત્રે મોટો ધરતીકંપ થતો, કારણ કે એ સમય જુદો હતો અને એ વ્યકિત જુદી હતી. તેની નકલ કરીને આપણે પણ જો નાની મોટી બાબતમાં ઉપવાસનું અવલંબન લેવાની વૃત્તિ કેળવીએ તો આખરે એ ઉપવાસનું શસ્ત્ર બુઠ્ઠું અને હાંસીપાત્ર બની જશે અને તેની વિશેષ અને વિશેષ ઉપેક્ષા તેમ જ અવગણના થતી રહેશે. આપણે જોઇ રહ્યા છીએ કે મુનિશ્રીના આ ઉપવાસોની નથી મુંબઇના અખબારોએ કોઇ વિશેષ નોંધ લીધી કે કોઇ જવાબદાર વ્યકિતવિશેષે કે કોઇ વિચારકદળે તે પ્રત્યે સહાનુભૂતિ દાખવી. આ હકીકતને – આ તાજેતરના અનુભવને– આપણે આશા રાખીએ કે મુનિશ્રી ગંભીરપણે ધ્યાનમાં લેશે અને આસપાસ વસતા નજીકના વર્તુળમાં, મિત્રોમાં તેમ જ પ્રશંસકોમાં જે ઉપવાસો ક્ષોભપ્રક્ષોભનું અને અનુકુળ પ્રતિકુળ આઘાત પ્રત્યાઘાતોનું નિમિત્ત બને છે અને જે નજીકના માણસોને કદિ કદિ ભારે કફોડી સ્થિતિમાં મૂકતા હોય છે અને જેનું મોટા ભાગે કોઇ નકકર પરિણામ આવતું દેખાતું નથી તેવા ઉપવાસો ઉપર બને ત્યાં સુધી નહિ ઉતરવાનો, આટલા અનુભવ ઉપરથી, મુનિશ્રી નિર્ણય કરશે. તેમને આટલી નમ્રભાવે પ્રાર્થના!

પરમાનંદ

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ ન B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૧૨

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઓક્ટોબર ૧૬, ૧૯૫૯, શુક્રવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

★ 'જન્મભૂમિ'ની યશોગાથા ★

(ચાલુ ઓકટોબર માસની ત્રીજી તારીખે મુંબઇ ખાતે ભારતના વડા પ્રધાન શ્રી. જવાહરલાલ નહેરૂના અધ્યક્ષસ્થાને 'જન્મભૂમિ'ની રજત જયન્તી ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે 'સૌરાષ્ટ્ર ટ્રસ્ટ' જેના ઉપક્રમે 'જન્મભૂમિ' પત્રનું પ્રકાશન કરવામાં આવે છે તેના પ્રમુખ શ્રી. કનૈયાલાલ એન. દેસાઇ તરફથી સ્વાગત પ્રવચન રજુ કરવામાં આવ્યું હતું. તે પ્રવચનનો અર્ધ ભાગ નીચે પ્રગટ કરવામાં આવે છે; બાકીનો અર્ધ ભાગ હવે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે.

આ પ્રવચનની અંદર જન્મભૂમિ પત્રનો ૧૯૩૪ના જુન માસમાં જન્મ થયો ત્યાર પછીથી આજ સુધીમાં બનેલી 'જન્મભૂમિ'ને લગતી વિશિષ્ટ ઘટનાઓનો જ માત્ર ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, પણ પ્રસ્તુત જન્મભૂમિનો જે પૂર્વભૂમિકા ઉપર ઉદય થયો તે એટલે કે 'સૌરાષ્ટ્ર' નામના સાપ્તાહિક પત્રનો સ્વ. અમૃતલાલ દલપતભાઇ શેઠના હાથે ઇ. સ. ૧૯૨૧ના ઓકટોબર માસમાં જન્મ થયો, તે બંધ થયું અને રોશની શરૂ થયું, તે બંધ થયું અને ફુલછાબ શરૂ થયું ત્યાં સુધીની–પૂર્વભૂમિકા સાથે જોડાયલી વિશિષ્ટ ઘટનાઓનો પણ સુયોગ્ય ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને એ સર્વ પાછળ સ્વ., અમૃતલાલ દલપતભાઇ શેઠની નીડરતા, સાહસિકતા અને આયોજનકુશળતાને મૂર્તિમન્ત કરતી વિરલ જીવનપ્રતિભાનાં આછાં દર્શન થાય છે.

આ આખી યશોગાથા જન્મભૂમિના તે દિવસનાં અંકમાં પ્રગટ થઇ ચૂકેલ હોવા છતાં અહિં તેને પુનઃ પ્રસિદ્ધિ આપવાનું એટલા માટે ઉચિત ધાર્યું છે કે દૈનિક પત્રોમાં પ્રગટ થતી અનેક નકામી સાથે સકામી વસ્તુઓ વાંચકોની આંખોને અને મનને પૂરી સ્પર્શ્યા સિવાય એકઠી થતી પરતીને સમર્પિત થાય છે. પ્રસ્તુત યશોગાથાને તેવી વિસ્મૃતિ અને ઉપેક્ષામાંથી બચાવી લેવા માટે અહિં પુનઃ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ યશોગાથામાં અન્તર્ગત કરવામાં આવેલી ઘણી ખરી ઘટનાઓ સાથે સીધી કે આડકતરી રીતે અંગત સંવેદનો સંકળાયેલાં છે. આ હકીકતે પણ પ્રસ્તુત યશોગાથા તરફ ચિત્તને સવિશેષ આકર્ષ્યું હોય. પરમાનંદ)

માનનીય પ્રમુખશ્રી, બહેનો અને ભાઈઓ,

'સૌરાષ્ટ્ર ટ્રસ્ટ'ના અધ્યક્ષ તરીકે દેશના લાડીલા નેતા અને વડા પ્રધાન પંડિત જવાહરલાલજીનો 'જન્મભૂમિ' પત્રના રજતજયંતીના ઉત્સવમાં સમારંભના પ્રમુખ તરીકે હું સત્કાર કરૂં છું. તેઓ આ સંસ્થા સાથે નિકટ સંબંધથી સંકળાયેલા છે. સંસ્થા એમને અપરિચિત નથી. આ સંસ્થા સાથે ભગિનીભાવે જોડાયેલી અખિલ હિન્દ રાજસ્થાની પ્રજા પરિષદના પ્રમુખ અને સુકાની તરીકે વર્ષો સુધી તેઓ 'જન્મભૂમિ' સાથે સંપર્કમાં આવ્યા છે અને આપણને તેઓશ્રીની સાથે આત્મીયતા સાધવાનું સન્માન પ્રાપ્ત થયું છે. નવ કરોડની રાજસ્થાની પ્રજાના મુખપત્ર તરીકે 'જન્મભૂમિ'ની સ્થાપના થઇ હતી. રજવાડી જુલમજબરદસ્તીની સામે પોકાર ઉઠાવવા ઉપરાંત 'જન્મભૂમિ'એ દેશના સ્વાતંત્ર્યસંગ્રામમાં પણ યશસ્વી ભાગ ભજવ્યો છે એ કારણે આપણા દેશના સ્વાતંત્ર્યસંગ્રામના સેનાનાયક અને રાજસ્થાની પ્રજાના મુક્તિસંગ્રામના અગ્રણી જવાહરલાલજી આજના ઉત્સવ પ્રસંગે પ્રમુખસ્થાને બિરાજે અને આપણને સૌને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપે એ કેટલું સુયોગ્ય અને સાર્થક છે ? આપણું નિમંત્રણ સ્વીકારીને દેશના અનેકવિધ પ્રચંડ જવાબદારીઓમાંથી આ પ્રસંગ માટે પોતાનો કીંમતી સમય તેઓશ્રીએ ફાજલ પાડ્યો તે માટે આપણે તેઓશ્રીનાં ઋણી છીએ. સંસ્થા તરફથી તથા આપના સૌની વતી હું તેઓશ્રીનો આભાર માનું છું.

'સૌરાષ્ટ્ર ટ્રસ્ટ'

'જન્મભૂમિ' પત્રનો જન્મ ૧૯૩૪ના જુનની નવમી તારીખે થયો. સૌરાષ્ટ્ર ટ્રસ્ટ કે જે આ સંસ્થાનો વહીવટ કરે છે, તેની સ્થાપના તે પહેલાં ત્રણ વર્ષે–૧૯૩૧ માં–થઇ હતી. ટ્રસ્ટનો ઉદ્દેશ શિક્ષણ, આરોગ્ય તથા સંકટનિવારણનાં ક્ષેત્રોમાં લોકસેવા કરવાનો તથા તે ક્ષેત્રોમાં કાર્ય કરતી સંસ્થાઓને મદદગાર થવાનો છે. શિક્ષણસંસ્થાઓ દ્વારા, પુસ્તકાલયો અને ગ્રંથપ્રકાશન દ્વારા અને વર્તમાનપત્રો દ્વારા લોકશિક્ષણનું સેવાકાર્ય કરવાનો આ ટ્રસ્ટનો મનોરથ છે.

ટ્રસ્ટ તરફથી ચાર દૈનિક પત્રો, બે સાપ્તાહિકો અને એક વાર્ષિક પંચાંગ પ્રસિદ્ધ થાય છે. મરાઠી ભાષાનું એક દૈનિક પત્ર વીસ વર્ષ સુધી ચલાવ્યા પછી ગયે વર્ષે તેનું પ્રકાશન સંયોગવશાત્ બંધ કરવાની ટ્રસ્ટને ફરજ પડી છે.

વર્તમાનપત્રોના ફેલાવાનો નવો વિક્રમ

સૌરાષ્ટ્ર ટ્રસ્ટના બધાં વર્તમાનપત્રોનો ફેલાવો અને સમાચાર તેમ જ વાંચનસામગ્રીની તેઓની ફોરમ અત્યારે ઊંચી ને ઊંચી જતી જાય છે. જયુબિલીના દિવસોમાં "જન્મભૂમિ–પ્રવાસી"ના ફેલાવાનો આંકડો ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં નહોતો તેટલો પચાસ હજાર ઉપર ચાલવા માંડયો છે, "વ્યાપાર"નો ફેલાવો આ પ્રકારના બીજા કોઇ અંગ્રેજી કે બીજી ભાષાના વર્તમાનપત્ર કરતાં વધુમાં વધુ છે અને હજુ વધતો જ જાય છે. તે રીતે 'જન્મભૂમિ' વર્તમાનપત્રો આ દિવસોમાં વેચાણના આંકડાના નવા વિક્રમ સર કરી રહેલ છે.

'જન્મભૂમિ' કર્તવ્યક્ષેત્ર

'જન્મભૂમિ'ની સ્થાપના સમયે રાજસ્થાની પ્રજાના અગ્રણી સ્વ૦ શ્રી અમૃતલાલ શેઠે 'જન્મભૂમિ'ના કર્તવ્યક્ષેત્ર વિષે નીચે પ્રમાણે ઉદ્ગારો કાઢયા હતા :

"મારી ઇચ્છા તો સને ૧૯૨૧ માં 'સૌરાષ્ટ્ર'નું પ્રકાશન કર્યું ત્યારે હતી તે જ આજે છે. 'જન્મભૂમિ' એ દુઃખીઓનાં આંસુનું પાત્ર બનશે; જાલીમોના જુલમોનું એ ચિત્રપટ બનશે. આજે એનો પોશાક ભલે નવો છે, પણ કલેવર તો એનું એ જ, જૂનું ખખડધજ,

સો લડાઇઓ લડેલા અને એકસો એકમી લડાઇને માટે તૈયાર એવો જોશ ધરાવનારું છે."

આજે પચ્ચીસ વર્ષે આપણે સરવૈયું કાઢી શકીએ છીએ અને શ્રી શેઠના આ સંસ્થા માટેના મનોરથો કેટલે અંશે સિદ્ધ થયા તેનો આંક મૂકી શકીએ છીએ.

સ્વતંત્રતાની લડતમાં 'જન્મભૂમિ'એ ઘણો યશસ્વી ભાગ ભજવ્યો છે. રાજસ્થાનોની પીડિત પ્રજાના મુખપત્ર તરીકે આપખુદી સામેના જંગમાં તેણે અનેક જોખમો ખેડ્યાં છે, સાહસો કર્યાં છે, કાર્યકરોને હામ આપી છે, સંસ્થાઓને પ્રોત્સાહન આપ્યું છે અને એ લડતના કેન્દ્રસ્થાને રહીને તેમાં ઐતિહાસિક ભાગ ભજવ્યો છે. સામાજિક બદીઓ અને અમાનુષી સિતમો સામે આ સંસ્થાએ અને તેનાં મુખપત્રોએ અખંડ પ્રચાર કર્યો છે. જેહાદો ઉઠાવી છે અને મર્મ-ગામી પ્રહારો કરીને સમાજના કલેવરને વિશુદ્ધ કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

જ્યારે જ્યારે દેશ કે દેશના કોઇ ભાગ ઉપર કુદરતનો કોપ ઊતર્યો છે, દુષ્કાળ કે રેલસંકટ આવ્યું છે, ધરતીકંપ કે આગના ઓળા ઊતર્યા છે, ત્યારે ત્યારે આ સંસ્થાએ સંકટગ્રસ્ત લોકોની વહાર કરી છે, લોકોની હમદર્દી જાગ્રત કરી છે અને મદદ પહોંચાડી છે.

વર્તમાનપત્રોનું કાર્યક્ષેત્ર

વર્તમાનપત્રો રોજ-બ-રોજ બનતા બનાવોની નોંધ લે કે તેને વિષે નુક્તેચીની કરે તે પૂરતું નથી. લોકોના આત્માને જાગ્રત કરવો, દેશસેવાને પંથે તેમને પ્રેરવા, સમાજની શુદ્ધિ માટે માર્ગદર્શક બનવું, દેશના ઘડતરના કાર્યમાં તેમની શક્તિને પરોવવી, અલ્પ જાણ્યા બનાવોમાં છુપાયેલું રહેલું મહત્ત્વ પિછાણવું, લોકોની તંદુરસ્ત અભિરુચિઓને પોષવી, નાદુરસ્ત નબળાઇઓને હઠાવવી, પ્રજાશરીરના ઘસારાને પુરવો, પ્રજામત વ્યવસ્થિત, જાગ્રત, તંદુરસ્ત રહે તે જોવું, નવનવાં ક્ષેત્રોમાં લોકોને શિક્ષણ મળતું રહે તે જોવું અને સંસ્કારસિંચન તથા સાહિત્યપાન કરાવીને તેમની વિવેકબુધ્ધિને વિકસાવવી—આ પ્રકારનું વિશાળ કર્તવ્યક્ષેત્ર વર્તમાનપત્રોની સામે પડ્યું છે, 'જન્મભૂમિ' સંસ્થાનાં મુખપત્રોએ તેમાં કેવો અને કેટલો હિસ્સો આપ્યો છે તેની પ્રજાએ તુલના કરવાની છે.

આઝાદ હિન્દ ફોજ

આઝાદ હિન્દ ફોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની શૂરી સરદારી નીચે ભારતના સ્વાતંત્ર્ય માટે ભોગ આપી રહી હતી તેનો આ દેશને જ્યારે યથાર્થ ખ્યાલ ન હતો, મહાયુદ્ધ પૂરું થતાં જ્યારે અંગ્રેજ સરકાર આઇ૰ એન૰ એ૰ના શૂરવીર સેનાનીઓને સજા કરવા તલપાપડ થઇ હતી, ત્યારે આ સંસ્થાના સ્થાપક સ્વ૰ અમૃતલાલ શેઠ પત્રપ્રતિનિધિ તરીકે બ્રહ્મદેશ ગયા, ત્યાંથી પગેરું કાઢીને આ ફોજનો જવલંત ઇતિહાસ શોધ્યો અને એ ઇતિહાસની અપૂર્વ સામગ્રી હસ્તગત કરી, જોખમ ખેડીને તેને આ દેશમાં પહોંચાડી. આપણા આગેવાનો આ શૂરા સૈનિકોને સહાય પહોંચાડવા માગતા હતા તેમને કીમતી સામગ્ર, પૂરી પાડી, અંગ્રેજી, ગુજરાતી તથા દેશની અન્ય ભાષાઓમાં એ ઇતિહાસ પ્રસિદ્ધ કર્યો. 'જન્મ-ભૂમિ'ની કટારો મારફતે લોકોને એ વાની પીરસી. આ સંસ્થાની આ એક મહત્ત્વની સિદ્ધિ હતી. શેઠે આ સાહસનું આ પ્રમાણે વર્ણન કર્યું છે:

"હિંદુસ્તાનનો કોઇ તંત્રી યુદ્ધના ખબરપત્રી તરીકે કદી ગયો નથી. મેં મોકલેલ ખબરપત્રી તરફથી મને સંતોષ મળ્યો નથી. સુભાષબાબુની દૂરપૂર્વની પ્રવૃત્તિ સંબંધેની સાચી પરિસ્થિતિની કોઇને જાણ નથી. એટલે હું જ યુદ્ધખબરપત્રી બની દૂરપૂર્વના મોરચે ઊપડ્યો.....રંગૂનમાં યુદ્ધખબરપત્રી તરીકે અમારે લશ્કરી છાવણીમાં કેપ્ટનના દરજ્જે રહેવાનું હતું અને ફરવા માટે જીપ મોટર મળતી હતી. સુભાષબાબુના સાથીઓને હું મળી શક્યો. તેમની જાદુઈ અસરનું મને ભાન થયું. તેની આખી કડીબદ્ધ કથા મેં જાણી. પણ મુદ્દામ આગેવાનોને મળવાની આશાએ બ્રિટિશ લશ્કર સાથે બેંગકોક ગયો. ત્યાંથી ખબર મળ્યા કે મુદ્દાના માણસો અમુક મુદ્દાના સ્થળે રંગૂનમાં છે, તેમની પાસે દફ્તર છે. રંગૂન પાછો આવીને તેમને મળ્યો. તેમણે કહ્યું કે "અમે પોતે ભયંકર ભીડમાં છીએ. સત્તાવાર દસ્તાવેજો અમને સુપરત થયેલા છે. બ્રિટિશરોને માહિતી મળી ગઇ છે અને તેઓ પાછળ પડ્યા છે. અમે એવા વિશ્વાસુ આદમીની શોધમાં છીએ કે જે આ દફ્તર હિંદુસ્તાન લઇ જાય અને સાચવી રાખે." મેં તે જવાબદારી માથે લીધી લશ્કરી જીપમાં પહેરેગીરો સાથે તેનો કબજો લેવા ગયો અને બેંકિંકરાઇથી પહેરેગીરને ઉપર બોલાવી દફ્તરનું પોટકું તેની સાથે નીચે મોકલ્યું અને મુકામ ઉપર ગયા પછી પણ તેજ પહેરેગીર ઉપર મૂકી ગયો. વિમાનમાં પણ તેમ જ પોટકું આગળ ચલાવ્યું. કલકત્તાન મારા મુકામે પહોંચ્યા પછી હૈયું હેઠું બેઠું."

આ સાહસ વિષે શ્રી હરેકૃષ્ણ મહેતાએ આ પ્રમાણે કહ્યું છે:

"મધરાતને સમયે એક તાળાબંધ ઓરડામાં બેઠા બેઠા શ્રી અમૃતલાલ શેઠે બ્રહ્મદેશથી આણેલા દસ્તાવેજો અમે વાંચી ગયા હતા એ મને હજુ યાદ છે...એ માહિતી મે ગાંધીજીને આપી. અને ગાંધીજીએ કોંગ્રેસ કારોબારીને સુભાષબાબુ પ્રકરણની બીજી બાજુથી વાકેફ કરી. કારોબારીએ આઝાદ હિંદ ફોજના કેદીઓના પ્રશ્ન ઉપાડી લેવાનો નિર્ણય કર્યો અને તે પછી ઘણું બન્યું તે સૌ જાણે છે. પણ સુભાષ બોઝની આવી અમૂલ્ય સેવા બજાવનાર 'જન્મભૂમિ'ની કચેરી હતી એ વાત બહુ ઓછા જાણે છે."

ગાંધી—ઝીણા મંત્રણા

૧૯૪૪ના સપ્ટેમ્બરમાં ગાંધી—ઝીણા મંત્રણા પખવાડિયાં સુધી ચાલી શ્રી શેઠે આ પત્રવ્યવહાર 'જન્મભૂમિ'માં પ્રસિદ્ધ કર્યો. એનું વર્ણન તેઓ પોતે આ પ્રમાણે કરે છે:

"મુંબઇમાં શ્રી જીન્ના અને પૂ૰ બાપુ વચ્ચેની મુલાકાત એ એક ઐતિહાસિક પ્રસંગ હતો. દેશપરદેશના અનેક ખબરપત્રીઓ તેના સમાચાર મેળવવા હંમેશાં હાજર રહેતા, પણ કાંઇ સમાચાર કોઇને મળતા નહિ. થોડા દિવસો પછી તે મુલાકાતો દરમ્યાન તેઓ બંને વચ્ચે થયેલ ખાનગી અને અંગત પત્રવ્યવહાર મેં બહાર પાડ્યો. સંતને ત્યાંથી ચોરી કરવા બદલ પૂજ્ય ઠક્કર બાપા અને પક્ષવાસીએ મને ખૂબ ઠપકો આપ્યો. શ્રી જીન્નાએ જાહેરમાં કહ્યું કે ગાંધીની કચેરી ધર્મશાળા જેવી છે. ત્યાંથી જ આ બધું ચોરાયું છે. હું ભારે મૂઝવણમાં મુકાયો. પણ બે દિવસ પછી શ્રી જીન્નાનો ગાંધીજી ઉપરનો પત્ર ગાંધીજીને પહોંચ્યા પહેલાં મારા હાથમાં આવ્યો અને તરત પૂ૰ ઠક્કરબાપા મારફત ગાંધીજી સમક્ષ તે રજુ કર્યો. તે પછી તેજ પત્ર ગાંધીજીને શ્રી જીન્ના તરફથી મળ્યો અને હું સાબિત કરી શક્યો કે ગાંધી—જીન્ના પત્રવ્યવહાર પ્રસિદ્ધ થયો તે શ્રી જીન્નાને ત્યાંથી મેળવાયેલો હતો."

ભણસાળીજીના ઉપવાસ

ભણસાળીજીના ઉપવાસ વિષેના સમાચાર પ્રસિદ્ધ કરવાની અંગ્રેજ સરકારે મના કરેલી. 'જન્મભૂમિ'એ પ્રજા સમક્ષ એ પ્રશ્ન શી રીતે રજુ કર્યો તેનું શ્રી સુશીલાબહેન નૈયર નીચે પ્રમાણે વર્ણન કરે છે:

"ભણસાળીજી ઉપવાસ પર ઉતરેલા એ પ્રસંગ હજુ યાદ છે. અમે તે વખતે આગાખાન મહેલમાં હતાં. તે સમાચારના ઉલ્લેખની વર્તમાનપત્રોને મનાઇ હતી.

"જન્મભૂમિ'ની સંપાદકીય કટારો ખાલી રાખવામાં આવતી હતી અને તે જગ્યાએ ભણસાળીભાઇના જીવનપ્રતીક સમો એક

નાનકડો દીપક દરરોજ અંકિત થતો હતો. એ દીપકનું પ્રતિદિન ઘટતું જતું કદ જોવા કેટલી ઉત્સુકતાથી દરરોજ 'જન્મભૂમિ'નાં પૃષ્ઠો ફેરવતાં હતાં એ મને હજી યાદ છે."

રઝાકારોની વિઘાતક પ્રવૃત્તિ

રઝાકારો હૈદરાબાદ રાજ્યમાં વિઘાતક પ્રવૃત્તિઓ પૂરબહારમાં કરતા હતા. લોકોમાં ઉશ્કેરાટ હતો. રાજ્ય સત્યનો ઇનકાર કરતું હતું ત્યારે શ્રી શેઠ જાતે હૈદરાબાદ ગયા. સાથે ફોટોગ્રાફરો અને મુવી કેમેરા લેતા ગયા. બના રહેલા બનાવોની છબીઓ લીધી અને વર્તમાનપત્રોમાં તેને પ્રસિદ્ધિ આપીને સત્ય પ્રકાશમાં આણ્યું.

લોહારૂ હત્યાકાંડ

શ્રી જયનારાયણ વ્યાસ લોહારૂના હત્યાકાંડની તપાસનું વર્ણન આ પ્રમાણે કરે છે:

"મુંબઇમાં ખબર મળ્યા કે લોહારૂમાં ગોળીબાર થયો છે અને એકેક ડઝન જેટલા માણસોએ જીવ ગુમાવ્યા છે. અખિલ હિંદ રાજસ્થાન પરિષદે અને 'જન્મભૂમિ'એ મને લોહારૂ જઇ હેવાલ રજૂ કરવા મોકલ્યો. લોહારૂ અને બિકાનેર વિસ્તારોમાં જપ્તો ઘણો સખત હતો. એ વિસ્તારમાં થઇને બ્રિટિશ-હિંદી કહેવાતા પ્રદેશમાં જવા સારૂ મારે એક જાટનો પોશાક પહેરવો પડ્યો હતો. આખરે હું ત્યાં પહોંચ્યો, પરંતુ ડઝનબંધ જાસુસો મારી ફરતે ફરી વળ્યા હતા. સેંકડો સાક્ષીઓ ત્યાં આવતા અને કરૂણ ખૂનોમાં પરિણમેલ ગોળીબારના બનાવની વિગતો વર્ણવતા. મરણ પામેલાઓના ફોટોગ્રાફ પણ મેં મેળવ્યા અને એ બધું મુંબઇ મોકલી આપ્યું. પરંતુ હું પકડાઇ જાઉં તો પણ એકઠી કરેલી સામગ્રી નષ્ટ ન થાય એ માટે આ બધું મારે જુદા જુદા વિશ્વાસુ કાર્યકરો મારફત મોકલવું પડ્યું હતું."

'જન્મભૂમિ'ના સાહસોમાંથી આ તો થોડા નમૂના છે. તેની કારકિર્દી આવા દૃષ્ટાંતોથી ભરપૂર છે.

રાજસ્થાની પ્રજાનું આશ્રયસ્થાન

ભાવનગર પ્રજાપરિષદ, અન્ય રાજ્યોનાં પ્રજામંડળો કે પરિષદો, કાઠિયાવાડ રાજકીય પરિષદ, રાજ્યસમૂહોની એવી જ સંસ્થાઓ 'જન્મભૂમિ'ને પોતાનું મુખપત્ર માનતા. 'જન્મભૂમિ'એ આ સંસ્થાઓના ઉદ્દેશોને પોતાના ગણ્યા હતા, તેની વાતને પોતાની માની હતી અને તમામ શક્તિથી તેમાં તેણે સાથ પુરાવ્યો હતો. અખિલ ભારત રાજસ્થાન પ્રજાપરિષદને જન્મ આપવામાં, તેને લડતની સાધનસામગ્રી પૂરી પાડવામાં, તેને રાજસ્થાની પ્રજાની લડાયક સંસ્થા તરીકે તૈયાર કરવામાં 'જન્મભૂમિ'નો મોટો હિસ્સો હતો. તેનું કાર્યાલય 'જન્મભૂમિ'ના કાર્યાલયનો ભાગ હતું. તેના મંત્રીઓ 'જન્મભૂમિ'ના કાર્યકરો હતા. રાજસ્થાની પ્રજાના કાર્યકરો અને લડવૈયાઓ માટે 'જન્મભૂમિ' એક આશ્રયસ્થાન હતું, મંત્રણાનું ધામ હતું અને પ્રેરણા અને પ્રોત્સાહનનું વાહન હતું.

રાજકોટની ઐતિહાસિક લડતમાં, 'હિન્દ છોડો'ની લડતમાં, જૂનાગઢની 'આરઝી હકુમતે' ઉઠાવેલી લડતમાં, છિન્નભિન્ન થયેલા સૌરાષ્ટ્રને એક અને અખંડ બનાવવાના આન્દોલનમાં, ગરાસદારી નાબૂદીની હિલચાલમાં, ભૂપતના ઓઠા તળે છુપાયેલાં શક્તિશાળી પ્રત્યાઘાતી બળો સૌરાષ્ટ્રની ભૂમિને ધમરોળતાં હતાં ત્યારે 'જન્મભૂમિ'ની સંસ્થા સાચા સહાયક અને સાથીની ગરજ સારતી હતી.

સીકર અને લોહારૂના હત્યાકાંડો, તિહરી ગઢવાલની શ્રીદેવ સુમનની શહીદી, પતિયાળાનાં તહોમતનામાં, ઓરિસ્સાનાં રાજ્યોની ભયંકર ભૂતાવળો, મહિસૂર-ત્રાવણકોર-હૈદરાબાદ-કાશ્મીરના પ્રજાકીય આંદોલનો અને લડતો—આ બધામાં 'જન્મભૂમિ'નો હિસ્સો નાનોસૂનો ન હતો.

'જન્મભૂમિ'નો જન્મ

શ્રી અમૃતલાલ શેઠ રાજસ્થાની પ્રજાપરિષદના પ્રતિનિધિ તરીકે બીજી રાઉન્ડ ટેબલ સભામાં વિલાયત ગયા હતા. ત્યાંથી પાછા ફરતાં તેઓ પૂર્વ આફ્રિકા ગયા. ત્યાં મિત્રોએ રૂા. ૪૬,૦૦૦નો ફાળો કરી આપ્યો. તેમાંથી તેમણે 'Sun' નામનું અંગ્રેજી દૈનિક ૧૯૩૪ના માર્ચમાં મુંબઇમાં શરૂ કર્યું. આ પત્ર ટાંચા સાધનોથી ચલાવવું અશક્ય હતું. ભારે ખોટ ગઇ. આ ખોટ ભરપાઇ કરવા અને અંગ્રેજીને બદલે ગુજરાતી દૈનિક મારફત ધ્યેય સિદ્ધ કરવા શ્રી શેઠે ગુજરાતી દૈનિક પત્રનો વિચાર કર્યો. એ રીતે 'જન્મભૂમિ'નો જન્મ થયો. 'સન' તો ડૂબ્યું, પણ 'જન્મભૂમિ' તરી ગયું વિકસ્યું અને પ્રજાનું માનીતું બન્યું.

૯૩૬માં એક લેખ લખવા માટે સરકારે 'જન્મભૂમિ' પાસેથી છ હજારની જામીનગીરી માગી. તેની આવક તો લાખોની હતી. પણ જામીનગીરી ભરવા પાસે કોડી નહોતી. છેલ્લી ક્ષણે એક મિત્ર વહારે આવ્યા ત્યારે આ રકમ જમા થઈ શકી.

'જન્મભૂમિ' આર્થિક ઝંઝાવાતોમાંથી વારંવાર પસાર થયું છે. મિત્રોની, શુભેચ્છકોની, વાચકોની મદદ વિના તે તરી પાર નીકળી શકયું ન હોત. છાપવાના કાગળ ખરીદવા માટેના પૈસાના ઘણીવાર ફાંફાં હોય. વિદેશી કાગળના વેપારી આંટ ઉપર કેટલું ધીરે? પત્રની નીતિ ઘડવામાં એને રસ પડે. સંચાલકો એ શેના કબુલ રાખે? પત્રની સ્વતંત્રતા સાચવી રાખીને તેને સુરક્ષિત, સ્થિર, સમૃધ્ધ કરવામાં સ્વ. અમૃતલાલ શેઠ તથા શ્રી. શાંતિલાલ શાહે ઘણો મોટો ભાગ ભજવ્યો છે. પત્રને પ્રજાહૃદયનો પડઘો પાડવામાં, સફળ કરવામાં સ્વ. મણિશંકર ત્રિવેદીએ તથા સ્વ. સામળદાસ ગાંધીએ પણ ભાગ ભજવ્યો છે. વર્તમાન તંત્રી શ્રી. મોહનલાલ મહેતા-સોપાન તેમને વારસામાં મળેલી ઉજ્જવળ પરંપરા બહોશીથી સાચવી રહ્યા છે, અને 'જન્મભૂમિ' તથા સામાહિક 'પ્રવાસી' વિકસાવી રહ્યા છે.

શ્રી. ગિલાણીએ અથાગ પરિશ્રમ, અભ્યાસ અને ખંતથી સાપ્તાહિક 'વ્યાપાર' ને લોકપ્રિય અને વ્યાપારી આલમમાં માનીતું બનાવ્યું છે. સુરતમાં શ્રી. કાલીદાસ શેલતે સ્થાપેલું 'પ્રતાપ' છેલ્લા તેત્રીસ વર્ષથી લોકસેવા બજાવે છે. ૧૯૫૪માં સૌરાષ્ટ્ર ટ્રસ્ટે તેનો વહીવટ સંભાળ્યો ત્યારથી તે આ સંસ્થાનું અંગભૂત બન્યું છે ભુજથી છેલ્લાં તેર વર્ષથી પ્રસિધ્ધ થતું 'કચ્છમિત્ર' કચ્છની પ્રજાની સારી સેવા બજાવે છે. ટ્રસ્ટે ૧૯૫૫ માં તેનો વહીવટ સંભાળ્યો, હવે તેને વધુ વિકસાવવાનો ઇરાદો છે. આ બન્ને દૈનિક પત્રો છે.

અપૂર્ણ

કનૈયાલાલ દેસાઇ

ચિત્રો સાથે ભગવદ્‌ગીતા વિષે પ્રવચન

તા. ૨૧-૯-૫૯ સોમવારના રોજ સાંજના ૬॥ વાગ્યે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે 'મનોહર'માં શ્રી. પરમાનંદ મહેરાએ મેજીક લેન્ટર્ન સ્લાઇડ્સ સાથે શ્રીમદ્ ભગવદ્‌ગીતા ઉપર જાહેર પ્રવચન કર્યું હતું. શ્રી. પરમાનંદ મહેરા મુંબઇમાં કેટલાંક વર્ષોથી વસતા સિંધી ગૃહસ્થ છે. મહેરા પ્રીન્ટરી નામનું એક મોટું છાપખાનું તેઓ ચલાવે છે તેમણે ધર્મશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો છે અને અધ્યાત્મના રંગે તેમનું જીવન રંગાયેલું છે. વળી પોતે એક સારા ચિત્રકાર છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાને કેન્દ્રમાં રાખીને તેમણે પોતે જુદા જુદા વિષયો ઉપર કેટલાંક ચિત્રો તૈયાર કર્યાં છે અને તે ચિત્રો ઉપરથી તેમણે સ્લાઇડ્સ તૈયાર કરી છે. પ્રોજેક્ટરની મદદ વડે એક એક સ્લાઇડ દેખાતા જાય અને સામેના પડદા ઉપર પડતી પ્રતિચ્છાયા દ્વારા પ્રત્યેક ચિત્રનું હાર્દ સમજાવતા જાય તેમ લગભગ સવા કલાક સુધી જ્ઞાન, કર્મ, યોગ, ભક્તિ વગેરે વિષયો ઉપર તેમણે ઉદ્‌બોધક પ્રવચન કર્યું હતું. ભગવદ્ ગીતા ઉપર આ ચિત્રો અને વિવેચનયુકત એક ભવ્ય ગ્રંથ તેમણે તૈયાર કર્યો છે અને અંગ્રેજી તથા હિંદી ઉભય ભાષામાં તે ગ્રંથ લખ્યો છે. આ રીતે કઠોપનિષદ્ ઉપર પણ તેમણે એક સચિત્ર ગ્રંથ તૈયાર કર્યો છે. તાજેતરમાં આઠ મહિના સુધી તેઓ અમેરિકામાં પ્રવચનપ્રવાસે ગયા હતા અને સ્થળે સ્થળે તેમણે ત્યાંની પ્રજાને ભગવદ્‌ગીતાના સંદેશો સંભળાવ્યો હતો. તેમના આ સચિત્ર જ્ઞાન તથા અનુભવનો લાભ આપવા બદલ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તેમનો ઋણી છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

સેવાનિષ્ઠ ઉદારચરિત સ્વ. વીરચંદભાઈ

"વીરચંદભાઇના દુઃખજનક અવસાનના સમાચાર જાણીને હું બહુ દિલગીર થયો. તેઓ પોતાની પાછળ રચનાત્મક અને ગાંધીવાદી વિચારધોરણ ઉપર આધારિત એવા જીવનની એક ઉદાત્ત પરંપરા મૂકી ગયા છે. તેઓ સર્વ પ્રત્યે હું ઊંડી સહાનુભૂતિ અનુભવું છું. અમે એક ઉમદા સાથી–સહકાર્યકર્તા–ગુમાવ્યો છે."

(તાર મારફત સંદેશો.)

ઢેબર



તા. ૧૧–૧૦–૫૯–વિજયાદશમીની વહેલી સવારે શ્રી. વીરચંદ પાનાચંદ શાહનું લાંબા સમયની શરીરક્ષીણતાના પરિણામે ૭૨ વર્ષની ઉમ્મરે મુંબઇ ખાતે અવસાન થતાં રચનાત્મક વિશાળ સમાજને એક નિષ્ઠાવાન સામાજિક કાર્યકર્તાની અને રાષ્ટ્રીય મહાસભાને એક વફાદાર કોંગ્રેસીની ખોટ પડી છે. જેની સાથે વર્ષોથી એક મિત્રના સંબંધે સંકળાયેલા હોઇએ, તેની અનેક સુઘટના ઓથી અંકિત બનેલી જીવનપ્રતિભાનું મર્યાદિત શબ્દોમાં મૂલ્યાંકન કરવું બહુ મુશ્કેલ છે. પ્રત્યેકના વિદ્યાર્થીજીવનકાળથી અમે એકમેકને ઓળખતા હતા. તેઓ ભાવનગરની સામળદાસ કોલેજમાં ભણતા હતા અને જૈન બોર્ડીંગમાં રહેતા હતા; હું મુંબઇની કોલેજમાં ભણતો હતો પણ વેકેશનોમાં ચાલુ ભાવનગર આવતો જતો હતો. ત્યારથી અમારાં પરિચયની શરૂઆત થયેલી અને ત્યારથી જાહેર જીવન સાથે પણ ભિન્ન ભિન્ન રીતે મારો તેમજ તેમનો સંબંધ શરૂ થયેલો. કેટલેક ઠેકાણે અમે સહકાર્યકર્તા હતા; કેટલેક ઠેકાણે તેમનું અને મારું કાર્ય ભિન્ન વર્તુલોને સ્પર્શતું; પણ મનથી અમે કદિ જુદા પડ્યા નહોતા.

અભ્યાસ પૂરો કર્યા બાદ તેઓ મુંબઇ આવી વસ્યા અને વ્યાપારમાં જોડાયા. વિધિની અનુકૂળતા વધતી થઇ અને ૧૯૧૯માં ૩૨ વર્ષની ઉમ્મરે મુંબઇમાં વીરચંદ પાનાચંદની કંપનીના નામે તેમણે સ્વતંત્ર કામકાજ શરૂ કર્યું. એક બાજુએ તેમની પેઢીનું કામ વધતું ચાલ્યું, પરદેશ સાથે–ખાસ કરીને પૂર્વ આફ્રિકા સાથે–તેમનો વ્યાપાર વિકસતો ગયો. બીજી બાજુએ જાહેર જીવનમાં પણ તેઓ વધારે ને વધારે આગળ આવતા ગયા. ૧૯૨૬–૨૯ના સમય દરમિયાન તેમણે મુંબઇની કોરપોરેશનના પ્રજાનિયુક્ત સભ્યનું સ્થાન શોભાવ્યું. ૧૯૨૯–૩૦ મુંબઇના માંડવી વિભાગની કોંગ્રેસ કમિટીના તેઓ પ્રમુખ બન્યા. ૧૯૩૦ની સામુદાયિક સત્યાગ્રહની લડતમાં તેમણે આગેવાનીભર્યો ભાગ લીધો અને મુંબઇની નવમી સંગ્રામ સમિતિના તેઓ 'ડિક્ટેટર' નીમાયા અને જેલવાસી બન્યા. એ જ સામુદાયિક સત્યાગ્રહની બીજી આવૃત્તિ પ્રસંગે પણ અંગ્રેજ સરકારે તેમને કારાગૃહમાં લાંબી મુદત માટે હડસેલી દીધા. આવી જ રીતે ૧૯૩૭–૩૮ના રાજકોટ સત્યાગ્રહ વખતે મુંબઇથી સત્યાગ્રહીઓની ટુકડીઓ ઉપડતી હતી ત્યારે આમાંની પહેલી ટુકડીના તેઓ આગેવાન બન્યા હતા અને આ રીતે ૧૯૩૮માં તેમણે જેલવાસને નોતર્યો હતો.

ઉપર જણાવેલ ૧૯૩૦–૩૨ની સવિનય સત્યાગ્રહની લડત બાદ તેઓ પોતે પોતાની પેઢીની જવાબદારીથી નિવૃત્ત થઇને સૌરાષ્ટ્રમાં રાજકોટ નજીક આવેલા પોતાને વતન સમઢિયાળામાં સ્થિર થયા હતા અને તેના સર્વલક્ષી ઉદ્ધાર પાછળ પોતાની સમગ્ર શક્તિઓને તેમણે કેન્દ્રિત કરી હતી. ૧૯૧૫ થી ૧૯૩૦–૩૨ સુધી તેમનું પ્રવૃત્તિક્ષેત્ર મુંબઇ રહેલું. ત્યાર બાદ સમઢિયાળાને કેન્દ્રમાં રાખીને સૌરાષ્ટ્રને તેમણે પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું.

સમઢિયાળા જામનગર રાજ્યનું એક ગામ હતું. આ કારણે જામનગર પ્રજાકીય હીલચાલ સાથે તેઓ સંકળાયા, ત્યાંની પ્રજાના તેઓ આગેવાન બન્યા, જામનગર રાજ્ય પ્રજામંડળની તેમણે સ્થાપના કરી અને તેના તેઓ પ્રમુખ બન્યા. સમઢિયાળામાં તેમણે કેવળ રચનાત્મક કાર્યની દિશાએ જ એક પછી એક પ્રવૃત્તિઓ શરૂ કરી હતી, પણ એ વખતના સત્તાધીશ જામસાહેબે વીરચંદભાઇમાં એક કોંગ્રેસી રાજદ્વારી ચળવળીયા જ જોયા હતા અને એ કારણે તેમના કાર્યમાં જાત જાતની અડચણો તેમના તરફથી ઉભી કરવામાં આવી હતી. અમારી જેવાને થતું કે વીરચંદભાઇ જામનગર રાજ્યના સમઢિયાળામાં જઇને પોતાની શાંકતને નકામી વેડફી રહ્યા છે, પણ તેમણે ગમે તેવા પ્રતિકૂળ સંયોગો વચ્ચે પણ પોતાના ગામને વળગી રહેવાનો અને ગામના લોકોનું બને તેટલું ભલું કરવાનો નિર્ણય કરેલો તેમાં તેઓ કદિ ચળાયમાન થયા નહોતા. ત્યાં તેમણે ગ્રામસુધારણા સમિતિ સ્થાપી અને સમય જતાં એક મોટું હોસ્પીટલ ઉભું કર્યું, જે આજે તે પ્રદેશમાં વસતી જનતા માટે એક મહાન આશીર્વાદરૂપ બની રહ્યું છે.

દેશને આઝાદી મળ્યા બાદ અને સૌરાષ્ટ્રનું એકમ સ્થપાયા બાદ ૧૯૪૮માં શરૂ કરવામાં આવેલી સૌરાષ્ટ્રની પ્રથમ ધારાસભાના તેઓ સભ્ય બન્યા અને ૧૯૫૩ સુધી તે સ્થાન ઉપર ચાલુ રહ્યા. તેમના વતન સમઢિયાળાને સૌરાષ્ટ્ર સરકારે તેમની તે ગામ પ્રત્યેની અનેકવિધ સેવાની કદર તરીકે 'વીરનગર' એવું નામ આપ્યું.

શ્રી. વીરચંદભાઇની ઉદારતાએ અનેક સાર્વજનિક ક્ષેત્રોને સારા પ્રમાણમાં અર્થસીંચન કર્યું છે જેની વિગતવાર નોંધ કરવાનું અત્યારે શક્ય નથી, પણ તેમની ઉદારતાનો ખ્યાલ આપે એવી બે ત્રણ બાબતોનો ઉલ્લેખ અહિં પ્રસ્તુત લેખાશે. શ્રી વીરચંદભાઇએ પોતાની અંગત મૂડીમાંથી પાંચ લાખ રૂપિયાનું એક ટ્રસ્ટ કર્યું હતું, જેને તેમણે "વીરચંદ્ર પાનાચંદ કેળવણી ટ્રસ્ટ" એવું નામ આપ્યું હતું, પોતાનાં કુટુંબીજનોમાંથી બીજા પાંચ લાખ એકઠા કરીને તેમણે "સૌરાષ્ટ્ર મેડીકલ ટ્રસ્ટ" ઉભું કર્યું હતું અને ત્રીજું પોતાના દેશ પરદેશના–વિશેષે કરીને પૂર્વ આફ્રિકાના–આડતીયાઓ પાસેથી છ લાખ રૂપિયા એકઠા કરીને "સૌરાષ્ટ્ર હોસ્પીટલ ટ્રસ્ટ" ઉભું કર્યું હતું. આ રીતે સોળ લાખ રૂપિયા જેટલી મોટી રકમ કેટલાંય વર્ષો પહેલાં સૌરાષ્ટ્રની આમ જનતાના સુખ, સ્વાસ્થ્ય અને કલ્યાણ અર્થે તેમની મારફત સૌરાષ્ટ્રના ચરણે સમર્પિત કરવામાં આવી હતી.

અંગ્રેજીમાં એક કહેવત છે કે 'Charity begins at home'.–'સેવાની શરૂઆત ઘરથી થાય છે.' આનો ભાવાર્થ એમ છે કે સેવા ઘરથી શરૂ થઇને તેનું ક્ષેત્ર ઉત્તરોત્તર વિસ્તરતું જાય છે. આ ઉક્તિ તેના ભાવાર્થ સાથે શ્રી વીરચંદભાઇએ પોતાના જીવનમાં સર્વાંશે સાર્થક બનાવી હતી. પુરૂષાર્થ અને વિધિની અનુકૂળતાને પરિણામે શ્રી વીરચંદભાઇનો જેમ જેમ આર્થિક ઉત્કર્ષ થતો ગયો તેમ તેમ તેનો લાભ પહેલાં પોતાના કુટુંબીજનોને, પછી પોતાના વતનને, પછી સૌરાષ્ટ્રને અને તે

દ્વારા ભારતને મળતો રહ્યો હતો. વીરચંદભાઇનું કુટુંબ ઘણું બહોળું છે. આજે લગભગ બધાં જ કુટુંબીજનો વીરચંદભાઈ અને તેમની પેઢીના વધતા જતાં વ્યાપારનું અવલંબન પામીને સુખી અને સમૃદ્ધ બન્યા છે. સંમઢિયાળા–પાછળથી વીરનગર–ની રોશનક તેમની વર્ષોની સેવાના પરિણામે બદલાઇ ગઇ છે; સૌરાષ્ટ્રને તેમની ઉદારતાનો ખૂબ લાભ મળ્યો છે. ભારતની આઝાદી પાછળ તેમણે આપેલો ભોગ બહુ જાણીતો છે. આમ નાના કુટુંબ-વર્તુળથી ભારત સુધીના વિશાળ વર્તુળની સેવા કરતાં કરતાં જેના દિલમાં કુટુંબ, જ્ઞાત, જાત, ધર્મ કે ભૌગોલિક સીમાડાનો ભેદ ન હોય એવા વિશ્વમાનવની કક્ષાએ પહોંચવું આવી તેમની જીવન-સાધના હતી. સ્વીટ્ઝર્લેન્ડ–જીનીવા–જ્યાં હંમેશાં આંતરરાષ્ટ્રીય પ્રશ્નોની ચર્ચાઓ ચાલતી હોય છે ત્યાં જઇને વસવું અને આંતર-રાષ્ટ્રીય ક્ષેત્રે ઉપયોગી બનવું એવી તેમના મનમાં કંઇ કાળથી ઝંખના હતી. આ ઝંખના વણપુરી રહી ગઇ, પણ આ હકીકત તેમના દિલની નિર્બંધ વિશાળતા સમજવા માટે બહુ ઉપયોગી છે.

વીરચંદભાઇના સેવાપરાયણ જાહેર જીવનની આ નાની સરખી કથા છે. તેઓ તદ્દન સામાન્ય સ્થિતિમાંથી શ્રીમન્ત બન્યા, ધનવાન બન્યા, પણ તે શ્રીમન્તાઇનો મદ તેમના જીવનના કોઇ પણ અંશને કદિ સ્પર્શ્યો નહોતો. તેઓ ગૃહસ્થ જીવનને વરેલા હતા, એમ છતાં, ઘણાં વર્ષોથી તેઓ બ્રહ્મચર્ય પરાયણ હતા, અને તેમની રહેણી કરણી અને વિચારણામાં એક પ્રકારની સાધુતાનું હંમેશાં દર્શન થતું હતું. સમાજસેવાની તમન્ના તેમની નસેનસમાં વહેતી હતી. પ્રકૃતિએ તેમને પરગજુ અને ઉદાર બનાવ્યા હતા. સાદાઇ, નમ્રતા, ઋજુતા એ તેમના સ્વભાવગત ગુણો હતા. અનુદાત્ત એવું તેમનામાં કશું પણ નહોતું. આ રીતે તેમના જીવનને સાધના તેમજ સેવાની દૃષ્ટિએ–ઉભય રીતે–તેમણે સફળ બનાવ્યું હતું.

તેમના સુખદુઃખમાં જેઓ એકસરખા તેમની પડખે ઉભા રહ્યાં છે, તેમના જીવન આદર્શને જેમણે હંમેશાં અપનાવ્યો છે અને તેમની સેવાભાવનાને જેમણે સદા ઉત્તેજિત કરી છે એવાં તેમનાં સહધર્મચારિણી હરિલક્ષ્મીબહેન પ્રત્યે, આજે જ્યારે તેમનું ધર્મ-પરાયણ દંપતી જીવન વિધાતાએ ખંડિત કર્યું છે ત્યારે, અન્તરમાં હું ઊંડી સહાનુભૂતિ અનુભવું છું અને તેમની બે પુત્રીઓ અને બે પુત્રો જે ચારે સંતાનોમાં વીરચંદભાઇના વ્યક્તિત્વની અર્ધાધિક ઝાંખી થાય છે તેઓ પણ આ સહાનુભૂતિના અધિકારી બને છે. સામાન્ય કોટિના માનવી, છતાં, અસામાન્ય એવું જેમનું જીવન હતું, અને સામાન્ય પારિજાતકનો છોડ, છતાં, દેશ અને કાળના વિસ્તીર્ણ અવકાશને સ્પર્શી રહેલી જેની સુવાસ હતી–એવા શ્રી વીરચંદભાઇના પવિત્ર આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ! આપણાં તેમને અનેક વન્દન હો!! પરમાનંદ

પ્રકીર્ણ નોંધ

ચીનને યુ. નો. માં દાખલ કરાવવા ભારત શા માટે આગ્રહ સેવે છે?

'હિંદી–ચીની ભાઇ ભાઇ' એ ઉદ્‌ગારોને ખોટા પાડતું ચીનનું ભારત પ્રત્યેનું તાજેતરનું આક્રમણ જોતાં કેટલાકના મનમાં સહજ રીતે એવો પ્રશ્ન ઉઠે છે કે જે ચીન સાથે આપણે આજ સુધી ગાઢ મૈત્રીનો દાવો કરતા હતા અને જે ચીનના સહકાર વડે દુનિયામાં સ્થાયી સુસ્નેહ શાન્તિ સ્થાપવાનાં આપણે સ્વપ્નાં સેવતાં હતાં અને જેની સાથે થયેલા આજથી પાંચ વર્ષ પહેલાના કિલકરારમાંથી 'પંચશીલ'ના મહાન સિદ્ધાન્તોનો જન્મ થયો હતો તે ચીને થોડા મહિના ઉપર ટીબેટ જેવા પડોશમાં આવેલા સ્વાધીનતંત્ર દેશને જોતજોતામાં છુંદી નાખ્યું, અને એટલાથી સંતોષ ન માનતાં, ભારતની ઉત્તર સરહદ ઉપર તેણે સ્થળે સ્થળે આક્રમણો શરૂ કર્યાં છે અને સીકીમ તથા ભૂતાનના સીમાપ્રદેશોને પણ તેણે ભયમાં મૂક્યા છે. આવી આપખુદ રીતે વર્તનાર ચીનને સંયુક્ત રાષ્ટ્ર-સંસ્થાનું સભ્ય બનાવવા માટે ભારત આટલો બધો આગ્રહ શા માટે રાખે છે? આવો પ્રશ્ન કરનાર સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના–યુ. નો.–ના સ્વરૂપને અને ધ્યેયને બરોબર સમજતો નથી અને યુ. નો. સાથે ચીન કેવી રીતે સંકળાયલું છે એ બાબત પણ તેના પૂરા ધ્યાનમાં નથી એમ કહેવું પડે છે.

યુ.નો.નું સ્વરૂપ એવું છે કે દુનિયાના દરેક રાષ્ટ્રનો વહીવટ કરતી સરકારનો નીમેલો પ્રતિનિધિ યુ. નો. માં હોવો જોઇએ અને માનવીના પાયાના હકકોનો જે ચાર્ટર યુ. નો. એ સર્વાનુમતે નક્કી કરેલો છે તે દરેક સભ્યરાષ્ટ્રને બંધનકર્તા હોવો જોઇએ. યુ.નો ની સ્થાપના થઇ ત્યારે ચીનમાં ચાંગ-કાઇ-શેકનું રાજ્ય હતું અને તેનો નામેલો પ્રતિનિધિ યુ નો.માં બેસતો હતો. આ ઉપરાંત યુ.નો ની સ્થાપના કરનાર મૂળ પાંચ રાજ્યો યુનાઇટેડ સ્ટેટ્સ, રશીઆ, ગ્રેટ બ્રીટન, ફ્રાન્સ અને ચીન–તે પાંચ રાજ્યોના પ્રતિનિધિ-સભ્યને 'વીટો'ની સત્તા આપવામાં આવી છે એટલે કે યુ.નો.ની જે કાર્યવાહક સમિતિ જેને 'સીકયોરીટી કાઉન્સીલ'ના નામથી ઓળખવામાં આવે છે તેમાં રજુ કરવામાં આવતા કોઇ પણ પ્રસ્તાવનો ઉપર જણાવેલ પાંચ પાયાના સભ્યોમાંથી એક પણ સભ્ય વિરોધ કરે તો તે પ્રસ્તાવ ઉપર સીકયોરીટી કાઉન્સીલમાં મત લેવાય નહિ અને પરિણામે તે પ્રસ્તાવ સીકયોરીટી કાઉન્સીલને પડતો મૂકવો પડે.

આ રીતે યુ. નો. ની સ્થાપના થયા બાદ ચીનમાં રાજ્યક્રાન્તિ થઇ અને ચાંગ-કાઇ-શેકને અને તેના સાથીઓને ચીન છોડીને ફોર્મોસા ચાલી જવું પડયું અને આખા ચીન ઉપર સામ્યવાદી તંત્રની સ્થાપના થઇ. આમ છતાં પણ હજુ સુધી ચાંગ–કાઇ–શેક જેણે ફોર્મોસામાં એક પ્રતિસ્પર્ધી ચીની સરકાર ઉભી કરેલ છે, અને યુનાઇટેડ સ્ટેટ્સના બળવાન ટેકા વડે જે ત્યાં આજ સુધી ટકી રહેલ છે તેનો નીમેલો પ્રતિનિધિ આજે ચીનના પ્રતિનિધિ તરીકે યુ. નો.માં બેસે છે અને બધી બાબતમાં યુનાઇટેડ સ્ટેટ્સને અધીન રહીને વર્તે છે અને મત આપે છે. આ એક કેવળ અસ્વાભાવિક પરિસ્થિતિ છે. આના પરિણામે ચીન જેવા મહાન રાષ્ટ્રને લગતી કોઇ પણ બાબત યુ. નો. માં લાવી શકાતી નથી અને કદાચ લાવવામાં આવે તો પણ તે સંબંધમાં ચીનની વતી જવાબ આપે, ખુલાસો કરે એવી કોઇ વ્યકિત યુ. નો. માં સ્થાન ધરાવતી નથી. ચીનની રીતભાત સારી હોય, કે ખરાબ હોય પણ જેને સીધું કહી શકાય, અને જે તેનો જવાબ આપી શકે યા ખુલાસો કરી શકે એવો ચીનનો સાચો પ્રતિનિધિ યુ. નો. માં હોવો જ જોઇએ–આ યુ. નો. ને વાસ્તવિક રૂપ આપવા માટે અત્યન્ત જરૂરી છે, 'વાસ્તવિક રૂપ આપવા માટે' એમ કહ્યું તેનો અર્થ એ છે કે દુનિયાનું ગણનાપાત્ર એવું એક પણ રાષ્ટ્ર હોવું ન જોઇએ કે જે યુ. નો. માં જોડાયેલ ન હોય અને તો જ કોઇ પણ બે રાષ્ટ્રો વચ્ચેના ઝગડાનો નીકાલ શસ્ત્રબળ કે સૈન્ય બળના ઉપયોગથી નહિ, પણ યુ. નો. જેવી સંસ્થા દ્વારા સમજાવટ અને વાટાઘાટથી શકય બને–આવું જે યુ. નો. વિષેની કલ્પના છે તે, યુ. નો. માં ચીન દાખલ થાય તો જ, યુ નો, સાચો વાસ્તવિક આકાર ધારણ કરી શકે. જો ચીન યુ. નો. નું સભ્ય હોય તો ચીનની ઉપર યુ. નો. દ્વારા કાંઇ ને કાંઇ અંકુશ જરૂર ઉભો કરી શકાય અને તે સામે યુ. નો. નો એટલે કે દુનિયાના સમસ્ત રાષ્ટ્રોનો સંગઠિત મોરચો–જ્યારે જરૂર જણાય ત્યારે–ઉભો કરી શકાય.

આમ ચીનનો સાચો પ્રતિનિધિ યુ. નો. માં હોવો જ જોઇએ, અને તેના કહેવાતા પ્રતિનિધિને યુ. નો.માં કોઇ પણ પ્રકારનું સ્થાન હોવું ન જોઇએ એ બે ચાર જેવી વાત હોવા છતાં, તેનો

યુ.નો.માં યુનાઇટેડ સ્ટેટ્સ વિરોધ કેમ કરે છે એવો પ્રશ્ન સહજ ઉપસ્થિત થાય છે. આનું કારણ એમ છે કે આજની દુનિયાના મોટા રાષ્ટ્રો બે જુથમાં વહેંચાઇ ગયા છે: સામ્યવાદી રાષ્ટ્રો અને બીનસામ્યવાદી રાષ્ટ્રો, અને બીનસામ્યવાદી રાષ્ટ્રો જેનું આગેવાન યુનાઇટેડ સ્ટેટ્સ છે તે રાષ્ટ્રોનું જુથ સામ્યવાદી જુથ સામે પોતાનું રક્ષણ કરવાના હેતુથી દુનિયામાં સામ્યવાદી રાષ્ટ્રોની આસપાસ જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં પોતાનું લશ્કરી થાણું –military base– રાખવા અથવા તો ઉભું કરવા માગે છે. ફ્રેમોસામાં આ રીતે અમેરિકાનું એક ઘણું મોટું લશ્કરી થાણું ચાંગ–કાઈ–શેકને રક્ષણ આપવાના બહાને વર્ષોથી નખાયલું છે, અને જો આજના સામ્યવાદી ચીનને એક સભ્ય તરીકે યુ.નો.માં સ્વીકારવામાં આવે, તો તરત જ ચાંગ–કાઇ–શેકને અને તેના સાથીઓને સામ્યવાદી ચીનના હવાલે કરવા પડે, અને ફ્રેમોસા ખાતેનું પોતાનું અતિ મહત્વનું લશ્કરી થાણું યુનાઇટેડ સ્ટેટ્સને એકદમ ઉઠાવી લેવું પડે. આ માટે યુનાઇટેડ સ્ટેટ્સ તૈયાર નથી અને યુ.નો.માં બહુમતી યુનાઇટેડ સ્ટેટ્સની બાજુએ હોઇને ચીનને યુ. નો. માં પ્રવેશ મળી શકતો નથી કે આપી શકાતો નથી. અને આ રીતે યુ.નો. માં એક પ્રકારની અસ્વાભાવિક પરિસ્થિતિ વર્ષોથી ચાલ્યા કરે છે. ભારતનો પ્રયત્ન યુ.નો.માંની આ અસ્વાભાવિક પરિસ્થિતિનો અન્ત આણવાનો અને ચીનને યુ.નો. પ્રત્યે જવાબદાર બનાવવાનો છે. આ પ્રશ્નને આ રીતે સમજવાથી ચીનની આજની આક્રમક નીતિ સામે ભારતનો પોકાર અને ચીનને યુ. નો. માં દાખલ કરાવવાનો ભારતનો આગ્રહ–આ બે વચ્ચે જરા પણ વિરોધ જેવું નથી એ સ્પષ્ટ થશે. ઉલટું આપણા ચીન સામેના પોકારને, જો ચીનને યુ. નો. માં દાખલ કરવામાં આવે તો, દુનિયાના અનેક રાષ્ટ્રોનું નક્કર સમર્થન મળવાનો સંભવ ઉભો થશે. અને ચીન જો આજે કેવળ બેજવાબદાર રીતે વર્તે છે તેને અમુક અંશે જવાબદારીના ભાનપૂર્વક વર્તવાની ફરજ પડશે.

આ વિષયના અનુસંધાનમાં સંયુક્ત રાષ્ટ્રસંસ્થા અંગેના ચીનના પહેલાના અને આજના વલણમાં જે તફાવત જેવું માલુમ પડે છે તે તરફ થોડો અંગુલિનિર્દેશ અસ્થાને નહિ ગણાય. અમેરિકાના પ્રતિકુળ વલણને લીધે ચીનને યુ નો.માંથી બહિષ્કૃત રાખવામાં આવતું હતું તેથી ચીન અત્યન્ત નાખુશ હતુ અને અમેરિકા સામે ખૂબ રોષ અનુભવતું હતું અને ભારત તેમ જ અન્ય રાષ્ટ્રોની મદદ વડે યુ.નો.માં દાખલ થવાને તે ખૂબ આતુર હતું. હવે ચીને પોતાની નીતિ બદલી છે; પોતાની હકુમતને ચીન પોતાની આસપાસ આવેલા પ્રદેશો અને ખાસ કરીને દક્ષિણમાં આવેલા લડાક, ટીબેટ, નેપાલ, સીક્કીમ અને ભુતાન ઉપર વિસ્તારવા માગતું હોય એમ લાગે છે અને આક્રમણની રીતે આગળ વધવાનાં સ્વપ્નાં સેવી રહ્યું છે. આ નીતિપલટાના કારણે યુ.નો.માં દાખલ થવા સંબંધે ચીન હવે કશો ઉત્સાહ ધરાવતું નથી. આજ સુધી તેને કોઇ પૂછનાર નહોતું એવી સ્થિતિ ધરાવતા ચીનને, તેણે હવે આક્રમક નીતિ ધારણ કરી છે તેના સંદર્ભમાં, તેને પ્રશ્નો પૂછનારાઓના વર્તુલમાં બેસવું અને જેનો બચાવ થઇ ન શકે તેમ હોય તેનો બચાવ કરવાની કફોડી દશામાં મુકાવાનું ન ગમે એ તદ્દન સ્વાભાવિક છે અને તેથી ચીનને યુ.નો.માં દાખલ થવાનું નિમંત્રણ મળે તો પણ ચીન યુ.નો.માં દાખલ થાય કે કેમ એ એક સવાલ છે.

સૂરત ઉપર સરજાયલો જલપ્રલય

ગયા સપ્ટેંબર માસ દરમિયાન તાપી નદીના પૂરે માત્ર સૂરત શહેર ઉપર જ નહિ પણ સૂરત જીલ્લાના ઘણા ખરા પ્રદેશ ઉપર જે કાળો કેર વર્તાવ્યો તેની વિગતો વાંચતાં તેમ જ સાંભળતાં હૃદય કંપી ઉઠે છે. સો ઉપર માનવીઓએ જાન ગુમાવ્યા છે, અને ઢોરઢાંખરની ખુવારીનો તો કોઇ આંક જ બંધાય તેમ નથી. સાથે સાથે માલમીલ્કતની હાનિ પણ પાર વિનાની થઇ છે. પૂર દરમિયાન બે કે ત્રણ દિવસો સૂરતના લોકોએ જાનને પોતાની હાથ મુઠ્ઠીમાં રાખીને જે રીતે પસાર કર્યા હશે તેની ખરી કલ્પના સાક્ષાત્ અનુભવ સિવાય આવી શકે તેમ છે જ નહિ. કુદરત ઉપર કાબુ મેળવવાની માનવી ગમે તેટલી વાતો કરે અને શેખી કરે, પણ કુદરત રૂઠે છે ત્યારે માનવી કેવળ મગતરૂં હોય એ રીતે તેના હાલહવાલ કરી નાખે છે અને રાયને ઘડિમાં રંક બનાવી દે છે અને ભરપૂર ભંડારવાળાને ભીખ માગતા કરી મૂકે છે અને ઘરબાર વાળાને રખડતા બનાવે છે. આ જાનમાલની નુકસાની કોઇથી પણ ભરપાઇ થઇ શકે તેમ નથી, એમ છતાં પણ, જળસંકટની આ આફતમાં સપડાયલાં સંખ્યાબંધ કુટુંબોને ફરી ટટ્ટાર થવામાં જે રીતે જેનાથી મદદ થઈ શકે તેણે તે રીતે મદદ કરી એ આવી આફતના અભાવે સુખચેનમાં ફરતા આપણુ સર્વનો અનિવાર્ય ધર્મ બને છે. આ મદદ પહોંચાડવાનું સૌથી મોટું સાધન ધન છે. ધનની મદદથી ભાંગ્યાં ઘર સાજાં થઇ શકશે અને વિનાશ પામેલાં ઢોરઢાંખરની પુરવણી થઇ શકશે તેમ જ આવી અણધારી પછાડને લીધે સ્તબ્ધ બની ગયેલા, મૂઢતા અનુભવતા, નિરાધાર બની બેઠેલા માનવીઓને ઉભા કરી શકાશે, ચેતનવન્તા બનાવી શકાશે, નવા પુરૂષાર્થની ભાવનાથી પ્રેરિત કરી શકાશે. અનેક લોકોનાં ઘર ઉભાં છે, પણ ઘર વખરી તણાઇ ગઇ છે તેમને રાચરચીલું તેમ જ કપડાં પહોંચાડીને પણ ઘણી રાહત આપી શકાશે. આમ આ કરૂણ પરિસ્થિતિને હળવી બનાવવા માટે જેનાથી જે કાંઇ થઈ શકે તે કરી છૂટવા પ્રાર્થના છે.

કૈલાસ દર્શન

ખાંડ ઉદ્યોગ સાથે સંબંધ ધરાવતા જાણીતા ઉદ્યોગપતિ શ્રી. કરમશી જે. સોમૈયા ગયા વર્ષે પોતાની કુટુંબ મંડળી તેમ જ થોડાક સ્નેહીજનો સાથે કૈલાસની તેમ જ હિમાલયનાં અન્ય તીર્થસ્થાનોની યાત્રાએ ગયેલા. આ ત્રિકટ યાત્રા અંગે જરૂરી એવી સર્વ તૈયારી કરીને તેઓ ૧૯૫૮ના જુલાઇ માસની ૨૫મી તારીખે આહંથી ઉપડેલા. ઉત્તર પ્રદેશમાં ઉત્તર સીમાડા ઉપર આવેલ ટનકપુરથી તેઓ હિમાલયમાં દાખલ થયા અને પીઠોરાગઢ તરફ ગયા અને ત્યાંથી લીપુલેકની ઘાટી ઓળંગીને હિમાલય પર્વતની બીજી બાજુએ ટીબેટમાં દાખલ થયા, અને ગર્બ્યાંગ તેમ જ માન્ધાતા પર્વતની બાજુએ થઇને, રાકસતાલ અને માનસ સરોવર– એ બે અત્યન્ત વિશાળ સરોવરોની વચ્ચે થઇને તેઓ કૈલાસ પહોંચ્યા; કૈલાસની પ્રદક્ષિણા કરીને માનસ સરોવરની બીજી બાજુએ થઇને તેઓ હિમાલયના ગગનચુંબી હિમશિખરોની તળેટી સુધી આવી પહોંચ્યા અને નીતિઘાટના માર્ગે હિમાલયના હિમશિખરો વટાવીને ભારત બાજુએ તેઓ જોશીમઠ આવ્યા. જોશીમઠથી તેઓ બદ્રીનાથ ગયા. ત્યાંથી પાછા ફરતાં ચમોલી, ગોપેશ્વર, તુંગનાથ, ઉખીમઠના રસ્તે તેઓ ત્રિજુગી નારાયણ ગયા અને ત્યાંથી કેદારનાથ (ઉંચાઇ ૧૧૭૫૦ ફુટ) પહોંચ્યા. ત્યાંથી પાછા ફરતાં તેઓ ગુપ્તકાશી, રૂદ્રપ્રયાગ બાજુએ થઇને ઋષિકેશ આવ્યા. વળી ત્યાંથી તેઓ ઉત્તરકાશી થઇને જમ્નોત્રી અને પછી ગંગોત્રી પહોંચ્યા. આમ હિમાલયની પહેલી બાજુ કૈલાસ અને આ બાજુએ ગઢવાલમાં આવેલ બદ્રીનાથ, કેદારનાથ, જમ્નોત્રી અને ગંગોત્રી–એમ કુલ પાંચ તીર્થોની યાત્રા પુરી કરીને લગભગ સાડા ત્રણ મહિનાના ગાળે નવેંબર માસની છઠ્ઠી તારીખે તેઓ મુંબઈ પાછા ફર્યા. આ સમગ્ર તીર્થપ્રદેશનું દર્શન કરાવતું તેમણે તૈયાર કરેલું ચિત્રપટ સંઘ તરફથી સંઘની સભ્યોને 'મનોહર' માં દેખાડવામાં આવ્યું હતું. આ ચિત્રપટ જોતાં અઢી કલાક જેટલો વખત લાગ્યો હતો અને એટલો સમય જાણે કે અન્য કોઈ સૃષ્ટિમાં વિહાર કર્યો હોય એવી આનંદમુગ્ધતા આ પ્રસંગે હાજર રહેલા સભ્યોએ અને એમનાં

કુટુંબીજનોએ અનુભવી હતી. હિમાલયના આટલા વિસ્તીર્ણ પ્રદેશને આવરી લેતી યાત્રાને લગતું આવું અસાધારણ સાહસ ખેડવા માટે શ્રી કરમશીભાઇને ધન્યવાદ ઘટે છે અને તેને લગતું ચિત્રપટ જોવાની તક આપવા માટે સંઘ તેમનો અન્તઃકરણપૂર્વક આભાર માને છે.

'જીવન દર્પણ'

સ્વ. ટી. જી. શાહના જીવન અને લેખનને રજુ કરતું એક સુન્દર પુસ્તક તાજેતરમાં પ્રગટ કરવામાં આવ્યું છે અને તેનું નામ રાખવામાં આવ્યું છે 'જીવન દર્પણ' આ પુસ્તકના સંપાદક છે પ્રો. રમણલાલ ચી શાહ જેઓ સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ગુજરાતી ભાષાના મુખ્ય અધ્યાપક છે. તેના પ્રકાશક છે શ્રીમતી કંચનબહેન દેસાઇ (સ્વ. ટી. જી. શાહનાં પુત્રી) અને તેનું પ્રાપ્તિસ્થાન છે ટી. જી. શાહ બીલ્ડીંગ. પાયધુની, મુંબઇ ૩.

આ પુસ્તકને પાંચ વિભાગમાં વહેંચવામાં આવ્યું છે. પહેલા વિભાગમાં સ્વ. ટી. જી. શાહના જીવનચરિત્રનું સરેખ નિરૂપણ છે અને એ વાંચવાથી સ્વર્ગસ્થના અનોખા વ્યક્તિત્વની વિશેષતાઓ તથા ત્રિલક્ષણતાનો સચોટ ખ્યાલ આવે તેમ છે. બીજા વિભાગમાં ટી.જી. શાહના અંગત અનુભવના કેટલાક પ્રસંગો અને લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્રીજા વિભાગમાં ટી. જી. શાહે પોતાના જીવન દરમિયાન રચેલી કેટલીક કવિતાઓ સંગ્રહિત કરવામાં આવી છે. ચોથા વિભાગમાં ટી. જી. શાહે લખેલું કથા વાર્તા સ્વરૂપનું કિશોર સાહિત્ય અને પાંચમાં વિભાગમાં ટી. જી. શાહના અંપાયલી અનેક અંજલિઓમાંથી તારવેલી થોડીક અંજલિઓ સમાવિષ્ટ કરવામાં આવી છે. સુન્દર કાગળ તથા છપાઇ. ટી. જી. શાહની ભવ્ય મુદ્રાને રજુ કરતું સુરૂપ જેકેટ અને પુસ્તકમાં અન્તર્ગત કરવામાં આવેલી કેટલીક છબીઓ—આ કારણે સમગ્ર સંપાદન ભારે કળાપૂર્ણ અને આકર્ષક બન્યું છે. આ પુસ્તકના નિર્માણે સ્વ. ટી. જી. શાહનાં સ્મરણોને ચિરાયુષી બનાવ્યાં છે. ઉગતી પ્રજાને તેમાંથી અનેક વિધ પ્રેરણા મળે તેમ છે. **પરમાનંદ**

સમુદ્રવિહાર મુલતવી

તા. ૧૩ મી ઓકટોબરની રાત્રીના ૮ થી ૧૧ સુધી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજવામાં આવેલ સમુદ્રાવહાર પ્રતિકુળ હવામાનના કારણે મુલતવી રાખવો પડયો હતો. આ અંગે જે સભ્યોએ પ્રવેશપત્રો મેળવ્યા હોય તેમને પ્રવેશપત્રો સંઘના કાર્યાલયમાં પહોંચતાં કરીને પોતપોતાનાં નાણાં પાછા મેળવી લેવા વિનંતિ છે. **મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

સંઘની ચાલુ પ્રવૃતિઓ માટે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘને થયેલો અર્થલાભ

૧૦૦૦	શ્રી	ચંચળબહેન ટી. જી. શાહ
૩૦૦	,,	ચીમનલાલ પી. શાહ
૨૦૧	,,	રમણિકલાલ મણિલાલ શાહ
૨૦૧	,,	તારાચંદ ધનજીભાઇ મહેતા
૨૦૧	,,	એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨૦૦	,,	રસિકલાલ મોહનલાલ ઝવેરી
૨૫૦	ડો.	લાખાણી
૧૫૧	શ્રી.	ખીમજી માડણ ભુજપુરીઆ
૧૫૦	,,	એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૦૧	,,	એક બહેન તરફથી
૧૦૧	,,	ધીરજલાલ મોરારજી અજમેરા
૧૦૧	,,	ચંદુલાલ કેશવલાલ
૧૦૧	,,	સરૂપચંદ એન. શ્રોફ
૧૦૧	,,	મંજુલાબહેન, સરલાબહેન તથા આનંદિલાબહેન, કોઠારી.
૧૦૧	,,	એક સજ્જન તરફથી
૧૦૧	,,	નૌતમભાઇ દીપચંદ શાહ
૧૦૧	,,	હીરાબહેન દીપચંદ સંઘવી
૧૦૧	,,	વીરચંદ પાનાચંદ શાહ
૧૦૧	,,	રતિલાલ નરસિંહભાઇ
૧૦૧	,,	ચીમનલાલ ચકુભાઇ શાહ
૧૦૧	,,	કચ્છી વીશા ઓસવાળ પ્રિન્ટીંગ પ્રેસ
૧૦૧	,,	લીલાધર પાસુ શાહ
૧૦૦	,,	તારાબહેન ચંદુલાલ ઝવેરી
૧૦૦	,,	ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૧૦૦	,,	અમૃતલાલ જેઠાલાલ શાહ
૫૧	,,	અંબાલાલ ચતુરભાઇ શાહ
૫૧	,,	જયંતીલાલ અંબાલાલ શાહ
૫૧	,,	પન્નાલાલ અંબાલાલ શાહ
૫૧	,,	પાર્વતીબહેન અંબાલાલ શાહ
૫૧	,,	સુરજબહેન કોઠારી
૫૧	,,	પ્રવીણચંદ્ર હેમચંદ
૫૧	,,	ચુનીલાલ નરભેરામ
૫૧	,,	એક સદ્‌ગૃહસ્થ
૫૧	,,	જી. યુ. મહેતા
૫૧	,,	કાંતિલાલ વસા
૫૧	,,	ગુલાબબહેન શેઠ
૫૦	,,	મોંઘીબહેન હીરાલાલ શાહ
૫૦	,,	મોહનલાલ નગીનદાસ જરીવાળા
૫૦	,,	મહાસુખલાલ ભાયચંદ
૩૧	,,	એક ભાઇ તરફથી
૩૧	,,	કેતેહચંદ લલ્લુભાઇ
૨૫	,,	લવણપ્રસાદ ફૂલચંદ શાહ
૨૫	,,	મણિબહેન સવચંદ કાપડિયા
૨૫	,,	જસુમતીબહેન કાપડિયા
૨૫	,,	મફતલાલ ભીખાચંદ શાહ
૨૫	,,	ચંદુલાલ સાંકળચંદ વકીલ
૨૫	,,	લલિતાબહેન લાલભાઇ
૨૫	,,	મેનાબહેન નરોત્તમદાસ શેઠ
૨૫	,,	કાંતાબહેન ઝવેરી
૨૫	,,	મણિબહેન શિવલાલ
૨૫	,,	પી. એચ. કામદાર
૨૫	,,	કાંતિલાલ નથ્થુભાઇ પારેખ
૨૫	,,	જયચંદ એન્ડ સન્સ
૨૫	,,	તારાબહેન શ્રોફ
૨૫	,,	રાયચંદ હીરાચંદ ઝવેરી
૨૫	,,	ખેતસી માલસી સાવલા
૨૫	,,	કાંતાબહેન દફતરી
૨૫	,,	સમરતબહેન દોશી
૨૫	ડો.	સુશીલાબહેન ઉદાણી
૨૫	શ્રી.	લક્ષ્મીબહેન માણેકલાલ
૨૫	,,	ચુનીલાલ મોટાણી
૨૫	,,	અનસુયાબહેન જસાણી
૨૫	,,	નાનચંદભાઇ શામજી
૨૫	,,	પરમાનંદ કુંવરજી કાપડિયા
૨૫	,,	લીલાવતીબહેન દેવીદાસ
૨૫	,,	સેવંતીલાલ ખેમચંદ
૨૧	ડો.	કે. એમ. પરીખ
૨૧	શ્રી.	પ્રભાબહેન
૨૧	,,	એસ. એમ. શાહ
૨૦	,,	હર્ષદરાય નરોત્તમદાસ
૧૫	,,	પ્રવીણચંદ્ર મંગળદાસ
૧૫	,,	અંબાલાલ એલ. પરીખ
૧૧	,,	મુળચંદભાઇ પ્રેમજી
૧૧	,,	શિવલાલ કે. મહેતા
૧૧	,,	જાદવજી સોમચંદ મહેતા
૧૧	,,	શાંતિલાલ દેવજી નંદુ
૧૧	,,	કાંતાબહેન કસ્તુરચંદ ઝવેરી
૧૧	,,	સુખલાલ મનસુખલાલ
૧૧	,,	નંદલાલ રતીલાલ ગાંધી
૧૧	,,	સરલાબહેન મહેતા
૧૧	,,	એક સદ્‌ગૃહસ્થ
૧૦	,,	એક સદ્‌ગૃહસ્થ
૧૦	,,	પ્રાગજીભાઇ હીરાચંદ
૧૦	,,	દેવજી ઉભરસી
૧૦	,,	સી. કે. શાહ
૧૦	,,	કાંતિલાલ ઉમેદચંદ બરોડિયા
૧૦	,,	દીપચંદ ભાયચંદ વોરા
૫	,,	લીલાબહેન દફતરી
૫	,,	એક ગૃહસ્થ
૫	,,	ભગનલાલ શેઠ
૫	,,	ઇન્દ્રવદન રામભાઇ
૫	,,	કસ્તુરબહેન મૈશેરી
૫	,,	કાંતિલાલ પી મોદી
૫	,,	એક બહેન તરફથી
૫	,,	મયાબહેન મોહનલાલ
૩	,,	પરચુરણ
૬૭૮–૨૨		ઝોળીમાં આવ્યા
૫૦–૧૨		પેટીઓમાં આવ્યા
૬૩૫૮–૩૪		

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

ગાંધીજીનું સ્મરણ અને નહેરૂનું મનોમંથન

(ગત એપ્રીલ માસની ૧૫ મી તારીખે મદુરા ખાતે ગાંધી મેમોરિયલ મ્યુઝીયમના ઉદ્‌ઘાટન પ્રસંગે અને ગાંધી સ્મારક નિધિની પ્રાદેશિક શાખાઓના પ્રમુખો અને સંચાલકોની પરિષદના પ્રારંભ-મંગલ પ્રસંગે ભારતના મહામાત્ય જવાહરલાલ નહેરૂએ કરેલા પ્રવચનનો નીચે અનુવાદ આપવામાં આવે છે. આ પ્રવચન ચાલુ ઔપચારિક પ્રવચનો કરતાં ભિન્ન કક્ષાનું છે. આ પ્રવચનનું સ્વરૂપ વર્ષો જુના ગાંધીવાદી સાથીઓ સાથે ગાંધીજી અંગેનું એક પ્રકારનું સહચિન્તન જેવું છે, અથવા નહેરૂની ગાંધીલક્ષી આત્મપર્યાલોચના છે. ગાંધીયુગી અનેક કાર્યકર્તાઓની મુંઝવણ, અકળામણ, સ્વલક્ષી પ્રશ્નોત્તરી આ પ્રવચનમાં રજુ કરવામાં આવી છે. પ્રવચનશૈલી loud thinking-પ્રગટ ચિન્તન-મનમાં ચાલતા વિચારોને મઠારવાનો પ્રયત્ન કર્યા સિવાય તે જેમ આવે તેમ વાણીમાં રજુ કરતાં જવું-આ પ્રકારની હોઈને, નિરૂપણમાં કાંઇક અસ્તવ્યસ્તતા જોવામાં આવે છે અથવા તો જોઇએ તેટલી સુગ્રથિતતા દેખાતી નથી, એમ છતાં અન્તરના ઉદ્‌ગારની તેમાં સ્વાભાવિકતા છે જ અને તેથી તેનું અનોખું મૂલ્ય છે. મૂળ લખાણ વાચકોને સુગમ બને તે માટે અનુવાદ કરવામાં મૂળ ભાવને ક્ષતિ ન પહોંચે તે રીતની થોડી છૂટ લેવામાં આવી છે અને એ રીતે અનુવાદને ઘાટીલો બનાવ્યો છે.

સાધારણ રીતે આજ સુધી કોઇ પણ સ્થળે ગાંધીજીની પ્રતિમા મૂકવા સામે નહેરૂ ઉગ્ર વિરોધ દાખવી રહ્યા હતા. આ પ્રવચનમાં પહેલી જ વાર તેઓ ગાંધીજીની મૂર્તિપ્રતિષ્ઠાનું અનુમોદન કરે છે, સચોટ રીતે સમર્થન કરે છે. હવે તેમનો વાંધો માત્ર ગાંધીજીની બેડોળ મૂર્તિઓ અને છબીઓ સામ છે, જે તદ્દન વ્યાજબી છે. **પરમાનંદ**)

જ્યારે મને અહિં આવવાનું નિમંત્રણ આપવામાં આવ્યું ત્યારે મેં બહુ રાજીખુશીથી તે નિમંત્રણનો સ્વીકાર કર્યો, અને એમ છતાં મારે જણાવવું જોઇએ કે ગાંધીજી સાથે સંબંધ ધરાવતા આવા કોઇ અવસર ઉપર હાજર રહેવાનું કબુલ કરતાં મેં હંમેશા કાંઇક મુશ્કેલી - મુંઝવણ અનુભવી છે. કારણ કે તેમનું સ્મરણ અને તેમને લગતા વિચારો મારા મનને અનેક રીતે અભિભૂત કરે છે અને કેટલીક વાર ઊંડી અકળામણ પેદા કરે છે. આ અકળામણ ગાંધીજીને લગતા વિચારોના કારણે કદાચ નહિ હોય, પણ આજે જો તેઓ જીવતા હોત તો આપણી સામે ઉભી થતી નવી નવી પરિસ્થિતિઓ અંગે તેમના મનના આઘાત-પ્રત્યાઘાત કેવા હોત, તે સંબંધમાં તેમણે શું સલાહ આપી હોત, અને તેમની સંભવિત સલાહને અનુસરવામાં આપણે કેટલાં મંદ, શિથિલ, ઢીલા મનના માલુમ પડ્યા હોત-આને લગતા તર્કવિતર્કો કદાચ એ અકળામણનું કારણ હોય. આવા પ્રશ્નોનો તાગ કાઢવા હંમેશા મારૂં મન મથામણ કરતું હોય છે, અને આ મથામણ આવા પ્રસંગે વધારે તીવ્ર બને છે. જે ઉચ્ચ ધોરણો તેમને પસંદ હતા, અનુમત હતા, અને જે તેમણે આપણી સમક્ષ રજુ કર્યા હતા તે ધોરણો અનુસાર હું આવી રહ્યો છું એવો દાવો કરવાની ધૃષ્ટતા કરી શકું તેમ નથી. એમ છતાં પણ, આ વિચાર મારા મનમાં અવાર નવાર ઉઠી આવે છે: આજની પેઢીના આપણે લોકો તેમના કહેવા મુજબ વર્તતા હોઇએ કે ન હોઇએ, પણ આપણે આટલા બધા શબ્દોમાં તેમના વિષે જે કાંઇ બોલી રહ્યા છીએ તેને ખરેખર આપણે વફાદાર છીએ ખરા? અથવા તો એ માત્ર શબ્દો જ છે અને એ મુજબ આપણે વર્તતા નથી એ અર્થમાં જે તત્ત્વતઃ સત્ય નથી એવું જ કાંઇક આપણે બોલી રહ્યા છીએ? આ એક ઘણો આકરો સવાલ અને ઘણી કઠણ સમસ્યા છે. અને એ મુશ્કેલ છે એટલા માટે, જેનો હું મારા માટે ઉકેલ શોધી શકતો નથી તે વિષે બીજાને મારે શું કહેવું તેની મને જલ્દિથી સમજ પડતી નથી.

પણ એમ છતાં એટલું હું જરૂર કહી શકું છું કે આપણે ગાંધીજી વિષે જે બધું કલ્પીએ છીએ તે કરતાં તેઓ બેશક બધારે મહાન હતા અને તેમને અનુસરવાનું, તેમની સાથે કામ કરવાનું જેમને સદ્‌ભાગ્ય સાંપડ્યું હતું તેમને તેમનું સાર્વદર્શન મળતું રહેતું હોવા છતાં, પોતાના પ્રશ્નોનો દરેક જણ જાતે જ વિચાર કરે અને તેની પોતાની સમજણ મુજબ જ - જો કે આ સમજણ અધુરી હોય, અસ્પષ્ટ હોય એમ બનવાજોગ છે - નિર્ણયો લે અને અમલમાં મૂકે એ રીતે તેમને ઉત્તેજવાનો વર્તવા દેવાનો-તેમનામાં એક અસાધારણ ગુણ હતો અથવા તો આગ્રહ હતો. પોતાની જાતને એટલે કે પોતાના વિચારોને કોઇની ઉપર તેઓ લાદવા ઇચ્છતા નહોતા. તેમની પોતાની જે આગવી કાર્યપદ્ધતિ હતી તે તરફ લોકોનાં મન અને દિલને વાળવા તેઓ જરૂર ઇચ્છતા હતા, પણ એમાં કોઇનાં ઉપર કશું પાદવાપણું હતું જ નહિ. તેઓ જે કાંઇ કહે તે લોકો દલાઇને, ભીંસાઇને એમને પૂછે કે બોલે અથવા તે મુજબ વર્તે એમ તેઓ કદિ ઇચ્છતા નહિ. એ પ્રકારના અંધ અનુસરણની તેઓ કદિ અપેક્ષા રાખતા નહિ, જો કે તેમના મહાન વ્યક્તિત્વના દબાવ નીચે, અનિવાર્ય પણે, સ્વયંસ્ફૂર્ત પણે વિચારવાનું કે વર્તવાનું લોકો માટે મુશ્કેલ બનતું જતું જો આવા પુરૂષના સમાગમમાં આપ આવો તો આમ બનવું અનિવાર્ય છે અને તેમાં બીજો કોઇ વિકલ્પ રહેતો નથી. આમ આપત્ત પણ લાગ્યા વિના રહે નહિ, એમ છતાં આ વૃત્તિને તેઓ કદિ ઉત્તેજન આપતા નહિ. અને તેથી જ્યારે આપણી સામે પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે મને લાગે છે કે, એ સંબંધમાં આપણે આપણા પોતાના નિર્ણયો શોધી લેવા જોઇએ, અલબત્ત તેમની પાસેથી આપણે જે કાંઇ શિખ્યા હોઇએ તે પૂરું ધ્યાનમાં લેવું જોઇએ, એમ છતાં પણ, નિર્ણયો આપણી પોતાની સુઝથી જ મેળવાયલા હોવા જોઇએ અને તેમણે ભિન્ન સંયોગોમાં ભિન્ન અવસર ઉપર જે કાંઇ કહ્યું હોય તેનો આધાર લઇને આપણે ચાલવું જોઇએ નહિ.

ભિન્ન સંયોગોના સંદર્ભમાં તેમણે શું કર્યું હોત કે આપણને તેમણે શું સલાહ આપી હોત તે કહેવું મુશ્કેલ છે. કારણ કે ગાંધીજી વિશેષ કરીને ક્રિયાશીલ વ્યક્તિ હતા, સમયાનુરૂપ કાર્યશક્તિ નિર્માણ કરતા મહામાનવ હતા. એકની એક વસ્તુ ઘુંટ્યા કરે અને બદલાતી પરિસ્થિતિમાં એક જ વાત કહ્યા કરે એવી વ્યક્તિ ગાંધીજી કદિ નહોતા. અમુક સિદ્ધાન્તો ઉપર અવશ્ય તેઓ મક્કમ હતા અને તેને વળગી રહેવાનો શક્ય એટલો પ્રયત્ન તેઓ કરતા અને, હું માનું છું કે, જે પ્રકારની જીવનયાત્રા તેમણે પોતા માટે નક્કી કરી હતી તેમાં તેમને પૂરી સફળતા મળી હતી. એક વખત એક બાબત તેમના મનમાં ચોકકસ થઈ, પછી તે બાબતથી તેમને કશું પણ ચલાયમાન કરી શકતું નહિ. પણ જીવનને લગતી નાની નાની બાબતોને જેમાં કશો ફેરફાર થઈ જ ન શકે એવી કોઇ પાયાના સત્ય તરીકે તેઓ કદિ લેખતા નહિ. તેમને પ્રતીતિ થઇ હતી કે જીવન તે સતત પરિવર્તન પામ્યા કરતું અને વિકસતું રહેતું તત્ત્વ છે અને તેથી સતત વિકસતી અને પ્રાણમયતા દાખવતી રીતે જ જીવનને લગતા પ્રશ્નોનો તેઓ વિચાર કરતા. ભારતને અને જગતના લોકોને જે પચ્ચાસ વર્ષ અથવા તેથી પણ વધારે સમય સુધી તેમણે અઠળક સેવા આપી તે દરમિયાન તેમની કાર્યપદ્ધતિ સદા પરિવર્તનશીલ રહી હતી. સામે આવતી

સમસ્યાઓને તેઓ બરોબર સમજતા હતા અને નવી સમસ્યાઓનો નવી રીતે – કાંઇક બદલાયેલી રીતે–તેઓ હંમેશા મુકાબલો કરતા હતા, કારણ કે બદલાયેલા સંયોગને પારખવો, અને તેને યોગ્ય રીતે પહોંચી વળવું અને એમ છતાં પોતાના પાયાના આદર્શોને વફાદાર રહેવું–આ તેમની અદ્‌ભુત વિશેષતા હતી. આપણે જેવા છીએ તેવા હોઇને, તેમના વિષે આપણે શી રીતે વાતો કરી શકીએ અને તેમના આદર્શો પ્રમાણે આપણે જીવી રહ્યા છીએ એવો દાવો પણ આપણે શી રીતે આગળ ધરી શકીએ ? આ જ મારી મુંઝવણ છે.

આમ છતાં પણ તેમના વિષે વાતો કરવાનું કોઇને પણ ગમે; કારણ કે તેમના વિષે વાતો કરવાથી એક પ્રકારનું આશ્વાસન મળે છે, અને કોઈ મહાન તત્ત્વનું સ્મરણ થાય છે અને તેને લીધે એક પ્રકારના ઊર્ધ્વીકરણનો ભાવ અનુભવાય છે. આ સંગ્રહસ્થાન જેવી જગ્યાએ આવવું એ પણ અલ્હાદક્ર શ્રેયસ્કર–લાગે છે. અહિંના વાતાવરણથી આપણી જાત ઊંચે ઉઠે છે અને આપણા જીવનના ચાલુ સંઘર્ષો અને દ્વેષભત્સરોથી પર એવા પ્રદેશમાં આપણે બે ઘડિ વિચરતા હોઇએ એવું લાગે છે. આમ હોવાથી અહિં આવવું ગમે છે, મધુર લાગે છે અને ભારતના જુદા જુદા વિભાગોમાં આવાં સંગ્રહસ્થાનો આપણે ઉભાં કરી રહ્યા છીએ એ પણ યોગ્ય જ ભાસે છે. કદિ કદિ ગાંધીજીની પથ્થર, આરસ કે ધાતુની પ્રતિમા સ્થાપિત કરવામાં આવે તે પણ યોગ્ય છે. કેટલાંક વર્ષ સુધી ગાંધીજીની પ્રતિમાઓ અને મૂર્તિઓ મૂકવા સામે મારું મન ખૂબ પ્રતિકુળ પ્રત્યાઘાત અનુભવતું. તેનું અંશતઃ કારણ એ હતું કે કોઇ પણ પ્રકારની મૂર્તિપૂજા મને નાપસંદ હતી, અને વ્યક્તિના આન્તરિક ગુણો પૂજા અને ચિન્તનનું પાત્ર બનવા જોઇએ, તે આન્તરિક ગુણોનું સ્થાન મૂર્તિઓ અને પ્રતિમાઓ લે તે સામે પણ મને એટલો જ અણગમો હતો. મને લાગતું કે આપણને ઔપચારિક અનુષ્ઠાનો કરવા બહુ ગમે છે અને એમ કરીને આપણું કર્તવ્ય પૂરું થઇ ગયું એમ આપણે માનતા હોઇએ છીએ. પણ આ વિષે વધારે વિચાર કરતાં મને લાગ્યું છે કે જો કળાની દૃષ્ટિએ સુન્દર કૃતિ હોય તો ગાંધીજીની પ્રતિમા અથવા તેના જેવું બીજું કાંઇક જાહેરમાં મૂકવા સામેનો મારો વાંધો બરોબર નહોતો. મને લાગ્યું છે કે આવું કાંઇક કરવામાં આવે તે ઇચ્છવા યોગ્ય છે, કારણ કે તેવી પ્રતિમા તે તે મહાપુરૂષની યાદ આપવામાં આખરે ઉપયોગી બને છે. તે વડે આપણા દિલમાં–અને તે પ્રતિમાનાં જે કોઇ દર્શન કરશે તે સર્વના દિલમાં–તે મહાપુરૂષનું–ભારતના તે પનોતા પુત્રનું–સ્મરણ ઓછાં વધતા અંશે તાજું થશે, અને તેવું સ્મરણ આપણને થોડા વખત માટે પણ વધારે શ્રેયપરિણુત–વધારે શુભલક્ષી–બનાવશે. આમ હોવાથી અહિં પ્રતિષ્ઠિત કરવામાં આવેલ ગાંધીજીની પ્રતિમા જે ખરેખર એક સારી કળાકૃતિ છે તેને હું આવકારું છું.

તેમનો વિચાર કરવો તે આપણા ભલા માટે છે, કારણ કે, મને લાગે છે કે, તેમનું માત્ર ચિન્તન જ આપણને સારા બનવામાં સહાયક બને તેમ છે. આપને યાદ હશે કે તેમની જીવન્ત ઉપસ્થિતિ આપણને જેમ અન્તઃસંશોધન તરફ ખેંચી જતી તેવી જ રીતે તેમનું ચિન્તન પણ આપણને અન્તર્મુખ બનાવતું. અને આપણી જાતને ઊંડાણથી નિહાળવા પ્રેરતું. અને તેથી તેમની સમીપ હોવાનું બનતાં જેમ આપણા આનંદનો પાર રહેતો નહોતો તેવી જ રીતે આપણે તેમના સાથી હોવાની યોગ્યતા ધરાવીએ છીએ કે નહિ ? વસ્તુતઃ જેવા આપણે નથી તેવું જ કાંઇક આપણે કદાચ બોલી રહ્યા નથી ને ? અથવા તો તેમને જ કાંઇક દેખાવ આપણે કરી રહ્યા નથી ને ?–આવો સનાતન પ્રશ્ન આપણી અંદર વેદના-વ્યાકુળતા–જન્માવતો હતો. તેઓ જ્યારે વિદ્યમાન હતા ત્યારે જો આપણે આવો અનુભવ હતો, તો જ્યારે તેઓ આપણી વચ્ચે નથી ત્યારે તે સંવેદન કેટલું વધારે તીવ્ર હોવું જોઇએ ? આમ તેમનું સ્મરણ હંમેશા આ સનાતન પ્રશ્ન ઉપસ્થિત કરતું રહ્યું છે અને તેમના વિષેની આપણી નિષ્ઠાને પડકારી રહેલ છે. પણ સાથે સાથે હવે એમ પણ લાગે છે કે આવા નિરર્થક પ્રશ્નચિન્તનમાં આપણું જીવન વીતાવતા રહીએ એ યોગ્ય નથી. આપણે ગાંધીજીના સંદર્ભમાં આપણા કર્તવ્યધર્મનો નિર્ણય કરવો જોઇએ, જીવન્ત વર્તમાનને લક્ષ્યમાં રાખીને આપણે પૂરા સક્રિય બનવું જોઇએ, અને આખરે આપણી સુઝ મુજબ આપણી અંદરના પ્રકાશ મુજબ આપણે મક્કમપણે ગતિશીલ થવું જોઇએ.

આ વિષયની એક બીજી બાજુ પણ છે. આપણી પોતાની સુઝ અનુસાર વર્તી ન શકાય એવી પરિસ્થિતિ આગે શું કરવું ? કેમ વિચારવું ? આ રીતે એક બીજી મોટી મુસ્કેલી ઉભી થાય છે. ગાંધીજી પયગંબર કોટિની વ્યક્તિ હતા, એક મહાન નેતા હતા અને એમ છતાં રાજકારણી આગેવાનો જે પ્રકારના સાધારણ રીતે જોવામાં આવે છે–તેઓ ગમે તેટલા મોટા હોય તો પણ–આ રાજકારણી આગેવાનો કરતા તદ્દન જ ભિન્ન પ્રકારના હતા. પેલા કહેવાતા રાજકારણી આગેવાનોને અને 'રાજકારણી' શબ્દ હું કોઇ ખોટા કે ખરાબ અર્થમાં કે કટાક્ષમાં વાપરતો નથી; હું તો ઉચ્ચકોટિના નેતાઓ, રાજકારી પુરૂષો, મુત્સદ્દીઓ લોકોના નેતાઓનો ખ્યાલ રાખીને આ કહી રહ્યો છું કે આ રાજકારણી આગેવાનોને–એવા લોકો સાથે વ્યવહાર કરવાનો હોય છે કે જેમને તેઓ દોરવણી આપતા રહેવામાં આવે છે, પણ જેમને તેમની એટલે કે તે લોકોની પોતાની જેટલી તાકાત હોય તેટલી મર્યાદામાં જ તેઓ દોરી શકે છે. લોક નેતાને સત્ય દેખાતું હોય–હું એ શબ્દ મર્યાદિત અર્થમાં વાપરું છું–પણ જેમને તે દોરી રહેલ છે તેમને તે સત્ય ન દેખાય તો તેણે શું કરવું ? જો તેમને તે દૂર સુધી દોરી ન શકે અને પોતે એકલો જ આગળ દોડી જાય તો તે કાંઇ ઇષ્ટ પરિસ્થિતિ કહેવાય નહિ. જો તે તેમની સાથે પગલાં માંડીને ચાલવા જાય તો તેને જે સત્યનો ભાસ થયો છે તે સત્યને અથવા તો તે સત્યમાંથી ફલિત થતા કાર્યને અમુક પ્રમાણમાં તેણે મર્યાદિત કરવું પડે, કારણ કે અન્ય લોકોને તે સત્ય યોગ્ય રીતે અથવા તો પૂરતા પ્રમાણમાં દેખાયું નથી. અને તેથી જે બાબતો તેણે કરવી જોઇએ અને જે બાબતો તેના ખ્યાલ મુજબ અમુક મર્યાદિત રૂપમાં જ અમલી બની શકે તેમ છે એ બે વચ્ચે બાંધછોડ કરતા રહેવાનો જ પ્રશ્ન મુખ્યત્વે કહીને તેને હંમેશા અકળાવ્યા કરતો રહેવાનો. અને, બેશક, એક રીતે ગાંધીજી માત્ર ઉચ્ચ કક્ષાના સિદ્ધાન્તવાદી હતા અને સત્યના ઉપાસક હતા એટલું જ નહોતું પણ, લોકોની નાડ સાથે તેઓ ખૂબ સંપર્કમાં હતા. ખરૂં પૂછો તો જો કોઇ ભારતની પ્રજાનો ખરો પ્રતિનિધિ હોય તો તે માત્ર ગાંધીજી હતા. તે પ્રજાસમુદાયને આરપાર ઓળખતા અને આપણાંમાંના ઘણા છે તે કરતાં ખૂબ વધારે તેઓ તેમના અંગભૂત–અવયવ સમાન હતા. ગાંધીજીએ લોકોને ચમત્કાર કરી દેખાડવા કહ્યું, તેઓ એટલે કે લોકો ચમત્કાર કરી શકે તેમ છે એમ ગાંધીજીએ માન્યું અને તે મુજબ લોકોએ ચમત્કાર કરી પણ દેખાડ્યા. હું માનું છું કે જે કરવાનું લોકો માટે બીલકુલ શકય જ નહોતું તેવું કાંઇ પણ કરવાનું તેમણે લોકોને કદિ કહ્યું નહોતું. તેમણે કોઇ એક વ્યક્તિ પાસેથી વધારે કડક શિસ્તની અપેક્ષા રાખી હશે, પણ જનસમુદાય વિષે તેમણે કદિ એવી કડક અપેક્ષા સેવી નહોતી. આમ છતાં પણ જે તેમને ખોટું લાગતું તે સાથે તેમણે કદિ બાંધછોડ કરી નહોતી: અને આ વિશાળ દુનિયામાં એવો એક પણ રાજકીય નેતા જોવામાં આવ્યો નથી – પછી તે ભલેને ગમે તેટલો મોટો હોય કે જેને પોતાના વિચારો

સાથે દિન પ્રતિ દિન બાંધછોડ કર્યા સિવાય ચાલી શકયું હોય. આવી બાંધછોડ સંભવ છે કે, નાની નાની બાબતોને લગતી હોય. પણ જો આમ નાની નાની બાબતોમાં બાંધછોડ કરવાની ટેવ પાડો તો કોઇ વાર આપ મોટી બાબતોમાં બાંધછોડ કરવાના. એ તો લપસણી પ્રક્રિયા છે. કારણ કે લોકશાસિત સમાજમાં બાંધછોડ કરવાનું ઘણીવાર આવશ્યક–અનિવાર્ય–બને છે અને તેનું કારણ એ છે કે લોકશાહીનો નેતા લોકોને માત્ર દોરતો જ નથી, પણ લોકોથી દોરવાતો પણ હોય છે. સાધારણ કોટિના લોકનેતાના નેતૃત્વનું સ્વરૂપ કાંઇક આવું હોય છે. લોકોના બળાબળનો ગાંધીજીને પૂરો ખ્યાલ હતો અને પોતાના સિધ્ધાન્તો ઉપર ગાંધીજી પૂરા મક્કમ હતા, તેથી આવી બાંધછોડ કરવાનો પ્રસંગ ગાંધીજીના ભાગે કદિ આવ્યો નહોતો અથવા તો એવી બાંધછોડ ગાંધીજીએ કદિ કરી નહોતી.

આપને આ બધું એટલા માટે જણાવું છું કે આ પ્રકારના સંઘર્ષનો અને આ પ્રકારની બાંધછોડના પ્રલોભનનો અમારામાંના ઘણાખરાને ચાલુ સામનો કરવાનો હોય છે. દુનિયાની સમસ્યાઓનો સામનો કરવાનું કાર્ય હંમેશાં મુશ્કેલ રહ્યું છે. આજે આ સમસ્યાઓ વધારે વિકટ અને ચિન્તા કરાવે તેવી બની છે, અને તે અમારામાં રહેલા પુરૂષાર્થને પડકારી રહેલ છે. તેમાં રહેલી અન્તર્ગત મુશ્કેલીઓ ઉપરાંત, અન્ય સંયોગોના સંદર્ભમાં ગાંધીજીએ જે કાંઇ કહેલું અને કરેલું તેની સાથે આજની સમસ્યાઓના અમને સુઝતા ઉકેલ સાથે કેમ મેળ બેસાડવો એ અમારા માટે એક વિશેષ મુશ્કેલી ઉભી થતી રહી છે.

તેમણે આ કે તે પ્રસંગ ઉપર જે સેંકડો વાતો કરેલી તેનો હું અહિં ઉલ્લેખ કરતો નથી, જો કે જ્યારે તેમણે જે કાંઇ કહેલું તે એક સંપૂર્ણ ચિત્ર રજુ કરતું હતું, કારણ કે તેમનું જીવન જેમાં એક પણ ખોટી રેખા કે વિસંવાદી સૂર નહોતો એવું એક સંપૂર્ણ કળાનિર્માણ હતું. તે એક મહાન નેતા હતા જેઓ અમુક ક્ષણોએ એ સમયની વિરાટ સમસ્યાનો સામનો કરતા હતા, જે પછીના સમય અને કાળના સંદર્ભમાં એટલી મહત્વની ન પણ લાગે. તેમના જીવનમાં એવું કાંઇક હતું જે એ કોટિનું સ્થાયી રહસ્ય ધરાવતું હતું કે જે સનાતન સત્યમાં રહેલું હોવાની કલ્પના કરવામાં આવે છે.

હવે, અમારામાંના કેટલાક ગાંધીજીએ જે કહેલું યા કરેલું તેમાંથી કેટલીક એવી બાબતો વિષે આગ્રહ સેવતા હોય છે કે, જે અગત્યની હોવા છતાં, મારા અભિપ્રાય પ્રમાણે, ગાંધીજીએ જે બીજી કેટલીક બાબતો કહેલી કે કરેલી છે તેના પ્રમાણમાં ઓછા મહત્વની છે. સાધારણ અનુયાયી નાની સાધારણ અલ્પ મહત્વની બાબતોમાં ગુંચવાઇ જાય અને ઇષ્ટ પુરૂષે શિખવેલા મહત્વના બોધપાઠો વિસરી જાય, ભૂલી જાય આ તેના સંબંધે હંમેશા એક જોખમ રહેલું છે. પણ આ અનિવાર્ય છે, કારણ કે અનુયાયીને પોતાની સમજશકિતની મર્યાદા હોય છે અને ઇષ્ટ પુરૂષની ભવ્યતા વડે તે અભિભૂત બનેલો હોઇને નાની મોટી બાબતોનો વિવેક કરવાનું તેનાં માટે લગભગ અશકય હોય છે.

પણ એમાં કોઇ શક નથી કે એ ઇશ્વરના અવતારરૂપ મહામાનવ ભારતની ભૂમિ ઉપર વિચર્યો હતો અને પોતાની તપસ્યા વડે આ ભૂમિને તેણે પાવન કરી હતી. તેણે માત્ર ભારતની ભૂમિને પવિત્ર બનાવી હતી એટલું જ નહિ પણ, લોકોનાં મન અને દિલમાં તેણે મોટું પરિવર્તન નિર્માણ કર્યું હતું. આ પરિવર્તન તેમણે જેઓ પોતાની જાતને ભારે હુંશિયાર લેખતા હતા તેમનું એટલા પ્રમાણમાં કર્યું નહોતું જેટલા પ્રમાણમાં આ પરિવર્તન તેમણે દીન, હીન, પીડિત, અને શોષિત લોકોનું કર્યું હતું. અને સામે દેખાતી તેમની છબી ખરેખર એક પરમ ઉપકારી મહાપુરૂષની છે. ભારતની દીન પ્રજાને મન તે ચિત્ર તેમનો જ વિચાર કરતા, તેમના માટે જ કામ કરતા અને તેમના જીવનમાં કાંઇક આશા અને આનંદનો સંચાર પ્રેરતા એવા એક અપ્રતિમ મહાપુરૂષનું ચિત્ર છે.

એ જરૂર ઇચ્છવાયોગ્ય છે કે તેમનું બીજું બધું સંભારીએ તે કરતાં તેમના આ પાયાના સિદ્ધાન્તને વિશેષે કરીને યાદ કરીએ; સાધ્ય કરતાં સાધનનું મહત્ત્વ વધારે છે અને એવું કોઇ પણ સાધ્ય સાચું હોઇ ન શકે અથવા તો એકાન્તપણે સાચું હોવાનું બની ન શકે, કે જેને સિદ્ધ કરવા માટે આપણે ખોટાં સાધનો અને ખોટાં ઉપાયોનો ઉપયોગ કર્યો હોય અથવા કરવા માગતા હોઇએ. આ હું જાણે કે બહુ ઘુંટાયલી વાતનું જ ફરીથી ઉચ્ચારણ કરી રહ્યો છું, અને એમ છતાં પણ, આપણા જીવનને લગતી ઘણી નાની બાબતોમાં આ વિચારોનો અમલ કરવાનું અત્યન્ત મુશ્કેલ હોવાનું માલુમ પડ્યું છે. આપણને આપણા જીવનમાં કેવળ શ્વેત અને કેવળ શ્યામ એ બે વચ્ચે જ પસંદગી કરવાની હોય એવું ભાગ્યે જ બને છે આપણા જીવનમાં ઉપર જણાવેલ બે અન્તિમ છેડા વચ્ચેની ઘેરી રંગની અનેક પરિસ્થિતિઓ હોય જ છે, જ્યાં પસંદગીનો સવાલ વિકટ હોવાનું માલુમ પડે છે. આમ છતાં પણ, આ સિદ્ધાન્તને ચિત્ત ઉપર સ્થિર કરવો તે જરૂરી છે, લાભપ્રદ છે. એમ કરવાથી આપણે પડતાં તેમ જ ભૂલો કરતાં જરૂર બચીશું.

વારૂ, તે મહાપુરૂષને અને તેના સ્મરણને મારા દિલનો વન્દનભાવ સમર્પિત કરવા માટે આજે હું અહિં ઉપસ્થિત થયો છું. આપ પ્રમુખ મહાશય અને સંચાલકો અને અન્ય મિત્રો જેઓ અહિં એકઠા થયા છે અને જેઓ ગાંધીગ્રામમાં એક પરિષદના આકારમાં મળવાના છો–આપ સર્વ આપના કામની અનેક બાજુઓની ચર્ચા કરશો. સંભવિત છે કે અહિં મેં ચર્ચેલી ગીંડી સમસ્યાઓ આપને પણ વ્યાકુળ બનાવતી હોય. એમ હોય એ ઇચ્છવાયોગ્ય છે. આપના કાર્ય ઉપર આપનું ચિત્ત કેન્દ્રિત કરો ત્યારે અને એ કાર્ય અંગે આપ ગામડાંઓમાં પરિભ્રમણ કરો ત્યારે પણ આપની સમક્ષ આ વિશાળ દૃષ્ટિકોણ અથવા તો આત્મલક્ષી પ્રશ્ન ધ્યાનમાં રાખવા આપને મારી પ્રાર્થના છે

ગાંધી સ્મારક નિધિના આપ પ્રમુખ અને મંત્રીઓ જેઓ ખૂબ સારૂં કામ કરી રહ્યા છે, અને જેમણે નિધિના કાર્યનો ભારતભરમાં સારો ફેલાવો કર્યો છે તેમને હું ધન્યવાદ આપવા ઇચ્છું છું. હું આશા રાખું છું કે આપનું આ કાર્ય આ સંગ્રહસ્થાન જેવા માત્ર પ્રતીકોનું રૂપ ધારણ ન કરે–ભલેને તે ગમે તેટલું સારૂં અને ઇચ્છવાયોગ્ય હોય–પણ માનવીના જીવનને વધારે ને વધારે ઊંડાણથી સ્પર્શે અને એવા કોઇ તલસ્પર્શી આકારમાં સાકાર બને!

મૂળ અંગ્રેજી : **જવાહરલાલ નહેરૂ**
અનુવાદક : **પરમાનંદ**

વિષય સૂચિ

		પૃષ્ઠ
જન્મભૂમિની યશોગાથા		૧૧૩
સેવાનિષ્ઠ ઉદારચરિત સ્વ. વીરચંદભાઇ	પરમાનંદ	૧૧૬
પ્રકીર્ણ નોંધ-ચીનને યુ.નો.માં દાખલ કરાવવા ભારત શા માટે આગ્રહ સેવે છે?; સૂરત ઉપર સરજાયલો જલપ્રલય; 'જીવન દર્પણ'.	પરમાનંદ	૧૧૭
સંઘ સમાચાર		૧૧૮
ગાંધીજીનું સ્મરણ અને નહેરૂનું મનોમંથન	પરમાનંદ	૧૨૦

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૧૩

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, નવેમ્બર ૧, ૧૯૫૯, રવિવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

★ ભારતની વિભૂતિ ★

ગત ઓગસ્ટ માસની ૧૬મી તારીખે ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનને માઇસોર યુનિવર્સિટીએ ખાસ પદવીદાન-સમારંભ યોજીને 'ઓનરરી ડીગ્રી ઓફ લેટર્સ' એનાયત કરી હતી. આ પ્રસંગે તેમણે એક ભવ્ય પ્રવચન કર્યું હતું. તેનો સંક્ષિપ્ત સાર તા. ૩૦-૮-૫૯ના ભારત જ્યોતિમાં પ્રગટ થયો હતો જેનો અનુવાદ નીચે મુજબ છે:-

લગભગ ૫૦૦૦ વર્ષના સમયને આવરી લેતા ભારતના ઇતિહાસ ઉપર જો કોઈ દૃષ્ટિપાત કરશે તો તે લાંબા ગાળા દરમિયાન દૃષ્ટિગોચર થતી અનેક આત્યન્તિક ઘટનાઓનાં દર્શન વડે - ઉચ્ચ શિખરો અને ઊંડી પાતાળખીણોના દૃષ્ટો વડે - પ્રભાવિત તેમ જ આશ્ચર્યભૂત થયા વિના રહેશે નહિ. દેશ ઊંચે ચડે છે, ગબડે છે, શીર્ણ વિશીર્ણ બને છે, અને વળી પાછો ગુમાવેલી મહત્તા પુનઃ પ્રાપ્ત કરવા માટે ઉત્થાન આદરે છે. અહંકાર, અસહાયતા, દીનતા, શરમ, અલગતા, ઉત્તેજના અને સાહસિકતા-આવા એક પછી એક ઉગતા અને આથમતા મનોભાવે ભાવોમાંથી દેશ પસાર થાય છે. પણ આ સર્વ આરોહ-અવરોહમાં સળંગપણે એક જ વિચાર અનુસ્યુત બનેલો દેખાય છે, જેનો સાક્ષાત્કાર કરવાનો તે પ્રયત્ન કરતો હોય છે અને તે છે એક પ્રકારના સમધારણનું - માનવમાત્રમાં રહેલા સર્વસાધારણ પરમ તત્વનું પ્રત્યક્ષ દર્શન. આ ભાવનાને જીવનની પ્રક્રિયાઓ સાથે અનિવાર્યપણે સંકળાયલા બનાવો અને પરિવર્તનો અવારનવાર આવરી લેતા, દબાવી દેતા હોય છે પણ મૂળમાંથી નાબુદ કરી શકતા નથી. ઉપરની સપાટીએ દેશ અસ્થિર, ગતિશીલ, પરિવર્તનશીલ દેખાય છે. પણ ઊંડાણમાં તે સ્વસ્થ છે, સ્થિર છે, કૂટસ્થ છે.

ભારતમાં પાર વિનાનું વૈવિધ્ય છે અને સાથે સાથે અકળ એવું સમધારણ-સમરસતા છે. ભારતનું સ્વરૂપ કોઇ એક પ્રભાવશાળી જાતિ, ધાર્મિક માન્યતા કે આર્થિક પરિસ્થિતિ વડે ઉપલક્ષિત કરી શકાય તેમ નથી. આપણે ત્યાં વિવિધ જાતિઓના તત્વોનું ભારે વિલક્ષણ મીશ્રણ છે, એમ છતાં પણ, બધાં તત્વોને અનુસ્યુત કરતી-માનવી સમાજે સરજેલી એવી-એક સાંસ્કૃતિક પરંપરા ચાલતી રહી છે અને સમગ્ર પ્રજાસમુદાયને સદા પ્રભાવિત કરતી રહી છે.

આપણો એક પગ મૃત દુનિયામાં અથવા તો મરતી જતી દુનિયામાં રહ્યો છે, અને બીજો પગ સરજાતી - સતત અભિનવતાને પ્રાપ્ત કરતી દુનિયામાં રહ્યો છે. આપણી સંસ્કૃતિમાં સતત ઉદીયમાન રહેલી એવી અભિનવ પ્રાણમયતા આશા અને શ્રદ્ધા પ્રેરે છે; કે ધારીએ ત્યારે આપણે આપણા સંયોગોને પલટી શકીએ છીએ અને નવસમાજનું નિર્માણ કરી શકીએ છીએ. જે એમ કહેવામાં આવે છે કે જો લોકોની ભૌતિક સુખાકારીની સંભાળ લેવામાં આવશે તો તેનું આધ્યાત્મિક કલ્યાણ તેની પાછળ સ્વતઃ સધાતું રહેશે-આ ખ્યાલ બરોબર નથી. આપણી ભૌતિક જરૂરિયાતોની પરિપૂર્તિ બધી શક્તિઓને કેન્દ્રિત કરવામાં એક મોટું જોખમ રહેલું છે. વિજ્ઞાને વિશ્વવ્યાપી પ્રગતિ સાધી છે તેમ જ વિશ્વવ્યાપી અન્યત્રથા તરફ પણ દુનિયાને ધસડી રહેલ છે. તેમાંથી પાર વિનાની શક્તિઓ પેદા થઈ છે અને પાર વિનાનાં ભયસ્થાનો પણ ઉભાં થયાં છે. જેની આપણને ચિન્તા અને ભય હોવો જોઇએ તે ભૌતિક નુકસાન અંગે નહિ પણ નૈતિક અધઃપાત-આધ્યાત્મિક વિનાશ-અંગે હોવો જોઇએ. આપણું લક્ષ્ય કેવળ ભૌતિક સાધનસંપત્તિ પ્રાપ્ત કરવા તરફ નહિ પણ આત્મપ્રાપ્તિ તરફ-પોતાની જાત ઉપર સ્વામિત્વ મેળવવા તરફ-કેન્દ્રિત હોવું જોઇએ. માનવીના વ્યક્તિત્વને પરિપૂર્ણ કેમ બનાવવું એ બાબતની શોધ ફરીથી હાથ ધરવાની આપણને ખૂબ જરૂર છે.

ધર્મ તત્ત્વતઃ અન્તર્મુખ બનવાની દીક્ષા છે, આન્તર જીવનનું શુદ્ધીકરણ સાધતી વિદ્યા છે. જ્યારે વ્યક્તિ ખરેખર અન્તર્મુખ બને છે ત્યારે તેનું જીવન સહજપણે માનવતાને સમર્પિત બને છે. પછી તે કેવળ સત્ય ઉપર મક્કમપણે ઉભો રહેતો થાય છે અને ચોતરફથી તેને ગમે તેટલો દબાવવામાં આવે અને તે સૌથી વિખૂટો પડી જાય તો પણ તે કોઇથી દબાતો નથી, બીતો નથી, કે કોઇને નમતું આપતો નથી. ભાવિના ઘડતરમાં માનવીનું વ્યક્તિતત્વ સૌથી વધારે મહત્વનું તત્ત્વ છે. ભૌતિક હિતો ઐતિહાસિક પ્રક્રિયાઓનું નિર્માણ કર છે, સંચાલન કરે છે-માર્કસવાદીઓનું આ કહેવું જરૂર સાચું છે, પણ આ ઉપરથી જ્યારે તેઓ એમ દલીલ કરે છે કે માત્ર ભૌતિક હિતો જ આ પ્રક્રિયાઓ નિપજાવે છે ત્યારે તેઓ એકાંગી, એકાન્તવાદી બની જાય છે: મૂર્ખાઈ ભરેલી માન્યતાઓ, ઉદાત્ત ભાવનાઓ તેમ જ બુદ્ધિહીન મહત્વાકાંક્ષાઓ પણ ઐતિહાસિક પ્રક્રિયાઓ નિર્માણ કરવામાં ઘણો મહત્વનો ભાગ ભજવે છે. માનવજાતની બેવકુફીએ અનેક વાર ઐતિહાસિક ફેરફારો સર્જ્યા છે. વિચારો-ભાવનાઓ-પણ માનવીને અનેક રીતે ક્રિયાશીલ બનાવતી રહી છે.

આપણું વ્યવહારિક અને સાંસ્કૃતિક ભાવી આપણા હાથમાં છે. માનવી તે ઇતિહાસના વાવંટોળમાં ઝડપાયલું અને આમથી તેમ અથડાતું પછડાતું કોઇ નાચીજ પાંદડું નથી. જો માનવીમાં કોઈ એક શક્તિ હોય તો તે પોતાની જીવનપદ્ધતિને ધરમૂળથી બદલવાની શક્તિ છે. આપણે કાળના પ્રવાહમાં અસહાય બનીને ખેંચાતા જવું ન જોઇએ પણ સર્જક જવાબદાર વ્યક્તિઓ માફક વર્તતા, જીવતા શિખવું જોઇએ અને ગમે તે જોખમો હોય તો પણ પોતાના કાર્યોની જવાબદારી સ્વીકારવાને સદા તત્પર રહેવું જોઇએ. રાષ્ટ્રની મહત્તાનું માપ તેની ભૌતિક સત્તા કે સંપતિથી નહિ પણ પ્રજાની આધ્યાત્મિક સંપતિથી જ આંકી શકાય છે. માનવીની આન્તરશક્તિઓની તાકાત આપણે કલ્પીએ તે કરતાં પણ વધારે ઊંડી અને અખૂટ છે.

દેશની અંદર અનેક ધર્મો કશા પણ ઘર્ષણ સિવાય સાથે રહી શકે છે. પુરાણો, પ્રતીકો અને ઇતિહાસ દ્વારા એક જ સત્ય વ્યકત થતું રહ્યું છે, ભિન્ન ભિન્ન દિવ્ય અનુભૂતિઓ એકમેકનો વિરોધ કરતી નથી કારણ કે દરેક અનુભૂતિના મધ્યમાં એક શિવતત્વ જ રહેલું છે અને દરેક અનુભૂતિ જુદી જુદી પરિભાષા દ્વારા એક અને અનન્ય એવી પરા વાણીને ઉચ્ચારે છે.

મૂળ અંગ્રેજી: ડૉ. રાધાકૃષ્ણન્
અનુવાદક : પરમાનંદ

કાકાસાહેબ કાલેલકરનું વ્યાખ્યાન

(અમદાવાદ ખાતે તાજેતરમાં ભરાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૦ મા અધિવેશનના પ્રમુખસ્થાનેથી કાકાસાહેબ કાલેલકરના અનેક વિષયોને સ્પર્શતા વિચારપ્રેરક વ્યાખ્યાનનો ઉપયોગી ભાગ નીચે ક્રમશ: આપવામાં આવે છે :– તંત્રી)

ગુજરાતી સાહિત્ય પરિષદે કાર્યકલ્પ કર્યો છે અને નવી પેઢીએ હવે આ પરિષદને પોતાના નવા આદર્શનું વાહક બનાવવાનો સંકલ્પ કર્યો છે. એમના એ સંકલ્પને વૃદ્ધજનોના આશીર્વાદ મેળવવા માટે જ જાણે શ્રી મુનશીને અને મને આમંત્રવામાં આવ્યા છે. કરાંચીમાં શ્રી મુનશી અધ્યક્ષ હતા અને માંગલિક પ્રવચન કરવાનું મારે ભાગે આવ્યું હતું. આજે હું અધ્યક્ષ છું અને માંગલિક પ્રવચન માટે શ્રી મુનશીની વરણી થઇ એ બધું બંધબેસતું લાગે છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ એટલે ગુજરાતી ભાષામાં રસપૂર્વક લખનારા અને એ લખાણનું રસપૂર્વક સેવન અને મૂલ્યાંકન કરનારા સરસ્વતી–ભક્તોનો મેળાવડો. એ જ આ સંસ્થાની યથાર્થ વ્યાખ્યા થશે. આ સંસ્થા જ્યારે સાહિત્ય અને લોકજીવન પરત્વે કોઈ રચનાત્મક પ્રવૃત્તિ સતત ચલાવવા માંડશે, ત્યારે આ વ્યાખ્યા બદલવી અને સુધારવી પડશે. હું માનું છું કે તેમ કરવાનું મુહૂર્ત હવે આવ્યું છે. અને તેથી ગુજરાતી સાહિત્ય પરિષદનો હું વધારે અને વ્યાપક અર્થ કરવા માગું છું.

ગુજરાતી પ્રજાનો અથવા ગુજરાતી ભાષા વાપરનાર લોકોનો સમગ્ર પુરૂષાર્થ સાહિત્યના ક્ષેત્રમાં કેમ પ્રતિબિંબિત અને વિકસિત થાય એનું ચિંતન કરનારા તેમ જ સક્રિય સેવા દ્વારા એને સંગઠિત કરનારા લોકોનો સમુદાય–એવી આ સંસ્થાની નવી વ્યાખ્યા આપણે કરવી જોઇએ.

આ નવા આદર્શ પ્રમાણે ફક્ત ગુજરાતી સાહિત્ય અને એની ખિલવણીનો વિચાર કરી સંતોષ માનવાનો નથી પણ સમસ્ત ગુજરાતી પ્રજાનો સર્વાંગીણ જીવનવિકાસ થાય એને માટે ગુજરાતી ભાષાએ શી રીતે તૈયાર થવું જોઇએ, ગુજરાતી સાહિત્યે કેવાં કેવાં ક્ષેત્રો વિકસાવવાં જોઇએ એની વિચારણા અને ચર્ચા કર્યા પછી એક વ્યાપક યોજના આ મંડળે ઘડીને હાથ ધરવાની છે.

ગુજરાતના જ એક પ્રખર અર્થશાસ્ત્રી અને સાહિત્યસેવીની અધ્યક્ષતા તળે શ્રી જવાહરલાલજી જેવાઓએ સ્વરાજ થતા પહેલાં જ એક સમિતિ નીમી હતી. એ સમિતિએ રાષ્ટ્રનાં અંગપ્રત્યંગોનો વિકાસ કેમ થાય એની એક મોટી યોજના ઘડી આપી. ગુજરાતના જ એક પ્રકાશકે એ યોજના દેશ આગળ મૂકી. એ પ્રાથમિક વિચારણામાંથી જ સ્વરાજ સરકારે પાંચ પાંચ વરસની યોજના ઘડનાર એક કાયમી યોજના-આયોગ સ્થાપ્યો. સરકાર તરફથી શરૂ થયેલું એ ભારે રચનાત્મક કામ ગણાય.

એ યોજનામાં પ્રજાકીય જીવનના જેટલા વિભાગો કલ્પ્યા છે તેમાંથી દરેક વિભાગનું સ્વરૂપ સમજાવતું અને ખીલવતું સાહિત્ય ગુજરાતીમાં છે કે નહિ એ આપણે તપાસવું જોઇએ અને તે તે વિષયોના નિષ્ણાતોને અને ચિંતકોને તે તે વિભાગ પૂરતું એ કામ સોંપી જોવું જોઇએ.

અહીં શરૂઆતમાં જ એક મહત્ત્વની વસ્તુ તરફ સૌનું ધ્યાન ખેંચવા માગું છું. સ્વરાજ મળ્યા પછી લોકકલ્યાણની બધી પ્રવૃત્તિઓ પોતાના હાથમાં લેવાનો સરકારે સંકલ્પ કર્યા પછી, આપણી રાષ્ટ્રીય મહત્ત્વાકાંક્ષા અનેકગણી વધવાની. દુનિયામાં આપણને માનભર્યું અને આદરનું સ્થાન પ્રાપ્ત થયું છે. તેથી એના પ્રમાણમાં આપણો પુરૂષાર્થ પણ વધવાનો જ. એવી અનુકૂળ પરિસ્થિતિમાં સ્વરાજ સરકાર સાથે સહકાર કર્યા વગર છૂટકો નથી. પણ તેમ કરવા જતાં સાથે સાથે સરકારના આધારમાં જવાનું જોખમ પણ રહે છે. દરેક ભાષાને પોતાની પરિષદ અથવા સ્વતંત્ર સાહિત્યસંસ્થા છે. પણ એ બધી ભાષાઓને એકત્ર આણનારી સંસ્થા પ્રજાએ ઊભી કરી નથી.

પી. ઇ. એન. છે, પણ તે આંતરભારતીય હોવા કરતાં આંતરરાષ્ટ્રીય વધારે છે અને એ પોતાનું કામ અંગ્રેજીમાં કરવામાં માને છે. શ્રી મુનશીએ ગાંધીજીની મદદથી ભારતીય ભાષા પરિષદની સ્થાપના કરી. પણ તેમાં બીજી ભાષાઓ સાથેનો અમારો સહકાર જામ્યો નહિ. અને ત્યારે એને માટે દેશ તૈયાર ન હતો એમ પણ હોય. હવે તો સરકાર તરફથી સાહિત્ય અકાદમીની સ્થાપના થઇ છે. 'ભારતીય સાહિત્ય પરિષદ' કે 'ભારત ભારતી' એવું દેશી નામ રાખવાને બદલે 'સાહિત્ય અકાદમી' એવું ભૂંડું નામ સરકારને કારણે એને ધારણ કરવું પડ્યું. સંસ્થા ગમે તેટલી સારી અને કાયદાથી સ્વાયત્ત હોય તોયે સરકારના વણછાંમાં કોણ જાણે એ તેજસ્વી બનતી જ નથી. સંપત્તિ, સત્તા અને પ્રતિષ્ઠા સરકારના હાથમાં. તેમાં વળી એ સરકાર સ્વદેશી અને લોકનિયુક્ત. એક તરફથી એનાથી દૂર રહેવું પોસાય નહિ અને બીજી તરફથી પોતાના ત્રિવિધ પ્રભાવથી એ સરકાર આપણને ખામ જાય, એ પણ પોસાય નહિ. એમાંથી વચલો મધ્યમ માર્ગ શોધી કાઢવો એ તો યોગીની કરામત જેવું અગમ્ય, કષ્ટસાધ્ય અને અદ્‌ભૂત કામ છે.

સાહિત્યનો સંબંધ પ્રકાશનપ્રવૃત્તિ સાથે પ્રાણ અને શરીર જેવો અવિભાજ્ય છે. એ પ્રકાશન પ્રવૃત્તિમાં પણ હવે પછી પ્રાઇવેટ સેક્ટર–ખાનગી વિભાગ અને પબ્લિક–સેક્ટર–જાહેર વિભાગ એવું દ્વૈત આરંભાયું છે અને તેમાં જાહેર વિભાગ એ સરકારી વિભાગથી બાજે તો અભિન્ન છે. અત્યારનું સરકાર–સંચાલિત રાષ્ટ્રીય બુક ટ્રસ્ટ જો કુશળતા કેળવી શકે તો પ્રકાશનપ્રવૃત્તિ અને તમામ સાહિત્યપ્રવૃત્તિનો અંકુશ મોટે ભાગે સરકારના હાથમાં જ જાય. એ બાબતમાં ભયનિવારણ બે જ રીતે થઇ શકે. એક તો એ સરકારી ખાતું બહુ કુશળતાથી ન ચાલે અને ખાનગી પ્રકાશકો ફાવી જાય તો, અથવા પ્રજા પોતાનું દબાણ સરકાર ઉપર આણે અને કંઇક વચલો રસ્તો શોધી કાઢે તો.

હું તો માનું છું કે સરકારી વિભાગ અને જાહેર વિભાગ એ બે એક જ છે એમ માનવામાં ભૂલ થાય છે. જો ગુજરાતના સારા સારા લેખકો અને નાનામોટા ખાનગી પ્રકાશકો બધા એકત્ર મળી ગુજરાત પૂરતું એક જાહેર પ્રકાશન મંડળ ઊભું કરે અને ખાનગી વ્યવસ્થાની દક્ષતા અને સંભૂય–સમુત્થાનની વ્યાપક શક્તિનો સંયોગ કરે તો બધી રીતે લાભ થઈ શકે. અને એવું જાહેર મંડળ સરકારના અંકુશથી અને સરકારી નીતિથી મુકત રહી સરકાર પાસેથી ધારેલી મદદ પણ મેળવી શકે. ગુજરાતની કાર્યકુશળતાનો લાભ જો લેખકોને મળે તો અનેક ભ્રાન્તોને એમાંથી પ્રેરણા મળશે અને અખિલ ભારતીય સંગઠન ઊભું કરવામાં એ પહેલું પગથિયું થશે. સરકારી તંત્રનો મુખ્ય દોષ એ હોય છે કે ગમે તેટલી સમિતિઓ નીમો, અને ગમે તેટલા નિયમો ઘડો, આખી પ્રવૃત્તિ એકહથ્થુ થઇ બેસે છે અને છતાં પણ એ સર્વે-સર્વાના મત પ્રમાણે બધું થાય છે એમ નથી. અને એવી વ્યવસ્થાના દોષો સામે લડતાં લડતાં જાહેરની સેવા કરનાર વ્યકિતઓની આખી શકિત ખપી જાય છે.

સરકારની દોરવણી વગર મોટાં મોટાં રચનાત્મક જાહેર કામો ખીલવવાની કળા આ જમાનાએ કેળવ્યે જ છૂટકો.

લોકોને મારો પરિચય એક કેળવણીકાર, વિચારક અને સાહિત્યસેવક તરીકે છે. સંગઠન-કુશળ સંયોજક તરીકે મેં ખાસ એવું

કશું કર્યું નથી. એટલે દેશની બદલાયેલી પરિસ્થિતિ પરત્વે આટલું સૂચન કરીને આ વિચાર અહીં જ છોડી દઉં છું અને મારા મુખ્ય વિષય ઉપર આવું છું.

આપણા દેશનું જૂનું સાહિત્ય મોટે ભાગે, ધર્મપ્રધાન જ હતું. એનું કારણ એ કે સાહિત્ય હંમેશાં સંસ્કૃતિનું પ્રતિબિંબ હોય છે. સંસ્કૃતિને વાચા અર્પણ કરી એને બુધ્ધિગમ્ય અને હૃદયગમ્ય કરવી અને એને નવી નવી પ્રેરણા આપવી, એ સાહિત્યનું પ્રધાન અથવા એકમાત્ર કાર્ય છે. માટે, અમુક યુગમાં સાંસ્કૃતિક જીવન ધર્મપરાયણ જ હોય ત્યારે પ્રજાનો સાહિત્યિક પુરૂષાર્થ ધાર્મિક સાહિત્યમાં પ્રગટ થાય તો એમાં આશ્ચર્ય નહિ. ધર્મ જો એકાંગી થઇ કેવળ નિવૃત્તિપરાયણ થાય તો સાહિત્ય પણ જીવનવિમુખ જ થવાનું. પણ જીવન આવી રીતે જો હારી જાય તો જીવન જીવન જ નથી. જીવનની શક્તિઓ બે છે : સંસ્કારિતા કેળવી, ઉન્નતિ તરફ પ્રયાણ કરવાનો પુરૂષાર્થ ખેડવો એ છે એનું એક બળ. એ રચનાત્મક અને સાત્ત્વિક હોય છે. પણ આદર્શોના વિકૃત આકલનને કારણે અથવા કોઇ પક્ષની મહત્ત્વાકાંક્ષાથી જો જીવન દબાઈ જાય તો મરણિયા થઇ બળવો કરવો અને દબાવનાર તત્ત્વોને છિન્નભિન્ન કરી નાખવાં એ જીવનની બીજી તેજસ્વિતા. આ બન્ને તત્ત્વોએ અથવા બળોએ સાહિત્યશક્તિનો ઉપયોગ હંમેશ કર્યો છે. અને તેથી વિધાયક અને વિસ્ફોટક–બન્ને જાતનું સાહિત્ય માનવ જીવનમાંથી ઉત્પન્ન થતું આવ્યું છે. આજની સંસ્કૃતિ કહે છે કે "આ બે બળો વચ્ચે ફરી ફરી સંઘર્ષ ચલાવવાને બદલે હવે બન્નેનો સમન્વય થઇ શકે એવો રસ્તો શોધી કાઢો. અત્યાર સુધી દુનિયાએ જીવલેણ મોંઘી ક્રાન્તિઓ ઘણી કરી, હવે સમન્વયમૂલક વિકાસ કરવાની ઉત્ક્રાન્તિ ખીલવ્યે જ છૂટકો. આંધળાપણું અને એકાંગીપણું કયાં સુધી ચલાવીશું ? Thesis Anti-thesis અને Synthesisનો ચક્રનેમિ-ક્રમ હવે ટૂંકાવ્યે જ છૂટકો. જ્ઞાન અને કૌશલ્ય પૂરતા પ્રમાણમાં વધ્યા પછી સંઘર્ષ દ્વારા વારેઘડીએ વિનાશ સુધી પહોંચી જવાની જરૂર ન રહેવી જોઇએ. અહિંસા-યુગમાં પ્રવેશ કર્યા પછી સમન્વય એ જ સમાજનું પ્રધાન બળ હોવું જોઇએ.

સ્વરાજ્ય મળ્યું અને આપણે દુનિયાના નાનામોટા સ્વતંત્ર દેશોના દરબારમાં પ્રવેશ કર્યો. એ પ્રવેશ કેવળ રાજદ્વારી નથી. એ દરબારમાં આજે ભલે રાજદ્વારી વાતો અને આર્થિક વાતો જ પ્રધાનપણું ભોગવતી હોય, પણ એ દરબારમાં વિજ્ઞાન, કેળવણી અને સંસ્કૃતિને પણ સ્થાન છે. અને સાહિત્યનું તો વિજ્ઞાન, કેળવણી અને સંસ્કૃતિ ત્રણેની સેવા કરવાનું જીવનવ્રત જ છે. એટલે આપણી ભાષામાં દુનિયાની બધી જ સંસ્કૃતિનાં મૂળતત્ત્વો, એમનો ઇતિહાસ અને સંસ્કૃતિ પરત્વે તે તે પ્રજાએ દાખવેલા પુરૂષાર્થનો ચિતાર મળવો જ જોઇએ. ભલે એક વિષય પર આપણી પાસે બિલકુલ પ્રાથમિક અને નાનકડી જ ચોપડી હોય. પણ તે સહેલી, રોચક અને અદ્યતન હોવી જોઇએ.

પરદેશના લોકોના પુરૂષાર્થથી રચેલી અને પરદેશી ભાષામાં લખેલી ચોપડીઓ બહુ બહુ તો દેશના દસ–પંદર ટકા લોકોને જ કેળવશે. પરિણામે માત્ર પરદેશી ભાષા જાણનાર અને એના પર જ નભનાર પરાવલંબી લોકોનું નેતૃત્ત્વ આપણા દેશમાં રહેશે. આજે આપણા કેળવાયેલા લોકો પાસે જે કાંઇ જ્ઞાનનો સંગ્રહ છે તે બધો, દેશી ભાષાઓ મારફતે, કરોડોની સામાન્ય જનતા સુધી પહોંચાડવાની ખાસ જરૂર છે. આજના આ પ્રજાયુગમાં એના વગર ચાલે નહિ. હવે એને માટે આપણે આપણી ભાષા આજે છે એના કરતાં ઘણી ઘણી સહેલી કરવી પડશે. અને એનું એ સહેલાપણું જાળવીને એને બધી રીતે સમર્થ અને સમૃદ્ધ પણ કરવી પડશે.

હવે પછી આપણે દુનિયાની તમામ સંસ્કૃતિઓના વિશાળ પરિચયમાં રહેવું છે એ ખરૂં, પણ આપણા લોકોને કેવો વિવિધ સાંસ્કૃતિક ખોરાક જરૂરનો છે એનો નિર્ણય આપણે પોતે કરીએ તો જ આપણી સંસ્કૃતિનાં મૂળિયાં આપણે ટકાવી શકીશું અને એ વાટે સ્વદેશ અને સ્વજનોને અનુકૂળ એવું પ્રોષણ પહોંચાડી શકીશું.

કેવળ સરકારી પ્રેરણાથી ચાલતી પ્રવૃત્તિનું જે જોખમ મેં હમણાં જ બતાવ્યું એના કરતાં વધારે મોટું એવું એક સંકટ આપણે માથે ઝઝુમે છે. એક વખત હતો જ્યારે આપણા યુવકોને પોતાના ધર્મનું ભાગ્યે જ જ્ઞાન મળતું. તે વખતે એને ઠેકાણે મિશનરીઓ પોતાના ધર્મનો પ્રચાર આપણી વચ્ચે કરતા હવે એ સ્થિતિ કાંઇક સુધરી છે. પણ હવે સાહિત્ય અને સંસ્કૃતિની બાબતમાં આપણે પોતાના દેશ વિષે અને પોતાની સંસ્કૃતિ વિષે પણ–પરદેશી લોકોએ પરદેશી ભાષામાં લખેલી ચોપડીઓ મારફતે જ થોડું ઘણું જાણવા લાગ્યા છીએ, પણ થોડા જ દિવસમાં છેક નાનાં બાળકોથી માંડીને મોટેરાં સુધી બધાં માટે અમેરિકન કે રશિયન જેવી આક્રમણકારી સંસ્કૃતિના લોકો જ પોતાનું સાહિત્ય ગુજરાતી મારફતે આપણને પીરસે અને આપણું માનસ ઘડવાનો ઠેકો લે તો જરાયે નવાઇ નહિ.

આપણી સંસ્કૃતિની ભાષા એક વખતે સંસ્કૃત, પાલિ, અર્ધ માગધી વગેરે ભાષાઓ હતી. દિલ્હીમાં પઠાણ અને મોગલો આવ્યા અને ઇરાનની પર્શિયન ભાષા મારફતે આપણે નવા સંસ્કારો લેવા લાગ્યા. આજે આપણી સંસ્કૃતિની ભાષા અંગ્રેજી છે. સ્વામી વિવેકાનંદ, ભગિની નિવેદિતા, રવીન્દ્રનાથ ઠાકુર, શ્રી અરવિંદ, આનંદ કુમારસ્વામી, ગાંધીજી, સરોજિની નાયેડુ, તરૂલતા દત્ત, રાધાકૃષ્ણન, જવાહરલાલજી ઇત્યાદિ લોકો જ આપણા સંસ્કૃતિ-ધુરીણો છે. એમનાં લખાણો આજે મોટે ભાગે અંગ્રેજીમાં જ વંચાય છે. દેશી ભાષામાં ઓછા વંચાય છે. એટલે શી રીતે આપણે કહીશું કે અંગ્રેજી આપણા સાંસ્કૃતિક ધાવણની ભાષા નથી ? આ લોકોમાંથી એકેને જબરદસ્તીથી અંગ્રેજીમાં લખવું પડયું ન હતું. એમની દેશભક્તિ, સંસ્કૃતિનિષ્ઠા અને જનસમાજની સેવા કરવાની ધગશ કોઇનાયે કરતાં ઉતરતી નથી. રવીન્દ્રનાથ કે ગાંધીજી જેવાઓએ ભલે ખ્યાલ રાખ્યો હોય કે પોતાના ઉત્તમોત્તમ વિચારો પ્રથમ સ્વભાષા મારફતે જ વ્યકત કરીશું, પછી એ ભાષાનો કૃપાપ્રસાદ અંગ્રેજી મારફતે દુનિયાને આપીશું, પણ એમને સ્વજનોની સેવા કરવા માટે અંગ્રેજીની મદદ લેવી જ પડી. અને આ લોકોએ પોતાનું પોષણ જેટલું સંસ્કૃત આદિ દેશી ભાષાઓ મારફતે મેળવ્યું તેના કરતાં અંગ્રેજી મારફતે વધારે મેળવ્યું છે એની ના પડાય નહિ. ગુજરાતના આજના કવિએ જ લો. તેઓ સંસ્કૃત અને ગુજરાતી બન્ને સાહિત્યનું ઉત્તમ સેવન કરે છે. એ સ્વધર્મ તેઓ ચૂકયા છે એમ એમને વિષે કોઇ કહી ન શકે. અને છતાં સંસ્કારો ગ્રહણ કરવાનું એમનું મોટામાં મોટું વાહન અંગ્રેજી જ છે. ત્યાંથી મેળવેલું બધું તેઓ અનુકૂળ રૂપમાં નિષ્ઠાપૂર્વક સ્વભાષાને આપે છે. એ અત્યંત કીમતી અને પૌષ્ટિક પિરસણ છે એ વિષે શંકા નથી, પણ એ પિરસણ જ છે એ આપણે ભૂલવું ન જોઇએ.

મનમાં સવાલ ઊઠે છે કે ગુજરાતી ભાષા આપણી સંસ્કૃતિનું પ્રધાન વાહન કયારે બનશે ? લોકો જ્યારે શ્રમજીવી સામાન્ય પ્રજા સાથે એકજીવ થશે, સમર્થપણે પોતાનું જીવન જીવશે, સ્વતંત્રપણે એ જીવનનું ચિંતન કરશે એને માટે ગમે ત્યાંથી મેળવેલો સાંસ્કૃતિક ખોરાક પચાવી જ્યારે આત્મસાત્ કરશે અને પોતાનું સમૃદ્ધ જીવન, પોતાની ભાષા મારફતે પ્રગટ કરશે, ત્યારે ગુજરાતી ભાષા ગુજરાતી પ્રજાની સાંસ્કૃતિક ભાષા થશે. આમાં મુખ્ય સવાલ

ભાષાનો નથી પણ જીવનનો છે. એ જીવન જો સ્વાશ્રયી, ઉત્કટ, ઊંડું, પ્રગાઢ, ભાવનાશીલ અને સર્વસમન્વયકારી હશે અને જો પ્રજા સમર્થપણે એ જીવશે અને એ જીવન જીવતાં ઊંડામાં ઊંડો જીવનરસ ચૂસી શકશે તો એ જીવનને વ્યકત કરતી ભાષા અને એનું સાહિત્ય વિશ્વમાં આદરપાત્ર થશે. અને આપણી પ્રજાને એ ઉત્તમમાં ઉત્તમ ખોરાક પૂરો પાડશે.

જો આપણું જીવન જ છીછરું, રૂઢિવાદી, ગતાનુગતિક કે પરભૃત અને મંદાગ્નિદ્યોતક હશે તો સાહિત્યનું કેવળ કૌશલ્ય કરીકરીને કેટલી મદદ કરી શકવાનું હતું ?

દુનિયાના કોઇ પણ સાહિત્યનો બહિષ્કાર કરવા જેટલા આપણે આત્મઘાતકી ન જ થઇએ ખોરાક જ્યાંથી મળે ત્યાંથી લઇએ પણ પસંદગી તો આપણી જ હોવી જોઇએ. અને પાચનશકિત તો આપણે ઉછીની ન જ લઇ શકીએ. આપણા ખોરાકનું બજાર પરદેશી લોકોના જ હાથમાં રહી જાય એટલે સુધી આપણે ગફલતમાં ન જ રહેવું જોઇએ. આજની સ્થિતિ આટલી ભયાનક થઇ ચૂકી છે એમ નથી કહેવા માગતો, પણ પાણીની રેલ આવ્યા પછી બંધ બાંધવા જઇએ એ શા કામનું ? આવા કામમાં 'પાણી પહેલાં પાળ' એ જ સાચી જીવનનીતિ હોઇ શકે.

પણ પરદેશથી આવેલી અને જુદી જ ઢબે કેળવાયેલી પ્રજાના પુરુષાર્થના પ્રતિનિધિરૂપ સાહિત્યનો આસ્વાદ લેતાં પહેલાં આપણે આપણો ચિરંતન વારસો શો હતો એ જાણવું જોઇએ. અને પ્રજાની કેળવણીનો પ્રારંભ તો આત્મપરિચયથી જ થવો જોઇએ અને આપણે ત્યાં તો, કોઇ પણ સંસ્કારી અને પુરુષાર્થી પ્રજા અદેખાઇ કરી શકે એવો સંસ્કૃત સાહિત્યનો અઢળક વારસો પડેલો છે. સમૃદ્ધમાં સમૃદ્ધ વારસાના અધિકારીઓ આપણે, કેવળ ગફલતથી અકિંચન કંગાલ ન બનીએ એટલું તો આપણે સાચવવું જ જોઇએ.

સંસ્કૃતનું ધાવણ

બુદ્ધ ભગવાનની મહાન પ્રેરણા પૂર્વ અને દક્ષિણ એશિયામાં બધે ફેલાઇ. ઇસા મસીહના ઉપદેશનું સંગઠન યુરોપભરમાં થયું. અને હવે ત્યાંની એ પુરુષાર્થી પ્રજાના પ્રયત્નથી યુરોપ–અમેરિકા ઉપરાંત આફ્રિકામાં પણ એ ફેલાય છે અને રાજનૈતિક ઇજારો (monopoly) મળવાથી સપ્ત-સમુદ્રના નાનામોટા દ્વીપોમાં પણ હજી એનો વિસ્તાર થતો જાય છે.

હજરત મહમદ પેગમ્બરનું ઇસ્લામી જીવન–સંગઠન પશ્ચિમ એશિયા તેમ જ ઉત્તર આફ્રિકામાં લોકજાગૃતિનું કામ કરે છે. એ ત્રણે મહાન સાંસ્કૃતિક વિસ્તારના જબરદસ્ત પ્રયત્નો ધ્યાનમાં રાખીને પણ કહું છું કે સંસ્કૃત ભાષા અને સાહિત્ય મારફતે જે સાંસ્કૃતિક કાર્ય થયું છે તેટલું વ્યાપક અને ઉંડું કામ બીજા કોઇ પણ પ્રજાકીય પુરુષાર્થે કર્યું નહિ હોય. આમાં કેવળ ભૌગોલિક વિસ્તાર જોવાનો નથી હોતો. મુખ્ય જોવાનું છે જીવનનું ખેડાણ અને જીવનનું ઉન્નયન. એમાં પણ એક બાજુ જોવાને મળે છે બુદ્ધ અને ભાવનાનું ઊંડાણ, તો બીજી બાજુ ફેલાયેલો છે લોકજીવનનો વિસ્તાર.

આજકાલના સાહિત્યસેવીઓ સંસ્કૃતના અભ્યાસમાં મોટે ભાગે મહાકાવ્યો અને નાટકો જ વાંચે છે. એને માટે જરૂરી વ્યાકરણનો પરિચય મેળવે છે. ષડ્દર્શનના અધ્યયન-ચિંતન સાથે પ્રસ્થાનત્રયી જરાક જરાક સેવે છે અને જૂનું કાવ્યશાસ્ત્ર પણ નવાં હળ લઇને ખેડે છે. પશ્ચિમનું સાહિત્ય અને સાહિત્યશાસ્ત્ર હાથમાં આવવાથી સંસ્કૃતની સાહિત્યમીમાંસા વધારે ઊંડી થતી જાય છે. ઇતિહાસ–સંશોધનની અને વૈજ્ઞાનિક ચાવી હાથમાં આવવાથી ભારતનો ઇતિહાસ, ભારતનું વિવિધ સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિનો વિકાસ એ ત્રણે ક્ષેત્રમાં ખૂબ મૌલિક સંશોધન અને પ્રગતિ થવા લાગ્યાં છે. પાણિનિનું વ્યાકરણ અને એના પરના મહાભાષ્યનો જેટલો ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ અભ્યાસ થાય છે તેટલો જ ઐતિહાસિક અને સાંસ્કૃતિક અભ્યાસ પણ થવા લાગ્યો છે. સંગીત, ચિત્રકલા, મૂર્તિવિધાન, સ્થાપત્ય અને નગર-રચનામાં પણ આપણે સંસ્કૃત સાહિત્ય પાસેથી પ્રેરણા મેળવતા થયા છીએ. આયુર્વેદના ગ્રન્થો હવે આધુનિક વૈદકની દૃષ્ટિએ લોકો તપાસવા લાગ્યા છે. પણ એ વૈદક ગ્રન્થોમાં આપણું જીવનક્રમ પ્રતિબિંબિત થયું છે અને એમાં જીવનના કેવા કેવા આદર્શો સ્વીકારાયા છે, એ તપાસવાનું કામ પણ હવે થવું જોઇએ. એ કામ વૈદ્યો કરે એના કરતાં સાહિત્યસેવીઓ કરે અને સાંસ્કૃતિક ઇતિહાસના સંશોધકો કરે તો આપણે એમાંથી વધારે મેળવી શકીશું.

અધ્યાત્મવિદ્યા અને યોગશાસ્ત્રની મદદથી આપણે માનસશાસ્ત્ર કે ચેતનશાસ્ત્ર વધારે સારી રીતે ખેડી શકીશું. અને વખતે આજની દુનિયાના મોટામાં મોટા માનસિક રોગોના ઇલાજ પણ શોધી કાઢીશું.

પણ મારો વિશેષ આગ્રહ પુરાણો અને લોકકથાના અધ્યયન માટે છે. ત્રૈવર્ણિકોના સમાજમાં શુદ્રો ભળ્યા અને ચાતુર્વર્ણ્યની સ્થાપના થઇ એ એક મોટો સમન્વય હતો. ત્યાર પછી આપણે આદિવાસીઓના જીવનમાં પ્રવેશ કર્યો. એ પુરુષાર્થનું ઓછુંવત્તું પ્રતિબિંબ આપણા ભિન્ન ભિન્ન પંથોનાં પુરાણોમાં મળે છે. આ દિશામાં વૈષ્ણવોએ જે કામ કર્યું છે તેનો કંઇક ખ્યાલ આપણને છે, પણ શૈવ, શાકત, ગાણપત્ય, સૌર, કાપાલિક, અઘોરી વગેરે સમાજો અને સંપ્રદાયોની કથાઓ હવે આપણે પ્રાગ્–ઐતિહાસિક નૃવંશશાસ્ત્ર (anthropology) અને સમાજશાસ્ત્ર (sociology) ની દૃષ્ટિએ તપાસવી જોઇએ.

એક બાજુ બસો ત્રણસો સ્મૃતિઓ અને બીજી બાજુ અઢાર પુરાણ અને અઢાર ઉપપુરાણ અને કથાસરિત્સાગર જેવી વાર્તાઓ લઇને આપણે બેસીએ તો આપણા સાંસ્કૃતિક પુરુષાર્થનો અને ધીરજ અને કુનેહ સાથે ચલાવેલા સાંસ્કૃતિક પ્રચારનો આપણને ખ્યાલ આવશે. આપણો આત્મવિશ્વાસ વધશે અને આપણને તેમ જ દુનિયાને નવી પ્રેરણા પણ મળશે. મિશનરી લોકો આજે આફ્રિકામાં અને એશિયાનિયામાં જે અણઘડપણે કરે છે, તે જ કામ અહીંના ધર્મસેવકોએ કેટલી કુનેહથી, અહિંસાથી અને માનવ-જીવન પ્રત્યે આદર રાખીને કર્યું હતું એનો ચિતાર પણ આપણને એમાં ઠેર ઠેર મળશે.

મને ભાન છે કે હું ઇતિહાસ–સંશોધનની પરિષદમાં બોલતો નથી પણ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે બોલું છું. પણ હું સાહિત્યનું અધ્યયન સાહિત્યનો સાંકડો અર્થ લઇને કરવામાં માનતો નથી. સાહિત્ય જો પ્રજાજીવનનું વાઙ્મયીન પ્રતિબિંબ હોય તો સાહિત્યસેવક જીવનોપાસક અને સુસંસ્કૃતિસંવર્ધક હોવો જ જોઇએ. કોણે કહ્યું કે સાહિત્યસેવામાં કેવળ પલ્લવગ્રાહી પાંડિત્ય જ શોભે ? એ ડિલિટૅન્ટિ (dilettante) જ હોવો જોઇએ ? હું તો માનું છું કે શબ્દશાસ્ત્ર અને સાહિત્યશાસ્ત્ર ઉપરાંત જીવનશાસ્ત્ર પણ એના અધ્યનનો વિષય હોવો જોઇએ. અને જીવનશાસ્ત્રમાં શું શું નથી આવતું ? માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને અધ્યાત્મ–એ પ્રસ્થાનત્રયી તો એમાં હોવી જ જોઇએ.

હવે અલમ્,–દુનિયાના સાહિત્યસેવીઓના પ્રિય વિષય ઉપર આવું. કવિતા, લઘુકથા, નવલકથા અને નાટકોમાં જે વિષય પ્રધાનપણે ભોગવે છે તે છે સ્ત્રીપુરુષના પરસ્પર પ્રેમ, જીવનની ઉત્પત્તિ જ એ પ્રેમમાંથી છે. એ પ્રેમને લીધે જ સ્ત્રીપુરુષનો ચિરંતન સહયોગ શકય બને છે. એ પ્રેમમાંથી જ બધા ઉત્કૃષ્ટ સદ્ગુણોનો પરિપાક થાય છે. એ પ્રેમના અરાજકમાંથી જ તમામ વિકૃતિઓ પેદા થાય છે અને જીવન છિન્નભિન્ન અથવા ઝેરી થઇ જાય છે. જૂના અને નવા સાહિત્યકારો એ પ્રેમને પિછાણી, એ

પ્રેમનું વિવિધત ભર્યું વર્ણન કરતાં હજી થાકયા નથી અને કોઇ કાળે થાકશે એમ માનવનું કારણ નથી.

અઢારમી અને એગણીસમી સદીના આપણા અંગ્રેજ વિદ્યાગુરૂઓએ આપણા શૃંગારિક સાહિત્યને અશ્લીલ કહી અપ્રતિષ્ઠિત કર્યું. આજે એ સ્થિતિ બદલાઇ છે. પશ્ચિમના સમાજધુરીણો અને ન્યાયાધીશો પણ દહાડે દહાડે ઘણું વાસ્તવવાદી થતા જાય છે. આવી સ્થિતિમાં હવે આપણે આપણું શૃંગાર અને કામવિજ્ઞાન અંગેનું સંસ્કૃત સાહિત્ય એક વાર એકત્ર કરી, એમાંથી નીકળતા જીવનાનુભવો અને જીવનસિદ્ધાન્તો સ્વતંત્રપણે તારવી કાઢવા જોઇએ. સ્મૃતિઓમાં આઠ પ્રકારના વિવાહો છે. અનુલોમ અને પ્રતિલોમ વિવાહોનો વિસ્તાર છે. એમાં સંડોવાયેલા કારીગર વર્ણો અને આદિવાસીઓ વિષે પણ એમાંથી જાણવાનું મળે છે. કામશાસ્ત્રમાં તેમ જ વૈદકશાસ્ત્રમાં એ વિષય પરત્વે જે માહિતી મળે છે તે બધી જીવન અને સંસ્કૃતિની દૃષ્ટિએ ગોઠવવી જોઇએ અને તટસ્થ ભાવે આ બધાનું મૂલ્યાંકન કરવું જોઇએ. કાવ્યશાસ્ત્રમાં અને નાટયશાસ્ત્રમાં સ્વકીયા અને પરકીયાના અનેક પ્રકારો વર્ણવ્યા છે. કેવળ ધર્મશાસ્ત્ર અથવા શિષ્ટાચારની કસોટી ઉપર જ એ બધી વસ્તુઓને કસવાનો જમાનો હવે રહ્યો નથી. પણ ભાવનાશુદ્ધિ, માનસિક આરોગ્ય, સમાજ-સ્વાસ્થ્ય, જીવનવિકાસ અને જીવનસમૃદ્ધિ—એ બધી દૃષ્ટિએ શૃંગારરસ ને કામવિજ્ઞાન બન્નેને રીતસર ઠેકાણે પાડવાં જોઇએ. આ કામ જીવનવિમુખ, ચોખલિયા અને સૂતકી લોકોનું નથી એ પહેલેથી જ કબૂલ કરીએ, પણ ખરજવું વધારીને એમાં જ માણનાર વિકૃત રોગીઓ પણ આમાં પ્રમાણ નથી એ પણ આપણે સ્વીકારવું જોઇએ. સ્ત્રીજીવન અને પુરૂષજીવન વિષેનો કિન્સી (Kinsey) રિપોર્ટ વાંચ્યા પછી તો આપણી પ્રજાના વાસ્તવવાદી સામાજિક જીવનમાંથી અને કલ્પનામાંથી વિસ્તરેલા સાહિત્યનું ખાસ અધ્યયન જવાબદાર વ્યકિતઓએ કરવું જોઇએ અને એમાંથી તટસ્થપણે માનસિક તેમ જ સામાજિક આરોગ્યના નિયમો તારવી કાઢી, ચારે પુરૂષાર્થને યથાપ્રમાણ અવકાશ મળે એ રીતે સમાજની ઢોરવણી કરવી જોઇએ. આમાં પણ શરીર સૌન્દર્યનું કે—સૌષ્ઠવનું તત્વ અલગ, મનોવિકારનો વિસ્તાર અલગ, કામવિજ્ઞાન અલગ, પ્રેમજીવનની સુવાસ અને એની વિકૃતિમાંથી ઉત્પન્ન થતા કોયડાઓની મીમાંસા અલગ—એ રીતે ચતુર્વિધ વિભાગમાં આ વિષય જો ખેડ્યો હોય તો હું માનું છું કે આપણી કવિતા, આપણી નવલકથાઓ અને આપણાં નાટકો—બધાં ક્ષેત્રમાં સમાજને નવો જ ખોરાક મળશે. એ જેટલો ઉત્તેજક હશે તેટલો જ વિચાર-પ્રેરક પણ હશે. આજની બેજવાબદારીને ઠેકાણે એમાં જીવનચિંતન દાખલ થયેલું હશે. અને પછી જ સાહિત્યકારો આવા નવજીવન—નિર્માણમાં પોતાનું સ્થાન લઇ શકશે.

કોઇડ અને યુંગની મીમાંસા મળ્યા પછી સાહિત્યકારોને કવિતા લખવામાં કે નવલકથાઓ રચવામાં જેમ નવો ખોરાક અને નવી દિશા મળ્યાં છે તેવી જ રીતે આપણા જૂના સંસ્કૃત સાહિત્યમાંથી આપણા જીવનનું જે સ્વતંત્ર આકલન મળે છે તેનું જો, વિજ્ઞાન અને અધ્યાત્મની દૃષ્ટિએ, અધ્યયન થાય તો સ્ત્રીપુરૂષસંબંધનાં સુંદરમાં સુંદર અને વિવિધ ચિત્રો આપણે રજૂ કરી શકીએ. પેલા અમેરિકન માયર્સે આપણે ત્યાંના યૌન સંબંધ વિષેના તમામ ઉલ્લેખો બે ભાગમાં એકત્ર કર્યા છે. એમાં પ્રકૃતિ, સંસ્કૃતિ, વિકૃતિ—ત્રણેનો ગમે તેટલો વિસ્તાર છે. પશ્ચિમના લોકોનું જીવન, એ લોકોનું જ પરંપરિત અધ્યયન, એ લોકોના ઝપાટાભેર બદલાતા આદર્શો અને એમના નવા નવા ઉકેલો—એ બધાના કેવળ અનુયાયી થઇને કયાં સુધી ચલાવીશું? આપણે ત્યાંના જીવનવિસ્તારનો ચિતાર આપણા સંસ્કૃત સાહિત્યમાં ઓછો નથી. પાશ્ચાત્ય લોકોની મીમાંસા જેમ એકાંગી અને અધકચરી છે, તેમ આપણી પણ હશે. પણ આપણો અનુભવ ઓછો ઊંડો નથી. આપણી સીમાંસા છીછરી કે કૃત્રિમ નથી, અને આપણા આદર્શો ઓછા ભવ્ય નથી. જો આપણી પ્રેરણા જીવન વિમુખ વૈરાગ્ય છે તો જીવનને બધી રીતે સમૃદ્ધ અને કૃતાર્થ કરનાર અનાસક્તિ પણ છે. જો આપણે ત્યાં વામાચારી તાંત્રિકોની મોહજાળ અને એમાંથી ફેલાયેલું દુર્ગંધી નરક હતું, તો એ જ વસ્તુની આખી ભૂમિકા શુદ્ધ કરી, ભુકિત અને મુકિત—બન્નેનો સમન્વય સાધતો દક્ષિણાચારી તંત્રમાર્ગ પણ હતો. શાકત ઉપાસનામાં જે ભૂલો થઇ તે વૈષ્ણવોએ સુધારી અને આખી પ્રજાની રસવૃત્તિ શુદ્ધ દિશાએ વાળી. જ્યારે આપણા સંસ્કૃતિ-ધુરીણોએ જોયું કે કૃષ્ણભકિતમાં અનાચાર દાખલ થઇ શકે છે ત્યારે એમણે મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામચંદ્રની ઉપાસના આગળ કરી. બીજી બાજુ, રામાયણનાં બાલબ્રહ્મચારી હનુમાનના શાકતોએ શા હાલ કર્યા એ પણ આપણે જોયે જ છૂટકો છે.

મારે એટલું જ કહેવું છે કે પાશ્ચાત્ય લોકોનો જીવનાનુભવ પ્રમાણ સમજી એમના સાહિત્યમાંથી ઉછીની પ્રેરણા મેળવી, આપણે આપણું પ્રેમજીવન ચીતરવાનો પ્રયત્ન ન કરતાં, આપણે ત્યાંના એટલા જ સમૃદ્ધ સાહિત્યનું અધ્યયન કર્યા પછી આપણા પોતાના આદર્શો અને અનુભવો પ્રમાણે એ ક્ષેત્ર આપણે ખેડીએ તો એમાંથી આપણને સંતોષ થાય અને પછી જગતને પણ પ્રેરણા મળે એવું મૌલિક સાહિત્ય નિર્માણ થઇ શકે. સ્ત્રીપુરૂષ—સંબંધ, કામવિજ્ઞાન, યોનવિકાર, ચતુર્વિધ પુરૂષાર્થ, ચાર આશ્રમ, સત્ત્વ, રજ, તમ આદિ ગુણોની આખી સૃષ્ટિ, આપણી સ્મૃતિઓ, આપણો આયુર્વેદ, યોગવાસિષ્ઠમાં વિસ્તરેલું યોગશાસ્ત્ર અને અધ્યાત્મ તેમ જ ભકિતમાર્ગ એ બધું એકત્ર કરી હેવલોક એલિસની પેઠે જ્યારે આપણે આ વિષયની સવિસ્તર મીમાંસા કરીશું ત્યારે જગત તો ચકિત થશે જ, પણ આપણે પણ આશ્ચર્યચકિત થઇશું કે આપણે ત્યાં આટલો સમૃદ્ધ વારસો હતો. અને સંભવ છે કે ગાંધીયુગને અંતે આપણે એ વિષયને કેવળ વર્ણનાત્મક બેજવાબદારીની ભૂમિકામાંથી ઉગારી ઐહિક જીવન અને આધ્યાત્મિક આદર્શ—બન્નેને પરમ સંતોષ આપે એવી ભૂમિકા ઉપર લઇ જઇ શકીશું.

ગુજરાતી ભાષાની શકિત વધારવી હોય તો એક તરફ સંસ્કૃત ભાષાનું ધાવણ દરેક લેખકને મળવું જોઇએ અને બીજી બાજુએ ગુજરાતી પ્રજાના કેવળ મધ્યમ વર્ગમાં નહિ—પણ તમામ પ્રજાના મૂળ સાહિત્યમાં એનાં મૂળિયાં પહોંચ્યાં જોઇએ.

સંસ્કૃત સાહિત્યમાં, મારી દૃષ્ટિએ, પાલિ તેમ જ અર્ધમાગધી સાહિત્ય પણ આવી જ જાય છે. પ્રાકૃત ગણાતી પણ સંસ્કૃતની પાછળ પાછળ ખીલેલી તમામ ભાષાઓ સંસ્કૃતની અંદર જ ગણવી જોઇએ, પછી ભલેને એને પ્રાકૃત કે અપભ્રષ્ટ નામથી પંડિતોએ નવાજી હોય.

જેમ સંસ્કૃત સાહિત્ય આજે સહેજે ઉપલબ્ધ છે તેમ સંસ્કૃત પછીનું—સંસ્કૃત કુટુંબનું બીજું સાહિત્ય સહેજે ઉપલબ્ધ નથી. એનું અધ્યયન પણ સંસ્કૃત જેટલું સાર્વત્રિક નથી એટલે અત્યારે એ બધું સાહિત્ય કાંઇક અંશે અજ્ઞાન જેવું રહ્યું છે. એ વિસ્તારમાંથી મહત્ત્વનો અંશ તારવી કાઢી ગુજરાતી ભાષાંતર સાથે પ્રકાશિત કર્યું હોય તો આપણો સાંસ્કૃતિક વારસો સમજવામાં આપણને ઘણી મદદ થશે અને આપણી દૃષ્ટિ પણ વ્યાપક અને વિશાળ થશે.

ગુજરાતી ભાષાને એનો પૈતૃક કે માતૃક વારસો બધો ઉપલબ્ધ થાય એ ગુજરાતી પ્રજાનો અધિકાર છે. જૈન અને બૌદ્ધ પરંપરાનો ધાર્મિક અને સામાજિક પુરૂષાર્થ આપણી આગળ પૂર્ણપણે પ્રગટ ન હોય તો તે સાંસ્કૃતિક અન્યાય તેમ જ લાંબારી ગણાય.

અપૂર્ણ

કાકા કાલેલકર

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રસ્તાવો

ઑક્ટોબર માસની તારીખ ૨૩, ૨૪, ૨૫ના રોજ અમદાવાદ ખાતે ભરાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૦મા અધિવેશનમાં સર્વાનુમતે પસાર કરવામાં આવેલા સાત ઠરાવોમાંથી ૭ ઠરાવો નીચે મુજબ છે :—

ઠરાવ : ૨

રાજ્યતંત્ર પ્રજાની ભાષામાં ચાલે તેમ જ કેળવણીનું વાહન પણ નીચેથી ઉપર સુધી પ્રજાની ભાષા જ હોય એ લોકશાસનનો પાયાનો સિદ્ધાંત સ્વાધીનતાની લડતનાં મંડાણ થયાં ત્યારથી આપણી પ્રજા આગળ રહેલો છે. એ દૃષ્ટિએ અત્યારના મુંબઇ રાજ્યની ફેરગોઠણીનું જે વાતાવરણ પેદા થયું છે તેની, ગુજરાતી સાહિત્ય પરિષદનું આ ૨૦મું સંમેલન નોંધ લે છે અને એના અનુસંધાનમાં ગુજરાતી ભાષા, ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી સંસ્કારિતા ખીલવી એ વાટે સમસ્ત ભારતની સેવા કરવાનો સંકલ્પ આ સંમેલન કરે છે અને આશા રાખે છે કે ગુજરાતી પ્રજાને આ સંકલ્પની પૂર્તિ માટે સર્વ પ્રકારની અનુકૂળતા કરી આપવામાં આવશે.

મુંબઇ રાજ્યની ફેર ગોઠવણીની વિચારણામાં પ્રત્યેક એકમને અને પ્રત્યેક ભાષાભાષી સમૂહને પૂરતો ન્યાય મળી રહે તેમ જ તેના વિકાસની દિશા સુરેખપણે નક્કી થાય તેની પૂરતી કાળજી રાખવામાં આવે તે માટે આ સંમેલન આગ્રહ વ્યકત કરે છે.

ઠરાવ : ૩

પ્રજાની વધતી જતી સંસ્કારમાંગને પહોંચી વળવા અને પ્રજાને જ્ઞાનની વિવિધ શાખાઓનું સંદોહન વ્યવસ્થિત રીતે ગુજરાતી ભાષામાં પૂરું પાડવા ગુજરાતી સાહિત્ય પરિષદનું આ ૨૦મું સંમેલન ઠરાવે છે કે અનુકૂળતા પ્રમાણે સંદર્ભ ગ્રંથો, ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, વિવિધ વિષયો ઉપરનાં સરળ પુસ્તકોના પ્રકાશનની તેમ જ અપ્રાપ્ય શિષ્ટ ગુજરાતી ગ્રંથોના પુનર્મુદ્રણની યોજના હાથ ધરવી અને તેમાં આપણી સંસ્કારસંસ્થાઓ તથા વિદ્વાનોનો સહકાર મેળવવો. આ કાર્ય યોજનાપૂર્વક હાથ ધરવા માટે આ સંમેલન સભ્યો ઉમેરવાની સત્તા સહિત નીચેનાં સભ્યોની સમિતિ નિયુકત કરે છે અને એ સમિતિની ભલામણોનો અમલ કરવા કાર્યવાહક સમિતિને આદેશ કરે છે.

શ્રી. કાકાસાહેબ કાલેલકર	શ્રી. હરિવલ્લભ ભાયાણી
,, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી	,, નગીનદાસ પારેખ
,, ઝીણાભાઇ દેસાઇ	,, જયંતી દલાલ
,, ઉમાશંકર જોશી	,, ચૂનીલાલ મડિયા
,, ગુલાબદાસ બ્રોકર	,, પ્રવીણચંદ્ર રૂપારેલ
,, મોહનલાલ મહેતા (સોપાન)	,, નિરંજન ભગત
,, યશવંત શુકલ	,, ભૃગુરાય અંજારિયા
,, ભોગીલાલ સાંડેસરા	,, મંજુલાલ મજમુદાર
,, કેશવરામ શાસ્ત્રી	,, રસિકલાલ પરીખ
,, અનંતરાય રાવળ	,, વાડીલાલ ડગલી

ઠરાવ : ૪

ગુજરાતી સાહિત્ય પરિષદનું આ ૨૦મું સંમેલન માને છે કે આપણા દેશની પ્રજાએ ભારે જહેમતે પ્રાપ્ત કરેલા સ્વરાજ્યના લાભો બહુજનસમાજ સુધી પહોંચે તે માટે દરેક પ્રદેશનો આંતરિક વહીવટ તે તે પ્રદેશની ભાષામાં જ ચાલવો જોઇએ અને તેથી કેન્દ્ર અને રાજ્ય સરકારને આ સંમેલન આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે સર્વ કક્ષાએ પ્રજાની ભાષામાં વહીવટ કરવાનો સિદ્ધાન્ત તે સ્વીકારે અને તેનો અમલ કરવા સત્વર પ્રબંધ કરે.

તદુપરાંત, આ સંમેલન કેન્દ્ર સરકારને વિનંતી કરે છે કે, પોતાનો વહીવટ રાજભાષામાં ચલાવવા અને જ્યાં સગવડ માંગવામાં આવે ત્યાં બંધારણમાન્ય ભાષા સ્વીકારાય તથા જાહેર પરીક્ષાઓમાં પણ રાજભાષાની સાથે બંધારણમાન્ય ભાષાનો ઉપયોગ થાય તે માટે સત્વર પ્રબંધ કરે.

ઠરાવ : ૫

શિક્ષણની ઉચ્ચ કક્ષાએ સ્વભાષાને બોધભાષા તરીકે સ્વીકારવા માટે અને એ સિદ્ધાંતને વ્યવહારમાં ઉતારવા પરિભાષા આદિનો પ્રબંધ કરવા માટે ગુજરાતી સાહિત્ય પરિષદનું આ ૨૦મું સંમેલન ગુજરાત યુનિવર્સિટીને અભિનંદન આપે છે અને ગુજરાત પ્રદેશની અન્ય યુનિવર્સિટીઓને આ પ્રશ્નનું મહત્ત્વ સમજી વેળાસર ગુજરાતીને બોધભાષા તરીકે સ્થાપવા અનુરોધ કરે છે. વિશેષમાં આ સંમેલન એમ ભલામણ કરે છે કે પરિભાષા અને પાઠ્યપુસ્તકો તૈયાર કરવાનું ભગીરથ કાર્ય ગુજરાતની સર્વ યુનિવર્સિટીઓ અને સર્વ વિદ્યાસંસ્થાઓએ સાથે મળીને પાર ઉતારવું જોઇએ.

ઠરાવ : ૬

ગુજરાતી સાહિત્ય પરિષદનું કાર્યાલય અમદાવાદમાં રાખવાનું ઠરાવાયું છે તે કારણે તેમ જ પરિષદની વધતી જતી પ્રવૃત્તિઓને કારણે અમદાવાદમાં પરિષદનું પોતાનું મકાન હોય એ આવશ્યક છે. ગુજરાતી ભાષાનું એકેએક પુસ્તક જ્યાંથી મળી શકે તેવું સમૃદ્ધ ગ્રંથાલય તેમ જ એક વ્યાખ્યાનખંડ તેની સાથે જોડાયેલાં હોય એ ઇષ્ટ છે. વહેલી તકે આ પ્રકારનું મકાન ઊભું કરવા માટે ગુજરાતી સાહિત્ય પરિષદનું આ ૨૦મું સંમેલન મકાન ફંડ શરૂ કરવા ઠરાવે છે અને આશા રાખે છે કે ગુજરાતની સાહિત્ય અને સંસ્કારપ્રિય જનતા આ ફંડમાં ઉત્સાહપૂર્વક પોતાના ફાળો આપે

ઠરાવ : ૭

એકલિપિ વિસ્તારની દૃષ્ટિએ તેમ જ મુદ્રણ આદિની સગવડો સુલભ થાય તે માટે ગુજરાતી લિપિમાં ઘટતા ફેર-ફારો સૂચવવા ગુજરાતી સાહિત્ય પરિષદનું આ ૨ મું સંમેલન નીચેના સભ્યોની સમિતિ નીમે છે.

શ્રી કાકાસાહેબ કાલેલકર	શ્રી કપિલરાય મહેતા
,, બચુભાઇ રાવત	,, કેશવરામ શાસ્ત્રી
,, મોહનલાલ મહેતા (સોપાન)	,, હરિવલ્લભ ભાયાણી
,, રવિશંકર મહેતા	,, મહેન્દ્ર મેઘાણી

ધનને સૂંઘીને લેતાં શીખો

આપણે બંજારમાં ઘી કે તેલ લેવા જઇએ છીએ ત્યારે લેતાં પહેલાં સૂંઘીએ છીએ. કેરી કે અગરબત્તીની પણ સોડમ લઇએ છીએ; ચેવડો કે બદામ ખારી નથીને, એમ નક્કી કરવા તે પણ ચાખી ચકાસીને લઇએ છીએ; માટલાં લેવા જઇએ તો પણ ટકોરો મારીને ખરીદીએ છીએ. આમ, આપણે જે કાંઇ ઘરમાં લાવીએ છીએ તેને સૂંઘીને, ચકાસીને, ટકોરા મારીને લાવીએ છીએ; પણ આપણે આપણા ઘરમાં જે કાંઇ લક્ષ્મી લાવીએ છીએ તેને નથી સૂંઘતા, નથી ચકાસતા કે નથી ટકોરા મારતા. એ તો ગમે તેટલી, ગમે ત્યાંથી, ગમે તે રીતે આવી હોય તો વાંધો જ નહિ. વસ્તુતઃ એક એક કણની જેમ એક એક પૈસો જે કમાઇએ તેને પૂછતાં શીખો કે તે કયાંથી, કેવી રીતે આવ્યો. નીતિથી, પ્રમાણિકતાથી, ધર્મથી આવેલો છે કે કેમ એ સૂંઘતાં શીખો. આપણને એ ટેવ નથી. જે કમાયા તે ચપ દઇને ઘરમાં ઘાલી દઇએ છીએ; પણ આપણે જેમ ખરાબ કે કાચો માલ ઘરમાં ન ઘાલીએ તેમ અનીતિ, અધર્મ, અપ્રમાણિકતાનો મેલો પૈસો પણ ઘરમાં ન ઘાલીએ, ને લક્ષ્મીને પણ સૂંઘીને લેતાં શીખી જઇએ તો સુખ સુખ થઇ જશે. **રવિશંકર મહારાજ**

'જન્મભૂમિ'ની યશોગાથા

(ગતાંકથી અનુસંધાન)

સૌરાષ્ટ્રનો ઉદય

સૌરાષ્ટ્રમાં 'ફૂલછાબ' દૈનિક ૧૯૫૦થી રાજકોટમાંથી પ્રસિદ્ધ થાય છે. અસલ તે રાણપુરથી સાપ્તાહિક તરીકે શરૂ થયેલું. 'જન્મભૂમિ'નું પુરોગામી આ 'સૌરાષ્ટ્ર' ૧૯૨૧ના ઓકટોબરની બીજીએ, મહાત્માજીની જન્મજયંતી પ્રસંગે, શ્રી અમૃતલાલ શેઠ અને તેમના સાથીઓએ રાણપુરમાં શરૂ કર્યું. કોઇ રજવાડામાં તે પોષાય તેમ નહોતું. લીંબડીની મુન્સફગીરી છોડીને અમૃતલાલ શેઠ લોકસેવા અર્થે બહાર પડ્યા. પૂ. મહાત્માજીના આદેશથી કાઠિયાવાડના રજવાડાની પ્રજાની તેમણે સેવા કરવાની હતી. રાણપુર સૌરાષ્ટ્રમાં પણ અમદાવાદ જિલ્લાની અંગ્રેજી હકૂમત નીચે હતું. ત્યાંથી 'સૌરાષ્ટ્ર' આપખુદી સામે આંદોલન ઉપાડ્યું, અન્યાય અને જુલમનાં દૃષ્ટાંતો ઉપર વેધક પ્રકાશ નાખ્યો અને નાગરિક અધિકારોની રક્ષા માટે અવાજ ઉઠાવ્યો.

'સૌરાષ્ટ્ર'ના જન્મ પ્રસંગે શ્રી શેઠે પોતાના મનોરથ આ શબ્દોમાં રજુ કર્યા હતા :

"આ પ્રકારના વર્તમાનપત્રોથી દેશસેવા થઇ શકશે નહિ. જો દેશસેવા કરવી હશે તો નવાં વર્તમાનપત્રો સ્થાપવાં પડશે. નવી ભાષામાં લખવા પડશે. એ વર્તમાનપત્રો આજની કાળી શાહીથી નહિ લખાય. એ તો લખાશે અમારા લોહીની લાલ શાહીથી. એમાં દુઃખના, વેદનાના, બળવાના પોકારથી ધરતી ધણુધણી ઊઠશે, રાજાઓનાં દિલ થરથરશે અને એમનાં સિંહાસનો ડોલવા માંડશે. પ્રજાકલ્યાણના નવા યજ્ઞો અમે વર્તમાનપત્રોનાં કાર્યાલયોમાં માંડીશું."

મુંબઇના સૌરાષ્ટ્રવાસી મિત્રોએ શેઠની ઝોળી છલકાવી અને 'સૌરાષ્ટ્ર' નો જન્મ થયો. હાથે ચાલતાં ટ્રેડલ મશીન ઉપર 'સૌરાષ્ટ્ર' છપાતું. શેઠ અને તેના સાથીઓ શ્રી ભીમજીભાઇ સુશીલ તથા શ્રી બલવંતરાય મહેતા લેખનકાર્ય કરતા, પ્રુફ વાંચતા, પેપર વાળતા, પરબીડિયાં કરતા, સરનામાં લખતા અને પછી પત્રની નકલો ઝોથળામાં લઇને કાઠિયાવાડના જુદા જુદા ભાગમાં ફેરી કરવા ઊપડતા. ત્યાં એજન્ટો સ્થાપતા, ગ્રાહકો બનાવતા, પ્રતિનિધિઓ નીમતા અને સમાચારો એકઠા કરતા. આ રીતે શરૂ થયેલું 'સૌરાષ્ટ્ર' સ્થાનિક પ્રજાનું એક પ્રબળ ભેરૂબંધ બન્યું. અન્યાય અને અત્યાચારોના ભીષણ અંધકારો ભેદાયા, પ્રસિદ્ધિના સૂર્ય-પ્રકાશથી દુષ્ટતા અને બદીઓનાં જંતુઓ નાશ પામવા લાગ્યાં. રજવાડાઓમાં તરખાટ મચી ગયો. પ્રજામાં જાગ્રતિ આવી, સંગઠન-શકિત જાગી. આત્મવિશ્વાસ પેદા થયો. પ્રજાના મનના મનોરથો આકાર પામવા લાગ્યા. સૌરાષ્ટ્રમાં નવો યુગ મંડાયો. પત્રકારત્વનો પણ ગુજરાતી ભાષામાં નવો યુગ શરૂ થયો.

ધોલેરા સંગ્રામને મોરચે

'૩૦ના નિર્મક સત્યાગ્રહ પ્રસંગે ધોલેરામાં સૌરાષ્ટ્રની પ્રજાએ જે ઐતિહાસિક લડત આપી અને મોરચો બાંધ્યો તેમાં સૌરાષ્ટ્રની સફળતા હતી. લડતને 'સૌરાષ્ટ્ર' મેઘાણી આપ્યા, 'સિંધુડો' આપ્યો, નવલોહિયા નવજુવાનો આપ્યા. સરકારની આંખ કરડી થઈ. 'સૌરાષ્ટ્ર' બંધ પડ્યું, લડત પૂરી થતાં 'રોશની' નામે 'સૌરાષ્ટ્ર'નો નવજન્મ થયો. ફરીથી '૩૨–૩૪'ની લડત આવી. 'રોશની'એ પણ બંધ થવું પડ્યું, લડત સમેટાતાં 'ફૂલછાબ' નામે સજીવન થયું. સ્વરાજ પછી 'સાપ્તાહિક 'ફૂલછાબ' દૈનિક બન્યું અને રાજકોટથી પ્રસિદ્ધ થવા લાગ્યું.

છેલ્લો કટોરો

સૌરાષ્ટ્ર', 'રોશની', 'ફૂલછાબ'ની સફળતામાં શેઠ અને તેમના પ્રારંભના સાથીઓ શ્રી સુશીલ તથા શ્રી બલવંતરાય મહેતા ઉપરાંત શ્રી ઝવેરચંદ મેઘાણી તથા શ્રી કકલભાઇ કોઠારીએ સારો ભાગ ભજવ્યો. 'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજે, બાપુ' એ કાવ્ય બાપુ ગોળમેજીમાં જવા ઊપડ્યા એ પ્રસંગે મેઘાણીભાઇએ રચ્યું.

મહાદેવભાઇએ બાપુને તે ગાઇ સંભાળ્યું. પછી સ્ટીમર 'રજપૂતાના'માંથી મહાદેવભાઇએ 'નવજીવ'માં લખ્યું કે :

"ગાંધીજીને સફળ સફર ઇચ્છતા ઘણા સંદેશાઓ આવ્યા હતા. તેમાંનો એક વાઇસરોયનો હતો, પણ વિદાયના દિવસોની ગાંધીજીના દિલની લાગણીઓ અને વાતાવરણ યથાર્થ સ્વરૂપે રજૂ કરનાર કોઇ સંદેશો હોય તો તે જુવાન ગુજરાતી કવિ શ્રી. મેઘાણીનો હતો તેમ ગાંધીજીએ પોતે મને કહ્યું. તેમની કવિતાનો હાર્દિક ભાવ અને અંતરનો સૂર અંગ્રેજીમાં ઉતારવાનું કામ અશકય છે. તા. ૧૩મી ઓગસ્ટે ગાંધીજીની લોર્ડ વિલિંગ્ડન સાથેની વાટાઘાટો પડી ભાંગી. ત્યાર પછીના પંદર દિવસના ગાંધીજીના હૃદયની લાગણીઓ અને વિચારમંથનનું કવિએ જાણે કે ગાંધીજી સાથે રહીને સતત નિરીક્ષણ કરીને, આ વિદાયગીત લખ્યું હોય તેવું એ છે."

તે ગીતનો ભાવ દર્શાવતી તેની થોડી કંડિકાઓ આ નીચે આપી છે :

છેલ્લો કટોરો ઝેરનો આ : પી જજે બાપુ !
સાગર પીનારા ! અંજલિ નવ ઢોળજો બાપુ !
હૈયા લગી ગળ્યા ગરલ ઝટ જાઓ રે બાપુ !
ઓ સૌમ્ય-રૌદ્ર ! કરાલ-કોમલ ! જાઓ રે બાપુ !
દેખી અમારાં દુઃખ નવ અટકી જજો, બાપુ !
સહિયું ઘણું, સહીશું વધુ : નવ થડકજો, બાપુ !

× × ×

એ તો બધાંય જરી ગયાં, કોઠે પડ્યાં, બાપુ !
ફૂલ સમાં અમ હૈડાં તમે લોઢે ઘડ્યાં, બાપુ !
શું થયું ત્યાંથી ઢીંગલું લાવો ન લાવો :
ખોસાં દઇશું, ભલે ખાલી હાથ આવો !
રોપશું તારે કંઠ રસળસતી ભૂજાઓ.
દુનિયા તણે મોંએ જરી જશ આવજો, બાપુ !
હમદર્દીના સંદેશડા દઇ આવજો, બાપુ !

× × ×

આજાર માનવ-જાત આકુલ થઇ રહી, બાપુ !
તારી તબીબી કાજ એ તલખી રહી, બાપુ !
જા બાપ ! માતા આખલાને નાથવાને,
જા વિશ્વહત્યા ઉપરે જળ છાંટવાને;
જા સાત સાગર પાર સેતુ બાંધવાને.

ગોળમેજી પ્રસંગે લખેલી કાવ્યત્રિપુટીથી મેઘાણી 'રાષ્ટ્રીય શાયર'નો ઇલકાબ પામ્યા. સૌરાષ્ટ્રની સંસ્થા મારફતે મેઘાણીભાઇએ સૌરાષ્ટ્રનું લોકસાહિત્ય શોધ્યું, ગાયું, લોકોને પાયું. 'સૌરાષ્ટ્રની રસધાર', 'સૌરાષ્ટ્રના બહારવટિયા' આદિ પુસ્તકોના પ્રકાશન વડે સૌરાષ્ટ્રનો સુષુપ્ત આત્મા જાગ્રત કરવામાં 'સૌરાષ્ટ્ર' અને મેઘાણીભાઇએ લોકોની અનન્ય સેવા કરી.

ક્ષત્રિયવટને પડકાર

અલ્વરના તે વેળાના મહારાજા 'મહાપ્રભુજી' કહેવાતા. પુખ્ત વયે તેમને એક વધુ રાણી પરણવાના કોડ જાગ્યા. સૌરાષ્ટ્રમાં કન્યાની શોધ કરવા અમલદારોએ દોડધામ શરૂ કરી. 'સૌરાષ્ટ્ર' તે પ્રસંગે રાજપૂતીને પડકાર કર્યો. ક્ષત્રીઓને જગાડ્યા, કોઇ કન્યા

'અલ્વરના પ્રભુને પરણવા ન જાય એ જોવા હાકલ કરી. ક્ષત્રીઓએ લાજ રાખી. 'સૌરાષ્ટ્ર' સફળ થયું.

જળપ્રલય

૧૯૨૭માં ગુજરાત–સૌરાષ્ટ્રમાં જળપ્રલય જેવું થયું. કેટલાક પ્રદેશો જળબંબાકાર થયા. સૌરાષ્ટ્રનો બહારની દુનિયા સાથેનો સંબંધ કપાઈ ગયો. મુંબઇના સૌરાષ્ટ્રવાસીઓ પોતાનાં સ્વજનોની ચિંતામાં પડ્યા. શી રીતે સૌરાષ્ટ્રની ભાળ કાઢવી એ પ્રશ્ન થઇ પડ્યો. 'સૌરાષ્ટ્ર' સંસ્થાની અંગભૂત 'સૌરાષ્ટ્ર સેવા સમિતિ' સંકટનિવારણ, રાહત, સેવાનાં કાર્યો કરતી હતી. શ્રી. અમૃતલાલ શેઠ તેના પ્રમુખ હતા. તેમણે મુંબઇમાં 'બહાદુરી' સ્ટીમર ચાર્ટર કરી. મિત્રો–સાથીઓ–સ્વયંસેવકોને ભેળા કર્યા, વાયરલેસનો સામાન લીધો, રાહતકાર્યમાં ઉપયોગી સામગ્રી લીધી અને ભાવનગર બંદરે ઊતર્યા. ત્યાંથી શેઠ, સમિતિના અન્ય સભ્યો અને સ્વયંસેવકો પાણી અને કાદવ ખૂંદતા રેલસંકટથી પીડાતા પ્રદેશના લોકો સમક્ષ પહોંચ્યા. મદદ પહોંચાડી. રાહત આપી. નવરચનાનું કામ હાથમાં લીધું.

દેશી ભાષાનાં પત્રોનું સંચાલન

સ્વરાજ આવ્યા પછી દેશમાં કલ્યાણયજ્ઞનો આરંભ થયો છે. પ્રગતિની કૂચ શરૂ થઇ છે. પંચવર્ષીય યોજનાઓ મારફતે લોકજીવનનાં વિધવિધ પાસાંઓનો વિકાસ થઇ રહ્યો છે. ભાષા, કલા, સંસ્કૃતિનો વિકાસ સાધવા માટે પણ ઘણા પ્રયત્નો ચાલે છે. ભાષાવાર રાજ્યો રચવાથી, જ્ઞાનનો પ્રચાર વધવાથી, લોકોની જ્ઞાનપિપાસા જાગ્રત થવાથી, લોકશાસનની મળી રહેલી તાલીમને કારણે તથા ખરીદશક્તિ વધવાને પરિણામે દેશી ભાષાના સાહિત્યની, ખાસ કરીને દેશી ભાષાનાં વર્તમાનપત્રોની, માગણી વધતી જાય છે, તેનો ફેલાવો વધતો જાય છે. આ દેશી ભાષાનાં વર્તમાનપત્રો લોકરુચિને કેળવે છે. લોકમત ઘડે છે અને લોકશાસનને સફળ કરવામાં મોટો ભાગ ભજવે છે. આ પત્રોની કક્ષા સુધરવી જોઇએ. સમાચારની રજુઆત, બનાવોની સમાલોચના, રાજનીતિનું પૃથક્કરણ ઊંચું ધોરણ સાચવી શકે એ પ્રકારનું તંત્રીમંડળ તેને મળવું જોઇએ. તેના સંચાલનમાં અદ્યતન સાધનસામગ્રી ઉમેરાવાં જોઇએ. આ બધું કરવું હોય તો આ પત્રોની આવકનાં સાધન સદ્ધર બનવાં જોઇએ.

વર્તમાનપત્રોના કર્મચારીઓને જીવનની જરૂરિયાતો સંતોષી શકે એ પ્રકારનાં વેતન તથા સાધનો મળવાં જોઇએ. સરકારે તે માટે જરૂરી આદેશો આપ્યા છે, અને પરિણામે કર્મચારીઓનું જીવનધોરણ સુધરશે એવી આશા રહે છે.

વર્તમાનપત્રોનાં આવકનાં સાધન બે હોઇ શકે: ગ્રાહક સંખ્યા અને જાહેરખબર. તેની સદ્ધરતા માટે ગ્રાહક સંખ્યા કરતાં પણ જાહેરખબરનું વધુ મહત્ત્વ છે તે જાણીતું છે. સરકારની જાહેરખબરની નીતિની હવે પુનર્વિચારણા કરવાનો સમય પાકી ગયો ગણાય. આ વિષે થોડાક લેખક આંકડાઓ આપની પાસે હું રજૂ કરવા માગું છું.

જાહેરખબરની રાજનીતિ

વર્તમાનપત્રોના રજિસ્ટ્રારના ૧૯૫૮ના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે એ વર્ષમાં ૩૭ દૈનિક અને ૨૫૪ સાપ્તાહિક નવાં શરૂ થયાં. આમાં ૩૭ દૈનિકોમાં ૭ અંગ્રેજી અને ૨૫૪ સાપ્તાહિકોમાં ૨૮ અંગ્રેજી પ્રસિદ્ધ થાય છે, બીજાં બધાં દેશી ભાષામાં છપાય છે. ૧૯૫૮ના વર્ષને અંતે ૪૬૫ દૈનિકો છપાતાં તેમાં ૬૮ એટલે કે ૧૪.૬ ટકા અંગ્રેજીમાં છપાતાં. ૧૯૫૮માં ૩૨૧ દૈનિક પત્રોનો કુલ ફેલાવો ૩૬ લાખ જેટલો, હતો. આમાં અંગ્રેજી અખબારોનો ફેલાવો ૯ લાખ છ્યાશી હજાર જેટલો, એટલે કે ૨૫ ટકા હતો.

૧૯૫૪માં પ્રેસ કમિશને કહ્યું છે કે ૧૦૯ જાહેરખબરની એજન્સીઓ મારફતે પોણા ત્રણ કરોડની રકમની જાહેર ખબરો વહેંચાય છે. તેમાંથી એક કરોડ, બ્યાસી લાખની જાહેરખબર અંગ્રેજી છાપાંને અને ૯૦ લાખની દેશી વર્તમાનપત્રોને મળે છે: એટલે કે કુલ વર્તમાનપત્રોના ૧૪.૬ ટકા જેટલા અને કુલ વાંચકસંખ્યાના પચીસ ટકા જેટલા વાચકો ધરાવતા અંગ્રેજી પત્રોને મુખ્ય એજન્સીઓ મારફતની જાહેરખબરનો છાસઠ ટકા ભાગ મળ્યો તેવું જણાય છે, જ્યારે બાકીના ૮૫.૪ ટકા જેટલા દેશી ભાષાના વર્તમાનપત્રોને તે જાહેરખબરના માત્ર તેત્રીશ ટકા જેટલો ભાગ મળ્યો ગણાય.

એજન્સીઓ તો વ્યાપારી ધોરણે જાહેરખબરો આપે પણ સરકાર આ સંબંધે લોકહિતની દ્રષ્ટિએ જાહેરખબરની પોતાની નીતિ નક્કી કરી શકે. દેશી ભાષાનાં પ્રાદેશિક વર્તમાનપત્રોને આર્થિક રીતે સદ્ધર કરવામાં આવે તો તેનું ધોરણ ઊંચું થાય, તેઓ પ્રગતિશીલ થઇ શકે. સરકારે આ પ્રશ્ન ઉપર સહાનુભૂતિપૂર્વક વિચાર કરી જાહેરખબરની નીતિ ઘડવાની જરૂર છે.

દેશી ભાષાનાં પત્રોના વિકાસમાં સહાયભૂત થવા માટે આ સંસ્થાની પ્રેરણા અને મદદથી અગાઉ મરાઠી પત્રકાર પરિષદ ચાલુ થયેલી અને લાંબો સમય ચાલેલી. તે પછી અખિલ ભારત દેશી ભાષા અખબાર મંડળ શરૂ થયું, વિકસ્યું અને આજે તેણે પોતાનું સ્થાન જમાવ્યું છે.

'સૌરાષ્ટ્ર'નો વારસો

આ 'સૌરાષ્ટ્ર' પત્રનો તથા 'સોરાષ્ટ્ર સેવા સમિતિ'નો વારસો 'સૌરાષ્ટ્ર' ટ્રસ્ટને તથા 'જન્મભૂમિ'ની સંસ્થાને પ્રાપ્ત થયો છે. તેમણે તે શોભાવવાનો છે. ભૂતકાળમાં ઘણું કર્યું છે, વર્તમાનમાં પણ તે કરી બતાવવાનું છે, અને ભાવિ કાર્યક્રમમાં તેને અગ્રસ્થાન આપવાનું છે. ટ્રસ્ટ અને તેના અંગભૂત પત્રો લોકસેવા અર્થે, લોકોના પ્રાણપ્રશ્નોના ઉકેલ માટે અને પ્રજાના ઉત્થાનમાં ભાગ ભજવવા માટે સ્થપાયાં છે. જેટલે અંશે આ કૃત્ય ઉદ્દેશો પાર પાડવામાં તે સફળ થશે એટલે અંશે પ્રજાના હૃદયમાં તેમનું સ્થાન સુરક્ષિત અને અવિચળ રહેશે. પ્રભુ સંસ્થાના સંચાલકોને, તેની અંગભૂત પ્રવૃત્તિઓના પ્રેરણાદાતાઓને, સંસ્થાના કાર્યકરો અને કામદારોને, સૌને તેમના કલ્યાણકારી કાર્યોને શુદ્ધ બુદ્ધિથી, સેવાભાવથી અને કર્તવ્યનિષ્ઠાથી પાર પાડવામાં પ્રેરણા અને શક્તિ આપો!.....જય હિન્દ

સમાપ્ત

કનૈયાલાલ દેસાઈ

વૃદ્ધ અપંગ જન સાધુઓ અને ડોળી–વહાર

શ્રી. મનોહરલાલ પ્રભાશંકર સંઘવી તરફથી નીચે મુજબનો એક પત્ર પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા માટે મળ્યો છે:

"જૈન સાધુ–સાધ્વીઓનો પદવિહાર એ તો એક જીવનના મહાન ધ્યેય તરફનું પ્રયાણ છે. દેહદમનના એ મહાન વ્રતની કાંટાળી કેડી મહાત્માઓએ સહર્ષ સ્વીકારેલી છે. જીવનના એ લક્ષ્યબિંદુને સાધવા તડકે–છાંયડે દેહની લેશ માત્ર પરવા કર્યા વિના આજીવન હજારો માઇલની પદયાત્રા કરી જીવનસાફલ્ય પ્રાપ્ત કરવું એ તો એમના દૃઢ આત્મબળનો સાક્ષાત્કાર છે.

જૈન ધર્મમાં દેહદમન જેવા કડક નિયમોનું પાલન તથા આચરણ હોવા છતાં દરેક નિયમને અપવાદ હોય છે. દા. ત. વરસતા વરસાદમાં જૈન સાધુઓએ બહાર નીકળવું ન જોઇએ, કારણ, એમ કરવાથી પાણીના અસંખ્ય જીવોની હિંસા થાય છે. છતાં રસ્તામાં જળાશયો આવે કે જે ઓળંગ્યા સિવાય સામે પાર જઈ ન શકાય તો તેવા સમયે પાણીમાં ચાલીને કે હોડીમાં બેસી સામે પાર જવાની છૂટ છે.

"ડોલીવિહાર વિષે વિચાર કરીએ તો જે સાધુ લાંબી એવી મજલ કાપી જીવનસંધ્યાને આરે ઊભા છે–પાદવિહાર કરવાને જેઓ બિલકુલ અશક્ત છે તેઓ પોતાની યાત્રા ન રોકતાં ડોલી–વિહાર દ્વારા પણ પ્રયાણ ચાલુ રાખે છે.

આજથી સેંકડો વર્ષ પૂર્વે જ્યારે કોઈ જાતના યંત્રનો ઉપયોગ માણસ જાત માટે અશક્ય હતો ત્યારે આ ડોલી વિહારની પદ્ધતિ અમલમાં આવી અને આજ સુધી આપણે એને અનુસરીએ છીએ; પરંતુ અત્યારનાં યાંત્રિક યુગમાં પણ આમ ચલાવ્યે રાખવું એ જરા અસંગત લાગે છે. ડોલીને બદલે આર્થિક, સામાજિક અને ધાર્મિક દૃષ્ટિએ તદ્દન નિર્દોષ અને યોગ્ય એવી રબરના ટાયરવાળી ઠેલણગાડી કે બાઇસીકલ રીક્ષાનો ઉપયોગ સ્વીકારવો જોઇએ. ડોલિ–વિહારમાં ચારથી આઠ માણસોની જરૂર રહે છે, જ્યારે આ જાતના સાઇકલ વિહારમાં એક માણસથી જ ચાલી શકે છે. ઉપરાંત વિહારમાં સુગમતા સાથે કર્મનાં બંધન ઓછાં બંધાય છે."

આ પત્રમાં કરવામાં આવેલી સૂચના. જૈન સમાજે અવશ્ય ધ્યાનમાં લેવા જેવી અને અમલમાં મૂકવા જેવી છે. જે સાધુઓ આજીવન પાદવિહારી છે તેમને જ્યારે વૃદ્ધાવસ્થાના કારણે અથવા તો આર્થ્રાઇટીસ, ગાઉટ કે સંધિવાના કારણે પગે ચાલવાનું અશક્ય અથવા તો અતિ મુશ્કેલ બને છે અને ગમનાગમન અંગે અને વિશેષે કરીને એક સ્થળેથી અન્ય સ્થળે વિહાર કરવા અંગે શું કરવું તે એક મોટો પ્રશ્ન થઇ પડે છે. આવી અશક્તિના કારણે જૈન મુનિ કોઇ એક જ સ્થળ કે સ્થાને સ્થિર બનીને રહે તે ઉચિત લાગતું નથી, કારણ કે તેમણે જે સંયમ દીક્ષા ધારણ કરી છે તે આદર્શના સમ્યગ્ અનુપાલનને સ્થિરવાસ અત્યન્ત બાધક છે અને અસ્થિરવાસ એટલે કે થોડા થોડા સમયે એક સ્થળેથી અન્ય સ્થળે વિહાર એ અતિ આવશ્યક અને સંયમને સાધક છે. આવા અશક્ત–લગભગ અપંગ દશાને પામેલા–સાધુઓ વિહાર માટે આજ સુધી ડોળીઓનો ઉપયોગ કરતા આવ્યા છે. ડોળી સાધારણ રીતે બે માણસો, પણ ઘણા મોટે ભાગે ચાર માણસો પોતાની કાંધ ઉપર ઉપાડતા હોય છે. આ પ્રથામાં આજે ફેરફાર કરવાની જરૂર છે અને ડોળીના સ્થાને ઠેલણગાડી કે સાઇકલ રીક્ષાનો ઉપયોગ કરવામાં આવે તે જરૂર ધ્યાનયોગ્ય છે. આ સૂચના પાછળ રહેલી વિચારસરણી આ મુજબની છે:

જૈન મુનિનો જીવનવ્યવહાર સર્વથા સમાજ ઉપર નિર્ભર હોઇને તે અંગે અમુક ધોરણ વિચારાયલું છે અથવા તો સ્વીકારાયલું છે. અને તે એ છે કે જૈન મુનિ સમાજ ઉપર બને તેટલો ઓછો બોજો નાખે અને સાથે સાથે પોતાને જોઇતી સગવડો બને તેટલી ઓછી હિંસાત્મક હોય એ બાબત પૂરેપૂરી લક્ષ્યમાં રાખે. વળી તે ઉપરાંત માનવતાના ખ્યાલ અંગે રખાતી અપેક્ષાની પણ તેઓ ઉપેક્ષા ન કરે. આ ત્રણ બાબતો લક્ષ્યમાં લેતા ડોળીનો ઉપયોગ ઠેલણગાડી કે સાઇકલ રીક્ષા કરતાં ઘણો વધારે ખર્ચાળ છે, વધારે હિંસક છે અને જૈન મુનિને ચાર ચાર માણસો ઉપાડે એ આજની માનવતાની દૃષ્ટિએ–રબ્બર ટાયર વાળી નાની સરખી ગાડીમાં એક માણસ તેમને ખેંચી જાય તેની સરખામણીએ–ઘણું વધારે અરુચિકર લાગે છે. અને તેથી ડોળીનું સ્થાન ઠેલણગાડી કે સાઇકલ રીક્ષા લે તે આવશ્યક અને વધારે ધ્યાનયોગ્ય લાગે છે.

અહિં કોઇ એવો પણ વિકલ્પ સૂચવી શકે છે કે આવા સાધુઓ મોટર, બસ કે રેલ્વે ટ્રેનથી વિહાર કરે તો શું ખોટું? પાદવિહાર એ જૈન સાધુના આચારનું એક સૂક્ષ્મ અંગ છે એ ખ્યાલનો સ્વીકાર કરીને ઉપરની ચર્ચા કરી છે અને એ ખ્યાલના સંદર્ભમાં જે જૈન મુનિ માટે શારીરિક કારણે પાદવિહાર શક્ય ન હોય તે મુનિ પાદવિહારની બહુ સમીપના એવા સાધનનો ઉપયોગ કરે એ ઉચિત લેખાય. વિહાર એ જૈન મુનિની જીવનચર્યાનું આવશ્યક અંગ છે, પણ આવો વિહાર બહુ ઝડપપૂર્વક થવો જોઇએ એ જૈન મુનિની વિહિત જીવનચર્યા માટે જરા પણ આવશ્યક નથી તેમ જ અભિપ્રેત નથી. આ દૃષ્ટિએ જૈન મુનિની સ્વીકૃત જીવનચર્યા સાથે, મોટર, બસ કે રેલ્વે ટ્રેનનો ઉપયોગ સંમત નથી.

પરમાનંદ

સ્વ. વીરચંદભાઇ અંગે જાહેર શોકસભા

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં તા. ૧૬–૧૦–૫૯ શુક્રવારના રોજ મુંબઇ પ્રદેશના જાહેરસુલ પ્રધાન શ્રી. રસિકલાલ ઉમેદચંદ પરીખના પ્રમુખપણા નીચે સ્વ. વીરચંદ પાનાચંદ શાહના અવસાન અંગે શોક પ્રદર્શિત કરવા માટે જાહેર સભા મળી હતી. આ સભામાં શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ નીચે મુજબનો શોકપ્રસ્તાવ રજુ કરતાં વીરચંદભાઇની ઉજ્જ્વલ જીવનકારકીર્દીનો, તેમના પુરુષાર્થનો, સાહસિકતાનો, ઉદારતાનો અને સેવાપરાયણતાનો અને તેમની રાષ્ટ્રભક્તિનો ખ્યાલ આપ્યો અને ૪૮ વર્ષની ઉમ્મરે મુંબઇનો વ્યવસાય અને જાહેર જીવનનો મોહ છોડીને સૌરાષ્ટ્રમાં આવેલું તેમનું વતન સમઢિયાળામાં જઇને તેઓ કેવી રીતે વસ્યા, તે ગામના ઉદ્ધાર અર્થે કેવી કેવી પ્રવૃત્તિઓ તેમણે હાથ ધરી અને જાહેરજીવનમાં તેમના કાર્યમાં કેવી કેવી મુશ્કેલીઓ ઉભી કરી–જેનો હિંમતપૂર્વક સામનો કરતાં કરતાં તેઓ પોતાના નિશ્ચિત કાર્યને કેવી રીતે વળગી રહ્યા તેને લગતી કેટલીક વિગતો રજુ કરી. વળી મુંબઇમાં ૧૯૩૦–૩૨ની સવિનય સત્યાગ્રહની લડત દરમિયાન તેઓ ડીક્ટેટર તરીકે પકડાયા અને જે થોડા દિવસ તેમને પકડાયા પહેલાં મળ્યાં તેમાં તેમણે કેવી પ્રચંડ કામગીરી કરી બતાવી તેનો પણ ચિતાર આપ્યો. સાથે સાથે તેમના સેવાકાર્યમાં અખંડ સાથ આપનાર તેમના પત્ની શ્રી. હરિલક્ષ્મીબહેનને પણ યોગ્ય અંજલિ આપી. અને ત્યારબાદ તેમણે નીચે મુજબ શોકપ્રસ્તાવ રજુ કર્યો.

"શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૧૬–૧૦–૫૯ના રોજ યોજાયલી જાહેર સભા શ્રી. વીરચંદ પાનાચંદ શાહના તાજેતરમાં નીપજેલ અવસાન અંગે ઊંડા શોકની લાગણી અનુભવે છે. શ્રી. વીરચંદભાઇ રાષ્ટ્રનિષ્ટ પ્રજાસેવક અને સામાજિક અગ્રગણ્ય કાર્યકર્તા હતા. તેમણે પોતાનું વતન સમઢિયાળાને કેન્દ્રમાં રાખીને આસપાસના પ્રદેશની અનેકવિધ સેવાઓ કરી હતી. તેમણે આપબળે સાધેલ આર્થિક ઉત્કર્ષને ઉદાર સખાવતો વડે સાર્થક કર્યો હતો. સરળ નિરભિમાન તેમની પ્રકૃતિ હતી, પ્રેમાળ તેમ જ ઉદાર તેમનો સ્વભાવ હતો અને નિર્મળ આદર્શલક્ષી તેમનું ચારિત્ર્ય હતું. તેમના પવિત્ર આત્માને આ સભા પરમ શાન્તિ ઇચ્છે છે અને તેમનાં સહધર્મચારિણી હરિલક્ષ્મીબહેન તથા તેમના અન્ય સ્વજનો પ્રત્યે આ સભા ઊંડી સહાનુભૂતિ દાખવે છે."

ત્યાર બાદ શોકપ્રસ્તાવનું અનુમોદન કરતાં શ્રી. લીલાવતીબહેન દેવીદાસે, શ્રી. રતિલાલ ચીમનલાલ કોઠારી તથા શ્રી. ચીમનલાલ જેઠાલાલ શાહે વીરચંદભાઇ સાથેનાં પરિચયનાં કેટલાંક સ્મરણો રજુ કર્યા અને તેમના વિશિષ્ટ વ્યક્તિત્વને બહુ ભાવભરી અંજલિ આપી. ત્યાર બાદ પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રી. રસિકલાલ પરીખે વીરચંદભાઇના અનેક ગુણોનો પરિચય આપ્યો અને જણાવ્યું કે 'તેઓ એક પ્રકારના સાધક તરીકે જીવને જીવ્યા હતા, તેઓ રહેણીકરણીમાં એકદમ સાદા સરળ અને ભારે પ્રેમાળ હતા અને તેમનો સૌથી મોટો ગુણ હતો–Sincerity–કાર્યનિષ્ઠાનો. આ કારણે તેઓ જે કાંઇ કહે અથવા કરવાનું કબૂલે તેના ઉપર પૂરો આધાર રાખી શકાતો. તેઓ ગાંધીયુગના એક સાચા માનવી હતા; તેમણે એ રીતે જીવનનાં નવાં મૂલ્યો સ્વીકાર્યાં હતા તેમ જ અપનાવ્યા હતાં. આવો માનવી કોઇ પણ ઉમ્મરે આપણી વચ્ચેથી વિદાય થાય છે ત્યારે સમાજ જરૂર ગરીબ બને છે. આ રીતે તેમના જવાથી સમાજમાં જે ખાડો પડ્યો તે ખાડો તેમના પગલે ચાલીને પૂરો કરવો તે તેમની પ્રત્યે તેમ જ સમાજ પ્રત્યે આપણો ધર્મ છે." આમ જણાવીને સભા સમક્ષ રજૂ કરવામાં આવેલ શોકપ્રસ્તાવને બે મીનીટ શાંતભાવે ઉભા રહીને પોતાનું અનુમોદન આપવા સભાજનોને તેમણે વિનંતિ કરી અને તે મુજબ પ્રણતભાવે શોક પ્રસ્તાવને સભાજનોએ સર્વાનુમતે અનુમોદન આપ્યું.

❋ દશાવતાર ❋

આ કાવ્ય 'લોક ગંગા' એ નામથી પુસ્તિકા-આકારે સંસ્કાર સાહિત્ય મંદિર, પો. બો. ૩૪ ભાનનગર. તરફથી પ્રગટ કરવામાં આવેલ છે અને તેની કીંમત ૪૦ નયા પૈસા અને પોસ્ટેજના ૮ નયા પૈસા છે.

આ લોકગંગાના સંપાદક સ્વામી આનંદ સંપાદકીય વચનમાં નીચે મુજબ જણાવે છે :-

"આ અવતારો ગાનાર નિરક્ષર પણ સંસ્કારસમૃદ્ધ ગચુમા ગામડામાં કોઇ સુતારણ બાઇ પાસેથી ભક્તિભાવે મોઢે બોલ લઇને શીખેલાં.

"આ દશાવતારમાં તથાગત બુદ્ધનું ચરિત્ર આધુનિક હિંદુના ભક્તિભાવે ગાયું છે, ને ગાંધીજીનું ચરિત્ર સને ૧૯૪૪-૪૫ સુધીનું જ હતું. તે પછીનો ભાગ એકથી વધુ પૂજનીય બહેનોની મદદથી નવો ઉમેરેલો છે.

"આ ચરિત્ર-કીર્તનમાં ઠેરઠેર 'પ્રભુ' શબ્દ વપરાયો છે, તે માત્ર ભક્તહૃદયના વિનયનો જ, સૂચક છે. કીર્તનમાં તો શુદ્ધ માનવલીલા જ ગવાઇ છે.

"આવી કૃતિઓ લોકમાનસની દૃષ્ટિએ નિર્દોષ અને સાહિત્યદૃષ્ટિએ અમર છે. સ્વ. મેઘાણી એને 'લોકગંગા' કહેતા. એમાં ભક્તિભાવે નહાનાર પાવન જ થાય, ને એના મનના મેલ ધોવાય."

આ દશાવતાર પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવાની અનુમતિ આપવા બદલ સંસ્કાર સાહિત્ય મંદિરના સંચાલક શ્રી. જયંતિલાલ ભ. શાહનો આભાર માનીએ છીએ.

આ કાવ્યમાં આવતા કેટલાક લોકભાષાના શબ્દોનો અર્થ આ પ્રમાણે છે:-પથ્થમી-પૃથ્વી; નૉર-નહોર-નખ; અખાજ-અભક્ષ્ય; મૅર-મહેર, દયા; વખ-વિષ; અભરામ-અધ્યહામ લિંકન; મારતલ-ખૂન કરનાર. **તંત્રી.**

દશાવતાર

[ગચુમાએ ગાયેલા]

૧, ૨

મછ રૂપેં શંખાસુર માર્યો
કચ્છે ગિરિવર પીઠેં તાર્યો.

૩

અસુરે જવ પથ્થમી જળ ભેળી
વરાહ થઇને ડાઢેં તોળી.

૪

નરસંગ રૂપેં નૉર વધાર્યો
હરણાકંસ અસુરને માર્યો
બાળભગત પ્રહલાદ ઉગાર્યો.

૫

વામન વિપ્ર તણું રૂપ ધરિયું
બળિરાજા જાણે નહિ બળિયું;
ચૌદ લોક વાપ્યાં ત્રણ ડગલે
બળિ ચાંપ્યો પ્રભુયેં અધ પગલે.

૬

પરશુ ફેરવી પરશુરામેં
રાખ્યું નહિ કો ક્ષત્રી નામેં.

૭

રામચંદ્ર પ્રભુ પછેં અવતરિયા
તોડી શિવધનુ સીતા વરિયા
વનવાસેં સિય રાવણ હરિયાં
વાનરસેન સહિત સંચરિયા:

અંજનિસુત, અંગદ, અઉ બળિયા
સમદર પાર કરી ઝટ પળિયા
રાવણ રાક્ષસ કુળ સંહરિયા
સોનાગઢ લંકા લઇ વળિયા;
ભક્ત વિભીષણ આપ્યાં રાજ
વાયુસુત અમ્મરપદ આજ.

૮

દેવકીસુત પછેં કૃષ્ણ કનૈયા
ધંન! ધંન! નંદ જશોદા મૈયા
ધંન વ્રજવનિતા! નંદકિશોર
ગોપીગણ ચિતડાંના ચોર.
લીલા કરી પ્રભુ ધેનુ ચરાવે
ગોપબાળ મળી લીલા ગાવે;
કાળિનાગ પર કરી અંસવારી
કપટી કંસને નાખ્યો મારી
દ્રુપદસુતા ચિર પૂરી ઉગારી;
પ્રભુ પાંડવનાં કારજ કીધાં
ગીતાજ્ઞાન જગતને દીધાં.

૯

નવમે બુદ્ધ થયા બહુ નામી
ગૌતમ શુધ્ધોધન-સુત સ્વામી
રાજપાટ સંસાર તણાં સુખ
જનમ ધરી જોયું નહિ શું દુઃખ.

વર્યા જશોધા અગની સાખે
રાહુળ કુંવર જનમિયા પાખે;
મારગેં જાતાં ઘડપણ ભાળ્યા
રોગ-દોગ મરતુક પણ ન્યાળ્યાં
મુંડિયા જતિ નિરલેપ નિહાળ્યા.
મા'અભિકમણ કરી નીસરિયા
સતિ-સુત મોહ બળેં પરહરિયા
વનમાં જઇ મહાતપ આદરિયાં
પચાસ દંન નિરજળ નિરગમિયા
જ્ઞાન ઉદે અંતર અજવળિયા
માહયારી પય પી પરવરિયા.

ભવદુઃખ ઓસડ જગને ચીંધ્યાં
જંગન-જાગ, બળિ બંધ જ કીધાં
મૂંગાં પશુને અભય જ દીધાં.
બ્રાહ્મણ-કુળ અભેમાન ઉતાર્યાં
કરમકાંડીના ગરવ જ ગાળ્યા;
ગૌતમી ચાર પદારથ પામી
દુવધા સઉ અંતરની વામી.

અષ્ટ અંગના મારગ થાપી
ચોખંડ ધરતી ભિખુયેં વાપી;
બુદ્ધ-ધરમ-સંઘ શરણ દેવાણાં
ઓધેં ઓધ અવતાર કેંવાણા.

કુંવર જશોધાજી સંધેં લીધાં
પીળાં વસ્તર પ્રભુયેં દીધાં
રાજપાટ પિતરઇને દીધાં
એંશીમે નિવારણ જ લીધાં.

૧૦

નકલંકી આગમ ઓચરિયા
દસમે મોહન જગને મળિયા;
ધંન! સતિ પુતળી માનું ખોયું
ધંન ગાંધીકુળ! પ્રભુ મુખ જોયું.

પુરી મુદ્દામાની ઉપરે
કબો ગાંધી કારભારાં કરે
પુતળી મા જવતપ બઉ કરે.

દોમદોમ સાયબી ચાકર ઘણા
ખંમા બાળાપણ નઇ કંઇ મણા;
બારમે મોહન મંગળ વરત્યા
કસ્તુરબા સતિ નેહેં નરખ્યા.

પછેં ભણતાં ભેરૂ સંગ ભટકયા,
અખાજ ખાધાં, સતિ સંગ વટકયા,
બકરૂં બોલ્યું ઓદરની માંય
રૂડી રીત્ય ધરો નઇ કાંય?

શે સાટુ પથ્થમી પર આવ્યા
હંસા! સમરે.; મેલો માયા.
મોહતણી નંદરા ગઇ ઉડી
ઝાકળ સૂરજથી જ્યમ ઉડી.

કબો ગાંધી સરગેં સંચરિયા
મોહન ચાલ્યા વલાત્યેં ભણવા
જઇ આવો પુત્તર હિમખીમ
પુતળી મા લેવરાવે નીમ.

અસ્ત્રી, મદરા, માંસ ન અડવાં
દુરિજન સંગ ન ડગ કદિ ધરવાં.
ત્રણ વરસે મોહન ઘેર વળિયા,
બાલિસ્ટર આકરીકે પળિયા.

ન્યાં ગોરા શરજોરી કરે
દેશી લોક નિમાણા ફરે.
કુલી બાલિસ્ટરે વગાડી હાક
ગોરા કે' કોત્યકની વાત.

માંકડને કયાં આપ્યું આમી?
બેશી રિયે આ જાશે ફાવી;
રસ્તે જાય ન્યાં ટોળે વળે
હુરિયો કરીને હુમલા કરે,
ગાળ ઇંડાં ને મૂંગા માર
જીવ લેવા ગોરા તૈયાર.

અવગુણ કેરે ગુણ વરતિયા
મોહન વૈષ્ણવજન થઇ રિયા.
કૈક વરસ સતથી ન્યાં લડયા
કાળાગ્રેહનાં દુખ બહુ સયા
દુખ ટાળી પછેં ઘરકોરે વળ્યા.

આંય તો અંગરેજ પ્રભુ થઇ ફરે
ભલભલા ભૂપ વાસીદાં કરે
આગેવાન આરતિયું કરે
ભણ્યાગણ્યા નોકરિયું કરે
કૈક કૈક બમ્ગોળા લઈ ફરે.

મોહન ચંપારણ ગ્યા મળવા
રૈયત વળી ટોળે દુખ રડવા,
રણશિંગૂં ફૂંકયું તતખેવ
ગળિયારા સામું સયમેવ.

પછેં સાબરમતી આશરમ થાપ્યા
કાયદા કાળા મલકેં ઉથાપ્યા
જંળિયાંવાળી વાડિયેં વળૂંબ્યા
થોકબોક શીખને ડાંયરેં વીંધ્યા,
અઢાર અક્ષોણી હીમ ઢાળી દીધાં
ખૂની ગોરાનાં પાપ પરભુયેં પીધાં.

દોયલાં કાળાગ્રેહ પ્રભુને દીધાં
પણ અંગરેજના કાજ ન સીધ્યાં
વિયાધિયેં પ્રભુને જેલખાર્યે કીધા.

દેશ ભમ્યા સુધવારિયાં છાપ્યાં
પ્રાંતે પ્રાંતે વિજળિયેં વાપ્યા
લૂણ તણા સતિયાગ્રહ આપ્યા
સતિયાગ્રહની વગડે હાક
ગોરા કે' આ શો ઉતપાત?

રે ટુડો પ્રભુ કર્યો ઓધાર
ખાદી વન્યા કોઇ નુતરે પ્રાર
ગામધંધા ગામડિયા લોક
મા'જન મજૂરના થોકેથોક.

લાખ લાખ ઉમટીને આવ્યા
રાજધોરિધર કૈક કુલાવ્યા
દેશીવદેશી કૈક હુલાવ્યા
ચોવટિયા મુતસદ્દી આવ્યા
પોથીપંડિત ઘરેં સધાવ્યા
બેન્યું, બાળક, મુસલિમ ફાવ્યા
રાંકતવંગર ભૂલ્યા ભેદ
હરિજન વાવ્યા જુગજુગના ખેદ.

પ્રભુની પ્રીત તણું શું કહિયેં
દીન હીનને ચાંપ્યાં હૈયે,
હરિજન હેતે લીધાં ખોળે
જગદવલાં પ્રભુ હેત ઝબોળે;
રોગિયાને ઘરે નત્ય જઇ જોવે
પતિયાંનાં અંગ પોતે ધોવે.

નાતજાતનાં બંધન કાપ્યાં
રામ રહીમને એક કરી થાપ્યા
ઈસા મૂસા સઉ મત મળિયા
ધરમ ધરમના કેડા ભળિયા
ઇશ્વર અલ્લાના જપાવ્યા મંત્ર
દેશ તણું કરિયું એકતંત્ર
પ્રેમે એક કર્યા સઉ સાંધી
પ્રેમ તણે બળ પથ્વમી બાંધી.

જાદવાથળિ પથ્વમી પર જાગી
જળથળ આગ અકાશે લાગી
ગોરાયેં મદદું બહુ માગી
મલકે મલક જગ્રાત ગયું રોઇ
શાંતિ ન થી'યે પ્રભુ વણ કોઇ.

રાજતણા સંકટ પર રોયા
જળથળ રખડે જોધ વછોયા
જાય કરું સાટું નવ કરું
સત્તવચન પ્રભુ ઓચરે નરું;

સાચું કો' શે સાટું લેડો?
માંયલા હેતુ ઉધાડા કરો;
કે' પ્રભુ થઇ તમારી વેળા
હિંદને છોડો થાવ ઘર ભેળા.

અંગરેજ સામો આવ્યો વઢવા
'ગાંધી ફવખતે નિકળ્યા છે લડવા'
અવળાં આળેં પ્રભુ કળકળિયા
શેર-સભા કરી, લોકું મળિયા
હિંસા કરનારા પર ડાઢયા
સતિયાગ્રહના કેડા કાઢયા
'કરું કાં મરું' ના દીધા આદેશ
સત ને શાંતિ તણા ઉપદેશ.

'ખુલ્લો બળવો' કહી નીકળિયા
લાખ લાખ જન જેલે વળિયા
કાળાગ્રેહ વળી પાછાં ભરિયાં
પ્રભુ આગા-મોલે આંતરિયા
ન્યાં મા'દેવભાઇ કાળે ઉસિયા.

હાંફળાફાંફળા પ્રભુ જઈ જુવે
બા બેન્યું ટોળે વળી ન્યાં રૂવે
બોલ્લો બોલો બંધવા એક જ વાર
રામ લંકા રણ કરે પોકાર
ત્યમ પ્રભુ બોલે વારમવાર
'પુત્તર આંખ ખોલો એક વાર.'

સુનકાર બોલ પડછંદા પડે
શાવણ ભાદરવા આંખ્યુયેં ઝળે
બા બેન્યું ચોધાર આંસુડે રૂવે
પ્રભુ એકએકનાં સાંતવન કરે.

હૈયું કઠણ કરી આંગણિયે
હાથે દેન દિધાં પ્રભુ ધણિયેં
હરિચંદ સતિયા જયમ સમસંભિયા
કઠણ કાળજે દેન નરગંભિયા.

બારણે કૈક જુવાન ઝા ભાગી
અલોપ થઇ મારગ ઝા તાગી
ગોરાનાં ડગડગ આંતરિયાં
રેલ તાર કૈ કૈ ઉખડિયાં
કોન્ટ, ચોરા, ટૈશન બળિયાં
પ્રાંતે પ્રાંત વંટોળે ચડિયા
ઝંઝાવા ને મારગે વળિયા
પ્રભુ અંતરમાં પામ્યા કલેશ
'થાવ છતરાયા' ના દીધા સંદેશ.

અંગરેજ દેશવદેશે રોવે
દેશે દેશ મલક બહુ ખોવે
જૂઠમજૂઠ વચન કહી મદેં
અણહક આળ પ્રભુ પર ચૂદે.

પીળાં ચોપાનિયાં કાઢયાં છાપી
પરદેશ વેંચે થાણાં થાપી
મૂંગા માર મોઢાં દઈ ચાંપી
પ્રભુ છાપાંમાં વગત્યું વાંસી.

એકવીશ દેન અંત પ્રભુએ તાગ્યાં
આગા મોલનાં ભોગળ ભાંગ્યાં
ગોરાને મોંઢામણ પીગ્યાં
પારણાં પછે વળિ ભોગળ ભીડ્યાં.

પછેં કાળાગ્રેહ બાને ભરેખ્યાં
પ્રભુયેં સેવા કરી કરી નરખ્યાં
રામ સીતા વણ વન રોયા
દેન સમે પ્રભુ પણ ત્યમ રોયા;
પડખોપડખ સમાધ્યું ભળી
મા મા'દેવ ઝાં પ્રભુમાં મળી.

સૂનાં ધામ સૂની મોલાતું
પ્રભુ જૂરે મહીં દેન ને રાતું
હળવે ડગ ચલેં સૂજ્યા સૂતા
દેશી વદેશી ડાગતર દુત્તા
હાડેહાડ ગળી ગ્યાં સંગ
વિયાધિ વળૂંબ્યો પ્રભુને અંગ.

તવ ગોરો થથરી ગ્યો મેલો
પ્રભુ પારો ગળવો નહીં સેલો
ઝટ કાઢયા પ્રભુ મોલની બાર્યે
લોક દરશન લાગા વણઝાર
ત્રણ માસેં રોગ દરિયે મટ્યા
રઘુપતિ રાઘવ દેન દેન રટ્યા.

જાદવાથળિયેં લડી બળ ખૂટ્યાં
દેશ તણાં રસ કસ સઉ લૂટ્યાં
દાવાનળની લાગી આંચ
ગોરા બેર આવી ગઇ ટાંચ.

અણુગોળે પછેં પાર ઉતાર્યા
જીત થઇ તોય ગોરા હાર્યા.

તપ ઉપર તપ પ્રભુ આચરિયા
લાખુંલાખ પ્રભુ ઉપદેશ ધરિયા
પ્રેમ થકી પરદેશી વળાવ્યા
દાનવ દુરિજન નવ પરહરિયા.

પ્રેમ શાંતિ સંદેશ સુણાયા
ઈશુ તણા અવતાર કે'વાયા
દુનિયાં પૂજે પ્રભુની વાત
ગોરાનાં ગળતાં ગ્યાં ગાત.

* * *

પછેં ગોરા કે હિંદને છોડું
પણ જાણો કે હું મુખ મોડું
મિયાં મા'દેવ નતા કદી એક
ભેળા પાર ન આવે છેક;
માત તણાં ફેડું અધ ચીર
મલકેમલક કહાવું મીર.
લળિ લળિ પ્રભુ વિનવ્યા ને નમ્યા
દેહના છેહ જીણાને ગમ્યા.
ગોરે તોળ્યો વાંદર-નિયાં
મલક તણા કંટકા ત્રણ થિયા.
દેશ તણા ટુકડા કરી લીધા
વખના પિયાલા પ્રભુયે પીધા.

આઝાદી આવી તોય ના'વી
ડાકણનો વાંસો લઇ આવી
ગામ ભાંગેાળ થિયાં પરદેશ
સીમ સીમાડે નઇ પરવેશ
ભાયે ભાઇ અવળ મુખ રિયા
પાડોશી પરદેશી થિયા.

આગ પશ્ચમ પૂરવમાં ઊઠી
હિંદુ તરકનાં દલ ગ્યાં રૂઠી
કલકત્તા પટણા પંજાબ
દલ્લી લાહોરના ટૂટયા રૂવાબ
સરહદ સિંધમાં ઉઠ્યા ભડકા
હિંદુ તરક બેય થૈ ગ્યા કડવા
નવાખળીમાં થ્યા ઉતપાત
પૂછિયેં ઇ કે' 'મેલો વાત.'

સળગ્યાં શેર ને સળગી શેરી
ભાઇ-ભાઇ વચ્ચે તેરી મેરી
હિંદુ તરક શીખ ના'વે મેં'ર
મનખે વરત્યા કાળા કેર.

લાખું લોક ઉખડીને પડ્યાં
સંપત દુખી ધંધે ખડ્યાં
ઘરબાર ગ્યાં, મારગનાં થિયાં;
માંદાં બૂઢાં બાળક ને નાર
ઢોરઢાંખર હળ ગાડાં ભાર
દખ ઉપર દખ થ્યા અંબાર.

ગામેગામ શહેર સઉ સળગ્યાં
એકમેક સઉ ભાગે વળગ્યાં
લૂંટફાટ કાળાં બઉ કરમ
કરતાં કોઇ ને ના'વી શરમ
અસ્ત્રી રૂવે ને રોતાં બાળ
દખ ઉપર વખ કારમા કાળ
હે પ્રભુ ! તું એક જ રખવાળ.

સેવાગામે સંદેશા આયા
આરતનાદ સુણી પ્રભુ ધાયા
વરસ સિતોતેર જીરણ કાયા
ગામેગામ બેન્યું બાળ રૂવે
ઘરેઘર જઇ પ્રભુ આંસુડાં લુવે.

વખ ઉપર વખ પ્રભુયે પીધાં
દલ્લી કલકત્તામાં અનશન લીધાં
શાંતિનાં પરચા પ્રભુયે દીધા
દલ્લી જઈ વસિયા દુખિયાં મોઝાર
રાત ને દન કરી પ્રભુયે વહાર;
ભજન સભાનાં અમરત ભોજ,
રઘુપતિ રામ જપાવ્યા રોજ,
સમતાનાં દીધા ઉપદેશ
પ્રભુયે ઠાર્યાં રાગ ને દ્વેશ.

દ્વેખના બાળ તવ ઊકળ્યા ઉઠી
કે' વાતું પ્રભુની સઉ જૂઠી
કાઢો કાંટો ભરઈ ગઇ વેળા
ઇશુ અભરામ તણો સાગરિત આ.

એવે મળિયો અશ્વસ્થામા
ભ્રમ્મરાક્ષસના કાળા કામા
ગોડસે નામ આજનું જગ ભણે
ખોપરીમાં માર્યું બાણમણે.
દુરિજન હેતુ કળી લઇ હસ્યો
કબૂલ કરી કાળોતરો ધરયો.

પોસ અંધારી પાંચમ દંન
કામેં ન મળ્યાં પ્રભુ લોચંન
મળનારા દંન આખો મળિયા
સુણી પ્રભુની વાણી સંશે ટળિયા
ઝટપટ કરી ભોજન પ્રભુ પળિયા.

સાંજ શિયાળો રૂઝયું વળી
લોકની નજરૂં પ્રભુપદ મળી
વઉ દીકરી બેય ખંભા થોભે
સનમુખ બાળ અનેરાં શોભે
ઉતાવળે મગ પ્રભુજી આવે
રામભજન પ્રભુને બઉ ભાવે
આતુર લોક થઇ ગઇ વેળા
પોંચ્યા ભજનસભા સઉ ભેળા.

એવે ભ્રમ્મરાક્ષસ ધસી આવ્યો
ઝટ લઇ કાળા કામેં ફાવ્યો
ત્રણ ત્રણ ગોળિયેં લીધા પ્રાણ
'રામ !' કહી પ્રભુ પામ્યા નિરવાણ.
રામનામે લોચન બંધ કીધાં
મારતલનાં પ્રભુ પ્રાછત પીધાં.

* * *

દસ અવતાર ધર્યા વળી ધરશે
માનવ થઇ ફરી ફરી અવતરશે
ધરમધજા જગ પર ફરકવશે
ભકત મનોરથ પૂરણ કરશે
પ્રીત કરી પ્રભુને અનુસરશે
તે ભવસાગર તરશે તરશે.

પરણ્યાં-છતાં ય સુખી !

હોલીવુડના એક કલાકાર શ્રી. વિલીયમ બેન્ડીક્ષે દાંપત્ય-જીવનનાં એકત્રીસ વર્ષ પૂરાં કર્યાં. તેમની કિશોરાવસ્થામાં તેમનાં પત્ની તેમનાં હૃદયનું પ્રિય પાત્ર હતાં-જેટલાં આજે છે. તે બન્નેએ ઘરનો આનંદ અને ઉષ્મા આજે એકત્રીસ વર્ષનાં લગ્ન-જીવન પછી પણ જેવાં અને તેવાં જ રાખ્યાં છે. લગ્ન-જીવનની સફળતાની 'ફોર્મ્યુલા'-મંત્ર-માટે જ્યારે વિલીયમને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે "આની કોઇ 'ફોર્મ્યુલા'-મંત્ર-મારી પાસે નથી. પરંતુ મેં સુખી લગ્ન-જીવનનાં કારણો શોધ્યાં તો મને નીચે મુજબ જડ્યાં છે :-

૧. પહેલું, તો તમારે તમારી પત્નીનાં પ્રેમમાં રહેવું જોઇએ.
૨. બીજું, તમારે બહાર ન જમતાં ઘેર જમવા આવવું જોઇએ, કારણ ઘરે તમે સુખી છો.
૩. ત્રીજું, તમારે અને તમારી પત્નીને પ્રવૃત્તિ માટેનો મતભેદ ન હોવો જોઇએ. કોઇપણ પ્રવૃત્તિમાં બન્નેને સરખો રસ હોવો જોઇએ.
૪. ચોથું, તમારા પ્રશ્નો તમારી પત્ની સમક્ષ તમારે મૂકવા જોઇએ અને એ પ્રશ્નોના ઉકેલમાં તમારી પત્નીનો સાથ અને અધિકાર હોવો જોઇએ.
૫. પાંચમું, પરણતાં પહેલાં એક સંધિકરાર કરો કે, તમે મોટા નિર્ણયો કરશો. તમારી પત્ની નાનાં નિર્ણયો કરશે (અમારો આ સંધિકરાર આજ સુધી પળાયો છે કારણ કે કોઈ મોટા નિર્ણયો અમલમાં આવ્યા નથી.)
૬. છઠું, તમારે અન્યોન્યે થોડું જતું કરવાની વૃત્તિ કેળવવી જોઇએ."

અને અંતે વિલીયમ જીવન પ્રત્યેનું પોતાનું દૃષ્ટિબિંદુ નીચેના થોડા શબ્દોમાં સૂચવે છે :-

"સખ્ત કામ કરો અને તમારું કામ જાણો. જે કામમાં રસ જ ન પડે તે કામ કરો નહિ. આ જેટલું એક સામાન્ય ટ્રક ડ્રાઇવર કે બેંકરને લાગુ પડે છે તેટલું જ કલાકારને લાગુ પડે છે."

(ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાંથી સાભાર ઉધ્ધૃત) અનુવાદક : **ચીમનલાલ જે. શાહ**

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ખત્રુજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૨૦૩

રજીસ્ટર્ડ ન B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૧ : અંક ૧૪

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, નવેમ્બર ૧૬, ૧૯૫૯, સોમવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

★ કાકાસાહેબ કાલેલકરનું વ્યાખ્યાન ★

(ગતાંકથી ચાલુ)

વૈષ્ણવ - સંતસાહિત્ય

વેદકાલીન યજ્ઞસંસ્થા, ઉપનિષદકાલીન અધ્યાત્મચર્ચા અને સાધના, પૌરાણિક સમયની ધર્મમીમાંસા, યોગમાર્ગીઓની ખોજ, બૌદ્ધ અને જૈનકાલીન જીવનસુધાર—આમ અનેક પ્રેરણાઓ અને પુરુષાર્થથી પ્રેરાયેલો અને ઘડાયેલો આપણો સમાજ અને શાકત-કાલિન થયેલી એની વિકૃતિ, એ બધાના વારસા સાથે સંતયુગના લોકકલ્યાણકારી પુરુષોએ ભક્તિમૂલક, સંતોષપ્રધાન, નિરભિમાની સંસ્કૃતિનો દેશ આખામાં પ્રચાર કર્યો. એ લોકોએ વર્ણાભિમાનની નિંદા કે ઉપેક્ષા કરી, દબાયેલા લોકોને ઉપર ઉઠાવ્યા. દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટ અદ્વૈત—બધાં દર્શનોનો જીવનસાધના દ્વારા સમન્વય કર્યો અને દેશ આખામાં તમામ માનવસ્તરો ઉપર પોતાની સદાચાર-પરાયણ સંસ્કૃતિની છાપ પાડી. આટલું વિશાળ અને આટલું ઊંડું કાર્ય ભાગ્યેજ કોઇ જમાનામાં થયું હશે

અને આ સંતોની બિરાદરી પણ કેવી ? બધા સંતો એકબીજાને માને, બધા જ એકબીજાને પગે લાગે. એમણે સ્ત્રીપુરુષ વચ્ચેનો ભેદ મટાડ્યો. નવાં મૂલ્યો સાર્વભૌમ કર્યાં અને એક રીતે, ભારતભરમાં સર્વ-ધર્મ-સમભાવ માટેની તૈયારી કરી. એક વૈષ્ણવે મારી આગળ નિખાલસપણે કહ્યું હતું કે હું હિંદુ છું કે નહિ એની મને ખબર નથી. પણ હું વૈષ્ણવ છું અને દુનિયાના એકેએક ધર્મના વૈષ્ણવ સાથે મારો પારિવારિક સંબંધ છે જાતિભેદ તો શું, ધર્મભેદ પણ મારી વૈષ્ણવનિષ્ઠામાં ટકતો નથી.

અને આ સંતોનું સાહિત્ય પણ કેવું ? હળ ચલાવનાર ખેડૂત, કોશ ચલાવનાર કોશિયો, બળદગાડું હાંકનાર ગાડીવાળો, ઘાણી ચલાવનાર ઘાંચી, ઘાટ ઘડનાર કુંભાર, સાળ પર બેસી કાપડ વણનાર વણકર, કપડાં ધોઈ આપનાર ધોબી, અને ચોટ લઇને આવજા કરનાર વણજારા—બધાને મોઢે આ સંતસાહિત્ય પહોંચેલું છે ભગવાન વ્યાસે ભલે હિંદુ ધર્મને સાર્વભૌમ બનાવ્યો. પણ આખી પ્રજાનું ચારિત્ર્ય ઘડવાનું સર્વ-સમન્વયકારી સાંસ્કૃતિક કામ તો આ સંતસાહિત્યે જ કર્યું છે. આપણી પચરંગી પ્રજાનો એકે વર્ગ આ સંતસાહિત્યમાં તરબોળ થયા વગર રહ્યો નથી. સદાચારનો જીવતો પ્રચાર કરનાર આના કરતાં મોટી શાન્તિ-સેના દુનિયાએ દીઠી નથી. રાજદ્વારી વિપ્લવ અને ઉપપ્લવ સામે ટકવાની શક્તિ ભારતીય જનતાને સંતસાહિત્યે જ આપી છે.

ઉત્તરથી, દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ ગમે તે પ્રદેશમાં જાઓ અને ગમે તે ભાષામાં તપાસ કરો, સંતસાહિત્ય એક જ રૂપમાં અને એક જ શૈલીમાં સાંભળવાને મળશે.

ત્યારે આવા મહાન સાંસ્કૃતિક અને સાહિત્યિક પુરુષાર્થના વારસ આપણે આજની દુનિયાની માનવસેવી સમૃદ્ધ સંસ્કૃતિનું પ્રેરક અને વાહક સાહિત્ય કયારે તૈયાર કરીશું ? નાનક જેવા સંતોએ ભારત બહાર મુસાફરી કરી હતી ખરી, પણ સામાન્યપણે આપણા સંતોને ભારત બહારનો વિચાર કરવાની જરૂર જણાઈ ન હતી. આજે તેમ રહ્યું નહિ પોસાય. આપણો સંબંધ દુનિયાના બધા દેશો સાથે બંધાઇ ચૂક્યો છે. આપણા સંસ્કૃતિધુરીણોને કારણે, અને રાજદ્વારી નેતાઓને કારણે પણ, આખી દુનિયાનું કુતૂહલ ભારત ઉપર કેન્દ્રિત થયું છે. ગાંધીજીના દેશબાંધવો, શ્રી અરવિંદના સમકાલીનો, રવીન્દ્રનાં કાવ્યમાં રાચનારા લોકો, દુનિયાની સેવા માટે કેવો પુરુષાર્થ આદરે છે અને કેવું સાહિત્ય પેદા કરે છે એ જોવાની ઉત્કંઠા બધે દેખાય છે. આપણા મધ્ય-કાલીન સંતોના જમાના કરતાં આજના જમાનાની ભૂખ વધારે છે. અને ગાંધીજીએ આપણને જીવનસમૃદ્ધિના નવા આદર્શો સૂચવ્યા છે. તેથી હવે પછીનું આપણું સાહિત્ય પ્રાચીન કાળનો કેવળ પડઘો બને તો તે નહિ પોસાય. પારકાની અનુભૂતિનો પ્રતિધ્વનિ કાઢયે પણ કોઇને સંતોષ નહિ મળે અને ભૂતકાળના રાગદ્વેષો અને સનાતનની રૂઢિની સંકુચિતતાનો લવલેશ પણ આપણા જીવનમાં રહેવા દઇશું તો દુનિયાની અપેક્ષાની કસોટીએ આપણે હીણા ઊતરીશું.

જૂના વખતનું દાર્શનિક અદ્વૈત હવે આપણને હાર્દિક અદ્વૈત કેળવવાને પ્રેરે છે. બધાં રાષ્ટ્રોના લોકો આપણા પોતીકા જ છે બધા વંશના લોકો એક જ પરિવારના છે, દરેક અણઘડ અને માનવદ્રોહી પ્રજાનું પાપ આપણું જ પાપ છે, એ જાતનું નવું અદ્વૈત આપણા સાહિત્યમાં દેખાવું જોઇએ. આને માટે ઇતિહાસ વિધાતા આપણી આકરી કસોટી કરી રહ્યો છે કે જેથી આપણી વાણીમાં કશી કૃત્રિમતા કે કશું પોલાણ ન રહે અને લોકોની અશ્રદ્ધા ન જાગી ઊઠે.

પ્રવાસનાં સાધનો આજના જેટલાં સુલભ ન હતાં ત્યારે પણ આપણી પ્રજાએ દેશદેશાન્તર જઇ માનવજીવનની વ્યાપકતા અનુભવી હતી અને જીવનના સાર્વભૌમ અનુભવો સાહિત્ય દ્વારા તારવ્યા હતા. છતાં આપણા સાહિત્યમાં મુસાફરીનો અનુભવ અને મુસાફરીનો આનંદ વર્ણવેલો બહુ ઓછો મળે છે. હવે આપણે એ તરફ વિશેષ ધ્યાન આપવું જોઇએ.

દરિયાઇ સાહિત્ય

કરાંચીના સાહિત્ય સંમેલન વખતે સાહિત્યના જે એક ઉપેક્ષિત ક્ષેત્રનો મેં સહેજ ઇશારો કર્યો હતો તેનું જ અહીં જરા સ્મરણ કરું. કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાત પાસે સુદીર્ઘ સમુદ્ર કિનારો છે. એ દરિયો ખેડી આપણા લોકો દૂર દૂર સુધી ગયા છે. કોઇ પ્રસંગે વહાણનો સઢ ફેલાવી, એમાં ભેગું થતું વરસાદનું પાણી પીને લોકોએ સમુદ્રમાં પોતાના પ્રાણ બચાવ્યા છે, પણ પરદેશ જવાનું છોડ્યું નથી. કચ્છી લોકો તો દરિયાઇ સાહસ ખેડવા માટે પંકાયેલા છે. સૌરાષ્ટ્રના લોકો પણ દૂર દૂર સુધી ગયા છે. હું જ્યારે મુંબઇથી મોમ્બાસા ગયો ત્યારે

એ જહાજના બધા ખલાસીઓ સુરત–નવસારી તરફના અને કરાડી-મટવાડ તરફના હતા. સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની તો ગુજરાતીઓના જ હાથમાં છે. ત્યારે ગુજરાતી સાહિત્યમાં દરિયાઇ જીવન રજૂ કરતી ચોપડીઓ અને કવિતાઓ કેમ પૂરતા પ્રમાણમાં નથી? હું માનું છું કે જાતિભેદને કારણે આપણું જીવન એટલું ખંડિત થયું છે કે દરિયે ખેડનાર લોકોના જીવન સાથે સાહિત્ય ખેડનાર લોકોનું જીવન કોઇ કાળે એકરૂપ થયું નથી. ખલાસીઓનાં લોકગીતો કઇ ભાષામાં નથી? મરાઠીનાં, કોંકણીનાં અને બંગાળીનાં દરિયાઇ ગીતો તો મેં સાંભળ્યાં જ છે. પણ મધ્યમ વર્ગના લોકોને એ ગીતો પોતાના જેવાં લાગતાં નથી. આપણા રાસોમાં મોર ટહુકે, ચાંદો આકાશની મુસાફરી કરે, સરવરની પાળે મિલનો થાય પણ સમુદ્રનાં મોજાં સાથે ઊછળતાં હૈયાંના રાસો ગુજરાતીમાં રચાયા હોય તો મેં હજી જોયા નથી બહુ બહુ તો વિદેશ ગયેલા પતિને યાદ કરતી વિરહિણીનાં ગીતો મળી શકશે, પણ એની વાત હું નથી કરતો. દરિયો ખેડનાર પ્રજાની સમુદ્ર સાથેની દોસ્તીનાં ગીતો અને એની કથાઓ આપણને જોઇએ છે. આવી વસ્તુઓ તો આપણા પાઠયપુસ્તકોમાં પણ આવવી જોઇએ જેથી આપણાં બાળકોમાં નાનપણથી જ દરિયાઇ મુસાફરીનો થનગનાટ જાગે.

યુરોપના લોકોએ રૉબિન્સન ક્રુઓ, સ્વિસ ફૅમિલી રૉબિન્સન કે પૉલ એન્ડ વર્જિનિયા જેવી કથાઓ લખીને દરિયો ખેડવાની પ્રેરણા પરિપુષ્ટ કરી અને સિંદબાદની મુસાફરીઓ ઝાંખી પાડી. આપણે ત્યાં સાહિત્યકારોએ એવું જીવન જીવી જોયું નથી. એટલે –સંસ્કૃતમાં શું અને દેશી ભાષાઓમાં શું જીવતું દરિયાઇ સાહિત્ય જોવાને મળતું નથી પરદેશના વસવાટ અંગેનું સાહિત્ય જુદું અને તોફાની મોજાંઓ સાથે દોસ્તી બાંધનાર દરિયાઇ સાહિત્ય જુદું. બંનેનો વિકાસ આપણે ત્યાં થવો જોઇએ, પણ આપણી દરિયાઇ, ખલાસી પ્રજા દરિયા સાથે છૂટાછેડા કર્યા પછી જ કેળવણી લે છે. અથવા કેળવાયા પહેલાં જ દરિયાઇ જીવન પ્રત્યે અણગમો કેળવે છે. એટલે સાહિત્યનું આ ક્ષેત્ર અણખેડાયેલું જ રહ્યું છે. જાતિભેદને કારણે આપણા સાહિત્યનું પણ પારાવાર નુકસાન થયું છે. આવડો મોટો, મહાભારત જેવો રાષ્ટ્રીય ગ્રન્થ, પણ એમાં બ્રાહ્મણ અને ક્ષત્રિય ઉપરાંતની પ્રજા દેખા દેતી જ નથી એમ કહીએ તો એની સામે વાંધો ન ઉઠાવી શકાય.

પરદેશમાં વસવાટ

આપણે ભૂલવું ન જોઇએ કે કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતની પ્રજાએ પ્રાચીન કાળથી અર્ણવોનું આમંત્રણ સ્વીકાર્યું છે. ભારતનો પશ્ચિમ કિનારો ફરી વળ્યા પછી આપણી પ્રજાએ લંકા અને જાવા સુધીના દેશોનો પરિચય મેળવ્યો છે અને તે તે દેશની પ્રજા સાથે ભળી જઇ પોતાના પુરૂષાર્થ માટે નવો અવકાશ મેળવ્યો છે. આ બાજુ મકરાણ, મસ્કત, એડન, હબસાણ, ઝાંઝીબાર, પૂર્વ અને દક્ષિણ આફ્રિકા, મોઝાંબિક, માડાગાસ્કર, સીશલ અને મોરિશિયસ વગેરે પ્રદેશોમાં આપણા લોકો જઇને વસ્યા છે. એમાં જેટલા હિંદુઓ છે તેટલા જ લગભગ મુસલમાનો પણ છે. ધર્મભેદથી પ્રજાભેદ થાય છે એવું તેઓ અત્યાર સુધી માનતા ન હતા. પણ સૌરાષ્ટ્રના એક ગુજરાતી મુસલમાને એમના મનમાં બુદ્ધિભેદ આણ્યો અને એની માઠી અસર બન્ને બાજુના લોકો અનુભવે છે. પણ વ્યાપક જીવન અને ઊંડો સ્વાર્થ આવા ભેદને માટે અનુકૂળ નથી. એટલે બધી રીતે બગાડ કર્યા પછી આપણી એ આખી પ્રજા એકત્ર થવાની જ. રાજદ્વારી નહિ પણ હૃદયની અને જીવનની એકતાની વાત હું કરું છું. નેપાળ કયાં નોખું સ્વતંત્ર રાજ્ય નથી? પણ તેથી નેપાળી લોકોનું અને આપણું જીવન અથડામણોથી ઘવાયું નથી. જ્યાં સુધી બહાર જઇને વસેલા હિંદુમુસલમાનો ગુજરાતી ભાષા બોલશે ત્યાં સુધી આપણે બધા એક જ છીએ, અને એકત્ર રહેવાના. એ બધા લોકો ગુજરાતી સાહિત્ય વાંચે છે. પોતાની નિશાળોમાં ગુજરાતી પાઠયપુસ્તકો ચલાવે છે. એમનું જીવન આપણે ભૂલી જઇએ અથવા એની ઉપેક્ષા કરીએ તો એમાં માતૃભાષાનો દ્રોહ થશે તે તે દેશનાં વર્ણનો, ત્યાંના લોકો સાથે આપણા લોકોએ કરેલા સહકાર અને જીવનયાત્રામાં મેળવેલી સફળતા એ બધા વિષે આપણે જાણવું જોઇએ, લખવું જોઇએ અને તે તે દેશમાં વસેલા ગુજરાતી લેખકોને પ્રોત્સાહન આપવું જોઇએ. તે તે દેશના સવાલોનું અધ્યયન જો આપણે બરાબર કરીએ તો ગુજરાતી સાહિત્યમાં એક અત્યંત કીમતી વિભાગ ખૂલશે અને એમાંથી પરદેશમાં જઇને વસવાટ કરવાના આપણા સ્વભાવને પ્રોત્સાહન મળશે.

જીવન સાથે સીધો સંબંધ ધરાવતું શુદ્ધ સાહિત્ય

સાહિત્ય વિષે એક આદર્શ અથવા ખ્યાલ મારા મનમાં છે તે અહીં કહી દઉં તો અસ્થાને ન ગણાય. સાહિત્ય એ જીવનની સંસ્કૃતિનું પ્રતિબિંબ છે એટલે જીવન સાથે સીધો અને ઉત્કટ સંબંધ ધરાવતાં બધાં શાસ્ત્રો પણ સાહિત્યમાં આવી જાય છે આમ અધ્યાત્મવિદ્યા, ધર્મશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, ભૂગોળશાસ્ત્ર, આરોગ્ય, કામવિજ્ઞાન, પદાર્થ-વિજ્ઞાન, સૃષ્ટિવર્ણન, પ્રવાસ–બધું જ સાહિત્યમાં આવી જાય છે. આ વિષય પરત્વે જેટલા નિબંધો, પ્રકરણો, શાસ્ત્રીય વિવેચનો અને પાઠયપુસ્તકો લખાયાં છે તે બધાં જ સાહિત્યમાં આવી જાય છે

અને છતાં આમાંથી તે તે વિષયને વરેલા તાત્ત્વિક કે શાસ્ત્રીય ગ્રન્થોને આપણે સાહિત્યમાં ગણતા નથી. સાહિત્યની ચર્ચા કરતી વખતે એ બધા તાત્ત્વિક ગ્રન્થોનો વિચાર સરખો આપણા મનમાં આવતો નથી.

ત્યારે કેવળ સાહિત્ય, શુદ્ધ સાહિત્ય, અથવા નર્યું સાહિત્ય કોને કહેવાય? હું માનું છું કે કેવળ સાહિત્ય આ બધા વિષયોને અંગે જ બોલે છે ખરું, પણ એ શાસ્ત્રનો ભાર વહન કરીને બોલતું નથી. કેવળ સાહિત્યનો સંબંધ જીવન સાથે સીધો હોય છે. જીવન અંગેના વિચારો, અનુભવો, વહેમો અને એ બધાની ઉપપત્તિ જેવી મનમાં સ્ફુરે, તેવી રજૂ કરવી એ શુદ્ધ સાહિત્યનું કામ છે. ઉચ્ચ સંસ્કારિતા અને ઉચ્ચ અભિરુચિ અને ભાવનાની અભિવ્યકિતની ઉત્કટતા, એટલી વસ્તુની દોરવણી શુદ્ધ સાહિત્ય સ્વીકારે છે. પણ શાસ્ત્રીય ચર્ચા, વૈજ્ઞાનિક વિશ્લેષણ અને કોઇ વિશિષ્ટ વાદની જોહુકમી શુદ્ધ સાહિત્ય સ્વીકારતું નથી

મારે શી રીતે જીવવું એને વિષે ધર્માચાર્યો અને કાનૂન–કોવિદો, ડોકટરો અને વૈદ્યો અને રાજકીય પક્ષના નેતાઓ મને સલાહ ભલે આપે. તેઓ પોતપોતાના વિષયના તદ્‌વિદો હોય છે, એ વિશે પણ શંકા નથી. એમના પ્રમાણમાં મારું જ્ઞાન, મારો અનુભવ અને વિચારશકિત ભલે અલ્પ હોય, છતાં મારું જીવન મારે જ જીવવાનું છે, મારા નિર્ણયો મારે જ કરવાના છે. રાજાને સલાહકાર ભલે ગમે તેટલા હોય, પણ રાજા જો રાજ્ય ચલાવે, તો તે પોતાના નિર્ણય પ્રમાણે જ. એવી જ રીતે જેમનો મુખ્ય રસ તત્ત્વશોધનનો નથી, આદર્શ નિર્ણયનો નથી, પણ જેમણે જીવન જીવવાનો સંતોષ મેળવવો છે તેઓ જે રીતે કાચો કે પાકો, એકાંગી કે સર્વાંગી વિચાર કરે છે, ભાવનાઓ વ્યકત કરે છે, એકબીજાને પ્રેરે છે અથવા પોતાની સાથે જ વિચારવિનિમય કરે છે (જેમ કે વાસરીમાં લખાતું લખાણ), તે બધું શુદ્ધ સાહિત્યમાં આવી જાય છે. સત્યનિષ્ઠા, તત્ત્વનિષ્ઠા, જ્ઞાનોપાસના, એ બધી વસ્તુઓ ઉત્તમ છે. એમને ચરણે જીવન અર્પણ કરી શકાય. પણ શુધ્ધ સાહિત્ય, પોતાની જીવનનિષ્ઠા આગળ, ઉપરની બધી ચરમ કોટિની જીવનનિષ્ઠાઓને પણ ગૌણ ગણે છે.

(અનુસંધાન પૃષ્ટ ૧૪૩ પર)

❋ સર્વોદય યુગનું પત્રકારત્વ ❋

(અમદાવાદ ખાતે ગત ઑકટોબર માસની ૨૩–૨૪–૨૫મી ના રોજ ભરાયેલા ૨૦ મા ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલનના પત્રકારત્વ વિભાગના પ્રમુખ–મંબઇના ગુજરાતી દૈનિક "જનશક્તિ"ના તંત્રી શ્રી રવિશંકર મહેતાના વ્યાખ્યાનનો અગત્યનો ભાગ નીચે આપવામાં આવે છે. શ્રી રવિશંકર મહેતા જીવનલક્ષી ઉર્ધ્વ દૃષ્ટિ ધરાવતા પ્રૌઢ અને પીઢ પત્રકાર છે. અને પ્રસ્તુત વ્યાખ્યાન તેમના મૂલગામી ચિન્તનનું ફલસ્વરૂપ છે.

તંત્રી)

એ હકીકત પ્રત્યે હું પૂરતો સભાન છું કે 'સર્વોદય યુગ' શબ્દ ઉચ્ચારવાની સાથે જ હું ઊંડા પાણીમાં પગ મૂકી રહ્યો છું; એટલે શરૂઆતમાં ચોખવટ કરી લઉ છું કે સર્વોદય શબ્દ હું કોઇ સામ્પ્રદાયિક કે વિશિષ્ટ અર્થમાં નથી વાપરતો, એના સાદા–સીધા શબ્દાર્થમાં એ પ્રયોજું છું; અને એ શબ્દથી જે પ્રકારની સમાજરચના મને અભિપ્રેત છે, જે મારા નમ્ર અને આજના સામાજિક જીવનની આકાંક્ષા છે; અને જેના નિર્માણ તરફ આપણો ભારતીય સમાજ સભાન–અભાનપણે તણાઇ રહ્યો છે તેને માટે કોઈ એક વધુ ઉચિત શબ્દ ન મળવાથી જ એ શબ્દનો હું પ્રયોગ કરી રહ્યો છું.

કાર્લ માર્કસ'ના દર્શન અનુસાર માનવસમાજના ઐતિહાસિક વિકાસક્રમમાં મૂડીવાદ પછીથી સમાજવાદનો તબક્કો અપરિહાર્ય છે, એ દર્શનને આપણે અમાન્ય લેખતા હોઇએ તોયે માનવકુળનો એકતૃતીયાંશ ભાગ તો એને વેદવાક્ય જ લેખે છે અને તે અનુસાર પોતાનું સામાજિક જીવન ઘડી રહેલ છે એ હકીકતની અવગણના કરી શકાય નહિ. વળી માર્કસ'ના દર્શનને નહિ અનુસરનારા પશ્ચિમી વિચારકો પણ એવા જ નિર્ણય પર પહોંચેલા છે. આલ્ડસ હકસ્લીએ કહ્યું છે કે આપણી શતાબ્દી એ 'સામાજિક માનવી'ની શતાબ્દી છે; અને પ્રો. ટોઇન્બી જેવા ઉત્તમ ઇતિહાસવેત્તાનું પણ એવું માનવું છે કે આખી પૃથ્વી અને સમગ્ર માનવસમાજ એ એક અખંડ સહસમૃદ્ધિક્ષેત્ર છે એવો વિચાર સ્વીકારવો અને તે માટે મથવું એ આગલા તમામ માનવયુગોની અપેક્ષાએ આપણા યુગનું વ્યાવર્તક લક્ષણ છે.

એ બધા સંકલ્પો ભૌતિક જીવનની દૃષ્ટિએ થયેલા છે; પરંતુ કાળબળનો પ્રભાવ જુઓ કે નૈતિક કે આધ્યાત્મિક વિચારણા અનુસાર આપણા ગાંધીજી પણ આવતી કાલના ભારતીય સમાજનું એવું જ સંકલ્પિત ચિત્ર, તેનાં રૂપ અને રેખાઓ સહિત આપણાં પ્રેરણા અને માર્ગદર્શન માટે મૂકી ગયા છે. સમાજવાદ શબ્દના કરતાં ભાવાત્મક રીતે વધુ શ્રીમંત એવો સર્વોદય શબ્દ એમની જ દેણગી છે. આચાર્ય વિનોબા આજે એ જ સંદેશો લઇને દેશમાં ઘૂમી રહ્યા છે અને માર્કસવાદની સામાજિક પરિવર્તનની સંઘર્ષ–વિરોધાત્મક પ્રક્રિયાથી વિમુખ એવો પંડિત નેહરુની કોંગ્રેસનો સમાજવાદ એ પણ ગાંધીબોધ્યા સર્વોદય વિચારથી મને તો ખાસ ભિન્ન નથી લાગતો.

વૈચારિક વાત જવા દઇએ તો કેવળ વ્યાવહારિક દૃષ્ટિએ પણ સર્વોદયી સમાજના નિર્માણ સિવાય આપણે માટે ગત્યંતર નથી એમ જોઈ લેવું ખાસ મુશ્કેલ નથી. આપણે પુખ્ત વયના પ્રત્યેક નાગરિકને મતાધિકાર બક્ષી દીધો છે. આવી માનવ અને રાજકીય સમાનતા નિર્માણ કરી દીધા પછી જીવનના બીજા કોઇ પણ ક્ષેત્ર–આર્થિક, સામાજિક સાંસ્કૃતિક કે બીજા કોઇ પણ ક્ષેત્ર–માં તેને લાંબો વખત અસમાનતાનો ભોગ બનાવી રાખવાનું શક્ય નથી. લોકશાહીનો ઉચ્છેદ કરીને હાલની વિષમતાઓ જાળવવાનો પ્રયાસ કરવામાં આવે તો તેનું પરિણામ લોહિયાળ ક્રાન્તિમાં જ આવે. એટલે કોઇ પણ દૃષ્ટિએ એ દિશામાં ઝડપી પ્રગતિ અનિવાર્ય છે. વિના વિલંબે અંત્યોદય સાધ્યા વિના આપણો છૂટકો નથી; અને અંત્યોદય સર્વોદયના સિક્કાની બીજી બાજુ છે. દેશમાંના તમામ રાજકીય પક્ષો સમાજવાદી ધ્યેયમાં સંમત છે અને કોંગ્રેસના હાલના ધ્યેય અને પ્રયાણને 'સ્વદેશી સામ્યવાદ' ગણીને તેનો વિરોધ કરવા સંગઠિત બની રહેલા નવા 'સ્વતંત્ર' પક્ષને પણ 'ગાંધીવાદી સમાજવાદ' તો મંજૂર છે જ. એટલે એ સ્પષ્ટ બની રહે છે કે નૂતન સમાજરચનાના ધ્યેય વિષે ખાસ મતભેદ છે નહિ; મતભેદ એ સાધવાના માર્ગો પૂરતો મર્યાદિત છે.

અને માર્ગો પરત્વેનો મતભેદ પણ, સામ્યવાદીઓને બાદ કરતાં બીજાઓ વચ્ચે દેખાય છે એટલો ગંભીર નથી. આવશ્યક પરિવર્તન માટે પ્રત્યક્ષ પશુબળનો પ્રયોગ તો કોઇ જ વિહિત નથી માનતું, એટલે આવશ્યક પરિવર્તન રાજ્યસત્તાના અધિષ્ઠાનવાળા કાયદાના શાસનથી થાય કે લોકશક્તિના અધિષ્ઠાનવાળા ધર્મના શાસનથી થાય એટલો જ વિવાદ આજે આપણે ત્યાં ચાલી રહ્યો છે. વિનોબા–સર્વોદયવાદીઓ–ની પરિભાષામાં દંડશક્તિ વિરુદ્ધ જનશક્તિનો આ સવાલ છે. પરંતુ હું એની રજૂઆત એ રીતે નથી કરતો, કારણ કે લોકશાહીમાં રાજ્યસત્તા એ વ્યાપક જનસત્તાનું પ્રત્યક્ષ અને કેન્દ્રિત વ્યવસ્થાપક તંત્ર હોય છે. આમજનતાની વ્યકત–અવ્યકત આકાંક્ષાઓ–ઇચ્છાઓથી વિમુખ એવા વ્યવસ્થાપક તંત્રની હસ્તી કલ્પી શકાય નહિ. છતાં એ હકીકતનો સ્વીકાર કરવો જ રહ્યો કે આપણે ત્યાં જે પ્રકારની લોકશાહી પ્રચલિત છે તેમાં તેના શાસનતંત્રના તમામ નિર્ણયો અને પ્રયાણો જનતાની સભાન અનુમતિ ધરાવતાં હોય અથવા તો તેમની તાત્કાલિક આકાંક્ષાઓ અને ઇચ્છાઓને અનુરૂપ જ હોય એવું ન બને. આવું આપણે ત્યાં વધતાઓછા પ્રમાણમાં બની રહ્યું છે એવી ઘણા લોકોની ફરિયાદ છે.

આમ થવા માટેનાં ઘણાંય કારણો છે, જેની તાત્ત્વિક ચર્ચામાં ઊતરવાનું અહીં પ્રાસંગિક નથી. પરંતુ રાજ્યસત્તા ને જનસત્તા વચ્ચેનો આ વિરોધ નહિ પણ માત્ર વિરોધાભાસ દૂર કરવાનો આપણા સૌનો પ્રયાસ હોવો જોઇએ. એ હેતુ આપણે શાસનવ્યવસ્થાનું વિકેન્દ્રીકરણ સાધીને અને સત્તાનો પિરામિડ રચીને સાધી શકીએ એવું મોટા ભાગના વિચારકોનું માનવું થયું છે; અને એ સાધવાના પ્રયાસો પણ આપણે ત્યાં ચાલી રહ્યા છે. એવા પ્રયાસોને આપણે વેગ અને વિસ્તાર આપીએ.

પરંતુ ભૂલીએ નહિ કે આવા સંસ્થાકીય– **institutional** ફેરફારો માત્રથી આપણે ધ્યેયની દિશામાં બહુ આગળ નહિ વધી શકીએ. એ સંસ્થાઓનો ઉપયોગ કરનાર માનવીને પણ બદલવો જ પડશે. તેની જીવનદૃષ્ટિ અને જીવનનાં મૂલ્યોમાં પણ પરિવર્તન પ્રેરવું રહેશે. અસ્તેય, અપરિગ્રહ, વ્યાવહારિક સત્યનિષ્ઠા, મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાથી લક્ષિત થતી મર્યાદિત અહિંસા અને સંયમી જીવન એ પારમાર્થિક મૂલ્યોનો વ્યકિત અને સમાજના વ્યાવહારિક જીવનમાં વિનિયોગ સાધવો રહેશે. આપણા પ્રત્યેક બંધુ નાગરિકને એ વાત આપણે ગળે ઉતરાવવી જ રહેશે કે કામ, દામ કે કરની ચોરી હવે આ જમાનામાં નભી શકશે નહિ; સમાજના રક્ષણ અને બીજાના પસીનામાંથી પેદા થતી સંપત્તિ કેવળ અંગત ભોગવિલાસ માટે સંઘરવાનું હવે શક્ય રહેશે નહિ; અને સંપત્તિના સર્જનના સાધનની માલિકી દ્વારા કેવળ સ્વાર્થ સાધવાની તક હવે નભશે નહિ. સ્વાર્થસાધના માટે સાચ–જૂઠનો વિવેક વિસારે પાડવાનું હવે હાનિકારક પુરવાર થશે; બંધુ નાગરિકો પ્રત્યેની અસમભાવભરી દૃષ્ટિ સામાજિક તિરસ્કાર કે બહિષ્કાર નોતરી રહેશે. અને અસંયમી જીવનનો નતીજો સામાજિક પ્રતિષ્ઠાનો નાશ હશે. અને તેમને એ પણ સમજાવવું

રહેશે કે આ બધા ગુણોનો અમલ બળના પ્રયોગ સિવાય બીજી રીતે શક્ય નહિ બને તો સામ્યવાદ આવશે; કાયદાની યંત્રણા દ્વારા જ શક્ય બનશે તો પશ્ચિમી ઢબનો સમાજવાદ આવશે; અને જો તમારા સ્વયંભૂ પ્રયાસથી આવશે તો ગાંધીજીનો સર્વોદય સ્થપાશે. કાળબળોનો અને આપણી પરિસ્થિતિનો એવો તકાદો છે કે આમાંનું કોઈ એક આવવું તો અનિવાર્ય છે; એ કઈ રીતે આણવું છે તેની જ પસંદગી હવે આપણે માટે ખુલ્લી છે.

એ સમજવતાંની સાથે એ પણ યાદ રાખવું જરૂરી બનશે કે આ નૈતિક મૂલ્યોનો ઉપદેશ પરાપૂર્વથી થતો આવ્યો છે; છતાં તેનું સામાજિક આચરણ આજ સુધીમાં શક્ય નહોતું, કારણ કે સંપત્તિની વિપુલતા–economy of abundance–સર્જવાનું ત્યારે શક્ય નહોતું; એટલે સંસ્કૃતિનો વિકાસ શક્ય બનાવવા માટે સંપત્તિને મર્યાદિત હાથોમાં–અમુક વર્ગમાં–કેન્દ્રિત કરવી પડતી અને સત્તાએ–રાજ્યની દંડશક્તિએ–એ બંનેની રક્ષા કરવી પડતી. પરંતુ સંપત્તિ–સર્જનની આજની વૈજ્ઞાનિક સગવડોએ સુયોગ્ય વહેંચણી વ્યવસ્થા દ્વારા મનુષ્યમાત્રને તેના પ્રાણી તેમ જ સંસ્કારી જીવનની સગવડો પહોંચાડવાનું શક્ય બનાવ્યું છે. એટલે સર્વોદયની ઢબે–પ્રજાની સ્વયંભૂ અનુમતિથી–સર્વાંગી સમાનતાવાળી સમાજરચના નિર્માણ કરવી હોય તો સંસ્થાકીય ફેરફારો દ્વારા ઉપર્યુક્ત નૈતિક મૂલ્યોનું આચરણ વ્યક્તિઓ માટે આસાન બનાવવાની, અને વૈયક્તિક જીવનના મૂલ્યપરિવર્તન દ્વારા એ નવી સંસ્થાઓને વધુ દૃઢમૂળ અને કાર્યસાધક બનાવવાની બેવડી પ્રક્રિયા આપણે અમલમાં આણવી રહેશે. આ માટે શાસન સંસ્થાઓ પર લોકમતનો પ્રભાવ અને લોકમત પર શાસનનો પ્રભાવ પાડી શાસનના કાયદાને ધર્મતુલ્ય અને લોકોએ સ્વૈચ્છિક રીતે અપનાવેલા ધર્મ–સમાજલક્ષી આચાર–ને કાયદા જેવો બંધનકારક બનાવવાની પેરવી હાથ ધરવી રહેશે. આ પ્રકારની દ્વિમુખી પ્રક્રિયા સર્વોદયી સમાજના નિર્માણની હામી બની રહેશે એમ મારું માનવું છે.

એવા સર્વોદયી સમાજનું નિર્માણ કરવું એ આપણા ભારતીઓ માટે ભગવાન મહાકાલનો આદેશ અને સંકેત છે એમ મને લાગે છે. જે નૈતિક મૂલ્યોના અધિષ્ઠાન વિના બીજા ગમે તે પ્રકારના સર્વતોભદ્ર–સામ્યવાદી–સમાજનું ચણતર રેતીના પાયા પર થશે એમ હું માનું છું, એ મૂલ્યો આપણને સદ્‌ભાગ્યે વેદના વારાથી સાંપડ્યાં છે અને એ મૂલ્યોના આચરણની ભવ્યતા પ્રદર્શિત કરવા ત્યારથી આજ સુધી લગભગ પ્રત્યેક પેઢીએ સંખ્યાબંધ વ્યક્તિઓ આપણે ત્યાં પ્રાદુર્ભાવ પામતી આવી છે. અને જ્યારે વિપુલતાનું અર્થકારણ સ્થાપવાનું ભૌતિક વિજ્ઞાને શક્ય બનાવ્યું ત્યારે એ મૂલ્યોના સામુદાયિક આચરણનો માર્ગ બનાવનાર પયગમ્બર પણ ગાંધીજીને રૂપે કુદરતે આપણને મોકલી આપ્યો. એટલે એ મૂલ્યોને સામાજિક ક્ષેત્રે ચરિતાર્થ કરી બતાવવાની ઐતિહાસિક ફરજ આપણા પર આવી પડે છે. સદ્‌ભાગ્યે પ્રજાનું નૈતિક પુનરુત્થાન થાય તો તેને ક્રિયાને ક્ષેત્રે સાર્થક કરી બતાવે એવી ચારિત્ર્યશીલ નેતાગીરી પણ જવાહરલાલજીની રાહબરી નીચે આપણી પાસે મોજૂદ છે. અને હું આગળ જણાવી ગયો તેમ એ કર્યા સિવાય ગત્યંતર ન રહે એવી પરિસ્થિતિમાં પણ આપણે મુકાયેલા છીએ.

વધુમાં એ સર્વોદય–અથવા સામ્યયોગ–નો પ્રયોગ આપણા સિવાય બીજું કોઈ કરે તેમ પણ નથી. કેમ કે સામ્યવાદીઓ મનુષ્યના પરિવર્તનની આવશ્યકતા સમજે છે તો ખરા, પણ તેમનાં ભૌતિક તત્ત્વદર્શન અનુસાર તેઓ એમ માને છે કે મનુષ્યને પલટાવવા કોઈ વિશિષ્ટ પ્રયત્નની જરૂર નથી; પરિસ્થિતિ પલટાતાં મનુષ્ય આપોઆપ પલટાઈ જશે. મને લાગે છે કે આ દૃષ્ટિ ખોટી છે; અને તેનાં દુષ્પરિણામો સામ્યવાદને વહેલેમોડે કાં તો ભોગવવાં પડશે અને કાં તેમને સવેળા પોતાની દૃષ્ટિ બદલવી પડશે. પશ્ચિમી લોકશાહી સમાજવાદીઓ પણ આવો પ્રયોગ હાથ ધરે તેમ નથી; કેમ કે તેમને જીવનની ભૌતિક સુખસગવડોની આરાધના સિવાય બીજી કોઈ વાતની તમા નથી અથવા ગતાગમ નથી. પરંતુ દુનિયાના જે દેશોમાં વિપુલતાનું અર્થકારણ હસ્તીમાં આવી ચૂકયું છે અને લોકોને ભૌતિક જીવનની પર્યાપ્ત સુખસગવડો સુપ્રાપ્ય બની ચૂકી છે ત્યાં આપણે શું જોઈએ છીએ? ભૌતિક સિવાયનાં જીવનનાં અન્ય મૂલ્યોની જાણ નથી એટલે લોકો જીવનનાં ઊંચાં અને વધુ ઊંચાં ધોરણ–higher standards of living–ના મૃગતૃષ્ણા પાછળ આતુર દોટો મૂકી રહ્યા છે અને વાસનાબદ્ધ અવગતિયાં જેવો અવતાર ગાળી રહ્યા છે. શારીરિક અનારોગ્યમાંથી મુકત બન્યા છે તો માનસિક અનારોગ્યના વધુ ને વધુ ભોગ બનતા ચાલ્યા છે. એટલે સર્વોદયી સમાજનું નિર્માણ કરી અન્ય દેશોના આપણા માનવબંધુઓને માર્ગદર્શક થવું એ ઐતિહાસિક અવસર અને લહાવો ઇતિહાસે આપણા માટે અનામત રાખ્યો છે એમ પણ મને લાગે છે.

આ અધિકાર અને ધર્મ છે તો ભારતની સમગ્ર પ્રજાનો, પણ ગુજરાતની પ્રજાનો સવિશેષપણે છે એમ મને લાગે છે. એક કારણ એ છે કે આ સર્વોદય યુગના પયગમ્બરનો અવતાર ગુજરાતની ભૂમિમાં થયો. વિનોબાજી અવારનવાર કહે છે તેમ ગાંધીજીનો જન્મ ગુજરાતને આંગણે થયો તેનું કારણ એ છે કે તેમના અહિંસાના અને એ એંધાણે પાંચ મહાવ્રતોના સંદેશને ઝીલવાની ભૂમિકાનું ખેડાણ સૌથી વધુ એ પ્રદેશમાં થયું છે. અહિંસાનું સામુદાયિક આચરણ જેટલું ગુજરાતમાં છે તેટલું ભારતના બીજા કોઈ ભાગમાં નજરે ચડતું નથી. ઉપરાંત ગુજરાતની પ્રજાને ગાંધીજીના ઉપદેશ અને તેના વ્યવહારિક પ્રાત્યશિક્ષકોનો પણ બીજા પ્રાન્તોની અપેક્ષાએ વધુ લાભ મળ્યો છે.

અને જાણે ઇતિહાસના આટલા સંકેતો અધૂરાં હોય તેમ હવે ગુજરાતના અલગ રાજ્યનું નિર્માણ પણ લગભગ નિશ્ચિત થઈ ચૂકયું છે. એટલે કોંગ્રેસ અને ભારત સરકારની પ્રતિજ્ઞાના સમાજવાદને સર્વોદયનો ઘાટ આપી દેશના અન્ય પ્રાંતોને દાખલારૂપ બનવાની વિશિષ્ટ સગવડ પણ જાણે કે ઇતિહાસના એક વધારાના સંકેત રૂપે જ આપણને સાંપડી ગઈ છે.

એટલે ઇતિહાસના એ સંકેતને સાર્થક કરી બતાવવાની અનન્ય તક અને ફરજ આપણી સામે ઉપસ્થિત થઈ છે એમ હું માનું છું.

એ તકને દાદ આપવાની સામગ્રી પણ આપણી પાસે ઠીક ઠીક પ્રમાણમાં મોજૂદ છે. આપણી પ્રજાને ગાંધીજીની પ્રસાદદીક્ષા મળેલી છે અને સરદારશ્રીની વ્યવહારદક્ષતાનો વારસો મળેલો છે. કૃષ્ણાર્જુનની બેલડી જેવા એ નેતાઓને હાથે તાલીમ પામેલા સંખ્યાબંધ નેતાઓ આજે આપણી વચ્ચે વિદ્યમાન છે. વિકેન્દ્રિત શાસનના પાયારૂપ ગ્રામપંચાયતોએ દેશના અન્ય પ્રાન્તો કરતાં આપણે ત્યાં–ખાસ કરીને સૌરાષ્ટ્રમાં–વધુ સારી રીતે પોતાની કામગીરી અદા કરી છે. સહકારી પ્રવૃત્તિનો વિકાસ પણ ગુજરાતમાં આશ્ચારપદ રીતે ઝડપી અને વ્યાપક બન્યો છે. આપણો ખેડૂત પરિશ્રમશીલ અને બુદ્ધિમાન છે; અને આપણી સામાન્ય પ્રજા ઉદ્યમપ્રવણ છે. આટલું જાણે પૂરતું ન હોય તેમ તેજ અને અન્ય ખનિજોની શોધોરૂપે માતા ધરતીના આશીર્વાદ જાણે કે ગુજરાત પર ઊતરી રહ્યા છે. આપણી પાસે કંડલા જેવું પ્રથમ દરજ્જાનું અને બીજાં ઘણાંક ગૌણ દરજ્જાનાં બંદરો છે. વિપુલતાનું અર્થકારણ નિર્માણ કરવા માટે અને પ્રજાના જીવનને વિવિધ કક્ષાના ઉદ્યોગોના મધપૂડામાં પલટાવી નાખવા માટે ઔદ્યોગિક અનુભવ, વેપારી આવડત અને સાધનો આપણે ત્યાં સારા પ્રમાણમાં છે. અલગ રાજ્યરૂપે નિર્માણ થતાં ગુજરાતના ભાવિ યોગક્ષેમ વિશે આશંકા ધરાવવાનું કોઈ જ કારણ નથી.

અને એવા એ ઉદ્યમી ગુજરાતને સર્વોદયી ગુજરાતમાં પલટાવી નાખવાનું કામ પણ અતિ મુસ્કેલ હશે એમ મને લાગતું

નથી. પરિગ્રહવૃત્તિના અને સત્તાશોખના સીમાસ્તંભ જેવા રાજાઓને ત્યાગના માર્ગમાં સ્વેચ્છાએ વાળી શકનાર સરદારશ્રીના રાજકીય વારસો માટે ગુજરાતના ઉદ્યોગપતિઓને પોતાના ઉદ્યોગોના વિશ્વસ્તો-ટ્રસ્ટીઓ-માં પલટાઈ જવાને માર્ગે વાળવાનું, ખેડૂતોને પોતાના ઊભડ મજૂરોને સાચા અર્થમાં સાથીઓમાં પલટાવી નાખવાને સમજાવવાનું અસામાન્ય રીતે મુશ્કેલ ન જણાવું જોઈએ. કાયદાઓ દ્વારા નહિ, પણ સમજાવટ દ્વારા સર્વોદયી સમાજરચનાનું માળખું આમ ગુજરાતને આંગણે પ્રથમ ઊભું કરવાનું માન અને ઐતિહાસિક કર્તવ્ય ગુજરાતને ફાળે નોંધાવું જોઈએ.

અનેક મુશ્કેલીઓ અને અવરોધો આપણા માર્ગમાં અવશ્ય ઊભાં હશે એમાંનાં કેટલાંક તો જાણીતાં છે જ; અને તેમાંનાં થોડાંકનું નિરાકરણ તો મુંબઇ રાજ્યના વિભાજનના નિર્ણયમાં યોજાયેલું હશે જ એવી આપણે આશા રાખીએ. પરંતુ તે સિવાય પણ જે કોઇ નડતરો અને નિર્બળતાઓ હોય તે પાર કરી જવાની હામ આપણાં હૈયાંઓમાં હોવી ઘટે; તે માટેની ઉપાય યોજનાની આવડત આપણાં ભેજાંમાં અને આવશ્યક પુરૂષાર્થની શક્તિ આપણાં કાંડાંબાવડાંમાં હોવી જોઇએ. પરિસ્થિતિનો જે પડકાર ઊભો થયો છે તે ઝીલી લેવાની અને જે અવસર આવ્યો છે તેને ગુજરાતની પ્રજાકીય અસ્મિતા પ્રગટાવીને દીપાવવાની આપણી પ્રાર્થનાયુકત આત્મશ્રદ્ધા હોવી જોઇએ. સ્વાયત્ત બનતા ગુજરાતને ભારતના પ્રથમ સર્વોદયી રાજ્યમાં પલટાવીને આપણે ગાંધીજી અને સરદારશ્રીના જીવનસંદેશને સાર્થક કરીએ.

ગુજરાતના આ ઐતિહાસિક સંદેશને અને તેના આ અવસરને ચરિતાર્થ કરવામાં બીજી સંસ્થાઓની સાથોસાથ આપણાં વર્તમાન-પત્રોએ પણ અગત્યનો ભાગ ભજવવો રહેશે. પરંતુ હાલ છે તેવા સ્વરૂપે આપણાં અખબારો સર્વોદય યુગના તકાદાઓને બરાબર દાદ નહિ આપી શકે એમ મને લાગે છે. તે માટે કેટલાક સંસ્થાકીય અને અખબારોના આંતરિક તંત્રવિષયક ફેરફારો અમલમાં આણવા રહેશે. એ સંબંધે મારો જે ખ્યાલ છે તે ટૂંકામાં જણાવી દઉં.

સંસ્થાકીય ફેરફારો વિશેનો મારો ખ્યાલ આવો છે: અખબારોની વ્યકિતગત માલિકી સર્વોદય યુગના પત્રકારત્વને અનુરૂપ નહિ હોય. એટલે હાલ જે અખબારો હસ્તી ધરાવે છે અને જીવનક્ષમ છે, તેમની આંતરિક વ્યવસ્થામાં ક્રમિક પરિવર્તન લાવવું પડશે અને નવાં પત્રો સંબંધે આયોજિત રીતે આગળ વધવું રહેશે. અખબારોની ત્રણ-ચાર કક્ષાઓ આપણે ખ્યાલમાં રાખવી રહેશે. સામાન્ય રસનાં અખબારોમાં બ્રિટન-અમેરિકા વગેરેમાં હાલ પ્રચલિત થયાં છે તેવાં રાષ્ટ્રીય અને જિલ્લાનાં પત્રો એવા બે ભાગ આપણે રાખવા પડશે. રાષ્ટ્રીય અખબારો કેવળ જિલ્લા, તાલુકા કે વ્યકિતગત ગામોને સ્પર્શતી બાબતો પર ઓછું ધ્યાન આપશે, પણ પોતાના વાચકોને દુનિયા, રાષ્ટ્ર અને રાજ્યના મહત્ત્વના ઘટનાપ્રવાહો અને વિચારપ્રવાહોથી સુમાહિતગાર રાખશે. આ પ્રકારની માહિતી માટે આપણો બુદ્ધિમાન વર્ગ આજ સુધી મુખ્યત્વે દેશનાં અંગ્રેજી અખબારો પર આધાર રાખતો આવ્યો છે. પરંતુ એ સ્થિતિનો હવે અંત આવવો જોઇએ. હું આપને આગળ જણાવી ગયો છું કે પ્રેરણા અને માર્ગદર્શન માટે હવે આપણા પત્રકાર વ્યવસાયે વિદેશો પર મીટ માંડવાનું બંધ કરવું જોઇએ. એવી જ રીતે અંગ્રેજી પત્રો પરનું અવલંબન પણ હવે ખતમ થવું જોઇએ. અંગ્રેજી ભાષા આ દેશમાંથી હવે જવા બેઠી છે અને જવી જ જોઇએ. તેનું સ્થાન રાષ્ટ્રભાષા હિંદી લે અને ઉત્તમ કોટિનાં હિંદી અખબારો આપણને સુલભ બને એમ હું અવશ્ય ઇચ્છું અને આવકારું. પરંતુ જો ગુજરાતીને આપણે રાજ્યની વહીવટી ભાષા અને તમામ કક્ષાના શિક્ષણની બોધભાષા બનાવવી જ હોય તો એ પ્રયાસના એક અનિવાર્ય ભાગરૂપે ઉચ્ચતમ કોટિનાં ગુજરાતી વર્તમાનપત્રો પણ આપણે ઉપજાવવાં પડશે જ. એવાં અખબારોને હું રાષ્ટ્રીય અખબારો કહું છું. એ અખબારો એવા પ્રકારનાં હોય કે સ્થાનિક કે જિલ્લા કક્ષાની ઘટનાઓનાં વિગતવાર નિરૂપણ અને છણાવટ માટે એ કક્ષાનાં પત્રો વાંચ્યા ઉપરાંત દેશ અને દુનિયાની ઘટનાઓથી સુમાહિતગાર રહેવા માટે પ્રત્યેક નાગરિકને એકાદ રાષ્ટ્રીય અખબાર વાંચવું પણ જરૂરી જણાય. આ પ્રકારનાં અખબારોને વિશાળ સંપાદક મંડળ, અભ્યાસ અને માહિતીનાં વિશિષ્ટ સાધનો અને ઉત્પાદન તેમ જ વ્યવસ્થાને લગતી બહોળી સાધનસામગ્રીની જરૂર રહેશે. જિલ્લા કક્ષાનાં પત્રો માટે એ સુલભ નહિ હોય એમ મારૂં માનવું છે, એટલે તેમણે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય બાબતોને ગૌણ સ્થાન આપી, રાજ્ય, જિલ્લા અને મર્યાદિત વિસ્તારોની નિસ્બતની બાબતોને પ્રાધાન્ય આપવું રહેશે. આ બે પ્રકારો ઉપરાંત ચોકકસ વ્યવસાયો અને વિદ્યા-કળાઓને લગતાં વિશિષ્ટ સામયિકોની હારમાળા પણ આપણે ખડી કરવી રહેશે.

હું ઉપર જણાવી ગયો તેમ એ નવાં અખબારોની માલિકી વ્યકિતગત નહિ પણ સંસ્થાગત-એટલે કે જાહેર ટ્રસ્ટો, સહકારી સંસ્થાઓ અથવા તો પત્રકારોની પોતાની સહકારી મંડળીઓની હોય એ ઇચ્છનીય અને તેમનાં કર્તવ્યને અનુરૂપ-અનુકૂળ થઇ પડશે. વળી તેમની મૂળભૂત નીતિના નિર્ધારણ અને નિયમન માટે સુયોગ્ય વ્યકિતઓની બનેલી સલાહકાર મંડળીઓ હોય એ પણ જરૂરી બનશે. સમાજલક્ષી યુગમાં સંક્રમણ કરીએ છીએ એટલે શું માલિક કે શું તંત્રી એમાંથી એકેયની વ્યકિતગત સગવડ કે ઇચ્છા પર અવલંબતી નીતિ અખબાર અને સમાજના શ્રેયની સાધનામાં બહુધા સહાયભૂત નહિ બની શકે.

પણ મૂળભૂત નીતિનિર્ધારણના વિષયમાં એટલું સ્વીકારી લીધા પછી બાકીની બધી જ બાબતોમાં નીતિનિરૂપણ તેમ જ પત્રના સંચાલનનો સમગ્ર દોર મુખ્ય સંપાદકના હાથમાં છોડી દેવો પડશે. એમ નહિ કરવામાં આવે તો વર્તમાનપત્રમાં વ્યકિતત્વ પાંગરશે નહિ; અને એમ નહિ થાય તો તેનો પ્રભાવ જનતા કે સરકાર કોઇના પર પડશે નહિ. ઘણાંક અંગ્રેજી અખબારોની બાબતમાં આજેયે બની રહ્યું છે તેમ બધાં જ સારાં અંગોનો એ સમૂહ બનશે, પરંતુ એક જીવંત પ્રાણવાન સત્ત્વ એ નહિ બની શકે; અને તેથી લોકોને એ પ્રેરણા કે માર્ગદર્શન આપી નહિ શકે. અખબારના સંચાલનમાં મુખ્ય સંપાદકના આવા નિર્ણાયક સ્થાન માટેનો અખિલ ભારત તંત્રીપરિષદનો જે આગ્રહ અને અહાલેક છે તેની સાથે હું સંપૂર્ણપણે મળતો થાઉ છું. એટલે સર્વોદય યુગનાં આપણાં વર્તમાનપત્રો-ખાસ કરીને રાજ્યની સાંસ્કારિક વિશેષતાના દૈનિક નમૂના જેવાં રાષ્ટ્રીય વર્તમાનપત્રો-માટે સુયોગ્ય મુખ્ય સંપાદકની તલાશ એ સૌથી મહત્ત્વનો વિષય બની રહેશે. એ મળી રહેશે તો બાકીનું બધું યથાક્રમે આપમેળે ગોઠવાઇ જશે.

સર્વોદય યુગના એ આદર્શ સંપાદકની મારી કલ્પના કેવી છે તેનો થોડો આડકતરો ખ્યાલ તો એ યુગનાં નૈતિક મૂલ્યોની જે ચર્ચા મેં આગળ કરી છે તેના પરથી આપને આવી ગયો હશે. છતાં મુદ્દાની અગત્ય જોતાં તેની ટૂંકમાં ફરી રજુઆત કરી દઉં. જે પાંચ પારમાર્થિક મૂલ્યોનો વ્યાવહારિક સ્વરૂપે પ્રજાકીય જીવનમાં વિનિયોગ કરવાની જરૂરિયાત મેં જણાવી છે તે આવા સંપાદકના જીવનમાં તો વણાયેલાં હોવાં જ જોઇએ. એક જ શબ્દમાં તેનો અનુવાદ કરવો હોય તો એમ કહી શકાય કે સર્વોદય યુગનું પત્રકારત્વ એ 'બ્રાહ્મણ' વ્યવસાય હશે; અને બ્રાહ્મણવૃત્તિનો માણસ જ એના સંપાદક-પદ માટે સુયોગ્ય બનશે. સત્તા, સંપત્તિ અને મહત્તાની લાલસાઓથી અને રાજકીય પક્ષવાદથી એ પર હોવો જોઇશે અને એનું માનસ લોકસંગ્રહના ભાવનાથી પ્રેરાયેલા તટસ્થ દ્રષ્ટાનું હોવું જોઇએ. ઉમેરવાની ભાગ્યે જ જરૂર છે કે બહુશ્રુતતા અને વ્યવસાયી કાબેલિયત એ તો એના મૂળભૂત ગુણો હશે જ. એક આદર્શની મેં રજૂઆત કરી છે. એટલે જો તેનો શબ્દાર્થમાં તેને લેશો તો આપને એમ લાગશે કે એવો માણસ અલભ્ય નહિ હોય તોયે અતિ દુર્લભ તો ગણાય જ. પરંતુ આને દિશાસૂચન લેખશો તો એ આદર્શને ઠીક ઠીક પ્રમાણમાં પોતામાં મૂર્તિમંત કરતા હોય એવા માણસો નહિ મળી રહે એમ હું માનતો નથી. ગુજરાતની ભૂમિ નિર્વીર્ય નથી; અને ગાંધીનું તપ આ ભૂમિમાંથી હજી પરવારી ગયું નથી.

રવિશંકર મહેતા

❋ ઓળખાણના લાભ અને નુકસાન ❋

(ફ્રી પ્રેસ જર્નલમાં અગ્રલેખવાળા વચ્ચેના પાના ઉપર અવારનવાર B. G. G.ની સહીથી From an Easy Chair-આરામ ખુરસી ઉપરથી-એ મથાળા નીચે જુદા જુદા વિષયો ઉપર વિનોદ અને વ્યંગથી યુકત નાના નાના લેખો આવતા હતા. તેવો એક લેખ જેનું શિર્ષક હતું 'Knowing People' તેનો નીચે અનુવાદ આપવામાં આવે છે. આ અક્ષરશઃ નહિ પણ ભાવાનુવાદ છે.—તંત્રી)

જુદા જુદા લોકોની ઓળખાણ હોવી એ ઇચ્છવાયોગ્ય છે. મોટા માણસોની ઓળખાણ હોવી એ વધારે ઇચ્છવાયોગ્ય છે. સિવાય કે તમે પોતે જ એક મોટા માણસ હો, જે સંયોગમાં બહુ માણસોની ઓળખાણ હોવી તે કંટાળાજનક અને ઉપાધીરૂપ બને છે.

એમુક માણસ ઘણા લોકોને જાણે છે તે તેની લોકપ્રિયતાનું સૂચક છે. લોકોને જાણવા તે તેમની સાથે મૈત્રી હોવી તેનાથી તદ્દન જુદી જ બાબત છે. મૈત્રી કેળવવા માટે તો પ્રયત્નો કરવા પડે છે અને તેમાં ઘસાવું પણ પડે છે. લોકોની માત્ર ઓળખાણ હોવી તે વધારે સાદી અને સીધી બાબત છે. તેમની ઓળખાણ ચાલુ રાખવા માટે તેઓ તમને ગમે છે કે નથી ગમતા એ પંચાતમાં પડવાનું રહેતું નથી. તેમની હયાતી તમારા ધ્યાનમાં છે એટલું વ્યકત કરવા માટે જરૂરી હોય એથી વધારે તેમની સાથે તમારે વાત કરવાની જરૂર હોતી નથી. હું એક એવા માણસને જાણું છું કે જેની સાથે જાહેર રસ્તા ઉપર ભેગા થઇ જવું એ એક મોટી આફતરૂપ બને છે. તમે થોડાં ડગલાં તેની સાથે ચાલો અને પેલો તમારો મિત્ર એકાએક ઉભો રહે છે અને આને, તેને અને અનેકને મળવામાં મશગુલ બની જાય છે. સામેથી કોઇ આવતું હોય તો તેની સામે તે હાથ કરે છે અને તમને જરાક કહે છે કે "મને બે મીનીટથી વધારે વાર નહિ લાગે. પેલા ભાઇ આવે છે તેને જરાક મળી લઉં." અને એમ કહીને તે ઉભો રહે છે; સામેથી આવતો માણસ પણ ઉભો રહે છે. "નમસ્તે, નમસ્તે, મહાસુખભાઇ, મજામાં તો છો ને" એવી રીતે ઔપચારીક નમનવ્યવહારનો બે વચ્ચે વિનિમય થાય છે, વાતચિત શરૂ થાય છે, જે જલ્દિથી પૂરી થતી નથી, એટલે કંટાળીને "હવે આપણે આગળ વધીએ તો સારું" એમ તમે તમારા મિત્રને ઇસારો કરો છો. આમ તેનાથી તે છૂટો પડે છે અને તમે બન્ને દશ ડગલાં હજુ આગળ ચાલો છો એટલામાં વળી તમારો મિત્ર અટકીને ઉભો રહે છે, કારણ કે તેની ઓળખાણવાળો બીજો કોઇ સામે આવતો તેની નજરે પડે છે. 'કાં ચીમનભાઇ કેમ છો ?' એમ કહીને તેનું અભિવાદન કરે છે. અને આ રીતે ચાલ્યા જ કરે છે, જેના પરિણામે આખરે તમે ધારેલી બસ ગુમાવો છો. જે માણસ ઘણા લોકોને જાણતો હોય છે તેને, જાણે કે તે આપણી ક્ષમા યાચતો હોય એવા ભાવથી, એક જ વાત કહેવાની હોય છે કે હું શું કરું ? મને એટલી બધી ઓળખાણો છે અને તેઓ રસ્તામાં મળે તો તેમની સામે માત્ર નજર કરીને બાજુએથી મુંગા મોઢે પસાર થઇ જવાનું મારાથી બનતું નથી."

× × ×

લોકોની ઓળખાણ હોવી તેના ફાયદા યે છે અને ગેરફાયદા પણ છે. જો તમે રેલ્વેટ્રેનમાં પ્રવાસ કરવાના હો અને તમારે સ્ટેશને પહોંચવું જોઇએ એથી જરા મોડા પહોંચો (એટલે કે ટ્રેન આવી પહોંચી હોય અને પ્લેટફોર્મ ઉપર ઉભી હોય) તો ટ્રેન ઉપર ચડી ચૂકયું હોય અને પોતાનું બેડીંગ વગેરે પાટીયા ઉપર પાથરીને બેઠું હોય એવા કોઇને તમે ઓળખતા હો તે ઇચ્છવાયોગ્ય છે. તમારી એ ઓળખાણનો તમે લાભ ઉઠાવી શકો છો, અને તેના બોજા ઉપર તમારી સુટકેસ જરા મોં મલકાવીને-જરા હસીને-મૂકી શકો છો. જો સરકાર સાથે તમને કાંઇ કામ પડયું તો સરકારી ઓફીસમાં કામ કરતા લોકો સાથે તમને ઓળખાણ હોય તો તે પણ ઘણી વાર ઉપયોગી નીવડે છે તમારા કાગળિયા જ્યાં પડયા હોય ત્યાંથી જલ્દિથી ચાલવા માંડે છે અને સહી કરનાર અધિકારી સુધી પહોંચી જાય છે, જ્યારે તમે તો માત્ર બે ઘડી ઉભા જ રહો છો અને જેને ઓળખતા હો' તેની સાથે વાતો કરતા હો છો.

થોડાક પરદેશી લોકોની ઓળખાણ હોવી તે પણ ઇચ્છવાયોગ્ય છે. આજકાલ સ્ટેમ્પ્સ-ટપાલની ટીકીટો-એકઠી કરવાનું તુત બાળકોમાં ચેપી રોગની માફક ફેલાતું જાય છે. જુદા જુદા દેશોની સ્ટેમ્પ્સ તમારાં બાળકો માગવાના જ છે અને તમારાથી એ બની નહિ શકે એમ કહેવું એ એક મા-બાપ તરીકે તમારા માટે શોભાભર્યું નથી. જો તમે કોઇ પરદેશીઓને ઓળખતા હો તો તેમને મળતા કાગળો ઉપરની સ્ટેમ્પ્સ તેમને તેઓ જરૂર મોકલતા રહેવાના. તેમના દેશની સ્ટેમ્પ્સ મેળવવા માટે તમારાં બાળકો આટલા બધા આતુર છે એ જાણીને તેઓ જરૂર મોકલવાના અને તમારા બાળકોના મન ઉપર તમે પણ તમારી મોટાઈ અને લાગવગ વિષે સારી છાપ પાડી શકવાનાં.

છાપાના એક બે રીપોર્ટરોને જાણવા એ પણ સારું છે. તંત્રીને ઓળખતા હો તો વધારે સારું. પછી તમે કોઇ જાહેર સભામાં એકાદ ભાષણ કરો, કે પ્લેટફોર્મ ઉપર ટોળામાં તમે બેઠા હો તો પણ, ખાત્રી રાખો કે, જો રીપોર્ટર સાથે તમારે સારા-સારી હોય અથવા તો તંત્રી સાથે ટેલીફોનથી તમે વાત કરી લીધી હોય તો, તમારું નામ છાપામાં આવવાનું જ. છાપાવાળા લોકો ભલા અને સારા માણસો હોય છે અને માણસના સ્વભાવની આવી નબળાઇઓને તે બરોબર જાણે છે.

× × ×

માણસે ઘણા લોકોને ઓળખતા હોવું જોઇએ પણ તેમને વધારે પડતા જાણવાનો પ્રયત્ન ન કરવો જોઇએ. તમારી માફક તેઓ પણ તમને ઓળખવા જાણવા ઇચ્છતા હોય છે અને તમે જાણો છો તેમ જ્ઞાન એક બળ છે, શકિત છે. હું એવા માણસોને જાણું છું કે જેમાંથી કોઇને કોઇ, જ્યારે હું હોટેલમાં નિરાંતે બેઠો બેઠો ચા પીતો હોઉં છું ત્યારે એકાએક ટપકી પડે છે અને મારા ટેબલની બાજુએ ગોઠવાઇ જાય છે.

શરમાતા સંકોચાતા "કાં વિનુભાઇ કેમ છો ? આપણે ઘણા વખતે મળ્યા" એમ કહીને તે વાતચિતની શરૂઆત કરે છે અને પછી આજ કાલ હવા કેવી ખરાબ થઇ ગઇ છે, ધંધો સાવ બોરબે પડી ગયો છે, ઓફિસમાં ઉપાધિનો પાર નથી, અને આપણે ગમે તેટલા સારી રીતે વર્તીએ પણ દુનિયાને તેની કોઇ કદર નથી-આમ કંઇ કંઇ વાતોની ઝડીઓ તે વરસાવવા માંડે છે. સભ્યતાની ખાતર તમે તેની વાતોમાં હા યે હા ભણ્યે જાઓ છો. તેથી તેને વધારે પ્રોત્સાહન મળે છે. વાત વાતમાં તે ચાનો ઓર્ડર આપે છે. ચા આવે છે એટલે ગટાક ગટાક કરતો પીવા માંડે છે અને પછી "ઠીક ત્યારે હમણા મારે કામ છે તે જાઉં છું, પછી મળીશું" એમ કહીને રવાના થાય છે. આનો અર્થ તે એમ કહેવા માંગતો હોવાનો થયો કે "મને ખાત્રી છે કે મારી ચાના પૈસા ચૂકવવામાં તમને વાંધો નહિ હોય."

કોઇ એકાદવાર આમ ચાના પૈસા ચૂકવવા પડે તેનું કોઇને કાંઇ ન લાગે, પણ તમે સાવ બાઘા જેવા, હજુ અંગુઠો ચૂસ્યા કરતા બાળુચક જેવા છો. એવી રીતે તમારી સાથે બીજા લોકોને વર્તતા જોઇને તમને ગુસ્સો આવે છે. તમારા સ્વમાનને આ ન જ રૂચે એ સ્વાભાવિક છે. મૂળ અંગ્રેજી: B. G. G.

અનુવાદક: પરમાનંદ

રાજા, પંડિત અને વૃદ્ધા

માણસ ગમે તેટલો વિદ્વાન અને ગમે તેટલો સમર્થ હોય એથી એણે એમ માની લેવાનું નથી કે જગતમાં પોતે જ સર્વજ્ઞ છે. વિશ્વનો જ્ઞાનરાશિ અમાપ છે, અનંત છે. એનો પાર ભલભલા જ્ઞાનીઓ પણ પામી શકયા નથી. જગતમાં જ્ઞાન ભિન્ન ભિન્ન પ્રકારનું છે અને એને જોવાની દૃષ્ટિ પણ નિરનિરાળી હોય છે. એકની એક જ વસ્તુને સામાન્ય માણસો જે દૃષ્ટિથી જોતા અને સમજતા હોય છે તેને અનુભવીઓ અને જ્ઞાનીઓ જુદી દૃષ્ટિથી જોતા અને સમજતા હોય છે, અને એ જ વસ્તુને દાર્શનિક ફિલસૂફો તદ્દન જુદી જ રીતે જોતા અને વિચારતા હોય છે. માનવે માનવે જ્ઞાનની માત્રા વત્તીઓછી હોય છે, અને જ્ઞાનનો અધિકાર કે ઇજારો અમુક જ માણસને હોય અને અમુકને નહિ એવું પણ નથી હોતું. માટે જ ઘણીવાર પુસ્તકિયા જ્ઞાન કરતાં વ્યવહારૂ જ્ઞાન ચડી જાય છે, અને માટે જ આપણે હંમેશાં અશિક્ષિત પણ વડીલ વૃદ્ધજનોની અનુભવવાણીને આદર આપીએ છીએ. સાચો જ્ઞાનપિપાસુ પોતાના કરતાં ઊતરતી કક્ષાના માણસ પાસેથી પણ જ્ઞાન ગ્રહણ કરતાં અચકાતો નથી. જે જ્ઞાનીઓ કે જ્ઞાનાભિમુખ માનવી જ્ઞાનગ્રહણની બાબતમાં ઊંચ કે નીચ, યુવાન કે વૃદ્ધ, ભણેલા કે અભણ, અનુભવી કે બિનઅનુભવીના ખયાલોમાં પૂર્વગ્રહો રાખે છે તે જ્ઞાનીઓ દાંભિકતામાં અને જડતામાં સરી પડે છે.

વૃદ્ધોની અનુભવવાણીમાં ઘણીવાર કેટલું બધું રહસ્ય રહેલું હોય છે! દુનિયાનું ડહાપણ જેમણે પચાવ્યું છે તેઓ પંથ ભૂલ્યાને ઉચ્ચ પ્રકારનું માર્ગદર્શન આપી શકે છે. રાજા જેવા સમર્થ માણસને અને પંડિત જેવા જ્ઞાનીને એક સાધારણ અશિક્ષિત વૃદ્ધ સ્ત્રી પાસેથી થોડીક વાતચીતમાં પણ કેવું શીખવા મળે છે એ રાજા ભોજ અને પંડિત કવિ માઘના સુપ્રસિદ્ધ પ્રસંગમાંથી જોઈ શકાય છે. એ રસિક પ્રસંગ આ પ્રમાણે છે :-

એક વખત રાજા ભોજ માઘ પંડિત સાથે મુક્તવેશે ગામ સાહેર ફરવા નીકળ્યા અને ઘણે દૂર સુધી ગયા. પણ પાછા ફરતાં તેઓ બંને રસ્તો ભૂલી ગયા. બંનેને થયું કે આટલામાં કોઈ મળી જાય તો સારું જેથી પોતાને રસ્તો બતાવે. આસપાસ નજર કરતાં પાસેના એક ખેતરમાં એક વૃદ્ધ સ્ત્રીને કામ કરતી એમણે જોઈ. તેઓ બંને તેમની પાસે ગયા અને એને પૂછયું, "માજી, આ રસ્તો કઈ તરફ જાય છે?"

તે વૃદ્ધ સ્ત્રીએ બંનેને રાજા ભોજ અને પંડિત કવિ માઘ તરીકે ઓળખી લીધા. એ સ્ત્રીને આ બંને બુદ્ધિશાળી માણસોને મૂંઝવીને ગંમત કરવાનો વિચાર થયો. એણે કહ્યું, "ભાઈ, રસ્તો તો કયાંય જતો નથી. એ તો જ્યાં છે ત્યાંનો ત્યાં જ રહે છે. રસ્તા પર ચાલનારા માણસો જાય છે...પણ તમે બંને કોણ છો એ તો કહો."

રાજા પોતાનું નામ આપવા માગતો નહોતો. એણે કહ્યું, માજી, અમે તો મુસાફરો છીએ.

વૃદ્ધાએ કહ્યું, "પણ ભાઈ, જગતમાં સાચા મુસાફરો તો બે જ છે. એક સૂર્ય અને બીજો ચન્દ્ર, માટે આપ કોણ છો તે બરાબર કહો.

માઘ પંડિતે જવાબ આપ્યો. "અમે બને તો મહેમાનો છીએ."

વૃદ્ધાએ કહ્યું, "જગતમાં મહેમાનો પણ બે જ છે. એક ધન અને બીજું યૌવન. એ જ્યારે મળે છે ત્યારે મહેમાનોની જેમ એને સાચવવાના હોય છે, માટે આપ કોણ છો તે બરાબર કહો."

આ સાંભળી રાજા ભોજે પોતાની બરી ઓળખાણ આપી દીધી. "માજી! હું તો રાજા છું."

વૃદ્ધાએ કહ્યું, "પરંતુ જગતમાં બે જ રાજા છે. એક રાજા ઇંદ્ર અને બીજો રાજા યમ. મને સાચું કહો "તમે બન્ને કોણ છો?"

બન્નેએ જવાબ આપ્યો, "માજી, અમે બન્ને એવા માણસો છીએ કે બીજાને માફી આપી શકીએ."

વૃદ્ધાએ કહ્યું, "દુનિયામાં બે જ જણ માફી આપી શકે છે. એક ધરતી અને બીજી નારી, તમે તો નહિ જ. એટલે બરાબર કહો, તમે કોણ છો?"

બન્નેએ કહ્યું, "માજી, અમે ગરીબ માણસો છીએ."

વૃદ્ધાએ કહ્યું, "દુનિયામાં ગરીબ બે જ છે. એક દીકરી અને બીજી બકરી."

વૃદ્ધાના આવા જવાબોથી રાજા અને પંડિત મૂંઝાઈ ગયા. અન્તે થાકી, હારી, કંટાળીને તેમણે જવાબ આપ્યો. "તમારી આગળ અમે હારેલા છીએ."

વૃદ્ધાએ કહ્યું, "અરે! ભાઈ, તમે હારેલા નથી. જગતમાં હારેલા બે જ છે. એક દેવાદાર અને બીજો દીકરીનો બાપ."

હવે તો રાજા અને પંડિત ખરેખર ત્રાસી ગયા. તેમણે કહ્યું, "માજી! અમે કંઈજ જાણતા નથી. તમે ઘણું બધું જાણો છો."

વૃદ્ધાએ હસતાં હસતાં કહ્યું, "વાત તમારી સાચી છે. હું જાણું છું કે તમે રાજા ભોજ અને માઘ પંડિત છો. તમે બન્ને હવે જઈ શકો છો. હું તમને ઉજ્જૈન જવાનો રસ્તો બતાવું.

વૃદ્ધાના જ્ઞાન ભંડારથી વિસ્મય પામતાં રાજા અને પંડિત પોતાને રસ્તે પડયા.

('વિકાસ'માંથી સાભાર ઉધ્ધૃત) **તારાબહેન શાહ. એમ.એ.**

જૈન મુનિઓ અને મૂલભૂત વિસર્જન

(આ વિષય પર 'પ્રબુદ્ધ જીવન'ના આગળના અંકોમાં બે લખાણો પ્રગટ થઈ ચૂકયાં છે. તેમાં દર્શાવેલ વિચારોનું વિશેષ સમર્થન કરતો શ્રી. સારાભાઈ એન. શાહનો લેખ નીચે પ્રગટ કરવામાં આવે છે. આ લેખમાં પં. બેચરદાસ દોશીના જે લેખનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે તા. ૧૨-૬-૫૮ ના 'જૈન'માં પ્રગટ કરવામાં આવ્યો છે. તેનો મુખ્ય સૂર આ લેખ તેમ જ આગળ ઉપર પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલા લેખોને મળતો છે. તંત્રી)

સામાન્ય રીતે આપણા જૈન આચાર્યો, મુનિરાજો અને સાધ્વીજીઓ દ્રવ્ય, ક્ષેત્ર કાળ, ભાવ ધ્યાનમાં લઈને પ્રત્યેક બાબતમાં વિવેકપૂર્વક આચરણ કરવાનો સદુપદેશ આપે છે. જ્યારે એ જ સાધુઓ અને સાધ્વીઓ એમનું મેલું કયાં અને કેવી રીતે નાંખવું એનો વિચાર અને વિવેક ચૂકી જાય છે. પરિણામે આસપાસમાં રહેતા જૈન, જૈનેતર લોકોના દિલ દુભાય છે. કયારેક વિરોધ જાગે છે, તો કયારેક સુધરાઈને આંખી ગંદકી જાહેર રસ્તાપર નહિ કરવા માટે તાકીદ આપવી પડે છે. વિદ્વાન અને પૂજ્ય સાધુ, સાધ્વીઓ દ્વારા આ રીતે જાહેરમાં થતી ગંદકીને કારણે જૈન ધર્મ જૈનેતર જનતાની નજરમાં હાંસીને પાત્ર બને છે.

થોડા મહિનાઓ પહેલાં જ્યારે હું અમદાવાદ ગયેલો ત્યારે એક મિત્ર પાસેથી જાણવા મળેલું કે અંહીયાની પોળોમાં સાધુ, સાધ્વીઓ એમનું મેલું વિગેરે ગમે ત્યાં નાખતા હોવાથી આજુબાજુમાં વસતા લોકો ખૂબ કચવાય છે. આ ગંદકી અટકાવવા ફરિયાદો કરે છે સુધરાઈના મેયર જૈન હોવાથી એમને માટે આ ધર્મસંકટ જેવું બને છે. જો આ ગંદકી અટકાવવા સખ્તાઈ

ધારણ કરે તો તેમને જૈન સમાજની ટીકા સાંભળવી પડે તેમ છે. અને જો આંખમીંચામણાં કરવાની નીતિ અખત્યાર કરે છે તો લોકોનું સાંભળવું પડે છે. આથી તેઓ અકળાય છે. આ સમસ્યાનો ઉકેલ કેવી રીતે આવ્યો અને મેલું વિગેરે ઠેકાણે પાડવાનો ઉપાય શું યોજવામાં આવ્યો તેની માહિતી મને નથી. આ દાખલો તો ફકત વાસ્તવિક હાલતનો ખ્યાલ આપવા માટે આપ્યો છે.

તાજેતરમાં મિત્રો સાથે ખંભાત જવાનો પ્રસંગ આવેલો. રાત્રે બહુ મોડા પહોંચવાથી જે મહારાજશ્રીના દર્શન અર્થે ગએલા એ ઉપાશ્રયમાં જ સૂતેલા. સવારે દિશાએ જવા માટે અમે દરિયાની ખાડી તરફ ગયેલા. દિવસો વરસાદના હતા. આગલે દિવસે સારો વરસાદ થયેલો. અમે જ્યારે ખાડી નજીક પહોંચ્યા ત્યારે ત્યાં સાધુઓને જે રીતે ઝાડે બેસતા જોયા એથી ભારે રંજ થયો. વરસાદને કારણે ખાડીમાં પાણી અને કાદવ જામેલા હોવાથી સાધુઓને ના-છલાજે જાહેર સડક પર અને સડકની બાજુએ હલ્લે બેસવું પડતું હતું.

પૂ. શ્રી. રવિશંકર મહારાજે પણ એમના અનુભવનો એક દાખલો અગાઉ આપેલો જે એક સામયિકમાં વાંચેલો. એ આખો પ્રસંગ તો અત્યારે યાદ નથી. પરંતુ મતલબ એ પ્રકારની હતી કે મુંબઇમાં મરીન ડ્રાઇવ પર તેઓ કોઇને ત્યાં ઉતરેલા તે સ્થળે જૈન સાધુઓ પણ બિરાજમાન હતા. શ્રી. રવિશંકર મહારાજ જે સંડાસમાં ગયેલા તે પહેલાં પેલા સાધુઓ તેમાં ગયેલા. પણ એમણે સંડાસનો ચાલુ રીત મુજબ ઉપયોગ કરવાને બદલે સંડાસની અંદરની લાદીનો ઉપયોગ કરેલો. આખું સંડાસ મળથી બગડેલું હતું. શ્રી. રવિશંકર મહારાજે જાતે એ સાફ કરીને પછી તેનો ઉપયોગ કરેલો.

આ પ્રસંગો રજુ કરવાનો આશય એટલો જ છે કે સામાન્ય આચારવિચારમાં જ્યારે સ્થળ, સંજોગોનો અને દેશકાળનો ખ્યાલ ભૂલી જવાય છે ત્યારે તેમાંથી કેવી વિચિત્ર અને વિષમ પરિસ્થિતિ નિર્માણ થવા પામે છે, તેનો પૂરો ખ્યાલ આવી શકે. પંડિત બેચરદાસે એમના લેખમાં ઉત્તરાધ્યન સૂત્રની કેટલીક ગાથાઓનો ઉલ્લેખ કરીને વર્તમાન મુશ્કેલીઓના નિવારણ અર્થે કેટલાંક સૂચનો કર્યા છે. પરંતુ એ સૂચનો આજની પરિસ્થિતિમાં વહેવારૂ, બંધ બેસતા, બુદ્ધિગમ્ય અને હૃદયગમ્ય નથી લાગતા. ખરી રીતે તો સાધુ, સાધ્વીઓ માટે હવે જ્યારે શહેરોમાં રહેવાનું અનિવાર્ય બની ચૂકયું છે ત્યારે જ્યાં મલમૂત્રનો નીકાલ કરવાની પૂરતી સગવડ ઉપલબ્ધ ન હોય ત્યાં એમણે આપદ્ધર્મ અને સમયધર્મ સમજી ગટરનો અને સંડાસનો ઉપયોગ ઉદાસીન વૃત્તિથી કરવો જોઇએ; સ્વચ્છતાનું અને સુઘરાઇના નિયમોનું પાલન કરવું જોઇએ; યુગબાહ્ય બની ચૂકેલી અને મોટા શહેરોમાં ચાલી ન શકે તેવી રીતભાતનો આગ્રહ જતો કરવો જોઇએ.

એ હકીકત છે કે જે બાબતોમાં આપણા સાધુ, સાધ્વીઓ યુગબળની અસરથી મુકત રહી શકે તેમ છે– તેવી અનેક બાબતોમાં યુગપરિવર્તનની અસર નીચે તેઓ આવી ગયા છે. જ્યારે આ તો શહેરી જીવનની એક સામાન્યમાં સામાન્ય બાબત છે. જૈન સાધુ, સાધ્વીઓ જૈનેતર લોકોમાં ટીકાપાત્ર થતા અટકે એ ખાતર પણ સમયાનુકુલ પરિવર્તન કરવું વધુ ઇષ્ટ છે, અને દુનિયા જે રીતે આગળ વધી રહી છે એ જોતાં આજે નહિ તો અમુક વખત પછી પણ એક યા બીજા પરિબળોને કારણે મોટા શહેરોમાં વિચરતા અને ચાતુર્માસ કરતા સાધુ, સાધ્વીઓને એમ કર્યા સિવાય ચાલવાનું નથી. પૂજ્ય મુનિરાજો અને સાધ્વીજીઓ પ્રત્યે પૂરા આદર અને ભકિતભાવ સાથે મારા વિચારો મેં અહિંઆ રજુ કર્યા છે અને આશા રાખું છું કે એ ઉપર એ જ દૃષ્ટિથી વિચાર કરવામાં આવશે.

સારાભાઈ એન. શાહ

નૂતન વર્ષના પ્રવેશ ટાણે

વિદાય થયેલી વર્ષાએ દેશના અનેક વિભાગો ઉપર સરજેલી પારાવાર તારાજીનાં વિષમ સ્મરણો સાથે વિ. સં. ૨૦૧૫ પૂરું કરીને આપણે વિ. સં. ૨૦૧૬ ના વર્ષમાં પ્રવેશ કરીએ છીએ. આગળનાં વર્ષો કરતાં પ્રસ્તુત વર્ષ દરમિયાન આપણી પરિસ્થિતિના કોઇ પણ અંશમાં સુધારો થયો નથી; બલ્કે વધારો જ થયો છે. મોંઘવારી વધી છે; મોટાં શહેરોમાં લોકોને રહેવાની હાડમારી વધી છે. સરકારી તંત્રમાં લાંચરૂશ્વતનું પ્રમાણ વધ્યું છે અને વ્યાપક બન્યું છે; બેકારી વધી છે; કાયદા કાનૂનનું ઉલ્લંઘન કરીને નફો કરવાનું અને છુપાવવાનું પ્રમાણ વધ્યું છે. આ બધી દુઃસહ પરિસ્થિતિમાં જળસંકટે દેશના ઘણા ભાગોને પાયમાલ કર્યા છે અને અનાજના ઉત્પાદનને ગંભીરપણે નુકસાન કર્યું છે. વર્ષાના અભાવમાં જે સ્થિતિ સરજાય તે જ સ્થિતિ વર્ષાની બહુલતાએ સરજી છે.

આવી પૃષ્ટ ભૂમિકા સાથે આપણે નવા વર્ષમાં પદપ્રવેશ કરીએ છીએ. આ બધામાંથી આપણે કેમ ઊંચે આવીશું એ ચિન્તા તો હતી જ. એવામાં ચીને ભારત વિરૂદ્ધ ધારણ કરેલી આક્રમણ નીતિએ દેશના માથે ન કલ્પી શકાય એવું જોખમ ઉભું કર્યું છે. આપણા પાડોશીઓ સાથે સુલેહ શાન્તિ અને સમજાવટથી રહેવાની આપણી વૃત્તિ હોવા છતાં ચીન આપણને પડકારી રહ્યું છે અને આપણી સરહદમાં આવેલા પ્રદેશોનો ગ્રાસ કરવા તત્પર બની રહ્યું છે.

આવી આન્તર–બાહ્ય વિષમ પરિસ્થિતિ વચ્ચે આપણે કોઇ હસતા મોઢે કે હળવા દિલે નૂતન વર્ષને આવકારી શકતા નથી. આમ છતાં પણ હતાશ બનીને આપણાથી બેસી રહેવાય તેમ છે જ નહિ. આજની બધી સમસ્યાઓ આપણા પુરૂષાર્થને–સમગ્ર રાષ્ટ્રના સંગઠિત પુરૂષાર્થને–પડકારી રહેલ છે. આપણે તેનો સામનો કર્યે જ છૂટકો છે; તેનો ઉકેલ લાવ્યે જ છૂટકો છે.

આજથી બાર વર્ષ પહેલાં દેશને મળેલી આઝાદીએ પ્રજાજનો માટે બંધ રહેલાં આત્મવિકાસનાં અનેક પ્રવેશદ્વારો ખુલ્લાં કર્યાં છે; એક પછી એક યોજાતી પંચવર્ષીય યોજના દ્વારા આર્થિક અને ઔદ્યોગીક ક્ષેત્રે પ્રજા નવાં કદમ ઉઠાવી રહી છે. અને અવનવાં સીમાચિહ્નો સર કરી રહી છે. અનેક આફતો અને હાડમારીઓનાં આવરણ ભેદીને પ્રજાનો આત્મા અનેક ક્ષેત્રોમાં નવચેતનની સ્ફુર્તિદાયક અભિવ્યકિત કરી રહ્યો છે. કળા અને સાહિત્યના પ્રદેશમાં નવસર્જનની–નવા ઓજસની–પ્રતિભા પ્રગટ થઇ રહેલ છે. ભારતિય સંસ્કૃતિનું સવિશેષ પ્રાણસભર–પ્રભાવશાળી–સ્વરૂપ નિર્માણ થઇ રહ્યું છે. પ્રજાજીવનના સર્વ અંશોમાં નવો સળવળાટ–નવો પ્રક્ષોભ–નવી ચેતના–નજરે પડે છે. આમ સર્વતોમુખી સમુત્થાન અનુભવતી પ્રજા ગમે તેવાં સંકટો અને કષ્ટોથી હતોત્સાહ નહિ બનતાં આગળ ને આગળ વધશે, અને દુનિયાના રાષ્ટ્રોમાં અગ્રસ્થાન પ્રાપ્ત કરશે અને યુદ્ધ અને સંઘર્ષના સ્થાને શાન્તિ અને આબાદીનું સામ્રાજ્ય સ્થાપવામાં અગ્રેસર બનશે એવી આશા અને શ્રધ્ધા અનુભવાય છે. આ ઉજ્જવળ ભાવીને મૂર્તિમન્ત કરવાની દિશાએ દરેક વ્યકિત પોતપોતાને ભાગે આવતો પુરૂષાર્થ દાખવે અને એ રીતે પોતાના જીવનને સફળ કરે એવી નૂતન વર્ષના પ્રવેશ ટાણે આપણ સર્વની ઊંડા દિલની પ્રાર્થના હો!

મુદ્રણ શુદ્ધિ

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પાનું ૧૩૦ ઉપર બીજા કોલમમાં જે લેખ શરૂ થાય છે તેનું મથાળું નીચે મુજબ સુધારીને વાંચવું.

"વૃદ્ધ અપંગ જૈન સાધુઓ અને ડોળી–વિહાર."

તે જ લેખના છેલ્લા પેરીગ્રાફમાં 'પાદવિહાર એ જૈન સાધુના આચારનું 'સુક્ષ્મ અંગ છે' એ મુજબનું વાકય છે તેમાં સુક્ષ્મના સ્થાને 'મુખ્ય' શબ્દ વાંચવો. **તંત્રી.**

(પૃષ્ઠ ૧૩૬થી ચાલુ)

પોતાનું જીવન પોતાની ઢબે જીવવા માગનાર વ્યક્તિ ડોકટરને, ધર્માચાર્યને, પક્ષનાયકને અને હિતચિંતકોને કહી દેશે–"તમારી દૃષ્ટિએ, અને કોક કોક વાર મારી પોતાની દૃષ્ટિએ પણ, હું ભૂલ કરતો હોઉં તો મારે એનો વાંધો નથી. મારે મારી ઢબે, મારા સંતોષ ખાતર જીવવું છે અને મુખ્ય વસ્તુ એ કે મારા જીવનની લગામ મારે મારા પોતાના હાથમાં જ રાખવી છે. મારું કારખાનું કોઈ વિશ્વાસપાત્ર તદ્‌વિદને હું સોંપી શકું, મારાં નાણાંની વ્યવસ્થા પણ એવા જ કોઈને સોંપી શકું,–અરે, મારું રાજ્ય પણ કોઈ સારા દીવાનને સોંપી શકું. પણ મારું જીવન તો મારા પોતાના હાથમાં જ રહેશે." પોતાનું સર્વસ્વ ભગવાનને ચરણે અર્પણ કરનાર ભકતે પણ ભગવાનને કહ્યું કે–"હે મારા હૃદયસ્વામી! મારું સર્વસ્વ તારે ચરણે અર્પણ કરી શકું એટલી સ્વતંત્રતા, એટલું વ્યક્તિત્વ અને એટલો અધિકાર હું મારી પાસે રાખવાનો જ."

આ જે અંતિમ આત્મનિષ્ઠા છે આત્મનિર્ભરતા છે એ જ હોય છે શુદ્ધ સાહિત્યનું પ્રધાન લક્ષણ. તેથી એમાં અમુક જાતનું બંડખોરપણું, અમુક જાતની પ્રયોગપરાયણતા, એટલું જ નહિ પણ અમુક જાતની બેપરવાઈ અને બેજવાબદારી પણ હોઈ શકે છે

શુદ્ધ સાહિત્યમાં જીવનપરાયણતા જ મુખ્ય હોય છે અને તેથી જ એક જાતનું બંડખોરપણું અને પ્રયોગપરાયણતા વગર અથવા કાંઈ નહિ તો અનૌપચારિક સ્વાભાવિકતા વગર સાહિત્યનો સર્વોચ્ચ આનંદ આપણને મળવાનો નથી.

આટલું કહ્યા પછી ઉમેરવું જ પડે છે કે જીવનનું ગાંભીર્ય, જીવનની માંગલિકતા, વિશ્વકલ્યાણની મહેચ્છા અને સેવાને અર્થે આત્મોર્પણ કરવાની તયારી, આ જાતનાં તત્ત્વો જીવનનિષ્ઠા સાથે વણેલાં ન હોય તો પેલી જીવનપરાયણતા, જીવનપરાયણતા મટી જીવનદ્રોહ બને છે. કોઈ માણસ કહે કે 'હું મારા જીવનનો માલિક છું માટે એને હું એક ઘેલછામાં વેડફી નાખવા માગું છું', તો એ એના જેવું જ થશે કે કોઈ માણસ ઘરનો માલિક છે એ વાતનો અનુભવ કરવા ખાતર પોતાનું ઘર બાળવા તૈયાર થઈ જાય!

પ્રયોગશાળામાં જાતજાતના પ્રયોગો કરવા માટે દરેક જાતની પૂરી સ્વતંત્રતા વિજ્ઞાનવેત્તાઓને અપાય છે. પણ તેટલા માટે સુરંગથી પ્રયોગશાળા જ ઉડાવી દેવાની સ્વતંત્રતા એમને ન હોય.

એટલે જીવનનિષ્ઠામાં જે જે મંગલ તત્ત્વો આવી જાય છે તે બધાંનો સ્વીકાર કરીને જ નવું નવું અજમાવવાની પ્રયોગપરાયણતા અને ભૂતકાળનાં બંધનો વિશેનો અમર્ષ, શુદ્ધ સાહિત્યમાં જડવાં જોઈએ. શુદ્ધ સાહિત્ય આ રીતે જીવનનિષ્ઠા અને ઉચ્ચ અભિરુચિની મર્યાદા સ્વીકારશે પણ બંધિયાર હવામાં જીવવાનો ના જ પાડશે.

આવો આ આદર્શ તત્ત્વતઃ સર્વમાન્ય હશે, પણ વિગતોમાં અનેક પ્રકારના મતભેદોને અવકાશ હશે જ. અમુક જાતનું સાહિત્ય એક જણ અથવા એક જમાનો પસંદ કરશે અને બીજો એને વખોડશે. શું યોગ્ય ગણાય અને શું અયોગ્ય, એની ચર્ચા માણસ અખંડ ચલાવવાનો જ. અને તેથી જ સરકારનો કે કાનૂનનો અંકુશ સાહિત્ય પર રાખવાને બદલે માનવહિતચિંતક લોકસેવકોના અને નેતાઓના અભિપ્રાયોનો અંકુશ જ પસંદ કરવો જોઈએ. કાનૂન આવ્યો એટલે સમાજના નેતાઓ પોતાની જવાબદારી છોડી દે છે. જ્યારે સમાજના નેતાઓ – જીવનનિષ્ઠ નેતાઓ નિર્ભયપણે પોતાનો અભિપ્રાય વ્યકત કરે છે ત્યારે કાનૂનનો આશરો શોધવાનું મન કોઈને થતું નથી.

સમાજનું સ્વારથ્ય જાળવવાની જવાબદારી જેમ ધર્માચાર્યોની, સમાજનેતાઓની અને અધ્યાપકોની છે, તેમ જ, પણ બીજી રીતે, 'શુદ્ધ સાહિત્ય'કારોની પણ છે. એ જેટલી સૂક્ષ્મ છે તેટલી જ વ્યાપક છે. અને જ્યાં બીજા લોકો હારી જાય છે ત્યાં સાહિત્યકારો સમાજને બચાવી શકે છે, ચડાવી શકે છે, દોરી શકે છે અને એથીયે મહત્ત્વનું–આશ્વાસન આપી શકે છે. જ્યારે આવા સાહિત્યકારો જ ભાન ભૂલી જાય છે, પોતે છીછરા અને ઉચ્છૃંખલ બને છે, ત્યારે સાહિત્ય સડવા માંડે છે અને પોતાની સેવાશકિત ખોઈ બેસે છે. પરિણામે લોકોની અભિરુચિ કૃત્રિમ, વિકૃત અને રોગગ્રસ્ત થાય છે. નીરોગી સાહિત્ય, પ્રસન્ન સાહિત્ય, નિર્ભય અને આત્મનિષ્ઠ સાહિત્ય સમાજ માટે આશીર્વાદરૂપ છે. એને વિષે જ ભવભૂતિએ કહ્યું હતું,

कामान् दुग्धे विप्रकर्षत्यलक्ष्मीम्
कीर्तिं सूते दुष्कृतं या हिनस्ति ।

કાવ્ય અને નાટક

ગમે તે જમાનાનો વિચાર કરો અથવા ગમે તે દેશનો, સાહિત્યનો પ્રાણ મુખ્યત્વે એની કવિતામાં જ વસે છે. છાપાં, નવલકથા અને જાહેરચર્ચાનો જમાનો ગદ્યનો જ જમાનો છે એની ના નથી. અને આદર્શ નિબંધોમાં ગદ્ય અને કાવ્યનો સમન્વય પણ કરી શકાય. લલિત ગદ્ય ગમે ત્યારે પદ્યનું સ્થાન લઈ શકે છે, છતાં સાહિત્યની સુવાસ તો છંદ, લય અને ગેયતામાં જ વધુમાં વધુ પ્રગટ થાય છે તાલબદ્ધતામાં જે તૃપ્તિ છે અને બૌદ્ધિક થાક ઉતારવાની શકિત છે તેનો વિચાર કરતાં, એ ગુણોવાળું સાહિત્ય જ અજરામર રહેવાનું છે એ વિષે શંકા રહેતી નથી. ભાટચારણોની તેમ જ ભકત ઉપાસકોની સગવડ ખાતર એક જમાનામાં છંદોબદ્ધ સાહિત્યની રચના થતી હતી, એ બાહ્ય પ્રયોજન હવે પહેલાંનાં જેટલું મહત્ત્વનું રહ્યું નથી.

સમાજસેવકો જ્યારે જોશે કે નિશાળો અને છાપાંઓ મારફતે પ્રજાજીવનની પૂરેપૂરી સંસ્કારિતા સધાતી નથી, ત્યારે છંદોબદ્ધ સાહિત્ય અને તે સંભળાવવાની જૂની પ્રવૃત્તિ ફરી સજીવન થશે. અને એ પ્રવૃત્તિ કેવળ ધાર્મિક સાહિત્ય કે લોકસાહિત્ય સુધી મર્યાદિત ન રહેતાં, ઇતિહાસ, દેશવર્ણન, પ્રવાસવર્ણન કથાઓ અને સમાજશાસ્ત્રીય ચર્ચાઓ સુધી પોતાનું ક્ષેત્ર ફેલાવશે.

જૂના જમાનામાં તમામ સાહિત્યને છંદોબદ્ધ કરતા. આંક, પાડા અને પલાખાંથી માંડીને શબ્દકોશ સુધીનું બધું જ સાહિત્ય છંદોબદ્ધ થતું. વૈદક અને જ્યોતિષ, સ્થાપત્ય અને સંગીત–બધાના શાસ્ત્રગ્રન્થો છંદોબદ્ધ કરવામાં આવતા. હવે એ આવશ્યકતા રહી નથી. છાપવાની કળા, પુસ્તકાલયોની પ્રવૃત્તિ અને નિયતકાલિક સાહિત્ય–આ ત્રણ સાધનોની મદદમાં ગ્રામોફોન અને રેડિયો પણ આવ્યાં છે એટલે કાવ્યમય પ્રબંધોની આવશ્યકતા પહેલાં જેવી રહી નથી.

છતાં ભાવનાનો ઉત્કર્ષ તો કવિતા દ્વારા જ ચરમ કોટિએ પહોંચી શકે છે, અને ભાવના અને ચિંતનનો અર્ક તો કવિતામાં જ સંધરી શકાય છે.

જેમ જેમ જમાનો સુધરતો જશે તેમ તેમ કાવ્યનું ક્ષેત્ર અને કાવ્યની પ્રવૃત્તિ ઓછાં થશે એમ એક વખતે મનાતું. હવે એ બીક સેવાતી નથી. જીવનનું ક્ષેત્ર જેમ જેમ વધુ ખેડાય છે. તેમ તેમ કાવ્યને નવા નવા વિષયો જડવા લાગ્યા છે અને ભાવના સાગરનું જેમ જેમ નવેસર મંથન થાય છે, તેમ તેમ નવાં નવાં કાવ્યતત્ત્વોનો આવિષ્કાર થતો જાય છે.

કેવળ છંદોવ્યાયામ કરતાં આવડ્યો અને રૂઢ કવિકલ્પનાઓમાંથી નવી નવી ચમત્કૃતિ સર્જતાં આવડી એટલે કવિકર્મ કૃતાર્થ થયું એમ માનવાના દિવસો હવે રહ્યા નથી. આજનો કવિ અધ્યયન અને ચિંતનમાં સંસ્કૃતિની ટોચે પહોંચેલો હોવો જોઈએ. એક તરફ પ્રજાજીવનના બધા સ્તરો અને પ્રકારો સાથે એ એકહૃદય થાય એ જરૂરનું છે અને સાથે સાથે અસંસ્કારી રાગદ્વેષનાં મોજાંઓ

સાથે અને સમાજદ્રોહી તોફાનો સાથે એ તણાઈ ન જાય એટલી તટસ્થતા અને અલિપ્તતા પણ એનામાં હોવી જોઈએ.

'સત્યયુગ જેમ પ્રાચીન કાળમાં જ હતો તેમજ સર્વોચ્ચ કવિઓ પણ જૂના કાળમાં જ થઈ શકયા, આજના કવિઓની પ્રતિભા અલ્પપ્રાણ છે'–એવી ટીકા કેટલાક લોકો એટલા વિશ્વાસથી કરે છે કે જાણે એ બાબતમાં બે મતને અવકાશ જ નથી

હું કબૂલ કરું છું કે જૂના કવિઓનો ભાષા પરનો કાબૂ અસાધારણ હતો. અને પોતાના કવનમાં પરદેશીપણું તો નથી આવ્યું ?–એ જાતની બીક એમને સેવવી પડતી નહિ. જૂના શ્રેષ્ઠ કવિઓની જીવનનિષ્ઠા ઉત્કટ હતી. એમની શ્રદ્ધા એકાગ્ર અને ઊંડી હતી. અને છતાં જૂના કાળના શ્રેષ્ઠ કવિઓ અને આજના જમાનાના શ્રેષ્ઠ કવિઓ વચ્ચે તુલના કરવા બેસીએ તો આજના કવિઓ લેશમાત્ર ઊતરતા નથી એવો જ મારો આંતરિક અભિપ્રાય છે. આપણા કરતાં આપણા વડવાઓ શ્રેષ્ઠ હતા એમ કહેવાની પ્રથા તોડવાની હિમાયત હું નથી કરતો. આપણે એ રિવાજ હજી એકબે પેઢી જરૂર ચલાવીએ, પણ એ ઔપચારિક પ્રથાને યથાર્થ કથન તરીકે સ્વીકારવા હું તૈયાર નહિ થાઉં.

જૂની સામાન્ય કવિતાની યાંત્રિકતા, કૃત્રિમતા અને રૂઢિજડતામાંથી આપણે ઊગરી ગયા છીએ એ કાંઈ નાનોસૂનો લાભ નથી. વ્યાસ, વાલ્મીકિ આદિ કવિઓની યુદ્ધનિષ્ઠા અને કેટલાક મધ્યકાલીન કવિઓની જીવનવિમુખ વૈરાગ્યનિષ્ઠા બન્નેની કદર કરતાં છતાં આપણે એ વાતાવરણ વટાવી ગયા છીએ; શત્રુની સ્ત્રીઓની દુર્દશાનું વર્ણન કરવાનું હવે આપણને ગમતું નથી, આપણો શૃંગારરસ પણ વધારે ભાવનાપ્રધાન થયો છે, એ વસ્તુની સહર્ષ નોંધ આપણે લેવી જ જોઈએ. વાસ્તવવાદને નામે કોક કોક વાર અભિરુચિમાં વિકૃતિ આવી જવાની. પણ એ વિકૃતિ સ્થાયી અથવા વ્યાપક થશે એવી બીક રાખવાનું હજી કારણ નથી.

કવિતા મારું ક્ષેત્ર નથી એટલે એ વિષે હું કશું કહું નહિ. ફકત યુગપ્રવૃત્તિના સ્વરૂપની નોંધ લઈને જ આ વિષય અહીં છોડી દઉં છું. મને વિશ્વાસ છે કે સાહિત્ય પરિષદની ત્રણ દિવસની વિચારણામાં સાહિત્યના કવિતા વિભાગને પૂરો ન્યાય મળશે અને આપણે ભાવના-તરબોળ થઈને જ વિખેરાઈશું.

કવિતા સાથે જ નાટકોની ચર્ચા કરી લેવાનો કેટલાક લોકોનો રિવાજ હોય છે અથવા હતો. તેમ કરવાનું હવે કારણ રહ્યું નથી. હું માનું છું કે ધીરોદાત્ત નાયકની આસપાસ નાટકો રચવાની પ્રથા નષ્ટ થવાની નથી. છતાં હવે પછી શૌર્યના જુદા જ આદર્શો નાટકોમાં પ્રતિબિંબિત થશે અને પ્રેમનો ઉત્કર્ષ પણ, જમાનાને અનુસરીને, નવાં નવાં સ્વરૂપો ધારણ કરશે. કેવળ વ્યકિત જ નહિ પણ જનસમુદાય પણ નાટકમાં નાયકનું સ્થાન લેશે અને આંતર પ્રાન્તીય તથા આંતરરાષ્ટ્રીય વાતાવરણનાં નાટકો લખાશે અને ભજવાશે. જીવનનું ઊંડાણ અને જીવનનો વિસ્તાર બન્ને તત્ત્વો હવે પછીનાં નાટકોમાં વ્યકત થવાં જ જોઈએ.

બોધપ્રધાન સાહિત્ય

એક વખતે મિત્રમંડળમાં didactic શબ્દની ચર્ચા ચાલી. એને માટે બોધગર્ભ, બોધપરાયણ એવા અનેક શબ્દો સૂચવાયા. અમારા જુગતરામભાઈએ તરત-પ્રેરણાથી એક શબ્દ ઉપજાવી કાઢયો–'દાદોકિતક.' કોઈ વ્યકિત દાદા અથવા મોટા ભા થઈને ઉપદેશ આપે, બીજા કોઈનું સાંભળવાને તૈયાર ન હોય, અને સ્મૃતિકારની ભૂમિકા ધારણ કરી પોતાનો જ નિયમ ચલાવવા માગે ત્યારે એનું એ વલણ કોઈને ગમતું નથી. એટલે એની બોલવા–કહેવાની શૈલીને આપણે સૌમ્યપણે–didactic કહીએ છીએ. એ આખો ભાવ 'દાદોકિતક' શબ્દમાં આબાદ રીતે આવી જાય છે. આજના જમાનાને 'દાદોકિતક' સાહિત્ય પ્રત્યે સૂગ છે. સૂગ છે એટલું જ નહિ પણ લોકો એવું સાહિત્ય સ્વીકારવા પણ તૈયાર નથી હોતા.

આપણા સંસ્કૃત સાહિત્યવિવેચકોએ પ્રભુસંમિત, મિત્રસંમિત અને કાન્તાસંમિત એવી ત્રણ શૈલીનું વર્ણન કર્યું છે. માણસથી આમ જ કરાય, આમ ન કરાય, એવા માલિક જેવા હુકમ તો શાસ્ત્રો જ કાઢી શકે છે. એ ઉપદેશ પ્રભુસંમિત હોય છે. મિત્ર સદ્ભાવથી બોલે છે, સલાહ આપે છે અને પછી સાંભળનારને છૂટો રાખે છે કે જેમ કરવું હોય તેમ કરે. 'રામની પેઠે વર્તવું સારું, રાવણની પેઠે નહિ, જુઓ રાવણનો નાશ થયો અને રામની કીર્તિ આજે પણ ગવાય છે,'–વગેરે હિતોપદેશ કરનાર સાહિત્ય મિત્રસંમિત હોય છે, જ્યારે કાવ્ય અથવા લલિત સાહિત્ય કોઈ પ્રેયસીની પેઠે સાંભળનારનું મન આકર્ષી લે છે, એના પર કબજો મેળવે છે અને પ્રસન્નપણે એવી તો છાપ પાડે છે કે માણસ વગરકહ્યે અનુકૂળ થઈ જ જાય છે અને પછી કહ્યું માને છે.

હું માનું છું કે સત્–સાહિત્યમાં ત્રણેને અવકાશ હોવો જોઈએ. જે પ્રભુ નથી, ગુરુ થવાને લાયક નથી અને તારતમ્ય ઓળખવાની અકકલ પણ જેનામાં નથી, એની બોધપરાયણતા કોઈને પણ ખૂંચે. ગાંધીજીએ એક વિશાળ રાષ્ટ્રને બધી રીતે ચડાવવાનો સફળ પ્રયત્ન એક જમાના સુધી કર્યો. એમનાં લખાણોમાં બોધવચનો ભરપૂર છે, પણ એને કોઈ didactic કે દાદોકિતક ન કહે. એમનામાં રહેલો ઔચિત્યનો ખ્યાલ, એમની નમ્રતા અને એમનો આદર્શ વિવેક–ત્રણેને કારણે એમનું સાહિત્ય એટલું તો રોચક અને પ્રેરણાદાયક થયું છે કે એ વાંચતાં માણસની ચિત્તવૃત્તિને પવિત્ર જળમાં સ્નાન કર્યા જેટલો આનંદ મળે છે અને એનું ચિંતન કરતાં માણસને અનુભવ થાય છે કે પોતાને રોચક અને પૌષ્ટિક ખોરાક મળ્યો છે.

આજના કવિઓ બોધપરાયણ કવિતા ભલે ન લખે. એમનો એ અધિકાર નથે હોય; પણ વ્યાસ, વાલ્મીકિ જેવા કવિઓ યોગ્ય પ્રસંગે બોધપરાયણ સાહિત્ય લખવાના અને આપણે એને ઉત્તમ સાહિત્ય તરીકે સ્વીકારવાના.

એક વખતે એક બાળપોથી તૈયાર કરતી વખતે કેટલાક સાથીઓએ આગ્રહ રાખ્યો કે એમાં બોધ આપનારું એકે પદ્ય ન હોય. મેં કહ્યું કે બાળપોથીમાં તો ત્રણે પ્રકારની શૈલીને સ્થાન હોવું જ જોઈએ. બાળકો અને બ્રહ્મચારીઓ એવી ઉંમરના હોય છે કે જ્યારે એમને સંસ્કૃતિના પાયાની વાતો સીધી બોધરૂપે જ આપવી જોઈએ. એ રીતે તેઓ લે છે પણ ખરા અને હજમ પણ કરે છે.

આથી વિરુદ્ધ, એક સાહિત્યપરાયણ રોમન મહિલાએ કહ્યું છે કે ઉત્તમ સાહિત્ય બોધગર્ભ જ હોવું જોઈએ. લેખકે સાહિત્યની સૂચક શકિત પર અવિશ્વાસ કરી સુયાણીનું કામ ન કરવું જોઈએ. બોધ ગર્ભમાં રહે એ જ સારું.

હું માનું છું કે એ મહિલાનો એ નિર્ણય સ્વીકારવા જેવો છે. જોકે સાહિત્યમાત્રમાં બોધ હોવો જ જોઈએ એમ તો કોઈ ન કહે, રસપ્રદ યથાર્થ ચિત્રણ હોય તો બસ. સાથે સાથે રંજન હોય તો તે ઇષ્ટ જ છે. સાહિત્ય માટે અસહ્ય છે એક નીરસતા અને નિર્જીવપણું.

અપૂર્ણ

કાકા કાલેલકર

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઈ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજીસ્ટર્ડ નં B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસરકરણ
વર્ષ ૨૧ : અંક ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ડિસેમ્બર ૧, ૧૯૫૯, મંગળવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છુટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ભારતીય લોકશાહીની વેધક સમાલોચના

('એશીઆઇ લોકશાહી ઉપર સંકટ' એ મથાળા નીચે પ્રગટ થયેલો તા. ૨૬-૧૦-૫૯ના ભૂમિપુત્રનો અગ્રલેખ નીચે સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. એ લેખના લેખક છે શ્રી. નબકૃષ્ણ ચૌધુરી, જેઓ એક વખત ઓરિસ્સાના મુખ્ય પ્રધાન હતા અને છેલ્લાં કેટલાંક વર્ષોથી ભૂદાન આન્દોલનમાં જોડાયા છે. પ્રસ્તુત લેખમાં આપણને ભારતમાં દૃઢમૂલ દેખાતી લોકશાહીની સર્વતોમુખી આલોચના વાંચવા વિચારવા માટે મળે છે. તંત્રી.)

ગયાં બાર વર્ષમાં એશિયામાં જે દેશો સ્વતંત્ર થયા હતા તેમાંથી કેવળ ભારત અને લંકાને બાદ કરતાં બીજા બધા દેશોમાંથી લોકશાહી લોપ થઇ ગઇ. ઘણા કહે છે કે ભારતની સ્થિતિ પાકિસ્તાન કરતાં જુદી છે. પણ હું નમ્રતાથી કહીશ કે આપણે દ્વિરાષ્ટ્રવાદમાં માનતા નથી અને ભારત અને પાકિસ્તાનની સંસ્કૃતિમાં કોઇ મૂલગત ભેદ છે એમ માનતા નથી. ત્યાંના ને અહીંના લોકોનું ચરિત્ર સમાન છે. તેથી પાકિસ્તાનની ઘટનાને લીધે આપણે ગંભીરતાથી વિચાર કરવો પડશે. હાલમાં સેનાના સર્વોચ્ચ ઉપરીઓ અને સંરક્ષણ-મંત્રી વચ્ચે મતભેદ થયો તેથી તેમણે રાજીનામાં આપ્યાં હતાં. પછી ભલે એમ જણાયું કે એ મતભેદ નોકરીમાં બઢતી જેવા નજીવા કારણે ઊભો થયો હતો, પણ તોય આ ઘટનાથી ખબર પડે છે કે વા કઇ બાજુ વાય છે. આ દિવસોમાં આપણા પ્રધાનમંત્રીએ કેટકેટલી વાર ધીરે, છતાં દૃઢતાથી જાહેર કર્યું કે ફૌજી અધિકારીઓ ઉપર મુલકી અધિકારીઓનું પૂર્ણ વર્ચસ્વ રહેવું જોઇએ! લોકશાહીની આ બહુ જાણીતી નીતિ છે. આપણા બંધારણમાં કયાંય મુલકી સરકારી નોકરો અને ફૌજી વડાઓની સત્તાનો ઉલ્લેખ નથી. જનસાધારણની પ્રતિનિધિરૂપ લોકસભાના હાથમાં જ બધી સત્તા છે. એ સ્થિતિમાં આમ જાહેર કરી કરીને કહેવાની કેમ જરૂર પડે છે?

ભસ્માસુર મહાદેવને ભરખવા ધાય છે.

પાકિસ્તાન, બ્રહ્મદેશ, ઇન્ડોનેશિયા અને સુદાનની ઘટનાથી પ્રશ્ન ઊઠે છે કે ખરેખરી સત્તા છે કોના હાથમાં? ભસ્માસુર જેમ મહાદેવ પાસે વરદાન મેળવીને એમને જ ભસ્મ કરવા એમની પાછળ પડ્યો હતો, તેમ આપણે જેના હાથમાં શારીરિક દંડશક્તિ-મનુષ્યની હત્યા કરવાની શક્તિ-આપી તે સેના જ આજે લોકોની પાછળ પડી છે, આ દંડશક્તિ એક જમાનામાં સાધારણ વાત હતી. શ્રીમંત લોકો ઘર સાચવવા ચુરખા કે દૈયા રાખતા. એ દરવાન ઘર ઉપર અધિકાર જમાવી બેસે એવો પ્રશ્ન કદી ઊઠતો નહોતો. ગામના હરિજનને બે ચાર રૂપિયામાં રખો રાખવામાં આવતો. તે પ્રમાણે જ બધા દેશોમાં અજ્ઞાન, અભણ લોકોને જ સેનામાં રાખવામાં આવતા. માત્ર હવે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે. આધુનિક વૈજ્ઞાનિક રણકૌશલ ચલાવવા સારૂ અજ્ઞાન નહીં, સુદક્ષ, વિદ્વાન, ચરિત્રવાન લોકોની જરૂર પડે છે. હવે એમને સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા વીણવામાં આવે છે, જાતજાતની વૈજ્ઞાનિક રીતે તેમની યોગ્યતાની પરીક્ષા કરવામાં આવે છે. આવી પસંદગી સરકારના બીજા કોઇ ખાતામાં થતી નથી. આજનો સેનાપતિ કેવળ સાહસિક હોય એટલાથી ચાલતું નથી. તે હાજરજવાબી, વૈજ્ઞાનિક, કળાકૌશલમાં દક્ષ, ફકત સેના નહીં પણ યુદ્ધ ટાણે જનતાનું પણ નેતૃત્વ કરી શકે તેવો હોવો જોઇએ. પૂર્વ વખતે જે સેનાના લોકો સેવા કરવા આવ્યા હતા તે કેવા સુસંસ્કૃત, ભદ્ર અને શિક્ષિત હતા એ તો જે લોકો એમની સાથે હળ્યા મળ્યા હતા તેમણે અનુભવ્યું હશે. આપણા દેશના બીજા કોઇ પણ જૂથ-રાજકારણવાળા, મુલકી સરકારી નોકરો કે વેપારી-ને લો તો સમજાશે કે એ બધા કરતાં મિલિટરી ઓફિસરો અનેક ગુણોમાં ચડિયાતા છે. આવી છે આ યુગની નવી સેના. એ સેનાનો ઉપયોગ આપણે ફકત યુદ્ધ સારૂ નથી કરતા, બીજા કામો સારૂ પણ કરીએ છીએ. અંગ્રેજ રાજ વખતે સરકાર સાથે હિંસા અહિંસા બધી રીતે લડાઇ ચાલતી હતી. છતાં એ વખતે સુદ્ધાં દેશ ની આન્તરિક શાન્તિ જાળવવા સારૂ જેટલી સેના રાખવી નહોતી પડતી એટલી હમણાં રાખવી પડે છે. બનારસ હિન્દુ યુનિવર્સિટી, લખનૌ, કલકત્તા વગેરે વગેરે બધી જગાએ આપણે સેનાનો ઉપયોગ શાન્તિ જાળવવા સારૂ થતો જોયો. આમ એમના હાથમાં છેવટની ક્ષમતા રહેલી છે. આમ બધી રીતે પોતાને વધુ યોગ્ય સમજવા છતાંયે તે મુલકી અધિકારીઓનો હુકમ માનવાનું શા સારૂ પસંદ કરે? આ પ્રશ્નની જાહેરમાં ચર્ચા કરતાં ઘણા ડરે છે. સેનાના મગજમાં આ ધારણા ન હોય, અને આ ચર્ચા સાંભળીને ઘુસી જાય તો? એવો ડર એમને લાગે છે. આપણા દેશમાં રાતે સાપ કે વાઘનું નામ દેવાની જેમ મનાઈ છે, તેના જેવી આ વાત છે. આપણે અપ્રિય-સત્ય અંગે આંખમીંચામણાં કરવાં છે.

લોકશાહીની ખામીનાં કારણો

આપણા દેશમાં લોકશાહીની સ્થિતિ કેવી છે તે હવે જોઇએ. આપણે જ્યારે સ્વરાજ સારૂ લડતા હતા ત્યારે આ દેશના લોકો લોકશાહીનો પૂરો અર્થ સમજીને લડતા હતા એમ કહી શકાય નહીં. વિદેશી શક્તિને હાંકી મૂકવી એ તે વખતે મુખ્ય ઉદ્દેશ હતો. જે સાધારણ જનતાની શક્તિ આપણી પાછળ હોવાને લીધે અંગ્રેજ હટ્યા, તે જનતા લોકતંત્રનો અર્થ સમજતી હતી? એ તો પોતાની ગરીબી મટાડવાની આશાથી જ સ્વરાજની આકાંક્ષા રાખતી હતી. ૧૯૪૨માં દેશમાં જે આન્દોલન દેખાતું હતું તેને અંગ્રેજ સરકારે દબાવી દીધું. લોકો આમ દબાયેલા હતા ત્યારે જ આપણું સ્વરાજ આવ્યું. નેતાઓએ ઉપર બેસીને શાન્તિથી સત્તાની ફેરબદલી કરી દીધી. એની સાથે સાથે દેશમાં એક આન્તરિક હિન્દુમુસલમાન હુલ્લડ પણ થઇ ગયું તેથી દેશમાં એક લોકશાહી રાજ શરૂ થયું છે એમ લોકો અનુભવી ન શકયા. તેથી આજે સરકારી પક્ષ, જુદા જુદા વિરોધી પક્ષ અને બાકી

બધાના બધા પ્રકારના પ્રયત્ન અને પ્રચાર છતાંયે દેશની આમજનતા આ 'આપણું રાજ્ય છે' એવો અનુભવ કરતી નથી.

બીજા પ્રકારની ક્રાંતિમાં લોકો 'યુદ્ધસમિતિ' ઘડે છે, સરકાર સાથે લડે છે, સેનાને પરાસ્ત કરે છે અથવા પોતાના તરફ ફેરવી લે છે, આમ સાધારણ લોકો અનુભવ કરે છે કે રાજ્ય બદલાયું. એમને સત્તાનો અનુભવ થાય છે. આ દેશમાં એ બધું કાંઇ થયું નહીં. આની એક સારી બાજુ એ અવશ્ય છે કે દેશ ધાંધલમાંથી બચી ગયો, સરકારી તંત્ર અવિચ્છિન્ન રીતે હાથમાં આવ્યું. આની નબળી બાજુ એ છે કે લોકો સમજ્યા નહીં કે એમના હાથમાં સત્તા આવી છે. આમ એશિયાનાં બધા દેશમાં બન્યું. લોકશાહીના પતનનું આ પણ એક કારણ છે. બીજી વાત એ કે લોકશાહીનાં મૂલ્યોનું ભાન–એટલે કે અમે ગમે તેટલી અગવડ વેઠીને પણ લોકશાહીને ટકાવી રાખવા લડીશું એવું ભાન–આપણા દેશના મધ્યમવર્ગ કે ગરીબ કોઇનામાં છે કે? પાકિસ્તાનમાં કોઇ રાજ્યનો કોઇ જાતનો વિરોધ તો ન થયો! થયો હોત તો કદાચ હંગેરીની જેમ તેને નિર્મમ રીતે દબાવી દેવામાં આવત, પણ પચીસ પચાસ હજાર લોક વિરોધ તો કરત, જેલમાં તો જાત, માર તો ખાત! પણ ત્યાં તો કોઇ રાજ થતાં લોકોએ હાશનો શ્વાસ લીધો એ જ સૌથી વધુ ભયંકર વાત છે.

ત્રીજી વાત એ છે કે આપણા દેશનું બંધારણ વકીલોએ બનાવ્યું. સ્વરાજ સારૂ લડનારા નેતાઓએ તે બનાવ્યું હોત તો કાંઇક થયું હોત. પણ નહેરૂ, પટેલ વગેરેએ એમાં મગજ લડાવ્યું નહીં. ગાંધીજીએ જે બંધારણનો ખરીતો આપ્યો તેને તેમણે એક મૂર્ખામી માની. આંબેડકર, આયંગાર વગેરે વકીલોને માથે એ ભાર આવ્યો. એમણે એવું બંધારણ ઘડ્યું કે એને જોઇને એમના ગુરૂ, વિલાયતના ખાસ કાયદાશાસ્ત્રી, સર આઇવર જેનિંસે કહ્યું કે 'આ તો વકીલોને સારૂ એક સ્વર્ગ સમું બંધારણ છે.' આ બંધારણમાં ઇંગ્લેંડ પાસેથી પક્ષીય લોકશાહી લઇ લીધી. રાંડ્યા પછી ડહાપણ આવવું સહેલું છે, છતાં આપણે વિચારી જોવું જોઇએ કે યુરોપનાં નાના નાના રમકડાં જેવા દેશોની લોકશાહીને આ દેશના અસંખ્ય જાતિ, ધર્મ, ભાષા, વગેરે સાથે ચલાવવી અશક્ય છે. આપણા દેશનાં ગામડાનાં લોકોએ બબ્બે વાર વોટ આપ્યા. પણ લોકશાહીની મૂળ વાત એ લોકો કેટલી સમજ્યા? આપણા રાજનૈતિક પક્ષો લોકોને લોકશાહીનો વિચાર સમજાવતા નથી. ચૂંટણી વખતે તો અતિશય નીચલા થરનો કારભાર ચાલે છે. જાતિભેદ વગેરેનો લાભ લેવાય છે. સ્વરાજ પહેલાં કરતાં હવે જાતિભેદ વગેરેનું બળ વધ્યું છે.

વળી ઇંગ્લેંડ, ફ્રાન્સ, જર્મની આગળ યોજના ઘડવાનો કોયડો નહોતો. ત્યાં તો અંધાધૂંધ કારભાર ચાલ્યો અને જાત-જાતનાં દુઃખ અને દુર્દશામાંથી પસાર થયા પછી એમનું અર્થ-કારણ ઘડાયું છે. સામ્રાજ્યના હાથમાં પડેલા દેશોનું ધન એમને મળી ગયું. શ્રીમંત–ગરીબના ભેદને લીધે એક બાજુ ગરીબો મર્યા અને બીજી બાજુ મૂડી એકઠી કરી શકાઇ. અહીં એશિયાના દરિદ્ર દેશોને તો ગરીબી મટાડવા અને સમાનતા સ્થાપવા સારૂ યોજના કરવી પડે છે. અહીં તો યોજના પ્રમાણે દશ પંદર વર્ષ આગળનો વિચાર કરીને કામ કરવામાં આવે છે. આમ કરવું હોય તો આપણે તરતોતરતના લાભની આશા છોડવી જોઇએ. પણ પક્ષીય રાજકારણમાં તો નગદ લાભનો લોભ દેખાડીને પરસ્પરની વિરૂદ્ધ પ્રચાર કરવો પડે છે. આમાં યોજના ચાલે શી રીતે?

ઓરિસ્સામાં બધા જિલ્લામાં સરખું મહેસૂલ કરવાનો પ્રયત્ન ઘણા દિવસોથી ચાલે છે. કુશાવાને લીધે પૈસાની કિમ્મત ઘટી ગઇ તેથી અનેક જગાએ એકર દીઠ રૂપિયો, કે આઠ આના મહેસૂલનો અર્થ નામ–માત્રનો રહી ગયો. બબ્બે ચૂંટણી વીતી ગઇ તોય આટલું થઇ શક્યું નહીં. બહારથી આવનારા બધા તજ્જ્ઞો જમીન સુધારણા અંગે ભાર મૂકે છે. કારણ અન્નનું ઉત્પાદન ન વધે તો યોજના સફળ થાય નહીં, અને જમીન સુધારણા થાય નહીં, તો અન્નનું ઉત્પાદન વધે નહીં. પણ જમીન સુધારણાનો વિરોધ બધા જમીન માલિકો કરે છે. એટલે સુધી કે પચાસ એકરવાળાની દેખાદેખી પાંચ એકરવાળો પણ કરે છે. હરિજનને જમીન મળે તે સામે કોળી વિરોધ કરે છે. આમ સર્વત્ર ચાલે છે.

મૂળ રોગ કેળવણીમાં

કલકત્તામાં ખાદ્ય–આંદોલન થયું. પણ ખાદ્ય કેમ કરી વધે એ વાતનો ગંભીર વિચાર ઓછો થાય છે. પ્રફુલ્લ સેને રૂખસત મેળવી, આંદોલન કરી કલકત્તામાં આટલા મર્યા, પણ કોમ્યુનિસ્ટ સરકાર આવે તો પણ આજે જેવો કારભાર ચાલે છે તેનાથી કદી અન્નસમસ્યાનું સમાધાન થવાનું છે?

આપણી આખી શિક્ષણ પદ્ધતિ જ ઊલટી દિશામાં જઇ રહી છે. જે ભણશે તે હાથમાં હળ પકડશે નહીં, એ છે આજના સંસ્કાર. જે લોકો કૃષિમહાવિદ્યાલયોમાં ભણી આવે છે એ સુદ્ધાં હળ પકડતા નથી. આ યુગમાં એ તો સંભવ નથી કે ફકત બ્રાહ્મણ–વાણિયા ભણે અને બાકીના અભણ રહે. વિશ્વવિદ્યાલયના હાજરીપત્રક જોઇશું તો બ્રાહ્મણ–વાણિયા જ ભણતરમાં વધુ સ્થાન ભોગવે છે એમ જો કે જોવા મળશે, તોય બધી શ્રેણીઓ સારૂ શિક્ષણની યોજના તો ધીરે ધીરે વધતી ચાલી અને વધતી જશે. તે ઉપરાંત વળી ગામડાંના છોકરાઓ બારીક નિરીક્ષણ કરીને જોઇ ગયા છે કે ભણવામાં જ કાંઇ માલ નથી. માથામાં ભણતર નહીં હોય, પણ ભણતર સાથે જોડાયલો પોષાક જો બદન પર હશે તો જાતમહેનતમાંથી મુકિત મળી જશે. તેથી ગામડાંના છોકરાઓ હવે કોટ પેંટ ચડાવીને ખેતીના કામમાંથી મુકત થઇ જાય છે. આ જાતનું શિક્ષણ અહીં ચાલે છે.

ઇંગ્લેંડ, ફ્રાન્સ, અમેરિકા, રશિયા વગેરે બીજા કોઇ પણ દેશના શિક્ષણ સાથે સરખાવવાથી જણાશે કે એ દેશોમાં છોકરાઓ હમેશાં શરીરકામ કરે છે, પશુ આ દેશમાં એ ચાલતું નથી. તેથી પાયાની કેળવણી લોકપ્રિય થઇ નથી. વિશેષજ્ઞો પાયાની કેળવણીને સારી કહે તોયે કોંગ્રેસ સરકાર સુદ્ધાં તેને અમલમાં લાવતાં ડરે છે. કામ કરવા વિષે આ દેશમાં આટલો આંધળો વિરોધ છે. આપણા મધ્યમવર્ગના ઘરોમાં છોકરાઓના કપડાં ધોતાં, વાસણ માંજતાં, કે જાતે પાણી ભરીને પીતાં પણ શીખવાડવામાં આવતું નથી. ઓરિસ્સાના એક જજ સાહેબ એકવાર રેલગાડીમાં જતા હતા. એમના એક સાથી પ્રવાસીએ જોયું કે તેઓ ઘણા વખતથી છટપટ છટપટ થતા હતા. તેઓ માંદા છે એમ માનીને સહયાત્રીએ કારણ પૂછ્યું અને એમને મદદ કરવા તૈયાર થયા. જજ સાહેબે કહ્યું: 'મારો ચાકર નથી આવ્યો તેથી મુસ્કેલી પડે છે. મને તરસ લાગી છે. એ આવે તો પાણી આપે.'...કુંજો અને ગ્લાસ એમની પડખે જ પડ્યાં હતાં! આપણી આ હાલત છે. શિક્ષણ–પદ્ધતિ બદલાય નહીં તો બ્રહ્મા આવે તો પણ અનાજનું ઉત્પાદન વધારી શકશે નહીં.

ઇંગ્લેંડ અમેરિકા પાસે આપણે સારી પેઠે શીખ્યાં છીએ પણ હાથે કામ કરવાનું શીખ્યા નથી. આપણે ત્યાં અધિકારી પોતાના હાથમાં ફાઇલ પકડીને પણ જઇ શકતો નથી. મંત્રી આવે ત્યારે બારણું ખોલી આપવા સારૂ બે ત્રણ ચપરાસીને પોષવામાં આવે છે. વિદેશીઓ આ બધું જોઇને આશ્ચર્ય પામે છે, હસે છે. આવી પરિસ્થિતિને લીધેય આ દેશમાં ખરેખર કામ કરી શકે તેવી સરકાર થઇ શકતી નથી.

લોકશાહીમાં નીતિનિયમો જોઇએ

રાજનીતિના ક્ષેત્રમાં આપણું આચરણ કોઇ પણ સર્વમાન્ય નીતિને માનીને ચાલતું નથી. ખાસ વિચારક વોલ્ટર લિપમેને પણ આ વિષે ભાર દીધો છે. એના અભાવમાં કેરળની કોમ્યુનિસ્ટ સરકારનું પતન કરાવવા સારૂ સર્વ પ્રકારના બિનલોકશાહી ઉપાયોનો આશરો લેવો પડ્યો. લોકશાહી ચલાવવી હોય તો પક્ષોએ જે જે બાબતોમાં નીતિ પાળવા જોઇએ તે પૈકી એક મહત્ત્વની બાબત પક્ષ સારૂ પૈસા એકઠા કરવાની રીત એ છે. પણ એ દિશામાં આપણે કરીએ છીએ શું ? જે પક્ષ સત્તામાં છે તે ધની લોકો સારૂ કેટલીક ટિકિટો અલગ રાખીને એમની પાસેથી પક્ષ સારૂ ફંડ કરે છે. વળી બીજા પક્ષોવાળા શું કરે છે ? જે ધની લોકોને સત્તાધારી પક્ષ પાસે સગવડ ન મળી હોય, એમની પાસે વિરોધ દળવાળા પૈસા લે છે. બીજી કોઇ રીતે આમજનતા પાસેથી પાર્ટી સારૂ ટેકો અને સહાયતા મળે તેનો વિચાર જ નથી થતો.

વળી ચૂંટણીમાં આજકાલ એટલો ખર્ચ કરવો પડે છે કે મોટા હિસાબ આપ્યા વિના છૂટકો નથી હોતો, અને કોઇ ગરીબ માણસ ચૂંટણીમાં ઊભો રહે એ તો સંભવિત જ રહ્યું નથી. આનો કોઈ પ્રતિકાર નથી થતો તેથી પ્રમાણિકતા રહેતી નથી અને લોકશાહી બેકાર બની જાય છે. હું જ્યારે કોંગ્રેસની કારોબારીનો સભ્ય હતો ત્યારે તેમાં મેં એકવાર આ પ્રશ્ન ઉપાડ્યો હતો. મારી વાત સાંભળી લીધા પછી નેતાઓએ કહ્યું 'તમે તો ભાઇ સાવ બાળક જેવા ભોળિયા છો, અને ભાષણ તો સરસ આપ્યું.' આટલાથી એ ચર્ચા પૂરી થઇ.

કેરળમાં કોમ્યુનિસ્ટોને દોષ દેવામાં આવ્યો, પણ એમની પાસેથી જે વાત શીખવા જેવી હતી તે કોઇ શીખ્યું નહી. એમનો એક ગુણ હતો કે ત્યાંની સરકાર જે નીતિ નક્કી કરતી તેને તે લોકો અમલમાં મૂકી શકતા. આપણે ત્યાં ગણોતધારાથી માંડીને બીજા જે કાયદાઓ બન્યા તેમાંનો કોઇપણ અમલમાં આવી શક્યો નથી, કારણ કોંગ્રેસપક્ષમાં શિસ્ત નથી. તેથી કોંગ્રેસ ગમે તે નીતિ નક્કી કરે તો પણ કોંગ્રેસ સરકારો તેને અમલી બનાવતી નથી. કહેવાય છે કે અમુક વાત તો કોંગ્રેસે નક્કી કરી છે ને, સરકારે નથી ઠરાવી. કેમ રે, આની મતલબ શી ? કોંગ્રેસમાં પણ એના એ જ જવાહરલાલ, મોરારજી, પંત છે કે બીજા કોઇ ? એક મંત્રીએ કહ્યું–'આ વાત હું તો બરાબર સમજી ગયો છું, પણ સરકાર માને ત્યારે ને ?' કેમ રે, સરકાર વળી મંત્રીથી કંઇ જુદી છે કે શું ? 'ના, ડી.પી.આઇ.એ માનશે તો મંત્રીનું ચાલશે, નહીં તો નહીં ચાલે.' આમ કાંઇ લોકશાહી ચાલશે ? પણ કોમ્યુનિસ્ટ પક્ષમાં શિસ્ત છે તેથી તેઓ કેરળમાં પોતાની ધારેલી નીતિને અમલમાં મૂકી શક્યા.

આ બધાથી આપણા દેશની લોકશાહી અટકી ગઇ છે. એમાં કેટલાંક કારણો ઐતિહાસિક પરિસ્થિતિનાં છે અને કેટલાંક કારણો આપણી કાર્યક્ષમતા અને કમજોરીમાં છે. આનો ઉપાય ઘણા વિચારે છે. શાસનનું વિકેન્દ્રીકરણ એનો એક ઉપાય છે, એમ હવે બધાએ સ્વીકાર્યું છે. આ દેશમાં જિલ્લા મેજિસ્ટ્રેટ જિલ્લાના સર્વેસર્વા જેવા હોય છે, એમ દુનિયાના બીજા કોઇ દેશમાં નથી. ફ્રાન્સમાં પ્રિફેક્ટ પદ્ધતિ છે, પણ એમની સાથે પ્રતિનિધિ સભા પણ હોય છે. હાલમાં એક નવો નિયમ થયો હતો કે મંત્રીને ઘેરો રાજીનામું ઝંડો નહીં ફરકી શકે, માત્ર જિલ્લા મેજિસ્ટ્રેટને ઘેરો જ ફરકશે. લોકો પર આનો માનસિક પ્રભાવ શો પડશે ?

અમલદારોનું વર્ચસ્વ

રાજનૈતિક પક્ષોનો હવે લોકો પર કોઇ સ્વતંત્ર પ્રભાવ રહ્યો નથી. સરકાર દ્વારા જે કામ થાય છે તેનું જ શ્રેય લેવાનો પ્રયત્ન ચાલે છે. તેથી જ બી. ડી. ઓ. વગેરેને પોતાના હાથમાં રાખવા એમ. એલ. એ. લોકો પ્રયત્ન કરે છે. આ બધા નોકરોની પાછળ પાછળ ચાલવું એ જ એક માત્ર કામ બની ગયું છે. હું મંત્રી હતો ત્યારે એક જિલ્લામાં ગયો હતો. સ્થાનીય એમ. એલ. એ. તથા બીજા સદ્‌ગૃહસ્થોને મળવાની મારી ઇચ્છા હતી. મેં જોયું કે એને સારૂ ત્યાંના અમલદારોએ ફક્ત પાંચ મિનિટ જ રાખી હતી. મેં વિરોધ કર્યો ત્યારે કહ્યું : 'કાંઇ ચિંતા નહીં, એટલા સમયમાં જ બધું બરાબર પતી જશે, આપ જોજો.' એમ.એલ.એ. વગેરે આવ્યા ત્યારે એ અમલદારે 'સમય નથી રહ્યો' વગેરે એવું ધમકાવીને કહ્યું અને એમણે પણ એવું ગરીબ ગાયની જેમ સાંભળી લીધું કે હું તો જોઇને દિંગ થઈ ગયો. એનું કારણ એ છે કે એમ. એલ. એ લોકો અમલદારોને પોતાને અનુકૂળ કરવા એટલા વ્યાકૂળ હોય છે કે તેમની વાતનો વિરોધ કરવાની એમની હિમ્મત થતી નથી. કદાચ એ મતદાર મંડળમાં કયાંક કાંઇ ગડબડ કરી દે તો ! આમ આજે કર્મચારીઓ સર્વેસર્વા થઇ બેઠા છે. આપણે જાતે જ આ યંત્ર બનાવીને એના સપાટામાં આવી ગયા છીએ. જે લોકો સત્તા ઉપર છે, એમનામાં પોતે કાંઇ કરવાની શક્તિ નથી. વિશેષજ્ઞો જે સલાહ આપે છે એને અવગણવાની શક્તિ નથી. તેથી કરાંચી, પેશાવર અને ઢાકાની વિધાન સભાને તાળાં લાગ્યાં છે, તેમ અહીં પણ કોઇ લગાડી દે, તો કેટલા લોકો એની સામે માથું ઊંચકે એ સંદેહનો વિષય છે. ત્યાં હુકમ થયો, બધા અમલદારોએ હાફપેન્ટ પહેરી દશ વાગે અમુક જગાએ ભેગા થવું. ત્યાંથી મિલિટરીવાળા તેમને કવાયત કરાવી હારબંધ ઓફિસે લઇ જશે. આ જાતની કેટલીક બહારથી દેખાતી કરડાકીથી તેઓ લોકોને ભુલાવામાં નાખી શકયા છે. દૂધમાં પાણી મેળવવાનું બંધ થઇ ગયું, કેટલાક વેપારીઓનો બહુ સખત દંડ થયો, વગેરે.

ટાંકણે પરિવર્તન ન થયું

ટાંકણે પરિવર્તન કરાવી લેવાથી અનેક કામો થઇ જાય છે. આપણું સ્વરાજ આવ્યું ત્યારે જનતામાં, ને સરકારી મહેલમાં બધે એક આશા અને આશંકા હતી કે હવે જરૂર કાંઇક મૂળભૂત ફેરફારો થશે. આઇ. સી. એસ. અમલદારો વિચારતા હતા કે આ લોકો આપણો પગાર ઘટાડશે, આપણને ખૂબ રોળાવશે, આપણે એ કરી શકીશું ? નહીં કરી શકીએ તો નોકરી છોડી દઇશું, બીજું શું ? એ વખતે ભારતના અર્થમંત્રી થવા સારૂ એક ખાસ બિનકોંગ્રેસી સજ્જનને બોલાવવામાં આવ્યા હતા. તેઓ પોતાના સંસ્મરણોમાં લખે છે કે તે વખતે એમનાં પત્નીને તથા તેમને ચિંતા પેઠી, કે કોંગ્રેસ સરકારમાં મંત્રી થવાથી તો ખૂબ સાદું જીવન જીવવું પડશે. આપણાથી એમ રહેવાશે ? એમ ડરતાં ડરતાં, ખૂબ ઓછી વસ્તુઓ લઇને, મનને મજબૂત કરીને તેઓ દિલ્હી આવ્યાં. પણ થોડા દિવસોમાં જ એમની આશંકા મટી ગઇ. એમણે વિવેક રાખીને એ વાત લખી નથી, પણ આપણે જાણીએ છીએ કે એ વખતે સાદું જીવન જીવતા આવેલા લોકો પણ ઊલટા વિલાસમાં ડૂબ્યા હતા. દિલ્હીમાં આ બધો કારભાર સહન ન કરી શકવાથી આપણા પ્રધાન મંત્રીશ્રી કોઇ કોઇ વાર એને 'અશિષ્ટ', 'વલ્ગર' વગેરે કહે છે, છતાં એ બધું ચાલ્યા કરે છે. આમાં પણ લોકશાહી પર વિપત્તિ આવવાનો સંકેત છે. આપણે આપણી ચાલચલગત વિષે દુનિયાના ગરીબ દેશોની તરફ ન જોતાં અમેરિકાના વૈભવનું અનુકરણ કરી બેઠા. હમણાં હમણાં જરૂર આપણે ચીન દેશ પાસે શીખવાનો પ્રયત્ન કરીએ છીએ. એ દેશમાં કેમ લાખ લાખ સહકારી મંડળીઓ બની જાય છે અને આપણે ત્યાં કેમ થઇ શકતી નથી, એ સમજવાનો પ્રયત્ન થાય છે. મૂળ વાત આપણે ભૂલી જઇએ છીએ કે અહીં અંગ્રેજ સરકાર વખતે અસહકાર આન્દોલનના વિરોધ તરીકે, એક પ્રતિ–આક્રમણ તરીકે સહકારી આન્દોલન સરકાર તરફે શરૂ થયું હતું, તે વખતે જે

ઢાંચો બન્યો હતો, તેને જ આપણે અખંડ રાખ્યો છે, બદલ્યો નથી. આપણા પ્રધાનમંત્રી પણ વચ્ચે વચ્ચે ખૂબ જોરથી કહે છે કે આ બધું બદલાવું જોઇએ, સહકારી આન્દોલન લોકોના હાથમાં જવું જોઇએ, અમલદારો તંત્રનો અખત્યાર લોપ થવો જોઇએ, વગેરે. પણ માત્ર એમના કહેવાથી એ બધું થતું નથી. આનો પ્રભાવ લોકો પર એ પડે છે કે આમનાથી કાંઇ થશે એવો એમને ભરોસો રહ્યો નથી. નેતાઓ ખરાબ છે તેથી આ બધું થાય છે એમ નથી. આ બધો શાસનતંત્રનો દોષ છે, ભારત અને એશિયાના બીજા ગરીબ દેશોની આ જ સમસ્યા છે. જો લોકો સામાજિક અને આર્થિક જીવનમાં સમાનતા આવવાના નમૂના જોત તો લોકોમાં ઉત્સાહ આવત. પણ એ કરવા સારૂ આપણી પાસે કાંઇ મંત્ર કે તંત્ર નથી.

દાખલા તરીકે આભડછેટ કાઢવા સારૂ અઢળું ધન ખર્ચાય છે. પણ હવે હરિજન રહેવું એ કેટલાક લોકોનું સ્થાપિત હિત બની ગયું છે. પછાત વર્ગોને જે કેટલીક ખાસ સગવડો આપવામાં આવે છે તે એવી ઢબે અપાય છે કે કેટલાક લોકો તે એમને એમ રહે અને એમને સગવડ આપવાને બહાને આપણે એમના વોટને હાથમાં રાખીએ એમ વિચારે છે. આ રીતે લોકશાહીના મૂલ્યને બાધા પહોંચે છે.

લોકશાહીના નમૂના પૂરા પાડો

લોકોને જો લોકશાહીનાં મૂલ્યોનો સ્વાદ નાના નાના ક્ષેત્રોમાં ચાખવા મળત, તો તેઓ લોકશાહીની કિમ્મત પિછાણત. પણ પ્રારંભ ક્યાંથી પણ આ દિશામાં કાંઇ વાટ બતાવતી નથી. કારણ ગામડાંમાં માલિક મજૂર, ખરીદીને ખાનારા, વેચીને ખાનારા, એવા એવા ભેદો છે કે ગ્રામપંચાયત ખરેખર લોકશાહી રીતે કામ કરી શકતી નથી. દાદાભાઇ નવરોજજીએ કહ્યું હતું કે ભારતના ગામડાંનું શોષણ કરીને શહેરો મોટાં થયાં છે. આ વાત અર્થ-શાસ્ત્રીઓ આજ સુધી સ્વીકારતા નહોતા. માત્ર હાલમાં તેમણે એ સ્વીકાર કર્યું. ઇંગ્લેંડ ને બીજાં સામ્રાજ્યો જેમ ઉપનિવેશોમાંથી ધન લઇને મોટાં થયાં તેમ ગામડાં શહેરોનાં એવાં જ ઉપનિવેશો બનીને રહ્યાં છે. હમણાં આપણું અર્થકારણ જે રીતે ચાલે છે તેમાં શહેર અને ગામડાં વચ્ચેના કારભારમાં સમતા પણ નથી અને ન્યાય પણ નથી. એના પ્રતિકારનો ઉપાય એ છે કે ગામ-દાતા ગ્રામદાન કરી ગામલોકોના સ્વાર્થોની સમાનતા સ્થાપવી. તો શહેરો સાથે બરાબરીનો વ્યવહાર કરવાની શક્તિ એમાં જન્મશે. આમ ગ્રામદાનને મૂળ કરી ગામડાંથી એક લોકશાહીનું આન્દોલન શરૂ થશે તો કયાંક લોકશાહી ટકી શકશે. આગણા દેશની સરેરાશ આવક વધી ગઇ એમ હિસાબ દેખાડવાથી ચાલશે નહીં. સમાજના દરેક ક્ષેત્રે, દરેક વિભાગમાં લોકોની અવસ્થા સુધારવી જોઇએ. તો જ આર્થિક અને સામાજિક લોકશાહી સ્થપાશે.

લોકશાહીને સફળ કરવી હોય તો શાસનક્ષેત્રમાં સત્તાનું વિકેન્દ્રીકરણ અને પક્ષીય રાજનીતિનો લોપ કરવો જરૂરી છે. બીજા દેશોમાં પણ આવી સમસ્યા ઉભી થઇ છે. ફ્રાન્સમાં તેથી ડિગોલ એને સુધારવા પ્રયત્ન કરે છે. પહેલાં આપણે ધારતા હતા કે તે સરમુખત્યારશાહી ચલાવશે. પણ એ પક્ષીય રાજનીતિના કાદવમાંથી ત્યાંની રાજનીતિને ઉપર ઉઠાવવાનો પ્રયત્ન કરતો હોય એમ લાગે છે.

આપણા દેશમાં ભયને પૂરતું કારણ છે એમ કહેવાથી કદાચ આપણી મોટાઇને વાંધો આવશે, પણ અપ્રિય સત્યને સ્વીકારવું જ પડશે. ઘણાની એવી ધારણા છે કે એકવાર સરમુખત્યારશાહી શરૂ થઇ જાય તો ઘણો ખરો જૂનો કચરો–Augean Stables–સાફ થઇ જાય. પણ અમે સર્વોદયવાળા એમ માનતા નથી. અમે તો માનીએ છીએ કે દેશમાં એક શક્તિશાળી લોકતંત્રાત્મક આન્દોલન નીચેથી શરૂ થવું જોઇએ. આજે જે ઔપચારિક કે આકારાત્મક લોકશાહી ચાલે છે તેમાં જનસાધારણનો સ્વાર્થ, એમનો વિચાર કે મત પ્રગટ થતો નથી. જે લોકો એને ચલાવે છે તે લોકો યંત્રારૂઢાનિ માયયા–યંત્રના પંજામાં ફસાયા છે છતાં કર્તાઽહં ઇતિ મન્યતે.

આ અવસ્થાને બદલવાની શક્તિ સત્તામાં જે ઉપર બેઠા છે તેમની નથી. એમની પાસે એને સારૂ વખત પણ નથી. આપણા પ્રધાનમંત્રીએ છ માસ સુધી સરકારમાંથી રજા ચાહી ત્યારે બધા ના, ના કરતા દોડી આવ્યા. તેઓ કદાચ આ દિશામાં કાંઇક વિચારતા હશે, કાંઇક કરી શકયા હોત, પણ એમને રજા મળી નહીં, એ એક દુઃખદ પરિણામ આવ્યું. હું કોઇ ગભરાટ ફેલા-વવા માંગતો નથી. જવાહરલાલ નહેરૂ જીવતા છે ત્યાં સુધી વિપત્તિની આશંકા નથી. માત્ર આપણે સાવધાન થવાની જરૂર છે.

સર્વોદયી માર્ગ

આ સ્થિતિમાંથી બહાર નીકળવાનો એક ઉપાય સર્વોદય બતાવે છે. સર્વોદય કહે છે નીચેથી નાના લોકોને લો. ગાંધીજીએ સ્વરાજ સારૂ એમ જ કર્યું હતું. બધા દેશોમાં મોટામોટાં આંદોલન કે ક્રાન્તિ આવા જ અજાણ્યા રામુ, શ્યામુ, દામુ વડે જ થતાં આવ્યાં છે. પાકિસ્તાનમાં પણ જો લોકશાહી પાછી આવશે તો એમ નીચેથી જ થશે. રશિયામાં પણ આપણે જોયું કે સ્ટેલિન પોતાની બધી દમનનીતિ છતાંય સાધારણ જનતાની સ્ફૂર્તિને મારી ન નાખી શકયો. લોકો વિષે મને વિશ્વાસ છે. લોકોને જગાડવાનું કામ નીચેથી થશે. આપણે સારી રીતે સમજી લેવું જોઇએ કે આ કામ સરકારી આશીર્વાદથી ચાલી શકશે નહીં.

હું એમ નથી કહેતો કે સરકાર દુર્બળ બનો. એનું બળ વધો અને એ ભૂલ પણ ભલે કરો. ભૂલ કરવાનો અધિકાર એટલે જ સ્વરાજ એમ ગાંધીજીએ કહ્યું છે. પણ સરકારથી જે કામ ન થાય એમ હોય તેની આશા એમની પાસે રાખવી ન જોઇએ. નીચેથી શક્તિ ઘડાવી જરૂરી છે. પાંચ દશ જણ એકઠા થઇ સ્થાને સ્થાને મંડળ ઘડે અને આ દિશામાં વિચાર કરવાનું શરૂ કરે, અન્યાય – અનીતિનો પ્રતિકાર કરે અને કાંઇ ને કાંઇ સેવાકામ કરે. દશ–પંદર જણથી વધારે થાય તો ફરી પાછા આશંકા ઉભી થાય છે કે એમાંનો એક દળપતિ નીકળી આવે અને એની જ વાત ચાલવા લાગે. તેથી આ બધી મંડળી કે 'સેલ' નાની નાની હોવી જોઇએ. આમ લોકતંત્રાત્મક આન્દોલન ચલાવવાનું વિચાર નીચેથી શરૂ થાય તો સંકટ મટે.

(મૂળ ઓરિસ્સા પરથી) નબકૃષ્ણ ચૌધુરી

"આપણી રાજકીય પરિસ્થિતિ"

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે ડીસેંબર માસની તારીખ ૪ શુક્રવાર સાંજના ૬-૧૫ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ) શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ "આપણી રાજકીય પરિસ્થિતિ" એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

વિષય સૂચિ		પૃષ્ઠ
ભારતીય લોકશાહીની વેધક સમાલોચના	નબકૃષ્ણ ચૌધુરી	૧૪૫
ચીની આક્રમણ અને ભારતનો સામ્યવાદી પક્ષ	પરમાનંદ	૧૪૯
સજીવન થતી મોસ્લેમ લીગ	સારાભાઇ એન. શાહ	૧૫૦
ચીની આક્રમણ અને આપણી વિદેશ નીતિ	પરમાનંદ	૧૫૧
કાકાસાહેબ કાલેલકરનું વ્યાખ્યાન		૧૫૨

ચીની આક્રમણ અને ભારતનો સામ્યવાદી પક્ષ

ચીને ભારત સામે ધારણ કરેલી આક્રમક નીતિએ ભારતના સામ્યવાદી પક્ષ માટે એક મોટી કટોકટી ઉભી કરી છે. ભારતના સામ્યવાદી પક્ષ સામે લગભગ આવી કટોકટી બીજા વિશ્વયુદ્ધના પ્રારંભમાં પણ ઉભી થઇ હતી. એ દિવસો દરમિયાન વિશ્વયુદ્ધની શરૂઆતમાં રશીઆએ જર્મનો સાથે સંધિકરાર કરીને અંગ્રેજો વિરૂદ્ધ વલણ ધારણ કરેલું, ત્યારે સામ્યવાદી પક્ષ ભારતના અન્ય રાષ્ટ્રવાદીઓની સાથે હતો. પણ જેવો જર્મનીએ રશીઆ ઉપર હુમલો કર્યો અને રશીઆ મિત્રરાજ્યો સાથે જોડાયું કે તરત જ સામ્યવાદી પક્ષ મિત્રરાજ્યોનો પક્ષકાર બની ગયો હતો અને જે લડાઇ કેવળ શાહીવાદી રાજ્યોનો શાહીવાદ ટકાવવા માટેની કહેવામાં આવતી હતી તે લડાઇ ત્યાર બાદ 'પીપલ્સ વૉર'–'આમ જનતાની લડાઇ'–બની ગઇ હતી. આવા એકાએક પલટાના પરિણામે સામ્યવાદી પક્ષને અંગ્રેજ સરકારે ખૂબ હુંફ અને સગવડ આપી હતી; પણ ભારતના પ્રજાજનોમાં તે પક્ષ ખૂબ અળખામણો બની ગયો હતો.

પછી તો એ યુદ્ધ પૂરું થયું; દેશ આઝાદ થયો; અને લોકશાહીના ધોરણ ઉપર નવી રાજ્યરચનાનો ઉદય થયો અને તેના પરિણામે સામ્યવાદી પક્ષને નવી ચાલના મળી. પ્રજાની સ્મૃતિ હંમેશા અલ્પજીવી હોઇને કોંગ્રેસથી હતાશ બનેલા અનેક પ્રજાજનો પણ તે પક્ષ તરફ આકર્ષાવા લાગ્યા અને એ રીતે સામ્યવાદી પક્ષ આપણા દેશમાં ફાલવા ફુલવા લાગ્યો. કેરલમાં ધારાસભામાં મેળવેલી બહુમતીના જોરે તે પક્ષ સત્તા ઉપર પણ આવ્યો અને બે અઢી વર્ષ સુધી સત્તાધિષ્ઠિત રહ્યો. ત્યાર પછી કેરલમાં રાજકારણી કટોકટી ઉભી થઇ, જેના પરિણામે તેને સત્તાના સ્થાનથી પદભ્રષ્ટ થવું પડ્યું.

કેરલમાં સામ્યવાદી પક્ષ સત્તારથાન ઉપર હતો તે દરમિયાન ગત વર્ષના પ્રારંભમાં ચીને ટીબેટ ઉપર આક્રમણ કરીને આખું ટીબેટ કબજે કર્યું હતું. આ આક્રમણે સમસ્ત ભારતમાં બહુ મોટો રોષ પેદા કર્યો હતો અને ચીનની વિરૂદ્ધ અને ટીબેટના પક્ષે લોકલાગણીમાં પ્રચંડ ઉછાળો આવ્યો હતો. ભારતના સર્વ પક્ષોએ ચીનના આ રાક્ષસી કૃત્યને વખોડી નાખ્યું હતું. માત્ર સામ્યવાદી પક્ષ જ એવો હતો કે જેણે ચીનના આ કાર્યનું સમર્થન કર્યું હતું. સામ્યવાદી પક્ષના આ વલણથી તે પક્ષની રાષ્ટ્રનિષ્ઠા કેવળ પોલી છે અને જ્યાં રશીઆ કે ચીનનો સવાલ હોય ત્યાં તેમની નજર દેખીતા અન્યાયને પણ દેખી ન શકે એવી આંધળી છે–આવી છાપ અનેકનાં દિલમાં પેદા થઇ હતી.

તાજેતરમાં કેટલાક સમયથી ચીને ભારતીય સરહદ ઉપર આક્રમણ શરૂ કર્યાં છે અને ભારતની ગમે તેટલી વિનવણી અને સમજાવટ છતાં ચીન પોતાની નવી નીતિમાં મક્કમપણે આગળ ને આગળ વધી રહ્યું છે. ભારતને આઝાદી મળ્યા બાદ સામ્યવાદી પક્ષની વફાદારી કઇ બાજુએ છે તેના ખરી કસોટી કરે તેવો પ્રસંગ આજ સુધી ઉભો થયો નહોતો. રાષ્ટ્રમાંનો કોઇ પણ રાજકીય પક્ષ રાષ્ટ્ર પ્રત્યેની પોતાની વફાદારીનો ઇનકાર કરે તો ટકી ન જ શકે એ દેખીતું છે. સામ્યવાદી પક્ષ આજ સુધી માત્ર ભારત પ્રત્યેની વફાદારીને જ વરેલો છે એવી ઘોષણા તે અવાર–નવાર કરતો રહેતો હતો, પણ એ તો સર્વત્ર સુવિદિત હતું કે, સામ્યવાદી પક્ષ રશીઆ અને ચીન સાથે એટલે કે આન્તરરાષ્ટ્રીય સામ્યવાદી પક્ષ સાથે સંકળાયલો હતો અને તેથી તે પ્રત્યેની વફાદારીને તે મનથી હંમેશા પ્રાધાન્ય આપતો રહ્યો હતો. આ દ્વિધા સ્થિતિ આજ સુધી તો યોગક્ષેમપૂર્વક ચાલી શકી હતી. પણ હવે જ્યારે ચીને ભારતવિરોધી વલણ સ્પષ્ટ રીતે અને બેશરમ રીતે ધારણ કર્યું છે ત્યારે આ દ્વિધા સ્થિતિ ચાલી શકે તેમ રહ્યું નહિ. કાં તો ચીનના પલ્લામાં પોતાની વફાદારીનું વજન નાખીને ભારતમાં દેશદ્રોહી લેખાવાને તૈયાર રહેવું અથવા તો ચીનના આક્રમણનો સચોટ વિરોધ કરીને ભારતના અન્ય રાજ્યકીય પક્ષ સાથે ભારતની રાજ્યનીતિનો સ્વીકાર કરવો–આવો વિકલ્પ તેમની સામે ઉભો થયો હતો.

આ કારણે તે પક્ષના આગેવાનોમાં ગંભીર મતભેદ ઉભો થયો હતો. એક વર્ગે એવું વલણ ધારણ કર્યું હતું કે ચીન અને ભારત વચ્ચેની ઉત્તર સરહદ હંમેશાને માટે, અનિશ્ચિત જ રહી છે અને તે અનિશ્ચિતતાનો, બન્ને રાજ્યના મુખ્ય સત્તાધીશોએ મળીને–પરસ્પર વાટાઘાટ કરીને, અન્ત આણવો જોઇએ. બીજા વર્ગે એવું વલણ ધારણ કર્યું હતું કે પ્રસ્તુત બે રાષ્ટ્રો વચ્ચેની સરહદ અંગે ભારતનો જે દાવો છે કે આસામથી લડાક સુધી જેને મેકમોહન લાઇન કહે છે તે મેકમોહન લાઇન અને લડાક અંગે જેને ટ્રેડીશનલ લાઇન તરીકે ઓળખવામાં આવે છે તે ટ્રેડીશનલ લાઇન–એ વ્યાજબી છે એમ જાહેર કરીને નહેરૂની નીતિને જાહેર રીતે ટેકો આપવો. આ બીજા પ્રકારના વલણને તેઓ રાષ્ટ્રવાદી વલણ તરીકે ઓળખાવતા હતા. આ વલણભેદનો નીકાલ કરવા માટે ગત નવેંબર માસની ૧૦ મી તારીખે મીરત ખાતે સામ્યવાદી પક્ષની નેશનલ કાઉન્સીલની સભા મળી હતી. આ પ્રશ્ન ઉપર તે સભામાં લગભગ સાત દિવસ સુધી ચર્ચા ચાલી અને છેવટે ઉપર જણાવેલ ઇશાન દિશાની સરહદ અંગે ભારતે સૂચવેલી મેકમોહન લાઇનનો તથા લડાક અંગે ટ્રેડીશનલ લાઇનનો સ્વીકાર કરતો અને ચીની પ્રધાને સૂચવેલી દરખાસ્તો સ્વીકારીને પરસ્પર વાટાઘાટો સત્વર શરૂ કરવાનો અનુરોધ કરતો ઠરાવ તે સભામાં પસાર કરવામાં આવ્યો હતો અને એ રીતે પક્ષમાં ઉભા થયેલા ભંગાણને ટાળવામાં આવ્યું હતું.

ભારત સરકારની જે માંગણી છે તે માંગણીનું અનુમોદન કરીને સામ્યવાદી પક્ષે આ રીતે પોતાના પક્ષનું આ પ્રશ્ન પૂરતું ભારત સરકારને પીઠબળ આપ્યું છે. એમ છતાં પણ કોઇ એવી ભ્રમણામાં ન પડે કે આથી ચીન તેમ જ રશિયા પ્રત્યેની સામ્યવાદી પક્ષની અભિમુખતામાં કોઇ મહત્વનો ફરક પડ્યો છે; કારણ કે ચીને ભારત ઉપર શરૂ કરેલા આક્રમણને તેઓ કોઇ અંશમાં 'આક્રમણ' તરીકે સ્વીકારતા નથી કે જાહેર કરતા નથી. તેમ જ આપણા દેશની ભૂમિ ઉપર કોઇ અન્ય સત્તા આક્રમણ કરી રહેલ છે, કેવળ પશુબળથી આપણી હકુમતનો ઘણો વિશાળ પ્રદેશ ઝુંટવી લેવા માંગે છે અને તેનો આપણે કોઇપણ ભોગે સામનો કરવો જોઇએ આવું જે તીવ્ર સંવેદન–ભારતનો પ્રત્યેક નાગરિક આજે અનુભવી રહેલ છે તે સંવેદનનો અંશ સરખો પણ તેમના ઠરાવમાં જોવામાં આવતો નથી. કોઇ અન્ય દેશનો નાગરિક જેમ નિર્લેપ ભાવે તટસ્થ બનીને ન્યાય તોળે તેવું વલણ અને તેવી વૃત્તિ તેમના ઉપર જણાવેલ ઠરાવમાં દૃષ્ટિગોચર થાય છે અને તે પાછળ, આટલું પણ જો નહિ સ્વીકારીએ તો દેશમાં આપણને ઉભા રહેવાનું સ્થાન નહિ રહે એવી વિચારણા સ્પષ્ટ તરી આવે છે.

સામ્યવાદી પક્ષની–અદ્યતન ચીની આક્રમણ અંગે–સત્તાવાર નીતિ ઉપર જણાવેલ ઠરાવ દ્વારા સૂચિત થાય છે. તે ભારતવિરોધી નથી એમ છતાં ચીન વિષે તેમાં કોઇ પ્રતિકુળ ભાવ નથી; પણ તેમનું મન ખરી રીતે કઇ બાજુએ ઢળેલું છે તે તો તાજેતરમાં તે પક્ષના કેટલાએક અનુયાયીઓએ કલકત્તામાં ઘણા મોટા પાયા ઉપર જે સન્ધસ કાઢયું અને સભા ભરી અને તેમાં ભારતવિરોધી અને ચીનપક્ષી ભાષણો કરવામાં આવ્યા અને નહેરૂવિરોધી લોકસૂત્રો પોકારવામાં આવ્યાં તે સર્વ ઉપરથી આપણને જાણવા મળે છે. આ દેશમાં રહીને સામ્યવાદીઓ આટલી ધૃષ્ટતા આચરી શકે છે એ અન્ય દેશના લોકોમાં ભારે આશ્ચર્ય પેદા કરે તેવું છે. સંભવ છે કે તે પક્ષના આગેવાનો સામ્યવાદીઓના આ આચરણને વખોડી નાખે. અને સંભવ છે કે ચીનના આક્રમણની માત્રા વધતી જતાં સામ્યવાદી પક્ષ આગળ ઉપર ભારતની નીતિનું

મીરતના ઠરાવ કરતાં વધારે બળવાન સમર્થન પણ કરે, એમ છતાં પણ, અને ચીન સાથેના ઘર્ષણનું ગમે તે પરિણામ આવે તો પણ, આવા એક પછી એક કડવા અનુભવો થયા બાદ, એમાં કોઇ શક નથી કે સામ્યવાદી પક્ષને હવે આ દેશમાં પ્રતિષ્ઠાપાત્ર સ્થાન મળશે નહિ અને પ્રત્યેક સામ્યવાદી પ્રચ્છન્ન દેશદ્રોહી-પાંચમી કતારવાળો-છે એવી તેમના વિષે આપણા મનમાં ઉભી થયેલી છાપ કદિ નિર્મૂળ થશે નહિ, સિવાય કે યુગોસ્લાવિયા અને તેના સૂત્રધાર માર્શલ ટીટો માફક સામ્યવાદી પક્ષ રશીઆ તથા ચીન સાથેના સીધા કે આડકતરા પક્ષગત સંબંધો હંમેશાને માટે તોડી નાંખે અને દેશ પહેલો અને બીજા બધા વાદ એને વિચારો પછી-આવી પ્રતીતિ પોતાના એકાન્ત રાષ્ટ્રનિષ્ઠ વર્તન વડે આપણા દિલમાં પેદા કરે.

આ સામ્યવાદી પક્ષના-શુદ્ધ રાષ્ટ્રહિતની દૃષ્ટિએ અતિ શંકાસ્પદ અને અવિશ્વસનીય-વલણનો ખ્યાલ કરીને તેને સત્વર ગેરકાયદેસર જાહેર કરીને તેની ઉપર પ્રતિબંધ મૂકવાનો કેટલાક લોકો ભારત સરકારને જોરશોરથી અનુરોધ કરી રહ્યા છે. કોઇ પણ એક યા અન્ય વ્યકિત દેશહિતને પ્રતિકુળ રીતે વર્તે તે એક બાબત છે અને અમુક પક્ષ વિષે અમુક માન્યતા ગૃહિત કરીને ઉપર જણાવેલું પગલું ભરવામાં આવે તે તદ્દન બીજી બાબત છે. કોઇ પણ વાંધા પડતી વ્યકિત સામે જેવી જરૂર જણાય તેવું પગલું ભારત સરકાર ભરી શકે છે અને તેવું પગલું ભરતાં ભારત સરકાર અચકાશે એમ માનવાને કોઇ કારણ નથી. પણ સામ્યવાદી પક્ષ જ્યાં સુધી ભારત વિરોધી અને ચીનનું સ્પષ્ટ સમર્થન કરતો કોઇ ઠરાવ કે નીતિ મંજુર ન કરે ત્યાં સુધી આજના લોકશાહી પ્રબંધમાં તેને ગેરકાયદે જાહેર કરવાનું પગલું યોગ્ય નહિ લેખાય; ડહાપણભર્યું નહિ કહેવાય. આવા પગલાના ઔચિત્ય-અનૌચિત્ય અંગે તા. ૨૫-૧૧-૫૯ ના ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં શ્રી. બી. જી. વર્ધીંઝ સમુચિત રીતે જણાવે છે કે "ભારતના સામ્યવાદી પક્ષને ગેરકાયદે જાહેર કરવાની કે તેની ઉપર કોઇ પણ પ્રકારનો પ્રતિબંધ મૂકવાની માગણી પૂરા વિચાર પૂર્વકની નથી. રાજદ્વારી તેમજ આન્તરરાષ્ટ્રીય દૃષ્ટિએ એમ કરવું ભારે ભૂલભરેલું ગણાશે. ચીની-ભારત સંઘર્ષ અંગે સામ્યવાદી પક્ષ ઉપર કોઇ પણ જાતનો પ્રતિબંધ મૂકવાથી તે પક્ષને વધારે પડતું મહત્ત્વ મળશે. તેના પરિણામે જે પ્રશ્ન કેવળ સરહદી પ્રશ્ન છે તે પ્રશ્ન સામ્યવાદ-વિરોધી પ્રશ્ન બની જશે. આજની સમસ્યાને આવું રૂપ મળતાં, સોવિયટ યુનિયન અને બીજા સામ્યવાદી દેશોની જે સહાનુભૂતિ અને તટસ્થ અનુમોદન આપણને પ્રાપ્ત થયું છે તે આપણે ગુમાવી બેસીશું અને ભારત હવે પોતાની રાજકારણી વિચારણામાં અમુક એક રાજદ્વારી જૂથ તરફ નમી રહ્યું છે એવી માન્યતા તરફ તે દેશો એકાએક ઢળવા માંડશે. આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે આવી વસ્તુસ્થિતિ આપણા માટે ભારે પ્રતિકુળતા પેદા કરશે અને તેમાંથી બીજા અનેક આઘાત પ્રત્યાઘાતો ઉભા થશે.

"દેશની અંદર પણ સામ્યવાદી પક્ષ ઉપરનો પ્રતિબંધ ટુંકી દૃષ્ટિની ચાલ જેવો લેખાશે. તેના પરિણામે સામ્યવાદીઓને સોંઘી શહીદી મળશે અને પોતે શું ધારે છે અને વિચારે છે એનો હાલતાં ચાલતાં ખુલાસો કરતા રહેવાની જે ફરજો સ્થિતિમાં તેઓ હાલ મુકાયા છે તેમાંથી તેમને છુટકારો મળશે અને અંદર અંદર જે ફાટ પડી છે તે પાછી સંધાઇ જશે. આવો કાનુની નિષેધ મૂકાતાં કેરલની આગામી ચૂંટણીઓના પરિણામ વિષે ભયભીત બનીને સરકારે આ પગલું ભર્યું છે એમ તેઓ જોરશોરથી કહેવા લાગશે અને 'Right Reaction'-દક્ષિણમાર્ગી પરિબળો-વહેતા થયા છે એમ પુરવાર કરવાની તેમને તક મળશે. એક વખત તેમની ઉપર પ્રતિબંધ મૂકાયો અને તેઓ ભૂગર્ભમાં ગયા ત્યાર બાદ તેલંગણામાં જે માર્ગ તેમણે અખત્યાર કર્યો હતો તે જ માર્ગે જતાં તેમને કોઇ રોકી શકશે નહિ. હડતાળ, લૂંટફાટ, કતલ અને 'સેબોટેજ'-આ બધું શરૂ થશે. આ બધું દબાવી જરૂર શકાય, પણ તેની કેટલી મોટી કીંમત ચુકવવી પડે? સામ્યવાદી પક્ષ ઉપર પ્રતિબંધ મૂકવો તેને બદલે તે જે કાંઇ કરે તે હસી કાઢવું એ વધારે ડહાપણભર્યું" લેખાશે. **પરમાનંદ**

સજીવન થતી મોસ્લેમ લીગ

દ્વિરાષ્ટ્રના સિદ્ધાંતને આગળ કરીને મોસ્લેમ લીગે ભાગલા માગ્યા. ભારતના ભાગલા સિદ્ધ કરવા માટે એણે વરસો સુધી નારાઓ ગજવ્યા. ભાગલાની વાત અંગ્રેજોને ભાવતી હતી, એટલે લીગને પ્રોત્સાહન આપ્યા કર્યું. અંગ્રેજોની આ ચાલબાજીથી અકળાઇને આખરે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓને ઇચ્છા વિરૂદ્ધ ભાગલા મંજુર રાખવા પડ્યા. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું હૈયું ભાગલાની વાતથી ઘવાયું. પરંતુ "લેકર રહેંગે પાકિસ્તાન"ના નારાઓ ગજવનારાઓએ એની કોઇ ચિંતા ન કરી. છેલ્લે ભાગલા વખતે પણ નિર્દોષ માનવીઓના રકતથી ધરતીને રંજિત કરી.

ભાગલા પછી લીગનું સ્થાન ભારતમાં રહેતું નહોતું. લીગ ભારતમાં નામશેષ બની ગઇ એમ માનવામાં આવતું હતું. અને જે લોકો પાકિસ્તાન ભાગવા પ્રમાણે મળવા છતાંય ત્યાં જવાને બદલે ભારતમાં રહ્યા તેઓ લીગને ભૂલ્યા છે, લીગવાદી મટી ગયા છે એમ ધારવામાં આવતું હતું. પરંતુ આ ધારણા નિરાધાર ઠરી છે. કેરળમાં મુસ્લીમ લીગ જીવતી હતી. કેરળની સામ્યવાદી સરકારને હઠાવવા માટે ત્યાંના તમામ પક્ષોએ લીગની કદમબોસી કરી, એટલું જ નહિ પણ એ બદનામીથી બચવા લીગ એ કોમવાદી સંસ્થા નથી એવાં ઉચ્ચારણો કરવાની હદ સુધી ગયા. અખબારોએ અને રાજનીતિજ્ઞોએ આપેલી ચેતવણીને કાને ન ધરી.

લીગને કારણે જે ભારતના ભાગલા પડ્યા અને પાકિસ્તાન રચાયું, એ દેશમાં આજે જ્યારે લીગ નામશેષ બની ગઇ છે ત્યારે ભારતના તમામ ભાગોમાં એને ફરી સજીવન અને વ્યવસ્થિત કરવાની વાત આ દેશના ભાવી માટે અમંગળ એંધાણ જેવી બની રહે છે.

કોંગ્રેસની ગરજ મુસ્લીમ લીગના પ્રમુખ "કાયદે મિલ્લત" બરાબર પારખી ગયા છે. એટલે જ બાર વરસ પછી આ સુવર્ણ-સંધિનો લાભ લઇને લીગને સજીવન કરવા માટે બહાર પડ્યા છે.

આ "કાયદે મિલ્લત" હમણાં મુંબઇમાં આવી ગયા. સભાઓ ભરી ગયા અને કહી ગયા કે "લીગ મરી નથી, ભારતના તમામ મુસ્લીમોના લોહીમાં લીગ જીવતી છે." શ્રી. મહમદ ઇસ્માઇલની આ વાત ઠીક છે, પણ આ લોહી બીરાદરીની ભાવનાવાળું છે કે "હસકે લિયા પાકિસ્તાન, લડકે લેંગે હિન્દુસ્તાન"ની મુરાદવાળું છે તેનો ખુલાસો થયો નથી.

ભારતમાં રહેલા મુસ્લીમો એમના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યો ખુશીથી કોઇ નવા નામ નીચે કરી શકે છે, તે માટે સંગઠિત થઇ શકે છે, પરંતુ રાજકીય ક્ષેત્રે તો એમણે એમની પસંદગીના કોઇ પણ રાજકીય પક્ષને જ પસંદ કરવાનો રહે છે. લીગને નામે નવો ચોકો રચાય અને એને નામે હવે ચુંટણીઓ લડાય એ કોઇ રીતે ઇચ્છવાયોગ્ય નથી. કોઇ કારણસર આ સંબંધમાં આંખમીંચામણા થશે તો જે બૂરાં પરિણામો અગાઉ જોયાં છે એથી પણ અધિક બૂરાં પરિણામો જોવાનો સમય આવ્યા સિવાય રહેશે નહિ.

ભારતમાં રહેતા મુસ્લીમો જો ખરેખર આ દેશને વફાદાર હોય તો તેમણે હવે લીગને ભૂલવી જોઇએ. જો ભૂલી શકે તેમ ન હોય તો એમણે પાકિસ્તાનને એમનું વતન બનાવવું જોઇએ.

કેરળની અંદર આ રાષ્ટ્રનું રખોપું કરી રહેલા નેતાઓએ ગંભીર ભૂલ કરી છે. આ ભૂલને સત્વર સુધારી લેવાની અને લીગને એનું સાચું સ્થાન સ્પષ્ટ શબ્દોમાં સમજાવી દેવાની જરૂર છે. એમાં જ કોંગ્રેસનું, દેશનું અને મુસ્લીમોનું હિત છે. વધુ ઉપેક્ષા, વધુ બેદરકારી આંધીને નોતરવા બરાબર છે. **સારાભાઈ એન. શાહ**

ચીની આક્રમણ અને આપણી વિદેશ નીતિ

ચીને જ્યારથી ભારતની ઉત્તર સરહદ ઉપર આક્રમણ શરૂ કર્યું છે ત્યારથી ભારતની વિદેશનીતિ ઉગ્ર વિવાદનો વિષય થઈ પડયો છે. ૧૯૪૭ના ઓગસ્ટ માસની ૧૫મી તારીખે દેશ આઝાદ બન્યો અને આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે આપણને સ્વતંત્ર અને સ્વાયત્ત સ્થાન મળ્યું. આઝાદી પહેલાં આપણા દેશની આન્તરરાષ્ટ્રીય નીતિ ગ્રેટ બ્રીટન સાથે જોડાયલી હતી અને આપણી વતી અને આપણા નામે તે જે નિર્ણયો કરે તે આપણને બંધનકર્તા બનતા. આઝાદી બાદ અને આપણા દેશના આપણે સૂત્રધાર બન્યા ત્યારથી, આન્તરરાષ્ટ્રીય જોડાણો તેમ જ પ્રશ્નો સંબંધે આપણે સ્વતંત્ર નિર્ણયો લેવાના રહ્યા. એ સમયે આન્તરરાષ્ટ્રીય ફલક ઉપર બે રાજદ્વારી સત્તાજૂથો અસ્તિત્વમાં આવ્યાં હતાં. એક સામ્યવાદી જૂથ અને બીજું બીનસામ્યવાદી જૂથ. સામ્યવાદી જૂથમાં જોડાયલા રાષ્ટ્રોની રાજ્યરચના સરમુખત્યારશાહી ઉપર નિર્ભર બની હતી. બીનસામ્યવાદી જૂથમાં જોડાયલા રાષ્ટ્રોની રાજ્યરચના લોકશાહી ઉપર નિર્ભર હતી. કેવળ રાજ્યરચનાના અમુક વર્ણ ઉપર આપણું જોડાણ નક્કી કરવાનું હોત તો બીનસામ્યવાદી સત્તાજૂથ–જેને પશ્ચિમી જૂથ તરીકે ઓળખવામાં આવે છે તે–સાથે જ આપણે જોડાઇ ગયા હોત અને આ જૂથમાં યુનાઇટેડ સ્ટેટ્સ તથા ગ્રેટબ્રીટન મુખ્ય સ્થાને હોઇને તે સાથે જોડાવામાં આપણને અનેક પ્રકારની સગવડો પણ મળી હોત. પણ આપણે આવા કોઇ જૂથમાં જોડાવાનું પસંદ ન કર્યું અને જેને બીનજોડાણ–non-allignment–ની નીતિ કહે છે તેવી વિદેશનીતિ આપણે ગ્રહણ કરી. આમ કરવા પાછળ બે હેતુ હતા: એક તો, જો આપણે સ્વતંત્ર થયા છીએ તો આપણને આન્તરબાહ્ય બન્ને બાજુએ પૂરા સ્વરાજની પ્રતીતિ થતી રહે, આપણે કોઇના પણ પ્રભાવથી પ્રભાવિત બનીને ચાલવાની ફરજ ન પડે એવી આપણી વિદેશ નીતિ હોવી જોઇએ. બીજું ઉપર જણાવ્યા મુજબ પરસ્પર સ્પર્ધા કરતા અને સંઘર્ષ અનુભવતા બે સત્તાજૂથોના કારણે દુનિયાની શાન્તિ સતત જોખમાતી રહેવા લાગી ત્યારે આપણે એમ વિચાર્યું કે દુનિયાની શાન્તિ સ્થિરતાને પામે, કાયમી બને, અને ભિન્ન ભિન્ન રાષ્ટ્રો વચ્ચેના સંઘર્ષો ઘટાડવા બને એવી જેમાં શકયતા હોય એવી વિદેશનીતિ આપણે ધારણ કરવી. આ બન્ને હેતુ સત્તાજૂથો સાથેના બીનજોડાણપૂર્વકની વિદેશનીતિ દ્વારા જ સિદ્ધ થઇ શકે તેમ છે એમ આપણને લાગ્યું અને તે પ્રકારે આપણી વિદેશનીતિનું ઘડતર થયું.

છેલ્લાં દશ વર્ષ દરમિયાન બનેલી અનેક ઘટનાઓ અને તેમાં ભારતે ભજવેલો ભાગ ઉપર જણાવેલ બન્ને હેતુઓના પૂરા સમર્થક નીવડ્યા છે. આપણી બીનજોડાણની વિદેશનીતિને લીધે ભારતની આન્તરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ખૂબ વધી છે; દુનિયામાં ચિરસ્થાયી શાંન્તિ સ્થપાવાની હશે તો ભારત દ્વારા જ બની શકશે એવી એક માન્યતા આપણે દુનિયાભરમાં ઉભી કરી શકયા છીએ; આપણે કદિ પણ કોઇ બળવાન દેશની શેહમાં દબાયા નથી; અને જ્યારે જે કહેવું હોય તે આપણે મૂરી નિર્ભયતાથી કહી શકયા છીએ; આપણું સ્વત્વ સુરક્ષિત અને અબાધિત રહ્યું છે; યુદ્ધના ઢાયાનળો સળગતા અટકાવ્યા છે અને સળગેલા અગ્નિને આપણે કદિ કદિ ઠાર્યા છે; બન્ને સત્તાજૂથોએ આપણી પ્રમાણીકતા, તટસ્થતા અને શાન્તનિષ્ઠાને અનેકવાર અંજલિ આપી છે અને કોઇ પણ સત્તાજૂથમાં નહિ જોડાવા છતાં આપણા આર્થિક વિકાસમાં અમેરિકા તેમ જ રશિયા અનેક રીતે સહાય કરતા આવ્યા છે. આ બધું જેટલું આપણી વિદેશનીતિને આભારી છે તેટલું જ ભારતના મહાઅમાત્ય જવાહરલાલ નહેરૂના ભવ્ય વ્યકિતત્વને આભારી છે.

તાજેતરમાં જેને આપણે આપણું પરમ મિત્ર માન્યું હતું તે ચીને આપણી ઉપર પીઠ પાછળથી આ કરવો શરૂ કર્યો છે અને તેની પ્રતિકુળ ચાલે આપણા માટે એક અણધારી કટોકટી ઉભી કરી છે, અને ભયપ્રેરિત અનેક કલ્પનાઓ આપણા દિલમાં પેદા કરી છે. ચીન જો આગળ વધે તો તેનો આપણે શી રીતે સામનો કરી શકીશું, આપણી મર્યાદિત સાધનસામગ્રી વડે તે સામે આપણે શી રીતે ટકી શકીશું – આવા તર્ક વિતર્કો આપણને એવી એક કલ્પના તરફ ધસડી જાય છે કે આવા વખતે અમેરિકા જેવા શસ્ત્રસજ્જ દેશનો આપણને લશ્કરી ટેકો હોત તો ચીન આપણી સામે આવું પગલું ભરવાનો વિચાર કરી ન શકત. આ કલ્પના આગળ ચાલીને એમ પણ કહે છે કે આજે પણ જો અમેરિકાની લશ્કરી મદદ માંગવામાં આવે તો ચીનનો ફેલાતો જતો પંજો જરૂર અટકયા સિવા ન રહે, અને, ધારો કે તેનું આક્રમણ વધે તો પણ, આપણે તેનો સફળતાપૂર્વક સામનો કરી શકીએ. ચીને અખત્યાર કરેલી આક્રમણ નીતિ આજે આપણને અમેરિકા તરફ ધકકેલી રહી છે અને આપણી વિદેશનીતિનો ત્યાગ કરવાનું આપણા માટે લગભગ અનિવાર્ય બને એવું પ્રલોભન પેદા કરી રહ્યું છે. આમ છતાં પણ આજની વિકટ સમસ્યાને આ રીતે વિચારવી અને તદનુસાર આગળ વધવું ડહાપણભર્યું લાગતું નથી.

ઉપરની કલ્પનામાં એમ ગૃહિત કરવામાં આવ્યું છે કે જ્યારે ચીન વિરૂદ્ધમાં અમેરિકા આપણને લશ્કરી મદદ કરે ત્યારે બીજા બધા દેશો મૌન ધારીને જે થાય તે જોયા કરે. પણ આજની વાસ્તવિકતાનું સ્વરૂપ આવું નથી. ચીન સાથેનો આજનો આપણો ઝગડો આખરે ભારત અને ચીનની સરહદને લગતો છે અને ચીન ભારતની સરહદમાં આવેલા અમુક પ્રદેશો પોતાની સરહદનો છે એમ કહીને તે પ્રદેશો પોતાના કાબુ નીચે લેવા માંગે છે. આ માટે વાટાઘાટ અને સુલેહસંધિનો રસ્તો છોડીને તેણે બળજોરીનો માર્ગ અખત્યાર કર્યો છે અને તેનો જવાબ આપણે હજુ બળજોરીથી નહિ આપતાં વાટાઘાટ અને પતાવટના માર્ગો ચાલુ રાખવા નિવેદનો અને પત્રવ્યવહાર દ્વારા આપી રહ્યા છીએ. આ પરિસ્થિતિમાં આજે આપણે દુનિયાનાં લગભગ બધાં રાષ્ટ્રોની, એટલું જ નહિ પણ, રશીઆ કે જે ચીન સાથે જૂથબંધીથી ગાઢપણે સંકળાયેલું છે તેની પણ સહાનુભૂતિ પ્રાપ્ત કરી શકયા છીએ અને જ્યારે રશીઆ અને અમેરિકા એકમેકની નજીક આવી રહ્યા છે અને દુનિયાની શાન્તિ વધારે સ્થાયી અને વિશ્વસનીય બનવાની આશા ચોતરફ ઉભી થઇ રહી છે ત્યારે ચીનને આ શું સુઝયું છે એવો પ્રશ્ન ચીન અંગે ચોતરફ પૂછાઇ રહ્યો છે.

આવા સંયોગોમાં જો અમેરિકાની લશ્કરી મદદ વડે આપણે ચીનનો સામનો કરવા પ્રવૃત્ત થઇએ તો રશીઆને પોતાની તટસ્થતા છોડવી જ પડે અને એકાએક ત્રીજા વિશ્વયુદ્ધના પરિસ્થિતિ ઉભી થઇ જાય અને ભારત જ તે જાદવાસ્થળીનું કેન્દ્ર બની બેસે. આનું પરિણામ ભારત માટે કલ્પનામાં ન હોય એવું ભયંકર આવે. આને બદલે આપણે આપણા પોતાના બળ ઉપર મુસ્તાક રહીને, જો આજની વાટાઘાટો નિષ્ફળ જાય તો – જો કે આમ માની લેવાને કોઇ કારણ નથી – ચીનનો શકય તેટલો સામનો કરીએ તે વધારે પસંદ કરવાયોગ્ય લાગે છે. તેમ કરવા જતાં તત્કાળ ધાર્યું પરિણામ કદાચ ન આવે તો પણ, આજે જ્યારે કોઇ પણ મોટો કે નાનો દેશ એકલવાયો બનીને જીવી કે ટકી શકે તેમ નથી એવા દુનિયાના સંયોગોમાં, ચીન દુનિયાના બધા રાષ્ટ્રોથી એકલું પડી જાય અને તેવી સ્થિતિમાં તે લાંબો વખત ટકી ન શકે અને ભારત સાથે સુલેહ કરવાની તેને ફરજ પડયા વિના ન રહે.

આમ સમગ્ર રીતે વિચારતાં નહેરૂની વિદેશનીતિને એટલે જ નહેરૂને બને તેટલો ટેકો આપવો, તેના હાથ પણ મજબુત બનાવવા અને નહેરૂ બોલે છે એટલે ભારત બોલે છે એવી છાપ દુનિયાભરમાં ઉભી કરવી એ જ આપણા માટે ઉત્તમ અને અનન્ય માર્ગ છે. એ જ પ્રત્યેક ભારતવાસીની આજે ખાસ ફરજ છે. પરમાનંદ

★ કાકાસાહેબ કાલેલકરનું વ્યાખ્યાન ★

(ગતાંકથી ચાલુ)

પત્રકાર સાહિત્ય

મહારાષ્ટ્રની કોઇ સાહિત્ય સભામાં બોલતાં મેં કહ્યું હતું કે દૈનિક છાપાંઓમાં તંત્રીઓ પ્રજાને રોજ રોજ જે પીરસે છે તેને પણ હું સાહિત્યમાં સ્થાન આપું છું. એ બધું ભલે ઉતાવળે લખેલું હોય, લોકો બીજે જ દિવસે એ ભૂલી જતા હોય, એની પાછળ જવાબદારીનું ભાન ભલે કાચું હોય, તોયે પ્રજાજીવનના ઘડવામાં એના ફાળાનો વિચાર કરતાં એને સાહિત્યમાં જ ગણવું જોઇએ. મહારાષ્ટ્રના ટીકાકારોને એ વાંચીને લાગ્યું કે છાપાંવાળાઓને ખુશ કરવાનો એ એક નાજુક, અને તેથી સફળ, પ્રયત્ન છે. એવી ટીકાને શો જવાબ અપાય? હું ખરેખર માનું છું કે સાહિત્ય, એનું સ્વરૂપ અને એનું કાર્ય–એને વિશે સમગ્રરૂપે ચર્ચા કરતી વખતે વૃત્તવિવેચનના ફાળાનો વિચાર કર્યા વગર અને એનો સાહિત્યગુણ સ્વીકાર્યા વગર ચાલે નહિ.

તંત્રીઓ અનેક પ્રકારના હોય છે. કેટલાક લોકોના જ્ઞાનની મર્યાદા અને જવાબદારીનો અભાવ જોઇ ગ્લાનિ જ પેદા થાય. પણ સરવાળે વિચાર કરતાં, પરદેશના વૃત્તવિવેચકો કરતાં આપણા વૃત્તવિવેચકો ઊતરતી કોટિના છે એમ કોઇ કહી ન શકે. ઊલટું આપણા લેખકો અને તંત્રીઓ વધારે ગંભીર અને જવાબદાર હોય છે. એમની સામે ટીકા કરવી જ હોય તો એટલું કહી શકાય કે તેઓ બહુ સહેલાઇથી એક ઘરેડમાં ઊતરી જાય છે. તત્ત્વનિષ્ઠા કરતાં જો ઘરેડનિષ્ઠા વધી જાય તો જીવનનિષ્ઠા ટકી જ ન શકે. જીવનનિષ્ઠાની તાજગી વિના કોઇ પણ જાતના સાહિત્યમાં ચૈતન્ય આવી શકતું નથી.

જે રોચક નવલકથાઓને આપણે સાહિત્યકૃતિ ગણીએ છીએ તેમાં પણ જો ઘણી વાર કાચા અને એકાંગી તેમ જ છીછરા વિચારો આવી જાય છે, એની ભાષા પણ કોક કોક ઠેકાણે, ધરાર્દાપૂર્વક, ઢંગધડા વિનાની રાખવી પડે છે (કેમ કે નવલકથા દ્વારા સમાજનું યથાર્થ ચિત્ર રજૂ કરવાનું હોય છે), તો છાપામાં આવતા ઉતાવળિયા લેખોને સાવ ઉતારી પાડવાની જરૂર નથી. દૈનિક છાપામાં આવ્યું એટલા જ ખાતર એ લખાણ સાહિત્યની હારમાં ન બેસી શકે એવો દંડક ચલાવવો ન જોઇએ. એક જણે વ્યવહારદૃષ્ટિએ એક કસોટી મૂકી છે. જે લેખ સમય ગયા પછી પણ એક બે વાર વાંચવાનું મન થાય તે લેખને સાહિત્ય–કોટિમાં, સાહિત્યની ન્યાતમાં બેસવા દેવાય. પછી એ જ કસોટી નિબંધોને, નવલકથાઓને અને લઘુકથાઓને પણ લાગુ પાડવી જોઇએ.

લિપિસુધાર

ગાંધીજીની પ્રવૃત્તિને કારણે દેશને સ્વરાજ મળ્યું. દુનિયામાં આપણી પ્રતિષ્ઠા વધી અને આત્માની શક્તિના ચમત્કાર વિશેની લોકોની નાસ્તિકતા ઓછી થઇ, એ તો છે જ. પણ ગુજરાતી સાહિત્ય અને સાહિત્યશૈલી ઉપર ગાંધીપ્રવૃત્તિની અસાધારણ અસર થઇ છે. સાહિત્યનાં ક્ષેત્રોની વિવિધતા ઘણી વધી અને લડતને કારણે પ્રજામાં દૈનિક છાપાં વાંચવાનો રસ વધ્યો. બીજા પ્રદેશોમાં લોકો હજી અંગ્રેજી છાપાં ઉપર જ વધારે આધાર રાખે છે. હું માનું છું કે બીજા પ્રદેશોના પ્રમાણમાં ગુજરાતી લોકો ગુજરાતી દૈનિકો વધારે રસપૂર્વક વાંચે છે, અને તેથી સમાચાર ભેગા કરવામાં અને એની ચર્ચા કરવામાં, તેમ જ માનવજીવનનાં ભિન્ન ભિન્ન અંગોની વિગતોમાં ઊતરવામાં, ગુજરાતી દૈનિકો ઠીક ઠીક આગળ વધ્યાં છે. રાજદ્વારી લોકોએ એ સ્થિતિનો લાભ ઉઠાવ્યો છે, પણ દેશી ભાષાનાં દૈનિકોની સ્થિતિ સુધારવા તરફ એમનું પૂરતું ધ્યાન ગયું નથી.

જો આપણે ગુજરાતી લિપિમાં અત્યંત જરૂરી સુધારો કરવાનો સવાલ અને એની ઉપયોગિતા સમજ્યા હોત તો ગુજરાતમાં સાક્ષરતાપ્રચાર વધારે સહેલો થયો હોત. ગુજરાતી દૈનિકોનો ખર્ચ ઘણો ઓછો થયો હોત, નફો વધ્યો હોત અને ટેલિપ્રિન્ટરીનો લાભ ગુજરાતી માટે અને બીજી દેશી ભાષા આ માટે મેળવી શકયા હોત.

અને લિપિમાં ફેરફાર કરવાના તે કેટલા? ગુજરાતીએ અમુક ફેરફારો કરવામાં તો પહેલ કરી જ છે. ગુજરાતી લિપિએ શિરોરેખા કયારની કાઢી નાખી છે. એટલે કે ગુજરાતીમાં અક્ષરોનાં માથાં બાંધવાં નથી પડતાં. દેવનાગરીના અટપટા ए ऐ કાઢી નાખીને અ ઉપર એક (એ) અને બે (ઐ) માત્રા આપણે ચડાવીએ છીએ. ર. વ સાથે ગોટાળો કરતો દેવનાગરીનો ख આપણે ખસૂસન્ ખસેડયો. અને એના બદલામાં યજુર્વેદી ष માથી ઉત્પન્ન થયેલી ખ' આકૃતિ ચલાવી. આવી પ્રગતિશીલ લિપિ જો ઇ–ઈ, ઉ–ઊ અને ઋ આ ત્રણ અક્ષરનાં ચાલુ રૂપોને બદલે અ ની સ્વરાખડી ચલાવવાનું પસંદ કરે–અિ ઓ, અુ ઊ, અૃ, આટલા જ સુધારા થાય તો આપણે કરોડોના ખર્ચમાં ઊતર્યા વગર દેશી ભાષાઓ માટે ટેલિપ્રિન્ટરી ચલાવી શકીશું.

બીજો સુધારો તે બારાખડી કરતી વખતે સ્વરનાં ચિહ્નો અક્ષરોના માથા ઉપર કે પગ તળે મૂકવાને બદલે, એ જ ચિહ્નો અક્ષર પછી મૂકયાં હોય તો અક્ષરના બીબાં ગોઠવવાનું ખર્ચ એકદમ ઘટી જાય. આ બે સુધારા અત્યંત આવશ્યક છે.

જો ગુજરાતી લિપિ નાગરી લિપિનું સ્થાન લેવાની અને અખિલ ભારતીય લિપિ થવાની મહત્ત્વાકાંક્ષા રાખે તો અ, ક, ચ, જ, ઝ, ટ, બ, ભ એટલા અક્ષરોનાં રૂપો નાગરીની નજીક લઇ જવાં પડે. એટલે આજની ગુજરાતી લિપિ ગુર્જરી–નાગરી ગણાય અને અંગ્રેજીમાં જેમ રોમન અને ઇટાલિક એવી બે શૈલીઓ ચાલે છે તેમ નાગરીમાં પણ રૂઢ નાગરી અને ગુર્જરી–નાગરી એવી બે શૈલીઓ ચાલશે. અને ધીરે ધીરે પોતાના ગુણોને કારણે જ ગુર્જરી–નાગરી અખિલ ભારતીય લિપિ થઇ જશે.

ગુજરાતી પ્રજા પાસે વહેવારની દૃષ્ટિ છે, એ લાભહાનિ સમજે છે. 'આત્મહત્યા કરીશું પણ રૂઢિને છોડીશું નહિ' એ જાતની ઉત્તરભારતીય જીદ ગુજરાત પાસે નથી. ગુજરાતી સાહિત્ય પરિષદે લિપિ સુધારની બાબતમાં કરાંચી સંમેલન વખતે પ્રારંભ કર્યો હતો. શ્રી મુનશીએ એને પોતાની માન્યતા પણ આપી હતી. પણ સ્વ. શ્રી કિશોરલાલભાઇનું કે મારું દબાણ ઓછું નીવડયું અને પ્રજાકીય હિત ઓછું સમજનાર લોકોનું શ્રી મુનશી ઉપર દબાણ વધ્યું. પરિણામે, એ સુધારાની પ્રવૃત્તિ ત્યાં જ અટકી અને આખા ભારતને નવી દિશા બતાવવાની તક ગુજરાતે ખોઇ. જે પ્રજાના નેતાઓ પાસે ગાંધીજીના જેવી ભવિષ્યમાં જોવાની દૃષ્ટિ નથી તેઓ સારામાં સારી સંધિ ખોવાના જ. શ્રી વિનોબા ભાવે, સ્વ. શ્રી કિશોરલાલ મશરૂવાળા, શ્રી બચુભાઇ રાવત અને હું ગાંધીજીની મદદથી તે વેળાએ જે કરી શકત તે ન થઈ શકયું. પછી આજે એકલા શ્રી મહેન્દ્ર મેઘાણી જોર કરે તે કયાં સુધી ચાલવાનું? મહાત્મા ગાંધીએ શરૂ કરેલું એ કામ હવે ન કરી શકે આજની કોંગ્રેસ કે ન કરી શકે આપણી આ ગુજરાતી સાહિત્ય પરિષદ. હવે જો ગુજરાતી દૈનિકો ચલાવનાર પ્રેસવાળાઓ અને પ્રકાશન સંસ્થાઓ પોતાનું હિત સમજે અને હિંમત કરે તો જરૂર ઘણું થઇ શકે. અથવા જો દેશમાં નવી શકિત જાગે અને એને ગળે એ વાત ઊતરે તો જ આ જરૂરી ફેરફાર થઇ શકશે. તેમ થાય તો ગુજરાતી પ્રકાશનોની સંખ્યા હજારોથી નહિ પણ લાખોથી ગણવાનો વારો આવશે. ગુજરાત પાસે આજે બધું છે. પણ ક્રાન્તદર્શી નેતૃત્વ નથી. જો જવાહરલાલજીએ ભવિષ્ય તરફ નજર રાખી, નાણાંની બાબતમાં મેટ્રિક પદ્ધતિ દાખલ ન કરી હોત તો ભારતના બીજા કોઇ પણ નેતાનું એ દિશામાં ચાલ્યું ન હોત. જવાહરલાલજી અને બીજા નેતાઓ જો અંગ્રેજીથી સંતુષ્ટ ન હોત તો તેમણે દેશી ભાષાઓને સક્રિય પ્રોત્સાહન આપતાં લિપિસુધારનો સવાલ અને એનું મહત્ત્વ સમજી લીધું હોત. પણ

જ્યાં સુધી પગ તળેની ભૂમિ સરકી ન જાય, ત્યાં સુધી આ નેતાઓનો અંગ્રેજીનો મોહ ઊતરવાનો નથી. અંગ્રેજી એમને બધી મદદ કરશે પણ પ્રજામાનસ ઉપરનો એમનો કાબૂ ટકાવવામાં મદદ નહિ કરે. આજના રાજ્યકર્તાઓ રાજકાજ અંગ્રેજીમાં ચલાવીને પોતાની ગોર ખોદી રહ્યા છે એ એમના ધ્યાનમાં આવશે ખરું,– પણ બધું પત્યા પછી. એટલે લિપિસુધારમાં એમની મદદ મળવાની આશા નથી. ગુજરાતીનાં દૈનિક છાપાંવાળાઓમાં રાજનૈતિક મહત્ત્વાકાંક્ષા જાગશે તો તેઓ જોતજોતામાં લિપિસુધાર કરી લેશે. છે જરાસરખું અને સહેલું; ફક્ત એ તરફ ધ્યાન નથી જતું એટલું જ.

શ્રાવણપ્રવૃત્તિ

મારા નાનપણમાં મહારાષ્ટ્રમાં જ્યાં ત્યાં પુરાણિકો સંસ્કૃતમાં અને મરાઠીમાં પૌરાણિક ગ્રંથો, વિવેચન સાથે, વાંચી સંભળાવતા અને હરિદાસો–એટલે કે કીર્તનકારો–પૂર્વરંગ, ઉત્તરરંગવાળાં કીર્તનો કરતા. પૂર્વરંગમાં કોઇ પણ ધાર્મિક વિષયની છટાદાર ચર્ચા કરીને, એ જ વસ્તુને કોઇ રોચક વાર્તાના રસિક વિસ્તાર સાથે ઉત્તરરંગમાં ખીલવતા. એમાં સુભાષિતો, ગીતો અને કવિતના ફકરાઓ વેરાતા અથવા વણાતા. એ જ કામ ભાટચારણો ઐતિહાસિક પ્રસંગો અને લોકવાર્તાઓ લઇને લોકભોગ્ય ઢબે કરતા. આમ પ્રજકીય સાંસ્કૃતિક કેળવણી અને રંજન બન્ને સધાતાં. આજે એ કામ અધ્યાપકો ને લોકનેતાઓ વ્યાખ્યાનો મારફતે કરે છે. પણ એમાં કાંઇક એકાંગીપણું આવે છે અને સરસ સાહિત્ય સાથેનો પરિચય કેળવાતો નથી.

આજકાલ કવિઓના કાવ્યવાચનની પ્રથા ખૂબ ખીલી છે અને સામાન્ય જનતામાં એ આવકાર મેળવતી થઇ છે.

ગુજરાતમાં માણભટ્ટો એ જ કામ કરતા. ભવાઇઓના નમૂના મેં જોયા નથી, એટલે હવે એ પ્રથા આજે કેટલો સંતોષ આપે તે હું કહી ન શકું. ગુજરાતી રાસ રમવાની પ્રથા ઘણી સુંદર છે. એમાં કાવ્ય, નાટ્ય અને સંગીત ત્રણેનો લોકભોગ્ય મેળ થયો છે. કવિઓનાં કાવ્યવાચનો પણ હવે જ્યાં ત્યાં થવા લાગ્યાં છે. એ પ્રથા ખૂબ વધારી શકાય અને એ વાટે લોકોની અભિરુચિ કેળવાય. લોકગીતો અને લોકવાર્તાઓ લોકપ્રિય કરવાની સ્વ. શ્રી મેઘાણી જેવાઓની પ્રવૃત્તિ સાહિત્યના સર્જન માટે અને આસ્વાદન માટે ઘણી જ પ્રભાવશાળી નીવડી. સૌરાષ્ટ્રે આ ક્ષેત્રમાં ગુજરાતી સાહિત્યની અને સંસ્કારિતાની ઉત્તમ સેવા કરી છે.

હવે એ ઢબે ઠેર ઠેર ચાર છ મહિનાનું સત્ર ચલાવી, દેશ આખાનો સાંસ્કૃતિક ઇતિહાસ પ્રજા આગળ સુંદર ઢબે રજૂ કરી શકાય. ઐતિહાસિક જીવનચરિત્રો જીવતાં કરી શકાય અને પ્રજાને વિશ્વજીવનમાં એનું સ્થાન બતાવી શકાય.

પુસ્તકો છાપવાની કળા ફેલાઇ અને દૈનિક છાપાંઓ ઘેર ઘેર પહોંચવા લાગ્યાં. એ લોકજાગૃતિનાં સાધનો ઇષ્ટ છે એ વિષે શંકા નથી. પણ સાહિત્યસેવનની સામૂહિક કે સામાજિક પ્રવૃત્તિનું સ્થાન એ ન લઇ શકે. સિનેમા જેવી ચલચ્ચિત્રની ખર્ચાળ પ્રવૃત્તિથી આપણી રસિકતા આડે રસ્તે ચડી છે કે નહિ એ સવાલ કોરે મૂકીએ તોયે, આપણી સ્થાનિક સર્જક પ્રવૃત્તિ ક્ષીણ થતી જાય છે એ વસ્તુને સ્વીકાર કર્યા વગર છૂટકો નથી.

આપણા અધ્યાપકો જો વર્ષના એ ત્રણ મહિના જ્યાંથી આમ ત્રણ મળે ત્યાં પહોંચી જઇ લોકભોગ્ય સાહિત્યસેવનની પ્રવૃત્તિ ચલાવે તો પ્રજાજીવન સાથે તેઓ ઓતપ્રોત થઇ શકશે અને પ્રત્યક્ષ લોકસેવા કર્યાનું સમાધાન મેળવી શકશે.

ભાષાંતર કળા

હવે સાહિત્યના સીમાડા પરના એક વિષય પર આવું. સાહિત્યસેવીઓમાં ભાષાંતરકારની કોટિ સહેજ ઊતરતી ગણાય છે. 'ભાષાંતર' શબ્દ પણ એટલો હલકો થઇ ગયો છે કે એ છોડીને લોકો હવે 'અનુવાદ' શબ્દ વાપરતા થયા છે. જો કે સંસ્કૃતમાં અનુવાદનો અર્થ જોખો જ છે. એક ભાષાની ઉત્કૃષ્ટ કૃતિને બીજી ભાષામાં ઉત્કૃષ્ટ રૂપમાં દાખલ કરવી એ કાંઇ નાનીસુની કળા નથી. ભાષાંતર માટે ઉત્કૃષ્ટ કૃતિની પસંદગી કરવા માટે પણ ભારે ચોક્કસતા જોઇએ છે. ભાષાંતરનું કામ ગમે તેવા લોકોએ હાથમાં લીધું તેથી એ વેઠ અથવા વેતરું ગણાયું. નહિ તો, સાચા ભાષાંતરકારને સંસ્કૃતિના ક્ષેત્રનો એલચી ગણી શકાય. અત્યારે સુધી આપણે સંસ્કૃત અને અંગ્રેજીનાં ગ્રન્થો ઠીક ઠીક સંખ્યામાં અનુવાદ્યા છે. કેટલાક અનુવાદો ઉત્કૃષ્ટ લીવડ્યા છે. એ અનુવાદોથી સાહિત્યની શ્રીવૃદ્ધિ તો થઇ જ છે, પણ ગુજરાતીની જાતજાતની શૈલીઓને પણ અસાધારણ લાભ થયો છે. બંગાળી, મરાઠી અને હિંદી ગ્રન્થોના અનુવાદો કરીને પણ ભાષાંતરકારોએ ગુજરાતી વાચકવર્ગને ઘણો જ રોચક ખોરાક પૂરો પાડ્યો છે. યુરોપની અનેક ભાષાઓના ગ્રન્થો અંગ્રેજી અનુવાદ પરથી આપણે ગુજરાતીમાં આણીએ છીએ. આનો આજે ઇલાજ નથી. અને અંગ્રેજી અનુવાદો જ્યાં સુધી સારામાં સારા પસંદ કરીએ, ત્યાં સુધી દુઃખ માનવાનું કારણ નથી. છતાં જાપાની, ચીની, રૂસી કે ફ્રેંચ સાહિત્યને મૂળ ભાષા પરથી ગુજરાતીમાં આણી શકીએ તો જ તે સેવા બધી દૃષ્ટિએ સંતોષકારક ગણાશે.

અરબીફારસીના ગ્રન્થો અંગ્રેજી પરથી ગુજરાતીમાં આણીએ તો કોને સંતોષ થાય? અનુવાદોની બાબતમાં અંગ્રેજી ભાષાની પોતાની મર્યાદા છે તે આપણે ધ્યાનમાં રાખવી ઘટે.

સ્વરાજ મળ્યા પછી આપણા પુરુષાર્થનું ક્ષેત્ર એકદમ વધ્યું છે. દુનિયાનાં અનેક રાષ્ટ્રો સાથે સીધો સંપર્ક શરૂ થયો છે. એટલે હવે આપણા દેશમાં દુનિયાની એક અથવા બીજી પ્રમુખ ભાષા શીખનાર લોકોની સંખ્યા વધવી જ જોઇએ. એકસામટી અનેક ભાષાઓ જાણનાર લોકોનો ઉપયોગ રાજદ્વારી ક્ષેત્રમાં થશે. સાહિત્યની દૃષ્ટિએ મને લાગે છે કે ગુજરાતી લખવાની શક્તિ કેળવવા માટે સંસ્કૃત, પાલિ, માગધી જેવી આપણી સાંસ્કૃતિક ભાષા શીખ્યા પછી, આપણા વિદ્વાન લોકોએ અંગ્રેજી ઉપરાંત એક અથવા બે ભાષા જ ઉત્કૃષ્ટ રીતે કેળવવાનો અને એ ભાષાનું સાહિત્ય પી જવાનો આદર્શ પોતાની સામે રાખવો જોઇએ. અને તે તે ભાષાના લોકો આજે શું વિચારી રહ્યા છે અને કેવો પુરુષાર્થ આદરી રહ્યા છે એને વિશે એમણે વખતોવખત અહેવાલો અને લેખો આપી સ્વજનોની જાણકારી અદ્યતન કરવાની જવાબદારી ઉઠાવવી જોઇએ.

અત્યાર સુધી આપણે ભારતીય સંસ્કૃતિ અને યુરોપીય સંસ્કૃતિ એવો મૌલિક ભેદ માનતા હતા અને એના ઉપર ભાર પણ મૂકતા હતા. ત્યાર પછી આપણે એશિયાઇ અથવા પૌરસ્ત્ય સંસ્કૃતિ અને પાશ્ચાત્ય સંસ્કૃતિ એવો ભેદ કરવા લાગ્યા. એનો અર્થ એ નથી કે ચીન, જાપાન, મોંગોલિયા, કમ્બોડિયા ઇત્યાદિ પૂર્વ તરફના લોકોનાં સાહિત્ય અને સંસ્કૃતિ સાથે આપણો પરિચય વધ્યો; અને એ બધાંમાં રહેલાં ખાસ મહત્ત્વનાં પૂર્વીય તત્ત્વોનો આપણને સાક્ષાત્કાર થયો. આપણે એટલું જ જાણતા હતા કે પશ્ચિમના લોકો પ્રગતિશીલ છે અને જોરાવર છે, પરિણામે, એમનો ધર્મ અને સંસ્કૃતિ આક્રમણકારી છે, જ્યારે એશિયાઇ દેશો યાથાસ્થિતકર, જુનવાણી અને દબાયેલા છે. આટલું સામ્ય જોયા પછી અનુમાન બાંધવું કઠણ ન હતું કે પૂર્વના દેશોની જીવનદૃષ્ટિ અને સંસ્કૃતિમાં ઘણુંઘણું સામ્ય હોવું જ જોઇએ.

પણ આ બધું અનુમાન થયું, અથવા 'ભાવતું હતું અને માની લીધું' એના જેવું થયું. એટલું તો ખરું કે પૂર્વ તરફના દેશોમાં ભારતમાં જન્મેલો બૌદ્ધ ધર્મ ફેલાયો, અને તે તે દેશ કે રાષ્ટ્રની સંસ્કૃતિ ઉપર બૌદ્ધ જીવનદૃષ્ટિની અસર છે.

છતાં આવા તારવેલા અનુમાન ઉપર આપણે પૌરસ્ત્ય સંસ્કૃતિનું ચિત્ર ઊભું ન જ કરી શકીએ. તે તે દેશનો ઇતિહાસ, ત્યાંનું સ્થાપત્ય, ત્યાંનું સંગીત અને એની આજની આકાંક્ષા–એ બધા સાથે આપણો ઊંડો પરિચય હોવો જોઇએ. આજે જે નામનો પરિચય છે તે અંગ્રેજી ભાષાને પ્રતાપે જ છે. તે તે દેશમાં જઇ રહી, ત્યાંના લોકો સાથે એકરૂપ થયા વિના હૃદયનું ઐક્ય અથવા કેવળ સાચો પરિચય પણ આપણે કેળવી શકવાના નથી. એટલા

માટે પણ આપણે સાહિત્યના અનુવાદની કળા ખીલવવી જોઇએ. વેપાર ખેડવા ખાતર ગુજરાતીઓ અનેક પરદેશોમાં જઇને રહ્યા છે. પોતાનાં દીકરા – દીકરીઓની કેળવણી માટે થોડાક શિક્ષકોને પણ તેઓ વસાવે છે. મારે ગુજરાતીઓમાં એ મહત્ત્વાકાંક્ષા જગાડવી છે કે જેમ હિંદી એ રાષ્ટ્રભાષા છે, બંગાળી સૌથી પ્રૌઢ વિકસિત ભાષા છે. તામિલ ભારતની એક જૂનામાં જૂની અને મૌલિક સાહિત્યની પરંપરા ધરાવતી ભાષા છે, તેમ જ આખી દુનિયાનો પરિચય કરાવનારી ભાષા તરીકે ગુજરાતી તમામ ભારતનીય ભાષાઓમાં અગ્રસ્થાન લઇ લે, અને એને પરિણામે પરદેશીઓ પણ ગુજરાતીનો એટલા જ આદરથી અભ્યાસ કરે જેટલો આજે તેઓ હિંદી કે બંગાળી સાહિત્યનો કરે છે. જે ભાષામાં પ્રજા માટે ગાંધીજીએ લખ્યું, તે ભાષામાં યુગદર્શન અને વિશ્વદર્શન કરાવવાની શક્તિ આવવી જ જોઇએ.

હું કહેતો હતો કે હવે ભારતીય અને યુરોપીય અથવા પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય સંસ્કૃતિભેદના રાગડા ગાવાના દિવસો રહ્યા નથી. ભારતમાં જન્મેલા એક અંગ્રેજ સાહિત્યસ્વામીએ ભલે કહ્યું હોય કે પૂર્વ અને પશ્ચિમ નોખા જ રહેવાના, એમનું મિલન થઇ જ ન શકે; આજે આપણે જાણીએ છીએ–ભૂગોળના પ્રાથમિક પાઠ તરીકે પણ જાણીએ છીએ–કે પૂર્વ અને પશ્ચિમ એ ભેદ જ કૃત્રિમ છે. અમેરિકા માટે જાપાન એ પાશ્ચાત્ય દેશ છે ! અને આપણે એ જ દેશને 'સુદૂર પૂર્વનો' એટલે કે પૂર્વોત્તમ દેશ કહીએ છીએ !!

વિજ્ઞાનને કારણે કહો, અર્થસંબંધને કારણે કહો કે રાજદ્વારી સંકટોને કારણે કહો, આપણે આખી દુનિયા સાથે સંકળાઇ ગયા છીએ. કોઇ પણ સંસ્કૃતિ આપણે માટે પરાઇ નથી. પછી એનાથી અપરિચિત રહેવાય જ કેમ ?

મારૂં કહેવાનું એ છે કે આજે જેમ અમદાવાદમાં વિજ્ઞાનની મૂલભૂત શોધખોળ કરવા માટે એક પ્રયોગશાળા છે તેવી જ રીતે અનેક ભાષાઓ શીખવા માટે અને તે તે ભાષાના સાહિત્ય સાથેનો પરિચય વધારવા માટે અહીં એક સમર્થ વિશ્વ–ભાષા–મંદિર હોવું જોઇએ. સામ્રાજ્યની મહત્ત્વાકાંક્ષાથી બ્રિટિશ લોકોએ જે કર્યું તે જ કામ વિશ્વસેવાથી પ્રેરાઇને આપણે કરવાનું છે. રવીન્દ્રનાથે વિશ્વભારતીની સ્થાપના કરી તે બંગાળી અને અંગ્રેજી બે ભાષા મારફતે કામ કરે છે. અહીં ગુજરાતી, હિંદી અને એક કરતાં વધારે યુરોપિયન ભાષા મારફતે સાહિત્યપરિચય વધારવાનો પુરૂષાર્થ ખીલવવો જોઇએ.

આજકાલ કેટલીક સંસ્થાઓ અંગ્રેજી કે બીજી ભાષાની ચોપડીઓનો અનુવાદ ગુજરાતીમાં કરાવે છે ત્યારે ભાષાંતરકાર પાસેથી એકાદ પ્રકરણનો અનુવાદ કરાવી, તેટલા પરથી અનુવાદકની યોગ્યતા નક્કી કરે છે. આ ખોટી કસોટી છે. ખરૂં જોતાં જેનો અનુવાદ આપણને જોઇએ છે, તે ચોપડીનો વિષય અને એનું પ્રતિપાદન ઉમેદવાર કેટલું સમજ્યો છે એ જાણવા માટે, રીતસરનો એક પ્રશ્નપત્ર તૈયાર કરીને એમાં પાસ થનાર વ્યક્તિઓમાંથી જ કોઇને અનુવાદનું કામ સોંપવું જોઇએ અને સફળ અનુવાદ કરનારનું જાહેર રીતે સન્માન થવું જોઇએ. પીઢ ભાષાન્તરકાર માટે આમ કરવાની જરૂર ન હોય એ દેખીતી વાત છે.

ભાષાંતર એટલે એક ભાષાની સુંદર કૃતિ પોતાની કે બીજી ભાષામાં આબાદ રીતે ઉતારવી, એટલો જ અર્થ લોકો કરે છે, પણ ભાષાંતર એથીય વિશેષ અને મોટું કામ કરે છે. દરેક ભાષાની પોતાની શૈલી અને વિચાર કરવાની પદ્ધતિ હોય છે. દરેક સમાજમાં વપરાતી ઉપમાઓ અને રૂપકો તે પ્રજાના અનુભવ, ચિંતન અને પુરુષાર્થમાંથી ઉત્પન્ન થયેલાં હોય છે. ભાષાંતર દ્વારા એનો પરિચય થયા પછી એની અસર લેનાર ભાષાની શૈલી ઉપર અને ચિંતન ઉપર થવાની જ. તત્ત્વજ્ઞાનની ચર્ચા સંસ્કૃતમાં એક વિશિષ્ટ શૈલીથી થાય છે, પશ્ચિમમાં બીજી શૈલીથી. એની અસર પણ ભાષાંતર દ્વારા એકબીજા પર થાય છે. પરદેશના જે લોકોએ આપણું દાર્શનિક સાહિત્ય વાંચ્યું છે તેઓ હવે પોતાની ભાષામાં નવા નવા સામાસિક શબ્દો ઉપજાવવા લાગ્યા છે. આ રીતે ભાષાંતર એટલે પરસ્પર જીવનદૃષ્ટિ અને સાહિત્યશૈલીની એક જાતની દીક્ષા હોય છે. આ વાત જેઓ જાણે તેઓ ભાષાંતર કરવા બેસતી વખતે એ ભાન રાખવાના જ કે આપણે એક સાધના કેળવીએ છીએ.

सतत प्रवृत्ति

સાહિત્ય પરિષદના પ્રમુખે સાહિત્યના તમામ વિભાગોનું નિરીક્ષણ, પરીક્ષણ અને વિવેચન કરવાનું હોય છે એ હું જાણું છું. કોઇ પણ સારા પુસ્તકાલયમાં ગુજરાતી કે બીજી ભાષાની ચોપડીઓનું જે વર્ગીકરણ હોય છે તે રહી કારી, કવિતા, નાટક, લઘુકથા, નિબંધ, પ્રવાસવર્ણન, સાહિત્યચર્ચા, કલામીમાંસા, રસવિમર્ષ, સંદર્ભગ્રન્થો, અનુવાદો વગેરે વિભાગોની ચર્ચા ભાષણમાં આવવી જોઇએ એ જૂના રાખેતા મુજબ થોડા વિચારો તો મેં રજૂ કર્યા જ છે. પણ એ જૂના ચીલામાંથી બહાર નીકળી, જીવન અને સંસ્કૃતિના વિભાગ પ્રમાણે અને પ્રજાકીય પુરુષાર્થ પ્રમાણે સાહિત્યચર્ચા કરવાનું મેં પસંદ કર્યું છે અને ગાંધીમંડળનો પ્રતિનિધિ હોઇ કેટલીક રચનાત્મક સૂચના પણ કરી છે.

ગાંધીજીના હાથમાં કોંગ્રેસ આવી અને ત્રણ દિવસનો મેળાવડાનું એનું રૂપ ફરી ગયું અને આખું વરસ સ્વરાજ્યપ્રાપ્તિ પરત્વે રાષ્ટ્રસેવા કરનારી એ એક જીવતીજાગતી રચનાત્મક સંસ્થા બની ગઇ અને એ સંસ્થા વાટે પ્રજાનું રાજદ્વારી અને રાષ્ટ્રીય જીવન ઘડાયું. હવે એ બધી ઐતિહાસિક વાત થઈ ગઈ છે. ત્યારે શું આપણે ગુજરાતી ભાષા અને સાહિત્યની જીવતી, જીવનસ્પર્શી અને ચૈતન્યમયી પ્રવૃત્તિને અંગે પ્રજાનું બૌદ્ધિક અને સાંસ્કૃતિક જીવન ઘડવાનો પ્રયાસ આ પરિષદ મારફતે ન કરીએ ? વિશ્વભારતી અને સાહિત્ય અકાદમી જેવી પ્રવૃત્તિ ઉપરાંત જીવનભારતીનું કામ પણ સાહિત્ય પરિષદે ઉપાડવું જોઇએ.

અમેરિકા જો પોતાના સાહિત્ય દ્વારા આપણા જીવન ઉપર અસર કરવા માગે છે તો આપણે આપણા પડોશીઓની ઓછીવત્તી સાંસ્કૃતિક સેવા કરવાનો આદર્શ નજર આગળ કેમ ન રાખીએ ?

જે સૂચવે તેણે કરી બતાવવાની તૈયારી રાખવી જોઇએ, એ ગાંધીજીનો આદર્શ હું ભૂલ્યો નથી. :અને તેથી જ પરિષદના કાર્યકર્તાઓને કહીશ કે મારી જે સૂચનાઓ ગળે ઊતરે તે અમલમાં મૂકવા માટે તમારે પરિષદને તૈયાર કરવી જોઇએ. આ ઉંમરે, મારૂં કામ તો સુંદર અને વહેવારમાં આણી શકાય એવું યોજના–ચિત્ર રજુ કરવાનું જ છે.

રચનાત્મક કાર્યનું મહત્ત્વ સમજીને જ ગાંધીજીએ સ્વરાજની પૂર્વતૈયારી રૂપે અનેક સંસ્થાઓ સ્થાપી અને ચલાવી. સ્વરાજ–સરકારે પણ પ્રારંભથી જ પંચવર્ષીય યોજનાઓ રૂપી રચનાત્મક કાર્યક્રમના પાયા ઉપર સ્વરાજની અને પ્રજાજીવનના ઉત્કર્ષની ઇમારત ચણવાનો મનસૂબો કર્યો છે. આ જ દિશામાં સાહિત્ય પરત્વે અને સાહિત્ય દ્વારા પ્રજાકીય સાંસ્કૃતિક જીવન ઉન્નત કરવા માટે નક્કર પ્રવૃત્તિ સાહિત્ય પરિષદ શરૂ કરે તો મને પરમ સંતોષ થશે, અને સ્વરાજ મળ્યું તેથી જ આ બધું કરી શકયા એની ધન્યતા અનુભવતો મારા દિવસો હું પૂરા કરી શકીશ. સ્વરાજ થયા પછી આપણી પ્રજાના પુરૂષાર્થને માટે કશી સીમા હોઇ જ ન શકે.

સમાપ્ત

કાકા કાલેલકર

મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન 'ચંદ્ર પ્રિં. પ્રેસ, ૪૫૧ કાલબાદેવી રોડ, મુંબઇ ૨. ટે. નં. ૨૯૩૦૩

રજિ. નં. B ૪૨૬૬
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્રબુદ્ધ જીવન

પ્રબુદ્ધ જૈન નું નવસંસ્કરણ
વર્ષ : ૨૧ : અંક ૧૬

મુંબઈ, ડિસેમ્બર ૧૬, ૧૯૫૯, બુધવાર
આફ્રિકા માટે શીલિંગ ૮

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ : નયા પૈસા ૨૦

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ચીની આક્રમણ અને અહિંસાલક્ષી વિચારણા

(નીચે આપેલ લેખના પ્રારંભમાં સર્વ સેવા સંઘ તરફથી ભારતની ઉત્તર સરહદ ઉપર ચાલી રહેલા અદ્યતન ચીની આક્રમણ અંગે ગત નવેમ્બર માસની શરૂઆતમાં પ્રગટ કરવામાં આવેલ નિવેદનનો ઉલ્લેખ છે. તે નિવેદનનો સાર એ છે કે સર્વ સેવા સંઘ માને છે કે કોઈ પણ સંયોગોમાં શસ્ત્રોનો ઉપયોગ અનિચ્છનીય છે અને સંરક્ષણનો સર્વોત્તમ માર્ગ અહિંસાત્મક સાધનોનો ઉપયોગ જ છે. આમ છતાં પણ સર્વ સેવા સંઘ દ્વારા સંચાલિત થઈ રહેલું શાન્તિસેનાનું કાર્ય હજુ સાવ પ્રારંભિક દશામાં છે અને લોકોને અહિંસક સંરક્ષણ માટે નૈતિક તેમ જ સંગઠનની દૃષ્ટિએ તૈયાર કરવા માટે અપૂરતું છે અને આવી પરિસ્થિતિમાં ભારત સરકાર, એની સીમાઓના સંરક્ષણ સારૂ જે કોઇ પરંપરાગત સાધનોનો ઉપયોગ કરે તેને સંઘ ટેકો આપ્યા સિવાય રહી શકતો નથી. આટલી ભૂમિકા પ્રસ્તુત લેખમાં પ્રવેશ કરવા માટે જરૂરી છે. તંત્રી)

સર્વ સેવા સંઘ તરફથી ચીની આક્રમણ અંગે ગત નવેમ્બર માસના પૂર્વાર્ધ દરમિયાન જે નિવેદન પ્રગટ કરવામાં આવ્યું છે તે ઉપરથી આપણી સામે મૂળભૂત પ્રશ્ન એ ઉભો થાય છે કે ચીને આપણા દેશ માટે જે કટોકટી ઉભી કરી છે તેના સંદર્ભમાં અહિંસાની વિચારણાને કે તેને લગતા કોઇ કાર્યક્રમને અવકાશ છે કે નહિ? આ વિષયની ચર્ચા માટે અહિંસા અંગે આજ સુધીમાં જે વિચારવિકાસ થયો છે તેનું ટુંક નિવેદન જરૂરી લાગે છે.

અહિંસાતત્ત્વ વિષે આ દુનિયામાં ગાંધીજીનું આગમન થયું ત્યાર બાદ ખૂબ વિચારાયું છે. પૂર્વકાળમાં અહિંસાતત્ત્વ અંગે કેવળ આત્મલક્ષી વિચારણા કરવામાં આવી હતી. એ કાળમાં અહિંસાનિષ્ઠાનો માત્ર એટલો જ વિચાર કરવામાં આવતો હતો કે અગત જીવનને બને તેટલું હિંસાના દોષથી મુક્ત કરવું. આ કેવળ નકારાત્મક વિચારણા હતી. ગાંધીજીએ આ તત્ત્વવિચારને વિકસાવીને તેનો સામાજિક સંદર્ભમાં વિચાર કરવા માંડ્યો. તેમણે આપણને જણાવ્યું અને શિખવ્યું કે સમાજથી અલગ એ રીતે વ્યક્તિનો વિચાર થઇ શકે જ નહિ અને અહિંસાનો વિચાર પણ સામાજિક સંવાદિતા પેદા કરવાના હેતુથી જ પેદા થયો છે અને તેથી જ્યારે જ્યારે સામાજિક સંઘર્ષ પેદા કરનારી ઘટનાઓ નિર્માણ થાય ત્યારે ત્યારે તે તે સંઘર્ષનો અહિંસક રીતે ઉકેલ આણવા આપણે પ્રયત્ન કરવો જોઇએ, સામાજિક અન્યાય કે અધર્મનો આપણે અહિંસક રીતે પ્રતિકાર કરવો જોઇએ, અને એથી આગળ વધીને તેમણે આપણને એ પણ સમજણ આપી કે જ્યાં જ્યાં સામાજિક શાન્તિનો ભંગ થઇ રહ્યો હોય ત્યાં ત્યાં પુનઃ શાન્તિસ્થાપના ખાતર અહિંસાનિષ્ઠ વ્યક્તિઓએ આગળ આવવું જોઇએ અને સમજાવટ દ્વારા તેમ જ અન્ય ઉપાયો દ્વારા, અને એ ઉપાયો કામયાબ નહિ નીવડે એમ લાગતાં, છેવટે સંઘર્ષની આગમાં પોતાની જાતને હોમીને પણ સંઘર્ષ-પરાયણ દળોને શાન્તિ તરફ વાળવાનો પ્રયત્ન કરવો જોઇએ. આ વિચારણામાંથી શાન્તિસૈનિકની કલ્પના ઉભી થઇ છે જે વિનોબાજી આપણી સામે કેટલાક સમયથી રજુ કરી રહ્યા છે.

અહિંસાતત્ત્વની આ પાયાની ભૂમિકા છે. તેનો આગળ ચાલતાં હવે બે રીતે વિચાર કરવાનો રહે છે. એક વ્યક્તિને અનુલક્ષીને અને બીજું સમાજને અનુલક્ષીને.

વ્યક્તિગત જીવનમાં અહિંસાની નિષ્ઠા પોતાના પ્રાણ જાય તો પણ કશી પણ હિંસા ન કરવી એ હદ સુધીની હોઇ શકે છે. તેથી વ્યક્તિગત જીવનના ગમે તેવા કપરા સંયોગોમાં પણ અહિંસાને પૂર્ણરૂપે અમલી બનાવવાના વિચારને પૂરો અવકાશ રહેલો છે. દા. ત. કોઇ પણ હિંસક પશુ પોતાની ઉપર આક્રમણ કરે તો સાધારણ રીતે પોતાની જાતનો કોઇ પણ રીતે – એટલે કે સર્પ યા વ્યાઘ્રનો સંહાર કરીને પણ – બચાવ કરવો એવી સામાન્ય માણસની મતિ હોય છે, પણ માનવીમાં એવી અહિંસાત્મક નિષ્ઠાનું પણ અસ્તિત્વ કલ્પી શકાય છે કે જેના પરિણામે કોઇ પણ જીવને મારીને પોતાની જાતને બચાવવાની તે માણસ ચોખ્ખી ના કહે, અને એમ કરતાં પોતાના પ્રાણનું તે બલિદાન પણ આપે. આવા કીસ્સાઓ માનવી જીવનના ઇતિહાસમાં અનેક વાર બનતા આવ્યા છે. આપણી પોતાની જાત અંગે પણ અમુક સંજોગમાં આવી સંભાવના આપણે કલ્પી શકીએ છીએ. દા. ત. નિરામિષ આહાર આપણા જીવનનો પરાપૂર્વનો ઊંડો અભ્યાસ છે. હવે ધારો કે એવો કોઇ સંયોગ કલ્પવામાં આવે કે જ્યારે જીવનને બચાવવા માટે આમિષ આહાર સિવાય બીજો કોઇ વિકલ્પ જ નથી એમ લાગે. આ પરિસ્થિતિમાં, મને ખાત્રી છે કે, આપણામાંથી ઘણા એવા જરૂર નીકળી આવે કે જેઓ મરવું પસંદ કરશે, પણ આમિષ આહાર સામે નજર સરખી પણ નહિ કરે.

પણ અહિંસાનો માનવી સમાજને અનુલક્ષીને વિચાર કરતા એમ લાગે છે કે, માનવ સમુદાયને અહિંસાનિષ્ઠ બનાવવાનો ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે તો પણ, તે નિષ્ઠા મર્યાદિત સ્વરૂપની જ હોવાની. પરિણામનો કશો પણ વિચાર કર્યા સિવાય કેવળ અહિંસાના આદર્શને વળગી રહીને ફના થઇ જવાની તત્પરતા અને તાકાત – આજે જે કક્ષાએ માનવસમુદાય ઉભો છે તે કક્ષાએ – માનવ સમુદાયમાં બહુ અલ્પ પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે. તો પછી પ્રશ્ન એ થાય છે કે એવી કઇ મર્યાદા છે કે જે મર્યાદામાં માનવી સમુદાયને કોઇ પણ સંઘર્ષ યા કટોકટીના પ્રસંગે અહિંસા ઉપર નિર્ભર બનાવવાની આપણે આશા સેવી શકીએ? આ પ્રશ્નનો ઊંડાણથી વિચાર કરતાં એવા નિર્ણય ઉપર અવાય છે કે, જ્યારે પણ આપણે કોઇ બાબતને લગતી પ્રસ્તુત સમુદાયગત હિંસક પ્રક્રિયાનો અમલી બને તેવો કોઇ અહિંસક પર્યાય – non-violent equivalent – પ્રસ્તુત સમુદાય સમક્ષ

રજુ કરી શકીએ ત્યારે તે સમુદાયને તે બાબતમાં પ્રચલિત હિંસક પ્રક્રિયામાંથી અહિંસક પર્યાય તરફ વાળવાની આશા સેવી શકીએ. દાખલા તરીકે આપણા એ ચાલુ અનુભવનો વિષય છે કે માનવી સમુદાયને જીવન ટકાવવા માટે અન્ન સિવાય ચાલતું જ નથી. હવે અન્ન માટે જેઓ માંસભક્ષણ કરતા હોય તેવા લોકોને અથવા તો તેમનામાંના કોઇ એક વર્ગને આપણે જો એમ સમજાવી શકીએ કે માંસાહાર જેટલો જ નિરામિષ આહાર પોષણક્ષમ છે, અને તો પછી નિર્દોષ પ્રાણીઓની જે માટે કતલ કરવી પડે છે તેવો માંસાહાર છોડીને તેમણે નિરામિષ–આહાર તરફ શા માટે ન વળવું, અને આ રીતે તેમનામાં કરુણાવૃત્તિ જાગૃત કરવામાં આવે તો, તે સમુદાયને નિરામિષ–આહાર તરફ વાળવાની આપણે જરૂર આશા સેવી શકીએ. આ નિરામિષ આહારનો વિકલ્પ તે સમુદાયમાં પ્રચલિત માંસાહાર માટેનો અહિંસક પર્યાય છે.

આ જેમ આપણે સામુદાયિક આચારના એક પ્રશ્નનો વિચાર કર્યો તેમ સામુદાયિક પ્રતિકારનો પણ આ જ ધોરણે આપણે વિચાર કરી શકીએ છીએ. અસહકાર અને સત્યાગ્રહના નામે ઓળખાતી સામુદાયિક અહિંસક કાર્યપદ્ધતિનું ગાંધીજીએ આપણને જે દર્શન કરાવ્યું છે તે સામુદાયિક હિંસક પ્રતિકારનો જ અહિંસક પર્યાય – non–violent equivalent – છે.

ગાંધીજી આપણી વચ્ચે આવ્યા તે પહેલાં જે પ્રજાગણ અંગ્રેજ સરકારની ગુલામીથી સત્વર મુક્તિ ચાહતો હતો તેની નજરમાં બોંબ જેવા હિંસક સાધનોના સામુદાયિક ઉપયોગ સિવાય બીજો કોઇ મુક્તિનો માર્ગ દેખાતો નહોતો. અહિંસાને સૈદ્ધાન્તિક રીતે વરેલા ગાંધીજીએ આપણને એમ સમજાવ્યું કે અહિંસાનો એકાન્તપણે સ્વીકાર ન કરવામાં આવે તો પણ, અસહકાર, સત્યાગ્રહ, નાકરની લડત, વગેરે અહિંસક સાધનો એવા પ્રકારનાં છે કે, તેનો પૂરો અમલ કરીએ તો આપણા દેશમાં અંગ્રેજ સરકારની હકુમત એક દિવસ પણ ચાલી ન શકે. આ તેમની વાત આપણને ધીરે ધીરે સમજાવા લાગી અને આપણામાં એટલે સુધી પ્રતીતિ ઉભી થઇ કે, તેમણે સૂચવેલા માર્ગમાં જે આત્મભોગ અને બલિદાનની સારા પ્રમાણમાં અપેક્ષા છે, તો હિંસક સાધનોના ઉપયોગમાં આત્મભોગ અને બલિદાનની અપેક્ષા કાંઇ કમ નથી, અને એમ છતાં ગાંધીજીએ સૂચવેલો માર્ગ વધારે સલામત, વધારે વિશ્વસનીય અને ઇષ્ટ પરિણામનું મર્યાદિત સમયમાં નિર્માણ કરે તેવી ક્ષમતાવાળો છે; અને આપણે એ માર્ગે ચાલીને આઝાદી હાંસલ પણ કરી; અને ત્યાર પછી તો જ્યારે પણ રાજ્ય તરફથી જુલમ થાય, અન્યાય ભરેલા કાયદાકાનૂન કરવામાં આવે, સત્તાના જોરે કોઇ વર્ગને દબાવવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે, તે તે પરિસ્થિતિનું નિવારણ કરવા માટે સશસ્ત્ર બળવો કરવાની કોઇ જરૂર છે જ નહિ, સત્યાગ્રહ, અસહકાર, અનશન આદિ અહિંસક લેખાતાં સાધનો દ્વારા માથાભારી સત્તાને નમાવી શકાય છે, અને આપખૂદ કાનૂનને નાબુદ કરી શકાય છે–આવી આપણામાં એક પ્રકારની સૂઝ આવી અને સમાજ કે રાષ્ટ્રમાં ઉભી થતી કોઇ પણ અનિષ્ટ પરિસ્થિતિનો સામનો કરવા માટે અહિંસક ઉપાયો પૂરા કામયાબ નીવડે છે એવું જ્ઞાનપણ આપણામાં પેદા થયું; અને જ્યાં જ્યાં અહિંસાનું અવલંબન લેવાથી આપણો મૂળ હેતુ સિદ્ધ થાય છે એમ આપણને લાગવા માંડયું ત્યાં ત્યાં આપણે અહિંસાના માર્ગ તરફ વળવા લાગ્યા.

આ બધા સામુદાયિક ધોરણે પ્રચલિત બનેલા હિંસક પ્રતિકારના અહિંસક પર્યાયો આપણે વિચાર્યા અને જે ફળની અપેક્ષા સામુદાયિક હિંસક પ્રતિકાર દ્વારા સિદ્ધ થવાની આપણે આશા રાખતા આવ્યા હતા તે જ ફળની પ્રાપ્તિ અહિંસક પ્રતિકાર દ્વારા શકય છે એમ અનુભવે સિદ્ધ થતું લાગ્યું.

હવે ચીને આજે આપણી સરહદ ઉપર મોટા પાયાનું સશસ્ત્ર આક્રમણ આરંભ્યું છે, તેનો સામનો કરવા અંગે અહિંસા ઉપર નિર્ભર એવો કોઇ સામુદાયિક માર્ગ કેમ દેખાતો નથી અને આવી કટોકટીમાં આપણને અહિંસાની વાતો કેમ નિરર્થક લાગે છે તેનો વિચાર કરીએ. આમ બનવાનું કારણ એ છે કે ઉપર જણાવેલી ભિન્ન ભિન્ન પરિસ્થિતિઓમાં અહિંસાનું અવલંબન જે રીતે ઇષ્ટ પરિણામ પેદા કરવામાં કામયાબ નીવડતું માલુમ પડયું હતું તેવો કોઇ સફળતા–સૂચક માર્ગ ચીન સાથેના સંઘર્ષ અંગે આપણને નજરે પડતો નથી, અને તેથી ચીન અંગે સશસ્ત્ર સંરક્ષણ સિવાય જાણે કે બીજો કોઇ વિકલ્પ જ નથી એમ આપણને લાગે છે. આ જ વિચારને તાત્વિક પરિભાષામાં મૂકીએ તો એમ કહેવાય કે અદ્યતન ચીની આક્રમણનો પ્રચલિત સશસ્ત્ર જે પ્રતિકાર કરવાની ફરજ આપણા દેશ માટે ઉભી થતી લાગે છે, તે આક્રમણનો અહિંસક રીતે આપણે સામુદાયિક સામનો કરી શકીએ એવા અહિંસક પર્યાય – non–violent equivalent – આપણને જડતો નથી, સૂઝતો નથી.

આનું પરિણામ એ આવે છે કે ચીની આક્રમણના હિંસક પ્રતિકારના સ્થાને તત્કાળ કામયાબ બને એવો અહિંસક પ્રતિકારનો સામુદાયિક કાર્યક્રમ આપણે લોકો સમક્ષ મૂકી શકતા નથી, અને તેથી ભારત સરકાર આ દિશાએ પોતાને યોગ્ય લાગે તે પગલાં ભલે લે એમ કહેવાને આપણે પ્રેરાઇએ છીએ. આમ છતાં પણ એ નિશ્ચિત છે કે જેને મન અહિંસા કોઇ એક નીતિ કે કાર્યપદ્ધતિનો પ્રશ્ન નથી, પણ જીવન પ્રતિજ્ઞાનો પ્રશ્ન છે તેઓ કોઇ હિંસાત્મક પ્રતિકારમાં જોડાઈ શકવાનો છે જ નહિ, અને એમ છતાં તેની ધર્મનિષ્ઠા તેને દેશની આવી કટોકટીના વખતે નિષ્ક્રિય બેસી રહેવા દે તેમ નથી. તેના માટે કશું જ કર્તવ્યકર્મ હોઇ ન શકે એમ કહેવું એ અહિંસાનું જ વન્ધ્યત્વ જાહેર કરવા બરોબર છે.

આમ ઊંડાણથી સંશોધન કરતાં વિનોબાજીએ રજુ કરેલી શાન્તિસેનાની કલ્પના તરફ આપણી નજર દોડે છે. આ કલ્પનાનું સ્વરૂપ કાંઇક આવું છે: પ્રસ્તુત શાન્તિસૈનિક એવી પ્રતિજ્ઞાપૂર્વક પ્રવૃત્ત થતો કલ્પવામાં આવેલ છે કે ( ) જ્યાં જ્યાં શાન્તિનો ભંગ થતો હશે ત્યાં ત્યાં તે શાન્તિભંગને નાબુદ કરવા માટે અને એમ છતાં તત્કાળ પરિણામની કોઇ અપેક્ષા રાખ્યા સિવાય હું અશાન્તિના હુતાશમાં મારી જાતને હોમવાને તૈયાર રહીશ. (૨) મારી જાતને બચાવવા ખાતર કે સમાજ યા દેશનું રક્ષણ કરવા ખાતર હું શસ્ત્ર ધારણ કરીશ નહિ. કે એક પણ માનવીની પ્રાણહાનિ કરીશ નહિ. શાન્તિસેનાનો આ ખ્યાલ દેશની અંદર અવાર નવાર પેદા થતા સામાજિક કે રાજકારણી સંઘર્ષોનું રાજ્યસત્તાની દરમિયાનગીરી સિવાય અહિંસક રીતે કેમ પ્રશમન કરવું તેના ચિન્તન–સંશોધનમાંથી પેદા થયો છે. આ જ શાન્તિ સૈનિકની કલ્પનાને ચીન સાથેના અદ્યતન સંઘર્ષના સંદર્ભ સુધી જરૂર લંબાવી શકાય છે.

પણ અહિં પરિસ્થિતિનો રંગ સારા પ્રમાણમાં બદલાય છે. અહિં એક જ દેશમાં વસતા બે દળોની અથડામણને ટાળવાનો પ્રશ્ન નથી, પણ આપણા દેશ ઉપર અન્ય દેશે ધરાદાપૂર્વકનું સશસ્ત્ર આક્રમણ શરૂ કર્યું છે અને તેમાંથી દેશને બચાવવાનો પ્રશ્ન આપણા માટે ઉભો થયો છે. વળી આક્રમણપરાયણ સૈન્ય ઉપર શાન્તિસૈનિકોના બલિદાનનો તત્કાળ કોઈ પ્રભાવ પડે તેમ છે જ નહિ. આમ છતાં પણ શાન્તિસૈનિકના ધર્મમાં કે કર્તવ્યમાં કોઇ ફરક પડતો નથી. દેશને બચાવવા ખાતર શાન્તિસૈનિક શસ્ત્ર ધારણ કરી શકતો નથી, એમ છતાં દેશભરમાં આવી અશાન્તિ પેદા કરતી કટોકટીમાં તે ઘર આંગણે શાન્તિથી સૂઈ શકતો નથી. ચાલુ આક્રમણનો વિરોધ કરવો એ જેટલી અન્ય નાગરિકની ફરજ છે તેટલી જ શાન્તિ-

સૈનિકની ફરજ છે. આ ફરજ આજે ચાલી રહેલા સરહદી આક્રમણના સંદર્ભમાં તે શી રીતે અદા કરી શકે? શાન્તિસૈનિકની ભાવનામાં જેઓ માનતા હોય, એટલું જ નહિ પણ, તે ખાતર જેઓ પોતાના પ્રાણની આહુતિ આપી શકે તેવી તાકાત ધરાવતા હોય, અને તે આહુતિ એમ સમજીને કે તેનું તત્કાળ કોઇ ઇષ્ટ પરિણામ આવવાનું નથી, તેઓ પોતાનું એક દળ ઉભું કરી શકે છે અને તેમની નાની ટુકડીઓ સરહદના પ્રદેશ ઉપર ચીની સૈનિકોને ભેટવા મોકલી શકે છે. આ તે કેવા ગમાર અને બેવકુફ લોકો છે એમ વિચારીને ચીની સૈનિકો આવી ટુકડીઓને બંદુકની ગોળીઓથી વીંધી નાખવાની છે એમ જાણવા છતાં, ચીને આદરેલા અધર્મ સામે આવી આહુતિઓ એક પ્રતીક લેખે આપવાની છે. તેવી આહુતિઓમાં દુનિયાના અન્તઃકરણને–અને સંભવ છે કે આક્રમણખોર રાષ્ટ્રના અન્તઃકરણને પણ–જગાડવાની શકયતા રહેલી છે, પણ આ અને તે પછીનાં જે પરિણામો આવે તે ખરાં. આહુતિ આપનાર તે જોવાનો નથી. તે તો એટલા જ સંતોષથી આ જગતમાંથી વિદાય લેવાનો છે કે વિરાટ પાયા ઉપર યોજાયલા અન્યાયી આક્રમણ સામે મેં માથું ઉંચકયું હતું અને બે મહાન રાષ્ટ્રો વચ્ચે શાન્તિ સ્થપાય તે ખાતર ખપી જઇને મેં મારા જીવતરને સાર્થક કર્યું હતું.

તત્કાળ પરિણામનિરપેક્ષ અહિંસક પ્રતિકારને વરેલા શાન્તિસૈનિકની ચીની આક્રમણના અનુસંધાનમાં આવી કાંઇક કલ્પના થઇ શકે છે. તેનું બલિદાન કેવળ આદર્શલક્ષી હશે; પરિણામલક્ષી નહિ હોય. હેતુસાપેક્ષ હશે; ફળસાપેક્ષ નહિ હોય. વર્તમાનની દૃષ્ટિએ તેનું બલિદાન નિરર્થક, પણ ભાવીની દૃષ્ટિએ ભારે પ્રેરક અને કલ્યાણવર્ધક નીવડવા સંભવ છે. અમુક સિદ્ધાન્ત ખાતર, ધર્મ ખાતર, રાષ્ટ્ર ખાતર કે શીલરક્ષા ખાતર આવી અહિંસક પદ્ધતિની અનેક આહુતિઓ અપાયાનાં દૃષ્ટાન્તો દરેક દેશની તવારીખમાં છુટાછવાયાં નોંધાયલાં પડયાં છે. એમ છતાં પણ આવી પરિણામનિરપેક્ષ સામુદાયિક અહિંસાની કલ્પનાને કોઇ વ્યવહાર આકાર આપી શકાય તેમ છે કે નહિ તે એક ભારે જટિલ પ્રશ્ન છે. કારણ કે સૌથી પહેલાં તો જેનું તત્કાળ પરિણામ શૂન્યવત્ છે એ ખાતર પોતાના પ્રાણનું બલિદાન આપવા કોણ અને કેટલા નીકળે એ એક મોટો સવાલ છે. વળી આવા આયોજનની વિચારણા સાથે બીજી પણ કેટલી ધુંચો સંકળાયલી છે. જ્યારે સરકારની પોતાની નીતિ દેશનું શસ્ત્રો વડે રક્ષણ કરવાની રહી છે ત્યારે આવી કોઇ હીલચાલ યા આન્દોલનને સરકાર ચાલવા દે કે નહિ? સરકાર આવી હીલચાલ અનુમત ન કરે તો આવા આન્તર બાહ્ય કટોકટીના વખતે સરકાર સામે થઇને આવી હીલચાલ ચલાવવી યોગ્ય છે કે કેમ? ત્રીજું એક જ દેશમાં એક જ પ્રતિપક્ષી સામે હિંસક અને અહિંસક ઉભય કોટિના પ્રતિકારને લગતી પ્રક્રિયાઓ એક સાથે ચાલી શકે કે કેમ? આ બધી ધુંચો અને મુશ્કેલીઓ તો છે જ.

આમ છતાં પણ જેઓ અહિંસામાં એક જીવનસિદ્ધાન્ત તરીકે માને છે, અને એમ છતાં દેશની આજની કટોકટી વખતે અને શાન્તિનો સાર્વત્રિક ભંગ થઇ રહ્યો છે ત્યારે સક્રિય બન્યા સિવાય ન જ ચાલે એમ પણ જેઓ માને છે, તેમને પોતાની માન્યતાને સંગત એવું કાંઇક માર્ગદર્શન મળવું જ જોઇએ. આ કામ છે વિનોબાજી, કેદારનાથજી, કાકાસાહેબ કાલેલકર, દાદા ધર્માધિકારી જેવી આર્ષ દૃષ્ટિ ધરાવતી, અહિંસાના હાર્દને સમજતી અને વાસ્તવિકતાના સંદર્ભમાં સિદ્ધાન્તનો વિચાર કરી શકતી વ્યકિતઓનું. તેઓ સચેત બની પરસ્પર પરામર્શ કરીને એવો કોઇ કાર્યક્રમ વિચારે તેવી પ્રાર્થના સાથે કાંઇક અનધિકાર ચેષ્ટા જેવી આ ચર્ચા પુરી કરું છું. પરમાનંદ

ચીની આક્રમણ અને સર્વ સેવા સંઘ

ચીનના મુખ્ય પ્રધાન શ્રી ચાઉ-એન-લાએ નવેંબર માસની શરૂઆતમાં ભારત અને ચીનની સરહદને લગતા મતભેદનું નિવારણ કરવા માટે વાટાઘાટોની ચોકકસ ભૂમિકા રજુ કરતો પત્ર ભારતના મહા અમાત્ય નહેરુ ઉપર મોકલ્યો હતો. તે અરસામાં શ્રી જયપ્રકાશ નારાયણે સર્વ સેવા સંઘ વતી નીચેનું નિવેદન તા. ૧૨-૧૧-૫૯ ના છાપા જોગ પ્રસિદ્ધ કર્યું હતું:—

"સર્વ સેવા સંઘને પોતાના નમ્ર અભિપ્રાય મુજબ જે પાયાની અને વધારે સ્થાયી મહત્વની બાબતો લાગે, તે ઉપર સંઘ પોતાનું ચિત્ત અને શકિત વધારે કેન્દ્રિત કરી શકે તે હેતુથી, રોજબરોજ બનતી ઘટનાઓ સંબંધે ટીકાટીપ્પણી કરવાથી કે તે સંબંધમાં ચાલુ માર્ગદર્શન આપવાના કાર્યથી સાધારણ રીતે અને તેટલું દૂર રહેવાની નીતિને સર્વ સેવા સંઘ વરેલો છે. એમ છતાં પણ આપણી ઉત્તર સરહદનો ચીને જે ભંગ કર્યો છે તે એક એવી અસાધારણ ઘટના છે કે જે વિષે સર્વ સેવા સંઘ મૌન રહી ન શકે એમ તેને લાગે છે.

"સંઘ એ વિષે પૂરો સભાન છે કે સરહદભંગને લગતી પરિસ્થિતિ સતત બદલાતી રહી છે. એમ છતાં પણ, એ તો નિશ્ચિત હકીકત છે કે, ચીનના હેતુઓ ગમે તે હોય તો પણ, તેણે ભારતની સરહદ ઉપર આક્રમણ કર્યું જ છે. આ ઘટનાએ ભારતને, ભારત-ચીન વચ્ચેના પરસ્પર સંબંધોને અને વિશ્વ-શાન્તિની સમસ્યાને ભારે નુકસાન પહોંચાડયું છે. કોઇ પણ પ્રશ્ન અંગે હંમેશા એક ટેબલ ઉપર સામસામા બેસીને તેનો નીકાલ લાવવા માટે ભારત હંમેશા તૈયાર રહ્યું છે. આ વસ્તુસ્થિતિને ધ્યાનમાં લેતાં ચીને આ જે પગલું ભર્યું છે તે વધારે ન સમજી શકાય તેવું લાગે છે. આમ છતાં પણ, પરિસ્થિતિની ગંભીરતા અને તે અંગેની પોતાની જવાબદારી ચીની સરકારના ધ્યાન ઉપર આવેલ હોવાનાં ચિહ્નો દૃષ્ટિગોચર થઈ રહ્યાં છે એ જોઇને સંઘ સંતોષ અનુભવે છે. આમ છતાં પણ વાટાઘાટ કરવાની ચીની સરકારે તાજેતરમાં દાખવેલી તૈયારી કેવળ મુત્સદ્દીગીરીની રમત નહિ નીવડે એવી સંઘ આશા સેવે છે.

"કાશ્મીર ઉપર પાકીસ્તાને આક્રમણ કર્યું ત્યાર બાદ આપણા દેશને બહારના આક્રમણનો સામનો કરવો પડે એવો આ પહેલો જ પ્રસંગ ઉભો થયો છે. બીજી અનેક આશંકાઓ સાથે આવા પ્રસંગો આપણને યુદ્ધ અને શાન્તિની સમસ્યા અંગે અને તેને કેમ પહોંચી વળવું તે અંગે તાકીદથી અને ઊંડાણથી વિચાર કરવાની તક પૂરી પાડે છે. સર્વ સેવા સંઘ માને છે કે કોઇ પણ સંયોગોમાં શસ્ત્રોનો ઉપયોગ અનિચ્છનીય છે અને અહિંસક સાધનોનો ઉપયોગ એ બચાવનો ઉત્તમમાં ઉત્તમ તરીકો છે. એ સૌ કોઇના સ્મરણમાં હશે કે મહાત્મા ગાંધીની આ જ શ્રદ્ધા અને શિક્ષણ હતું. છેલ્લાં કેટલાંક વર્ષોથી સંઘ વિનોબાજીના માર્ગદર્શન અને નેતૃત્વ નીચે લોકોને આ વિચારનું શિક્ષણ આપવાનો અને શાન્તિસેનાની સ્થાપના કરીને તે વિચારને અમલી રૂપ આપવાનો પ્રયત્ન કરી રહેલ છે.

"આ કાર્ય હજુ સાવ પ્રારંભિક અવસ્થામાં છે અને લોકોને અહિંસક રીતે પોતાનો બચાવ કરવા માટે નૈતિક તેમજ સંગઠનની દૃષ્ટિએ તૈયાર કરવા માટે તેનું કાર્ય અત્યન્ત અપૂરતું છે.

"આ સંયોગોમાં, ભારત સરકારને પોતાની સીમાઓનું સંરક્ષણ કરવા માટે જે ચાલુ પરંપરાગત સાધનોનો ઉપયોગ કરવો પડે તેને સંઘ ટેકો આપ્યા સિવાય રહી શકતો નથી. ("In these circumstances, the Sangh cannot but support the traditional means that might

have to be adopted by the Government to defend the Indian territory.") સંઘને પૂરી ખાત્રી છે કે મહામંત્ય નહેરૂ અને ભારત સરકાર રાષ્ટ્રના હિતને કશું પણ નુકસાન પહોંચાડ્યા સિવાય, ચીન સાથે શાન્તિભર્યું સમાધાન કરવા માટે પોતાથી બનતું સર્વ કાંઈ કરવા માટે કશું બાકી નહિ રાખે. છેવટે, સંઘ એ પણ આશા રાખે છે કે, જે લોકો આવી સંઘર્ષના પરિસ્થિતિ અંગે અહિંસક અભિગમ ધારણ કરવામાં માને છે તેઓ પોતાના પ્રયત્નોને એવી રીતે એવડાવે કે જેથી સૈન્યો બીનજરૂરી બની જાય અને બહારનાં આક્રમણોનો વ્યવસ્થિત એવા અહિંસક પરિબળો વડે સામનો કરવાનું શકય બને એવા સંયોગો પેદા થાય. આ બાબતના અનુસંધાનમાં રાષ્ટ્રીય એકતાની આવશ્યકતા ઉપર અને એક બાજુ ભય અને બીજી બાજુએ કટુતા, વિદ્વેષ અને મત્સર-ઉભયથી મુકત એવા વાતાવરણની જરૂરિયાત ઉપર સંઘ ખાસ ભાર મૂકવાનું યોગ્ય અને જરૂરી લખે છે."

સર્વ સેવા સંઘનું આ નિવેદન, જાણવા મળે છે કે, સંઘના અમુક અગ્રગણ્ય સભ્યોએ મુંબઇ ખાતે એકઠા મળીને તૈયાર કર્યું છે અને તે ઘડવામાં શ્રી જયપ્રકાશ નારાયણ તથા દાદા ધર્માધિકારીએ પ્રમુખ ભાગ ભજવ્યો છે. આ નિવેદન અંગે સૌથી પ્રથમ આશ્ચર્ય શ્રી જયપ્રકાશજી વિષે થાય છે, કારણ કે આ નિવેદન પ્રગટ થયું તેના લગભગ બે ચાર દિવસ પહેલાં મુંબઇ ખાતે પ્રજા સમાજવાદી પક્ષનું કન્વેન્શન – પરિષદ – મળી હતી, જે વખતે ચીની આક્રમણનો ઉલ્લેખ કરતાં જયપ્રકાશજીએ ભારતની સરહદ ઉપર અહિંસક રીતે બચાવ કરવા માટે શાન્તિસૈનિકોને મોકલવાનો વિચાર રજુ કર્યો હતો, જ્યારે પ્રસ્તુત નિવેદન ભારત સરકારને પ્રાદેશિક સરહદનું સંરક્ષણ કરવા માટે પરંપરાગત સાધનોનો એટલે કે શસ્ત્રાસ્ત્રોનો જે ઉપયોગ કરવો પડે તેને સ્પષ્ટ રૂપમાં ટેકો આપે છે.

આ નિવેદન બીજી કેટલીક રીતે પણ આશ્ચર્ય પેદા કરે તેવું છે. સર્વ સેવા સંઘ, સૌ કોઇ જાણે છે અને માને છે તે મુજબ, અહિંસા અને સત્યને સૈદ્ધાન્તિક રીતે વરેલો છે, અને તેથી તે અંગે એક પ્રકારની પ્રતીતિ સેવવામાં આવે છે કે, તે જે કાંઇ કરે અને જે કોઇ વિચાર કે પ્રવૃત્તિને ટેકો આપે તે સર્વ અહિંસાના સિદ્ધાન્ત સાથે પૂરી રીતે સંવાદી હોવું જોઇએ, જ્યારે આ નિવેદનનો ઝોક તેથી તદ્દન ઉલટી દિશાનો દેખાય છે.

એ કલ્પી શકાય તેમ છે કે પ્રસ્તુત નિવેદન ઘડનારાઓને ચીની આક્રમણના સંદર્ભમાં વિચાર કરતાં અહિંસક સામનાની વાતો કરવી તે કદાચ દીવાલ સાથે માથું અફાળવા બરોબર લાગ્યું હોય, અને તેથી લોકોને કે સરકારને તેવું કોઇ માર્ગદર્શન આપવાનો કંઇ અર્થ નથી એમ તેમને ભાસ્યું હોય. પણ આમ જો હતું તો તેમણે કેવળ મૌન સેવવું જોઇતું હતું. કોઇ પણ અહિંસક સામનાનું સર્વ સેવા સંઘ તરફથી અનુમોદન કરવામાં આવે એ સર્વ સેવા સંઘ માટે વદતો વ્યાઘાત જેવું લાગે છે.

આજે જ્યારે ચીની આક્રમણ અંગે દેશ સામે એક નવી અને અણધારી પરિસ્થિતિ ઉભી થઈ છે ત્યારે, એ વિષે ભારતનો દરેક રાજકીય પક્ષ શું ધારે છે, અને કેવું વલણ ધરાવે છે તે સ્પષ્ટ કરવાની દરેક રાજકીય પક્ષના નેતાઓને જરૂર લાગે તે તદ્દન સ્વાભાવિક છે અને તે મુજબ કોંગ્રેસે, પ્રજાસમાજવાદી પક્ષે તેમ જ સામ્યવાદી પક્ષે આ પ્રશ્ન ઉપર પૂરી ગંભીર વિચારણા કરીને પોતપોતાની નીતિ સ્પષ્ટ કરતો ઠરાવ કર્યો છે, અને છાપાઓમાં તે તે ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. પણ સર્વ સેવા સંઘ કોઇ એક રાજકીય પક્ષ નથી. તે તરફના માર્ગદર્શનની-સિવાય કે તેમને આજના સંયોગમાં કોઇ અહિંસક તરીકા સૂચવવાનો હોય-કોઇએ અપેક્ષા કરી નહોતી કે કોઈ રાહ જોઇને બેઠું નહોતું. પ્રસ્તુત કીસ્સામાં સર્વ સેવા સંઘે સ્વધર્મ છોડીને પરધર્મની પ્રક્રિયા અખત્યાર કરી છે, જે તેના માટે ખતરનાક નીવડવાનો સંભવ છે. જેવી રીતે બ્રહ્મચર્યના પાયા ઉપર કુટુંબ આયોજનનો વિચાર કરવાનો આશય ધરાવતી કોઈ સંસ્થા, હવે તો વસ્તી ખૂબ વધતી ચાલી છે અને આમ જનતા માટે બ્રહ્મચર્ય પાલન શકય નથી એવી વાસ્તવિકતા સ્વીકારીને યા કલ્પીને, એમ જાહેર કરે કે, કૃત્રિમ ઉપાયો વડે પણ વસ્તી વધતી અટકાવો અને સંતતિનું નિયમન કરો. આ જ પ્રકારનું આચરણ સર્વ સેવા સંઘે ઉપરનું નિવેદન બહાર પાડીને કર્યું છે.

અને આ બધા સાથે પ્રસ્તુત નિવેદન વધારે તો એ કારણે રમુજ તેમ જ અમુક અંશે દુઃખ ઉપજાવે છે કે નિવેદનનો આખો ઝોક છે ચીની આક્રમણ સામે ભારત સરકારની સશસ્ત્ર સામનાની નીતિને ટેકો આપવાનો છે અને એમ છતાં એ જ નિવેદનમાં અહિંસાની જાણે કે એક મોટી આરતી ઉતારવામાં આવી છે. આ પ્રસંગે જ્યારે અહિંસક ઉપાય તેમને કોઇ દેખાતો નહોતો ત્યારે આવી અહિંસાની મુખપૂજા કરવાનો શું અર્થ હતો ?

આ નિવેદન વાંચીને ફ્રી પ્રેસ બુલેટીને તેના ૧૨-૧૧-૫૯ના અંકમાં એક ખાસ નોંધ લખીને ભારે વ્યંગપૂર્વક જણાવ્યું છે કે "હવે જ્યારે 'પરંપરાગત ઉપાયો' અખત્યાર કરીને ચીની આક્રમણ સામે આપણી સરહદોનું રક્ષણ કરવા માટે સર્વ સેવા સંઘે ભારત સરકારને અને હિંદી સૈન્યને સ્પષ્ટ દોરવણી – લાઇન કલીઅર – આપી છે ત્યારે સરકાર અને તેનું લશ્કર પોતાના કામગીરી બરોબર બજાવશે એવી આપણે ખાત્રી રાખવી જોઇએ. સંભવ છે કે આવા સ્પષ્ટ માર્ગદર્શનના અભાવમાં, સૈન્ય પોતાની કામગીરી બરોબર બજાવતાં ખચકાશે, યા ઢીલું નિવડશે એવો કોઇ કોઇ સ્થળે કોઇના દિલમાં આછો સરખો સંદેહ કે વહેમ સેવાતો હોય. સરહદી ઝગડા સંબંધમાં આટલી બધી શરૂઆતની સ્થિતિએ સંઘે જે સ્પષ્ટતા કરી છે અને લાઇન કલીઅર આપેલ છે તે સંઘની કાર્યનિષ્ઠાની ભારે નિદર્શક છે. હિંદુસ્તાનને એ પણ ખબર આપવામાં આવી છે કે અહિંસક રીતે પોતાનો બચાવ કરવા માટે લોકોને નૈતિક તેમ જ સંસ્થાગત ધોરણે તૈયાર કરવાનું કાર્ય હજુ 'પ્રાથમિક કક્ષામાં અને આજની પરિસ્થિતિને પહોંચી વળવા માટે અત્યન્ત અપૂરતું' છે. આ વાંચીને, સંઘનું ભોળપણ અથવા તો વ્યવહાર વાસ્તવિકતા વિષેની વધારે પડતી સભાનતા – આ બેમાંથી કઇ બાબત વધારે પડતી આગળ તરી આવે છે એવો આશ્ચર્યમિશ્રિત પ્રશ્ન ઉભો થાય છે.

"સંઘના હેતુઓ અને ઉદ્દેશો અંગે જે અસ્પષ્ટતા અને ગૂઢતા અનુભવાય છે તે સંઘના અગ્રગણ્ય આગેવાનોમાંના એક શ્રી. જયપ્રકાશ નારાયણના આ છેલ્લા નિવેદન દ્વારા કોઇ રીતે વધારે સ્પષ્ટ અને સુગ્રાહ્ય બનતી નથી. શ્રી. જયપ્રકાશ નારાયણ પૂછે છે કે "જેઓ અહિંસામાં માન્યતા ધરાવે છે તેઓ એવા સંયોગો પેદા કરવા માટે પોતાના પ્રયત્નો એવડાવે કે જેથી સૈન્ય બીનજરૂરી બની જાય અને બહારના આક્રમણનો અહિંસક પરિબળો વડે સામનો કરવાનું શકય બને". સામાન્ય મર્ત્ય માનવીઓને આ બધી કાંઇ ન સમજાય એવી વાતો છે."

અહિં છેવટે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ઉપરના નિવેદનના કેન્દ્રવર્તી વિચારને વિનોબાજીની અનુમતિ છે કે નહિ ? આ પ્રશ્નની પ્રસ્તુતતા એટલા માટે છે કે આ નિવેદને સર્વ સેવા સંઘના કેટલાક કાર્યકર્તાઓમાં ખૂબ ઉહાપોહ જગાવ્યો છે અને વિનોબાજી સર્વ સેવા સંઘના સભ્ય નહિ હોઇને, સંભવ છે કે, તેઓ આ સંબંધમાં કદાચ અન્યથા વિચારતા હોય. તો આપણે આશા કરીએ કે વિનોબાજી આ સંબંધમાં યથાસમય ખુલાસો કરશે. **પરમાનંદ**

"આપણી રાજકીય પરિસ્થિતિ"

શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહનું વ્યાખ્યાન

ગયા ઓગસ્ટ માસની ૮ મી તારીખે શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહનું તત્કાલીન રાજકીય પરિસ્થિતિ ઉપર મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. તે વખતના રાજકારણના સંદર્ભમાં ચર્ચાસ્પદ મુખ્ય ઘટના હતી સ્વતંત્ર પક્ષના થઇ રહેલા ઉદ્‌ભવની. ત્યાર બાદ ચાર મહીનાના ગાળે સંઘના કાર્યાલયમાં શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહનું 'આપણી રાજકીય પરિસ્થિતિ' એ મથાળા નીચે તા. ૪- ૨-૫૯ શુક્રવારના રોજ જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. પ્રસ્તુત વિષય ઉપર બોલતાં શ્રી. ચીમનભાઇએ નીચે મુજબ જણાવ્યું હતું :

છેલ્લા ચાર મહીનાના ગાળામાં ત્રણ મુખ્ય ઘટના બની છે : ૧. ભારતની ઉત્તર સરહદ ઉપર ચીને શરૂ કરેલું ભારતીય પ્રદેશો ઉપરનું આક્રમણ; ૨. ભારતના પાકીસ્તાન સાથે સુધરતા જતા સંબંધો; ૩. મુંબઇ પ્રદેશનું વિભાજન. આ ત્રણ ઘટનામાં ચીની આક્રમણ આપણું સૌથી વધારે ધ્યાન ખેંચે તેવી ઘટના છે.

સૌથી પહેલાં આપણે ચીની આક્રમણનો વિચાર કરીએ. શરૂઆતમાં એમ લાગતું હતું કે ચીનનું ભારતીય સરહદ ઉપરનું આક્રમણ સરહદના પ્રદેશો ઉપર બે રાજ્યસત્તા વચ્ચે સાધારણ રીતે ચાલતી નાની નાની અથડામણ જેવી અથવા તો નાની સરખા છમકલાં જેવી ઘટના હશે, પણ જેમ જેમ વધારે હકીકતો બહાર આવતી જાય છે તેમ તેમ એવા નિશ્ચિત અભિપ્રાય ઉપર આવવાની આપણને ફરજ પડે છે કે, આ આક્રમણ લાંબા સમયથી વિચારાયલી અને યોજનાપૂર્વક ઘડાયલી નીતિનું પરિણામ છે, અને ટુંકા સમયમાં પતી જાય એવું તેનું સ્વરૂપ નથી. આ વર્ષના પ્રારંભમાં ચીની રાજ્યસત્તાએ ટીબેટ ઉપર આક્રમણ કરીને તે આખા દેશ ઉપર પોતાનો અધિકાર જમાવ્યો અને ત્યાંથી નાસી છૂટેલા ડી લાઇ લામાને આપણે રક્ષણ આપ્યું તેથી ઉશ્કેરાઇને ચીની રાજ્યસત્તાએ આપણા દેશના સીમાપ્રદેશો ઉપર આક્રમણ શરૂ કર્યું હશે એવું અનુમાન કેટલાક લોકો કરે છે, પણ હકીકતો વિચારતાં આ અનુમાન બરોબર નથી એમ લાગે છે. કારણ કે ભારતીય લેખાતી લડાકની સરહદ ઉપર ચીનાઓએ તે પહેલાંથી આક્રમણ શરૂ કરી દીધું હતું અને તેમના નકશાઓ જેમાં ભારતીય સીમાપ્રદેશોને ચીનના હોવાનું દર્શાવવામાં આવ્યું છે તે નકશાઓ તો ટીબેટ પ્રકરણની ઘણા સમય પહેલાંના છે.

અહિં પ્રશ્ન એ થાય છે કે જે ચીન સાથે આપણે ગાઢ મૈત્રી હોવાનો દાવો કરતા હતા તે ચીને ભારતની સામે જ આવું વળણ કેમ અખત્યાર કર્યું છે? આનું નિદાન ભારતના મહા અમાત્યે બહુ સુન્દર રીતે પાર્લામેન્ટ સમક્ષ તેમણે કરેલાં ભાષણોમાં રજુ કર્યું છે. તેના અનુસંધાનમાં એક એવો પણ તર્ક આવે છે કે અમેરિકા અને રશીઆ નજીક આવી રહ્યા છે અને દુનિયામાં સુલેહશાન્તિનું વાતાવરણ પેદા થઇ રહ્યું છે તે ચીનને ગમતું નથી, પાલવતું નથી, કારણ કે તેની નીતિ પોતાની હકુમતનો બને તેટલો વિસ્તાર કરવા તરફ ઢળેલી છે અને તે નીતિ, જો ચોતરફ સુલેહશાન્તિનું વાતાવરણ જામે તો અમલી બની ન શકે. રશીઆ આજે જે સ્થિતિએ પહોંચ્યું છે તે સ્થિતિને ટકાવી રાખવા માટે, નક્કર બનાવવા માટે તેને સમાધાની-શાન્તિની-ખૂબ જરૂર છે. ચીન પાસે જે છે તેથી તેને સંતોષ નથી. તેનો પંજો જેટલો લંબાવાય તેટલો તેને લંબાવવો છે. ચીનની આક્રમક નીતિ માત્ર ભારતલક્ષી જ નથી. પોતાની આસપાસના બધા દેશો સાથે ચીને નાની મોટી અથડામણ શરૂ કરી છે. આ બધા દેશોમાં ચીનાઓ મોટી સંખ્યામાં વસે છે અને એ ચીનાઓ જ્યાં જ્યાં વસે છે તે તે દેશને નહિ પણ ચીનને પોતાની માતૃભૂમિ તરીકે લેખે છે અને ચીન તેમને રક્ષણ આપવું તે પોતાની ફરજ સમજે છે, અને આ વળણના કારણે ઇન્ડોનેશીઆ સાથે ચીનનું એક મોટી અથડામણ ઉભી કરી રહ્યું છે. વળી બીજા દેશોની સરહદના પ્રદેશો ઉપર ચીન પોતાનો દાવો આગળ કરી રહ્યું છે.

આ ઉપરાંત રશીઆ અને ચીન એક જૂથના હોવા છતાં, અને ચીનની આજની નીતિ રશીઆને અનેક રીતે પ્રતિકુળ હોવા છતાં, ચીન પૂરેપૂરૂં સ્વાધીન છે, સ્વાયત્ત છે અને રશીઆથી કોઇ રીતે દબાય તેમ નથી.

એક બીજો મુદ્દો પણ આ પ્રશ્ન અંગે વિચારવા જેવો છે; એશીયામાં બે રાજ્યસત્તાઓ સૌથી મોટી છે. એક છે ભારત અને બીજું છે ચીન. ભારત ઉપરાંત અન્ય પ્રજાઓમાં કેટલીક તાજેતરમાં સ્વતંત્ર બની છે; કેટલીક હજુ થોડા દરજ્જે પરદેશી સત્તાના કાબુ નીચે છે. બીજા બધા દેશોની સરખામણીમાં ભારત અને ચીન મોખરે છે અને બન્ને અત્યન્ત પછાત સ્થિતિમાંથી ઉંચે આવી રહેલ છે. એકમાં લોકશાહી પ્રવર્તે છે; અન્યત્ર સરમુખત્યારશાહી પ્રવર્તે છે. આજે એશીઆની આગેવાની અંગે-નેતૃત્વ અંગે-જાણે કે ભારત અને ચીન વચ્ચે સ્પર્ધા ચાલતી હોય એમ લાગે છે, અને આજના સંયોગોમાં લોકશાહીને વરેલા ભારત સામે એશીઆના અન્ય પછાત દેશો મીટ માંડી રહ્યા હોય એમ લાગે છે, જે તદ્દન સ્વાભાવિક છે. આ રીતે એશીઆનું નેતૃત્વ ભારતના હાથમાં જાય એ ચીનને પરવડતું ન હોય એમ લાગે છે. ચીનની ભારત પ્રત્યેની આ નીતિ પાછળ આવી ઇર્ષ્યા-તેજોદ્વેષ-હોય એ સંભવિત છે. ચીન માટે ભારતે આજ સુધીમાં શું શું કર્યું છે તે આપ સર્વ જાણો છો. ભારતનું વલણ સામ્યવાદ તરફ છે એવી પશ્ચિમી લેખાતા દેશો અને અમેરિકામાં આશંકા ઉભી થાય એ હદ સુધી ભારતે ચીન પ્રત્યે પક્ષપાત દાખવ્યો છે. યુનોમાં ચીનને દાખલ કરાવવા માટે ભારતે એકલા હાથે આજ સુધી અનેક પ્રયાસો કર્યા છે. આમ છતાં ચીને આ જે શરૂ કર્યું છે તે પીઠ પાછળ ઘા કરવા જેવું કર્યું છે. તેમ કરીને ચીને કૃતજ્ઞતાનો પોતામાં સર્વથા અભાવ દાખવ્યો છે. આખરે સામ્યવાદી કોઇનો મિત્ર નથી એ નક્કર સત્યનું ચીને આપણને કઠોર ભાન કરાવ્યું છે.

જો કે ચીન સાથે ભારતને મોટા પાયા ઉપરનું યુદ્ધ થાય એમ હું માનતો નથી, તો પણ લગભગ ૩૦૦૦ માઇલ જેટલી ભારતની લાંબી સરહદ ઉપર જ્યાં ત્યાં ચીન છમકલાં કર્યા કરશે, અને નાના મોટા પ્રદેશો પોતાના કબજામાં લેવાનો ચીન તરફથી પ્રયત્ન ચાલુ રહેશે, અને તેની આપણને ઘણી મોટી રંજાડ રહેશે, અને સરહદના સંરક્ષણ અર્થે ભારતને પારાવિતાના ખર્ચમાં ઉતરવું પડશે, અને દેશના વાતાવરણમાં પણ ચાલુ અશાન્તિ અને યુદ્ધનું વાતાવરણ રહેશે એમ મને લાગે છે. વળી લશ્કરી ખર્ચ વધશે એટલે કરવેરા વધશે, મોંઘવારી વધશે, લોકોની હાડમારી વધશે અને અમલદારશાહીની પકડ વધારે મજબુત થશે, અનેક વિકાસ કાર્યોને ધક્કો લાગશે, અને ત્રીજી પંચવર્ષીય યોજનાનું દેશનો આર્થિક વિકાસ સાધવો અને ઉત્પાદન વધારવું-આ પ્રકારનું લક્ષ્ય છે તેને સંરક્ષણના આયોજનની દૃષ્ટિએ નવો પલટો આપવો પડશે. ચીની આક્રમણનાં આવાં કેટલાંક અનિવાર્ય પરિણામો નજર સામે દેખાઈ રહ્યા છે.

આ નવી ઘટનાની દેશના રાજકીય પક્ષો ઉપર કેવી અસર પડશે તેનો વિચાર અસ્થાને નહિ ગણાય. આજે કોંગ્રેસ શાસક પક્ષના સ્થાને છે. 'દેશ જોખમમાં છે' એ નારા નીચે કોંગ્રેસ પોતાની સત્તાની વધારે જમાવટ કરી શકશે અને લોકો પણ વધારે કોંગ્રેસ-અભિમુખ બનશે. પ્રજા સમાજવાદી પક્ષ કોંગ્રેસ

કરતાં ચીન સંબંધમાં વધારે વ્યાકુળતા દાખવી રહેલ છે. આ પાછળ આજની દુઃસ્થિતિનો પોતાના પક્ષના હિતમાં બને તેટલો લાભ ઉઠાવવો એવી વૃત્તિ રહેલી છે, પણ તેમાં તે બહુ ફાવશે નહિ. સ્વતંત્ર પક્ષને તો પ્રારંભમાં જ આ બહુ મોટું અપશુકન થયું છે. કરવેરા ઘટાડવા, અને વહીવટીતંત્રના નિયંત્રણ કમી કરવાં અને ખાનગી સાહસને વેગ આપવો—આ બધી બાબતોને નવા ભયસ્થાન સામે કશો અવકાશ જ નહિ રહે. છેલ્લા કેટલાક સમયથી નહેરુની કડક ટીકા કરી રહેલા શ્રી. મુનશીને ચીની આક્રમણ અંગે આજની સરકાર જે કાંઇ કરે તેને એટલે કે નહેરુને ટેકો આપવાની ફરજ પડી છે એ હકીકત જ પવન કઇ દિશાએ વહી રહ્યો છે તેનો ખ્યાલ આપે છે. સામ્યવાદી પક્ષ માટે આ નવી પરિસ્થિતિએ ભારે કટોકટી અને પ્રતિકુળ સ્થિતિ ઉભી કરી છે. આ પ્રકરણે તેમની નિષ્ઠા—વફાદારી—કઇ બાજુએ છે તેને લગતી તેમની દ્વિધા સ્થિતિને એકદમ ખુલ્લી પાડી છે, અને તેમનામાં આજે બે વિચારસરણી ઉભી થઇ દેખાય છે—એક આન્તરરાષ્ટ્રીય સામ્યવાદલક્ષી અને બીજી રાષ્ટ્રલક્ષી. અને ડાંગે અને નામબુદ્રીપાદ રાષ્ટ્રલક્ષી દૃષ્ટિને આગળ કરી રહેલા આપણને માલુમ પડે છે. પણ ડાંગેને સંયુકત મહારાષ્ટ્ર સમિતિને ટકાવી રાખવા માટે અને નામબુદ્રીપાદને કેરલમાં પોતાનાં પક્ષને બચાવવા માટે તત્કાળ આ પ્રકારની નીતિ ધારણ કર્યા સિવાય ચાલે તેમ નથી. આ બધું હકીકત રૂપે જ્યારે આપણા ધ્યાન ઉપર આવે છે ત્યારે આ બન્ને વિરોધી વિચારસરણીઓ ઉપર ઉપરની છે અને તેમની ખરી વફાદારી ભારતની અંદર નહિ પણ બહાર—અન્યત્ર—છે એવી સુઝ આપણને સહજપણે પ્રાપ્ત થાય છે, અને તેથી જો ચીન સાથેનો આપણો સંઘર્ષ વધતો જશે તો સામ્યવાદીઓ પાંચમી કતારીઓ છે—એવી તેમના વિષે સર્વત્ર માન્યતા ઉભી થવાની સરવાળે તે પક્ષે આપણા દેશમાંથી ખતમ થવું રહ્યું.

હવે ચાર મહીનાના ગાળામાં બનેલી બીજી જે ઘટનાનો મેં શરૂઆતમાં ઉલ્લેખ કર્યો તે છે પાકીસ્તાન સાથેના આપણા સુધરતા દેખાતા સંબંધો. આનું કારણ એ છે કે અત્યારે પાકીસ્તાન ઉપર જનરલ અયુબખાન સર્વસત્તાધીશ બનીને રાજ્ય કરે છે, અને ત્યાંની પ્રજામાં તે અત્યન્ત લોકપ્રિય છે, અને તેથી પ્રજાની તત્કાળ ખુશી—નાખુશીની ચિન્તા કર્યા સિવાય તે ધાર્યાં પગલાં વિશ્વાસપૂર્વક ભરી શકે છે. તેનું વલણ ભારત સાથેના સંબંધો બને તેટલાં સુધારવા તરફનું લાગે છે, અને એટલે પૂર્વ બાજુની પરસ્પરની સરહદને લગતા ઝગડાઓનો સુખદ નિકાલ આવ્યો છે, અને નેહરુના પાણીને લગતા ઝગડાનું સુખદ સમાધાન નજીકમાં દેખાય છે. વળી તેની સાથે વેપારને લગતા કોલ કરાર પણ બન્ને પક્ષને સંતોષકારક એવા આકારના થઇ શકયા છે. આ ઉપરથી કાશ્મીરના પ્રશ્નના સુખદ નિકાલની આશા સેવવાનું આપણને મન થાય એ સ્વાભાવિક છે. અને જો બન્ને બાજુએ, હવે નીકાલ લાવવો જ છે એવા નિશ્ચયપૂર્વક, વાટાઘાટો કરવામાં આવે તો, નીકાલ ન જ આવે એવું કશું છે જ નહિ. આમ છતાં પણ એ પ્રશ્ન અતિ જટિલ બની ગયો હોઇને, સંભવ છે કે, તેનો તત્કાળ નિકાલ ન આવે. આમ છતાં પણ પાકીસ્તાન સાથે જો બીજી રીતે આપણા સંબંધો સંઘર્ષવિહોણા બને તો તે દિશાની આપણી ચિન્તા હળવી થાય.

ત્રીજી મહત્વની ઘટના મુંબઇ રાજ્યના નજીકના ભવિષ્યમાં થનારા વિભાજનને લગતી છે. આ વિષયમાં હું વિશેષ કશું કહેવા માગતો નથી, કારણ કે તેની વિગતો પણ હવે લગભગ નક્કી થઇ ગઇ છે અને તેને કાનૂની આકાર આપવાનું માત્ર બાકી રહ્યું છે. આ વિભાજનની પ્રક્રિયા સંબંધમાં આજ સુધી જે કાંઇ બન્યું છે તે ધ્યાનમાં લેતાં એમ જરૂર કહેવું પડે કે આ પ્રશ્નને જે રીતે ઉભો કરવામાં આવ્યો અને આગળ ચલાવવામાં આવ્યો તેની હકીકતો દુઃખદ છે. એમ છતાં પણ આ બધામાંથી એક હકીકત તો બરોબર તરી આવે છે કે મહારાષ્ટ્રીઓને તો આ ગમતી વાત થઈ જ છે, પણ છેલ્લા અઢી વર્ષમાં જે અનુભવ થયો તેના પરિણામે જવાબદાર ગુજરાતીઓ પણ મોટા ભાગે એવા વળણ ઉપર ઢળી રહ્યા હતા કે આ વિશાળ પ્રદેશનું મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે ઘટકમાં વિભાજન થાય એમાં જ ગુજરાતનું શ્રેય છે.

નવા વિભાજનના પરિણામે મુંબઇ મહારાષ્ટ્રમાં જાય જ છે, તેમાં વસતા લઘુમતી વર્ગોના હિતો અંગે બાંહ્યધરીઓની જે વાતો ચાલે છે તેનો મારી દૃષ્ટિએ બહુ અર્થ નથી. પણ મુંબઇ શહેરની પચરંગી પ્રજાને લક્ષમાં રાખીને મુંબઇ યુનિવર્સિટીની, વહીવટી તંત્રની અને મ્યુનીસીપલ કોરપોરેશનની ભાષા કઇ રહેશે એ અંગે એવો સ્પષ્ટ નિર્ણય લેવાવો જોઇએ કે આ ભાષા નહિ મરાઠી, નહિ ગુજરાતી, પણ કાં તો અંગ્રેજી અથવા તો હિંદી હોવી જોઇએ-આવો મારો સ્પષ્ટ અભિપ્રાય છે. આથી વિશેષ આ સંબંધમાં કહેવાનું મને અત્યારે પ્રાપ્ત થતું નથી.

પ્રમુખ આઇઝનહોવરનું પ્રેરણાદાયી પ્રવચન

(તા. ૧૦-૧૨-૫૯ના રોજ લોકસભા અને રાજ્યસભાના સંયુકત સંમેલન સમક્ષ ભારત ખાતે પધારેલા યુનાઇટેડ સ્ટેટ્સના પ્રમુખ શ્રી આઇઝનહોવરે આપેલા અંગ્રેજી પ્રવચનનો નીચે અનુવાદ આપવામાં આવે છે. જેમણે આ પ્રવચન દૈનિક છાપાઓમાં વાંચ્યું હોય તેમને પણ અહિં નીચે આપેલું પ્રવચન ફરીથી વાંચવાં વિચારવા વિનંતિ છે; કારણ કે આ પ્રવચન ઉદાત્ત વાણીનો અનુપમ નમુનો છે. તે દ્વારા એક અસાધારણ પ્રતિભાસંપન્ન રાજપુરૂષનાં આપણને સુભગ દર્શન થાય છે. તેના વાકયે વાકયમાં શાન્તિપ્રિયતાનો રણકાર છે; સૌષ્ટવભર્યા ચિન્તનનો પ્રસાદ છે; રાજદ્વારી શાણપણનું અમૃત છે, અને તેથી પ્રસ્તુત પ્રવચન પુનઃ પુનઃ પઠનપાઠનને યોગ્ય છે. **તંત્રી.**)

આપની સમક્ષ વ્યાખ્યાન આપવાનું નિમંત્રણ અસાધારણ ગૌરવના ભાનપૂર્વક મેં સ્વીકાર્યું છે. આ નિમંત્રણને આપે મારું અંગત બહુમાન કર્યા બરાબર લેખું છું અને જે બે મહાન રાષ્ટ્રના આપ અને હું પ્રતિનિધિ છીએ તે બન્ને વચ્ચે હાર્દિક મૈત્રીના ઉજ્જવળ પ્રતીક તરીકે તેને આવકારું છું. ૪૦ કરોડની અહિંની વસ્તીને મારા પોતાના પ્રજાજનોવતી એ મુજબની હું ખાત્રી આપવા માંગું છું કે ભારતના કલ્યાણ સાથે અમેરિકાનું કલ્યાણ ગાઢપણે સંકળાયલું છે એમ તેઓ અન્તઃકરણથી માને છે. સ્વતંત્રતાપૂર્વક રહેવું, માનવી તરીકેના સ્વત્વની રક્ષા કરવી, અને ન્યાયયુકત શાન્તિ પ્રાપ્ત કરવી—આવી ભારતની ઊંડી આકાંક્ષા સાથે અમેરિકા સહભાગીપણું અનુભવે છે. તાજેતરના કેટલાએક દશકાઓ દરમિયાન વિજ્ઞાનશાસ્ત્રીઓની અચંબો પમાડે તેવી સિદ્ધિઓના કારણે આ પ્રકારનું જીવન જીવવા માટે એક નવી અને મહાન તક સર્વ કોઇ માનવીઓ માટે સુલભ બની છે. આપણી સામે આજે જે સીધો પ્રશ્ન આવીને ઉભો રહ્યો છે તે છે વિજ્ઞાનનો આપણે કયા હેતુ માટે ઉપયોગ કરવા માંગીએ છીએ તેને લગતો.

દર વર્ષે માનવજાત પોતાની પ્રવૃત્તિના પ્રત્યેક ક્ષેત્રમાંથી વધારે ને વધારે સમૃદ્ધ પાક લણી રહી છે, માનવીના કલ્યાણ માટે કુદરતનાં તત્ત્વો ઉપર વધારે ને વધારે વિશ્વસનીય સ્વાભિત્વ પ્રાપ્ત કરી રહી છે, વ્યાપારઉદ્યોગની સતત વૃદ્ધિ દ્વારા પરસ્પરનો વસ્તુવિનિમય વિસ્તારી રહી છે, જ્ઞાન અને શાણપણમાં વધારે ને વધારે પ્રગતિ સાધી રહી છે અને સુલેહશાન્તિથી એકમેક સાથે હળી મળીને રહેવા તરફ ઢળી રહી છે—આવો જેને એક નવો યુગ

કહી શકાય તેવા-કાળની વિસ્તૃત સીમાને આવરી લેતા-ઉજ્જ્વળ યુગનું આપણને દર્શન થઇ રહ્યું છે.

પણ સાથે સાથે ગેરસમજુતીઓ અને અવિશ્વાસના કારણે અનેક વાર કરૂણ રીતે વિભક્ત બનતી રહેલી એવી આ દુનિયાનું ચિત્ર ઇતિહાસ આપણી સમક્ષ રજુ કરે છે. ભિન્ન ભિન્ન રાષ્ટ્રોની સરકારોએ આ ધરતીને અવારનવાર રક્તસીંચિત કરી છે અને યુદ્ધશસ્ત્રોના તે ઉપર ઉઝરડા પાડ્યા છે. તેમણે કુદરત ઉપર પ્રાપ્ત કરેલા વૈજ્ઞાનિક સ્વામિત્વનો અન્ય ઉપર હકુમત ચલાવવા માટે ઉપયોગ કર્યો છે અને વ્યાપાર ઉદ્યોગને અન્ય જનોના શોષણનું સાધન બનાવ્યું છે.

ભૂતકાળની ભાત બદલવાની જરૂર

આપની સમક્ષ તેમ જ અમારા લોકોએ અમારી ઉપર જેવી જવાબદારી નાખી છે તેવી જવાબદારીનું વહન કરતી દરેક વ્યકિત સમક્ષ હું આ સવાલ રજુ કરવા માગું છું: જે પૂર્વગ્રહો, આચારવિચારો અને નીતિરીતિઓ આપણાં બાળકો તેમ જ તેમનાં બાળકો માટે વિનાશ નોતરે તે પ્રકારનાં છે તેને વળગી રહીને શું આપણે જીવ્યા કરવાનું છે? અને એ ભૂતકાળની ભાત કે જેનું પરિણામ યુદ્ધપરિણામી આત્યન્તિક સાફસુફીમાં આવવાનો સંભવ છે તે ભૂતકાળની ભાતને અસહાયપણે વળગી રહીને શું આપણા અસ્તિત્વને લંબાવ્યા કરવાનું છે?

આપણે દિલના ઊંડાણથી પ્રાર્થના કરીએ કે એમ ન બને! જે કોઇ જવાબદારી ધરાવતો માણસ આ વિશ્વવ્યાપી પ્રાર્થનામાં સામેલ થતો નથી તેનામાં ખરેખર કોઇ દીર્ઘદૃષ્ટિ કે ઊંડી સમજણ છે એમ કહી ન જ શકાય.

દુનિયાના ઘણા મોટા ભાગનાં લોકો-સ્ત્રીઓ અને પુરૂષો-એમ દઢતાપૂર્વક ઇચ્છતા અને આશા સેવતા થયા છે કે એકમેક વિરૂદ્ધ પ્રચાર કરવાની પ્રવૃત્તિનું સ્થાન હવે પરસ્પર વાટાઘાટો ચલાવવા માટેનું ગોળ ટેબલ લેશે; ધાકધમકી અને આક્ષેપ-પ્રતિક્ષેપોનો આજે જે આન્તરરાષ્ટ્રીય વ્યવસાય ચાલી રહ્યો છે તેનું સ્થાન જ્ઞાનવિજ્ઞાનના આન્તરરાષ્ટ્રીય વિનિમયની પ્રક્રિયા લેશે; અને શસ્ત્રાયુધો સંગ્રહ કરવાની ગાંડપણભરી હરીફાઇનું સ્થાન શાન્તિ દ્વારા પેદા થતું વિપુલ ઉત્પાદન લેશે.

હું અને મારા અમેરિકનો

આપણે કોઇ સુભગ યુગ તરફ ગતિ કરી રહ્યા છીએ એવી આશા આપણું અન્તર અનુભવે છે. આ યુગને મૂર્તરૂપ આપવા સંબંધમાં, મારા પૂરતું હું એમ કહી શકું કે, શાન્તિ તરફ તથા સ્વાતંત્ર્ય તરફ દુનિયા આગળ વધે, માનવીની પ્રતિભા વધારે ને વધારે સુરાક્ષત બને, અને દુનિયાના દરેક પુરૂષ, સ્ત્રી અને બાળક માટે સૌષ્ઠવપૂર્ણ ભાવીનું નિર્માણ થાય તે દિશાએ હું, એક માનવી અન્ય માનવીઓ સાથે જે રીતે હળીમળીને કામ કરી શકે તે રીતે, મારાથી બનતું સર્વ કાંઇ કરી છૂટીશ. આપણામાં જે કાંઇ છે તે સર્વ જો આપણે આ ધ્યેયને સિદ્ધ કરવા માટે અર્પિત કરીએ તો, આપણી પાછળ આવતી પેઢી માટે તે મહાન આશીર્વાદ રૂપ નીવડશે. જો આ ધ્યેય સિદ્ધ કરવામાં આપણે ઢીલા નીવડીશું, આપણી તાકાત પ્રત્યેના આ પડકાર સામે આપણે આંખ આડાં કાન કરીશું, અને યુદ્ધના માર્ગને જો આપણે અનુસરીશું - અને આ યુદ્ધનો માર્ગ આજે તો સંપૂર્ણ વિનાશ અને જાતિગત આપઘાતનો જ માર્ગ બની ગયો છે - તો આપણી પાછળ આવનારી એવી કોઇ પેઢીઓનું અસ્તિત્વ હોવાનું જ નહિ.

હું એ પ્રજાના પ્રતિનિધિ તરીકે આવ્યો છું કે જે પ્રજા અન્ય પ્રજાની જમીનનો એક એકર સરખો પણ કબજે કરવાની સ્પૃહા ધરાવતી નથી, જે બીજી પ્રજાની સરકાર ઉપર કોઇ પણ પ્રકારનો કાબુ જમાવવાની ઇચ્છા રાખતી નથી, અને અન્ય પ્રજાના હિતને જોખમાવીને જે પ્રજા વ્યાપાર, રાજકારણ કે સત્તાના કોઇ પણ ક્ષેત્રમાં પોતાનું પ્રભુત્વ વધારવાનો વિચાર સેવતી નથી. એ તે પ્રજા છે કે જે માનવીના દિલમાં શાન્તિ અને સ્વાતંત્ર્ય માટે રહેલી અભીપ્સાની સિદ્ધિમાં મદદ કરવાની દિશાએ પોતાની સમૃદ્ધિને સહીયારી બનાવવા માટે તત્પર છે. હું અહિં ભારતનો એક મિત્ર તરીકે આવ્યો છું અને ભારતના અમેરિકામાં વસતા ૧૮ કરોડ મિત્રો વતી હું અહિં બોલી રહ્યો છું. ભારતની પ્રજાને, તેની સંસ્કૃતિને, તેની પ્રગતિને, અને આઝાદ પ્રજાઓમાં તેણે દાખવેલી અસાધારણ તાકાતને અમેરિકાની અંજલિ આપવા માટે અહિં મારૂં આગમન થયું છે.

આપણાં સમાન લક્ષ્યો

સમગ્ર માનવજાત આ ભૂમિની ઋણી છે. પણ અમો અમેરિકનોને આપની સાથે વિશિષ્ટ પ્રકારનું લક્ષ્યસામ્ય છે. આપ, તેમ જ અમારે ત્યાં સ્વાતંત્ર્યનો પ્રારંભ થયો ત્યારથી અમે પણ, રાષ્ટ્રીય નીતિ દ્વારા લોકશાહીનો ફેલાવો કરવા માટે સદા પ્રયત્નશીલ રહ્યા છીએ. આપને ત્યાં તેમ જ અમારે ત્યાં ભાત ભાતના લોકો વસે છે, તરેહ તરેહની ભાષાઓ બોલાય છે, ઇશ્વરઉપાસનાની અનેક પદ્ધતિઓ પ્રવર્તે છે અને આપે તેમ જ અમોએ આવા વૈવિધ્યમાંથી રાષ્ટ્રીય તાકાતને પ્રાપ્ત કરી છે. આપ તેમ જ અમે એવી કદિ શેખી કરતા નથી કે અમારો રસ્તો એ જ માત્ર એક સાચો રસ્તો છે. આપણી નબળાઇઓ અને ત્રુટિઓ વિષે આપણે બન્ને પૂરા સભાન છીએ. આપણે બન્ને આપણા સર્વ નાગરિકોનું હિત અને ઉત્કર્ષ, એવી બાંહ્યધરીપૂર્વક, સાધવા માગીએ છીએ કે, રાજ્ય પ્રજાની સેવા કરશે અને નહિ કે તેની ઉપર કે અન્ય કોઇ પ્રજા ઉપર હકુમત ભોગવશે. આ ઉપરાંત આપણા પાયાનાં ધ્યેયો પણ એક સરખાં રહ્યાં છે.

આ યુગનાં ત્રણ અનિષ્ટો

દશ વર્ષ અગાઉ જ્યારે હું ન્યુયોર્કની ફ્લોરીઆ યુનિવર્સિટીમાં યજમાનના સ્થાને હતો ત્યારે આપના ખ્યાતનામ મહામાત્યે જણાવેલું કે "રાજકારણી તાબેદારી, જાતિગત અસમાનતા અને આર્થિક યાતના-આ ત્રણ અનિષ્ટો, જો દુનિયામાં શાન્તિની સ્થાપના કરવી હોય તો, આપણે દૂર કરવાના રહે છે."

અમારા રીપબ્લીક (પ્રજાસત્તાક રાજ્યે), તેની સ્થાપના થઇ ત્યારથી, આ જ ત્રણ અનિષ્ટો સામે-રાજકારણી તાબેદારી, જાતિગત અસમાનતા અને આર્થિક યાતના સામે-સતત જેહાદ ચલાવવાની નીતિ અખત્યાર કરી છે. અલબત્ત, આ સામેની કોઇ ચોકકસ જેહાદમાં અમેરિકાને તરત સફળતા મળી છે એમ નથી, તેમ જ તે ત્રણે અનિષ્ટો નાબુદ કરવામાં અમેરિકા પૂરૂં સફળ થયું છે એમ પણ નથી. જ્યાં સુધી માનવીની પ્રકૃતિ બદલાય નહિ ત્યાં સુધી આ દિશાએ સંપૂર્ણ સફળતા મળવાનું શકય પણ નથી. મારા દેશમાં, ૨૦૦ વર્ષ દરમિયાન, અમારા સૌથી વધારે આદરણીય નેતાઓ, આ આનષ્ટોને નાબુદ કરવા માટે અમારી જીંદગી અને અમારી માલમીલકતની કુરબાની કરવાનો સતત ઉપદેશ આપતા રહ્યા છે, અને અમારો પણ નિશ્ચય છે કે, અમારા સમગ્ર પ્રજાજનોના કલ્યાણ માટેનો આ પ્રયત્ન ચાલુ રાખવામાં અમે કદિ પણ થાકીશું નહિ કે કદિ પણ તે પ્રયત્નથી વિમુખ બનીશું નહિ.

આજનો નિરાશાવાદી

શ્રી. નહેરૂએ ઉપરના ઉદ્‌ગારો ઉચ્ચાર્યા તેને આજે દશ વર્ષ પસાર થયાં છે. નિરાશાવાદી કોઇ એમ કહી શકે છે કે આ ત્રણ અનિષ્ટો હજુ પણ આ દુનિયામાં એટલા જ પ્રમાણમાં ચાલુ છે, એટલું જ નહિ પણ, વૃદ્ધિંગત થયા છે અને તેનો આ વેગ કદિ પણ ઘટવાનો કે નાબુદ થવાનો નથી. અને તે એવા પણ નિર્ણય ઉપર આવી શકે છે કે દુનિયા એક કટોકટીને ઓળંગીને બીજી કટોકટીમાં સદા ફેંકાતી રહી છે, ચિન્તા અને તંગદિલીમાંથી તેણે કદિ પણ રાહત અનુભવી નથી. અને કોઇ પણ આક્રમણમાંથી વિશ્વયુદ્ધ ફાટી નીકળશે એ પ્રકારની ભડકથી તે હંમેશાં ભયત્રસ્ત રહી છે. આ રીતે ભવિષ્ય એ ભૂતકાળનું જ આવર્તન બનતું રહેવાનું છે-આમ એ નિરાશાવાદી જરૂર કહેશે. અને આપણે પણ જો નિષ્ફળતાઓનો અને હતાશાઓનો જ હિસાબ કરતા રહીશું તો આપણ સર્વને તેનું કહેવું કબુલ કર્યા સિવાય ચાલશે નહિ.

અમેરિકનોએ આપેલાં બલિદાનો

અમો અમેરિકનોએ, હમણાં જ પૂરા થતા છેલ્લા દશકા દરમિયાન, ચિન્તા, યાતના અને કરૂણાપૂર્ણ ઘટનાઓ શું છે તેનો ઠીક ઠીક અનુભવ કર્યો છે. અમારા હજારો કુટુંબોએ કોરીઆના પ્રજાસત્તાક રાજ્યમાં સંયુકત રાષ્ટ્ર સંસ્થાનું અને

કાયદા કાનૂનનું વર્ચસ્સ ટકી રહે એ કારણે ઘણી ભારે કીંમત ચૂકવી છે. અમારા લાખો ઘરોની અંદર, દરેક ઘરમાં એવા ગેરહાજર દીકરાની ખુરશી ખાલી પડી છે કે જેણે પોતાની જીંદગીનું બલિદાન આપ્યું છે અને તે એ હેતુથી કે કોઇ પણ પાશવી આક્રમણને સફળતા મળવા પામે નહિ. આ દશ વર્ષ દરમ્યાન જે સમાચારો અમને મળતા રહ્યા છે તે સમાચારો કઠોર ચીસોની લાંબી પરંપરા વડે અંકાયલા રહ્યા છે.

આ ચીસોનું મૂળ અનિવાર્યપણે મોટી લશ્કરી સત્તા ઉપર આધારિત એવી એક પરદેશી ફીલ્સુફીના – alien philosophyના – આક્રમણપરાયણ ખ્યાલો અને ધરિદ્રાઓમાં રહેલું છે. આવી વસ્તુસ્થિતિ સામે પડેલા હોઇને, પૂરતાં સશસ્ત્ર બળો ઉભાં કરીને તે દ્વારા આક્રમણોનો સામનો કરવાનો અમારો પોતાનો નિશ્ચય સ્પષ્ટ રીતે જાહેર કરવાનું અમને જરૂરી લાગ્યું છે. આ સૈન્યો માત્ર અમારી સેવા કરે છે એટલું જ નહિ પણ, અમારા મિત્રો અને સાથીઓ જેમના ધ્યાન ઉપર આ જોખમ આવ્યું છે તેમને પણ મદદ કરે છે, પણ આનો ઉપયોગ માત્ર આક્રમણો સામેના બચાવ માટે જ કરવામાં આવે છે. આ જાતની લશ્કરી તાકાત ઉભી કરીને, અમે માનીએ છીએ કે, વર્તમાન માટે તેમ જ ભવિષ્ય માટે સ્થાયી શાન્તિનું નિર્માણ કરવામાં અમે જરૂરી મહત્વપૂર્ણ ફાળો આપ્યો છે.

ઐતિહાસિક પરંપરાથી તેમ જ અન્તઃપ્રેરણાથી યુનાઇટેડ સ્ટેટ્સ હંમેશાં બળજોરીથી કોઇ પણ બાબત સિદ્ધ કરવાના પ્રયત્નને વખોડતું રહ્યું છે અને આજે પણ તેવા પ્રયત્નને તે અન્તઃકરણથી વખોડે છે. જો કે સ્વતંત્ર દુનિયા સહિસલામત બને તે માટે અમારાથી બનતું કરવા અમે જરૂર તત્પર રહેવાના છીએ, એમ છતાં પણ, પરસ્પર અસરકારક તપાસ અને સમર્થન થતું રહે એવા ધોરણ ઉપર યોજાતા શસ્ત્રોના ઘટાડાનો અમે હંમેશાં આગ્રહ કરી રહ્યા છીએ.

ભારતની અપૂર્વ સિદ્ધિઓ

આજે હિંદ ઊંડી પ્રતીતિના ગૌરવપૂર્વક દુનિયાના દેશોને કહેવાયોગ્ય સર્વ કાંઇ યથાસમય યથાપ્રસંગ કહી રહ્યું છે અને તેનું કહેવું પૂરા આદરપૂર્વક ચોતરફ સંભળાઇ રહ્યું છે. તેની બીજી પંચવર્ષીય યોજના ધાર્યા મુજબ લગભગ પૂરી થવા આવી છે. આ હકીકત એમ પુરવાર કરે છે કે, કોઈ પણ પ્રશ્નની મુશ્કેલી તે નિશ્ચયાત્મક વૃત્તિ ધરાવતા સ્ત્રી પુરૂષોની તાકાતને કરવામાં આવેલા પડકારની અનુમાપક છે. આ રીતે હિંદે એવી સફળતા પ્રાપ્ત કરી છે કે જે છેલ્લા દશકા દરમિયાન દુનિયાને કોઇ પણ સ્થળે મળેલી નિષ્ફળતાને ભુલાવી દે તેવી છે; ભારતનો તે એક એવો વિજય છે કે તે વિજય આજથી સો વર્ષ બાદ જે લોકો આપણો ઇતિહાસ વાંચશે તેમને, આગળની બધી નિષ્ફળતાઓ ભુલાવી દે તેવો માલુમ પડશે. ભારત પોતે આગળ વધ્યું છે અને દુનિયાના અન્ય ખંડો ઉપર વસતા માનવીઓને તેણે ખૂબ પ્રેરણાબળ આપ્યું છે અને પ્રગતિના પંથે કુચ કરતા કર્યા છે. કોઇ પણ માણસ દુનિયાનો નકશો હાથમાં લે અને છેલ્લાં દશ વર્ષ દરમિયાન જ્યાં જ્યાં રાજકીય ગુલામીનો અન્ત આવ્યો હોય, જાતિગત અભિનિવેશો ઓછા વધતા અંશે નાબુદ થયા હોય, અથવા તો આર્થિક ભીંસ સર્વાંશે નહિ તો અલ્પાધિક અંશે હળવી બની હોય ત્યાં ત્યાં એક એક ધબ્બા ખોડે. તો આ રીતે પૃથ્વીના નકશા ઉપર ખોડાયલી સંખ્યાબંધ ધબ્બાઓના ઝુમખા ઉપરથી માલુમ પડશે કે ઉપર જણાવેલ અનિષ્ટત્રય સામેની સદ્દીઓની જેહાદમાં સૌથી વધારે સફળ પરિણામોથી સભર એવાં આ છેલ્લાં દશ વર્ષ છે.

અમેરિકાના અન્ય બહાદુરીભર્યા પ્રયત્નો

છેલ્લા દશકા દરમિયાન અમને કેટલીક નિરાશાઓ સાંપડી છે, અને સલામતીને લગતાં અમારા થાણાંઓનો હેતુ નકારાત્મક રહ્યો છે. એની સામે મૂકી શકાય એવી છે દુનિયાની રાજકીય, યાંત્રિક અને ભૌતિક પ્રગતિ દાખવતા ભવ્ય નિર્માણકાર્યોમાં અમેરિકાએ નોંધાવેલો અત્યન્ત મહત્ત્વપૂર્ણ ફાળો. અમે માનીએ છીએ કે આ ભવ્ય નિર્માણકાર્યો માનવીની સ્વતંત્રતા કલ્પનાનું સમર્થન કરે છે, તેને નવું બળ અ પરિણામે ભવિષ્યમાં આથી પણ વધારે ભવ્ય કાર્યો થવા અંગે અમેરિકાનો ઊંડો ઉત્સાહ અનુભવે છે, અ સુખસંપન્ન જીવન હાંસલ કરવા માટે ચાલી રહેલા અ ઓના–અને ખાસ કરીને તાજેતરમાં સ્વતંત્ર બનેલા રાષ્ટ્રોના દુરીભર્યા પ્રયત્નોને અમરિકનો મિત્રભાવે ચિન્તાપૂર્વક નિહાળી રહેલ

અબોડ સમસ્યાઓનો ભારતે કરેલો સામનો

દશ વર્ષ પહેલાં ભારત તરતમાં જ સ્વતંત્ર થયું હતું. એ દિવસોમાં ભારતે અમાપ ધૈર્ય અને અસાધારણ નિશ્ચયબળ દાખવ્યું હતું અને તેની સમસ્યાઓ પણ આધુનિક ઇતિહાસમાં જેનો જોટો ન મળે એવી વિકટ, જટિલ અને ગહનતા તથા વ્યાપકતાની દૃષ્ટિએ વિરાટસ્વરૂપની હતી. અત્યન્ત આશાવાદી એવા તટસ્થ રીતે જોનારાઓ પણ, આપે જે સફળતા પ્રાપ્ત કરી છે તેવી સફળતાની, તે વખતે અગાહી કરી શકે તેમ નહોતું.

આજે વ્યાપક બનેલી ભયની સમસ્યા

છેલ્લાં દશ વર્ષ આટલાં બધાં પરિણામસભર હોવાના કારણે, આજે આપણા પગ માનવજાતને સુખી અને કલ્યાણપૂર્ણ જીવન તરફ લઇ જતા માર્ગ ઉપર સ્થિર થઇ શકયા છે. આમ છતાં શાન્તિ સમૃદ્ધિભર્યા આ યુગમાં તત્કાળ આગળ તપવામાં આપણી રૂકાવટ કરતું એવું તે શું છે? જવાબ સ્પષ્ટ છે. પ્રજાજનોમાં – રાષ્ટ્રોમાં – વ્યાપી રહેલાં ભયની સમસ્યાનો હજુ ઉકેલ શોધી શકાયો નથી. તેનું પરિણામ એ આવ્યું છે કે, કોઇ પણ રાષ્ટ્રની એક પણ સરકાર પોતાના રાજ્યપ્રદેશની વિપુલ સાધનસામગ્રીના પોતાની પ્રજાના શ્રેય માટે લાભ ઉઠાવી શકતી નથી. દેશ દેશની સરકારો વન્ધ્ય – પરિણામશૂન્ય – એવા ભારે લશ્કરી ખર્ચના બોજા નીચે દબાયલી પડી છે અને એવી લડાયક તાકાતનો સંગ્રહ કરવામાં રોકાયલી છે કે જે આજના અણુબોંબનું વહન કરનાર વિમાનોના સંદર્ભમાં વધારે ને વધારે અર્થશૂન્ય બનતી જાય છે. દુનિયાનો ઘણો મોટો ભાગ આ દૂષિત વર્તુલમાં ઘુમરી ખાઇ રહ્યો છે. શસ્ત્રોને લગતી નબળાઇમાંથી ઘણી વાર આક્રમણ કે અન્તર્ગત અરાજકતા પેદા થાય છે, અથવા તો બહારની પ્રેરણા અને હીલચાલથી આન્તરવિપ્લવ ઉભો થાય છે. એક રાષ્ટ્રની વધતી જતી લશ્કરી તાકાતને લીધે અન્ય દેશોમાં ભય પેદા થાય છે અને તે દેશો વધારે ને વધારે શસ્ત્રોનો સંચય કરવા તરફ અને યુદ્ધલક્ષી પગલાંઓ ભરવા તરફ ધકેલાય છે. આમ શસ્ત્રસ્પર્ધા વધારે ને વધારે વ્યાપક બનતી જાય છે.

આ શસ્ત્રો આત્મરક્ષણ માટે કામમાળ નીવડશે કે કેમ તેની શંકામાંથી તંગદિલી જન્મે છે. પોતાનો સુલેહ શાન્તિભર્યો વિકાસ થાય તે માટેની તકોથી લોકો આ રીતે વંચિત બને છે. ન્યાય અને શુભેચ્છાપૂર્વકની શાન્તિ માટેની લોકઝંખના અનિવાર્યપણે ઉત્તરોત્તર વધારે તીવ્ર બનતી ચાલી છે.

નિયંત્રિત નિઃશસ્ત્રીકરણ

નિયંત્રિત અને સર્વ સ્વીકૃત એવું નિઃશસ્ત્રીકરણ આજના જમાનાની એક અત્યન્ત મહત્વની માંગ છે. પોતાનું અને પોતાનાં બાળકોનું ભાવી કેમ સુખી બને એ જેમની મુખ્ય ચિન્તાનો વિષય છે એવા હજારો અને લાખો માનવીઓ આ નિઃશસ્ત્રીકરણની માંગણીને, હું આશા રાખું છું કે, એટલી બધી વ્યાપક અને જોરદાર બનાવશે કે, કોઇ પણ માણસ કે કોઇ પણ સરકાર તેનો સામનો કરી નહિ શકે સાચું અને સંગીન નિઃશસ્ત્રીકરણ સિદ્ધ થઇ શકે તેવા માર્ગોની સતત ખોજ કરતા રહેવાની મારા રાષ્ટ્રે પ્રતિજ્ઞા કરી છે. અને મેં આજથી ૭ વર્ષ પહેલાં ૧૯૫૩ના એપ્રીલ માસમાં કહ્યું હતું તેમ, આ પ્રકારના નિઃશસ્ત્રીકરણના પરિણામે જે નાણાંની બચત થાય તેનો ઘણો મોટો ભાગ દુનિયાને મદદ આપવાના અને તેની પુનરરચના કરવા પાછળ ખરચવા માટે બીજા રાષ્ટ્રો સાથે જોડાવાનું અમારી પ્રજાને કહેવા માટે મારી સરકાર હજુ પણ તૈયાર છે.

પણ શસ્ત્રો જ માત્ર યુદ્ધો પેદા કરતાં નથી. યુદ્ધો તો માનવીઓ જ ઉભાં કરે છે. અને માનવીઓ ભૂતકાળમાં જડાયલા

❋ બ્રહ્મ અને સમ ❋

(ગત ઓકટોબર માસ દરમિયાન અમદાવાદ ખાતે ભરાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૨મા અધિવેશનમાં તત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખસ્થાનેથી પંડિત સુખલાલજીએ આપેલા વ્યાખ્યાનમાંથી મહત્વનો ભાગ તારવીને નીચે આપવામાં આવે છે. તંત્રી.)

બ્રહ્મ અને સમ

હું તત્ત્વજ્ઞાનના બધા જ પ્રવાહોને આવરી લેનાર અનેક મુદ્દાઓ વિશે આજે નથી બોલતો; માત્ર બે મુદ્દાઓ લઈ તે વિશે જૂકમાં ચર્ચા કરવા ધારું છું. એ મુદ્દા એવા છે કે જે ભારતીય તત્ત્વચિંતનના લગભગ બધા જ પ્રવાહોને સ્પર્શે છે, અને તત્ત્વજ્ઞાનની વિવિધ સરણિઓની ચડતીઊતરતી કક્ષા પણ સૂચવે છે, તે બે મુદ્દા સૂત્રરૂપે આ રહ્યા : (૧) બુદ્ધેસ્તત્પક્ષપાતતઃ। અને (૨) વ્યવહાર-પરમાર્થ-દૃષ્ટિ.

આનો સંક્ષિપ્ત અર્થ એ છે કે બુદ્ધિશક્તિના ઉદ્ભવનું કેન્દ્ર ભલે જુદું જુદું હોય, અને તેનાં વહેણો ભલે અનેક વળાંકો લેતાં પ્રવર્તમાન થાય,–પણ છેવટે બુદ્ધિ કોઇ એક સત્ય ભણી જ વળે છે; કેમકે બુદ્ધિનો મૂળગત સ્વભાવ સત્યને સ્પર્શવાનો છે. તે એવા સત્યને ન સ્પર્શે ત્યાં લગી એ સંતોષાતી નથી. આથી જ

પૂર્વગ્રહો અને રાગદ્વેષ તથા મત્સર વડે અભિભૂત હોય છે, અને એ ભૂતકાળ કેવો છે? જેમાં સત્તાનો પારાવાર દુરુપયોગ થયો છે, જવાબદારીઓનો અવારનવાર અવળો ઉપયોગ કરવામાં આવ્યો છે, અને જ કોઇ પણ સમસ્યા હલ થઇ શકે છે એવી અર્થશ- બુદ્ધિની જેમાં જડ બેઠેલી છે એવો એ મરી છે!

ભૂ બુદ્ધ કરવા માટે પંચવર્ષીય યોજના

અન્તિમ પ્રાર્થના

પરસ્પર અવિશ્વાસ અને ગેરસમજુતી [illegible] આનવીની ચિત્તમાં જામેલી [illegible] નાશ પામતા ઓછા પચ્ચીસ વર્ષની કોઇ યોજના આપણે શું વિચારી ન શકીએ અને તેમાં શું આપણે સામેલ થઇ ન શકીએ? જે તંગદિલી આજે દુનિયામાં ફેલાયલી જોવામાં આવે છે તેનાં કારણો નાબુદ કરવા પાછળ અથવા તો હળવા કરવા પાછળ શું આપણે આપણી શકિતઓને કેન્દ્રિત કરી ન શકીએ? આ બધાં અનિષ્ટો અને તંગદિલી સરકારોએ પેદા કરેલ છે અને સરકારો વડે પોષાયેલ અને સંવર્ધિત બનેલ છે. જો ચોતરફના પ્રચારથી અને આસપાસના દબાણથી લોકોને મુકત કરવામાં આવે તો તંગદિલી, ભયત્રસ્તતા, અવિશ્વાસ અને ચિન્તા-વ્યાકુળતા–આ બધું તેમને કદિ પણ સ્પર્શે નહિ. છેલ્લાં દશ વર્ષના મારા અનુભવ ઉપરથી હું એવી પ્રતીતિ સવતો થયો છું કે દુનિયામાં આજે વ્યાપેલા ભય, વહેમ, અને પૂર્વગ્રહોમાંનું ઘણું નાબુદ કરી શકાય તેમ છે. સ્ત્રીઓએ અને પુરુષોએ માત્ર ઊંચાણના પ્રદેશો તરફ નજર કરવાની, ઊંચે જોતાં થવાની જરૂર છે અને આ કામ આપણે બધા સાથે મળીને જરૂર કરી શકીએ તેમ છે; અને જે થઇ ગયું છે તેની ઉપેક્ષા કરીને, તે ભુલી જઇને, જે થઇ શકે તેમ છે તે મેળવવા માટે આપણે આગળ ધપી શકીએ તેમ છે. વર્ષો પહેલાં બનેલી એવી કોઇ અનિષ્ટ ઘટના કે જે આજે પણ દિલમાં ખટકી રહી હોય, એવી કોઇ પણ સમસ્યા કે જે આજે આપણી સામે ઉકેલ માગતી ઊભી હોય, એવો કોઇ પક્ષ ક્ષણજીવી લાભ કે જે અન્યની નબળાઇમાંથી તારવી શકાય તેમ હોય–આમાંની કોઇ પણ બાબતે, જે ધ્યેયની આગળ દરેક સમસ્યા અને દરેક અનિષ્ટ ઘટના અલ્પવત્ બની જાય છે તે મહાન ધ્યેયની પ્રાપ્તિ તરફ ઢળેલા આપણા ચિત્તને, જરા પણ વિચલિત કરવું ન જોઇએ. આપણી પાસે તાકાત છે, સાધનો છે, અને વિજ્ઞાન છે. વિશ્વવ્યાપી કલ્યાણ સાધવાની કૃતનિશ્ચયતા અને સદ્બુદ્ધિ જેની આજે સૌથી વધારે જરૂર છે તે પ્રાપ્ત કરવા માટે ઇશ્વર આપણને પ્રેરણા આપે! In this great crusade, form the history of your own nation, I know that India will ever be a leader-આ મહાન ધર્મયુદ્ધમાં, હું જાણું છું અને માનું છું કે, ભારત અચૂકપણે નેતૃત્વ ધારણ કરશે.

અનુવાદક : પરમાનંદ

મહિમ્ન સ્તોત્રના રચયિતાએ કહ્યું છે કે:

रुचीनां वैचित्र्याद् ऋजुकुटिलनानापथजुषां
नृणामेकोगम्यस्त्वमसि पयसामर्णव इव ॥

વ્યવહાર એટલે દૃશ્ય તેમ જ સામાન્ય જનથી સમજી શકાય એવી આચારવિચારની કક્ષાઓ. અને પરમાર્થ એટલે ધ્યાન, ચિંતન તેમ જ પ્રજ્ઞાની કક્ષાને સ્પર્શતી સૂક્ષ્મ તત્ત્વલક્ષી ભૂમિકાઓ.

ભારતીય તત્ત્વવિચારને સંબંધ છે ત્યાં લગી એમ કહી શકાય કે એ તત્ત્વવિચારનાં ઉદ્ગમસ્થાનો બે જુદાં જુદાં છે: એક છે સ્વાત્મા અને બીજું છે વિશ્વપ્રકૃતિ. અર્થાત્, પહેલું આંતર અને બીજું બાહ્ય.

કોઇ અજ્ઞાત કાળમાં મનુષ્ય પોતાની જાત વિશે વિચાર કરવા પ્રેરાયો: હું પોતે શું છું? કેવો છું? અને બીજા જીવો સાથે મારો શો સંબંધ છે?–એવા પ્રશ્નો એને ઉદ્ભવ્યા. આનો ઉત્તર મેળવવા તે અંતર્મુખ થયો અને એને પોતાના સંશોધનને પરિણામે જણાયું કે હું એક સચેતન તત્ત્વ છું અને બીજા પ્રાણીવર્ગમાં પણ એવી જ ચેતના છે. આ વિચારે તેને પોતાની જાત અને બીજા પ્રાણીવર્ગ વચ્ચે સમતાનું દર્શન કરાવ્યું. એ દર્શનમાંથી સમભાવના વિવિધ અર્થો અને તેની ભૂમિકાઓ તત્ત્વવિચારમાં રજૂ થઇ. બુદ્ધિના વહેણને સમ તરીકે ઓળખાવવામાં આવે છે.

બુદ્ધિનું બીજું પ્રભવસ્થાન બાહ્યપ્રકૃતિ છે. જેઓ વિશ્વપ્રકૃતિની વિવિધ બાજુઓ, ઘટનાઓ અને તેનાં પ્રેરક બળો તરફ આકર્ષાયા હતા તેમને એમાંથી કવિત્વની કહો કે કવિત્વમય [illegible] ભૂમિકા લાધી. દા. ત., ઋગ્વેદના જે કવિએ ઉષાના [illegible] પ્રેરક અને રોમાંચકારી દર્શનનું સંવેદન ઝીલ્યું, તેણે ઉ એક ત-વસ્રા તરુણી રૂપે ઉપાસૂકતમાં ગાઇ. સમુદ્રના ઊ ગતા તરંગો અને તોફાનો વચ્ચે નૌકાયાત્રા કરતાં ઋગ્વેદના જે કવિને સમુદ્ર અધિષ્ઠાયક વરુણનું રક્ષણહાર તરીકે સ્મરણ થઇ આવ્યું, તે વરુણસૂકતમાં એ વરુણદેવને પોતાના સર્વશકિતમાન રક્ષણહાર લેખે સ્તવ્યો. જેને અગ્નિની જ્વાળાઓ અને પ્રકાશક શકિતઓ રોમાંચક સંવેદન થયું તેણે અગ્નિનાં સૂકતો રચ્યાં. જેને ગો અંધકારવાળી રાત્રિનું રોમાંચક સંવેદન થયું તેણે રાત્રિસૂકત રચ્યું. એ જ રીતે વાક્, સ્વર્ભ, કાળ આદિ સૂકતો વિશે કહી શકાય. પ્રકૃતિનાં એ જુદાં જુદાં પાસાં હોય કે તેમાં કોઇ દિવ્ય સત્ત્વો હોય, અગર એ બધાં પાછળ કોઇ એક જ પરમગૂઢ તત્ત્વ હોય, પણ આ જુદા જુદા કવિઓએ કરેલી પ્રાર્થનાઓ, દૃશ્યમાન પ્રકૃતિના કોઇ ને કોઇ પ્રતીકને આશ્રીને ઉદ્ભવી છે. આવી જુદાં જુદાં પ્રતીકોને સ્પર્શતી પ્રાર્થનાઓને બ્રહ્મ રૂપે ઓળખાવાતી. બ્રહ્મના આ પ્રાથમિક અર્થમાંથી ક્રમે ક્રમે અનેક અર્થો ફલિત થયા. જે યજ્ઞોમાં આ સૂકતોનો વિનિયોગ થયો તે પણ બ્રહ્મ કહેવાયાં. તેના નિરૂપક ગ્રંથો અને વિધિવિધાન કરનાર પુરોહિતો પણ બ્રહ્મ, બ્રહ્મા કે બ્રાહ્મણ તરીકે વ્યવહારાયા. અને પ્રાચીન કાળમાં જ પ્રકૃતિનાં એ વિવિધ પાસાંઓ કે દિવ્ય સત્ત્વો, એ બધાંને એક જ તત્ત્વરૂપે પણ ઓળખાવવામાં આવ્યાં અને ઋગ્વેદના પ્રથમ મંડળમાં જ સ્પષ્ટ દર્શાવવામાં આવ્યું છે કે, ઇન્દ્ર, મિત્ર, વરુણ, અગ્નિ ઇત્યાદિ જુદાં જુદાં નામોથી જે સ્તવાય અને ગવાય છે તે તો છેવટે એક જ તત્ત્વ છે અને તે તત્ત્વ એટલે સત્. આમ પ્રકૃતિનાં અનેક પ્રતીકો છેવટે એક સત્સ્વરૂપ પરમ તત્ત્વમાં વિશ્રામ પામ્યાં અને એ વિચાર અનેક રીતે આગળ વિકસતો અને વિસ્તરતો ગયો.

સમભાવના ઉપાસકો સમન કે સંમણ કહેવાયા. સંસ્કૃતમાં એનું શમન અને શ્રમણ એવું રૂપાંતર થયું છે, પણ સમ શબ્દ સંસ્કૃત જ હોઇ તેનું સંસ્કૃતમાં સમન એવું રૂપ બને છે. બ્રહ્મના ઉપાસકો અને ચિંતકો બ્રાહ્મણ કહેવાયા. પહેલો વર્ગ મુખ્યપણે આત્મલક્ષી રહ્યો; બીજો વર્ગ વિશ્વપ્રકૃતિમાંથી પ્રેરણા પામેલો અને

[illegible] ચૂકી [illegible]
[illegible] તિવાહ [illegible] પ્રજા [illegible] પ્રજા [illegible] ટાળી [illegible]
[illegible] પ્રવાહ [illegible] પણ બ્રહ્મ [illegible] બહુલતા [illegible] તો
[illegible] ભળીને [illegible] જતા હતા.

[illegible] અનેક ગળાઓમાં આ બન્ને વહેણોની દિશા ફંટાતી [illegible] તીવ્રતા [illegible] ત્યારેક એમાં સંઘર્ષ પણ જનમતો. પણ [illegible] પ્રવાહની પ્રવાહ છેવટે સમગ્ર વિશ્વમાં ચેતનતત્ત્વ છે, [illegible] તત્ત્વ બધા દેહધારીઓમાં સ્વભાવે સમાન જ છે એ [illegible] તેથી જ તેણે પૃથ્વી, પાણી અને વનસ્પતિ [illegible] ચેતનતત્ત્વ નિહાળ્યું અને અનુભવ્યું. બીજી બાજુ પ્રકૃતિ-[illegible] વિચારપ્રવાહ વિશ્વનાં અનેક બાહ્ય પાસાંઓને સ્પર્શતાં [illegible] ગયો અને એણે ઉપનિષદ્‌કાળમાં એ સ્પષ્ટપણે [illegible] અખિલ વિશ્વના મૂળમાં એક સત્ કે બ્રહ્મ તત્ત્વ છે, [illegible] દેહધારી જીવવ્યક્તિમાં પણ છે. આમ પહેલા પ્રવાહમાં [illegible] વિશ્વના સમભાવમાં પરિણમ્યું અને તેને [illegible] અહિંસા આચારમાર્ગ પણ ગોઠવાયો. બીજી બાજુ વિશ્વના [illegible] પ્રાપ્ત થયેલું પરમ તત્ત્વ તે જ વ્યક્તિગત જીવ છે, જીવ વ્યક્તિ [illegible] તત્ત્વથી ભિન્ન છે જ નહીં, એવું અદ્વૈત પણ રચાયું. [illegible] આને આધારે જ અનેક આચારોની યોજના પણ થઈ. [illegible] આમ બ્રહ્મપુત્રોના પ્રભવસ્થાનો જુદાં જુદાં, પણ છેવટે તે [illegible] બન્ને પ્રવાહો એક જ મહાસમુદ્રમાં મળે છે, તે જ પ્રમાણે આત્મ-[illegible] લક્ષી અને પ્રકૃતિલક્ષી બન્ને વિચારની ધારાઓ અંતે એક જ [illegible] ઉપર આવી મળી. ભેદ દેખાતો હોય તો તે માત્ર શાબ્દિક, [illegible] ચાલ્યા ગળાઓમાં સંઘર્ષને પરિણામે ઉત્પન્ન થયેલા [illegible] ને.

[illegible] છે કે સમાજમાં, શાસ્ત્રોમાં અને શિલાલેખ આદિમાં [illegible] તે સમની આસપાસ પ્રવર્તેલા વિચાર અને આચારના [illegible] વિરોધોની નોંધ છે; આપણે બૌદ્ધ પિટકો, જૈન આગમો [illegible] અશોકના શિલાલેખો, તેમ જ બીજા અનેક ગ્રંથોમાં બ્રાહ્મણ [illegible] શ્રમણ એ બે વર્ગોનો ઉલ્લેખ જોઈએ છીએ; મહાભાષ્યકાર [illegible] વલિયા આ બન્ને વર્ગોને શાશ્વત વિરોધી રૂપે પણ નિર્દેશ્યા [illegible] આમ છતાં [illegible] કહેવામાં આવ્યું છે તેમ એ બંને પ્રવાહો [illegible] રીતે એક જ પરમ તત્ત્વને સ્પર્શે છે એવું પ્રતિપાદન [illegible] આવ્યું. આ તો એ કઈ દૃષ્ટિએ? આ પ્રશ્નનો ખુલાસો કર્યા [illegible] સંતોષાય નહીં.

[illegible] તે પરમાર્થની. પરમાર્થદૃષ્ટિ કુળ, જાતિ, વંશ, [illegible] ક્રિયાકાંડ અને વેશ આદિના ભેદોને અતિક્રમી વસ્તુના મૂળ-[illegible] નિહાળે છે, એટલે તે સહેજે અભેદ કે સમતા [illegible] છે. વ્યવહારમાં ઊભા થયેલા ભેદો અને વિરોધો [illegible] તેમજ તેના અનુયાયીઓમાં પ્રવર્તેલા, અને કયારેક [illegible] પણ જનમેલો. એ સંઘર્ષના સૂચક બ્રાહ્મણ–શ્રમણ [illegible] નોંધ તો સાચવાઈ, પણ આ સાથે પરમાર્થદૃષ્ટિને [illegible] પ્રાપ્ત પુરુષોએ જે ઐક્ય જોયું કે અનુભવ્યું તેની [illegible] અનેક પરંપરાનાં અનેક શાસ્ત્રોમાં સચવાઈ છે. જૈન [illegible] જ્યાં બ્રાહ્મણ અને શ્રમણ વર્ગોના ભેદનો નિર્દેશ છે, [illegible] સાચા બ્રાહ્મણ અને સાચા શ્રમણનું સમીકરણ જોવા [illegible] બૌદ્ધ પિટકોમાં પણ એવું જ સમીકરણ છે. મહા-[illegible] ભારતમાં વ્યાસે સ્થળે સ્થળે સાચા બ્રાહ્મણની વ્યાખ્યા સાચા [illegible] આપી છે. વનપર્વમાં અજગર રૂપે રહેલ નહુષે [illegible] બ્રાહ્મણ કોણ એવો પ્રશ્ન યુધિષ્ઠિરને પૂછ્યો છે. ઉત્તરમાં [illegible] મહર્ષિ વ્યાસે કહ્યું છે કે દરેક જન્મ લેનાર [illegible] પ્રજા છે. [illegible] ટાળી બ્રાહ્મણ [illegible] પ્રાપ્તમાત્ર સાકરજન્મા છે. અને સદ્‌વસ્તુવાળો શબ્દ એ જન્મે બ્રાહ્મણથી પણ ચરિતાર્થ છે. અંતિમ સંસ્કારિટા [illegible] હોય ત્યારે જ તે સાચો બ્રાહ્મણ બને છે. આ રહ્યા [illegible] દૃષ્ટિ

ગીતામાં બ્રહ્મ પદનો અનેકધા ઉલ્લેખ [illegible] છે. [illegible] સમ પદ પણ ઉચ્ચ અર્થમાં મળે છે. પંડિતા સમદર્શિનઃ [illegible] વાક્ય તો બહુ જાણીતું છે. સુત્તનિપાત નામના [illegible] એક પરમટ્ઠસુત્ત છે. તેમાં ભારપૂર્વક કહ્યું છે કે બીજા ઊતરતા કે ખોટા, અને હું શ્રેષ્ઠ, એ પરમાર્થદૃષ્ટિ નથી.

ગંગા અને બ્રહ્મપુત્રોનાં પ્રભવસ્થાનો જુદાં, પણ તેમનું [illegible] મિલનસ્થાન એક. આમ છતાં બન્ને મહાનદીઓના પટ જુદા, ઘાટ જુદા, કિનારાની વસ્તીઓ જુદી, ભાષા અને આચારો પણ જુદા. આ જુદાઈમાં જ રચ્યાપચ્યા રહેનારાઓ મિલનસ્થાનની એકતાને જોઈ નથી શકતા. તેમ છતાં એ એકતા તો સાચી જ છે. એ જ રીતે ભિન્ન ભિન્ન પ્રભવસ્થાનોથી ઉદ્‌ભવેલ વિચાર-[illegible] પ્રવાહો ભિન્ન ભિન્ન રીતે પોષાવાને લીધે એના સ્થૂળ આચરણનો [illegible] રાચતા અનુગામીઓ બન્ને પ્રવાહોનું સમીકરણ જોઈ નથી શકતા. [illegible] પણ એ તથ્ય અબાધિત છે. એને જોનાર પ્રતિભાવંત પુરુષો [illegible] સમયે સમયે અવતરતા જ રહ્યા છે, અને તે બધી જ પરંપરાઓમાં [illegible] બૌદ્ધ જૈની [illegible] એટલા [illegible] [illegible] [illegible]